Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૪)

(ગાથા-૩૨૪ થી ૩૬૫, શ્લોક-૨૦૧ થી ૨૧૫, પ્રવચન-૩૯૨ થી ૪૧૯)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિક્રમ સંવંત
૨૦૭૪

વીર સંવંત
૨૫૪૪

ઈ. સન
૨૦૧૮

**પ્રકાશન**
જેઠ સુદ-૫, તા.૧૮-૬-૨૦૧૮, સોમવાર
શ્રુત પંચમી

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।**
**एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।**

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૪ શ્રુત પંચમીના દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૯૨ | ૧૦-૧૧-૧૯૬૭ | ગાથા-૩૨૪ થી ૩૨૭ | ००१ |
| ૩૯૩ | ૧૧-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૧-૨૦૨,ગાથા-૩૨૪થી૩૩૧ | ०१८ |
| ૩૯૪ | ૧૨-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૩, ગાથા-૩૨૮ થી ૩૩૧ | ०३७ |
| ૩૯૫ | ૧૩-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૪, ગાથા-૩૩૨ થી ૩૪૪ | ०५४ |
| ૩૯૬ | ૧૪-૧૧-૧૯૬૭ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ०७२ |
| ૩૯૭ | ૧૫-૧૧-૧૯૬૭ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ०९१ |
| ૩૯૮ | ૧૬-૧૧-૧૯૬૭ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૧૧૧ |
| ૩૯૯ | ૧૭-૧૧-૧૯૬૭ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૧૨૯ |
| ૪૦૦ | ૧૮-૧૧-૧૯૬૭ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૧૪૫ |
| ૪૦૧ | ૧૯-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૫ | ૧૬૩ |
| ૪૦૨ | ૨૦-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૬ | ૧૮૦ |
| ૪૦૩ | ૨૧-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૭, ગાથા-૩૪૫ થી ૩૪૮ | ૧૯૯ |
| ૪૦૪ | ૨૨-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૮-૨૦૯,ગાથા-૩૪૫ થી ૩૪૮ | ૨૧૬ |
| ૪૦૫ | ૨૩-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૦૯-૨૧૦ | ૨૩૩ |
| ૪૦૬ | ૨૪-૧૧-૧૯૬૭ | ગાથા-૩૪૯ થી ૩૫૫ | ૨૫૦ |
| ૪૦૭ | ૨૫-૧૧-૧૯૬૭ | ગાથા-૩૪૯ થી ૩૫૫ | ૨૭૦ |
| ૪૦૮ | ૨૬-૧૧-૧૯૬૭ | ગાથા-૩૪૯ થી ૩૫૫ | ૨૮૮ |
| ૪૦૯ | ૨૭-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૧૧-૨૧૨ | ૩૦૫ |
| ૪૧૦ | ૨૮-૧૧-૧૯૬૭ | શ્લોક-૨૧૨ થી ૨૧૪ | ૩૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૪૧૧ | ૨૯–૧૧–૧૯૬૭ | શ્લોક–૨૧૪, ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૩૪૦ |
| ૪૧૨ | ૩૦–૧૧–૧૯૬૭ | ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૩૫૯ |
| ૪૧૩ | ૦૧–૧૨–૧૯૬૭ | ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૩૭૬ |
| ૪૧૪ | ૦૨–૧૨–૧૯૬૭ | ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૩૯૨ |
| ૪૧૫ | ૦૩–૧૨–૧૯૬૭ | ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૪૦૭ |
| ૪૧૬ | ૦૪–૧૨–૧૯૬૭ | ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૪૨૪ |
| ૪૧૭ | ૦૫–૧૨–૧૯૬૭ | ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૪૪૨ |
| ૪૧૮ | ૦૬–૧૨–૧૯૬૭ | શ્લોક–૨૧૫, ગાથા–૩૫૬ થી ૩૬૫ | ૪૬૧ |
| ૪૧૯ | ૦૭–૧૨–૧૯૬૭ | શ્લોક–૨૧૫ | ૪૭૭ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

(ભાગ-૧૪)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)

**કારતક સુદ ૯, શુક્રવાર તા. ૧૦-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૨૪ થી ૩૨૭, પ્રવચન-૩૯૨**

હવે જુઓ અધિકાર બહુ સરસ આવ્યો છે. '**હવે, જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને...**' શાસ્ત્રમાં વ્યવહારનયથી જે કથન આવ્યું હોય એને મોઢા આગળ કરીને '**પરદ્રવ્ય મારું છે એમ કહે છે...**' જુઓ! પાઠમાં છે ને? '**વવહારભાસિદેણ**' વ્યવહારથી કહેવામાં આવ્યું હોય કે જીવને પાંચ શરીર છે, આ ગતિ છે, આ ફલાણું છે... આ ફલાણું છે. આત્મા તો અંદર જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ છે. એને વ્યવહારથી ક્યાંક કહેવામાં આવ્યું હોય કે આણે આનું કર્યું. જીવે કર્મ બાંધ્યા, કર્મથી જીવમાં વિકાર થયો એવું વ્યવહારથી કાંઈક કહેવામાં આવ્યું હોય, એને માની લે કે એમ જ છે તો એ મિથ્યાદૃષ્ટિ છે, એમ આ ગાથાઓ સિદ્ધ કરે છે. આ બધું મોઢા આગળ કરે છે ને કે આ લખ્યું.. આ લખ્યું... આ લખ્યું. આ લખ્યું કે જીવને પાંચ શરીર છે, જીવ એ કર્મ બાંધે છે, કર્મને લઈને જીવ રખડે છે. સમજાણું? એવા વ્યવહારના કથનો નિમિત્તની મુખ્યતાના નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યા હોય એને સાચી રીતે માની લે કે એ બરાબર છે તો એ મૂઢ જીવ છે. એને તત્ત્વનું ભાન નથી. સમજાણું કાંઈ?

'**જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને પરદ્રવ્ય મારું છે એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની...**' એમ કહે છે. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું નિમિત્તનું એને જ

સાચું માની લે. **'આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદષ્ટિ છે...'** તે આત્માના સ્વરૂપથી વિપરીત દૃષ્ટિવાળા છે. **'ઈત્યાદિ અર્થની ગાથાઓ દષ્ટાંત સહિત કહે છે :'**

**ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।**
**जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तवि किंच।।३२४।।**
**जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।**
**ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।।३२५।।**
**एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।**
**जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।।३२६।।**
**तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।**
**परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।।३२७।।**

એમાં આવ્યું છે. બેય. ઓલા કળશમાં બે અર્થ કર્યા હતા ને? ઓલામાં એક કર્યો હતો, આમાં બેય કર્યા.

નીચે હરિગીત. છે નીચે હરિગીત?

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,**
**'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.**
**જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',**
**પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારા' કહે; ૩૨૫.**
**એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.**
**તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની,**
**કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદષ્ટિ રહિતની. ૩૨૭.**

**'ટીકા :- અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ હોવાથી પરદ્રવ્યને આ મારું છે એમ દેખે છે-માને છે;...'** મૂળ તો એમ કહેવું છે કે આત્માને પરવસ્તુની સાથે કાંઈ સંબંધ નથી. ભગવાન આત્મા અરૂપી જ્ઞાનઘન, આનંદકંદ છે. આત્મા જ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એને વ્યવહારથી એમ કહેવામાં આવ્યું હોય કે આણે કર્મ બાંધ્યા, આને જ્ઞાનાવરણીયથી આનું જ્ઞાન રોકાણું, એવા જે વ્યવહારના કથનો છે એને સાચા માની લે. દાખલો એ આપે છે. કયુ ગામ? કે રાજકોટ. હવે રાજકોટમાં ઝૂંપડું પણ ન હોય. પણ એમ કહે કે ક્યુ ગામ? અમારું રાજકોટ. એ કહેવામાત્ર છે. ફક્ત એ ક્ષેત્રમાં હતો એટલું જણાવવા. સમજાય છે? એને ઠેકાણે એ માની લે કે રાજકોટ મારું છે. એમ કર્મમાં બંધનની પર્યાયમાં

રાગ નિમિત્ત હતો એટલું કહેવામાં આવ્યું કે આત્માએ કર્મ બાંધ્યું અને કર્મના રજકણોનો ઉદય થતાં આત્માને રાગ થયો. એવું વ્યવહારથી કથન કરવામાં આવ્યું. એને એમ જ માની લે કે એમ જ છે, બરાબર છે તો એ દૃષ્ટિ એની મિથ્યાત્વ નામ જૂઠી નામ દુઃખ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

બહારમાં તો એમ કહેવાય ને? જુઓ! આનો આ દિકરો, આના મકાન, આનો આ બાપ, આનો આ ગુરુ, આનો આ શિષ્ય. લ્યો! બધું કહેવામાત્ર છે એમ કહે છે. એય..! આહાહા..! એ તો બોલવાનો માત્ર નિમિત્ત નૈમિત્તિકનો સંબંધ જણાવે છે. એને ઠેકાણે એમ માની લે કે એ મારા છે. ભાઈ! તારા ન હોય. તારું તે તારાથી જુદું ન હોય. તું જ્ઞાનાનંદ સ્વરૂપ છો, ભાઈ! તું સચ્ચિદાનંદ પ્રભુ છો. તારામાં સત્ નામ શાશ્વત વસ્તુ શાશ્વત છે તો જ્ઞાન અને આનંદ એમાં શાશ્વત ભર્યો છે. સમજાય છે કાંઈ? એને ખરેખર તો..

દ્રવ્યને તો સંબંધ નથી, આ તો પર્યાયના સંબંધની વાત ચાલે છે. આહાહા..! આત્માની જે અવસ્થા છે એને પરદ્રવ્ય સાથે સંબંધ છે એમ કથન કરવામાં આવે નિમિત્તથી અને માની લે કે બરાબર સંબંધ છે, એ દૃષ્ટિ એની સત્ય નથી. સાચી દૃષ્ટિ નથી. આ જ મોટા વાંધો છે ને અત્યારે. આ શાસ્ત્રમાં કહ્યું આણે, આ શાસ્ત્રમાં કહ્યું. સંગ કર્યો તો આને લાભ થયો. એવું આવે ને શાસ્ત્રમાં? સંગથી લાભ થાય, કુસંગથી એને નુકસાન થાય. એ તો એ નિમિત્તપણું કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. પરદ્રવ્યથી આત્માને લાભ-નુકસાન થાય એમ માની લે તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**ववहारभासिदेण**' શબ્દ છે. વ્યવહારના વચનોને ગ્રહીને એમ છે ને મૂળ અર્થમાં તો? એ અર્થ અહીં લીધો છે. ભાષા ચોખ્ખી નથી. પણ એનો અર્થ વ્યવહારના વચનોને ગ્રહીને એમ છે મૂળ શબ્દ. સમજાય છે કાંઈ? આખો સિદ્ધાંત એ છે. અજ્ઞાનીઓ વ્યવહારમૂઢનો અર્થ ત્યાં ઈ લેવો. કહે છે કે જેની દૃષ્ટિ સાચી નથી એ વ્યવહારના કથનો એમ માની લે. શાસ્ત્ર એમ કહે વ્યવહારથી કાંઈક કે ભાઈ, આને કર્મ આટલા છે, શરીર આટલા છે. એમ કહે ને? એ તો વ્યવહારના કથન છે. વસ્તુ એમ છે નહિ.

કહે છે, વીતરાગદેવ કુંદકુંદાચાર્ય કે '**અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ...**' એટલે કે... વ્યવહારથી શાસ્ત્રમાં કહેવામાં આવ્યું હોય કે આ કર્મ આત્માએ બાંધ્યા, આત્માને આઠ કર્મ છે, આત્માને આટલી પ્રકૃતિ રહી છે, ચોથે ગુણસ્થાને આટલી રહી છે, પાંચમે આટલી રહી છે, એટલી આ બાંધે છે જીવ. એ બધા કથનો '**ववहारभासिदेण**' છે. વ્યવહારના કથન છે. એને લઈને સાચું જ માની લે કે આત્મા કર્મને બાંધે છે અને કર્મને લઈને જીવમાં વિકાર થાય છે અને આ દેવ-ગુરુ અને શાસ્ત્ર આત્માના છે. સાચા દેવ-સાચા ગુરુ આત્માના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમ કહેવામાં આવે. સમજાય છે કાંઈ? એ વ્યવહારથી કહેવામાં આવ્યું હોય. જો માની લે કે મારા છે તો મિથ્યાદૃષ્ટિ છે. છે કે નહિ એમાં? શું છે? '**ववहारभासिदेण**' આખા શાસ્ત્રનો મહાસિદ્ધાંત છે આ. જેટલા શાસ્ત્રોમાં કથન વ્યવહારથી આવ્યા હોય.. '**ववहारभासिदेण**' દાખલો આપ્યો ને? કે આ મારું ગામ. ગામ એનું થઈ ગયું? એ ગામ અમારું. ક્યુ ગામ તમારુ? કે ભાઈ આંકડીયા. ઓલો કહે કે ક્યુ ગામ તમારું? કહે રાજકોટ. હરામ રાજકોટમાં ઝૂંપડુ પણ ન હોય. પણ એને ઓળખાવા ક્યા સ્થાનમાં હતો, એમાં નિમિત્તપણું કોણ હતું એ બતાવવા વાત છે. એને ઠેકાણે માની લે કે રાજકોટ મારું શહેર છે એમ કર્મ મારા આત્માએ કર્યા. આને આઠ કર્મ હોય, આને પાંચ શરીર હોય, આને છ પર્યાપ્તિ હોય એવું જે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું વ્યવહારથી, એને સાચે સાચું માની લે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય આત્માના હોઈ શકે જ નહિ.

મુમુક્ષુ :- અહીં જેટલા છે એ બધા સોનગઢી છે.

ઉત્તર :- એ સોનગઢી છે જ નહિ કોઈ. સૌ આત્માના આત્માના છે. કહો, સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને આ મારું છે એમ દેખે છે-માને છે;...**' આ શરીર મારું, કર્મ મારા, આ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ એ પણ ખરેખર પરવસ્તુ વિકાર છે. એને મારા માને અને હું એ છું તો એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ હતા. જંગલમાં વસતા હતા. બે હજાર વર્ષ પહેલાના શબ્દો છે, જુઓ! '**ववहारभासिदेण**' વ્યવહારથી કહેવામાં આવ્યું હોય તેને એમ જ માની લે કે એ બરાબર છે, તો એ વ્યવહાર વિમૂઢ છે. વ્યવહારમાં જ મુંઝાઈ ગયા છે. વિમૂઢ થઈ ગયા છે. '**હોવાથી પરદ્રવ્યને આ મારું છે એમ દેખે છે-માને છે;...**' શરીર મારું, કર્મ મારા, પુણ્ય મારા, પાપ મારા, અમે પુણ્ય બાંધ્યા, એ પુણ્યના ફળ અમારે આવ્યા. એ બધા વ્યવહારના કથન. એ પુણ્ય પણ એના નહિ અને પુણ્યના ફળ પણ એના નહિ. કેટલા કથન આવ્યા જુઓને! વ્યવહારના કથનને વ્યવહારમાં વિમૂઢ હોવાથી .. આ મારું .. એ જીવ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. એને સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ પરથી ભિન્ન છે એનું ભાન નથી. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ...**' હોવાથી. દેખો! ધર્મી એને કહીએ, વીતરાગ માર્ગના ધર્મી પરમેશ્વર કેવળજ્ઞાનીએ તીર્થંકરદેવે ધર્મી એને કહ્યા છે અને ધર્મી એને કહીએ કે '**નિશ્ચય પ્રતિબુદ્ધ હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ આ મારું છે એમ દેખતા નથી.**' એ શરીર મારું નહિ, શરીરની ક્રિયા મારી નહિ, કર્મ મારા નહિ, કર્મની દશા મારી નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ પણ મારા નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાની નામ ધર્મી વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યા એવા ધર્મી એવા હોય કે પોતાના આત્માના સિવાય એક રાગનો કણ કે રજકણ એ મારું છે એમ એ માનતો નથી. ફક્ત નિમિત્ત નૈમિત્તિક સંબંધને લઈને કાંઈક કહેવામાં આવ્યું. વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. રાગનું નિમિત્તપણું અને બહારનું કર્મનું નિમિત્ત હો, એને લઈને કહેવામાં આવ્યું અને માની લે કે હું રાગવાળો છું અને હું શરીરવાળો છું. તો કહે છે કે મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, અધર્મદૃષ્ટિ છે, પાપદૃષ્ટિ છે, દુઃખદૃષ્ટિમાં ઝંપલાયેલો છે. મગનભાઈ! આહાહા..! અહીં તો કાંઈ સંબંધ નથી એના પછીની આ વાત લેવી છે.

ભગવાન આત્મા તદ્દન રજકણ વિના, પરમાણુ માટી છે એનાથી ભિન્ન છે અને અંદર રાગ થાય વિકલ્પ પુણ્ય-પાપનો રાગ એ તો એનાથી ચૈતન્ય તો ભિન્ન તત્ત્વ છે. એને ઠેકાણે એ તત્ત્વને પુણ્યવાળું, પાપવાળું, આસ્રવવાળું માનવું, આ કર્મવાળું, શરીરવાળું, મારા પરદ્રવ્યવાળું માનવું, પરદ્રવ્ય મારા માનવા એનું નામ મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાનદશા છે. સમજાણું કાંઈ? અને બીજી રીતે કહીએ તો જે કોઈ આ આત્મતત્ત્વને પરદ્રવ્યથી લાભ માને તો એ પરદ્રવ્યને પોતાનું માન્યું માટે પરદ્રવ્યથી લાભ માને એ પણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- .. લાભ કોઈ દિ' થાતો નથી પણ શું એ તો બધું આવ્યું છે ને ઓલામાં? પરમાત્મપ્રકાશમાં બહુ આવ્યું છે. તેથી ભાઈએ સોગાનીએ એ જ નાખ્યું છે ને. પરમાત્મપ્રકાશમાં આવે છે. કડી આવે છે. 'દિવ્યધ્વનિથી પણ આત્માને લાભ નથી, શાસ્ત્રની વાણીથી પણ આત્માને લાભ નથી.' એ તો પરમાત્મપ્રકાશમાં બહુ આવ્યું છે. પરવસ્તુથી આત્માને લાભ થાય? ભારે આકરું. જગતને આકરું લાગે. પોતે સ્વતંત્ર ચૈતન્ય છે ને પ્રભુ! એની વર્તમાન દશામાં પણ જ્ઞાનની દશા પોતાથી થાય છે. ભલે પરલક્ષવાળી હોય તોપણ પોતાથી થાય છે અને સમ્યગ્જ્ઞાન તો સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. સમજાય છે કાંઈ? આ શાસ્ત્ર સાંભળે છે માટે જ્ઞાન થાય છે એમ નથી. કારણ કે જ્ઞાનની પર્યાય તો અંદરમાંથી આવે છે. કાંઈ નિમિત્તમાંથી આવે છે? સમજાણું કાંઈ?

આ તો વર્તમાન જ્ઞાનનો ક્ષયોપશમ થાય એ પણ નિમિત્તથી થતો નથી. કહેવામાં આવે કે આણે સાંભળ્યું ત્યારે આમ થયું, આણે સાંભળ્યું ત્યારે થયું અને રાગ થયો એવા વિચારમાં આવ્યો ત્યારે એને જ્ઞાન થયું. એ બધા વ્યવહારના કથન છે. એ કથનને સાચા માની લે (તો એ) વ્યવહાર વિમૂઢ છે. વ્યવહારનો જાણનાર જોઈએ એને ઠેકાણે વ્યવહારમાં મૂઢ થઈ

ગયો છે. આહાહા..! ભારે કામ!

ભગવાન આત્મા જ્ઞાનઘન છે, ચૈતન્ય સૂર્ય આત્મા તો છે અંદર. એ પરવસ્તુથી તો રહિત છે. પરવસ્તુથી રહિત છે એને પરવસ્તુથી સહિત છે એ માનવો એ જ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? ન્યાય તો બધા આવી ગયા ઘણાં. આહાહા..! એ એમાં કહેવા માગે છે, જુઓને! **'ववहारभासिदेण दु परदव्वं मम'** સમજાય છે? મારું છે એમ કહે છે. પરંતુ જ્ઞાનીઓ તો નિશ્ચય વડે કોઈ પરમાણુમાત્ર પણ મારું નથી. જુઓ! એક રજકણ, કર્મનો રજકણ, શરીરનો રજકણ (એની સાથે) આત્માને શું? એ તો જડ છે આ તો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો ચૈતન્ય સચ્ચિદાનંદ સૂર્ય છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે. એને એમ કહેવું કે આ કર્મ એના વ્યવહારથી કહેવામાં આવ્યો. આઠ કર્મ જીવે બાંધ્યા, આઠ કર્મ જીવને હોય, કાંઈ જડને હોય? એમ કહેવાય લ્યો! પણ કહેવાય એટલે? એ તો નિમિત્તપણું કોણ હતું એ જણાવ્યું છે. પણ એને માની લે કે મારે આ છે. એક વસ્તુમાં બીજી વસ્તુ મારામાં છે અને બીજી વસ્તુથી મને મારામાં લાભ થાય છે એમ માનનારા બે પદાર્થને એક માનનારા વ્યવહાર વિમૂઢ મિથ્યાદષ્ટિ છે. મગનભાઈ! આવી વાત બીજે હશે કે નહિ થોડી ઘણી?

ભાઈ! આ વાત શું છે? એક એક ભગવાન આત્મા સ્વતંત્ર ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનામાં રાગનો કણ પણ જેનામાં નથી. એવી ચીજ પર્યાયમાં હોવા છતાં વસ્તુમાં નથી. એને આત્મા કહીએ. સમજાય છે કાંઈ? એને પરદ્રવ્યના સંબંધે કીધું હોય કે રાગ આત્મા કરે છે અજ્ઞાનભાવે પણ એ ખરેખર તો માન્યતા ભૂલ છે માટે કરે છે. વસ્તુનો સ્વભાવ રાગ કરવાનો અને રાગમાં રહેવાનો નથી. સમજાય છે કાંઈ?

જ્ઞાન સત્તા જેની ચૈતન્ય સત્તા છે. હોવાવાળું તત્ત્વ અનાદિઅનંત વસ્તુ છે. એને શાસ્ત્રકારે વ્યવહારથી બોલવામાં આવ્યું હોય, વ્યવહારની ભાષાથી વિમૂઢ થયો એમાં મુંઝાઈ ગયેલો છે. આમ વ્યવહારથી કહ્યું છે કે નહિ? પણ કહ્યું છે એટલે શું? એ તો જ્ઞાન કરાવ્યું છે કે ત્યાં કોણ હતું? કર્મ બાંધવામાં નિમિત્ત કોણ હતું? અને બાંધવાના ઉદય ટાણે વિકારમાં નિમિત્ત કર્મ કોણ હતું? એટલું જણાવવા વ્યવહારની ભાષાથી કહેવામાં આવ્યું છે. સમજાય છે? આ ગુરુથી જ્ઞાન થયું, ગુરુ વિના જ્ઞાન થાય નહિ, સાચા જ્ઞાન અને શાસ્ત્ર સાંભળ્યા વિના જ્ઞાન થાય નહિ એવા જે શબ્દો વ્યવહારના આવે એને પરમાર્થ માની લે તો કહે છે, મૂઢ છો. તારી દૃષ્ટિ પર ઉપર છે, તારા ઉપર છે નહિ.

મુમુક્ષુ :- ભગવાનના દર્શનથી બધા કર્મના..

ઉત્તર :- હા, ઢગલા થાય. એ બધા વ્યવહારના કથન છે. નિદ્ધત નિકાચિત કર્મ તૂટી

જાય. હવે સાંભળને ભાઈ! એ તો વ્યવહારના કથન છે નિમિત્તપણે અને એને જોઈને અંતરમાં ઉતરે છે કે હું જિનબિંબ વીતરાગ એવો છું. એ જિનબિંબ છે. અંદર વીતરાગ મૂર્તિ નિષ્ક્રિય અભેદ વસ્તુ છું. એવો અનુભવ કરે તેના કર્મ ટળ્યા વિના રહે નહિ. એમ વાત છે.

ભગવાનના દર્શનથી, ભગવાનના દર્શનથી કર્મ ટળી જાય એટલું થઈ રહ્યું તો પરલક્ષમાં એ તો રાગ છે. અંદર સમ્યગ્દર્શન થાય ત્યારે રાગ પરને લક્ષે સમ્યગ્દર્શન થાતું હશે? સ્વ ચૈતન્યમાં અંતર ઉતર્યા વિના, અભેદ ચૈતન્યને દૃષ્ટિમાં લીધા વિના ત્રણ કાળમાં સમ્યગ્દર્શન થાય નહિ. રાગથી ન થાય, પરથી ન થાય પણ એક સમયની અવસ્થાથી સમ્યગ્દર્શન ન થાય. કારણ કે આખું સમ્યક્ એટલે ચૈતન્ય મૂર્તિ આખો પિંડ વસ્તુ અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો કંદ, એની દૃષ્ટિ તો વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં એની દૃષ્ટિ થાય. એ વિના એની દૃષ્ટિ સાચી થાય નહિ. સમજાણું કાંઈ? ભગવાનના દર્શનથી થઈ જતું હશે. શું થાય? જગત વ્યવહારમાં મુંઝાઈ ગયા છે બિચારા. ભાષા એટલે આચાર્યે વાપરી છે ને અર્થમાં? સમજાણું? એમ. અર્થ જ એવો લીધો છે. વ્યવહારવિમૂઢ એમ ભાષા લીધી ને? ભાષા એમ લીધી ભાઈ. એટલે વ્યવહાર ભાષા એમ કહેવામાં આવે છે એમાં મુંઝાઈ ગયા છે. એમ અર્થ જ એવો લીધો અમૃતચંદ્રાચાર્યે. સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! તને પરદ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી, ભાઈ! ચાહે સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, ચાહે આ શરીર હોય કે કર્મ હોય એ તો પરવસ્તુ છે. એ વસ્તુ પરની અવસ્થા પરને લઈને સ્વતંત્ર પરપણે રહીને પર રહ્યા છે. તારા થઈને રહ્યાં નથી. શરીર શરીરપણે થઈને રહ્યા છે. તો એ બરાબર હશે? આ શરીર માટી છે આ. એ શરીર શરીરપણે થઈને રહ્યા છે. તારાપણે થઈને કોઈ દિ' રહેતા નથી. પણ હવે શી રીતે? આ ખડકાણું અહીં તો એને એમ થઈ ગયું કે આ મારું છે. સમજાણું કાંઈ? એમ બાયડી, છોકરા, કુટુંબ, મકાન ને પૈસા અને આબરૂ એ એની પોતાની સ્થિતિએ થઈને પોતાની સ્થિતિમાં રહેલા છે. તારા થઈને રહ્યા નથી, કર્મ પણ કર્મપણે થઈને રહ્યા છે. તારા થઈને કર્મ રહ્યા નથી. આહાહા..! સાચું હશે ઈ?

આઠ કર્મ કહે છે. કર્મ કર્મ છે ને? એ કર્મ પોતાની સ્થિતિએ કર્મ રહ્યા છે. આત્માના થઈને કર્મ રહ્યા નથી. એને ઠેકાણે એમ માને કે મારે લઈને કર્મ રહ્યા છે અને કર્મ મારા છે, મૂઢ છો, પરદ્રવ્યને પોતાનું માનનારો છો. આહાહા..! અહીં તો મૂઢ જ કહ્યો એને. એકલો મૂઢ, વિમૂઢ. ભાષાનો અર્થ જ એવો લીધો. '**ववहारभासिदेण**' જેમ ઓલામાં કીધું ને બંધકથા. બંધ કથા તો વાણી છે. બંધભાવ. એમ અહીંયાં '**भासिदेण**' નો ભાવ. વ્યવહારમાં મૂઢ થઈ ગયો એમ કહે છે. ક્યો વ્યવહારકુશળ? મૂર્ખાઈમાં કુશળ છે. સંસારના ડાહ્યા-ડાહ્યા

કહેવાય એ મૂરખમાં મોટા છે. કહ્યું હતું ને એક ફેરી નહિ ઈ?

એક સુખિયા જગતમાં સંત દુરિજન દુઃખીયા રે,
ના વે અકળામણનો અંત, મૂરખમાં એ મુખિયા રે.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈત્યમૂર્તિ છું એનું ભાન કરીને આનંદને જાણે છે, સુખરૂપ ભગવાન આત્મા આનંદરૂપ છે આત્મા. એ આનંદને વેદે છે એ સુખિયો છે. આ બાકી મૂઢ બધા મોઢા આગળ પડીને અમે આ કર્યા ને અમે આ કર્યા અમે આ કર્યા. સંઘના અમે અગ્રેસર થઈને સંઘને રાખ્યો, વ્યવસ્થા કરી, ઢીંકણું કર્યું, બધા પરદ્રવ્યના કર્તા થઈને બેઠા માને છે એ મૂઢ જીવો છે એમ કહે છે અહીં તો. આહાહા..! કપુરચંદભાઈ! ભારે વાત ભાઈ! આ કો'કના રજકણ અહીં ખડકાણા તો એને થઈ ગયું કે મારા રજકણ. આ તો માટી છે. રજકણ પુદ્ગલ પુદ્ગલ અજીવ છે. અજીવ પરમાણુ જગતની ચીજ છે. એ રોટલા-દાળપણે હતી એ અહીં ખડકાણી, અહીંની પછી રાખ થાશે સ્મશાનની. રાખ થઈને ઊડી જશે. એક રજકણ ક્યાંક ને એક રજકણ ક્યાંક ગયો.

જે ચીજ આત્માની નથી, પરદ્રવ્ય આત્માના નથી, પરદ્રવ્યનો આત્મા નથી. આહાહા..! ભગવાન ભગવાન આત્માનો આત્મા છે અને પર પરનો છે. એવું જેને ભાન નથી અને પર મારા કરીને માને છે. (એ) વ્યવહારમાં વિમૂઢ હોવાથી પરદ્રવ્યને મારું માને છે. દેખે છે તે માને છે. આહાહા..! પોતાની સીમા એટલે મર્યાદા, આત્માની મર્યાદા આત્મામાં છે. કે પરવસ્તુમાં એની મર્યાદા હશે? અને પરવસ્તુની મર્યાદા પરવસ્તુમાં છે. એ આત્માને લઈને છે? આત્મામાં છે એ? છતાં શાસ્ત્રના કથનો એટલા આવે વ્યવહારના, નિમિત્ત દેખીને. હસ્તાવલંબી કહ્યું છે ને? એનું ફળ તો સંસાર છે.

ભગવાન આત્મા.. જુઓ! બીજી રીતે કહ્યું કે '**જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ...**' છે. એટલે કે વ્યવહારમાં એકાગ્ર નથી. ધર્મી એને કહીએ કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છું એની દૃષ્ટિમાં તે લીન છે. રાગ, દયા, દાન, વિકલ્પ ઉઠે એનો એમાં પ્રતિબદ્ધ નથી એને. આહાહા..! એ પ્રતિબુદ્ધ નિશ્ચયના જાણનારા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એનું નિશ્ચય નામ છે તેનો જાણનાર હોવાથી. ધર્મી તો એને કહીએ કે નિશ્ચયનો જાણનાર છે. નિશ્ચયનો જાણનાર એટલે? સત્ય વસ્તુ મારી શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એનો એ જાણનાર છે. રાગ ને પુણ્ય ને વ્યવહારના વિકલ્પો અને નિમિત્તો એ મારા છે નહિ એમ જાણનાર છે. નિશ્ચયનો જાણનાર કીધો એને. વ્યવહારનો જાણનાર અહીં કાઢી નાખ્યો.

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ તો અહીં જ્ઞાન થાય એને પરનું જ્ઞાન (થઈ જાય છે). એ તો અહીં જ્ઞાન થતાં થઈ જાય છે. એ તો પોતાનું જ્ઞાન છે. સ્વ-પરનું જ્ઞાન પણ એ પોતાનું છે. પરનું નથી. આહાહા..! સમજાય છે? ઝીણી વાત બહુ બાપુ! બહુ ઝીણું. વસ્તુ તો એવી જ છે અને એમ છે પણ એણે કોઈ દિ' દરકાર કરી નથી. એણે પોતે કોણ ભગવાન અંદર છે. શું છે એની ચીજમાં? શું છે એનો સ્વભાવ? શું છે એની શક્તિ? કાંઈ (ખબર વિના) થોથે થોથા (કર્યા). આ શરીર, બાયડી, છોકરા, હા-હો ને હા. મરી ગયો. ધર્મને નામે ગયો તો આ દેવ મારા, ગુરુ મારા, મંદિર મારા, મૂર્તિ મારી, શાસ્ત્ર મારા. ત્યાં પણ મરી ગયો. પાછા એને માને. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન ચૈતન્ય સ્વરૂપ અંદર જ્ઞાન છે એને જાણનારા હોવાથી '**પરદ્રવ્યની કણિકામાત્રને પણ આ મારું છે એમ...**' માનતા નથી. આહાહા..! લ્યો! આત્મા વ્યવહારે તો બોલી શકે છે ને? એમ આવે છે. એ ભાષા કરી. ઓલામાં એમ છે હોં! જોયું ને જયસેનાચાર્યમાં. જયસેનાચાર્યમાં છે. વ્યવહારે તો છે ને? એમ આવે છે. આ એ જ કહેવા માગે છે. વ્યવહારે છે એટલે નથી. સાંભળને. સમજાણું? છે ને એમાં? એ છે. હમણાં જોયું હતુ ને. કેટલામી છે આ? ૩૨૪-૩૨૫. જુઓ!

મુમુક્ષુ :- બહુ સારુ લખ્યું છે.

ઉત્તર :- છે ને અંદર બહુ સરસ છે. હમણાં જોયું ને, હમણાં જોયું. '**स्वानुभूतिभावनाच्युतः सन् योऽसौ परद्रव्यं व्यवहारेणात्मीयं करोति स मिथ्यादृष्टि**' વ્યવહારથી પણ કરે તો મિથ્યાદષ્ટિ છે. એમ કીધું છે. '**व्यवहारेणात्मीयं करोति स मिथ्यादृष्टिर्भवतीति**' સમજાય છે કાંઈ? '**व्यवहारेण परद्रव्यमात्मीयं वदन् सन् कथमज्ञानी**' મૂળ તો અહીં શબ્દ છે. .. સમજ્યાને? '**तम्हा तस्मात् परकीयग्रामादिदृष्टांतेन**' જેમ ગામ મારું, નગર મારું, આ બાપ મારો, આ મા મારી એમ કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન છે. બાપ મારો કહેવું, ગામ એનું કહેવું એ તો પોતે આત્મા છે. એમ જે કહેવામાં આવ્યું છે એ દષ્ટાંત '**स्वानुभूतिभावनाच्युतः**' જ્ઞાનાનંદ હું છું એની ભાવનાથી રહિત થયેલો '**योऽसौ परद्रव्यं व्यवहारेणात्मीयं करोति**' પરવસ્તુને, રાગાદિને, પરને વ્યવહારે છે એમ કરીને માને છે (એ) મૂઢ છે. કહો, ચંદુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત્સલ્ય આત્માનું વાત્સલ્ય છે. બીજાનું શું વાત્સલ્ય છે? એવો ભાવ રાગ હોય, પણ એ રાગ છે એ તો પોતાની નબળાઈને કારણે આવે છે. છતાં એ પોતાની ચીજ છે નહિ. બહુ આકરી વાત. વાત્સલ્ય. નાખ્યું ને? વાત્સલ્ય તો ભગવાન આત્મા

પ્રત્યે પ્રેમ કરવાનો છે. શુદ્ધ આનંદકંદ પ્રભુ છે એનો અંદર પ્રેમ કરીને એમાં એકાગ્ર થવું એ વાત્સલ્ય છે. પર ઉપરનું વાત્સલ્ય તો વિકલ્પ છે. આવે ને જાય. રાગાદિ થાય. હોય નબળાઈમાં. પણ એથી કરીને એને લઈને વાત્સલ્ય આત્મા ઉપર થયું? રાગને લઈને આત્માની વાત્સલ્ય- પ્રીતિ થઈ? સમજાણું કાંઈ?

મૂળ પોતાના સ્વરૂપમાં સામર્થ્ય કેટલું? (એની ખબર નથી). ચૈતન્ય વસ્તુ છે એમ કહે, પણ એમાં શક્તિ કેટલી છે અને સામર્થ્ય સ્વભાવ શું છે એની ખબર નથી. આત્મા છે- આત્મા છે. પણ શું છે ઈ? છે એમાં કાંઈ તાકાત? શક્તિ છે કાંઈ એનો સ્વભાવ છે? એનો સ્વભાવ બેહદ જ્ઞાન, બેહદ આનંદ, જાણવું-દેખવું એનો સ્વભાવ સામર્થ્ય છે. કોઈ વસ્તુને મારી માનવી એનામાં સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? આ ગામ તમારું, ફલાણા ગામના, ફલાણા શહેર.. શું કહેવાય? શરીરના. આહારક શરીરવાળા સાધુ. એય..! સમજાય છે ને? આવા શરીર. રસ્તામાં છે એ કાર્મણ શરીરવાળા જીવ હોય. તેજસ અને કાર્મણ શરીર રસ્તામાં હોય એને. એને આ હોય. અરે..! ભગવાન! એ તો બધા નિમિત્તનું જ્ઞાન કરાવવા (કથન આવે). વસ્તુ, વસ્તુ માની જ લે કે મારે જ છે આ બધું કરીને. કહે છે, બાપુ! તારી તત્ત્વદૃષ્ટિની તને ખબર નથી.

'**નિશ્ચયપ્રતિબુદ્ધ...**' નિશ્ચયને જાણનારા. હું તો જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય શુદ્ધ આનંદકંદ આત્મા છું. સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરેલો જ આત્મા છું. એવું જેને જ્ઞાન છે, ભાન છે તે '**પરદ્રવ્યની કણિકામાત્રને...**' રાગનો કણિયો હોય, રજકણ શરીરનો એક હોય કે વાણી. '**આ મારું છે એમ દેખતા નથી.**' કહો, છે ને? એમાં ચોખ્ખું લખ્યું છે. વાંચે ત્યારે ને. કોઈ દિ' પણ વાંચ્યું નથી. ચોપડા ઘરના તપાસે વારંવાર હંમેશા બાર મહિને. પણ આ વાંચતા પણ નથી. હવે તો આ પુસ્તકો બહાર એટલા બધા આવી ગયા છે. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર બહાર બહુ આવી ગયા પુસ્તકો. સોંઘા કરી મૂક્યા છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું તારી ચીજમાં છો. એ રાગમાં તું નથી, કર્મમાં તું નથી. વ્યવહારથી કહ્યું ત્યાં એને માની લે, (તો એ) મૂઢ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે અસત્ય છે. અસત્ય એટલે જૂઠું છે. સાચા સત્યનો, સાચા સત્યનો સાહેબો ભગવાન એનો તું અનાદર કરે છો. સમજાણું કાંઈ? ધર્મી જીવ લાખ વાતમાં પડ્યો હોય અને બાહ્ય સંયોગમાં દેખાતો હોય. ભાષામાં બોલે કે કેટલી તમારે રાણી? ભાઈ, ચક્રવર્તીને છન્નુ હજાર રાણી. લ્યો! એ કહે છે કે તમારે કેટલી રાણી? છન્નું હજાર.

એક ગરાસિયા હતા. ગુંદાણામાં. એવા ભોળા બિચારા હોં બહુ. ગરાસિયા બહુ અફીણ

પીવે ને. ભોળા હતા બિચારા. એને ત્રણ-ચાર બાયું થયેલી. ગરાસિયા છે ને? ગુંદાળા. .. ખાચર. સોનાની ઓલી રાખતા. ગુંદાળામાં. ખબર છે ને. ત્યાં અમે નીકળીએ તો પગે લાગે, જ્યારે નીકળીએ ત્યારે. એને પૂછ્યું એકવાર કે દરબાર! તમારે રાણી કેટલી? કહે, મને ખબર નથી. કામદારને પૂછો. હજી ત્રણ-ચાર થઈ હોય. કારણ કે ગૃહસ્થ માણસ. કાંઈક ઊપજ હતી. તે વખતે દસ હજારની ઊપજ તો બહુ કહેવાય ને. ૫૦ વર્ષ પહેલા ૧૦ હજારનો ગરાસિયો તો ઓહોહો..! એમ કહેવાય. હવે બધું થોથા થઈ ગયું. હવે રૂપિયાની કિંમત (ઘટી ગઈ). આ તો સોનાની ઓલી રાખે. આમ નરમ માણસ, હોં! બિચારો નીકળે તો... મહારાજ! આ તો ઘણાં વર્ષની વાત છે. પણ પૂછે કામદારને કે તમારે રાણી કેટલી? કેટલી બાયું છે તમારે? મને બહુ ખબર નથી. હવે એને આત્મા કેવડો એ તો ક્યાં ખબર હોય? આપણને તો કાંઈ ખબર નથી.

અહીં તો કહે છે કે હોય એને માને કે મારી આટલી છે, એ મૂઢ છે એમ કહે છે. શાસ્ત્રમાં એમ આવે. ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી હોય. વ્યવહારથી કહ્યું. અહીં કહે છે કે એમ છે નહિ. આત્માને સ્ત્રી-સ્ત્રી હોય નહિ. એ તો પર છે વસ્તુ. પર અહીં ક્યાંથી ગરી ગઈ? ઈન્દ્રને આટલી ઈન્દ્રાણી હોય. એને કરોડો ઈન્દ્રાણી હોય, એના રૂપ કરે કરોડો. ઓલો ઈન્દ્ર કહે કે મારી એકેય ઈન્દ્રાણી નથી. ત્યારે છે કોની? એ તો એની છે. મારે શું છે? હું તો આત્મા છું. ઈન્દ્ર છે એ સમકિતી ઈન્દ્ર છે. સ્વર્ગનો ઈન્દ્ર છે.

સ્વર્ગમાં ઈન્દ્ર છે. સુધર્મ દેવલોક છે માથે. સુધર્મ, ઈશાન, મહેન્દ્ર આદિ દેવો છે ઉપર. આ ચંદ્ર, સૂર્ય ઉપર દેવ છે બીજા. આ ચંદ્ર સૂર્ય જ્યોતિષના દેવ છે. એના ઉપર દેવ છે. સુધર્મ, ઈશાન.. સમજાય છે? મહેન્દ્ર, સનતકુમાર આદિ દેવ છે. એને ઈન્દ્રાણીઓ બહુ હોય છે. બહુ પૂર્વના પુણ્ય કરેલા, આત્મધ્યાન કરેલું હોય આત્મજ્ઞાન, પણ કાંઈક પુણ્ય બાકી રહી ગયેલું હોય તો સ્વર્ગમાં ઊપજે. અત્યારે છે. ૩૨ લાખ તો વિમાન છે એને. કરોડો અપ્સરાઓ હોય. અને ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એટલું આત્મજ્ઞાન કરેલું. પણ બાકી રહ્યું. બહારમાં આમ કહેવાય કે એને આટલી... શાસ્ત્ર એમ કહે લ્યો, ઈન્દ્રને આટલી ઈન્દ્રાણીઓ, એને ૩૨ લાખ વિમાન, એનો ૩૨ લાખનો સાહેબો. ના. ના. એ કોઈનો સાહેબો નથી. સમજાય છે કાંઈ? વિમાનનો અધિપતિ. અહીં કહે છે, ના. આ નૃપતિ એમ કહેવાય ને? રાજા ચક્રવર્તી ઘણા નૃપતિ-મનુષ્યનો પતિ. બોલવામાં આવ્યું, એમ નથી. એમ માને કે હું પતિ છું બધાનો તો મૂઢ છો એમ કહે છે અહીં. કહો, ન્યાલભાઈ! શું કરવું હવે? આના દિકરા કહેવાય, આનું બધું કહેવાય લ્યો.

**'પરદ્રવ્યની કણિકામાત્રને પણ આ મારું છે એમ દેખતા નથી. તેથી, જેમ આ**

**જગતમાં કોઈ વ્યવહારમૂઢ એવો...**' દેખો! ભાષા એમ વાપરી. વ્યવહારમૂઢ એવો '**પારકા ગામમાં રહેનારો માણસ આ ગામ મારું છે...**' ગામ કો'કનું હોય અને રહેનારો એ હોય તો આ ગામ મારું છે '**એમ દેખતો-માનતો થકો મિથ્યાદષ્ટિ છે,...**' એટલે જગતમાં મૂર્ખ કહેવામાં આવે છે. જગતનો મૂર્ખ. ગામ કો'કનું હોય, નગર કો'કનું હોય. આ તો દાખલો આપે છે હોં! નગર તો નગરનું છે. પણ દાખલો કેમ સમજાવે. અને એમાં રહેતો હોય તો કહે અમારું ગામ છે... અમારું ગામ છે.. અમારું ગામ છે.

એ કહે છે, રહેનારો માણસ. એમ કહ્યું છે ને? '**પારકા ગામમાં રહેનારો માણસ આ ગામ મારું છે એમ દેખતો-માનતો થકો મિથ્યાદષ્ટિ (-ખોટી દૃષ્ટિવાળો) છે, તેમ જો જ્ઞાની પણ...**' જોયું! જાણનાર હોવા છતાં '**કોઈ પણ પ્રકારે વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને આ મારું છે એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદષ્ટિ જ થાય છે.**' શું કહે છે? જ્ઞાની એટલે આત્મા. એમ. '**કોઈપણ પ્રકારે...**' ભાષા આમ છે દેખો. જ્ઞાની પણ અને કોઈપણ પ્રકારે એમ કીધું છે. કોઈપણ પ્રકારથી '**વ્યવહારમૂઢ થઈને...**' કોઈ પ્રકારથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધથી, ફલાણા કારણથી કે આ કારણથી એ મારું છે (એમ માને તો મૂઢ છે). છે ને? સંસ્કૃતમાં છે જુઓ! '**यदि ज्ञान्यपि कथञ्चिद् व्यवहारविमूढो**' જુઓ! કથંચિત્‌નો અર્થ કર્યો છે ને કોઈપણ પ્રકારે.

કોઈપણ પ્રકારે ભગવાન આત્માને કર્મ છે, શરીર છે, પરદ્રવ્ય છે એમ કોઈપણ પ્રકારે માને. જુઓ! અહીં તો એ પાઠ લીધો છે. આહાહા..! પોતાના આત્મામાં પરવસ્તુનો અભાવ છે અને પરવસ્તુમાં આ આત્માનો અભાવ છે. બેય વસ્તુ ભિન્ન-ભિન્ન છે. આ ભગવાન આત્મામાં આ શરીરનો પણ અભાવ છે. આ તો પોતે ભિન્ન અરૂપી જ્ઞાનઘન છે. આ જડ છે. જડનો ચૈતન્યમાં અભાવ છે. એને ઠેકાણે વ્યવહારથી જ્યાં કહ્યું હોય, એને ત્યાં કોઈપણ પ્રકારે કહ્યું હોય અને કોઈપણ પ્રકારે વ્યવહારમૂઢ થઈને, નિમિત્ત નૈમિત્તિક સંબંધથી કહ્યું હોય ત્યાં અમુક જાતનું થતું હોય, આણે કાંઈક રાગ ટાળ્યો અને કર્મ ટળતું હોય તો આત્માએ કર્મને ટાળ્યા એમ કહેવામાં આવ્યું. પણ કહ્યું એને જો માની લે કે મેં કર્મને કરાવ્યા, મૂઢ છો કહે છે. મૂઢ થઈ ગયો, કહે છે. ભાન નથી તને. મેં રાગ મંદ કર્યો માટે ત્યાં પુણ્ય બંધાણા, મેં રાગ તીવ્ર કર્યો માટે પાપ બંધાણા. રાગનો અભાવ કરું તો ત્યાં કર્મનો અભાવ થાય. એમ કોઈ પ્રકારે સંબંધથી કથન કર્યા હોય, એને એ રીતે માની લે તો એ જ્ઞાની હોય તે અજ્ઞાની થઈ જાય છે. સમજાણું કાંઈ?

જુઓ! મોક્ષ થાય છે જ્યાં ત્યાં તો એકલો રહે છે ને પછી આત્મા? મોક્ષ થાય એટલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મામાં જે શુદ્ધતા પડી છે એ પ્રગટ થઈ જાય. એકલો છે કે નહિ? કે સિદ્ધમાં કોઈ બીજું પરમાત્મા સિદ્ધ થયા પછી કાંઈ છે? તો અહીં પણ એકલો જ છે. એકલો હોવા છતાં બેકલો માને છે એ માન્યતા એની ખોટી છે એમ કહે છે. સમજાણું કાંઈ? માટે એકલા સિદ્ધ ભગવાન રહે છે માટે સમ્યક્ એકાંતમાં તું આવી જા.

ઓલું યાદ આવ્યું સમ્યક્ આવે છે ને? સમ્યક્ એકાંત... એ અર્થે. અનેકાંતનું જ્ઞાન સમ્યક્ એકાંત આમ ઢળે ત્યારે જ્ઞાન થાય ત્યારે ઓલાનું રાગ છે અને અલ્પ જ્ઞાન છે એમ જ્ઞાન રહેશે. એમ છે મૂળ તો. આની કોર, આની કોર ઢળે તો સમ્યક્ એકાંતમાં ઢળી જાય આમ. શુદ્ધ સ્વભાવ અખંડાનંદ પ્રભુ છું, એકાકાર અભેદ છું. એક જ વસ્તુ મારી છે, એમાં કોઈ વસ્તુ મારામાં છે નહિ. અભેદ એકાકાર સમ્યક્પણે આમ ઢળ્યો, સમ્યક્ એકાંત જ્ઞાન થયું, ત્યારે પછી અનેકાંત જ્ઞાન એનું સાચું થાય કે વ્યવહાર છે, જાણવા લાયક છે, જાણવા લાયક છે. સમજાણું કાંઈ? ભારે ગાથા લીધી. '**ववहारभासिदेण**' જુઓને! બહુ સરસ વાત છે ભાઈ! બધા પંડિતો એ જ કાઢે છે ને આ બધા ભણેલા. વ્યવહારથી કહ્યું છે કે નહિ? વ્યવહાર પણ એક વસ્તુ છે કે નહિ? એમ વ્યવહાર પણ એક નય છે કે નહિ? નય છે તો એક શ્રુતજ્ઞાનનો અંશ છે કે નહિ? શ્રુતજ્ઞાનનો અંશ છે એ સાચો છે કે નહિ?

મુમુક્ષુ :- પ્રમાણનો અંશ છે કે નહિ?

ઉત્તર :- પણ એ પ્રમાણનો અંશ છે એનો અર્થ શું છે? કે ખરેખર જુઓ અહીં નિશ્ચયપ્રતિબુદ્ધ કીધા છે ને? તો નિશ્ચય સ્વરૂપ જે સમ્યક્ આનંદસ્વરૂપ પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્ય છે એવું જ્યાં જ્ઞાન થયું ત્યાં તો સમ્યક્ એકાંત આત્મામાં ઢળ્યો ત્યારે જ એ જ્ઞાન થયું. ત્યારે એ આત્મામાં રાગ ભિન્ન છે, પર ભિન્ન છે એવું જ્ઞાન થયું વ્યવહાર છે. હવે પ્રમાણ બેને સાચી વાત કરે. તો પ્રમાણ બેને કરે પણ નિશ્ચયનું નિશ્ચયપણે કરે અને વ્યવહારનું વ્યવહાપણે કરે? કે નિશ્ચયનું વ્યવહારમાં ખોસે અને વ્યવહારનું નિશ્ચયમાં ખોસીને પ્રમાણજ્ઞાન કરે? સમજાણું? શું કહ્યું?

ફરીને. આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ અખંડ અભેદ જ્ઞાનાનંદ છે એમ સમ્યક્જ્ઞાન થયું. એ નિશ્ચય થયો. હવે એમાં જરી કંઈ અલ્પ જ્ઞાન છે, રાગાદિ છે, એને જાણવું એ વ્યવહાર થયો. હવે એ વ્યવહાર છે એ નિશ્ચય તો કહે છે કે મારામાં છે નહિ. હું તો અભિન્ન છું. વ્યવહાર કહે છે કે આમ છે એ એટલું. એ જાણવા માટે. જાણવા માટે. મારા કરીને માનવા માટે નહિ. હવે પ્રમાણ પણ એમ જાણે. આ અભિન્ન જાણે અને આને ભિન્ન છે એમ જાણે. કે આત્મામાં રાગ અભિન્ન છે એમ પ્રમાણ જાણે? પણ નિશ્ચયનું જે સ્વરૂપ છે એને જાણ્યું નથી. વાત સમજાય છે? આ વ્યવહારમૂઢનો... ઓલો તો મૂઢ છે. ઓલો તો જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કે આ છે એટલું. એ પ્રમાણજ્ઞાન ત્યારે થયું કહેવાય છે.

ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત પ્રભુ અભેદ એકાકાર છે. તેમાં રાગ પણ નથી, પર્યાય પણ નથી. વસ્તુ કોઈ છે નહિ. એવી અંતર દૃષ્ટિ થઈ તેને નિશ્ચય પ્રતિબુદ્ધ કહેવામાં આવે છે. ત્યારે એને રાગનો જાણકાર .. આદિ છે. પર તરીકે જાણે છે. એ મારું તરીકે નહિ. પર તરીકે જાણે છે. પ્રમાણ આખું જ્ઞાન કરે ત્યારે એ વ્યવહારનું વ્યવહાર તરીકે સ્વીકારે છે. નિશ્ચયનું જેવું છે એમ નિશ્ચય સ્વીકારે. બે થઈને એ પ્રમાણજ્ઞાન થાય. પણ નિશ્ચયનો સ્વીકાર વ્યવહારમાં નાખી દે પ્રમાણ? સમજાણું આમાં? એ માટે આ વાત લીધી છે. '**ववहारभासिदेण**' વ્યવહાર જ્ઞાન કરવા માટે કહ્યું. ત્યાં તો એમ માની લીધું છે નિશ્ચયમાં. એ વસ્તુ ખોટી છે ભાઈ! તને ખબર નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિમાં આવ્યા વિના એને સમ્યગ્જ્ઞાન એટલે સાચું જ્ઞાન થતું નથી. અને એ નિશ્ચયનો જાણનાર તે છે. સમજાણું કાંઈ? ત્યારે કહે, નિશ્ચયનો જાણનાર કીધો પછી વ્યવહાર રહ્યો કે નહિ એને? એ સાથે હો તો એ નિશ્ચયના જ્ઞાનમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું એમ જાણવામાં આવે છે કે આ છે એટલું. સમજાણું કાંઈ? ભારે ઝીણું.

'**જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે...**' ભાષા છે. '**વ્યવહારવિમૂઢ થઈને...**' કોઈપણ પ્રકારથી. આત્મા શુદ્ધ ચૈતન્યના અંતરના ભાન સિવાય કોઈપણ પ્રકારથી એને વર્ણવ્યો હોય તો તેમાં વ્યવહારમૂઢ છે. એમાં મૂઢ થઈને '**પરદ્રવ્યને આ મારું છે એમ દેખે...**' એ રાગાદિ વ્યવહાર છે એ તો મારો છે ને? કર્મ વ્યવહારથી તો મારા છે ને? ફલાણું વ્યવહારથી તો મારા છે ને? એમ જો મારું દેખે તો તે ક્ષણે જ્ઞાની પણ '**નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો,...**' કર્તા ક્રિયા બતાવવી છે ને. રાગને, વિકલ્પને અને રજકણને મારા માનતો થકો, વસ્તુની દૃષ્ટિને છોડતો થકો, અનુભૂતિથી ચ્યુત થતો થકો '**મિથ્યાદૃષ્ટિ જ થાય છે.**' સમજાણું કાંઈ? અસત્ દૃષ્ટિવાળો છે, જૂઠી દૃષ્ટિવાળો છે.

ધર્મીને કોઈ સમયે અભેદ ચૈતન્ય છે એની દૃષ્ટિ મુખ્યતામાં કોઈ દિ' ખસતી નથી. એની મુખ્યતા કોઈ પર્યાય રાગાદિમાં જતી નથી. એને નિશ્ચયનો પ્રતિબદ્ધ જાણનાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારની કિંમત.

ઉત્તર :- કિંમત વ્યવહારની? વ્યવહારની કિંમત જાણવા લાયક એટલું. પર તરીકે જાણવા લાયક. સ્વ તરીકે નહિ. નહિતર નિશ્ચય અને વ્યવહાર બે એક થઈ જાય છે. છે એટલી કિંમત છે. જાણવા માટેની છે. વિષય છે ને. નય છે ને? જાણવું ખરું. પણ માનવા માટે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમ નથી. આહાહા..! કઈ શૈલીએ વાત કરે છે! કહો, રસિકભાઈ! સમજાય છે આ? આ મોટા પંડિતોમાં વાંધા ઊઠે છે. આજે આવ્યું છે થોડું. સૌરાષ્ટ્રમાં પંડિતોનો ઉપહાસ થાય છે. એવું કાંઈક લખ્યું છે ખરું. વિદ્વાનોના ઉપહાસનું નાટક થાય છે. એમ કાંઈક લખે છે. આહાહા..! અરે..! ભગવાન! પૈસાનું નથી લીધું? જ્ઞાનચંદે. અત્યારના પંડિતો રોટલી અને દાળ માટે... એ એણે પાછું નાખ્યું છે. બરાબર, વાત તો સાચી છે. એ રીતે કોઈ છેતરાઈ જતા હોય તો વિદ્વાનોએ એમ ન કરવું જોઈએ. એમ કરીને લખ્યું. .. .. નાખ્યું છે. સૌરાષ્ટ્રનું. આમાં 'સૌરાષ્ટ્રમેં જૈન વિદ્વાનોંકા એક છોટાસા ઉપહાસજનક નાટક બના હુઆ હૈ.'

વિદ્વાન એને કહે છે. વિદ્વાન-વિદ્વાન. જ્ઞાન એનો જાણનાર. જ્ઞાનવાન. બાપુ! જ્ઞાનવાન એને કહે છે. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ છે. એ નિશ્ચયથી રાગ અને પરથી રહિત છે. એવું જ્ઞાન એને અહીં જ્ઞાનવાન કહેવામાં આવે છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ છે એનું જેને જ્ઞાન હોય તેને જ્ઞાનવાન કહેવામાં આવે છે. બાકી બીજાને મૂરખ કહેવામાં આવે છે એમ કહે છે અહીં. લૌકિકના જ્ઞાન હોય આ ભણતરના, વકીલાતના. શું હોય તમારે? તમારે? કાપડના એને હોય. જેને જે ધંધાની હુશિયારી કહેવાય, એ કહે છે કે મૂર્ખાઈ છે. એમ કહે છે. એય..! મોહનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપવાદ હોય છે આ. જ્ઞાનીનું જ્ઞાન તે મૂર્ખાઈ નથી. આહાહા..!

બહુ સરસ વાત છે. ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ, શુદ્ધ જ્ઞાયક મૂર્તિ પ્રભુ આત્મા છે. એનું નિશ્ચયનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. તેને જ્ઞાની કહેવામાં આવે છે એમ કહે છે. આવા ભાન વિના એકલા વ્યવહારના જ્ઞાનમાં વિમૂઢ થયા છે એને તો અહીંયાં મૂરખ કહેવામાં આવ્યા છે. પછી મોટા ભણ્યા હોય શાસ્ત્રના થોથા સંસ્કૃત ને વ્યાકરણ ને. સમજાણું કાંઈ? હજારો માણસને રંજન કરવાની કળા આવડતી હોય ને લાખો માણસ આમ રંજન વાહ.. વાહ.. (કરે). એ તો જડની છે ભાઈ! ભગવાન! એ તો માટી છે આ તો. એને લઈને કે આહાહા..! શું એનાથી લોકો રંજન પામે છે! એનાથી તો આત્મા બહાર નીકળતો હશે, વાણીમાં આવતો હશે. જુઓને! મેં કેટલા માણસને રંજન કર્યા, કેટલાને આમ રાજી ધર્મ પમાડ્યા. ધર્મ પમાડ્યા. ધર્મની અવસ્થા તો એનાથી પમાતી હશે કે તારાથી? એ પરદ્રવ્યનો સ્વામી થાય છે. વ્યવહારમાં વિમૂઢ છે એમ કહે છે. આહાહા..!

**'ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો,...'** અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલી, જે એમાં નથી તેને મારા માને છે, મારામાં છે તેને તે ભૂલી જાય છે. એનામાં તો જ્ઞાન અને આનંદ પ્રભુ આત્મા છે. ઠસોઠસ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન છે આત્મા. શાંતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને અરાગી વીતરાગી સ્વભાવથી ભરેલો પરમાત્મા પોતે છે. એવો છે એને એમ ન માનતા એવો નથી એને-પરદ્રવ્યને પોતાનું માને છે. કહે છે, મૂઢ છો ભાઈ! ચોક્કસ નિઃસંશય. જ્ઞાની કહે છે. વિદ્વાન અગિયાર અંગનો ભણનાર હોય તોપણ નિઃસંશયપણે ચોક્કસ પરદ્રવ્યને પોતારૂપ કરતો તે અસત્ય દૃષ્ટિવાળો છે, જૂઠી દૃષ્ટિવાળો છે, જૂઠાનો સ્વીકાર કરનાર છે. એંઠનો, એંઠાનો સ્વીકાર કરનાર છે. આહા..! આકરું તો લાગે બાપા! બહારથી માન્યું હોય છે ને એટલે ઘા વાગે અંદરથી. હાય.. હાય.. આ બધું અમારું વયું જાશે. પણ વયું જાય એ તારું નથી, સાંભળને! આહાહા..!

'**માટે તત્ત્વને જાણનારો પુરુષ...**' જુઓ! છે ને? તત્ત્વને જાણનારો જ્ઞાયક ભગવાન આત્મા રાગાદિ તે આસ્રવ પર, શરીરાદિ તે અજીવ પર. પરઆત્મા તે પર. એમ તત્ત્વનો જાણનાર '**પુરુષ સઘળુંય પરદ્રવ્ય મારું નથી...**' આ જગતની અંદર મારામાં છે તે પરમાં નથી અને પરનું છે તે મારામાં નથી. સઘળુંય મારામાં પરદ્રવ્ય નથી. કર્મ પણ નથી, રજકણ શરીરના નથી, વાણી નથી. સમજાય છે? લ્યો! આ બધા અમારા છે. પર્વત અમારા છે, ડુંગરા અમારા છે. અમારા તીર્થસ્થળ છે. અરે..! ભગવાન! એ તો પરદ્રવ્ય છે. એ પર ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અહીં તો વાત આકરી છે, ભાઈ! તારું હોય તો તારી સાથે રહેશે. સાથે તો રહેતું નથી. અહીં આમ.. આમ... પડ્યો હોય પછી છૂટ્યો. એકલો આત્મા વયો ગયો લ્યો! આ કાંઈ રહ્યું નહિ. ઓલા કર્મના રજકણ પણ રજકણને કારણે જાય છે, એ તારે કારણે જાતા નથી.

ધર્મી તત્ત્વનો જાણનારો, સઘળુંય મારું નથી. '**એમ જાણીને, લોક અને શ્રમણ-બન્ને...**' કીધા. દેખો! અરે..! લૌકિકજનો! તમે જગતના કર્તા સ્વીકારો છે એ ઈશ્વર તો છે જ નહિ. વસ્તુ સૌ સ્વતંત્ર છે. એનો કોઈ કર્તા-ફર્તા નથી. હે લોક! અને હે સાધુ! બે લીધા. '**બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે...**' બેમાં સાધુ હો કે અન્ય હોય-બીજો કર્તા માનનારા. જેને પરવસ્તુમાં કર્તાનો વેપાર માને છે. મારા સિવાય શરીરની ક્રિયા કરી શકું, વાણીની કરી શકું, બોલી શકું, કર્મ બાંધી શકું, પરદ્રવ્યને નુકસાન કરી શકું, પરદ્રવ્યને લાભ કરી શકું. એવો જે પરદ્રવ્યનો વ્યવસાય-વેપાર માન્યતામાં છે '**તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે એમ સુનિશ્ચિતપણે જાણે છે.**' ધર્મી. તત્ત્વનો જાણનારો પુરુષ એમ કહે છે ને? છે એમાં?

જે કોઈ '**તત્ત્વનો જાણનારો પુરુષ સઘળુંય પરદ્રવ્ય મારું નથી એમ જાણીને, લોક અને શ્રમણ-બન્નેને...**' એમ માને છે કે, એ બંને પરદ્રવ્યના કર્તા માને છે માટે બંને સમ્યગ્દર્શન રહિત છે એમ સુનિશ્ચિતપણે જાણે છે. લ્યો! ધર્મી સમ્યગ્દૃષ્ટિ, બીજાને મિથ્યાદૃષ્ટિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમ બરાબર જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? બીજાનું કર્તૃત્વ માને, બોલવામાં માને, ચાલવામાં માને, આમ .. રાખીએ, શરીરને આમ રાખીએ, જતનામાં રાખીએ, ફલાણું કરીએ શરીરને. એમ જે માને છે તે બધાય લૌકિક હો કે સાધુ હો જૈનના, પણ એ બધા સમ્યગ્દર્શન રહિત છે. એને સાચી શ્રદ્ધાનું ભાન નથી અને અજ્ઞાની છે એમ નિશ્ચિતપણે ધર્મી એને માટે આમ માને છે. એનું નામ સત્યતા અને સાચું કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૦, શનિવાર તા. ૧૧-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૧-૨૦૨, ગાથા-૩૨૪ થી ૩૩૧, પ્રવચન-૩૯૩**

૩૨૪, ૩૨૫, ૩૨૬ અને ૩૨૭. એનો ભાવાર્થ છે. અહીંયાં તો એમ કહેવામાં આવે છે કે આત્મામાં કોઈ વ્યવહારથી વાત કરી હોય શાસ્ત્રએ, કોઈ વ્યવહારથી કથન કર્યું હોય એને માની લે કે એ વાત સાચી છે (તો) એમ વાત સાચી છે નહિ. ક્યાંક વ્યવહારથી કહ્યું હોય (કે) કર્મને આત્મા કરે છે, કર્મથી આત્મામાં વિકાર થાય છે આદિ વાત આવે શાસ્ત્રમાં.

મુમુક્ષુ :- ધર્મ કરે તો કર્મનો નાશ થાય છે.

ઉત્તર :- એ તો એમ જ આવે. ભાષા તો એમ જ આવે ને બહાર વસ્તુ તો વ્યવહારની. ધર્મ કરે તો રાગ નાશ થાય, કર્મ નાશ થાય. ઓરા આવો થોડા. આજે રવિવાર છે ને. છોકરાઓ બહાર બેઠા છે. જગ્યા થોડી સંકોચો, બહુ છૂટા બેઠા હોય ઈ.

વ્યવહારથી કાંઈ કથન કરવામાં આવ્યું હોય એને એમ જ માની લે કે આ આત્મા જ પરદ્રવ્યનો કર્તા છે અને પરદ્રવ્યથી આત્મામાં કાંઈક થાય છે.

મુમુક્ષુ :- પ્રભાવ તો પડે જ ને.

ઉત્તર :- એ પ્રભાવ-બ્રભાવ પડે એ બધી વાતું ખોટી. પ્રભાવ કોના પડે? કોઈ દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિ અને એની અવસ્થા પોતાની સીમામાં, પોતાની મર્યાદામાં છે. કોઈ પરના દ્રવ્યની અંદરમાં જતી નથી તો કોઈનું કરે એ બનતું નથી. વ્યવહારથી કથન આવ્યા હોય. કહ્યું ને? મારું ગામ. લ્યો! મારો દેશ. લ્યો! બહાર જનારા એમ કહે ક્યાંના? હિન્દુસ્તાન. તમારું ગામ? હિન્દુસ્તાન.

મુમુક્ષુ :- ભારત અમારો દેશ.

ઉત્તર :- ભારત અમારો દેશ. ભારત દેશ થઈ જતો હશે.

મુમુક્ષુ :- અમેરિકામાં જાય ત્યારે એમ કહે.

ઉત્તર :- એમ કહે. .. આવે ને? કેટલું રહેવું છે આ દેશમાં? કે આટલું. સમજ્યાને? કે અહીંના છીએ તો આટલું રહેવું છે. ત્યાંના છીએ તો આટલું થોડું રહેવું છે. એ બધી કથનની શૈલી છે. વસ્તુ પરની ક્યાં હતી એની? ગામ ક્યાં? નગર ક્યાં? સ્થાન ક્યાં? એમ આત્મા પરનું કરે એવી વાતું શાસ્ત્રમાં આવે ઘણી, પણ એ વ્યવહારના કથનો નિમિત્તને બતાવનારા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- આમાં એમ લખ્યું નથી કે નિમિત્તને બતાવનાર છે.

ઉત્તર :- આ બતાવ્યું. ઓલાએ એમ કહ્યું હતું. પણ એનો અર્થ શું થયો? વ્યવહારે કહ્યું છે એનો અર્થ થયો કે આત્મા રાગ જ્યારે કરે ત્યારે કર્મ એની મેળાએ બંધાય છે. ત્યારે રાગનું નિમિત્તપણું છે એથી એમ કહેવામાં આવ્યું કે આત્મા કર્મને બાંધે છે. છ પ્રકારની જ્ઞાનની અશાતના આદિ કરે તો આત્મા જ્ઞાનાવરણીયને બાંધે. લ્યો, આ શાસ્ત્રના શબ્દો. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે લ્યો. જ્ઞાનની અશાતના કરે, જ્ઞાનમાં વિઘ્ન કરે, જ્ઞાનને સત્ય પામવાને વચ્ચે વિરોધ કરે એવો જે જીવ છ પ્રકારે જ્ઞાનની અશાતાના કરે તો જ્ઞાનાવરણીય કર્મને બાંધે એવું શાસ્ત્રમાં આવે છે. એમ દર્શનાવરણીય આટલા પ્રકારે બંધાય, વેદનીય આટલા પ્રકારે બંધાય, એમ દરેકની વાત (આવે). આયુષ્ય બાંધે તો આમ બંધાય, ભવિષ્યનું આયુષ્ય બાંધે, મનુષ્યપણાનું આમ બંધાય, દેવનું આમ બંધાય એ બધી વાત આવે છે, લ્યો. પણ એ તો વ્યવહારના કથન છે. એમ માની લે તો કહે છે કે મૂઢ થયેલો એની દૃષ્ટિ બાહ્ય ઉપર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારનો આવો અર્થ થાય છે ઈ વાત જ...

ઉત્તર :- શું થાય પણ? વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, સ્વદ્રવ્ય-પરદ્રવ્યના ભાવને અને સ્વદ્રવ્યના-પરદ્રવ્યના કારણ કાર્યને મેળવીને વાત કરે છે. એમ માને તો મિથ્યાત્વ છે એમ તો આવ્યું છે. અને '**ववहारोऽभूदत्थो**'. ૧૧મી ગાથામાં એમ આવ્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા.. અહીં તો ભલે વિકાર જીવ કરે કે ટાળે એ પોતાના અધિકારની વાત છે. એટલું અહીં સિદ્ધ કરવું છે. પરથી એને વિકાર થાય કે પરમાં એનું કાંઈ કર્તવ્ય હોય આત્માનું (એમ) ત્રણ કાળમાં બનતું નથી.

'**ભાવાર્થ :- જે વ્યવહારથી મોહી થઈને...**' વ્યવહારના કથનમાં મુંઝાઈને. વિમૂઢ લીધું છે ને? આમ કહ્યું છે ને? આમ કહ્યું છે ને? એમાં મુંઝાઈને મૂઢ થઈ જાય છે. એ '**પરદ્રવ્યનું કર્તાપણું માને છે...**' લ્યો! સમજાણું કાંઈ? એની ભાષામાં એમ બોલાય કે ભાઈ આ સારો માણસ હોય તો એનાથી સારું થાયને કામ? એમ કહેવાય લ્યો!

મુમુક્ષુ :- .. સારા ડોક્ટરને બોલાવે.

ઉત્તર :- ડોક્ટર કોઈ સારો આવે તો બોલાય પણ એથી ડોક્ટરે શરીરનું કરી દીધું અને ઈંજેક્શન ડોક્ટર આપી શકે છે એ વાત પણ ખોટી અને ઈંજેક્શનથી ત્યાં શરીરમાં કાંઈ થાય છે એ વાત પણ ખોટી.

મુમુક્ષુ :- બધી વાત અહીં ખોટી જ પાડવી લાગે છે?

ઉત્તર :- દુનિયા જૂઠી છે તો જૂઠું જ હોય ને બધું? એય..! કપુરચંદભાઈ! ભારે વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ આ. આ આવી ભાષા બોલ્યો, હું ધીમેથી બોલી શકું, સારી ભાષા સંસ્કૃત આવડે, વ્યાકરણ આવડે, આવું આવડે, બે કલાક બોલવું હોય સંસ્કૃતમાં તો બરાબર બોલી શકું. જુઓ! એમ ભાષા પણ આવે. આનો અર્થ સાચો છે ઈ? બોલવાની ભાષા જડની છે. આત્મા વ્યવહારમાં મૂઢ થઈને એમ માને કે આ ભાષા મેં કરી, ભાષા હું છું તો આ થાય છે. જડ છે એ. ચૈતન્ય એ જડ છે. પોતાનો ઉપયોગ ચૈતન્યનું કામ કરે એને ઠેકાણે પરનું કામ કરું એમ માને છે એટલે અચેતન ઉપયોગ મિથ્યાત્વનો છે. આહાહા..! કહો, મગનભાઈ! હુશિયાર માણસ બધું કામ કરતા હશે કે નહિ દુકાનનું?

મુમુક્ષુ :- દુકાનનું શું બધાયનું. હુશિયાર માણસ બધાનું સારું કરે.

ઉત્તર :- બધાનું કરે અભિમાન આહાહા..! જુઓને! વ્યવહારના જેટલા કથનો આવે એમાં મોહી જીવ, વ્યવહારમાં મૂઢ થઈ ગયેલો. એમ.

‘**પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદષ્ટિ જ છે.**’ લ્યો! મિથ્યાદષ્ટિ જ છે. અજ્ઞાની છે. પરનું શું કરે? ક્યાં પરના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પેસે છે? પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ક્યાં પરદ્રવ્ય અહીં આવે છે આવે છે અંદર કે આત્માનું એ કરી દે? કે આત્મા શરીર અને વાણીમાં પ્રવેશ કરે છે કે તે પરદ્રવ્યનું કરી દે? કરી શકતો નથી. સમજાય છે?

‘**જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને મારું માને...**’ જુઓ! કહે છે કે એ સમજણ થઈ શાસ્ત્રમાં, છતાં એ પાછું એમ માને કે ના ના, એ વ્યવહારે તો કરી શકાય. નિશ્ચયથી ન કરી શકાય અને વ્યવહારથી કરી શકાય એમ જો માને તો એ જ્ઞાની નથી પણ અજ્ઞાની મૂઢ છે. સમજાણું કાંઈ? ‘**તો મિથ્યાદષ્ટિ જ થાય છે.**’

‘**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**’ ૨૦૧.

**एकस्य वस्तुन इहान्यतरेण सार्धं**
**सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे**
**पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।।२०१।।**

‘**શ્લોકાર્થ :- કારણ કે આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...**’

મુમુક્ષુ :- બધોય?

ઉત્તર :- બધોય. નિમિત્ત નૈમિત્તિક સંબંધ એ ખરેખર વસ્તુ જ નથી. સંબંધ ક્યાં હતો? ‘**સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...**’ વસ્તુ વસ્તુમાં પોતાના સીમામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાયનું કાર્ય કરે તો પોતાની સીમામાં કરે, પોતાની હદમાં કરે, પોતાના ક્ષેત્રમાં કરે, પોતાના ભાવમાં કરે, પરમાં શું કરે? સમજાણું કાંઈ? પરનું કરે કે નહિ કાંઈ? આ બંગડી-બંગડીના વેપાર કરે છે કે નહિ? કહો, ...ભાઈ! શું કહે છે આ? આ લાતીનો વેપાર કરે છે ને? આ અમુલખભાઈ કરે છે એમ કહે છે માણસ. માણસ કહે ભાઈ ઓહોહો..! એનો વેપાર મોટો. ઓહો..! ક્યાં ગયો? છે ને લલિત? એ બેસાડતો હશે ને ત્યાં એને? મોટો વેપાર લાતીનો. ... મોટી પેદાશના પૈસાના ઢગલા થાય એ બધું આત્મા કરતો હશે કે નહિ? આહાહા..! કેમ હશે? લલિત!

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિનો વેપાર છે.

ઉત્તર :- એ તો એકત્વ માન્યતા છે, મૂઢ છે કહે છે કે મેં આ લાકડાને ફેરવ્યા, મેં લાકડાને આપ્યા, લાકડા અમે લાખો રૂપિયાના બીજેથી લાવ્યો.

મુમુક્ષુ :- ગુજરાતમાંથી લાવે એક સાથે ઢગલા મોઢે.

ઉત્તર :- પાછા વરસાદ વરસે હોય તો નીચે ન નાખે. નીચે ન આવવા દે. ગારો થાય તો મેલા થઈ જાય. આવ્યા ભેગા ઊભા કરે. આવ્યા ભેગા ઊભા કરે.

મુમુક્ષુ :- ઊભા રહે તો સારા રહે.

ઉત્તર :- સારા રહે. દેખાય પણ ખરા.

મુમુક્ષુ :- દેખાય ખરા અને પાછા નીચે બગડે નહિ.

ઉત્તર :- નીચે બગડે. ગારો-બારો હોય તો એક જરી દસ છાંટા આવ્યા હોય તો .. બગડી જાય. લ્યો. એને સાફ શી રીતે કરવું? જેવા ગાડા આવે એવા ઊભા કરી નાખો લાકડા. અહીં કહે છે કે ઊભા કરી શકે એમ આત્મા માને તો એ મૂઢ છે એમ કહે છે. આરે.. આરે.. ભારે વાત! સાચું હશે આ? ત્યારે કોણ કરતું હશે ત્યારે લ્યો? લાકડાનું કરે કોણ? એ લાકડા જડ પદાર્થ છે. ભાઈ! તને ખબર નથી. વસ્તુ છે. અજીવ પણ વસ્તુ છે. અજીવ જડ ચૈતન્ય વિનાના, શક્તિ વિનાનું તત્ત્વ છે. એ તત્ત્વ જ પોતે કાયમ રહીને બદલે છે. બદલીને કાર્ય પોતે કરે એમાં જ્ઞાનની કાંઈ જરૂર નથી.

મુમુક્ષુ :- એને શું ખબર પડે કે એને...

ઉત્તર :- ખબરની ક્યાં? ખબરવાળું હોય તો ચૈતન્યનું તત્ત્વ સિદ્ધ થાય. જડ હોઈ શકે નહિ. એની ક્ષણે ક્ષણે જે અવસ્થા થવાની છે તે અવસ્થા તેમાં થઈ રહી છે. થઈ જાય છે. એમાં બીજો કહે કે હું આને કરું. ત્યાં અજ્ઞાન અને મૂઢતા છે. એવું છે ભાઈ!

**'આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે...'** જુઓ! અહીં તો એક પરમાણુનો, બીજા પરમાણુ સાથે. પરમાણુ, રજકણ પોઈન્ટ. એક આત્માને બીજા આત્મા સાથે, એક

આત્માને આ રજકણ સાથે, રજકણને રજકણની સાથે બધો સંબંધ કાંઈ છે નહિ. ભિન્ન-ભિન્ન તત્ત્વ છે. કહો, રતિભાઈ! એમ હશે આ બધું? કલકત્તામાં હુશિયારપણે કામ કરતા હશે ને? ફોટા પાડવા, આમ ધ્યાન રાખે આ ફોટા પાડવામાં બરાબર. શું કાંઈક કહે ને એ વખતે? શું કહે એય?

મુમુક્ષુ :- રેડી-તૈયાર થાવ.

ઉત્તર :- તૈયાર થાવ. આમ ફટ પડે જુઓ. તો ઈ હુશિયાર ખરો ત્યારે પડે છે કે નહિ? જુઓ! અહીં કાંતિભાઈ આવે છે ને .. જાડા નથી આવતા? કહો, સમજાણું આમાં? કહે છે કે ભાઈ! તને ખબર નથી. એ રજકણો છે, પરમાણુઓ માટી ધૂળ. એ જગતના રૂપી રજકણ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા એ તત્ત્વ છે. એને પલટવાની ક્રિયા એ જડને લઈને જડમાં જડથી થાય છે. લોકોને ખબર ક્યાં છે? તો તત્ત્વ નથી, તો અજીવતત્ત્વ જ નથી એમ માનવું. જે તત્ત્વ છે તેનું સત્ત્વ છે. સત્ત્વ છે એટલે કે એનામાં ભાવ છે. ભાવ છે તો એ ભાવને લઈને રૂપાંતર થયા કરે છે. એમાં કાંઈ ચૈતન્યની જરૂર નથી. પણ આ માને કે મારા વિના થાય નહિ. મૂઢ છે. કહો, મોહનભાઈ! કપડું એની મેળાએ સંકેલાતું હશે?

મુમુક્ષુ :- પગનો સંચો તો ચલાવવો તો પડે ને?

ઉત્તર :- હેઠે ચલાવવો પડે, આમ આમ દોરો રાખવો પડે, વળી પાછું આમ સરખી પટ્ટી જ્યાં મૂકવી હોય તો આમ રાખીને ઓલો દાબે. ધૂળેય નથી. એની ક્રિયા એને લઈને થાય છે એમ કહે છે અહીં તો. આત્મા કહે કે મારાથી થાય છે, તો મૂઢ અને અજ્ઞાની મિથ્યાત્વભાવને સેવે છે. એક અહીં દરજીનો છોકરો મરી ગયો નહિ? જીથરી, જીથરીમાં. નહિ કોઈ અઢાર વર્ષનો. આમ આમ કરતો હતો ને પેટમાં કાંઈક થઈ ગયું, નહિ? કાંઈક સાંભળ્યું હતું. પેટમાં આમ વળ ખાઈ ગયો. લઈ ગયા ભાવનગર. મરી ગયો. લ્યો! જુવાન છોકરો હતો બિચારો. ઓલે વર્ષે જ હતું પાછુ. દિવાળી ઉપર કપડા સીવતો હતો દિવાળી ઉપર.

મુમુક્ષુ :- ત્રણ વર્ષ થઈ ગયા.

ઉત્તર :- હા, ત્રણ વર્ષ થયા. અમને તો ઝટ ગયું હમણાં ગયું એમ લાગે. બિચારો કપડા નવા સીવતો હતો એમાં પેટમાં કાંઈક થઈ ગયું. એને કરવાનો ભાવ છે જીવને? અંદર જીવ તો છે. જીવને એ કરવાનો ભાવ છે? એ તો જડની અવસ્થા તે કાળે એમ થવાની તે થયા વિના રહે નહિ. આત્મા એને કરી શકતો નથી. લઈ ગયા ત્યાં બિચારાને. મરી ગયો. એક બીજો નહિ? એક અઢાર વર્ષનો છોકરો હતો એ જાતો હતો સાઈકલમાં. એ

પણ બે વર્ષ પહેલા થયું. અહીં તો બધી વાત સાંભળતા હોય ને. આપણે ક્યાં જોવા ગયા છીએ. ખટારો. અહીં લાવ્યા હતા. ભાવનગર લઈ ગયા તો મરી ગયો. દેહ છૂટી ગયો. એ દેહના પરમાણુની સ્થિતિ એ રીતે થવાની હતી. એમાં કોઈને લઈને થઈ છે, ખટારાને લઈને થઈ છે એમ પણ નથી એમ કહે છે અહીં. આહાહા..! દુનિયા તો આમ ભાળે કે આને લઈને આ થયું. એ જે છે એને લઈને થયું એમ તો માનતો નથી. આને લઈને આમ (થયું). બીજી દૃષ્ટિએ જોવે છે. સંયોગથી જોવે છે. પણ જે કરતો છે તે જ રૂપાંતર થઈને તે કાર્ય થાય છે એમ એ માનતો નથી. કહો, સમજાણું કાંઈ?

**'આ લોકમાં એક વસ્તુનો...'** ઓહોહો..! આ અવાજ નીકળવો, ભાષા થવી, **'અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ...'** ભગવાન આત્માની સાથે ભાષાને સંબંધ છે જ નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ઈચ્છા હોય તો નીકળે.

ઉત્તર :- ઈચ્છા હોય તો ધૂળેય નીકળતી નથી.

મુમુક્ષુ :- આવે છે પણ શાસ્ત્રમાં.

ઉત્તર :- બોલે ભાષા શું એ તો. એ તો ત્યાં બોલવાનો પ્રયોગ છે ઈચ્છા એટલે કહેવાય કે ઈચ્છાને લઈને ભાષા થઈ. ઈચ્છાથી ભાષા થઈ? તો જડની છે. હું બોલાવું. એમ કહે. પક્ષઘાત થઈ જાય. ખ્યાલ આવે એને હોં! ખ્યાલ હોય કે આ કાંઈક કહે છે. બોલી શકે નહિ. જડની અવસ્થા ત્યાં ભાષા બંધ થઈ ગઈ, વાચા બંધ થઈ ગઈ. વાચા બંધ થઈ ગઈ એમ કીધું એમાં આત્મા બંધ થઈ ગયો છે એમ કહે છે? આત્મા છે અંદર જ્ઞાનસ્વરૂપી. રાગ કરે. અરે..! મારાથી થયું નહિ, મારાથી થયું. એમ અભિમાન કરે. મિથ્યાત્વ છે.

**'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે...'** આમ જો એ નિર્ણય કરે તો એની પર ઉપરની દૃષ્ટિ છૂટીને સ્વ ઉપર આવે. હું જ્ઞાનાનંદ ચૈતન્ય છું, મારામાં તો આનંદ અને શાંતિ છે. એના પરિણામનો હું કર્તા એમ કહેવામાં આવે વ્યવહારથી. **'અન્ય વસ્તુની સાથે સઘળોય...'** એ શબ્દ વાપર્યો. ૨૦૦માં પણ વાપર્યો અને આમાં પણ વાપર્યો.

મુમુક્ષુ :- એમાં નથી એમ કરીને નિષેધ કરવામાં આવે છે.

ઉત્તર :- નિષેધ કરવામાં આવે છે. એ તો નથી કહો કે નિષેધ કહો.

**'તેથી જ્યાં વસ્તુભેદ...'** જુઓ! જ્યાં વસ્તુનો ભેદ છે. આત્મા જુદો, રજકણ જુદા, રજકણે જુદા, આત્માએ આત્મા જુદા. **'જ્યાં વસ્તુ ભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે...'** જુદી જુદી છે **'ત્યાં કર્તાકર્મઘટના હોતી નથી-'** ત્યાં જુદો પદાર્થ કરે અને જુદામાં કાર્ય થાય એવું કર્તાકાર્યપણું ઘટતું નથી. કહો, સમજાણું આમાં? આ પુસ્તક-પાના પણ હુશિયાર

માણસ છપાવે ને. આ મગનભાઈ છાપે છે કે નહિ ત્યાં? શું કહેવાય? પ્રેસ. કેટલા કપડા પડ્યા છે? કપડા શું કાગળ. કેટલા પડ્યા છે મોટા-મોટા. આહાહા..! ઢગલાના ઢગલા. અહીં મોટા ઢગલા પડ્યા છે. એ બધું કર્યા વિના થાતું હશે?

મુમુક્ષુ :- કર્યું છે ખરું પણ કોણે કર્યું છે એ જ ખબર નથી.

ઉત્તર :- કર્યા વિના થાય નહિ અને કર્તા બીજો હોય નહિ. આહાહા..! ભારે કામ જગતને.

કહે છે, જ્યાં ભિન્ન વસ્તુઓ છે. પદાર્થ જ જુદા જુદા છે. આત્મા જુદો, આ રજકણ જુદા, કર્મ જુદા, આ શરીર જુદું, વાણી જુદી, દાળ-ભાત જુદા, વસ્તુએ વસ્તુ જુદી છે. એમાં ત્યાં કર્તાકર્મ. કર્તા એટલે કરનારો. કર્મ એટલે આ જડનું કાર્ય આત્મા કરે અને આત્માનું કાર્ય જડ કરે એવી ઘટના હોતી નથી. એમ ત્રણ કાળમાં બનવા સંભવ નથી.

'**એમ મુનિજનો...**' હે સંતો! છોડી દ્યો અભિમાન શરીરની ક્રિયા હું કરું છું, એમ કહે છે. આહાહા..! શરીરને મેં આમ હલવ્યું, જોઈને ચલવ્યું, આમ કર્યું મેં, આમ કર્યું એ બધા અભિમાન છોડી દે. શરીરની ક્રિયા તારાથી થતી નથી. '**અને લૌકિક જનો...**' બીજાના કર્તા થાય. ભગવાને કહ્યું માટે હું પણ પરનો કર્તા છું. એ '**તત્ત્વને અકર્તા દેખો...**' એ વસ્તુના સ્વરૂપને અકર્તા દેખો. ભગવાન આત્મા પરનો કર્તા નથી. પર આત્માનો કર્તા નથી. એમ દેખો. એ વાસ્તવિક તત્ત્વ છે.

'**(-કોઈ કોઈનું કર્તા નથી,...**' કહો, સમજાણું? કોઈ કોઈનું કર્તા નથી. બધા પરને માટે પાંગળા છે. પોતા માટે પૂરા. પોતાને માટે પૂરા, પરને માટે પાંગળા. પરનું શું કરે? આમ પડ્યું લ્યો. ... આહાહા..! આવો આત્મા! ખ્યાલ પણ આવ્યો. લ્યો પછી ખ્યાલ પણ આવ્યો. થઈ રહ્યું. વાચા બંધ થઈ ગઈ. રજકણોની અવસ્થા જ એ જાતની થઈ. કરે કોણ? અંદર પડ્યો છે ખ્યાલ આવ્યો કે આ શરીરને પક્ષઘાત થઈ ગયો છે, આ અંગ રોકાઈ ગયું છે. આ હાથ ઊંચો કર્યો તે ઊંચો થયો એ એનાથી થયો નથી.

મુમુક્ષુ :- એણે ઊંચો કર્યો એમ કહ્યું.

ઉત્તર :- ભાષા તો એમ બોલાય. આમ કીધું કે હાથ ઊંચો કર્યો, પગે લાગ્યા. એમ કહેવાય. લ્યો, ભાષા એમ બોલાય. એ વ્યવહારની ભાષા છે. વસ્તુનું સ્વરૂપ નથી. ભારે!

'**(-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે-એમ શ્રદ્ધામાં લાવો).**' એક આત્મા જડનું કાંઈ કરતો નથી, જડ આત્માનું કાંઈ કરતો નથી, એક જડ બીજા જડનું કરતો નથી, એક આત્મા બીજા આત્માનું કરતો નથી. કહો, સમજાણું કાંઈ? છોકરાઓનું, બાયડીનું, એનું તો કરતો હશે કે નહિ આત્મા? તો આ શું હશે આ બધું? ભ્રમ હશે? કોઈએ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યું હશે? ભગવાન પાસે થાય છે આ? જડના કામ જડમાં, ચૈતન્યના કામ ચૈતન્યમાં. ભિન્ન ભિન્ન છે ભાઈ! દરેકની અવસ્થા છે. અવસ્થા વિનાનું તત્ત્વ હોઈ શકે નહિ. લ્યો, એ શ્રદ્ધા કરો.

'**જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી...**' જોયું! જે કોઈ આત્મા આવા વસ્તુના પરમાણુઓ અને આત્મા ભિન્ન ભિન્ન છે. ભિન્ન એટલે અલગ-અલગ. આત્મા અલગ છે, પરમાણુ અલગ છે, બીજા આત્માઓ અલગ છે, કોઈ વસ્તુ અલગ છે તેમાં એવો '**નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.**' અહીં ઈ કહે છે. એ રાગનો કર્તા અજ્ઞાની થાય છે. પરનો કર્તા તો થતો નથી. સમજાણું કાંઈ?

'**આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-**' લ્યો! ૨૦૨. મોક્ષમાળા.

**ये तु स्वभावनियमं कलयन्ति नेम-**
**मज्ञानमग्नमहसो बत ते वराकाः।**
**कुर्वन्ति कर्म ततत एव हि भावकर्म-**
**कर्ता स्वयं भवति चेतन एव नान्यः।।२०२।।**

આ સંબંધ જે બધો ના પાડ્યો ને, ઓલામાં અર્થ છે આ કળશનો. એમ કે આત્મા અને પરની સાથે વિશેષ વિશેષણ સંબંધ નથી. વિશેષ વિશેષણ સંબંધ નથી, તાદાત્મ્ય સંબંધ નથી, કર્તાકર્મ સંબંધ નથી. લક્ષણ લક્ષ સંબંધ નથી. એમ બધું કહ્યું છે. સમજાણું? સ્પષ્ટ કર્યું છે. આ જે ગાથા છે ને. '**एकस्य**' '**एकस्य वस्तुन**' જે આવ્યું ને? એમાં છે એ.'**अन्यतरेण सार्धं-सह सकलोपि-समस्तोऽपि सम्बन्धः तादात्म्यलक्षणः**' (પરમઅધ્યાત્મ તરંગિણી-૯). એક આત્માને રજકણ સાથે તદ્રૂપ સંબંધ છે નહિ. એક રજકણને અને બીજા રજકણને તદ્રૂપ-એકરૂપ સંબંધ છે નહિ. '**गुणीगणभावलक्षणः**' આત્મા ગુણી અને એનો ગુણ જડમાં અને જડ ગુણી અને એનો ગુણ આત્મામાં એવો સંબંધ છે નહિ. ગુણગુણીભાવ લક્ષણ છે નહિ. '**लक्ष्यलक्षणभावः**'. કર્મ તે લક્ષ, આત્મા લક્ષણ. અથવા આત્મા તે લક્ષ અને કર્મ તે લક્ષણ એમ છે નહિ. પરની સાથે લક્ષલક્ષણ સંબંધ નથી. લક્ષ પોતાનું અને લક્ષણ પોતાનું. લક્ષણ જ્ઞાન અને લક્ષ આત્મા. એમ પોતાની સાથે લક્ષણલક્ષ સંબંધ છે. પણ કર્મની સાથે આત્માને લક્ષલક્ષણ સંબંધ નથી. સમજાણું?

'**वाच्यवाचकभावलक्षणः**'. એમ કીધું છે ભાઈ. એટલે કે કહેવાય વાણી એનું વાચ્ય પરદ્રવ્યની સાથે સંબંધ છે એમ નથી. વાચક ચૈતન્ય શબ્દ અને વાચ્ય છે એનું અચેતન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવું નથી. ભિન્ન-ભિન્ન વાચક. વાચ્યવાચક ભિન્ન છે. આત્મા ચેતન એવો વાચક (શબ્દ), વાચ્ય ચેતન છે. અચેતન વાચક, એનું વાચ્ય અચેતન. વાચ્યવાચક સંબંધ પણ કોઈની સાથે છે નહિ. '**विशेष्यविशेषणभावलक्षणः**'. દ્રવ્ય-ગુણ. વિશેષ્ય-વિશેષણ. વિશેષ્ય એટલે વસ્તુ અને વિશેષણ એના ગુણ પર્યાય. એમ. આત્મા વિશેષ અને એનો ગુણ પર્યાય વિશેષ પરમાં, પર વિશેષ અને એનો ગુણ પર્યાય આત્મામાં એમ છે નહિ. ભારે વસ્તુ ભાઈ! .. જુદું પાડવું છે. ભેદજ્ઞાન. ખીચડો કરી રાખ્યો છે ને. '**इत्यादिः सम्बन्धोभितवस्तुनोः निषिद्ध एव-प्रतिषिद्ध एव**'. ઈ કહે છે. સમજાણું? ઈ પહેલા આ ગાથા ગઈને એમાં આવ્યું છે.

મુમુક્ષુ :- કોઈપણ પ્રકારે નથી.

ઉત્તર :- કોઈપણ પ્રકારે નથી. કાંઈ નથી. એમ કરીને અનંત વસ્તુ છે એમ સિદ્ધ કરે છે પાછી. એક જ આત્મા છે અને એક જ રજકણ છે એમ નહિ. ભિન્ન વસ્તુ કહેતા ત્યાં અનેક વસ્તુ સિદ્ધ કરે છે. ભિન્ન, બધી ચીજો ભિન્ન ભિન્ન. આમાં એક એક રજકણ પણ જુદો છે. આ તો ઘણા રજકણનો પિંડ છે આ. એમાં એક એક રજકણ ભિન્ન ભિન્ન પોતાનું કામ કરે છે. પરને લઈને નહિ. અસ્તિ છે કે નહિ? આ દેખાય છે, આ કાંઈ છે કે નહિ? આ શું છે? સસલાના શીંગડા છે આ? આકાશના ફૂલ છે? આકાશના ફૂલ હોય નહિ, સસલાને શીંગડા હોય નહિ. આ તો છે. છે તો એ વસ્તુ છે કે નહિ? તો ઘણા રજકણોનો પિંડ દળ એ ચીજ છે. તો એ માંહ્યલો એક એક પોઈન્ટ નાનામાં નાનો જેનું ક્ષેત્ર નાનું, જેનો ગુણ પોતામાં, જેની પર્યાય પોતામાં. એને પરની સાથે પર્યાયની અવસ્થા સાથે સંબંધ છે નહિ.

મુમુક્ષુ :- અન્ન, રોટલા ખાઈને પોષણ મળતું નથી?

ઉત્તર :- ધૂળેય મળતું નથી. રોટલા અહીં રહી ગયા. એના પરમાણુ ત્યાં (રહ્યા). પોતાની પર્યાય થવાની હોય એ થાય છે. કહો, સમજાણું કાંઈ? દવાને લઈને રોગ મટે, એ કહે છે ખોટી વાત છે એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- તો કોઈ દવા કરાવશે નહિ.

ઉત્તર :- કોણ કરાવે છે? વિકલ્પ આવે અને આવવાની હોય તો આવે. દવા આવવાની હોય તો આવે. મોટા રાજાઓ દવા લાવવા માગે તો નથી આવતા. લીંબડીના દરબારને થયું હતું ને? છોકરાને? ઓલું નહોતું થયું? દરબારના દીકરાનો દીકરો. એને થયું હતું તો એને એપેન્ડીક્સ શું કહેવાય? બહુ વ્યાધિ. ૧૦-૧૨ વર્ષનો છોકરો હતો. આ .. દસ લાખનો તાલુકો. રાડે રાડ કરે. બાપ રોવે. પિતાને અને દિકરાને પ્રેમ હોય ને બહુ. રોવે.. રોવે... સ્પેશ્યલ ઉતાર્યો મુંબઈથી. મુંબઈથી સ્પેશ્યલ. જ્યાં સ્ટેશન આવ્યું ત્યાં દેહ છૂટી ગયો એનો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોણ કરે કોનું? સમજાય છે?

મુમુક્ષુ :- .. તો બચી જાત.

ઉત્તર :- ધૂળેય બચત નહિ. એની પર્યાય એ થવાની હોય એમાં બીજો આવે ક્યાંથી આડો? આહાહા..! એમ હશે કાંઈ? બહુ રોતા હતા દરબાર. ... મળવા જવા ન દેતા. કોઈપણ આવે ને ખરખરો કરવા. મળવા જવા ન દેતા. બહાર ઊભા રહે. બોલાવશો નહિ, બોલશો તો રોઈ પડશે. રોવે-રોવે. છોકરા ઉપર. છોકરાનો છોકરો મરી ગયો. પાટી, એનો પાટી હતો. પાટીનો પાટી. ધૂળેય નથી. મરી ગયો એમાં શું છે? આહાહા..! એની રજકણની અવસ્થા તે ક્ષણે એવી જ થવાની હતી. આત્માને તે ક્ષેત્રથી છૂટવાનો તે સમય પોતાની પર્યાયથી હતો, પોતાની અવસ્થાથી હતો. પરને લઈને નહિ. આ માણસને એવું અભિમાન છે ને.

મુમુક્ષુ :- દર્દને કારણે નહિ?

ઉત્તર :- દર્દને કારણે કાંઈ નહિ. દર્દ એટલે શું? એ તો પરમાણુની અવસ્થા છે એક. આ રજકણની એક અવસ્થા છે. એ ઉષ્ણ થઈ, ઠંડી થઈ. માટી છે પરમાણુ એની અવસ્થા છે. એ અવસ્થાને કરે કોણ? એ તો પરમાણુ પોતે કરે છે. કહો. આ અવસ્થા છે ને? જુઓ! લાલ લોહી. આ તો પરમાણુની અવસ્થા છે. આત્માની છે આ? અને એક રજકણની અવસ્થા છે? ઘણા રજકણો મળીને ભેગી દેખાય છે. ભેગી છે નહિ, હોં! એક એક રજકણની સાથે બીજાની સાથે કાંઈ સંબંધ છે નહિ. આધાર-આધેય સંબંધ નથી. એમ વળી નાખી દીધું. પણ ખરેખર એમ જ છે. સમજાણું કાંઈ? એક દ્રવ્યને બીજા દ્રવ્યને આધાર આધેય સંબંધ નથી. એટલે શું? કે એક રજકણ બીજા રજકણને લઈને રહેલો છે એમ નથી. આત્મા રજકણને કર્મને લઈને અહીં થંભી ગયો છે એમ નથી. આત્માને લઈને ત્યાં કર્મના રજકણ ટકી રહ્યા છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- કર્મ તો દેવી છે. આત્માને પકડી રાખે.

ઉત્તર :- દેવી ધૂળમાંય નથી. કોઈ પકડતું નથી. એનામાં ઈ અને આનામાં ઈ. બેય જુદે જુદા છે. મફતનો માને છે મૂઢ થઈને. ઈ તો વાત કરે છે. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :)**' છે ને? આહાહા..! દુઃખપૂર્વક કહે છે. આમ જાણે ખેદ માણસને (થાય ને)? દુઃખ થઈને કહે છે કે એમ. દુઃખ થઈને. ખેદ વિકલ્પ છે જરી. '**અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને...**' જોયું! પદાર્થ ભિન્ન ભિન્ન આત્મા, ભિન્ન ભિન્ન પરમાણુઓ જગતની ચીજો. એવો વસ્તુ સ્વભાવનો નિયમ. એનો નિયમ, એની સ્થિતિ, એનું સ્વરૂપ, એનો કાયદો '**જાણતા નથી તેઓ બિચારા...**' '**वराकाः**' છે ને '**वराकाः**' છે. અરે.. ભિખારી, રાંક! રાંકો કહ્યો છે, રાંકો. મફતમાં કો'કના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કામ કરું, એમ ભિખારી મફતમાં દોડી જાય છે મરીને. તારા ભાવને કર પણ પરમાં તો કરી શકતો નથી. લ્યો! છે? પાઠમાં છે હોં! '**बत ते वराकाः**' અરે..! દુઃખ થઈને કહીએ છીએ કે. બાપા કહે ને ભાઈ! ખેદથી કહું છું કે ભાઈ! આપણને આ ન શોભે. આપણા કુળને, કુટુંબને આ ન શોભે. મારું હૃદય ખેદાય છે દીકરા! આપણે ઘરે આ ન હોય બાહ્યાચરણ. એવું થાય કે ભાઈ આમાં તો અફીણ પીવું પડશે મારે ને તારે. એમ કહે હોં! હા. એવા કર્મ હોય ને બધા અમારે તો ઘણા સાંભળેલા અને બધી ખબરું છે ને. અફીણ પીવું પડશે કાં મારે ને કાં તારે. .. છોડી દે. મારા ઘરને શોભતું નથી, ભાઈ! મને ખેદ થાય છે.

એમ આચાર્ય કહે છે કે મને ખેદ છે વિકલ્પથી કે આ દુનિયા એક વસ્તુનો બીજી વસ્તુનો કર્તા કેમ થાય છે આ? કહો, સમજાણું કાંઈ? છદ્મસ્થ છે. કેવળજ્ઞાની નથી. જાણે છે અરે..! આ શું છે પણ? ભાઈ! તને શું થયું? અરે..! ભિખારી! રાંકા! તારું વીર્ય તારામાં હોય કે તારું કામ પરમાં હોય? અને પરના કામ પરમાં હોય કે પરના કામ તારામાં હોય? અરે..! રાંકા! એમ કહીને બોલાવે છે, હોં! બિચારા. '**वराकाः**' છે ને? '**वराकाः**' શબ્દ પડ્યો છે. બીજી લીટી.

**ये तु स्वभावनियमं कलयन्ति नेम-**
**मज्ञानमग्नमहसो बत ते वराकाः।**
**कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-**
**कर्ता स्वयं भवति चेतन एव नान्यः।।२०२।।**

આહાહા..! કેટલી વાત ઘૂંટી છે! કર્તાકર્મમાં ઘૂંટી, સર્વવિશુદ્ધમાં ઘૂંટી. આપણે તો બેય સવાર-બપોર હમણાં તો એ જ ચાલે છે ને. સવારે કર્તાકર્મ ચાલે છે અને આ ચાલે છે. કારણ કે ભેદજ્ઞાન કહે છે, ભાઈ! જુદે જુદા તત્ત્વોની કોઈપણ અવસ્થા... ઓલા કહે નહિ. કરે. અરે..! ભગવાન! આવું ક્યાંથી શીખ્યો? ભાઈ! આવી તને બુદ્ધિ ક્યાંથી સૂઝી? કે જે થઈ શકતું નથી એને થઈ શકે એમ માને છો? આ શું થયું તને? ભિખારી-રાંકા એમ કહે છે અહીં તો. તારું વીર્ય હણાઈ ગયું છે. સમજાય છે?

'**જેમનું તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે...**' જો ભાન હોય કે હું જ્ઞાન ચૈતન્ય છું તો તો કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરે નહિ તેમ તેના જ્ઞાનમાં આવે. મારું બીજો કરે નહિ અને અને બીજાનું હું કરું નહિ. બીજો બીજાનું કાંઈ કરે નહિ. કહે છે કે '**જેમનું તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે...**' સમજાણું કાંઈ? '**मग्नमहसो**' એ ને? '**मज्ञानमग्नमहसो**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઠીક મગ્ન છે. '**मज्ञानमग्नमहसो**' મગ્ન એટલે મગ્ન થયું. '**महसो**' એટલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેજ. તેજમાં મગ્ન થઈ ગયો. ઓલો અગ્ર-અગ્ર વાંચ્યું. મગ્ન છે. બરાબર છે. મગ્ન છે. અહો..! ચૈતન્યના તેજ જ્ઞાનરૂપ ભગવાન આત્મા એ તો જાણવાનું કામ કરે. કોઈનું આ કરે એવી વાત એના ભાવમાં હોય નહિ. અરે..! તારા તેજ અજ્ઞાનમાં ડૂબી ગયા છે કહે છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ...

ઉત્તર :- દૃષ્ટિ આંધળી થઈ ગઈ, ડૂબી ગયો તું અંદરમાં. ચૈતન્યના તેજ તો જાણવાનું કામ કરે ને પ્રભુ! કોના કરે? કોની પાસેથી કરે? અને કોની પાસેથી લે? અને કોની મદદ કરે? એ ચૈતન્યના સ્વભાવમાં છે નહિ. છતાં તેં આ તારા તેજના અજ્ઞાનમાં ડૂબાડી દીધું. જે આત્માનું તેજ પરાક્રમ છે કે જાણવું-દેખવું. કરવું એ છે નહિ. છતાં આને મેં કર્યું અને એનાથી મારામાં થયું. તારા અજ્ઞાનમાં તારું તેજ ડૂબી ગયું છે. મિથ્યાત્વમાં તારું જ્ઞાન અંધ થઈ ગયું છે, એમ કહે છે. આહાહા..! આ દુનિયા કહે પાછી. આમ કરજે, આમ કરીએ, સડકું બનાવી દઈએ, કૂવા બનાવી દઈએ. લોકોને જુઓને છોકરાઓ માટે કેટલા... કરતા હશે ને .. ઊંચા કરે, ખેલ માટે, રમવા માટે. વ્યાયામ. ભારે વાત! છોકરાવને કરે છે ને નિશાળમાં? ઊંચા આમ પાટિયા રાખે ને વળી ત્યાંથી ઢસડાઈને નીચે આવે અને વળી આમથી ઊંચા ચડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આપણે તો જોયું હોય. આપણે તો એ વખતે નહોતું હોં નિશાળમાં. હવે આ તો થયું. ૬૦ વર્ષ પહેલાં ક્યાં હતું? નિશાળ તો ઉમરાળામાં સાત ચોપડી સુધી હતી. ઉમરાળામાં. પણ ચોપડી ભણવાનું કસવાળું હતું હોં! અને આ તો ભણવાનું બધું પોલું થઈ ગયું, ભમ. ... અને આ કામ કરો ને આ કરો. વગાડ્યા કરે આખો દિ' પાછું. .. ફલાણું, ઢીંકણું. એય..!

મુમુક્ષુ :- સુધરેલી પદ્ધતિ.

ઉત્તર :- સુધરેલી છે?

અહીં તો કહે છે કે એ રજકણની પર્યાયને આત્મા કરતો નથી. એ કરે છે એના જ્ઞાનતેજ મિથ્યાત્વમાં ડૂબી ગયા છે. આંધળો થઈ ગયો છે. તેને જોવાની દૃષ્ટિમાં ભાન નથી. એમ કહે છે. આહાહા..! '**એવા કર્મને કરે છે; તેથી ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે,...**' હું પરનું કરું છું એવી માન્યતાથી તે મિથ્યાત્વના ભાવના કર્મને, કર્મને એટલે કાર્યને પોતે કરે છે. '**અન્ય કોઈ નહિ.**' એ તારા વિકાર ભાવનો કર્તા તું છો. બીજાના તો કરી શકતો નથી પણ બીજાનું કરું એવી માન્યતાના ભાવને તું તારામાં કરે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'ભાવાર્થ :- વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી...'** લ્યો! પાઠ જ એ હતો ને? '**स्वभावनियमं**' વસ્તુના સ્વભાવનો નિયમ જે છે કે તે તે વસ્તુ તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રસરી રહેલી છે. જે જે વસ્તુ છે એ પોતાના દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાય-અવસ્થા, એમાં પ્રસરી રહેલી છે. એ સિવાય આગળ જાતી નથી. એવો વસ્તુનો સ્વભાવ તેને અજ્ઞાની નહિ જાણતા **'પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (મિથ્યાદષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે;...'** એમ કહ્યું, જુઓ! પરદ્રવ્યને તો કરી શકતો નથી. પણ પરદ્રવ્યનું કરું છું એવા મિથ્યાત્વભાવરૂપે અજ્ઞાનભાવરૂપે આત્મા થાય છે.

**'એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે,...'** લ્યો! એ વિકારનો કર્તા પોતે પોતાથી છે. આહાહા..! શુભ-અશુભ રાગ કે મિથ્યા ભ્રમણા, એ મિથ્યા ભ્રમણાનો કર્તા આત્મા પોતે પોતાને ભૂલીને કરે છે. એ ભ્રમણાનો કરાવનાર કોઈ બીજો છે નહિ. કર્મને લઈને ભ્રમણા થાય છે, કર્મને લઈને વિકાર થાય છે એમ ના પાડે છે. એ માટે આ વાત લીધી છે. હવે અત્યારે મોટા મોટા કાશીના ભણનારને વાંધા ઉઠ્યા છે નવું સાંભળતા. નહિ. આમ થાય, તેમ થાય, એમ થાય.

ભલામણ કરે છે હોં. અરે..! કુંદકુંદાચાર્ય મહારાજ આમ કહે છે હોં! તમે છાતીએ હાથ મૂકીને એ વાત કબુલ કરો. અરે..! ભગવાન! શું તું કહે છે? સમજાણું? અહીંનો ધડાકો લાગ્યો છે સોનગઢનો, હિન્દુસ્તાનમાં ... અરે..! ભગવાન! સાંભળને પ્રભુ! તું તો અરૂપી ચૈતન્ય છો ને. તારા અરૂપીપણામાં તારી સત્તાની મર્યાદામાં તારું વિકારપણું કર અને વિકાર ટાળ એ તારામાં છે. પણ પરનું કાંઈ કરે, ઠરે એ કાંઈ છે નહિ. તો પછી આ બધું કરે છે ને? માણસો એમ કહે છે. આ બાંધકામ કરે છે લ્યો! મોટો બંધ છે ને કાંઈક તમારે મોટો?

મુમુક્ષુ :- બંધ.

ઉત્તર :- હા, બંધ. કોણે કર્યો? આ એકલિયાનો બંધ કર્યો છે. મોટો એક છે ને ક્યાંક મોટો? કરોડ રૂપિયા ખર્ચીને કર્યો છે.

મુમુક્ષુ :- ભાખરા નાંગલ.

ઉત્તર :- હા એ. મોટો. અને એક આપણે જોવા ગયા હતા ને? તમે હતા કે નહિ? રસ્તામાં આવ્યું હતું ને? તમે હતા ને? નહોતા? દસ વર્ષ પહેલા. જ્યારે ઓલું આવ્યું ને ગયા. ગયાથી. તમે હતા ને. વજુભાઈ સાથે હતા. વજુભાઈ કહે બંધ કામ જોવા જઈએ. .. જાઉં છે ને ક્યાં આપણે... ઈસરી. ઈસરી જાવું હતું અને વચમાં બાંધ કામ (હતું), મોટું

બાંધકામ. ગયા હતા જોવા.

મુમુક્ષુ :- .. કલકત્તાથી.

ઉત્તર :- હા એ. ક્યાંક હતું ખરું. ભાઈ જોયું હતું. દસ વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૨૦૧૩ની સાલમાં. મોટા ધોધ પડે પાણીના. ધૂળમાંય.. એ તો એનો પર્યાય. બાપુ! તને ખબર નથી. આ પણ આંધળું ત્યારે કરતો કોણ (હશે)? ઈશ્વર આવીને કરતો હશે ત્યાં આવીને? ઈશ્વર તો પરમાનંદ મૂર્તિ છે. એ તો પરમાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર છે. એ સર્વજ્ઞ પરને જાણે, એને જાણે એને કરે શી રીતે? એ તો જડમાં એવી શક્તિ પોતાથી થવાની છે એને લઈને થાય છે. આહાહા..! સમજાણું?

**'હવે '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?'-એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છે :-'** આવી તો વાત ચોખ્ખી છે. છતાં એમ કહે, નહિ... નહિ... નહિ... કર્મને લઈને વિકાર થાય. હજી કાલે જ આવ્યું. આહાહા..! અહીં તો કીધું વસ્તુના સ્વભાવના નિયમને જાણતા નથી. દરેક પદાર્થ પોતાની અવસ્થાના કર્તા છે. પરની અવસ્થાના કર્તા નથી. ગાથા. ચાર છે ગાથા, નહિ?

**मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।**
**तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो।।३२८।।**
**अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुणदि मिच्छत्तं।**
**तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो।।३२९।।**
**अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।**
**तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं।।३३०।।**
**अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।**
**तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा।।३३१।।**

નીચે હરિગીત.

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્માને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.**
**અથવા કરે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.**
**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત!-એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.**

ન્યાયથી તો એટલી વાત સિદ્ધ કરી છે. આવી વાત સ્પષ્ટ છે છતાં, પૂર્વની દૃષ્ટિએ વાંચેલું છે ને? એ વાંચેલાનું બહાર પાડ્યું છે હવે એને ફેરવવું ગોઠતું નથી. સમજાય છે?

ટીકા. '**(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.)**' શું કહે છે? આત્મા, આત્મા સિવાય પરકર્મ આ જ્ઞાનાવરણીય કે દર્શનાવરણીય કર્મની પર્યાયને તો આત્મા કરતો નથી. પણ એની દૃષ્ટિ પર ઉપર હોવાથી ભ્રાંતિ રૂપી મિથ્યાત્વભાવને પોતે કરે છે. અનાદિથી મિથ્યાત્વરૂપી ભ્રાંતિને જીવ કરે છે. તો એ સિદ્ધ કરવું છે અહીં પર્યાયનું. વળી સ્વભાવમાં નથી એ તો પછી પ્રશ્ન. પહેલો જ એની પર્યાયમાં થતી ભૂલ પોતાથી થાય છે એમ નક્કી ન કરે તો ભૂલ મારામાં નથી એવા સ્વભાવની દૃષ્ટિ કરીને ભૂલ ટાળે શી રીતે? સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ છે... શુદ્ધ છે... પણ શુદ્ધ શી રીતે? એની દ્રવ્ય અને ગુણ શક્તિઓનું સત્ત્વ શુદ્ધ છે. તો હવે ઓલા એમ કહે છે કે એ પર્યાય અશુદ્ધ છે તો આખું દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું. લ્યો! વળી એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનું કથન.

ઉત્તર :- પણ એ અશુદ્ધ એ તો પર્યાયનયનું કથન છે. દ્રવ્ય કે દિ' અશુદ્ધ થતું હતું? સમજ્યાને? એ મોટી તકરાર લે છે. એ પણ તકરાર લે છે. એક આ તકરાર અને એક આ તકરાર-બે. આત્મામાં વિકાર કરે પોતે અને કહે કે કર્મ કરાવે. એક વાત. વિકાર થાય તો આખું દ્રવ્ય પણ વિકારી થઈ ગયું એમ કહે. બેય ખોટી વાત છે. વસ્તુ તો વસ્તુ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ધ્રુવ સદૃશ્ય ત્રિકાળ ધ્રુવ સ્વભાવ છે. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ત્રિકાળ એકરૂપ છે. એની પર્યાયમાં અશુદ્ધતા હો સાતમી નરકના પાપની તોપણ દ્રવ્ય તો દ્રવ્ય શુદ્ધ છે. અને સર્વાર્થસિદ્ધના ભવના ભાવની, પુણ્યની (અશુદ્ધિ હો) તોપણ દ્રવ્ય તો શુદ્ધ છે. આ કેવળજ્ઞાનની પર્યાય ઉપર પ્રવર્તતો પણ દ્રવ્ય તો શુદ્ધ તે શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? આ શું કહે છે? દ્રવ્ય શું અને વળી આ પર્યાય શું અને આ શું કહે છે? બાપુ! વસ્તુ છે એ વસ્તુ આત્મા ત્રિકાળી. ત્રિકાળી તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છે. પણ એની દશામાં, હાલતમાં, પર્યાયમાં, વર્તમાન અંશમાં અશુદ્ધતા થઈ છે, અશુદ્ધતા કરે છે. ત્યારે આ સંસારમાં રખડવું થાય છે. એ અશુદ્ધતા દશામાં થઈ માટે આખી ચીજ અશુદ્ધ થઈ ગઈ એમ નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં અશુદ્ધ છે. અશુદ્ધ છે માટે આખું દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું. એને વળી સોનગઢવાળા કહે કે શુદ્ધ છે. ભગવાન કહે છે, સોનગઢવાળા ક્યાં? એય.. ન્યાલભાઈ! આ બધા વાંધા બહુ ઉઠે છે, લ્યો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- તરણા આડો ડુંગર...

ઉત્તર :- ડુંગર કોઈ દેખે નહિ. તારી આડી આંખે તારામાં છે. ફેરવી નાખ તો સરખી થઈ જશે. ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ છે એ પોતાના સ્વભાવને ભૂલી અને પુણ્ય અને પાપના મિથ્યાત્વભાવને કરી, મિથ્યાત્વભાવ છે, અસત્‌ભાવ, જૂઠો ભાવ છે એમ કહેવું છે. એને પોતે કરીને ચાર ગતિના પરિભ્રમણને ઊભા કર્યા છે. કર્મે કરાવ્યા નથી, ઈશ્વરે કરાવ્યું નથી. કરે પોતે અને નાખે ઈશ્વરને માથે, હે ભગવાન! મને હવે બચાવ હોં, પ્રભુ! પણ તું ઊંધો પડ્યો હોય તને બચાવવો શી રીતે? તારા ભાવનો કર્તા તું. તારે ટાળવું હોય તો તારા અધિકારમાં છે.

અહીં કહે છે, '**જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' છે ને પહેલી લીટી? ટીકા. ભગવાન આત્મા પોતે પોતાના શુદ્ધ સ્વરૂપના આશ્રયને ભૂલી ત્રિકાળી વસ્તુના સ્વભાવને ભૂલી, વર્તમાન પર ઉપર દૃષ્ટિ જવાથી પરના કાર્ય કરું એવો મિથ્યાત્વભાવને જીવ પોતે કરે છે. ભ્રમ ઊભો કરે છે ઈ પોતે. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વ આદિ...**' શબ્દ લીધો છે ને? મિથ્યાત્વ આદિ છે હોં અંદર પણ. જુઓ! સંસ્કૃતમાં છે. વિપરીત માન્યતા અને પુણ્ય-પાપના વિકલ્પો. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ એ તો શુદ્ધ ચિદાનંદ ધ્રુવ ચૈતન્ય વસ્તુ. એવી દૃષ્ટિ નથી, એના ઉપર દૃષ્ટિ નથી, એથી અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. પર ઉપર હોવા છતાં તે પરનું તો કરી શકતો નથી. એની પર્યાયમાં ઘાલમેલ કરે કે મેં આનું કર્યું ને મેં આનું મૂક્યું, મેં આનું કર્યું. એવા મિથ્યાત્વભાવ, અસત્યભાવ, જૂઠો ભાવ, પાપભાવ એને પોતે કરે છે. અને દુઃખને ઊભું કરે છે એમ કહે છે. શૂળ ઊભું કરે છે શૂળ. આહાહા..! નથી માણસ કહેતા? .. છોડીને પેટ ચોળીને શૂળ ઊભું કર્યું કહે છે લ્યો. અમથું કહે .. બહુ ચોળાય નહિ. પિચોટી હોય છે ને? તો ચોળાવે. એમાં સરખું ન આવે તો પાછો વધારે દુઃખાવો થાય.

મુમુક્ષુ :- પેટ ચોળીને પીડા ઊભી કરી.

ઉત્તર :- પેટ ચોળીને પીડા ઊભી કરી એમ વાતું કરતા કો'ક. નાની ઉંમરમાં અમે તો સાંભળતા. એક અમારી આસપાસ કોળણ રહેતી. એ એવું થાય ત્યારે એ બધે આવતી બધું કરવા. આ બધું ૧૨-૧૩ વર્ષ પહેલા જોયેલું હતું ત્યાં. પેટ ચોળાવે. આ પિચોટી ખસી ગઈ હોય ને. અને કો'કને સરખું ન થાય તો અરે..! ભાઈ, વધી ગયું આ તો. પણ એ ક્યાં...?

અહીં તો કહે છે, પોતાના સ્વભાવને ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ ત્રણ કાળ, ત્રણ લોકનો જ્ઞાતા-દૃષ્ટા ભગવાન આત્મા છે. જાણનાર-દેખનાર ચૈતન્યબિંબ પ્રભુ આત્મા છે. એને ભૂલી

અને પરના કામ કરું એવા અભિમાનમાં મિથ્યાત્વભાવને રાગ-દ્વેષને કરે છે. કહો, સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં મેં કર્યું, હું હતો તો આમ થઈ ગયું, હું હતો તો આમ થયું. અરે..! વસ્તુનો સ્વભાવ તો ભિન્ન ભિન્ન છે ને? અને નહિતર વસ્તુ અનેક શી રીતે રહેશે? ભિન્ન નામ અનેક, અનેક નામ અનંત, અનંત નામ પૃથક્ પૃથક્ જે ચીજો છે એ પોતપોતાના પર્યાય એટલે વસ્તુની અવસ્થામાં પોતે બિરાજમાન છે. સમજાય છે? કોઈમાં ક્યાંય સંબંધ એને નથી. છતાં અજ્ઞાની હું શરીરની રચના કરું, શરીરને સારું રાખું. સમજાણું? બીજાને સુધારી દઉં. એવા વિકલ્પ, મિથ્યાત્વ વિકલ્પને પોતે કર્તા થઈને કરે છે. ભાવકર્મ એટલે વિકારી પરિણામ. ભાવકર્મ એટલે વિકારી ભાવ. જડ કર્મ એ અજીવ માટી-ધૂળ. એનો કર્તા આત્મા નહિ એમ કહે છે. ઓહોહો..! સમજાણું?

'**મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...**' જુઓ હવે. જો એ પુણ્ય-પાપના ભાવ અને મિથ્યાત્વભાવ કરે છે એ જડ કર્મનું કાર્ય હોય '**તો તેને અચેતનપણાનો પ્રસંગ આવે.**' કેટલી સ્પષ્ટ વાત કરી છે. કર્મ જે જડ છે એ અચેતન છે. પ્રકૃતિ કહો કે કર્મ કહો. છે ને? જીવ પોતાના મિથ્યાત્વભાવને.. જુઓ! પ્રકૃતિનું કાર્ય. પ્રકૃતિ એટલે જડ પ્રકૃતિ કર્મ છે. એ કર્મ અચેતન રજકણ છે, માટી-ધૂળ ઝીણી છે. જેવી આ ધૂળ છે એમ આ શરીર એ છે.

એ અચેતન પ્રકૃતિનું જો કાર્ય હોય... સમજાણું? તો ભાવકર્મ એટલે રાગ-દ્વેષના મિથ્યાત્વ પરિણામને, અચેતન એટલે પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શનો પ્રસંગ આવે. એ રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે આ વિકાર. આહાહા..! સમજાણું કાંઈ? વિકાર જે જીવ કરે એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ એ રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. અને પ્રકૃતિ છે એ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી પ્રકૃતિ છે. પ્રકૃતિ જે જડ છે એ જો આનું કામ કરે તો આના પરિણામ અચેતન એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા થઈ જાય. એમ બનતા નથી. સમજાણું કાંઈ? અંદરમાં શું થાય હવે એની વાતું. કોઈ દિ' જોવા નવરો જ નથી.

કહે છે, ભગવાન! આમ ચૈતન્ય પ્રભુ છો ને, નાથ! આહાહા..! તારામાં તો મોટો ભંડાર અનંત શાંતિનો, આનંદનો ભર્યો છે. એની સામું તેં કોઈ દિ' જોયું નથી. અંદર નજર કરવામાં જેમાં ન્યાલ (થાય), નજર કરતા ન્યાલ થાય એને કોઈ દિ' જોયો નથી. અને જેના પરના કામમાં નજરું કરી, મેં આનું કર્યું.. મેં આનું કર્યું... મેં આનું કર્યું... જ્યાં ત્યાં અભિમાનરૂપી મિથ્યાત્વને સેવે છો. એ મિથ્યાત્વભાવ તારો, જો પ્રકૃતિ કરાવે, તારું કાર્ય પ્રકૃતિ કરાવે (તો) પ્રકૃતિ તો અચેતન છે. તો અચેતન કરાવે તો એ રાગ-દ્વેષના પરિણામ અચેતન થઈ જાય. અત્યારે એ સિદ્ધ કરવું છે હોં! ઓલા રાગ-દ્વેષ અચેતન છે એ અત્યારે અહીં નહિ. આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્યારે જે વાત સિદ્ધ કરવી હોય એ સમજવી જોઈએ ને? બીજી કોર એમ કહે જ્યારે સ્વરૂપની દૃષ્ટિ કરતાં કે પુણ્ય-પાપના વિકલ્પ તો અચેતન છે. અચેતનનો (અર્થ) એમાં ચૈતન્યનો અંશ એમ નથી એમ. અહીં કહે છે એ બીજું કહે છે.

અહીં તો જડના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જે એની પર્યાયમાં છે કર્મના ઉદયમાં, કર્મના ઉદયમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એ અહીં આવતા નથી. સમજાણું કાંઈ? પ્રકૃતિ રૂપી છે અને તારા ચૈતન્યના પરિણામ અરૂપી છે. જો રૂપી એને કરે તો આ રૂપી થઈ જાય. એમ બનતું નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! ભૂલને પણ જેમ છે તેમ ન સમજે તો ભૂલ ટાળવાનો પ્રસંગ ક્યાં રહે? આ તો અમારે કર્મનો ઉદય આવે, ભાઈ! અમારે વિકાર કરવો પડે, લ્યો! અમારે કાંઈ વિકાર (કરવાનો) ભાવ છે? પણ એવું કર્મનું જોર આવ્યું ને. આ લંપટીઓ હોય છે ને? વિષયના લંપટીઓ, ભોગી, માંસના ખાનારા એને (એમ કહે કે) પણ આ? ભાઈ! અમારા કર્મમાં માંડ્યું હોય તો અમારે થયા વિના રહે નહિ. મૂર્ખ છો? અહીં કહે છે, કર્મમાં માંડ્યું હતું એ? કોણે કહ્યું તને? સમજાણું કાંઈ?

શરીરનો ધર્મ શરીર કરે. વળી એમ કહેતા હતા કેટલાક. મૂરખ છો? શરીર તો જડ છે. જડની પર્યાય જડ કરે. તને કરાવે રાગ-દ્વેષ? સમજાણું કાંઈ? એ અહીં સિદ્ધ કરે છે. કરે પોતે વિકારભાવ, રાગ-દ્વેષ, મિથ્યાત્વ પરિણામ-મને સુખ છે આમાં. માને સુખ. ઓલા રાગ કરી, પુણ્યભાવ કરી અને માને સુખ છે એમાં. મજા પડે છે. મિથ્યાત્વભાવ તેં કર્યો છે. તારો દોષ છે અને એ દોષની ક્રિયાનો કર્તા તું છો. અને એ કર્મ જો કરાવે તો કર્મ તો અચેતન છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા જડ છે. એના ઉદયપણામાં પણ જડપણું છે. એ ઉદય અહીં આવીને કરાવે તો તારો મિથ્યાત્વ રાગ-દ્વેષમાં, પુણ્ય-પાપમાં સુખ માન્યું એ ભાવ અચેતન થઈ જાય. અચેતન છે નહિ. ભારે વાત. પણ ન્યાયથી સમજાય છે કે નહિ આમાં?

**'કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય...'** અચેતન એટલે શું કહે છે? **'જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...'** પહેલો શબ્દ. ભગવાન આત્મા પોતાને ભૂલીને સ્વભાવથી ખસીને, ચ્યુત થઈને, રાગ-દ્વેષ ને મિથ્યા સુખ-મને સુખ મળે છે, વિષયોમાં સુખ છે, ભોગમાં સુખ છે, પૈસામાં સુખ છે. શરીર સુંદરમાં સુખ છે. એવો મિથ્યાત્વ, જૂઠો મિથ્યાત્વ અજ્ઞાનનો ભાવ તારો કરેલો, તારું કર્તવ્ય છે. એ કોઈએ કરાવ્યું નથી. જો કર્મ કરાવે તો કર્મ તો અજીવતત્ત્વ છે. તો અહીં અજીવપણું આવી જાય. રાગ-દ્વેષ તો ચૈતન્યની વિકારી પર્યાય છે. સમજાણું કાંઈ? કહો, એનીય ખબર ન મળે અને કહે, કરો ધર્મ હવે. ક્યાં ધર્મ થાતો હતો? સમજાણું કાંઈ? આહાહા..!

કેટલી શૈલી મૂકી છે! '**(-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે.**' જો પ્રકૃતિ જડથી જો વિકાર થાય અને જડ જો વિકાર કરાવે તો એ વિકાર પરમાણુ રંગ, ગંધ, સ્પર્શવાળી પ્રકૃતિ છે એવું અહીં થઈ જાય. એમ તો છે નહિ. સમજાણું કાંઈ? ભાઈ, સારી ચીજ આમ સુંદર-બુંદર મળે ફર્સ્ટક્લાસ રૂપાળું શરીર અને સુંદર માખણ જેવું. એ આત્માને રાગ કરાવે કે નહિ? ધૂળ એ પર કરે રાગ? રાગ તો તું કરે છો. અને તું કહે કે મને આ કરાવે છે. મૂઢ છો? દોષની તને હજી ખબર નથી. તારા દોષ કરે છો એની તને ખબર નથી. ધર્મની તો ખબર ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યાંક અડદિયાની ગંધ આવતી તો અડદિયો ખાવાનું મન થાય...

ઉત્તર :- હા, અડદિયા આમ તળાતો ફર્સ્ટ ક્લાસ. અડદિયો થાય છે ને જામનગરમાં? આ અડદ-અડદ નહિ અડદ? અડદિયો બહુ થાય ત્યાં. અડદિયાની ગંધ જ્યાં તળાતો હોય એની ગંધ આવે ત્યાં મન થઈ જાય. એમ કહે છે. એ ગંધ તો જડની છે. ઉડે છે ગંધ એમાં આત્મા છે? ગંધ જડના પરમાણુ હોય છે તો ઊડીને આમ આવે છે. એને લઈને રાગ થાય છે એમ નથી, એમ કહે છે. તું રાગ કરે તો થાય, નહિતર કાંઈ બીજા કરાવતા નથી. એને મૂઢને એમ કે આ મને રાગ કરાવે એટલે થઈ રહ્યું. એ હોય તો રાગ કર્યા કરે. કરાવ્યા કરે. મારે છોડવાનું રહે નહિ. દોષ મારો છે એ કબુલાતમાં આવે નહિ. સમજાણું કાંઈ?

'**જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;...**' હવે અહીં બીજી વાત લ્યે છે. સમજાણું? '**જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ...**' હવે જેમ અચેતન એને કરાવતું નથી એના દોષને, એમ આત્મા અચેતન પ્રકૃતિનું કરતું નથી. એ વાત સિદ્ધ કરશે હજી આ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૧, રવિવાર તા. ૧૨-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૩, ગાથા-૩૨૮ થી ૩૩૧, પ્રવચન-૩૯૪**

'**ટીકા :- જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' એમ અહીં સિદ્ધ કરવું છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ આનંદમૂર્તિ છે. એને ભૂલીને પોતે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ રૂપે પરિણમતો એ મારું કર્તવ્ય છે એમ મિથ્યાત્વરૂપે જીવ જ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થાય તો જીવ જ.

ઉત્તર :- જીવ જ થાય છે. કર્મને લઈને નથી. પણ વિકાર થયા વિના રહેતો નથી. એમ બે સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે ભાઈ, આત્મા તો શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ છે. એની અવસ્થામાં વળી વિકાર ને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ક્યાંથી આવ્યા? કાલે ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને મગનભાઈએ? કે દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ જ છે.

વસ્તુ જે છે એ તો ધ્રુવ ચૈતન્યમૂર્તિ આનંદ અનાકુળ શાંતરસનો પિંડ આત્મા છે. સમજાય છે કાંઈ? વસ્તુ કહીએ આત્મા એ તો પોતે ચિદ્‌ઘન, જ્ઞાનનો ઘન અને આનંદની મૂર્તિ આત્મા છે. એટલે એનું દ્રવ્ય અને ગુણ બેય શુદ્ધ અને પૂર્ણ આનંદથી ભરેલ છે. હવે કહે છે કે એની અવસ્થામાં મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ આવ્યો ક્યાંથી? વિપરીત માન્યતા કે હું શુદ્ધ ચૈતન્ય નથી, હું તો રાગ છું કે અલ્પજ્ઞ પર્યાય જેટલો છું કે પરનું કામ કરી શકું એવો છું કે પુણ્ય-પાપના રાગ જેટલો છું એવી જે અંશબુદ્ધિનો મિથ્યાત્વભાવ એનો કર્તા કોણ? વસ્તુમાં તો છે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે '**જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' એ પર્યાયમાં-અવસ્થામાં-ત્રિકાળી આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ વસ્તુ એને પોતે પોતાને ભૂલી... સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પો જે વિકાર જે ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધ છે, સ્વભાવથી વિરૂદ્ધ છે પણ છતાં તેની અવસ્થામાં તે હું છું એમ માનીને મિથ્યાત્વભાવ જીવ પોતે કરે છે. સમજાણું કાંઈ આમાં?

'**કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન...**' આત્મા વસ્તુ છે એ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલું તત્ત્વ તો તેવું જ છે. એ તો જ્ઞાનઘન છે, આનંદનો પિંડ છે, શાંત રસનો સાગર છે. આ આત્મા હોં. સમજાય છે કાંઈ? એવું આત્માનું મૂળ સ્વરૂપ છે એવી અનાદિની અજ્ઞાનીને ખબર નથી. ખબર નથી એટલે પોતાના પરમ સ્વભાવને ભૂલી અને વર્તમાન દશામાં

એ પુણ્ય-પાપના વિકલ્પોની લાગણી એ મારું કર્તવ્ય છે, એ મારું કાર્ય છે એવા મિથ્યાત્વ આદિ ભાવને પર્યાયમાં-અવસ્થામાં-અજ્ઞાની પોતાથી પોતામાં કરે છે. સમજાણું કાંઈ?

'**કારણ કે જો તે અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...**' અહીં ન્યાય આપે છે. સમજાણું કાંઈ? જરીક છે ને? ... સ્વભાવને ભૂલી અને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ દુઃખરૂપ દશા છે એને પોતે જ પોતાના આનંદ સ્વભાવને ભૂલીને અજ્ઞાનભાવથી કરે છે એમ સિદ્ધ કરવું છે. એ વિકારનો કરનાર કરાવનાર નથી પરનો કે બીજો કોઈ પદાર્થ એને વિકાર કરાવે તો કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**જો તે...**' કારણ એમ ન હોય તો. આત્મામાં થતાં પુણ્ય-પાપના વિકલ્પો-વિકાર-એ દુઃખરૂપ ભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો આનંદ સ્વરૂપ જ છે. એવા સ્વરૂપની આડમાં એની ખબર વિના અનાદિથી અજ્ઞાની વર્તમાન દશામાં પરનું તો કાંઈ કરી શકતો નથી. શરીરનું, દેશનું, કુટુંબનું કામ તો કાંઈ કરી શકતો નથી. કેમ કે એ સ્વતંત્ર જગતના પદાર્થો છે તે પોતાથી પોતા વડે રહ્યા અને ટક્યા છે. એને કોઈ આત્માને લઈને પરમાં કાંઈ કાર્ય થાય એવું પરની ચીજમાં નથી અને આત્મા પરનું કરે એવું આત્મામાં નથી. પણ આત્મા વિકારને કરે એવું તો આત્મામાં છે-પર્યાયમાં. સમજાણું કાંઈ?

જો એમ ન હોય '**અચેતન પ્રકૃતિનું કાર્ય...**' એટલે પુદ્ગલ જડ જે છે કર્મ, એનું જો મિથ્યાત્વભાવ (કાર્ય હોય). આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એને ભૂલી પોતે મિથ્યાત્વ નામ ભ્રાંતિ ઉત્પન્ન કરે છે કે પરમાં સુખ છે, શરીરમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, એવી જે ભ્રાંતિ ઉત્પન્ન કરે છે એ ભ્રાંતિ જીવના જ પરિણામ અને જીવનું જ કર્તવ્ય છે. જો જડ કર્મનું કર્તવ્ય હોય '**તો તેને અચેતનપણાનો પ્રસંગ આવે.**' તો એ દુઃખરૂપ દશાને અચેતનપણાનો પ્રસંગ આવે. એટલે કે આત્મા પોતાના સ્વભાવને ભૂલીને અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે તે અચેતન જડ પ્રકૃતિનું જો કામ હોય તો એ દુઃખરૂપ દશા વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી થઈ જાય. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનું અરૂપી સ્વરૂપ છે અને ત્રિકાળ આનંદ છે. એને ભૂલીને એની દશામાં એ ભ્રમ કરે છે અનાદિથી. સમજાય છે કાંઈ? એ ભ્રમણા પોતાનું જ કર્તવ્ય છે. એ ભ્રમણા નામ દુઃખરૂપ દશા જીવ પોતે જ કરે છે. એને કર્મ જો કરે તો કર્મ તો જડ છે. કર્મ તો અચેતન છે, કર્મ તો રૂપી છે, કર્મ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. જો એનું કાર્ય આ હોય તો આત્માનું જે પુણ્ય-પાપના ભાવ મારા એ મિથ્યાત્વરૂપે થાય છે એ બધા વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા જડ થઈ જાય. જો જડનું કાર્ય હોય તે જડ થઈ જાય. એ જડનું કાર્ય છે નહિ. સમજાય છે કાંઈ આમાં? કહો, હસમુખભાઈ! સમજાય છે

આમાં? ભાઈ! તું તને ભૂલી... ત્યારે કહે, આવો આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ અને મહાપવિત્ર અને આવો આવો વખાણ કરો છો (તો) એમાં વળી આ વિકાર ક્યાંથી આવ્યો? એ માટે આ પ્રશ્ન ઉઠ્યો છે. સમજાણું કાંઈ? ભાઈ! વિકાર કર્યો એમાંથી આવ્યો છે. કાંઈ બહાર કોઈ કરાવે ને આવ્યો છે એમ છે નહિ. એની એને ખબરેય ન મળે કે આ શું દોષ થાય છે અને દોષનું સ્વરૂપ મેં ઉત્પન્ન કર્યું છે. હું નિર્દોષ હોવા છતાં, સ્વભાવે નિર્દોષ હોવા છતાં અવસ્થામાં સદોષતા મેં મારા કારણે ઊભી કરી છે. એમ જો ન હોય તો અચેતન જડ જે અજીવ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી પ્રકૃતિ છે એનું જો આ કાર્ય હોય તો એ દુઃખરૂપ દશા મિથ્યાત્વરૂપ કલંક-મેલ-એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ થઈ જાય. એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! ભારે ભાઈ ઝીણું!

'**અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;...**' હવે ફરી વિશેષ સિદ્ધ કરે છે. પોતે આત્મા પોતાનો મિથ્યાત્વભાવ. સમજાય છે કાંઈ? વિપરીત જૂઠો ભાવ. ભાવ પાપ થાય એમાં મને ઠીક પડે છે, પુણ્યભાવ થાય એમાં મને મઝા છે એવો જે મિથ્યાત્વભાવ એનો કર્તા જીવ પોતે છે. સમજાય છે કાંઈ? '**જીવ પોતાના જ મિથ્યાત્વાદિ...**' એટલે મિથ્યાત્વ વિપરીત માન્યતા અને રાગ-દ્વેષના ભાવ એ જીવ પોતે કરે છે.

'**કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.**' શું કહે છે? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા. જેવો સર્વજ્ઞ પરમેશ્વરનો આત્મા એવો જ આ આત્મા. એ આત્મા પોતે જ પોતાને ભૂલીને, ભ્રમ કરીને રાગ અને દ્વેષનો મિથ્યાત્વભાવ પોતે ઊભો કરે છે. જો પોતે કરતો ન હોય તો પુદ્ગલના ભાવને જો જીવ કરે તો પુદ્ગલ દ્રવ્યના મિથ્યાત્વ કરે તો પુદ્ગલને ચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતે જ પોતાના વિકારને કરે છે, પણ એમ ન કહો અને જડની પ્રકૃતિના પરિણામને, ભાવને, જડની દશાના ભાવને આત્મા કરે એમ કહો તો જડની દશા અચેતન છે એ, આ કરે તો ચેતન થઈ જાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બીજી કરીએ છીએ. પહેલી તો કીધી. પહેલી તો કીધી. કે આત્મા પોતાને ભૂલીને પોતે વિકાર કરે છે એમ એણે નક્કી કરવું જોઈએ. જો એમ ન હોય તો કર્મ એને કરાવે તો કર્મ અચેતન છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી એ ચીજ છે. જો એ કરાવે આ કાર્ય વિકારનું તો વિકારના પરિણામ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા મૂર્ત થઈ જાય. તો એમ છે નહિ.

હવે જીવ પોતાના વિકાર પરિણામને કરે છે એમ જો ન માનો અને જડની પ્રકૃતિના પરિણામને કરે છે, કર્મની અવસ્થા જે થાય પુદ્‌ગલની કર્મરૂપે એની અવસ્થાને જીવ કરે છે એમ કહો તો એ અવસ્થા અચેતન છે. એને જીવ કરે તો એ ચેતન થઈ જાય. ન્યાયથી સમજાય છે કે નહિ? આમાં કાંઈ એવી બહુ ઝીણી (વાત) નથી. પણ કેટલાકને તો એમ કે આપણને તો બહુ સમજાય નહિ. આપણે કાંઈ સમજવું નહિ. થઈ રહ્યું. આ તો સાદી સાદી સાધારણ વાત છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એય..! ધનજીભાઈ! કેટલાકને એમ કે આપણને કાંઈ સમજાય નહિ. આપણે જૂના માણસ અને જૂની વાત. ન સમજાય એમાં? આત્મા બધું કેવળજ્ઞાન લે એવી તાકાત છે એની. દરકાર કરે નહિ એને પછી સમજાય શી રીતે? કે આ શું કહેવાય છે એના ખ્યાલમાં તો આવવું જોઈએને કાંઈક?

અહીં કહે છે બીજા નંબરે, કે આત્મા પોતાના વિકારભાવનો કર્તા ન હોય અને જડની પર્યાય જડની દશાનો કર્તા હોય તો જડની દશા જે અચેતન છે એ જીવ એને કરે તો એ ચેતન થઈ જાય. કહો, બરાબર છે આ?

'**વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે...**' એમ પણ નથી. હવે ત્રીજી વાત. હવે ત્રીજી. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા. એમણે આ તત્ત્વનો નિર્ણય આ રીતે છે એમ જાહેર કર્યો. સમજાણું કાંઈ? આત્મા પોતે શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આનંદ સ્વરૂપ જ પ્રભુ આત્મા છે. છતાં (એને) ભૂલીને આસ્રવતત્ત્વને ઊભું કરે છે. એ આસ્રવતત્ત્વ સ્વભાવમાં નથી. એવા પુણ્ય અને પાપના મિથ્યાત્વાદિ ભાવ એ કરે છે તો જીવ કરે છે. જડનું કાર્ય નહિ અને જીવનું એ જડનું કાર્ય નહિ. જીવનું એ જડનું કાર્ય નહિ અને જડનું કાર્ય વિકારનું કાર્ય નહિ. પ્રવિણભાઈ! ત્રીજી વાત કે જીવ અને કર્મ બે ભેગા થઈને કરે. હળદર આવે છે ને? અને ખારો. બે ભેગા થઈને લાલ થાય. લાલ રંગ થાય છે કે નહિ? આ લૂગડામાં કંઈક શાકનો ડાઘ લાગી ગયો હોય શાક-શાક, હળદરનો હળદરનો.

મુમુક્ષુ :- એ સાબુ લગાવે તો લાલ થઈ જાય.

ઉત્તર :- એ સાબુ લગાવે તો લાલ થાય. પછી તડકે સૂકવે તો ઊડી જાય.

એમ આત્મા અને કર્મ બે ભેગા થઈને વિકાર કરતા હશે? કહે છે જીવ અને... બે ભાગ પડી જાય. આ બહાર કામ નથી કરતા? એક બકરીનો કાન પકડે અને બીજો મૂકે છરી. બે ભેગા થઈને કાપે છે કે નહિ? એમાં ભેગા થઈને કાપે છે કે નહિ? ના. ના. એમાં ભેગા નથી.

મુમુક્ષુ :- .. ભાગીદાર ભાઈઓ તો ભેગા જ હોય ને.

ઉત્તર :- ધૂળેય નથી ભાગીદાર ને કોઈ. ભેગા કે દિ' હતા? આત્માએ આત્મા જુદા, વસ્તુએ વસ્તુ જુદી એમાં ભેગા લેવા કોના? તત્ત્વએ તત્ત્વ જુદું છે, રજકણે રજકણ આ જુદો છે. આત્મા ભગવાન અંદરથી તદ્દન જુદો છે. અહીં જુદો હોવા છતાં કહે છે કે એને જુદાનું ભાન નહિ હોવાને લઈને પરની સાથે સંસર્ગ કરીને પુણ્ય અને પાપ આદિ મિથ્યાત્વભાવ જે ઉત્પન્ન કરે છે એ મિથ્યાત્વ દોષને આત્મા અને કર્મ બે ભેગા થઈને કરે. આ ત્રીજો બોલ. ૫૦ દોકડા આત્માના અને ૫૦ દોકડા કર્મના. કહો.

મુમુક્ષુ :- .. તો જોઈએ ને?

ઉત્તર :- અમારે ચાલતું હતું ૫૦, ૪૦ વર્ષ પહેલા. દામનગરમાં. દામોદરશેઠ કહે કે કર્મનું બહુ એવું હોય તો તમે કર્મના દોકડા ૪૯ રાખો અને આત્માના દોકડા ૫૧ રાખો. પહેલા તો સરખે સરખા કહેતા હતા. પણ બહુ તમે પુરુષાર્થથી કહેતા હો. આ તો ૪૦-૪૫ વર્ષ પહેલાની વાત છે. ૮૩ની સાલ પહેલા. ૮૩ને કેટલા થયા? ૪૧. સમજાણું કાંઈ? અને અહીં એક આવ્યા હતા (સંવત) ૨૦૦૧ની સાલમાં પંડિત. એ કહે કે ૫૦ દોકડા નિમિત્તના અને ૫૦ દોકડા ઉપાદાનના. એનો અર્થ કે ૫૦ દોકડા...

જીવ પોતે વિકાર ભાવને કરે-પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવ અને કર્મ પણ ભેગા ભળીને કરે તો જીવ અને કર્મ બેયને દુઃખ ભોગવવું પડે. કહો, બરાબર છે? આ સમયસારમાં આવે છે. વાંચ્યું છે કે નહિ? મણિભાઈ! ૩૩-૩૩ વર્ષ થઈ ગયા હોય તો ઘણાને અભ્યાસ ઘણો થઈ ગયો છે. તમારે તો (સંવત) ૨૦૦૫ની સાલમાં તો મંદિર થઈ ગયું, નહિ? ૧૯ વર્ષ થાશે. આ ૧૯ થાશે. આહાહા..! અભ્યાસ તો કાંઈક કરવો પડશે કે નહિ? આ શું છે આ? ભગવાન શું કહે છે? આ નિર્ણય શું છે? સત્ય શું છે? એના નિર્ણય વિના સાચો ધર્મ થશે નહિ. ક્યાંકનો ક્યાંક માની બેસશે અને ઊંધાઈ જશે અને એમ ને એમ રખડશે ચાર ગતિમાં.

કહે છે કે બે વાત તો થઈ ગઈ. ભગવાન આત્મા પોતાના ભાવને ભૂલીને વિકાર પોતે કરે છે. એ વિકાર પોતે ન કરે અને કર્મ જો કરાવે તો વિકાર છે તે જડ થઈ જાય. પણ જડ છે નહિ. વિકાર તો ચૈતન્યના પરિણામ, ચૈતન્યના પરિણામ અરૂપી છે. બીજું, જો આત્મા પોતાના ભાવને ન કરે અને જડના ભાવને કરે, કર્મના ભાવને, તો આત્મા ચેતન છે અને ઓલો જડ છે. જડના ભાવને કરે તો એ ચેતન થઈ જાય. કર્મ ચેતન થઈ જાય. એમ છે નહિ. હવે બે ભેગા કરીને કરે, ભારે ઝીણું જગતનું તત્ત્વ. આમ કહે છે કે ભાઈ! પ્રકૃતિ છે ને આત્મા છે, પ્રકૃતિ કાંઈ .. પણ પ્રકૃતિ શું છે? તું કોણ છો? એનો નિર્ણય કર્યો છે કાંઈ?

અહીં કહે છે કે કર્મ રૂપી એક પ્રકૃતિ છે જેને તકદીર કહો, નસીબ કહો, કર્મ કહો. એ અને આત્મા બે ભેગા થઈને જો આત્માની ભૂલ થાય, બે ભેગા મળીને આત્માની ભૂલ થાય તો બેના બે ભેગા કરે અને બેને ફળ ભોગવવું પડે. તો જડને દુઃખનું ફળ ભોગવવું પડે. જડને દુઃખ તો હોય નહિ. કહો, સમજાણું કાંઈ? મણિભાઈ! આ તો સમજાય એવું છે કે નહિ? એય..! પ્રવિણભાઈ! ઓલામાં તો કાંઈ ન મળે. ભગવાન-ભગવાન કરો. આપે. કોઈ આપી દે એવું નથી, સાંભળને. ભગવાન ભગવાન ધૂન લગાવી દો, બસ! કલ્યાણ થશે. ભગવાન ભગવાને કરે તો વિકલ્પ રાગ છે. એ રાગ તું કરે છો તો થાય છે. કાંઈ કર્મ કરાવતું નથી. તેમ બે ભેગા મળીને કર્યું નથી. સમજાણું કાંઈ?

**'કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન...'** જડનું કામ તે રાગ-દ્વેષ પોતે ભેગા થયેલા છે એટલે જીવને દુઃખ થાય એવું કર્મને પણ દુઃખ થવું જોઈએ. **'ભોગવવાનો પ્રસંગ આવે.'** પણ એમ તો છે નહિ. કહો, સમજાણું કાંઈ? કેટલી વાત સિદ્ધ કરે છે છતાં મોટા મોટા પંડિતો ભણ્યા કાશીમાં એ ગોથા ખાય છે હજી.

મુમુક્ષુ :- એ તો ઉપાદાનની વાત છે.

ઉત્તર :- ઉપાદાનની એ બેય વાત કરે છે અહીંયાં. પોતાથી જ થાય છે, પરથી થતું નથી. એવો નિર્ણય કર્યા વિના વિકારને ટાળવાની યોગ્યતા એનામાં પ્રગટશે નહિ. હું દોષ કરું છું અને દોષને ટાળવાને લાયક પણ હું જ છું. કોઈ દોષ કરાવે નહિ, કોઈ દોષ ટળાવે નહિ. સમજાણું કાંઈ? ત્રણ થયા.

ચોથો. **'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી;...'** બન્ને મિથ્યાત્વ ભાવના અકર્તા છે એટલે દોષના અકર્તા છે. જીવ પણ દોષ કરતો નથી અને કર્મ પણ કાંઈ કરાવતો નથી. સમજાણું? **'કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.'** તો જીવના વિકારને સ્વભાવથી જ કર્મનું નિમિત્ત અને સ્વભાવ વિકાર થઈ જાય એમ બની જાય. વિકારનો સ્વભાવ એ જીવનો સ્વભાવ નથી. એને ઠેકાણે પુણ્ય-પાપનો મિથ્યાત્વભાવ એનો પુદ્ગલદ્રવ્યનું નિમિત્તપણે અને આ પોતે કરે પોતાના સ્વભાવથી. એમ થઈ જાય. સ્વભાવ નથી અને કરે તો સ્વભાવ થઈ જાય. એમ છે નહિ.

**'બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને...'** એટલે જડને આત્માના મિથ્યાત્વ ભાવનો થવાનો પ્રસંગ આવે. એમ લીધું છે ભાઈ એમણે. પહેલું આપણે બીજું લીધું છે જુઓ. હિંમતભાઈએ આમ લીધું વળી. હમણાં વાત થઈ. સમજાણું કાંઈ? નહિતર તો એમ કહ્યું હતું તે દિ'. એય..! ખબર છે ને? સાંભળ્યું છે? શું સાંભળ્યું છે? મિથ્યાત્વની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રકૃતિના પરિણામ એની મેળાએ જડનો સ્વભાવ થઈ જાય એવું લીધું હતું. આમણે એમ નથી (લીધું). પુદ્‌ગલ અને મિથ્યાત્વને. એમ છે ને? એય..! દેવાનુપ્રિયા! એણે એવો અર્થ કર્યો હતો.

મુમુક્ષુ :- .. શું કરું?

ઉત્તર :- એમ કરે છે. સ્વભાવથી પુદ્‌ગલદ્રવ્યને જીવના વિકારી પરિણામનો પ્રસંગ આવે. એમ કહે છે.

મુમુક્ષુ :- જીવને?

ઉત્તર :- હા જીવને. કેમ કે ઓલું નિમિત્તમાત્ર છે, ઉદયમાત્ર આવ્યું અને આને કરવું પડે છે. સમજાણું કાંઈ? એમ પણ નથી. હમણાં વળી મેં પૂછયું. નહિતર તો આપણે ચાલતું હતું બીજું. ખબર છે? બીજું કહેતા ઈ. એ છે પાઠમાં.

મુમુક્ષુ :- દેખાતું નથી.

ઉત્તર :- હા, એ એમ કહે છે. એ દેખાતું નથી પણ હવે. '**पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा**' એમ છે ને મૂળ પાઠમાં? ત્રીજી ગાથા છે ને? '**पोग्गलदव्वं कुणंति मिच्छत्तं**' '**अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।**' તો પુદ્‌ગલ દ્રવ્ય મિથ્યાત્વના પરિણામને કરે? ભાઈ કહેશે વધારે. બે અકર્તા હોય તો પુદ્‌ગલનો ઉદય જ્યાં આવ્યો ત્યાં વિકારી પરિણામ થઈ જાય. કર્યા વિના થઈ જાય. જીવના કર્યા વિના થઈ જાય. એમ ને ભાઈ? લ્યો, એમ છે. કહો, સમજાણું કાંઈ? શું કીધું આ ચોથા બોલમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો હળવે હળવે કહીએ છીએ. આપણે ક્યાં ઉતાવળથી કરીએ છીએ?

જુઓ! આ આત્મા છે ને વસ્તુ? એની પર્યાયમાં દોષ કરે છે ઈ. કહે છે કે દોષ આત્મા ન કરે, દોષ કર્મ ન કરે. બેય અકર્તા ઠરે. ચોથા બોલની વાત ચાલે છે, હોં! બેય અકર્તા ઠરે. અકર્તા થતાં કર્મનો જ્યાં ઉદય આવ્યો ત્યાં આને વિકારનું પરિણમન થઈ ગયું. આ કર્તા વિના, જીવના કર્તા વિના. ઉદય હતો અને અહીં વિકારના પરિણામ થઈ ગયા. એમ બને નહિ. સમજાણું કાંઈ? એમ કહો છે ને? ભાઈ! બધાને લઈને કીધું ભાઈ પંડિતજીએ. નહિતર તો પહેલા તો ઓલું કરતા હોં! પછી ચંદુભાઈને પૂછ્યું. ચંદુભાઈ એમ બોલ્યા. તમારાથી બીજું. કીધું, તમારે વચ્ચે વળી વાત ચાલતી હોય તો. કહો, સમજાણું આમાં? નહિતર તો થોડો પ્રસંગ લાગતો હતો કે જાણે જો બેય અકર્તા હોય તો દર્શનમોહની પર્યાય જડની છે ને? એ એનો સ્વભાવ પુદ્‌ગલનો થઈ જાય. એમ લેતા ભાઈ! ખબર છે ને એ તો.

મુમુક્ષુ :- એ વિભાવભાવ ન રહેતા સ્વભાવ થઈ જાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- સ્વભાવ થઈ જાય. એમ લેતા. ખબર છે ને એ. જરી ઝીણું છે. સાંભળજો, હોં! ન સમજાય એવું નથી કાંઈ. ન સમજાય એવું કાંઈ છે જ નહિ. ન સમજાય એવું અહીં કહેતા જ નથી. અહીં સમજાય એવું જ કહેવાય છે. એય..! મનુભાઈ!

મુમુક્ષુ :- ન્યાય પકડાવો જોઈએ ને.

ઉત્તર :- ન્યાય પકડાવો જોઈએ, બાપુ! એ વાત તો એમ જ છે. આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો. દોષ શું છે? ગુણ શું છે? એમાં શું સંયોગથી થાય છે? સ્વથી થાય છે, એ બધો એણે નિર્ણય કરવો પડશે. નિર્ણય સત્ નિર્ણય નહિ કરે તો વસ્તુ હાથ આવશે નહિ. સમજાણું કાંઈ? લ્યો, આ બધા ભાવનગરવાળા પણ તાકડે આવ્યા છે અને એમાં આ ગાથા આવી લ્યો!

શું કીધું ચોથા બોલમાં? '**બન્ને અકર્તા હોય તો...**' જીવના કર્યા વિના કર્મનું નિમિત્ત થાય અને અહીં વિકારી પરિણામ થઈ જાય. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.**' ચાર બોલ થયા. કહો, સમજાણા કે નહિ આમાં?

મુમુક્ષુ :- ત્રણમાં બહુ વાંધો નથી.

ઉત્તર :- બહુ વાંધો નથી. એ ચોથામાં આકરું લાગે ને. .. એમ તો જરી મેળવવા ભાષાની શૈલી છે એ તો.. શું કીધું સમજાણું? ..ભાઈ! સમજાય છે આમાં?

કહે છે, જુઓ આ વસ્તુ. આ વસ્તુની સ્થિતિ આવી છે એમ એણે નક્કી કરવું જોઈએ. કહે છે કે ચોથા બોલમાં આત્મા ન કરે દોષ, ન કરે પુદ્ગલ. ત્યારે બેય અકર્તા જો હોય તો કર્મનું નિમિત્ત આવતા આત્મા કર્યા વિનાનું પરિણમન વિકારનું થઈ જાય. માટે એમ છે નહિ. આત્મા કરે તો થાય, નહિતર ન કરે તો થાતું નથી. કહો, સમજાણું આમાં? '**માટે એમ સિદ્ધ થયું કે-જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે.**' લ્યો! પરનું કાર્ય તો કરી શકતો જ નથી આ. અને ડાહ્યા ડાહ્યા થઈને ઘીના ડબા ફેરવે છે એમ નહિ. એય.. ધનજીભાઈ! ઘીના પળા કાઢે અંદરથી અને બતાવે. એ કહે છે કે આત્મા કરી શકતો નથી. એ તો હરામ અજ્ઞાનમાં પણ એ કરી શકતો નથી. એ તો જડની અવસ્થા છે. પરમાણુ છે. માટી એની એ ક્રિયા છે. આત્માની છે? ફક્ત આત્મા ભૂલે તો પોતાના ભગવાન સ્વભાવને ભૂલી, મહિમાવંત સ્વભાવને ભૂલી, પરમાં મહિમા થઈ જાય એને લઈને રાગ ને દ્વેષ ને મિથ્યાત્વને કરે. સમજાણું કાંઈ? એ કર્યા વિનાનું કાર્ય નથી. સમજાણું કાંઈ? કરેલું કાર્ય છે. કર્મ આવ્યું અને કર્યા વિના થઈ ગયું છે અંદરથી. એમ છે નહિ.

'**માટે એમ સિદ્ધ થયું કે-જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે...**' કર્મ-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્મ સમજાય છે? વિકારી પરિણામ. મિથ્યાત્વ ભાવ, રાગ-દ્વેષ ભાવ એ કર્મ. એ એનું કાર્ય છે. '**(અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).**' એ ચારેય બોલ થઈ ગયા.

ભાવાર્થ તેનો ભાવાર્થ. સંસારના ભણવામાં બી.એ. ભણતો હોય અને એલ.એલ.બી. ભણતો હોય તો એવો હોંશથી ભણે. એમાં દુઃખ છે એકલું ભણતરમાં. તો આ સમજવું આ શું ચીજ છે? જાણે અંદર આમ કંટાળો લાવે. ભાઈ! તું કોણ છો? શું ભૂલ થાય છે? અને એ ભૂલનો કરનારો કોણ છે? બીજી ચીજ છે કે બે ભેગા થઈને કરે છે? એનો નિર્ણય થયા વિના હું સ્વતંત્રપણે વિકાર કરું છું તો મારા સ્વભાવની દૃષ્ટિ કરીને કર્મ વિકારને ટાળું છું. આવો નિર્ણય કર્યા વિના એને ધર્મ થઈ શકતો નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે.**' ભાવકર્મ સમજાણું? રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને અવ્રતના વિકલ્પો જે ઉઠે છે એને ભાવકર્મ કહે છે. ભાવ એટલે એની પર્યાય છે તેનું કાર્ય. જડ કર્મ જડની અવસ્થા. આ તો વિકારી અવસ્થા જીવનું કાર્ય કહેવામાં આવે છે. કેટલાક તો નાખે ને, ભઈ, અમારે દોષ થાય શું કરીએ? કર્મનો એવો ઉદય આવે. મોટા મોટા પંડિતો અત્યારે એમ કહે છે. લ્યો! ભાઈ! ક્રોધ આવે તો કર્મનો ઉદય આવે ને ક્રોધ કરવો પડે. અને વેદનો ઉદય આવે એટલે ભોગની વાસના કરવી પડે. એમ કહે છે અજ્ઞાનીઓ. મૂઢ છો કહે છે. વિકાર તેં કર્યો છે. બીજાએ કરાવ્યો છે? સમજાણું કાંઈ? ભાઈ! અમારે તો કાંઈ કરવું નહોતું એટલે શાંત થઈને બેઠા, લ્યો! ત્યાં અંદરથી કોઈ પ્રકૃતિ કર્મની આવીને એથી અંદરથી ક્રોધ થઈ ગયો. એ ક્રોધ અમારે તો કાંઈ કરવો નહોતો. નહોતો કરવો ને થયો ક્યાંથી આવ્યો? સમજ્યા?

મુમુક્ષુ :- આત્માથી થાય ક્યાંથી?

ઉત્તર :- ના. ના. ક્રોધ નહોતો કરવો અને કર્યો તો થાય તો તારાથી કર્યો છે એમ નક્કી કર્યા વિના ટાળવાનો પ્રસંગ તારામાં રહેશે શી રીતે? બીજો કરાવે ત્યારે થાય એટલે બીજો ટળે ત્યારે ટળે એટલે તારા અધિકારમાં દોષને ટાળવાનું રહ્યું નહિ. બીજો કરાવે તો વિકાર થાય અને બીજો ટળે તો વિકાર ટળે. એટલે મારે કરવાનું નહિ અને ટાળવાનું નહિ કાંઈ. સમજાણું કાંઈ? એની અનાદિની મૂઢતાને અહીં સમજાવે છે. સમજ તો ખરો કાંઈક. આ શું છે? કઈ રીતે થાય? એની તને ખબર નથી.

'**ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ...**' છે ને? ખરેખર અન્ય વસ્તુ અન્ય વસ્તુની પર્યાયનો કર્તા હોય નહિ. ભાવ એટલે પર્યાય. આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ શરીરની અવસ્થાને ન કરે, જડ કર્મની અવસ્થાને ન કરે, કર્મની અવસ્થા આત્માની અવસ્થાને ન કરે. સમજાણું કાંઈ? **'તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય.'** આ વિકારી ચેતનના ભાવ છે એમ કહેવું છે હોં! અત્યારે એ સિદ્ધ કરવું છે ને. તેથી ચેતનની પર્યાયો જે છે વિકારી કામ, ક્રોધ, દયા, દાન, પુણ્ય-પાપના ભાવ, તેમનો કર્તા ચેતન જ હોય.

**'આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે,...'** જુઓ અહીં! આ જીવને અજ્ઞાનથી. પોતાનો આનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એની એને ખબર નથી. હું આનંદ છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું. સત્ જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ છું. જેવા પરમાત્મા સિદ્ધ છે, જેવા અરિહંત થયા એવો જ મારો સ્વભાવ છે.

છ દિ' સુધી ચર્ચા ચાલી કે વિકાર જીવ કરે એ બેસતું નથી. વસ્તુમાં નથી ને થાય ક્યાંથી આ? મેં કીધું, સાંભળો નિરાંતે પછી બેસશે. પછી ક્ષુલ્લક થઈને બેસે બહારના ત્યાગ કરીને. વસ્તુની ખબર ન મળે. બહારના ત્યાગ અને લૂગડા ફેરવ્યે થઈ ગયા ત્યાગી. સમજાણું કાંઈ? આ આત્મા... અંદર ભૂલ છે કે નહિ? એનામાં ભૂલ છે કે નહિ? જો ભૂલ ન હોય તો આનંદ હોવો જોઈએ. કારણ કે એ તો આનંદમૂર્તિ આત્મા છે વસ્તુ તો. આત્મામાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે એકલો. શાંતરસનો આનંદનો રસ પડ્યો છે આત્મા તો. એને આત્મા કહીએ. પુણ્ય-પાપ થાય એને આત્મા કહીએ? એ તો વિકાર છે. જો એનામાં ભૂલ ન હોય તો આનંદનું સ્વરૂપ વેદનમાં હોવું જોઈએ. આનંદનું વેદન અતીન્દ્રિય આનંદનું વેદન હોવું જોઈએ. ત્યારે એ અતીન્દ્રિય આનંદના અનુભવ વિના એની પર્યાયમાં ભૂલ છે. એનું એ વેદન કરે છે. અનુભવે છે. તો એ ભૂલ અનુભવે છે એ ભૂલનું કર્તવ્ય કોનું? એમ કહે છે. કહે છે, એ ચૈતન્યના પરિણામ છે માટે તારું જ કર્તવ્ય છે. આહાહા..! એય..! આહાહા..! જડ નથી. આહાહા..! શુભ અશુભભાવ એ જડ નથી. એ ચેતન છે. એક કોર પુદ્ગલના પરિણામ કહે, એક કોર જડ કહે. જડ નથી એમ કહે. કઈ અપેક્ષાથી વાત સમજવી જોઈએ ને.

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવમાં આરૂઢ થયો, ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ... કહેશે નીચે હોં. એમાં આરૂઢ થયો સ્વભાવમાં હવે વિકાર-ફિકાર એનામાં છે નહિ. એમ દૃષ્ટિનો અનુભવ થતાં વિકાર મારો નથી એમ છે. પણ વસ્તુનું ભાન નથી અને વિકાર કરે અને કહે કે વિકાર પરમાં છે. સમજાય છે કાંઈ? ભૂલ મારામાં નથી. ભૂલ નથી તો આ શું છે ત્યારે? લાવ ને નિર્દોષતા. નિર્દોષતા વસ્તુ તો સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદ સ્વરૂપ છે ત્રિકાળી તો. એની આનંદની દશા નથી તો ભૂલ છે અને એ ભૂલ તેં કરેલી છે. કો'કની કરેલી નથી. કહો, સમજાણું? આવ્યા હતા ને ભાઈ? કેવા? માધવાલાલ. માધવલાલ ને? માધવ તીરથ.

એક ફેરી આવી ગયા હતા. મોતીલાલ .. પરમહંસ થઈ ગયા હતા. અહીં આવી ગયા હતા, રહી ગયા હતા. આ ભૂલ કાંઈક છે. કબુલવું તો પડશે. પણ ભૂલ ન હોય તો પછી આ રખડે છે કોણ? અને ભૂલ માનવા જાવ તો આત્મા ત્રિકાળ શુદ્ધ છે એની દશામાં ભૂલ છે એમ નક્કી કરવું જોઈએ. તો પર્યાયમાં નક્કી કરતા પર્યાય પલટો ખાય છે અને દ્રવ્ય કાયમ રહે છે એમ બેય નક્કી કરવું પડશે. એક વાત કરતા ઘણું પલટવું પડશે, કીધું. એકલો આત્મા આત્મા માનશો અને બીજું કાંઈ છે નહિ. એકલો અદ્વૈત છે. અદ્વૈત છે તો આ દુઃખ કોને છે આ? દુઃખ કોની દશા છે? સમજાય છે કાંઈ? ભ્રમ છે કે નહિ? તો છે કે નહિ? શું છે? પણ અસ્તિ છે કે નહિ? કે નાસ્તિ છે? નાસ્તિ હોય એ અસ્તિપણે દેખાય?

ભગવાન પોતાના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલીને અને ભૂલમાં પડ્યો એ એની ભૂલ પોતાનું કાર્ય છે. એ પરિણામો ચેતન છે, જડ નથી. '**અશુદ્ધનિશ્ચયનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે.**' એટલે કે વસ્તુનો ભેખ સાચો નથી. પણ ખોટો પણ ભેખ એનો છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અશુદ્ધ એટલે મલિનતા, અને નિશ્ચય એટલે એની પર્યાયમાં થાય તે દૃષ્ટિએ તેમને જ્ઞાનાભાસ, ચિદાભાસ, આત્માભાસ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે.**' બરાબર છે? '**અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...**' લ્યો શું કહ્યું? અભેદ દૃષ્ટિએ જુઓ (તો) ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર આનંદમૂર્તિ શુદ્ધ ચેતનામાત્ર છે. પણ અશુદ્ધ પર્યાયની દૃષ્ટિએ જુઓ તો વિકાર તેનો છે એમ એણે નક્કી કરવું જોઈએ. વસ્તુ જોઈએ અભેદ દૃષ્ટિએ ચિદાનંદ ભગવાન આત્મા સમ્યગ્દર્શનથી જુઓ તો અભેદ દૃષ્ટિમાં જીવ શુદ્ધ ચેતનામાત્ર (છે). જાણવા-દેખવાના ભાવવાળો એકલો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? એ પણ ઓલી વાત આમાં ન આવે. ન હોય તો મૂકે? કહો, સમજાણું આમાં? '**અભેદદૃષ્ટિમાં...**' ઓલા ભાઈ પુદ્ગલના પરિણામ. કીધું, આમાં ખુલાસો નહિ આવે. આમાં છે ને. ગાથામાં પણ આવે. ગાથા એમ કહે છે ને. '**तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।**' બસ એટલું. પુદ્ગલદ્રવ્ય કરે છે મિથ્યાત્વને. અને આ આત્માએ કર્યું છે. પુદ્ગલ સ્વભાવે મિથ્યાત્વભાવરૂપ ઠરે. એમ. છે ને અર્થમાં પણ? જયચંદ્ર પંડિત. પુદ્ગલદ્રવ્ય સ્વભાવે મિથ્યાત્વરૂપ ભાવ ઠરે. પુદ્ગલદ્રવ્ય સ્વભાવ મિથ્યાત્વભાવ ઠરે. એમ ત્યાં કહ્યું. કહો, સમજાણું આમાં?

શું કહ્યું? કે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ આત્મા છે. એ આ શરીર, વાણી, મન તો નથી. અને કર્મ છે એ રૂપે નથી. એનામાં થયેલા અજ્ઞાનભાવે પુણ્ય અને પાપના વિકારી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ તે તેનું રૂપ, તેની દશા છે. એ ચૈતન્યે કરેલી પર્યાય છે. કેમ કે એ ચૈતન્યની અવસ્થા છે. એ કાંઈ જડની અવસ્થા નથી. હવે એ પરિણામી ત્રિકાળ અને આ પરિણામ એવું ભેદથી આમ છે. **'અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધ ચેતનામાત્ર જ છે,...'** એકલો જ્ઞાનમૂર્તિ પ્રભુ, એવી દૃષ્ટિ કરવાથી તો ત્રિકાળ શુદ્ધ ચેતના છે અને એના પરિણામ પણ શુદ્ધ ચેતનામાત્ર જ હોઈ શકે છે. અને રાગ અને દ્વેષના પરિણામ અભેદ દૃષ્ટિમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

શુદ્ધ ચેતના ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ એકરૂપ, એની દૃષ્ટિ કરતાં તો એના શુદ્ધ ચૈતન્યના જ પરિણામ થાય, એને વિકારના પરિણામ અને આ પરિણામ એવા બે એમાં હોઈ શકે નહિ. આહાહા..! શું કીધું સમજાણું? હિંમતભાઈ! ધર્મની દૃષ્ટિ કરતાં એટલે જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા એના વિકારી પરિણામને લક્ષમાં ન લેતાં વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર જ્ઞાયક આનંદકંદ પ્રભુ છે. સિદ્ધ સમાન વસ્તુ શુદ્ધ છે. એવી દૃષ્ટિથી જોતાં તો વસ્તુ શુદ્ધ ચેતનામાત્ર છે અને પરિણામ પણ એના નિર્મળ શુદ્ધ ચેતનામાત્ર જ હોય. એના ભેદરૂપ પરિણામ હોય નહિ. તો તે શુદ્ધ છે અને પરિણામ રાગ છે અને મેલા છે એવો ભેદ શુદ્ધ દૃષ્ટિમાં અભેદમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

વસ્તુ પરિણામી એ શુદ્ધ અને એના પરિણામ અશુદ્ધ, એ તો ભેદ દૃષ્ટિમાં અજ્ઞાનપણે આત્મા એ પ્રમાણે કરે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? પરિણામી ત્રિકાળ. અને એ પરિણામી પર્યાય વિનાનો. પરિણામી છે વસ્તુ ત્રિકાળ. એ પોતે ત્રિકાળ દૃષ્ટિએ જુઓ તો શુદ્ધ વસ્તુ છે તો શુદ્ધ વસ્તુની દૃષ્ટિ થતાં એના પરિણામ પણ શુદ્ધ જ હોય છે. એના પરિણામ, મેલા પરિણામ અને પરિણામી આ, એ તો ભેદદૃષ્ટિએ અશુદ્ધનયની દૃષ્ટિમાં છે. મિથ્યાદૃષ્ટિમાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? પરિણામી એટલે પોતે વસ્તુ શુદ્ધ અને પરિણામ અશુદ્ધ-મેલા. વસ્તુ નિર્મળ, પરિણામ મેલા. એ તો અશુદ્ધ નિશ્ચયની પર્યાયબુદ્ધિમાં આમ થાય છે. સમજાણું કાંઈ? કેટલા ભંગ કરે!

**'અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે...'** પણ જ્યારે કર્મના નિમિત્તના સંગમાં જઈને પુણ્ય-પાપના વિકારપણે થાય છે **'ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** ત્યારે તે શુદ્ધ ચેતનામાત્ર હોવા છતાં તેના પરિણામમાં અભેદ દૃષ્ટિ સિવાય નિમિત્તના લક્ષે જાય છે ત્યારે એને રાગ-દ્વેષ થાય છે. એ પરિણામોથી સહિત તે થાય. જોયું! પરિણામોથી યુક્ત તે થાય. પરિણામથી સહિત થાય છે. પરિણામ રહી જાય ક્યાંક અને દ્રવ્ય રહી જાય ક્યાંક, એમ છે નહિ. કહો, સમજાણું આમાં? વીતરાગનું તત્ત્વ સમજવું બહું ઝીણું છે ભાઈ! અનંત કાળમાં એ વાત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ ને એમ ઓઘે ને ઓઘે કૂટાઈ ગયો છે. ધર્મને નામે પણ ઓઘે કૂટાઈ ગયો છે. સાચું તત્ત્વ શું છે? આ માર્ગ શું? આ વિકાર શું? આ નિર્દોષ શું? કેમ થાય એનો વિવેક એણે કોઈ દિ' કર્યો નથી.

'**પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે...**' શુદ્ધ ચેતનામાત્ર એકરૂપ વસ્તુ હોવા છતાં '**ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદૃષ્ટિમાં...**' જુઓ! વિકાર થાય તે પરિણામ છે અને વસ્તુ તે પરિણામી છે. પરિણામી સમજાય છે? વસ્તુ. પરિણામી-પારિણામિકભાવ ત્રિકાળ. વસ્તુ ત્રિકાળ દ્રવ્ય એ પરિણામી અને વિકાર પરિણામ પરિણામ. એ પરિણામ પર્યાય અને પરિણામીની... આજે બધા શબ્દો ભાઈ ઝીણા તો આવ્યા. અભ્યાસ કરવો પડશે ભાઈ એને. સમજાણું કાંઈ? વસ્તુ જે છે આત્મા એ પરિણામી, પરિણામી ત્રિકાળ વસ્તુ. અને એના પુણ્ય-પાપના, રાગ-દ્વેષના પરિણામ તે પર્યાય. તેનાથી યુક્ત છે. યુક્ત છે. પરિણામ સહિત છે, પરને લઈને નહિ.

'**અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદૃષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.**' લ્યો! ત્યારે પરિણામ મેલ-મેલ પુણ્ય-પાપના. પરિણામી આત્મા. એવી ભેદદૃષ્ટિમાં, જરી દૃષ્ટિમાં અભેદતા કરી નથી (ત્યારે) આવી ભેદદૃષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. લ્યો, આ અજ્ઞાનભાવરૂપ કીધા. એ પુણ્ય અને પાપ, દયા અને દાન વિકલ્પો છે એ સ્વરૂપના ચૈતન્યથી ભિન્ન જાતના અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનમૂર્તિના પરિણામ વસ્તુના સ્વરૂપના નથી. પણ એની પર્યાયમાં એના અજ્ઞાનથી એના કરેલા છે. ભારે! ઘડીકમાં કર્તા અને ઘડીકમાં અકર્તા. વસ્તુનું સ્વરૂપ એવું છે. ન હોય તો ભૂલ કોણે કરી? સમજાય છે? કો'કે કરાવી? અને કો'કે કરી ને તું પરિણમ્યો? જો તારો પરિણમવાનો સ્વભાવ ન હોય તો કો'ક કરાવી શી રીતે શકે? અને તારો પરિણમવાનો સ્વભાવ તો કો'કની અપેક્ષાની જરૂર નથી. તું તારાથી કરી રહ્યો છો. એ કર્તા-કર્મમાં આવી ગઈ છે વાત. સમજાણું? આ તો વિશેષ સ્પષ્ટ વધારે કરે છે. સર્વવિશુદ્ધ અધિકાર છે ને.

'**પરિણામ...**' એટલે વિકારી ભાવ અને '**પરિણામી...**' એટલે ત્રિકાળ વસ્તુ. એવી '**ભેદદૃષ્ટિમાં...**' ભેદદૃષ્ટિમાં વસ્તુની દૃષ્ટિ થઈ નથી અને ભેદ દૃષ્ટિમાં '**પોતાના અજ્ઞાનભાવરૂપ...**' પોતાની દશામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામરૂપ પર્યાયનો '**કર્તા જીવ જ છે.**' આહાહા..! '**અભેદદૃષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી,...**' અભેદદૃષ્ટિમાં કર્તાકર્મ છે નહિ. શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ અભેદ છે તેમાં કર્તા અને આ કર્મ (એમ છે જ નહિ). નિર્મળ પરિણામ કર્મ અને આત્મા ચેતના શુદ્ધ તે કર્તા એવું પણ અભેદદૃષ્ટિમાં છે નહિ. શું કહ્યું વળી?

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ એવી શુદ્ધ ચૈતન્યની અભેદ દૃષ્ટિ થતાં એ પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થયા તે કાર્ય અને આત્મા કર્તા એમ અભેદ દૃષ્ટિમાં બે ભાગ હોય નહિ. સમજાણું કાંઈ? '**શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.**' એ તો ભગવાન શુદ્ધ ચેતનામાત્ર ત્રિકાળ વસ્તુ છે. '**આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું...**' આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું. '**કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.**' એ સિદ્ધ કરવું છે ને મૂળ તો. સમજાય છે કાંઈ? કર્મનું તો નિમિત્ત છે, પણ પોતે પરિણમે તો કર્તા કહેવાય છે. કર્તા ઈ છે. બીજો કર્તા નથી. કર્મે કરાવ્યા નથી અને કર્યા વિના થયો નથી. ઓહોહો..! હજી દોષની સ્થિતિને પણ બરાબર સાચી ન સમજે તો દોષને ટાળવાની કઈ રીત છે એ તો એને સમજણમાં આવે નહિ. આ વાંધા જ આ બધા અત્યારે છે લ્યો, મોટા પંડિતો સાથે. મોટા મોટા ભણેલા. નહિ, કર્મને લઈને વિકાર થાય. કાં બે ભેગા થઈને થાય. આ દીકરો ક્યારે થાય? એકલા બાપને અને એકલી માને થાય? આ દાખલો આપે છે. સાંભળને હવે. દીકરો કોઈથી થતો નથી. એ દીકરાનો આત્મા કોઈથી થયો છે? એના રજકણોના પરમાણુ કોઈથી થયા છે? એ દાખલો ઈ આપે. માતા અને પિતા બે થઈને પુત્ર થાય. એકલાને પુત્ર ભાળ્યો છે તમે કોઈ દિ'? એવો દાખલો આપે. એમ આત્મા અને કર્મ ભેગા થઈને વિકાર થાય. એમ છાપામાં આવી ગયું છે હોં! આ બધું લખાણ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં પણ આવે છે.

ઉત્તર :- શાસ્ત્રમાં આવે એ તો પ્રમાણપણું બતાવવા આવે છે. વિકાર પોતે કરે છે ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા આવે વાત. પ્રમાણજ્ઞાનથી. નિશ્ચયનયમાં તો કાંઈ છે નહિ. નિશ્ચયમાં તો વીતરાગ આત્મા વીતરાગી ભાવ કરે અને કાં રાગને કરે. એ સિવાય કાંઈ કરતો નથી. લ્યો! કરે દોષ (પોતે) અને નાખે કર્મ ઉપર. શું કરીએ ભાઈ! અમારે કાંઈ કરવું છે? એવી વાસના (ઉઠે).

એક પંડિત હતો મોટો. છોકરાને માર્યો હતો ને? ગુલાબચંદભાઈ હતા ને તે દિ' કોણ હતું? કોણ હતું એ? કો'ક હશે. ફૂલચંદજી કો'ક હતા. તે દિ' વાત કરી હતી મેં. ઓલાને માર્યો. અરે.. અરે..! પણ આ તમે શું કરો છો? તમને ખબર નથી. ગોમ્મટસાર તમે વાંચ્યું નથી. ગોમ્મટસારમાં એવું કહ્યું છે કે ચારિત્રમોહનો ક્રોધનો ઉદય આવે તો ક્રોધ કરવો પડે. આ શીખ્યા. ભણીને આ શીખ્યા. કર્મનો એવો ઉદય આવે કે ભાઈ આપણે અંદર કરવું પડે. મૂઢ છો. કર્મ કરાવે છે કાંઈ? એ તો નિમિત્તમાત્ર છે. તું પરિણમ તો પરિણમે છે. નહિતર ન પરિણમતો પરિણમાવતા નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ઘણા એ ધર્મના નામના માણસો પણ કેટલાક આમ ગોટાળા કરે છે. ભઈ, શું કરીએ? એવી વાસના મેલી આવે છે ને.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક જણો એમ કહેતો હતો. મેલું કર્મ. વળી એમ કહેતા હતા. મેલું કર્મ આવે છે મેલું કર્મ. કીધું, મેલું કર્મ એટલે શું? આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. સમજાણું? કે મેલું કર્મ આવે ત્યારે અમારે આ એમ કે ભોગ-વાસનાનું કરવું પડે. પણ મેલું કર્મ જડ આવે ત્યારે કે તારી પર્યાયમાં તું મેલો કરે છો? નામ ધરાવવું હોય ધર્મીનું અને આમ ભોગ લેવાની વૃત્તિ ટળે નહિ. ત્યારે નાખવું તો પડે ને ક્યાંક? હા હા. આ તો ઘણા માણસે.. વાત કરી. ખાનગી વાત કરી. ભાઈ! મેલું કર્મ નડે છે. મેલું ક્યું હશે? આ કર્મ અંદરથી આવે ને. આહાહા..! બહારમાં કહેવાય ધર્મી, બહારમાં કહેવાય વૈરાગી અને બહારમાં કહેવાય આવા ભજનવાળા કર્તા, અંદરમાં ગોટા વળે. પછી નાખે કર્મ ઉપર. આહાહા..! મરી જઈશ કર્મને માથે નાખીશ તો. કર્મે કરાવ્યો છે તને દોષ? સમજાણું કાંઈ? એ માટે આ વાતને સિદ્ધ કરી છે.

તારા દોષને તું કરે છો એમ નક્કી કર્યા વિના દોષને ટાળવાની શક્તિ તારામાં આવશે નહિ. કો'કને માથે નાખી દે. ભાઈ! મારે તો કરવું નહોતું લ્યો, આ એક માણસે આવીને એવી ગાળ દીધી ને. એવી ગાળ દીધીને ઊંચો થઈ ગયો હું તો. લે. પણ ગાળને લઈને ઊંચો થયો કે તેં કર્યું તો થયો? ગાળ તો બધાએ સાંભળી લ્યો. એય..! મૂઢ જેવા ભેગા થયા છો અહીં? સો માણસ બસ્સો માણસ બેઠું હોય લ્યો. એકને એવું લાગ્યું, અમને મૂઢ કહો છો? બીજો કહે, કાંઈ નહિ, કહેતા હશે. તેં કર્યો તો ક્રોધ થયો છે કે એણે કરાવ્યો છે કોઈએ? પારકા ઉપર નાખવાની ટેવ પડી ગઈ અનાદિથી. પણ મૂઢ દોષને પણ પારકા ઉપર નાખવા એને ધર્મ થાય કે દિ'? સમજાણું કાંઈ? આહાહા..! આંધળે આંધળો ચાલે. અંધો અંધ પલાય. આંધળો બતાવનાર, આંધળો ચાલે.

કહો, '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-** ' જે કહેવાય છે ને વાત? એની વાત.

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः।।२०३।।**

મુમુક્ષુ :- ચિત્‌ને અનુગમ થાય છે.

ઉત્તર :- અનુગમ-ચિત્‌ને અનુસરી થાય છે. કહો, આ વાત આજે આ આવી છે. આ સમજવા જેવી છે હોં. મણિભાઈ! લ્યો! મણિભાઈને રસ છે ને. આ તો સમજવા (જેવું છે). પહેલું સમજે તો ખરો નક્કી કે આ તત્ત્વ જ્ઞાયક તત્ત્વ છે, આ અજીવ તત્ત્વ છે,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં મારો અધિકાર નહિ. જ્ઞાયક તત્ત્વ છે એવું ભાન થાય તો વિકાર કરવાનો અધિકાર નથી. તો જ્ઞાયક તત્ત્વ છે એ ભૂલે છે ત્યારે આસ્રવતત્ત્વ ઊભું થાય છે. એમ કહે છે અહીં. આસ્રવ તત્ત્વને ઊભું કરે છે એને અટકીને એ પોતે કરે છે. એને કોઈ કર્મ કરાવે છે કે પરથી થાય છે એમ છે નહિ. તારા સ્વભાવને ભૂલ, બાપા! તો તું કર. સ્વભાવ ચૈતન્ય ભગવાન આત્મા છે. એવી જો શ્રદ્ધા અને દૃષ્ટિનો અનુભવ કર (તો) વિકાર-ફિકાર કરવાનું એમાં રહેતું નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે. શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છે. એવી દૃષ્ટિ થતાં તેને આનંદની પર્યાયનું જ પરિણમન થાય. એને રાગાદિ થતા નથી. અલ્પ થાય તેનું પણ જ્ઞાન થાય, એના કર્તા ગણવામાં આવ્યા નથી. એ માટે આ વાતને ચર્ચી છે. જુઓ! અહીં ન્યાય શું આપે છે? કે કર્મ ભાવકર્મ તે કાર્ય છે. કાર્ય શું છે? કે વિકારી ભાવ થાય તે કાર્ય છે. અને કાર્ય કર્યા વિના હોઈ શકે નહિ. જેમ કે ઘડો. ઘડો માટીના કર્તા વિના ઘડો થાય નહિ. આકાશ કાર્ય છે? આકાશ છે ને અરૂપી આકાશ? એ કાર્ય છે? એ કાર્ય નથી. એ કર્તા કોઈ નથી. આકાશ છે ને સર્વવ્યાપક આકાશ અરૂપી? એ કાર્ય નથી, એ તો વસ્તુ છે. કાર્ય નથી તો તેનો કોઈ કર્તા હોય નહિ અને કાર્ય હોય તેનો કર્તા હોય. કર્મ નામ ભાવકર્મ, આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ થાય તે કાર્ય છે. માટે તે કૃત હોય નહિ. માટે તે અણકરેલું હોય નહિ. ઘડો છે તે કાર્ય છે, તો માટીના કર્યા વિના ઘડો થાય એમ બને નહિ. કુંભારની વાત નથી હોં અહીં.

મુમુક્ષુ :- .. કોઈએ કર્યા વિના થાય.

ઉત્તર :- હા. તો કોઈએ કર્યા ... કાર્ય છે એ કોઈએ કર્યા વિના થાય? એનો કર્તા જે છે એ એનું કાર્ય છે એમ કહે છે. .. હોય તે કોઈએ કર્યા વિના એટલે કરેલી દશા કોઈએ કર્યા વિના હોય નહિ. જે કરે છે તે કર્તા એનો છે. માટીના ઘડાનો કર્તા માટી છે. સમજાણું કાંઈ? માટીના કર્યા વિના ઘડો થાય (એમ નથી). ઘડો કાર્ય છે. તો કર્તા વિના કાર્ય થાય એમ બને નહિ. માટી કર્તા છે. કુંભાર કર્તા-ફર્તાની વાત અહીં છે નહિ. ભારે વાત! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. માન્ય રાખવું.

ઉત્તર :- માન્ય એમ સમજ્યા વિના માન્ય નથી. આ ઠીક દલાલ કહે છે. અહીં તો તમે જે કહો એ અમારે માન્ય. પણ સમજ્યા વિના? એમ ને એમ સમજ્યા વિનામાં શું માન્ય રાખે? સમજીને માન્ય રાખવી એમ કહે છે. ઓળખાણ કરવી.

કર્મ નામ વિકારી ભાવ એ કાર્ય છે. કાર્ય છે તો કર્યા વિના હોઈ શકે નહિ. કર્યા વિના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોઈ શકે નહિ ત્યારે કર્તા કોણ? કે જીવ. એમ સિદ્ધ કરવું છે. એનો કર્તા વિકાર કાર્ય છે માટે કર્તા એનો જીવ છે. બીજો એનો કર્તા છે નહિ. બીજા પરિણામનો કર્તા બીજો.

'**(ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી,...**' જોયું! બેનું પણ કાર્ય નથી. '**કારણ કે જો તે બન્નેનું હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.**' લ્યો! આવી ગયોને એનો સાર? ભેગા થઈને કામ કરે તો જડને પણ દુઃખ ભોગવવાનો પ્રસંગ આવે, માટે એમ પણ છે નહિ. '**વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી, કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે...**' પ્રકૃતિ તો જડ છે. ભાવકર્મ તો ચેતન છે. '**માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે, કારણ કે પુદ્ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ).**' એ જાણનારો તે ભૂલે છે એમ કહે છે અહીં. જડકર્મ જાણનારો નથી કે ભૂલે. આમ લોકો નથી કહેતા કે જાણે ઈ ભૂલે. ભણે ઈ ભૂલે. ભણ્યો જાણનાર ભૂલે. જ્ઞાતા જાણનાર છે. પોતાને ન જાણતા રાગ-દ્વેષને કરે છે. એ એનું કાર્ય છે. જડનું કાર્ય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૨, સોમવાર તા. ૧૩-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૪, ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૩૯૫**

... એ પોતાની યોગ્યતાથી નરકમાં જાય છે. કર્મ લઈ જાય છે એમ છે નહિ. જેમ અન્યમતિમાં કહે ને ભાઈ, ઓલો જમડો આવ્યો ને લઈ ગયો. નથી આવતું ઓલું શંકરનું દેવળનું લિંગ ને પછી પોઠિયો નથી આવતું? ફોટામાં આવે છે. મરવાનું થઈ જાય પછી શંકર.. પછી પોઠિયો આવ્યો જમ.. પણ શંકરને પકડ્યો એટલે ન લઈ શક્યો. આવે છે નહિ? ફોટામાં જોયું છે કે નહિ? આવે છે નહિ ફોટો? ફોટો નથી જોયો તમે? લે. આ તો ઘણી નાની ઉંમરમાં (જોયેલું). અમે તો ઘણાં ફોટા જોયા. શંકરનું લિંગ આવડું હોય મોટું. એને એક માણસ મરવાને ટાણે પકડી રાખે. એમાં ભેંસના પાડા ઉપર જમડો આવે છે, ભેંસ પર. ભેંસ આવે છે આમ દોરડું નાખીને લઈ જવા માટે. ત્યાં શંકરને પકડી રાખે છે. એટલે હવે શી રીતે લઈ જાય? એ આવે છે ચિત્ર આવે છે. જોયું છે કે નહિ? ભાઈ! અમે તો પહેલા ઘણા વર્ષથી જોયું છે અને એવું ઘણે ઠેકાણે હોય છે.

મુમુક્ષુ :- એ તે દિ' હતું, હવે નથી.

ઉત્તર :- હોય. હજી છે ઘણે ઠેકાણે. જૂના ઠેકાણે એ છે. અન્યમતિમાં માન્યતા છે એ તો. અન્યમતિની માન્યતા છે.

અહીં કહે છે કે એ જમ એને લઈ જાય છે. ત્યારે અહીં જૈનમાં એમ કહે કે કર્મ એને લઈ જાય છે. બેય ખોટી વાત છે. સમજાણું કાંઈ? એ પોતાની યોગ્યતાને કારણે એ નરકમાં જાય છે, સ્વર્ગમાં જાય છે. નહિ કે કર્મ (લઈ જાય છે). કર્મ તો જડ પર વસ્તુ છે. પર વસ્તુ આત્માને ખેંચી જાય? પર વસ્તુની શક્તિ છે આત્માને પોતે બદલાવીને ક્ષેત્રાંતર કરવાની? એટલે એકાંત માનનારા કર્મને જ કર્તા વિચારે છે, આત્માના કર્તાપણાને ઊડાડે છે. આત્મા વિકારનો કર્તા છે એ ઉડાવે છે.

**'આ આત્મા કથંચિત્ કર્તા છે...'** જુઓ! અહીં એમ આવ્યું. કળશમાં એમ આવ્યું હતું. કળશમાં આવ્યું હતું હમણાં બે દિ' પહેલા. આવ્યું હતું કે નહિ? એઈ..! સર્વથા. આવ્યું હતું ને? પહેલા કળશમાં આવ્યું હતું ને? આ પહેલાના કળશોમાં.

મુમુક્ષુ :- કર્તા કર્મ અધિકાર.

ઉત્તર :- કર્તા કર્મ. આજે આવ્યું હતું સવારે. એવનો અર્થ કર્યો. એવ. એવં. એવં એટલે નિશ્ચયથી. એવં એટલે એ પ્રકારે. એમ કરીને અર્થ કર્યા હતા કે સર્વથા પ્રકારે આત્મા જીવદ્રવ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના પરિણામનો કર્તા હોય છે. અહીં તો સર્વથા પ્રકારે આત્મા વિકારના પરિણામને કરે કે ધર્મના પરિણામને કરે એ સર્વથા પોતે કર્તા છે. કથંચિત્ પર કર્તા છે અને કથંચિત્ સ્વ કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં જે આવ્યું છે. જુઓ!

**'આ આત્મા કથંચિત્ કર્તા છે...'** એટલે શું? કે વીતરાગ તો એમ કહે છે કે ભાઈ! આત્મા જ્યાં સુધી એને સ્વભાવની દૃષ્ટિ નથી, ચિદાનંદ સ્વભાવ ભગવાન પૂર્ણાનંદનો નાથ એવું એને સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી તે વિકારી પરિણામનો અજ્ઞાન ભાવે કર્તા છે. સ્વભાવનું ભાન થયે તે કર્તા નથી. કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા એમ વસ્તુના સ્વરૂપમાં છે. સમજાણું કાંઈ? કપુરચંદભાઈ! **'આ આત્મા કથંચિત્ કર્તા છે...'** ઓલો કહે... એ વ્યાજબી બરાબર છે અને આ પણ બરાબર છે.

મુમુક્ષુ :- અમારી ભાષામાં આવતું..

ઉત્તર :- કથંચિત્ નથી આવતું? કોઈ પ્રકારે કરનાર છે આ. કોઈ પ્રકારે એટલે? કે પોતે જ્યાં સુધી આત્મા વિકારના પરિણામ ઉપર દૃષ્ટિ છે, ત્યાં સુધી તેનો તે કર્તા છે. અને એ વિકારી પરિણામનું ક્ષણિકપણાની દૃષ્ટિ છોડીને શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ આત્માની દૃષ્ટિ થતાં એ વિકારના પરિણામનો તે જ્ઞાતા છે, કર્તા નથી. કહો, સમજાણું કે નહિ આમાં?

**'આ આત્મા કથંચિત્ કર્તા છે એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે...'** ત્યારે કોઈ કહે જુઓ! શાસ્ત્ર તો કથંચિત્ કર્તા કહે છે અને ઓલામાં સર્વથા કર્તા કહે છે. એ કઈ અપેક્ષા છે? અને આ કઈ અપેક્ષા છે? પરપદાર્થ જરીએ કર્તા નથી. સર્વથા આત્મા પોતાના ગુણ અને પર્યાયના વિકારી કે અવિકારીને કરે છે. કારણ કે પરિણમનારો તે કર્તા. સમજાય છે કાંઈ? વિકારપણે પરિણમો કે ધર્મપણે પરિણમો પણ એનો કર્તા તો એ આત્મા. સર્વથા કર્તા આત્મા. કિંચિત્ પણ બીજી ચીજ એને કરે એમ છે નહિ.

અહીંયાં તો એક જ આત્મામાં... સમજાય છે કાંઈ? ઓલા કહે છે કે આત્માને વિકાર પરિણામ કર્મ જ કરાવે. ત્યારે અહીં કહે છે, કથંચિત્ કર્તા આત્મા છે. જ્યાં સુધી અજ્ઞાન ભાવ છે, ચૈતન્યના શુદ્ધ સ્વભાવનું ભાન નથી ત્યાં સુધી તે પોતામાં થયેલા વિકારની અસ્તિત્વ બુદ્ધિ ત્યાં જ પડી છે તેથી તેનો પરિણમન કરનારો તે છે. અને જ્ઞાન ચૈતન્ય સ્વરૂપનું ભાન થતાં, રાગની રુચિ ન રહેતા જે સ્વભાવનું ભાન થયું ત્યાં રાગ થોડો થાય તેનું પરિણમન એનું છે એમ કહેવાતું નથી. એનું પરિણમન નથી. કર્તા જ એનો નથી. કહો, સમજાણું કે નહિ?

**'આ આત્મા કથંચિત્ કર્તા છે એમ કહેનારી અચલિત શ્રુતિ...'** ભગવાનની વાણી. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે આત્મા વિકારનો કર્તા અજ્ઞાનભાવમાં હોય ત્યાં સુધી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા (કર્તા) છે અને ભાનમાં આવે ત્યારે કર્તા નથી. એવી જે વીતરાગની વાણી, પરમેશ્વર કેવળીની વાણી છે એમાં એને '**શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે);...**' એમ માનનારા કર્મથી જ આત્માને દોષ થાય, કર્મથી જ આત્માને રખડવું થાય, કર્મને લઈને ચોર્યાસી લાખમાં રખડે છે, આત્મા તો પંગુ છે. પરમાત્મપ્રકાશમાં આવે છે. એ દાખલો જ્યાં હોય ત્યાં આપે આમાં. અરે..! પણ એ બીજી વાત કીધી. ત્યાં તો આત્મા ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય મૂર્તિ તેને આત્મા કહીએ. એને ઓલો વિકાર રહિતનો આત્મા એ આત્મા કહીએ. ઓલો તો અનાત્મા છે. અહીં તો વિકાર અને સ્વભાવ બેય થઈને આખું આત્માનું રૂપ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

'**કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે...**' જુઓ! છે તો મિથ્યાદૃષ્ટિ પણ વિકાર કર્મ કરાવે એને મિથ્યાત્વની તીવ્રતા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી સ્વરૂપનું ચિદાનંદનું ભાન નથી ત્યાં સુધી અજ્ઞાની પણ વિકારનો કર્તા છે એમ જે માને છે એને તીવ્ર મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? કારણ કે એની કબુલાતમાં છે કે મારી પર્યાયમાં વિકૃત છે, મારી દૃષ્ટિ આમાં નથી માટે હું આ કર્તા છું. એને તીવ્ર મિથ્યાત્વ નથી. આ તો તીવ્ર મિથ્યાત્વ છે. જે વિકાર પોતે કરે અને કર્મને માથે નાખે એ તો તીવ્ર મિથ્યાત્વી છે. સમજાણું કાંઈ?

'**તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના...**' એવા તે આત્માના ઘાત કરનારાઓ. સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું હતું ને આત્મહનો ભવંતિ. પરને મારી શકું છું, પરને જીવાડી શકું છું, પરને સુખી-દુઃખી કરી શકું છું એ આત્માના હંતા-ઘાતક છે. એ શી રીતે? કરી શકતો નથી અને કરી શકું છું એ માને છે તે ઘાતક છે. અને અહીં વિકાર કર્મ કરે છે પોતે અને વિકાર કરાવે છે એ દૃષ્ટિએ તેને આત્મઘાતક કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? '**તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોની જ્ઞાનની સંશુદ્ધિ અર્થે...**' દેખો! તેને સાચું જ્ઞાન થવા માટે કર્મ જ વિકાર કરાવે. ભાઈ! આત્માને કાંઈ દોષ કરવાનો ભાવ હોય? પાપ કરવાનો ભાવ હોય? વિકાર કરવાનો ભાવ હોય? એ તો કર્મનું જોર આવે. સમજ્યાને? ઢાંક્યા કર્મની ખબર નથી. લોકો નથી કહેતા?

મુમુક્ષુ :- ભોંમાંથી ભાલા નીકળે.

ઉત્તર :- ભોંમાંથી ભાલા નીકળે. ઢાંક્યા કર્મના. ક્યાંથી ક્યાં આવે લ્યો! ક્યાંથી ક્યાં રખડાવે માણસને. અને આત્મા તો કર્મનું એક ખિલૌના છે-રમકડું છે. કહો. એક વળી પંડિત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવો આવ્યો હતો. કહ્યું હતું તે દિ'. કેમ પંડિતજી! કર્મનું રમકડું છે આ? કર્મનું રમકડું છે એ સમજાય છે? ઓલા જાદુગરમાં નથી (હોતા)? પુતળા હોય ને જાદુગરના? દોરી હોય ને દોરી? એ દોરી જેમ ખેંચે એમ આમ આમ પુતળા થાય. એમ જેમ કર્મ ખેંચે એમ આત્માને દોરાવું પડે. આત્મા તો કર્મનું રમકડું છે. કર્મ રમાડે તેમ રમવું. એમ હશે? મોહનભાઈ! એમ નહિ? એમ નથી. તું પોતે ભૂલ કરે અને કર્મને લઈને રખડાવે, આવું તે ક્યાંથી કાઢ્યું આવું? ઊંધું લાકડું વીતરાગમાર્ગમાં આવું તું ક્યાંથી સમજ્યો આ? ભાઈ! અમારે તો કર્મમાં માંડ્યું હોય એમ થાશે. સમજાય છે?

એક માણસ કહેતો હતો કે ભાઈ, પૈસા મળ્યા કે નહિ? અમે ક્યાં પુરુષાર્થ કરવા ગયા હતા? જુઓ! આ ૨૦ હજારમાંથી ૨૦ લાખ થઈ ગયા. ૫૦ હજારના ૨૦ લાખ થઈ ગયા. અમે પુરુષાર્થ કરવા ગયા હતા? એની વહુએ કહ્યું, ધર્મ પણ કર્મમાં માંડ્યું હશે તો થાશે. કપુરભાઈ! બૈરાએ એમ કહ્યું. છોટાભાઈને ખબર છે ઈ. બૈરાએ એને કહ્યું કે પણ તમે કાંઈક ધર્મ-બર્મ કરોને. ત્યારે કહે, ધર્મ તો કર્મમાં માંડ્યો હશે તો થાશે. આ પૈસા હું લેવા ગયો હતો? ૫૦ હજારનો માલ હતો એના ૨૦ લાખ થઈ ગયા લ્યો! ૪૦ ગણો, ૩૨ ગણો ભાવ થઈને. એ હું ક્યાં કરવા ગયો હતો. એમ ધર્મ કરવો કર્મમાં માંડ્યું હશે તો થાશે. બરાબર હશે? પછી અહીં ફરિયાદ માંડી અહીં. પછી મેં કહ્યું કે આ. તમે કહ્યું હતું ખરું. ધર્મ તે કર્મમાં માંડ્યો હશે? કર્મ ખસે તો ધર્મ થાય? અને કર્મ કરાવે તો વિકાર થાય? એમ છે? એમ નથી. તું તારી ભૂલથી વિકાર કર અને સ્વભાવના ભાનથી વિકારને ટાળ. તારા અધિકારની વાત છે.

અહીં કહે છે, '**એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે-**' લ્યો, અજ્ઞાનીના જ્ઞાનને સુધારવા માટે '**કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે...**' વસ્તુની સ્થિતિ જ એવી છે કે કર્મ એને કરાવતું નથી. અજ્ઞાન ભાવે આત્મા જ પોતે વિકારને કરે. એવો સ્યાદ્વાદ-કથંચિત્ કર્તા અને કથંચિત્ કર્તા નહિ એ સ્યાદ્વાદ. કથંચિત્ કર્તા એટલે અજ્ઞાનભાવે વિકારનો કર્તા, આત્મભાવે વિકારનો કર્તા નહિ. સમજાણું કાંઈ? '**સ્યાદ્વાદના પ્રતિબંધ વડે...**' એટલે પ્રસિદ્ધિ વડે '**વિજય મેળવ્યો છે...**' સ્યાદ્વાદનું પ્રસિદ્ધપણું છે. ભગવાન આત્મા પોતાને ભૂલે ત્યારે વિકારને કરે. ભાન કરે (ત્યારે) વિકારને છોડે, વિકારને કરે નહિ. '**(અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).**' લ્યો!

'**ભાવાર્થ :- કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે...**' આ પાછો એમ કહે કે ભાઈ, કર્મને અમે એકાંતે ક્યાં કહીએ છીએ? પરિણમે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો જીવ પણ કર્મ પરિણમાવે તેમ પરિણમે. પરિણમાવે ઈ, પરિણમે આ. પરિણમાવે ઈ. પણ એ તો એનું એ થયું તારું. આહાહા..! મોટા મોટા ભણેલા પણ અત્યારે પડ્યા છે. એના ઉપર તો સોનગઢ ઉપર આક્ષેપ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને બેઠી નથી. એને એ જાતનું... જૈનમાં એ જ પ્રણાલિકા ત્રણેય સંપ્રદાયમાં (ચાલે છે) કે કર્મને લઈને વિકાર થાય.. કર્મને લઈને રખડે. બાપુ! આપણે કાંઈ ઈશ્વર છે? બીજાને તો ઈશ્વર એને કરાવે તેમ કરે. આપણે તો કર્મ કરાવે તેમ થાય. ઓલાનો ઈશ્વર ચૈતન્ય મોટો, આનો ઈશ્વર જડ મોટો. એય.. કપુરચંદભાઈ! એ પણ કાંઈ ખબરેય ક્યાં છે? એય.. ધનજીભાઈ! એ કોઈ દિ' સાંભળ્યું છે? વિચાર્યું છે કાંઈ? એ તો જેમ છે એમ. જેમ મહારાજ કહેતા હોય ઠીક હા. ક્યાં વિચાર્યું છે એવું.

**'કર્મનો કર્તા કર્મને જ કહે છે...'** કર્મનો કર્તા એટલે વિકારી પરિણામનો હોં! **'અને આત્માને અકર્તા જ કહે છે;...'** આત્મા તો અકર્તા છે, ભાઈ! આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એ શું કરે? સમજાણું? **'તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે,...'** એટલે કે જિનવાણીથી તેનો વિરોધ છે. જિનવાણી તો કહે છે કે ભાઈ! પણ કેટલા તારા પરિણામ ચાર ગતિમાં જવાના, શુભાશુભ પરિણામ, કામ-ક્રોધાદિ, નિદ્રા લેવાનો ભાવ એ બધા વિકારના ભાવ તું કરે તો થાય છે. કર્મને કાંઈ પણ દોષ છે નહિ. જરીએ દોષ નથી એનો. એ તો સ્વતંત્ર વસ્તુ છે બીજી.

**'કારણ કે સ્યાદ્‌વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે.'** અજ્ઞાનભાવે વિકારનો કર્તા આત્મા છે એમ ભગવાન ફરમાવે છે. **'આત્માને અકર્તા જ કહેનારા એકાંતવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે;...'** મહામિથ્યાત્વથી જેની બુદ્ધિ બિડાઈ ગઈ. પરિણમન ઘટી ગયું ઘણું એનું. **'તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્ય ભગવાન...'** લ્યો! દૂર કરવાને જુઓ! આચાર્ય એનું મિથ્યાત્વને દૂર કરવાને. ભાષાની શૈલી શું થાય? સમજાવવાનો હેતુ ઈ છે કે આ તું છો એમ નથી. એમ હેતુ છે એટલે કહે છે. એમ જ હોય. શૈલી શું થાય? **'જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે.'** લ્યો!

**'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે એવા અર્થની ગાથાઓ હવે કહે છે :-'**

**कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।**
**कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं।।३३२।।**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**कम्मेहि सुहाविज्जदि दुक्खाविज्जदि तहेव कम्मेहिं।**
**कम्मेहि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव।।३३३।।**
**कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।**
**कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि।।३३४।।**
**जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।**
**तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा।।३३५।।**
**पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।**
**एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी।।३३६।।**

લ્યો આ પાઠ આવ્યો. પુરુષ .. એમ કુંદકુંદાચાર્ય કહે છે. જુઓ! આમાં એટલો પાઠ લે છે. આચાર્યની પરંપરા આમ કહે છે. ઓલો ફેરફાર કરે છે ને ભાઈ! નામનો.

**तम्हा ण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे।**
**जम्हा कम्मं चेव हि कम्मं अहिलसदि इदि भणिदं।।३३७।।**
**जम्हा धादेदि परं परेण घादिज्जदे य सा पयडी।**
**एदेणत्थेणं किर भण्णदि परघादणामेत्ति।।३३८।।**
**तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।**
**जम्हा कम्मं चेव हि कम्मं घादेदि इदि भणिदं।।३३९।।**
**एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।**
**तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे।।३४०।।**
**अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।**
**एसो मिच्छसहावो तुम्हं एयं मुणंतस्स।।३४१।।**
**अप्पा णिच्चोऽसंखेज्जपदेसो देसिदो दु समयम्हि।**
**ण वि सो सक्कदि तत्तो हीणो अहिओ य कादुं जे।।३४२।।**
**जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।**
**तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं।।३४३।।**
**अह जाणगो दु भावो णाणसहावेण अच्छदे त्ति मदं।**
**तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि।।३४४।।**

ઓલી કોર હરિગીત.

**“કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,**
**કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ અજ્ઞાનીની દલીલ છે હોં!

**કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,**
**કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.**
**કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,**
**જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.**
**કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,-સઘળું કરે,**
**તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.**
**વળી 'પુરુષકર્મ સ્રીને અને સ્રીકર્મ ઈચ્છે પુરુષને'**
**-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.**
**એ રીત 'કર્મ જ કર્મને ઈચ્છે'-કહ્યું છે શ્રુતમાં,**
**તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.**
**વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,**
**-એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.**
**એ રીત 'કર્મ જ કર્મને હણતું'- કહ્યું છે શ્રુતમાં,**
**તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.'' ૩૩૯.**
**એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,**
**તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.**
**અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',**
**તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.**
**જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,**
**તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.**
**વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,**
**શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.**
**માને તું-'જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે',**
**તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.**

૧૩ ગાથા છે એકસાથે. એનો કૌંસ જુઓ. કૌંસ છે ને ટીકા ઉપર જરી?

'**(આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે...**' કર્મ શબ્દે અહીં વિકારી પરિણામ. વિકારી ભાવ. ચાર ગતિના બાંધવાના ભાવ, રાગ-દ્વેષના ભાવ, પુણ્ય-પાપના ભાવ. સમજાય છે? એવા જે કર્મ એટલે વિકારનો કર્તા કર્મ જ માનવામાં આવે '**તો સ્યાદ્વાદ**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સાથે વિરોધ આવે છે;...**' ભગવાનની વાણીમાં આત્માને વિકારી કર્તા અજ્ઞાનભાવે કહ્યો. જુઓ! ખુલાસો કરે છે. '**માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો,...**' લ્યો! જ્યાં સુધી એને આત્માનું ભાન નથી હું જ્ઞાનાનંદ, ચિદાનંદ મૂર્તિ આત્મા છું. આત્મા જ્ઞાનનો સૂર્ય છે. ચૈતન્યનું નૂર છે. એવું અંતર ભાન ન થાય ત્યાં સુધી '**અજ્ઞાન અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ...**' જુઓ! પોતાના અજ્ઞાનભાવરૂપ. શુભ-અશુભભાવ કે ચાર ગતિનો ભાવ રખડવાનો એ બધો અજ્ઞાનભાવરૂપ છે. એ ચૈતન્યનો ભાવ-સ્વભાવ નથી. પણ છે એની પર્યાયનો. સમજાણું કાંઈ? '**પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.**)'

'**ટીકા :- (અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છે :)**' સામો પક્ષ કહે છે. જુઓ ભાઈ, અમારી દલીલ સાંભળો. '**કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે,...**' કહો, આત્મામાં જ્ઞાન ઉઘડતું નથી એટલી ખબર નથી? '**જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' લ્યો! શાસ્ત્ર લખે છે કે જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું. છે કે નહિ શાસ્ત્રમાં? કહે છે કે જુઓ! પાઠ શું છે શાસ્ત્રમાં? ગોમ્મટસારમાં. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું. જ્ઞાનાવરણીય કર્મ જડ. એ આત્માના જ્ઞાનની પર્યાયને અજ્ઞાન કરી નાખ્યું. ઉઘાડ થવા દીધો નહિ. આવો પાઠ શાસ્ત્રમાં છે. એય..! જેઠાલાલભાઈ! એમ નથી. સાંભળ તો ખરો. તેં જ્યારે જ્ઞાનની પર્યાયને હીણી કરી ત્યારે જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીયને લઈને અહીંયાં જ્ઞાનનો ઉઘાડ નથી એમ નથી. કેટલાક કહે છે ને કે ભાઈ, અમારી બુદ્ધિ બહુ ઓછી. અમને જ્ઞાનાવરણીયનું જોર છે.

મુમુક્ષુ :- એ કે દિ' કીધું?

ઉત્તર :- એ કહે આ બધા વાણિયા ન સમજેલા બધું. ભાઈ! જ્ઞાનાવરણીયનું જોર છે અમારે. ભગવાન કહે છે કે જ્ઞાનાવરણીય તો જડ છે. એનું જોર તારામાં ક્યાંથી આવ્યું? બુદ્ધિ થોડી હોય ને. કપુરચંદભાઈ! એમ કહે ઘણા. ભાઈ! અમારે તો કાંઈ તમારા જેવો ઉઘાડ નથી. તમને તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તમારે. એમ નથી. સમજાય છે? અજ્ઞાની તો એમ કહે છે, કર્મ આત્માને અજ્ઞાની કરે છે. અમારી બુદ્ધિ ઓછી કરી નાખી એ કર્મને લઈને છે. એમ અજ્ઞાનીની દલીલ છે.

'**કારણ...**' કારણ આપે છે. '**જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' લાવો જ્ઞાનાવરણીયનો ઉદય ન હોય અને આત્મામાં જ્ઞાનનો ઉઘાડ થઈ જાય એમ બને છે? જ્ઞાનાવરણીયનો ઉદય હોય એને જ આત્માના જ્ઞાનને ઉઘાડ થવા દેતું નથી. એય..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ઠીક લાગવા માટે આ દલીલ આપતા હશે સામાની? આમાં આમ કહે છે અજ્ઞાની એમ કહે છે. અમારી બુદ્ધિ ઉઘડતી નથી બાપુ! જ્ઞાનાવરણીયનું જોર છે. શાસ્ત્રમાં પણ એમ આવે છે લ્યો!

કેવળજ્ઞાનાવરણીયની એવી શક્તિ છે.. કેવળજ્ઞાનાવરણીયની એવી શક્તિ છે... કાર્તિકેય સ્વામીમાં આવે છે કે કેવળજ્ઞાન થવા ન દે. કહો, એય..! ભીખાભાઈ! આચાર્યની (વાત) જૂઠી છે? આચાર્ય પોતે કહે છે ને? એ તો એક કર્મના પરમાણુમાં ઉત્કૃષ્ટ શક્તિ નિમિત્ત થવાની ક્યા પરમાણુમાં છે એટલું બતાવવાની વાત છે. આત્માના કેવળજ્ઞાનને કેવળજ્ઞાનાવરણીય ઘાતે છે એમ નથી. તો પછી ભગવાને ઘાતિકર્મ કેમ કીધું? એમ કહે છે સામા. જ્ઞાનાવરણીય ઘાતિકર્મ છે કે નહિ? ઘાતિકર્મના નામ આવડે છે? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. બીજા ચાર અઘાતિ છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. પણ આ તો ઘાતિ છે કે નહિ? તો ઘાતિ પોતાને ને પોતાને ઘાતે કે પરને ઘાતે? એમ કહે છે ઈ. અજ્ઞાનીની દલીલ છે પણ ઘાતિકર્મ જ્ઞાનાવરણીય એ મતિજ્ઞાન થવા દેતું નથી. બુદ્ધિમાં અમને ઉઘાડ થવા દેતું નથી એમ અજ્ઞાની કહે છે, હોં! એમ છે નહિ. આહાહા..! કહો, શ્રુતજ્ઞાન થવા દેતું નથી. ભાઈ! શ્રુત ઘણું જુઓને આમાં. આહાહા..! કેટલા શ્રુતનું જ્ઞાન બોલે. લ્યો! હિંમતભાઈ કેટલો ખુલાસો કરે છે? કેટલો ઉઘાડ હશે? કાંઈક જ્ઞાનાવરણીએ માર્ગ આપ્યો હશે ત્યારે થયું હશે કે નહિ? કહો, સમજાણું કાંઈ? કહો, રાતે કેટલો ખુલાસો કરતા હતા. ખબર છે ને? બેઠા હતા કે નહિ બધા તમે? હવે બીજો કરી દ્યો જાવ. જયંતિભાઈને પૂછો. હવે કહે છે કે અમે કહીએ છીએ એ વાત સાચી નથી? જ્ઞાનાવરણીય મતિજ્ઞાનાવરણીયનો જેને આકરો ઉદય હોય તો એને મતિજ્ઞાન થાય નહિ. એમ અજ્ઞાનીની દલીલ છે. ભગવાન કહે તારી ખોટી વાત છે. મણિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એવું કથન આવ્યા વિના શું ટૂંકું આવવું જોઈએ ને? કથન શી રીતે કરે? કે આત્મા જ્યારે જ્ઞાનની હીણી દશા કરે ત્યારે જ્ઞાનાવરણીયનો ઉદય એને નિમિત્ત કહેવાય. લાંબુ-લાંબુ આવડું કરાય? ટૂંકું કરવા જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાનને હણ્યું એમ નિમિત્તથી કહેવામાં આવે. આહાહા..! કહો, આ અવધિજ્ઞાન કેમ થાતું નથી? લાવો પછી મતિ-શ્રુતની બે આવી ગઈ વાત. ઠીક! મતિજ્ઞાન થાતું નથી. જ્ઞાનાવરણીયનો, મતિજ્ઞાનાવરણીયનો ઉદય છે. અજ્ઞાની કહે છે હોં! શ્રુતજ્ઞાનનો ઉઘાડ થતો નથી. શ્રુતજ્ઞાનનો ઉદય છે.

અવધિજ્ઞાન કેમ થાતું નથી? લાવો અવધિજ્ઞાન નહિતર લાવો. એ અવધિજ્ઞાનાવરણીયનું જોર છે માટે થાય છે. એમ અજ્ઞાની કહે છે, હોં! એમ નથી. ત્યારે પંચમ આરામાં કેવળજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાવી દ્યો. લ્યો, તમે બહુ એમ કહેતા હો કે અમારાથી થાય.. અમારાથી થાય તો. કેમ વાડીભાઈ! એમ કહે કે નહિ? ત્યારે લાવો કેવળજ્ઞાન. તમે જ્યાં હોય ત્યાં ઉપાદાન... ઉપાદાન... ઉપાદાન.. નાખો છો તો ઉપાદાન નથી તમારી પાસે? કેવળજ્ઞાન લાવોને અત્યારે? ભાઈ! ઉપાદાન પર્યાયમાં કાચી છે. એને લઈને કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાનાવરણીયને લઈને, કાળને લઈને થતું નથી એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ ઘણા કહે છે, લ્યો! ઉપાદાનનું-ઉપાદાનનું તમે જોર કહો છો. લાવો યથાખ્યાત ચારિત્ર. કોણ તમને રોકે છે? કર્મ રોકે છે? ત્યારે લાવોને યથાખ્યાતચારિત્ર. કોઈ રોકતું હોય તો. પણ સાંભળને પોતે રોકાય છે ઊંધા પુરુષાર્થથી. કર્મનું શું કામ? કર્મ તો પર જડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે ને ભજનમાં-ભક્તિમાં. કર્મ તો જડ છે.

મુમુક્ષુ :- એ કો'ક કો'ક ગાથા મૂકી છે.

ઉત્તર :- હા. એ કહેતા હતા ને. ક્યાંક ક્યાંકથી આવી વાત કરીને આવું બોલે છે. એમ કહ્યું હતું. સમજાણું?

કેટલી સરસ વાત મૂકી, જુઓને! સામાની દલીલ કહે છે કે એ ખોટી તારી. એમ નથી. આત્મા જ પોતાના જ્ઞાનની દશાને હીણીપણે પોતે પુરુષાર્થથી કરે છે. જ્ઞાનાવરણીયને લઈને, મતિજ્ઞાનાવરણીયને લઈને મતિજ્ઞાન હીણું પડી ગયું છે એમ નથી. શ્રુતજ્ઞાનાવરણીયને લઈને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ નથી એમ નથી, અવધિજ્ઞાનાવરણીયના જોરને લઈને અવધિજ્ઞાન નથી એમ નથી. મનઃપર્યવજ્ઞાનાવરણીયને કારણે અહીં મનઃપર્યય ખીલતું નથી એમ નથી. અને કેવળજ્ઞાનાવરણીયને લઈને કેવળજ્ઞાન થતું નથી એમ નથી. સમજાય છે કાંઈ? તારી પર્યાયમાં તારી ઊલટાઈની પુરુષાર્થથી, ઊંધા પુરુષાર્થથી જ્ઞાનની હીણી દશારૂપ પરિણમન તારું છે. ત્યારે કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે.

'**જ્ઞાનાવરણ નામના...**' અહીં એ દલીલ એમ આપે છે. લ્યો! આ જ્ઞાનાવરણીયનો ઉદયની ઉપસ્થિતિ ન હોય અને અજ્ઞાન થાય તો લાવો. ઉદય છે તો એમાં અજ્ઞાન થાય છે અહીં. પણ ઉદય પોતે કરે તો થાય છે કે ઉદયને લઈને થાય છે? તું અહીંથી જોવે છે અને આ અહીંથી છે. અહીંથી ઓલો ત્યાંથી જોવે છે, લ્યો. સમજાણું કાંઈ? (સંવત) ૧૯૮૧માં મોટો પ્રશ્ન થયો હતો. આ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઈને ક્ષાયિક થાય, ક્ષયોપશમને લઈને જ્ઞાન થાય. એમ એક જણો કહે. સંસ્કૃત વ્યાકરણ ભણેલો બહુ. પણ હવે એમાં ક્યાંય આત્માનો પુરુષાર્થ ખરો કે કર્મ જ બધું કરાવે?

મુમુક્ષુ :- કાશી ભણી આવ્યા હતા એ?

ઉત્તર :- હા, કાશી ભણી આવ્યા હતા એ. કાશી ભણી આવ્યા હતા. બહુ માંડી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજ્યાને? આમ તો બિચારા પ્રેમથી આવ્યા હતા. પણ એ જાણે કે હું સાધારણ વાત કરું છું. એમ. આમાં કાંઈ મહારાજ વિરોધ નહિ કરે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો ક્ષયોપશમ જ્ઞાન થાય. શું કહે છો? હવે ક્યાં સુધી માંડવી છે? જ્ઞાનાવરણીય કર્મ જ આત્માને ઉઘાડ થવા દેતું નથી? કે તું ઉઘાડ કરતો નથી માટે ઉઘાડ થાતો નથી? કપુરચંદભાઈ! માણસને જૈનમાં પડ્યા એને ઓઘે ઓઘે પડ્યા છે. એને એનો વિચાર અને મનન કાંઈ ન મળે. એ તો બસ કાંઈક કહેતા હશે મહારાજ એ ઠીક. જાવ. એ શું કહેતા હશે એની પણ ખબર ન મળે એને.

અહીં તો કહે છે, અજ્ઞાનીની દલીલ છે. ભગવાન કુંદકુંદાચાર્યના વખતમાં. જુઓ! તે વખતની વાત છે ને આ? અનાદિની છે આ. બે હજાર વર્ષ પહેલા ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ સંત, આત્મજ્ઞાની આત્મધ્યાની મહાન મસ્ત સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં થયા. એ ભગવાન પાસે ગયા. કુંદકુંદાચાર્ય સીમંધર પ્રભુ પાસે ગયા, આઠ દિ' રહ્યા. આવીને આ શાસ્ત્ર બન્યા. ભગવાન આમ કહે છે કે આત્મા અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે. અજ્ઞાની એમ કહે છે કે વિકારનો કર્તા અજ્ઞાનભાવે પણ આત્મા નહિ, કર્મ કરાવે છે. સમજાણું કાંઈ?

જેને વિકારની સ્વતંત્રતા વ્યક્ત છે, પરિણમન છે એની પણ સ્વતંત્રતાની કબુલાત જેને આવતી નથી એને અવ્યક્ત આખું દ્રવ્ય શુદ્ધ છે એવી સ્વતંત્રતા દૃષ્ટિમાં કોઈ દિ' આવે નહિ. પર્યાયની વર્તમાન વ્યક્તતા રાગ અને દ્વેષ રૂપે છે. એનો જે ભાવ મારો છે, મારાથી થયો છે, અંશની સ્વતંત્રતાથી મારી દશા આવી વર્તે છે. એવી અંશના સ્વતંત્રતાની પણ જેને કબુલાત નથી. એને અંશી ત્રિકાળ આનંદકંદ પ્રભુ અવ્યક્ત અપ્રગટ છે, પર્યાયમાં અપ્રગટ છે. વસ્તુ વસ્તુ તરીકે પ્રગટ છે. સમજાણું કાંઈ? પર્યાયમાં અપ્રગટ છે, વસ્તુ વસ્તુ તરીકે પ્રગટ છે. તો પર્યાયમાં જ્યાં આટલી સ્વતંત્રતાની કબુલાત નથી, દ્રવ્ય અવ્યક્ત પર્યાયમાં નથી એને દૃષ્ટિ કરવી, આ આવી ચીજ છે એમ માનવું એ માની શકશે નહિ. બેહદ અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદનો કંદ એ તો આત્મા છે. જેના જ્ઞાનની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતામાં રહીને જાણે એવી એની તાકાત છે. પરને લઈને નહિ. પોતાનું જ સામર્થ્ય છે. એવી તાકાતની પ્રતીત વિકાર પરથી થાય એમ માનનારાઓને કોઈ રીતે આવશે નહિ. નિમિત્તની પ્રધાનતાથી માનનારાઓને ઉપાદાનની પર્યાયમાં આવી તાકાત પ્રગટ કરી શકાય છે એવી માન્યતા એની થઈ શકશે નહિ. સમજાણું કાંઈ? એ માટે આ વાત બધી ચર્ચી છે.

જૈનમાં જ કર્મની વાત હોય. અન્યમાં તો કાંઈ કર્મ-ફર્મની એવી વાત છે નહિ. આઠ કર્મ અને એની પ્રકૃતિ ૧૪૮ ને વળી કેટલા પરમાણુ સ્કંધભેદ, આ રસભેદ ને. કહો. સમજ્યાને? પ્રકૃતિના .. આદિ. અને રસભેદ, અનુભાગભેદ એ તો વીતરાગ માર્ગમાં જ હોય. સર્વજ્ઞ

પરમેશ્વરે જોયું છે એમાં જ અજીવની સ્થિતિનું વર્ણન આવું હોય. એમાં પણ જૈનમાં રહેલા આમ માને. ઓલાને ક્યાં જ્ઞાનાવરણીયની ખબર છે? એમ કહે છે અહીં તો. બીજાને ખબર છે? જ્ઞાનાવરણીય ને ફલાણું. આ તો જૈનમાં રહેલા, સંપ્રદાયમાં જન્મેલા એમ કહે, ભાઈ! અમે તો શાસ્ત્રનું સાચું નામ પણ આપીએ છીએ, લ્યો. આચાર સ્તુતિ પરંપરા. આપણામાં નથી કહ્યું? ભાઈ! ... સ્ત્રીનો ઉદય વિષયનો થાય તો પુરુષને ઈચ્છે, પુરુષને થાય તો સ્ત્રીને ઈચ્છે. શાસ્ત્રમાં નથી કહ્યું? હવે સાંભળને. કઈ અપેક્ષાએ કહ્યું છે ઈ? એ તો પોતે વિકાર કરે ત્યારે એને વેદમાં ઉદયનું નિમિત્ત કહેવાય. વિકાર કર્મ કરાવે છે? સમજાણું કાંઈ?

બે સિદ્ધાંત કહ્યા. ક્યા? '**કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે,...**' હેતુ. '**કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' કર્મનો ઉદય ન હોય અને જ્ઞાનનો અહીં અજ્ઞાનભાવ હોય એમ છે ક્યાંય? માટે કર્મનો ઉદય છે તે જ અહીં અજ્ઞાનભાવને કરે છે. બીજી વાત. '**કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે,...**' ત્રીજી દલીલ એની. એ તો કર્મ જેટલા માર્ગ આપે તેટલું જ્ઞાન થાય. શું કહે છે? નસીબ આડે પાંદડું. એમ કહે છે ને? નસીબ આડે શું પાંદડું કહે છે? ભાગ્ય આડે પાંદડું. કર્મ જરી કાંઈક પાંદડું પાંદડું કર્મ ખસેને થોડું તો અહીં જ્ઞાન થાય છે. આત્માને જ્ઞાન ત્યારે થાય, ઉઘાડ ત્યારે થાય એમ અજ્ઞાનીની દલીલ છે. સમજાય છે? આપણે શું કરવા જ્ઞાનનો ઉઘાડ કરવા કરીએ છીએ? કે કર્મના લોચા બંધાયેલા છે ને? સમજાય છે? એ આપણે જેમ તપેલાને કાટ વળગ્યો હોય બહુ કાટ ત્યાર પછી સીંદરી અને રેતી લીંબડીની લઈ. ઝીણી રેતી હોય ને લીંબડી વઢવાણના ભોગાવાની? ઝીણી રેતી ને કાથી ઘસે તો ઓલો કાટ જાય. એમ ઓલા કર્મ ચોંટ્યા છે એ આપણે તપસ્યા કરીએ ત્યારે જાય. નહિતર કર્મ તો નડે છે. ઉઘાડ થવા દેતું નથી. બેય રીતે ખોટું એનું. કર્મ ખસે તો જ્ઞાન ઉઘાડે એમ પણ નથી. અને આ અમે તપ, અપવાસ કરીએ તો કર્મ ખસે એમ પણ નથી. એ તો વિકલ્પ છે તપની ક્રિયા. એ કે દિ' હતી? સમજાણું કાંઈ?

'**કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે,...**' ભાઈ! કર્મનો માર્ગ આપે તો મતિજ્ઞાન મોટું થઈ જાય લ્યો. શ્રુતજ્ઞાન કેવડું મોટું થઈ જાય. ભગવાનને માતા-પિતાના પેટમાં હોય ત્યાં સુધી લોકનું જ્ઞાન છે શ્રુતમાં. તીર્થંકરનો જીવ માતાના પેટમાં હોય તો શ્રુતજ્ઞાનનો ઉઘાડ લોક જેટલો છે આખો. અવધિજ્ઞાન. સમજાણું? એવું અવધિજ્ઞાન લઈને આવ્યા છે, કર્મે માર્ગ આપ્યો એટલે. ના. ના. એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તો છે ને?

ઉત્તર :- ક્ષયોપશમ છે તો એની મેળાએ એને કારણે થયો છે. પોતે પુરુષાર્થ કરીને

જ્ઞાનને ખીલવ્યું તો કર્મના ક્ષયોપશમની દશા કર્મને કારણે એનામાં થઈ. આને કારણે ત્યાં થઈ એમ કે દિ' હતું? સમજાણું કાંઈ? એ તો મોટી ચર્ચા ચાલી ત્યાં. ઈસરીમાં. સમજાણું? જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાણું છે એમ સોનગઢવાળા માનતા નથી. મહારાજ! આપ શું કહો છો? નહિ. જ્ઞાનાવરણીયને લઈને જ રોકાય છે. કોઈ અંગધારી કહે તોપણ માનીએ નહિ.

મુમુક્ષુ :- એ તો .. છે ને.

ઉત્તર :- એ તો વળી ચેતનજીને... આહાહા..! અરે.. ભગવાન! શું છે આ? હજી તો અટક્યા ત્યાં. હવે એને આત્માની દૃષ્ટિ કરવી એ તો... પર્યાયની સ્વતંત્રતાની ખબર ન મળે એને દ્રવ્યની સ્વતંત્રતાની દૃષ્ટિ કરવી, મેરુ ઉપાડવા જેવું લાગે એને તો. કરી શકે જ નહિ એ.

'**કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;...**' લ્યો! અમારો ભાવ ખોટો છે? જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાનનો ઉઘાડ થાય. પણ એ તું ક્ષયોપશમ કરવાનો ભાવ કર ત્યારે ક્ષયોપશમ હોય જ. એમાં શું છે? હોય. સમજાણું કાંઈ? કેમ હશે આમાં મલૂકચંદભાઈ? આ બુદ્ધિ બહુ થોડી-ઘણી દેખાય છે ને. એમાં પ્રશ્ન થયો છે લ્યો. કે આ બધું .. દેખાય છે એનું શું કારણ? કે કાનજી સ્વામી કહે છે કે એ પોતપોતાની યોગ્યતા. નહિ. યોગ્યતા નહિ, જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઈને જ્ઞાનનો ઉઘાડ છે. કેમ પણ આ બધાને જુઓ જ્ઞાનનો સરખો ઉઘાડ છે? એનો અર્થ થયો કે નહિ કાંઈ? લ્યો!

મુમુક્ષુ :- પણ એને પોતાને ...

ઉત્તર :- હા, પણ એ ફેર છે એ પોતાને કારણે નથી. એ કર્મને કારણે છે એમ કહે છે. કર્મ જેમ ખસવા માંડ્યું એમ ઉઘાડ થવા માંડ્યો. જ્ઞાનાવરણના ક્ષયોપશમ વિના જ્ઞાનની પ્રાપ્તિની અનુપસ્થિતિ છે. એટલે જ્ઞાનની પ્રાપ્તિ હોતી નથી. એમ અજ્ઞાનીની દલીલ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પાછળ કહેશે, ખોટી વાત છે તારી બધી. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ છે એની દશામાં વિકાસ નથી કરતો તો થતો નથી. વિકાસ કર તો તારાથી જ છે. મતિનો ઉઘાડ, શ્રુતનો ઉઘાડ, અવધિનો વિકાસ, કેવળનું પ્રગટપણું એ જ્ઞાનની પર્યાયની પોતાની તાકાતથી થાય છે. કોઈ જ્ઞાનાવરણીય ખસે તો થાય, ક્ષયોપશમ થાય તો થાય એમ છે નહિ. તો આ નિમિત્તના કથનો કેમ આવ્યા? પણ કથન એવું આવ્યા વિના શું કરે? ત્યારે કથન શી રીતે કરવું? ભાષાની શૈલીની એવી શૈલી જ છે એ તો. ભાષાની શૈલી જ એવી છે. કહો, સમજાણું? એ જ્ઞાનની વાત કરી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે '**કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' કહો, દર્શનાવરણીયનો ઉદય આવે ત્યારે નિદ્રા થાય.

મુમુક્ષુ :- ૫૦ દોકડા સાચા છે.

ઉત્તર :- ખોટા દોકડા છે એના. કહો, બેઠા બેઠા ઝોલા નથી આવતા કેટલાકને? એ કહે છે કે નિદ્રાનો ઉદય હોય તો નિદ્રા આવે. એમ કહે છે. ના. ના. તું પ્રમાદની પર્યાય પ્રગટ કરે ત્યારે નિદ્રા આવે છે. નિદ્રાવરણીય કર્મને (કારણે) નિદ્રા છે નહિ. બધાની સંભાળ લીધી છે. કર્મ જ સુવાડે છે, ભાઈ! જુઓ! એ તો સરખું લાગે છે. નિદ્રા કર્મનો ઉદય આવે તો ફટ નિદ્રા આવે લ્યો. નિદ્રાનો ઉદય ન હોય ને કોઈ સૂતો હોય એ બતાવો લાવો. પણ એ સૂવાની પર્યાયમાં પ્રમાદ પોતાની પર્યાય છે. નિદ્રા એ તો જડ છે, એ ક્યાં તને નિદ્રા કરાવે છે? સમજાય છે? આ જુઓને મુનિઓને નિદ્રા કેટલી? બહુ અલ્પ.. બહુ અલ્પ. ઓહોહો..! પોતાના ક્ષયોપશમની પુરુષાર્થની જાગૃતિ એટલી છે. ઘણી (અલ્પ) નિદ્રા તે કેટલી? એક સેકન્ડના ત્રણ પોણો ભાગ. રાતે પાછલા પહોરમાં સહેજ નિદ્રા. એટલી આત્માના સ્વરૂપ તરફ સાવધાની હોય છે. એ મુનિને એક સેકન્ડ નિદ્રા ન હોય. સમજાણું કાંઈ? એક સેકન્ડ નિદ્રા નહિ. આ બધા બબ્બે-ચાર-ચાર કલાક ઘોરે છે એ મુનિ છે જ નહિ. એય..! આઠ-આઠ કલાક. કેટલાક તો રાતે ચંપી કરાવે બબ્બે-દોઢ-દોઢ કલાક બિચારા સાધુ પાસે હોં! ચંપી કરાવીને પછી સૂવે નિરાંતે. પેલો સૂઈ જાય ત્યારે ઓલો બિચારો સૂવે. ત્યાં સુધી ચંપી કરાવે. એ સવારે ઉઠે પાછો પાંચ વાગે. પડિક્કમણાનું ટાણું હોય ત્યારે છ વાગે. આ સાધુ. સાધુ કેવા? એને તો અપ્રમત્ત સાવધાની એટલી છે આત્મામાં, એટલી ઉગ્રતા આત્મામાં છે, આનંદના અંતરમાં પડ્યો છે મશગુલ. અલ્પ નિદ્રા જરી આવી જાય છે. સમજાણું કાંઈ? એ નિદ્રા પોતાના પ્રમાદને કારણે છે. એને છઠ્ઠા ગુણસ્થાનમાં નિદ્રા હોય. સમજાય છે કાંઈ? સાતમામાં હોય નહિ. આહાહા..! જેણે સ્વરૂપને એટલો સાધવા જાગૃત કરી રાખ્યો છે. એ પોતાને કારણે એટલો પ્રમાદ છે એમ કહે છે હોં! એ કાંઈ દર્શનાવરણીયને લઈને નથી.

'**કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના...**' લ્યો! નિદ્રા નામનો ઉદય હોય ત્યારે આને નિદ્રા આવે. અમારી વાત ખોટી છે કાંઈ? ઉદય વિના એને નિદ્રા હોય છે? પણ ઉદય તો એનામાં રહ્યો. નિદ્રા તો પોતે કરે ત્યારે થાય છે.

મુમુક્ષુ :- એક દાખલો બતાવોને.

ઉત્તર :- એમ કે ઉદય ન હોય ને નિદ્રા હોય એવો દાખલો બતાવોને. પણ એ તો પોતે એનો ઉદય કાળ એનો ઉદય, અને અહીં નિદ્રાની પર્યાય કાળે આની પર્યાય. બેય સમ કાળે છે. એમાં સમ કાળે છે એમાં દાખલો શેનો? અહીં જ્યારે જાગૃત છે ત્યારે ઓલાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉદય નથી. એ તો એને કારણે ઉદય નથી. સમજાણું કાંઈ?

**'કર્મ જ જગાડે છે,...'** એ જ્યાં નિદ્રાવરણીય પૂરું થયું તો ફટ જગાડે એમ કહે છે અજ્ઞાની. **'કારણ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના...'** લ્યો ઠીક! એનો કાંઈક ક્ષયોપશમ. પણ એનો અર્થ કે એનો ક્ષયોપશમ કાંઈક મંદ પડ્યા વિના, ઉદય મંદ પડ્યા વિના...

મુમુક્ષુ :- એ તો ઉદયની ઉદીરણા આવે. ઉદીરણા મટી જાય.

ઉત્તર :- એમ કહે છે. પણ એમ છે નહિ. પોતે ઉદીરણા કરે છે તો નિદ્રા આવે છે અને ઉદીરણા ન કરે તો નિદ્રા ન આવે. એવી છે જાગૃતિ જુઓને કેટલાકને. સમજાય છે? ઓહોહો..! ૨૪ કલાકમાં મુનિને એક સેકન્ડનો થોડો ભાગ નિદ્રા આવે. ઓહોહો..! ભગવાનને બિલકુલ નિદ્રા નહિ જરીએ. કેવળીને. ત્યારે આ તો ભગવાનની તૈયારી થવાની મુનિને છે. મુનિ એટલે ભગવાનના પ્રધાન. સાક્ષાત કેવળજ્ઞાન લીધું કે લઉં, લીધું કે લઉં જાણે. એટલો ઊંડો ઊંડો ઉતરે છે અંદર કે સમાઈ જાઉં. ફટ. સમજાણું કાંઈ? એવી જેની દશા એ પોતાને કારણે છે. કાંઈ કર્મ નિદ્રાવરણીયનો ક્ષયોપશમ છે માટે તે નિદ્રા નથી એને એમ છે નહિ. કહો.

**'કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'**

મુમુક્ષુ :- આ રૂપિયાના ઢગલા શેના થયા?

ઉત્તર :- આ ઢગલા શેના થયા? પૈસા. શાતાવેદનીયના ઉદય વિના પૈસા આવે નહિ. અહીં તો બીજી માંડે છે. એ પૈસા આવ્યા, એમાં સુખ માને છે એ શાતાવેદનીયને લઈને. એમ લેવું. સુખ માનવું છે એ તો ભલે મોહને લઈને પણ અહીં સુખ માને છે ને? સુખી છીએ, બાપુ! પૈસે ટકે હમણાં સુખી છીએ. કહે છે ને? કહે છે?

મુમુક્ષુ :- છે તો કહે જ ને.

ઉત્તર :- ધૂળમાંય નથી. પૈસા ઢગલા આવ્યા એ તો શાતાવેદનીયનો ઉદય હોય. સમજાય છે?

**'શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** કોને? સુખીપણાનો સંયોગ થવો. સુખીપણાનો સંયોગ થવો. પછી સુખી માને છે એ વળી જુદી વાત છે. પણ સુખનો આમ સંયોગ થવો. પૈસા મળવા, સ્ત્રી, કુટુંબ અનુકૂળ મળવું, બંગલા મળવા, હાથી-ઘોડા.. સમજાય છે? કપડા સારા મળવા, મોટરું સારી મળવી, દાગીના પણ સારા સારા આમ જોવે એવા, જોવે એવા મળે લ્યો!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એવા મળે. જે લેવાનો ભાવ થાય એવી જ ગામમાં વસ્તુ કોઈ વેચાવા આવી હોય એવી શૈલી બધી. એ શાતાવેદનીયને લઈને સામગ્રી આવે છે. સમજાય છે? અહીં કહે કે ના ના. એ સામગ્રી એને કારણે આવે અને સુખી માને એને કારણે. શાતાવેદનીયને કારણે નહિ. તો આ હુશિયારીવાળો પૈસા મેળવી શકે એમ વાત સાચી હશે કે નહિ? દુકાને બરાબર ધ્યાન રાખીને બેસે. છોકરાને ન આવડે કરતા અને પોતે ધ્યાન રાખીને બેસે તો રળે. નહિતર તો ભીખ માગવી જોઈએ છોકરાને. ધનજીભાઈ! કેમ હશે? એય..! પ્રેમચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહો પણ હવે પોતે દુકાને બેસે તો પ્રત્યક્ષ દેખાય કે પૈસા ગ્રાહક એની આંખે શરમાય. કારણ કે ૨૫-૨૫, ૩૦ વર્ષથી લેવડ-દેવડમાં હોય તો એ શરમાય. અમારે કુંવરજીભાઈ એમ કહેતા લ્યો. છોકરા ના પાડે. છોકરા ના પાડે કે એટલું નહિ. કે નહિ બાપા! માલ થોડો લેવો. નહિ ત્રણ હજાર રૂપિયાનો લેવા માગે છે. લ્યો. બાપુ! એ ઘરાકની રજેય ક્યાં છે? વળી એમ બોલે વાણિયા. અને એ બાપા રળાવે છે અને આપણે ખાવું છે, ઈ તો બધા આપણા હાથ-પગ છે. ઠીક! એય..! ભીખાભાઈ! એટલી બધી મૂર્ખાઈ છે એની. આ કહે, શાતાવેદનીયના.. બાપા! આમ મૂર્ખા હોય એને પણ ઢગલા થાય અને ડાહ્યા કહેવાય લ્યો. પૈસાવાળાના છોકરા ડાહ્યા કહેવાય. એ તો સાંભળ્યું છે કે નહિ? બે નામે બોલાવે. બાપ પણ છોકરાને બે નામે બોલાવે પૈસાવાળો હોય તો લ્યો.

મુમુક્ષુ :- એ તો બોલાવવા જ પડે ને. પાછા એની પાસે લેવા હોય તો.

ઉત્તર :- લેવા હોય તો પણ મળતા નથી ત્યાં. એક જણે આપ્યા બસ છે. હવે એને જવાબ આપે. આને કઢાવવા હોય તો કાઢે નહિ. એ ક્યાં કોઈ આપી દેતું હતું ત્યાં? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેય ખુલાસા આપે કરી દીધા.

ઉત્તર :- આ તો ન્યાયની વાત છે કે નહિ? આપણે મલૂકચંદભાઈની કાંઈ વાત નથી. પણ વસ્તુ (એમ છે).

મુમુક્ષુ :- આખી દુનિયામાં એમ ચાલે છે.

ઉત્તર :- દુનિયામાં એમ ચાલે છે. બાપ પાસે પૈસા હોય ને છોકરા સાધારણ હોય લ્યો. છે ને? જોયું છે ને બધું. બાપ પાસે પૈસા પાંચ-પાંચ લાખ, છોકરા પાસે રોટલા પણ ન હોય. અમે જોયું છે ને નજરે હોં! વહોરવા જઈએ ત્યાં છોકરાના છોકરા. બાપ પાસે પાંચ લાખ રૂપિયા ને ગૃહસ્થ માણસ. એય.. લાપસી ઉડતી હોય. અહીં વહોરવા ગયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોય તો ઘી પણ ન હોય. છોકરાના છોકરા જુદા થઈ ગયા હોય પછી કેટલુક આપે. લોટ પડ્યો હોય એકલો સાધારણ, દાળ-શાક સાથે. એ તો એને શાતાવેદનીયનો ઉદય હોય એને મળે. મળે પણ એ પૈસા શાતાને લઈને નિમિત્ત થાય. ત્યારે આ માને કે હું સુખી છું શાતાને લઈને. મૂઢ થઈને માને છે. એ શાતાવેદનીય કાંઈ મનાવતું નથી. સમજાણું કાંઈ? ખરેખર તો એ શાતાવેદનીય પૈસાને લાવતું પણ નથી. એ તો સંયોગી ચીજ સ્વતંત્ર છે. શાતાવેદનીય તો નિમિત્ત છે માત્ર. સમજાણું? દીકરાના દીકરા પાસે ફટાકડાના પૈસા ન હોય દિવાળીને દિ' અને પોતાના છોકરા હોય એ આમ ફટાકડા ઉડાડતા હોય પાંચ-પાંચ, પચ્ચીસ-પચ્ચીસ પચાસ રૂપિયાના. લ્યો. એવું હોય છે કે નહિ? ત્યારે આ કહે છે, લ્યો શાતાને લઈને મળે છે. પણ શાતાને લઈને મળે એટલે એમાં આત્માને શું? એ માને છે સુખી સંયોગ મને મળ્યા મારે કારણે શાતાવેદનીયને કારણે એમ નથી. એ તો એક રજકણો આવવાના હતા એ આવ્યા, અને સુખી છું એમ માન્યું એ તો તારી ભૂલને લઈને છે. શાતાવેદનીય સુખ મનાવે છે એમ નથી. સમજાણું? '**શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' અનુપપત્તિ એટલે કે શાતા વિના સુખના સંયોગ મળતા નથી. અને સુખ પણ માનતો નથી એમ કહે છે.

'**કર્મ જ દુઃખી કરે છે,...**' લ્યો! '**કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' અશાતાનો ઉદય આવે તો નરકના દુઃખમાં જાવું પડે લ્યો, કહે છે.

મુમુક્ષુ :- તાવ આવે.

ઉત્તર :- તાવ આવે, માથા ફાટે. ચુરમાના લાડવા તૈયાર કર્યા હોય દિવાળીનો દિ'. લાડવા તૈયાર આમ બધું ઘુઘરા, ફાફડા શું કહે છે બધી જાતનું? કેટલી ચીજો હોય. જ્યાં દૂધ પીધું અને સાડા નવ થયા અને ધમધમતો તાવ. કેટલો? છ ડિગ્રી. ભાઈસાહેબ! જુઓ! અશાતાના ઉદયને લઈને દુઃખી થાય છે કે નહિ? ના. ના. એમ નથી. એ તો અશાતાનો ઉદય નિમિત્ત અને જડની પર્યાય તે ટાણે તેવી થવાની હતી. ઓલો મૂઢ થઈને માને છે કે હું દુઃખી છું. એ અશાતા વેદનીય એને દુઃખ મનાવતું નથી. સમજાણું કાંઈ?

'**અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' એમ અજ્ઞાનીની દલીલ છે હોં! એમ છે નહિ. એ તો અશાતાનો ઉદય હોય અને અહીંયાં દુઃખ માને તો થાય અને દુઃખ ન માને તો ન થાય. કાંઈ નથી. હું તો આનંદ છું. પ્રતિકૂળ સંયોગ હોય તો હું તો આનંદ છું. મારું તો આનંદસ્વરૂપ મારા આનંદમાં છું. મને કાંઈ દુઃખ છે નહિ. હું ક્યાંય દુઃખ ભાળતો નથી. એ પોતાના પુરુષાર્થની વાત છે. અજ્ઞાની અશાતાના ઉદયમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘેરાઈ ગયેલો દેખાય. ચારે કોર બાપા અત્યારે તો એક પછી એક ખાટલા ઉપડતા નથી ઘરમાંથી. એક માંદો હોય એ સાજો થાય ત્યાં બીજો માંદો, બીજો સાજો થાય ત્યાં ત્રીજો માંદો. બાર મહિનાથી ખાટલો ખાલી થાતો નથી એમ કહે. કહે છે કે નહિ એમાં?

મુમુક્ષુ :- એક સાજો થાય તો બબ્બે માંદા પડે.

ઉત્તર :- હા બબ્બે માંદા પડે. આમાં ક્યાંય સખ નથી બાપા! એ કર્મને લઈને નથી. ના ના એમ નથી. સમજાણું કાંઈ? એ અશાતાવેદનીયને લઈને સંયોગ આવે. સુખ કે દુઃખ માન એ તો તારા અધિકારની વાત છે. એ કાંઈ દુઃખ મનાવે છે એમ છે નહિ. દુઃખ માનવું એ તારા ઊંધા પુરુષાર્થને લઈને છે. કર્મ કાંઈ દુઃખ એને મનાવતું નથી. અશાતાવેદનીય દુઃખની પર્યાયનો કર્તા નથી. દુઃખની પર્યાયનો કર્તા તું છો. અને શાતાવેદનીય વખતે સુખની કલ્પનાનો કર્તા પણ તું છો. શાતાવેદનીય કરાવતું નથી. એમ સ્વતંત્ર પર્યાયનો કર્તા જીવ છે છતાં કર્મ મનાવે છે, કર્મ કરાવે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૧૩, મંગળવાર તા. ૧૪-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૩૯૬**

સમયસાર. ૩૪૪ ગાથા સુધી છે. અશાતા સુધી આવી ગયું છે. છે ને? '**કર્મ જ મિથ્યાદષ્ટિ કરે છે,...**' ત્યાં આવ્યું છે. એ બતાવો ભાઈને. '**કર્મ જ મિથ્યાદષ્ટિ કરે છે,...**' એ આવ્યું છે. આવ્યું? શું કહે છે? અજ્ઞાનીનો એવો એક એકાંત અભિપ્રાય છે કે આ આત્મા જે છે એને મિથ્યાદષ્ટિ એટલે ઊંધી દષ્ટિનો ભાવ એ કર્મ નામ જે જડ છે એ એને મિથ્યાદષ્ટિ કરાવે છે. સમજાણું કાંઈ? '**કર્મ જ મિથ્યાદષ્ટિ કરે છે,...**' જડ કર્મ છે એક દર્શનમોહનીય પ્રકૃતિ કર્મ, એ આત્મામાં મિથ્યાત્વપણું, ઊંધી શ્રદ્ધાપણું, વિપરીત અભિપ્રાયપણું એ કર્મ કરાવે છે. એકાંતે કર્મ જ આત્માને ભૂલ કરાવે છે મિથ્યાત્વની એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. પોતે આત્મા જ પોતાના ચૈતન્ય આનંદ સ્વરૂપને ભૂલી અને વિપરીત અભિપ્રાય એટલે કે પુણ્ય-પાપમાં સુખ છે, વિકારી પરિણામ જેટલો છું એવી જે મિથ્યાદષ્ટિપણું એ આત્મા પોતે જ ઊલ્ટો પડે એટલે કરે છે. કર્મ કરાવે છે મિથ્યાત્વભાવ એ વાત સાચી નથી. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- કર્મ કરે છે એમ લીધું.

ઉત્તર :- હા, એ કરે છે. એનો અર્થ કે એ કરે છે. કર્મ જ કરે છે એ. મિથ્યાદષ્ટિપણું કર્મ જ કરે છે. ઊંધી દષ્ટિ કરાવે છે એમ પણ નહિ. જીવ કરે અને એ કરાવે એમ પણ નહિ. કર્મનો ઉદય જે જડ છે એનો ઉદય આવતા જીવને એ કર્મ જ મિથ્યાદષ્ટિપણું કરે છે એમ કહે છે. કરાવે તો તો પોતે કરે અને એ કરાવે એમ થઈ જાય. એમ નથી. એ તો કહે છે કે અમારે તો કર્મ છે અંદરમાં એ અમને ઊંધી શ્રદ્ધા કરાવે છે એટલે કે એ કરે છે. અમને ઊંધી શ્રદ્ધા મિથ્યાત્વની એ કરે છે. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમારામાં મિથ્યાદષ્ટિપણું એ કર્મ જ કરે છે, એમ. અમે કાંઈ નહિ. અમે તો ચોખ્ખા ધોયેલ મૂળા જેવા છીએ. અમારી કાંઈ ભૂલ છે નહિ. એમ કહે છે, લ્યો. જૈનમાં અત્યારે ઘણું ચાલ્યું છે ને કે કર્મ... કર્મ... કર્મ.... કર્મ આત્માને ભૂલ કરાવે, કર્મ આત્માને મિથ્યાત્વ (કરાવે). દર્શનમોહ વિનાનો કર્મ... જુઓ! એ જ કહે છે જુઓ! એ દલીલ છે, અત્યારે ચાલે છે અહીં.

'**કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' એ અજ્ઞાનીની

દલીલ છે કે મિથ્યાત્વ નામનું એક કર્મ છે એના ઉદય વિના, પાક વિના આત્મામાં મિથ્યાત્વપણું થતું નથી. માટે અમને તો એમ લાગે છે કે મિથ્યાદષ્ટિપણું કર્મ જ અમને કરાવે છે એટલે કરે છે. અમે તો ચોખ્ખા નિર્મળ શુદ્ધ છીએ. સમજાણું કાંઈ? જૂઠી વાત છે.

તું ઊંધી શ્રદ્ધા કર તો કર્મને નિમિત્ત તરીકે કહેવાય, પણ કર્મ તને ઊંધી શ્રદ્ધા કરાવે એમ છે નહિ. સમજાણું? એ અભિપ્રાય છે ને? અત્યારે ચાલે છે, ઘણાં એ જ કહે છે. સમજાણું? ઉપાદાનથી થતું હોય તો તમે કહો કે ભગવાન જેવા નિમિત્ત મળ્યા અને કેમ ન થયું? કે ત્યાં દર્શનમોહની નડતર હતી અંદરમાં માટે મિથ્યાત્વપણું ન ટળ્યું. એમ કહે છે. શું કીધું સમજાણું? તમે કહો કે ઉપાદાનથી થતું હોય, નિમિત્તથી ન થાય. જુઓ! ભગવાન પાસે ગયા અનંતવાર. સમવસરણમાં, ધર્મસભામાં ગયો અનંત વાર, પણ પોતાનું મિથ્યાદષ્ટિપણું પોતે ટાળ્યું નહિ. કેમ કે ઉપાદાનની ભૂલ છે ઈ. ત્યારે કહે, નિમિત્ત તો આવું હતું કેમ ન ટળ્યું? માટે નિમિત્તથી થતું હોય, તમે એમ દલીલ કરો કે નિમિત્ત થતું હોય ત્યાં એનું મિથ્યાદષ્ટિપણું ટળવું જોઈએ. ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકર ધર્મસભામાં બિરાજમાન, સર્વજ્ઞ પરમેશ્વર એની સભામાં પણ અનંત વાર ગયો છે. અનંતા ભવ કર્યા છે ને? તો ત્યાં મિથ્યાદષ્ટિપણું, ઊંધી શ્રદ્ધાપણું, વિપરીત માન્યતાપણું કેમ ટળ્યું નહિ? જો નિમિત્તથી ટળતું હોય તો? માટે નિમિત્તથી ટળતું નથી. એમ જે આ બાજુથી કહેવામાં આવે, ત્યારે એ કહે કે પણ તમે એ નિમિત્તથી ટળતું નથી. પણ અંદર દર્શનમોહનું એક કર્મ છે. એનું નિમિત્તપણું છે માટે તે મિથ્યાત્વપણું ટળતું નથી. ધીરૂભાઈ! એ દલીલ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જૂઠી વાત છે.

પોતે મિથ્યાત્વભાવ છોડતો નથી, પોતાનો આનંદ સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છે આત્મા. સર્વજ્ઞ પરમેશ્વરને જેવો આનંદ અને જ્ઞાન પ્રગટ્યું, ભગવાન પરમેશ્વરને જે સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું, અનંત બળ અને અનંત આનંદ ભગવાન પરમેશ્વરને પ્રગટ્યા અરિહંતને, એવો જ આત્માનો સ્વભાવ છે. કાંઈ બહારથી આવતું નથી. એવો આત્માનો સ્વભાવ એને અનાદિથી એણે માન્યો નથી. ક્યાંક ક્યાંક લપ રાખ્યું છે. કાં તો પુણ્યથી ધર્મ થશે, પાપમાં મજા છે, કાં તો એક સમયનો વિકલ્પ જે ઉઠે છે એનાથી, આ વિકલ્પ ઉઠે છે, એનાથી મારું કલ્યાણ થશે, એમાંથી મારી ધર્મક્રિયા થશે. કાં એક સમયની પર્યાય જે છે-અવસ્થા એટલો હું છું એમ માનીને પણ પોતે મિથ્યાત્વભાવને છોડ્યો નથી. સમજાય છે કાંઈ? કર્મનો જરીએ વાંક નથી. એમ અહીં સિદ્ધ કરે છે.

અજ્ઞાની શાસ્ત્રમાં લખેલા હોય ભાવ, એના ભાવને સમજ્યા વિના પોતાની બુદ્ધિએ ઊંધા અર્થ કરે છે એમ કહે છે આ. સમજાય છે? આગળ કહેશે ગાથા. ૧૩ ગાથા છે

ને આ તો બધી?

મુમુક્ષુ :- શાસ્ત્રના ઊંધા અર્થ કરે.

ઉત્તર :- હા, શાસ્ત્રના ઊંધા અર્થ કરે. જુઓ! અંદર છે.

'**પોતાની પ્રજ્ઞાના અપરાધથી...**' જુઓ. '**(આચાર્યદેવ કહે છે કે :-)**' બીજો પેરેગ્રાફ છે જુઓ એમાં. '**(આચાર્યદેવ કહે છે કે :-) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા...**' શાસ્ત્રમાં કઈ રીતે, કઈ નયે કહ્યું છે એના '**અર્થના નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો...**' સાધુ નામ ધરાવનારા, મુનિના ગુણો નથી, આત્માનું ભાન નથી અને સાધુ દ્રવ્યલિંગી જૈન થયા છે. અને શાસ્ત્રોના અર્થ કેમ કરવા એની એને ખબર નથી. એટલે શાસ્ત્રમાં લખ્યું હોય જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાન રોકાય, દર્શનમોહનીયને લઈને મિથ્યાત્વ થાય એમ લખ્યું હોય એનો અર્થ એવો કરે છે. પણ એમાં તું કર તો તે નિમિત્ત કહેવાય એમ એ સમજતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ બધા વાંધા ઉઠ્યા છે. જુઓને! આચાર્યે કેટલી વાત કર્તા કર્મમાં નાખી છે. ક્યાંક.. ક્યાંક... ક્યાંક.. એને એવી રીતે લપ રહી જાય છે પોતામાં. ભૂલ કરે કે કાંઈક.. કાંઈક... કાંઈક... તો હશે, કંઈક તો અસર કર્મની હશે. કંઈક કર્મની અસર વિના આત્મા વિકાર કરે? કહો. સમજાણું?

ઘણા વર્ષની વાત. (સંવત) ૧૯૮૧માં પ્રશ્ન થયો હતો, લ્યો. ૮૧ની સાલ. કેટલા વર્ષ થયા? ૪૩. ૪૩ વર્ષ પહેલા પ્રશ્ન આવ્યો હતો એક મોટો. આ આત્મા નિગોદમાં અલ્પ સ્થિતિ છે કર્મની... જરી ઝીણી વાત છે. કર્મની ત્યાં સ્થિતિ નિગોદમાં એક સાગરની છે. સમજાય છે કાંઈ? એ કર્મ બાંધે છે ને નિગોદના જીવ આ લીલોતરીના, આ વનસ્પતિના? તો ભગવાને કહ્યું છે અને એમ છે. પરમાત્મા સર્વજ્ઞદેવના જ્ઞાનમાં એ આવ્યું છે અને એમ છે. કે એ નિગોદનો જીવ છે કે આ વનસ્પતિનો જીવ છે. એ જીવ છે અંદર હોં. પાંદડામાં અસંખ્ય જીવ છે. ઈ એક એક જીવની સ્થિતિ કર્મની એની પાસે એક સાગરોપમની જ હોય છે. વધારે હોતી નથી. આ મિથ્યાત્વની. આ મિથ્યાત્વની અત્યારે વાત ચાલે છે. બીજી તો થોડી સ્થિતિ હોય છે. સમજ્યાને? આની વધારે હોય છે.

એક સાગરોપમ. એ મોટી લાંબી વાત છે. એક સાગરોપમમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. એવી સ્થિતિ એક સાગરની જ છે આના જીવને. ત્યારે એમનો પ્રશ્ન થયો કે અહીંથી જ્યારે બહાર નીકળે... સમજાય છે ને? ત્યારે સ્થિતિ કર્મની વધારે છે એ ક્યાંથી વધારે છે? સ્થિતિ તો એમાં નથી. અને આત્મામાં કર્મ સ્થિતિ વધારવું એવું ક્યાંથી આવ્યું? ઘટાડવું આવે. સમજાણું કાંઈ? ઓલા શાસ્ત્રના ભણતર મોટા હોં. ભણેલા, બધા વાંચેલા. એનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રશ્ન ઉઠ્યો કે આત્મામાં તાકાત છે કે કર્મની સ્થિતિ છે એ પુરુષાર્થ વડે ઘટાડે. અહીં ઘટે અને અહીં પુરુષાર્થ ચાલે. પણ કર્મની સ્થિતિમાં સ્થિતિ ઝાઝી નથી અને અહીં સ્થિતિ વધારે એવું વીર્ય આવ્યું ક્યાંથી? કારણ કે આત્મામાં એ ક્યાંથી આવે? સમજાણું કાંઈ આમાં? વધારે ક્યાંથી આવે? કારણ કે કર્મના પ્રમાણમાં ત્યાં સ્થિતિ અને રસ હોય એટલા પ્રમાણમાં અહીં આત્મા રાગ-દ્વેષ કરે અને એટલી સ્થિતિ અને રસ બાંધે. પણ ત્યાં સ્થિતિ થોડી અને વળી સ્થિતિ અહીં વધારે આત્મા એ આત્મામાં ક્યાં થયું? આમાં શું કીધું સમજાય છે કાંઈ? કપુરચંદભાઈ! આ તો પ્રશ્ન ૮૧માં ચાલેલા. ૪૬ વર્ષ પહેલા. બહુ પ્રશ્ન. તમારે ગઢડે આવ્યો હતો.

મેં દાખલો પછી નિગોદનો આપ્યો હતો. એણે તો આમ કીધું કે કર્મમાં થોડી સ્થિતિ હોય.. સ્થિતિ સમજાય છે? કર્મમાં મુદ્દત હોય છે. કોઈમાં અંતર્મુહૂર્તની સ્થિતિ, કોઈમાં સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિ. જેમ આ રજકો થાય એ બે મહિને થાય. રાયણ થાય એ ૩૦ વર્ષે થાય. રાયણ. એમ કર્મના રજકણો જે અંદર પડ્યા છે એમાં પણ એના જીવના જેવા ભાવ હતા ને વિકારી, એના પ્રમાણમાં ત્યાં સ્થિતિ અને રસ એમાં પડે છે. કર્મમાં મુદ્દત પડે છે. મુદ્દત. આટલા મુદ્દત સુધી આ રહે. તો કહે છે કે નિગોદના જીવને કર્મની મુદ્દત હોય. તો એક સાગરોપમનું માપ છે અસંખ્ય અબજ વર્ષનું. એટલી મુદ્દત હોય. અને જો એમાંથી બહાર નીકળે તો સ્થિતિ વધારી નાખે. ત્યાંથી માણસમાં આવે. એકેન્દ્રિયમાંથી માણસ થાય છે. લીલોતરી મરીને ઈયળ થાય, કીડી થાય, મકોડો થાય, માણસ થાય, રાજા થાય. તો એ બહાર નીકળ્યો ત્યાં અંતર ક્રોડાક્રોડીની સ્થિતિ થઈ જાય રસ્તામાં.

મુમુક્ષુ :- એ ક્યાંથી આવી એમ કહે છે.

ઉત્તર :- આવી ક્યાંથી? એ કર્મમાં વધારે નથી ને આવી ક્યાંથી આ? સ્થિતિ ઘટાડી શકે આત્મા. વધારે ક્યાંથી? ઓલામાં નથી અને અહીં આત્મામાં નથી સ્થિતિ વધારવાનું. આત્મા તો શુદ્ધ છે સ્વતંત્ર. ભાઈ! એમ નથી. કર્મમાં સ્થિતિ થોડી હોય તોપણ ત્યાં ઊંધો પુરુષાર્થ કરી અને વધારે સ્થિતિવાળો ભાવ કરીને સ્થિતિ કર્મમાં પડે તેવો સ્વભાવ (છે), પર્યાયનો એવો એનો સ્વભાવ છે. ઝીણું ભારે પણ ભાઈ. સમજાણું કાંઈ? આમ શાસ્ત્રના બધા ભણેલા ગોથા ખાય છે આ. એમ નથી. કીધું.

પોતાનો ઊલટો પુરુષાર્થ વિશેષ હોય, વીર્ય વધી ગયું છે. બહાર નીકળ્યો ને એટલે વીર્ય વધી ગયું છે. ત્યાં વીર્ય થોડું છે આમાં. લીલોતરીમાં, બટાટામાં, શક્કરકંદમાં જીવ છે બધા અનંતા. ત્યાં વીર્ય અંદર શક્તિ ઘણી ઓછી છે એટલે સ્થિતિ ઓછી છે ત્યાં. અહીં બહાર નીકળ્યો ત્યાં વીર્ય વધી ગયું છે સ્થિતિ વધારવાનું. સમજાય છે? સ્થિતિ ઓલામાં નહોતી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નિમિત્ત થોડું હતું. અને આ સ્થિતિમાં પુરુષાર્થમાં વધારે આવી ગયું. કર્યું, સ્વતંત્ર એ પર્યાયનો સ્વતંત્ર ભાવ છે એવો.

મુમુક્ષુ :- જૈનનો સિદ્ધાંત વધી ગયો કર્મ પ્રમાણે થાય.

ઉત્તર :- કોણે કીધું? કર્મ પ્રમાણે થાતું નથી એ તો વાત છે ખોટી. એની તો માંડી છે આ. કર્મ પ્રમાણે થાય.. કર્મ પ્રમાણે થાય. કર્મ પ્રમાણે થાય એમ છે જ નહિ. આ સિદ્ધાંત છે કે નહિ આ વાત? અનાદિની વીતરાગ પરમેશ્વરે જોઈ છે. કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્મા અરિહંત સર્વજ્ઞ એક સમયનું ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાન, એની વાણીમાં આ આવ્યું છે. એકેન્દ્રિયના જીવોને આ બટાટા, શક્કરકંદમાં જીવ છે અનંત. એ એક એક જીવને કર્મની સ્થિતિ હોય, ઝાઝામાં ઝાઝી મિથ્યાત્વ અને દર્શનમોહનીયની એક સાગરની હોય. હવે ત્યાં એવા શુભભાવ થાય એના કે ત્યાંથી મરીને અહીં માણસ થાય, કે અંતઃકરણની સ્થિતિ જ્યાં બહાર નીકળ્યો અને આયુષ્ય જ્યાં ઉદય આવ્યું મનુષ્યનું અંતઃકરણની સ્થિતિ થઈ જાય. કર્મમાં નથી ને આ થઈ ક્યાંથી? પોતાથી થઈ. સ્વતંત્ર એ સમયનો પર્યાય વિકાર કરવાને યોગ્ય સ્થિતિને નિમિત્ત થાય એવો યોગ છે. સમજાણું કાંઈ? અને ઘટાડે તો ઘટાડે તો ઠીક છે એ તો એમ કહે ને. પણ વધ્યું ક્યાંથી? ઓલામાં ન મળે અને અહીં તોલ આવ્યો ક્યાંથી ઝાઝો? પણ એવું જ નિમિત્ત હોય એવી સ્થિતિ અહીં ઉત્પન્ન કરે એવું વીર્ય હોય એમ કહ્યું કોણે? કીધું. સમજાણું કાંઈ? આ વાંધા તો અમારે ઠેઠથી ચાલ્યા આવે છે. એ.. ૭૧થી. ૭૧ની સાલ. કેટલા વર્ષ થયા? ૫૩ થયા. ૫૩થી ચાલ્યા આવે છે. કર્મથી થાય.. કર્મથી (થાય). બધા જૈનના સ્થાનકવાસી, દેરાવાસી બોલે અને દિગંબર પણ બોલે લ્યો. કર્મને (લઈને) નહિ. કર્મને લઈને ના પાડે છે અહીં, કર્મને લઈને હોય નહિ ત્રણ કાળમાં.

મુમુક્ષુ :- આચાર્ય ભગવાન...

ઉત્તર :- આચાર્ય ભગવાન બે હજાર વર્ષ પહેલા ભગવાન હતા કુંદકુંદાચાર્ય દિગંબર સંત. તે દિ' આવું હતું લ્યો! એ તો મિથ્યાદષ્ટિપણું કર્મ જ કરાવે છે. અમે શું કરીએ આત્મા? આત્મા દોષ કરે? આત્મા તો નિર્દોષ વસ્તુ છે. અરે..! સાંભળને. નિર્દોષ હોવા છતાં પર્યાયમાં દોષ પોતે સ્વતંત્ર (કરે છે). એક એક સમયનો સ્વતંત્ર પુરુષાર્થ અને ગુણની ઊલટી દશા કરવી એ એનું સ્વતંત્રપણું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તે અનંત કાળના હોય છે એમાં શું છે?

મુમુક્ષુ :- એથી જૂના હોય તો શું થયું?

ઉત્તર :- તો શું થયું?

મુમુક્ષુ :- આ તો જૂના કે દિ' અનાદિના ચાલ્યા આવે છે.

ઉત્તર :- એ કાંઈ ભલે એવા જૂના ન થાય. એ તો પછી .. હોય તો એને શું? .. પહેલેથી. એવું કાંઈ એને નથી. પાછળથી જરી. મારી દીક્ષા (સંવત) ૧૯૭૦માં થઈ પછી વધારે વાંચતા હતા. પહેલા તો કાંઈ હતું નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો!

'**કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે, કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના...**' અત્યારે પ્રશ્ન એમ આવે છે. એવો એક દાખલો આપો કે દર્શનમોહનો ઉદય હોય અને મિથ્યાત્વ ન થયું હોય. એમ કહે છે. પણ મિથ્યાત્વ તો પોતે થાય ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. અહીં ન કરે તો ખરી જાય છે ત્યાં કર્મ. કર્મ એને કરાવે છે? એ વસ્તુ તો પછી આત્માના અધિકારમાં, દોષ કરવાનો અધિકાર રહેતો નથી તો પછી દોષ ટાળવાનો અધિકાર એને છે નહિ. દોષ એ ટળે, કર્મ ટાળે ત્યારે દોષ ટળે અમારે કાંઈ કરવાનું રહ્યું નહિ. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? થયું લ્યો. એક વાત થઈ.

બીજી વાત. '**કર્મ જ અસંયમી કરે છે,...**' જુઓ! એ ચારિત્રમોહનો ઉદય આવે એટલે આત્માને અસંયમપણું થાય. કરે છે એમ જ છે અહીં તો. એ અસંયમપણું જ કર્મ કરે છે. જીવ શું કરે? જીવ તો અરૂપી આનંદ શુદ્ધ છે. એ તો કર્મ છે, એનો ઉદય આવે એટલે આત્માને અસંયમ પણ એ કરે. અસંયમ એટલે અત્યાગભાવ, રાગભાવ, તીવ્ર રાગભાવ, તીવ્ર દ્વેષભાવ. સમજાય છે? અસંયમી કરે છે એમ અજ્ઞાની કહે છે. '**કારણ કે ચારિત્રમોહ નામના કર્મના...**' છે એક જગતમાં. પહેલું દર્શનમોહ હતું. મૂળ કર્મ છે એને બે ભેદ છે. 'કર્મ મોહનીય ભેદ બે દર્શન-ચારિત્ર નામ.' આવે છે ને? આત્મસિદ્ધિમાં આવે છે. 'હણે બોધ વીતરાગતા અચૂક ઉપાયે આમ.' એમ આવે છે. એમાં બીજું એક ચારિત્રમોહ નામનું કર્મ છે. જડ આઠ કર્મ છે. આત્મા છે ત્યાં પ્રદેશ ઉપર રજકણો આઠ પ્રકારના છે, આઠ કર્મના છે. એક એક કર્મની પ્રકૃતિ ભિન્ન ભિન્ન એવી ૧૪૮ પ્રકૃતિ છે. સમજાણું કાંઈ? એવું ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે, જ્ઞાનમાં, કેવળજ્ઞાનમાં જોયું છે એવું કહેવામાં આવ્યું છે.

કહે છે કે અમે તો એમ માનીએ છીએ કે '**કર્મ જ અસંયમી કરે છે,...**' સમજાણું? એક દાખલો એ આપે છે, જુઓ! આ રામચંદ્રજી અને લક્ષ્મણજીનો. સમજાય છે? જુઓ! છે ને રામચંદ્રજી. રામચંદ્રજી મહાપુરુષ હતા, એ ભવે મોક્ષગામી હતા, છતાં લક્ષ્મણજીને છ મહિના સુધી ઉપર રાખ્યા આમ કાંધે. એવો શાસ્ત્રમાં લેખ છે. છે ને સામે ફોટો? કહે છે કે એ રાગનું અસંયમપણાનું કારણ કોણ? કે એ તો એને ચારિત્રમોહનો ઉદય હતો તો અસંયમ થયો. અને જ્યાં એની પૂરી સ્થિતિ થઈ ગઈ કર્મની તેથી અસંયમપણું ઘટી ગયું. ફટ્ વીતરાગ થયા, મુનિ થઈ ગયા, કેવળ પામીને મોક્ષ થઈ ગયા. એમ લોકો અજ્ઞાનથી

દલીલ કરે છે. એ વાત ખોટી છે. પોતાનામાં સ્વરૂપની અસ્થિરતાથી જેટલો અસંયમભાવ ઉત્પન્ન કરે-અસંયમ-સ્વરૂપની સ્થિરતામાં ઓછપ-કચાશ કરે એ પોતાનો દોષ છે. કર્મનો દોષ નથી. સમજાણું કાંઈ?

ઘણાં એમ કહે કે ભાઈ! જો સમ્યગ્દૃષ્ટિને અસંયમીપણું રહ્યું છે એ કર્મનો દોષ છે. કારણ કે દૃષ્ટિ તો શુદ્ધ થઈ ગઈ. હવે સમ્યગ્દર્શન થયું-ક્ષાયિક સમકિત. શ્રેણિક રાજા લ્યો. શ્રેણિક રાજાનું સાંભળ્યું છે ને? સમકિત હતું, તીર્થંકરગોત્ર બાંધ્યું છે. એ અત્યારે નરકમાં છે. પહેલી નરકમાં છે ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ. તો કહે છે, એ અસંયમીપણું કેમ એનું રહ્યું? કે ચારિત્રમોહના ઉદયને લઈને અસંયમીપણું રહ્યું. કારણ કે એ તો સમ્યગ્દૃષ્ટિ છે, પુરુષાર્થી છે, આત્માના સ્વભાવ સન્મુખ છે. એને અસંયમીપણું કેમ રહ્યું? કેમ મુનિપણું (ન થયું?) ચારિત્ર સ્વરૂપની રમણતા હોં ચારિત્ર એટલે. સ્વરૂપની આનંદની રમણતા કેમ ન કરી? કે એને ચારિત્રમોહનો ઉદય હતો માટે અસંયમ રહ્યું. એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? પોતાની અસ્થિરતાને કારણે અસંયમ છે. અચારિત્ર. અચારિત્ર એટલે અંદર સ્વરૂપમાં રમણતાનો અભાવ હોં! અસંયમ એટલે બહારની ક્રિયાની અપેક્ષા નથી આ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન પરમેશ્વરે કેવળીએ જોયો એવો આત્મા, એવો અંતર અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, ક્ષાયિક સમકિત થયું અને તીર્થંકરગોત્ર પણ બાંધ્યું. છતાં અસંયમીપણું રહ્યું. એ પોતાની ભૂલથી રહેલું છે. ચારિત્રમોહને કારણે નથી. સમજાણું કાંઈ?

‘**કર્મ જ અસંયમી કરે છે,...**’ અસંયમી સમજાય છે? સ્વરૂપમાં સ્થિર થવા નથી દેતું એ કર્મને કારણે. કહો, પાણીમાં જેમ પથ્થર પડે અને ગોળ ચકરડું ઊભું થાય કે નહિ? પથરો પડે નહિ તો ગોળ ચકરડું થાય કાંઈ? પથરો પડે એવું ગોળ થાય. એ ગોળ ચકરડું થતાં... થતાં... થતાં.. કાંઠા સુધી આવે. થાય છે કે નહિ? એમ કર્મ અંદર પડે આત્મામાં ત્યારે અસંયમ ભાવ ઊભો થાય. એમ અજ્ઞાની કહે છે.

મુમુક્ષુ :- એ દાખલો સાચો છે?

ઉત્તર :- ખોટો દાખલો છે. એ પથરાથી નથી. એ પથરો મારે આમ આમાં-પથરામાં, ત્યાં કેમ ઊભું થતું નથી? આરસપહાણના પથરામાં મારેને પથરો આમ. કેમ ત્યાં કુંડાળા ઊભા થતા નથી? એ તો ત્યાં કુંડાળા ઊભા થવાની એની યોગ્યતાથી કુંડાળું ઊભું થાય છે. પથરાથી નહિ. સમજાણું કે નહિ? એવા દાખલા આપે. જુઓ! કુંડાળા આવે છૂટકો. અહીં કાંઠે આવીને પછી જાશે. એમ કર્મનો ઉદય આવે એટલે વિકાર થઈને પછી છૂટશે. એમ. આવા ને આવા દાખલા આપે. સમજ્યાને? એમ છે નહિ? ભાઈ! એ ભૂલ તારી છે, બાપુ! સમ્યગ્દૃષ્ટિ પણ સમજે છે કે મારામાં જેટલી સ્વરૂપમાં સ્થિરતા નથી તે મારો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દોષ છે. બીજો કોઈ દોષ છે બીજાનો એમ માનતા નથી.

તો શાસ્ત્રમાં એમ આવે છે ને કે જ્ઞાની વિકારનો કર્તા નથી. જુઓ! વિકારનો કર્તા નથી. ત્યારે કર્મ કર્તા છે એમ તમારે માનવું પડશે. એમ આવે છે. આવે છે ને? બધા ઘણા બોલ આવી ગયા છે અમારી સામે. સર્પે છછુંદર ગળી ગયા જેવું છે સોનગઢવાળાને. સર્પ છછુંદર ગળી ગયો. એ છછુંદર જો પેટમાં જાય તો મરી જાય, બહાર જાય તો આંધળો થાય. સાંભળ્યું છે ઈ? આ છછુંદર હોય છે ને?

મુમુક્ષુ :- .. આવે છે.

ઉત્તર :- આવે છે ને. આ તો અમે નજરે જોયેલું છે. નજરે જોયેલી આ બધી વાત છે. છછુંદર. એક સર્પ મોટો (હતો). નાની ઉંમરમાં. આ છે ને ઉજમબા હોલ? ત્યાં એક બ્રાહ્મણ રહેતા. એ અમારા મામીનું ઘર હતું. એ બરાબર ઘર હતું બહારનું. એમાં બ્રાહ્મણનો છોકરો હતો, અમે બે મિત્ર હતા. એ રોટલી વણતો હતો. આમ બારણામાં જોયું ત્યાં સર્પ બેઠેલો અંદર. આ શું? કે એણે છછુંદર ગળી છે. હવે? કે હવે નથી કાઢતો કે નથી ગળતો. સલવાણો છે. એ જોયું છે નજરે. ઉમરાળામાં આ હોલ થયો છે ને? એ હોલ વચમાં હતું. હોલ ઉતર્યો છે એ બાજુ હોં! બીજા ભાડુ રહેતા. આપણી .. રહેતા. ત્યાં એવો સર્પે ગળેલો. આમ પેટ દેખાતું હતું. કે નથી અંદર લઈ જતો, નથી બહાર કાઢતો. કેમ? કે બહાર કાઢે તો આંધળો થાય, અંદર ગળે તો મરી જાય. છછુંદર ગળી એવી. એમ સોનગઢવાળાએ છછુંદર ગળી. શું?

જો એમ કહે કે વિકાર કર્મે કરાવ્યો તો એને કર્મનું નિમિત્ત પ્રધાન છે અને એ નિમિત્તે થાય એમ માનતા નથી. જો એમ કહે કે કર્મ સમકિતી પોતે કરે છે તો સમકિતી કર્મ વિકારનો કર્તા છે નહિ. વિકારનો કર્તા છે નહિ માટે તેને કર્મ કર્તા સ્થાપવું પડે, અને કર્મ કર્તા સ્થાપે તો નિમિત્તની પ્રધાનતા થઈ જાય. બેય રીતે સલવાણા છે. એય.. જેઠાલાલભાઈ! અરે..! સાંભળને ભાઈ! આ મોટી ચર્ચાઓ ચાલી છે, પંડિતો સાથે ચાલે છે ને મોટી ચર્ચા. બધા સાથે ચાલે છે, સાંભળને! ભાઈ એમ નથી.

અહીં તો આત્મા પોતે જ્યારે ભૂલ કરે છે ત્યારે કર્મનું નિમિત્ત છે. પણ જ્ઞાનીને રાગ કરવાનો ભાવ રુચિ નથી. રુચિ શુદ્ધ ચૈતન્યની છે. હું જ્ઞાન છું, શુદ્ધ છું, એની રુચિ છે. રુચિની અપેક્ષાએ વિકાર કરવાનો ભાવ નથી માટે વિકાર કરતો નથી એમ કહેવામાં આવે. પણ વિકારનું પરિણમન તો એના પોતાથી જ છે. એ સવારમાં ન આવ્યું? સવારમાં આવ્યું હતું ને? રાગાદિ પરિણમે છે પણ એ જ્ઞાનપરિણામનો કર્તા છે. સવારે આવ્યું હતું આજે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આત્માનું ભાન છે એને રાગ થાય છે, પણ એ રાગનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્તા નથી એનો અર્થ કે કર્મ કરાવે છે એમ નહિ. એ રાગનું પરિણમન એનો સ્વામી નથી અને રાગના પરિણામની રુચિ નથી. એથી જ્ઞાન અને આનંદની રુચિને લઈને રાગનું પરિણમન હોવા છતાં તે સંબંધીના જ્ઞાનનો કર્તા છે પણ રાગનો કર્તા નથી. પણ એથી રાગનો કર્તા નથી માટે રાગ કર્મ કરાવે છે એમ છે નહિ. ભારે! વાંધા તે વાંધા પણ. ચારે કોર વાંધા કાઢે. ધર્મને નામે પણ સમજે નહિ, સમજે નહિ અને વાંધે વાંધા.

લ્યો! '**કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' અનુપપત્તિ એટલે પ્રાપ્તિ નથી. ઉપપત્તિ એટલે પ્રાપ્તિ અને અનુપપત્તિ એટલે અણપ્રાપ્તિ. ચારિત્રમોહનો અંદર ઉદય હોય તો અહીં અસંયમ થાય. વિષયવાસના, ભોગવાસના એ ચારિત્રમોહ કરાવે અને એ કરે. આત્મા કરતો નથી. એમ અજ્ઞાની કહે છે. તને શાસ્ત્રના અર્થની ખબર નથી. શાસ્ત્ર એમ કહેતા નથી. સમજાય છે કાંઈ? ભગવાન તો એમ કહે છે કે વિકાર પર્યાયનું તે તે કાળે તારું સ્વતંત્રપણે તું એનો પરિણમન કરનારો છો. ત્યારે એને કર્મને નિમિત્ત કહેવામાં આવે. દોષ તું કર અને કર્મને માથે નાખી દે એ વાત શાસનમાં શોભે નહિ. માર્ગમાં હોય નહિ એ. ઠીક!

પછી '**કર્મ જ ઊર્ધ્વલોકમાં,...**' શું કહે છે? ભાઈ, જેવું કર્મ બાંધ્યું હોય ને એ સ્વર્ગમાં લઈ જાય, લ્યો! આપણને કાંઈ જમડા લઈ જાય એમ છે? અન્યમતિમાં તો એમ કહે કે ભાઈ જમ આવ્યો હતો. શંકરનું નથી? લિંગ ને. કીધું હતું ને કાલે? શંકરનું લિંગ હોય છે પછી આમ એક જમ આવ્યો પાડા ઉપર બેસીને. આવે છે કે નહિ? મોહનભાઈ! જોયું છે?

મુમુક્ષુ :- ફોટા આવે છે.

ઉત્તર :- ફોટા આવે છે. એ બધું જોયું છે ને. અંદર લિંગ હોય અને એક પાડા ઉપર બેઠો જમ આવે છે. પછી લિંગને .. પછી મૃત્યુનો કાળ.. બચાવો મને. કહે છે કે જો મૃત્યુકાળ આવ્યો. ત્યારે અહીં એમ કહે છે. ઓલો જમ લઈ શક્યો નહિ. ઓલો શંકરને વળગ્યો એટલે એમ કહે છે. એ વાત ખોટી બધી.

અહીં તો કહે છે કે કર્મનો ઉદય એને આવે, ઊંચે સ્વર્ગમાં લઈ જવા માટે. ત્યારે આ કહે છે કે સ્વર્ગમાં લઈ જવા માટે કર્મ જ કારણ છે. અજ્ઞાની એમ કહે છે. એમ નથી. સ્વર્ગમાં જાય આત્મા તો પોતાની યોગ્યતાના ભાવથી જાય છે. કોઈ એને કર્મ-બર્મ લઈ જતું નથી. અરે..! ભગવાન! સમજાણું કાંઈ? અહીં એના પુણ્યભાવ કર્યા હોય છે ને દયા, દાન, વ્રત આદિના. એ પુણ્યભાવને કારણે એની યોગ્યતા જ એવી જીવની હોય છે કે પોતે પોતાને કારણે સ્વર્ગમાં જાય. સ્વર્ગ છે સ્વર્ગ માથે. જેમ આ મનુષ્યભવ છે એમ સ્વર્ગની ગતિ છે સ્વર્ગ. આ ચંદ્ર-સૂર્ય છે એ જ્યોતિષ દેવો છે. એના ઉપર સુધર્મ, ઈશાન, મહેન્દ્ર

આદિ દેવલોક છે. તો એ સ્વર્ગમાં અહીંથી જાય એ આત્મા પોતાની લાયકાતથી જાય છે. આ કહે છે કે સ્વર્ગમાં જાય, એ ઊર્ધ્વલોકમાં જાય કે અધોલોકમાં જાય એ આનુપૂર્વી નામના કર્મને લઈને જાય છે.

આનુપૂર્વી કર્મ એટલે સમજાય છે? આ જેમ બળદને હોય છે ને બળદને? નાથ-નાથ. નાથ નથી હોતી? નાકને વીંધીને ખેંચે ને નાથ? એમ ચાર પ્રકૃતિ છે કર્મની. સ્વર્ગમાં જાવું હોય તો દેવ આનુપૂર્વી નામની પ્રકૃતિનો ઉદય આવે, નરકમાં જાવું હોય તો નરકાનુપૂર્વી આવે. એ ચાર આનુપૂર્વી છે. કર્મની ૧૪૮ પ્રકૃતિ છે. એમાં નામ કર્મની ૯૩ પ્રકૃતિ છે. એની અંદર ચાર પ્રકૃતિ એવી છે કે જ્યારે એને કર્મનો એવો ઉદય હોય તો સ્વર્ગમાં જાવું હોય તો નામ આનુપૂર્વી કર્મ આવે. ત્યારે આ અજ્ઞાની કહે છે કે એ આનુપૂર્વી નામનો કર્મનો ઉદય એને સ્વર્ગમાં લઈ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખોટી વાત છે એમ કહે છે. એ એની પોતાની લાયકાતથી ત્યાં સ્વર્ગમાં જાય છે. કર્મને લઈને સ્વર્ગમાં જાય એવું છે નહિ. આ વાત એવી છે જરી. આહાહા..!

આનુપૂર્વી સમજાય છે? આનુપૂર્વીનો એવો અર્થ છે કે જે આ દેહનો આકાર છે ને આત્માનો અત્યારે? આ આકાર છે ને અત્યારે? જુઓ આવો. આ શરીર જુદું છે. આત્માનો આકાર પણ અત્યારે એવો છે ને કે જ્યારે સ્વર્ગમાં જાવું હોય તો આ આકાર એમ ને એમ રહેશે ઠેઠ પહેલો. સ્વર્ગમાં ગયા સુધી આ આકાર રહેશે. પછી સ્વર્ગમાં જશે ત્યારે જે ત્યાં હશે સાત હાથનો દેહ એ પ્રમાણે એના પ્રદેશ ફેલાઈ જશે. એક અંતર્મુહૂર્તમાં. હેઠે માત્ર .. હોય છે. સમજ્યાને? શું કહેવાય એ? ઊપજવાની. સહેજા. સહેજા. સ્વર્ગમાં સહેજા હોય છે. એ સહેજા હોય છે ત્યાં ઢાંકેલું કપડું આદિ હોય છે. અહીં જેની યોગ્યતા હોય ત્યાં પાછું ઊપજે. એકદમ અંતર્મુહૂર્તમાં ૩૨ વર્ષનો જુવાન આમ થઈ જાય. સ્વર્ગમાં દેવ થાય ત્યારે. સમજાણું કાંઈ? એ અંતર્મુહૂર્તમાં. જેમ અહીં જુઓને, આ પાણીમાં થઈ જાય છે ને એકદમ? આ પાણી બહુ આવે ને આ દેડકા આવડા આવડા થઈ જાય છે. ડેં.. ડેં.. નથી કરતા? દેડકાઓ, માછલા, મોટા અળસીયા એ અદ્ધરથી થઈ જાય છે. પણ એ માટીમાં જ થાય છે. અને આ છે તે પંચેન્દ્રિય છે. એવા ભાવ કર્યા હોય પુણ્યના. ધર્મી પણ હોય સમકિતી. પણ હજી પૂર્ણ વીતરાગતા ન હોય અને પુણ્યભાવ હોય તો સ્વર્ગમાં જ જાય. સમજાય છે? તો આ કહે છે કે સ્વર્ગમાં કર્મ લઈ જાય છે. ભગવાન કહે છે કે કર્મ નહિ પણ તારી યોગ્યતાને લઈને તું ત્યાં જાય છે. આમ બે વાત છે. સમજાણું કાંઈ?

‘**ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં...**’ નીચે નરક. આ નીચે નરક છે ને? સાત પાતાળ છે.

ઊર્ધ્વલોકમાં સ્વર્ગ છે ચંદ્ર, સૂર્ય આદિ અને પછી સુધર્મ ઈશાન, સનતકુમાર, મહેન્દ્ર, લાંતક, બ્રહ્મલોક, દેવલોક છે. અને અધોલોક છે ને બીજો શબ્દ? અધોલોક નીચે સાત પાતાળ છે. આની નીચે સાત નરક છે. પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ, ઝાઝી સ્થિતિ એક સાગરમાં અસંખ્ય અબજ વર્ષની છે. એથી સાતમી પાતાળે ૩૩ સાગરની સ્થિતિ છે. અત્યારે છે હોં આ બધા અત્યારે. ઓલો કહે છે કે નરકમાં જાય છે એ કર્મને લઈને જાય છે. આ કહે છે કે ના. એ તો જેવા એણે પાપના ભાવ કર્યા હતા માંસના, દારૂના, લંપટીપણાના, અધર્મના. જેમ લોઢાનો ગોળો પાણી ઉપર મૂકે તો હેઠે તળિયે જાય. એમ એ પોતાના પાપના પરિણામને લઈને નરકમાં જાય છે. સમજાણું કાંઈ? આ તો બધું શાસ્ત્ર છે, ભાઈ! ઝીણી વાત છે. કાંઈ એમ ને એમ એક શબ્દે પકડાય એવી નથી. કપુરચંદભાઈ!

ઓલો કહે છે કે ઊર્ધ્વલોકમાં જાય સ્વર્ગમાં તો કર્મને લઈને, નરકમાં જાય તો કર્મને લઈને. કર્મ બાંધ્યા માટે. ના. ના. કર્મ તો પર જડ છે. પણ એના ભાવમાં જ એવી યોગ્યતા છે તો નરકમાં જાય છે. શ્રેણિક રાજાનો દાખલો આપે છે એ લોકો. શ્રેણિક રાજા સમકિતી, ક્ષાયિક સમકિતી છે. ભગવાન મહાવીર પરમાત્માના કાળમાં એને ક્ષાયિક સમકિત થયું છે. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. પણ પૂર્વે નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. એક મહાસાધુની અશાતના કરેલી. સાધુ બેઠા હતા ધ્યાનમાં. એમાં મરી ગયેલો સર્પ નાખ્યો હતો ડોકમાં. છે ને આપણે અહીં ફોટો હતો. પહેલા હતો. લાખો કીડીઓ થઈ અને આમ ખોખું થઈ ગયું. એની રાણી હતી ચેલણા. ધર્મી હતી. અને આ શ્રેણિકને ધર્મનું ભાન નહોતું. એટલે એને કહે, તારા સાધુ કેવા હોય, જો અમે મરી ગયેલો સર્પ નાખ્યો છે, કાઢી નાખ્યો હશે. રાણીને કહે છે.

રાણી કહે છે, અન્નદાતા! એમ ન હોય. અમારા મુનિ તો આત્મધ્યાનમાં મસ્ત હોય છે, આનંદકંદમાં મસ્ત હોય છે. એના ગળામાં સર્પ હોય તો કાઢે નહિ. એવા મહા દયાવંત હોય છે. હેં! લાવ નાખી આવ્યો છું. જો. પછી બેય જાય છે. અહીં આપણે ફોટો હતો. બેય ગયા છે. રાણી ધીમે ધીમે.. ધીમે.. કીડી (કાઢે છે). લાખો કીડી થઈ ગયેલી. એ કાઢીને સર્પ આપ્યો. લ્યો સ્વામીનાથ! જુઓ, એણે કાઢ્યો છે? જુઓ, આનું ખોખું થઈ ગયું. એ તો વીતરાગ આનંદમાં મસ્ત છે. સચ્ચિદાનંદ પ્રભુ આનંદની લહેર કરે છે એ તો. આવા વીતરાગી સાધુ કહેવાય. એ સર્પ નાખે ને કાઢી નાખે એ ન સાધુ કહેવાય. તને સાધુની ખબર નથી. ત્યારે ઓલો પછી ધર્મ પામ્યો શ્રેણિકરાજા. ઓહો..! ભારે ભાઈ ધર્માત્મા! ગુરુ આવા હોય! ત્યારે ઓલું નરકનું આયુષ્ય બાંધ્યું હતું. એ વખતે સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું. સાધુની આવી અશાતના કરી. કેમ કે સાધકભાવ આવા ન હોય જગતમાં, એમ અનાદર કરેલો. સમજાણું કાંઈ? આનો દાખલો આમ આપતા કે સાધે છે ને મુનિ? આત્માનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધ્યાન. એ સાધકપણાની જ હયાતી ન હો. એમ. એટલે એટલી તીવ્રતા આવી ગયેલી. સાતમી પાતાળ છે. સાતમી નરક. ૩૩ સાગરનું આયુષ્ય છે. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય છે, એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય છે. એટલી સ્થિતિ સાતમી નરકમાં છે. ત્યાં દરેક જીવ અનંત વાર જઈ આવ્યો છે. કાંઈ ખબર ન મળે. તું અનાદિનો છો તો ક્યાં રહ્યો પણ?

એવા નરકની અંદરમાં એણે ૩૩ સાગરનું આયુષ્ય ત્યાં મહા અનાદર કરીને બાંધેલું. પછી જ્યાં સમ્યગ્દર્શન પામ્યા છે, મુનિને મહા સંતનો આદર (કર્યો). ૩૩ સાગરની સ્થિતિ તોડી નાખી. એ ૮૪ હજાર વર્ષની રહી ગઈ છે. એ ૮૪ હજાર વર્ષની રહી છે એટલી સ્થિતિ અત્યારે નરકમાં છે. પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના. આ ભરતક્ષેત્રની અંદર. સમજાણું કાંઈ? એ પોતાની લાયકાતથી ગયા. તો ઓલા લોકો કહે, લ્યો! એ તો ક્ષાયિક સમકિતી છે. એને નરકમાં જવાનો ભાવ હોય? પણ સાંભળને નરકમાં જવાની ગતિની યોગ્યતા છે એવી. આવા ને આવા કોણ જાણે એવા કર્મને માથે નાખે છે અને પોતે જાણે કાંઈ નહિ. એમ છે નહિ. એની નરક જવાની યોગ્યતા હતી સમકિતી છતાં. પોતાની ગતિની લાયકાતથી ત્યાં ગયા છે. નીચે નરકમાં છે અત્યારે. ૮૪ હજાર વર્ષની સ્થિતિ, અઢી હજાર ગયા હજી. સાડી એક્યાસી હજાર વર્ષ બાકી.

મુમુક્ષુ :- કર્મને લઈને...

ઉત્તર :- કર્મ લઈ શકતો નથી એમ કહે છે. કર્મ તો જડ છે, પર ચીજ છે. પર આને શું કરે? પોતાની યોગ્યતાથી પોતે જાય છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ભાવ કરે..

ઉત્તર :- એ આ કહે છે ને. પુરુષાર્થ કરે અંદર. પુરુષાર્થ કરીને રાગ ટળે તો અભાવ થઈ જાય. અહીં તો કરે છે ત્યાં સુધી પોતે દોષ કરે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ત્યાંથી નીકળીને અહીં પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન પામવાના છે. પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ છે. રાજકુમાર તરીકે રાણીને કુંખે આવશે. ત્યારે છ મહિના પહેલા તો ઈન્દ્રો આવીને માતાની સેવા કરશે. તીર્થંકરગોત્ર બાંધેલું છે. જેવા મહાવીર ભગવાન છે એવા થવાના છે એ. શ્રેણિક રાજા આવતી ચોવીસીમાં આ ભરતમાં. ત્યારે ત્રણ જ્ઞાન આદિ લઈને આવશે. સમજાણું? તીર્થંકર છે ને? માતાના પેટમાં મતિ, શ્રુત, અવધિ ત્રણ જ્ઞાન લઈને આવશે. ઈન્દ્રો સેવા કરશે, મેરુ પર્વત ઉપર લઈ જશે. પછી દીક્ષિત થશે. પુરુષાર્થ કરીને ચારિત્ર રમણતા કરશે. પછી કેવળ પામશે. કેવળજ્ઞાન. પરમાત્મદશા એ ભવમાં થઈ જશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ એ પોતે પુરુષાર્થ કરશે ત્યારે કેવળ પામશે. સમજાણું કાંઈ?

ઓલો કહે કે અધોગતિ... અમારે તો કર્મગતિ આનુપૂર્વી નામની પ્રકૃતિ છે નારકાનુપૂર્વી. નારકાનુપૂર્વી થાય. બળદને ખેંચીને નાથ લઈ જાય એમ એને લઈ જાય. ન લઈ જાય. નાથને બાંધ ને પત્થર સાથે. કહો, સમજાણું? એ તો ઓલો ચાલવાની યોગ્યતાથી ચાલે છે બળદ. નાથને કારણે નહિ. એવું હશે કે નહિ? ઓલા ગાંડાની વાત નથી આવતી? શું? ઓલી વાવ હતી વાવ મોટી. તો કહે, વાવને ખેંચો. લૂગડા-બુગડા નાખ્યા. વાવ ખેંચો. મૂર્ખા. મૂર્ખા હતા. ગાંડા તો નહોતા. પછી ઓલા પાતળા લૂગડા ને તો વાડ હોય ને ઊંચી ખેંચી ત્યારે વાવને પણ લઈ ગયા આઘી. પણ ઓલા લૂગડા પાતળા એટલે આમ ફાટ્યા. એ વાવ ખસી. પણ ખસી નથી ફાટ્યા તારા લૂગડા. વાવ તો ત્યાં ને ત્યાં છે. ઓલા હોય ને વાવ આગળ હોય ને મોઢા આગળ હોય ને લાંબા બાંધેલા? વાવડી ચસકી. ઓલા મૂર્ખા હતા. ચસકો શું વાવડી તો જ્યાં છે ત્યાં છે. પણ તારા પાતળા લૂગડા જે હતા આમ ખેંચાણા એટલે ઓલી જરી આમ ફાટ્યા ને એ વાવડી ખસી. ખસી નથી ત્યાં ને ત્યાં છે. તારી દૃષ્ટિ ફેર છે. એમ આત્મા કર્મને લઈ જાય છે એમ છે નહિ. તું તારે લઈને જા છો. કર્મ એને ખેંચીને લઈ જાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત પણ. સમય સમયની જીવની યોગ્યતાથી તે નરકાદિમાં જાય છે.

હવે '**તિર્યગ્લોક...**' તિરછો લોક એટલે મનુષ્યપણું અને આ તિર્યંચપણું બે આવ્યા. ઊર્ધ્વલોકમાં દેવ આવ્યા, અધો લોકમાં નરક આવ્યું અને તિર્યક લોક છે ને તિર્યક લોક? આ તિરછો લોક એટલે આ મનુષ્ય અને ઢોર. એ પણ પોતાની લાયકાતથી અહીં આવે છે. એની નામ કર્મની આનુપૂર્વી છે માટે અહીં આવ્યો છે ખેંચીને કર્મને એમ નથી. એમ પશુમાં જાય. ગાય, ભેંસ, ઘોડા, લીલોતરી કીડીમાં જાય જીવ તો એ પોતાની યોગ્યતાથી ત્યાં જાય. જેવા કર્મ બાંધેલા પણ એવા ભાવ કરેલા. એ ભાવની યોગ્યતાથી ત્યાં જાય છે. કર્મ તો નિમિત્ત છે, જડ છે એ તો. સમજાણું કાંઈ?

'**તિર્યગ્લોક...**' મનુષ્ય અને ઢોર. એવો એક તિર્યક (લોક) આ વચમાં છે. એમાં (કર્મ) '**ભમાવે છે, કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**' એમ કહે છે. આનુપૂર્વી ન હોય અને અહીંયાં આવે, પણ સાંભળને! એ તો પોતાની યોગ્યતાથી આવે ત્યારે આનુપૂર્વી કર્મનું નિમિત્ત કહેવાય. આનુપૂર્વી ખેંચે છે. નિમિત્ત છે એ તો. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એવું આવે આનુપૂર્વી કર્મ છે. સમજ્યાને?

મુમુક્ષુ :- બળદને નાથ..

ઉત્તર :- બળદમાં જેમ નાથ નાખી ખેંચે. નાથ હોય છે ને? બળદને નહિ લાંબી નાથ?

એ શું ખેંચે? એની પોતાની લાયકાતથી જાય છે. એમ અહીંયાં કર્મને લઈને ચાર ગતિમાં રખડે છે કે ઊર્ધ્વ-નીચો જાય છે એમ છે નહિ. એ તો નિમિત્તમાત્ર છે.

વળી અજ્ઞાની કહે છે, '**બીજું પણ જે કાંઈ પણ જેટલું...**' બીજું પણ જે કાંઈ પણ જેટલું. એમ. જે પણ પર્યાયની જેટલી દશા '**શુભ-અશુભ છે...**' આ શુભભાવ થાઓ કે અશુભભાવ જીવમાં થાઓ '**તે બધુંય કર્મ જ કરે છે,...**' ભાઈ! કર્મનો ઉદય અમારે શુભભાવ કરાવે છે. પાપનો ઉદય આપણને પાપ ભાવ કરાવે. કરાવે છે એમ પણ નથી, અહીં તો કરે છે એમ જ કહે છે. એ એ જ કરે છે. પોતે ધોયેલ મૂળા જેવો છે. આહાહા..! એવો અહીં કહે છે ને આ લોકો. જુઓ! શુભભાવ ક્યારે થાય? કર્મની મંદતા થાય ત્યારે અહીંયાં શુભભાવ થાય. પણ તું પુરુષાર્થ કર રાગની મંદતાથી શુભભાવ થાય. કર્મની મંદતા થાય અને એવો ઉદય આવે તો શુભભાવ થાય. કર્મની તીવ્રતા આવે અને ઉદય આવે તો અશુભભાવ થાય એમ કહે છે, લ્યો! આ મોટો આ વાંધો છે આ બધા જૈન સંપ્રદાયમાં.

કહે છે, '**જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે...**' અજ્ઞાની કહે છે. જેટલા શુભભાવ દયાના, દાનના, કોમળતાના, હિંસાના, જૂઠાના, ચોરીના, ભોગના, ક્રોધ-માન-માયાના એ જેટલા પાપ, પુણ્ય છે '**તે બધુંય કર્મ જ કરે છે,...**' અમે તો જાણનાર-દેખનાર છીએ, આત્મા છીએ. અમે કાંઈ કરતા નથી. સમજાણું કાંઈ? જુઓને કેટલું..! '**જે કાંઈ પણ જેટલું...**' જેટલા પ્રકારના શુભ-અશુભભાવ. એમ. જેટલા પ્રકારના શુભ-અશુભભાવ કર્મ કરે. એમ નથી. તું તારી યોગ્યતાથી જેટલા પ્રકારની તારી લાયકાત છે એટલા પ્રકારનો પુણ્ય અને પાપનો ભાવ તું કરે છે. ભાવ તું કરે છો. કર્મ કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગના નામના કર્મના ઉદય વિના...**' જુઓ! એ પણ દાખલો આપે છે ને. પ્રશસ્ત કર્મનો ઉદય આવે એમ રાગ મંદનો ઉદય આવે ત્યારે અહીં શુભભાવ થાય. અજ્ઞાની કહે છે હોં! અને ઓલો અપ્રશસ્ત રાગ જ્યારે તીવ્ર આવે ત્યારે અશુભ થાય. તેના '**વિના અનુપપત્તિ છે.**' એ (અજ્ઞાનીની) વાત ખોટી છે. પ્રશસ્ત કર્મ આવે તો શુભભાવ થાય, અપ્રશસ્ત કર્મ આવે જૂઠુ-ભુંડું તો પાપ થાય. પાપ કરે એ વાત સાચી નથી.

આટલી વાત સ્વતંત્ર (છે). હજી પર્યાયની સ્વતંત્રતાની ખબર ન મળે. એને દ્રવ્ય ભગવાન ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ છે એવી શ્રદ્ધા ક્યાંથી થાય? અને એ શ્રદ્ધા વિના એનો ઉદ્ધાર ક્યાંથી થાય? એ શ્રદ્ધા વિના ઉદ્ધાર નથી. પર્યાયની સ્વતંત્રતાની ભૂલ કબૂલી અને પછી ત્રિકાળ સ્વભાવ મારો શુદ્ધ ચૈતન્ય છે. ધ્રુવ જ્ઞાયકમૂર્તિ ઉત્પાદ-વ્યય વિનાનું ધ્રુવ આખું જે છે એવો ભગવાન હું છું એવી દૃષ્ટિ, દૃષ્ટિ તો ઉત્પાદ-વ્યયવાળી છે પાછી. ભારે એવી દલીલ કાઢે.

એ વળી હમણાં આવ્યું હતું, વાત કરતા હતા જરી. ઓલું આવ્યું હતું ને? '**भूदत्थमस्सिदो खलु**' તકરાર કરે છે. ભૂતાર્થ વસ્તુ છે ને? એનો આશ્રય કરે છે કોણ? કે પર્યાય. પર્યાય તો પરદ્રવ્ય છે. તમે એમ કહો છો. અરે.. સાંભળને ભાઈ! તમે તો એમ કહો છો. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ભગવાન ચિદાનંદ શુદ્ધ આનંદઘન છે. એનો આશ્રય કરે તો એને સમ્યગ્દર્શન થાય, ધર્મ થાય. વસ્તુ ત્રિકાળ પડી છે એનો આશ્રય (કરે). તો આશ્રય તો પર્યાય કરે. અવલંબન તો પર્યાય લે, અનુભવ પર્યાયમાં થાય, આનંદ કે દુઃખ પર્યાયમાં થાય. દ્રવ્યમાં છે નહિ. ત્યારે પર્યાયને તમે પરદ્રવ્ય કહો છો. તો પરદ્રવ્યે સ્વદ્રવ્યનો આશ્રય લીધો? અરે..! સાંભળને ભાઈ! ભારે ભાઈ જગતનું.

ભાઈ! એ કહ્યું હતું તે દિ'. સોમાભાઈએ. જુઓ! આશ્રય કરે છે એ વ્યવહાર છે કે નહિ? ખબર છે ને? વડવામાં. આશ્રય કરે એ પર્યાય છે કે નહિ? અરે.. ભાઈ! આશ્રય પર્યાય કરે છે પણ કરે છે કોની? એ તો વસ્તુ અભેદ થાય છે એટલી તો. ચિદાનંદ ભગવાન પૂર્ણ શુદ્ધ ધ્રુવ એમાં એકાકાર થાય છે. એ થાય છે પર્યાય. દ્રવ્ય તો છે ઈ છે. સમજાણું કાંઈ? ત્યારે તેને નિર્મળ પર્યાય, સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. અરે..! વાંધા પણ વાંધે વાંધા. શબ્દે શબ્દે વાંધા.

નિયમસારમાં કહ્યું ને? કે ક્ષાયિક સમકિત એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય પરભાવ હેય. ત્યારે ક્ષાયિક સમકિત પરદ્રવ્ય એ આત્માનો આશ્રય કરે? અને પરદ્રવ્ય વડે સ્વદ્રવ્યને લાભ થાય? અરે..! સાંભળને હવે. ભાઈ! ચિદાનંદ ભગવાન એ વસ્તુ પોતે એકરૂપ છે. એનો અંતર આશ્રય કરતા ભલે પ્રગટેલી પર્યાય પણ એ પર્યાયનો પણ આશ્રય કરવા લાયક નથી. કારણ કે પર્યાયનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉઠશે. પછી ચાહે તો ચારિત્ર પ્રગટ્યું હોય. અંદર ક્ષાયિક સમકિત અને ચારિત્ર (પ્રગટ્યું હોય). પણ એ પર્યાય-અવસ્થા છે ને એ? અવસ્થાનું લક્ષ કરશે તો રાગ ઉત્પન્ન થશે. એથી એને પરદ્રવ્ય ગણીને વસ્તુ જે ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છે એનો આશ્રય કદી છોડવો નહિ. એમ કહેવા માટે ત્યાં પર્યાયને પરદ્રવ્ય કહેવામાં આવે છે. હવે આમાં ઘણાં અર્થ કરે તો શું થાય? કોઈ કાંઈક કરે, કોઈ કાંઈક કરે. એને જે રીતે કહેવું છે એ સમજે નહિ. સમજાણું?

અહીં તો કહે છે... જુઓ! હજી કાઢશે. એ '**પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે.**' અનુપપત્તિ એટલે પ્રાપ્તિ નથી. એ તો કર્મનો મંદ ઉદય આવે તો શુભભાવ કરે. એ. કર્મ તીવ્ર ઉદય આવે તો અશુભ પાપ કરે એ. કેમ કે '**એ રીતે બધુંય...**' હવે એનો સિદ્ધાંત આપે છે. કર્તા કહેવું છે ને? '**એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે,...**' જુઓ હવે આવ્યું આ. સ્વતંત્રપણે. આત્માની અપેક્ષા રાખ્યા વિના

કર્મ જ આત્માને વિકારપણે કરે છે, સ્વતંત્રપણે કરે છે. આત્માની કાંઈ અપેક્ષા એમાં છે નહિ. એ વાત અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ?

એવું પુસ્તક એક આવ્યું છે. ઓલા એક છે ને સાધુ એની પાસે છે. ૮૩માં હતું. નથી ઓલા દેરાવાસી? દેરાવાસી. ના. ના. જિન.

મુમુક્ષુ :- એ ગાંધીજી સાથે હતા ને.

ઉત્તર :- કોની સાથે?

મુમુક્ષુ :- ગાંધી-ગાંધી.

ઉત્તર :- ગાંધી સાથે. ઠીક. આ જૂના શું કહેવાય? પુરાતત્ત્વ. બસ ઈ. એણે પુસ્તક બનાવ્યું. ૮૩માં દામનગર આવ્યું હતું. ૮૩ની સાલમાં. કે બધું કર્મને લઈને છે આ બધું. આત્મામાં કર્મ જો તીવ્ર હોય તો તીવ્ર અને મંદ હોય તો મંદ. કારણ કે કર્મ પણ એ દ્રવ્ય છે કે નહિ? વસ્તુ છે કે નહિ? એમ સિદ્ધ કર્યું હતું. આખું એક પુસ્તક બનાવ્યું છે. પણ એ વસ્તુ છે... એ કર્મ પોતે માર્ગ આપે તો કરે એ દ્રવ્ય છે કે નહિ? એ સ્વતંત્ર છે કે નહિ? એ વાત આવી હતી. ... શેઠે આપી હતી. ૮૩ની વાત છે. સમજાણું કાંઈ?

પરમાણુ કર્મ એક દ્રવ્ય છે કે નહિ? વસ્તુ છે કે નહિ? અને એ સ્વતંત્ર છે કે નહિ? એનું પરિણમવું પોતાને આધીન છે કે નહિ? તો એ પોતે જ્યારે અંદરમાં કર્મ કાંઈક ખસે પરિણમીને ત્યારે જીવને અહીં સમકિત થાય. ભાઈ, દલીલ તો (આવે ને). સમજાણું કાંઈ? એ પુસ્તક હતું. દૂધીબહેનને ખબર નહિ હોય. દૂધીબહેનનું મગજ એવું થઈ ગયું ને. દૂધી બહેનને આપ્યું હતું તે દિ'. દામોદર શેઠે દૂધીબહેનને આપ્યું હતું વાંચવા. પણ વર્ષ થઈ ગયા ૪૧. યાદ શેનું રહે? જુઓ, આમાં... શું કીધું? જિનવિજયનું કરેલું કર્મથી થાય. કર્મ વસ્તુ છે તો સ્વતંત્ર છે. એ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. તો એ એની પર્યાય બીજો કરે? એમ કે એ પોતે ખસે ત્યારે પોતાને કાળે ખસે ત્યારે જીવને લાભ થાય. એવું એક પુસ્તક બનાવ્યું છે, જિનવિજયે. એ બધા માનવાવાળા અત્યારે પડ્યા છે બધાય. અમારી સામે દલીલ કરતા એ. આ જુઓ પુસ્તકમાં આમ લખ્યું. હવે લખ્યા તે શું કોકે લખ્યું ભાન વિનાનું. સ્વતંત્રપણે કર્મ કર્તા છે. એમ ઓલું સ્વતંત્રપણે આવ્યું ને ભાઈ? ઈ એમ કહે છે. એવું હતું એમાં લખાણ. એ પુસ્તક બનાવ્યું. બધું એક કર્મ ઉપર જ આખું પુસ્તક. બસ. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' જડ બિચારા શું કરે? એ તો માટી ધૂળ છે ઝીણી. તારી ભૂલ તું કર અને માથે નાખે કર્મને. દ્રવ્ય એ છે ને દ્રવ્ય એ છે માટે. એને ખસવું હોય ત્યારે ખસે, એ કાંઈ તારાથી ખસે? એમ. એમ કહે છે.

અરે..! ભગવાન! સાંભળને ભાઈ! તું વિકાર કરે છો ત્યાં કર્મની રજકણની અવસ્થા

પોતાથી થાય છે. તું અહીં વિકાર છોડ તો ત્યાં કર્મની અવસ્થામાં ટળવાનું જ એને કર્મમાં હોય. એ પરમાણુમાં ટળવાનું જ હોય. અહીં આમ કર અને ત્યાં ટળવાનું ન હોય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? મોટા વાંધા કર્મના જગતમાં.

**'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે,...'** જોયું! એ કર્મ જ બધું કરે છે આત્માને. શુભ-અશુભભાવ, દયા-દાનનો ભાવ, કોમળતા થવી, પાપભાવ થવો, હિંસાના ભાવ થવા, જૂઠાના, ચોરીના, વિષયના... સમજાણું? એ બધા ભાવ કર્મ જ કરે છે. અને દયા, દાન, આદિ પરિણામ થવા એ કર્મ કરે છે. એમ અજ્ઞાની બધું સ્વતંત્રપણે કરે. કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. એ વ્યાખ્યા લાગુ પાડી અહીં. કર્મ જ સ્વતંત્ર (છે). વસ્તુ છે કે નહિ સ્વતંત્ર? ઉપાદાન સ્વતંત્ર વસ્તુ છે કે નહિ? એને નિમિત્ત શું કરે? આત્મા રાગ ટાળે અને ત્યાં ખસવું પડે એવું કેમ હોય? તો તો નિમિત્તને લઈને ત્યાં ફેરવવું પડે એમ હોય. એઈ..!

(સંવત) ૧૯૯૫માં આવ્યું નહોતું ભાઈ? ૯૫માં આવ્યું હતું આ. ૯૫માં. મોહનભાઈના મકાનમાં નહોતું એકવાર આવ્યું? કે તમે જ્યારે ઉપાદાનનું જોર કહેશો... આવ્યું હતું ને, બધું યાદ છે ને. એ તો બધું એક એક યાદ હોય છે ને. ઉપાદાનનું જોર કહેશો તો અમે કહીએ છીએ કે કર્મ પણ એક દ્રવ્ય છે અને ઉપાદાન છે. એનું ટળવું એને આધીન છે. અહીં તમે રાગ ટાળો માટે ટળે તો નિમિત્તની અસર થઈ ગઈ. નિમિત્તને કારણે થઈ ગયું. એય..!

મુમુક્ષુ :- અહીં તો કર્મ એ હોય જ નહિ કોઈ દિ'.

ઉત્તર :- પણ એ તો એનો પર્યાયનો એવો ધર્મ જ એનો હોય. ત્યારે કહે, ત્યાં નિમિત્તની અસર આવી કે નહિ? એમ કીધું ત્યાં. ૯૫માં સવાલ આવ્યો હતો. કેની કોરથી આવ્યો હતો? ઉત્તરમાંથી. ઉતરેલા હાંડલા નથી કહેવાતા? ઉત્તર એને કહે. ઓલા બધા હાંડલા બગડી ગયા હોય ને પછી ઉતરમાં ચડાવે માથે. એ પહેલું એવું રાખતા જરીક માથે. ચુલા ઉપર થોડો ગારાનો ભાગ હોય દોઢ હાથ. એમાં ઉતર બધું ચડાવે. એમ ઉતરડમાંથી આવ્યું હતું એ બધું. આવા ને આવા. ઉપાદાનથી તમે કહેશો તો અમે એમ કહીએ છીએ કે કર્મ પણ એક સ્વતંત્ર ઉપાદાન વસ્તુ છે. એની પર્યાયનું થવું કર્મને લઈને તું રાગ ટાળ માટે થાય એમ હોઈ શકે નહિ. ભાઈ દલીલ તો બધી (આવે). પણ ઉપાદાનનું જોનારને અહીં જોવું છે કે ત્યાં જોવું છે? સાંભળ તો ખરો. સમજાય છે આમાં? જેઠાલાલભાઈ! બહુ ચર્ચાઓ દલીલ તો ઠેઠથી ચાલી આવે છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંડિતોએ આમ ને આમ ઊંધા માર્યા છે સમજ્યા વિના.

મુમુક્ષુ :- એની જ વાત ચાલે છે ને. આ પંડિતો ઊંધા કેમ મારે છે એ જ વાત ચાલે છે.

ઉત્તર :- એના માટે તો આ લખાણ છે. આ તો કુંદકુંદાચાર્યના વખતનું, બે હજાર વર્ષનું છે. અને એ તો અનાદિનો આ પ્રમાણે અભિપ્રાય ચાલ્યો આવે છે.

**'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે,...'** અમે તો એમ જ માનીએ છીએ. કર્મ એક વસ્તુ સ્વતંત્ર છે કે નહિ? એનો પર્યાય, એનું પરિણમવું જ્યારે પલટશે ત્યારે આત્માને લાભ થશે. અને પર્યાય જ્યાં સુધી કર્મની રહેશે ત્યાં સુધી આત્માને લાભ અને વિકાર થાશે. એ વિકાર ઈ કરે છે એમ કહે છે લ્યો. ખોટી વાત છે. સમજાણું કાંઈ? એય..! રસિકભાઈ! આ બધી દલીલું આવે છે. તમારા કલકત્તાથી બહુ દલીલો આવી હતી. હા. હા. કલકત્તાથી આવી હતી. પછી અહીં જવાબ ૪૫ ગાથાનો આપ્યો હતો. ૪૫ ગાથા આવે છે ને પ્રવચનસારમાં? ભાઈ! કર્મનો ઉદય હોય પણ પુરુષાર્થથી જો કરે તો એને કર્મ-બર્મ કાંઈ નડતું નથી. ત્યારે પેલા કહે, નહિ. એ તો પ્રદેશઉદયની વ્યાખ્યા છે. આવા ને આવા. ત્યાંથી આવતું બધું. કલકત્તેથી આવી છે વાત. આ તો ઘણાં વર્ષ થઈ ગયા. ૩૩ તો અહીં થયા. અરે.. ભગવાન! બાપુ! તારી ભૂલ તું કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય. બાપુ! કોઈ તને કરાવતું નથી. એ શુભાશુભભાવ તું કરે, સ્વતંત્રપણે કરે તો કર્તા એમ કહેવું જોઈએ. શુભ અને અશુભભાવ જીવ સ્વતંત્રપણે કર્મની અપેક્ષા રાખ્યા વિના કરે તો એને કર્તા કહેવામાં આવે. કર્મ સ્વતંત્રપણે કરે એમ નહિ. પણ તું સ્વતંત્રપણે જેવા શુભ-અશુભ ભાવ કરવા માગ એટલે તે કાળના હોય તે પ્રમાણે થાય.

**'કર્મ જ આપે છે,...'** લ્યો! જો ભાઈ આ પૈસા-બૈસા આપે કાંઈક મળે એ બધું કર્મ આપે છે. કહો, એ વાત સાચી હશે કે નહિ તમારે? કેટલા રૂપિયા થઈ પડ્યા. તમારા બાપ પાસે નહોતા એટલા બધા. ૩૫-૪૦ હજાર કહેવાતા. આ તમારા છોકરા પાસે કરોડો (થઈ ગયા). એય..! છોટાભાઈ! આ બેઠા, આ બાપ ને આ એનો દીકરો અને એનો દીકરો. આની પાસે ૩૫-૪૦ હજાર હતા, આની પાસે લાખ થયા હશે અને છોકરા પાસે ચાર કરોડ થયા. અત્યારે બે છોકરા છે એને ચાર કરોડ છે.

મુમુક્ષુ :- .. લાખ કહેવાય.

ઉત્તર :- લાખ કહેવાતા હોય. બે છોકરા વચ્ચે ચાર-પાંચ લાખ છે. એ તમને ખબર ન હોય. એ અહીં છે ને? એક છોકરાનો ભાગ છે. એ ઉઘાડું પાડે છે બધું. બફમમાં રાખો ને. અને મોટા બે છોકરા પાસે ચાર કરોડ રૂપિયા. અને આ બે છોકરા પાસે પાંચ-સાત લાખ હશે. આંકડાનું શું કામ છે આપણે? પણ એ લાખોપતિ કહેવાય છે. કરોડ નથી બસ

એટલું. આ લાખપતિ નહોતા, આ કરોડપતિ નથી, અને છોકરા કરોડપતિ થયા. કહો, એ ત્રણેય વાત સાચી કે નહિ? અત્યારે મોજૂદ છે. એય.. છોટાભાઈ! લ્યો, છોટાભાઈ તો બહુ કામ કરતા દુકાનનો વેપાર અને છતાં ૩૫-૪૦ હજાર રૂપિયાથી વધ્યા નથી એની પાસે. એ તો ખબર છે ને અમને ૭૧થી. તમે વળી .. તમારા છોકરા ફાટી ગયા, બબ્બે કરોડ. એ કર્મે આપ્યું હશે કે નહિ? કોણ આપે? સાંભળને! એની પાસે તો મમતા આવી છે. પૈસા તો પૈસાને ઘરે રહ્યા. આ તો કહે બધું આપે એ કર્મ આપે. સમજાણું?

'**કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે,...**' લ્યો! એક કર્મ આવે તો ગરીબ બનાવી દે આત્માને, રાંકો બનાવી દે. એ પર્યાયમાં રાંકો થઈ જાય, હાય.. હાય..! એમ અજ્ઞાની કહે છે હોં! એમ છે નહિ. રળે કોણ ને દે કોણ ને લે કોણ? એ તો કર્મ સ્વતંત્ર વસ્તુ છે. તું માન કે અરે..! હું દીન થઈ ગયો. એ તો તારી માન્યતાનું કામ છે. હું અધિક થઈ ગયો મોટો એ તારી માન્યતાનું કામ છે. અધિક દીનતા કાંઈ પરને લઈને છે? પૈસા થયા માટે અધિક થયો એમ માન્યું એ કાંઈ કર્મે મનાવ્યું છે? અને ગરીબ માણસ થઈ ગયો એટલે દીનતા થઈ એ કર્મે મનાવ્યું છે? અમે દીન છીએ ભાઈ, અમે દીન છીએ. એય. ક્યાં ગયા મોહનભાઈ? એના ભાઈ યાદ આવ્યા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતે આત્મા. દીન પોતે દીનપણું કરે છે. ભાવ એવો કરે છે. પૈસા આવવા એ એને કારણે (આવે છે). પણ દીનપણું કરે કે અમે ગરીબ (થઈ ગયા). એ દીનપણું તું કરે છો. દીનપણું કોઈ કરાવે છે? તું તો બાદશાહ છો જ્ઞાનાનંદ. પણ દીનપણું કરે છો ઊંધો પડીને. અને પૈસામાં આવે ત્યારે અભિમાન કરે છે. એ અભિમાન એ જીવ કરે છે. કાંઈ જડ કોઈ કરાવતું નથી. મોહનભાઈ! ભાઈ ઓલા કહે ને? અરે..! અમે આમ થઈ ગયા. કાંઈ થયો નથી. લાખો રૂપિયા છે કે નહિ? મફતનો શું મંડ્યો છો? કોણ જાણે શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એમ કે આની પાસે વધી ગયા, મારે ઘટી ગયા. લ્યો હવે આ સરવાળા. આવા ને આવા. ગણતરો ક્યાં આત્માનો? રજકણ એ તો જડના રજકણ છે માટીના. એમાં તારા ક્યાંથી આવી ગયા? દીનપણું કરે તો જીવનો દોષ છે અને અભિમાન કરે તોપણ જીવનો દોષ છે. કર્મ આપે છે, દે છે અભિમાન કે દીનતા કરાવે છે એમ છે નહિ. એમ એણે સાચું માનવું પડશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૪, બુધવાર તા. ૧૫-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૩૯૭**

.. જ્ઞાનની દશાનું કર્મ કરાવે છે. વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખોટી વાત છે એ કહે છે. એ માટે તો અહીં વાત સ્થાપે છે.

જ્ઞાનાવરણીયનો ઉદય આવે એટલે જ્ઞાનાવરણીય જ આત્માને જ્ઞાનની હીણી દશા કરે. એ હીણી દશા કરનાર કર્મ છે. એમ જૈનમાં રહેલા સાધુ નામ ધરાવનારા આવો અર્થ કરે છે. તે તેની મિથ્યાદષ્ટિની ભૂલ છે. ભોગીદાસભાઈ! જરી ઝીણી વાત આવી છે, જુઓ! કર્મ .. અત્યારે. એ બધી વાત આવી છે, હવે છેલ્લો સરવાળો છે અહીં. ભાઈ જ્ઞાનાવરણીય કર્મ કાંઈક ઢીલું પડે તો આત્માને ઉઘાડ જ્ઞાનનો થાય એમ અજ્ઞાની માને છે. શ્રમણાભાસો. સાધુ નથી પણ સાધુ નામ ધરાવનારા. એમ દર્શનવાવરણીય. એ માથે બધું આવી ગયું છે. દર્શનાવરણીયનો ઉદય આવે તો નિદ્રા આવે. નિદ્રા દર્શનાવરણીય કરે. દર્શનાવરણીયનો મંદ ક્ષયોપશમ થાય તો નિદ્રા ઉડી જાય. કર્મ કરે જીવને. એમ માનનારા સત્યની દષ્ટિથી વિરૂદ્ધ છે. માથે બધું આવી ગયું છે. જુઓ! છે ને? ઓલી કોરથી આવું ગયું છે.

‘**કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે,...**’ પહેલેથી ટીકાથી આવી ગયું છે. ટીકાની શરૂઆત છે પહેલી. ‘**કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...**’ અજ્ઞાની એમ કહે છે. બતાવો જ્ઞાનાવરણીયનો ઉદય ન હોય અને અહીં અજ્ઞાન થયું હોય. માટે અમે તો એમ જ કહીએ છીએ જ્ઞાનાવરણીયને કારણે જ આત્મામાં જ્ઞાન થાય છે. એમ અજ્ઞાની માને છે. એ વાત ખોટી છે. એમ કર્મ કરાવતું નથી. આત્મા પોતાની જ્ઞાનની હીણી દશા પોતે કરે ત્યારે કર્મને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. અને જ્ઞાનની ઉઘાડ દશા પોતે કરે ત્યારે કર્મનો ક્ષયોપશમ થયો એમ કહેવામાં આવે. પણ આ તો કર્મને માથે નાખે છે કે આત્માના સ્વરૂપને જાણતા નથી. વિકાર કોણ કરે છે એની હજી એને ખબર નથી કહે છે. કર્મ... કર્મ... કર્મ... જ ચાલ્યું છે અત્યારે.

મુમુક્ષુ :- તે દિ’એ એવું ચાલતું હતું.

ઉત્તર :- આ બધું ચાલતું. બે હજાર વર્ષ પહેલાની વાત છે આ બધી. એમ જ માને છે બધાય. દર્શનાવરણીય કર્મ એમ. પછી? શાતાવેદનીય. લ્યો, બધા છે. શાતાવેદનીયનો ઉદય આવે તો સુખી કરે જીવને. અશાતાના વેદનીયનો ઉદય આવે તો દુઃખી કરે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

માથે બધી વાત આવી ગઈ. એમ છે નહિ. એમ દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાદષ્ટિ કરે જીવને. ભાઈ, કર્મ છે જીવને મિથ્યાદષ્ટિ કરે અને કર્મ ખસે તો આત્માને સમ્યગ્દર્શન થાય એમ અજ્ઞાની માને છે, એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ. એમ બધા આવી ગયા. અસંયમ. ચારિત્રમોહનો ઉદય આવે તો ક્રોધ, માન, માયા, લોભ કરવા પડે જીવને. એ કર્મ જ વિકાર કરાવે છે. આત્માને વિકાર કરવાનો ભાવ છે નહિ. એ કર્મ કરે છે.

મુમુક્ષુ :- કોઈને વિકાર કરવાનો ભાવ હોય?

ઉત્તર :- હા. ભાવ હોય નહિ તો શું કરે છે આ? પોતાને ભૂલીને વિકાર પોતે કરે છે. શું કર્મ કરાવે? કર્મ તો જડ છે. કર્મ માટી ધૂળ આત્માને વિકાર કરાવે? એ માટે તો આ દલીલ બધી લીધી. વલ્લભદાસભાઈ! બહુ કર્મકાંડ બહુ ચાલે છે ને? કર્મગ્રંથમાં.

મુમુક્ષુ :- કર્મ વિના માંદા પડ્યા?

ઉત્તર :- માંદા એટલે એ તો શરીરની અવસ્થા છે. એ તો શરીરની અવસ્થા છે, કર્મનું અંદર નિમિત્ત છે. પણ એથી કરીને દુઃખી છે એમ ક્યાં આવ્યું? એને લઈને દુઃખી થઈ ગયો એમ ક્યાં છે? એ તો માને છે કે હું દુઃખી. એ તો પોતાની ભૂલ છે. શરીરમાં રોગ હોય એ દુઃખનું કારણ છે? શરીરમાં રોગ દુઃખનું કારણ છે?

મુમુક્ષુ :- તો સુખનું કારણ છે?

ઉત્તર :- સુખનું કારણ (નથી). એકેય નથી. કાંઈ નથી. એ તો જ્ઞેય છે. એ તો જ્ઞાનમાં જ્ઞેય છે કે આમ થાય છે આમાં. પણ માને છે એ કાંઈ કર્મને કારણે નહિ. રોગી થયો તો હું દુઃખી થયો, નિરોગી થયો તો હું સુખી થયો. મૂઢ છો. એ તો તારી માન્યતાને કારણે છે. કર્મને કારણે નથી. એમ સિદ્ધ કરે છે. મોટી વાત અત્યારે ઘણી આવે છે બધી. અને અસંયમ કરે ભાઈ કર્મનો ઉદય જ્યાં સુધી હોય ત્યાં સુધી સંયમ ન લઈ શકીએ. એ બધું આવી ગયું જુઓ!

પછી કર્મ '**ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યગ્લોકમાં ભમાવે છે,...**' આ જ્યાં ત્યાં કર્મ રખડાવે. આપણે તો કર્મના ખિલૌના, રમકડા છીએ ભાઈ! એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ, ભગવાન કહે છે. બાપુ! કર્મ તો પરવસ્તુ છે જુઓ. ઊર્ધ્વલોક, અધોલોક, તિર્યગ્લોકમાં એમ કહે. '**આનુપૂર્વી નામના કર્મને...**' લઈને છે. અરે..! કાંઈપણ શુભ કે અશુભ બધું કર્મ જ કરે છે. અમારે શુભભાવ થાય તો કર્મને લઈને, અશુભભાવ તો કર્મને લઈને. એમ અજ્ઞાની કર્મના ઉપર બધું નાખે છે. તે વાત સાચી નથી. છે ને? '**પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે. એ રીતે બધુંય સ્વતંત્રપણે...**' અહીં વજન છે. '**કર્મ જ કરે છે,...**'

મુમુક્ષુ :- જેટલા વિકાર થાય એ બધાય કર્મ કરે.

ઉત્તર :- જેટલા આત્મામાં વિકાર થાય, ગતિમાં રખડવું થાય, આત્મા તો પાંગળો છે. એ આવે છે આમાં. પાંગળો ક્યાં? એની પર્યાયમાં પોતે કરે છે. પોતાની ભૂલ કરે છે માટે. કર્મ તો જડ છે બિચારા. જડને તો ખબરેય નથી કે અમે કોણ છીએ. એ તને રખડાવે? રખડવાના ભાવ તું કર અને કર્મને માથે નાખે. પુણ્ય-પાપ એ.. શું પ્રશ્ન હતો ને કાંઈક? પુણ્ય-પાપનો નહિ ત્યાં? ૨૦૦૬ની સાલમાં. નહિ? જીવા પ્રતાપ. તમે પુણ્ય-પાપમાં માનો છો? એમ. એમ પ્રશ્ન કર્યો હતો. ૨૦૦૬ સાલમાં ગયા હતા ને? પાલિતાણા. એટલે શું? પુણ્યને ત્યારે તમે માન્યું કહેવાય કે કર્મને લઈને પુણ્ય થાય, એ ઠીક પણ પાછું કાંઈક ધર્મ કરીએ આને એ પુણ્ય થાય. પૈસા-બૈસાથી પુણ્ય થાય. પૈસા દીધે પુણ્ય થાય અને પુણ્યથી પૈસા મળે અને પાછા પૈસા દીધે પુણ્ય થાય. બેય ખોટી વાત છે. ધૂળેય ધર્મ થતો નથી. તો પૈસાવાળાને ધર્મ થાય, ગરીબને રોવું પડે. પૈસામાં મમતા છે એટલું પાપ છે અને એમાં જેટલી મમતા કાંઈક ઘટાડે દાનમાં તો એને પુણ્ય થાય. એ પોતાના પરિણામથી પુણ્ય છે, કાંઈ પૈસાથી છે નહિ.

મુમુક્ષુ :- પૈસા હતા ત્યારે મમતા ઘટી ને?

ઉત્તર :- પૈસા હતા એણે મમતા કરાવી છે? ચક્રવર્તીનું રાજ છે તો મમતા ઓછી છે લ્યો! ચક્રવર્તી ભગવાન તીર્થંકરદેવના પુત્ર ભરત ચક્રવર્તી. છ ખંડ રાજ, છન્નું હજાર સ્ત્રી, મમતા બહુ થોડી હતી. હવે એટલો રાગ કર્યો હશે ત્યારે છન્નું કરોડ નળિયા પણ નહિ હોય એને ઘરે. ભોગીદાસભાઈ! ઓલાને છન્નું કરોડ તો પાયદળ, છન્નું કરોડ પાયદળ! અહીં છન્નું કરોડ... છતાં મમતા (નહોતી), મારી ચીજ નહિ. હું આત્મા છું. મારા સ્વરૂપમાં તો આનંદ અને શાંતિ છે. રાગાદિ થાય એ પણ મારી ચીજ નથી. તો આ ચીજ તો મારી ક્યાં છે? એવું ભાન હતું તે ભરત ચક્રવર્તીને છ ખંડના રાજમાં પણ અલ્પ મમત્વ. આવે છે ને? 'ભરતેશ્વર ઘરમાં વૈરાગી.' અમે નહિ, ભાઈ! અમે તો આત્મા છીએ. અંદર આત્મા શાંતિ ને આનંદનો સાગર ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ છું. આ રાગ છે એ પણ અમારામાં નથી. પુરુષાર્થની નબળાઈથી થાય છે, અમે એના જાણનાર છીએ. આ દેહાદિ તો મારા છે નહિ. એ તો માટી જડ છે. એમાં બાહ્ય વસ્તુ તો તદ્દન ભિન્ન છે. કહો, ગૃહસ્થાશ્રમમાં રહ્યા છ ખંડના રાજાઓ પણ મમતા તેને બહુ થોડી હતી. ચારિત્રદોષની હતી એટલી પોતાની.

અને અજ્ઞાની ત્યાગ કરે બહારના પણ અંદરમાં એમ માને કે આ દોષ થાય છે કર્મને લઈને, તો મહામિથ્યાત્વ છે. મહામિથ્યાત્વ છે. મિથ્યાત્વ તો છે જ. પણ આ તો મહા તીવ્ર સેવે છે એમ કહે છે. તીવ્રમોહનું એમ માથે આવ્યું હતું ને. છોડાવવા માટે આ વાત

કરીએ છીએ.

**'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે,...'** ત્યાં આવ્યું છે ભાઈ! આવ્યું વલ્લભદાસભાઈ? કર્મ જ કરે છે. માથે કીધું ને? જુઓ! એ કાંઈપણ જેટલું શુભ-અશુભ બધું કર્મ કરે છે, લ્યો! માથે આવ્યું હતું ને હરિગીત? કર્મ જ આપે છે અને કર્મ જ હરે છે. એ બાકી છે, જુઓ! સમજાણું? શું કીધું એ? માથે શબ્દ છે જુઓ આમાં. **'કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે,...'** એ શું કહે છે? કહે છે અજ્ઞાની કે આમ કર્મ ઝાઝા આવે તો આમ તેજ આવે આત્મામાં જરી. હૂંફ આવી જાય. એ કર્મને લઈને છે. અને જ્યાં પૈસા-બૈસા જાય ત્યાં અંદર હૂંફ નીકળી જાય એ કર્મને લઈને છે. એ વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- અનુભવ .. પડે.

ઉત્તર :- ધૂળમાંય નથી. ઓલા રૂપિયા હતા તો હાથમાં લાકડી છોડી દીધી. ખબર છે? રૂપિયા નહોતા તો લાકડી લેવી પડી પાછી. આ તો નામ કોઈનું લેવું નહિ. કહો, સમજાણું? એમ કે પૈસા થાય પુણ્યને લઈને તો આત્મામાં તેજ આવે. મૂઢ છો? ધૂળ છે. ધૂળમાં તેજ આવ્યું એ એને લઈને આવ્યું? એ તો અભિમાન કરે છે અજ્ઞાની મૂઢ છે. અભિમાન કરે છે એ પોતાનો દોષ છે. વલ્લભદાસભાઈ!

એ અહીં કહે છે, જુઓ! **'કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે,...'** એવો કર્મ આવે તો આમ તેજ આવી જાય આમ શરીરમાં, અંદર આત્મામાં હોં! બળવાન દેખાય. ધૂળ છે, મૂઢ છો. લાકડી છોડી એટલે શું થયું? અભિમાન આવ્યું. અભિમાન આવ્યું છે અંદર. એ અભિમાન તો તેં કર્યું છે. એ કર્મે કરાવ્યું છે? અને દીનતા કરે છે કે જો ભાઈ! કર્મ તો હરી લે બધું. તેજ હરી લે. મકાનના તેજ હરી લે, રૂપિયાના તેજ હરી લે, આબરૂ તેજ હરી લે. માણસ સારો રહે તો મકાન એવા લાગે. એમ કહે છે. એમ છે નહિ. સાંભળને. વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- મકાન ઊંધું જ લાગે.

ઉત્તર :- હા, લાગે એ ખબર છે ને અમને. એ એક ફેરી ત્યાં ..ભાઈ ગુજરી ગયા હતા ને ભાવસાર? લાઠીમાં. એની પાસે મૂડી થોડી પણ એ વખતે .. ૨૦ હજારની મૂડી. ભાવસાર હતા, કણબી વકીલ હતા. પછી છોકરો ગુજરી ગયો. ઓલા બહાર બધી રોવરાવે બાયું. અરે..! તેજ ઘરના ઉડી ગયા દીકરા. તારા ગયાથી આમ થયું. રોવે મફતનું. મફતનું માંડે બાયું. તમારા વિના મેડીયું સુની લાગે છે, તમારી હયાતીએ મેડીયું ભરી ભરી ભરી લાગતી. એય.. વલ્લભદાસભાઈ! આવા ને આવા મૂર્ખા છે. એઈ.. ભોગીદાસભાઈ!

કહે છે, ઓલા કર્મનો ઉદય સારો આવે ત્યારે જુઓ એ કર્મ આપે છે. કર્મ આપે એમ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શબ્દ છે ને?

મુમુક્ષુ :- કર્મ જ આપે છે.

ઉત્તર :- '**કર્મ જ આપે છે,...**' આમ તેજી આપે આત્મામાં. અરે.. મૂઢ છો? એ તો અભિમાન કરે છે. કર્મ કે દિ' કરાવતું હતું? અને '**કર્મ જ હરી લે છે,...**' તેજ હણી લે તેજ. એમ હશે ને? મલૂકચંદભાઈ! એમ હોય હવે. આમ પૂનમચંદભાઈને દેખો બે કરોડ રૂપિયા તો આમ તેજ આવી ગયું છે. કાલે ગયા ને? કાલે ગયા ત્યાં ફોન આવ્યો હતો. સ્વીટઝરલેન્ડ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગયા હશે. કાલે ફોન આવ્યો હતો. ઓલો ત્યાં છે ને એક મોટો ત્યાં ગયા હશે. લ્યો, તેજ કેટલું લાગે લ્યો. એય..! બે કરોડ રૂપિયા એના દિકરા પાસે. બે છોકરા પાસે ચાર કરોડ.

મુમુક્ષુ :- આનું તેજ વધે નહિ ..

ઉત્તર :- એ આને એમ થઈ જાય કે મારા છોકરા પાસે પાંચ કરોડ છે. એની હુંફ આવી જાય કર્મને લઈને. એમ હશે? એ તો તારે કારણે છે. તને અભિમાન થઈ જાય... પૈસા ધૂળ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગલગલિયા પણ થાય મૂઢને લઈને થાય છે. પૈસાને લઈને કે દિ' હતા? મૂઢ થઈ ગયો છે. પોતાના ચૈતન્યમાં લક્ષ્મી પડી છે. પૂર્ણાનંદ આત્મા કેવળજ્ઞાનની લક્ષ્મી આત્મામાં પડી છે. આત્મામાં તો એક જ્ઞાનગુણમાં અનંતી કેવળજ્ઞાનની લક્ષ્મી પડી છે. બરાબર હશે? આ કેવળજ્ઞાન પામે છે ને પરમાત્મા સિદ્ધ? એ કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે- અવસ્થા. એવી એવી અનંતી અવસ્થાઓ અનંત કાળ સુધી થયા કરે. કારણ કે કેવળજ્ઞાન પર્યાય છે. કેવળજ્ઞાન એ ગુણ નથી. એક સમયમાં કેવળજ્ઞાન થાય ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનું એ એક સમયની અવસ્થા-પર્યાય છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી એમ નવી નવી થાય. એવી અનંતી પર્યાય આત્માના એક જ્ઞાનગુણમાં પડી છે. એવો આત્મા જ્ઞાનની અનંતી લક્ષ્મીનો પંડિત છે. અનંત લક્ષ્મીનો ધણી છે.

મુમુક્ષુ :- એ લક્ષ્મીથી મોટર મળે.

ઉત્તર :- એ લક્ષ્મીથી ગતિ મળે આત્માના આનંદની. મોટરમાં ધૂળ હતી હવે? દુઃખીના દાળિયા છે. ઓલા લાલન હતા, ભાઈ! હતા ને? લાલન હતા ને ભાઈ? ભોગીદાસભાઈ! લાલનજી. પંડિત નહોતા લાલન? જામનગરના. તમે નથી ઓળખતા? હતા મોટા હુશિયાર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નહિ? ૯૫ વર્ષે ગુજરી ગયા. લાલન પંડિત લાલન. એ અહીં હમણા બાર મહિના અહીં રહ્યા હતા, રહેતા હતા. પછી એક ફેરી લાલન મક્કરા હતા. આમ ભણેલા બહુ અને અમેરિકા ગયેલા. બહુ ભણેલા. અહીં તો પછી બાર મહિના રહ્યા હતા. ભણેલામાં કાંઈ માલ ન મળે, ઠેકાણું નહિ. રોવે પછી હાય.. હાય.. આ તો બધું મફતનું ગયું. પછી એક ફેરી કહેતા હતા, આપણે મોક્ષમાં તો જઈએ. પણ મારે ઓસામણ જોવે ચોખાનું. ચોખા અને દાળનું ઓસામણ હોય ને ઊનું ઊનું? એ ઓસામણ હોય તો મોક્ષમાં જાવું, નહિતર જાવું નહિ. પછી વિચાર કર્યો કે ઓસામણ ત્યાં હશે કે નહિ? કારણ કે એના જ્ઞાનમાં ઓસામણ જગતમાં છે એ જ્ઞાનમાં તો છે. અહીં આપણે જ્ઞાનમાં ઓસામણ માનીએ છીએ કે મારું છે, એમ ત્યાં પણ જ્ઞાનમાં છે. માટે આપણો મોક્ષ થાય તો વાંધો નહિ હવે.

મુમુક્ષુ :- એમ મોટરું...

ઉત્તર :- એમ મોટરું. જગતની જેટલી મોટરું છે એ બધું જ્ઞાનમાં આવી જાય છે. કાંઈ જ્ઞાનમાં બાકી રહેતું નથી. કેવળજ્ઞાન થાય ત્યારે, અરે..! કેવળજ્ઞાન પહેલા આત્મા અનંત ગુણનો પિંડ એવું અનુભવ અને પ્રતીતમાં થાય તો અનંતા કેવળજ્ઞાનમાં પ્રતીતમાં હું અનંત કેવળજ્ઞાનનો પિંડ છું (એમ) આવ્યું. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એ બધું જ્ઞાનમાં અંદર આવી જાય છે. સમજાણું કાંઈ? મોટરું શું અને ધૂળેય શું, બધા રખડવાના રસ્તા છે. વલ્લભદાસભાઈ! બધું ભાવમાં, આત્મામાં બધું. અને અહીં શું છે? લ્યો. એ ચીજ છે એને જાણે છે. અહીં ખાઈ જાય છે? કહો એ મોટર છે, દાળ-ભાત છે, લાડવા છે, આ કરોડ, બે કરોડ, પાંચ કરોડ ધૂળ જે કહેવાય. શું અહીં આત્મામાં આવી જાય છે? એ તો દૂર રહે છે. અહીં આમ માને. એ તો મમતા છે એની પાસે. એ તો મમતાનો અનુભવ થયો. એ ચીજનો અનુભવ છે? એ તો મમતાનો અનુભવ છે. એની પાસે આવ્યું શું? અને એ મમતાને જાણે આમ તો એ જ્ઞાનમાં મમતા આવી એમ થયું. જ્ઞાનમાં જાણ્યું કે આ મમતા છે. એ જ્ઞાનમાં મમતા જાણી, જ્ઞાનમાં આ જણાણું. એ તો જ્ઞાનમાં જાણવા લાયક છે. જ્ઞાનમાં કોઈ અનુભવવા લાયક છે ચીજ એ તો છે નહિ. પણ અજ્ઞાની એમ માને છે કે અમારું બધું. બાપા! પૈસા ને છોકરા-બોકરા હોય તો તેજ દેખાય. અને નહિતર અમારા શું કહે છે આ? હીર-હીર. હીર કહે છે ને? એ હીર હણાઈ જાય. સાચી વાત હશે? પૈસાવાળાના દીકરા ડાહ્યા કહેવાય અને પૈસા વિનાના હોય બિચારા.. સમજ્યાને? બુદ્ધિવાળા હોય તો ગાંડા કહેવાય. એમ કહે છે દુનિયા. મૂરખ છો, કહે છે. સાંભળને!

અહીં તો આત્માના તેજ તો ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાનના કરે તે એના તેજ છે. સમજાય છે? અને આત્માની દીનતા કરે. હાય.. હાય.. મને આમ થયું. એ તો એણે પોતે આત્માએ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દીનતા કરી છે. અમે પામર છીએ હોં. અરે..! અમને કાંઈ ન મળે. આ બધાને આવું છે. એ તો મૂઢ થઈને દીનતા કરે છે. એ દીનતા તું કરે તો થાય છે. ઈ કાંઈ કર્મ કરાવે છે? કર્મ કરાવે છે દીનતા તને? એ અહીં કહે છે.

'**કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ...**' અજ્ઞાની કહે છે, હોં! '**સર્વ જીવો સદાય એકાંતે અકર્તા જ છે.**' અમે તો એમ માનીએ કે જીવ તો રાગ અને પુણ્ય અને દોષનો કર્તા જ નથી. એ બિચારા શું કરે? એ તો કર્મ બધું કરે છે એમ અજ્ઞાની માને છે. કહો, સમજાણું આમાં? '**વળી...**' હવે દાખલો આપે છે એ અજ્ઞાની. આપણા શાસ્ત્રમાં એ કહ્યું નહિ? આપણા જૈન શાસ્ત્રમાં નથી કહ્યું? કહે છે. ઓલો એમ કહે છે પાછો, કર્મનો પક્ષી.

'**(ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે; કારણ કે, પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે...**' આવું એક શાસ્ત્રમાં વાક્ય આવે છે કે પુરુષવેદનો ઉદય છે ને અંદર? પુરુષવેદનો ઉદય કર્મનો. એ સ્ત્રીની અભિલાષા કરે. જુઓ! શાસ્ત્રમાં આવે છે કે નહિ આપણે? એમ કરીને એ અબ્રહ્મને સ્થાપે છે. અબ્રહ્મપણે એ આત્મા કરતો નથી એમ કહે છે. એ તો પુરુષવેદનો ઉદય હોય તો એ સ્ત્રીનો થાય એ કર્મને કારણે અબ્રહ્મપણું આવે છે. અમારે કારણે અબ્રહ્મ થતો નથી. એમ મૂઢ અજ્ઞાની એમ દલીલ કરે છે. શાસ્ત્રનો આધાર આપીને દલીલ કરે છે આ. સમજાણું કાંઈ? શું કીધું?

'**શ્રુતિ (ભગવાનની વાણી)...**' '**પુરુષવેદ નામનું કર્મ...**' શાસ્ત્રમાં તો નિમિત્તથી કથન એમ આવે ને? '**સ્ત્રીની અભિલાષા કરે છે...**' પુરુષવેદનો અંદર ઉદય આવે એટલે ઉદયમાં જોડાઈ જાય ત્યારે એને સ્ત્રીના વિષયની વાસના થાય. પણ એ તો ઊલટો-ઊંધો પુરુષાર્થ કરે છે માટે થાય છે. કાંઈ પુરુષવેદ એને કરાવે છે એમ નથી. સમજાય છે કાંઈ? ઘણાં એમ કહે ને કે ભાઈ, શું અમારે પુરુષવેદનો ઉદય આવે એટલે મેલું કર્મ કરવું જ પડે. મૂઢ છો? કોણે કહ્યું તને? ભાવ ઊંધા કર તું અને કર્મને માથે નાખે છો? હજી તને વિકારની સ્વતંત્રતાની ખબર નથી તો ધર્મ શી રીતે કરીશ તું? સમજાણું કાંઈ? એ અજ્ઞાનીની દલીલ છે. છે અહીંયાં? તંબોળી! શું છે એમાં?

'**પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે...**' એમ શાસ્ત્રમાં આવે છે. એમ શાસ્ત્રનો દાખલો ઘરનો. ઘર ફૂટે ઘર જાય એમ છે આ તો. ઓલું શાસ્ત્રમાં આવે ખરું ને એટલે શાસ્ત્રનો દાખલો આપીને પોતાની દલીલ સિદ્ધ કરે છે. એ તો બીજી વાત કરે છે શાસ્ત્ર તો. જ્યારે તને વિકારની પર્યાય થાય ત્યારે પુરુષવેદનો ઉદય નિમિત્ત કહેવામાં આવે છે. પુરુષવેદનો ઉદય તને વિકાર કરાવે છે એમ છે નહિ. એ જુઓ અબ્રહ્મને સ્થાપે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી હિંસાને સ્થાપશે. સમજાણું કાંઈ?

**'કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્ત્રી વેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે...'** સ્ત્રીને પણ જ્યારે સ્ત્રીવેદનો અંદર ઉદય આવે એટલે પુરુષની ઈચ્છા એને થાય છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે આપણા. માટે કર્મ કરે છે આ. સ્ત્રીવેદનો (ઉદય આવતા) વિષયની વાસના પુરુષને થાય એ કર્મ કરે છે. અને સ્ત્રીને પુરુષની વાસના થાય એ કર્મ કરે છે. કહો, જયંતિભાઈ! આ શાસ્ત્રમાંથી કાઢીને બોલે છે ઓલો. શાસ્ત્રમાં છે હોં! શબ્દ આવા જ છે. પણ ત્યાં બીજી વાત કરે છે. જેમ જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય એમ કીધું. એ તો નિમિત્તથી વાત કરી છે. તું પુરુષ વિષયની વિકારની દશા કર તો પુરુષવેદને નિમિત્ત તરીકે કહેવાય છે. કર્મ તને પુરુષવેદની વાસના કરાવે છે એ ત્રણ કાળમાં સાચું નથી. વીતરાગની વાણીને એ સમજતો નથી.

**'આ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે...'** જુઓ! આ વાક્યથી શાસ્ત્રમાં કહ્યું છે એ અમે કહીએ છીએ. એમ જ કહે છે ને ઘણાં? આ લખ્યું વ્યવહારે. ના વ્યવહાર નહિ. આ લખ્યું શાસ્ત્રમાં. પણ લખ્યું કઈ નયનું કથન? આ લખ્યું શાસ્ત્રમાં. પુરુષવેદે સ્ત્રીવેદનો ભાવ થાય. જુઓ આ લખ્યું શાસ્ત્રમાં. એ તો વ્યવહારનું કથન છે. આહાહા..!

મુમુક્ષુ :- લખે છે એ સાચું જ લખે છે ને.

ઉત્તર :- સાચું લખે,.. બે નયના કથન હોય. સાચું લખે એટલે? વ્યવહારનયે વ્યવહાર કહે, નિશ્ચયનયથી સાચું કહે. વ્યવહાર તો નિમિત્તનું કથન કરે છે. સમજાય છે કાંઈ? વિકાર જીવને થાય ત્યારે પુરુષવેદનું એને નિમિત્ત કર્મને નિમિત્ત કહેવાય. પણ પુરુષવેદ એને વિકાર કરાવે ત્રણ કાળમાં વીતરાગ વાણીમાં એમ હોઈ શકે નહિ. એ વીતરાગના શાસનમાં રહેલા શ્રમણાભાસ એમ કહેશે. પાછળ કહશે. ઓલી કોર છે. જુઓ! નવો પેરેગ્રાફ છે ને એમાં? **'(આચાર્ય દેવ કહે છે કે :-) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા...'** શાસ્ત્રના અર્થોને નહિ જાણનારા **'શ્રમણાભાસો...'** જુઓ! **'શ્રમણાભાસ = મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનાર.'** નીચે અર્થ છે. જૈનમાં અત્યારે આ બધું જ ચાલે છે. આ પહેલેથી જ ભગવાન કુંદકુંદાચાર્યનો પોકાર તો ત્યાંથી ચાલ્યો આવે છે. હા ભાઈ, આપણે તો કાંઈ વિકાર કરવો છે? ક્રોધ પાધરો અંદર કર્મનો ઉદય આવે તો ક્રોધ થાય. લ્યો!

મુમુક્ષુ :- આમાં સિદ્ધ ભગવાનને કેમ કર્મોદય..

ઉત્તર :- કરે તો નથી થાતો. ત્યાં છે ને કરવાની શ્રદ્ધાનું જ્ઞાન આખું નિર્મળ આત્મા

ઉપર પડ્યું છે. એને વિકાર કરવાનું છે જ ક્યાં? અને અહીં તો વિકાર કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું?

'**આ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે,...**' શું કહે છે અજ્ઞાની દલીલ શાસ્ત્રની આપીને? કે શાસ્ત્રમાં- જિનવાણીમાં એમ કહ્યું છે કે વેદનો ઉદય પુરુષને આવતા સ્ત્રીની અભિલાષા કરે, સ્ત્રી પુરુષની અભિલાષા કરે. એટલે કર્મ કરે છે એમ શાસ્ત્રમાં આવ્યું છે. માટે અબ્રહ્મચર્યના ભાવનો આત્મા કર્તા છે એમ અમે માનતા નથી. '**અબ્રહ્મચર્યના કર્તાપણાના...**' અસમર્થ વડે. જોયું? એની તાકાત પોતાને નથી. '**જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે,...**' એ જીવ અબ્રહ્મચર્ય કરતો નથી.

મુમુક્ષુ :- એ તો કાયમ બ્રહ્મચારી જ છે.

ઉત્તર :- કાયમ બ્રહ્મચારી જ છે આત્મા તો. કર્મને લઈને એ વાસના કર્મ કરે.. કર્મ કરે.. કર્મ કરે.

મુમુક્ષુ :- આત્માને આવા દોષ કરવાની ઈચ્છા હોય?

ઉત્તર :- દોષની લાખ વાર ઈચ્છા, અનંત વાર ઈચ્છા (છે). ઈચ્છા વિના થાતી હશે? કર્મ તો જડ છે બિચારા. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ તો જડ છે. જડ કરાવે છે? સમજાણું કાંઈ?

એક વાત થઈ અબ્રહ્મચર્યની. ઓલી ઘણી વાત કરી હતી અને પછી આ ચોખ્ખી શાસ્ત્રનો આધાર આપીને કરી. શાસ્ત્રનો આધાર આપીને કરી. ભાઈ, શાસ્ત્રમાં તો આમ આવે છે. ભાઈ! એમ નથી. શાસ્ત્ર તો નિમિત્તથી કહે છે. તને જ્યારે વિકારની વાસના તું કર ત્યારે નિમિત્ત હતું તો એના વડે થયું એમ કહેવામાં આવે છે. પર વડે થાય નહિ ત્રણ કાળમાં. પરદ્રવ્ય પરદ્રવ્યનું કાંઈ કરે નહિ. પરદ્રવ્ય સ્વનું કરે એમ ત્રણ કાળમાં બને નહિ.

હવે બીજી વાત કરે છે થોડી હિંસાની. ઓલો જાણનાર છે ને, શાસ્ત્ર વાંચેલા છે. જુઓ! ઈ વાત કરે છે. '**પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે...**' નામ કર્મ છે એક, હોં! ઓલો આપ્યો મોહનીય કર્મનો દાખલો. એક આપ્યો નામનો. ઘાતિ અને અઘાતિ બેનો શાસ્ત્રનો આધાર આપ્યો એણે. જુઓ! શાસ્ત્રમાં છે, નામકર્મની પ્રકૃતિ છે. આઠ કર્મ છે ને? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય. એમાં નામકર્મની ૯૩ પ્રકૃતિ છે. એમાં એક પરઘાત નામની પ્રકૃતિ છે. ૯૩ પ્રકૃતિમાં ભગવાને કહેલી એક પરઘાત નામની પ્રકૃતિ છે. તો ઓલો દાખલો લઈને આપે છે. જુઓ! શાસ્ત્રમાં કહ્યું છે કે પરઘાતની પ્રકૃતિ વડે પરની હિંસા કરે છે. આત્મા હિંસાનો કરનાર નથી. વલ્લભદાસભાઈ!

કરો ત્યારે અર્થ કહે છે લ્યો. પરઘાત. જુઓ. પરઘાત. ઓલું જેમ અબ્રહ્મનું કીધું એમ પરઘાતનું કહે છે. એમ અર્થ ન થાય. પરઘાતની પ્રકૃતિ તો હિંસાનો તું ભાવ કર ત્યારે પરઘાતની પ્રકૃતિ પરને ઘાત કરાવે એમ કહેવામાં આવે. પરની હિંસાનો ભાવ તું કર અને પ્રકૃતિને માથે નાખ કે આ કર્મ મને હિંસાનો ભાવ કરાવે. એ ભાવ મારો નથી એ તો કર્મ કરાવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મને ખબર પડે છે કાંઈ.

ઉત્તર :- હા. કર્મને ખબર પડે નહિ પણ એમ કે કર્મ કરે. અને કરવું જ પડે. કર્મને શરણે એને આવવું જ પડે. સમજાય છે ને? એક ચીજ હોય, જુઓ! આમ ચીજ હોય. એને આમ ધક્કો નાખે ધક્કો તો એને આઘે ચાલવું જ જોઈએ. એમ કર્મનો ઉદય આવે એટલે આત્માને વિકાર કરવો જ જોઈએ. એમ કહે છે. એમ છે નહિ. તું વિકાર કર તો થાય અને ન કર તો ન થાય. એમ કર્મથી કરે (માને છે એ) તારી ઊંધી શ્રદ્ધા છે કહે છે. સાધુ નામ ધરાવીને બધું આવું કર્મને નાખે છે. સાંખ્ય જેવી તારી પ્રકૃતિ છે. સમજાણું કાંઈ? અત્યારે ચાલે છે હોં આ બધાય. ઘણાં સામા આવે છે. આજે જ આવ્યું છે પાછું. આજે જ આવ્યું છે પેલામાં. ચર્ચાનું વિરૂદ્ધનું. એ પહેલા આવી ગયું છે આમાં-જૈનદર્શનમાં.

ચાર ગતિમાં રખડે છે અને... સમજ્યાને? ચાર ગતિમાં રખડે અને વિકાર થાય એ કર્મને લઈને થાય છે. આ શાસ્ત્રમાં લખ્યું. લ્યો, આજે જ આવ્યું છે હોં. જૈનદર્શન છે ને આમાં? આજે આવ્યું છે, આમાં આવ્યું છે, હોં! આંકડો નથી લખ્યો. એ આવે છે આવું. અત્યારની નવી વાત નથી. કર્મબંધ અનાદિસે... સહેતુક-અહેતુક એમાં લખ્યું છે. એ તો ઓલાએ જવાબ લખ્યો છે. સોનગઢની ચર્ચામાં. આ .. લ્યો! 'દ્રવ્યઉદય સંસારી આત્માકા વિકારભાવ ઔર ચતુર્ગતિ પરિભ્રમણરૂપ કાર્યકી ઉત્પત્તિકી નિમિત્તરૂપ કારણતાકા સદ્‌ભાવ નહીં માનતા.' ચાર ગતિમાં રખડવું અને રાગ-દ્વેષનું થવું એ કર્મને લઈને થાય. એ નિમિત્તને માનતા નથી. સોનગઢના વિદ્વાનો. એમ લખ્યું છે. આજે જ લેખ આવ્યો. એ તો પહેલા આવી ગયો હતો. બીજામાં આવ્યો હતો. જૈન ગેજેટમાં આવ્યો હતો. નિમિત્ત તો પણ ત્યારે કહેવાય કે તું કર તો એને નિમિત્ત કહેવાય. નિમિત્ત તને કરાવે તો નિમિત્ત ક્યાં આવ્યું? એ તો તને કરાવ્યું એટલે તારા ઘરમાં ગરી ગયું એ તો. એ તો ઉપાદાન થઈ ગયું. એ જ બધા લેખ આવા જ નાખે છે આ બધાય. સમજ્યાને? 'નિમિત્ત કારણકા સ્વભાવ નહીં માનતા. .. દ્વારા પ્રથમ દૌર મેં દિયે ગયે ઉત્તર દ્રવ્યકર્મકે ઉદય સંસારી આત્માકા વિકારભાવ .. વ્યવહારસે નિમિત્ત નૈમિત્તિક સંબંધ હૈ. અપર પક્ષ અપને પ્રશ્નકા ઉત્તર નહિ માનતા.' પોતાના પક્ષનો ઉત્તર એ છે નહિ. અમે પૂછીએ એનો ઉત્તર તમે આપતા નથી. પણ ઉત્તર આપ્યો છે

કે વિકાર પોતે કરે ત્યારે ઓલું નિમિત્ત કહેવાય. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એમ કીધું. તો કહે, નહિ. એનાથી કરે છે કે નહિ? અમે પૂછીએ છીએ એનો જવાબ આપતા નથી. આહાહા..! ન્યાલચંદભાઈ! આ બધી ધર્મને બહાને આવી ચર્ચાઓ ઊંધી ચાલે છે. ભણી ભણીને ભણે મોટા.

અહીં તો કહે છે, **'જે પરને હણે છે...'** એ પરઘાત નામની પ્રકૃતિ છે **નામકર્મમાં**, હોં! જ્યારે આત્માને હિંસાનો ભાવ થાય પરને મારવાનો ત્યારે પરઘાત નામની પ્રકૃતિ છે તે એમાં નિમિત્ત કહેવામાં આવે છે. ત્યારે આ કહે છે કે પરને હણે છે અને પરથી હણાય છે. જુઓ હવે. આ પર આને મારે ને? એમાં પરને મારવાનો ભાવ કર્મ કરાવે છે એ પરઘાત કરાવે છે. શું કીધું?

મુમુક્ષુ :- મારનારને માથે.

ઉત્તર :- બિલકુલ નહિ. બીજો આને મારે, મારી નાખવાનો ભાવ કરે એ ભાવ એણે નથી કર્યો. પરઘાતની પ્રકૃતિએ એને મારી નાખવાનો ભાવ કર્યો છે. અને અહીં આણે બીજાને માર્યો એ ભાવ પોતે કર્મે કરાવ્યો છે. આત્માએ કર્યો જ નથી. કહો, જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ઈચ્છા ...

ઉત્તર :- ઈચ્છા તો ઠીક પણ થાય છે એનાથી, એ તો નિમિત્ત છે વસ્તુ.

**'જે પરને હણે છે અને જે પરથી હણાય છે...'** જોયું! જે બીજા એકેન્દ્રિય જીવ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, પંચેન્દ્રિય જીવને મારવાનો ભાવ એ પણ પરઘાત નામની પ્રકૃતિને લઈને જીવમાં થાય છે. શાસ્ત્રમાં પરઘાત કેમ કહ્યું છે? પરઘાત કેમ કહ્યું છે?

મુમુક્ષુ :- પરને ઘાતે છે એટલે પરઘાત કહ્યું.

ઉત્તર :- અરે.. સાંભળને! એ તો નિમિત્તથી વાત છે. ઘાતિકર્મ (નામ છે) એમ આ પરઘાત પ્રકૃતિ નામકર્મની પ્રકૃતિ છે.

**'અને જે પરથી હણાય છે...'** પર એને મારી નાખે, એમાં ઓલાને ભાવ થાય છે એ પરઘાત પ્રકૃતિને કારણે એને ભાવ થાય છે. એને મારી નાખવાનો ભાવ પોતે કરે છે એમ છે નહિ. એમ અજ્ઞાની માને છે. તારી વાત ખોટી બિલકુલ જૂઠી છે. **'એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના...'** દેખો! કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું **'હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે,...'** જે બીજાને ઘાતે છે એ ભાવનો આ પરઘાત પ્રકૃતિ નિષેધ કરે છે, શાસ્ત્ર નિષેધ કરે છે એ પ્રમાણે અમે કહીએ છીએ.

મુમુક્ષુ :- લખ્યું છે આમાં.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પણ લખ્યું છે શી રીતે લખ્યું છે? એ તો નિમિત્તના કથન છે. આવી ને આવી વાત. શાસ્ત્રને બહાને પણ આમ મારે છે.

'**અને એ રીતે (અબ્રહ્મચર્યના...**' દેખોને બેય આવ્યા. '**તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે.**' લ્યો! આ આત્માનો કાંઈ દોષ નથી. એ તો કર્મનો ઉદય આવે વેદનો ઉદય તો અભિલાષા થાય. પુણ્યનો... સમજ્યાને? શુભભાવ આવે, કર્મનો મંદ ઉદય હોય તો શુભભાવ થાય. અશુભભાવ થાય, જ્ઞાનાવરણીય આવે તો જ્ઞાન હીણું પડે, એ ઉઘાડ થાય તો ક્ષયોપશમ થાય, એ બધું જ્ઞાનાવરણીયને લઈને છે. આત્મા તો અકર્તા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી ચાલતું. એ તો પોતાને લઈને ચાલે છે. ઓલાને લઈને કે દિ' છે?

'**જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે.**' સર્વથા કેમ કહ્યું? કે અજ્ઞાનભાવે જીવ વિકારનો કર્તા છે. એમ. જ્ઞાનભાવે આત્માનું ભાન થયું ત્યારે તો રાગનો કર્તા આત્મા નથી. ત્યારે રાગ થાય તેનો જાણનાર છે. શું કહ્યું? કર્મ તો કરાવતું નથી પણ આ સર્વથા અકર્તા કહે છે એ ખોટી વાત છે. કર્મ જ આત્માને બધું કરાવે છે એ ખોટી વાત છે, બાપા! તું આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની લક્ષ્મીને ભૂલ્યો અને વર્તમાન દશામાં જ્ઞાનની હીણી દશા, જ્ઞાનનો ઉઘાડ ભાવ, નિદ્રાનો ભાવ, રાગ-દ્વેષનો ભાવ, શુભ-અશુભનો ભાવ, પરઘાતનો ભાવ, હિંસાનો ભાવ કે અબ્રહ્મનો ભાવ. એ તેં કર્યું તો થાય છે. અજ્ઞાનભાવે તું કર તો થાય છે. જ્યારે આત્માનું તને ભાન થશે કે આ વિકાર છે એ ક્ષણિક છે એટલો હું નહિ. આ મારી ચીજ નહિ. હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એવું સમ્યગ્દર્શન થયે, ભેદજ્ઞાન થયે એ કર્મના નિમિત્તથી તારા કારણે જે વિકાર થાય તેનો તું જ્ઞાતા-દ્રષ્ટા થઈ જઈશ. ત્યારે કર્તા નથી એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત! જુઓને! કેટલા બોલ મૂક્યા છે! બધાય મૂક્યા. ... આપે, શુભ અશુભભાવ કરે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય સુખી દુઃખી કરે, અબ્રહ્મપણું કરે એ કર્મ કરે અને હિંસા કરે એ કર્મ કરે. જાવ થઈ રહ્યું. આત્મા તો બિલકુલ વિકારનો કર્તા નથી. અજ્ઞાનભાવે પણ એ વિકારનો કર્તા નથી. એમ અજ્ઞાની કહે છે.

'**(આચાર્યદેવ કહે છે કે :-)...**' હવે જુઓ! '**આ પ્રમાણે આવા સાંખ્યમતને,...**' જે અભિપ્રાય છે. એક સાંખ્યમત છે ને જૈન સિવાય? એ '**પોતાની પ્રજ્ઞાના અપરાધથી...**' પોતાની બુદ્ધિનો અપરાધ છે કે એવો અર્થ તું કરે છે, એ કહે છે. આવો જે શાસ્ત્રનો અર્થ તું કરે છો એ તારી બુદ્ધિનો અપરાધ છે. '**સૂત્રના અર્થને...**' ભગવાને કહેલા શાસ્ત્રો એના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અર્થને '**નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો...**' શ્રમણ ન હોય, મુનિપણું નથી અને મુનિપણું નામ ધરાવે છે. મિથ્યાદૃષ્ટિ છે અને મુનિપણું નામ ધરાવે છે. દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. આવા ઊંધા શાસ્ત્રના અર્થ કરે છે. આહાહા..! જુઓને અત્યારે બેધડક ચાલે છે કે નહિ? સમજાણું કાંઈ? વાત તો સારી આવી છે આજ. ભોગીદાસભાઈ આવ્યા તો એટલું પછી કાંઈક... કહો, સમજાણું? જૈનદર્શનની વાતના ઊંધા અર્થ કરે છે એમ કહેવા માગે છે. વીતરાગની વાણીમાં.. ઘાતિકર્મ લ્યો આવ્યું કે નહિ શાસ્ત્રમાં? ત્યારે લ્યો, ઘાતિકર્મ કહ્યું છે કે નહિ? આત્માને ઘાતે તો ઘાતિકર્મ કહ્યું છે કે નહિ? કહે છે કે ઊંધા અર્થ કરે છે તું. શાસ્ત્રના અર્થની તને ખબર નથી. એ તો નિમિત્ત છે. તું તારા આત્માની દશાનો ઘાત કર ત્યારે એને ઘાતિને નિમિત્ત કહેવામાં આવે. કર્મ ઘાત કરે? પરદ્રવ્ય તને ઘાત કરે? તો ઈશ્વર જગતને બનાવે અને પરદ્રવ્ય તને નુકસાન કરે બેય એકસરખા થઈ ગયા. ઓલાનો ઈશ્વર તો ચૈતન્ય અને તારો ઈશ્વર જડ કર્મ. કર્મને લઈને તારામાં દોષ થાય અને કર્મ ઘટે તો તને લાભ થાય. વલ્લભદાસભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઊંધું. જુઓને અહીં કેટલું મૂક્યું છે આચાર્યે!

'**આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના અપરાધથી...**' ભૂલ તો તારી દોષદૃષ્ટિની છે. '**સૂત્રના અર્થને...**' ભગવાનની કહેલી વાણીને '**જાણનારા કેટલાક શ્રમણાભાસો પ્રરૂપે છે;...**' આમ માને અને પ્રરૂપે છે. કહો, સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ આવ્યું કે જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાય. એમ આવે છે શાસ્ત્રમાં. તો એનો અર્થ સૂત્રનો જાણતો નથી. જ્ઞાનાવરણીય તો એક નિમિત્ત છે. તું જ્ઞાનની હીણી દશા ભાવકર્મરૂપે તું પરિણમે તો તેને નિમિત્ત ઘાતિ તરીકે કહેવામાં આવે. વલ્લભદાસભાઈ! આ ઝીણું મોટું છે આ. કર્મનું મોટું પૂછડું વળગ્યું છે જૈનમાં. સાચી વાત છે કે નહિ? કર્મ કરાવે.. કર્મ કરાવે.

(સંવત) ૨૦૦૬ની સાલમાં એ હતું, પાલિતાણા. તમે કહો છો કે વિકારને લઈને રખડે અને વીતરાગ ત્રિલોકનાથ કહે છે કે જડ કર્મને લઈને રખડે છે. લ્યો! એ ૨૦૦૬ની સાલમાં હતું. પાલિતાણા ગયેલાને જ્યારે જાત્રા છેલ્લી. આ પ્રશ્ન હતો. બધા અમારી સાથે હતા. પંડિતજી, રામજીભાઈ ને બધા હતા. તમે હતા કે નહિ? ... ત્યાં જયંતિભાઈની મેડીએ ઉતરેલા. જયંતિ છે ને મોદી? જયંતિ મોદી નહિ? ગારિયાધારવાળા. પાલિતાણા. નરશી મોનજીના દીકરા. ત્યાં અમે ઉતર્યા હતા. એ દરબારને પહેલા ... બહેનના ભત્રીજા થાય. બહેનના દીકરા. બહેનના દીકરા. ત્યાં ઉતરેલા. અને ત્યાં જીવા પ્રતાપ ત્યાં ઓલી .. લઈને આવ્યા. અંદર લખેલું કે તમે કર્મને લઈને રખડવું એમ માનતા નથી. તમે કહો કે પોતાની ભૂલથી રખડે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. ભગવાન કહે છે કે કર્મને લઈને રખડે છે. આને આ પ્રશ્ન. આમાં જે આજ આવ્યો છે ઈનો ઈ પ્રશ્ન હતો તે દિ'. ૧૮ વર્ષ થયા. ૨૦૦૬ની સાલ. ભાગ્યા તમે. કહે ભાગ્યા. શું કરે? કોની સાથે માથા ફોડે ભાઈ.

એ તો અમારે જેઠાભાઈ હતા એ પણ કહેતા હતા. જેઠાલાલ નહિ? ઓલા જેઠાભાઈ .. એ રામવિજય સાથે ચર્ચા ચાલી. એમના શિષ્ય હતા ને પહેલા તો? પછી આને આ વાત બેસી. આ વાત બેસી કે આ ભાઈ દોષ તો પોતે કરે. કર્મને લઈને નહિ. પછી એની સાથે ચર્ચા કરવા ગયા. તો એણે કીધું, પહેલી વાત તમારે કબુલ છે કે કર્મને લઈને આત્મામાં દોષ થાય છે, કર્મને લઈને રખડે છે એ કબુલ છે? તો પછી ચર્ચા કરું. તો આ કહે, મારે કબુલ નથી ભાઈ આ. આ જેઠાભાઈ છે એ ખેડાના છે અને કલેક્ટર હતા. પોરબંદર. પોરબંદરમાં. બીજા જેઠાભાઈ છે. એ બહુ ક્રિયા કરે તપગચ્છની. ઊના પાણી, ચોવિહાર, અપવાસ બહુ બહુ ઘણાં વર્ષ સુધી. પછી એમાં આ સાંભળ્યું કાંઈક. આ તો બીજી વાત. પછી ગયેલા, પહેલી વાત મૂકો આ. જેઠાભાઈને કહે કે તમારે માન્ય છે કે કર્મને લઈને આત્મામાં દોષ થાય? કર્મને લઈને રખડે એ પહેલી માન્ય છે? આ કહે કે મને માન્ય નથી. હું તો મારી ભૂલથી રખડું. મારી ભૂલને લઈને, એમ મને માન્ય છે. એમાં ચર્ચા થયેલી. ભોગીદાસભાઈ! કહો, સમજાણું કાંઈ? આપણે આવે છે ઘણીવાર, નહિ? ઓડિટર હતા ને? ઓડિટર હતા.

અહીં આ કહે છે. જુઓ આ. આ બે હજાર વર્ષ પહેલા ભગવાનની વાણી કુંદકુંદાચાર્ય કહે છે કે ભાઈ, આવું જગતમાં માનનારા છે. માથું ઊંચું કરીને કોઈને જોવું નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રના કેવા ઊંધા અર્થ કરે છે આ.

ઉત્તર :- ઊંધા અર્થ કરે છે આ. શેના ઊંધા અર્થ કરે? જ્ઞાનાવરણીયને લઈને આમ થયું, દર્શનમોહનીયને લઈને મિથ્યાત્વ થાય છે. લાવો જુઓ. ચારિત્રમોહના ઉદયને લઈને જુઓ પડ્યા મોટા, મોટા માંધાતા. અગિયારમે ચડ્યા હતા. અગિયારમે ગુણસ્થાને. પણ ચારિત્રમોહનો એવો ઉદય આવ્યો તો હેઠે પાડ્યા. ઓલા નથી આવતા? શું કહેવાય? નંદી. નંદી. નંદીસેન આવે છે ને? નંદીસેન એ આમાં શ્વેતાંબરમાં છે. નંદીસેને આર્દ્ર મુનિ. આર્દ્રકુમાર. મોટા મોટા આચાર્ય, જુઓ! એ આવે છે. પછી દીક્ષા છોડી દીધી. અને પછી એક બાઈને રાખી હતી અને છોકરો થયો. પછી ઓલો સૂતો હતો તો દોરા બાંધ્યા બાર સુતરના. આવે છે ને? ભોગીભાઈએ બધું સાંભળેલું, જૂના માણસ છે. બાઈને રાખીને છોકરો થયો. છોકરાએ દોર બાંધ્યા કે ઓહોહો.. બાર વર્ષ રહેવું પડશે આમાં. કર્મનું જોર, બાપા! નંદીશ્વર જેવાને કર્મનું જોર. એ કહેનારા ખોટા છે એમ અહીં સિદ્ધ કરવું છે. ભોગીદાસભાઈ! તારી ભૂલને લઈને તું રખડે છો. કર્મ તને રખડાવે છે, જડ તને રખડાવે? તું ચૈતન્ય બાદશાહ ઊંધો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પડ તો રખડ અને સવળો પડ તો મોક્ષ થાય તારો. કર્મને લઈને આ થાય એ વીતરાગની વાણીની અંદરમાં આવે નહિ. ત્રણ કાળમાં હોઈ શકે નહિ. પણ વીતરાગને સમજતો નથી. વીતરાગની વાણીને, શાસ્ત્રના અર્થને જ ઊંધા તું કરે છો. જુઓને! કેટલું આચાર્યે મૂક્યું છે જુઓને. ગાથામાં આવ્યું છે કે નહિ એવું? જુઓને. ગાથામાં શું આવ્યું? .. અર્થ કર્યો. '**अहवा मण्मसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલું. એટલી વાત સિદ્ધ કરી. '**तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे**' આત્મા અકારક છે. ૩૪૦ ગાથા.

**एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।**
**तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे।।३४०।।**

એ તો બીજી વાત. હવે આવી નથી. એ તો એમ કહે છે કે કર્મ કરાવે વિકારને અને આત્મા આત્માને કરે. એમ કરીને અમે અકર્તાપણું સ્થાપ્યું એમ કહે છે ઈ. બીજી વાત આવશે. શું કહે છે? કે ભગવાન કહે છે કે કથંચિત્ આત્મા કર્તા અને કથંચિત્ અકર્તા. અમે પણ એમ કહીએ છીએ કે વિકાર કરાવે કર્મ અને આત્મા આત્માને કરે. એ હવે આવશે. હવે આવશે. આ તો ... અર્થ કર્યો. કોને પણ આ પડી છે? ક્યાં માથાકૂટ કરવી? હવે એ તો જેમ કરો ને ચાલો ને ધર્મ કરો. પણ ક્યાંથી ધર્મ થતા હતા ધૂળમાં? હજી વિકારની સ્વતંત્રતાની પણ તને ખબર નથી. અધર્મ એટલે વિકાર. આત્માના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપને ભૂલી અને તારી દશામાં પાપ અને પુણ્ય, દયા ને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ એવા પરિણામ તું કરે છો એની સ્વંત્રતાની તને ખબર નથી તો એને છોડવાનો આત્મામાં ખ્યાલ કરવો એ તો મહાપુરુષાર્થ અને મહાધર્મ બીજી ચીજ છે. આટલી એને ખબર નથી એને ધર્મ થાતો ક્યાંથી હશે? સમજાણું કાંઈ?

'**શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી,...**' એકાંતે કર્મની પ્રકૃતિ જીવને કરે એમ માને. '**સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે...**' તો બધા જીવો વિકારના અકર્તા તારી દૃષ્ટિએ સિદ્ધ થાય છે. '**તેથી જીવ કર્તા છે એવી જે શ્રુતિ...**' લ્યો! ભગવાનની વાણીમાં તો જીવ વિકારનો કર્તા છે એમ આવે છે. '**જીવ કર્તા છે એવી શ્રુતિ...**' શ્રુતિ એટલે ભગવાનની વાણી. શ્રુતિ છે ને શબ્દ? ભગવાનની વાણીમાં-દિવ્યધ્વનિમાં અને શાસ્ત્રોમાં એમ આવ્યું છે કે આત્મા કથંચિત્ કોઈ પ્રકારે કર્તા વિકારનો છે. કોઈ પ્રકારે એટલે અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે. ભાનભાવે વિકારનો કર્તા નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આમ જીવને કર્તા એવી જે શ્રુતિ ભગવાનની વાણીમાં (આવ્યું કે) આત્મા વિકારનો કર્તા (છે). ચાર ગતિમાં રખડવાના ભાવનો કર્તા (તું છો). ચાર ગતિમાં રખડે છે એ તારા ભાવથી. સમજાણું કાંઈ? નરક અને નિગોદમાં જાય એ પોતાના ભાવથી. કર્મ એને લઈ જાય છે ત્યાં? જમડા લઈ જાય છે એમ હશે? નિગોદમાં ચાલ્યો જાય. મનુષ્ય હોય, તત્ત્વનું વિરાધન કરે, ચૈતન્ય મૂર્તિ ભગવાન આત્મા એનો વિરોધ કરે અને વિકાર કર્મ કરે એવી માન્યતા અને સ્વભાવનો આદર ન કરે એ તત્ત્વનો વિરોધ કરી માણસ હોય એ મરીને નિગોદમાં જાય, એ બટાટા અને શક્કરકંદમાં જન્મે. સમજાય છે કાંઈ? હારી જઈને મરી જઈશ ત્યાં. આવા અર્થ ઊંધા કરીને તત્ત્વનો વિરોધ કરશે તો નિગોદમાં જાશે. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનની વાણી ત્રિલોકનાથ પરમાત્મા અરિહંત પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન થયું એની વાણીમાં તો એમ આવ્યું છે કે આત્મા અજ્ઞાનભાવે પોતાના દોષનો રખડવાનો એ કર્તા છે. અને તું કહે છો કે પર તેને કરાવે અને આત્મા કર્તા નથી. આ વીતરાગની વાણીનો કોપ (થાય છે) એટલે કે વિરાધના કરે છે. વીતરાગની વાણીનો વિરાધના કરનારો છો એમ કહે છે. કહો, બરાબર છે? વલ્લભભાઈ!

આ વાત તો અમારે ઘણા વર્ષથી ચાલતી હતી. (સંવત) ૧૯૭૧ની સાલથી આ વાત ચાલે છે. ૭૧નું ચોમાસું હતું ને, લાઠી ચોમાસું. ૭૦માં દીક્ષા. ૭૧માં લાઠી. ત્યારે ભગવતી વાંચ્યું પહેલું. સૂત્ર ભગવતી હોં આ શ્વેતાંબરનું. ૭૧માં વાંચ્યું. એમાં જ્યારે પહેલો ઉપદેશ આવ્યો ને. પહેલા સૂત્રનો ત્રીજો ઉપદેશ. ઓહો..! કર્મ વિકાર કરાવે છે એમ લોકો કહે છે એ ખોટું છે કીધું આમાં. વિકાર પોતે કરે છે આમાં પાઠ છે આવો. સમજ્યાને? બહાર વાત મૂકી, પછી ભડક્યા બધાય. ઘણાં ભડક્યા. દામોદર શેઠ હતા ને? દામનગર નહિ? દામોદરશેઠ. અમારે ભાવનગર જગજીવન ગોપાલજીની દુકાન નથી? જગજીવન ગોપાલની પેઢી, ભાવનગર. જગજીવનભાઈની દીકરી દામોદર શેઠ... આમ બહુ પૈસાવાળા તે દિ' એ ગણાતા ને. આપણે અહીં પૈસા બહુ ઓછા હતા. તે દિ' એની પાસે પૈસા કહેવાતા. તે દિ' પાછા ૧૦ લાખ. હવે દસ લાખ તો સાધારણ થઈ ગયા. પણ તે દિ' દસ લાખ બહુ કહેવાતા. એ કહે, કર્મ કરાવે મહારાજ! આપણને .. મેં કીધું, પણ કર્મ ન કરાવે, આત્મા પોતે કરે. તમને એમ લાગતું હોય તો કર્મના ૪૯ દોકડા રાખો અને આત્માના પુરુષાર્થના ૫૧ દોકડા રાખો. એમ કહેતા. એ.. વલ્લભદાસભાઈ! ઠેઠની અમારે ચાલે છે આ. કર્મના ૪૯ દોકડા અને ૫૧ દોકડા પુરુષાર્થ આત્માના ઊંધાના. કીધું, સોએ સો દોકડા આત્માના ઊંધા પુરુષાર્થના. કર્મનો એકેય દોકડો આમાં નહિ. વલ્લભભાઈ! આહાહા..! ૭૬થી ચાલે છે. ૭૬ની સાલથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચર્ચા બહાર મુકાણી.

ભાઈ! કર્મ કોણ કરે? બાપુ! પરદ્રવ્ય છે એ તને રખડાવે? તું ભૂલ કર તો એને નિમિત્ત કહેવામાં આવે. પણ ભૂલ તું ન કર અને એ કરાવી દે? તો તારું રખડવું મટે કે દિ'? એ રખડાવે. થઈ રહ્યું, તારે છૂટવાનો તો કોઈ આરો આવ્યો નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્ર પ્રમાણે માનીએ છીએ.

ઉત્તર :- શાસ્ત્ર પ્રમાણે ક્યાં છે? એના ઊંધા અર્થ કરે છે એમ લખ્યું. ઊંધા અર્થ કરે છે. ખબર ક્યાં છે? 'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્ર..' નથી આવ્યું એમાં? 'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્ર માત્ર મનનો આમળો.' તારા મનમાં આમળો ઘૂંટાય છે કે ભણ્યો છું, મને આવડે છે. આમળો છે તારો. વસ્તુ ભગવાન શું કહે છે એની તને ખબર નથી. આમ કહે છે જુઓને.

આ '**(બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો...**' સાચા સંતો તો સાચી દૃષ્ટિએ વાત કરે. શ્રમણાભાસ નામ સાધુ નથી ને સાધુ નામ ધરાવનારા. આવું માનનારા હોય એ બધા મિથ્યાદૃષ્ટિ સાધુ છે એમ કહે છે. આવી માન્યતા રાખનારા એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. નથી સમકિતી, નથી સાધુ. શ્રાવક તો હતો જ ક્યાંથી? '**એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી જીવ કર્તા છે એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે (અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે).**' ભાઈ! ભગવાનની વાણીનો તને કોપ આવશે. ભગવાન તો એમ કહે છે કે બાપુ! વિકાર ચાર ગતિમાં રખડવું તારાથી કર્તા તું થઈને રખડે છો. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવની વાણીમાં એમ આવ્યું છે કે ચાર ગતિમાં રખડવાના તું ભાવ કરે માટે રખડે છો. નિગોદમાં પણ બટાટા, શક્કરકંદમાં જીવ છે એનો પાઠ શાસ્ત્રમાં. ભાવ પહુડ કલંકા-પ્રચુર કલંક. ભાવનું પ્રચુર કલંક એટલે નિગોદના જીવ પોતાને કારણે નિગોદમાં રહ્યા છે. કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? કહે છે, ભગવાનની વાણીની વિરાધના થાય છે.

'**વળી, કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને-કે જેઓ પર્યાયરૂપ છે...**' હવે જરી ઓલો બચાવ કરે છે. કોણ? અજ્ઞાની. ભગવાનના શાસ્ત્રમાં તો એમ આવે છે કે ભાઈ, આત્મા કર્તા છે. આત્મા કર્તા છે એવું આવે છે. ત્યારે હવે કર્તા આણે તો કર્મને ઠરાવ્યો. ત્યારે હવે કર્તા છે એ ભગવાનની વાણીમાં તો આમ આવ્યું. કરવું શું? હવે એનો બચાવ કરીને દલીલ કરે છે અજ્ઞાની. '**કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને-કે જેઓ પર્યાયરૂપ છે...**' શું કહે છે? ભાઈ! આત્મામાં જેટલા રાગ-દ્વેષ, પુણ્ય-પાપ હીણી જ્ઞાનની, દર્શનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દશા, વીર્યની હીણી અવસ્થા એ બધું કર્મ કરે. આત્માની વિકારી ચાર ગતિમાં રખડવાની અવસ્થા કર્મ કરે. **'અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે...'** આ હવે દલીલ એની ઊંધી.

મુમુક્ષુ :- સ્યાદ્વાદ.

ઉત્તર :- સ્યાદ્વાદ કાઢ્યું એણે. જરી ઝીણી વાત છે હોં! સમજવાની વાત છે આ. સર્વવિશુદ્ધ અધિકારમાં નાખ્યું છે આચાર્યે. ગજબ વાત છે. મૂળ વાત નાખી. ભાઈ! હજી તને વસ્તુની ખબર નથી કે ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ છે. એની ખબર નથી. અને તું ભૂલ કરે છો એ કર્મને માથે નાખે છો. ગજબ થાય છે. તારું રખડવું મટશે નહિ. નિગોદમાં જઈશ તત્ત્વનો વિરોધ કરીશ તો. સમજાણું કાંઈ? ત્યારે ઓલો કહે, ત્યારે હું સ્યાદ્વાદ કરું. આત્મા કર્તા ભગવાને કીધો હવે તો હું કર્તા પણ ઠરાવું. લ્યો! શી રીતે?

**'કર્મ આત્માના અજ્ઞાનાદિ...'** પહેલેથી આવ્યું ને ઓલું? અજ્ઞાન કરાવે, જ્ઞાનનો ઉઘાડ કરાવે, નિદ્રા કરાવે, શુભભાવ કરાવે, હિંસા કરાવે, અબ્રહ્મચર્ય (કરાવે). એ **'અજ્ઞાનાદિ સર્વ ભાવોને-કે જેઓ પર્યાયરૂપ છે...'** આત્માની વિકારી અવસ્થારૂપ છે **'તેમને કરે છે,...'** ત્યારે આત્મા? **'આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે...'** પર્યાય અને દ્રવ્યમાં બે ભંગ નાખ્યા. વિકારી પર્યાય અને રખડવાની પર્યાય કર્મ કરે. ત્યારે કર્તા કીધું છે ને ભગવાને? કે આત્મા આત્માને કરે. પણ એ આત્મા આત્માને શી રીતે કરે? દ્રવ્યરૂપ છે એ ત્રિકાળ છે એને કરવું શું હોય? સમજાણું?

દ્રવ્ય એટલે વસ્તુ. અનાદિ સત્ અનંત ગુણનો પિંડ અને પર્યાય એટલે વિકાર. અત્યારે. વિકાર આદિ પર્યાયોને. પર્યાયની અવસ્થાને તો કર્મ કરે. ત્યારે કર્તા કીધું છે ને ભગવાને? તો વિકાર પર્યાય એ કર્મ અને આત્મા આત્માને કરે. આત્મા આત્માને કરે એટલે કે આત્મા જે વસ્તુ છે એને પોતે કરે. પણ વસ્તુ છે એને શું કરે? ન્યાય સમજાય છે કાંઈ? કરવાનું તો પર્યાયમાં હોય. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી શુદ્ધ છે, ત્રિકાળ દ્રવ્ય છે વસ્તુ સત્... સત્... સત્... સત્... અનાદિઅનંત દ્રવ્ય વસ્તુ છે. ઓલો કહે કે પર્યાયને કર્મ કરે, આત્મા આત્માને કરે. પર્યાય અને દ્રવ્યમાં નાખ્યું અનેકાંત. આવા ને આવા.

**'આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે...'** એકને એટલે પોતાને દ્રવ્યરૂપને એકને કરે. **'માટે જીવ કર્તા છે;...'** એમ અજ્ઞાની કહે છે. **'એ રીતે શ્રુતિનો કોપ થતો નથી-એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે.'** તારી માન્યતા જૂઠી છે. દ્રવ્યને શું કરે? દ્રવ્ય તો વસ્તુ અનાદિની છે. વસ્તુ કરે કોઈ? વસ્તુ કરવાની છે? વસ્તુ છે એ તો અનાદિઅનંત છે. પર્યાયમાં-અવસ્થામાં થાય. એ અવસ્થાનું કરવું તો તેં કર્મ માથે નાખ્યું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને દ્રવ્યનું કરવું આત્મામાં છે. આત્મા આત્માને કરે. આત્મા દ્રવ્યને કરે? અસંખ્ય પ્રદેશને કરે? એક ક્ષેત્રને કરે? અસંખ્ય પ્રદેશ એને કરે? વસ્તુને કરે? અનંત ગુણનો પિંડ છે એને કરે? સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે. વસ્તુની સ્થિતિનું વર્ણન છે આ. પરમેશ્વરે કેવળજ્ઞાની પ્રભુએ જે આત્મા જોયો એટલે? એની પોતાની ભૂલ કરનારો રાગ-દ્વેષ, અજ્ઞાન-જ્ઞાન ઉઘાડ એ પોતે કરે છે. ત્યારે ઓલો કહે છે કે પણ ભગવાને કહ્યું છે ને કર્તા (છે)? ત્યારે કહે છે, એમ રાખો કે અજ્ઞાન અને આદિ ભૂલ કરે છે તે કર્મ કરે અને આત્મા દ્રવ્ય છે એને આત્મા કરે. લ્યો, આપણે કર્તા સ્યાદ્વાદ કરી નાખ્યું. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- આ બધું કરવા કરતાં સવારમાં ભગવાનની ભક્તિમાં અને પૂજામાં...

ઉત્તર :- ધૂળમાંય કાંઈ નથી ભક્તો-પૂજો કરે ત્યાં. એ તો મોહની ભક્તિ, રાગની ભક્તિ છે. આત્માને સમજ્યા વિના રાગથી ભિન્ન પાડ્યા વિના દયા પાળવા મંડી જાય, સામાયિક અને પોષા કરવા માંડે. થઈ રહ્યું, જાવ. આહાહા..!

એની વર્તમાન દશામાં શું કરે છે અને ત્રિકાળી એનું શું સ્વરૂપ છે એના જાણ્યા વિના ધર્મ ક્યાંથી થતો હતો? ધૂળમાં? સમજાણું કાંઈ? ધૂળેય ધર્મ નથી. માને તો શું થઈ ગયું ત્યાં? કરિયાતાની કોથળી અંદર હોય અને માથે સાકર લખે તો કડવાશ મટી જતી હશે માથે સાકર લખે એટલે? એમ આ ધર્મ થયો એમ માની લે તો થઈ ગયો ધર્મ? અંદર તો દૃષ્ટિ મિથ્યાત્વ અને અજ્ઞાન છે. ધર્મ ક્યાંથી થતો હતો એને? પણ જુઓ આ ન્યાય કેટલો આપ્યો ન્યાલચંદભાઈ!

વસ્તુમાં બે અંશ. એક ત્રિકાળી ભગવાન દ્રવ્યરૂપ વસ્તુ અને એક પર્યાય અંશ બદલવું તે. ત્યારે ઓલો કહે છે કે ભાઈ ભગવાને તો કર્તા કીધો છે આત્માને. તું તો અકર્તા ઠરાવે છે. ત્યારે ભાઈ! ભગવાને કીધો હોય તો લાવ હું કહું કે જે આત્માના ચાર ગતિના રખડવાના રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અજ્ઞાન એ બધું કર્મ કરે. અને આત્મા શું કરે? આત્મા આત્માને કરે. પણ આત્માને શું કરે? દ્રવ્યને કરે? આવો તેં સ્યાદ્વાદ ક્યાંથી કાઢ્યો? વલ્લભદાસભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- બધું ચલવે છે.

ઉત્તર :- હા, ચલવે છે ને. હાલે છે ને. માનનારાને ક્યાં ખબર છે કાંઈ સાંભળનારને. એમ ને એમ હાંકે રાખે ગાડા. થઈ ગયું, જાવ. આહાહા..!

શ્રીમદ્ કહ્યું છે ને? એક ટૂકડો નથી કહ્યો? આવે છે ને? 'તારી ભૂલ એટલી કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું.' આ એક ટૂકડો. ભોગીલાલભાઈ! એ સંતની પહેલી શિખામણ. એમ આવે છે. એ સંતની પહેલી શિખામણ છે કે તું તને ભૂલીને વિકાર કરવો, પરને પોતાનું માનવું. પર આદિ મારી ચીજ છે, પુણ્ય-પાપ એ વિકાર આસ્રવતત્ત્વ તે મારા

છે એમ માનવું અને સ્વને ભૂલી જવું. એ તારી ભૂલ. એ સંતની પહેલી શિખામણ છે.

મુમુક્ષુ :- પહેલી?

ઉત્તર :- પહેલી. એમ શબ્દ છે અંદર. બોટાદમાં આપણે જોયું હતું. બોટાદમાં. સમજાણું કાંઈ? આમાં છે ને, પુસ્તકમાં છે શ્રીમદ્‌ના. તારી એટલી ભૂલ કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. આ એક ટૂકડો. તારી ભૂલ એમ કીધી છે. ત્યાં કર્મે ભૂલ કરાવી છે એમ (કહ્યું છે)? તારી ભૂલ છે કે શરીર, વાણી, મન, જડ પરના, આ પુણ્ય-પાપના વિકાર મેલ એ નિર્મળાનંદ ભગવાનને પોતાના માનવા એ તારી પોતાની ભૂલ છે. અને નિર્મળાનંદ ભગવાન છે તેને ભૂલી જવો, મોટો ચૈતન્ય ત્રણ લોકનો નાથ આનંદકંદ છે એને ભૂલી જવો અને આ વિકાર અને ક્ષણિક અને સંયોગી ચીજ મારી માનવી એ તારી ભૂલ છે. સંતની પહેલી એ શિખામણ છે. કહો, એની સામું આ બધી શાસ્ત્રના અર્થમાંથી કાઢે. આ શાસ્ત્રમાં લખ્યું. આ શાસ્ત્રમાં લખ્યું. હવે લખ્યા. પણ કઈ નયે? સાંભળને. આહાહા..! પછી એવો છે એ તારો અભિપ્રાય છે જૂઠો છે. દ્રવ્યને કરે?

**'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...'** વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે. નિત્યને શું કરવું હોય? આ ઉત્તર આપ્યો શાસ્ત્રકારે, આચાર્યે. અને બીજો ભેગો અસંખ્યાત પ્રદેશી એમ સ્થાપ્યું. એમ તું કહે કાંઈ અસંખ્ય પ્રદેશી છે ને જીવ? થોડા પ્રદેશ આવે અને થોડા પ્રદેશ જાય. તો એટલું તો કરેને દ્રવ્ય? સમજાણું કાંઈ? અરે..! અસંખ્ય પ્રદેશી તે સર્વજ્ઞના શાસનમાં જ હોય. એક વસ્તુ છે આત્મા વસ્તુ, અસંખ્ય પ્રદેશ પહોળો છે ઈ. કહે છે કે દ્રવ્યે તો નિત્ય છે અને દ્રવ્યે અસંખ્ય પ્રદેશી જે છે એ પણ ત્રિકાળ છે. અસંખ્ય પ્રદેશી વસ્તુ છે અને દ્રવ્ય એક છે એ તો ત્રિકાળ છે. ત્રિકાળ છે એને કરે કોણ? પર્યાયનું કરવું તે પર ઉપર નાખ્યું અને દ્રવ્યનું કરવું તારા ઉપર નાખ્યું. દ્રવ્ય તો નિત્ય છે એને કરવું છે શું? સમજાણું કાંઈ? નિત્યમાં કર્તવ્ય હોઈ શકે નહિ. લ્યો!

**'અને લોકપરિમાણ છે.'** લોકપરિમાણ કોણ? અસંખ્યાતા પ્રદેશ, હોં! **'તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શકતું નથી,...'** ત્રિકાળ રહે એને કર્તા શું? હોય તે ત્રિકાળમાં કાર્ય શું હોય? કાર્ય તો પર્યાયમાં હોય. માટે તારું ત્રિકાળપણું આત્મા કરે અને પર્યાયને કર્મ કરે એ વાત તારી જૂઠી છે. એ વાત સાચી છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૫, ગુરુવાર તા. ૧૬-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૩૯૮**

સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર. ગાથાઓ ૩૪૪ સુધીની છે. અહીં આવ્યું છે, જુઓ! શું અધિકાર ચાલે છે? અહીંયાં આવ્યું છે. **'આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપે કરે છે માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી-એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છે :)...'** ત્યાંથી લેવાનું છે. શું કહ્યું માથે? ભાઈ છે? ગોદિકાજી! ક્યાં? સમજાવવામાં આવે છે. અહીંયાં પહેલી વાત એ આવી ગઈ છે. એનું આ પાછળથી સમાધાન કરે છે.

કેટલાક તો એમ કહે છે કે જે આત્મા છે, આ વસ્તુ છે આત્મા. એની વર્તમાન પર્યાય એટલે અવસ્થા, એમાં જે વિકાર થાય છે, જ્ઞાનની અવસ્થા હીણી થાય છે કે વિકાર થાય છે, એમ નિદ્રા આવે છે કે નિદ્રા ટળે છે, સુખ-દુઃખના સંયોગો આવે એની કલ્પના સુખ-દુઃખની થાય છે કે મિથ્યાત્વ, રાગ-દ્વેષનો ભાવ થાય છે એ બધું કર્મ કરે છે એમ અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? એ તો કહે છે, અમારે તો આત્મામાં જેટલી આ ચાર ગતિમાં લઈ જાય એ કર્મ લઈ જાય. કર્મ જ આત્માને કરે છે. વિકાર પણ કર્મ કરે છે. ચાર ગતિનું કાર્ય પણ રખડવાનું કર્મ કરે છે. ઊંચે-નીચે લઈ જવું, ક્ષેત્રાંતર-રૂપાંતર એ બધું કર્મ જ કરે છે. એમ કેટલાક જૈનના સાધુઓ સાંખ્યમતના અભિપ્રાય જેવા શાસ્ત્રના ન્યાયને નહિ સમજનારા સૂત્રના ઊંધા અર્થ કરનારા આમ માને છે. એ બધી વાત આવી ગઈ છે માથે. જુઓ!

**'આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો...'** છે? કેટલાક સાધુ નામ ધરાવનારા જૈનના પણ એમ કહે કે અમારે તો વિકાર તે કર્મથી થાય. અમે રખડીએ ચાર ગતિમાં એ કર્મને લઈને રખડીએ. અમને જે ક્રોધ, માન, માયા, લોભ થાય એ પણ ચારિત્રમોહનું કર્મ થાય એ ક્રોધ, માન, માયા કરાવે. કરાવે એમ નથી લીધું. અહીં તો કરે જ લીધું છે. એ કર્મ જ કરે. અમે તો ચોખ્ખા છીએ. એવા અર્થ અત્યારે કરે છે ને, જુઓને. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું. એમ શાસ્ત્રમાં આવે તો એનો અર્થ એવો નથી અને એ અજ્ઞાની એવા અર્થ કરે છે. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું એમ નથી. જ્ઞાનની અવસ્થા આત્મા હીણાપણે કરે છે ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. વસ્તુની સ્થિતિ આમ છે. છતાં શાસ્ત્રોના શબ્દોના વ્યવહારનયના

અર્થો કેવા હોય? નિશ્ચયના કેવા હોય એને સમજ્યા વિના જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાણું એમ શાસ્ત્રમાં આવે તો એમ અર્થ કરે એ શ્રમણાભાસો છે. એટલે કે સાધુ નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? બધું માથે ઘણું આવી ગયું છે.

ત્યારે એને કહ્યું કે પણ ભગવાન તો એમ કહે છે ને, ભગવાન તો એમ કહે છે કે કથન કોઈ અપેક્ષાએ આત્મા કર્તા છે અને કોઈ અપેક્ષાએ કર્તા નથી. એમ બે છે ને? તમે એક જ કહો છો કે કર્તા છે જ નહિ. આત્માની પર્યાયમાં વિકારનો ભાવ અજ્ઞાનભાવે આત્મા કર્તા છે અને આત્માનું ભાન થયે તેનો અકર્તા છે. વીતરાગની વાણી આમ કહે છે. સમજાય છે કાંઈ? અને તમે જ્યારે એમ જ કહો કે કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને રખડે તો આત્માને તો અકર્તાપણું આવ્યું. વીતરાગ તો એમ કહે છે, કોઈ અપેક્ષાએ અજ્ઞાનભાવે આત્મા પોતાની ગતિના, ચાર ગતિના ભાવ કરે છે અને રખડે છે. તો એ કર્તાપણું તો તમારી કોઈ અપેક્ષામાં આવ્યું નહિ. ઝીણી વાત છે આમાં હોં! આ બધું સમજાય છે? ભાઈ! નાના બચ્ચાને તો ક્યાંથી સમજાય? ઓલા ભવનું જ્ઞાન થાતું હશે કે કેમ? ખરું કે નહિ? ઓલા ભવનું શું ઘણાં ભવનું થાય એવો આત્મા છે. પણ કાંઈ અંદરથી વિચારે ત્યારે ને. વિચાર ન કરે તો એટલે શું થાય? બસ, આ પાંચ વર્ષની વાત યાદ આવે અને આગળની વાત ન યાદ આવે. હવે એને કહે, ઓલા ભવનું યાદ આવે. ઓલા ભવનું શું ઘણાં ભવનું (યાદ આવે) એવી અંદર તાકાત છે એની. અનાદિનો રખડે છે કે નહિ? કે આ પહેલોવહેલો છે આમાં? માતાના પેટમાં આવ્યો ત્યારે આત્મા નવો થયો છે? આત્મા નવો થાતો હશે? આત્મા તો અનાદિ છે. અનાદિ કાળનો છે રખડતો.. રખડતો.. રખડતો.. કેટલા કેટલા ભવ કરતો કરતો ક્યાંય આવ્યો છે. એ કાંઈ વર્તમાનમાં નવો થયો છે એમ નથી. સમજાણું?

એ આત્મા કહે છે અહીંયાં અજ્ઞાની કે શાસ્ત્રમાં એમ કહ્યું છે, ગોમ્મટસારમાં એમ આવે છે. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું, દર્શનમોહનીયને લઈને મિથ્યાત્વ થાય, ચારિત્રમોહને લઈને રાગ-દ્વેષ થાય. આનુપૂર્વી એક નામ પ્રકૃતિ છે. એ કર્મની પ્રકૃતિ એક ગતિમાંથી બીજી ગતિએ લઈ જાય. એવું શાસ્ત્રમાં આવે. પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત છે.

કહે છે કે, સાધુ નામ ધરાવનારા આવા અર્થના ઊંધા શાસ્ત્રના અર્થ કરે છે કે કર્મ જ આત્માને કરાવે એ અજ્ઞાની છે. એને ભગવાનની વાણીનો કોપ છે. વીતરાગની વાણીને સમજતો નથી. ત્યારે કહે, ભઈ, કર્તા છે એમ માનીએ લ્યો ને ભાઈ. તમે બહુ કહેતા હો તો. આત્મા છે, વસ્તુ અનાદિ. એની જે અવસ્થા થાય ને? પુણ્ય-પાપ, કામ-ક્રોધ. એ કર્મ કરાવે, કર્મ કરે. અને આત્મા આત્માને કરે. લાવો, અમે કર્તા અને અકર્તા બેય ઠરાવીએ. સમજાણું કાંઈ? ગોદિકાજી! એમ ઓલાએ બહાનું લીધું કે વિકાર છે, ચાર ગતિના પરિભ્રમણના ભાવ છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ કર્મ કરે. ત્યારે કહે, આમાં કર્તા-અકર્તા તો ન આવ્યું, કર્તા તો ન આવ્યું? કે આત્મા છે કે નહિ? એ પોતે આત્મા આત્માને કરે. આત્મા આત્માને કરે અને વિકાર પર કરાવે. બેય કર્તા અકર્તા થઈ ગયું.

ત્યારે એનો ઉત્તર આપવામાં આવે છે, જુઓ હવે. '**એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છે :)**' છે ત્યાં? ભાઈને છે ત્યાં? '**(તે સમજાવવામાં આવે છે :) જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...**' શું કીધું? જ્યારે ઓલાએ એમ બચાવ (કર્યો), શાસ્ત્રના ભાવને સમજ્યા વિના જ્યારે એમ કહ્યું કે કર્મ જ રખડાવે, કર્મ જ આત્માને દોષ કરાવે, અમે તો કાંઈ કરતા નથી વિકારને. ત્યારે ભગવાન એમ કહે છે ને કે આત્મા કોઈ અપેક્ષાએ આત્મા કર્તા છે, તો એ કર્તા છે તે શેનો? કે પોતાના દ્રવ્યનો. એમ કહે છે. દ્રવ્ય આત્મા પોતે દ્રવ્યને કરે અને વિકારાદિ રખડવાનું કર્મ કરે. બેય આવી ગયું કર્તા, અકર્તા. એમ અજ્ઞાની કહે છે. અજ્ઞાનીની દલીલ આવી છે. કર્તાપણું છે શાસ્ત્રમાં, ભગવાને કહ્યું છે. ત્યારે કર્તા કહ્યું છે ને અને તમે તો અકર્તા ઠરાવો છો. એ કર્તા શેનો? કે આત્મ વસ્તુ છે ને આત્મા પોતે ત્રિકાળી એનો આત્મા કર્તા. અને વિકારી પર્યાયનું કર્મ કરે. બેય આવી ગયું-કર્તા, અકર્તા. એમ અજ્ઞાનીની દલીલ છે. ઓલું શાસ્ત્રના અર્થ નથી બેસતા એ આ રીતે બેસાડવા માગે છે. વાત સમજાય છે કાંઈ આમાં? વિષય એવો ઝીણો થોડો આવ્યો. આ બધા નવા માંડ આવ્યા છે આમાં. આહાહા..!

અહીં તો મોટી વાત આવી ગઈ છે બે દિવસથી. ત્યારે ઓલું કહ્યું છે એણે કે જો ભાઈ! તું એમ કહે છો કે આ આત્મા છે ને વસ્તુ, એને આત્મા કરે એમ તું કહે છો. અને ચાર ગતિની રખડવાની પર્યાય છે એ કર્મ કરે એમ તું કહે છો. તો આત્મા દ્રવ્ય વસ્તુ છે એ દ્રવ્ય છે એને કરે કોણ? દ્રવ્યમાં કરવાપણું હોય નહિ. કરવાપણું હોય તો પર્યાયમાં-અવસ્થામાં કરવાપણું હોય અને અવસ્થાનું કરવાપણું તો તું કર્મને ઠરાવે છે અને આત્મા દ્રવ્ય છે એ તો કરી શકાતો નથી. એ તો ત્રિકાળ છે. વાત સમજાય છે? જુઓ!

'**જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...**' દ્રવ્ય એટલે આ પૈસો નહિ, હોં! ભાઈ, આ નવા માણસ છે ને બધા. દ્રવ્ય એટલે વસ્તુ. સમજાણું કાંઈ? આ વસ્તુ છે ને આત્મા? આ શરીર, પરમાણુ તો જડ પદાર્થ છે. એમાં જે કર્મ છે એ જડ છે અને પુણ્ય-પાપ તો કૃત્રિમ વિકાર છે. અને ચૈતન્ય જ્યોત આત્મા છે કે નહિ? અનાદિ છે, સત્ છે.. સત્ છે... સત્ છે. અનાદિ છે, છે ને છે. એવું દ્રવ્ય એટલે વસ્તુ. તો ઓલો કહે છે કે આત્મા આત્માને કરે અને પર્યાયને કર્મ કરે. માટે જુઓ, કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા આવી ગયું. અજ્ઞાની કહે છે. ત્યારે એનો ઉત્તર આપે છે આચાર્ય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...'** અનાદિઅનંત છે. નિત્ય છે એને કરવાપણું હોઈ શકે નહિ. નિત્ય વસ્તુને શું કરવી? વાત સમજાય છે ને? ગોદિકાજી! નિત્ય છે એને શું કરવું? ત્રિકાળ છે એ તો. વસ્તુ અનાદિઅનંત છે. સત્.. સત્.. સત્... નિત્ય નિત્ય ત્રિકાળ છે. જીવ તો દ્રવ્યથી નિત્ય છે. આવે છે ને શ્રીમદ્‌માં એ?

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.

આત્મસિદ્ધિમાં આવે છે. 'આત્મા દ્રવ્યે નિત્ય છે...' વસ્તુ તો અનાદિ છે. છે, છે ને છે. આ પહેલા હતું... આ પહેલા હતું... આ પહેલા હતું... આ પહેલા હતું.. આ પહેલા એમ ને એમ હતો જ તે. કે દિ' નહોતો ઈ? આ ભવ પહેલા.. આ ભવ પહેલા... એ ભવ પહેલા.. એ ભવ પહેલા એમ ને એમ અનાદિનો છે અને અનંત કાળ રહેશે. વસ્તુ તો નિત્ય છે. એવા આત્માને નિત્યપણાનું અને **'અસંખ્યાત-પ્રદેશી છે...'** બીજી વસ્તુ કીધી. વસ્તુ નિત્ય છે, ત્રિકાળ છે અને અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશી સમજાય છે? સર્વજ્ઞ પરમેશ્વરના મતમાં જ એ વાત હોય. બીજે ઠેકાણે અસંખ્ય પ્રદેશી આત્મા છે એ વાત વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. તો આત્મા પહોળો કેટલો છે આ શરીર પ્રમાણે? અસંખ્ય પ્રદેશ. એટલે એક પોઈન્ટ છે આ રજકણ, આ છે ને? આ તો ઘણાં રજકણનું ભેગું થયેલું છે. આ કાંઈ એક નથી. એનો કટકો કરતા કરતા કરતા છેલ્લો કટકો રહે પરમાણુ, એ જેટલી જગ્યાને રોકે એને પ્રદેશ કહીએ. એવો આત્મા અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પરમાણુના પહોળો જેટલો આત્મા છે. એક દેહમાં. એવા અનંત આત્માઓ છે. તો આત્મા દ્રવ્યે નિત્ય છે અને પ્રદેશે અસંખ્યાત્ પ્રદેશી છે. સમજાણું કાંઈ?

**'અને લોકપરિમાણ છે.'** એ અસંખ્ય પ્રદેશ પણ કેટલા છે? કે આખા લોકના આકાશના પ્રદેશ છે એટલા છે. જુઓ! આ વીતરાગ માર્ગનું સ્વરૂપ ઓલો કહે છે કે દ્રવ્યને એક આત્મા કરે, પર્યાયને કર્મ કરે. પણ દ્રવ્યને શું કરે? દ્રવ્ય તો અનાદિ છે. છે એને કરવાપણું ન હોય. કરવાપણું તો પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં કરવાપણું છે અને એ પર્યાયનું કરવાપણું તેં કર્મને માથે નાખ્યું. અને દ્રવ્યને આત્મા કરે એમ કરીને તું શાસ્ત્રની વાત બેસાડવા માગે છે. તો એમ બેસે નહિ. ઊંધી વાત છે તારી. અસંખ્ય પ્રદેશી લોક પરિમાણ. લોક પરિમાણ સમજાય છે? જેટલા લોક છે ને ચૌદ રાજલોક. ભગવાને એમાં આકાશ જોયું છે. એમાં અસંખ્ય પ્રદેશી છે આકાશ આખા લોક પ્રમાણ. અને એવો એક ધર્માસ્તિ છે, એક અધર્માસ્તિ છે. આખા લોક પ્રમાણે. એ ધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ છે, અધર્માસ્તિના અસંખ્ય, આકાશના અસંખ્ય લોકના. એટલા એક જીવના છે. સમજાણું કાંઈ? કેટલો પહોળો એની સંખ્યામાં?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે અસંખ્ય પ્રદેશી પહોળો. અસંખ્ય લોક પરિમાણ હોં! લોક પરિમાણ એનું માપ. લોક પ્રમાણે થાય જ એમ કાંઈ નહિ. લોક આખો બ્રહ્માંડ ચૌદ છે એટલા આત્માના પ્રદેશ છે. અહીં આકાશના પ્રદેશ છે ને? જુઓ! અસંખ્ય.. અસંખ્ય... અસંખ્ય... અસંખ્ય.. એમ આકાશના પ્રદેશ આખા ચૌદ રાજલોક પ્રમાણે છે. તો જેટલા લોકના આકાશના પ્રદેશ છે એટલા એક જીવના છે. કહો, સમજાણું આમાં?

'**તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શકતું નથી,...**' પહેલી વાત કરે છે. ઓલો દ્રવ્યે નિત્ય છે એની વાત કરે છે. આત્મા તો દ્રવ્ય ત્રિકાળ છે, ત્રિકાળ છે. અનાદિ છે, અનંત રહેશે. એવી નિત્ય વસ્તુને કરવાપણું હોઈ શકે નહિ. એક વાત. કરવાપણું તો એની પર્યાયમાં, અવસ્થામાં, વિચારમાં, હાલતમાં, દશામાં હોય. વસ્તુમાં કરવાપણું શું હોય? સમજાણું કાંઈ? ન્યાલભાઈ! ભારે માથાકૂટ આ. આ તો હવે સાધારણ વાત છે. આ તો ઓલો કહે છે કે રખડવાની ચાર ગતિના ભાવ કર્મ કરાવે. બાપા! અમારે શું છે? અમારે કાંઈ દોષ કરવાનો ભાવ છે? એ કર્મ કરે બિચારા. અમે તો ધોયેલ મૂળા જેવા છીએ. મૂઢ છો કહે છે. વિકાર કર તું અને કર્મને માથે નાખ, દોષ કર તું અને કર્મ કરાવે નાખ. તારી ઊલટાઈ ખસશે કે દિ' તારી? ત્યારે કહે છે, પણ કર્તાપણું કહ્યું છે ને ભગવાને? અને તું અકર્તા ઠરાવે છો આત્માને? આ આત્મા વસ્તુ દ્રવ્ય છે ને એને કરે. પર્યાયને, વિકારને કર્મ કરે. એલા પણ દ્રવ્યને શી રીતે કરે? એ તો નિત્ય છે.

નિત્યને નિત્યનું કાર્યપણું બની શકતું નથી. કહો, બરાબર છે? જે વસ્તુ કાયમ હોય એને કરવાપણું હોઈ શકતું નથી. કહો, આ તો સમજાય છે કે નહિ? કહો, સમજાય છે કે નહિ આમાં? રસિકભાઈ! જે વસ્તુ કાયમ હોય... જેમ જુઓ, આ રજકણ છે ને પોઈન્ટ? એ રજકણ છે એની અવસ્થા બદલે. જુઓ! આ પહેલા રજકણો હતા એ લોટના હતા, પછી થયા લોહીના અત્યારે. આ લોહી અવસ્થા થઈ છે ને? આ અવસ્થા છે ને? રજકણ જે છે એ તો કાયમ રહેશે. એની અવસ્થા બદલે છે. પછી આ અવસ્થા સ્મશાનની રાખ થશે એકવાર. એ અવસ્થા બદલ્યા કરે પણ એના રજકણો જે છે એ તો ત્રિકાળ નિત્ય રહે છે. રજકણ કોઈ નવું બને કે રજકણ કરવું પડે એમ હોઈ શકે નહિ. નિત્ય વસ્તુને કરવું હોઈ શકે નહિ. રજકણ પણ નિત્ય છે એ નિત્યને કરવું હોય નહિ. એની અવસ્થાનું કરવું હોય. તો અવસ્થા તો તું કહે છે કે કર્મ કરે અને નિત્ય વસ્તુને આત્મા કરે. ત્યારે નિત્યને કરે શું? નિત્યમાં કરવાપણું હોય નહિ. '**દ્રવ્યરૂપે નિત્ય છે,..**' એને કરવાપણું હોય નહિ.

ત્રીજી વાત. '**કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે.**'

કરવું અને કાયમ રહેવું એ બેપણામાં એકપણાનો વિરોધ છે. બે એક ઠેકાણે હોઈ શકે નહિ. કરવું અને નિત્ય. નિત્ય રહેવું અને કરવું-બેય વિરોધ છે. એમ હોઈ શકે નહિ. સમજાણું આમાં? એની એને પોતાની ખબર ન મળે કે હું કોણ છું? અને કેવડો છું? બધી માંડી પરની. એમ રહેવાપણાને, કરવાપણાને અને કાયમ રહેવાપણાને એકપણાનો વિરોધ છે. કરવું અને કાયમ રહેવું એમ હોઈ શકે નહિ. કાયમ રહે તે કરવું ન હોઈ શકે અને કરવું હોય એ કાયમ રહી શકે નહિ. બરાબર છે ને? જેઠાલાલભાઈ! લોજિકથી તો વાત કરે છે. ન્યાયથી આચાર્ય કુંદકુંદાચાર્ય મહારાજ ન્યાયથી વાત કરે છે. બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે ગયા હતા પ્રભુ. મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે સીમંધર પ્રભુ, ત્યાં ગયા હતા. કુંદકુંદાચાર્ય દિગંબર સંત. આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચાયા છે. ભગવાન પાસે અમૃતચંદ્રાચાર્ય આજ પહેલા ૯૦૦ વર્ષ પહેલા થયા. આ જેની ટીકા કરી છે. કહો, સમજાણું આમાં? જરી આજ વિષય ભઈ એવો ઝીણો છે થોડો. એ તો આવે એ વાંચતા વાંચતા આવ્યું છે એ આવ્યું છે.

મુમુક્ષુ :- સમજવા જેવું છે.

ઉત્તર :- પણ આ બધા જમશેદપુરવાળા ક્યાં સમજે? જરી માંડ માંડ રૂપિયામાં, રળવામાં ગોથા ખાતા હોય એમાં આવી ઝીણી વાતું પાછી. મોટી બા કાંઈક થાય છે. .. સમજતા નથી. ભાઈ ચિરંજીવી તો એમ કહેતા હતા. કે આ પૂર્વ ભવનું જ્ઞાન શી રીતે કહીએ? પૂર્વ ભવનું યાદ રહેતું હશે કાંઈ? કીધું, એક છોડી અહીં છે નાની. કહ્યું હતું ને? છ વર્ષની. અઢી વર્ષે જાતિસ્મરણ થયું હતું. ભાઈએ નહિ જોયું હોય. તમે અહીં નહોતા? જુનાગઢની છે. લુહાણાની દીકરી.

મુમુક્ષુ :- જુનાગઢની ક્યાં છે, આપણા ઘરની છે.

ઉત્તર :- ના ના જુનાગઢની હતી. અત્યારે તો આપણે અહીં છે. અત્યારે તો આપણે આ બહેનના ભાઈના દીકરાની દીકરી છે. અહીં કેશોદમાં હમણાં એનો બાપ રહે છે ને બેંકમાં. અઢી વર્ષે બોલી કે હું તો ગીતા છું. ફઈબા! હું ગીતા છું. હું જુનાગઢથી આવી છું. અને હું તાવમાં મરી ગઈ છું ત્યાં. આવે છે. બધી વાત કરી. પછી ભાઈએ બહુ તપાસ કરી. અમારે હિંમતભાઈ પંડિત છે ને? એના ભાઈના દીકરાની દીકરી છે. સમજાણું? એવી તપાસ કરી બહુ. અહીં અઢી, પાંચ વર્ષની થઈ હશે. પૂછ્યું તે દિ'. પાંચ વર્ષની. પાંચ વર્ષની થઈ પછી આ ભાઈ અમારા પંડિત છે મોટા હુશિયાર છે હોં! જુઓ, સામે બેઠા. પછી એણે છોડીને પૂછ્યું કે રાજુલ! અત્યારે નામ રાજુલ છે. ત્યાં હતું ગીતા. લુહાણાની દીકરી પછી અહીં આવી. રાજુલ! તને ત્યાં લઈ જઈએ તો તું તારી બાને ઓળખીશ? કહે હા. તારા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાપુજીને ઓળખીશ? હા. તારા કાકાને ઓળખીશ? કાકાને. હા. તું ગીતાને ઓળખીશ? એ શું કહો છો? ગીતા ક્યાં છે ત્યાં? ગીતા તો આ રહી. સમજાણું? ઓલા ત્રણ બોલ બાળકને .. હોય ને? એલા આ ખાવું છે? આ ખાવું છે? આ ખાવું છે? અફીણ ખાવું છે? હા પાડી દે. લાડવો ખાવો છે? શીખંડ ખાવો છો? પૂરી ખાવી છે? અફીણ ખાવું છે? ઓલા હા હામાં હા પાડી દે. એમ આને કહ્યું, સમજ્યાને? ત્યાં જઈને તું એને ઓળખીશ? કહે, હા. કોને? તારી બાને ઓળખીશ? તારા કાકાને ઓળખીશ? તું ગીતાને ઓળખીશ ત્યાં? આ અમારે પંડિતજીએ પૂછયું એને. ત્યારે કહે છે. પાંચ વર્ષની હોં ભાઈ! પાંચ વર્ષની ઉંમર. અત્યારે છ, સાડા છ થયા હશે. નહિ?

મુમુક્ષુ :- આઠમું બેઠું.

ઉત્તર :- આઠમું? ઓહોહો..! થઈ ગયા બે વર્ષ. હમણાં જાણે અહીં આવી હતી એમ લાગે. એ પછી કહે કે ગીતા ઓળખીશ તું ત્યાં જઈને? એ શું કહો છો ગીતાને? ગીતા તો આ રહી. ત્યાં કાંઈ ગીતા છે? ત્યાં.. શું કહો છો? ત્યાંની ગીતા ક્યાં ગઈ? ત્યાંની ગીતા આ રહી. એના શરીરનું શું થયું? એમ કો'કે પૂછ્યુ હતું પછી હોં! કોકે પૂછયું હતું. એ મને શું ખબર પડે? આ હું ગીતા રહી અંદર. કહો, ઓલા ભવનું જ્ઞાન થાય છે. અહીં તો તમને જમશેદપુરની ખબર પડે નહિ. અમરેલીથી આવ્યા છે એટલી ખબર પડે છે કે નહિ? અહીં અમરેલીથી આવ્યા, એના પહેલા રાજકોટ હતા, મામાને પરણાવવા ગયા હતા એ બધું યાદ રહે છે ને કાલનું, પરમ દિ'નું? એમ ઓલા ભવનું યાદ રહે. એવા તો ઘણાં ભવનું યાદ રહે સમજાય છે? એક ભવનું નહિ.

મુમુક્ષુ :- .. તો ભૂલી જાય છે.

ઉત્તર :- એ તો યાદ નથી કરતો માટે ભૂલી જાય. ભૂલી શું જાય? અંદર બધું ઘણું છે. સમજાણું કાંઈ? બધું યાદ રહી શકે. એમ આ પણ વાત યાદ રહી શકે એવી છે. કે ભાઈ! અજ્ઞાનીઓ એમ કહે કે આ વિકાર જેટલો થાય, રખડવું થાય, અમારે ભાઈ કર્મમાં માંડ્યું હોય એમ થાય અમારે તો લ્યો! એમ ન હોય. વિકાર તું કરે તો થાય. રાગ-દ્વેષ તું કર તો થાય. એ કર્મ કરાવતા નથી. ત્યારે કહે છે, કર્તા ભગવાને કીધો છે ને? તમે તો રાગ-દ્વેષ કર્મને ઠરાવ્યા. આત્મા આત્માને કરે. આત્માને શું કરે? આત્મા તો ત્રિકાળ છે, દ્રવ્ય છે, નિત્ય છે. નિત્યનું કરવાપણું કેમ બને? કરવું અને કાયમ રહેવું બે બની શકે નહિ. કાયમ રહેલી ચીજ એમાં કરવું બને નહિ અને કરવું એ કાયમ રહે એમ બની શકે નહિ. માટે આત્મા દ્રવ્ય છે એને કોઈ કરી શકતું નથી. કોઈ ઈશ્વર પણ કર્તા નથી અને એ આત્મા આત્માનો કર્તા નથી. કર્તા શું પણ, એ તો છે ત્રિકાળ. વાત સમજાય છે કાંઈ?

**'કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે. (આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.) વળી,...'** હવે ઓલા અસંખ્ય પ્રદેશની વાત કરે છે. કોઈ કહે કે દ્રવ્ય છે એને ભલે નિત્ય ન કરે, પણ આત્મા અસંખ્ય પ્રદેશી છે ને? એ સમજાણું છે કાંઈ? અસંખ્ય પ્રદેશ છે આત્માને. શરીરથી જુદો પગથી અહીં સુધી આત્મા ભિન્ન ભિન્ન છે-બધા પ્રદેશો. વસ્તુ એક છે. પણ પ્રદેશ એના જુદા. જે પ્રદેશ પગમાં છે તે અહીં નથી અને અહીં છે તે અહીં નથી. સોનાની સાંકળી હોયને જેમ હજાર મકોડાની? સોનાની સાંકળી આ. સાંકળી સમજ્યાને? શું કહે છે? ચેઈન. એ હજાર મકોડાની હોય છે. હજાર મકોડાની હોય તો મોટાના ગળામાં નાખો તો નાના સરા થાય અને નાના છોકરાના ગળામાં નાખો તો ઝાઝા સરા કરવા પડે. પણ છે તો એવડી ને એવડી. એમ હજાર મકોડાની. એમ આત્મા એ મકોડો જેમ છે એમ પ્રદેશ છે. એ આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે. એ અસંખ્ય પ્રદેશી છે ઢોર હાથીમાં જાય તો પહોળો થાય જરી. કીડીમાં જાય તો સંકોચાય. પણ એના અસંખ્ય પ્રદેશ છે એ તો એટલાને એટલા રહે. એક્કેય ઓછા-વત્તા થતા નથી.

કહે છે, ઓલા બે પ્રશ્ન મૂક્યા હતા ને? **'વળી અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (-આત્માને)...'** આત્મા તો અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. ક્ષેત્ર. એ અસંખ્યમાં શું કરવું? વસ્તુને શું કરે? વસ્તુ વસ્તુ છે. એના અસંખ્ય પ્રદેશ છે. એને શું કરે? એમ અસંખ્ય પ્રદેશ અનાદિઅનંત છે. જેટલા છે એટલા છે. એમાં થોડા પ્રદેશ નીકળી જાય અને થોડા પ્રદેશ આવી જાય એવું છે નહિ.

**'અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને, પુદ્ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...'** શુ કહે છે? આ પુદ્ગલ છે ને? જેમ આ જુઓ લાડવો છે એક દાખલો. લાડવો પુદ્ગલ છે. હવે એમાંથી થોડું ઘી નાખે તો પુષ્ટ થાય અને સૂકવી નાખે તો ઓછું થઈ જાય. ઓલા સ્કંધમાંથી. પુદ્ગલના સ્કંધ. સ્કંધ એટલે પરમાણુનો જથ્થો. એ જથ્થામાં કેટલાક પરમાણું જાય તો પુષ્ટિ થાય, નીકળી જાય તો સંકોચાય. એમ આત્મામાં નથી કે અસંખ્ય પ્રદેશમાંથી કેટલાક પ્રદેશ નીકળી જાય અને કેટલાક પ્રદેશ બહારથી આવે એવું છે નહિ. સમજાણું કાંઈ?

**'પુદ્ગલસ્કંધની માફક, પ્રદેશોનાં...'** આ પુદ્ગલમાં જુઓ આ. પહેલું શરીર પાતળું હતું. પછી આ પરમાણુ જેમ દાળ, ભાત આવતા ગયા એમ જાડું થવા માંડ્યું. આ પરમાણુ છે કે નહિ? આ જડ છે. આ કાંઈ આત્મા નથી. પહેલા પાતળું હતું આટલું નાનું. પછી દાળ, ભાત, શાકના પરમાણુ ભેગા થવા માંડ્યા. વળી પાછું કાંઈક રોગ આવે, કે કાંઈક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય. આ જુઓને ક્ષયવાળાને કેવું થઈ જાય છે? ક્ષયવાળાને. મોટું લઠ જેવું શરીર હોય તો ચકલા જેવું થઈ જાય. લઠ જેવું શરીર હોય, ક્ષય થઈ જાય. જે ખાય એના બળખા થાય. લોહી ચડે નહિ. હોય એ નીકળી જાય રજકણો. એ રજકણો ઓછા થઈ ગયા. તો સ્કંધમાં તો રજકણો નીકળી જાય, ઓછા થાય, આવે તો પુષ્ટિ થાય. એમ આત્મામાં છે? નહિ. આત્મા અસંખ્ય પ્રદેશી છે એના કેટલાક પ્રદેશો બહાર નીકળી જાય તો ઓછા થઈ જાય અને બહારથી આવે તો વધારે થાય. એવી રીતે કાર્યપણું એમાં છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું.

'**પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ...**' પ્રક્ષેપણ એટલે અંદર આવવું. '**આકર્ષણ...**' એટલે ખેંચાઈને બહાર નીકળી જવું. '**એ પણું કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય.**' અસંખ્ય પ્રદેશી એકરૂપ છે. એમાં અસંખ્ય પ્રદેશમાં કોઈ દિ' એક પ્રદેશ ઓછો વત્તો થાય એમ ત્રણ કાળમાં બને નહિ. કહો, સમજાય છે કે નહિ આમાં? દેવશીભાઈ! આવું અસંખ્ય પ્રદેશી અને આ શું પણ? ધર્મમાં આ શું કામ છે?

ભાઈ! એમ કહે છે કે ધર્મ કરવામાં એ વસ્તુ કેવી છે? કારણ કે ધર્મ તને થયો નથી કેમ? કે પુણ્ય અને પાપ, કામ અને ક્રોધના વિકાર અનાદિથી કરે છે તું. માટે ધર્મ થયો નથી. એ કર્મ બીજો કરાવે એમ તું કહે તો પછી વિકારને ટાળવાનું અને ધર્મ કરવાનું તારે અધિકારમાં રહેતું નથી. માટે વિકારનો કરનાર તું છો એમ જો નક્કી થાય તો આત્મા ત્રિકાળી આનંદ અને જ્ઞાયક અસંખ્ય પ્રદેશી, આમ અસંખ્ય પ્રદેશી વસ્તુ એક અનંત ગુણનું ધામ, એમાં દૃષ્ટિ જતાં તને નિર્મળ પ્રતીત અને નિર્મળ અનુભવ થાય ત્યારે એને ધર્મ થાય એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ માટે આ સમજાવે છે. અસંખ્ય પ્રદેશ વસ્તુ છે આમ અને દ્રવ્ય-દ્રવ્ય. એ તો નિત્ય છે. વસ્તુ નિત્ય છે એમાં કરવું હોઈ શકે નહિ. અસંખ્ય પ્રદેશમાં પ્રક્ષેપણ અને આકર્ષણ જવું-આવવું બનતું નથી. માટે અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા નિત્ય છે, કાયમ છે, એમાં કરવાપણું હોઈ શકે નહિ.

'**(સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે,...**' સ્કંધ તો ઘણાં પરમાણુનો બનેલો છે આ રજકણ આ. પાતળો થઈ જાય, સૂકાઈ જાય. પહેલું ક્યાં આવડું હતું? પહેલાં નાનું હતું આમ પાતળું. '**માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય...**' આ સ્કંધ કહેવાય હોં! આ. આત્મા નહિ આ. આ રજકણોનો બનેલો સ્કંધ. સ્કંધ એટલે પિંડ, પિંડ એટલે જથ્થો. રજકણો પરમાણુઓ જડ તત્ત્વનું સ્કંધ જથ્થો છે એને અહીં સ્કંધ કહેવાય. તો આમાંથી સ્કંધમાં તો કેટલાક રજકણો નીકળી જાય. રોગ થાય, ઓલું થાય નીકળી જાય છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તાવ આવે. અને વળી ખાય-પીવે ને સરખાઈ તો સરખું આવી જાય, લ્યો! ગોદિકાજી!

મુમુક્ષુ :- જીવ જાડો થઈ જાય.

ઉત્તર :- જીવ જાડાની ક્યાં વાત છે? જીવ જાડો-પાતળો (થતો નથી). જીવ તો છે એ છે. એ તો અસંખ્ય પ્રદેશી અને દ્રવ્ય છે ઈ છે. એની પર્યાયમાં ફેરફાર થાય. વિકાર કરે તો અધર્મ થાય અને આત્માનું દૃષ્ટિ કરીને ભાન કરે તો ધર્મ થાય. એ પર્યાયમાં કાર્ય થાય, અવસ્થામાં કાર્ય થાય. દ્રવ્ય-ગુણમાં કાર્ય ક્યાં છે? કહો, સમજાણું આમાં?

'**માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે; પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી...**' ભગવાન આત્મા તો અસંખ્ય પ્રદેશી એક પદાર્થ છે. અસંખ્ય પ્રદેશી એક પદાર્થ છે. એમાં વળી પ્રદેશ આવે જાય એમ બનતું નથી. સમજાણું કાંઈ? ભાઈ આવ્યા નથી, મોહનભાઈ. બહુ ઝીણું. '**તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ...**' આત્માના પ્રદેશ જે છે અસંખ્ય એમાંથી કોઈ પ્રદેશ બહાર નીકળી જાય અને ઓછો થઈ જાય અને પછી કોઈ બહાર આવે તો પુષ્ટો થાય એમ છે? આ તો રજકણમાં થાય, લ્યો! બે દિ' ન ખવાય ત્યાં આ..મ.. થઈ જાય. આ સ્કંધ, આ તો પરમાણુ માટી છે. અને જ્યાં સરખાઈના લાડવા-બાડવા ચડ્યા અને સરખા થયા તો શરીર પુષ્ટ થઈ ગયું. કહો, ગોદિકાજી! ઓલું થયું હશે તે દિ' શરીર મોળું પડી ગયું હશે ને? અત્યારે પાછું એવું ને એવું છે, લ્યો! શરીર. શરીર તો મોળું પડે ને, ઓલો ખોરાક ન આવે તો અંદર.

મુમુક્ષુ :- રજકણો ઓછા થઈ જાય.

ઉત્તર :- રજકણો ઓછા થાય. ડોક્ટર કહે કે નહિ નીકળાય હમણા બહાર. ના ભાઈ સાહેબ પંદર દિ' પછી હું નીકળીશ. આમ ઓછું થાય ને? ઓલા પરમાણુ ન આવે. સૂકાઈ જાય, પેટ આમ વળી જાય. કારણ કે આ તો ઘણાં રજકણોનું દળ છે. એમાં રજકણો જો ઘણાં રહે તો પુષ્ટ થાય, નીકળી જાય તો પાતળું થાય. એમ આત્મામાં છે નહિ. આત્માના અસંખ્ય પ્રદેશ છે માટે થોડા નીકળી જાય તો પાતળા થઈ જાય અને જાય તો પુષ્ટિ થઈ જાય એમ છે નહિ. માટે અસંખ્ય પ્રદેશી અને દ્રવ્ય નિત્ય, એમાં કરવાપણું હોઈ શકતું નથી. માટે તેં આત્માને કરે એમ કહેવા માંડ્યું અને પર્યાયને કર્મ કરે (એમ કહે છે), તારી એકેય વાત ખોટી છે. સમજાણું કાંઈ? વધારે પ્રદેશોને લઈ શકે નહિ.

'**વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ વિસ્તાર-સંગ્રહ છે...**' અસંખ્ય પ્રદેશી એમ. ઓલા લોકપ્રમાણે કહ્યું હતું ને? કેટલા પ્રદેશોમાં છે? અસંખ્ય. કેટલું? કે એક લોકમાં જેટલા આકાશના પ્રદેશ છે એટલું. કેવળજ્ઞાન જ્યારે આત્મા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય અને જ્યારે સમુદ્ઘાત કરે ત્યારે આત્માના અસંખ્ય પ્રદેશ લોકના છે એટલો એક એક પ્રદેશમાં એક એક. આકાશનો એક પ્રદેશ, જીવનો એક પ્રદેશ. એમ પહોળા થઈ જાય. એટલા લોકના માપ જેટલા, હોં! લોક જેટલા પહોળા થાય એમ નહિ. જેટલા લોકના પ્રદેશ છે એટલા આત્માના પ્રદેશ છે. સમજાણું કાંઈ?

'**વિસ્તાર-સંગ્રહ છે (અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...**' શું કહે છે? જેમ પુદ્ગલમાં પરમાણુઓમાં પરમાણુ કેટલાક આવે ને જાય તો પુષ્ટિ અને સંકોચ થઈ શકે. એમ આત્માના અસંખ્ય પ્રદેશમાં કેટલાક પ્રદેશ જાય અને આવે એવું એમાં બની શકતું નથી. '**સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોના સંકોચ-વિસ્તાર થવા છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક,...**' દાખલો જુઓ આપ્યો. ચામડું છે ને સૂકું તોપણ એટલું ને એટલું. ભીનું (હોય) તોપણ એટલું ને એટલું. સૂકું-ભીનું કાંઈ એમાં પ્રદેશોમાં ફેર પડતો નથી.

'**નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી.**' આત્માના અસંખ્ય પ્રદેશમાં ઓછા-વત્તાપણું કરી શકાતું નથી. '**(આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.)**' માટે દ્રવ્યને આત્મા કરે અને અસંખ્ય પ્રદેશને ઘાલમેલ કરે એવું બની શકતું નથી. માટે તું કહે છો કે આત્મા દ્રવ્યને કરે અને વિકાર કર્મ કરે એ તારી એકેય વાત ખોટી છે. દ્રવ્ય નિત્ય છે, અસંખ્ય પ્રદેશ નિત્ય છે અને વિકાર તું કરે તો થાય અને વિકાર ન કરે તો તને ધર્મ થાય. એ તારા અધિકારની વાત છે. સમજાણું કાંઈ? બીજો બોલ (થયો).

ત્રીજો. '**વળી, વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે...**' એમ તું કહેતો હોય તો. જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવે છે. જાણનાર જાણનારપણે (છે). '**અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરૂદ્ધતા હોવાથી,...**' વસ્તુ છે ને જ્ઞાયક દ્રવ્ય, જ્ઞાયક સમજાય છે? ચૈતન્યબિંબ ચૈતન્યબિંબ. વસ્તુ જ્ઞાયક પ્રકાશ. નિત્ય જ્ઞાયક પ્રકાશ. સામાન્ય એટલે એની વર્તમાન અવસ્થા સિવાય જ્ઞાયક સામાન્ય ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, એવો જે જ્ઞાયક ભાવ એ સ્થિત રહેતો થકો એવો ને એવો રહેતો હોવાથી '**જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી,...**' કારણ કે જ્ઞાયકપણું અને જ્ઞાયકપણું કરવું એમ બની શકતું નથી. વસ્તુ જ્ઞાયક છે. જુઓ! હવે ભાવ લીધો છે. ઓલું દ્રવ્ય લીધું હતું, ઓલું ક્ષેત્ર લીધું હતું. હવે ભાવ. ત્રિકાળી હોં! એ પર્યાયમાં કર્તાપણું છે એટલું સિદ્ધ કરવું છે.

વસ્તુ દ્રવ્ય છે ત્રિકાળ એનું કરવું બનતું નથી. ભગવાને જે આત્માને જોયો દ્રવ્યે એનું નિત્યપણું છે. એના અસંખ્ય પ્રદેશ પણ કાયમ છે. એમાં કરવાપણું ફેરફાર બનતું નથી. હવે એ એનો જ્ઞાયકભાવ ત્રિકાળ છે. જ્ઞાયક. જ્ઞાયક ધ્રુવ સ્વભાવ જ્ઞાયક. જ્ઞ-સ્વભાવ, આનંદ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ એવું. અહીં જ્ઞાનપ્રધાનથી કથન છે.

'**જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી,...**' જ્ઞાયકપણું રહે અને જ્ઞાયકપણું કરે, જ્ઞાયકપણાના ભાવને કરે એમ બની શકતું નથી. '**મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી;...**' જ્ઞાયકભાવ તો મિથ્યાત્વનો કર્તા થતો નથી. એમ જો તું કહે તો '**મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે;...**' અને મિથ્યાત્વાદિ ભાવ તો થાય છે. '**તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે**' એમ કહે છે. તું એમ કહે કે ભાવ જાણપણું છે એ ચૈતન્યમૂર્તિ છે એ તો એવો ને એવો રહે. માટે મિથ્યાત્વાદિ તો થાય છે. જ્ઞાયકભાવ છે. ભાવ છે ને ધ્રુવ? એ તો એવો ને એવો રહે ભાવ. અને રાગ-દ્વેષ તો મિથ્યાત્વ થાય. પુણ્ય-પાપમાં ધર્મ છે, પુણ્યમાં સુખ છે, પાપમાં મઝા છે એવો મિથ્યાત્વભાવ તો જીવ કરે છે. ત્યારે હવે જ્ઞાયકભાવ તો કાંઈ કરે નહિ. ત્યારે મિથ્યાત્વાદિ ભાવ તો કર્મ કરે. એટલે તારે કર્તાપણું તો કાંઈ આવ્યું નહિ.

'**કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે-આવી જે વાસના પ્રગટ કરવામાં આવે છે તે પણ આત્મા આત્માને કરે છે એવી માન્યતા અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).**' વાત જરી ઝીણી છે પણ ન્યાયથી સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ? ભાઈ! તારી દશામાં-વર્તમાન અવસ્થામાં-જે કાંઈ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ થાય છે એ તું કરે તો થાય છે. તારું કાર્ય છે ઈ. એ કર્મનું નહિ. અને ઓલો કહે કે પણ કર્તા ભગવાને કીધો છે. અને તું તો કહે છે કે વિકારનું પરિણામ કર્મ કરે. ત્યારે કહે ભાઈ, દ્રવ્યને કરે એ. દ્રવ્યને શી રીતે કરે? દ્રવ્ય તો નિત્ય છે. ક્ષેત્રને કરે. ક્ષેત્ર તો અસંખ્ય પ્રદેશીના પ્રમાણવાળું, માપવાળું છે. એમાં ઓછા-વત્તું થાય નહિ. અને જ્ઞાયકભાવ છે. તને એમ લાગે કે જ્ઞાયકભાવ છે, વસ્તુ ધ્રુવ ભાવ છે એ ભાવ તો આ મિથ્યાત્વને કરે નહિ. ત્યારે? હવે શું કરવું? એ મિથ્યાત્વાદિ કર્મને કરે એમ તું જો કહે તો એ તારી વાત ખોટી છે. સમજાય છે કાંઈ? '**અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).**' વસ્તુપણે જ્ઞાયક હોવા છતાં પર્યાયપણે પણ જ્ઞાયક માને તો અકર્તા ઠર્યો. રાગનો કર્તા કર્મ ઠર્યો. તારે હિસાબે આત્મા કર્તા ઠર્યો નહિ. હવે જરી.. જુઓ હવે ધર્મની વાત.

'**માટે, જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ...**' ભગવાન આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રદેશી કાયમ છે. જ્ઞાયકપણાના સામાન્ય સ્વભાવ એટલે ધ્રુવ સ્વભાવ, સામાન્ય એટલે ધ્રુવ સ્વભાવ જ્ઞાયક ભાવ, ભાવ, ચૈતન્યભાવ, ધ્રુવ ભાવ એ અપેક્ષાએ તો '**જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...**' એ રીતે તો આત્મા જ્ઞાનસ્વભાવે સ્થિત જ છે. ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ જ્ઞાયકભાવે જ્ઞાયકભાવ સ્થિત છે. સમજાણું કાંઈ? પ્રેમચંદજી! આવી વાતું (છે).

'**કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...**' પણ હવે ગોટો ક્યાં વળે છે? કહે છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી સૂર્ય છે. એ તો ચૈતન્યના તેજ છે જેનામાં. જ્ઞાયકભાવથી ભરેલો પદાર્થ છે. એ ભગવાન આત્મા જ્યારે કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા વિકાર, એને જાણવા જેવું જોઈએ, કહે છે કે એ '**મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...**' એ રાગાદિ પરિણામ થાય તે જ સમયે આત્માએ જ્ઞાન કરવું જોઈએ, રાગનું જ્ઞાન કરવું જોઈએ, ભિન્ન પડીને જ્ઞાન કરવું જોઈએ, એમ ન કરતાં '**અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય અને પુણ્ય-પાપના ભાવ વિકાર એ જ્ઞેય છે અને આત્મા તેનો જાણનાર છે. એવો ભેદજ્ઞાનનો અનાદિથી અજ્ઞાનીને અભાવ છે. સમજાણું કાંઈ?

વસ્તુ નિત્ય છે, અસંખ્ય પ્રદેશી છે, જ્ઞાયકભાવ એકરૂપ છે. એવા જ્ઞાયકભાવમાં અનાદિથી કર્મના સંગે ઉત્પન્ન થયેલા વિકારને વર્તમાનમાં સામાન્ય જ્ઞાનથી એનું જ્ઞેય કરીને જ્ઞાન થવું જોઈએ, એને જ્ઞેય કરીને ભિન્ન રાખીને સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાન કરવું જોઈએ, એવા જ્ઞાનને કાળે, એવા જ્ઞાનને કાળે-આ સમયની વ્યાખ્યા કાળની છે હવે. ઓલા દ્રવ્ય-ક્ષેત્ર-ભાવની વ્યાખ્યા થઈ ગઈ. સમજાણું કાંઈ? દ્રવ્ય નિત્ય છે, ક્ષેત્ર નિત્ય છે, જ્ઞાયકભાવ ધ્રુવ છે. ત્યારે કહે છે, આ વિકાર થાય છે ને? માટે અમે કર્મ કરે એમ કહીએ છીએ. એમ નથી, ભાઈ સાંભળને. ભારે વાત ભાઈ! ઓહોહો..! કુંદકુંદાચાર્યની કથન પદ્ધતિ સારા (-આખા) જૈન શાસનને થોડામાં મૂકી દે એવી છે.

કહે છે, ભાઈ! જ્ઞાયકભાવ સામાન્ય ચૈતન્ય મૂર્તિ પ્રભુ, ચૈતન્યની જ્યોત સૂર્ય ચૈતન્ય છે. એની અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવ અસ્તિ જ છે. જ્ઞાનભાવે તો જ્ઞાન સ્થિર જ છે. પણ '**કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના...**' કાળ. એનો કાળ આવ્યો ભાઈ! જ્ઞાનસમયે. ખરેખર તો ભગવાન આત્મા જે રાગ થાય, પુણ્ય-પાપના પરિણામ, તેને જાણવાનો એનો કાળ હતો. એ જાણવાના કાળે જ્ઞાન તરફ ન વળતાં રાગ તે હું છું એમ માન્યું છે, એ અજ્ઞાની રાગનો કર્તા મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..! ફરીને. સંસારનું ભણવા જાય ને મેટ્રીક ને ફેટ્રીક લાંબા પૂછડા છે ત્યાં બધું ભણે, માથાફોડ કરે.

મુમુક્ષુ :- આ તો ૧૫મી વારનું છે.

ઉત્તર :- હા. આ ૧૫મી વાર આ સમયસાર ચાલે છે એમ કહે છે. ૧૫મી વાર. ગોદિકાજી! આ ૧૫મી વાર ચાલે છે સભામાં. પહેલેથી તે ઠેઠ સુધી ૧૪ વાર વંચાઈ ગયું છે. આ ૧૫મી વાર વંચાય છે. એમ કે અહીંના સાંભળનારને તો સહેલું પડે ને હવે. એમ કહે છે. ઈ એમ કહે છે.

અહીં તો કહે છે, ભાઈ! જો વસ્તુની સ્થિતિની મર્યાદા તો જો! આત્મા ભગવાન એ વસ્તુએ તો નિત્ય છે. એટલે એમાં કરવાપણું હોય નહિ. અસંખ્ય પ્રદેશી છે એમાં સંકોચ-વિકાસ થવા છતાં ચામડાની માફક, કાંઈક પ્રદેશો ઘટે-વધે એમ છે નહિ. હવે ભાવ આવ્યો. દ્રવ્ય આવ્યું, એમાં ક્ષેત્ર આવ્યું. એનો ભાવ આવ્યો જ્ઞાયકભાવ. ચૈતન્યભાવ જ્ઞાનભાવ. એ જ્ઞાયકભાવ તો સામાન્ય છે. એ તો એમ ને એમ રહે છે. ત્યારે ઓલો કહે છે કે એ વખતે જ્ઞાયકભાવ તો એવો રહ્યો. ત્યારે વિકાર તો થાય છે, માટે વિકાર કર્મ કરે છે એમ અમારે નક્કી થાય છે. એમ નથી સાંભળને. એ જાણનારો જ્ઞાયક પ્રભુ, જ્યારે '**મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...**' એ વિકારના પરિણામનો જાણવાનો કાળ જ્ઞાનમાં છે, એ કાળે '**અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' પણ એ પુણ્ય-પાપના વિકાર તેનો જાણનારો સ્વ તરફ વળે તો એનો જાણનારો છું. રાગ મારો નથી. એમ જેને ભેદજ્ઞાન નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ ચૈતન્ય પ્રભુ જ્ઞાયકભાવથી ભરેલો પદાર્થ છે. કહે છે કે જ્ઞાયકભાવને વર્તમાનમાં સ્વકાળમાં જ્ઞાનની પર્યાય રાગને જાણવા કાળે અનાદિથી રાગ તે હું એમ કરીને માનીને બેઠો છે. ખરેખર એને રાગ અને જ્ઞાનની પર્યાયના સ્વકાળમાં ભેદ પાડતો નથી. નથી ભેદ પાડતો તેને અધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ફરીને હોં! હજી કાંઈ એમ ને એમ જવા નહિ દઈએ વાતને. ભગવાન આત્મા... કહે છે કે એમાં અધર્મનો કર્તા કેમ થાય છે? અધર્મ એટલે વિકાર. ગોદિકાજી! પરનો નહિ હોં! શરીર-બરીરનું તો કરી શકતો જ નથી આ. એ તો પ્રત્યક્ષ થયું છે ને? હાર્ટનો એટેક હતો ને? શું કહેવાય એ? હૃદયનો. ડોક્ટર કહે, નહિ નીકળાય .. એવું સાંભળ્યું છે અહીં, હોં! અહીં વાત તો બધી આવતી હતી ને અહીં. પંદર દિવસે, મહિને .. જાવું છે.

અહીં કહે છે કે એ રજકણોનું તો કાંઈ કરી શકતો નથી. એ રજકણો જે સમયે જે અવસ્થાથી થાય તે થવાનો, થવાનો ને થવાનો. એનો ફેરફાર મોટો ઈન્દ્ર આવે, નરેન્દ્ર આવે કે આ જિનેન્દ્ર આવે (એ કરી શકે નહિ). બરાબર છે કે નહિ? સમજાણું? જિનેન્દ્ર આવે તો ધર્મનું નિમિત્ત થાય. કોઈ ફેરફાર થાય નહિ. પરમાણુનો ફેરફાર થાય નહિ. આહાહા..! કહે છે, ભગવાન આત્મા.. આમાં કહે છે કે ભૂલને કરે છે કેમ એ? અને ભૂલને કેમ કરે

છે? એટલી વાત સિદ્ધ કરે છે. વિકાર જીવ કરે છે એ સિદ્ધ કરવું છે. વિકાર એ જીવ કરે. ભગવાને કીધું છે કે કર્તા આત્મા છે વિકારનો. કઈ અપેક્ષાએ? કે જેને રાગ અને આત્માના જ્ઞાનનું ભેદજ્ઞાન નથી તે જ્ઞાનનો જે રાગને જાણવાનો કાળ છે. તેમાં જ્ઞેય રાગમાં એકાકાર થઈ જાય (છે). જુઓ!

'**જ્ઞેય અને જ્ઞાનના...**' એકત્વથી અથવા '**ભેદજ્ઞાનથી શૂન્ય...**' ભેદજ્ઞાનથી શૂન્ય કહો કે જ્ઞેય અને જ્ઞાન એક કહો. '**પરને આત્મા તરીકે જાણતો...**' કહો, સમજાણું કાંઈ? આહાહા..! કેટલી ધીરજ જોઈએ. વસ્તુ અને એની શક્તિઓ ધ્રુવ છે. વસ્તુ અને શક્તિઓ. વસ્તુ શક્તિવાન છે. આત્મા હોં એક એક. અને શક્તિ ધ્રુવ છે. હવે તેને વર્તમાનમાં-વર્તમાન કાળમાં જ્યારે રાગ ને દ્વેષના ભાવ થાય તે જ સમયે જ્ઞાનની પર્યાય અને રાગ એ બેને જુદા નથી જાણતો. અનાદિ કાળથી જ્ઞેય ને જ્ઞાનની પર્યાય એક માની રહ્યો છે તે ત્યાં રાગનો કર્તા થઈને કર્તા એને કહેવામાં આવે છે.

ફરીને. રાજમલજી! લોજિકથી, આ તો બધી લોજિકથી વાત છે. આહાહા..! કહે છે કે અનાદિનો જીવ, દ્રવ્ય તો એવું ને એવું છે. અસંખ્ય પ્રદેશી એવો ને એવો છે. જ્ઞાયકભાવ પણ એવો ને એવો છે. હવે અનાદિથી નિગોદમાં, એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં, ત્રણ ઈન્દ્રિયમાં, ઢોરમાં અનંત વાર ગયો. એવા અવતાર થયા. ત્યાં ત્યાં અનાદિ કાળથી વર્તમાન કાળમાં જે જ્ઞાનના સમયે જ્યારે પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે, તેનું જ્ઞાન થવું જોઈએ, તે જ્ઞાનને કાળે, તે જ્ઞાન ન કરતો એ જ્ઞેય અને જ્ઞાન એક છું, રાગ તે હું છું, એમ માનીને રાગનો કર્તા થાય તે અજ્ઞાની થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત! આ જુઓ, હવે આ સરવાળો આ બધો આવ્યો. ઓલી વાત ભલે ધારણાની જરી લાંબી લાગી. આહાહા..!

જુઓ! આ કહે છે કે આત્મા અધર્મનો કર્તા કેમ થાય છે? અધર્મ એટલે વિકાર. પુણ્ય અને પાપનો ભાવ છે તે વિકાર છે. હવે અહીં ભગવાન કહે છે કે ભાઈ! તું તો વસ્તુ છો ને ત્રિકાળ, અને તારો ભાવ જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે. એને આ વર્તમાનમાં જે વિકારના પરિણામના કાળે તેને જાણવું જોઈએ કે આ જ્ઞાનની પર્યાય છે. તેને જાણવાની પર્યાય તે મારી છે. પણ એવું ક્યારે હોય? કે રાગથી ભિન્ન પડીને જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ છે. જેની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર ગઈ છે. એને રાગને જાણવાની જ પર્યાય પ્રગટ થાય. પણ અનાદિથી દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી અને વર્તમાન કાળમાં જ્ઞાનમાં એને રાગ જ્ઞેય અને જ્ઞાનની અવસ્થા બેય એક માનીને આત્મા રાગનો કર્તા થાય છે. તે મિથ્યાદૃષ્ટિ રાગને કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કે નહિ આમાં કાંઈ?

ભગવાન આત્મા આમ વસ્તુ તરીકે નિત્ય, અસંખ્ય પ્રદેશી કાયમ, ગુણ તરીકે જ્ઞાયકભાવ

તરીકે કાયમ. હવે રહી વર્તમાન દશા. આહાહા..! વર્તમાન દશામાં, વર્તમાન એ ગુણના વર્તમાન કાળમાં એટલે દ્રવ્યના વર્તમાન કાળમાં જ્યારે એને રાગ ને પુણ્ય ને દયા, દાનનો વિકલ્પ ઉઠે છે તે કાળે એ ખરેખર તો રાગ જ્ઞેય છે. અને આત્મા તેના સ્વલક્ષે તેનો જાણનાર છે. એમ ન માનતા, જુઓ! '**પરને આત્મા તરીકે જાણતો...**' એ રાગનો વિકલ્પ ઉઠ્યો છે દયા, દાન, વ્રતાદિનો, એ મારું સ્વરૂપ છે એમ જાણતો, જ્ઞાનની પર્યાય ભિન્નપણે ન કરતો, જ્ઞાનની પર્યાયમાં રાગને એકત્વ કરતો એ અજ્ઞાની રાગનો, પુણ્યનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. ભારે ઝીણું ભાઈ! આહાહા..!

અરે..! એ તો ભગવાન સરળ સહજ છે. એ તો સહજ વસ્તુ છે. કહે છે કે ભાઈ! તને ખબર નથી. અને જે વિકાર જીવ કરે છે એમ અમે શાસ્ત્રે સિદ્ધ કર્યું, ભગવાને કહ્યું એનું શું કારણ છે? કર્મથી વિકાર થયો નથી. વિકાર તેં કર્યો છે. કેમ તેં કર્યો છે? કે તારા જ્ઞાયકભાવમાં તારી દૃષ્ટિ નહિ હોવાથી, અનાદિ કાળથી, વર્તમાન પર્યાયદૃષ્ટિમાં જ્યારે રાગ ઉત્પન્ન પુણ્ય-પાપનો વિકલ્પ થાય તે કાળે તું જ્ઞાનને (અને વિકારને) બેને એક માનતો રાગનો કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ કર્તા છે. કહો, વાડીભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં?

વસ્તુ જે છે એ ચૈતન્ય પ્રભુ છે. દ્રવ્યે નિત્ય છે. ક્ષેત્રના પ્રદેશ પણ નિત્ય છે, ગુણે પણ નિત્ય છે ભાવ. હવે એનો વર્તમાન કાળ એને અનાદિથી કર્મના નિમિત્તના સંગે જે રાગાદિ થયો એ રાગ અને આત્માની પર્યાય બે એક માનીને (પરિણમે છે). કારણ કે લક્ષ એનું પર્યાય અંશબુદ્ધિ ઉપર છે. સ્વભાવ જ્ઞાયક છું એવી દૃષ્ટિ હોય તો રાગને કાળે એનું જ્ઞાન કરે એવો એનો સ્વભાવ છે. પોતામાં રહીને રાગનું જ્ઞાન કરે (કે) રાગ મારો નહિ. દયા, દાનના વિકલ્પ ઉઠે કે આ વ્રતના અને કોઈ વિકલ્પ વૃત્તિ થાય એ મારી નહિ. કેમ કે જ્ઞાયક સ્વભાવ જે આમ છે, એની દૃષ્ટિ હોવાથી રાગને કાળે તે પ્રકારના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈને જ્ઞાયકમાં એકાકાર થાય છે. સમજાય છે કાંઈ? એનું નામ ધર્મ.

પુણ્ય-પાપના વિકલ્પના રાગને કાળે, જ્ઞાનની પર્યાય કરીને એટલે જ્ઞાનની પર્યાય ક્યારે થાય? કે જ્ઞાયક છું એવી દૃષ્ટિ હોવાથી સ્વભાવ મારો ચૈતન્ય ધ્રુવ છે એમ દૃષ્ટિ હોવાથી રાગને કાળે તેનું જ્ઞાન થાય. એ રાગ અને જ્ઞાન એક છે (એમ) એમાં રહે નહિ. એનું નામ ધર્મની-જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે. પણ એમ ન કરતાં, એમ ન કરતાં અનાદિથી... સમજાય છે કાંઈ? કાંઈપણ વ્રત ને તપ ને વિકલ્પ જે ઉઠ્યો વૃત્તિ કે આ કરું.. આ કરું... આ કરું... એ રાગ. એ રાગ છે. ભગવાન આત્મા જ્ઞાન પર્યાયને પ્રગટ કરે એવી એનામાં તાકાત છે. પણ એ જ્ઞાનની પર્યાય પ્રગટ ન કરતા, કારણ કે જ્ઞાયક તરફ દૃષ્ટિ નહિ હોવાથી અનાદિ કાળથી, એ વિકલ્પ જે ઉઠ્યો તેમાં એકત્વ થઈને, આ હું છું (એમ પરિણમે છે).

કારણ કે આત્મા હું છું એવી તો દૃષ્ટિ નથી. હું એક ચૈતન્યમૂર્તિ છું એવી પર્યાયબુદ્ધિથી ખસીને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ (થઈ) નથી. એથી એના જ્ઞાનમાં વર્તમાન કાળમાં જે પ્રકારનો રાગ દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો વિકલ્પ ઉઠે તેને મારું માનીને આ હું છું એમ જ્ઞાનની પર્યાય ત્યાં રોકાઈ જાય છે. તેને રાગનો કર્તા એટલે અધર્મનો કર્તા અજ્ઞાની છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! મુદ્દાની વાત છે આ.

મુમુક્ષુ :- આવું સ્વરૂપ સમજ્યા વિના જ જીવ દુઃખી છે.

ઉત્તર :- હા. વાત ઈ છે. વસ્તુ જ આમ છે. ત્રિકાળ સત્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...**' એમ. એનો જ્ઞાનનો સમય એનો છે એક કાળ તો ખરેખર તો. એને કાળે અનાદિ કાળથી. એ પુણ્યનો શુભરાગ ઉઠેને? દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, તપનો એ વૃત્તિ ઉઠે છે. કહે છે કે એ વિકલ્પ જે ઉઠ્યો તેનો હું જાણનાર છું એમ સ્વથી લક્ષ કરીને ન જાણ્યું. પરના લક્ષે '**જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો...**' એ રાગ તે જ હું છું. કારણ કે પોતાનું અસ્તિત્વ ભિન્ન છે એ તો દૃષ્ટિ છે નહિ. એટલે રાગના કાળે જ્ઞાનપર્યાયમાં આ હું છું, રાગ પછી દયા, દાન રાગની મંદતા કોઈપણ પ્રકારની ઉઠે, એ રાગને આત્મા તરીકે જાણતો. રાગ છે એ ખરેખર પર છે. એ આત્માનું સ્વરૂપ નથી. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, તપનો, પુણ્યનો ગમે તે વિકલ્પ ઉઠે પણ એ રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે, વિકૃત ભાવ છે. એ વિકૃત ભાવને કાળે જ્ઞાનની પર્યાય એ વિકૃત તે હું એમ પોતાના અસ્તિત્વમાં રાગને સ્વીકારતો, મિથ્યાદૃષ્ટિ જ્ઞાયકભાવ વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ (જ્ઞાનપરિણામને કરે છે). દેખો! એ જ્ઞાયકભાવ જે ત્રિકાળ છે એને વિશેષ અપેક્ષાએ વર્તમાન પર્યાયમાં '**અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...**' જે જ્ઞાન પરિણામ જ્ઞાયકના થવા જોઈએ એને ઠેકાણે જ્ઞાનપરિણામને અજ્ઞાનરૂપ કરતો. રાગ તે હું એમ માનતો અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો. આહાહા..! ખરેખર તો જ્ઞાયકભાવના જ્ઞાનપરિણામ હોવા જોઈએ. સમજાણું કાંઈ? જુઓ ભાઈ! ધર્મ અને અધર્મ અંદરમાં છે, કાંઈ બહારથી થાતો નથી. આહાહા..!

એટલે કે શું કહે છે? કે આત્મા જે જ્ઞાયકભાવ ચૈતન્યભાવ કાયમ છે. હવે એનું પરિણમન એનું વર્તમાન હોય કે નહિ? તો વર્તમાન જ્યારે જ્ઞાનની અવસ્થા થવી જોઈએ એ અવસ્થાના કાળમાં જે પુણ્ય-પાપનો વિકલ્પ છે, તેનું તેનામાં રહ્યા વિના ભિન્ન પડીને જ્ઞાયકપણાના જ્ઞાનના પરિણામ થવા જોઈએ એને છોડી દઈને. એ રાગ ઉપર અને પુણ્યનો વિકલ્પ ઉઠ્યો તેના ઉપર લક્ષ હોવાથી એ જ્ઞાનની પર્યાય 'આ હું છું' એમ માનીને અજ્ઞાની એ રાગનો કર્તા થાય છે. અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો થકો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**(-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું...**' વાહ! સમજાણું કાંઈ? કર્મને લઈને વિકાર એમ સંમત ન કરવું. એ વિકાર કર્મથી થાય એમ માનવું નહિ. આહાહા..! કેવી વાત છે! તારી પર્યાયમાં જે પુણ્ય-પાપનો વિકલ્પ જે ઉઠે છે-દયા, દાન, વ્રત, ભક્તિની વૃત્તિ, એ વૃત્તિના કાળે જ્ઞાનસમયે તે જ્ઞાનનો સમય જ્ઞાનની પર્યાયપણે થવું જોઈએ. એમ ન થતાં લક્ષ જ પર ઉપર છે. એટલે રાગને એટલે અજ્ઞાનભાવને જ્ઞાનરૂપે કરતો. એ જાણે હું છું. અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો એટલે અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન એ જ્ઞાન અજ્ઞાનરૂપ છે. સમજાણું કાંઈ?

વિકલ્પ જે શુભ છે કે અશુભ એ બધું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી. એ ચૈતન્યનું સ્વરૂપ નથી. એટલે '**અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન...**' એટલે રાગ એવું જે જ્ઞાનનું પરિણમન '**તેને કરતો હોવાથી, તેને કર્તાપણું સંમત કરવું...**' દૃષ્ટિ રાગ ઉપર છે અને જ્ઞાનની પર્યાય એકત્વ કરે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ રાગનો કર્તા (છે) એમ માનવું. ભારે ભાઈ! નિશાળમાં પણ આવું બહુ સમજવાનું નહિ પડતું હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મા સિવાય કોઈ સમજી શકે નહિ. આત્મા સિવાય કોઈ સમજી શકે નહિ. જડ ન સમજી શકે ઈ. કહો, સમજાણું આમાં?

જુઓને! કેટલી સરસ વાત છે! મૂળ મુદ્દાની રકમ કરી. ભાઈ! તારી દૃષ્ટિ ક્યાં છે? બસ. તું ચૈતન્ય છો, જ્ઞાયકભાવ છો, શુદ્ધ આનંદકંદ છો. હવે તારી દૃષ્ટિ ક્યાં છે? અનાદિથી જે વિકલ્પ દયા, દાનનો ઉઠે ત્યાં તારી દૃષ્ટિ છે. એટલે એ દૃષ્ટિને લઈને તું જ્ઞાન અને જ્ઞેય જુદા પાડી શકતો નથી. અને રાગને પોતાપણે માનીને અજ્ઞાનરૂપ પરિણમે છો. એ મિથ્યાદૃષ્ટિ રાગનો કર્તા થાય છે. સમજાણું? એને અધર્મ પેદા થાય છે. આ રીતે અધર્મ પેદા થાય છે. આહાહા..! બહારનું કરે, ન કરવાનો પ્રશ્ન અહીં છે નહિ.

ભગવાન આત્મા ચૈતન્યભાવ અને પુણ્ય-પાપ તે આસ્રવભાવ. એના આસ્રવના ભાવ કાળે જ્ઞાનની જ્ઞાનરૂપે જાણવાની પર્યાય થવી જોઈએ. એને ઠેકાણે તે કાળે 'આસ્રવ તે હું' એમ આત્માને આસ્રવરૂપ કરતો અજ્ઞાની રાગને, પુણ્ય-પાપને કરે છે મિથ્યાદૃષ્ટિ, એમ સંમત કરવું. ભેદજ્ઞાન થતા રાગનો કર્તા આત્મા નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૫, શુક્રવાર તા. ૧૭-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૩૯૯**

છેલ્લો પેરેગ્રાફ છે. '**માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...**' છે ને? શું કહે છે જરી? અહીંયાં આત્મા જે છે એ જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ છે. તેને એની પર્યાયમાં-અવસ્થામાં ચાર ગતિના રખડવાના ભાવ કે પુણ્ય-પાપના ભાવ આદિ થાય છે, એનો કર્તા આત્મા અજ્ઞાનભાવે પોતાનો જ કર્તા છે-વિકારનો. ત્યારે સામા પક્ષનો એવો ઉત્તર-જવાબ છે, કે ભાઈ! શાસ્ત્રમાં એમ લખ્યું છે ને કે કર્મને લઈને રખડે, જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન હીણું પડે, દર્શનમોહને લઈને મિથ્યાત્વ થાય, ચારિત્રમોહને લઈને રાગ થાય. એવું શાસ્ત્રમાં છે ને? માટે અમે તો એમ કહીએ છીએ કે આત્માની અવસ્થામાં જે વિકાર અને ચાર ગતિના ભ્રમણનો ભાવ (થાય છે) એ કર્મ કરે. અજ્ઞાનીની એમ દલીલ છે. વિકાર ભાવ આદિ જે છે એ કર્મ કરે.

ત્યારે સામે દલીલ થઈ કે ભાઈ, ભગવાનની વાણીમાં તો એમ આવ્યું છે ને કે આત્મા કથંચિત્ કર્તા છે અને કથંચિત્ અકર્તા છે. એવું શાસ્ત્રમાં આવ્યું છે ને વીતરાગની વાણીમાં. અને તમે તો વિકારનો કર્તા કર્મ કરે છે. કર્મ કરે છે વિકાર ચાર ગતિના ભાવ રખડવાના એમ તમે કહો છો. તો પછી આત્મા કર્તા છે વીતરાગની વાણીમાં આવ્યું એ વાત શી રીતે સિદ્ધ થશે? એમ દલીલ થઈ સામે.

ત્યારે એણે (અજ્ઞાનીએ) એમ કહ્યું કે જો ભાઈ વિકાર છે એ કર્મ કરે અને આત્મા આત્માને કરે. આત્મા આત્માને કરે, વિકાર કર્મને કરે. એ રીતે કર્તા, અકર્તા બેય સિદ્ધ થઈ જાય છે. કોણ કહે છે ઈ? અજ્ઞાનીની દલીલ છે ઈ. સમજાય છે કાંઈ?

ત્યારે અહીંયાં ઉત્તર આપ્યો આચાર્યે કે ભાઈ જુઓ! વિકારને પર્યાયને-અવસ્થાને કર્મ કરે અને આત્મા આત્માને કરે તો અમે એમ કહીએ છીએ કે આત્મા તો નિત્ય છે. નિત્યને કરવાપણું શું હોય? કરવું અને નિત્ય. કાયમી રહેવું અને કરવું એ તો બેય વિરોધ થઈ ગયો. કાયમી છે અને કહે કરવું, એ કરવું શું? કાયમી ચીજમાં કરવું શું? નિત્ય વસ્તુ છે એમાં કરવું શું? ત્યારે કહે કે નિત્ય હોય માટે કરવું હોઈ શકે નહિ. માટે તું આત્મા આત્માને કરે. એમ બીજો પ્રશ્ન. એ દ્રવ્યનો થયો.

ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે આત્માના. અને અસંખ્ય પ્રદેશીનું માપ લોકપ્રમાણે છે. એ અસંખ્ય પ્રદેશમાં કોઈ પ્રદેશો આવે કે જાય એવું કાંઈ છે નહિ. જેમ પુદ્ગલ સ્કંધમાં, આ પુદ્ગલમાં

કેટલાક પરમાણુ આવે અને કેટલાક જાય. એને માટે તો એમ બને કે એમાં કાંઈક કાર્ય થયું. પણ આત્મા વસ્તુએ નિત્ય, પ્રદેશે અસંખ્ય પ્રદેશના પ્રમાણમાં જેટલા છે તેટલા કાયમ છે. એ અસંખ્ય પ્રદેશમાં કોઈ પ્રદેશો જાય અને કોઈ પ્રદેશો આવે એવું બનતું નથી. માટે ક્ષેત્રથી પણ કર્તા આત્મા તું કહેતો હો તો એ બનતું નથી. દ્રવ્યે કર્તા બનતું નથી, ક્ષેત્રથી કર્તા બનતું નથી અને હવે ત્રીજો-ભાવ.

ભાવ જે છે આત્માનો એ તો જ્ઞાયક શુદ્ધ ધ્રુવ ચૈતન્યભાવ ત્રિકાળ છે. હવે ત્રિકાળ ભાવમાં કરવું શું? સમજાય છે કાંઈ? ત્યારે તને એમ લાગે કે જ્યારે ત્રિકાળ ભાવ કર્તા નથી એટલે વિકારી પર્યાય કર્મ કરે છે એ વિના બેસતું નથી એમ તને લાગે, તો અમે એમ કહીએ છીએ કે એમ નથી. ત્રિકાળી ભાવ જે છે ચૈતન્ય ભાવ દ્રવ્ય નિત્ય, અસંખ્ય પ્રદેશી નિત્ય અને જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ નિત્ય. એ ભાવ તો કરતું નથી. પણ તે કાળે એના સ્વકાળની પર્યાયમાં દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં કાંઈ કરવાનું છે નહિ. સમજાણું કાંઈ?

હવે ત્યારે કરવુંપણું તું ના પાડે છો કે કરવું આત્માને (હોય). તો આત્માનું (કર્તાપણું) અમે ના પાડીએ છીએ. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં કાંઈ કરવાપણું હોતું નથી. અને પર્યાય કર્મ કરે (એમ) તું કહે છે. એમાં અકર્તાપણું તો આવ્યું નહિ ક્યાંય. સમજાય છે? કર્તાપણું આત્મામાં ન આવ્યું. આત્મા તો અકર્તા ઠર્યો. ત્યારે કહે કે જો ભાઈ, તને શંકા પડતી હોય તો એનો આમ ઉત્તર છે. ક્ષાયિકભાવ તો એવો ને એવો રહેવો જોઈએ. ભાવ કેમ ફરે? દ્રવ્ય તો ના પાડી તમે, ક્ષેત્રની ના પાડી, ભાવ તો એવો રહે. માટે કાંઈક વિકાર તો થાય છે. માટે વિકાર કર્મ કરે એ અમને બેસે છે. એમ નથી. ન્યાય સમજાય છે કાંઈ? ત્યારે છે શું? કે વસ્તુ નિત્ય છે દ્રવ્ય, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી ધ્રુવ નિત્ય છે અને ભાવે જ્ઞાયક આદિ ભાવથી ધ્રુવ છે. પણ એની વર્તમાન અવસ્થામાં વર્તમાન કાળમાં વર્તમાન દશામાં કર્મથી ઉત્પન્ન થયેલાં, સ્વભાવથી ઉત્પન્ન થયેલા નહિ એમ કહે છે, જુઓ!

‘**જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...**’ સમજાણું કાંઈ? ‘**જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ...**’ એટલે છે તે છે એ પ્રમાણે ‘**જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...**’ એ તો જ્ઞાનસ્વભાવે સ્થિત છે. ત્રિકાળ જ્ઞાનભાવ શુદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ‘**કર્મથી ઉત્પન્ન થતા...**’ હવે અહીં છે વધારે. એમ કેમ કહ્યું? કે જે વસ્તુ છે એ દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ (એ નિત્ય છે). હવે એમાંથી વિકાર ઉત્પન્ન થાય એવું એનામાં છે નહિ. સમજાણું કાંઈ? પણ તેની વર્તમાન દશામાં કર્મના નિમિત્તના સંગે જે વિકાર થાય છે તે કાળે જાણવાનો કાળ જ્ઞાનનો છે એ જાણવાને કાળે પોતે પોતાને ન જાણતાં ‘**કર્મથી**

**ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના...**' મિથ્યાત્વ અને રાગાદિ ભાવ થાય છે એને '**જ્ઞાનસમયે...**' એનું ખરેખર તો જ્ઞાયકભાવનું પરિણમન જ્ઞાનનું હોય. એનો સ્વકાળ, એનો કાળ તો જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન હોય. સમજાણું કાંઈ? દ્રવ્યે નિત્ય, ક્ષેત્રે નિત્ય અને ભાવે નિત્ય. અને ભાવ વર્તમાન કાળ પણ એના જ્ઞાન, શ્રદ્ધા, શાંતિના પરિણમન રૂપે હોવું જોઈએ. એવી એની પર્યાયકાળે, જ્ઞાનના પરિણમનને સમયે કાળે '**અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' એને આ જ્ઞાન પર્યાય છે એ રાગને જાણે, રાગ હું નહિ. પણ જ્ઞાન રાગને જાણે એવા જ્ઞાનપર્યાયનું એને ભાન નથી. કેમ કે એને સ્વદ્રવ્યનું લક્ષ નથી. સમજાણું કાંઈ? જુઓ! આ કાલે અધિકાર ચાલતો હતો. પ્રેમચંદભાઈએ સાંભળ્યું હતું કાલે બપોરે જ આ બધું. સાંભળીને ગયા પછી. બપોરે બધા બેઠા હતા અને સાંભળ્યું હતું. ૧૫મી વાર વંચાય છે ને. કીધું, હા ભાઈ ૧૫મી વાર છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! ઘણો ઊંચો વિષય છે આ.

મુમુક્ષુ :- બહુ સુંદરમાં સુંદર.

ઉત્તર :- હા. સુંદરમાં સુંદર તત્ત્વ, જૈનદર્શનનું રહસ્ય આ. જૈનદર્શનનું વસ્તુનું રહસ્ય છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી.

વસ્તુ જે છે ભગવાન આત્મા, એ વસ્તુ તરીકે નિત્ય છે. એના પ્રદેશો અસંખ્ય તરીકે પણ એકરૂપ છે. એકરૂપ છે. ભાવ તરીકે જ્ઞાન, આનંદ આદિ પણ એકરૂપ ધ્રુવ કૂટસ્થ છે. અપરિણામી છે. હવે એના વર્તમાન કાળમાં ભૂલ ક્યાં થાય છે? કહે છે. ભૂલ ક્યાં થાય છે એની? કે જ્ઞાયકભાવ તો શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે, ક્ષેત્ર શુદ્ધ છે, પર્યાયના સ્વકાળમાં જ્યારે નિમિત્તના લક્ષે, કારણ કે આમ (સ્વરૂપ તરફ) લક્ષ છે નહિ, એનું લક્ષ વર્તમાન જ્ઞાન દશાનું સ્વ તરફ તો લક્ષ છે નહિ. તેથી તેના જ્ઞાનના સ્વકાળના પર્યાયકાળે જે રાગ, કર્મના નિમિત્તે રાગ, દયા, દાન, વિકલ્પ થયા એમાં એકાકાર થઈ અને જ્ઞાનનું પરિણમન અજ્ઞાનરૂપે કર્યું. એ રાગ એ અજ્ઞાન છે. પુણ્ય-પાપના વિકલ્પો એ અજ્ઞાન છે. એ જ્ઞાને આ અજ્ઞાનરૂપ પરિણમન કરી અને વિકારનો કર્તા અજ્ઞાની ભેદજ્ઞાની નથી તે થાય છે.

ફરીને. શશીભાઈ! બહુ આખું એનું રહસ્ય પકડ્યું છે. ઓલો કહે કે કર્તા ભગવાને કહ્યો છે ને. તું તો કર્તા વિકાર કર્મને નાખે છે. હવે કર્તાપણું આત્મામાં ઠર્યું શી રીતે? ભાઈ! એ તો આત્મા આત્માને કરે. પણ આત્માને શું કરે? દ્રવ્યને કરે? નિત્યપણું અને કરવાપણું બેય વિરોધ આવે છે. કરવુંપણું તો કાંઈ નવું થાય એમાં કરવાપણું હોય. ફેરફાર થાય એમાં કરવાપણું હોય. દ્રવ્ય નિત્ય છે એમાં ફેરફાર થતો નથી. એમાં કરવું શું? ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી એમાં ફેરફાર થતો નથી એમાં કરવું શું? અને ત્રિકાળ જ્ઞાયકભાવ છે એ જ્ઞાયકભાવે રહેતો

હોય તો એમાં પણ કરવું શું? ત્યારે કરવાપણું શી રીતે તારે સિદ્ધ કરવું છે આમાં? આ રીતે સિદ્ધ થતું નથી. ત્યારે પણ વિકાર તો થાય છે ને? વિકાર તો થાય છે ને? માટે કાંઈ કર્તા બીજો હોવો જોઈએ. કહે છે, ના એમ નથી. એ વિકાર થવામાં જેટલો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ-અશુભ ઉઠે છે એ વૃત્તિના કાળમાં જ્ઞાનસ્વરૂપ છે એનું પરિણમન સ્વલક્ષે તો જ્ઞાન પરિણમન હોવું જોઈએ. પણ એમ ન હોવાથી નિમિત્તને લક્ષે જ્ઞાન પરિણમનનું રાગ પુણ્ય-પાપરૂપી અજ્ઞાનરૂપે પરિણમન કરતો એ વિકારનો કર્તા અભેદજ્ઞાની એટલે રાગમાં એકત્વ થનારો રાગનો કર્તા થાય છે.

મુમુક્ષુ :- અભેદ જ્ઞાની.

ઉત્તર :- રાગ સાથે અભેદ. છે ને અભેદ જ્ઞાની એટલે એમાં એકાકાર માનનારો. કહો, સમજાણું કાંઈ? આમ અભેદજ્ઞાની નહિ. અહીં તો ભેદજ્ઞાની છે ને એટલે અભેદ લીધું. ભેદજ્ઞાન શબ્દ પડ્યો છે ને અહીં? શું કહે છે? જુઓ! આ બે લીટીમાં તો ઘણું ભર્યું છે. આખું રહસ્ય.

આ '**જ્ઞાયક ભાવ...**' ભગવાન આત્મા જેનો સ્વભાવ તો જાણવું.. જાણવું... જાણવું... જ્ઞ-સ્વભાવ. જ્ઞ-સ્વભાવ એટલે જ્ઞાયક. એમ નાખ્યું છે. જ્ઞ-સ્વભાવ તે જ્ઞ એટલે જ્ઞાયક સ્વભાવ, વસ્તુનો જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ. તેની '**સામાન્ય અપેક્ષાએ...**' સંક્ષેપમાં સામાન્ય નામ વિશેષ દશા ન લઈએ તો '**જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...**' એ તો જ્ઞાનસ્વભાવે સામાન્ય અપેક્ષાએ એમ ને એમ છે. ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... સદશ્ય. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. સદશ્ય ત્રિકાળ છે. એમ હોવા છતાં '**કર્મથી ઉત્પન્ન થતા...**' આત્માથી ઉત્પન્ન થતાં નથી. કેમ કે એના દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં એ છે નહિ. એમ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એનો અર્થ જ થયો કે અહીંથી દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં નથી માટે અહીંથી ઉત્પન્ન થતાં એમ કહ્યું છે. સમજાણું કાંઈ? એને લક્ષે ઉત્પન્ન થયા છે. સ્વલક્ષે તો ઉત્પન્ન થાય નહિ. ત્યારે પરલક્ષે ઉત્પન્ન થયાં એટલે કર્મથી ઉત્પન્ન થતાં '**મિથ્યાત્વાદિ ભાવો...**' મિથ્યા ભ્રાંતિ, રાગ અને દ્વેષ એવી જે પર્યાયો એના '**જ્ઞાનસમયે,...**' એના જ્ઞાનને કાળે ખરેખર તો તેનો જ્ઞાનકાળ, તેનું જ્ઞાન કરે એમ હોવું જોઈએ. કારણ કે જ્ઞાનસ્વરૂપ છે એનું પર્યાયનું પરિણમન સ્વપરપ્રકાશકપણે જ્ઞાનનું પરિણમન હોવું જોઈએ. એમ ન હોવાથી એને જ્ઞાનના સમયે કર્મના નિમિત્તે થતાં પુણ્ય-પાપના વિકલ્પમાં એકત્વ થઈને જ્ઞાનનું પરિણમન ન કરતાં એ અજ્ઞાનનું પરિણમન કરતો વર્તમાન કાળમાં મિથ્યાદષ્ટિ પુણ્ય-પાપનો કર્તા આ રીતે થાય

છે. કહો, સમજાય છે કે નહિ આમાં? ન્યાયથી સમજાય છે કે નહિ? આ તો ન્યાયથી (કહેવાય છે). એય..! આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ અસંખ્ય પ્રદેશી ધ્રુવભાવ સ્વભાવ સંપન્ન, એવું જ એનું સ્વરૂપ છે, દષ્ટિએ એટલે દ્રવ્યદષ્ટિએ. છતાં એવી દ્રવ્યદષ્ટિ ન હોવાથી તેની દષ્ટિ અનાદિની દ્રવ્ય ઉપર દષ્ટિ ન હોવાથી એની દષ્ટિ અનાદિથી પરના સંગવાળી પર્યાયબુદ્ધિ હોવાથી, જે કાળે તેને જ્ઞાનનું જ્ઞાન થવું જોઈએ, જ્ઞાનનું જ્ઞાન થવું જોઈએ, એ કાળે રાગનું જ્ઞાન કરીને રાગમાં એકત્વ થતો, પુણ્ય-પાપના વિકલ્પરૂપે પરિણમતો તેનો તે કર્તા અને પુણ્ય-પાપ તેનું કર્મ આમ ઊભું થાય છે. આ સંસાર છે. કહો, સમજાણું આમાં?

'**જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' એટલે શું કહ્યું? ખરેખર તો એ પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એ જ્ઞાનનું પરજ્ઞેય છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો-રાગ. ભગવાન આત્મા દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવે શુદ્ધ એની વર્તમાન અવસ્થાનું જ્ઞેય તો ત્રિકાળ દ્રવ્ય-ગુણ અને પર્યાય તે હોવું જોઈએ. એવું જ્ઞેય ન કરતાં અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પને જે પરજ્ઞેય તરીકે છે એ જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી (અર્થાત્) એ રાગ તે જ્ઞેય છે અને હું જ્ઞાન છું એના જુદાપણાથી શૂન્ય હોવાને લીધે, જુદાપણાનું ભાન નહિ હોવાને કારણે '**પરને આત્મા તરીકે જાણતો...**' બસ! અહીં અસ્તિત્વ આખું દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવે ધ્રુવ ચૈતન્ય છે એવા અસ્તિત્વનો દષ્ટિમાં સ્વીકાર નહિ હોવાને કારણે. સમજાય છે કાંઈ? આમ જ્ઞાનના સમયે પરને આત્મા તરીકે જાણતો. અહીં પાછું વાત તો જાણતો લેવું છે. પુણ્ય અને પાપ વિકલ્પ છે એ જાણે મારી ચીજ છે, મારા જ્ઞાનની એકત્વ ચીજ છે એમ અનાદિથી (માની રહ્યો છે). જુઓ! આ ઝીણી વાત અને સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? આ વાત આવી ગઈ હતી કાલે. આ તો વધારે વિસ્તારથી (કહી). ઝીણી છે ને એય.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- આપ ચોખ્ખી કરીને સમજાવો છો.

ઉત્તર :- આ વાત કાલે આવી હતી. પ્રેમચંદભાઈ સાંભળીને ગયા. છેલ્લું આ સાંભળ્યું. જુઓને! દેવ થાવું છે ને એને. ક્યાં જાય, બીજું થાય ક્યાંથી? છેલ્લી આ સ્થિતિ ઘણી અંદરની સંધિ છે. આ... સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા..! આ તો સમજાય એવું છે હોં! બાળકને પણ સમજાય એવું છે. એમ ન કરવું કે ન સમજાય એવું છે. આ વસ્તુ છે એમ થઈ ગઈ છે ને? આ વસ્તુ છે ને આખી આમ અને અસંખ્ય પ્રદેશી આમ. પહોળી આટલી કીધી ને, એટલે અસંખ્ય પ્રદેશી છે. અને એની શક્તિઓ જે છે એ ધ્રુવ છે. જ્ઞાન-દર્શન એ ધ્રુવ એટલે કાયમ છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં પરિણમવું નથી, એ તો એકરૂપ છે. હવે એને કર્તા કીધો ભગવાને. ત્યારે આ ત્રણમાં તો કર્તા હોઈ શકે નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં તો કર્તાપણું એટલે ફેરવવાપણું એટલે બદલવાપણું એમાં હોય નહિ. બદલવાપણું હોય એમાં કર્તાપણું હોય. આ ત્રણમાં તો બદલવાપણું છે નહિ. સમજાય છે?

ઓલો કહેતો હતો કે દ્રવ્યને કરે. પણ દ્રવ્ય શી રીતે કરે? તારા દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ તો એમ ને એમ છે. એને કરવાનું હોઈ શકે નહિ. અને કરવાનું જ્યાં છે ત્યાં તું કર્મને કહે છો. માટે એમ રહેવા દે. વિકાર છે ને? કહે, છે ને. કોણ ના પાડે છે? છે એનો કર્તા આ છે. એ પરનું લક્ષ કરીને અનાદિથી રાગ અને દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો એ દયા, દાન, ભક્તિ આદિના પરિણામ, એ પરિણામને કાળે આમ જ્ઞાનનો સમય છે પોતાને જાણતા એને જાણવાનો, એમ ન જાણતા પરને પોતાનું માની (અજ્ઞાનભાવે પરિણમે છે). સ્વરૂપ તરફની અસ્તિત્વની તો ખબર નથી. એથી જ્ઞાનની અવસ્થામાં રાગ ને દયા, દાન ને ભક્તિ, વ્રત ને વિકલ્પને પોતાના માનતો એ પરને આત્મા (માને છે). જોયું! એને પર શબ્દ કીધો અહીંયાં. સમજાણું કાંઈ? જ્ઞેય કીધો, પર કીધો પાછો. તેથી પરજ્ઞેય કીધું છે. રાગાદિ વિકલ્પ ઉઠે છે એ ખરેખર પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નથી. સમજાય છે કાંઈ? જ્ઞેય એટલે સમજાય છે? જણાવા યોગ્ય, એ પરજ્ઞેય તરીકે જણાવા યોગ્ય. સ્વજ્ઞેય તરીકે જણાવા યોગ્ય એમ નહિ. ગોદિકાજી! સમજાણું કાંઈ?

કહે છે, એ '**પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ)...**' ઓલો સામાન્ય છે તે. સામાન્ય એટલે ધ્રુવ જે ચૈતન્યભાવ જ્ઞાયક છે તે, વર્તમાન પર્યાયમાં સ્વકાળમાં રાગને પોતા તરીકે જાણતો '**વિશેષ અપેક્ષાએ...**' સામાન્ય તો સામાન્ય છે. સામાન્ય એટલે સદશ્ય રૂપે રહેનાર તો સદશ્ય રૂપ રહેનાર છે. દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ તો સદશ્યરૂપે રહેનાર સદશ્ય છે. અહીં ભાવની વિશેષ વાત છે અત્યારે. એ ભાવનું વર્તમાન પરિણમન વિશેષ શું થાય છે? કે ભાવ જે ત્રિકાળી જ્ઞાયક છે એના ઉપર દૃષ્ટિ નહિ હોવાથી અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પ જેટલા દયા, દાન, વ્રત રાગની મંદતા હો, આ ભક્તિ, પૂજા, વ્રતાદિની અનાદિથી, એ વિકલ્પ છે એ પર છે. પરજ્ઞેય છે. એને પરજ્ઞેય તરીકે ન જાણતા એ હું છું, એ પર એ હું છું. એમ આત્મા છું, એનાથી મને લાભ થાય છે અથવા તે હું છું એમ માનીને જ્ઞાનનું પરિણમન છોડી, અજ્ઞાન એટલે રાગ અને વિકારનું પરિણમન કરે છે. તે અજ્ઞાની ભેદજ્ઞાન વિનાનો રાગનો કર્તા થાય છે. કહો, સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આ તો સમજાય એવું છે કે નહિ? કેટલી વાત કરી છે સ્પષ્ટ જુઓને! ઓહોહો..! કુંદકુંદચાર્ય તો આમ કહે છે, ભાઈ! આ દીવા જેવી વાત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન આત્મા વસ્તુએ દ્રવ્ય-ક્ષેત્રે-ભાવે તો પ્રભુ એ તો એકરૂપ શુદ્ધ છે ને? ધ્રુવ છે ને? હોય. એકરૂપ રહેનારમાં અનેકરૂપનું પરિણમન કેમ હોઈ શકે? અને પરિણમન કરવું ત્યાં કર્તાપણું હોય. એકરૂપ રહે એમાં કર્તાપણું હોય નહિ, તો કર્તાપણું ક્યાં નાખવું હવે તારે? આ ત્રણમાં તો જાતો નથી. ત્યારે કર્તાપણું અહીં છે, ભાઈ! એ ત્રણમાં વિકાર પણ નથી. માટે તને એમ લાગે છે ત્રણમાં નથી માટે વિકાર પર કરે છે. એમ નથી. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ વસ્તુ ધ્રુવ એમાં વિકાર નથી. ત્યારે હવે જ્ઞાયકભાવ વિકારપણે કેમ થાય? મને ઓલાને શંકા પડી. માટે જ્ઞાયકભાવ વિકારપણે થતો નથી માટે વિકાર થાય તે કર્મ કરે છે. સમજાય છે? પણ શી રીતે? જ્ઞાયકભાવ જ્ઞાયકભાવપણે તો સામાન્યપણે કાયમ રહે છે. પણ વર્તમાન એની વિશેષ અવસ્થા વર્તમાન કાળની દશા કાળમાં એ પુણ્ય-પાપના રાગને પરજ્ઞેય તરીકે ન જાણતા પરને મારા તરીકે જાણી જ્ઞાન રોકાઈ ગયું છે. એ રાગનો કર્તા અજ્ઞાની અજ્ઞાનમાં થાય છે. જેઠાલાલભાઈ! ન્યાયથી તો વાત છે કે નહિ આમાં? મૂળ મુદ્દાની વાત છે આ. સમજાણું?

'**અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' રાગાદિ તે પર છે અને જ્ઞાયક સ્વભાવ તે સ્વ છે, એમ બેની જુદાઈના નહિ ભાનને લઈને. '**પરને આત્મા તરીકે જાણતો...**' સ્વ ભગવાન ચિદાનંદ ધ્રુવ ચૈતન્ય છે તેની તો દૃષ્ટિ નથી, તેનું જ્ઞાન નથી, તેના વલણમાં આવ્યો નથી. એથી અજ્ઞાનીનું વલણ પરમાં જતું હોવાથી, પુણ્ય અને પાપના વિકૃત ભાવને આત્મા તરીકે જાણતો. એ હું જ છું એમ અસ્તિત્વમાં તેને પોતાને જાણતો. '**તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...**' એટલે સામાન્ય તો છે ધ્રુવ. એના વર્તમાન પરિણમનની અપેક્ષાએ '**અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...**' અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન. એટલે વિકારનું પરિણમન તે અજ્ઞાનરૂપ છે. શું કીધું? આહાહા..!

પુણ્ય-પાપનું પરિણમન, દયા, દાનના વિકલ્પો એ પરિણમન તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કે તેમાં જ્ઞાનનું ચૈતન્યનું કિરણ નથી. કિરણ નથી તેથી તે રાગમાં અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાન નથી. એ અજ્ઞાનરૂપે પરિણમતો, જ્ઞાનનું પરિણમનું ન કરતો, અજ્ઞાનરૂપે પરિણમતો, '**(અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન...**' એમ. અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન. રાગરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન, વિકારરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન. '**તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું...**' લ્યો! અજ્ઞાનભાવમાં સ્વના અને પરના ભેદજ્ઞાનના અભાવને લઈ, જુદાપણાનું પોતાનું એને ભાન નથી, તેથી તે પુણ્ય-પાપના વિકલ્પને પોતાના કરતો એને કર્તા સંમત કરવો. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભેદજ્ઞાન થયા વિના કર્તાપણું એનું મટે નહિ. અને ભેદજ્ઞાન ન હોય ત્યાં કર્તાપણું થયા વિના રહે નહિ. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? પણ એ ભેદવિજ્ઞાન એ ધારણારૂપે નહિ, એમ કહે છે. વાત તે પણ...

ભગવાન આત્મા.. આમ રાગની વિકલ્પથી દૃષ્ટિ ફેરવી અને શુદ્ધ ચૈતન્ય ધાતુ ભગવાન દ્રવ્ય-ક્ષેત્ર-ભાવે, અહીં ભાવની વાત છે હવે, ભાવ એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ છે એની જો દૃષ્ટિ કરે, એની દૃષ્ટિ સ્થાપે ત્યાં તો રાગનો અકર્તા થાય. રાગનો અકર્તા એટલે ઉદયભાવનો અકર્તા એટલે સંસારભાવનો અકર્તા. એ શુદ્ધભાવનું પરિણમન કરનારો છે. અને જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી વિકારના પરિણામપણે પરિણમતો અજ્ઞાનરૂપે પરિણમતો એ રાગ અને વિકલ્પો છે એ અંધકાર છે. ચૈતન્યના પ્રકાશના નૂરથી વિરૂદ્ધ છે. એવા વિકાર અંધકાર રૂપે પરિણમતો એ જ્ઞાનને અજ્ઞાનરૂપ કરતો અથવા જ્ઞાનને રાગરૂપ માનતો એ અજ્ઞાનરૂપ પરિણમન કરે છે. ત્યાં સુધી તે કર્તાપણું સંમત કરે છે. આહાહા..! કહો, સમજાણું આમાં કાંઈ? હવે આમાં શરીર-ફરીરનું કરવું એ તો ક્યાંય રહી ગયું. એય..! ગોદિકાજી! આ હાથી-બાથીને લાવ્યા એ કોણે કર્યું? આ ગોદિકા સિવાય કોઈએ અત્યાર સુધી કોઈએ કર્યું નથી. નહિ? જુઓ તો આમ અઢાર હાથી, અઢાર ઘોડા, અગિયાર ઊંટ તો ઓહોહો..!

મુમુક્ષુ :- રવિવારે અમે જોવાના છીએ.

ઉત્તર :- જોવાના છે? એય..!

ભાઈ! કોણ કરે? પ્રભુ! દરેક પરમાણુનું પરિણમન, એ દ્રવ્યનું પરિણમન તે તે કાળે તેને કારણે થાય. તેને બીજો કરે શું? ફક્ત અહીંયાં અજ્ઞાન પરિણામને કાળે અજ્ઞાન કરતો સ્વરૂપનું બેભાન કરતો, રાગને વિકારને પોતાના માનતો અજ્ઞાન એટલે રાગપણે પરિણમે છે. આટલો કર્તા છે. એ સિવાય કર્તા છે નહિ. એ કર્તાની મર્યાદાની સીમ આટલી છે. એનું ક્ષેત્ર આટલું છે. ઓલો કહે છે ને કે આ મારું ખેતર આટલું સીમમાં. આટલા ખેતરમાં અમે છીએ અને આ સીમામાં અમે. તારી એ સીમામાં તું છો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એની મર્યાદામાં. પર મર્યાદામાં જાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જુઓને! આ તો સ્પષ્ટ કેટલું કર્યું! એમાં શુભવિકલ્પ ઉઠતો હોય ને તે કાળે પણ પર છે, પરજ્ઞેય છે. એને પોતારૂપ કરતો, પરને આત્મારૂપ કરતો તે મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વભાવનો કર્તા એટલે રાગનો અનુભવ કર્તા અથવા રાગ અજ્ઞાન તે રૂપે પરિણમન કર્તા કહેવાય છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું);...**' અર્થાત્ તે કર્તા છે. એમ. '**તેને કર્તાપણું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**સંમત કરવું...**' એમ છે ને શબ્દ? તેને કર્તાપણું એટલે તે કર્તા. એમ. તે કર્તાપણું સ્વીકારવું. એમ લખ્યું. '**તેને કર્તાપણું સંમત કરવું...**' એટલે? તે કર્તા છે એમ સ્વીકારવું. તે કર્તા છે એમ સ્વીકારવું. એટલે? એટલે તેને કર્તાપણું છે એમ સ્વીકારવું. એટલે તે કર્તાપણું છે એમ સ્વીકારવું. એટલે? કે પુણ્ય-પાપના રાગ પર છે તે પોતાના માનતો, રાગરૂપે પરિણમે છે, તેને તે કર્તાપણું માનવું. તે કર્તા છે એમ માનવું. સમજાણું કાંઈ?

'**તે ત્યાં સુધી...**' હવે કહે છે. આહાહા..! હવે અહીં તો એક પ્રશ્ન ઉઠ્યો હતો ઓલામાં .. કર્યું છે ને? શું કીધું? સર્વ ધર્મ...

છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ,
નહિ ભોક્તા તું તેહનો તે જ ધર્મનો મર્મ.

ત્યાં એણે એમ લખ્યું માથે. આ સર્વ ધર્મ સમન્વય. પણ સર્વ ધર્મ સમન્વય આવ્યું ક્યાંથી ત્યાં? 'છૂટે દેહાધ્યાસ તો...' એમાં શું આવ્યું? કે દેહ છે એમ આવ્યું, રાગ છે એમ આવ્યું, એનો અધ્યાસ છે-એકત્વ છે એમ આવ્યું. એવી વાત અન્યમાં ક્યાં છે? એય..! શશીભાઈ! આ તો કાલે ભાઈ લાવ્યા હતા ને? ગોદિકાજી લાવ્યા હતા ને આ? પછી એમાં ઓલો શબ્દ આવ્યો હતો ને ક્યાંક? એ ઉપરથી આ. જુઓ! સર્વ ધર્મ સમન્વય. શું?

છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ,
નહિ ભોક્તા તું તેહનો તે જ ધર્મનો મર્મ.

આ વસ્તુ આવે છે એમાં. જુઓ! જ્યાં સુધી તે આત્મા દ્રવ્ય-ક્ષેત્ર-ભાવે ધ્રુવ છે ત્યાં સુધી તો એની દૃષ્ટિ તો એના ઉપર જ્યાં સુધી ન હોય, ત્યારે તેની વર્તમાન પર્યાયમાં દેહાધ્યાસ નામ રાગનું... દેહ શબ્દે રાગાદિ દેહાધ્યાસ બધો, રાગાદિ એકત્વપણે માને છે ત્યારે વર્તમાન કાળમાં એનું પરિણમન થાય છે. એટલું સ્વીકાર્યું છે એમાં. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ ત્રિકાળ રહે છે, રાગનો અધ્યાસ કરે છે, પર્યાયમાં નથી તેનો અધ્યાસ કરે છે. રાગ એનામાં નથી તેની ટેવ પડી ગઈ છે. રાગ તે હું. એ પર્યાયનું પરિણમન સ્વીકારે છે. 'છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ.' એ એકત્વબુદ્ધિ છૂટે, પર્યાયમાં રાગની એકત્વબુદ્ધિ રાગ અજ્ઞાનનું પરિણમન છૂટે તો આમ જ્ઞાયક (તરફ) જતાં પર્યાય બદલી ગઈ. પર્યાય બદલી, દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ એવા ને એવા રહ્યા. એ વસ્તુ ક્યાં છે ક્યાંય? ગોદિકાજી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહાહા..! પાછું બધું સિદ્ધ કેટલું (કર્યું)! દેહ સિદ્ધ કર્યો, એની સાથે એકત્વબુદ્ધિનો રાગ સિદ્ધ કર્યો, પર્યાયમાં અજ્ઞાનપણું સ્વીકાર્યું, પર્યાય બદલે ત્યારે જ્ઞાન થાય, સ્વભાવના લક્ષે થાય એ બધું સ્વીકારીને... એમાં એટલામાં બધું ઘણું આવી ગયું.

એ વાત સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ.

'છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ.' પહેલો છૂટે. દેહાધ્યાસ હતો ત્યાં સુધી કર્મનો કર્તા હતો એમ થયું કે નહિ? એનો અર્થ કે જે સ્વરૂપમાં નથી એવા રાગને, દેહને પોતાના માનીને રાગ એટલે અજ્ઞાનરૂપે પરિણમતો ત્યાં સુધી રાગનો કર્તા તેને કહેવાતો. અને 'છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ.' એ જો છૂટ્યો અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ જતાં પર્યાય બદલી, પર્યાય આમ લક્ષવાળી હતી એ આમ થઈ. જ્ઞાયકભાવ પ્રગટ્યો, પર્યાયમાં લક્ષમાં નહોતો એ. જ્ઞાયકભાવ પ્રગટે. 'છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ.' પછી રાગનો કર્તા પણ નથી અને રાગ તારું કર્મ એટલે કાર્ય નથી. 'છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ, નહિ ભોક્તા તું...' રાગનો તું ભોક્તા નથી. રાગનો પહેલો ભોક્તા હતો પર્યાયબુદ્ધિમાં, એ સ્વભાવબુદ્ધિમાં રાગનો ભોક્તા નથી. સ્વભાવ સિદ્ધ થયો, પર્યાય પલટી ગઈ, પર્યાય પર ઉપર લક્ષવાળી હતી એ ગુલાંટ ખાધી. એ બધું પરિણમન સિદ્ધ થયું. દ્રવ્ય-ગુણનો ભાવ પણ સિદ્ધ થયો. કહો, સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! જૈનદર્શન છે એમાં. ભલે અમુક શબ્દો છે પણ જૈનદર્શનને સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? એમાં બીજા ધર્મની સાથે ક્યાંય વેદાંત સાથે કે કોઈ બીજા બૌદ્ધ સાથે કે બીજા કોઈ મત સાથે મેળ ખાય એવી ચીજ નથી. પણ હવે સમન્વય ઘણું કરે. આવું હલવે છે. લ્યો! શ્રીમદ્‌ને નામે આમ હલવે. શ્રીમદ્‌ને કહેવું છે કાંઈક અને હલવે આમ. એય..!

મુમુક્ષુ :- .. જાણવાનો છે.

ઉત્તર :- છે ને એ તો બધા હુશિયાર માણસ છે.

આ જુઓને, પણ આ શું આવ્યું? એ વાત ત્યાં દેહાધ્યાસમાં છે. દેહ છે. બીજામાં એક આત્મા માનનારમાં દેહ ક્યાં? અને દેહ છે તો છે... છે... છે એ ચીજ શું? દેહ એટલે ચીજ શું? અનંતા રજકણનો પિંડ. ઔદારિક શરીર, કાર્મણ શરીર, તૈજસ શરીર અને અધ્યાસ થવો અંદર એકાકાર. એનો વિભાવભાવ, વિકારભાવ એ સિદ્ધ થવો પર્યાયમાં, દેહાદિ જડ સિદ્ધ થવા, વિકાર સિદ્ધ થવો, વિકારનું પરિણમન બદલીને શુદ્ધ થવું આ બધામાં તો તત્ત્વ ઊભું થાય છે બધું. નવેય તત્ત્વ ઊભા થાય છે.

કાલે ભાઈ લાવ્યા હતા ને. એમાં નાખ્યું છે. એમાં લખ્યું છે કે જુઓ, આ ફેર છે. એમ. સમન્વય એમ શબ્દ આવ્યો ખરો ને? સર્વ ધર્મ સમન્વય. ખોટો છે. સર્વ ધર્મ સમન્વય કેવો? પાછું સર્વ ધર્મ માન્ય. પહેલા શબ્દનો અર્થ કરતાં કર્યું છે. સર્વ ધર્મ માન્ય આત્મધર્મના આવા ગૂઢ મર્મને પ્રકાશ કરતું અજોડ. માન્ય ક્યાં છે આ? બાપુ! જે દ્રવ્ય છે, એનું ક્ષેત્ર છે, એનો ભાવ છે, એનું પરિણમન છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર છે. વસ્તુના ચાર ભાવ

છે. ત્યારે વસ્તુ આખી પૂરી થાય છે. તો દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવ તો ધ્રુવ રહે છે ત્યારે એનું પરિણમન જો ન હોય તો કરવાપણું હોય નહિ, ટાળવાપણું હોય નહિ, રોકાવાપણું હોય નહિ, બંધ-મોક્ષ હોય નહિ. કહો, જેઠાલાલભાઈ!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ, કહે છે કે સામાન્યપણે તો એ રહેતો હોવા છતાં, વિશેષ પર્યાયને કાળે રાગરૂપે પરિણમતો કોઈપણ શુભાદિ વિકલ્પરૂપે પરિણમતો. કારણ કે આમ જ્યારે સ્વભાવની એક્તા નથી એટલે રાગની એક્તાપણે ભેદજ્ઞાન વિનાનો શૂન્ય, રાગના એકત્વપણે પરિણમતો અજ્ઞાનરૂપ પરિણમન માનવું અને એ પરિણમન છે તેનો એ કર્તા માનવો. તેને કર્તા માનવો કે તો તે કર્તા માનો. તેને કર્તા માનો છો તે કર્તા માનવો. અર્થ કર્યો છે ને ભાઈએ?

‘**તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા...**’ તે કર્તા. તે કર્તા એટલે રાગરૂપે પરિણમનારો તે કર્તા. એમ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા..! ‘**તે ત્યાં સુધી...**’ કહે છે કે એ કર્તાપણું સંમત ત્યાં સુધી કરવું. અને એમ પરિણમે છે માટે તે કર્તા એમ સ્વીકારવું. હવે તે કર્તા એમ સ્વીકારવું, ‘**તે ત્યાં સુધી કે જ્યાં સુધી...**’ ત્યાં સુધી કે જ્યાં સુધી ‘**ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ થવાને લીધે...**’ ત્યાં સુધી કે રાગ-વિકલ્પ અને ભગવાન ચૈતન્ય ભિન્ન છે એવું ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી એણે રાગનું પરિણમન થાય છે, રાગનું પરિણમન થાય છે માટે તેને કર્તા સંમત થવું.

ભેદવિજ્ઞાન થતાં જ્ઞાનનું શુદ્ધનું પરિણમન થાય છે ત્યારે એને કર્તાપણું છૂટી ગયું. ત્યારે રાગનું પરિણમન છૂટી ગયું છે. કર્તાપણું એટલે રાગનું પરિણમન જ છૂટી ગયું છે. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! શું આમાં સર્વ ધર્મમાં? છૂટે દેહાધ્યાસ. આહાહા..! બાપુ! આ તો સર્વજ્ઞ વીતરાગથી સિદ્ધ થયેલી વસ્તુ છે. આ કાંઈ કોઈ કલ્પિત અને આમ હોય અને તેમ હોય અને આમ હશે. એમ નહિ, આમ જ છે. સમજાય છે કાંઈ? અનુભવથી સિદ્ધ થવા લાયક છે અને તે આ પ્રમાણે છે એ પ્રમાણે થવા લાયક છે. બીજી રીતે કંઈપણ અંદર જો લાકડું આડુઅવળું નાખે તો કોઈ રીતે કોઈ વાત સિદ્ધ થશે નહિ. સમજાણું કાંઈ?

‘**તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી...**’ આદિ એટલે શરૂઆત થતાં. એ તો શરૂઆત અને છેલ્લો એનો એ જ છે. એનો એ છે. એનો એકનો એક છે. ‘**જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ થવાને લીધે...**’ એટલે પૂર્ણનો અર્થ એ અને શરૂઆતનો અર્થ એ કે રાગથી પુણ્ય-પાપના વિકલ્પની એકતાબુદ્ધિ ટળીને જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે રાગનું પરિણમન ન હોવાથી, રાગની એક્તાબુદ્ધિનું પરિણમન ન હોવાથી, સ્વભાવની એક્તાબુદ્ધિનું પરિણમન હોવાને કારણે તે રાગનો કર્તા પછી હોઈ શકતો નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે રાગનું પરિણમન એને હોતું નથી. ધર્મીને તો શુદ્ધ ધર્મનું જ પરિણમન હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલા થોડા શબ્દોમાં બહુ સુંદર, ઘણી સુંદર વાત. કહો, સમજાણું? સમજાણું? મહાસુખભાઈ! જુઓ! આ તમારા બાપે બધું સાંભળ્યું. બપોરે બધા બેઠા હતા લ્યો. પછી ભક્તિમાં, પછી અહીં. બેઠા હતા. પોણા પાંચે ઉઠ્યા લ્યો. અહીં બેઠા હતા અને કહે આ કેટલી વાર વંચાણું? ૧૫મી વાર. એમના મોટા દીકરા છે પ્રેમચંદભાઈના. સમજાણું કાંઈ?

અરે..! આવી વાત ક્યાં હા પાડવાની પણ... આહાહા..! સમજાય છે? આમ ગુલાંટ ખાય ત્યારે રાગનું પરિણમન નથી. તેથી તે રાગનો કર્તા, પરિણમે તે કર્તા. રાગ ઉપર દૃષ્ટિ હોવાથી અજ્ઞાનભાવ એવો રાગ, તે રૂપે પરિણમતો હોવાથી તે અજ્ઞાની કર્તા, તેને કર્તા માનવો. તે કર્તા છે એમ જાણવું. તે કર્તા છે એમ જાણવું. ક્યાં સુધી? કે રાગના વિકલ્પથી જ્ઞાયક સ્વભાવને ભિન્ન ન પાડે ત્યાં સુધી. સમજાણું કાંઈ?

'**ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત)...**' ભાઈએ અર્થ પછી કર્યો ને. પૂર્ણ એટલે સહિત. પૂર્ણ એટલે જે ભેદવિજ્ઞાન થયું. થયું એટલે પૂર્ણ થયું. પૂર્ણ થયું એટલે સહિત થયું. જે ભેદવિજ્ઞાન વિનાનો હતો, રાગના પરિણમનરૂપ હતો એ આમ થયું જ્ઞાયકભાવપણે પરિણમ્યો, ભેદવિજ્ઞાનની પૂર્ણતા (સહિત). પૂર્ણતા નામ ભેદવિજ્ઞાનવાળો, ભેદવિજ્ઞાનવાળો, ભેદવિજ્ઞાન સહિત. કહો, સમજાણું કાંઈ?

'**ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી...**' તે ભેદવિજ્ઞાનથી સહિત થાય. ભેદવિજ્ઞાન સહિત થયો ત્યારે '**આત્માને જ આત્મા તરીકે જાણતો...**' કેમ કહે છે કે ત્યારે કર્તા ન હોય અને કર્તા ન સ્વીકારવો? કે આત્માને જ આત્મા તરીકે જાણતો. અજ્ઞાનમાં તો રાગ ને પુણ્યને પોતાપણે જાણતો, રાગરૂપે પરિણમતો, અજ્ઞાનરૂપે પરિણમતો કર્તા તે સંમત કરવો. ભેદજ્ઞાન થતાં આત્માને જ આત્મા તરીકે (સ્વીકારતો). શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છું, એવું અંતરમાં ભાન થતાં આત્માને આત્મા તરીકે સ્વીકારતો. પર્યાયમાં હોં! પર્યાયમાં-અવસ્થામાં જે રાગને પોતે સ્વીકારતો, પુણ્ય-પાપના પરિણમનરૂપે કરતો અજ્ઞાનરૂપ, એ જ પર્યાયમાં ત્રિકાળ જ્ઞાયકને સ્વીકારતો. સમજાણું કાંઈ? સ્વીકારવું તો પર્યાયમાં છે ને? કાંઈ દ્રવ્ય-ગુણમાં નથી, ભાવમાં નથી. આહાહા..!

કહે છે, '**ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનની...**' સહિત થાય. ભેદવિજ્ઞાનથી સહિત થાય. એમ. એને થવાને લીધે. એટલે રાગ ને પુણ્ય ને આત્મા ભિન્ન છે, એ રાગ છે તે આસ્રવ છે, આત્મા જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ત્રિકાળ છે. એવું ભેદજ્ઞાન થયું, ભેદજ્ઞાન સહિત થયો, રાગની એક્તા તૂટી, સ્વભાવ સાથે એક્તા થઈ. એ '**આત્માને જ...**' એમ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઓલો આત્માને જ. એટલે ધ્રુવ સ્વભાવને આત્મા તરીકે જાણતો. જ્ઞાયકભાવને જ આત્મા તરીકે જાણતો '**એવો તે (જ્ઞાયકભાવ),...**' એવો જે જ્ઞાયકભાવ. '**વિશેષ અપેક્ષાએ પણ...**' ઓલો વિશેષ અપેક્ષાએ પરને માનતો હતો. હવે અહીં એ જ વિશેષ અપેક્ષાએ પણ '**જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો...**' શું કહે છે? વસ્તુ ભગવાન ચૈતન્ય પ્રભુ, શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનની મૂર્તિ (છે). એમ વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં આમ ધ્રુવને સ્વીકારતો, ત્રિકાળ જ્ઞાયકને સ્વીકારતો, વિશેષ.. સ્વીકાર થયો એટલે એની વર્તમાન દશામાં પણ, વિશેષ પર્યાયમાં પણ સામાન્ય ધ્રુવ રહ્યું. એની વર્તમાન પર્યાયમાં પણ જ્ઞાનરૂપ જ પરિણમન પરિણમન કરતો. જ્ઞાનરૂપ જ જ્ઞાન પરિણામે પરિણમતો. એટલે શુદ્ધ પર્યાયપણે (પરિણમે છે). અશુદ્ધપણે પરિણમતો અજ્ઞાનપણે એ જ્ઞાનરૂપે જ્ઞાનપણે પરિણમતો. શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપે પરિણમતો.

'**(જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન...**' શુદ્ધ જ્ઞાયકભાવ છે, તેના ઉપર દૃષ્ટિ જતાં તેનું પરિણમન જ્ઞાનરૂપ, શ્રદ્ધારૂપ, શાંતિરૂપ, શુદ્ધરૂપ, આનંદરૂપ (થયું). એવું '**પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે...**' એકલો જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. પર્યાયમાં હોં! ધ્રુવ તો જ્ઞાતા છે એ નહિ. અહીં તો વિશેષપણે વર્તમાન અવસ્થામાં રાગ ને વિકલ્પથી એકત્વપણે અજ્ઞાનરૂપ પરિણમતો હતો. એ જ કાળે જ્ઞાનની અવસ્થામાં પૂર્ણ સ્વભાવનો સ્વીકાર થવાથી વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપને જ્ઞાનરૂપે પરિણમતો. સમજાય છે? જ્ઞાન એટલે આનંદ અને શુદ્ધરૂપ એ બધું જ્ઞાન છે. જ્ઞાન એટલે? આનંદ અને શાંતિ ને શ્રદ્ધા સમ્યક્ એ બધું જ્ઞાનનું પરિણમન છે. એ કાંઈ રાગનું નથી. સમજાણું કાંઈ? જે એની રીત છે એ રીત પણ જાણવામાં ન આવે તો એ પ્રયોગ શી રીતે કરે? કેની કોરનો કરે અને કેની કોરનું માને? આહાહા..! સમજાણું કાંઈ?

'**વિશેષ અપેક્ષાએ પણ...**' એમ સામાન્યમાં તો સામાન્ય છે. અને ઓલું વિશેષ દશામાં રાગને પોતાનું માનતો. એ ભેદજ્ઞાન થતાં વિશેષ અપેક્ષાએ પણ એટલે વર્તમાન દશામાં પણ, વર્તમાન અવસ્થામાં પણ '**જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો...**' શુદ્ધ જ્ઞાન અને આનંદની પર્યાયપણે પરિણમતો થકો, અશુદ્ધપણે ન પરિણમતો થકો. કેટલી ભાષાની, ભાવની ગંભીરતા છે! જુઓ! કાઢી તો નાખે છે ઓલો વિકલ્પ હોં! બધો .... એ બધું કાઢી નાખે છે. પણ ગંભીરતાથી કાઢે છે.

ભગવાન આત્મા આમ રાગરૂપે સમુચ્ચય,.. રાગ કોને કહેવો એ તો પછી એને સમજવામાં ન આવે. ઓલો રાગ જાણે આ બાયડી-છોકરા ઉપર કરવો ઈ. એમ નહિ. આ તો રાગ તો કોઈપણ પ્રકારનો વિકલ્પ. સમજાણું કાંઈ? એ રાગથી ભિન્ન પડી એટલે એનો અર્થ એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયો કે વિકલ્પ છે જે શુભ-અશુભ જે વ્યવહાર એનાથી ભિન્ન પડી, જે વ્યવહાર શુભ છે એમાં એકત્વબુદ્ધિએ રાગપણે પરિણમતો એ તો અજ્ઞાની ઠર્યો. સમજાણું કાંઈ? પણ રાગથી ભિન્ન પડેલો ભગવાન જ્ઞાન સ્વરૂપના દૃષ્ટિએ જ્ઞાનરૂપ પરિણમતો જે અશુદ્ધરૂપે પરિણમતો, અજ્ઞાનરૂપે પરિણમતો હતો એ જ્ઞાનરૂપે શુદ્ધ સ્વભાવના પર્યાયપણે પરિણમવા માંડ્યો. સમજાણું કાંઈ?

'**(-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન...**' જ્ઞાનરૂપ એવું. એટલે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ એવું જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન. એટલે શુદ્ધનું પરિણમન. '**તે-રૂપે જ પરિણમતો થકો),...**' શુદ્ધ પર્યાયપણે પરિણમતો થકો. ધ્રુવ શુદ્ધ છે, વસ્તુ શુદ્ધ છે તેમાં રાગથી ભેદ પાડીને શુદ્ધ સ્વભાવનો સ્વીકાર થવાથી શુદ્ધપણે પરિણમતો થકો. '**કેવળ જ્ઞાતાપણાને લીધે...**' કેવળ એટલે એકલો જ્ઞાતા. વળી કાંઈક કર્તા અને કાંઈક અકર્તા એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.**' સાક્ષાત્ એટલે? વસ્તુ તો ભાવ તો અકર્તા છે. પણ પર્યાયમાં સાક્ષાત્ અકર્તા થાય છે. વિશેષ દશામાં અકર્તા થાય છે. ક્યારે? કે રાગથી ભેદ પાડીને પોતાના સ્વરૂપ શુદ્ધનો સ્વીકાર કરતાં પર્યાયમાં જ્ઞાતાપણે સાક્ષાત્ અકર્તા થાય છે. કહો, સમજાય છે કે નહિ? જેઠાલાલભાઈ! આમાં કાંઈ કોઈ ઝીણી વાત નથી. ભાષા એવી નથી. આ તો શાસ્ત્રની સાદી સાદી સરળ મીઠી (ભાષા છે).

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ.

આવે છે ને એમાં? 'વચનામૃત વીતરાગના...' જોયું! વચનામૃત. વચનોને પણ એમ કહ્યું.

મુમુક્ષુ :- એને અમૃત માનવા.

ઉત્તર :- વસ્તુ અમૃત છે ને. 'પરમ શાંતરસ મૂળ...' વાણી પરમ શાંતરસ મૂળ. નિમિત્તથી કથન છે ને. 'પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના...' અજ્ઞાન અને રાગનું એક ટાળવાનું ઔષધ છે. રોગ મટાડવાનું-ભ્રાંતિનો રોગ મટાડવાનું એ ઔષધ છે. સમજાણું? 'કાયરને પ્રતિકૂળ...' આહાહા..! શુભભાવ આદિમાં ચોંટ્યો છે ને. આહાહા..! એવું લાગે, કંટાળો લાગે કે આમ બધો ચાલ્યો જાઉં છું હું. મારો જે ખાસ છે એમાંથી ચાલ્યો જાઉં છું એમ એને લાગે. રાગ એનો છે બધો પુણ્યાદિ, એમાંથી ચાલ્યો જાઉં છું. સમજાણું કાંઈ?

'**કેવળ જ્ઞાતાપણાને લીધે...**' એકલો જ્ઞાતાપણાને લીધે. કાંઈપણ કથંચિત્ જ્ઞાતા અને કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા એમ નહિ. કર્તા હતો એ રાગના પરિણમન કાળે. એ આમ થતાં કેવળ અકર્તા થઈ જાય છે. આમ કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા એક આત્મામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ રીતે લાગુ પડે છે. કહો, ગોદિકાજી! '**કેવળ જ્ઞાતાપણાને લીધે...**' પર્યાયમાં હોં! અવસ્થામાં. કેમ કે વસ્તુ જ્યારે શુદ્ધ ભાવ ત્રિકાળ ધ્રુવ છે, એનો જે પર્યાયે સ્વીકાર કર્યો એટલે જે પર્યાય તન્મય થઈ, રાગથી તન્મયપણું છૂટ્યું એટલે શુદ્ધ જ્ઞાતાપણાની પર્યાય પરિણમન થઈ ગઈ. પર્યાયની વાત છે અત્યારે.

'**સાક્ષાત્ અકર્તા થાય.**' એટલે વસ્તુ તો અકર્તા છે જ. વસ્તુ તો અકર્તા છે જ. પર્યાયમાં સાક્ષાત્ અકર્તા થઈ ગઈ. સમજાણું કાંઈ? કહો, આટલી લીટીમાં તો ઘણું આવ્યું હોં! આખું જૈનદર્શનનું (તત્ત્વ આવી ગયું). એ તો એવી શૈલી જ કોઈ આચાર્યોની છે. એક એક ગાથામાં આખું તત્ત્વ. જો કાઢવા માંડે, ખેંચવા માંડે તો એમાંથી બધું નીકળે. એવી શબ્દની શૈલી. શ્રીમદ્ પણ કહે છે ને, જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ રહ્યા હશે એ કેમ હશે? એમ આવે છે. એનો અંદર ભાવ જે યથાર્થ આવે છે ને એમાં બધું આવે. દ્રવ્ય, ગુણ, પર્યાય, વિકાર, .. નિમિત્ત કોણ, પોતે કોણ. એમાં વસ્તુ અનંત અનંત સામે હોય, સમજ્યાને? આ એક હોય. એ બધું એમાં આવી જાય. ભિન્ન-ભિન્ન વિકાર થાય એટલે ભિન્ન ભિન્ન નિમિત્તો છે. નિમિત્તના રજકણોનું પણ ભિન્ન ભિન્ન જાતનું પરિણમન હોય. એ બધું આવી જાય, ઘણું આવી જાય. ઓહોહો..!

રચના જિન ઉપદેશની સર્વોત્કૃષ્ટ તીન કાલ,
ઈનમેં સબ મત રહત હૈ કરતે નિજ સંભાલ.

આ શ્રીમદ્દનું વાક્ય છે લ્યો વળી આ. સોળ વર્ષે ત્યાં થયું ને? વળી ત્યાં સંભારતા પણ આ અત્યારે આવ્યું. કહો, સવારમાં તો પ્રેમચંદભાઈને આડે કાંઈ સૂઝયું નહિ. આત્મસિદ્ધિ પૂરી થઈ પછી કાંઈ સૂઝયું નહિ કાંઈ બોલવાનું કાંઈ. પછી અત્યારે આવ્યું વળી. કહો, સમજાણું કાંઈ? સવારે જરી પ્રેમચંદભાઈનું આમ થઈ ગયું. જુઓ!

રચના જિન ઉપદેશની સર્વોત્કૃષ્ટ તીન કાલ,
ઈનમેં સબ મત રહત હૈ કરતે નિજ સંભાલ.

પોતાની સંભાળ કરતા બધા મતોનું શું શું સ્વરૂપ છે એ બધું એમાં જાણવું આવી જાય. 'સબ આગમભેદ સુઉર બસે.' આવે છે ને શ્રીમદ્દમાં? 'સબ આગમભેદ ઉર..' સમજાય છે કાંઈ? આ રીતે કર્તા-અકર્તાપણાનું (સ્પષ્ટીકરણ કર્યું). કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા જે ભગવાનની વાણીમાં આવ્યું છે એને આ રીતે માનવું. તું એમ કહે કે વિકારના પરિણામ જેટલા થાય (એ કર્મ કરે). એક જણો કહેતો હતો ને કોણ? કર્મચંદજી ઓલો ક્યો? કર્માનંદ. એ પર્યાય પણ પરથી થાય એમ માનવું, નહિતર આચાર્યની વાત ખોટી પડશે. હવે તને ખબર નહિ ને મફતનો. પર્યાય પરથી થાય, દ્રવ્ય-ગુણ-ભાવ ત્રિકાળ રહે. એ એમ કહેતો

હતો. વળી કો'ક એવો અર્થ કરે, એ તો વળી બીજો કરતો. નામ ન લેવાય. 'પરેણ જાય તે પર્યાય, પરેણ જાય તે પર્યાય.' વળી એવા અર્થ કરે. પર્યાય પરથી ઉત્પન્ન થાય. આના જેવું થયું એ તો. એકનું એક થયું. આહાહા..! ઓલો એમ કહેતો હતો કર્માનંદ, પર્યાયમાં વિકાર જો પરથી નહિ માનો પર્યાયનું બદલવું, તો સબ આચાર્યના કથનો ખોટા પડશે. વળી એમ કહેતો હતો. આહાહા..! હવે ભાઈ તને ખબર (ક્યાં હતી). આર્યસમાજનો હતો. ભણેલો બહુ અને પછી વળી કાંઈક આમાં આવી ગયો બીજે કારણે. પક્ષઘાત થઈ ગયો અને મરી ગયો એમાં. આહાહા..!

બાપુ! આ તો વસ્તુ છે, ભાઈ! આ કાંઈ કોઈ કલ્પનાથી કર્યું છે એમ નથી. આ તો વસ્તુની સ્થિતિ છે તેવી જ પ્રસિદ્ધ કરી છે અને એમ પ્રસિદ્ધ થાય છે કે બાપા, આમ છે ભાઈ! અહીં કહે છે કે જ્યારે આત્મા રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપની એકતાનું પરિણમન કરે ત્યારે સાક્ષાત્ અકર્તા દ્રવ્ય ભાવે હોવા છતાં પર્યાયમાં અકર્તા ત્યારે થાય છે. એટલે કે રાગનું પરિણમન જ્ઞાનીને હોતું નથી. આમ કહે છે. આહાહા..! કહો, જ્ઞાનીને વ્યવહારનું પરિણમન એનું જ્ઞાનીનું નથી એમ કહે છે. આહાહા..! એય..! દાસ!

અહીં તો ઓલું વ્યવહારનું પરિણમન એ જીવને નિશ્ચયના પરિણમનને મદદ કરે છે. અહીં કહે છે કે વ્યવહારનું પરિણમન જ્ઞાનીને છે જ નહિ. એ પરિણમન જ જ્ઞાનીનું નથી. એ તો રાગનું છે. એ તો જ્ઞેય તરીકે, તે પરજ્ઞેય પાછું. સ્વજ્ઞેય તરીકે નહિ. સમજાણું કાંઈ? એટલો ભગવાન આત્મા પોતાની પર્યાયે જ્યાં સ્વીકાર સત્‌નો થયો, સાક્ષાત્ અકર્તા છે. ત્યારે તમારે અકર્તા માનવો. એ પહેલા અકર્તા માનવો નહિ. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧, શનિવાર તા. ૧૮-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૪૦૦**

ભાવાર્થ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૪૪ ગાથા સુધીનો ભાવાર્થ છે આમાં. જરી શું કહે છે? '**કેટલાક જૈન મુનિઓ પણ...**' વીતરાગના કહેલા શાસ્ત્રોના અર્થને જેમ સમજવું જોઈએ એમ ન સમજતાં એકાંત પક્ષે અર્થ કરે છે કે કર્મ જ આત્માને વિકાર કરાવે છે. એવું જે કાઢે છે તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. જુઓ! અત્યારે બહુ ચાલે છે આ અને એ વખતનો પણ આ અધિકાર છે.

'**કેટલાક જૈન મુનિઓ...**' નામ ધરાવી જૈન સાધુપણે '**સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને...**' જે કાંઈ અપેક્ષાએ નિમિત્તની અપેક્ષાએ કહ્યું હોય, કોઈ નિશ્ચયની અપેક્ષાએ કહ્યું હોય એના અપેક્ષાઓને ન સમજીને '**સર્વથા એકાંતનો અભિપ્રાય...**' શ્રદ્ધા, માન્યતા કરે છે '**અને વિવક્ષા પલટીને...**' શાસ્ત્રનો અર્થ જે કહેવા માગે છે એનાથી બીજી રીતે કરીને '**કહે છે કે-આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે,...**' શું કહે છે? આત્મામાં જે વિકાર થાય છે ચાર ગતિના રખડવાનો ભાવ કે પુણ્ય-પાપનો ભાવ એ કર્મ કરે છે. આત્મા અકર્તા છે. એમ કહે છે. '**કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે;...**' એમ કહ્યું. કર્મ જે જ્ઞાનાવરણીયનો ઉદય આવે એટલે આત્માને જ્ઞાનનું હીણાપણું જ્ઞાનાવરણીય કર્મ કરે. એમ અજ્ઞાની કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવ્યું છે ને માથે? એ માટે તો આ વાત ચાલે છે. સ્યાદ્વાદનો અર્થ ન સમજીને આમ કહે છે તે એકાંત દૃષ્ટિ મિથ્યાત્વ છે. ભાવકર્મને કર્મનો ઉદય આવે તે શી રીતે હવે કહે છે.

'**અજ્ઞાન,...**' છે ને પહેલો? એ જ્ઞાનાવરણીય કર્મ છે એનો ઉદય આવે એટલે આત્મામાં અજ્ઞાન થાય. આત્મા પોતાની લાયકાતથી અજ્ઞાન કરે એમ હોય? એ તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ એ અજ્ઞાન કેમ કરે? એમ અજ્ઞાનીની દલીલ છે. જ્ઞાનસ્વરૂપ એ અજ્ઞાન પોતે કરે છે. કર્મ એને અજ્ઞાન કરાવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? '**જ્ઞાન,...**' જુઓ! અજ્ઞાન અને જ્ઞાન. પાછો જ્ઞાનનો વિકાસ થાય ને? ભાઈ, કર્મ જો ખસે તો અહીં વિકાર થાય. તો કર્મ જ આત્માને બુદ્ધિનો વિકાસ કરાવે છે. કરાવે નહિ, કરે છે. કહો, સમજાણું?

મુમુક્ષુ :- એ તો કરે છે સીધી જ વાત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- એ તો કરાવે અને કરે બે એક જ છે ભાષા. એ જ કરાવે છે એટલે કે એ જ કરે છે. આત્મા કાંઈ કરતો નથી. આત્મા તો જ્ઞાનનો અકર્તા છે. જ્ઞાન કયુ? જ્ઞાનનો વિકાસ ક્ષયોપશમ દશાનો વિકાસ થાય તેનો આત્મા અકર્તા છે. એ ક્ષયોપશમ કર્મ જ્ઞાનાવરણીય ખસે તે કરે છે. એમ છે કે નહિ? પણ જુઓને બુદ્ધિ ઘણાને ઉઘડતી નથી તો જ્ઞાનાવરણીય નડે છે માટે છે કે નહિ? કે એમ નથી. સમજાણું કાંઈ?

અજ્ઞાન કર્મ કરાવે અને જ્ઞાન પણ કર્મ કરાવે. એટલે કરે. એ અજ્ઞાનીઓ આવા શાસ્ત્રના અર્થ કરે છે. શાસ્ત્રમાં લખાણ એવું આવે જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે, જ્ઞાનાવરણીય ઉઘાડ થાય. એ તો વિકાસ થાય એ તો બધા નિમિત્તના કથન છે. કરે છે એવા કથન એ છે નહિ. પણ એમ જ લખે અને એનો અર્થ જ એવો કરે છે બધા. અત્યારે પણ ઘણાં એ જ કરે છે ને.

‘**અજ્ઞાન, જ્ઞાન, સૂવું,...**’ ભાઈ જુઓ! નિદ્રા આવે છે એ નિદ્રા નામની પ્રકૃતિનો ઉદય આવે તો નિદ્રા આવે છે. એમ અજ્ઞાની કહે છે. એમ નથી. તારો પ્રમાદભાવ તને થાય ત્યારે નિદ્રા આવે છે. ત્યારે નિદ્રાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. ઘણાં કહે કે નિદ્રાનો ઉદય આવે તો સૂવું થાય. આ નિદ્રાવરણીયનો ઉઘાડ થાય એટલે જાગવું થાય. ફટ્ આંખ ઉઘડી જાય. નિદ્રાવરણીયનો ઉઘાડ થઈ જાય ક્ષયોપશમ (તો) ઉઘડી જાય, અથવા અણઉદય થાય. કહો, સમજાણું કાંઈ? ચોખ્ખું લખ્યું છે એમાં. પણ એનો અર્થ અણઉદય છે. કહો, સમજાણું? આંખ ઉઘડી જાય. એમ અજ્ઞાની દર્શનાવરણીય કર્મને માથે બધું નાખે. એ જૈનના સાધુ પણ કર્મ પ્રકૃતિને માથે ઢોળે છે એ અર્થને સમજતા નથી. એમ કહે છે. અત્યારે ધમધોકાર ચાલે છે ત્રણે સંપ્રદાયમાં તો. તે દિ’ ચાલતું ત્યારે લખ્યું છે ને. કહો, સમજાણું કાંઈ? અને આ ગૃહસ્થને તો કાંઈ ખબર ન મળે. જે પ્રમાણે માથે કહેતા હોય એ હાંકે રાખે. હા. કરો હા. એને ક્યાં નવરાશ છે? બે ઘડી નવરાશ માંડ મળી હોય એમાં કહે જો ભાઈ, આને જ્ઞાન પ્રત્યક્ષ છે, જ્ઞાનનો ઉઘાડ કોને ગોઠતો નથી? માટે જ્ઞાનાવરણીય એને ઉઘાડ થવા દેતું નથી. કેમ ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ? એક જણાને બુદ્ધિ ઘણી વિકાસ, લ્યો! અને એક જણાને થોડી. કાંઈક ફેરનું કારણ હશે કે નહિ? એ કારણ કોણ? કે તારો પુરુષાર્થ. વળી ફેર કારણ કોણ એમાં? અજ્ઞાની કહે કે ના, એ તો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય આવે એટલે જ્ઞાન હીણું કરે. એનો ઉઘાડ થાય, જ્ઞાન વિશેષ થાય, જ્ઞાન ઉઘાડ થાય. એ મૂળ વાતમાં ભૂલ્યા છે એમ કહે છે. એની વર્તમાન પર્યાય સ્વતંત્ર છે એની એને ખબર નથી. અમે ધર્મ કરીએ છીએ. ક્યાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધૂળમાં ક્યાંથી ધર્મ થાતો હતો? હજી માન્યતા તો ઊંધી છે. સમજાણું કાંઈ? ધર્મ તો ત્યારે થાય કે એ માન્યતામાં એમ કરે કે હું વિકાર કરું છું, વિકાર મારાથી થાય છે એ દોષ છે. અને હું ચિદાનંદ શુદ્ધ વસ્તુ છું એની અંતર દૃષ્ટિ અનુભવ કરતાં રાગની રુચિ ટળે, સ્વભાવની દૃષ્ટિ થાય, એવી દૃષ્ટિના પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. હવે આ ધર્મની તો ખબર ન મળે. સમજાણું કાંઈ?

'**જાગવું, સુખ, દુઃખ,...**' જો ભાઈ, આ બધા પૈસા મળે, સુખની સામગ્રી મળે, અને એમાં સુખબુદ્ધિ થાય. જુઓ! સુખી દેખાય.

મુમુક્ષુ :- બંગલા, મોટર..

ઉત્તર :- બંગલા, મોટર, પૈસા બધા વૈભવો. જુઓને કેટલા વૈભવ! એય..! તમારા છોકરાની વાત કરતો હતો કે ઓહોહો..! ન્યાલભાઈનો વૈભવ કાંઈ સ્વીત્ઝરલેન્ડમાં! એમ કો'ક વાત કરતું હતું. આહાહા..! દસ-દસ લાખના બંગલા. ગયા બિચારા પ્રેમચંદભાઈ. એના મામાના દીકરાને દસ દસ લાખના બંગલા બે. એક પંદર લાખનો નવો હમણાં કરાવ્યો. પંદર લાખનો નવો કરાવ્યો ત્યાં. શું કહેવાય? ગોવા. તો એ સુખનું કારણ ખરું કે નહિ? સુખ ખરું કે નહિ? અને એટલો સુખી હોય તો નિવૃત્તિ લઈને ધર્મ કરી શકે. ખાવાનું ન મળે એ શી રીતે કરી શકે? કહો. બીડીયું વાળીને ધંધો કરવો આખો દિ' ત્યારે માંડ રૂપિયો મળે. અને હવે એમાં તો અત્યારે મોંઘવારી. એને રૂપિયાથી પૂરું થાય નહિ. હવે એ બિચારા પાસે પૈસા-બૈસા હોય, સુખી હોય તો ધર્મ કરી શકે. એમ હશે કે નહિ? ખોટી વાત છે કહે છે. નહિ એમ? ચીમનભાઈ!

અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ જૈનના વીતરાગના તત્ત્વને નહિ જાણનારા, એવા અધર્મને કરનારા એમ માને છે કે અમે તો પૈસે ટકે કાંઈક સુખી હોઈએ (તો ધર્મ થાય). 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' લ્યો! આ શરીર-બરીર ઠીક હોય, આવું હોય તો ધર્મ થાય. સુખી હોય તો ધર્મ થાય. એ મૂઢ માને છે, કહે છે. એને લઈને સંબંધ શું છે ધર્મને? જુઓ સુખી. છે ને સુખ? શાતાને લઈને સુખ મળે, અશાતાને લઈને દુઃખ મળે. દુઃખી બિચારા શું કરે? માટે અમને કર્મને લઈને કાંઈક સુખ-દુઃખ થાય છે. એમ માનનારાઓ તત્ત્વથી વિરૂદ્ધ શ્રદ્ધા એની મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધા છે. એને તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ? આ સાધન આટલા હોય તો નિવૃત્તિ લઈ શકતા નથી. એ તો છે કે નહિ? અને ન સાધન હોય તો નિવૃત્તિ લઈને બેસી શકે છે. એ તો પોતાનું કારણ છે કે સાધન મળ્યા માટે કારણ છે? એ તો કર્મને લઈને, ભાઈ કર્મનો ઉદય સારો હોય ને, સુખી જિંદગી હોય ને તો એય... નિવૃત્તિ લઈ શકે. એને લઈને સુખી થતા હશે? ધૂળને લઈને. તારા પાંચ-પચાસ કરોડ ધૂળ મળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં સુખી ક્યાંથી થઈ ગયો તું? એ તો જડ છે, ધૂળ છે. એની કલ્પના તેં કરી એ તો ઊંધી માન્યતાથી કરી કે હું સુખી છું. એ કાંઈ કર્મે કરાવી નથી. કહો, સમજાણું કાંઈ?

એમ '**દુઃખી,...**' નિર્ધનતા. અરે.. ભાઈ! નિર્ધનતા ન હશો ભાઈ, દુઃખ બહુ છે. અને એમાં પણ પાછું વૃદ્ધાવસ્થામાં ન હશો. એમ માણસ કેટલાક વાતું કરે. જુવાન અવસ્થામાં જો આવી ગઈ હોય ને પ્રતિકૂળતા તો સહન કરી શકીએ. પણ હવે ઉંમર ૮૦ વર્ષની થાય, ૮૫ની એમાં પ્રતિકૂળ આવે, બાપુ!

મુમુક્ષુ :- એ તો દેખીતી વાત છે ને.

ઉત્તર :- ધૂળેય નથી દેખીતી. એય..! સમજાણું કાંઈ? એ મૂઢ જીવો એમ માને છે. પ્રતિકૂળતા શરીરમાં હોય, પ્રતિકૂળતા બહારમાં (હોય) એમાં તને નડે છે શું? તું તો માન્યતા કર કે હું દીન છું. એ તો તારી માન્યતા છે. એ તેં માન્યતા કરીને ઊભી કરી છે. કાંઈ પ્રતિકૂળતા, દુઃખની પ્રતિકૂળતા તને ધર્મ થવા ન દે એમ છે નહિ. સમજાણું કાંઈ? અંદર શલ્ય એવા રહ્યા હોય છે અજ્ઞાનીના અને માને કે અમે ધર્મ કરીએ છીએ. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ ક્યાંથી આવ્યો તારે? સત્યની તો ખબર નથી. વિકાર કેમ થાય? કેમ પર્યાયમાં સદોષતા થાય છે? કેમ સુખ-દુઃખની કલ્પના થાય છે? પરને લઈને થાય છે કે મારી પોતાને લઈને થાય? એની તો કાંઈ ખબર ન મળે અને એને ધર્મ થઈ જતો હશે. સમજાય છે કાંઈ?

'**મિથ્યાત્વ,...**' લ્યો આવ્યું. ભાઈ! શાસ્ત્રમાં એમ કહ્યું છે કે દર્શનમોહ કર્મ છે, એનો ઉદય આવે તો મિથ્યાત્વ થાય. જેવો રસ આવે એવો થાય. જેવો મંદ આવે તો મંદ થાય અને તીવ્ર આવે તો તીવ્ર. પાણીનો લોઢ મોટો જોરદાર આવે તો ખેંચાઈ ઝટ માણસ અને મંદ લોઢ હોય તો થોડું ખેંચાય. દેખાય છે કે નહિ? કેમ પણ પાણીનો લોઢ મોટો આવે લ્યો. સમજ્યાને?

ઉમરાળા એક બ્રાહ્મણ હતો. એ જ્યારે ખૂબ પાણી આવે ને ત્યારે એ જાણે શંકરને જાવું હોય તો એય.. આઘે જાય બહુ. આમ સીધું લાગે ધક્કો લાગે. બહુ પાણી જ્યારે આવે ને શંકરે જાવું હોય. સામે શંકર છે. પછી આંબાવાડી છે બહુ છેટે. આંબાવાડી છેટે ત્યાં જાય. ત્યાં જઈને એટલે શું? લોઢ કરતા કરતા ત્યાં પહોંચી જાય. બહુ આઘેથી જાયને.. પણ એકવાર તો ત્યાં પણ પહોંચ્યો નહિ. પહોંચ્યો સ્મશાનમાં આઘે. એ ખબર છે. આ તો ઘણા વર્ષની વાત છે હોં! ૬૫ વર્ષ પહેલાની વાત છે. એટલે એ કાંઈ એને કારણે લોઢ જાય છે ને એમ છે નહિ. એ તો પોતાની લાયકાતને કારણે જાય છે.

અહીં કહે છે કેટલાક કે, અમારે ભાઈ દર્શનમોહનો કર્મનો ઉદય આવે. મિથ્યાશ્રદ્ધા ઊંધી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

માન્યતા થાય છે. ભાઈ! અમે શું કરીએ એમાં? એમ માનનારા મૂઢ છે કહે છે. મિથ્યાત્વ તો તું કરે તો થાય છે. પુણ્યના ભાવ દયા, દાનના, ભક્તિના શુભભાવ છે. એમાં તું ધર્મ માન એ મિથ્યાત્વ તારું તું કર તો માને છો. સમજાય છે કાંઈ? અને પાપના પરિણામ થાય, હિંસા, જૂઠામાં મને મઝા પડે એ મિથ્યાત્વભાવ તું કર તો થાય છે. એ મિથ્યાત્વભાવ, અજ્ઞાન ભાવ, વિપરીત શ્રદ્ધાનો ભાવ છે. એ તું કર તો થાય. કર્મ કરાવતું નથી.

'**અસંયમ,...**' લ્યો! ભાઈ! ચારિત્રમોહનો ઉદય આવે એટલે અસંયમ થાય. લ્યો, શ્રેણિક રાજાને પણ ચારિત્રમોહનો ઉદય હતો. ક્ષાયિક સમકિતી, તીર્થંકરગોત્ર બાંધેલું, ચારિત્ર લઈ શક્યા નહિ. ઋષભદેવ ભગવાન તીર્થંકર હતા. ૮૩ લાખ પૂર્વ સંસારમાં રહ્યા. સાંભળ્યું છે કોઈ દિ'? ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. ભગવાન ઋષભદેવનું આયુષ્ય ચોર્યાસી લાખ પૂર્વનું. એમાં ભગવાને દીક્ષા ૮૩ લાખ પૂર્વે લીધી. એક લાખ પૂર્વ બાકી રહ્યા ત્યારે. ત્યાં સુધી તે ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ૮૩ લાખ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. ત્યાં સુધી સંયમ ન લીધો. માટે કહે છે કે ચારિત્રમોહનો ઉદય હતો માટે ન લીધું. એમ અજ્ઞાનીઓ કહે છે. એમ છે નહિ. તને ભાન નથી. એ તો પોતાનો ઊલટો પુરુષાર્થ રાગ-દ્વેષમાં હતો માટે ચારિત્ર લઈ શક્યા નથી. કર્મને લઈને લઈ શક્યા નથી એમ છે નહિ. ખબરેય પણ ક્યાં છે? અમે શું માનીએ છીએ એની ખબર ન મળે. શાસ્ત્ર શું કહે છે એની ખબરું ન મળે. માથેથી ... જે કહે છે એની પણ એને ખબર ન મળે.

'**અસંયમ,...**' છે ને ભાઈ, ભગવાનને આમ થયું. લ્યો. સમજાય છે? ઘણાં દાખલા એવા આપે છે. નંદીસેનના અને આર્દ્ર કુમારના. કર્મે તો પાડ્યા. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક,...' એમ કહે છે કે નહિ? મૂઢ છો. કોણે કીધું આવું? ભગવાન તો એમ કહેતા નથી. તેં ક્યાંથી કાઢ્યું આવું? પછી બોલે, સવારમાં બોલે. સ્તુતિ બોલે ને? ત્યાં પણ બોલે સ્તુતિ, વ્યાખ્યાન પહેલા દસ મિનિટ. કર્મે રાજા, કર્મે રાજા રંક ખરો, પણ એ કર્મને લઈને નિમિત્ત, પણ એથી દુઃખી સુખી ક્યાંથી આવ્યો? રાજા થયા એમાં સુખી ક્યાં થઈ ગયો? અને રાંક થયો એમાં દુઃખી ક્યાંથી થયો? એ તો મૂઢ માને છે. 'અને કર્મે વાળ્યો આડો આંક...' એટલે કર્મે તો આડો વાંક વાળ્યો. સમજો છો ને? ખોટી વાત છે. એ વાત સાચી નથી. કર્મ તો જડ છે, ધૂળ છે, માટી ઝીણી છે. એ તને દોષ કરાવે છે અને તું દોષ એને લઈને કરે છે એમ છે નહિ. ત્રણ કાળમાં છે નહિ. તને દોષનું ભાન નથી. તને ધર્મનું ક્યાંથી ભાન થાતું હતું? સમજાણું કાંઈ? જૈનના સાધુ નામ ધરાવીને આમ બોલે, વ્યાખ્યાનમાં બોલે, ઓલા સાંભળે. જય મહારાજ. પ્રમાણ વચન. ક્યાં ભાન છે એને કહેનારને?

એય.. ગુલાબચંદભાઈ!

**'ચાર ગતિઓમાં ભ્રમણ-'** લ્યો, આ તો હમણાં આવ્યું છે આ તો. ભાઈ! ચાર ગતિમાં નરકમાં જાય એ તો કર્મને લઈને નરકમાં જાય. પોતે પોતાની મેળે જાતો હશે કોઈ નરકમાં? માટે કર્મને લઈને જાય કે નહિ નરકમાં? એમ પણ નહિ અને પોતાની મેળે જાય એમ પણ નહિ, ત્યારે શું ત્યારે હવે? એમ નથી. નરકમાં જે પ્રાણી જાય છે એ પોતાના ભાવના પરિણામને કારણે નરકમાં જાય છે. કર્મ નરકમાં લઈ જાય એ વાત સાચી નથી. એ કર્મ તો જડ છે. જડ કરાવે તને? તો ઈશ્વર કરાવે પરને અને તને કરાવે જડ કર્મ. તો ઈશ્વરથી તો આ જડ કર્મ મોટો થઈ ગયો એને તો. બીજાને એમ કહે, ઈશ્વર અમને કરાવે, રખડાવે તો રખડીએ, ઈશ્વર તારે તો તરે. આ કહે કે કર્મ રખડાવે તો રખડીએ અને કર્મ ખસે તો રખડવું મટે. આનો ઈશ્વર થઈ ગયો કર્મ. સમજાય છે કાંઈ? એમ છે નહિ. કર્મ ચાર ગતિમાં રખડાવે એમ વાત છે નહિ. ભગવાન કહે છે કે તારી ભૂલને લઈને સ્વરૂપના ભાન વિના આત્મા શુદ્ધ આનંદકંદ છે એની શ્રદ્ધા અને અનુભવ વિના ચાર ગતિના રખડવાના તેં ભાવ કર્યા તેથી તું રખડે છો. કર્મ તો જડ છે, નિમિત્ત છે. કર્મ રખડાવે? એ પણ ક્યાં ખબર બિચારાને? સામાયિક કરીએ, પોષા કરીએ, ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. સમજાણું કાંઈ? સામાયિક ક્યાંથી આવ્યો તારે હજી? હજી તત્ત્વની તો ખબર ન મળે. કહો, સમજાણું આમાં?

જુઓ! આ **'ચાર ગતિઓમાં ભ્રમણ-'** લ્યો! નરકમાં જાય કર્મને લઈને જાય એમ અજ્ઞાની મૂઢ શાસ્ત્રનો અર્થ એવો કરે છે. ભગવાન એમ કહેતા નથી. ભગવાન તો એમ કહે છે કે તું તારી ભૂલને કરીને તું નરકમાં જા છો. હિંસા, જૂઠું, મહા પરિણામ માંસના ખાવાના ભાવ, પરસ્ત્રીના લંપટીના ભાવ, એવા જે અધર્મ ભાવ તેં ભાવ કર્યા એ કારણે નરકમાં જાય. કર્મ તો જડ છે, નિમિત્ત છે. કર્મ તો માટી તને ખેંચી જાતું હશે? આ બધી માન્યતા જૈનમાં આવી ગરી ગઈ છે એ માટે અહીં કહે છે. જૈનમાં જન્મેલાને પણ ખબર નથી. ઓલો કહે કે અમે સ્થાનકવાસી, ઓલો દેરાવાસી, આ દિગંબર. ત્રણે નામ ધરાવે. નાખે કર્મને માથે. તને હજી તત્ત્વની ખબર નથી. જડ તત્ત્વ આત્માને કાંઈ કરાવે નહિ એની ખબર વિના તને ધર્મ થઈ ક્યાંથી થઈ ગયો? સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! સાંભળ્યું છે કે નહિ બધું?

એમ મનુષ્ય મરીને મનુષ્ય થાય. જે મનુષ્યમાં આવે એ પોતાની યોગ્યતાથી મનુષ્યમાં આવે છે. સમજાણું? એ કર્મ લઈ જાય છે એમ નથી. ચાર ગતિનો ઉદય છે અંદર. એ ઉદયભાવ અને પોતાને કારણે (થાય છે). કર્મ તો જડ નિમિત્ત છે. પોતાની લાયકાતથી

મનુષ્યભવ પામે, પોતાની લાયકાતથી દેવમાં જાય, પોતાની લાયકાતથી પશુમાં જાય અને પોતાની લાયકાત ઊંધી બહુ તત્ત્વની હોય તો નિગોદ બટાટામાં જાય, મરીને માણસ મરીને. એ કર્મ-બર્મ લઈ જાય એમ છે નહિ. કહો, સમજાણું?

**'તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે;...'** ભાઈ! અમારે તો શુભભાવ થાય, કર્મનો રસ એવો પડે આવે તો અમને શુભભાવ થાય. દયા, દાન, ભક્તિના ભાવ થાય. અશુભ રસ આવે તો પાપભાવ થાય. એ કર્મ કરે બધું શુભ-અશુભને. અમે તો કાંઈ કરી શકતા નથી. એમ માનનારા શુભ-અશુભભાવ તારા કર્યા થાય છે, કર્મ કરાવતું નથી. એની ક્યાં (ખબર છે) કરે છે (કોણ અને) કરાવે છે કોણ જાણે? ભગવાન જાણે. આપણે તો કરોને ધર્મ. શેનો ધર્મ? ધૂળમાં આવ્યો તારે ધર્મ? હજી તારા દોષને કોણ કરે એની ખબર નહિ ને હવે દોષ ટાળે કોણ? અને દોષ ટાળવા તે ધર્મ છે. હજી દોષ શું થાય છે? કેમ થાય છે? એની ખબર ન મળે. પછી દોષ કેમ ટાળવા એની ખબર ન મળે. સમજાણું કાંઈ? દોષ તારા કર્યા થાય છે, તારા પરિણામે રખડવું થાય છે, એમ જો નક્કી કરે તો એ દોષના પરિણામની રુચિ છોડી ત્રિકાળ આનંદકંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આત્મા છે એની દૃષ્ટિ કરે તો તેને ધર્મ થાય, નહિતર ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં થતો નથી. સમજાણું કાંઈ?

**'જે કાંઈ શુભ-અશુભભાવ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે.'** જ્ઞાન શુદ્ધ વસ્તુ એ કરે? એમ અજ્ઞાની કહે છે. પણ પર્યાયમાં ઈ કરે. છ દિ' ચાલ્યું હતું અમારે. એક ઓલા ક્ષુલ્લક અહીં હતા ને ક્ષુલ્લક? (સંવત) ૨૦૦૯-૧૦ની સાલમાં. છ દિ' સુધી. પણ આત્મા શુદ્ધ છે, દ્રવ્ય વસ્તુ શુદ્ધ, જ્ઞાનાનંદ ગુણ શુદ્ધ. પર્યાયમાં વિકાર આવ્યો ક્યાંથી? છ દિ' સુધી હોં! ૨૦૦૯-૧૦ની સાલ. ઘણાં વર્ષ થઈ ગયા. ક્ષુલ્લક અહીં રહ્યા હતા. ઓલા નહિ? ક્ષુલ્લક નથી? ચિદાનંદ ક્ષુલ્લક. હાથ લુલો છે. દ્રોણગિરીમાં વધારે રહે છે. ત્યાં બહાર બે ચોમાસા રહ્યા હતા. પણ તત્ત્વની ખબર નહિ ને ત્યાગ કરી દીધા. લૂગડા છોડ્યા. ધૂળેય ધર્મ નથી. સાંભળને! તારા લૂગડા છોડ કે પરની હિંસાના.. પણ હજી હું પરનું કરી શકું છું, પરનું કરી શકું છું એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. અને પર મને કરી શકે છે એ દૃષ્ટિ મિથ્યાત્વની (છે) એમ કહે છે અહીં. આહાહા..! તું પરની દયા પાળી શકે એ માન્યતા તારી મૂઢની છે. એ તો સ્વતંત્ર આત્મા છે. એનું સ્વતંત્ર શરીર છે. એનું ટકવું એના આયુષ્યને લઈને છે. છૂટવું એના આયુષ્યના અભાવને લઈને છે. અને તું કહે કે આને મારી નાખ્યો અને મેં આને બચાવી દીધો. તારી દૃષ્ટિ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે ત્યાં ધર્મ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? તું પરનો કર્તા થા. એક વાત. અને કર્મ તારો

કર્તા થાય. બે વાત. બેય જૂઠ અને બેયને મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ?

'**વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે...**' શું કહે છે? જુઓ! શાસ્ત્રમાં લખ્યું છે. '**વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...**' શાસ્ત્રમાં આવે એવું કે પુરુષને પુરુષવેદનો ઉદય હોય તો સ્ત્રીનો વિકાર, સ્ત્રીની અભિલાષા થાય. અજ્ઞાની શાસ્ત્રનો આધાર આપે છે કે શાસ્ત્રમાં આમ લખ્યું છે. શું? કે પુરુષ જે છે એને પુરુષવેદનો ઉદય આવે તો એ સ્ત્રીની અભિલાષા કરે. અને સ્ત્રી છે અને સ્ત્રીવેદનો ઉદય અંદર આવે તો પુરુષની અભિલાષા કરે. એવું આવે છે શાસ્ત્રમાં, હોં! પણ એનો અર્થ સમજતો નથી. એ પુરુષવેદનો ઉદય આવે અને એમાં જો જોડાઈ જાય તો વિકાર કરે. વિકાર પુરુષવેદનો કર્મ કરાવે છે એમ છે નહિ. ભોગની વાસના કર્મ કરાવે? કર્મને લઈને થાય? સમજાણું કાંઈ? એમ હોય નહિ.

'**વળી મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે-વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...**' એક. એ અબ્રહ્મની વાત કરી. હવે ઓલું કહે છે, ઓલામાં પરઘાત હતો. આમાં ઉપઘાત નાખ્યો. વધારે નાખ્યું. પરઘાત. પણ હણે છે ને, એટલે ઓલો હણાય છે એ ઉપઘાતથી હણાય છે. એ વાત એમાંથી આવી જાય છે. આવી જાય છે. શું કહે છે સાંભળો! '**ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે.**' જુઓ શાસ્ત્રમાં છે. એક નામ નામની પ્રકૃતિ છે. આઠ કર્મ છે ને? એમાં નામ કર્મ છે એની ૯૩ પ્રકૃતિ છે. ભગવાન કેવળીએ જોયેલી. એમાં બે પ્રકૃતિ છે. ઉપઘાત અને પરઘાત. ઉપઘાત પ્રકૃતિનો એવો અર્થ છે કે પરથી હણાય. પરઘાત પ્રકૃતિનો એવો અર્થ છે કે પરને હણે. સમજાણું કાંઈ?

જેમ આ સાબરને નથી હોતા શીંગડા? એના શિંગડા એને પોતાને હણે. ક્યાંક ક્યાંક ભરાઈ જાય તો નીકળવું મુશ્કેલ પડે. સલવાઈ જાય. કેમ કે આડાઅવળા હોય ને. એના શરીરના અવયવો જ એ ઉપઘાત પ્રકૃતિ છે. ઉપઘાત. એને લઈને પોતાના અવયવો જ પોતાને ઘાત કરે છે. અને પરઘાત-બીજો પરઘાત એને હણે. બીજો એને મારે. એમાં સલવાઈ ગયો હોય બરાબર, પછી બીજો આવીને (ઘાત કરે). હાથી આદિ હોય છે ને મોટા? કાદવમાં ગરે, કાદવમાં. પછી પગ નીકળી શકે નહિ. પોતે ઉપઘાત યોગ થઈ ગયો હણવા યોગ્ય. બીજો હાથી એનો દુશ્મન હોય તો મારે દાંત. ત્રિશુળ. એટલે જો ભાઈ, પ્રકૃતિ ભગવાને કીધી છે નામકર્મની. એવો પાઠ અર્થ પણ એમ છે કે ઉપઘાત પ્રકૃતિ એટલે પરથી હણાય. પરઘાત એટલે પરને હણે. એમ લખ્યું છે. એમ છે નહિ. એ પોતાને હણાવાની લાયકાત છે ત્યારે ઉપઘાત પ્રકૃતિને નિમિત્ત કહેવાય છે. અને પરને હણાવાની લાયકાત છે એવો ભાવ

તેં હિંસાનો કર્યો ત્યારે પરઘાત પ્રકૃતિને નિમિત્ત એમ કહ્યું કે પરને હણે છે. પણ હણવાનો ભાવ તેં કર્યો છે. પરઘાતને લઈને નહિ. કોણ પણ આ વિચાર કોણ કરે? સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવ, એમણે આઠ કર્મ જોયા છે. આઠ કર્મ છે રજકણો. જેમ આ ધૂળ છે ને આ? એમ અંદર ઝીણી ધૂળ છે આઠ કર્મની. એ આઠ કર્મના ૧૪૮ ભેદ છે પ્રકૃતિના. એમાં એક નામ કર્મમાં ૯૩ પ્રકૃતિ ભગવાને જોઈ છે. એમાં એક ઉપઘાત અને પરઘાત પ્રકૃતિનો આશ્રય લઈને આ વાત પોતાની કરે છે. ભગવાને એમ કીધું છે. ઉપઘાત પ્રકૃતિ એટલે પોતે પરથી હણાય, પરઘાત એટલે પરને હણે. એમાં અમે શું કરીએ? ખોટી વાત છે. ઉપઘાતમાં તારો હણાવાનો યોગ હોય છે ત્યારે હણાય છો. અને પરઘાત પ્રકૃતિમાં પણ બીજાને હણવાનો તું ભાવ હિંસાનો કરે છો ત્યારે પરઘાત પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે છે. ભાવ હિંસાનો તું કર અને કહે કે મને પરઘાત પ્રકૃતિ કરાવે છે. સમજાય છે? એમ બને નહિ. આવા કોણ વિચાર કરવા નવરા માણસ? માંડ માંડ ૨૩ કલાક રહેતા હોય સંસારમાં અને એક કલાક નવરો મળતો હોય. ચાલો ભાઈ સામાયિક કરી નાખીએ. ભગવાન... ભગવાન... ભગવાન... કાં પૂજા કરી નાખીએ એક કલાકની ભગવાનની. એય..! ન્યાલભાઈ! ધૂળમાંય તારી પૂજામાં કાંઈ માલ નથી, તારી સામાયિકમાં પણ માલ નથી. એ સામાયિક કહેવી કોને? હજી દોષની પણ ખબર ન મળે. આત્મા અખંડાનંદ પ્રભુ છે શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિનું ભાન ન મળે, સમ્યગ્દર્શન ન મળે તો સામાયિક આવી ક્યાંથી? સમજાય છે કાંઈ? અને ભગવાનની પૂજા તો શુભભાવ છે. એ આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય છે એનો આશ્રય લીધા વિના પરનો આશ્રય એકલો લઈને ધર્મ માને એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર પ્રવર્તે છે.**' એણે હિંસા-અહિંસા સ્થાપી. ઓલામાં અબ્રહ્મ સ્થાપ્યું હતું. '**આ પ્રમાણે જેમ સાંખ્યમતી...**' એક જૈનદર્શન સિવાય સાંખ્યમત છે. તે '**બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે...**' પ્રકૃતિ કરે. આત્મા તો શુદ્ધ અકર્તા છે. '**અને પુરુષને અકર્તા માને છે...**' પુરુષ એટલે આત્મા. '**પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું.**' જૈનના સાધુ કે જૈનના શ્રાવક નામ ધરાવનારા હોય અને આવું જો એ માનતા હોય તો એ પણ સાંખ્યમતિ જેવા મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનદર્શનની, વીતરાગ તત્ત્વની કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ?

'**માટે જિનવાણી...**' વીતરાગની વાણી પરમેશ્વરની, ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી નીકળી એ '**તો સ્વાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.**' જિનવાણીની વિરાધના કરે છે. વીતરાગ માર્ગમાં વિકારનો કર્તા

આત્માની પર્યાય પોતે છે અને પર કર્તા પરનો છે. આત્મા કર્તા પરનો નથી અને વિકારનો કર્તા પર નથી. અજ્ઞાન હોય ત્યાં સુધી, જ્યાં સુધી એણે સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનનો અનુભવ ધર્મ નથી, પુણ્ય-પાપના રાગ અને દ્વેષથી હું ભિન્ન ચિદાનંદ છું, શુદ્ધ આનંદ છું એવું સમ્યગ્દર્શનનું ભાન નથી ત્યાં સુધી અજ્ઞાની વિકારનો કર્તા પોતે છે. એવી વીતરાગની વાણી કર્તાપણાની છે. અને વિકારની રુચિ છૂટીને આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાતા-દૃષ્ટા છે એવો અંતર અનુભવ થાય ત્યારે તે વિકારનો અકર્તા છે એમ ભગવાને કહ્યું છે. બેયની એને ખબર નથી. સમજાણું કાંઈ? ધર્મ કરવામાં આવું બધું શીખવું પડે, સમજવું પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસારમાં એમ ને એમ નહિ થઈ જતું હોય? કઈ ચીજ લેવા જાય તો એનું જ્ઞાન તો કરવું પડે છે કે નહિ? કઈ ચીજ લેવા જાય એનું જ્ઞાન કરવું પડે છે કે નહિ? ચોખા લેવા જાય તો એ અનાજ આપજો. આ પચાસ રૂપિયા લઈને આવ્યો છું, અનાજ આપજો. ક્યુ અનાજ? એ મને ખબર નથી. ઠીક!

મુમુક્ષુ :- મારો બાપ જાણે.

ઉત્તર :- મારો બાપ જાણે. પણ અનાજ આપજો, અનાજ આપજો. એ શાક આપજો શાક. ૯ વાગે ગયો દસ રૂપિયા લઈને. ક્યું શાક? મને ખબર નથી. ત્યારે આપવું ક્યુ પણ તને? તારે ક્યુ લેવું છે ખબર છે કાંઈ? મને કાંઈ ખબર નથી. બાપાએ કહ્યું છે પાંચ રૂપિયાનું લઈ આવ જા શાક. શું કહે પછી? મૂર્ખો કહે, મૂરખ છો. પચ્ચીસ જાતના શાક છે એમાંથી એમ કહે કે આ જેઠ મહિનાનું ટાણું છે ઘરે કેરી હશે માટે કારેલા માગતા હશે. એમ તો કાંઈ નક્કી તો કર પચ્ચીસમાંથી આ લેવું છે. બીજી ચીજ નહિ ને આ. એમ નક્કી કર્યા વિના આપવું શી રીતે?

એમ આત્મામાં દોષ કરનાર પોતે અને દોષ રહિત ચિદાનંદ સ્વરૂપ. જેને તને લેવો છે અને જેમાં ધર્મ કરવો છે એ ચીજ શું છે? એ મને કાંઈ ખબર નથી. મારે ધર્મ કરવો છે. પણ ધર્મ કરવો છે શેમાં? કે આત્મામાં. એ આત્મા કેવો છે એ ખબર છે? કહે નહિ, એ આપણને કાંઈ ખબર નથી. તો ક્યાંથી ધર્મ થાતો હતો?

મુમુક્ષુ :- ભગવાને કીધો છે એવો.

ઉત્તર :- પણ ભગવાને કીધો એને ખ્યાલમાં આવ્યા વિના? ભગવાને તો ઘણું બધું કહ્યું છે. સમજાણું કાંઈ? આપણે તો ધર્મ કરો લ્યો ભાઈ. શેમાં કરવો છે? આત્માને કરવો છે. આત્માને. એ આત્મા કેવો છે ખબર છે? આત્મા કેવો હોય? આત્મા છે. કેવો શું? શું છે પણ? ખબર છે કાંઈ? એને જ્ઞાન કરવું પડશે કે એની વર્તમાન દશામાં કર્મ તો નિમિત્ત

છે વિકાર ચાર ગતિનું પરિભ્રમણ. નિગોદમાં જાય, નરકમાં જાય, સ્વર્ગમાં જાય, એ પોતાની યોગ્યતા અને પોતાને કારણે જાય છે. એવું એણે નક્કી કરવું પડશે. અને એ નક્કી કરીને ધર્મ જેને કરવો છે એણે આત્મા શું છે એને જાણવો પડશે. આત્મા તો અંદર જ્ઞાનાનંદ ચિદાનંદની મૂર્તિ છે. જેમાં અનંત આનંદ અને શાંતિ પડી છે એ આત્મા કહીએ. એ આનંદ અને શાંતિનો આત્મા ધરનાર, એમાં અંતર દૃષ્ટિ કરતાં વિકારની રુચિ છૂટતાં, સ્વભાવની દૃષ્ટિ થતાં તેને દૃષ્ટિમાં શાંતિ અને શ્રદ્ધા થાય એને ધર્મ કહેવામાં આવે છે. આવી ભારે વાતું ભાઈ! કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- .. ગુરુ સિવાય જ્ઞાન ન થાય.

ઉત્તર :- ન થાય. હું તો કહું છું. એ જ કહે છે અહીંયાં. કે જ્ઞાન જ્ઞાનથી થાય અને ગુરુથી થાય એ માન્યતાની એને ખબર નથી. એય..! ઓલો કહે કે કર્મથી દોષ થાય. આ કહે ગુરુથી જ્ઞાન થાય. બેય સરખી જાતના છે. કહો, સમજાણું કાંઈ? કહો, એ વ્યવહારથી એમ કહેવાય. ખરું આમ છે. સમજાણું કાંઈ? એમ જો પરથી થઈ જતું હોય તો ઘણાં મોક્ષ ચાલ્યા જાય. ભગવાનના સમવસરણમાં તો ઘણાં હતા. ઢોર હતા, માણસ હતા, દેવ હતા, મુનિઓ હતા, મિથ્યાદૃષ્ટિ મુનિઓ હતા ભગવાનના સમવસરણમાં. આ ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર પ્રભુ બિરાજે છે કે નહિ અત્યારે? તીર્થંકર બિરાજે છે કેવળી. ત્રણ કાળનું જ્ઞાન (છે). એવા વીસ તીર્થંકર બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં આત્યારે. ઘણાં માણસો જાય, ઘણાં ઢોર જાય સમવસરણમાં. એવા ને આવે ધોયેલ મૂળા જેવા પાછા વળે છે કેટલાક. ભગવાન શું કરે? ભગવાનની વાણી શું કરે? એનો પુરુષાર્થ જાગ્યા વિના કે હું એક ચિદાનંદ આત્મા અખંડાનંદ પ્રભુ છું. રાગાદિનો વિકલ્પ દયા, દાનનો ઉઠે એ વિકાર છે. મારી ચીજમાં નથી. એવી અંતર દૃષ્ટિ કર્યા વિના ભગવાનની વાણી પણ કરે શું ત્યાં? કરનારને કર્યા વિના બીજો કરી દે એમ ત્રણ કાળમાં બનતું નથી. બરાબર છે?

ન્યાયથી વાત છે એને સમજવી પડશે કે નહિ? ન્યાય છે. ભગવાનનો માર્ગ ન્યાવયમ છે. ન્યાયથી સિદ્ધ થાય છે. એમ કચડી-પચડીને માનવું એને કાંઈ માન્યું કહેવાય નહિ. સમજીને, ન્યાયથી કેમ હોવું જોઈએ, કેમ ન હોવું જોઈએ, કેમ ધર્મ થાય? કેમ અધર્મ થાય? અધર્મમાં નિમિત્ત કોણ છે? ધર્મમાં પોતાના પુરુષાર્થનું કારણ શું છે? એ બધું એણે નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ? અનંત કાળ એમ ને એમ રખડ્યો. આવો કાળ માંડ મળ્યો જુઓને! આહાહા..! એક ક્ષણમાં દેહ ચાલ્યો જાય છે. ખબરેય ન રહે ત્યાં ફૂ... આહાહા..! જાવ બીજી ગતિએ. આ કાળમાં કેટલું કરવાનું છે એ કાળે ન કર્યું તો આ દેહ ચાલ્યો જશે પછી ક્યાં કરશે? સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ વર્ષનો દેહ. એમાં દેહ કેટલો આ તે?

અનંત કાળને હિસાબે આ શરીરની સ્થિતિ કેટલી? અનાદિ કાળનો રખડતો અનાદિ... અનાદિ... આહાહા..! ક્યાંય માણસપણું નહોતું અનંત કાળમાં. ક્યાં રખડતો? નરકમાં, નિગોદમાં, બટાટામાં, શક્કરકંદમાં, અનંતા ભવ કર્યા. ભાઈ! એને ખબર નથી. એને અંદરમાંથી શું થાય છે? શું મેં કર્યું? હું ક્યાં હતો? અનંત-અનંત ભવમાં. કોઈ ત્યાં પાંજરાપોળ નહોતી કે એને ન્યાં રાખે. સમજાણું કાંઈ? પૃથ્વીના ભવ, પાણીના ભવ, અગ્નિના ભવ, વાયરાના ભવ, વનસ્પતિના ભવ, નિગોદ-બટાટાના ભવ અનંતા કર્યા. એમાં આ થોડો વખત એક શરીર થોડુંક મળ્યું. ત્યાં તો આ શરીર હું, અને શરીરની ક્રિયા થાય એ મારી. આમ ને આમ કાળ ગાળ્યો એણે. સમજાય છે? શ્વાસેય નહિ ચાલે તારા, ભાઈ! શ્વાસ એ જડ છે ભગવાન! એ પરમાણુ છે. આમ આમ થાય છે એ જડ થાય છે. આત્માથી નહિ. આત્મા શ્વાસ લઈ શકે કે મૂકે એમ છે નહિ. આહાહા..! મરતા ખ્યાલ આવે મરતા પહેલા. આવે છે ને? ઘણીવાર દાખલો આપીએ છીએ. શ્વાસ ખસી જાય અહીંથી, હોં! અહીં દુંટીએથી ખસી જશે શ્વાસ. ઊંચો ચાલશે પછી. અને એને ખ્યાલ પણ આવે કે અહીંથી ખસી ગયો. નાભિથી શ્વાસ માર્ગ આપી દીધો. એવો ખ્યાલ આવી જાય કેટલાક. લેને શ્વાસ હેઠે. તારી ક્રિયા શ્વાસની હોય તો ખબર આવવી જોઈએ કે શ્વાસ હેઠે લઈ શકીશ નહિ. એ તો જડની ક્રિયા છે, તને ક્યાં ખબર છે? જડ ચાલે છે. આત્મા નહિ. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ માને કે હું કરું છું, એ મિથ્યાત્વભાવને સેવે છે. આહાહા..!

જડને આત્મા માને છે. આમ બોલે કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એ પાછું ક્યાં ખતવવું એની ખબર ન મળે. કહો, આ શિવલાલભાઈ હતા ને. શ્વાસ ઉપડ્યો. સાજા નરવા. કાંઈ ન મળે. કેળા ખાધા હશે. અને આ શીગું ને? શીંગુ કહેવાયને? ઓળા. આ મગફળી. સારી રીતે ખાધી હશે. અને એમાં શું કહેવાય તમારી? સમિતિ. એના દાળ, ભાત અને રોટલી પાછી. નાખ્યા ભેગું... ભાઈ હતા ને તે દિ'? બચુભાઈ હતા. બચુભાઈ હતા તે દિ'. બહુ એને હતું. થાય એને થાય પણ એમ કહેવાય નહિ. ખાધા ભેગું કોણ જાણે (શું થયું), આવ્યા અહીં ચાલીને. બેઠા ભેગો શ્વાસ ઉપડ્યો. કાંઈ ન મળે હોં! બીજું કાંઈ લેવા દેવા ન મળે. અહીં હું ખાઈને નીકળ્યો. સમજ્યાને? કેમ પટેલ! હેઠે બેઠા હતા. શિવા પટેલ હતા. આ વલ્લભ પટેલ થઈ ગયા નહિ? એના કુટુંબના, એના ગામના. કુટુંબી એના. અહીં આપણે રહેતા. ૭૦ વર્ષ ઉપર થયું હશે? કેમ પટેલ! અંત ક્રિયા. શું (કહ્યું)? અંત ક્રિયા. છેલ્લી ક્રિયા. શું છે પણ? ખાઈને આવે છે. કાંઈ નહિ હોં! ખાઈને આવે, હાલીને બેઠા. મારી અંત ક્રિયા-છેલ્લી ક્રિયા છે. શું છે? શ્વાસે માર્ગ છોડી દીધો. અહીં દુંટીએ અંદર જાતો નથી. આમ થાય. અંદર જાતો નથી. છેલ્લી સ્થિતિ લાગે છે મારી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હેઠે બેઠા કાંઈ ન મળે. એ ૩૬ કલાકે લગભગ દેહ છૂટી ગયો. અહીં ધર્મચંદભાઈ હતા ને? એણે છેલ્લે ઈંજેક્શન આપ્યું. ૩૬ કલાક એણે આપ્યા હતા. પૂરું થઈ ગયું.

ભાઈ! એ શ્વાસની ક્રિયા હલવી, થવી એ બાપુ! તારી નથી. એ તો પરમાણુ જડ છે. તને ખબર નથી. તું તો ચૈતન્ય ભિન્ન છો. એ આત્મા શ્વાસને હલવે એવું તારું સ્વરૂપ નથી. હવે એની ખબર ન મળે અને અમે ધર્મ કરીએ. ધૂળમાંય ધર્મ થાતો નથી, સાંભળને! સમજાણું કાંઈ? ... આમ કરે. ઓલા તત્સૂત્રીમાં આવે ને? આ શરીરની ક્રિયા મેં કરી જુઓ આમ આમ. એ તો જડ છે, આ તો માટી. એનું આમ થવું એ તો જડને લઈને થયું. તારે લઈને છે? માને કે જડનું કાર્ય હું કરું છું. અને કર્મ જડ મને વિકાર કરે છે. બેય મૂઢ છે. સમજાણું કાંઈ? અજીવનું કામ હું કરું છું અને અજીવ મારું કામ કરે છે. આ અજીવનું કામ હું કરું છું અને કર્મ અજીવ એ મને કરે છે દોષાદિ. કાંઈ ભાન જ નથી તને એકેય તત્ત્વનું. ભગવાને કહ્યું જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ ક્યું તત્ત્વ ક્યાં કેમ થાય એની તને ખબર નથી. સમજાણું કાં?

કહે છે, એ '**પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણીનો તો સ્યાદ્વાદ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને...**' વિવક્ષા એટલે કથનને પલટે. '**કે-ભાવકર્મનો કર્તા કર્મ છે...**' સાચી વાત. ભગવાને કર્તા કહ્યો છે ભાઈ હોં! એમ કહે. માટે આત્માને રખડવાનો કર્તા, પુણ્ય-પાપના વિકલ્પનો કર્તા એ કર્મ છે. ત્યારે ભગવાને કર્તા કીધો છે ને? એ કર્તા કોણ? '**પોતાના આત્માનો કર્તા આત્મા છે;...**' એમ અજ્ઞાનીએ કથનને પલટ્યું. વિવક્ષા પલટી. કહેવા માગતા હોય એની વાત ફેરવી. કર્તા એને થવાની હશે. કે ચાર ગતિના ભવો, ભાવ, પુણ્ય-પાપના ભાવ, રખડવાના ભાવ એ જીવ ન કરે. એ કર્મ કરે. ત્યારે કર્તા ભગવાને કીધો છે ને? આત્મા આત્માને કરે એમ અમે માનીએ છીએ. પણ આત્મા આત્માને શું કરે? આત્મા તો નિત્ય છે ત્રિકાળ. કરવાનું તો પર્યાયમાં હોય-અવસ્થામાં. વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે. દ્રવ્ય અનાદિઅનંત છે. અનાદિઅનંત વસ્તુને કરવું શું? તું કહે કે આત્મા આત્માને કરે અને વિકાર કર્મ કરે એમ કરીને તું ભગવાનની વાણીનો કોપ ફેરવવા માગે છો. સમજાય છે કાંઈ આમાં? આપણે વાત તો બધી ઘણી આવી ગઈ છે. આ તો ભાવાર્થમાં ચાલે છે.

'**પોતાના આત્માનો કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી, તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે,...**' વસ્તુ તો નિત્ય છે, ત્રિકાળ છે. ત્રિકાળમાં કરવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું હોય? કરવું તો એની અવસ્થામાં હોય. પર્યાયમાં, ભાવમાં, દશામાં, અવસ્થામાં. સમજાય છે કાંઈ? ફેરફાર થાય એ તો પર્યાયમાં થાય. દ્રવ્યમાં શું હોય? દ્રવ્ય તો વસ્તુ ત્રિકાળ છે અનાદિઅનંત. એ પણ ખબર ન હોય કેટલાકને, વળી દ્રવ્ય શું અને પર્યાય શું? જય ભગવાન. આપણે કરો સામાયિક, કરો જાત્રા અને કરો પૂજા. રખડો પછી ચાર ગતિમાં. સમજાય છે કાંઈ? જેઠાલાલભાઈ!

અજ્ઞાની પછી કહે છે, અમે આત્માને કર્તા માનીએ (છીએ). ભાઈ બાપુ! આત્મા તો વસ્તુ ત્રિકાળ છે. ત્રિકાળમાં કરવાનું શું? ત્રિકાળ રહેનારો આત્મા એને કરવું શું? એની પર્યાય બદલે એમાં કરવાનું હોય. હવે બદલે એને કર્મને માથે નાખ્યું અને આત્મા કર્તા કહે છે. કર્તા હોઈ શી રીતે શકે? '**અસંખ્યાત પ્રદેશોવાળો છે,...**' આ ઉત્તર આપે છે. ભાઈ! એ તો અસંખ્ય પ્રદેશી છે. આત્માને અસંખ્ય પ્રદેશ છે, અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? એવું ક્ષેત્ર એનું એવડું છે. રજકણ છે તે એક પ્રદેશી (છે). આમ પરમાણુ છે ને રજકણ? આ માટી છે ને? એ ઘણાં રજકણો (છે, એનો) છેલ્લો પોઈન્ટ આના કટકા કરતા.. કરતા.. કરતા... છેલ્લો પોઈન્ટ એક રજકણ છે. ઈ એક પ્રદેશી છે અને આત્મા અસંખ્ય પ્રદેશી છે. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશી હશે. ભગવાન જાણે. પણ શું કેટલું ક્ષેત્ર છે એ તને ખબર નથી. એ ક્ષેત્રમાં અનંતા ગુણો પાક્યા પડે છે. સમજાણું?

આત્મા તું નિત્ય કરે તો આત્મા તો દ્રવ્યે નિત્ય છે. અસંખ્યાત પ્રદેશોવાળો છે પ્રભુ. '**તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે.**' સમજાણું? '**લોકપરિમાણ છે,..**' ઓલો પ્રદેશ. પ્રદેશો કેટલા છે આત્માના? પ્રદેશ સમજાય છે? પ્રદેશ એટલે જેમ સોનાની સાંકળી હોય, એના મકોડા હોય, એમ આત્માને અસંખ્ય પ્રદેશ છે. ભગવાન કેવળીએ તીર્થંકરે કહેલું સ્વરૂપ છે. કોણ જાણે શું હશે? અસંખ્ય પ્રદેશ છે. હાથીમાં હાથી જેવડો થાય, કીડીમાં કીડી (જેવડો થાય). આમ સંકોચ-વિકાસ થાય છે ને? પણ પ્રદેશ અસંખ્ય છે એમાં ઓછા વત્તા થતાં નથી. એવું એનું સ્વરૂપ ભગવાન આત્મા, અનંત આત્માઓ એવા. એવા અનંત આત્માઓ છે.

અસંખ્યાત પ્રદેશ લોક પ્રમાણે. લોકના જેટલા આકાશ પ્રદેશ છે ને? લોકના આકાશ પ્રદેશ છે એટલા આ જીવના પ્રદેશો છે. એ તો આમાં આવે છે. નથી આવતું? સિદ્ધાંત પ્રવેશિકામાં. એક ધર્માસ્તિના પ્રદેશ, એક અધર્માસ્તિના પ્રદેશ, લોકઆકાશના પ્રદેશ, એક જીવના પ્રદેશ. ચારના સરખા છે. આવડે છે ને નહિ છોકરાઓ? બોર્ડિંગના ક્યાં ગયા? સૂતા છે? આવડે છે કે નહિ કોઈને? એ બધા વહીવટ કરનાર બધા બેઠા છે. સાંભળે છે કે નહિ એ ખ્યાલ આવે. એ આત્માના પ્રદેશ કેટલા એ આવડે છે? જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં શીખવ્યું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોણ જાણે શું આવે? રોટલા ખાતા આવડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેટલા પણ કોના પ્રમાણમાં? લોકના આકાશ પ્રમાણમાં. જુઓ! એ આવ્યું. લોકપરિમાણમાં આવ્યું, ઈ આવ્યું. એવો લોક ચૌદ રાજલોક છે ભગવાને જોયેલો, એમાં આકાશના પ્રદેશ જેટલા છે એટલા અસંખ્ય પ્રદેશ એક જીવના છે, સંખ્યાએ. પહોળા થાય કે ન થાય એનો પ્રશ્ન અહીં નથી. કેટલા મકાન તારે છે? એની ખબર હોય એને. કેટલા પહોળામાં છે? બે માઈલમાં અમારે મકાન છે. પણ તું પહોળો કેટલો છો એ ખબર છે? એ આપણને કાંઈ ખબર નથી. અસંખ્ય પ્રદેશી આત્મા છે. આ રજકણ-બજકણ ધૂળ છે, પર છે એ તો. આમ આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. એ અસંખ્ય પ્રદેશને કોઈ કરે નહિ. એમાં ઓછું-વત્તું થાય નહિ. એ તો અનાદિના છે. '**તેથી તેમાં તો કાઈ નવીન કરવાનું છે નહિ;...**'

'**અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે;...**' અને વિકારી ભાવ થાય ચાર ગતિનું રખડવાનું એ કર્મ કરે એમ તું કહે અને આ અસંખ્ય પ્રદેશી દ્રવ્યને તો કરી શકાતું નથી. ત્યારે હવે કરવું ક્યાં તારું આવ્યું? '**માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :-**' હવે ભગવાને કહેલું તત્ત્વ આ પ્રમાણે છે, સાંભળ! કહે છે. હવે ઝીણી વાત આવી થોડી. પરમ દિ' આવી હતી, કાલે આવી હતી અને આજે આમાં ભાવાર્થમાં (છે).

જુઓ! '**આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે;...**' સામાન્ય શું અને આ શું? શું કહે છે? આત્મા છે ને વસ્તુ. હવે ભાવની વાત લે છે. ઓલી દ્રવ્ય, ક્ષેત્રની લીધી, હવે ભાવની લીધી અને કાળમાં ફેરફાર થાય એ પર્યાયમાં થાય. વસ્તુ ચાર પ્રકારે. એક એક વસ્તુના ચાર પ્રકાર હોય દરેકમાં. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. દરેકમાં. ભગવાને જેટલા છ દ્રવ્ય જોયા. છ દ્રવ્ય ભગવાને જોયા. અનંત આત્મા, અનંતા પરમાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ અને એક કાળ. એવા છ દ્રવ્ય ભગવાનના કેવળજ્ઞાનમાં જણાયા. એમાં દરેક દ્રવ્યને પ્રદેશ હોય. કોઈને એક હોય, કોઈને અસંખ્ય હોય, કોઈને અનંત હોય. સમજાણું કાંઈ?

અહીં કહે છે, એ જે પ્રદેશ છે એ તો અનાદિઅનંત હોય. વસ્તુ છે તે અનાદિઅનંત છે. હવે એ પ્રદેશમાં જે ગુણ જે છે-આત્મામાં જ્ઞાનભાવ ગુણ છે, પરમાણુમાં વર્ણ, ગંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગુણ છે. હવે એનું આપણે અત્યારે કામ નથી. આત્મા વસ્તુ પોતે છે. દ્રવ્ય એટલે નિત્ય. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ નિત્ય. એમાં રહેલો જ્ઞાન અને આનંદ ભાવ એ પણ નિત્ય. આ નિત્યને અહીં સામાન્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા વસ્તુએ નિત્ય છે દ્રવ્ય. અસંખ્ય પ્રદેશી નિત્ય છે અને એનો જ્ઞાન, દર્શન અને આનંદ જે અનંત ગુણ છે એ પણ નિત્ય સામાન્ય અપેક્ષાએ નિત્ય છે. છે, છે ને છે. સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે સ્થિત છે. એ તો જ્ઞાન જ્ઞાનમાં જ છે, આનંદ આનંદમાં જ છે, વીર્ય વીર્યમાં જ છે, અસ્તિત્વ અસ્તિત્વમાં જ છે.

'**પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,...**' હવે આ સંધિ. ભગવાન આત્મા દ્રવ્યથી નિત્ય, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી એકરૂપ અને ગુણથી સામાન્યપણે ધ્રુવ રૂપ. ધ્રુવ કહો કે સામાન્ય કહો. હવે એની વર્તમાન દશામાં, વર્તમાન કાળમાં, વર્તમાન અવસ્થામાં ભૂલ ક્યાં થઈ છે અનાદિથી એને? વર્તમાન અવસ્થામાં. કેમ કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના કર્મના ઉદય વખતે એને જાણવા વખતે, અનાદિ કાળથી જ્ઞેય-જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવથી. અજ્ઞાનીને અનાદિથી એ પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે રાગ, એ ખરેખર આત્મામાં એ જ્ઞેય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનનું એ રાગ જ્ઞેય છે, પરવસ્તુ છે, આસ્રવતત્ત્વ છે. આ શરીર કર્મ છે એ અજીવ તત્ત્વ છે. અને પુણ્ય-પાપ, દયા-દાન, વ્રતના પરિણામ થાય એ આસ્રવતત્ત્વ, પુણ્યાસ્રવ તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પુણ્યાસ્રવ તત્ત્વના કાળે જ્ઞાન સ્વભાવ તેને જાણવું જોઈએ કે આ પરજ્ઞેય છે. હું સ્વ જાણનાર છું. એમ ન જાણતા, પર રાગને પોતાપણે માનતો જ્ઞાનસ્વરૂપનું પરિણમન છોડી દઈને રાગરૂપે પરિણમે છે એ અજ્ઞાની રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? એ મિથ્યાદષ્ટિ રાગનો કર્તા થાય છે. ભારે વાત ભાઈ!

આ તો ત્રીજી વાર વાત આવી. પરમ દિ' આવી હતી, કાલે આવી હતી અને પ્રેમચંદભાઈના વખતમાં આવી હતી, ગયા વખતમાં આવી અને પછી આજે આવી. પ્રેમચંદભાઈનો ભવ બદલાઈ ગયો. આહાહા..! જુઓ! આ તો રજકણ છે. આ તો અજીવ છે, માટી છે. એ તો જુદું છે, એમાં આત્મા છે નહિ. આત્મા ભિન્ન જુદો છે. હવે આત્મા જે વસ્તુ છે, દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુ તરીકે તો અનાદિની છે. અનંત કાળ રહેશે. એ તો નિત્ય છે. 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય.' આવે છે કે નહિ? 'બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.' શ્રીમદ્‌માં આવે છે શ્રીમદ્‌માં.

ભગવાન આત્મા વસ્તુ તરીકે અને ક્ષેત્ર તરીકે પહોળો અને ભાવ તરીકે શક્તિ. જ્ઞાન, દર્શન. એક પુસ્તક ભાઈ બહાર આવ્યું છે. અમૃતચંદ્રનું. શક્તિ, મન. મણિકોષ. એક પુસ્તક

બહાર આવ્યું છે ઓલા ભાઈનું. પુણ્યવિજયનું. .. ખબર છે ને? એણે લખ્યું છે. અમૃતચંદ્રકૃત છે. શક્તિમણિ કોષ. લઘુ તત્ત્વ સ્ફોટ. લઘુ તત્ત્વ સ્ફોટ. એ પુસ્તકનું નામ છે. નવું છે. ૨૫-૨૫ શ્લોકના એક છે એવા ૨૫ છે. ૬૨૫. બહાર આવ્યું છાપામાં. લિપિ થઈ ગઈ છે.

મુમુક્ષુ :- છપાય છે?

ઉત્તર :- હા. છપાય છે. આવ્યું છે.

અહીં શું કહે છે? અહીંયાં જુઓ! આ વસ્તુ. વસ્તુ છે આત્મા દ્રવ્ય. દ્રવ્ય એટલે તત્ત્વ વસ્તુ. એ કાયમ છે. એના અસંખ્ય પ્રદેશો છે-ક્ષેત્ર એ પણ કાયમ છે. અસંખ્ય પ્રદેશમાં રહેલા જ્ઞાન, દર્શન, આનંદ જે ગુણો એ પણ કાયમ છે, સામાન્ય છે, સદશ્ય છે, ધ્રુવ છે. હવે એની વર્તમાન દશા જે થાય એ કાળ છે એનો. એ વર્તમાન કાળમાં અનાદિથી અજ્ઞાનીની શું ભૂલ થાય છે? કે કર્મના સંગે જે રાગાદિ દયા, દાન, વિકલ્પ જે ઉઠે છે એ ખરેખર તો જ્ઞાન દશામાં પર વસ્તુ છે. સ્વ અસ્તિનું એ સ્વરૂપ નથી. એ પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે એ સ્વ અસ્તિત્વ તો જ્ઞાન સ્વરૂપનું જ્ઞાન પરિણમન એ સ્વ અસ્તિત્વ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા સ્વલક્ષે કરીને જ્ઞાનરૂપે પરિણમવું, આનંદરૂપે પરિણમવું અને શ્રદ્ધારૂપે થવું એ એના અસ્તિત્વમાં છે. કેમ કે અસ્તિત્વમાં અહીં ગુણ છે એવી એની પરિણતિ થાય તે એના અસ્તિત્વમાં છે. પણ ગુણ છે જ્ઞાન, દર્શન અને આનંદ, એને ઠેકાણે એના પરિણમન વર્તમાન કાળમાં કર્મના સંગે પુણ્યનો વિકલ્પ જે ઉઠ્યો દયા, દાન, વ્રત, ભક્તિ વૃત્તિ ઉઠે તે રાગ છે. એ રાગ પરજ્ઞેય છે. ભગવાન એનો જાણનાર છે. એમ એનું જ્ઞાનનું પરિણમન પરજ્ઞેયને પર તરીકે અને સ્વને સ્વ તરીકે જાણીને થવું જોઈએ. એવું ભેદજ્ઞાન નથી અજ્ઞાનીને અનાદિથી તેથી તે રાગના વિકલ્પને અજ્ઞાનરૂપ દશાને, જ્ઞાનરૂપ માનતો, હું રૂપે માનતો રાગરૂપે પરિણમે છે. એ જ્ઞાનના પરિણમનને અજ્ઞાનરૂપ કરતો. અજ્ઞાન એટલે રાગરૂપે કરતો. તે રાગનો અજ્ઞાની કર્તા મિથ્યાદષ્ટિ થાય છે. ત્યાં સુધી તે અધર્મી અને ધર્મના અભાવવાળો છે. ભારે વાતું! સમજાણું કાંઈ?

જુઓ! આ ગોળનો રવો છે કે નહિ ગોળનો રવો? ગોળનો રવો નથી થાતો? આ કોલ્હાપુરમાં બહુ ઊંચો ગોળ થાય છે. એક અડધા ભારનો. શું કહેવાય? અડધા નંબરનો. આપણને ક્યાં ખબર, કો'ક કહેતા હતા. બહુ ઊંચો હોય. હવે એ ગોળનો રવો આમ આખો તરીકે એક છે. પ્રદેશ તરીકે આટલા પ્રમાણમાં પહોળો છે. શક્તિ તરીકે મીઠાશથી ભરેલો ભાવ છે. કાયમ છે ને? હવે એમાંથી ખરેખર વર્તમાન અવસ્થામાં એ ગોળનું દ્રવવું તો પરિણમન મીઠાશરૂપે થવું જોઈએ. એને ઠેકાણે ત્યાં કોઈ કાળીજીરીના પરમાણુ ઉડીને પડ્યા હોય, એ રૂપે જો પરિણમી જાય તો મીઠાશ તે છોડીને કાળીજીરીપણે પરિણમી ગયેલું છે. તે ગોળનું

સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા વસ્તુ છે દ્રવ્ય અસંખ્ય પ્રદેશી પહોળો. એના જ્ઞાન આનંદ એવા ત્રિકાળી અનંત શક્તિઓનો ભાવ. હવે એનો પ્રવાહ વહે વર્તમાન કાળમાં તો તો એ જ્ઞાન જાણવું-જાણવું શ્રદ્ધા એવો પ્રવાહ વહેવો જોઈએ. એને ઠેકાણે એના ભાન વિના દૃષ્ટિ સ્વના આશ્રયે નહિ હોવાથી અથવા રાગથી ભિન્ન પડેલો ભાવ નહિ હોવાથી એ રાગને કાળે જે કાંઈ વિકલ્પ ઉઠે શુભ-અશુભ બેય, એ પરજ્ઞેય અને સ્વજ્ઞાનના ભેદજ્ઞાનના અભાવને લઈને એ રાગને પોતાના સ્વરૂપ તરીકે માની, એ રાગ એટલે અજ્ઞાન, અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અભાવ, એ અજ્ઞાનરૂપે પરિણમીને જ્ઞાનનું પરિણમન અજ્ઞાનરૂપે કરીને એ હું કર્તા છું, એ મારું કર્મ છે, એવું મિથ્યાદૃષ્ટિને અનાદિથી વર્તે છે. કહો, સમજાય છે? આ તો જૈનનો સાધુ થયો હોય કે બહારનો પણ આ રાગને પોતાપણે માને અને અનુભવે એ મિથ્યાદૃષ્ટિ છે. એ સાધુ પણ નથી અને સમકિતી પણ નથી. કહો, સમજાણું આમાં?

જુઓ! '**અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના...**' એટલે રાગ વિકલ્પ ઉઠે છે રાગ એ જ્ઞેય છે, પર છે, વિકાર છે, આસ્રવતત્ત્વ છે અને જ્ઞાન સ્વ તત્ત્વ આત્મા છે. બેના ભેદ નામ જુદા વિજ્ઞાનના અભાવને લીધે, '**જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...**' અંદર દૃષ્ટિ પર્યાય ઉપર હોવાથી, દ્રવ્યદૃષ્ટિ વસ્તુ ઉપર નહિ હોવાથી, પર્યાયમાં-અવસ્થામાં રાગાદિ થાય તેને સ્વ તરીકે જાણીને અનુભવે છે. બસ! એનું નામ મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો પછી જૈન સાધુ હોય, પંચ મહાવ્રતની ક્રિયાના પરિણામવાળો હોય. એ પરિણામ રાગના છે, એમાં એકત્વપણે આ હું પાળું છું અને આ રાગ મારો છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ રાગનો કર્તા થાય છે. ત્યાં સુધી એને ધર્મ હોતો નથી. માટે રાગનો કર્તા અજ્ઞાની અજ્ઞાનભાવે છે એમ એણે કબુલ કરવું જોઈએ. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૨, રવિવાર તા. ૧૯-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૫, પ્રવચન-૪૦૧**

.. છે ને? કહેવાણું છે એનું ટૂંકામાં કળશમાં કહે છે. સર્વવિશુદ્ધ અધિકાર છે. કહેલી ગાથાનું એક (શ્લોકમાં) ટૂંકામાં (કહે છે). ઘણી ૧૩ ગાથા છે. ૧૩ ગાથાનો એક કળશ છે.

**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**
**कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।**
**ऊर्ध्वं तूद्धबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं**
**पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।।२०५।।**

શું કહે છે? આ આત્મા વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્યબોધ ધામ આનંદનું ધામ છે. આત્મા.. શેમાં આમાં આવશે, જુઓ બોધધામ! બોધ નામ જ્ઞાનનું ધામ. પ્રકાશ ચૈતન્યનું ધામ છે એ. એવો આત્મા જ્ઞાનધામ, આનંદધામ, શાંતિધામ વગેરે વગેરે શક્તિઓ. એનું એ સ્વરૂપ ધામ છે. પણ એ અનાદિથી કર્મના સંગના લક્ષે પુણ્ય-પાપના વિકારના પરિણામ, એની વર્તમાન દશામાં જ્ઞાયકપણાનું ભાન નહિ હોવાને લીધે રાગાદિનો કર્તા છે. પુણ્ય-પાપના ભાવકર્મ વિકારીનો એ પર્યાયમાં-અવસ્થામાં કર્તા છે. કેટલાક કર્તા માનતા નથી. એની સામે આ દલીલથી સિદ્ધ કરે છે. કેટલાક એમ માને કે આત્મા તો શુદ્ધ છે. વસ્તુ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, પર્યાય-અવસ્થા શુદ્ધ છે. એ તો શુદ્ધ જ છે એમ કહે. વિકાર જે કાંઈ થાય છે તે કર્મ કરે છે, કર્મ કરે છે, પર કરે. આત્મા તો શુદ્ધ અપરિણામી છે. અપરિણામી એટલે શું? એ બદલતો નથી. એ તો ધ્રુવ સ્વરૂપ ચૈતન્ય સામાન્ય જે છે એવો ને એવો છે. એની વર્તમાન દશામાં ભૂલ નથી. અને ભૂલ હોય તો એ કર્મની કરેલી છે, આત્માની કરેલી નથી. એમ કેટલાક માને છે. એની સામે આ દલીલ છે.

‘**શ્લોકાર્થ :- આ અર્હત્‌ના મતના અનુયાયીઓ...**’ સર્વજ્ઞ પરમેશ્વર અથવા અર્હંત એ પૂજવાયોગ્ય એવા પરમાત્મા, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન હતું એવો આત્મા શક્તિરૂપે તો સર્વજ્ઞ છે. એની વ્યક્ત નામ પ્રગટ અવસ્થામાં સર્વજ્ઞપણું ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનું પ્રગટપણું થયું છે. એવા પરમાત્મા ઈન્દ્રોને પૂજ્ય છે. સમજાય છે કાંઈ? એને ‘**અર્હત્‌ના મતના અનુયાયીઓ...**’ એટલે સર્વજ્ઞ પરમેશ્વર જે ઈન્દ્રોને પૂજ્ય છે એને જે માનનારા જૈનો છે, ‘**પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ, (સર્વથા) અકર્તા ન માનો;...**’ શું કહે છે? આત્મા તો બસ અપરિણામી, કૂટસ્થ

છે. એ પ્રકૃતિ પ્રકૃતિનું કામ કરે. સંસાર પ્રકૃતિનું કાર્ય છે, દોષ પ્રકૃતિનું કાર્ય છે, ભૂલ પ્રકૃતિનું કાર્ય છે. એમ જે અજ્ઞાની એક પક્ષી દૃષ્ટિ કરીને સ્વભાવના ભાન વિના વર્તમાન વિકારને અકર્તા માને છે. જ્ઞાની ધર્માત્મા અથવા જૈનના અનુયાયીઓએ કર્તા સ્વીકારવો. કેમ કે એનામાં ભૂલ છે. ભૂલ ન હોય તો એનો અતીન્દ્રિય આનંદ હોવો જોઈએ.

વસ્તુ છે એ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. હવે એની જો દશામાં ભૂલ ન હોય તો એને અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવો જોઈએ. તો અતીન્દ્રિય આનંદનો અનુભવ નથી અને વસ્તુમાં છે. સમજાય છે કાંઈ? વસ્તુ છે એ તો અંદર આનંદમૂર્તિ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે. જ્ઞાનધામ કીધું ને? જુઓને! '**बोधधामनियतंतूद्धत**' એમ કહેશે. ઉદ્ધત જ્ઞાનધામ, ઉતાવળું જ્ઞાનધામ, ઊંચું જ્ઞાનધામ. પોતાના જ્ઞાનના ઉકેલમાં આનંદધામ અંદર પડ્યું છે. ઉકેલ કરતા કેવળજ્ઞાન પામે એવું એ ધામ છે. સમજાય છે કાંઈ? એવો આ આત્મા પોતાના સ્વરૂપને શુદ્ધને ભૂલી વર્તમાન દશા નામ હાલત નામ પર્યાયમાં એ મિથ્યા ભ્રાંતિ અને રાગ-દ્વેષનો કર્તા થાય છે. અજ્ઞાનભાવે કર્તા છે. કોઈ કહે કે કર્તા જ નથી આત્મા, એને કહે છે કે ભાઈ! કર્તા ન હોય તો આ ભૂલ કોની? સમજાય છે? કર્તા જો દોષનો ન હોય તો આ ભૂલ કોની? કર્મની ભૂલ છે? જડની ભૂલ? જડ ભૂલે? જાણે તે ભૂલે. સમજાણું કાંઈ? ભૂલ છે તારી દશામાં. વસ્તુ ત્રિકાળ છે. દ્રવ્ય અને ગુણ સદૃશ્ય ધ્રુવ કાયમ રહે છે, પણ એના વર્તમાન પરિણમનમાં વર્તમાન દશામાં પુણ્ય-પાપના વિકારો એ તું તારી અવસ્થામાં અજ્ઞાનપણે કરે છે એમ એણે નક્કી કરવું જોઈએ.

અજ્ઞાનપણે કરે છે, સ્વતંત્રપણે કરે છે એમ જો નક્કી કરે તો આત્માના આનંદના ધામ દ્વારા કર્તાપણું છોડે. સમજાણું કાંઈ? પણ કર્તાપણું સ્વીકારે નહિ તો કર્તાપણું છોડવું શી રીતે એને પછી? હું તો કાંઈ કર્તા નથી. રાગનો કર્તા નથી તો રાગને છોડવાનું રહેતું નથી. સમજાય છે કાંઈ? એ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-વિકાર છે. કહો, એ તો સમજાય છે કે નહિ આમાં? વસ્તુ તરીકે દ્રવ્ય અને ગુણ જે છે, દ્રવ્ય એટલે શક્તિવાન અને શક્તિઓ છે એ તો ત્રિકાળ શુદ્ધ આનંદસ્વરૂપ અને શુદ્ધ છે, પણ એની વર્તમાન દશામાં ભૂલ એ જીવ પોતે પોતાની પર્યાયમાં સ્વને ભૂલીને કરે છે.

એટલે '**અર્હત્‌ના મતના અનુયાયીઓએ...**' અજ્ઞાની જેમ સર્વથા અકર્તા માને એમ ન માનો. સમજાય છે? ક્યાં સુધી? '**ભેદજ્ઞાન થયા પહેલાં...**' '**भेदावबोधादधः**' એમ છે ને? અધઃ. જ્યાં સુધી આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિમાં એને ન આવે કે આ શુદ્ધ ચૈતન્ય સાક્ષાત્ પ્રત્યક્ષ શુદ્ધ આનંદ છે. એવો જ્યાં સુધી અનુભવ ન થાય, એ અનુભવ પહેલા ભેદજ્ઞાનથી જે અધઃ છે. પરથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન એનાથી જે અધઃ છે. જે હલકી

દશામાં અજ્ઞાનમાં વર્તે છે. સમજાય છે?

'**ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો,...**' જ્યાં સુધી રાગ અને પુણ્ય-પાપના વિકલ્પો, એનાથી ભિન્ન પડીને આત્માનું ભાન ન થાય ત્યાં સુધી અજ્ઞાનપણે વિકારનો કર્તા માનો અને સ્વીકારો. કહો, સમજાય છે કાંઈ? છે ને જુઓને! '**ભેદજ્ઞાન થયા પહેલાં...**' ભગવાન આત્મા અંતર અનુભવમાં... એની વ્યાખ્યા કરશે. તેને નિરંતર પાછું. જ્ઞાનધામના ઘણાં વિશેષણ આપશે. વસ્તુ સ્વરૂપ ધર્મની દૃષ્ટિ કરીને પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ વૃત્તિઓ ઉઠે છે, એની રુચિ છોડી અને ભેદજ્ઞાન, રાગથી ભિન્ન ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે, એવો બોધ ન થાય ત્યાં સુધી એણે રાગ અને વિકારનો કર્તા છે એમ એણે સ્વીકારવું જોઈએ. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો,...**' એમ કેમ કહ્યું છે? કે જ્યાં સુધી રાગ અને પુણ્ય-પાપના ભાવ વિકાર છે એનાથી ભિન્ન ન પડે, ભિન્ન પડે તો નિરંતર અકર્તા માનો, ભિન્ન ન પડે ત્યાં સુધી નિરંતર કર્તા માનો એમ કહે છે. સમજાય છે કાંઈ? પરનો કર્તા આત્મા નથી એ પ્રશ્ન અહીં છે નહિ અત્યારે. આ શરીર, વાણી, મન જડ છે એની ક્રિયાઓ જડને લઈને જડમાં થાય. એનો તો આત્મા કથંચિત્ અજ્ઞાનભાવે પણ કર્તા નથી. કહો, બરાબર હશે? આ હાથનું હલવું, ભાષાનું થવું, આ બધા બહારના કામો દુકાનના, ધંધાના એ બધા તો સ્વતંત્ર જડના કામ જડને કારણે થાય છે. એનો તો આત્મા અજ્ઞાનભાવે પણ કર્તા નથી.

અજ્ઞાનભાવે કર્તા હોય તો તે ફક્ત પુણ્ય અને પાપની વૃત્તિઓ જે ઉઠે વિકાર એને નિર્વિકારી ચિદાનંદ સ્વભાવનું ભાન નથી માટે એ પુણ્ય-પાપના વિકલ્પ રાગનો કર્તા એના અસ્તિત્વને સ્વીકારે માટે એનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? કહો ગોદિકાજી! આ ધંધો-બંધો કરી શકતો નથી, કહે છે. નીલમ હાથમાં લઈ શકતો નથી, આમ ઉપાડી શકતો નથી, ઘસી શકતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં લખ્યું નથી. આમાં તો રાગ..

ઉત્તર :- એમાં નથી લખ્યું એ કહે છે એમાં. રાગનો અજ્ઞાનભાવે કર્તા છો, અજ્ઞાનભાવે પરનો કર્તા નથી એમ અંદરમાં આવ્યું હતું. કહો, સમજાણું કાંઈ? દુકાને બેઠો માટે ધંધાની ક્રિયાઓ શરીરની, વાણીની, મનની, આ દાળ-ભાત વેચાય નહિ. દાળ-ભાત એટલે રાંધેલા તો ક્યાં વેચાતા? પણ ઓલા ચોખા અને દાળ હોય કે નહિ?

મુમુક્ષુ :- હોટલમાં.

ઉત્તર :- ત્યાં પણ વેચાતા હશે હોટલમાં. પણ આ ચોખા, દાળ હોય ને ઘરમાં ઘઉં

વેપાર. આ દસ શેર તોળી દીધા, અધમણ તોળી દીધા. કહે છે, ના. એ ક્રિયા તારી નહિ. કહો, સમજાણું કાંઈ? કહો, આ શું કીધું એનું? એ પન્નાનું આમ કરીને ઘસી ગયું, આમ કર્યું એ ક્રિયા આત્માની નહિ એમ કહે છે. એ ક્રિયા નહિ. એ જડની ક્રિયા. સમજાય છે કાંઈ? એની ક્રિયા એ કાળે કેટલી? કે હું આ કરું એવો રાગ-વિકલ્પ-રાગ, એ રાગનો કર્તા છે. બસ. સમજાણું કાંઈ? એ પણ રાગનો કર્તા ક્યાં સુધી? કે જ્યાં સુધી રાગ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી. રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનું ભાન થયું ત્યારે રાગનો કર્તા તો છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત. આ મોટા મોટા કામ કરે. અહીં જગ્યા ઘણી છે. એઈ..! બહાર કેમ બેઠા? જુઓ! આ બધા ખાલી રાખ્યા. છોકરાઓ બધા છે, જુઓ!

શું એનું કાર્ય છે? અને શું એનું કાર્ય નથી? એવી પણ ખબર વિનાનો માણસ. સમજાય છે? એના કાર્યની મર્યાદા કેટલી? એમ કહે છે. આત્માના કાર્યની કર્તૃત્વની મર્યાદા કેટલી? તો કહે છે કે એના કર્તૃત્વની મર્યાદા એટલી છે કે ચૈતન્ય ભગવાન આનંદને પોતે ભૂલીને પુણ્ય-પાપના વિકાર કરે તેટલી તેની કર્તૃત્વની મર્યાદા. આ મર્યાદા સિવાય શરીર, વાણી, મન, ધંધા, વેપાર, પાણી બધા એનું કામ આત્મા કરે, અહીંથી લે દે એ એની મર્યાદામાં છે નહિ. બધા મોટા મંદિર કરાવો છો ને? કહો, સમજાણું આમાં? જુઓ! આ ચશ્મા છે ને એ આમ ઉપડે છે એનો કર્તા તો અજ્ઞાનભાવે અજ્ઞાની પણ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- હાથ તો છે ને?

ઉત્તર :- હાથ પણ નથી. હાથ આમ થાય એનો કર્તા આત્મા નથી. કારણ કે પરમાણુ છે આ અજીવ જડ તત્ત્વ છે. એ જડનું હલવું-ચલવાની ક્રિયા એનો આત્મા અજ્ઞાની પણ કર્તા નથી. ભારે વાતું ભાઈ! આ તો દુકાને બેઠો હોય તો જાણે હું કરું, હું બધું કરી દઉં એમ માને છે નહિ? મૈં કરતા હૂં. હું કરું છું. દુકાન ચલાવું. એ કહે છે કે રહેવા દે. એવી મૂઢતા તો છોડી દે. એ મૂઢતા તો છોડી દે. નહિતર રખડવું પડશે ઊંધે ગતિમાં. પણ આ રાગનો કર્તા પણ ત્યાં સુધી માન કે જ્યાં સુધી રાગ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી. સમજાય છે કાંઈ? બીજી ભાષાએ કહીએ તો વસ્તુ આખી ચિદાનંદ ધ્રુવ છે એની દૃષ્ટિ નથી અને અંશ ઉપર દૃષ્ટિ છે. વર્તમાન અંશ ઉપર, રાગ ઉપર, પુણ્ય ઉપર, વર્તમાન અંશ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી અંશ દૃષ્ટિવાળો રાગનો કર્તા છે. એ અંશનો કર્તા છે અને અંશ રાગ તેનું કાર્ય છે. રાગ હો, દ્વેષ હો, વાસના, ભોગ, કામ, ક્રોધ ગમે તે. સમજાય છે કાંઈ?

'**ભેદજ્ઞાન થયા પહેલાં...**' એટલે કે વિકારના પરિણામથી નિર્વિકારી ભગવાન ચિદાનંદ પ્રભુ ભિન્ન છે એવું ભાન થયા પહેલાં, એવું જ્ઞાન થયા પહેલાં એની સ્વભાવ સ્વરૂપની રાગથી એકતા તૂટ્યા વિના. સમજાય છે કાંઈ? જ્યાં સુધી તુટી નથી ત્યાં સુધી, પુણ્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, શુભાશુભ ભાવ એ અજ્ઞાનપણે અજ્ઞાની એનો કર્તા છે. કહો, સમજાણું કાંઈ? એ વિકાર કોઈ કર્મ પણ કરાવતું નથી, કોઈ વિકાર ઈશ્વર પણ કરાવતો નથી. વિકારનો કરનાર તું સ્વતંત્ર દોષ કરે છો, તેથી તું રખડે છો. સમજાણું આમાં? આહાહા..!

'**ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો,...**' ભાષા આ છે. '**અને ભેદજ્ઞાન થયા પછી...**' જુઓ! ભગવાન આત્મા અંતર સ્વભાવની દૃષ્ટિ થયે, ધર્મની દૃષ્ટિ થયે, ધર્મી થયે, ધર્મી એવો ભગવાન શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ થઈ (તો) રાગ અને પુણ્યનો વિકલ્પ છે એ મારી ચીજમાં નથી. હું વસ્તુ શુદ્ધ આનંદકંદ છું. એમ અંતરમાં '**ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામમાં...**' જ્ઞાનનું મંદિર. ઉદ્ધત-મહા ઉછળે છે કહે છે અંદરથી. ઉદ્ધત થાય છે. કોઈને ગણતું નથી. ભગવાન ચૈતન્ય જ્યોત પ્રકાશ છે એના ઉપર જ્યાં દૃષ્ટિ પડી એટલે જ્ઞાનનું ધામ ઉછળે છે અંદર. ઉછળે છે. આમ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... સમજાય છે કાંઈ? આવો ધર્મ લ્યો!

કહે છે કે એ '**ભેદજ્ઞાન થયા પછી...**' પુણ્ય-પાપના ભાવ કૃત્રિમ ક્ષણિક અંશમાં છે એ દૃષ્ટિ છોડી દઈ અને ત્રિકાળ આનંદધામ, જ્ઞાનધામ, પ્રકાશપુંજ છું. ચૈતન્યના પ્રકાશનો હું પુંજ છું. એવો વિકલ્પ નહિ પણ પુંજ છું તે તરફના અસ્તિત્વમાં જતાં, પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડતાં '**ઉદ્ધત જ્ઞાનધામમાં...**' ઉતાવળું ધ્યાન. ઉદ્ધત નામ કોઈને ગણે નહિ. રાગનું કરવું એનામાં નથી, સંસારનો વિકલ્પ કરવો એનામાં નથી. સમજાય છે કાંઈ? એવું જે જ્ઞાનધામ ભગવાન જ્ઞાન મંદિર. ઓલો રાગમાં પેસતો હતો ત્યાં સુધી રાગનું એકત્વબુદ્ધિએ રાગનો કર્તા, વિકારનો કર્તા હતો. જ્ઞાનધામના મંદિરમાં પેઠો, પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પડ્યો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, રાગથી ભિન્ન પડીને શુદ્ધ પૂર્ણાનંદનો સ્વીકાર થયો તો ઉદ્ધત એવા '**જ્ઞાનધામમાં નિશ્ચિત...**' '**नियतं**' છે ને? નિશ્ચિત, નિશ્ચયથી '**એવા આ સ્વયં પ્રત્યક્ષ...**' ભગવાન આત્મા ધર્મ થતાં ધર્મની દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં એ આત્મા પુણ્ય-પાપના રાગથી અંતર્મુખ દૃષ્ટિ કરતાં આ આત્મા સ્વયં નામ પોતાથી, જેને પુણ્ય-પાપના વિકલ્પ અને રાગની વ્યવહારની પણ અપેક્ષા નથી. અંતર અનુભવ થવામાં, અંતર સમ્યગ્દર્શન થવામાં, આત્માની પૂર્ણતાના સ્વીકારની ભાવનામાં રાગની અપેક્ષા બિલકુલ છે નહિ. સમજાણું કાંઈ?

'**સ્વયં...**' પોતાથી '**પ્રત્યક્ષ...**' ભગવાન આત્મા તો, પુણ્ય-પાપનો ભાવ છે વિકાર એનાથી ભિન્ન પડે છે ત્યારે આત્મા પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પના રાગમાં આડમાં જ્યાં સુધી હતો ત્યારે તેને આત્મા શું છે એનું કાંઈ ભાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નહોતું. ત્યારે તો એ પુણ્ય-પાપનો કર્તા થઈને અજ્ઞાનભાવે કર્તા સ્વીકારતો. પણ જ્યાં રાગથી ભિન્ન ભગવાન ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ છું, એવો રાગ અને પુણ્યથી, વિકલ્પથી જુદો પડીને સ્વરૂપધામ એમાં સ્વયં પ્રત્યક્ષ, સ્વયં પ્રત્યક્ષ, એને આત્માનું ભાન થવામાં જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. સ્વયં પ્રત્યક્ષ. જેને મન અને રાગની પણ અપેક્ષા નથી, એવો જ આત્મા છે. ભારે વાત ભાઈ!

સ્વયં ભગવાન આત્મા પુણ્ય-પાપનો વિકલ્પ આ અપવાસ કરું છું, .. કરું છું એ બધો રાગ છે, ધૂળ છે, વિકાર છે, દુઃખ છે. એનાથી ભિન્ન પડીને... કહો, સમજાણું કાંઈ? ધર્મ એને થાય છે કે શુભ અને અશુભના વિકલ્પો નામ રાગ છે, આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને અપવાસ એ બધો રાગનો ભાગ વિકાર છે. એ ધર્મ નથી. એવા વિકારની રુચિને છોડી અને ભગવાન આત્મા સ્વસન્મુખનો જ્યાં સ્વીકાર, સ્વના અસ્તિપણાનું પ્રત્યક્ષપણું કરે છે ત્યારે આ આત્મા રાગની અપેક્ષા વિના સ્વયંસિદ્ધ પોતાથી જ્ઞાનથી જ્ઞાનને અનુભવતો પ્રત્યક્ષ થાય છે. એને સમ્યગ્દર્શન અને એને ધર્મ કહે છે. બાકી એ વિના ધર્મ હોતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

દેહાદિ છે આ તો જડ છે, આ તો માટી છે. અને બહારનું કાર્ય એ તો બધા પરપદાર્થ છે. એમાં તો આત્મા છે નહિ. હવે અહીં તો કર્મમાં પણ આત્મા નથી અને પુણ્ય-પાપનો વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. આ વ્રત પાળું, ભક્તિ કરું, પૂજા કરું, દાન કરું, રળું એ બધો વિકાર પુણ્ય-પાપનો ભાવ એ તો આસ્રવતત્ત્વ છે. એમાં એ સ્વ તત્ત્વનો સ્વીકાર એકત્વ થઈને હતો ત્યાં સુધી તેનો કર્તા હતો. પણ એનાથી જુદો પડ્યો ત્યારે રાગની, આસ્રવની અપેક્ષા લીધા વિના ચૈતન્યમૂર્તિ આ જ્ઞાન પ્રગટ છે એ જ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય છે. એ રાગની અપેક્ષા વિના સ્વયં આત્મા પોતાની મેળાએ રાગ વિના જ્ઞાનની પર્યાયથી પ્રત્યક્ષ થાય છે ત્યારે જ્ઞાનમંદિરમાં એકાકાર થાય છે. આહાહા..! એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- પોતાને પ્રત્યક્ષ...

ઉત્તર :- વસ્તુ પોતે પ્રત્યક્ષ પરથી છે? પોતે પ્રગટ વસ્તુ છે અને એને રાગની અપેક્ષા વિના સ્વ અવલંબે અવલંબન લીધું. એ તો ગુણ છે ને એમાં. આપણે કહ્યું હતું. પ્રકાશ નામનો ગુણ છે એનામાં. આત્મામાં એક પ્રકાશ નામની શક્તિ-ગુણ છે અનાદિઅનંત. જેવો જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, અસ્તિત્વગુણ છે, સ્વચ્છત્વ ગુણ છે એવો પ્રકાશ નામનો ગુણ છે સ્વભાવ. આ ગુણને ધરનારો આત્મા, એના ઉપરની જ્યાં અંતર દૃષ્ટિ પડતાં એ પ્રકાશ નામના ગુણનું પ્રત્યક્ષપણું થવું એટલે રાગ ને નિમિત્ત ને મન વિનાનું સ્વયં સીધું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન જ્ઞાનને વેદે એવો એનો સ્વભાવ-ગુણ છે એ પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. આહાહા..! ભારે ઝીણું. સમજાણું કાંઈ?

ફરીને. આ ચીજ તો પર છે, આ તો માટી ક્યાંક રહી ગઈ. થયું? હવે અહીં પુણ્ય-પાપ અને આત્મા બેની વચ્ચે રમતું છે. પર સાથે કાંઈ સંબંધ છે નહિ. કાંઈ ન મળે. હવે એ તો એને કારણે આવે અને એને કારણે જાય. એમ હશે ને? આ પૈસા ને મકાન ને ધૂળધમાહા.

મુમુક્ષુ :- આવે છે ક્યાં એની પાસે? મમતા કરે છે.

ઉત્તર :- ભાઈ ત્યાં આવે તો આમ લાગે મોટા મોટા મકાન ત્રણ ત્રણ લાખના. દસ લાખના.

મુમુક્ષુ :- આરસ...

ઉત્તર :- આરસનું મકાન છે એને ત્રણ લાખનું. અમે ગયા તો કામ કરતા હતા હજી બધા. ક્યાંથી? મકરાણા. કામ કરતા હતા હજી તો. આ ફાગણની વાત છે હજી. કહો, સમજાણું? જુઓ! ગોદિકાજીનું ત્રણ લાખનું મકાન શેનું છે? એકલું આરસપહાણ. ક્યાંથી આવ્યું પણ એનું મકાન? ગોદિકાનું મકાન છે. માણસ તો એમ કહે ને? વાતું તો એમ કરે. ક્યાં ધૂળમાંય નથી મકાન. મકાન તો મકાનનું છે. ધૂળનું છે. એમાં આત્માનું ક્યાંથી આવ્યું? એ ધૂળ આત્માની ક્યાંથી આવી? સમજાય છે? એમ આ શરીર માટીનું છે, જડનું છે. એ આત્માનું ક્યાંથી આવ્યું આ શરીર? આ તો માટી જડ છે, જગતની ચીજ છે.

મુમુક્ષુ :- આત્માને ગોતતા ગોતતા આવ્યું છે.

ઉત્તર :- ગોતતા ગોતતા આવ્યું જ નથી એમ કહે છે. એના પ્રવાહના પરિણમનને કાળે આવીને ઊભું છે. અને તે શરીર શરીરનું થઈને રહ્યું છે. શરીર આત્માનું થઈને અત્યારે રહ્યું છે એ ત્રણ કાળમાં છે નહિ. કહો, હવે કરો નક્કી. આ શરીર શરીરનું થઈને રહ્યું છે. અજીવ અજીવનું થઈને રહ્યું છે. એ અજીવ જીવનું થઈને રહ્યું છે એમ ત્રણ કાળમાં છે નહિ. માને મૂઢ ગમે તે રીતે. આ રજકણો છે એક એક પરમાણુ, એ પરમાણુ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયપણે થઈને રહેલા છે. એના અજીવપણે થઈને રહેલા છે. એ આત્માની પર્યાયમાં આવ્યા છે કે આત્માની પર્યાયપણે થઈને રહ્યા છે એમ છે આ? અને રાગ-દ્વેષ કરે જીવ, તો રાગ-દ્વેષને કારણે રાગ-દ્વેષના થઈને રહ્યું છે આ શરીર? બાયડી-છોકરા કોના થઈને રહ્યા હશે? એના થઈને રહ્યા છે. તારા કે દિ' હતા ત્યાં? તારા થઈને રહે તો તારી દશામાં આવવા જોઈએ. તારી દશામાં આવવા જોઈએ તો તારા થઈને રહે. એ તો એના થઈને રહ્યા છે. તું મૂઢ થઈને માને છો કે આ મારા છે. એ તો મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વ પાપ મોટું પાખંડ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે.

મુમુક્ષુ :- પોતાના બૈરાને પોતાના ન માને?

ઉત્તર :- બૈરો ક્યાં હતો? અહીં શરીર રજકણ (એના) નથી તો બાયડી ક્યાં આવી? એ તો એને કારણે એનામાં એને કારણે રહીને રહ્યા છે. એને કારણે આવ્યા છે અને એનામાં રહ્યા છે. તારામાં આવ્યા છે? તારા થઈને રહ્યા છે? તારા થઈને રહે તો તારી દશામાં અંદર ગરવા જોઈએ. અહીં તો એનામાં રહ્યા છે કોણ? કે વિકાર. એ પણ એના થઈને ક્યાં સુધી થઈને રહ્યા છે? કે માને છે ત્યાં સુધી. સમજાણું કાંઈ? આસ્રવતત્ત્વ છે ને? એ ક્યાં એનું થઈને રહ્યું છે? આત્માનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે એમાં પુણ્ય-પાપનો ભાવ તો આસ્રવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, વિકલ્પ ઉઠે છે એ તો આસ્રવતત્ત્વ છે. એ તો આસ્રવ આસ્રવપણે રહ્યા છે. આત્મા થઈને રહેલો નથી. ફક્ત ત્યાં ભૂલ થાય છે એમ કહે છે. શુદ્ધ ભગવાન આત્માનું ભાન નહિ એથી આસ્રવતત્ત્વને પોતાપણે રહ્યા છે અને મેં કર્યા છે એમ માનીને રહ્યો છે. બસ! આ સંસાર ને આ દુઃખ અને આ પરિભ્રમણનું કારણ. સમજાણું કાંઈ? ત્યાં સુધી એને કર્તા સ્વીકારવો એવું અજ્ઞાનપણાની પર્યાયદૃષ્ટિનું સિદ્ધ કર્યું અહીંયા.

હવે ભેદજ્ઞાન થયા પછી? ભગવાન આત્મામાં એ આસ્રવ છે જ નહિ. ત્યારે છે શું? ભેદજ્ઞાન. ઉદ્ધત જ્ઞાનધામ. એ તો જ્ઞાનનું ધામ છે. ચૈતન્ય પ્રકાશનું અસંખ્ય પ્રદેશી ધામ છે. આનંદનું ધામ છે, શાંતિનું ધામ છે, અરાગી વીતરાગી અકષાય સ્વભાવનું એ ધામ છે. એમ રાગથી ભિન્ન પડી અને સ્વભાવનું પ્રત્યક્ષ સ્વયં, પોતા દ્વારા પ્રત્યક્ષપણું કરી અને આ આત્માનો અનુભવ દૃષ્ટિ થાય ત્યારે '**આત્માને કર્તાપણા વિનાનો,...**' ત્યારે રાગનો આત્મા કર્તા નથી એમ સ્વીકારવું. આહાહા..! ભારે વાતું. સમજાણું કાંઈ?

જુઓને! '**ભેદજ્ઞાન થયા પછી...**' એમ કહ્યું ને? એટલે કે જ્યારે સ્વરૂપ છે એવું ભાન થયું સમ્યગ્દર્શનમાં,.. સમ્યગ્દર્શનમાં હજી ચોથા ગુણસ્થાનની વાત છે અહીં તો. શ્રાવક તો વળી ક્યાંય પાંચમે રહી ગયો અને મુનિ તો.. શ્રાવક અને મુનિ કહેવા કોને એનું ભાન ન મળે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં સ્વયં એટલે પોતે થઈને, પ્રત્યક્ષ કરીને, પ્રત્યક્ષ જ્ઞાનમાં આ આત્મા છે એમ ભાસે ત્યારે રાગ અને પુણ્યથી ભિન્ન પડ્યો. ત્યારે તેને આત્મ અનુભવ અને આત્મજ્ઞાન થયું કહેવામાં આવે છે. આત્મજ્ઞાન થયા પછી રાગનો કર્તા નથી તે વ્યાજબી અને યથાર્થ છે. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામ...**' ઉછળે છે, ફાટે આમ. ઓલામાં શું કાંઈક કહે છે? લબાલબ ભર્યું છે એમ કાંઈક આવે છે ને? લબાલબ આવે છે તમારે હિન્દીમાં?

લબાલબ. આત્માના સ્વભાવમાં તો જેમ તળાવમાં પાણી લવાલવ ભર્યું છે, એમ વસ્તુ છે ને? ભગવાન આત્મા પદાર્થ છે કે નહિ? સત્ છે કે નહિ? હોવાવાળી ચીજ છે કે નહિ? શાશ્વત છે કે નહિ? એમાં લવાલવ જ્ઞાન અને આનંદ ભરેલો છે. સમજાણું કાંઈ? જેમાં વિકલ્પનો પ્રવેશ નથી એમ કહે છે. દયા, દાન, વ્રત તપનો વિકલ્પ જે ઉઠે એ વિકલ્પ રાગ છે ઈ. એનો પ્રવેશ સ્વરૂપમાં નથી. માન્યું છે એ માન્યતા છૂટી અને સ્વરૂપનું ભાન થયું પછી '**એવા સ્વયં પ્રત્યક્ષ આત્માને...**' જુઓ! ભાષા કેટલી વાપરી છે! ઓહો..! ઉદ્ધત બોધ ધામ ઊર્ધ્વ. ઓલું અધઃ છે ને અધઃ? અધઃની સામે ઊર્ધ્વ. ભેદજ્ઞાનની અધઃ હતો, હવે પછી એમ થયું ને? સમજાણું? ઊર્ધ્વ એટલે પછી. ઓલું પહેલા હતું. આ પછી. જુઓને! પછી આવ્યું કે નહિ? '**ऊर्ध्वं**' પછી છે ને? '**ભેદજ્ઞાન થયા પછી...**' '**बोधधामनियतं**' '**ऊर्ध्वं**' પછી.

ભગવાન આત્મા પોતાની જાતમાં જ્ઞાન ને શાંતિ ને આનંદ પડ્યો છે. એને પરથી નિરાળો, પરથી ભિન્ન પાડી અને સ્વભાવનો સ્પર્શ કરી, ચૈતન્ય સ્વભાવનો સ્પર્શ કરી અને પ્રત્યક્ષ આત્માને કરે અને સ્વયં પોતાથી પોતે કરે, જેમાં નિમિત્ત અને વિકલ્પની અપેક્ષા જ નથી. કહો, ભીખાભાઈ! વિકલ્પની અપેક્ષા નથી. આ પુસ્તક-પાના તો ક્યાંય રહી ગયા. આહાહા..! અરે..! એની રીતની ખબર ન મળે. ધર્મની રીત કેમ થાય એની ખબર ન મળે અને કરે ધર્મ. કર્યા લ્યો. વ્રત પાળ્યા, અપવાસ કર્યા અને કહે ધર્મ થયા. ધૂળેય નથી. મિથ્યાત્વ થયું છે. મિથ્યાત્વનું પાપ થયું છે. સમજાણું કાંઈ? જૂઠાનું પાપ વહોર્યું છે. એક જરી વિકલ્પ રાગ થયો તો આ કર્યું, આ છોડ્યું, આ મૂક્યું ત્યાં એમ થઈ ગયું મેં ધર્મ કર્યો. એ તો રાગ મિથ્યાત્વ છે. મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વપણે આત્મા રોકાઈને અંધકારમાં પડ્યો છે. ચૈતન્ય પ્રકાશના નૂરની તો એને ખબર નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જ્ઞાનમંદિર એમ કહ્યું. જ્ઞાનધામ. નિશ્ચિત એવો ભગવાન ચૈતન્ય ધામ, જ્ઞાનસ્વભાવ, આનંદમૂર્તિ, અનાકુળ શાંતરસ વસ્તુ એવી આત્મા, એમાં '**નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને...**' એ પ્રત્યક્ષ થયેલું આત્માને '**કર્તાપણા વિનાનો,...**' પછી તો રાગ સ્વરૂપમાં નથી એવું સ્વરૂપનું ભાન થયું પછી રાગનો કર્તા નથી. એટલે રાગ હો પણ એનો જ્ઞાતા છે. પછી રાગ હોય છે, વ્યવહાર હોય છે, દયા, દાન, વ્રતનો વિકલ્પ રાગ છે, એનો જ્ઞાતા છે. ધર્મી એનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**કર્તાપણા વિનાનો, અચળ,...**' ચળે નહિ એવો. રાગમાં તો અસ્થિર હતો ત્યારે કર્તા માનતો. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન છું, આનંદ છું એવું જ્યાં પ્રત્યક્ષ ભાન થયું, (તો) કહે છે કે અચળ-હવે રાગમાં ચળીને આવે અને રાગમાં અસ્થિર થાય એવું છે નહિ. '**અચળ,**

**એક પરમ જ્ઞાતા...**' દેખો! એકરૂપ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તેને જ્ઞાતા-દૃષ્ટા દેખો. બસ! આનું નામ સમ્યગ્દર્શન, આનું નામ ભેદજ્ઞાન અને આનું નામ ધર્મ. સમજાણું કાંઈ?

'**એક પરમ જ્ઞાતા જ દેખો.**' જુઓ! એક આવ્યો. ઓલું અનેકપણું દેખતો હતો ને આમ રાગ ને વિકલ્પ ને અનેકપણે. એક સ્વરૂપ, વસ્તુ પરમ પ્રભુ એકરૂપ પરમ જ્ઞાતા. ઉત્કૃષ્ટ જ્ઞાતા. દેખો! લ્યો, એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ સમ્યગ્જ્ઞાન. એનું નામ મોક્ષનો માર્ગ. આહાહા..! હેરાન થઈને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. વળી હેરાનના રસ્તા પાછા ઊભા કર્યા જ કરે છે. અને કહે કે કાંઈક અમે ધર્મ કરીએ છીએ લ્યો. અને કહેનારા પણ મળે એને એવા. ધર્મ થાય ધર્મ. એ વ્રત પાળો એ ધર્મ છે. અપવાસ કરો એ ધર્મ છે. ધૂળમાંય નથી એ ધર્મ. સાંભળને! પરનો ત્યાગ ગ્રહણ આત્મામાં છે જ ક્યાં? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન જ્ઞાન જ્યોતમાં જ્યાં રાગને વિકલ્પને તોડી ભિન્ન સ્વરૂપ નિર્વિકલ્પની દૃષ્ટિ થઈ, પ્રત્યક્ષ આત્મા થયો, જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ થયો છે, પ્રતીતની અપેક્ષાએ તો શ્રદ્ધા છે. '**પરમ જ્ઞાતા જ દેખો.**' બસ! સમ્યગ્દર્શન થયા પછી, ભેદજ્ઞાન થયા પછી રાગનો કર્તા નથી. પરનો કર્તા તો અમથોય નથી. અજ્ઞાનભાવે વિકલ્પનો કર્તા હતો એ જ્ઞાનભાવે હવે કર્તા નથી. બસ! આ સિદ્ધાંત સિદ્ધ કર્યો. આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. આહાહા..! સમજાવું ભેજામાં કઠણ પડે માણસને. કહો, સમજાણું આમાં? એ આત્મા મળ્યા વિના સમજાય એવું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

વ્યવહારના શબ્દો એવા છે. શ્રીમદ્‌માં આવ્યું નહિ? 'તે તો પ્રભુએ આપીયો.' જુઓ! વ્યવહારનું વચન છે. આત્મા અપાતો હશે કોઈ દિ'?

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીયો વર્તુ ચરણાધીન.

વિનયના ભાવ છે ને. વિનય અને બહુમાન છે. એવું ભાન થાય એટલે વિનય આવ્યા રહે નહિ. છતાં એ પર તરફ લક્ષ વિનય છે. સમજાણું કાંઈ? એવી વાત છે બાપુ! આ તો...

ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી...
ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા.

ભગવાન આત્મા તલવારની ધાર ઉપર તો નાચનારા ઘણા દેખાય છે, કહે છે. સમજાય

છે કાંઈ? અનંતનાથ એવો ભગવાન, એની સેવા તો મહાદુર્લભ અને દુષ્કર છે.

ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા,

તલવારની ધાર ઉપર નાચે. 'સેવના ધાર પર રહે ન દેવા.' એ રાગની એકતાબુદ્ધિ એને સેવના ધારમાં રહેવા દેતી નથી. અને 'રહે ન દેવા' દેવો પણ ત્યાં ટકી શકતા નથી એમ કહે છે. સ્વરૂપમાં ઠરવું એ દેવને પણ થઈ શકતું નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શાંતરસનો સાગર, એમાં એકાકાર થતાં જે કાંઈ પ્રત્યક્ષ આત્માને ભાન થયું તે કાળે તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ છે. હવે પછી એ રાગનો કર્તા છે જ નહિ. કહો, સમજાણું? એને બાયડી-છોકરા વર્તતા હોય તો એનો કર્તા નથી, મારા છે એમ ત્રણ કાળમાં માનતો નથી. આહાહા..! ભારે વાત ભાઈ! કહો, સમજાણું?

'**ભાવાર્થ :- સાંખ્યમતીઓ**..' એટલે એક મત છે એવો. '**પુરુષને...**' એટલે આત્માને '**સર્વથા એકાંતથી અકર્તા,...**' એ આત્માને બિલકુલ કર્તા માનતા નથી. અજ્ઞાનભાવે વિકારનો પણ કર્તા માનતા નથી. '**શુદ્ધ ઉદાસીન...**' શુદ્ધ ઉદાસીન. '**ચૈતન્યમાત્ર...**' એકલો '**ચૈતન્યમાત્ર માને છે.**' એમાં વિકાર-ફિકાર છે નહિ. એમ માને છે અજ્ઞાની. '**આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે;...**' આવું માને તો વિકારભાવ છે એ સંસાર છે, એનો અભાવ થાય. સંસાર એટલે શું? વિકારભાવ. હવે વિકારભાવ જ્યારે આત્મા નથી તો સંસાર નથી એમ થયું. સમજાય છે કાંઈ? સંસાર એટલે? સંસરણ ઈતિ સંસારઃ. ભગવાન આનંદઘનમાંથી ખસીને પુણ્ય-પાપ અને કામ-ક્રોધ દયા, દાન, વ્રતાદિના શુભાશુભ પરિણામમાં રહ્યો વિકારમાં, એ સંસાર. હવે એ વિકારની ના પાડે આત્માને તો સંસાર રહ્યો નહિ એને. પરિભ્રમણ રહ્યું નહિ.

'**અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે...**' જડને. કર્મને દોષ માનવામાં આવે અને કર્મનો સંસાર માનવામાં આવે '**તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે,...**' કર્મ જડ છે. એને સંસાર હોય? જડને સંસાર હોય? સમજાણું કાંઈ? '**તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી,...**' જડને છે સુખદુઃખ? આ શરીરને? આ શરીરને સુખદુઃખ થાતું હશે કે નહિ કાંઈ? લાડવા-બાડવા ખાય તો આને સુખ ન થાય? અને કોઈ તલવાર મારે તો દુઃખ થાય કે નહિ આને? જડને હોય દુઃખ-સુખ? આ તો માટી ધૂળ છે. અજ્ઞાની એમાં કલ્પના કરીને હું દુઃખી છું, સુખી છું એમ માને છે. એ તો જીવમાં સુખ-દુઃખ છે. સુખ એટલે આ જગતની કલ્પનાનું સુખ હોં! આ જડને હોય? દેહનો ધર્મ દેહ ભોગવે. શું ભોગવે? જડને ભોગવવાનું છે કાંઈ? અજ્ઞાની કલ્પના

કરે છે કે હું સુખી છું. એ સુખની કલ્પના એ મૂઢ જીવની દુઃખરૂપ દશા છે. એ દુઃખરૂપ દશા જીવ ભોગવે છે. શરીર-બરીર ભોગવતું નથી. સમજાણું? સુખ-દુઃખ આદિનું વેદન જ કોને હોય? પ્રકૃતિને હોય નહિ. તેથી સંસાર કેવો? જડને વળી સંસાર કેવો? **'આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે.'** એકાંત માને કે વિકાર કર્મ જ છે, દોષ કર્મનો છે, આત્માનો છે જ નહિ. તો તો આત્માને સંસાર ઠરશે નહિ. જડને સંસાર ઠરતાં જડને સુખ-દુઃખ ભોગવવાનું ઠરશે નહિ. સુખ-દુઃખ ભોગવે તો આત્મા ભોગવે છે. કહો, સમજાણું કાંઈ? કહો, શરીરને પછી બાળીને રાખ કરે. લ્યો ખોરી ખોરીને. 'ખોરી ખોરીને બાળશે રે જેમ લોઢું ગાળે લુહાર.' આવે છે ને? કટકા કટકા કરી કરીને રાખ થઈ જશે આની. આ તો જડ છે. એને ક્યાં દુઃખ છે? આ તો માટી જડ છે. આત્માને અંદર સુખદુઃખની કલ્પના (થાય છે). અં..અં.. આમ થઈ જાય. શરીરમાં કાંઈક પ્રતિકૂળતા તો મને થઈ ગયું. આહાર-પાણી ન મળે પેટમાં કાંઈક તો કહે હું ભૂખ્યો થઈ ગયો. એવી અજ્ઞાનીની કલ્પના તે દુઃખરૂપ આત્માને છે. પરને દુઃખ-બુખ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી.'** એમ પાછું. એ વસ્તુનું સ્વરૂપ એવું છે જ નહિ એમ કહે છે. **'માટે સાંખ્યમતીઓ મિથ્યાદષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને...'** એમ હવે તો. આ જૈનના વાડામાં પડ્યા, ભગવાનના વાડામાં એ એમ માને કે વિકાર તે કર્મ કરે. આપણે કાંઈ છે નહિ. દોષ-બોષ વિકાર કર્મ કરે. આપણે તો ભાઈ ક્યાં દોષ કરવાનો ભાવ છે કાંઈ? કર્મમાં અંદર ભાલા ભોંમાંથી નીકળે અને આપણને વાગે. લ્યો! ભોંમાંથી ભાલા નથી કહેતા? આમ બેઠા હોય ને ભોંમાંથી નીકળે લ્યો. અંદર નીચેથી. કેળ હોય છે ને કેળ? વાવી લ્યોને કેળ. કેળ ઉપર સૂતો હોય અંદર વાવ્યું હોય નીચે અને ઉપર ન નીકળ્યો હોય. અને ઉપર સૂતો હોય. તો રાતમાં નીકળે એક સાથે. એક હાથનો ઓલો હોં. કેળ કેળ. ગરજો નીકળે. એક હાથનો ગરજો નીકળે.

મુમુક્ષુ :- વાંસ.

ઉત્તર :- હા, વાંસ વાંસ. કેળ શું? વાંસ. આ વાંસ. અને કેળમાં તો એના બચ્ચા નીકળ્યા કરે એક પછી એક. બચ્ચા એક પછી એક, એક પછી એક નીકળ્યા જ કરે. પણ વાંસ વાવ્યા હોય ને હેઠે, ઉપર જો સૂવે, ઉપર કાંઈ ન હોય. પણ એમાં રાતે જ્યાં નીકળે ગરજો નીકળે આવો. સોંસરવટ નીકળી જાય. જુઓ! ભોમાંથી નીકળ્યું કે નહિ? એમ કોણ જાણે ક્યાંથી નીકળશે કર્મોદય આવશે. ક્યાં આવ્યો હતો? ધૂળમાં? સાંભળને! કર્મ કર્મને ઘરે રહ્યું. પર પરને ઘરે રહ્યું. તું પર ઉપર લક્ષ કરીને હું સુખી-દુઃખી છું એવી કલ્પના તું કરે છો. કર્મમાં છે નહિ. કર્મમાં દોષ કેવો અને કર્મને સંસાર કેવો? ચાર ગતિમાં રખડવાનો ભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો તારો છે. સમજાણું કાંઈ? એ તકરાર લઈને બેઠા, લ્યો! સોનગઢપક્ષીઓ વિદ્વાનો એમ કહે છે કે ચાર ગતિનું પરિભ્રમણ (થવામાં) કર્મ તો નિમિત્તમાત્ર છે. એટલે અકિંચિત્કર છે. એવી ટીકા કરે છે. પણ અકિંચિત્કર જ છે. સાંભળને! હજી આવે છે લખાણ. અરે.. ભગવાન! પણ તને શું થયું? ભાઈ! તારે પર ઉપર નાખી દેવું છે? તું કરતો હોય તો ટાળવાનું રહે, પર કરતો હોય તો ટાળવાનું તારે રહેતું નથી. દોષ તું કર તો દોષ ટાળવાનું રહે, પણ દોષ પર કરે ટાળવાનું (રહે નહિ). એ તો ટળે ત્યારે થાશે. એટલે તું ધોયેલ મૂળા જેવો રહે એમ ને એમ. એમ વિચારેય ક્યાં કર્યા? નવરો ક્યાં છે પાપ આડે? સંસારની પાપ ગતિ આડે નવરો નથી. રખડવાની મોટી જેલ ઊભી કરે છે. આહાહા..! જુઓને આહાહા..! કેટલા પ્રાણી કેમ મરે છે! કોઈ છે ત્યાં મદદ કરનાર? પાંજરાપોળ ત્યાં કાંઈ છે? એકલો ભૂક્કો (થાય). દાખલો આવ્યો હતો એક. બોકડાનું કથન એક આવે છે. બકરાનું આવ્યું હતું. એક બકરાને કાપતો હતો એનો મામો. એવી વાત આવી હતી. બકરાનું ચામડું હતું. કથામાં એવું કાંઈક આવે છે. આમાં આવ્યું છે, સન્મતિ સંદેશમાં. એમાં આવ્યું છે. એ હશે કથન હોં કાંઈક. મોટું ચામડું આવડું હશે અને એમાં માણસ બેસાડ્યો. એમ કરીને કાંઈક લઈ ગયા. પણ ઓલા બોકડાને મરતાને ભગવાનનું નામ આપ્યું.

મુમુક્ષુ :- પછી દેવ થયો.

ઉત્તર :- દેવ થયો. આવે છે. આમાં પણ આવે છે. શ્વેતાંબરમાં તો આવે જ છે .. દાખલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. પોતે જ છે. એમાં એક જ દાખલો આમાં આપ્યો. ઓલામાં મદનરેખાનો આવે છે. સમજ્યાને? રાણી હતી. એનો વર હતો રાજા. મરતા એને નવકાર સંભળાવ્યા. શુભભાવ થયેલો. મરીને દેવ થયો. દેવ થયો એટલે મુનિ હતા અને બાઈ બેઠી હતી. તો પહેલા આવીને પગે બાઈને લાગ્યો. આમ કેમ? ભાઈ! મને ઉપકાર એનો છે. હું દેવ થયો છું. મરવા ટાણે મને ધર્મના બોલો સંભળાવ્યા હતા. મને શુભભાવ થયો હતો. મને એનું નિમિત્ત છે. પછી મુનિને પગે લાગે છે. એ આમાં પણ એમ આવે છે. આ ચારુદતમાં. મરીને સ્વર્ગનો દેવ થયો. અને મુનિ બેઠા હતા ત્યાં ઓલો બેઠો હતો એનો, જેણે સંભળાવેલું. ધર્મ સંભળાવ્યો એ. પગે એને પહેલો લાગ્યો આવીને દેવ. તરત દેવ થયો. આ તો સ્વર્ગ.. એને ક્ષણમાં થાય .... લાગે છે. ઉપકારી યાદ આવ્યા તરત એને. લ્યો! સમજાણું? કેટલાક કહે, પણ અત્યારે કેમ આવતા નથી? ભાઈ! એ બધું એમ જ ચાલે. એવું કાંઈ હોય છે? અત્યારે ન આવે એટલે એ તો એના પુણ્ય ન હોય. નહિ તો શ્રીમદ્ જેવાને તો કેટલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉપકારની વૃત્તિ હતી આમ. પણ ગયા એ ગયા ત્યાં, થઈ રહ્યું. પુણ્ય જોઈએ ને અહીંના પાછા. ત્યાં પણ બે ઘડી જ્યાં આમ દેખે ત્યાં ૫૦ વર્ષ નીકળી જાય અહીં. સ્વર્ગના... સમજાય છે? એવું છે ભઈ.

એ કહે છે કે એ બોકડાને મરતા એને ભગવાનનું નામ સંભળાવ્યું. શુભભાવ હોં! ધર્મ નહિ. અને શુભભાવથી દેવ થયો. આવે છે, મુનિ બેઠા છે નગ્ન દિગંબર આત્મધ્યાની. એની પાસે પોતે બેઠો છે. મંગળિક ધર્મ સંભળાવ્યો. પહેલા આવીને એને પગે લાગ્યો. ઉપકાર આનો છે મને. શ્રીમદ્‌માં બહુ આવે છે મદનરેખાનો દાખલો. એ શ્વેતાંબરમાં આવે છે. આમાં નથી આવતું. આમાં આ આવે છે. એટલે આવું પણ આવે છે એ વાત. શાસ્ત્રમાં ઉપકારીનો ઉપકાર સ્વીકારવા માટે અરિહંતનો ઉપકાર કેમ સ્વીકારે છે અને સિદ્ધનો નહિ? અરિહંત કરતા સિદ્ધ તો ઊંચા છે. પણ અરિહંતની વાણી મળે છે અને એવા ઉપકારને મુખ્ય કરીને એના સ્વીકારમાં આવે છે. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યું ને થોડું આવ્યું કે નહિ? આ કહે, બધા કેમ આવતા નથી આ? આ પ્રભુભાઈ ગયા, પ્રેમચંદભાઈ ગયા.

મુમુક્ષુ :- વિરજીભાઈ ગયા.

ઉત્તર :- વિરજીભાઈ તો દેવલોકમાં ગયા. આ નિહાલભાઈ તો પાકા દેવલોકમાં ગયા. નિહાલચંદભાઈ તો વૈમાનિકદેવ થયા છે. સમજાય છે? આવતા કેમ નથી? નિહાલભાઈ. કલકત્તા. એ તો પણ એના પુણ્યને ઓછા ને. નહિતર તો એ તો મહા કામ કરીને ગયા છે. નિહાલચંદભાઈ તો સ્વર્ગમાં વૈમાનિક દેવ. સમજાણું કાંઈ? કેમ ત્યારે આવતા નથી? ઉપકાર તો બહુ ગાયો છે અંદર. એઈ..! શું હશે આ? ભાઈ, એ તો એ પ્રમાણે હોય. એ ત્યાં જરી વિચાર કરે ત્યાં તો અહીં ૨૫ વર્ષ વયા જાય. ત્યાં બે ઘડી જાય ત્યાં ૨૫ વર્ષ વયા જાય. ત્યાં ઓલા હોય નહિ. થઈ રહ્યું. એમ શાસ્ત્રમાં લેખ છે હોં શ્વેતાંબરમાં.

અહીં કહે છે, અજ્ઞાનીઓ જેમ માને એમ જૈનોએ ન માનવું જોઈએ. સમજાય છે કાંઈ? જૈનો પણ એવું માને તો મિથ્યાદષ્ટિ છે. વિકાર કર્મ કરે.. વિકાર કર્મ કરે... વિકાર કર્મ કરે. રહેવા દે. વિકાર તું કરે છો. ભૂલ તું કર અને નાખે છે કર્મને માથે? આવો અન્યાય?

‘**આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો;...**’ જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો. ‘**જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિકનો-પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા...**’ એ રાગાદિની વ્યાખ્યા કરી. રાગ પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એ રાગ છે. એનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે ચેતનના પોતાના ભાવનો કર્તા માનો. તારા ભાવ છે ને વિકારી?

'**ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન,...**' લ્યો! એ ધર્મ થવાના કાળેથી ભગવાન શુદ્ધ વિજ્ઞાનઘન છે એવું ભાન થતાં '**સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત,...**' કર્તાપણાના ભાવથી રહિત '**એક જ્ઞાતા જ માનો.**' પછી તો જ્ઞાતા-દૃષ્ટા, જાણે-દેખે. જગતનો સાક્ષી થયો. રાગ અને આખું જગત. એ પોતે જ્ઞાન, એ જ્ઞેય, પોતે દૃષ્ટા, એ દૃશ્ય બસ. જાણનાર દેખનાર ભગવાન આત્મા છે, કર્તા-ફર્તા નથી. ભાન થયે કર્તા નથી, ભાન વિના કર્તા માને છે. એમ કહે છે. સમજાણું?

'**આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે.**' આત્મા એક જ વસ્તુ છે. એમાં અજ્ઞાનપણે કર્તાપણું વિકારનું અને ભાનપણે કર્તાપણું નહિ. એક જ આત્મામાં બે લાગુ પડે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**એક જ આત્મામાં કર્તાપણું...**' એટલે વિકારનું અજ્ઞાનપણે કરવાપણું અને ભાનપણે અકર્તાપણું '**બન્ને ભાવો વિવક્ષાવશ...**' વિવક્ષા નામ કહેવા અપેક્ષા માગેલી દશાએ સિદ્ધ થાય છે. અજ્ઞાનભાવે કર્તા અને જ્ઞાનભાવે કર્તા નહિ. આવો સ્વાયદ્વાદ મત વીતરાગનો છે. '**અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે,...**' એમ પાછો. ભગવાને કીધું છે એટલે કે વસ્તુનો સ્વભાવ પણ એવો જ છે. '**કલ્પના નથી.**' આ કલ્પના નથી. પણ કલ્પના સિદ્ધ કરો. સિદ્ધ થાય છે કે નહિ? વસ્તુ છે કે નહિ આત્મા અનાદિ અનંત? તો એનો સત્ત્વ સ્વભાવ છે કે નહિ કાંઈક ત્રિકાળી? તો ત્રિકાળી સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. અને એમાં ભૂલ છે કે નહિ? વર્તમાન ભૂલ ન હોય તો આ દુઃખ કોને થાય છે? દુઃખ કાંઈ જડને થાય છે? એની પર્યાયમાં-અવસ્થામાં દુઃખ એને થાય છે વિકારનો કર્તા થઈને. બસ, એ જ વસ્તુની સ્થિતિ છે. એના દુઃખની દૃષ્ટિ ટાળીને આનંદની દૃષ્ટિ થતાં તે દુઃખનો કર્તા આત્મા નથી.

'**(સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે;...**' વિકાર કરે તો સંસાર છે. વિકાર સ્વભાવના આશ્રયે ટાળી મોક્ષ થાય. એ બધું સિદ્ધ વિકાર કરે એમ માને તો વિકારનો અભાવ થાય, તો મોક્ષ થાય, એમ સિદ્ધ થાય. પણ વિકાર કરે નહિ તો મોક્ષ (થવાનો પ્રશ્ન નથી રહેતો). બંધ હોય એને મોક્ષ થાય. પણ ભાવબંધ હોં! વિકારનો ભાવબંધ હોય અને મોક્ષ થાય. પણ ભાવબંધ જ ન માને એને મોક્ષ કેવો? '**સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે.**' કહો, સમજાણું?

'**હવેની ગાથાઓમાં, કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સ્યાદ્વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તાભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે :-**' ગાથા કરતાં પહેલા શ્લોક મૂકે છે. શું કહે છે? માથે શું કીધું? જુઓ! કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે એમ માને છે કેટલાક-બૌદ્ધમતિ. એક સમયમાં જે કરે એ ભોગવવા ટાણે બીજો આત્મા થઈ જાય. એમ માને. સમજાણું? એ બૌદ્ધમતિ. બૌદ્ધમતિ એટલે વર્તમાન અવસ્થાને માને એકલાને એ બધા બૌદ્ધમતિ જ છે.

મુમુક્ષુ :- જૈનમાં જન્મ્યા હોય તોપણ?

ઉત્તર :- જૈનમાં જન્મ્યા હોય તોપણ. આ અવસ્થા કરી. બીજી સમયે, બીજી ક્ષણે બીજો ભોગવનાર બીજો થઈ જાય છે. એમ માને છે. આપણે ક્યાં ત્યાં છીએ હવે? અહીં છે. ગોલણ ગાડા ભરે. અહીં જીવ્યા ત્યાં સુધી જંજાળ. છોડ્યા પછી ક્યાં હશું આપણે? એમ કેટલાક જીવો માને છે. એ બધા બૌદ્ધમતિ અજ્ઞાની જ છે. ભવિષ્યમાં ત્રિકાળ રહેનારું તત્ત્વ એ રહેનારો છે કાયમ એ અહીં ભાવ કરે તે ભોગવે છે એનો એ. પણ આ તો કર્તા કોક અને ભોગવનાર કોક. એવું માને. ક્ષણે ક્ષણે આત્મા બદલાય છે એમ મત છે ને? આ પણ એમ છે ને? જુઓ! આંખ મીંચીને પડ્યો છે. થાવું હોય એમ થાશે. ભવિષ્યની કોને ખબર છે? સમજાણું? ક્યાં આત્મા જાશે અને કેમ હશે? કોણ જાણે. એ બધા મૂઢ મિથ્યાદૃષ્ટિ બૌદ્ધમતિ છે. હવે અહીં તો રહેવું છે પાંચ-પચ્ચીસ વર્ષ અને પછી રહેવું છે અનંત કાળ. હવે અનંત કાળ ક્યાં રહેવું છે એની કાંઈ ખબર ન મળે. આ પાંચ-પચ્ચીસ વર્ષ રખડ્યો. હવે પછી? થાય શું આપણને કાંઈ ખબર પડતી નથી. એ બધા વર્તમાનના જ માનનારા, વર્તમાનના માનનારા. કહો, સમજાણું? આયુષ્ય હોય ત્યાં સુધી. જ્યાં સુધી હોય ત્યાં સુધી સંભાળ રાખે. ૨૦ વર્ષથી તે ૮૦ વર્ષ. નજર કરે. ત્યાં સુધી આપણને વાંધો ન આવે. રળવું, પૈસા ભેગા કરવા, મકાન, છોકરા-બોકરા.

મુમુક્ષુ :- ધીમે ધીમે આપ બોલો છો તો કાંઈ સંભળાતું નથી.

ઉત્તર :- એમ કે આપણે આ ૧૦૦ વર્ષ જીવવા જેવું છે કે નહિ? ત્યાં ૨૦ વર્ષ...

મુમુક્ષુ :- ૮૫ જાય એને શું કરવું?

ઉત્તર :- આ તો પહેલા ૨૦ વર્ષથી માંડી છે. પણ એમ કે હવે થોડા વખત આપણે જ્યાં સુધી છીએ અહીં ત્યાં સુધી આપણે સામગ્રી બધી સરખી છે કે નહિ. છોકરા, પૈસા, મકાન.. બસ થઈ રહ્યું. પછી? અહીંથી મરીશ પછી ક્યાં? આત્મા વયો જશે? આત્મા નાશ થઈ જશે? પછી આત્માને અનંત કાળ રહેવું છે એ ક્યાં રહેશે? જો આ ભાવ પૂરતો માન્યો અને પછીનું શું કર્યું આવતા ભવનો પહેલા સમયે. આવતા ભવને પહેલે ક્ષણે જે દેહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મળશે તે દેહ આખી જિંદગી રહેવાનો છે. હવે આ દેહની ૨૦થી માંડી છે ૮૦ સુધીની દરકાર. અને આવતા ભવને માટે પહેલે ક્ષણે જે દેહ મળશે એ આખી જિંદગી રહેશે. એનો શું ભાવ એની કાંઈ ખબર છે? ભગવાન જાણે, આપણે કાંઈ છે નહિ. મૂઢ છો કહે છે. આહાહા..! એ ક્ષણિક જ બોધના માનનારા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એ કહ્યું હતું એક ફેરી. જામનગરમાં ગયા હતા ને (સંવત) ૧૯૮૨માં પહેલા? ૮૨માં જામનગર ગયા હતા. એય..! એને ખબર ન હોય. એક ઉઠમણું થયું ૮૨ની અંદરની વાત છે.. કેટલા વર્ષ થયા? ૪૨. ઉઠમણું હતું. આ વલમભાઈ હતા ને? તમારા વલમભાઈ નહિ? ખાંડના વેપારી. એ બધું ઉઠમણું (થયા) પછી આ કહ્યું હતું. અને કહ્યું પછી... આહાહા..! મહારાજ શું કહે છે આ? પણ એટલી ખબર નથી? અહીં જીવે છે. જીવે છે તો ૨૦ વર્ષથી ૮૦ વર્ષ, ૧૦૦ વર્ષ સુધી ધ્યાન રાખો બધું. પણ પછીનું? પછી શું થશે? પછી મરી જવાનો છો તું? આત્મા તો તું છો પછી. અને પછી શું થાશે એની દરકાર છે? વર્તમાનને માનનારો છો. ત્રિકાળ આત્મા રહેનારા એને માનનારા નથી. બરાબર છે કે નહિ? અહીં બધું સરખું કરી દેવું. હીરાભાઈનું, ઢીકણા ભાઈનું, ઢીકણા ભાઈનું ... પણ અહીંથી મરીને જાશે ક્યાં? આત્મા છે કે નહિ? ક્યાંય વયો જવાનો છે? પણ એ બધા આત્માને અંદર ત્રિકાળી માનનારા નથી. વર્તમાન પૂરતી માંડી લે અને ભવિષ્યમાં થાવું હોય એ થાય. ભવિષ્યમાં જાણે હું નથી એમ એનો અર્થ થયો.

અહીં કહે છે કે બૌદ્ધમતિ એવું માને છે. એને માટે ગાથાઓ કહેશે વિસ્તારથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૩, સોમવાર તા. ૨૦-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૬, પ્રવચન-૪૦૨**

**क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघैः**
**स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव।।२०६।।**

શું કહે છે?

'**શ્લોકાર્થ :- આ જગતમાં કોઈ એક તો આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને...**' ક્ષણિક. સમયે સમયે જે આત્મા બદલે છે ને? પર્યાયરૂપે બદલે છે આત્મા. એ એટલો જ આત્મા કેટલાક માને છે. આત્મા તો ત્રિકાળી વસ્તુ નિત્ય છે અને અવસ્થા એની બદલે છે-પર્યાય બદલે છે. પણ એ પર્યાય એટલે એક ક્ષણની અવસ્થા બદલે એટલે આખો આત્મા જ બીજો થઈ જાય છે એમ કેટલાક માને છે. બૌદ્ધ-બૌદ્ધ. બૌદ્ધ મત છે ને? વીતરાગથી બીજો મત. ઈ કહે છે કે ક્ષણે ક્ષણે અવસ્થા બદલતા એ આત્મા જ બદલી જાય છે. આત્મા એનો એ રહે એમ એ માનતા નથી. એમ કેટલાક વર્તમાનમાં પણ આ સમયની અવસ્થા પૂરતો આત્માને માને, હું ત્રિકાળ નિત્યાનંદ શુદ્ધ છું એવો ભાવ ન કરે ત્યાં સુધી એ ક્ષણિક પર્યાયને માનનારા પણ બૌદ્ધમતી જેવા છે.

મુમુક્ષુ :- દુનિયાનો મોટો ભાગ..

ઉત્તર :- મોટો ભાગ. નિગોદથી માંડીને મોટો ભાગ. સમજાય છે કાંઈ?

'**આ જગતમાં કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતિ તો) આ આત્મતત્ત્વને...**' જે છે વસ્તુ એ તો નિત્ય છે, અનાદિ છે. એ કોઈએ કરેલી નથી. તેમ નાશ થાય એવી નથી. અને તે નિત્ય છે અને ક્ષણે ક્ષણે વિચારો, પર્યાયો બદલાય છે. કાંઈ એકરૂપ રહેતું નથી. છતાં એ બદલે છે એ જ આત્મા છે એમ માને છે. '**ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે...**' એટલે કહે છે કે વર્તમાનમાં પુણ્ય-પાપ કરીએ એ બીજો અને એના ફળ ભોગવે એ બીજો આત્મા. એમ માને છે. એ ખોટી વાત છે. આ પર્યાય રાગ દ્વેષ કરે પુણ્ય-પાપ, એ બીજી પર્યાયે ભોગવે. પણ ભોગવનારો તો એનો એ છે કે બીજો છે? સમજાય છે?

જેવા નરક અને મનુષ્યપણામાં જે ભાવ કર્યા એ ભાવ પાછા અહીંથી મરીને જાય તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવને એ ભોગવનારો તો આત્માનો આત્મા છે. એની અવસ્થા બદલી, પર્યાય બદલી, પણ ભોગવનારો ઈ છે કે આત્મા બીજો થઈ જાય? એ કહે કે, ભાઈ કર્તા બીજો અને ભોક્તા બીજો. એમ કહે છે.

મુમુક્ષુ :- એમ હોય ને. બાપ કરે .. દીકરો બીજો.

ઉત્તર :- કાંઈ ધૂળેય કરતો નથી બાપ. સૌ પોતપોતાની .. ભાવ.

મુમુક્ષુ :- બાપ .. દીકરો દે.

ઉત્તર :- દીકરો કાંઈ દેતો નથી. શું દે? એ ઠીક દાખલો કીધો. હા પણ કેટલાક એવા બાપ હોય છે ખાઉકર બહુ. કે પોતાની ઉંમરમાં ખાય .. બે-પાંચ હજાર મૂકી જાય દેણું. છોકરા રળાઉ થાય તો ભરે. એવું છે હોં! એ દાખલા ખ્યાલમાં છે બધા. પોતાની ઉંમરમાં ખાવું-પીવું લહેર કરે. બે-ચાર પાંચ હજાર... અત્યારે વળી વધે. પણ એ વખતે તો બે-ચાર હજારમાં તો બે-પાંચ-દસ વર્ષ નીકળી જતાં. પાછળથી દેણું ભરશે બીજા. એવું હોય છે કે નહિ? ચીમનભાઈ! બરાબર છે. ઘરે પૂછવું સારું ને? કેટલાક એવા હોય છે કે આપણે તો બે-ચાર હજાર દેણું કરો. છોકરાઓ રળશે અને આપશે. પણ એ તો એણે ભાવ કર્યા છે વિકારના કરવાના એ તો પોતે કર્યા છે. એને કાંઈ બીજો આપનારો છે? એ વિકારના ભાવ પાછો બીજે ક્ષણે, નાની ઉંમરમાં બાળ વયમાં કરે અને વૃદ્ધાવસ્થામાં ભોગવે. પણ આત્મા તો એ નો એ છે કે નહિ? અને અહીં મનુષ્યપણામાં પાપ કરે અને મરીને નરકમાં જાય તો આત્મા તો એ નો ઈ છે. એની અવસ્થા બદલી ગઈ. કરવા ટાણાના પર્યાય જે હતા પાપના એ નરકમાં ગયો ત્યારે અવસ્થા બીજી હતી. પણ આત્મા તો એ નો એ હતો કે આત્મા કાંઈ બીજો થઈ જાય છે? પણ એ કહે કે આત્મા બીજો થઈ જાય, કર્તા બીજો અને ભોક્તા બીજો. આપણે કાંઈ એકનો એક આત્મા રહેતો નથી. આ ઘણાં એમ જ માને છે ને અંદર? આપણે કોણ જાણે ભાઈ ભવિષ્યમાં શું થશે? ખાઈ-પીને લહેર કરો. વર્તમાન ભવિષ્યમાં વળી જીવશું, પાછું કાંઈક થાશે ને હવે ઈ કોણ માંડે?

મુમુક્ષુ :- ગોલણ ગાડા ભરે.

ઉત્તર :- ગોલણ ગાડા ભરે. એ બધા જીવો આત્માને ત્રિકાળ આનંદસ્વરૂપ છે એ માનતા નથી. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ!

**'આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને...'** ક્ષણે ક્ષણે બદલાય છે એવો જ આત્મા માનીને **'પોતાના મનમાં કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે...'** વિકારી પુણ્ય પાપ અહીં કરનારી દશા બીજી, બીજો આત્મા અને સ્વર્ગમાં જાય એના ભોગમાં પુણ્યના ફળ ભોગવે બીજો આત્મા. એમ અજ્ઞાનીઓ ભેદ કરે છે. એ વાત સાચી નથી. **'(અન્ય કર્તા અને અન્ય**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભોક્તા છે એવું માને છે); તેના મોહને...**' શું કહે છે? વાત પાછી લઈ ગયા છે આનંદ ઉપર. સર્વવિશુદ્ધ અધિકાર છે ને.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય અમૃતનું ઘન છે. આત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જુઓ! ચૈતન્યચમત્કાર પોતે. ભગવાન અંદર દશામાં ભલે ભૂલ છે. અવસ્થામાં-પર્યાયમાં ભૂલ છે પણ વસ્તુ સ્વરૂપમાં ભૂલ ક્યાં છે? જેવા પરમાત્મા અરિહંત થયા એ ક્યાંથી થયા? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પ્રગટ કર્યું એ ક્યાંથી કર્યું? પર્યાયમાંથી આવે છે? અને વસ્તુમાં છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી આવે છે. અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન છે. જેવા સિદ્ધ ભગવાનની પર્યાયો અનંતી નિર્મળ થઈ ગઈ છે એવું જ નિર્મળ એનું સ્વરૂપ અંદર છે. કૂવામાં હોય એ અવેડામાં આવે. અંદરમાં હોય તો બહાર આવે. કાંઈ બહારથી આવે એવું છે નહિ.

ભગવાન આત્મા નિત્યાનંદ શુદ્ધ ચિદાનંદ ચમત્કાર છે. જુઓ! અહીં વાળ્યું હવે સર્વવિશુદ્ધ અધિકારને લઈને. ચૈતન્યચમત્કાર. એક વાત લીધી. ચૈતન્યચમત્કાર એક વાત લીધી. એ તો ચૈતન્યનો ચમત્કાર છે. જેની અંતરમાં કેવળજ્ઞાન, કેવળદર્શન એવી અનંતી શક્તિઓ આત્મામાં પડી છે. ભગવાન કેવળજ્ઞાનીએ અનંત શક્તિઓ પ્રગટ કરી એવી જ શક્તિઓ આત્મામાં, દરેક આત્મામાં પડી છે. એ એના ઉપર નજર કરતો નથી અને આ પર્યાય ઉપર નજર કરે છે એ બધા પર્યાયબુદ્ધિ ક્ષણિક બૌદ્ધમતી છે. સમજાણું કાંઈ?

ભગવાન નિત્યાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ જોયો છે, તીર્થંકરે જોયો છે નિત્ય. આવે છે ને ભાઈ પરમાત્મપ્રકાશમાં? કે દેહદેવળમાં ભગવાન અહીં જોઈ લીધો છે. આવ્યું હતું ને પરમાત્મપ્રકાશમાં? સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવે અંદરમાં આ દેહદેવળમાં. આ તો માટી જડ, ધૂળ જડ છે. કર્મ અંદર માટી એ જડ છે. અંદર વસ્તુ જે આત્મા છે એ પૂર્ણ શુદ્ધ એક સમયમાં દ્રવ્ય દ્રવ્ય શુદ્ધ ધ્રુવ આનંદ, એવા આત્માને ભગવાન કેવળીએ અથવા અરિહંતોએ આ જ દેહમાં જુદો અનુભવેલો છે. જુદો જાણ્યો છે. ભગવાન પરિપૂર્ણ પ્રભુ આત્મા છે. પણ એનો ભરોસો બેસતો નથી. આ વર્તમાન પુણ્ય કરે, દયા, દાન, પુણ્ય કરે, પાપ કરે બસ એટલો આત્મા. એ કરે એટલો આત્મા. હવે બીજી ચીજ અંદર ધ્રુવ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

ચૈતન્યચમત્કાર એક તો એક લીધું. ભગવાન આત્મા જેમાં ચમત્કાર છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે-જાણે એવી તો એની શક્તિ પડી છે અંદરમાં. બરાબર હશે? કેવળજ્ઞાન જે પ્રગટ થાય એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે ભગવાન. એ જાણે એવી દશા આવી ક્યાંથી?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- કર્મ જાવાથી.

ઉત્તર :- ધૂળમાંય નથી. કર્મ તો જડમાં રહ્યું. અંદરમાં આત્મામાં શક્તિ પડી છે એમાંથી આવે છે. એવી એવી તો કેવળજ્ઞાનની એવી અનંતી શક્તિ આત્મામાં પડી છે. એને આત્મા ઈ જ અહીં સિદ્ધ કરે છે સર્વવિશુદ્ધ અધિકારમાં. એક સમયની અવસ્થા જેટલો આત્મા પર્યાયમાં છે, પણ વસ્તુ તો અનંત... અનંત... અનંત... શક્તિઓ ગુણ અને એનું સ્વરૂપ અનંત છે. એવો નિત્યાનંદ ચૈતન્ય ચમત્કાર, જેમાં એક સમય નામ સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે-દેખે એવી શક્તિ આત્મામાં પડી છે. એવો ચૈતન્ય ચમત્કાર છે. એને અજ્ઞાની માનતા નથી. વર્તમાન અવસ્થા બસ, રાગ કર્યો એટલો, પુણ્ય કર્યું તો એટલો, પાપ કર્યું તો એટલો, આ પાપ અને પુણ્ય એટલું. ભવિષ્યમાં થાવું હોય એ થાશે. પણ ભવિષ્યમાં જે પુણ્ય અને પાપ કર્યા એવો ભોગવનારો અવસ્થામાં તું નો તું છો. વસ્તુને જાણતો નથી જ્યાં સુધી શુદ્ધ ચિદાનંદ આત્મા, એની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન નહિ કરે ત્યાં સુધી આ ચાર ગતિમાં રખડવાના ભાવ આ ભવે કરશે, બીજે ભવે ભોગવશે. બાળ વયમાં કરશે એ વૃદ્ધાવસ્થામાં ભોગવશે. એ ... છે. પણ એનો એ કરનાર અને એનો એ ભોગવનાર. વિકારનો કરનાર અને વિકારનો ભોગવનાર. પુણ્ય કરે તો સ્વર્ગાદિ મળે, પાપ કરે તો નરકાદિ મળે, પણ એમાં ધર્મ મોક્ષ મળે નહિ. એ માટે અહીં કહે છે પર્યાય જેટલો માનનારા, પુણ્ય-પાપને જ કર્તા બીજો અને ભોક્તા બીજો માનનારા દ્રવ્ય ત્રિકાળ ચૈતન્યચમત્કાર છે એની અંતર અનુભવ દૃષ્ટિ કરતા નથી. કહો, સમજાણું આમાં?

'**ચૈતન્યચમત્કાર જ પોતે...**' ભગવાન આત્મા પોતે '**નિત્યતારૂપ અમૃતના ઓઘ...**' દેખો! કાયમ રહેનારો પ્રભુ અમૃતનો સમૂહ છે એ તો. આહાહા..! જુઓ! એક ચૈતન્ય સ્વભાવ કીધો, બીજો અતીન્દ્રિય આનંદરૂપ. અમૃત-મરે નહિ એવું અમૃત અંદર છે. આરે.. આરે..! એ વળી ક્યાં હશે કહે છે. સમજાય છે કાંઈ? આત્માની અંદર, દ્રવ્યમાં એટલે વસ્તુમાં નિત્યતારૂપ અમૃત, કાયમ રહેનારું અમૃત અંદર ન મરે એવું નિત્ય એનું વિશેષણ ભલે હો, પણ અંદર અમૃત આનંદમૂર્તિ આત્મા છે એ નિત્ય છે આનંદ. આ પુણ્ય-પાપના વિકલ્પ કરે છે એ દુઃખ છે, એ ક્ષણિક દુઃખ છે. સમજાય છે કાંઈ? એ દુઃખની પાછળ ભગવાન આત્મા અમૃત આનંદ, અતીન્દ્રિય આનંદ રસ છે. નિત્ય ચૈતન્યચમત્કાર એની અંતર દૃષ્ટિ કરતાં અભિષેક કરે. પોતે પોતાનો અભિષેક કરે છે. અભિસિંચનનો અર્થ પહેલો પૂછયો હતો. સમજાણું? આ અભિષેક કરે છે ને અભિષેક આ? તીર્થંકર ભગવાન જન્મે ત્યારે દેવો આવે છે ને? મેરુ પર્વત ઉપર ભગવાનને લઈ જાય. એક હજાર ને આઠ કળશ. સાંભળ્યું છે કે નહિ? એય..! કહ્યું હતું ને તમારે ત્યાં એક ફેરી. પછી તમારો સુધીર લાવ્યો હતો ઓલો હીરાનો

હાર.

મેં કહ્યું હતું એક ફેરી કે ભાઈ, જ્યારે ભગવાન જન્મે છે, ભગવાન જન્મે ત્યારે એમને તરત જ મેરુ પર્વત ઉપર લઈ જાય છે. ઈન્દ્રો. તીર્થંકરો જન્મે ભરત, ઐરાવત કે મહાવિદેહ. ત્યારે ઈન્દ્ર પહેલે જ દિવસે. ઈન્દ્ર ત્યાં લઈ જાય છે માથે મેરુ પર્વત ઉપર. મેરુ પર્વત ઉપર અભિષેક કરે છે. એ કળશો ૧૦૦૮ છે. એક કળશ આઠ યોજનનો પહોળો. લાંબી વાત છે ભાઈ! ભગવાને કહેલી છે. એક કળશો આઠ યોજન. એક યોજન ચાર ગાઉનો. એવા એવા ૧૦૦૮ કળશા. શાસ્ત્રમાં પાઠ છે ભગવાને કહેલા. એવા ૧૦૦૮ કળશ ક્ષીર સમુદ્રમાંથી દેવોની હાર હોય છે આમ. મેરુ પર્વત ઉપર એક દેવ તે આમ કરતા કરતા હાર. હેઠે કળશો મૂકે નહિ. મૂકાય નહિ. ઊંચું પાણી ભગવાનનો અભિષેક કરે. જન્મતા હોં હજી પહેલે દિવસે. ક્ષીર સમુદ્ર છે અઢી દ્વીપ બહાર. ત્યાંથી પાણી ભરીને એક પછી એક પછી કરતા માથે નાખે. સ્વાહા. ૧૦૦૮. બીજો હોય તો એક કળશો શેર નાખે તો મરી જાય. બીજો માણસ હોય અને એક દિ' એક શેર પાણી નાખે તો મરી જાય તરત. ભગવાનનું શરીર જ એવું છે પરમ ઔદારિક શરીર છે.

આ કહ્યું હતું ત્યારે ભાઈ! સુધીરભાઈ લાવ્યા હતા એક ફેરી. આ કહ્યું હતું ને ત્યારે મેં ત્યાં. જયપુર વ્યાખ્યાનમાં. કીધું, ૧૦૦૮ કળશા ભગવાન ઉપર નાખે અને એનું શરીર એવું ને એવું છે. ઈન્દ્ર એના ખોળામાં રાખે અને બીજા ઈન્દ્ર ચામર ઢાળે. મરી ન જાય. કેમ કે શરીર એનું બીજી જાતનું છે. હીરો ડાબલીમાં, સારી ડાબલીમાં રહે. હીરો કોથળામાં ન રહે. એ દાખલો આપ્યો હતો જયપુરમાં હમણાં. કીધું, હીરો ડાબલીમાં (રાખે) એની ડાબલી જુદી હોય. બેચરભાઈને દાખલો આપ્યો હતો. બેચરભાઈ ... બેચરભાઈ ત્યાં લાવ્યા હતા. અમે (સંવત) ૧૯૯૯માં હતા ને? એક ૮૦ હજારનો હીરો હતો. એક ૬૦ હજારનો આવડો નાનો. એની ડાબલી જ જુદી જાતની. રેશમ ઓલું ખાડો એમાં ૮૦ હજારનો હીરો એક હોં! એવો દાખલો આપ્યો હતો.

કીધું, જુઓ ભાઈ! એમ ચૈતન્ય ભગવાન અરિહંતનો આત્મા એ ભવે કેવળ પામવાના છે. તીર્થંકરદેવ. એટલે એનું શરીર જ પહેલેથી ઊંચું હોય છે. એ ડાબલી વજ્ર જેવી હોય છે. એ હીરો કાંઈ કોથળામાં રહે નહિ. એ સાંભળીને સુધીરભાઈ લાવ્યા હતા. ભાઈ! એમના દીકરા હતા ને મોટા. પછી એના ઘરમાં ઉતરેલાને. મોટું મકાન હતું ત્રણ લાખનું. જોયું! ત્રણ લાખનું મકાન છે આરસપહાણનું. ભાઈનું. ત્યાં ૧૧ દિ' રહ્યા હતા. ... એના મોટા દીકરા. મહારાજ તમે દાખલો નહોતો આપ્યો? એમ કરીને એક અઢી લાખનો હાર લાવ્યા હતા. નીલમનો. પન્ના-પન્નાનો. એમના સુધીરભાઈ છે. છોકરા તો બેય છોકરા નરમ બહુ.

અઢી લાખનો હાર છે આ જુઓ. તમે નહોતું કહ્યું? કે ડાબલી મોટી હોય, હીરાની સારી એવી ડાબલી સારી હતી. આમ લાંબી પહોળી હતી. એમાં હાર હતો નીલમનો. લીલા-લીલા પન્ના હતા ને? આમ ગોળ કરીને ચક્કર હતું પછી આમ ઝીણા ઝીણા હીરા હતા. અને સોનાનો એક હાર હતો. ડાબલી મોટી હતી. ઓલો દાખલો મેં આપ્યો હતો ને એટલે સુધીરભાઈ લાવ્યા હતા. આવા હીરા આવી ડાબલીમાં જ રહે. આપે કહ્યું એ બરાબર છે. એમ ભગવાનનો આત્મા જન્મે ત્યારે તીર્થંકરનો આત્મા અને ૧૦૦૮ કળશા નાખે પણ એના શરીરને કાંઈ થાય નહિ. એવું તો એનું શરીર હોય છે. એ આત્મા અંદરમાં આનંદમૂર્તિમાં જ્યાં નજર કરે અને ધ્યાન કરે છે (ત્યાં) એકલું અમૃત ઝરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિત્યાનંદ પ્રભુ વસ્તુ નિત્ય છે. એ વર્તમાન દશાને વર્તમાન નિત્ય ત્રિકાળમાં વાળતા ત્રિકાળ નિત્ય ભગવાન આત્મા છે એમાં નજર કરતા અભિસિંચન એટલે આ નિત્ય જ છું એમ એને ખાતરી થાય છે. ઓહો..! પહેલો જે હું આ રાગમાં દુઃખી હતો, એ જ હું આનંદનો અનુભવ કરનારો એનો એ હું છું. પહેલા જે પુણ્ય-પાપના વિકલ્પ કરતો હતો, રાગ કરતો હતો ત્યારે દુઃખ હતું. અને મેં આત્માની દૃષ્ટિ કરતાં અનુભવ કર્યો, આ જ આત્મા આનંદસ્વરૂપ છે. એની વર્તમાન દશામાં આનંદનો અનુભવ (થાય છે). દુઃખનો અનુભવ કરનાર ઈ અને આત્માનું સમ્યગ્દર્શન અને આત્માનું ભાન થતાં આત્માનો અનુભવ કરનાર ઈ. એમ એને નિત્ય આત્માની ખાતરી થાય છે. કહે છે, એ આત્મા જ તને નિત્યપણાનું ભાન કરાવશે એમ કહે છે. આહાહા..! અરે..! એણે કોઈ દિ' વિચાર ક્યાં કર્યા છે? નવરો કે દિ' છે પણ એ? આ જગતની ભાંગજડ આડે પોતાનો પોતે નિર્ણય કર્યો કે કેવડો છું? ત્રિકાળ કેમ છે? શું છે? ભગવાન શું કહે છે? આમ વાતું કરે બધા. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. મંગળિકમાં આવે ને? કેવળી પણ્ણંતો ધમ્મો કહેવો કોને?

એ અહીં ઈ કહે છે કે વર્તમાન અવસ્થામાં પુણ્ય-પાપ કે ક્ષણિક દશા છે એટલો હું નથી. હું તો ત્રિકાળ નિત્યાનંદ છું, ધ્રુવ છું, સામાન્ય છું, એકરૂપ છું. સમજાણું કાંઈ? એવું કહે છે કે અંતર નજર કરતાં એના એ આત્માને નિત્યતારૂપી અભિસિંચન થાય છે કે હું કાયમ છું. આ રાગનું દુઃખ હતું અને એનો એ મેં આત્માની દૃષ્ટિ કરતાં મને આનંદનું વેદન થયું. તો આનંદનો અનુભવનારો ઈ અને રાગનો અનુભવનારો ઈ. એમ નિત્યતાનું ભાન સમ્યગ્દૃષ્ટિને નિત્યતા આત્મા છે એવું ભાન થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'તેના મોહને આ ચૈતન્યચમત્કાર જ પોતે નિત્યતારૂપ અમૃતના ઓઘ વડે અભિસિંચન કરતો થકો,...'** શું કહે છે? વસ્તુ શુદ્ધ ચૈતન્ય. વસ્તુ છે. અનાદિ-અનંત છે આત્મા. એવો અનાદિઅનંત એમાં આનંદ અને શાંતિ પણ અનાદિઅનંત પડી છે. જ્ઞાન

પણ અનાદિઅનંત છે. એમાં નજર કરતાં એ અવસ્થા પહેલી જે રાગની એકત્વતાની હતી એ બીજી સ્વભાવની એકતાની થઈ ત્યાં હું એ આત્મા નિત્ય છું એવું નિત્યતાના અભિષેક દ્વારા આત્માનું ભાન થઈને મોહના અજ્ઞાનને એ નાશ કરે છે. જુઓ! મોહને તે દૂર કરે છે. એમ છે ને? શું છે મોહનો અર્થ અંદર? '**विमोहं**' '**अपहरति**'. '**अपहरति**' છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. ઈ કહું છું. '**विमोहं अपहरति**'. જુઓ ભાષા!

ભગવાન આત્મા...! દેહ-વાણી તો ક્યાંક રહી ગયા. આ તો માટી જડ છે. એ તો અજીવ જગતના તત્ત્વ છે. એ તો આ રોટલા ને દાળ ભાતમાંથી આ ઊભું થયું ઢીંગલું. એ પાછું સ્મશાનમાં રાખ થઈને ઊડી જશે. ઈ કાંઈ આત્મા નથી આ. અને આત્માનું નથી અને આત્માનું થઈને શરીર રહ્યું નથી. આ શરીર કાંઈ આત્માનું થઈને રહ્યું નથી. શરીર શરીરનું થઈને, જડનું જડ થઈને રહેલું છે. એવું અજ્ઞાનીને ભાન નથી કે આ શરીર શરીરનું થઈને રહ્યું છે, તારું થઈને નહિ.

મુમુક્ષુ :- ક્યાં સુધી?

ઉત્તર :- અનાદિઅનંત. ક્યાં સુધી શું? આ સ્થૂળ અત્યારે છે અને અનંત કાળ. રજકણો પરમાણુ જેને ભગવાન.. આ તો ઘણો સમૂહ છે પણ એને પોઈન્ટ કરો છેલ્લો ટૂકડો જેને ભગવાન પરમાણુ કહે છે, એ પરમાણુ પરમાણુપણે થઈને રહ્યા છે. અનાદિના. કોઈ દિ' આત્માના થઈને આ રહે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. અજીવ અજીવ થઈને રહ્યા છે. આ અજીવ જીવ થઈને રહે એમ ત્રણ કાળમાં બનતું નથી.

મુમુક્ષુ :- જીવને ઉપયોગમાં તો આવે ને.

ઉત્તર :- ક્યાં ધૂળમાંય ઉપયોગ. ભાન ક્યાં છે એને? એઈ..! ગોદિકાજી! ઉપયોગ આવતો હશે કે નહિ? આટલા પૈસા થયા. ખર્ચાણા તો ઉપયોગમાં આવ્યા. લ્યો! આવ્યા કે નહિ? પાંચમનો વરઘોડો નહિ આવ્યો હોય હજી આમાં. મોટો ૧૮ હાથીનો વરઘોડો. મોટો પાંચમનો હતો. ફાગણ સુદ પાંચમ. બાકી બધું સાધારણ-સાધારણ થઈ ગયું. એય.. મોટો. પણ ઓહોહો..! જયપુર ઉછળી નીકળ્યું આખું જોવા માટે કે આ શું છે પણ આ? કોઈ રાજા આવ્યા છે? કોક એમ પૂછતો હતો ભાઈ. પછી કહે, ભાઈ! એ તો કાનજીસ્વામી એક આવ્યા છે અને આવો એક મોટો મહોત્સવ થયો છે ને એને લઈને આમ છે. એ વાત અંદર વચમાંથી થઈ હતી. ઓલા ૧૮ હાથી નીકળ્યાને એટલે કે કોઈ વરઘોડો રાજાનો છે કે શું આ? અને એટલું ગામ ઉછળી ગયેલું કે પછી ક્યાંય નજર ન પડે. ૨૫-૩૦ હજાર માણસ. ચારે કોર લાખો. એ અવસ્થા જગતની તે કાળે થવાની તે થાય છે. એ આત્માથી થઈ નથી. એમ વાત

છે અહીં તો. એય..!

મુમુક્ષુ :- પણ બીજા કોઈ હોય તો ન સ્થાપે...

ઉત્તર :- પણ એનો અર્થ શું છે? આત્મા આત્મામાં રહ્યો છે અને ઈ એનામાં રહ્યા છે. કોઈના મકાનના માણસો અને ચાલવાના માણસો, એના આત્મા એના આત્માના થઈને રહ્યા છે કે આ આત્માના થઈને આવ્યા છે?

મુમુક્ષુ :- આપ પધાર્યા ને આવ્યા. એમ સીધી વાત છે.

ઉત્તર :- ધૂળેય નથી. એના થઈને બદલ્યા છે કે આના થઈને બદલ્યા છે? એ નક્કી કરો. અહીં તો પરમેશ્વર એમ કહે છે કે જગતના તારા સિવાયના આત્માઓ અનંત છે ને? અનંત આત્મા છે કે નહિ? નિગોદ, બટાટા, શક્કરકંદ અનંત આત્માઓ છે. અને આ રજકણો એથી અનંતગુણા છે આ પરમાણુ. એ જગતના તત્ત્વો જ્યાં જ્યાં છે તે તેના થઈને રહેલા છે. જે કાળે જે ક્ષેત્રે જે ભાવે એના થઈને રહ્યા છે કે બીજા તત્ત્વના થઈને રહ્યા છે? કહો, ગોદિકાજી! મકાન મકાનનું થઈને રહ્યું છે કે મકાન ગોદિકાનું થઈને રહ્યું છે?

મુમુક્ષુ :- ગોદિકાજીનું મકાન.

ઉત્તર :- બોલાય તો એમ જ ને.

મુમુક્ષુ :- માથે બોર્ડ પણ એમ લખ્યું હોય ને.

ઉત્તર :- બોર્ડ તો એ નિમિત્તથી ઓળખાવવા.

મુમુક્ષુ :- તમે કહો છો મકાનનું મકાન છે?

ઉત્તર :- મકાનનું જ મકાન છે. આત્માનું નથી. આહાહા..! આરે..! મારી નાખ્યા. આમ એક કોર બોલે કે જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ. એમ ગડિયામાં બોલે પડિક્કમણામાં. પાછું આમ માને કે એ મકાન મારું છે. પણ એ તારું ક્યાંથી (થઈ ગયું)? એ તો અજીવ છે. શરીર અજીવ છે, પૈસો અજીવ છે, બાયડી-છોકરામાં પર આત્મા એના છે. તારા ક્યાંથી થઈ ગયા? એય..! ચંદુભાઈ! ભારે ભ્રમણામાં પણ પડ્યો છે ને. ધર્મી નામ ને એને ખબર ન મળે.

અહીં તો ભગવાન કહે છે કે અનંત આત્માઓ એના પોતાના થઈને રહ્યા છે જ્યાં હોય ત્યાં. તારા આત્માના થઈને ક્યાંય કોઈ આત્મા રહેતો નથી. આત્મામાં ગરી જાય છે કોઈ આત્મા બીજો? તારા આત્મામાં ગરી જાય છે શરીરના રજકણ ધૂળ આ? અંદર અરૂપીમાં પેઠા છે આ? એ જડમાં જડ થઈને રહ્યા છે, આત્મા આત્માનો થઈને રહ્યો છે. છતાં મૂઢ માને કે એ મારા થઈને રહ્યા છે. એ ઉપરાંત અહીં તો એક બીજી વાત છે કે પર્યાયમાં પર્યાય થઈને રહેલી છે એટલો જ હું છું એમ માનનારા પણ મૂઢ છે એમ સિદ્ધ કરવું છે.

આ તો ક્યાંય ન મળે. આ તો ક્યાંય રહી ગયા હવે. શરીર-ફરીર, ધૂળ. એક સેકન્ડમાં ઊડી જાય છે ને. જુઓને! જોયા નહિ નજરે? પ્રેમચંદભાઈ અહીં વાતું કરીને જાય છે અહીંથી. પોણા પાંચે અહીં વાતું કરીને જાય. રસ્તામાં રામજીભાઈ સાથે વાત કરતા ચાલ્યા ગયા હશે. ઘરેથી છૂટા પડ્યા. ત્યાં હવે એ તો એના કાકીને તો એમ થઈ ગયું. ઓલા પાણી પીને આ સૂવે છે આ. પાણી પીને આમ કર્યું ત્યાં ફૂ. જ્યાં જોવે તો કાંઈ ન મળે. એલા શું થયું પણ આ? એક સેકન્ડ. આહાહા..!

મુમુક્ષુ :- એને પણ ખ્યાલ આવી ગયો.

ઉત્તર :- એને ખ્યાલ આવ્યો ને. શું થયું? હવે કાંઈ નહિ આમાં? આ શું થયું? બધું મડદું થઈ ગયું.

મુમુક્ષુ :- કાંઈક ઉપાય તો કરો.

ઉત્તર :- એ બોલ્યા હતા જરીક. હું ગયો ત્યારે જરીક બોલ્યા હતા કે આને કાંઈક.. પણ આ ગયો હવે, ચાલ્યો એક સમયમાં શું છે પણ? અહીં દેહમાં રહેવાની સ્થિતિ જેટલી હતી એટલી રહી. એનો એક સમય પણ કોઈ કેવળી વધારી શકે નહિ. તીર્થંકર વધારી શકે ત્રણ કાળમાં છે નહિ. એ તો બીજાને નજર પડતા વાર લાગે છે. એક સેકન્ડમાં તો અસંખ્ય સમય જાય છે. અને આ તો એક સમયમાં આ આયુષ્યની સ્થિતિ વ્યય-નાશ (થઈ), આવતા ભવમાં આયુષ્યનો ઉત્પાદ. બસ! થઈ રહ્યું. એક સમયમાં. જેમ તડકો અને છાંયો. તડકામાંથી છાયાને કેટલું આંતરું હશે? છે આંતરું? એમ આ ભવનો આયુષ્યનો અંત અને ઓલા ભવમાં અહીંથી જવું, એ ભવની શરૂઆત, એક સમય છે. આનો નાશ અને એનો ઉત્પાદ. અહીં તો જોવે છે કે શું થયું? ત્યાં તો ઓલો ભવ થઈ ગયો. આહાહા..!

અહીં તો કહે છે કે બીજી નાશવાન ચીજને તારી માનીને મિથ્યા ભ્રમણા સેવે છો, ભાઈ! તને મિથ્યાત્વ થાય છે. આ પરવસ્તુ મારી માનીને તને ભ્રમણા અજ્ઞાન છે તારું. પણ એટલું તો નહિ, અહીં તો કહે છે, પર્યાયને એટલા અંશવાળો માન એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે. અહીં તો એ સર્વવિશુદ્ધમાં આ લીધું કેમ? સમજાણું કાંઈ? જગતની ચીજો તો એનામાં રહી. અનાદિથી અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે રજકણો એ કાયમ ટકીને નિત્ય રહીને બદલે છે. એનામાં એના થઈને. તારા કોઈ દિ' એક સમય થયા નથી. તારી બાયડીનો આત્મા અને શરીરનો આત્મા અને આ શરીર તારું થઈને રહ્યું એ ત્રણ કાળમાં છે નહિ. બરાબર હશે? આ પુનમચંદ અને આ ન્યાલચંદ તમારા થઈને નહિ રહ્યા હોય? અહીં આનો થઈને રહે તો આનાથી જુદો ન રહે. તો આત્માની દશામાં આવવો જોઈએ.

તો આત્માનો કોઈ છે જ નહિ ત્રણ કાળમાં. અને નથી એને મારા માને છે એ મિથ્યાદષ્ટિ જડ છે. એને આત્માના ધર્મનું ભાન નથી. આહાહા..!

અહીં તો બીજી વાત. સર્વવિશુદ્ધિમાં આ કેમ લીધું? એઈ..! અહીં તો કહે છે કે ભાઈ! બીજી તો એકકોર રાખ વાત પણ એક ક્ષણની અવસ્થા જેટલો માને અને બીજે ક્ષણે હું બીજો, એક ક્ષણ જેટલી અવસ્થા તેટલો હું. બૌદ્ધમતી છે, મિથ્યાત્વ છે, ક્ષણિક દશાને માનનારો છે. હું ત્રિકાળ ધ્રુવ જ્ઞાનાનંદ ચૈતન્ય ચમત્કાર વસ્તુ છું. એવી દષ્ટિ કર તો તને ખબર પડશે કે દુઃખના વેદનમાં પણ હું હતો અને આ આનંદના ભાનવાળો ધર્મ પણ હું છું. બીજો કોઈ છે નહિ. મારો અને મારો આત્મા અધર્મને કરતો ત્યારે દુઃખ ભોગવતો અને હું આત્માના સ્વભાવનો આશ્રય કરીને આનંદ અનુભવું છું, એનો એ છું. બીજો કોઈ છે નહિ. આ નિત્ય આત્માનો અનુભવ કરાવવા માટે પર્યાયબુદ્ધિ છોડાવવા આ વાત લીધી છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં નજર નાખવી જોઈએ ત્યાં નજર નાખતો નથી. લ્યો!

મુમુક્ષુ :- .. આવડતું નથી.

ઉત્તર :- આવડતી નથી, કરતો નથી. ઓલો આવે છે ને ભાઈ? આ નહિ? સવારે આવે છે ને? '**विकल्पकः परं कर्ता**'. ભાઈ! .. છે ને કે વિકલ્પનો કરનારો કર્તા તે કર્તા. આ તો તમારા પ્રશ્નનો ઉત્તર આવે છે. આવે છે ને? છે કે નહિ? ક્યાંક જુઓ તો કર્તાકર્મનું. આ તો વળી એ આવ્યું લ્યો! આ કળશ છે. છે ને. ૯૪. કર્તાકર્મ. જુઓ. ક્યાં આવ્યું વળી?

મુમુક્ષુ :- ૯૫મા પાને.

ઉત્તર :- બસ એ. '**विकल्पकः परं कर्ता**' '**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' એ જુઓ બહુ સરસ વાત છે. સવારની વાતની પુષ્ટિ માટે આવી વાત. શું કહે છે? એ '**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' હવે પ્રશ્ન ઊઠી જાય કે વિકલ્પ ક્યાં થયો? અબદ્ધ છું એમાં કરનાર ક્યાં આવ્યો? ભાઈ! એ કર્તા થઈને કરે છે માટે વિકલ્પ કર્તા તે જ એનો કર્તા છે. '**અને વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે એને ભૂલીને અને હું અબદ્ધ છું, એક છું, શુદ્ધ છું એવો જે રાગ વિકલ્પ ઉઠાવે છે, તો અહીં તો ભગવાન કહે છે કે વિકલ્પનો કર્તા તે તેનો કર્તા. છે ને? વિકલ્પ કરનાર '**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' '**विकल्पकः परं कर्ता**' '**परं**' લગાવ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

પોતે સ્વરૂપ શુદ્ધ આનંદમૂર્તિ પ્રભુ (છે). પણ એમ માને કે હું અબદ્ધ છું, રાગરહિત છું, શુદ્ધ છું એવી વિકલ્પની વૃત્તિ કરે છે, કહે છે કે એ કરનારો તે આત્મા તે વિકલ્પનો

કર્તા અને વિકલ્પ રાગ થયો તે કર્મ. એ કર્તાકર્મ એની પર્યાયમાં સંબંધ ધરાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ઝીણી વાતું. '**विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।**' છે ને? કેવળ કરે. બીજું તો કોઈ એનું કાર્ય છે નહિ. આત્મા બીજું કોઈ કાર્ય કરી શકતો જ નથી. આ જડનું કે કર્મનું. આ તો માટી ધૂળ છે. એને શું કરે? એ તો સ્વતંત્ર વસ્તુ છે. બહુ કરે તો અજ્ઞાની પોતાના આત્માને ભૂલીને હું અબદ્ધ છું, શુદ્ધ છું, એવો વિકલ્પ નામ રાગ કરે. એ રાગનો કર્તા, એ દુઃખનો કર્તા અને દુઃખ એનું કાર્ય. ઝીણું બહુ આવ્યું. ગોદિકાજી!

મુમુક્ષુ :- સમજવા જેવું છે.

ઉત્તર :- સમજવા જેવું છે. સવળું લે છે. રુચિ છે ભાઈને. આ સમજવા જેવું આ જ છે હવે. ધૂળમાં મરી ગયો અનંત વાર. કાંઈ ધૂળેય નથી. અને પૈસા ખરચે એમાં રાગ મંદ થાય ત્યાં પુણ્ય થાય. એમાં ધર્મ નથી. લે. એ તો ત્યાં કહ્યું હતું. આ સોળ લાખ ખર્ચ્યા માટે ધર્મ થાય છે? એય..! જેઠાલાલભાઈ! તમે ખર્ચ્યા? કે હું ક્યાંથી ખર્ચું? અહીં તો ચોખ્ખી વાત પહેલેથી કહીએ છીએ. પરમાણુ પૈસા જડ છે. એ પૈસાનું જવું આવવું એ આત્માને આધીન ભગવાન ના પાડે છે. કારણ કે જડ છે. જડનું કર્તવ્ય આત્મામાં અને જવા-આવવાનું (એમ નથી). જેમ ઈશ્વર જગતનો કર્તા નથી, એમ આ જડનો કર્તા આત્મા નથી. છતાં માને તો મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ? એવી વાત છે ભાઈ! કોણ કરે? ભાઈ! તને ખબર નથી. એ જગતના તત્ત્વો છે. વળી ભાઈ એક પૂછતા હતા નહિ? ત્યારે કર્તા કોણ હશે? મોહનભાઈ! એ જગતના તત્ત્વો છે. અજીવતત્ત્વ છે. માટી આ તત્ત્વ જુઓ આ. જુઓ આ અવસ્થા છે કે નહિ લોહીની? એ પહેલી અવસ્થા રજકણ તો એના એ હતા. પહેલી દાળ-ભાતની હતી અવસ્થા, એના પહેલા ધૂળની હતી, એના પહેલા બીજી હતી. બદલતી બદલતી આ અવસ્થા થઈ. જુઓ! એ રજકણ છે. ભગવાન કહે છે કે એના રજકણો પરમાણુ નિત્ય છે, અનાદિઅનંત છે. અનાદિઅનંત છે. અને એની અવસ્થા બદલે છે એ દ્રવ્યથી બદલે છે. એનો કર્તા એનો દ્રવ્ય છે, બીજો કર્તા નથી. ક્યાં જગતને તત્ત્વની ખબર ન મળે ને. માને, મિથ્યાત્વમાં માને ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું કે બીજું કર્તા તો નહિ. વિકલ્પ.. આ પરંનો અર્થ કર્યો ને? પરંની વ્યાખ્યા શું કરી? કેવળ. '**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે.**' કેવળ બધે નાખ્યું. બે બાજુ. નહિ? બેય બાજુ નાખ્યું. જોયું! શું કહ્યું? અબદ્ધ છું, શુદ્ધ છું, બીજાની ક્રિયા તો કરી શકતો નથી, (એ વાત) એક કોર રાખો. હવે આત્મા રાગવાળો છે અને દ્વેષવાળો

છે અને પુણ્યવાળો એ પણ પર્યાયબુદ્ધિમાં છે. વસ્તુમાં નથી. વસ્તુદૃષ્ટિએ જુઓ તો એ અબદ્ધ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય વસ્તુ છે. કહે છે કે ભગવાન કે ભાઈ! એ અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું, એવો પણ જ્યાં સુધી તને રાગ થાય છે ત્યાં સુધી તારું રાગનું પરિણમન કરનાર કેવળ તું કરનારો રાગનો તું છો. વાડીભાઈ! ત્યાં સુધી અધર્મ છે. આહાહા..! રાડ નાખે. લોકોએ બિચારાએ સાંભળ્યું નથી. વીતરાગ પરમેશ્વરનો ધર્મ શું છે એ સાંભળ્યો નથી લોકોએ. વાડા બાંધીને બેઠા અને માન્યું કે અમે ધર્મ કરીએ છીએ.

અહીં તો પરમેશ્વર એમ કહે છે, દિવ્યધ્વનિ દ્વારા. ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં, સીમંધર પ્રભુ કેવળજ્ઞાની. એના મુખમાંથી વાણી આવેલી આ વાણી છે. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા દિગંબર સંત હતા, ભગવાન પાસે ગયા હતા. આઠ દી ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ બધું રચાયેલું છે. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ કેવળી એમ કહે છે કે આ આત્મામાં પૂર્ણ શુદ્ધ નિર્વિકલ્પ દશા શક્તિ પડી છે. એવો આત્મા પોતાને ભૂલીને હું અબદ્ધ છું એવો પણ જે રાગ કરે છે એ પુણ્ય કરે છે, એ દુઃખ કરે છે, એ દુઃખનો અનુભવ કરે છે એ દુઃખનો અનુભવ કરનારો તે કર્તા છે અને દુઃખની દશા તે તેનું કાર્ય છે અજ્ઞાનીનું. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું બાપા! તો વળી નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એ તો બધો વિકલ્પ રાગ છે.

મુમુક્ષુ :- એ તો ક્યાંય દૂર રહ્યું.

ઉત્તર :- એ તો ક્યાંય દૂર રહ્યું. પ્રભુ! તારી વાત એવી છે ભાઈ! વીતરાગ પરમેશ્વરે કહ્યું તત્ત્વ એવું છે. જગતને સાંભળવા મળતું નથી. સમજાય છે? અને સંભળાવવા જાય તો એ સાંભળી શકે નહિ એવી આ ચીજ છે કોઈ. ભડકી ઉઠે અંદરથી અરર..ર..! ત્યારે હવે અમારે શું કરવું? કહ્યું ને શું કરવું. એય..! શેઠિયા હતા અગ્રેસર. વડાળના. કહો, સમજાણું?

અરે.. ભગવાન! પરમેશ્વર તો એમ કહે છે પ્રભુ, તું તો શુદ્ધ ચિત્ચમત્કારમાત્ર વસ્તુ છો ને નાથ! એની અંદરમાં હું શુદ્ધ ચૈતન્યચમત્કાર આનંદ છું એવો પણ જો વિકલ્પ રાગ કર તો એ રાગનું કાર્ય કરનારો તું અને દુઃખનો વેદનારો તું. એમાં બીજી કોઈ ચીજ આવતી નથી અને એ ચીજમાં ધર્મ થાતો નથી. આહાહા..! જેઠાલાલભાઈ!

**'જે જીવ વિકલ્પસહિત છે...'** જુઓ ભાષા! પણ અમૃતચંદ્રાચાર્યે તો સ્પષ્ટ કરી નાખ્યું છે ને. જુઓ! આ વસ્તુની સ્થિતિ જ એવી કહી ટૂંકા શબ્દોમાં. **'જે જીવ વિકલ્પસહિત છે તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.'** આહાહા..! વસ્તુ ભગવાન આત્મા, એનામાં અકર્તાગુણ છે. રાગનું નહિ કરવું, વિકલ્પનું નહિ કરવું એવો ગુણ છે. અનાદિઅનંત ગુણ

છે. જેમ આત્મામાં જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જાણવું... જાણવું... જાણવું... જાણવું... અનાદિઅનંત છે એમ આનંદ... આનંદ.. આનંદ... આનંદ... આનંદ... એમ આત્મામાં અકર્તા... અકર્તા... અકર્તા... અનાદિઅનંત છે. ભગવાને એવા અનંત ગુણમાં અકર્તાગુણ ભગવાને જોયો છે. અકર્તા છે. રાગનું નહિ થવું એવો ગુણ છે. પણ રાગનું કરવું એવો કોઈ ગુણ નથી. છતાં રાગનું વિકલ્પનું કર્તાપણું પર્યાયમાં ઊભું કરીને પરિણમે છે. એ એનું કર્મ છે અજ્ઞાનમાં, અધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ. આ જુઓ ક્ષણિક પર્યાયબુદ્ધિ આવી, ત્યાં આવ્યું પાછું. એ ત્યાં પર્યાયબુદ્ધિમાં આવ્યું હતું ને. આહા..!

એ પ્રકારે વર્ણવ્યું છે એક સમયની દશામાં ભાઈ! તું વસ્તુ છો ને ત્રિકાળ? અનાદિઅનંત છો. એ કાંઈ નવો થાતો નથી. કોઈ નવો ઊપજે છે? કોઈએ બનાવેલો છે? અનાદિ છે અને અનંત કાળ રહેશે. અવિનાશી વસ્તુ છે. એ કોઈ દિ' નાશ થઈને ભળી જાય એવી છે ક્યાંય? એવો ભગવાન આત્મા વર્તમાન દશામાં અવસ્થા જે બદલે છે એમાં રાગનું કરવું માને છે, રાગનો વિકલ્પ મારું કર્તવ્ય છે અને એ મારું કર્મ છે, એમ માનનારને પણ બૌદ્ધ જેવા મિથ્યાદષ્ટિ કીધા છે પર્યાયમાં માનનારા. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ?

ભગવાન કહે છે કે '**તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**' એમ કીધું ને? જ્યાં સુધી આત્મા શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. સર્વજ્ઞ પરમેશ્વરે સત્ એટલે શાશ્વત. સચિદ્દાનંદ એટલે જ્ઞાન અને આનંદ એવું એનું સ્વરૂપ છે. એવું છે છતાં એવો વિકલ્પ કરે, તો એ વિકલ્પ રાગસહિત છે એનું કર્તાકર્મપણું કદી મટશે નહિ એમ કહે છે. એય..! ન્યાલભાઈ! આવો રસ્તો છે ભાઈ! આહાહા..! આ તો એક કોર બેઠા છીએ. નહિતર તો સંપ્રદાયમાં રહેવા ન દે. એય..! એમ જ છે. આવો માર્ગ? પણ સાંભળને, માર્ગ એવો છે. તેં સાંભળ્યો પણ નથી અને તને મળ્યો પણ નથી. વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવનો માર્ગ આ છે. આહાહા..! એય..! ધીરૂભાઈ! જુઓ ભાષા તો જુઓ! '**જે જીવ વિકલ્પસહિત છે તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**' જ્યાં સુધી એ વર્તમાન દશામાં હું શુદ્ધ ચૈતન્ય છું એવો પણ વિકલ્પ નામ રાગને કરશે ત્યાં સુધી કર્તાપણું, રાગનું કર્તાપણું, રાગનું પરિણમન મટશે નહિ.

ભગવાન આત્મા. અહીં હવે આવ્યું આપણે અહીં. '**ચૈતન્યચમત્કાર જ પોતે નિત્યતારૂપ અમૃતના ઓઘ...**' ભાષા તો એમ છે નિત્યરૂપ અમૃત. કાયમ રહેનારું એમ. કાયમ રહેનારું. મરતું નથી એમ. પર્યાય તો બદલી જાય છે. ભાઈ સમજ્યાને? અવસ્થા છે ને? રાગ-દ્વેષના પરિણામ બદલતા છે. પણ વસ્તુ ધ્રુવ છે એ તો નિત્ય છે. નિત્યરૂપી અમૃત છે.

એ મરે નહિ એવો અમૃત છે. એમાં અમૃત ભરેલું છે એ ગુણ એ વળી બીજી જાત.

મુમુક્ષુ :- આ તો નિત્ય બતાવે છે.

ઉત્તર :- આ તો નિત્યપણું બતાવે છે. નિત્ય અમૃત છે. ન મરે એવું. ત્રિકાળ છે.. છે.. છે... છે... અનાદિઅનંત છે. એવો ભગવાન આત્મા નિત્યમાં નજર કરતાં, નિત્યમાં નજર કરતાં અવસ્થા જેટલો માનતો હતો એ નિત્યમાં નજર કરતાં નિત્ય ત્રિકાળ છું એવી દૃષ્ટિ થતાં તેને નિત્યમાં અભિસિંચન થયું કે હું ત્રિકાળ છું. એનો એ છું. ગયા કાળમાં રાગનો કર્તા એ હતો અને હવે આનંદનો કર્તા પણ હું નો હું છું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ભાઈ! ધર્મ તે કંઈ અપૂર્વ ચીજ હોય? નહિતર તો ધર્મ કર્યો (હોય તો) અનંત કાળમાં જે આ કરે છે એવું કર્યું હોય તો તો પછી મોક્ષ તરત થઈ જવો જોઈએ, આ કરે છે એવું કરે તો. અનંત કાળમાં કર્યું એ માયલું કરે તો તો મોક્ષ થાય. તો ગયા કાળમાં કેમ મોક્ષ ન થયો?

મુમુક્ષુ :- કાળલબ્ધિ નહોતી પાકી.

ઉત્તર :- કાળલબ્ધિ પુરુષાર્થ કર્યો નહિ. અહીં તો એ માટે તો આ કાઢ્યું છે આ. કાળલબ્ધિની વાત નથી લીધી અહીં તો.

અહીં તો રાગ કરે તે કર્તા તેનું કર્તાકર્મપણું મટશે નહિ. એક સિદ્ધાંત. એય..! આ શ્લોકમાં જ આવ્યું આમાં. એ તો હવે આવવાના છે ને. હવે આવવાના છે. વસ્તુ સ્થિતિ છે. કાળલબ્ધિનો અર્થ-ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપનું પરિણમન ન કરે, એની દૃષ્ટિ ન કરે, નિત્યાનંદ સ્વભાવનો સત્કાર, સ્વભાવ અનુભવ ન કરે ત્યાં સુધી રાગના વિકલ્પનો કર્તા થાય, ત્યાં સુધી એનું કર્તાપણું વિકલ્પસહિત છે, કર્તાપણું નહિ મટે. એટલે દુઃખના પરિણમનની દશા એને નહિ મટે. લ્યો પંડિતજી! અબદ્ધમાં કર્તાપણું ક્યાં આવ્યું?

સવારમાં આવ્યું હતું. જરી ઝીણું હતું ભાઈ! આવે ત્યારે તો જે વાત હોય એ આવે ને, બીજી ક્યાંથી આવે? એય.. ચંદુભાઈ! એ તો પ્રશ્ન કર્યો અબદ્ધનો પછી એને એ રીતે હાથમાં આવવું જોઈએને? ભાઈ! ભગવાન! તું અબદ્ધ છો તો નિશ્ચયથી અબદ્ધ જ છે. વસ્તુ કાંઈ બંધાય છે કોઈ દિ'? અવસ્થામાં રાગ થાય, પુણ્ય-પાપ થાય દશામાં, મોક્ષ પણ દશામાં (થાય). પણ વસ્તુ જે ધ્રુવ છે એ તો ત્રિકાળ છે, બંધ વિનાની છે. પણ એ બંધ વિનાની છે એવો ગોખે અંદર કે અબદ્ધ છું... અબદ્ધ છું... એક છું... એક છું... એ પણ વિકલ્પ છે. શેઠિયા પણ બોલે છે, જુઓ ભાઈ! રાગ છે. અને રાગ છે ત્યાં સુધી કર્તાપણું છે અને કર્તાપણું છે ત્યાં સુધી એનું કર્મ રાગ જ એનું કાર્ય છે. ભગવાન આત્માના ધર્મનું

કાર્ય એને નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? ચંદુભાઈ!

ભગવાન આત્મા નિત્ય... નિત્ય... નિત્ય. આમ એમ ને એમ સામાન્ય વસ્તુ પડી છે અંદર. વર્તમાન અવસ્થા જેટલો નથી. સમય સમયે બદલાઈ જાય છે. બદલે છે તે પર્યાય છે, અવસ્થા છે. વસ્તુ છે ત્રિકાળ નિત્ય છે. એટલે નિત્યાનિત્ય વસ્તુ છે. આત્મા નિત્ય છે અને પર્યાયે અનિત્ય છે. નિત્ય જ છે એકલો એમ પણ નથી અને અનિત્ય છે એકલો એમ નથી. સમજાણું કાંઈ? નિત્ય છે દ્રવ્યે, વસ્તુએ. અવસ્થાએ અનિત્ય છે. બે થઈને આખી ચીજ છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. પર પરની સાથે સ્વતંત્ર છે. એ નિત્ય-અનિત્યની અંદરમાં અનિત્યપણાને જ એકલો સ્વીકારવો એ ક્ષણિકવાદી છે એમ કહે છે.

બીજી રીતે કહીએ તો પર્યાયમાં જ બેઠો પર્યાયની વાતું કર્યા કરે છે. અને દ્રવ્ય વસ્તુ અંદર શું છે એની નજર ન કરે તો એ ક્ષણિકવાદમાં જ અજ્ઞાની જાય છે. સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધમાં કેમ લીધું આ? સર્વવિશુદ્ધમાં આવું બૌદ્ધ ને..? પણ અંદર ઈ છે. બૌદ્ધની તો વાત લીધી છે. બૌદ્ધમત ક્ષણિકને માને છે. એક મત છે ને મોટો? એમ જૈનના વાડામાં રહેલા વીતરાગના સંપ્રદાયમાં રહેલા પરવસ્તુને મારી માને તો તો મિથ્યાદૃષ્ટિ છે પણ એક સમયની અવસ્થા ઉપર લક્ષવાળો ત્યાં ને ત્યાં રહેનારો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..! જૈન નથી. એને પરમેશ્વર એમ કહે છે.

જૈન એ કોઈ વાડો નથી. જૈન એ ધર્મ છે આત્માનો. ભગવાન આત્મા નિત્યાનંદ છે આ એની દૃષ્ટિ કરી, અનુભવ કરવો રાગરહિત, એવી શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરવું એનું નામ ધર્મ છે. તો એ જૈનધર્મ એટલે વીતરાગ પર્યાય તે ધર્મ. જૈન ધર્મ કોઈ વાડો-પક્ષ નથી. વસ્તુ સ્વરૂપ છે. પરમેશ્વરે જોયેલું જાણેલું આવું તત્ત્વ છે. સમજાય છે કાંઈ?

'**નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે...**' લ્યો! નિત્યરૂપ અમૃત સમૂહ એટલે શું? એમ ને એમ, એમ ને એમ છે... છે... છે... છે... નિત્ય.. નિત્ય.. નિત્ય. આત્મા અનાદિ એમ છે... છે... છે... છે... છે. જ્ઞાનગુણ... ગુણ... ગુણ... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... આનંદ... છે... છે... છે... છે. એ '**વડે અભિસિંચન કરતો થકો,...**' નિત્યતાના ભાન વડે, નિત્યતાના સ્ફુરણ દ્વારા આત્મામાં અજ્ઞાનને દૂર કરતો એનો અભિષેક કરે છે કે હું નિત્ય ત્રિકાળ છું. કહો, સમજાણું આમાં? આહાહા..! એ નિત્યનું ભાન થયું. એ સર્વજ્ઞનો પુત્ર થયો. એને અભિષેક થયો. હવે સર્વજ્ઞ થવાનો, એમ કહે છે. ઓલું સંસ્કૃતમાં જોયું હતું. આ અર્થ શું કરે છે? એમાં અભિષેક શબ્દ પડ્યો છે. છે તમારી પાસે? નથી. કેટલામો છે ઈ? (પરમઅધ્યાત્મ તરંગિણી, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર-૧૪)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**अभिसिंचन अभिषेकं कुर्वन् सर्व नित्यस्वरूपं प्रतिदर्शनयन्**'. દેખાય છે. એમ પાછો અર્થ કરે ભાઈ! '**अभिसिंचन अभिषेकं कुर्वन्**' હું નિત્યાનંદ નિત્ય ધ્રુવ છું એવી દૃષ્ટિ થતાં નિત્યનો અભિષેક થયો પર્યાયમાં કે હું નિત્ય ત્રિકાળ છું. શુદ્ધ ત્રિકાળ છું, આનંદમૂર્તિ ત્રિકાળ છું એમ સમ્યગ્દર્શન ભાન થતાં, નિત્યતાનું ભાન ત્યારે થાય, નહિતર નિત્યતાનું ભાન થતું નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**अभिसिंचन अभिषेकं**' લીટી કરીને કર્યું છે હોં! '**अभिसिंचन**' લીટી કરી છે. '**अभिषेकं कुर्वन् सर्व नित्यस्वरूपं प्रतिदर्शनयन् इत्यर्थः**' નિત્ય દેખાય છે. એમ. એક ક્ષણની અવસ્થા, પરવસ્તુ ક્યાંય ગઈ, રાગ પણ ગયો એકકોર, એક સમયની અવસ્થા છે એ નિત્ય ધ્રુવમાં જાય તો નિત્યાનંદ પ્રભુ છે, કાયમ રહેનારો છે એમ એનું ભાન થાય. ત્યારે એને સમ્યગ્દર્શનથી અભિષેક થયો કે હું નિત્ય છું. એ નિત્યમાં એકાકાર થતાં થતાં ચારિત્ર અને નિત્યમાં એકાકાર થતાં કેવળજ્ઞાનને લેશે. આ સિવાય બીજો કોઈ વીતરાગમાર્ગમાં ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..! શું કરે? અભિસિંચન કરે છે, લ્યો.

'**ભાવાર્થ :- ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે.**' આખો આત્મા જ બીજો છે એમ માને છે. '**આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે-**' આહાહા..! '**કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે.**' જુઓ! અનુભવગમ્ય નિત્ય વસ્તુ છે. એ નો એ વિકલ્પ રહિત ત્રિકાળ ચૈતન્ય છું, એવો અનુભવ થતાં તેને નિત્યતાનું ભાન થશે. એ ચૈતન્ય જ નિત્યતાનું ભાન કરાવશે એમ કહે છે.

'**પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે હું પહેલા હતો તે જ છું; આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે.**' લ્યો ભાઈ કાલે હું આવો હતો અને આજે હું આ. એમ કહે છે કે નહિ? એ નો એ થયો. કાલે હતો એ નો એ છે આજે. અવસ્થા બદલી પણ વસ્તુ તો (નિત્ય છે). કાલે મને બહુ વિકલ્પ આવતા હતા, આજે મને નિર્વિકલ્પતા થઈ. લ્યો, એ તો એ નો એ થયો. બાળવયમાં મારી બુદ્ધિ થોડી હતી, હવે મારી બુદ્ધિ વધી. બુદ્ધિ એટલે પર્યાય. પણ વસ્તુ તો એ ની એ રહી ને? કહો, સમજાણું કાંઈ?

'**આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન...**' સમજ્યાને? આ નું આ. એમ. '**અહીં બૌદ્ધમતી કહે છે કે-જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે;...**' એ લોકોનો મત છે કે હું આ ક્ષણે છું બીજે ક્ષણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એનો એ જ છું એ માનવું અવિદ્યા છે, સંસ્કાર અજ્ઞાનના. એ અવિદ્યા સંસ્કાર નીકળી જાય ત્યારે તને ભાન થાશે. પણ ભાન કરનારો નાશ થઈ ગયો પછી રહેશે કોને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રહ્યો ક્યાં? કહો, સમજાણું?

‘**પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય, સમસ્ત ક્લેશ મટે.**’ એમ અજ્ઞાની કહે છે, હોં! ‘**તેનો ઉત્તર આપવામાં છે કે-હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે...**’ હવે દલીલ કરે છે... આવે છે આમાં હોં! ઓલામાં આવે છે જયસેનાચાર્યમાં. ‘**તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે?**’ એટલે કહેનારો એનો એ છે કે બીજો છે? પહેલા જેણે દલીલ કરી કે જો આત્મા ક્ષણિક છે એ બીજે ક્ષણે રહેતો નથી. એ દલીલ કરનાર ક્ષણિક કહેવા વખતે પણ એ નો એ અને દલીલ પૂરી થઈ ત્યાં સુધી પણ એ નો એ છે કે બદલાઈને આત્મા બીજો થઈ જાય છે?

‘**આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે?**’ તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે કે માનીને તું દલીલ કરે છે, ‘**આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે...**’ જુઓ સામે લીધું હવે. પહેલા આમ લીધું. આત્મા ક્ષણિક છે એમ જે દલીલ કરે છો, એ દલીલ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધીનો તું નો તું છો? કે પહેલી ક્ષણવાળો આત્મા બીજો અને દલીલ લાંબી થઈ ત્યાં સુધી બીજો આત્મા છે? જો બીજો હોય તો પછી કરનારો એકનો એક રહ્યો નહિ, બીજી દલીલનો કરનાર પહેલો હતો એ દલીલમાં ખંડ પડી ગયો. અને સાંભળનારને તું કહે કે ભાઈ સાંભળ! આત્મા ક્ષણિક છે, સાંભળ! ત્યારે સાંભળનારો ક્ષણિક છે એ લાંબી દલીલ જ્યાં સુધી રહે ત્યાં સુધી એનો એ આત્મા રહે છે? કે બીજો બીજો થઈ જાય છે? જો બીજો બીજો થઈ જાય તો દલીલ એણે સાંભળી નહિ. એણે ન સાંભળી. કહો, સમજાણું કાંઈ?

‘**આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું?**’ કારણ કે ક્ષણે ક્ષણે બદલાઈ જાય. હવે તારી વાત તો કોઈ સાંભળતું નથી. કારણ કે પહેલો સાંભળનારો (કોઈ), બીજો સાંભળનારો બીજો થઈ ગયો. એટલે આખી દલીલ (સાંભળીને) એને આ આત્મા ક્ષણિક છે એવો નિર્ણય કરવાનો એને પ્રસંગ રહેતો નથી. આહાહા..! એવી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભૂલ કરી છે. એ અવસ્થા ઉપર દૃષ્ટિ. ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ એને ભૂલી, બસ! અવસ્થા ઉપર પોતાનું વજન-સર્વસ્વ. સમજાણું?

પર્યાયમાં પોતાપણું માનીને બેઠો છે એ ક્ષણિકવાદી છે. એક સમયની બીજી અવસ્થા તો ક્યાં ગઈ? શરીર, કર્મ અને રાગ મારો એ તો ક્યાં ગયું? એક સમયની અવસ્થા થાય એટલો માનીને અવસ્થામાં બેઠો છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને ધર્મની ખબર નથી. આહાહા..! બહુ ઝીણું પણ ભાઈ! આવો ધર્મ ક્યારે થાય? માણસ કહે છે. એય..! ચંદુભાઈ! ભગવાન! એ નક્કી કરવું પડશે. ભાઈ! આ રીતે નક્કી નહી કરે તો એને ધર્મ થાશે નહિ. મરી જાય અપવાસ કરીને, વ્રત પાળીને, દયા કરીને. એ તો બધા વિકલ્પો છે. વિકલ્પની સમયની પર્યાયમાં એ આખો આત્મા નથી આવતો. આખો ધ્રુવ રહે છે. એવી અંતરની દૃષ્ટિ આત્માના નિત્યની દૃષ્ટિ કર્યા વિના તને ધર્મ ત્રણ કાળમાં ક્યાંયથી આવતો અને થતો નથી. આહાહા..! વાત નિત્ય ઉપર વાળવા માટે આ અધિકાર લીધો છે હોં!

**'આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી.'** નીચે છે ને એ? **'જો એમ કહેવામાં આવે કે આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે...'** એમાં એમ છે બૌદ્ધમતિ હોં. **'તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે?'** પહેલો આત્મા ક્ષણમાં હતો એ બીજા આત્મામાં સંસ્કાર નાખતો જાય. પણ સંસ્કાર શેમાં નાખે? બીજો તો નહોતો એમાં નાખે શી રીતે? પોતે નથી એ તો બીજાને નાખે શી રીતે? એક અવસ્થામાં બીજી અવસ્થા તો નથી. ત્યારે અવસ્થા ગઈ એને નાખી શી રીતે શકે? અને નથી એમાં નાખી શી રીતે શકે? ઝીણું છે જરી. સમજાય છે આમાં? પર્યાય છે ને પર્યાય? એને જો આત્મા માને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો પલટી ગયો. પહેલાએ સંસ્કાર નાખ્યા શેમાં? કારણ કે બીજો તો એને મળ્યો નથી. બીજી પર્યાય એને મળી નથી. મળી નથી તો નાખ્યા શેમાં? અને આ પોતે ટકી નથી લાંબી તો ટક્યા વિના બીજામાં નાખી શેમાં? બરાબર દલીલ છે કે નહિ? આહાહા..! એમ કરીને સિદ્ધ નિત્ય કરે છે. સમજાણું? પર્યાયબુદ્ધિ છોડ. એમ કહે છે. એક અવસ્થાનો સમય પર્યાયનો વિકલ્પ કે ઉઘાડ એનું લક્ષ છોડી દે. ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે એની દૃષ્ટિ કરતાં તને સમ્યગ્દર્શન થશે એને ધર્મ કહેવામાં આવે છે. એમ કહેવા માગે છે. બીજું માનવું કે મારા છે એમ માનવું તો છોડી દે, પણ એક ક્ષણિક જેટલી અવસ્થા જેટલું માનવું એ પણ છોડી દે. ત્રિકાળ આત્મા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'તોપણ જે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.' 'માટે એમ સમજવું કે આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે.'** ભગવાને આત્માને નિત્ય પણ કહ્યો છે.

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.

એને ને એને થાય. નિત્ય છે એને થાય. એવો નિત્ય પ્રભુ વર્તમાન અવસ્થામાંથી લક્ષ છોડી દઈ અને ત્રિકાળની દૃષ્ટિ કરતાં જે નિત્યતાનું ભાન થાય તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. તેને ભગવાને ધર્મ થવા માટે આ વાત કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૪, મંગળવાર તા. ૨૧-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૭, ગાથા-૩૪૫ થી ૩૪૮, પ્રવચન-૪૦૩**

૨૦૭ કળશ છે. સર્વવિશુદ્ધ અધિકાર. **'ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું...'** કેટલાક બૌદ્ધમતિ જીવ આત્માને એક સમયની અવસ્થા જેટલો માને છે. એમ એક સમયની અવસ્થા માને અને પર્યાયબુદ્ધિવાળો પણ આત્માને એક સમય પૂરતો જ માને છે. સમજાય છે કાંઈ? વસ્તુ ત્રિકાળ આત્મા અનંત ગુણનો પિંડ ધ્રુવ છે. એની વર્તમાન અવસ્થા એક ક્ષણની છે. ધર્મીની પર્યાયબુદ્ધિ હોતી નથી. અંશ જેટલો આત્મા હોતો નથી. એનો અંશ છે એ ક્ષણે ક્ષણે બદલે છે એટલો જ આત્મા માનીને દ્રવ્ય વસ્તુની દૃષ્ટિ કરતા નથી અને ત્યાં પર્યાયના જ્ઞાનમાં ક્ષયોપશમમાં, એની શ્રદ્ધામાં, રાગની મંદતામાં સંતોષાઈ ગયા છે એ બધા પર્યાયબુદ્ધિ, ક્ષણિક બુદ્ધિ, બૌદ્ધ બુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- જૈન હોવા છતાં?

ઉત્તર :- જૈનમાં હોવા છતાં. એ જૈનના વાડામાં જન્મ્યા છતાં ભગવાન આત્મા એક સમયમાં ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ધાતુ, એને ન માનતા એક સમયની અવસ્થા પૂરતો સંતોષાઈ ગયો છે, એક સમયની પર્યાય આત્મામાં છે, એનામાં ઉઘાડ હોય ક્ષયોપશમ, એનામાં રાગની મંદતા હોય એટલો જ આત્મા અને આ આપણે બસ છે, આ ઘણું કર્યું (એમ માને છે).

મુમુક્ષુ :- કાંઈક કર્યું છે એમ માને છે.

ઉત્તર :- કાંઈક કર્યું છે એ મિથ્યાત્વ છે. કાંઈ કર્યું નથી. પર્યાયમાં, અંશમાં... વસ્તુ ત્રિકાળ છે. એની એક સમયની અવસ્થામાં જે કાંઈ ક્ષયોપશમ થાય જ્ઞાનનો, શ્રદ્ધાનો વ્યવહાર આદિનો કે રાગની મંદતાનો, વીર્યના વિકાસનો એક સમયની અવસ્થાને માનનાર એટલામાં સંતોષાઈ જનાર, એટલામાં પોતાપણું સર્વસ્વ જાણ્યું છે અને ધ્રુવ ત્રિકાળ દ્રવ્ય છે તે દૃષ્ટિમાં લેતો નથી. એ ક્ષણિકવાદી મિથ્યાદૃષ્ટિમાં જાય છે.

મુમુક્ષુ :- એ તો ગ્રહીત મિથ્યાદૃષ્ટિ છે.

ઉત્તર :- ગ્રહીત મિથ્યાદૃષ્ટિ છે. બૌદ્ધને માને છે. એનો અર્થ એ છે. સમજાણું કાંઈ? જુઓ! ઈ કહે છે.

**'ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે'**

**वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात्।**
**अन्यः करोति भुङ्क्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।।२०७।।**

શું કહે છે?

'**શ્લોકાર્થ :- વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે...**' શું કહે છે? જરી ઝીણી ભાષા છે પણ એની વસ્તુ... વસ્તુ છે આખું શક્તિ તત્ત્વ અનંત ગુણનો પિંડ આત્મા. આત્મા આ વસ્તુ છે એ ભગવાનના જ્ઞાનમાં આવી છે દ્રવ્ય-પર્યાયરૂપ. તો દ્રવ્ય જે વસ્તુ છે એ તો શક્તિનું સત્ત્વ, એ દ્રવ્યશક્તિ કહો, ગુણશક્તિ કહો. એ જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિનું આખું સત્ત્વ વસ્તુ ધ્રુવ છે. એને જે માનતો નથી,.. અહીં તો અંદરમાં સર્વવિશુદ્ધ અધિકારમાં લાવ્યા છે આ વાત. સમજાય છે કાંઈ? એની દશામાં વર્તમાન એક સમયની પર્યાય જે વિકાસ અને વ્યક્ત છે... શું કીધું? વસ્તુની એક સમયની પર્યાય જે વ્યક્ત અને વિકાસ નામ પ્રગટ છે એટલો જ આત્માને માને છે. સમજાય છે કાંઈ? વસ્તુ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ આનંદમૂર્તિ (છે) એની દૃષ્ટિ કરતો નથી તે ક્ષણિક અવસ્થાને જ આખો આત્મા માનીને સંતોષાઈ ગયેલા છે. ત્યાં આગળ એને સર્વસ્વ તેમાં જ મનાઈ ગયું છે. સમજાય છે કાંઈ?

'**વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે...**' અવસ્થાઓ જે બદલાય છે ને આત્માની? અવસ્થા બદલાય છે ને પર્યાય? આત્મા, વેદાંત કહે છે તેમ કૂટસ્થ નથી, તેમ બૌદ્ધ કહે છે તેમ એકલી ક્ષણિક અવસ્થા પૂરતો નથી. આ તો ત્રિકાળ વસ્તુ રહે છે અને એની અવસ્થા બદલે છે. તો જે બદલાના ભેદને લીધે '**વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે...**' એમ જેની કલ્પનામાં આવે છે. જુઓ! '**એવી કલ્પના દ્વારા...**' છે? અવસ્થા બદલતા, પર્યાય બદલતા વૃત્તિનો અંશ, અવસ્થા બદલતા જાણે આખું દ્રવ્ય જ બદલી ગયું હોય. સમજાય છે કાંઈ? એટલે દ્રવ્યનો જ નાશ થઈ ગયો હોય.

એક મનુષ્ય અહીંયા હોય એક સમયમાં છેલ્લે. મરીને દેવ થાય. લ્યો! ભાવ એવા હોય શુભાદિ. એને એમ થઈ જાય કે આ તો બધું.. આત્મા જ જાણે બીજો થઈ ગયો! અહીં રાગની પર્યાય અમુક હતી, મનુષ્યની, દેહની અમુક જ્ઞાન હતું. દેખાવામાં બાહ્ય સંયોગનું જ્ઞાન પણ અમુક જાતનું હતું. અહીંથી જ્યાં ઊપજ્યો ત્યાં બીજી આખી લાઈન ફરી ગઈ. પર્યાયમાં ફરી છે. પણ પર્યાય ફરતાં જાણે હું જ આખો નાશ થઈ ગયો ભેગો એમ જે '**કલ્પના દ્વારા અન્ય કરે છે અને અન્ય ભોગવે છે એવો એકાંત ન પ્રકાશો.**' આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય કરુણા કરીને કહે છે, '**मा चकास्तु**' '**मा चकास्तु**'. ભગવાન! એક સમયની અવસ્થા જેટલો તું ન માન. સમજાય છે કાંઈ?

શું કહે છે? '**અન્ય કરે છે...**' ભાઈ! વર્તમાન આત્મા બીજો રાગાદિ કરે અને પાપ કરે અહીંયાં નરકમાં ભોગવે એ આત્મા જ બીજો છે. એમ ન '**चकास्तु**', એમ ન પ્રકાશો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! એમ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? અહીં કાંઈક પાપના ભાવ કર્યા, મરીને નરકમાં ભોગવે એ દશા બીજી છે, આ દશા બીજી છે. દશા બીજી માટે આત્મા જ બીજો છે એમ માને છે એને કહે છે કે ભાઈ! આમ ન કર, આમ તું ન માન. સમજાણું કાંઈ? તું નો તું છો પ્રભુ! એ તો તારી અવસ્થા બદલી છે. સમજાય છે કાંઈ? અહીં પુણ્યાદિના ભાવ થયા આ દશામાં અને ત્યાં સ્વર્ગમાં જાય તો પુણ્યનું ફળ બાહ્ય અનુકૂળ આદિ હોય. એટલે જાણે આત્મા જ અવસ્થા બદલતા અનેરો કરનાર અને અનેરો ભોગવનાર. અનેરો અહીં હતો અને અનેરો ત્યાં થયો. દ્રવ્ય અનેરું થયું. એમ છે નહિ. સમજાય છે કાંઈ?

'**વૃત્ત્યાંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે વૃત્તિમાન અર્થાત્...**' વસ્તુ એનો જ જાણે '**નાશ પામે છે એવી કલ્પના દ્વારા અન્ય કરે છે અને અન્ય ભોગવે છે...**' અનેરો કરે અને અનેરો ભોગવે. પર્યાય અનેરી અને ભોગવવાની પર્યાય અનેરી. એમાં દ્રવ્ય જ અનેરું થઈ ગયું, વસ્તુ જ અન્ય થઈ ગઈ, એમ માનનારા દ્રવ્ય ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધ સમાન જેનું સ્વરૂપ છે (તેને માનતા નથી). સિદ્ધ ભગવાન જે પર્યાયમાં થયા એ પર્યાય આવી ક્યાંથી? શક્તિનું સત્ત્વ આખું પડ્યું છે. મોટું સત્ત્વ ધ્રુવ છે. એમાંથી એ પર્યાય (આવી). એટલે પર્યાય જેટલો નથી, એ ત્રિકાળ છે આત્મા. સમજાય છે કાંઈ? ઘણાં એમ (છે) ને કે આપણે વર્તમાન છે અને વર્તમાન સુખી. આગળ શું થાશે શું કામ છે? એનો અર્થ જ એને આગળ આત્મા આનો આ રહેશે એવી શ્રદ્ધા નથી. વર્તમાનમાં આપણે સુખી તો બધે સુખી. જાવ. રાગથી, પુણ્યથી વર્તમાન સુખી હોઈએ તો સદાય સુખી. પછી ભવિષ્યમાં વળી શું થાશે આત્માનું શું કામ છે? એ માનનારા આત્માની ત્રિકાળી સત્તાને માનતા નથી. સમજાણું? આ તો એક વર્તમાન પૂરતો એક સંયોગ છે. આ જ્ઞાન પણ વર્તમાન પૂરતું, રાગ પણ વર્તમાન પૂરતો અને આ સંયોગ એ પણ વર્તમાન પૂરતો આમ સંબંધ છે. એટલો આત્મા છે? આપણે તો આટલી સગવડતા હોય અને આટલું હોય તો બસ છે. આપણે બધું કાંઈ જોઈતું નથી. એ આત્માને ત્રિકાળી માનતા નથી, વર્તમાનને જ ત્રિકાળી માને છે. આહાહા..!

મુમુક્ષુ :- જગતમાં મોટા ભાગે એવું છે.

ઉત્તર :- મોટો ભાગ નિગોદથી માંડીને એ પર્યાયબુદ્ધિવાળા જ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક કહે પેલા આ તત્ત્વનો વિરોધ કરે. તમારો છે ને વિરોધ કરે. ભાઈ, વિરોધ કરનારાની સંખ્યા તો નિગોદથી માંડીને અનંતી છે. કહે હવે શું કરવું? એની શ્રદ્ધામાં સત્યનો વિરોધ છે. એવા માનનારા તો અનંત છે. અનાદિના છે, નવા ક્યાં હતા એમાં? સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ભગવાનના વખતમાં હશે?

ઉત્તર :- બધા ભગવાનના વખતમાં (હતા અને) અનાદિઅનંત છે. એ પર્યાયબુદ્ધિવાળા, રાગથી ધર્મ માનનારા, વિકલ્પથી ધર્મ માનનારા, નિમિત્તથી કાર્ય માનનારા, પરથી હું ટકનારો માનનારા એવા તો અનાદિના છે. સમજાય છે કાંઈ? એની સંખ્યા જ એ છે અનંતની. ગોદિકાજી! આહાહા..!

બીજી રીતે કહીએ તો વર્તમાનમાં સુખની કલ્પના થાય (કે) આ બધું. એટલો સંતોષાઈ જાય છે એ મૂઢ દ્રવ્યને માનતો જ નથી. વસ્તુ ત્રિકાળી આત્મા અનાદિઅનંત ધ્રુવ ચૈતન્ય છે. સર્વજ્ઞ ભગવાને એવા અનંત આત્માઓ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જોયા છે. સમજાય છે કાંઈ? અને તેવો જ આત્મા આ અનાદિઅનંત ધ્રુવ ચૈતન્ય નિત્યાનંદ છે. અવસ્થા ક્ષણે બદલતા છતાં દ્રવ્ય તો તે નું તે છે. એને ક્યાં એને એમ થઈ જાય છે કે વર્તમાન બસ થાય. આપણે દુનિયામાં સચવાઈ જાય ને, આ આટલા માણસોમાં આપણે જન્મ્યા ત્યાં આપણું સચવાઈ જાય. ગોલણ ગાડા ભરે. માણસ કહે ને કે ભાઈ કે આપણે દેખીએ છીએ ને જેમાં એટલામાં આપણી સરખાઈ. અહીંથી જીવતા જો બીજા દેશમાં જઈએ ત્યાં તો વાસણ.. સમજ્યા ને? ઉટકીને પણ રોટલા ખાશું. પણ અહીં શી રીતે કહેવાય? સારા સારા દીકરા કહેવાય, ધોળા લૂગડા પહેરીને બેઠા હોય. હવે પછી પૈસા હોય નહિ, સાધન ન હોય તો કરવું શું? નોકરી કરાય નહિ. વાસણ ઉટકાય નહિ. અહીંથી બચીને બીજે જાશું ત્યાં આપણે કરી શકશું. આત્મા એનો એ છે કે ત્યાં બીજો કોઈ છે? સમજાણું કાંઈ? એમ ઘણાંને વર્તમાનમાં.. આહાહા..! શરીર ઠીક રહ્યું, આ પૈસા ઠીક રહ્યા, આબરૂ ઠીક રહી આ રીતે વર્તમાન બસ.. બસ.. થઈ રહ્યું. આહાહા..! એ દેખાડવા માગે જગતને. જો આટલામાં હું છું. સમજાય છે કાંઈ? એ આ વાત એમ કહેવા માગે છે અહીં.

મુમુક્ષુ :- પોતે બોધ નથી કર્યો.

ઉત્તર :- હા, ઈ વાત છે. પોતાના આત્મામાં વર્તમાન સમયના જ્ઞાનનો ઉઘાડ એટલો બતાવવા માગે છે કે જો આ હું આવડો છું, જો આવડો. એ બધા પર્યાયને માનનારા છે. વકીલો એમાં આવતા હશે ભેગા? આહાહા..! સમજાણું કાંઈ? વાત તો એ છે. સૂક્ષ્મ વાત છે જરી. સર્વવિશુદ્ધ અધિકારમાં બૌદ્ધને લીધા છે એનો અર્થ પર્યાયબુદ્ધિવાળા લીધા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન ત્રણ લોકનો નાથ ચિદાનંદ પ્રભુ, ધ્રુવ ધ્રુવ સત્ નિત્ય છે. એના ઉપર માહાત્મ્ય નથી, એની એને ખબર નથી, તે જોવાને પ્રયત્ન કરતો નથી. અને વર્તમાન ઉઘાડને જોવે અને એટલો બતાવવા પ્રયત્ન કરી રહ્યો છે. જેઠાલાલભાઈ! આહાહા..! સમજાણું? વર્તમાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દશાની અનુકૂળતા, બસ થઈ રહ્યું. ઓહો..! છોકરા, પૈસા, આબરૂ, આ શરીર ઠીક રાખ્યું. રાખ્યું અથવા રહ્યું. એ હું રહ્યો. એ પર્યાયબુદ્ધિવાળી દૃષ્ટિ પર ઉપર જાય છે આમ. એક સમયને માનનારાઓ તેને સંબંધ એક સમયની દશા આ એટલો હું છું એમ માને. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ પર્યાયબુદ્ધિ નાહિ. આવે છે ને? 'આતમ ગવેષી ન ગૃહસ્થ હૈ ન યતિ હૈ.' સમ્યગ્દૃષ્ટિ ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ત્રિકાળી પૂર્ણાનંદ ધ્રુવ સામાન્ય એકરૂપ એવી દૃષ્ટિ હોય છે. સમજાય છે કાંઈ? એવો આત્મા વૃત્તિ અંશની કલ્પના દ્વારા જાણે દ્રવ્યનો નાશ થયો, અન્ય કરે છે અને અન્ય ભોગવે છે. અનેરી દશા કરે ને અનેરો આત્મા કરે, અનેરો આત્મા બીજે ક્ષણે કે બીજે ભવે ભોગવે. એમ માનનારા ક્ષણિક વસ્તુને માને છે, ત્રિકાળ દ્રવ્યને માનતા નથી. આહાહા..! કેટલાક એમ પણ હોય છે ને? આપણી વર્તમાન જેટલી જો આબરૂ સરખી રહી ગઈ, બસ પછી શું કામ છે? એ મૂઢ છે, ઈ કહે છે. તારા વર્તમાન પર્યાયમાં મરી ગયો તું. તારા દ્રવ્યને નાશ કર્યો. ચંદુભાઈ! આહાહા..!

ભાવાર્થ. એમાં કહે છે, એકાંત ન પ્રકાશો. પ્રભુ! એવું તારું સ્વરૂપ એમ નથી. ભાઈ! સમય સમયની અવસ્થા અહીં થાય, બીજે ભવે બીજી થાય, એ અપેક્ષાએ કરે આ અને બીજો ભોગવે એ પર્યાયદૃષ્ટિએ બરાબર છે, પણ વસ્તુદૃષ્ટિએ તું કહે કે એ કરે અને બીજો ભોગવે તો એ વસ્તુ એવી છે નહિ. દ્રવ્ય તો એનું એ છે. ઈ કરે અને ઈ ભોગવે. દ્રવ્ય એવું છે ત્રિકાળી.

'**ભાવાર્થ :- દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે.**' એ અવસ્થા ગઈ એટલે આખો એમાં જ હું રહ્યો. અવસ્થા રહી ને થઈ ને ગઈ એટલો જ હું. બસ! થઈ રહ્યું. જાવ. આ નથી કહેતા? આંખ મીંચાણી પછી કોને ખબર છે શું છે કે નહિ? એમ ઘણાં કહે છે ને? આ બધા ધર્મ કરનારા કરનારા આ કહો છો તમે, એ પાછા જાય છે ક્યાંક, આવે છે પાછા? પણ ન આવે એટલે શું થયું પણ? ન આવે એ તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પુણ્યના યોગને એવા પ્રસંગને લઈને આવતા નથી. એથી વસ્તુ અહીં છે એનો એ ત્યાં નથી? જેવો અહીં છે એવો ને એવો સ્વર્ગમાં છે. સમજાય છે કાંઈ? એમ પાપ કરેલો આત્મા છે. જેવા પાપ કર્યા છે એનો એ આત્મા નરકમાં છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી. છ ખંડનું રાજ અને સાતસો વર્ષ ભોગ લીધા. મરીને ૩૩ સાગરે સાતમી નરકે છે અત્યારે. કહો. સાતસો વર્ષ ફક્ત અહીં ચક્રવર્તીનું રાજ. છ ખંડ, છન્નું હજાર સ્ત્રી, બત્રીસ હજાર રાજ, ચામર ઢાળનારા. સાતસો વર્ષનું કલ્પનાનું સુખ. મરીને સાતમી નરકે ૩૩ સાગરમાં છે. એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક એક મિનિટ ઉપર અસંખ્ય વર્ષનું દુઃખ. સમજાય છે કાંઈ? હજી સાતમી નરકમાં છે. હજી તો થોડા વર્ષ ગયા છે. હજી તો પલ્યનો અસંખ્ય અમુક ભાગ ગયો છે. એ તો કેટલા બાકી. ૩૩ સાગર. સાતમી નરક પાતાળ છે. રવરવ નરક આદિ ત્યાં... શું કહેવાય ઈ? નરકાવાસા. નરકાવાસા. નરકમાં વાસ રહેનારા ... એ મરીને ૩૩ સાગરે ગયેલો છે. સમજાણું કાંઈ? એનો એ આત્મા રાજમાં માનતો હતો કે હું સુખી. એનો એ મરીને રાડ રાડ (નાખે છે). હાય હાય અરે..! આ શું છે? આ શું છે? પણ શું છે? એ તું નો તું અહીં છો અને તું નો તું ત્યાં છો. એ દશા બદલાણી એથી કાંઈ દ્રવ્ય બીજું થઈ ગયું નથી. સમજાણું કાંઈ?

**'દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે.'** એ તો પર્યાય જેટલો આત્મા. બાપુ! આમાં ક્યાં બીજો દેખાય છે? **'આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય...'** અવસ્થા એટલે પર્યાય. એ પર્યાય ધરનારો જે ત્રિકાળી વસ્તુ, એનો નાશ થાય તો અવસ્થા કોને આધારે રહે? કોને આધારે થાય? ન્યાય સમજાય છે? અવસ્થા જે પર્યાય બદલાય છે એ બદલનારમાં આખી વસ્તુ જો નાશ થઈ જાય તો બદલવું કોને આધારે થાય? સમજાય છે? વિચારો બદલાય એ વિચારો બદલાતા વસ્તુ નાશ થઈ જાય તો અવસ્થા કોને આધારે થાય? કોને આધારે રહે? સમજાય છે કાંઈ આમાં?

**'પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી...'** દેખો! અવસ્થાના નાશનો અને અવસ્થાના ધરનારના નાશનો **'શૂન્યનો પ્રસંગ આવે છે.'** કારણ કે પર્યાય રહી નહિ અને દ્રવ્ય ન રહ્યું. પર્યાય એક સમયે નાશ થઈ તો પર્યાય રહી નહિ. હવે એની સાથે દ્રવ્ય પણ બીજું થયું એટલે દ્રવ્યનો નાશ થયો. પર્યાય દ્રવ્ય બેયના નાશ થઈ ગયા. સમજાણું કાંઈ?

**'હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે :-'**

**केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।**
**जम्हा जम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो।।३४५।।**
**केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।**
**जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो।।३४६।।**
**जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।**
**सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।।३४७।।**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।**
**सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।।३४८।।**

નીચે હરિગીત.

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૫.**
**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૬.**
**જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.**

અરિહંત ભગવાન ત્રિલોકનાથના મતનો એ નથી.

**જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.**

એની '**ટીકા :- જીવ, પ્રતિસમયે સંભવતા...**' જોયું! '**પ્રતિસમયે સંભવતા...**' સંભવતા નામ થતાં થાય છે. સમજાય છે? આત્મા અનંત રજકણો છે આ જડ, એ અનંત દ્રવ્યો ભિન્ન છે. એમ અસંખ્ય કાળાણુઓ છે, એક ધર્માસ્તિ છે, એક અધર્માસ્તિ અને એક આકાશ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. ભગવાને કેવળજ્ઞાનમાં પરમાત્માએ છ, જાતિએ છ વસ્તુ જોઈ છે. સંખ્યાએ અનંત. આત્મા અનંત છે. આ પરમાણુ એથી અનંતગુણા છે. કાળાણુઓ અસંખ્ય, ધર્માસ્તિ આદિ એક એક છે. એમાં દરેકને એટલે જીવને. હવે અહીં જીવની વાત લેવી છે ને?

આ '**જીવ, પ્રતિસમયે...**' પ્રતિસમયે એટલે પ્રત્યેક કાળે. પ્રત્યેક સમયે, પ્રત્યેક સમયે એટલે વર્તમાન અંશની દશામાં '**સંભવતા...**' તે તે કાળે તે તે પર્યાય સંભવતા-થતાં. દરેકમાં સંભવતા શબ્દ વાપર્યો છે. '**(-દરેક સમયે થતાં)**' ટૂંકો અર્થ કર્યો છે. તે તે સમયે સંભવતો થવાનો તે તે પર્યાય તે સમયે થાય. સમજાણું કાંઈ? '**જીવ પ્રતિસમયે...**' પ્રત્યેક સમયે. શરીર, વાણી, કર્મ ભિન્ન. એની સાથે કાંઈ સંબંધ નથી. ભગવાન આત્મા ભિન્ન છે. ક્ષણે ક્ષણે દરેક કાળે, દરેક સમયે દરકે પર્યાયમાં '**સંભવતા...**' શું સંભવતા? '**અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...**' આત્મામાં અગુરુલઘુ નામનો એક ગુણ છે. અગુરુલઘુ નામનો એક આત્મામાં ગુણ છે કે જેથી તેની ક્ષણે ક્ષણે અવસ્થા પોતામાં પોતાથી નિર્મળ અવસ્થા કે મલિન, એને જે સમયે જે છે એ થવાની થાય છે.

'**અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી...**' આત્મા પ્રત્યેક સમયે સંભવતા

અગુરુલઘુગુણ દ્વારા ક્ષણિક હોવાથી. સમયે સમયે અવસ્થાની અપેક્ષાએ ક્ષણિક છે. આ તો એની સાથે કાંઈ સંબંધ નથી. સમય સમયની અવસ્થાથી તે ક્ષણિક છે. આત્માની એક સમયની અવસ્થા. જુઓ! પ્રતિ એક સમયની વાત લીધી છે અહીં. અસંખ્ય સમય નથી લીધા. આહાહા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમય જે હોય છે જીવમાં, એક સમયમાં પ્રતિ સમયે સંભવતા જે પરિણામ. જે અનંત ગુણ છે એના તે સમયે સંભવતા અનંતી પર્યાયો તે સમયે ક્ષણિક થાય છે. આ પણ નવરાશ ક્યાં છે આવું નક્કી કરવું ઈ. સમજાણું કાંઈ? દુનિયાની માથાકૂટ કરીને.. આહાહા..! અરે..! દુઃખી થઈને, દુઃખી થઈને જિંદગી ગાળી. દુઃખી થઈને જિંદગી ગાળી અને દુઃખી થઈને ભવ બદલ્યો, દુઃખી થઈને ભવમાં ગયો ત્યાં પાછો. આહાહા..!

સ્વભાવ આનંદમૂર્તિ નિત્ય છે. નિત્યાનંદ પ્રભુ છે. એની સામું એણે ન જોયું. સમજાય છે કાંઈ? વર્તમાનની અવસ્થા ક્ષણિક છે એ પર્યાય છે. '**અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ...**' છે. ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્ય, ચૈતન્ય લીધો છે ને? મૂળ અહીં ચૈતન્ય લીધો છે. ચેતનનો ચૈતન્ય અન્વયગુણ. એમાં ગુણ એટલે જાણવું... જાણવું... જાણવું.. જાણવું... જાણવું... જાણવું... જાણવું... દેખવું. એ જાણવું-દેખવું અચલિત છે. ચળે નહિ એવું છે, પલટે નહિ એવું છે. ચૈતન્યનો અન્વય એટલે સાથે રહેનારો એમ ને એમ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. આત્મામાં જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. દર્શન... દર્શન... દર્શન... દર્શન... દર્શન... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આદિ અનંત ગુણો આત્મામાં (નિત્ય છે). સમજાય છે? શું કીધું? ઓલો જીવ શબ્દ પડ્યો છે ને ઉપર? એ '**જીવ, પ્રતિસમયે સંભવતા અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી...**' કોણ? ઓલો જીવ. પહેલો શબ્દ છે ઈ. આહાહા..! અને એ જીવ '**અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા...**' અને એ આત્મા ચળે નહિ એવું જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... એવો ગુણ છે, એ ચળે નહિ એવા ચૈતન્ય અન્વય એટલે સંબંધવાળો એમ ને એમ કાયમ રહેનારો. એવા '**ગુણ દ્વારા નિત્ય હોવાથી,...**' એ જીવ નિત્ય છે. કાયમ ગુણની એક્તા રહેવાથી નિત્ય છે અને અવસ્થા બદલવાથી તે જીવ અનિત્ય છે, ક્ષણિક છે. સમજાણું કાંઈ?

'**કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે...**' હવે આ બે પ્રકાર આવ્યા. એમાંથી કેટલાક એટલે વર્તમાન અવસ્થાથી બદલી જાય છે. જેટલી અવસ્થા અનંત ગુણની વર્તમાન થઈ એ બીજે સમયે નાશ પામે છે. પર્યાય થાય એ નાશ પામે, દ્રવ્ય નાશ પામે નહિ. દ્રવ્ય એટલે એની શક્તિ-ગુણ આદિ નાશ ન પામે. તો '**કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે...**'

પર્યાયો છે ને? બહુવચન છે ને? ઘણી પર્યાયો. '**કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો**' પર્યાય એટલે ભેદ. કેટલાક જે પર્યાયભેદ છે એનાથી નાશ પામે છે. ગુણભેદ જે અનંતા ગુણ છે એનાથી નાશ પામતો નથી. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ.. આનંદ... એવા ગુણથી નાશ નથી પામતો. એ તો ભલે દ્રવ્યનો એક વિશેષ ભેદ છે પણ વસ્તુ ત્રિકાળ એમ ને એમ રહેનારા છે. એ ગુણ એમ ને એમ રહેનારા છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તે કાંઈ બહારનું નક્કી કરવા જવું કે અમારે અંદરનું નક્કી કરવા જવું? તો રોટલા કે દિ' ખાવા? એ તો અહીં પહેલા કહેતા આવ્યા પછી આ વાત લીધી. બહારનું તો કાંઈ કરી શકતો નથી. એ તો કહેતા આવ્યા પછી આ વાત લીધી. બહારની સાથે કાંઈ સંબંધ નથી. તું વિકલ્પ ઉઠાવ એટલે બહારની ચીજો આવે કે ટળે એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? ચિંતા કર, વૃત્તિ ઉઠાવ કે આમ થાય, એ કાંઈ એને લઈને થવાનું નથી. લે. એ તો સ્વતંત્ર જગતના પદાર્થ છે. તે કારણે તેને આવવું-જવું એને કારણે થાય છે. તારે વિકલ્પને કારણે છે નહિ. એટલે એની વાત તો અહીં લીધી નથી.

હવે તારામાં બે વાત લીધી છે. અવસ્થા દ્વારા આત્મા ક્ષણિક છે અને ગુણ દ્વારા આત્મા નિત્ય છે. બરાબર છે? એમાં પર્યાયો જે અવસ્થાઓ છે અનંત ગુણની એ એક સમયની તે નાશ પામી જાય છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે ને? એ એક સમયમાં જે કાંઈ ઉત્પાદ થયો પર્યાયોનો-અવસ્થાઓનો, એ બીજે સમયે તેનો નાશ થાય છે. એટલે તે જીવની પર્યાયની અપેક્ષાએ અનંતી પર્યાય તે બીજે સમયે રહેતી નથી. એ અપેક્ષાએ જીવ નાશ પામે છે. સમજાણું કાંઈ?

'**અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો-**' કોણ? જીવ. જીવ કેટલીક પર્યાયથી નાશ પામે છે અને કેટલીક પર્યાયથી નાશ પામતો નથી. એટલે? કે પર્યાય એટલે અવસ્થાથી નાશ પામે છે. પર્યાય બીજો પર્યાય એટલે ગુણ. સમજાણું કાંઈ? કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો એ પર્યાય એટલે અવસ્થા ન લેવી. પર્યાય એટલે એનો ગુણ વસ્તુ છે ને એનો સ્વભાવ. ગુણ-ગુણ. એ ગુણ છે ને? અનંતા ગુણો. એને અહીંયાં પર્યાય તરીકે કીધા છે. વસ્તુ એક છે એના વિશેષો એવા અનંત છે. એથી એને અહીંયાં ભેદરૂપ પર્યાય ગણવામાં આવી છે. એટલે આત્મા અનંતી અવસ્થા ક્ષણમાં પ્રગટ થાય, એનો બીજે સમયે નાશ થઈ જાય છે. આહાહા..!

પાણીનો જેમ લોઢ આવે એક, તરંગ. એ તરંગ નાશ પામી જાય બીજે ક્ષણે. અને પાણીપણે કાયમ રહે. એમ આત્મા નવી અનેક અવસ્થાઓપણે ઉત્પન્ન થાય, બીજી અવસ્થાએ નાશ પામે. અને વસ્તુના ગુણની શક્તિઓના સત્ત્વની અપેક્ષાએ એ કાયમ છે. સમજાણું

કાંઈ?

**'એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;...'** એમ બે સ્વભાવવાલો જીવસ્વભાવ છે. ભાષા જુઓ. શું કીધું? એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ. બદલવાના સ્વભાવવાળો અને ટકવાના સ્વભાવવાળો. કાયમ રહેવાના સ્વભાવવાળો અને બદલવાના સ્વભાવવાળો. એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે. બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? એ બે સ્વભાવવાળો છે એમાં આત્મા પોતે છે. પરના સ્વભાવમાં નથી અને પરના સ્વભાવવાળું એની પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ?

આ કર્મ, આ શરીર, વાણી એ પણ બે સ્વભાવવાળા છે. ક્ષણે ક્ષણે પલટવાના સ્વભાવવાળા અને કાયમ રહેવાના સ્વભાવાળા. પણ એ બે સ્વભાવવાળા ઈ પર છે. બે સ્વભાવવાળા પર છે એનો જે પર્યાય છે એ આત્માની પર્યાયમાં આવતો નથી, આત્માની પર્યાય પરમાં જાતી નથી. સમજાણું કાંઈ? એક જણા પૂછતા હતા હોં સવારમાં, કે આવી વાત તો.. ઓલા ભાઈ આવ્યા હતા ને? એના સાળા હતા ને? ધ્રાંગધ્રાવાળા. કે તમે આવી વાત કરો છો. જુવાન માણસ હતો. આવી વાત કરો છો પણ અમારે તો ત્યાં વિકલ્પનું ઠસાઠસ કરવાનું કહે છે. એ બિચારો જુવાન માણસ પણ પકડ્યો ખરો. ઓલા વાડીભાઈ આવ્યા હતા ને .. એના સાળા હતા. ઠાંસી ઠાંસીને કહે છે બધા. ઠાંસી ઠાંસીને. વિકલ્પ કરો, આ કરો, આ કરો આ ઠાંસી ઠાંસીને કહે છે. એનાથી ભેદજ્ઞાનની વાત આપ કહો છો એ અમારા શાસ્ત્રમાં નહિ હોય? એમ કહે. બાપુ! આવી વાત તો જુદી જાત છે. સમજાણું કાંઈ? અમારે તો આખો દિ' બધા આવે એ કહે, આ કરો.. આ કરો.. દયા કરો, વ્રત કરો, ભક્તિ કરો, આ કરો, નામ સ્મરણ કરો, ફલાણું કરો, વ્રત પાળો, તપ કરો, અપવાસ કરો. વિકલ્પની જાળ જ કરવાની કહે છે. જુવાન માણસે પકડ્યું. મેં કીધું, આ તો પહેલો હું આવ્યો છું ૧૦-૧૫ વર્ષ પહેલા. ૧૫ વર્ષ પહેલા આવ્યો હતો. પણ આ તો એના બનેવીની સાથે આવ્યા હતા. વયા ગયા. આફ્રિકા જવાના હતા ને. કીધું, આ તો ઠસોઠસ કહે છે. એમ કીધું ને? શું કીધું?

મુમુક્ષુ :- ઠાંસી ઠાંસીને.

ઉત્તર :- ઠાંસી ઠાંસીને વિકલ્પની વાત કરે છે, ભાઈ! એમ કીધું હોં! તમે તો ભેદની વાત કરો છો. વાત સાચી. ભાઈ! તેં પકડ્યું ખરું બાપુ! સમજાણું? પણ હજી અહીં વિકલ્પ કરવો એ શું ચીજ છે એની એને ખબર ન મળે. વિકલ્પ કરવો એ પર્યાયમાં થાય છે અને વિકલ્પ બીજે ક્ષણે બદલાઈ જાય છે. પણ વસ્તુ તો કાયમ રહે છે. એ વસ્તુ કાયમ રહે છે એની તો દૃષ્ટિની ખબર ન મળે. એકલા વિકલ્પ કરો... વિકલ્પ કરો... વિકલ્પ કરો...

પર્યાયદૃષ્ટિ છે એની પણ. સમજાણું કાંઈ? દયાના ભાવ, ભક્તિના ભાવ, પૂજાના ભાવ, વ્રતના ભાવ, તપના ભાવ બધો વિકલ્પનો વર્તમાન ભાવ છે. એટલા ભાવથી જે આત્મા માને છે અને ધર્મ માને છે એ ત્રિકાળ આત્માને માનતા નથી. સમજાણું કાંઈ? મેં કીધું, પકડ્યું ખરું એક વ્યાખ્યાનમાં. રસ્તામાં કહ્યું હતું ને? જંગલમાં સાથે આવ્યા હતા. જુવાન માણસ. એ તો ભાઈ ન્યાયથી વાત આવે તો પકડવી તો જોઈએને.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ... પુણ્ય-પાપનો જે વિકલ્પ થાય છે એ તો ક્ષણિક છે. એ ક્ષણિક પર્યાયમાં છે. વસ્તુમાં એ છે નહિ. એટલે વિકલ્પ નથી તેમ એ પર્યાય વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ વિકલ્પ જે ઉઠે છે કે આ દયા પાળું, આ ભક્તિ કરું એ બધી વૃત્તિ છે, શુભરાગ છે. એ શુભરાગ અવસ્થામાં છે અને તે દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? દ્રવ્ય તો ટકાઉ સ્વભાવવાળું ત્રિકાળ છે. ટકાઉ સ્વભાવવાળું ત્રિકાળ છે. આ એક ક્ષણની અવસ્થા તે ક્ષણે ક્ષણે બદલાય છે. એટલે જેને ધર્મ કરવો હોય એણે ક્ષણે ક્ષણે બદલતી અવસ્થા ઉપર લક્ષ છોડી દઈ, એ શુભ વિકલ્પ હો એનાથી લક્ષ છોડી દઈ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય છું એની દૃષ્ટિ કરે તો તેને સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય. નહિતર ધર્મ-બર્મ થાતો નથી. પણ ઝીણું બહુ પડે માણસને. આકરું બહુ પડે. એમ કાંઈ ...

ભાઈ! અનંત કાળમાં કર્યું નથી પ્રભુ! એ શું ચીજ છે અંદરમાં? એમાં બે અવસ્થારૂપ બે સ્વભાવ શું છે? એને અંતરમાં વાળે છે હવે તો. બહારનું ભૂલાવી દેવું. અંતરમાં જે છે એ એક અવસ્થારૂપ છે-પર્યાયરૂપ છે અને એક ત્રિકાળરૂપ છે. એવા બે સ્વભાવવાળો જીવ (છે). જો કે બધા પદાર્થો બે સ્વભાવવાળા છે. પણ અહીં તો આત્માની વાત સિદ્ધ કરવી છે.

કહે છે કે '**બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે; તેથી...**' તેથી. '**જે કરે છે તે જ ભોગવે છે...**' એમ એકાંત નથી. એમ કહે છે. જે કરે છે તે જ ભોગવે છે એકાંત નથી. કરે છે તે જ ભોગવે છે એ દ્રવ્યદૃષ્ટિએ. અને અન્ય કરે છે, અન્ય ભોગવે છે એ પર્યાયે. એમ અનેકાંત છે. સમજાય છે કાંઈ? આહાહા..! આમ તો વાતું કરે ઓલા રાજા હતા ને કોકે કહ્યું, મહારાજ! રાજા! તમે બહુ પાપ કરો છો ને. અરે..! આ હાથે કરશું અને આ હાથે ભોગવશું અમે રાજા છીએ. નીકળી જશે થડ. આ હાથે ભોગવશું અત્યારે રાડું પાડો છો તે. એક રાજા હતો ને તમારે, જામનગરનો. રણજીતસિંહ. અને એક જણે કહ્યું કે, કુબડા બહુ મારતા ને, કુંજડા. કુંજડા બહુ મારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પછી વળી થયું. આ તો કુંજડા મારવા ગયા હતા ત્યાં સાગરામાં.

(એને) કહ્યું કે બહુ પાપ કરશો તો... ક્ષત્રિય છીએ અમે. આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. હવે નહિ બોલવું રહે. થડ નીકળી જશે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :- .. કાઢે

ઉત્તર :- અરે..! ભાઈ! પસ કાઢવો અત્યારે પસ નીકળવો મુશ્કેલ પડે છે નરકમાં. બાપુ! તને અસ્તિની ખબર નથી. આહાહા..! અહીં જે માંસ ને દારૂ પીધાના ભાવ કર્યા છે અને શિકાર કર્યા છે એના ફળ તરીકે નરકમાં પડ્યા છે રાજાઓ. સમજાય છે? નિત્ય ક્યાં માને છે માણસ. એને નિત્ય માને તો જે ક્ષણે આ કર્યું તે ભોગવનારો બીજે ક્ષણે બીજી પર્યાય છે. દ્રવ્ય તો એનું એ છે. સમજાય છે કાંઈ? અહીં મહેલમાં મહાલતા હતા, એ ત્યાં નરકમાં રાડું પાડે છે અત્યારે. એવા અનંતા ભવ દરેક જીવે કર્યા છે. આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદનો અંતર અનુભવ સ્વીકાર વિના એવા અનંતા ભવ કર્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! રૂંવાટે રૂંવાટે જેમ ધગધગતી સોયું નાખે અને પીડા થાય એથી અનંતગુણી પીડા તો પહેલી નરકમાં છે. જેની દસ હજાર વર્ષની સ્થિતિ છે થોડામાં થોડી. ભગવાન પરમાત્માએ કેવળીએ જોયું છે. ઉત્કૃષ્ટ એક સાગરની. એક સાગરની સ્થિતિ. અસંખ્ય અબજ વર્ષ (જાય). એક મિનિટ રાતમાં પીડા આકરી થાય, શુળ ચડે તો રાત મોટી થઈ પડે છે. દુઃખનો કાળ મોટો થઈ પડે છે. બાપા! એ તારા કાળ દુઃખના તેં ગાળ્યા છે ભાઈ! તને ખબર નથી. નિત્યાનંદ પ્રભુને તું અડ્યો-સ્પર્શ્યો નથી. સમજાય છે કાંઈ? એ પર્યાયના સ્પર્શમાં, પર્યાયના અનુભવમાં, પર્યાયના વેદનમાં બસ! આટલું છે આપણે. આહાહા..!

કહે છે કે '**જે કરે છે તે જ ભોગવે છે...**' એ વિકાર કરે તે જ બીજે ક્ષણે ભોગવે કે બીજે ભવે ભોગવે (એમ) એકાંત નથી. વસ્તુ તરીકે તે જ કરે, તે જ ભોગવે ભવિષ્યમાં. પર્યાય અપેક્ષાએ બીજી પર્યાય કરે અને બીજી પર્યાય ભોગવે. આહાહા..! સમજાણું કાંઈ? '**બીજો જ ભોગવે છે,...**' કહો, બીજો જ ભોગવે છે એ પર્યાય અપેક્ષાએ. બીજો જ ભોગવે છે એકાંત નથી એમ કહે છે. ઓલું કીધું જે કરે છે તે જ ભોગવે એ એકાંત નથી, તેમ બીજો જ ભોગવે એ પણ એકાંત નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. જે કરે છે તે જ ભોગવે છે એ એકાંત નથી. જે કરે છે તે ભોગવે છે દ્રવ્યદૃષ્ટિએ અને પર્યાયે જે પર્યાય કરે છે તે પર્યાય ભોગવતી નથી, બીજી પર્યાય ભોગવે છે. એમ તે જ ભોગવે છે એમાં એકાંત નથી. બીજો જ ભોગવે છે એમાં એકાંત નથી. કારણ કે દ્રવ્યે તો તેનો તે ભોગવે છે. બીજો જ ભોગવે છે. આ પર્યાયે કર્યું પાપ અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજી પર્યાય બીજો જ ભોગવે છે એમ એકાંત નથી. બાપુ! તારી ને તારી હાજરી ત્યાં છે, હોં! સમજાણું કાંઈ? એક વાત.

**'જે ભોગવે છે તે જ કરે છે...'** હવે જે ભોગવે છે તે જ કરે છે. જે ભોગવે છે ભવિષ્યમાં પાપ-પુણ્યના ફળ, તે જ અત્યારે કરે છે એ એકાંત નથી. કારણ કે ભોગવે છે એ બીજી પર્યાય છે, કરે છે એ બીજી પર્યાય છે. એટલે ભોગવે છે તે જ કરે છે (એવું) એકાંત નથી. દ્રવ્યે જે ભોગવે છે તે જ અહીં કરે છે એમ દ્રવ્યદૃષ્ટિએ-દ્રવ્યે. પર્યાયે જે ત્યાં ભોગવે છે એ પર્યાય બીજી (ભોગવે) છે. પર્યાય બીજી છે.

મુમુક્ષુ :- પર્યાય .. ભોગવતો નથી ને?

ઉત્તર :- ભોગવે છે એ અત્યારે લેવું નથી. એ અત્યારે ક્યાં લેવું છે અહીં? આ તો સંયોગથી વાત છે. સમજાણું કાંઈ? અત્યારે એ અહીં ક્યાં લેવું છે? તે સમયે કરે તે ભોગવે. પણ પછી પાછું ફળ આવે છે કે નહિ સંયોગમાં? એ અત્યારે લેવું છે. બીજી વાત છે જ ક્યાં? એ તો વાત કરી પહેલી. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ત્રિકાળ અને અવસ્થા. બસ બે વાત. ત્રિકાળી ભગવાન આત્મા નિત્ય કાયમ રહેનારો, આંખ જ્યાં મીંચીને સ્વર્ગમાં ગયો (એટલે) પર્યાય બીજી. દ્રવ્ય તો એ નું એ છે. સમજાય છે? શુભ પરિણામ થયા હોય, ધર્મ દૃષ્ટિ થઈ હોય. ભાન હોય. એ મરીને સ્વર્ગમાં જ જાય. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય આદિ સંતો, મુનિઓ સ્વર્ગમાં છે. જે અહીં હતા તે જ ત્યાં છે. અને એ જ્ઞાયક ત્યાં છે તે અહીં નહોતો પર્યાયે. સમજાય છે કાંઈ? અહીં તો એટલા આમ ઉદાસ બ્રહ્મચર્ય આદિ. ત્યાં ગયા ત્યાં દેવાંગનાઓ આદિમાં વિકલ્પ ઉઠે છે. પર્યાય બીજી છે, આ પર્યાય બીજી છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કેટલો ઉપકારની વૃત્તિ હોય કેટલાકને, જુઓ! ધર્મી છે. સમજાય છે? હે જ્ઞાતપુત્ર ભગવાન! હે શાસનદેવી! કાંઈક એવું સહાય આપ કે હું શાસન... એવું બોલ્યા છે ને શ્રીમદ્? એ ગયા તે ત્યાં ને ત્યાં રહી ગયા. કારણ કે પર્યાય બીજી છે ને? સમજાણું કાંઈ? ત્યાં પર્યાય બીજી થઈ ગઈ. અહીં પર્યાય બીજી હતી. બદલાઈ ગયો ભાવ. સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે ને? આવું કહીને ગયા કેમ પાછા આવતા નથી? પણ સાંભળ તો પર્યાય બીજી થઈ છે ત્યાં. આ પર્યાય બીજી અને એ પર્યાય બીજી. જેઠાલાલભાઈ! સમજાણું? લ્યો, આ નિહાલચંદભાઈએ કેટલો ઉપકાર વર્ણવ્યો છે અંદર પત્રોમાં. કેટલો ઉપકાર વર્ણવ્યો છે કે ઓહોહો..! ગયા ત્યાં સલવાઈ ગયા ત્યાં.

મુમુક્ષુ :- ત્યાંથી સીમંધર ભગવાન પાસે ગયા છે.

ઉત્તર :- એ તો ભગવાન પાસે જાય. આ તો વાત છે ને. નિહાલભાઈ સ્વર્ગમાં ગયા

છે. આ કલકત્તાવાળા. આ જુઓ એમના ચિરંજીવી આવ્યા છે. સમજાય છે? સ્વર્ગમાં ગયા. એટલું અંદર હતું. વૈમાનિકમાં. અહીં પર્યાય બીજી હતી, ત્યાં પર્યાય બીજી થઈ ગઈ. ત્યાં ભગવાન પાસે જવાનું થાય એવો પ્રસંગ આવે. અહીં પર્યાય બીજી. અહીં તો ચાલે.. અરે..! સોનગઢથી જવાનું આવતાં ખેદ થાય છે. અહીં એમ લખે છે. હવે ત્યાં ગયા ત્રણ વર્ષ થઈ ગયા તો આવતા નથી અહીં, લ્યો! કહો, સમજાણું આમાં?

કુંદકુંદાચાર્ય જેવા લ્યોને, સંત બિરાજે છે. સ્વર્ગમાં બિરાજે છે. સમજાય છે? એ વખતે ઉપયોગ પડે તો વળી ખ્યાલમાં આવે કે આમ કાંઈક છે. ક્યાં પડી છે અંદર? ભગવાન બિરાજે ત્યાં સાક્ષાત્ ત્રણ લોકના નાથ. સમજાય છે? એ પર્યાયમાં એવો જ વિકલ્પ આવે છે કે ત્યાં જાવું છે. સમજાણું કાંઈ? પર્યાય બદલાઈ ગઈ. પણ દ્રવ્ય તો એનું એ રહ્યું. આહાહા..!

મુમુક્ષુ :- મૂળ વસ્તુ નથી બદલાતી.

ઉત્તર :- મૂળ વસ્તુ તો કાયમ એનો એ આત્મા છે. કાંઈ આત્મા બીજો થઈ જાય છે? પર્યાય બદલાઈ ગઈ. પર્યાય બદલાઈ ગઈ. વિચાર બદલાઈ ગયો, ત્યાં .. બધું બદલાઈ ગયું ફડાક દઈને. આહાહા..!

‘**જે ભોગવે છે તે જ કરે છે...**’ એકાંત નથી એમ કહે છે. સમજ્યાને? કારણ કે ભોગવે છે તે જ કરે છે એ દ્રવ્યની અપેક્ષાએ બરાબર છે. પણ પર્યાય અપેક્ષાએ જે ભોગવે છે તે કરનારી પર્યાય નહોતી અહીં. પર્યાય બીજી હતી અહીં. ત્યાં વેદવામાં બીજો પર્યાય છે અને કરવામાં બીજો પર્યાય છે. પર્યાય સમજાય છે? અવસ્થા-હાલત. ભોગવવામાં બીજી, આ પર્યાય બીજી. દ્રવ્ય તો એનું એ છે. જે દ્રવ્ય અહીં હતું તે ભોગવે છે એ જ દ્રવ્ય અહીં કરતું હતું. સમજાણું કાંઈ? આહાહા..! ભારે નાટક આ તો. આહાહા..!

સ્થિરતા એક સમયમેં ઠાણે ઊપજે વિણસે તબ હી.

ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે જ્યાં હમ સુણી ન કબ હી, અબધુ નટનાગર કી બાજી.

આનંદઘનજી કહે છે.

‘સ્થિરતા એક સમયમેં ઠાણે’ ધ્રુવ રાખે ધ્રુવ. એક સમયમાં ધ્રુવ હોં! કાયમ. ‘સ્થિરતા એક સમયમેં ઠાણે ઊપજે વિણસે તબ હી.’ નવી અવસ્થા ઉપજે અને જૂની અવસ્થા જાય. ‘ઊપજે વિણસે તબ હી. ઊલટ પલટ ધ્રુવ સત્તા રાખે.’ ઊલટ-પલટ. આખો ઊલટ-પલટ. નવી અવસ્થા થઈ અને જૂની ગઈ. ઊલટ પલટો આખો થઈ જાય આખો આમ. ‘ઊલટ-પલટ ધ્રુવ સત્તા રાખે...’ ધ્રુવ સત્તા રાખે છતાં. ‘યા હમ સુની ન કબ હી.’ વીતરાગ પરમેશ્વરના માર્ગ સિવાય આ વાત બીજે હોતી નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા કેવળજ્ઞાનીએ ત્રણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાળ ત્રણ લોક જોયા તેની દ્રવ્ય અને પર્યાય ભગવાને સાક્ષાત્ જોઈ. આવી વાત, કહે છે, સર્વજ્ઞ સિવાય બીજે હોતી નથી.

'યા હમ સુની ન કબ હી અબધુ નટનાગર કી બાજી. ક્યા જાણે બામણ કાજી.' બ્રાહ્મણ નામ વેદ અને કાજી નામ કુરાન, એ વાતને શું જાણે? કહે છે. સમજાણું કાંઈ? 'ક્યા જાણે બ્રાહ્મણ કાજી, અબધુ નટનાગર કી બાજી.' એ નટનાગર ચૌદ બ્રહ્માંડનો નાગર છે આત્મા. આ ગામનો નાગર નથી કહેવાતો? શું કહે છે ભાઈ નહિ? નાગરિક. આ ચૌદ બ્રહ્માંડનો નાગરિક છે આત્મા. ભિન્ન ભિન્ન અવસ્થાઓ કરે, વસ્તુ એની એ રહે. આહાહા..!

'**અથવા બીજો જ કરે છે-એવો એકાંત નથી.**' કહે છે. એનો એ કરે એમ પણ કહેવાય છે અને પર્યાય બીજી ભોગવે એમ પણ એકાંત નથી એમ કહે છે, જુઓને! બધામાં એકાંત લાગુ પાડવું. '**આમ અનેકાંત હોવા છતાં,...**' આમ એક જ કરે અને એ જ ભોગવે એવું નથી. એકાંત નથી, અનેકાંત હોવા છતાં '**જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી,...**' જે પર્યાય ક્ષણે વર્તે. જોયુ! '**જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે,...**' તે ક્ષણમાં વર્તે ને અવસ્થા? '**તેને જ પરમાર્થ સત્પણું હોવાથી...**' એને જ આખો આત્મા માનીને '**તે જ વસ્તુ છે એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ, કરીને...**' વસ્તુપણાના એક અંશમાં આખી વસ્તુની ટેવ પડી ગઈ છે તેથી '**શુદ્ધનયના લોભથી ૠજુસૂત્રનયના એકાંતમાં રહીને...**' એટલે શું? કે એક જ સમયનો અંશ તે બરાબર છે. વળી એક સમયના અંશવાળો ભવિષ્યમાં કહીએ તો બે કાળ ભેગા થઈ જાય. ત્રણ કાળ ભેગા થઈ જાય. એ તો દોષ આવી જાય. શુદ્ધનયમાં ત્રણ કાળ ભેગા ન હોવા જોઈએ એમ કહે છે. એક જ વર્તમાન સીધી વાત. ૠજુસૂત્ર. ૠજુસર્વ સૂત્ર સીધું વર્તમાન.. વર્તમાન.. વર્તમાન... બસ.

એમ શુદ્ધનયના લોભથી વર્તમાનના અંશની એકાંત માન્યતાને લઈને '**જે એમ દેખે-માને છે કે જે કરે છે તે જ નથી ભોગવતો,...**' શુદ્ધનયનો લોભ એટલે ઓલો શુદ્ધનય નહિ હોં! શુદ્ધનયનો વિષય જે ત્રિકાળ અને શુદ્ધનય એ અહીં વાત નથી. નહિતર દ્રવ્ય જે છે શુદ્ધ ભૂતાર્થ તેને શુદ્ધનય કહે છે. એ અહીં નથી. અહીં તો એક સમયના અંશમાં બીજું ભેળવવું નહિ. ભૂત અને વર્તમાનને ભેળવતા એ બધો સંબંધ થતાં અશુદ્ધતા આવી જાય છે. સમજાણું કાંઈ? શુદ્ધનયના લોભથી. શુદ્ધનયનો વિષય છે ધ્રુવ છે એ દૃષ્ટિ તો નથી. એને તો આ એક સમયનો અંશ એમાં કોઈ અપેક્ષા લાગુ પાડવી નહીં. એ કોઈપણ અપેક્ષા લાગુ પાડશે તો દોષ આવશે. વર્તમાન પર્યાયને કોઈપણ અપેક્ષા લાગુ પાડશો તો દોષ આવી જશે. એવા લોભને લઈને વર્તમાન પર્યાયને જ આત્મા માની રહ્યા છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'જે કરે છે તે જ નથી ભોગવતો,...'** જે કરે છે તે જ નથી ભોગવતો. બીજો ભોગવે છે. **'બીજો કરે છે અને બીજો ભોગવે છે તે જીવ મિથ્યાદષ્ટિ...'** છે. જે કરે છે તે નથી ભોગવતો. કરે છે અહીં તે નથી ભોગવતો. પર્યાય બીજી છે ને? બીજી છે એટલે બીજો જ આત્મા ત્યાં થાય છે. એમ અજ્ઞાની માને છે. પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બદલાતા બદલી પણ બધું જાય આખું. અવસ્થામાં હોં! સમજાણું? જુઓ! અહીં ઔદારિક શરીરનો સંબંધ હોય, સ્વર્ગમાં વૈક્રિયકનો સંબંધ. અહીં વિકલ્પ અમુક જાતનો હોય, ત્યાં વિકલ્પ બીજો આવી જાય. વર્તમાન પૂરતામાં બીજું આવે. સમજાય છે? એને ક્ષણ પૂરતા. વળી કોઈ દેવ પૂછે એકદમ તત્કાળમાં, ક્યાંથી પધાર્યા પ્રભુ? ક્યાંથી આવ્યા અમારામાં? વળી ઉપયોગ મૂકે તો ખબર પડે. ઉપયોગ મૂકે તો કેટલા વર્ષ વયા જાય. પછી આવે ક્યાં અહીંયાં? પર્યાય જુદી જાતની થઈ ગઈ ને? સમજાણું કાંઈ?

કહે છે, **'જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે, તે જીવ મિથ્યાદષ્ટિ જ દેખવો-માનવો;...'** એ જ પર્યાય કરે તે બીજો પર્યાય ભોગવે છે માટે એનો એ આત્મા નથી એમ માને એ મિથ્યાદષ્ટિ જાણવા. સમજાય છે? કેટલાકને એમ હોય કે ભાઈ, વર્તમાનનો તો સ્વાદ લેવા દે. કહો, આ ભોગનો સ્વાદ, વિષયનો સ્વાદ, આકુળતાનો,.. પછી આકુળતાનો સ્વાદ લેવા માગે નહિ. એય..! આહાહા..! સમજાણું? વિષયના રસિયા એક વાર, બે વાર, ત્રણ વાર, દસ વાર, બાર વાર. સમજાય છે? પ્રેમના ફાસમાં પડ્યા, રસના રસમાં પડ્યા. આહા.. આહા.. આહા..! શું છે પણ હવે આમાં? કહે છે, એકાંત વર્તમાનના રસમાં પડ્યો એ ત્રિકાળી દ્રવ્ય શું છે એની દષ્ટિ કરતો નથી. ખરેખર તો એ વર્તમાનને જ લક્ષમાં છે. વર્તમાન... વર્તમાન... વર્તમાન.. સમજાણું? વર્તમાનકાળને માનનારા એવું અહીં કહેવું છે હોં ખરેખર. જ્યાં જ્યાં રહ્યો ને ત્યાં વર્તમાન કાળને માનનારા ત્રિકાળ કોણ છે એ માનતો નથી. એ મિથ્યાદષ્ટિ છે. જ્યાં જ્યાં રહ્યો ત્યાં વર્તમાનકાળ, બસ! થઈ રહ્યું જાવ. સમજાણું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં એની અંદર દષ્ટિ ત્રિકાળ હોય તો તો આ વર્તમાન પૂરતું સુખ માને નહિ અંદર. અને વર્તમાન પૂરતો નથી એમ માને. હું તો ત્રિકાળી છું. આ અવસ્થામાં જે પાપ થાય એટલે બીજી અવસ્થાએ ભોગવવા પડશે. કારણ કે હું નો હું એમાં છું. એમ દરકાર (નહિ) અંદર નાસ્તિક થઈ જાય છે કેટલીક વાર. માને ભલે આમ દ્રવ્ય... દ્રવ્ય.. દ્રવ્ય... અને પર્યાય ધારણામાં હોય. સમજાય છે?

મુમુક્ષુ :- માન્યતામાં..

ઉત્તર :- માન્યતામાં ભલે દ્રવ્ય અને પર્યાય લક્ષમાં રાખતો ધારણામાં. અંદર દૃષ્ટિ નથી. વર્તમાન મજા પડે છે. આહાહા..! હવે કાલ કોણે દેખી છે. ધર્મ માટે કાલે પહેલી લીધી હતી. આજ પાપને માટે. એનું ફળ આવશે કે નહિ કોણે દીઠું છે. સમજાય છે? એ તો ઓલામાં આવે છે. ધર્મ માટે આવે છે ને? શું આવે છે? 'આજનો લહાવો લીજીએ રે કાલે કોણે દીઠી?' બાયું ગાય બહુ. એ તો ઓલા પૈસા ખર્ચાવા માટે. સમજાય છે? કેમ મણિભાઈ! કરે કે નહિ? વર્ષીતપ કર્યા હોય ને એવું કરે એમ કરીને પૈસા ખર્ચે. 'આજનો લહાવો લીજીએ કાલે કોણે દીઠી.' પણ કાલ કોણે દીઠી છે એનો અર્થ તારે શું કરવો છે? આ વર્તમાન બસ ખાઈ-પીને લહેર કરવું, કાંઈક પૈસા-બૈસા ઉડાડીને મજા કરું. કાલે કોણે દીઠી છે. એમ છે? ત્રિકાળી ભગવાન આત્મા ભાઈ ધ્રુવ ચૈતન્ય છે નાથ! અનાદિનો અનંત છે. એ વર્તમાન અવસ્થા પલટશે અને બીજી અવસ્થા થાશે પણ એ તારી થાશે. એ બીજાની થાય એવી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**મિથ્યાદષ્ટિ જ દેખવો-માનવો; કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં,...**' અવસ્થા આત્મામાં બદલવા છતાં, પર્યાય એટલે દ્રવ્ય ચૈતન્ય ચમત્કાર છે. '**તે તો ટંકોત્કીર્ણ જ અંતરંગમાં પ્રતિભાસે છે.**' એવો ને એવો ભગવાન નિત્યાનંદ પ્રભુ છે, ધ્રુવ ચૈતન્ય ચમત્કાર. ક્ષણે ક્ષણે અવસ્થા બદલવા છતાં અહીં નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. એ અંતરંગમાં પ્રતિભાસે છે. જુઓ ભાષા! ચૈતન્ય ચમત્કાર, જ્ઞાનનો ચમત્કાર તેનું તે જ્ઞાન, તેનું તે દર્શન, તેના તે આનંદના સ્વભાવનું સદશ્યપણું એમ અંતરંગમાં પર્યાયથી ભિન્ન દ્રવ્ય ત્રિકાળ અંતરંગમાં પ્રતિભાસે છે. એને માનતો નથી અને એક સમયની પર્યાયમાં સંતોષાઈ ગયેલો છે એ મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ? એ ભગવાનને માનતો નથી અને આત્માને પણ માનતો નથી. લ્યો ભાવાર્થ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૫, બુધવાર તા. ૨૨-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૮-૨૦૯, ગાથા-૩૪૫ થી ૩૪૮, પ્રવચન-૪૦૪**

... કહ્યો છે. એટલે શું? ભગવાનની વાણીમાં... જુઓ! ભગવાનની વાણી તો એમ જ આવે ને શબ્દો તો? નિમિત્ત નૈમિત્તિક સંબંધથી વાત તો એમ થાય ને, ભાષા શું આવે? સર્વજ્ઞના જ્ઞાનમાં એમ આવ્યું, પણ વાણી દ્વારા આવ્યું એટલે એમ કહેવામાં આવ્યું. સમજાણું? ભગવાન કેવળજ્ઞાની પરમાત્માના જ્ઞાનમાં વસ્તુ એવી આવી-જણાણી, એ વાણી દ્વારા આવી એટલે એમ કહેવામાં આવે કે ભગવાનની વાણીમાં. '**દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે;...**' દરેક વસ્તુ છે એ દ્રવ્ય એટલે કાયમ રહેનારું તત્ત્વ છે અને ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય એવું એ છે. કહો, સમજાય છે? દરેક વસ્તુ. આ પરમાણુ હોય તો પણ રજકણરૂપે કાયમ રહે છે અને પર્યાયરૂપે વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું સત્ત્વ તત્ત્વરૂપે નિત્ય રહે છે, અવસ્થારૂપે બદલાય છે. આ રજકણો પણ ક્ષણે ક્ષણે. એમ આત્મા.. અહીં તો હજી પહેલી સાધારણ વાત કરે છે.

'**વસ્તુનો સ્વભાવ...**' વીતરાગની વાણીમાં '**દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે...**' અપેક્ષાએ કથનથી એવું અનંકાંતપણું, અનંત ધર્મપણું સિદ્ધ થાય છે '**કે પર્યાય અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે...**' દરેક વસ્તુ અવસ્થાની અપેક્ષાએ, પર્યાય અપેક્ષાએ ક્ષણિક છે. કારણ કે એક સમય રહે છે. બરાબર છે? જેને ખરેખર તો ૧૧મી ગાથામાં એમ કહ્યું કે પર્યાય અભૂતાર્થ છે. વસ્તુ નથી એમ કીધું હોં! એક ન્યાયે. વસ્તુ છે દ્રવ્ય છે, વસ્તુ છે ત્રિકાળ.. ત્રિકાળ... ત્રિકાળ... તેને વસ્તુ કીધી અને એક સમયની વસ્તુને અભૂતાર્થ કીધી. અભૂતાર્થ એટલે અવસ્તુ કીધી. પણ અવસ્તુ કહેતા એ તદ્દન અભાવ છે એમ નહિ. ત્રિકાળ વસ્તુની અપેક્ષાએ એક સમયની અવસ્થા એ એનો સ્વભાવ છે. સમજાણું? તો પર્યાય અપેક્ષાએ જોઈએ તો વસ્તુ ક્ષણિક છે. અવસ્થા બદલવાની અપેક્ષાએ જોઈએ તો તે અનિત્ય છે, ક્ષણિક છે. નવી નવી અવસ્થા થાય છે.

'**દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે.**' વસ્તુથી જોઈએ પરમાણુ રજકણ કાયમના આ રજકણો. આ તો અવસ્થા છે રજકણની. પણ એનો રજકણ છે એ દૃષ્ટિથી જોઈએ દ્રવ્યથી તો કાયમ છે. '**જીવ પણ...**' હવે એ સિદ્ધ કરીને હવે વસ્તુની સામાન્ય વાત કરીને '**જીવ પણ વસ્તુ હોવાથી...**' એમ આ ભગવાન આત્મા દેહમાં બીજી ચીજ છે. આ રજકણોથી જુદી ચીજ જે આત્મા અંદર છે એ પણ '**દ્રવ્યપર્યાયસ્વરૂપ છે.**' સમજાય છે? એમાં દ્રવ્ય એટલે કાયમ રહેનારું તત્ત્વ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ. નિત્ય સામાન્ય કાયમ રહેનાર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે દ્રવ્ય. અને ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય તે અવસ્થા પર્યાય. એટલે આત્મા પણ દ્રવ્ય અને પર્યાય બેય રૂપે છે. સમજાય છે કાંઈ?

**'તેથી, પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય;...'** અવસ્થાથી જોઈએ તો અહીં રાગ અને દ્વેષ આદિ આ સમયની પર્યાયમાં કર્યા અને બીજે નરક આદિમાં જઈને (ભોગવે). પાપ કરે તો નરકમાં અને પુણ્ય કર્યું હોય તો સ્વર્ગમાં. બીજી અવસ્થાએ ભોગવાય. આ અવસ્થા આ ન રહે. સમજાય છે કાંઈ? જે અવસ્થાએ-પર્યાયે-હાલતે-જે ભાવ કર્યા, રાગ અને દ્વેષ, એનું ફળ બીજા ક્ષણે અથવા બીજા ભવે એ સંયોગનું જે ફળ ભોગવે એ બીજી અવસ્થા છે. અવસ્થા એની એ નથી. કહો, બરાબર છે?

**'પર્યાય દૃષ્ટિએ જોવામાં આવે,...'** અવસ્થાથી જોવામાં આવે, હાલતથી જોવામાં આવે તો તે જે **'કાર્યને કરે છે...'** જે વર્તમાન અવસ્થારૂપી કાર્ય થાય છે રાગ-દ્વેષનું. **'એક પર્યાય,...'** સમજાય છે? **'અને ભોગવે છે અન્ય પર્યાય;...'** કાર્ય કરે છે એક પર્યાય વર્તમાન અવસ્થામાં અને બીજી અવસ્થામાં ભોગવાય છે. બરાબર છે? જુઓ! આત્મા ત્રિકાળ અને એની પર્યાય સિદ્ધ કરે છે કે એનું તું નક્કી કર. એક સમયની અવસ્થા હોવા છતાં એ અવસ્થા બદલીને બીજે ભવે બીજી થાય પણ વસ્તુ તો એની એ છે. એનો એ આત્મા દ્રવ્યે નિત્ય ત્રિકાળ છે.

**'જેમ કે-મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યા...'** જુઓ અહીંયાં. મનુષ્યપણામાં, ભાવમાં પુણ્ય અને પાપના ભાવ કર્યા. **'અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું.'** એમ લેવું છે ને અહીંયાં? વર્તમાન સમયે કરે તે ભોગવે એવી નિશ્ચયની વાત નથી લેવી અહીંયાં. અહીં તો સંયોગથી વાત છે. આ અવસ્થાએ, આ ભાવમાં જે પુણ્ય અને પાપ કર્યા એનું બંધન થયું. અને સ્વર્ગમાં ગયો કે નરકમાં ગયો ત્યાં એણે આ જે ભાવ કર્યા એનું ફળ ત્યાં ભોગવ્યું. કહો, સમજાણું કાંઈ?

**'દેવાદિપર્યાયે ભોગવ્યું.'** જુઓને ભાષા પણ દેવાદિ પહેલી આવે છે. આ તો ભાવાર્થમાં નાખ્યું છે. પણ અમથું આવે છે ને? પંચાસ્તિકાયમાં. મનુષ્ય અને દેવ આવે છે પંચાસ્તિકાયમાં. સમજાણું કાંઈ? આ દશા,.. વસ્તુ તો આત્મા નિત્ય છે કાયમ. જેમ સોનું છે સોનું છે એ કાયમ રહે છે, પણ એની અવસ્થા કુંડળની, કડાની, વીંટીની બદલે છે. એમ આત્મા વસ્તુ તરીકે કાયમ રહે છે, પણ એની અવસ્થા તરીકે પલટે છે, બદલે છે અવસ્થા. તો આ અવસ્થામાં એટલે પર્યાયમાં જે શુભ-અશુભ ભાવ કર્યા તો શુભનું ફળ સ્વર્ગમાં ગયો, અશુભનું ફળ નરકમાં. તો કરનાર પર્યાયે તે ભોગવ્યું નથી. કરી બીજી પર્યાય, ભોગવ્યું બીજી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાય. પર્યાય હોં! વસ્તુ એની એ-દ્રવ્ય. આત્મા એનો એ. અવસ્થા ત્યાં બીજી હતી. આ અવસ્થા તો ગઈ. સમજાણું કાંઈ? એ ક્યાં એણે નિર્ણય કર્યો છે કે આ શું વળી આ અવસ્થા અને ઓલી બીજી અવસ્થા. ઓઘે-ઓઘે કૂટ્યું છે. નથી એને તત્ત્વની દ્રવ્યની ખબર, નથી એને પર્યાયની ક્ષણે ક્ષણે અવસ્થા બદલે છે એ આત્મામાં આત્માથી થાય છે.

કહે છે કે અહીંયાં શુભભાવ કર્યા, સ્વર્ગમાં શુભનું ફળ ભોગવ્યું. પાપના ભાવ અહીં કર્યા, નરકની અંદર દુઃખનું ફળ ભોગવ્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ધર્મીને માટે પણ કહે છે કે ભાઈ! તને જેટલો રાગ રહી જશે શુભ, સમજાય છે? આત્માનું શુદ્ધતાનું સ્વરૂપ, શુદ્ધ પવિત્ર ભગવાન આત્મા એને જેટલો એકાગ્ર થઈને સાધ્યો છે નિર્મળપણે એ તો શાંતિ વર્તમાનમાં છે. પણ જે શુભભાવ થયો એના ફળ તરીકે સ્વર્ગમાં અંગારાથી શેકાઈશ. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, ગોદિકાજી! સ્વર્ગમાં, કહે છે આકુળતા છે. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- શુભ..

ઉત્તર :- શુભ તો અહીં પણ ત્યાં પછી હવે શેકાશે, આમ વિષયમાં શેકાય. અનુકૂળ વિષય ઈન્દ્રાણીઓ આ. એ રાગ છે રાગ. રાગ છે તે અગ્નિ છે. કષાય અગ્નિ છે ને? અગ્નિ કહો કે કષાય અગ્નિ કહો. આત્મા અકષાય સ્વભાવ છે.

મુમુક્ષુ :- દેવમાં બહુ મજા છે. આપ કહો છો...

ઉત્તર :- ધૂળમાંય મજા નથી. એક જણો કહેતો હતો, મહારાજ! આવું રહેવા દ્યો. એ બિચારા પુણ્ય કરે છે, સ્વર્ગમાં જશે સુખ તો ભોગવશે. એમ કહેતો હતો. પછી મોક્ષ જાશે. ધૂળમાંય નહિ જાય. જ્યાં સુધી સ્વર્ગના સુખ અને પુણ્યનો પ્રેમ છે, રુચિ છે ત્યાં સુધી રખડશે ચાર ગતિમાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગરહિત ચૈતન્ય વીતરાગી મૂર્તિ છે, એની શ્રદ્ધા અને એની દૃષ્ટિ અને એનો સત્કાર, સ્વભાવનો આદર અને અનુભવ નહિ કરે ત્યાં સુધી ચાર ગતિમાં રખડશે. સમજાણું કાંઈ? અહીં તો ફક્ત કહેવું છે કે જે શુભભાવ અહીં કર્યા, સ્વર્ગમાં જઈને એનું ફળ કષાય અગ્નિ દ્વારા ભોગવશે. એ બીજી અવસ્થા. અવસ્થા એ છે? સોનાની કડાની અવસ્થાથી બદલીને કડું, વીંટી થઈ, વીટી બદલીને હાર થયો. અવસ્થા બદલે છે ને? એમ આત્મા નિત્ય રહીને અવસ્થા બદલે છે. કૂટસ્થ આત્મા એકલો છે એમ નથી. જો એમ હોય તો અવસ્થા બદલવું અને રાગ-દ્વેષનું થવું અને ટાળવું એ ક્યાં રહે? સમજાય છે કાંઈ?

'**કર્મ કર્યા અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું.**' અવસ્થા બીજી કરી અને અવસ્થા ત્યાં બીજી થઈ. '**દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે...**' વસ્તુથી જોવામાં આવે. આત્મા દ્રવ્ય,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્ય એટલે વસ્તુ. '**જે કરે છે તે જ ભોગવે છે;...**' આ અવસ્થામાં એણે વિકાર કર્યો, બીજે ભવમાં પણ ભોગવનાર તો એનો એ છે. દ્રવ્યથી. વસ્તુથી કાયમ ટકે છે એ અપેક્ષાએ એનો એ છે. પર્યાયની અપેક્ષાએ બીજો બીજો છે. એવું જ વસ્તુનું બે પડખાનું સ્વરૂપ છે. નિત્ય જ છે અને પર્યાય નથી એમ નથી. અને પર્યાય છે અને નિત્ય જ નથી એમ છે નહિ.

'**જેમ કે-મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં,...**' લ્યો! જીવદ્રવ્ય જે અહીં છે વસ્તુ. મનુષ્યપણામાં શુભભાવ કર્યા. એના એ સ્વર્ગમાં એનો એ આત્મા જઈને ભોગવે છે. આત્મા એનો એ છે. પર્યાય બદલી. પણ દ્રવ્ય કાંઈ બદલાઈ જાય છે? દ્રવ્ય અદ્રવ્ય થઈ જાય છે? વસ્તુ અવસ્તુ થઈ જાય છે? એની અવસ્થા બદલી. તો જે દ્રવ્યે અહીં પુણ્ય કર્યા હતા એનું ફળ સ્વર્ગમાં એ જ દ્રવ્યે ભોગવ્યું. પાપ અહીં કર્યા નરકના. પાપ, હિંસા, જૂઠું, ચોરી, ભોગ અહીં કર્યાં અને મરીને નરકમાં જાશે. તો આત્મા તો એનો એ છે. સમજાય છે કાંઈ? વસ્તુથી જોઈએ તો તે જ વસ્તુએ જે વિકાર કર્યા તે જ વસ્તુએ ભવિષ્યમાં ભોગવ્યા. કહો, સમજાણું આમાં કાંઈ? '**તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.**'

'**આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં,...**' આવું પર્યાયમાં અને દ્રવ્યમાં એ સમય સમય પર્યાય બદલાય એ અપેક્ષાએ કરે કો'ક અને ભોગવે કો'ક. દ્રવ્ય અપેક્ષાએ કરે તે અને ભોગવે તે. આવું વસ્તુનું સ્વરૂપ છે. '**જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી...**' આપણે કાંઈ ભેળવવું નહિ. એક સમયની દશા જ ભેળવવી. ત્રિકાળને ભેળવવા જાશું તો ઉપાધિ આવશે. આપણે તો વર્તમાન... વર્તમાન... વર્તમાન... ઋજુ, વર્તમાન સૂત્ર વર્તમાન બસ. સમજાણું? એવા વર્તમાનના લોભથી વસ્તુના એક અંશને '**(વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી...**' ઋજુસૂત્ર એક નય છે કે જે વર્તમાન અવસ્થાને જ જાણે છે. ત્રિકાળને જાણે નહિ. એટલે વર્તમાન અવસ્થા પૂરતો જાણીને આત્મા એટલો જ છે એમ માને છે, મૂઢ છે કહે છે. સમજાણું કાંઈ?

'**એમ માને છે કે જે કરે છે તે ભોગવતો નથી-**' બસ, એકાંત કહે છે. પર્યાય જે કરે છે એ ભોગવતી નથી. માટે જે કરે છે એ ભોગવતી નથી. '**અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી-અન્ય કરે છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે,...**' એ દ્રવ્યને માનતો નથી. સમજાણું કાંઈ? માણસ એ કહે છે ને કે ભાઈ, જે આપણે ભાવ કર્યા એ આપણે ભોગવવા. એમ કહે છે કે નહિ? આપણે આ ભવમાં કર્યા તો ઓલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભવમાં ભોગવશું.

મુમુક્ષુ :- આ પુણ્યવાળા એમ કહે છે ને ..

ઉત્તર :- ભોગવીએ છીએ એમ હશે? વાત સાચી અજ્ઞાનીની. પૂર્વે કોઈ શુભભાવ કરેલા હોય પૂર્વે, તો આ વર્તમાનમાં જરી આ લક્ષ્મી-ધૂળ આદિ મળે અને આ મોટરું-બોટરુંમાં ફરવાનો રાગ કરે, રાગથી દુઃખી થઈને રાગને ભોગવે. પૂર્વે પૂર્વની પર્યાય બીજી હતી અને આ અવસ્થા ભોગવવાની અવસ્થા બીજી. આ દ્રવ્ય તો એનો એ આત્મા છે. શું ભોગવે ઈ? આહાહા..! લાખ રૂપિયાની મોટર આમ પાણીના પૂર જેવી ચાલે સડક ઉપર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ? તમારો લઈને આવ્યો હતો ને ત્યાં? ભિવંડી. એક લઈને આવ્યો, એક લાવ્યો ઓલો સુધીર. ધીરૂભાઈ, ધીરૂભાઈ નહિ ઓલા? ..વાળા. બેય લાખ લાખ રૂપિયાની મોટર. લાખ લાખની બેય. ઓલો કહે કે મારામાં બેસો અને ઓલો કહે કે મારામાં બેસો. હવે મોઢા આગળ આવ્યા ને બેઠા. મૂકને હવે, બેસવું છે ને. મોટી આવે છે ને ઊંચી. ત્યારે ૮૦ હજારની કહેતો હતો. મોઢા આગળ એ આવ્યો ઓલો ધીરૂભાઈની મોટર લઈને. છોકરો અમેરિકાથી લઈને આવ્યા છે. એ મોડા આવ્યા. ત્યાં બેઠા. હવે જવા દે ને હવે ભાઈ. ત્યાં આવ્યો તમારો. ભાઈ, હવે થોડું જાવું અહીંથી ત્યાં. હવે ધૂળમાં કાંઈ છે નહિ. આહાહા..! પાણીના પૂરની જેમ ચાલતી હતી. ધૂળમાંય નથી સુખ. મૂઢ છો. રાગ કરીને સુખ માને છો કલ્પના છે તારી. પણ ઓલા ભવે કર્યું હોય, આ ભવે ભોગવે. પર્યાય તેની તે નથી રહેતી. પર્યાય અવસ્થા બીજી થઈ જાય છે. પૂર્વે કરેલી અવસ્થા તે વર્તમાન રહેતી નથી. પણ દ્રવ્ય તો આત્મા તો એનો એ છે. આ દ્રવ્ય પર્યાયનું જ્ઞાન જ લોકોને કઠણ ભારે પડે છે. અહીં તો તારામાં ને તારામાં રમત છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ?

'**અર્હંતના મતનો નથી;...**' વીતરાગ પરમેશ્વરે આત્માને પર્યાય નામ અવસ્થા, પલટતો નિત્ય પરિણામી આત્મા છે (એમ જોયો છે). નિત્ય પરિણામી રહીને બદલનારો છે. પાણી પાણીપણે રહીને અને એના તરંગો ઉઠે છે. એમ આત્મા દ્રવ્યપણે, ધ્રુવપણે રહીને અવસ્થાઓ બદલે છે. કહો, સમજાણું કાંઈ? કૂટસ્થ જેમ હોય ને? શિખર ઊંચા. એ શિખર પલટે નહિ એમ ને એમ પડ્યા હોય. એમ નથી. વસ્તુ કાયમ રહી અને અવસ્થા એની (પલટે છે). પાણી કાયમ રહીને એના તરંગો, તરંગરૂપી દશાઓ બદલે છે. એમ આત્મા કાયમ રહીને એની અવસ્થાઓ બદલે છે. આ પરમાણુઓ પણ કાયમ રહીને, જુઓને આ અવસ્થા બદલી છે કે નહિ? જુઓને આ શું છે? આ કાંઈ દેખાય તે દ્રવ્ય નથી દેખાતું. દ્રવ્યની વર્તમાન

અવસ્થા દેખાય છે. આ અવસ્થા-હાલત છે. સમજાય છે? જુઓને! કેટલાકને એમ ને એમ થઈ જાય ને ચાંઠા પડે છે. ઓલું શું થાય? શીતળા નીકળે. ડાઘ પડે અહીં. એ રજકણો છે. જગતની અજીવ રૂપી ચીજ છે. એ રજકણોમાં એકવાર સુંવાળી ચીજ આમ દેખાય, એકવાર ખાડો (દેખાય) એ રજકણની દશા છે-અવસ્થા છે, આત્માની નહિ. આત્માએ કરી નથી અને એ અવસ્થા થયા વિના દ્રવ્ય રહેતું નથી. કહો. શું કહેવાય તમારે જોડા? પ્લાસ્ટિકના. પ્લાસ્ટિકની પર્યાય ફરે છે એ પ્લાસ્ટિક પર્યાય ફરે છે. જોડા ન કહેવાય શું કહેવાય એને? ચંપલ, પ્લાસ્ટિકના ચંપલ. કો'ક કહે મારાથી બોલાઈ ગયું ભાઈ પ્લાસ્ટિકના જોડા. તો કહે જોડા ન કહેવાય ચંપલ. ચંપલ કહો ભાઈ. ભગવાનભાઈ લાવ્યા હતા. બાર રૂપિયાના ચંપલ. એને છે ને ઘરનું? એમાં એ પગ ન પેસે. મારે પોચું (જોઈએ). હાડકું વધે છે તો પોચું જોઈએ રબ્બરનું.

મુમુક્ષુ :- ઓલુ પણ પોચુ બહુ હોય.

ઉત્તર :- ના, ના. કઠણ બહુ હોય, બહુ કઠણ હોય. જોયું ને. બહુ કઠણ. આ પોચું (છે). રબ્બરનું હોય ને આ? એ તો કહે છે કે એને જોડા ન કહેવાય જોડા. ભાઈ ચંપલ કહો કીધું ભાઈ. પણ એ તો એની પર્યાય છે. એ પરમાણુ રજકણ છે રૂપી, ઝીણો-ઝીણો. એ ઘણા રજકણો ભેગા થઈને એ અવસ્થા થઈ છે. એની પાછી રાખ થશે, અવસ્થા હોં! રાખની પાછી ધૂળ થાશે, ધૂળના પાછા કાંકરા, સમજ્યાને? ધૂળ અને ધૂળમાંથી પછી ઘઉં થાશે. ઘઉંની અવસ્થામાંથી લોટ થાશે, લોટમાંથી વિષ્ટા થાશે. એમ ને એમ ચાલ્યું જ જાય છે. રજકણો કાયમ રહીને અવસ્થા બદલ્યા કરે છે. આહાહા..!

એમ આત્મા અનાદિઅનંત દ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે ધ્રુવ છે પણ અવસ્થા એની રૂપાંતર થયા કરે છે. એ રૂપાંતર અવસ્થાની અપેક્ષાએ અનેરી પર્યાય કરે અને અનેરી ભોગવે. દ્રવ્ય અપેક્ષાએ કહીએ તો જેણે કર્યું તેણે ભોગવ્યું. એવો અર્હંતનો મત છે-ભગવાનનો. આમ માને કે જે કરે તે ન જ કરે, જે કરે તે જ ન કરે, ન જ ભોગવે. અને ભોગવે તે ન જ કરે એવો એકાંત છે નહિ.

'**કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં,...**' અવસ્થા બદલવા છતાં '**દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;...**' એનો એ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. એનો એ ૫૦-૬૦ વર્ષ સંભારો તો એનો એ છે, એનો એ છે. એ પૂર્વે આમ હતું, ફલાણું આમ હતું, બાપુ! અમારે ગરીબાઈ બહુ હતું, ત્યારે આમ હતું, શરીર સાધારણ હતા, કપડા સાધારણ મળતા, ફલાણું ઢીંકણું મળતું. લ્યો, એનો એ યાદ કરનારો એનો એ છે કે નહિ? અત્યારે અવસ્થા પર્યાય બદલી.

**'ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;...'** નિત્યાનંદ પ્રભુ અનાદિઅનંત નિત્ય વસ્તુ છે એ અંતર દૃષ્ટિ કરો તો ચૈતન્યચમત્કાર તે નિત્ય છે. **'પ્રત્યભિજ્ઞાનથી જણાય છે...'** શું? પ્રત્યભિજ્ઞાન એટલે? **'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો...'** કહો, બાળકપણામાં હું હતો એ જ તરુણ-યુવાન અવસ્થામાં હતો. એ દ્રવ્ય તો આત્મા નો આત્મા એ જ છે કે બીજો છે? અવસ્થા બદલી ગઈ. આહાહા..! સમજાણું?

**'અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું.'** લ્યો. ૮૦ થયા, ૭૦ થયા, ૭૫ થયા. એ વૃદ્ધાવસ્થા થઈ, પણ આત્મા તો એ નો એ છે કે બીજો? એની અવસ્થામાં રાગ બંધ પડ્યો કે આમ થાય એ બધી અવસ્થા છે પણ વસ્તુ તો એ ની એ છે. સમજાણું કાંઈ? **'આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે-'** કોઈ અપેક્ષાએ નિત્ય એટલે ત્રિકાળ અપેક્ષાએ એ અનુભવગમ્ય છે અંદર. તે **'સ્વસંવેદનમાં આવે છે...'** જ્ઞાનમાં આવે છે કે હું ત્રિકાળ છું. હું તો ત્રિકાળ છું. બાળ, યુવાન, વૃદ્ધ અવસ્થામાં હું તો આત્મા એ નો એ છું. **'જેને જિનવાણી પણ એવો જ ગાય છે,...'** જેને વીતરાગની વાણી પણ એમ કહે છે.

**'તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું.'** લ્યો! પર્યાયને જ માને અને દ્રવ્યને ન માને. ઘણા તો એમ જ કહે છે ને, જુઓને, આપણે વર્તમાન સુખી થઈ ગયા છીએ, બસ છે જાવ. એમ જ માને છે ને? જેમાં આપણે રહ્યા છીએ તેમાં અધિકપણે આપણું જો કાંઈક રહી ગયું, નભી ગયું. જાવ. કાંઈક સારા પૈસાવાળા, કાંઈક રૂપાળા, કાંઈક બાયડીવાળા, કાંઈક છોકરાવાળા, કાંઈક મકાનવાળા. વાળા નીકળ્યા બધા. વાળા.. વાળા... વાળા.. કે દિ' બાપા! તું ક્યાં વાળો? એના વાળો ક્યાં? તારી રાગની દશા છે એ તો. સમજાય છે? અમે પૈસાવાળા, અમે આવા. સામ, દામ ને ઠામવાળા વાળા, વળી એમ કહે. ઠામ. અમારી હિંમતું એવી વેપાર-ધંધાની કે ઘણા પણ અમારે બહુ એવા વખાર આવી અને દામ-પૈસાની પણ છૂટ. પણ તું ત્યાં ક્યાં પૈસામાં ગરી ગયો? આરે.. આરે.. ફાટ્યો પણ હોં! સામ, દામ ને ઠામ તારું વિંખાઈ જશે બધું. દ્રવ્ય તો એ નો એ આત્મા છે. એ અવસ્થા બદલાઈ જશે અને ચાલ્યો જઈશ ક્યાંક. ત્યાં અવસ્થા બીજી થઈ જશે. ત્યાં પછી હાય-હાય. અરેરે..! આ શું કર્યું? નરકમાં જાય છે ને રાજાઓ. મોટા રાજા મરીને નરકમાં જાય છે હોં! બધા માંસ ખાનારા આ બધા ઉડાડે છે ને શિકાર-બિકાર હરણિયાને. માંસ ખાય, માછલા મારે, કોડલીવર પીવે. આ બધા પરસ્ત્રીના લંપટીઓ બહુ સરખાઈના હોય ને એ નરકમાં જાય છે. આત્મા તો એનો એ છે. પણ અહીં ભાવ કર્યા એવું ફળ

ત્યાં આપે છે. જમડાઓ ત્યાં કહે, લોઢાની પુતળી બનાવે ધગધગતી. લે સ્પર્શ કર તું આ સ્ત્રીનો કરતો હતો આ. રાડ નાખી જાય. અરરર..! આ શું છે આ? એ છે તારા બાંધેલા કર્મના ફળ ભોગવ. જેલર હોય ને જેલર? જેલમાં. એમ નીચે નરકમાં પરમાધામીઓ છે. સમજાય છે કાંઈ? દેવો એવા હલકા. જેમ અહીં જેલર હોય છે એવા. લોઢાની પુતળી ધગધગતી ધગધગતી એવી,.. આહાહા..! ન જવું હોય તો પાછળ શૂળ મારે. કટકા કરે. હાય-હાય. મરી ગયો રે. અરે..ભાઈ! આ શું છે આ? એ તારા પૂર્વના કર્મના ફળ છે આ. ઓલો પરમાધામી કહે છે. સમજાણું? આહાહા..! ભગવાન તો એ નો એ પણ ભાવ ફરી ગયા બધા. જેવા ભાવ કર્યા એવા પામીને ભોગવ્યું એ ભાવમાં. એવો અનાદિ કાળથી ભિન્ન ભિન્ન ભિન્ન અવસ્થા ભાવ કરી અને ભિન્ન ભિન્ન ભાવને ભોગવે છે. ખબર નથી એને કાંઈ શું છે ઈ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

એટલે કહે છે કે અવસ્થા જેટલો માનવો એ મૂઢ છે. એ ત્રિકાળ રહેનારો છે. અવસ્થા બદલે છે અને કાયમ રહેનાર છે. અનાદિ અનંત છે વસ્તુ. આદિ નથી, અંત નથી. એવી નિત્ય રહીને અવસ્થા બદલે છે. પાણી-પાણીપણું રાખીને તરંગો ઉઠે છે. તરંગપણાનો આ તરંગ તે બીજું નહિ અને બીજું તરંગ તે પહેલું નહિ, પણ પાણી તો એનું એ છે. એમ આત્મા દ્રવ્ય તરીકે વસ્તુ તરીકે એની એ અને અવસ્થા તરીકે જુદો જુદો છે. કહો, સમજાણું આમાં? અરે..! એવો નિર્ણય કરે તો હું તો ત્રિકાળ છું, દ્રવ્ય છું, વસ્તુ છું. મારું હોવાપણું એક સમયની અંદર પૂરું આવતું નથી. પરમાં તો નથી એમ કહે છે. પરમાં તો તારું હોવાપણું એક સમયમાં નથી પણ તારું હોવાપણું તારામાં એક સમયમાં છે એટલો પણ તું નથી. વસ્તુ... વસ્તુ... વસ્તુ... ધ્રુવ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ એ દૃષ્ટિ કર તો નિત્યનો ચૈતન્ય ચમત્કારનો અનુભવ થાય ત્યારે એને સમ્યગ્દર્શન થતાં જન્મ-મરણ મટી જાય.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૨૦૮.

**आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः**
**कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।**
**चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-**
**रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।।२०८।।**

આના અર્થ ઓલામાં બહુ કર્યા જુદી જુદી જાતના. પંચાસ્તિકાયમાં. એ આપણે વંચાઈ ગયું છે હિન્દીમાં.

'**શ્લોકાર્થ :- આત્માને સમસ્તપણે શુદ્ધ ઈચ્છનારા...**' જુઓ! બધી રીતે શુદ્ધ એટલે? એક સમયની દશામાં ત્રિકાળી કરવા જાશે તો અશુદ્ધ થઈ જાય છે એમ કહે છે.

એ અશુદ્ધ નથી. એક સમયની દશામાં એને ત્રિકાળી માનશો ત્રિકાળી. તો ભૂત અને ભવિષ્યકાળની ઉપાધિ લાગુ પડી જશે. કહો. આવા પણ છે જગતમાં માનનારા. આ બૌદ્ધ છે ને બૌદ્ધ? એમ માને છે. કહો! એમ સર્વજ્ઞને વ્યવહારે સત્ છે ત્રણ કાળના જાણનારા એમ નથી માનતા એ બૌદ્ધ જેવા છે, સોનગઢ જેવા છે એમ કહે છે. એમ આવ્યું છે. આને સંભારે છે સારી રીતે. રતનચંદજીને સારી રીતે સંભારે છે. સર્વજ્ઞનો કોઈ પ્રશ્ન કર્યો એમાં એને સંભાર્યા છે. એ વ્યવહારને સત્ય માનતા નથી. લોકાલોકને જાણે એ વ્યવહાર છે અને વ્યવહાર સત્ય છે. અને માનતા નથી કોણ? સોનગઢ અને બૌદ્ધ. અરે.. ભગવાન! તું પણ ભારે ભાઈ! જૈનદર્શનમાં (આવ્યું છે). અરે.. ભગવાન! શું તું કહે છે તને ખબર નથી.

એ તો પરમાં તન્મય થઈને જાણતો નથી એટલે વ્યવહાર કહેવામાં આવે છે. બાકી સ્વ અને પરનું જ્ઞાન એ તો આત્મજ્ઞપણું છે. એ કહે, નહિ, પરને જાણવું એ તો વ્યવહાર જ છે. અને આ લોકો પરને જાણવું વ્યવહાર સત્ છે એમ માનતા નથી. વ્યવહારને જૂઠો ઠરાવે છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! પરમાં તન્મય થઈને જાણતો નથી. માટે પરનું જાણવું એ અપેક્ષાએ જૂઠું છે. એમ. પણ પોતાની અપેક્ષામાં તો સ્વ-પરનું પૂરું જ્ઞાન આવી જાય છે. કેવળજ્ઞાનમાં એક સમયની દશામાં વિકાસ જ્ઞાનનો થતાં એક સમયમાં સ્વપરનું પૂરું જ્ઞાન આત્મજ્ઞાન એમાં આવી જાય છે. એને આમ જાણે એ કહેવું એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? ભારે. પણ જ્યાં ત્યાંથી ખેંચી ખેંચીને લાવે છે. અરે.. ભગવાન! શું કરે છે તું આ?

અહીં કહે છે કે વસ્તુ છે એ ત્રિકાળ રહેનારી છે એને કોઈ એક જ સમયની માને તો શુદ્ધ કહેવાય એમ માને છે. જુઓ, એને ત્રણ કાળના ભેગા લેવા જઈશું તો ત્રણ કાળની ઉપાધિ ભેગી આવી જશે. ધ્રુવ જો કહેવા જઈશું તો બધું ભેગું થઈ ગયું. એક જ શુદ્ધ સીધી વાત. વર્તમાન શુદ્ધ, વર્તમાન જેટલો આત્મા. લ્યો, કહે છે ને? '**(બૌદ્ધોએ) કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને...**' અરે.. ભાઈ! કાલે રહે એનો એ આ તો અશુદ્ધ થઈ ગયો આ. આવો હોય? ક્ષણે ક્ષણે આત્મા જ બદલી જાય. એક સમયમાં આત્મા પહેલો અને બીજે સમયે બીજો આત્મા. એમ બૌદ્ધ લોકો માને. બૌદ્ધનો મોટો મત છે આખો. આ ચીનમાં અને જાપાનમાં. નહિ? જાપાનને? જાપાનમાં, બર્મામાં. બધા ક્ષણિક માનનારા એ લોકો.

'**અધિક અશુદ્ધિ માનીને અતિવ્યાપ્તિને પામીને,...**' અતિવ્યાપ્તિ થઈ ગઈ એમ કહે. એક સમયનો આત્મા એનાથી બે સમયને ત્રિકાળ લેવા જશો તો અતિવ્યાપ્તિ થઈ ગઈ. લ્યો! '**શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા...**' વર્તમાન અવસ્થામાં લીન થયા થકા. ચૈતન્યને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્ષણિક કલ્પીને. બૌદ્ધને અનિત્યનો વૈરાગ્ય હતો. નિત્યનું ભાન નહોતું. સમજાય છે? નિર્ધનતાનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ એવું દુઃખ લાગ્યું બહારનું એથી એકદમ વૈરાગ્ય આવ્યો. એટલે આખા ક્ષણિકપણેથી ઉઠ્યા. ત્રિકાળી નિત્ય દ્રવ્ય છે એની દૃષ્ટિ થઈ નહિ. ભગવાનના વખતમાં હતા એ. રાજાના કુંવર હતા. સમજાય છે? રાજકુમાર હતા બૌદ્ધ. પણ નિર્ધનતા, વૃદ્ધાવસ્થા, રોગ એવા દુઃખ દેખી.. આહાહા..! એનો વૈરાગ્ય થયો. પણ એ તો દુઃખ ક્ષણિક છે. પણ ક્ષણિકનો ધરનાર, વેદનાર ત્રિકાળ છે. એ ત્રિકાળ ઉપર દૃષ્ટિ ગઈ નહિ, એથી એને ક્ષણિક આત્મા છે એમ કહ્યું. કોઈએ એને પૂછયું કે આત્મા ત્રિકાળ છે? કે એ ત્રિકાળ છે, બે કાળ છે એ ઉપાધિમાં હું પડતો નથી. હું તો વર્તમાન છું. જાવ. સમજાણું કાંઈ? મોટા રાજા હતા. પણ ભૂલ ખાધી છે મૂળમાંથી. જુઓ! અભિપ્રાય. નહિતર દુઃખમાંથી તો ઉઠ્યા ને, આમ દુઃખ આહાહા..! દુઃખ... દુઃખ... દુઃખ. પણ દુઃખ તો ક્ષણિક અવસ્થામાં છે. ત્રિકાળી આત્મા તો આનંદમૂર્તિ છે. એ ત્રિકાળી આત્માની નિત્યતાનું ભાન ન રહ્યું અને દુઃખથી કંટાળી ગયા. દુઃખ... દુઃખ... દુઃખ... એટલે આત્માને ક્ષણિક માની લીધો. સમજાણું કાંઈ? જુઓ! આવી ભૂલો મોટા રાજા, મહારાજા વૈરાગ્ય પામે તો થાય છે. વસ્તુની ખબર નથી, શું કરે? મોટો પંથ-પક્ષ થઈ ગયો છે આજે. એના તો શાસ્ત્ર રચાણા છે.

આત્મા અનાદિઅનંત આનંદમૂર્તિ અને વર્તમાન દુઃખની દશા એ અવસ્થા ક્ષણિક છે એ કાંઈ કાયમ રહે એવી નથી. ત્રિકાળી આનંદમૂર્તિનો અનુભવ કરે તો દુઃખનો નાશ થઈને આનંદ પ્રગટ થાય. એવો આત્મા છે. સમજાણું કાંઈ? એણે એમ કહ્યું કે ક્ષણિક આત્મા છે એટલે આ આત્મા બીજી પર્યાયમાં સંસ્કાર નાખતો જાય. આ વયો જાય. પણ કોને નાખે સંસ્કાર? જાતિસ્મરણનો એ તો બહુ વિચાર કરે હોં બૌદ્ધના સાધુ. આ પહેલા પહેલા બહુ વિચાર કરે. જાતિસ્મરણ થવા પૂર્વ ભવનું જ્ઞાન. પૂર્વ ભવનું જ્ઞાન થવામાં નિત્ય થઈ ગયો આત્મા. પહેલા હતી પર્યાય, આ પહેલી હતી, પહેલા હતી. આ હતી એનું જ્ઞાન અહીં થયું. તો કરનારો તો એનો એ છે. વસ્તુ ભૂલે છે ત્યારે જીવને ક્યાં ભૂલું છું એની ખબર હોતી નથી. સમજાણું કાંઈ?

આમ તો માને કે અમે બરાબર આમ કરીએ છીએ. વૈરાગ્ય હોય હોં વૈરાગ્ય. આમ જુઓને મૂર્તિ છે ને. ગયામાં છે ગયામાં. નહિ? બૌદ્ધની. ગયા હતા ને બધું જોયું છે ને અમે. આમ હાથમાં કાંઈક છે પાતળું કાળું. વૈરાગ્ય... વૈરાગ્ય... એક આમ લાંબી મૂર્તિ છે. એ ફોટામાં આવ્યું હતું. લાંબી આમ મોટી આમ. પણ એ ક્ષણિક અવસ્થા. વસ્તુ ત્રિકાળ નિત્યાનંદ ઉપર દૃષ્ટિ ગઈ નહિ. આવો વૈરાગ્ય એટલે એ અનિત્યભાવના કહેવાય. અનિત્યભાવના. પણ અનિત્યભાવના નિત્યમાં રહીને અનિત્યભાવના હોય. નિત્ય ત્રિકાળ આનંદમૂર્તિ છે એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાન થયા પછી અનિત્યનું હોય કે આ બધું શરીર, સંયોગ ક્ષણિક છે, અવસ્થા ક્ષણિક છે. સમજાય છે? પણ ત્રિકાળી નિત્ય આનંદની ખબર ન મળે અને એકલી પર્યાયનું જ્ઞાન (કરે) એ તો મિથ્યાદષ્ટિ છે.

'**ચૈતન્યને ક્ષણિક કલ્પીને, આ આત્માને છોડી દીધો;...**' શું કીધું? ક્ષણે ક્ષણે અવસ્થા બદલતો એ આત્મા જ બદલી ગયો એમ માનીને ત્રિકાળ આત્મા એને દૃષ્ટિમાંથી છોડી દીધો. દાખલો આપશે. '**જેમ હારમાંનો દોરો નહિ જોતાં...**' હાર છે ને હાર? હારમાં દોરો સળંગ છે આખો. એમ ન જોતાં '**કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.**' એક એક મોતી, એક એક મોતી. કહો, સમજાણું? એક એક મોતી કે એક એક માળાનો દાણો. એ દાણો એક એક જોઈને આખો ત્રિકાળી હાર છે એને છોડી દે છે આખો અને એક એક અવસ્થાનો મણકો જોઈને આખો ત્રિકાળ દોરારૂપ દ્રવ્ય ત્રિકાળ પરોવેલી છે વસ્તુ, એને છોડી દે છે. સમજાણું કાંઈ?

'**જેમ હારમાંનો દોરો નહિ જોતાં...**' દોરો તો સળંગ છે કે નહિ નિત્ય આખો? જેટલા પારામાં બધામાં દોરો છે. '**કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.**' ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય તેને જોનારા નિત્યાનંદરૂપી નિત્ય આનંદરૂપી દોરો અંદર છે એવા આત્માને છોડી દે છે. એવા આત્માને માનતા નથી. મોટા માંધાતા થાય તોપણ ભૂલ ક્યાં રહી જાય છે એવી એને ખબર નથી. અનાદિની અનાદિની.

'**ભાવાર્થ :- આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઈચ્છક...**' બધી રીતે આત્મા શુદ્ધ છે એમ માનો. '**એવા બૌદ્ધોએ વિચાર્યું કે-આત્માને નિત્ય માનવામાં આવે...**' જો આત્મા ત્રિકાળી છે એમ માનવામાં આવે '**તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે...**' ત્રિકાળ આવ્યું ને એમાં? ત્રિકાળ. તો ત્રિકાળની અપેક્ષા આવી માટે નહિ. સમજાણું કાંઈ? '**નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે;...**' અરે..! એક સમય પૂરતી વસ્તુ એને ત્રણ કાળ કહેવા! વર્તમાનથી અધિક થઈ ગયો એ તો. અતિવ્યાપ્તિ થઈ ગઈ. બીજે વ્યાપી ગયો, બીજા કાળમાં પણ રહ્યો. એવું હોઈ શકે? એમ એક સમયનો આત્મા છે એમ માને. સમજાણું કાંઈ? મોટા શાસ્ત્ર છે હોં એના. શું કહેવાય એના? કૌસંબી, ધર્માનંદ કૌસંબી. ઓલો હતો ને મોટો એક? પુસ્તક બનાવ્યા છે, શાસ્ત્ર છે એના. બૌદ્ધના કરેલા. પણ એ આત્મા નિત્યને જોયો નહિ. અનિત્યનો વૈરાગ્ય એકલો આવ્યો.

એમ અહીં તો અનાદિથી અજ્ઞાની આત્મા રાગની મંદતા કરી વૈરાગ્ય પામીને માની લે કે અમે કાંઈક કર્યું. સમજાણું કાંઈ? રાગનો કષાય મંદ, કષાય મંદ કરી ને બાયડી-છોકરા છોડ્યા, સંસારનો ત્યાગ થયો. ઉદાસ... ઉદાસ.. રાગની મંદતા જાણે બસ ઓહોહો..! પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો ક્ષણિક છે. ત્રિકાળી વસ્તુની દૃષ્ટિ વિના ખરેખર રાગની મંદતા પણ કહેવાતી નથી. સમજાણું કાંઈ?

નિત્યાનંદની દૃષ્ટિ થયા વિના રાગની મંદતાનો ભાવ જાણવા જેવો છે એ પણ એને સાચો હોઈ શકે નહિ. બસ! આ તો વૈરાગ્ય થઈ ગયો. ઓહો..! બાયડી સામું જોવું નહિ, ઊંચી નજરે જોવું નહિ, આ કરવું નહિ, ફલાણું કરવું નહિ બસ! એ તો એક રાગની મંદતાના કાર્ય છે. સમજાય છે? પણ ત્રિકાળી દ્રવ્યદૃષ્ટિ વિના વસ્તુની દૃષ્ટિના ભાન વિના એના જન્મ-મરણ મટતા નથી. સ્વર્ગ મળે, પુણ્ય કરે તો જાય સ્વર્ગમાં જાય. પછડાશે ત્યાંથી પાછો. સમજાય છે?

કહે છે, '**કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.**' જોયું! એનું નામ અતિવ્યાપ્તિ. છે ને? આત્માને નિત્ય કરશું તો વર્તમાન સિવાય ભૂત-ભવિષ્ય બે લાગુ પડી ગયા. ભૂત-ભવિષ્ય લાગુ પડે તો નિત્ય થઈ ગયો. તો એ તો ઉપાધિ કહેવાય. સમજાણું કાંઈ? એ પણ એક તર્ક છે. એ પણ છે. માર્ગ છે ને? માનનારાઓ છે.

'**આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય...**' એટલે વર્તમાન પર્યાયનો વિષય. '**વર્તમાન સમય તેટલો જ માત્ર આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો.**' નિત્ય નામ કાયમ રહેનારો અને પર્યાયે બદલનારો એમ બે સ્વરૂપ એના છે એ ન માન્યું. વસ્તુ કાયમ રહી, સોનું સોનાપણે કાયમ રહી અવસ્થાઓ બદલે છે. એમ દ્રવ્યપણે કાયમ રહી પર્યાયપણે બદલે છે. એવો જ આત્મા છે. એને એણે માન્યો નહિ. કેટલાક કૂટસ્થ માને છે જુઓને. આ કૂટસ્થ છે. એકલો કૂટસ્થ. કંઈ પર્યાય-ફર્યાય નથી. પર્યાય નથી તો આ રાગ-દ્વેષનું ભોગવવું, રાગ-દ્વેષનું ટાળવું ક્યાં થાય છે? સમજાય છે? એ ત્યાં ભૂલ્યા, આ અહીં ભૂલ્યા.

'**આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-**' સમજાય છે? '**સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ.**' એને તો દ્રવ્ય એટલે ત્રિકાળી રહેનાર ભગવાન અને સમય સમયની અવસ્થા એવો આત્મા એને પ્રાપ્ત થયો નહિ. '**માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.**' લ્યો, એ આત્મા સાચો નથી. એક પર્યાયને માને તે સાચો આત્મા નથી. ત્રિકાળ ધ્રુવ રહી એનો એ... એનો એ... એનો એ... એનો એ.. દશા-વિચાર-પર્યાય-અવસ્થા બદલે. રાગ હોય ટળી વીતરાગ થાય, અજ્ઞાન ટળીને જ્ઞાન થાય, અશુદ્ધતા ટળીને શુદ્ધ થાય, દુઃખ ટળીને આનંદ થાય. એ અવસ્થા બદલે. વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઈ છે. આ ભારે વાત! સમજાણું કાંઈ?

**'મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે;...'** મોતીના હારમાં. **'દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે; જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-'** હાર નામની વસ્તુને મોતી અને દોરાને દેખતો નથી **'માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે,...'** એક એક એક મોતીને ગ્રહણ કરે પણ આખો હાર છે એને જોતો નથી. એમ એક એક અવસ્થા થાય છે એને જોવે છે. પણ અવસ્થાનો ધરનાર ત્રિકાળ અવસ્થાયી છે એને જોતો નથી. ભારે વાત ભાઈ! એકે એક વાત લીધી છે. **'હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી.'**

**'તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી...'** એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી. એક. ત્રિકાળ ત્રિકાળ ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... નિત્ય. એની સામું તો જોતા નથી. સમજાણું? **'અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી...'** વર્તમાન વર્તમાન પર્યાયને અવસ્થાના ઉપયોગને દેખી આત્માને અનિત્ય કલ્પ્યો. આત્મા અનિત્ય જ છે એમ માન્યું. નિત્ય ત્રિકાળ છે એના પર્યાય બદલે છે એમ માન્યું નહિ. ભારે વાત!

**'ૠજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે), તેઓ આત્માને છોડી દે છે;...'** ઓલા હારની જેમ. **'તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી.'**

**'હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :-'** લ્યો! સરવાળો કહે છે હવે.

**कर्तृर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा**
**कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।**
**प्रोता सूत्र उवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-**
**च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः।।२०९।।**

શું કહે છે હવે? સરવાળો કરે છે.

**'શ્લોકાર્થ :- કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો...'** શું કહે છે? કર્તા રાગ વિકારનો અહીંયા અને બીજી પર્યાય ભોગવે. એ ભલે હો. અને અભેદ હો. એનો એ આત્મા આ સમયે કરે અને બીજે સમયે-ક્ષણે ભોગવે એમ હો. **'અથવા કર્તા અને**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભોક્તા બન્ને ન હો;...**' ખરેખર રાગને અહીં કરવું અને પછી ભોગવવું એ વસ્તુની દૃષ્ટિએ છે નહિ. '**કર્તા અને ભોક્તા બન્ને ન હો;...**' એટલે શું કીધું? રાગપણાના વિકાર આ ભાવે કરે એ બીજી પર્યાયે ભોગવે એમ હો પર્યાય. આ અભેદપણે આ પર્યાયે કર્યું અને ઓલી પર્યાયે ભોગવ્યું પણ દ્રવ્ય તો એનો એ છે. અને ન હો. ખરેખર વસ્તુનો સ્વભાવ જોતાં એ રાગનો કર્તા અને રાગનો ભોક્તા અજ્ઞાનભાવમાં છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

'**વસ્તુને જ અનુભવો.**' આહાહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એ વસ્તુ. એને અનુભવો એ પર્યાય. સમજાય છે કાંઈ? વિકારનું થવું અને વિકારનું ભોગવવું ભલે સમય પર્યાય ફેરે હો. દ્રવ્યફેરે એનું એ દ્રવ્ય એને વિકારને કરે, બીજે ભવે ભોગવે ભલે એમ હો. વસ્તુ દૃષ્ટિએ જોતા વિકાર કરે અને વિકાર ભોગવે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? વિકારપણું એ આત્માના સ્વભાવમાં વસ્તુમાં નથી. એ તો પર્યાયમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ છે. કહે છે કે એની દશામાં દુઃખ કરે અને દુઃખ ભોગવે ભલે હો. એનો એ કરે અને એનો એ ભોગવે. આ કરે અને બીજો ભોગવે એમ પર્યાયથી ભલે હો. જાણવા જેવી વાત છે. વસ્તુ જે છે નિત્યાનંદ પ્રભુ એ તો ખરેખર રાગને કરે અને રાગને ભોગવે એવું એના દ્રવ્ય સ્વરૂપમાં છે નહિ. આહાહા..! લાવીને અહીં મૂક્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, એની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં એ રાગનો કર્તા અને રાગનો ભોક્તા બીજો એ બધું એમાં રહેતું નથી. આહાહા..! ભારે વાત પણ ભાઈ! એના તળિયાં-તળિયાં શું? એના તળમાં શું ભર્યું છે? દરિયાના તળમાં મોતી ભર્યા છે. એમ આના અંતર તળમાં આનંદ ભર્યો છે. પણ ડૂબકી મારે ત્યારે ખબર પડે ને?

કહે છે કે ભાઈ! અવસ્થા છે, દ્રવ્ય છે એમ ભલે તેં નક્કી કર્યું. સમજાય છે? પણ એનો સાર શું હવે? સમજાય છે કાંઈ? અવસ્થામાં આ પર્યાયે વિકાર કર્યો એ બીજી પર્યાયે ભોગવ્યું ભલે, એમ છે પર્યાયદૃષ્ટિએ. દ્રવ્યપણે તો આ ભવે આ ભાવે કર્યો એ બીજા ભવમાં એનો એ ભોગવનારો છે એમ ભલે હો. હવે એ નક્કી કરીને શું? કહે છે. એટલું તો ભલે નક્કી કર્યું. કર્તા-ભોક્તા બંને ન હો. સમજાય છે? ભગવાન આત્મા પર્યાયનું લક્ષ છોડી દઈ, પર્યાયને કબુલીને લક્ષ છોડી દઈ. દ્રવ્યને કબુલી અને પછી દ્રવ્યનો પણ વિકલ્પ છોડી દઈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. તારે કરવાનું શું છે? કહે છે. આ વિકલ્પ ને રાગને, પુણ્ય-પાપના વિકલ્પ રાગને અનુભવે છે. હો. પણ એ કાંઈ આત્માનું સ્વરૂપ છે? દયા, દાન, કામ, ક્રોધના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પો ઉઠે આ પર્યાય બીજી પર્યાય ભોગવે ભલે હો, પણ એ કાંઈ વસ્તુનું સ્વરૂપ છે? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એ ભગવાન ચિદાનંદ પ્રભુ એવી દૃષ્ટિ કર કે જેમાં રાગનું આ ભવે કરવું અને બીજા ભવે ભોગવવું એ રહેતું નથી. એના એ દ્રવ્યને અને એ પર્યાયને એ દ્રવ્ય પણ ઈ જાતનું રહેતું નથી. પર્યાય આ ભાવે કરીને બીજી પર્યાયે ભોગવે એમ પણ રહેતું નથી. સમજાય છે કાંઈ?

વસ્તુને અનુભવો. અહીં તો કહે છે ભાઈ. એ બધું જાણીને કરવું શું? એમ કહે છે. પર્યાયમાં-અવસ્થામાં અત્યારે દુઃખ છે વિકાર, બીજે ભવે ભોગવ્યો. ભલે એ પર્યાયદૃષ્ટિએ એમ હો. વસ્તુ દૃષ્ટિએ એ આત્મા... ઓલી મૂળ દૃષ્ટિની વાત નહિ, દ્રવ્યને નક્કી કરવા માટે એનું એ દ્રવ્ય છે, આ પર્યાયે કર્યું અને બીજી પર્યાયમાં એનો એ ભોગવનાર છે. પણ હવે એનો સરવાળો શું તારે લેવો છે? દ્રવ્ય એ સમયે ભોગવે છે, નિત્ય છે એટલું રાખવું છે? સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ છે. એનો અંતર દૃષ્ટિ કરીને અનુભવ કર એનું નામ આત્માને કબુલ્યો અને અનુભવ થયો એમ કહેવામાં આવે છે. આહાહા..! ત્યારે એણે દ્રવ્ય પર્યાયને યથાર્થ જાણ્યું એમ કહે છે. શું કહે છે સમજાય છે કાંઈ?

આ અવસ્થાએ પર્યાયમાં રાગ-દ્વેષ કરે, બીજા ભવમાં એનું ફળ ભોગવે. અવસ્થા દૃષ્ટિએ. વસ્તુ દૃષ્ટિએ તો આ ભવમાં રાગ-દ્વેષ કરે એનો એ આત્મા બીજા ભવમાં ભોગવે. એમ છે. છતાં હવે એનો સરવાળો શું? એનું યથાર્થ જ્ઞાન કઈ રીતે થાય દ્રવ્ય અને પર્યાયનું? સમજાણું કાંઈ? એ જાણ્યા પછી પણ વસ્તુ ભગવાન આત્મા નિત્યાનંદ શુદ્ધ ચૈતન્ય છે એની દૃષ્ટિ કરીને વસ્તુનો અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ એણે દ્રવ્ય અને પર્યાયને જાણ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! જુઓને! લાવ્યા ક્યાં? જ્યાં હતું ત્યાં લાવ્યા પાછું. ફેરવી ફેરવીને.

ભગવાન! તારામાં આ દયા-દાન ભક્તિના ભાવ થાય એ પુણ્ય છે. હિંસા, જૂઠા, ચોરીના ભાવ થાય એ પાપ છે. બેયના ફળ સંયોગ છે. એમ કહે છે. સમજાય છે? આ ભવે પુણ્ય કરે તો બીજા ભવે એનું ફળ સંયોગમાં મળે. સ્વભાવ નહિ મળે એને. આ ભવે પાપ કરે તો બીજા ભવે પર્યાય અપેક્ષાએ બીજે ભોગવે. વસ્તુ એનો એ પુણ્ય કરનારો એનો એ ભોગવે, પાપ કરનારો એનો એ ભોગવે. ભલે એમ હો. પણ હવે તારે બેનું યથાર્થ જ્ઞાન ક્યારે કહેવાય? સમજાણું કાંઈ? પુણ્યના વિકલ્પ છે, દયા-દાન, વ્રત-ભક્તિનો વિકલ્પ છે એનો હું કર્તા નહિ. કારણ કે એ રાગ છે. આ એના ફળનો હું ભોક્તા નહિ. કેમ કે એ વિભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા કર્તા અને ભોક્તા બન્ને ન હો. વસ્તુનો અનુભવ હો. વસ્તુને અનુભવો. ભગવાન ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ કરીને એને અનુભવો. બધું જાણીને કરવું શું છે? કહે છે. અહીં એમ કહે છે. ભલે પર્યાય જાણી આમ છે, દ્રવ્ય જાણ્યું કે એનું એ છે. બધું જાણ્યું લે. હવે શું કરવું છે તારે? એ અવસ્થા આ હતી, બીજી અવસ્થા બીજી, દ્રવ્ય એનું એ અહીં, એનું એ ત્યાં. બધું જાણ્યું. હવે શું કરવું છે તારે? એનું તાત્પર્ય શું હવે?

મુમુક્ષુ :- વિકલ્પ છોડીને નિર્વિકલ્પ થવું.

ઉત્તર :- હા. ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ છે એને શુભ-અશુભ વિકલ્પ જે રાગ છે, દયા, દાન, વ્રત, ભક્તિ પુણ્યનો ભાવ એ પણ રાગ છે. એ ધર્મ નહિ. આહાહા..! એનું લક્ષ છોડી દઈને ત્રિકાળી આનંદમૂર્તિની દૃષ્ટિ કર ત્યારે તને ધર્મ થાય અને આનંદનો અનુભવ થાય. એને વસ્તુનો અનુભવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! કર્તા-ભોક્તા બન્ને ન હો, જાવ.

વસ્તુ છે ભગવાન આત્મા એ તે કાંઈ ખરેખર પુણ્ય-પાપના પરિણામને કરવું એનો કાંઈ ગુણ છે? અને પુણ્ય-પાપના ફળને ભોગવવું એ એનો કોઈ ગુણ છે? દેવતામાં પુણ્ય કરેલા સુખ ભોગવવા એ એનો કોઈ ગુણ છે? અને પાપ અહીં કરીને નરકમાં ભોગવે દુઃખ એનો કોઈ ગુણ છે? એ તો પર્યાયમાં અદ્ધરથી થાય છે. એનો ગુણ તો આનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભાઈ! તારા ઘરે આવ. એમ કહે છે. આહાહા..! એ પુણ્ય અને પાપના રાગ ઉઠે છે એ તો પરઘર છે. ભાઈ! એ તો વ્યભિચાર છે. આહાહા..! જુઓને સરવાળો ક્યાં લાવ્યા! ક્યાં પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિને સમજાવી પણ આ દ્રવ્યનો અનુભવ કર ત્યારે ખરું જ્ઞાન કહેવામાં આવે. એકલી વાતું કર કે આ પર્યાય આમ છે અને દ્રવ્ય આમ છે એમાં કાંઈ વળે એવું નથી. એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? આહાહા..! બીજાને બતાવ કે જો બૌદ્ધ આમ કહે છે. અમે એમ નથી માનતા. અમે આમ માનીએ. પણ હવે માનીને કરવું છે શું? કહો, જેઠાલાલભાઈ! અમે આમ માનીએ છીએ. નિત્ય ત્રિકાળ રહે એને માનીએ અને અવસ્થા થાય એને માનીએ. (સર્વથા) કૂટસ્થ ન માનીએ અને ક્ષણિક ન માનીએ. બેયને (માનીએ). હવે માનીને શું કર્યું તેં? એ માન્યું ત્યારે કહેવાય.. ગોદિકાજી!

નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ છે આત્મા. એવા સચ્ચિદાનંદને આ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ રાગ છે એનું લક્ષ છોડી દઈ અને સ્વરૂપની દૃષ્ટિ કર ત્યારે તને વસ્તુનો અનુભવ થાય, ત્યારે તેને ધર્મી અને આત્મા જાણ્યો કહેવામાં આવે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ બધા શાસ્ત્રના જાણપણા પણ ભૂલી જાય પછી, એમ કહે છે. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાય આમ છે અને દ્રવ્ય આમ છે. એમ કહે છે અહીંયા. એઈ..!

મુમુક્ષુ :- ખરી કસોટી છે.

ઉત્તર :- ખરી કસોટી. શાસ્ત્રના જાણપણા કર્યા કે આ પર્યાય આમ છે, દ્રવ્ય આમ છે, ફલાણું આમ છે. તો શું છે પણ હવે? હવે તારે હજી બહારચલું રહેવું છે કે વસ્તુને જાણવી છે? આહાહા..!

ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ આત્માને આનંદસ્વરૂપ કહે છે તેવો તું છો. એમાં બધા વિકલ્પો ઉઠે કે પર્યાય આમ છે અને દ્રવ્ય આમ છે, એ બધા જાણપણાના વિકલ્પ બધા દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ વસ્તુને અનુભવો. '**વસ્તુને જ અનુભવો.**' એમ શબ્દ છે ને? '**वस्त्वेव सञ्चिन्त्यताम्।**' એમ છે ને? '**एव**' શબ્દ પડ્યો છે, જુઓ બીજી લીટીમાં. '**वस्त्वेव सञ्चिन्त्यताम्।**' બીજી લીટીનો છેલ્લો શબ્દ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ એને વિકાર જે ક્ષણિક પુણ્ય-પાપ, દયા-દાન વિકલ્પ છે એ તેનું સ્વરૂપ નથી. એને છોડી ભગવાન આત્મા વસ્તુ છે, જેમાં આનંદ અને શાંતિ જેમાં પ્રસરીને વિસ્તાર રૂપે પડી છે શક્તિરૂપ. સમજાય છે? એમાં જા, એને જાણીને અનુભવ. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ત્યારે એનું જ્ઞાન સાચું કહેવામાં આવે છે. બાકી બધા જ્ઞાનની વાતું કરે એ જ્ઞાન સાચું નથી. આ એમ અહીંયાં ભગવાન સિદ્ધ કરવા માગે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૬, ગુરુવાર તા. ૨૩-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૯-૨૧૦, પ્રવચન-૪૦૫**

૨૦૯ કળશ છે. થોડું ચાલ્યું છે. ફરીને લઈએ.

‘**હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :-**’ શું કહે છે? કે આ આત્મા છે આત્મા, એમાં ‘**કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો...**’ એટલે શું કહે છે? કે આ આત્મા વસ્તુ તરીકે ધ્રુવ નિત્ય છે અને અવસ્થામાં પર્યાય.. પર્યાય.. પર્યાય-અવસ્થા બદલે છે. એ અવસ્થાની અપેક્ષાએ કર્તા અન્ય અવસ્થા અને ભોક્તા અન્ય અવસ્થા. (એવો) ભલે ભેદ હો એમ કહે છે. સમજાય છે કાંઈ? પર્યાયથી રાગ-દ્વેષનો કર્તા આ પર્યાય અને બીજા ભવે એ પર્યાયનો ભોગવનારો સંયોગ એ બીજી પર્યાય. જે પર્યાયે વિકાર કર્યો તે પર્યાય ત્યાં ભોગવનાર નથી. સમજાય છે કાંઈ? અહીં એક રાગ-દ્વેષ કર્યા વિકાર, એના ફળમાં પુણ્યાદિ કર્યા હોય તો સ્વર્ગમાં જાય, પાપાદિ (કર્યા હોય તો) નરકમાં જાય. તો આ પર્યાય કરી એ પર્યાય ત્યાં ભોગવનાર નથી. આ પર્યાય અન્ય કર્તા અને ભોક્તા અન્ય. હો પર્યાયદૃષ્ટિએ કદાચિત્. અભેદ હો. એટલે કે એ નું એ દ્રવ્યે આ વિકાર આ ભવે કર્યો, એ ના એ દ્રવ્યે બીજા ભવે ભોગવ્યો. એ અભેદ હો.

મુમુક્ષુ :- દ્રવ્ય અપેક્ષાએ.

ઉત્તર :- દ્રવ્ય અપેક્ષાએ. સમજાય છે કાંઈ?

વસ્તુ છે આ આત્મા, ચૈતન્ય પદાર્થ. દ્રવ્ય તરીકે ધ્રુવ છે અને અવસ્થા તરીકે ક્ષણિક બદલે છે, બસ! એની અહીં રમતની વાત કરી છે. પર્યાય તરીકે આ પર્યાયે-અવસ્થાએ વિકાર કર્યો અને બીજી પર્યાયે ભોગવ્યો તો એ ભેદ પડ્યો. અવસ્થા દૃષ્ટિએ એમ પણ છે. વસ્તુ દૃષ્ટિએ તે નો તે આત્મા વિકાર આ ભવે કરે છે, તે જ આત્મા બીજા ભવે પુણ્ય-પાપના ફળને ભોગવે છે. કહો, સમજાય છે કાંઈ? અભેદ હો.

‘**અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો;...**’ અથવા ખરેખર રાગાદિ-દ્વેષાદિનું કરવાપણું કે રાગ-દ્વેષનું ભોગવવાપણું ન હો. આત્મામાં એ છે જ નહિ. સમજાય છે કાંઈ? કહે છે કે રાગ-દ્વેષ કરવા અને રાગ-દ્વેષ ભોગવવા એ પર્યાયે ભેદ, દ્રવ્યે અભેદ અને કર્તા-ભોક્તા વસ્તુની દૃષ્ટિએ વસ્તુ જોતા તે રાગનો કર્તા અને રાગનો ભોક્તા નથી. એ નથી એ પણ એક વિકલ્પ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સવારની વાતનું અનુસંધાન છે.

ઉત્તર :- હા. અને એ અહીંથી કહે છે અહીં. કર્તા-ભોક્તા બન્ને નથી. પણ નથી છતાં આ હું આત્મા રાગનો અત્યારે કર્તા પણ નથી અને પછી ભોક્તા પણ નથી. કારણ કે આત્માનો સ્વભાવ છે એ રાગનું કરવું નથી અને વિકારનું ભોગવવું એના સ્વરૂપમાં અને સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? હો એમ, પણ હું કર્તા નથી અને હું ભોક્તા નથી એવો વિકલ્પ પણ અહીં શું કામ છે? કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

મુમુક્ષુ :- કેવી ઝીણી વાત?

ઉત્તર :- એ તો અમારે હીરાલાલભાઈની સામુ જોઈને કહ્યું. એ કાપડના ધંધામાં ગૂંચવાઈ જાય ને એમાં આ સાંભળવા માંડ આવે તો ઝીણું લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિસ્થિતિ એવી હતી.

આ પરનો તો કર્તા-ભોક્તા નથી. શું? એ દુકાનના કામ કાપડનો આત્મા કર્તા નથી એમ કહે છે. અને આ દાળ, ભાત અને લાડવાનો ભોક્તા આત્મા છે નહિ કોઈ રીતે. સમજાણું કાંઈ? આ તો એની પર્યાયના ભેદ અને દ્રવ્યના ભેદની વાત ચાલે છે અત્યારે. ઓલી વાત તો કાઢી નાખી પહેલેથી. શરીરનું કાંઈ કરે કે આ વાણીનું કાંઈ કરે કે દાળ-ભાતને ભોગવે કે લાડવા ભોગવે, મકાન ભોગવે, રળ્યા પૈસા ને રળ્યા અત્યારે તો હવે ખાઈએ છીએ. સમજ્યાને? શું કહે છે? ખાઈ-પીને હવે રળ્યા એને નિરાંતે ખાઈએ. શું ખાય? ધૂળ ખાતો હશે આત્મા? એ લાડવા અને દાળ, ભાત તો ધૂળ છે. એ આત્મા ખાઈ શકે?

મુમુક્ષુ :- બધાય ખાઈ શકે છે.

ઉત્તર :- કોઈ ખાતું નથી. એ વખતે રાગને ખાય છે. રાગ કરીને રાગને ખાય છે અને રાગનો કર્તા અને એ રાગનો ભોક્તા. પરની સાથે તો વાત લીધી જ નથી અહીં હવે.

આત્મા, એનામાં બે અંશ. એક ત્રિકાળી દ્રવ્ય અને એક વર્તમાન અવસ્થા. હવે એની અંદરમાં પરનું ભોગવવાપણું તો અહીં વાત છે જ નહિ. વર્તમાન દશામાં વિકાર કરે પુણ્યના ભાવ તો એ ની એ પર્યાય પછી પુણ્યના સંયોગ મળે ત્યારે એ પર્યાય રહેતી નથી. અહીં સંયોગની અપેક્ષાએ વાત છે. નિશ્ચયથી તો જે સમયે રાગ કરે તે સમયે જ ભોગવે છે. એ વાત અત્યારે અહીં નથી લેવી. સમજાણું કાંઈ? એ કર્તા-ભોક્તામાં આવી ગઈ છે વાત. જે સમયે વિકાર કરે છે તે જ સમયે તે વેદે અને ભોગવે છે. બીજો સમય કર્તા-ભોક્તાનો હોતો નથી. એ અહીં વાત નથી. અહીંયાં તો વિકાર કરે છે, આ સમયે પુણ્યભાવ કર્યા. એ બીજા ભવમાં બીજી પર્યાયથી તે પુણ્યના સંયોગો મળે તેને ભોગવે-રાગને એમ કહેવું છે અહીં.

મુમુક્ષુ :- તે ની તે પર્યાયમાં...

ઉત્તર :- હા. એ નો એ પર્યાય. નિશ્ચયથી તો જે કરે છે તે ભોગવે છે એમ છે. આ તો સંયોગની અપેક્ષાએ વાત છે. સ્વભાવ જોઈએ તો જે સમયે વિકાર કરે તે કર્તા અને તે સમયે ભોગવે તે ભોક્તા. કહો, ગોદિકાજી! સમજાય છે કાંઈ? રાગ કર્યો તે વખતે જ રાગનું વેદન આકુળતાનું છે. સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપના વિકલ્પ થયા. પુણ્યનો વિકલ્પ કર્યો લ્યોને પહેલો. પછી પાપનો લઈએ. એ પુણ્ય શુભભાવ થયો એનો કર્તા. એ શુભભાવમાં રાગની આકુળતાનું વેદન, એ કરવું અને વેદવું બે ભેગું જ છે. નિશ્ચયમાં પર્યાયમાં કરવું-વેદવું એના સમયભેદ નથી. આ બીજી વાત છે અહીં. સમજાણું કાંઈ?

અહીં તો એક સમયની પર્યાયે પુણ્ય કર્યા એ બીજા ભવમાં બીજી પર્યાયે ઓલો સંયોગ મળ્યો તેના લક્ષે રાગ કરીને ભોગવે. એટલી વાત છે. પાપ આ ભવમાં કર્યા એ બીજા ભવમાં પાપનો સંયોગ મળે એના લક્ષે અશુભને ભોગવે, રાગને. તો પર્યાયદૃષ્ટિએ અનેરો કરે અને અનેરો ભોગવે. દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય એટલે વસ્તુ દૃષ્ટિએ અત્યારે... આ તો એ આત્માનો આત્મા આ સમયે જે ભાવ કર્યા એ બીજા ભવમાં એ નો એ ભોગવનાર છે. એ વાત છે. બે વાત થઈ.

ત્રીજી. કર્તા-ભોક્તા બન્ને ન હો. ખરેખર જુઓ તો રાગનો અને વિકારનો કર્તા આત્મા છે જ નહિ. વસ્તુની દૃષ્ટિએ કર્તા નથી. વસ્તુમાં રાગનું કરવું એવો ગુણ નથી. સમજાય છે કાંઈ? આત્મા આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ છે. એમાં પુણ્ય-પાપના રાગ કરવા એવો કોઈ ગુણ નથી. અને કરવાનો ગુણ નથી એટલે ભોગવવાનો પણ ગુણ એનામાં નથી. કેટલી જંજાળ સમજવી આમાં માણસને. એ વસ્તુની સ્થિતિ છે. પર્યાય છે, દ્રવ્ય છે, એના ભેદના વિકલ્પો ઉઠે ઈ છે એમ બતાવીને નિર્વિકલ્પ અનુભવ કરાવવો છે. આહાહા..! સમજાય છે કાંઈ? કર્તા-ભોક્તા બન્ને ન હો. વસ્તુના સ્વભાવ દૃષ્ટિએ આ રાગનો હું કર્તા નથી એવો એક વિકલ્પ અને રાગનો ભોક્તા નથી એવો એક વિકલ્પ-એવા કર્તા-ભોક્તાના વિકલ્પથી તારે શું કામ છે? સમજાણું કાંઈ?

'**વસ્તુને જ અનુભવો.**' અહીં આવ્યું છે. વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત અતીન્દ્રિય આનંદનો રસ આત્મા છે. એની દૃષ્ટિ કરીને વિકલ્પના ભેદોનું લક્ષ છોડી દઈને ભગવાન આત્મા આનંદ છે, જેના ધામમાં એકલો આનંદ જ પ્રસરી રહ્યો છે. અતીન્દ્રિય આનંદ જેના અંતર સ્વભાવમાં છે. ત્યાં દૃષ્ટિ મૂકી વસ્તુને અનુભવો. વસ્તુને અનુભવો એટલે? કાંઈ વસ્તુનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ? વસ્તુને અનુભવો એટલે? કે જે આ ભેદ છે તેને છોડી દઈને દ્રવ્ય સ્વભાવ છે તેની દૃષ્ટિ કરીને વસ્તુને અનુભવો. એટલે

જે જાતનું શુદ્ધપણું છે તેની પર્યાયને અનુભવવું એ વસ્તુને અનુભવી એમ કહેવામાં આવે છે. ભારે! સમજાણું કાંઈ? આવી વસ્તુની સ્થિતિ છે. અજ્ઞાનીને ખબર નથી એ ચીજની. ઓઘે ઓઘે આંધળે દોડે દોડ કરે ને ધર્મ કરીએ ને આમ કરીએ ને ધૂળ કરીએ. કાંઈ ભાન ન મળે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એની પર્યાયમાં કરનાર કો'ક, ભોગવનાર કો'ક. દ્રવ્યે તેનું દ્રવ્ય તે કરે અને ભોગવે. છોડ એ વાત હવે. પણ એ પોતે આત્માનો સ્વભાવ રાગનું, વિકારનું કરવું અને વિકારનું ભોગવવું એ વસ્તુના સ્વભાવમાં નથી. વસ્તુમાં નથી. અવસ્થાના લક્ષે એ બધું છે. હવે કહે છે કે અવસ્થાનું લક્ષ છોડી અને આ દ્રવ્ય આવું છે, કર્તા-ભોક્તા નથી એવું પણ પર્યાયના લક્ષે વિકલ્પ ઉઠે એ છોડ. ચંદુભાઈ! ભારે બાપુ!

ભગવાન છે અંદર જુઓને. ચૈતન્ય આનંદ સ્વરૂપ છે ને, શુદ્ધ ધ્રુવ ધામ છે કે નહિ? નિત્ય ટકતું તત્ત્વ છે ને? નિત્ય ટકતું તત્ત્વ (છે) તેમાં નજર કરીને તે વસ્તુને અનુભવ. એટલે કે રાગ-દ્વેષ એ વસ્તુનો અનુભવ ખરેખર નહોતો. દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પોનું વેદન એ કાંઈ વસ્તુનું વેદન નથી. એ તો વિકૃત વેદન છે. એ તો આત્માનો સ્વભાવ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અંદર રાગ અને દ્વેષ, પ્રેમ અને પ્રીતિના રાગનું વેદન, ભગવાન! એ કાંઈ તારી ચીજ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પ્રેમ અને પ્રીતિના વેદનનો આ સમય અને બીજો સમય એના ફળનો, એ તો હવે છોડી દે લક્ષ. એ નો એ આત્મા અહીં રાગ કરનારો અને એનો એ ભોગવનારો એના ફળને, એ પણ હવે લક્ષ છોડી દે. ભગવાન આત્મા એ વિકારને રાગને શુભને કરે અને ભવિષ્યમાં એ શુભને ભોગવે એ એનામાં છે જ નહિ. પણ છે નહિ એવા કર્તા-ભોક્તાનો નિષેધ પણ એક વિકલ્પ છે. આહાહા..! બહુ ઝીણું ભાઈ! કહો, મણિભાઈ! સમજાય છે આમાં? કહો, આમાં હવે ક્યાં રહ્યા તમારા રૂપિયા અને પેદાશ ભોગવવામાં? નહિતર હતું પહેલું? કહો, સમજાણું આમાં? ભાઈ લાખ-લાખ, સવા-સવા લાખ, બબ્બે લાખની મોટરું (હોય) એમાં કાંઈ મોટરનો અનુભવ થાતો હશે કે નહિ? રાગનો થાય. ધૂળનો કાંઈ થાતો હશે? ત્યાં બેઠો રાગ કરે તો રાગનો અનુભવ કરે. આકુળતાને અનુભવે છે. મોટરને અનુભવતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી. લાખ રૂપિયાની મોટર આમ પાણીની જેમ ચાલી જાતી હોય આ...મ... રેલના રેલાની જેમ. પાણી પીધું હોય તો ફરકે નહિ. ગોળો મૂક્યો હોય અંદર તો ગોળો હલે નહિ. મોટરમાં તો ગોળો આમ આમ થાય તો ફૂટી જાય ત્યાં. હેઠે શું કહેવાય? ગોળા હેઠે મૂકે ઈ? ઈંઢોણી. આ ઈંઢોણી ઉપર પાણી મૂક્યું હોય તોપણ ગાડામાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે મોટરમાં ફૂટી જાય. ઓલી લાખ, બે લાખની મોટર થાય છે જુઓને. મોટી પાંચ લાખની થાય છે. ઓલો આવ્યો હતો નહિ પાંચ લાખની લઈને? પોપ. કેટલા લાખની હતી? મોટી હતી. બધું સાંભળ્યું હતું. આપણે ક્યાં જોવા ગયા હતા? આ લાખની સાંભળી છે. ધૂળની આ લાખની, બે લાખની. પણ એમાં બેઠો હોય તો પાણી હલે નહિ હોં. એમ વાતું કરે એ લોકો કે આમાં બેઠા હોય તો પાણી હલે નહિ. પાણી પીધું હોય ને .. જેમ ઓલામાં પડે તો અહીં પડ્યું હોય ને? તો આમ આમ થાય તો હલે. એ સુખ હશે કે નહિ?

મુમુક્ષુ :- સુખ ન હોય તો એ મોટર લે શું કરવા?

ઉત્તર :- દુઃખી છે, મૂઢ છે ત્યાં. માને છે કે આહા..! સુખ છે. એની કલ્પના તારી છે રાગની. રાગનો અનુભવ છે-દુઃખનો અનુભવ છે. કહે છે કે એ દુઃખનો અનુભવ પણ તારું સ્વરૂપ નથી. આહાહા..! આ હું દુઃખનો અનુભવ કર્તા નથી અને દુઃખનો ભોક્તા નથી એવો પણ એક વિકલ્પ છે તેને છોડ, વસ્તુ છે તેનો અનુભવ કર. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આમાં જ ઓલા નાખ્યા છે, ભાઈ! પાંચ પદ છે ને બનારસીદાસના? આમાં નાખ્યા છે. નહિ ઓલા પદ કાળ, સ્વભાવ. પાંચ સમવાય આમાં નાખ્યા છે, આમાં આ કળશમાં માથે પાંચ મૂક્યા છે.

'**વસ્તુને જ અનુભવો.**' કારણ કે આમાં કૌંસમાં નાખ્યું ને નીચે. નિત્યત્વ અને અનિત્યત્વ. છે ને અંદર? કૌંસમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. એટલે પર્યાય અને દ્રવ્ય. એમ. નિત્ય-અનિત્ય એટલે? દ્રવ્ય. પર્યાય પલટે છે તે અનિત્ય છે. વસ્તુ છે તે નિત્ય છે. એ બે પ્રકારનો નિત્ય અને અનિત્યનો વિકલ્પ છોડ. વસ્તુ તો વસ્તુ છે. આપણે સવારે આવ્યું અને આ અત્યારે આવું. બધું મેળવાળું આવી ગયું, એઈ..! ગોદિકાજી યાદ કરે, ભારે આવ્યું. આ રળવાનો ધંધો જ આ છે. ત્યાં તો બધા ખોટના ધંધા છે. નુક્સાનના ધંધા. દુકાન ઉપર બેસીને પાંચ લાખ પેદા કર્યા, નુક્સાન ગયું. આત્મામાં રાગ થયો તો આત્માને નુક્સાન થયું. ભગવાનભાઈ! આ ધંધો કાંઈ...

મુમુક્ષુ :- .. રૂપિયા તો ઘરમાં રહ્યા.

ઉત્તર :- ધૂળમાંય રૂપિયા રહ્યા નથી. એના ઘરે રહ્યા. રૂપિયા ક્યાં આવી ગયા છે અહીં? રૂપિયા રૂપિયાના ઘરે રહ્યા. અહીં આત્માની પર્યાયમાં આવ્યા છે? પર્યાયમાં શું આવ્યું? મમતા. મમતા તો દુઃખ આવ્યું ઘરે. કહો, જેઠાલાલભાઈ! શું હશે આ? કલેક્ટર હોય અને બીજા સલામી દેવા આવે તો કેટલું સુખ હશે, કહો! કલેક્ટર હતા ને. પોરબંદર કલેક્ટર હતા.

મુમુક્ષુ :- .. હોય ત્યારે સલામી દે.

ઉત્તર :- હા. કલેક્ટર સાહેબ. બંદૂકનો ઘોડો આમ ઊંચો કરીને આમ કરે. આનાથી ઉડાડશું. ઊડી જ ગયો છે અત્યારે. હવે સાંભળને. એ સલામમાં ખુશી થાય છે ને? એ બંદૂકની ગોળી આત્માની શાંતિનો નાશ કરે છે. આહાહા..! દિવાળીના દિવસો હોય ને કપડા-બપડા પહેર્યા હોય ને મેસુબ ખાતો હોય ને પતરવેલીયાના ભજિયા ને આમ આહા..! ... સાહેબ આ ફેરે આપે બહુ પેદા કર્યું હોં! તમારે એટલું બધું ન હોય. આ તો આ વાણિયા-વેપારીઓને. તમારે તો જે આવતો હોય એ હોય ને. એ કાંઈ પગાર ઉપર વધારે હોય? બાંધ્યો પગાર. આ શેઠિયાઓને કોઈને પાંચ લાખ હોય, કોઈને દસ લાખ હોય. આ .. કાંઈક વળી છોકરાને જાજું. મોટો ભિખારી. બહુ આવે છે જાણે.. આહા..! ખુશી.. ખુશી થઈ ગયા. બે કરોડ રૂપિયા. એની પેદાશ ૨૦ લાખ એક વર્ષની. ૨૫ લાખની પેદાશ. ભગવાન! શું થયું? તને શું થયું ખબર છે તને? આમ લક્ષ ગયું ને? લક્ષ ગયું ને? તો રાગ થયો. એ રાગને અનુભવ્યો છે. દુઃખને અનુભવ્યું છે. આકુળતાનો અનુભવ છે. કહે છે કે એ આકુળતાનો અનુભવ એક સમયની પર્યાય કર્યો અને બીજે સમયે બીજું કરશે. દ્રવ્ય જુઓ તો એનું એ. આ ખરેખર દ્રવ્યથી જુઓ તો આકુળતાનું વેદન કરવું કે કર્તા કે ભોક્તા આત્મામાં નથી. આ નથી એવો નિષેધ કરીને ઊભા રહેવું એમાં વિકલ્પનું પરિણમન છે. કહો, સમજાણું? આહાહા..!

‘**વસ્તુને જ અનુભવો.**’ ભગવાન આત્મા ચૈતન્યધામ આનંદકંદ પ્રભુ છે. અંદર નજર કરી અને એનું વેદન કર. ત્યાં તને શાંતિ છે, ત્યાં સુખ છે અને ત્યાં ધર્મ છે. બીજે ક્યાંય ધર્મ-બર્મ છે નહિ. કહો, સમજાણું આમાં? ‘**જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી,...**’ શું કીધું? જુઓ! આમ માળા પડી છે કે નહિ? અહીં રાખી છે ને કોકે નહિ? લઈ ગયા. મૂકી દીધી હશે. કો’ક લાવ્યું હતું. શ્રીચંદજી લાવ્યા હશે. કો’ક પડી હતી, બપોરે જોઈ હતી. કહો, સમજાણું આમાં? ઓલું કાલે આવ્યું હતું ખરુંને? કો’ક લાવ્યું હતું.

‘**જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની...**’ મણિઓ હોય છે ને? પાંચસો, હજાર ઉપરની. દોરામાં પરોવેલી. જુઓ! આવી ગઈ. જુઓ! આ છે કે નહિ? આ જુઓ! તમારે શું હતું? ઓલો અઢી લાખનો હાર જે પરોવેલો હતો કે નહિ? સોનાનો દોરો હતો. જોયો હતો ને ત્યાં. અઢી લાખનો હાર છે. તો લીલા-લીલા હતા ઓલા નાના નાના અને આ ઝીણા ઝીણા હીરા હતા. અને એમાં ઓલો સોનાનો દોરો. એ સોનાનો દોરો, આમાં આ દોરો લ્યોને. આ એક.. એક.. એક (મણિ છે), પણ દોરો તો સળંગ છે કે નહિ? કે તૂટી જાય છે અંદર?

‘**ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓ...**’ અહીં તો ઊંચી વસ્તુ લેવી છે ને?

મણિ. સમજાણું? એ '**માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી;...**' એ તોડી શકાતી નથી. આખા દોરો સળંગ છે એમાં તોડી ન શકાય. એવી આ આત્મારૂપી માળા એક જ. શું કહે છે? '**પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા...**' એમ કહે છે. શું કહે છે? આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપી ચિંતામણિ. ભાષા શું લીધી છે? આ માળા છે ને? એમાં દોરો સળંગ છે. એમ આત્મા છે એમાં સળંગ ચૈતન્ય છે. ચૈતન્ય સ્વભાવ. આત્મા સળંગ વસ્તુ છે આખી આ હારની જેમ. એમ આ દોરો છે એમ આત્મા ત્રિકાળ છે, એમાં ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જાણવા-દેખવાનો દોરો સળંગ પડ્યો છે. સમજાણું કાંઈ?

જુઓ! આ દેખાય છે કે નહિ? આ માળા છે. હવે એ માળા તો આખી ચીજ થઈ. હવે એમાં દોરો છે આમ સળંગ બધે પરોવેલો. માળા એક એક જુદી જુદી. આ મણકો. એમ આત્મા વસ્તુ છે અનાદિઅનંત. એ વસ્તુમાં ચૈતન્ય એટલે અહીં સ્વભાવની વાત લેવી છે. ઓલામાં લેશે અસાધારણ સ્વભાવ લે છે ને ભાઈ? ભાવાર્થમાં. અસાધારણ સ્વભાવ લેવો છે એનો. ચૈતન્ય અસાધારણ શુદ્ધ ભાવ. જ્ઞાયકભાવને ભાવ લીધો છે ને ત્યાં? જ્ઞાયકભાવ. વસ્તુ એનો જ્ઞાયકભાવ. સ્વભાવવાન એનો સ્વભાવ. જે જ્ઞાયકભાવ ચૈતન્ય અહીં ચૈતન્યભાવ કીધો. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... દરેક અવસ્થામાં ચૈતન્ય ચૈતન્યપણું કાયમ પરોવાયેલું છે. દરેક મણકામાં દોરો કાયમ પરોવાયેલો છે. બરાબર છે? સમજાણું કાંઈ?

આ માળા એ આત્મા. એમ સમજો. અને દોરો એ ચૈતન્યગુણ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... કાયમ અને આ મણકો એટલે એની સમય સમયની અવસ્થા. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ થયા. આ દ્રવ્ય, દોરો ગુણ અને આ એક એક એક પર્યાય. એમ આત્મા અનાદિઅનંત વસ્તુ આખી માળા. એમાં ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય.. એનો ગુણ. એની વર્તમાન થતી.. થતી.. અવસ્થા તેની પર્યાય તે આ મણકો. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે ને? આ તો દાખલાથી બરાબર સમજાય એવું છે.

'**ચતુર પુરુષોએ...**' પાછી ભાષા કેવી લીધી? ચતુર પુરુષે પરોવેલી આડીઅવળી ન હોય અને સરખો પરોવે. એમ અનાદિનો આત્મા સરખો ચૈતન્યમાં પરોવાયેલો છે અનાદિથી. એક એક સમયની પર્યાયમાં ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... એ સ્વતઃ સ્વભાવથી રહેલો છે. '**ચતુરુ પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી,...**' ઓલો કહે તોડી શકાય. એ ઊંધા. ક્રમબદ્ધની વાત કરી ત્યાં માળાનો દાખલો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આપીને. તો કહે તોડી નાખીએ. તોડી નાખે તો હાર નહિ રહે. ક્રમબદ્ધ માટે તોડી નાખવાની વાત કરે છે. તમે કહો કે આ ક્રમબદ્ધ થાય. જેમ આ છે આ ઠેકાણે આ... આ ઠેકાણે આ... આ ઠેકાણે આ... બસ આ. આડીઅવળી હોય નહિ. એમ આત્મારૂપી દ્રવ્ય, ચૈતન્યરૂપી ગુણ, એની અવસ્થા ક્ષણે... ક્ષણે... ક્ષણે... જે જે છે, ત્યાં ત્યાં છે. જે જે છે ત્યાં ત્યાં તે તે છે. એમ સળંગ એક પછી એક અવસ્થા જ્યાં જ્યાં છે એમ થાય છે. એમાં આડી અવળી અવસ્થા હોતી નથી. ત્યારે ઓલા કહે ના. એને તોડી નાખીએ આ લાવીએ અહીં, આ લાવીએ અહીં. એ હાર નહિ રહે. મરી જઈશ તું. એટલે હાર મરી જશે એટલે? પર્યાયને આડીઅવળી કરીશ ત્યાં દ્રવ્ય મરી જશે. દ્રવ્ય સરખું રહેશે નહિ. આવા ને આવા. ક્રમબદ્ધને ઉડાડવા માટે (આવી દલીલ કરે). ચંદુભાઈ! એવું ચાલે છે ભાઈ જગતમાં. ... આ મણકો અહીં લાવશું. શી રીતે કરીશ પણ? દોરો તૂટી જશે. હાર નહિ રહે. એમ આત્માની અંદરમાં ત્રિકાળ આત્મા છે એને ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... ત્રિકાળ છે આત્મામાં. આનંદગુણ ત્રિકાળ છે. ગુણી એવો આત્મા ત્રિકાળ. એનો ગુણ ત્રિકાળ. ગુણી એટલે હાર, ગુણ એટલે દોરો અને સમય સમયની અવસ્થા તે એક એક મણકો. હવે કહે છે કે મણકા ઉપર ધ્યાન ન રાખતા. એમ કહે છે.

'**આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા...**' ચિંતામણિ. ચૈતન્ય ચિંતામણિ. ભગવાન આત્મા વસ્તુ છે એનો ચૈતન્ય ચિંતામણિ, ચૈતન્ય ચિંતામણિ ધ્રુવ ધ્રુવ સ્વભાવ. સ્વભાવ હોં અહીં. ચૈતન્ય ચિંતામણિ ધ્રુવ સ્વભાવ. એ મણિની માળા '**કદી કોઈથી ભેદી શકાતી નથી; એવી આ આત્મારૂપી માળા એક જ,...**' છે. વસ્તુ તરીકે જુઓ તો માળા એક જ રૂપે આત્મા છે. પર્યાયના ભંગ છે એ અંદર ત્રિકાળમાં છે નહિ. માટે ભંગનું લક્ષ છોડી દઈ ત્રિકાળ આત્મા ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... આનંદ... આનંદ છે ત્યાં દૃષ્ટિ દે. તને શાંતિ થશે, ત્યાં સુખી થઈશ અને ત્યાં ધર્મ થશે. ભારે વ્યાખ્યા ભાઈ! કહો, સમજાણું આમાં?

'**એવી આ આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો...**' આચાર્ય પોતે કહે છે હોં! જુઓ! આહાહા..! પર્યાય આ રાગની કરે અને બીજી પર્યાય ભોગવે એ અમારે શું કામ? તેમ આ દ્રવ્ય પોતે છે આ રાગ કર્યો અને બીજે ભવે એ નો એ દ્રવ્યે ભોગવ્યો એ અમારે શું? અને એ આત્મા રાગને વિકારને ન કરે અને વિકારને ન ભોગવે એવા વિકલ્પના ભેદથી અમારે શું કામ છે? કહો, આહાહા..! સમજાણું કાંઈ? '**એવી આ આત્મારૂપી માળા એક જ,...**' જુઓ! આવ્યું. એઈ..! એક જ આવ્યું. સવારમાં એક આવ્યું હતું. ભાઈ! શું કરે છે જુઓ. સવારે એક આવ્યું. એક ને અનેક. આ

એક આવ્યું. જુઓ! ત્યાં એકમાં વિકલ્પ હતો અને આ એકમાં વિકલ્પ નહિ. એ આવ્યું હતું ને બરાબર? એક એટલે વસ્તુ એકરૂપ. એમ. આ એક છું એમ નહિ. એક છું એ વિકલ્પ. એ તો પર્યાયના લક્ષમાં ઊભો એક છે, એક છે, એક છે એમ કરે છે. અહીં તો એક વસ્તુ એકરૂપ છે તેના તરફમાં એકાકાર થવું તેનું નામ આત્માનો અનુભવ અને અભેદનો અનુભવ કહેવામાં આવે છે. ભારે વાતું! કહો, સમજાણું કાંઈ? આ રીતે ધર્મ થાય એવો છે, બીજી રીતે ધર્મ થાય એવો નથી, એમ કહે છે.

'**અમને સમસ્તપણે પ્રકાશમાન હો...**' એક જ છું. શુદ્ધ ધ્રુવ સ્વભાવ, એનો અનુભવ, એક અભેદપણું અમને સદાય રહો. ભેદ એ અમારા સ્વભાવમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ એને સમજણમાં ખ્યાલમાં પણ ન આવે કે આ શું કહે છે? કેમ છે? શું છે ને કેમ નથી? એની ખબર ન હોય એ અંદર ક્યાં નજર કરે અને શું કરે? અને નજર શું હશે? વસ્તુ શું હશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકનું નહિ. અહીં એકનું ન રહ્યું. ત્યાં એકનો વિકલ્પ છે, અહીં એકનો અનુભવ છે. વિકલ્પ છું એ પર્યાયમાં લક્ષ (છે). એકરૂપ, એકરૂપ. કહે છે કે એ લક્ષ છોડી દે અને અનુભવ એકમાં જા. સમજાણું કાંઈ? વસ્તુ... વસ્તુ... વસ્તુ... માળા તરીકે તો એક જ છે કે નહિ? ક્યાં ગઈ? આ માળા એક છે કે બે? માળા એક છે કે બે? દોરો એક છે કે બે? દોરો એક અને માળા પણ એક. આ જુદું... જુદું... જુદું... છે. એમ વસ્તુ આત્મા એક અને એનો જ્ઞાયકગુણ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... તે એકરૂપ છે. એની અવસ્થા બદલે છે એ બદલે છે નવી... નવી... નવી... અવસ્થા એ પર્યાય છે. એ મણકો છે. પણ હવે પર્યાયનું તારે શું કામ છે? એમ કહે છે. સમજાણું? પર્યાયદૃષ્ટિ ના દીજીએ.

મુમુક્ષુ :- પર્યાય..

ઉત્તર :- શું કામ છે પર્યાયનું? કારણ કે એક અવસ્થામાંથી નવી અવસ્થા પ્રગટશે નહિ. તારે પર્યાયનું લક્ષ કરીને કરવું છે શું તારે? એમ કહે છે. શાંતિ અને આનંદ જોઈતો હોય આત્માનો તો એ પર્યાય અંશ છે એના ઉપર લક્ષ રાખીશ તો વિકલ્પ ઉઠશે. રાગ ઉઠશે. કારણ કે સ્થિર નથી. સ્થિર નથી એટલે દૃષ્ટિ થંભશે નહિ. દૃષ્ટિ તો ધ્રુવ છે ત્યાં થંભશે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**એવી આ આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે...**' સમસ્તપણે એમ. '**પ્રકાશમાન હો...**' ભગવાન આત્મા એકરૂપ સ્વભાવ છે તેનો જ અનુભવ સદાય રહો. એમ કહે છે. સમજાય છે કાંઈ? વિકલ્પ છે લખવાકાળે. લખવાકાળે આચાર્યને

વિકલ્પ તો ઉઠ્યો છે. સમજાણું? એ અમને ન હો. અમને એકાગ્રતા હો. સ્વભાવ તરફની એકાગ્રતા હો. એકાગ્રતા શરૂ છે પણ એકાગ્રતા એમ ને એમ શરૂ રહો એમ અહીં પ્રાર્થના કરે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? શું કીધું?

'**(અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી...**' એમ. એ બે કેમ નાખ્યા? પર્યાય અને દ્રવ્ય બે છે ને એટલે. સમય સમયની પર્યાય અને સમય સમયનું કાયમ રહેનારું દ્રવ્ય. સમય સમયની નવી નવી અવસ્થા અને દ્રવ્ય કાયમ. એ બે. પર્યાય ક્ષણે ક્ષણે બદલે, ધ્રુવ નિત્ય કાયમ. એ બેના વિકલ્પોથી અમારે શું કામ છે? સમજાણું કાંઈ? '**નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).**' આ ધર્મ. સમજાણું?

વસ્તુ છે નિત્યાનંદ પ્રભુ છે. અને એનો આનંદ પણ નિત્ય છે. વસ્તુ નિત્ય છે, એનો આનંદ પણ નિત્ય છે. ભગવાન કેવળીએ દીઠો આત્મા અને એનો આનંદ ત્રિકાળ છે. એવા આનંદનો અંતર જઈને એકાકાર થઈને અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! અહીં તો ઘડીકમાં ભક્તિ કરે, પૂજા કરે ધર્મ થઈ જાય. દયા પાળે તો ધર્મ થઈ જાય. એય..! મોહનભાઈ! ભજન કરે એક રાત. સાંજથી સવાર સુધી લ્યો. ધર્મ થઈ જાય. ધર્મ કર્યો બહુ. ધૂળમાંય નથી ધર્મ, સાંભળને! એ તો બધો રાગ વિકલ્પ છે. આહાહા..! એય..! મણિભાઈ! આવો તે ધર્મ ક્યાંથી કાઢ્યો તમે? એક જણો કહે કે આવો ક્યાંથી કાઢ્યો? કાઢે ક્યાં? એવો છે. આવું સમયસાર ક્યાંથી કાઢ્યું? એક જણો કહે. પણ સમયસાર અમારું ક્યાં છે? આ પહેલાનું છે અહીં તો. બે હજાર વર્ષ પહેલાનું છે. પહેલાનું છે. બે હજાર વર્ષ પહેલાનું છે. ભગવાન તીર્થંકર પરમાત્મા પછી છસ્સો વર્ષે કુંદકુંદાચાર્યે થયા તેમણે કરેલું. ત્યારનું છે આ. નવું ક્યાં છે? ખબર ન મળે, ધર્મ કેમ થાય એની ખબર ન મળે. અને ધર્મ કરીએ છીએ એમ માને છે. આમ ને આમ ભ્રમણામાં ને ભ્રમણામાં જીવન ગયા.

કહે છે કે ભાઈ! એકવાર તો જાણ. એક દ્રવ્ય નામ વસ્તુ છે કાયમ, એનો ગુણ છે કાયમ, એની અવસ્થા છે ક્રમે ક્રમે. હવે એના ક્રમે ક્રમે અવસ્થાના લક્ષમાં આ બધા વિચાર ઊભા થાય, કર્તા ને ભોક્તા ને ન કર્તા ન ભોક્તા, એ બધું છોડી દે. છોડીને ધ્રુવ ચૈતન્ય ભગવાન એની અંતરમાં દૃષ્ટિ કર તો તને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન થાય. એ વિના સમ્યગ્દર્શન થાય નહિ. કહો, સમજાય છે કે નહિ? હીરાલાલભાઈ! આવું ભારે ઝીણું. ઓલું સોંઘુસટ હતું. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણ ઇન્દ્રિયાનું લ્યો. .. કાંઈ હતું એમાં? ... એય..! નંદલાલભાઈ! .. .. .. આત્માને ઓસરાવીએ. કાંઈ ખબર ન મળે, કેમ ધર્મ

થાય અને કેમ નહિ.

અહીં તો કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો પ્રભુ! તારી પ્રભુતા અંદરમાં આનંદથી ભરેલી ચીજ છે. જેમ હાર કાયમ છે, દોરો કાયમ છે એમ આત્મા કાયમ છે, આનંદ કાયમ છે. અતીન્દ્રિય આનંદ જડેલો છે આત્મા સાથે. આહાહા..! જેમ ગોળમાં ગળપણ જડેલું છે. જડેલું એટલે? એ સ્વરૂપ જ છે. ગોળમાં ગળપણ એમ જ છે. એમ ભગવાન આત્મા અને એમાં આનંદ અનાદિઅનંત અવિનાભાવી છે. એ આનંદ એકરૂપ છે. એ આનંદમાં અંતરદૃષ્ટિ કરતાં જે આનંદનો અનુભવ થાય એનું નામ વસ્તુનો અનુભવ અને એનું નામ ધર્મ કહેવામાં આવે છે. કહો, ભગવાનભાઈ! વાત તો સીધી સાદી વાત છે.

મુમુક્ષુ :- એમાં ઠરી જાય એટલે...

ઉત્તર :- કાંઈ છે જ ક્યાં પણ, હતું ક્યાં અંદર? એની નજરને આળસે રે નિરખ્યા ન નયણે હરિ. ભગવાન આત્મા. હરિ એટલે બીજો કોઈ નહિ હોં! પાપ ઓઘં હરતિ ઈતિ હરિ. એવો આત્મા ભગવાન આનંદનો કંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ કરતાં જે અનુભવ, નિર્વિકલ્પ અનુભવ થાય, જેમાં દયા, દાનના વિકલ્પ પણ નથી, એવી દશાને ભગવાન ધર્મ કહે છે. એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું આમાં? એ પૂરું થયું.

'**ભાવાર્થ :- આત્મા વસ્તુ...**' ભાવાર્થ છે ને? જરી સંધિ મેળવી લેવી ઓલા સાથે. અસાધારણ ધર્મ દ્વારા અનુભવન આત્માનું કરવું. એમ લઈ લેવું. સમજાય છે? વધારે નાખી દીધું. વસ્તુ એટલે આત્મા અત્યારે લ્યો. વસ્તુ એટલે આત્મા. બીજી પણ વસ્તુ છે આ પરમાણુ માટી, ધૂળ, વાણી બધી વસ્તુ છે જગતની. પણ એ જડ. તારે એની સાથે કામ નથી. ભગવાન આત્મા વસ્તુ. આ એક વસ્તુનો અર્થ કર્યો છે હોં ઓલામાં. સમજ્યા ને? અનંત ગુણમાં વસે તે વસ્તુ. આમાં છે. શું છે કળશ? ૨૦૯? ત્યાં લખ્યું છે. આ જુઓ આવ્યું. '**कर्तृर्वेदयितुश्च**' છે ને? એમાં છે. (પરમઅધ્યાત્મ તરંગિણી, શ્લોક-૧૭). '**शुद्धात्मैकद्रव्यरूपं वस्तु वसति गुणपर्यायनीति वस्तु**'. વસ્તુ કોને કહીએ? કે જેમાં ગુણ અને પર્યાય વસે તેને વસ્તુ કહીએ. વાસ્તુ કોને કહીએ? કે ક્યાંક મકાન હોય એમાં રહે એને વાસ્તુ કહીએ. જંગલમાં ઝાડ ઉપર, બાવળ ઉપર ચડે એને વાસ્તુ કહીએ? વાસ્તુ એને કહીએ કે કોઈ મકાન, પાંચ લાખ, દસ લાખનું કર્યું હોય એમાં વસે તો વાસ્તુ કહીએ. એમ આ વસ્તુ એને કહીએ આત્મા. રજકણ, શરીર, વાણી, મન એ બધા જડ પર છે. એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કર્મ જડ છે. વાણી જડ છે. એ આત્માને કાંઈ એની સાથે સંબંધ છે નહિ.

ભગવાન આત્મા વસ્તુ છે. તો એનામાં અનંતા ગુણો ત્રિકાળ સદૃશ્ય પડ્યા છે અને

નવી નવી અવસ્થાઓ થાય છે. એ ગુણ-પર્યાયને ધરે તે વસ્તુ કહેવામાં આવે છે. જેમાં ગુણ અને પર્યાય વસે તેને વસ્તુ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા! એ તો ગોમ્મટસારમાં આવે છે. કહ્યું આવે છે. પણ આ તો આણે ટીકામાં નાખ્યું છે. ગોમ્મટસારમાં આવે છે. આણે ટીકામાં નાખ્યું.

શું કીધું? આ ભગવાન આત્મા વસ્તુ છે, પદાર્થ છે ને? તો એમાં અનાદિઅનંત જે ચીજ છે એમ અનાદિઅનંત એમાં જ્ઞાન, દર્શન, શાંતિ, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ, પ્રમયેત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ અનંત શક્તિઓ એમાં વસેલી છે. અને એ શક્તિનો વર્તમાન પર્યાય પણ એ ગુણને આધારે થયેલી છે. એટલે ગુણ અને પર્યાય દ્રવ્યમાં વસી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ દ્રવ્યપર્યાયાત્મક અનંત ધર્મવાળી છે. કેવી છે ભગવાન વસ્તુ? કે દ્રવ્ય એટલે ત્રિકાળી રહેનારું અને પર્યાય એટલે એક સમયની અવસ્થા. એ દ્રવ્યપર્યાયાત્મક. આત્મક એટલે સ્વરૂપ. દ્રવ્યપર્યાય સ્વરૂપ અનંત ધર્મવાળી. અનંત ધર્મ છે. સ્વભાવ અનંત ધર્મ છે આત્મામાં. જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત ગુણ છે અને એની એક એક સમયની એક ગુણની પર્યાય એવા અનંતા ગુણની એક સમયમાં અનંતી પર્યાય છે. એ અનંત ધર્મવાળી વસ્તુ છે. સમજાણું કાંઈ? આ ક્યો ધર્મ હશે? જૈનધર્મ હશે? અન્ય ધર્મ હશે? આ ધર્મ ક્યો હશે? એ નહિ. અહીં તો ધર્મી એવો આત્મા, અણે એણે ગુણ અને પર્યાય ધારી રાખ્યા એનું નામ ધર્મ. સમજાણું કાંઈ? ગોદિકાજી! આ પરીક્ષા આકરી છે હોં! તમારા ઓલા નીલમ કરતા. નીલમ શું કહેવાય? પન્ના.

મુમુક્ષુ :- સમજવા જેવી છે.

ઉત્તર :- સમજવા જેવી છે. આ સમજવા જેવી છે.

કહે છે કે ભગવાન આત્મા એક વસ્તુ. આ પોતે હોં! એવા અનંત આત્મા ભિન્ન. એની સાથે કાંઈ સંબંધ નથી. આ વસ્તુ છે એ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ. આત્મક એટલે સ્વરૂપ. દ્રવ્ય એટલે ત્રિકાળ રહેવું અને અવસ્થા ક્ષણે ક્ષણે થવી. એવા દ્રવ્યપર્યાયસ્વરૂપ આ વસ્તુ છે. એ અનંત ધર્મવાળી છે. એમાં અનંતા ગુણો અને અનંતી પર્યાય રહે છે તેને વસ્તુ કહે છે. તેમાં વિવિક્ષાવશ. તેમાં કહેવા માગવાની અપેક્ષાએ. જે વાત કહેવી છે તે કથનની અપેક્ષાને વશ '**કર્તા-ભોક્તાનો ભેદ છે.**' કથન અપેક્ષાએ એટલે? પર્યાય દૃષ્ટિએ અવસ્થાથી જોઈએ (તો) જે અવસ્થા કરે તે અવસ્થા ભોગવતી નથી. એમ કર્તા-ભોક્તાનો ભેદ છે. તેમ જ દ્રવ્ય અપેક્ષાએ કર્તા-ભોક્તાનો ભેદ નથી. દ્રવ્ય સમજાણું? આત્મા છે એ નો એ લઈએ તો જે સમયે કરે છે તે નો તે આત્મા બીજે ક્ષણે કે બીજે ભવે ભોગવે છે. પર્યાયે જોઈએ

તો આ પર્યાય કરે અને બીજી પર્યાય ભોગવે. અને ભેદ નથી દ્રવ્ય અપેક્ષાએ. વસ્તુની અપેક્ષાએ તે કરે અને તે ભોગવે. એમાં ભેદ નથી.

**'અથવા ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ શા માટે કહેવો?'** કર્તા-ભોક્તાનો ભેદ અને કર્તા-ભોક્તાનો ભેદ નહિ, એવું શું કામ છે તારે? આહાહા..! કેવળ શુદ્ધ વસ્તુમાત્રનો. કેવળ શુદ્ધ વસ્તુ ભગવાન આત્મા તેનો. સમજાય છે? અસાધારણ ધર્મ દ્વારા અનુભવ કરવો. અસાધારણ એવો કોણ ધર્મ? નીચે કહેશે જુઓ. આત્મા પણ વસ્તુ.. એમ એની સાથે લઈ લેવું. એ વસ્તુની સાથે. એથી તેમાં ચૈતન્ય પરિણમનરૂપ પર્યાયના ભેદોનો અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે. ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી. એમ ભેદ-અભેદ હો અથવા ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ શા માટે કહેવો? સમજાણું? **'કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો.'** એ શું? એ ચૈતન્યનું પરિણમનરૂપ ચૈતન્ય જે ત્રિકાળ છે ને અસાધારણ ધર્મ. અસાધારણ એટલે બીજામાં નહિ અને બીજો નહિ. એવો આત્માનો અસાધારણ ધર્મ સ્વભાવ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય. એવો જે અસાધારણ ધર્મ એવો વસ્તુમાત્રનો અનુભવ કરવો. કહો, સમજાય છે કાંઈ? થોડો શબ્દમાં ફેર છે. સુધારી દેશે હવે પંડિતજી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ અહીંથી લઈ લેવો. એ અસાધારણ ધર્મ એટલે ચૈતન્ય ધર્મ. એ અસાધારણ એમ લેવું. ચૈતન્ય કાયમ રહે છે ને. વસ્તુ કાયમ રહે છે. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... અનાદિ અનંત ધ્રુવ રહે છે. એ ચૈતન્ય ચૈતન્ય જે ધ્રુવ સ્વભાવ છે એની દૃષ્ટિ કરીને અનુભવવો. આ દૃષ્ટિ છોડી દેવી. વર્તમાન પર્યાયની, રાગની, વિકલ્પની, ભેદની છોડી દેવી. વસ્તુની દૃષ્ટિ કરતા જે આત્માને અનુભવ થાય એ આનંદનો સ્વાદ આવે. એને ધર્મ કહે છે અને એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ? હીરાલાલજી! હિન્દીમાં જી કહે છે. ક્યાં ગયા હીરાલાલજી? ગયા? મુંગા હીરાલાલજી. બહુ થોડું બોલે હોં! બહુ થોડું બોલે. બોલે બહુ થોડું. કહો, સમજાણું આમાં?

આ હીરો છે આત્મા. એનો લાલ છે ચૈતન્યગુણ. ભગવાન આત્મા આમ ધ્રુવ નિત્ય... નિત્ય... નિત્ય. એનો ગુણ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એનો ત્રિકાળ. એવા જ્ઞાનગુણમાં અંતર દૃષ્ટિ કરી આવા ભેદના વિકલ્પોને લક્ષમાં છોડી દઈ અહીં જાય એટલે છૂટી જાય. પણ છોડી દઈને આમ જાય એમ કહેવામાં આવે એ તો. કથનની શૈલી. આવ્યુ હતું ને સવારમાં પક્ષપાત ચ્યુત. સમજાવવાની શૈલી એવી હોય. વાણી દ્વારા કહેવું છે તો એની મર્યાદાએ આવે. એઈ..! આહાહા..!

**'જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે...'** છે ને? મણિઓની માળામાં દોરો. દોરો એ દ્રવ્ય કહેવાય અને મણિ એ પર્યાય કહેવાય. એને ભેદ-અભેદ છે. **'પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે...'** પર્યાયથી ભેદ છે અને દ્રવ્યથી ભેદ નથી. **'પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી.'** આહાહા..! હજી તો એને ખ્યાલમાં પણ નથી કે આ શું વસ્તુ કેવી છે? સમજાય છે? અને પછી કહે કે ધર્મ કરો. ક્યાં ધર્મ થાતો હતો? બહારમાં લટકે છે ક્યાંય ધર્મ? સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આ આત્મા જોયો અને કહ્યો કે આત્મા... આત્મા... આત્મા... આત્મા... એમાં જ્ઞાન આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ.... કાયમ. એની વર્તમાન અવસ્થા ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન (થાય). એ અવસ્થાના લક્ષમાં રહીને કર્તા-ભોક્તા નિષેધ કરીને, કર્તા-ભોક્તા કલ્પીને જે વિકલ્પ ઉઠે છે તેને લક્ષમાં છોડી દઈ દ્રવ્યનું લક્ષ કર. ધ્રુવ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ આનંદકંદ જ્ઞાયક છે એની અંતર દૃષ્ટિ કરતાં જે નિર્વિકલ્પ અનુભવ થાય, તેને ભગવાન સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. એ વિના ધર્મ હોતો નથી. કહો, જાદવજીભાઈ! આ સમજાય છે? પણ ઓલું રહેતું નથી કાંઈ.

મુમુક્ષુ :- કાંઈ જરૂર નથી.

ઉત્તર :- નહિ? ઠીક. જૂનું કાંઈ રહેતું નથી આમાં.

મુમુક્ષુ :- એનું કામ જ નથી.

ઉત્તર :- નથી કામ? માર્ગ તો આ છે. એય..! ભગવાનભાઈ! આ જૂનું આ શું કરવું? પોષા ને પડિક્કમણા ને આ બધા કરીને શું કરવું? ધૂળમાંય નહોતો ધર્મ ત્યાં. એ તો રાગ ક્રિયા હતી. રાગ થયો તે શુભરાગ જરી. એમાં માને ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. રખડી મર્યો અનંત કાળથી. કહો, સમજાણું આમાં? દાનવાળા દાન કરે પાંચ-પચાસ લાખ ત્યાં ધર્મ થઈ જાય. શરીરવાળાને કસ હોય તો અપવાસ કરે. શરીરના તાકાતવાળા અપવાસ કરે. ન હોય તો પૈસાની તાકાત હોય એ દાન કરે. બેયમાં ધર્મ નથી, સાંભળને હવે.

આ આત્મા આનંદકંદ નિત્યાનંદ પ્રભુ, એમાં અંતર ભેદના વિકલ્પને પણ છોડી દઈ હું પર્યાય છું, દ્રવ્ય છું, કર્તા-ભોક્તા નથી. છું અને નથી એ બધા ભેદના વિકલ્પો પુણ્યના છે. એ પુણ્યનો વિકલ્પ છે એ ધર્મ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? **'આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી.'** રાગ રહેતો નથી. **'આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.'** અમે તો ભગવાન આત્મા છીએ અને એમાં રહીએ છીએ, છીએ એમાં રહીએ એ અમને હો. આહાહા..! કહો, સમજાણું

આમાં? લ્યો, એ અધિકાર પૂરો થયો. હવે બીજો અધિકાર જરી ફેરવે છે.

**'હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :-'** ૨૧૦.

**व्यवहारिकदृशैव केवलं**
**कर्तृ कर्म च विभिन्नमिष्यते।**
**निश्चयेन यदि वस्तु चिन्त्यते**
**कर्तृ कर्म च सदैकमिष्यते।।२१०।।**

**'શ્લોકાર્થ :- કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે;...'** શું કહે છે? જરી વિષય બીજો છે આ હવે. આત્મા કરનારો અને આ શરીરની ક્રિયા આમ થાય અને જડના કર્મ બંધાય એ આત્માનું કર્મ અને આત્મા કર્તા એ અજ્ઞાન દૃષ્ટિએ, વ્યવહાર દૃષ્ટિએ, જૂઠી દૃષ્ટિએ કહેવામાં આવે છે. એ જૂઠી દૃષ્ટિ મૂકી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લખ્યું છે ને. પણ એ વ્યવહાર કહો કે જૂઠો, ઈ આ જૂઠો છે. સમજાય છે? એ જૂઠો છે. એ ધૂણનારો જૂઠો હતો. હા. હા. પાળિયાદનો એ જૂઠો ભુવો હતો ભુવો. પાળિયાદમાં. નામ જુઠો. એનું નામ તો બીજું હતું ભુદરભાઈ. પણ એના બાપ-દાદા શું કહેવાય એ? સુરધન. બાપ-દાદાનો જૂઠો હતો. પોષા કરે, સામાયિક કરે આ બહારની માનેલી ક્રિયાઓ. પાછો ધૂણે. તમે શું કરો છો કીધું આ? તો કહે, મહારાજ! હું ધૂણું છું. તો કોણ આવ્યું? કે જુઠો એમ કહું છું. પણ જુઠો કોણ આવ્યું તો ઓલા સમજે કે આ એનો દાદો આવ્યો એમ સમજે છે. ભાઈ તમે નહોતા? નંદલાલભાઈ! એ સુખલાલ ગાંધીની મોઢા આગળમાં રહેતા હતા. સુખલાલ ગાંધીનું મકાન છે ને ડેલો? એના મોઢા આગળ પેસતા ત્યાં ભુદરભાઈ રહેતા વિશાશ્રીમાળી. ઘણા વર્ષ થઈ ગયા. પણ ૪૦ વર્ષની વાતું છે આ. ૪૫ વર્ષ પહેલાની. ૫૦-૪૫ વર્ષ પહેલા. સુખલાલભાઈનું છે ને ઘર તમારા કાકાનું? સુખલાલ ગાંધીનું નહિ? ડોશી રહેતા હતા. એના મોઢા આગળ. એના મોઢા આગળ આ બાજુમાં એક ભુદર આપણા સ્થાનકવાસી. પાળિયાદના વિશાશ્રીમાળી ભુદરભાઈ રહેતા. એ ભુદરભાઈ હતા ભુવા. અમારે વાત થયેલી. પણ કહે આ તમે? પણ હું તો ત્યાં કહું છું કે કોણ છો? કે જૂઠો. ઓલા સમજે કે જૂઠો સુરધન આવ્યો લાગે છે. આવા ને આવા. પણ ઓલા શું સમજે? આ તો ઠગ વિદ્યા થઈ કીધું. તમે ભુવા ને આવું કરો! વળી પોષા-પડિક્કમણા કરો. આ તે તમારો ક્યાંય મેળ ક્યાં ખાય છે? આ દૃષ્ટિ ભ્રમણા. સમજાણું કાંઈ? હીરાભાઈને ન ઝટ ખ્યાલ આવે કદાચ. નંદલાલભાઈને ખ્યાલ હોય. એ ભુદરભાઈ વિશાશ્રીમાળી રહેતા. સુખલાલભાઈના ડેલામાં પહેલા ઘરે. આ બાજુ જમણે હાથે. ઘણા વર્ષ થઈ ગયા.

કહે છે, કે તું કોણ છો? કે પરનો કર્તા હું છું અને પર મારું કાર્ય છે. જૂઠો છો. સમજાણું કાંઈ? આ મેં શરીરને હલાવ્યું, હું બોલું છું એમ જે આ કાર્યને કર્તા આત્માને માનવો એ મિથ્યાદષ્ટિનું જૂઠાપણું છે. સમજાણું કાંઈ? કહો, આ સમજાય છે કે નહિ? આ તો હવે જાડું આવ્યું હોં! ઓલા કરતા થોડું. મેં પરજીવની દયા પાળી. એ પરની દયા પળી એવું કાર્ય મેં કર્યું. એને અહીં કહે છે, મિથ્યાદષ્ટિ એવું મૂઢ વ્યવહારથી માને છે. આહાહા..! કારણ કે પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. એનું કાર્ય એનાથી થયું અને આ કહે છે કે મારું કાર્ય છે. એ વ્યવહારથી કર્તાકર્મ છે. ત્યારે ઓલા વળી કહે છે કે વ્યવહારથી છે કે નહિ? એમ ભાઈ કહે છે ઈ. અરે.. ભગવાન! પણ સાંભળ તો ખરો. વ્યવહારથી છે એટલે કે કરી શકતો નથી પણ બોલાય છે એમ છે એ જૂઠો વ્યવહાર છે. સાંભળ તો ખરો. આ લોકો એમ કહે કે કુંભારે ઘડો કર્યો એમ છે આ. કુંભારે ઘડો કર્યો? ક્યાંથી ઘડો કરે? માટી ઘડારૂપે થઈ છે કે કુંભાર ઘડારૂપે થયો છે? કોણ થયું છે? માટી ઘડારૂપે થઈ છે કે કુંભાર ઘડારૂપે થયો છે? જે રૂપે થયો જે માટી તે માટી તેની કર્તા અને ઘડો તેનું કાર્ય. કુંભાર તેનો કર્તા અને ઘડો તેનું કાર્ય એ વ્યવહાર જૂઠી દૃષ્ટિથી કહેવામાં આવે છે. એ માની લે કે હું કર્તા અને આ મારું કાર્ય, એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. એ અજીવને જીવ માને છે. કહો, સમજાણું આમાં? ભારે વાત ભાઈ.

આ બધા કાપડ-બાપડના ફેરવે. અમે ફેરવીએ છીએ અને અમે કર્તાહર્તા. એ મૂઢ છે એમ કહે છે અહીં. કાપડના હોય ને તમારા શું કહેવાય એ બધા? તાકા. કહે છે ને ઓલી શું કહેવાય? અટલસ. અટલસના લાટા. ખોલે ત્યારે આમ ખોલે પાછી સરખી થઈ ગઈ. શું કહેવાય તમારે? અટલસ કહેવાય? અટલસ નહિ? આમ ગોઠવે કાપડ. સાટમ. સાટમ. સાટમ હોય ને. ચોસલું હોય. ઈ આવડે એને આવડે હોં! એ બીજાને ન આવડે. એ રામજીભાઈ કરવા જાય તો ન આવડે વકીલને. પણ ઓલો કરે એ અને કર્તા નથી એમ કહેવું છે અહીં તો. ઓલો કરે છે ને આમ પાટલો ઉખાડીને અને પાછું ગોઠવે સરખો. નહિતર બીજાને ન આવડે હોં! એની ગડી બેસાડી દે. પણ એ કહે છે કે આ કાર્ય મેં કર્યું અને હું એનો કર્તા. એ જડની દશાનો કર્તા થનારો જડ મિથ્યાદષ્ટિ છે.

આ તમારા પન્નાનું એમ છે હોં પાછું. પન્નાનું આમ કાઢીને આમ કરે. ઉપરથી. એમાં ડગળી નીકળી જાય ઝાઝી. એય.. લાખના પચ્ચીસ હજાર. ભાઈ! ભાવ મોંઘા થયા એમ માણસ કહે. ભાવ કોના? ભ્રમણા તો જુઓ! કહે છે. વ્યવહારિક દૃષ્ટિથી કર્તાકર્મ જુદા જુદા કહેવામાં આવે છે. ત્યારે ઓલો કહે કે, જુઓ! એમ તો છે કે નહિ? એમ વળી કહે છે. એ આ શિલ્પનો દાખલો નહોતો આપ્યો? કાલે જ આપ્યો હતો. શિલ્પીનો નહિ? કરે છે

શિલ્પી. વ્યવહારે કરે છે શિલ્પી. આચાર્ય કહે છે. અરે.. ભગવાન! શું કહે છે તું? આહાહા..! ભાઈ! આ જડ પરમાણુ માટી એની અવસ્થા આત્મા શું કરે? ફૂ થઈને આમ પડ્યું રહ્યું. પ્રેમચંદભાઈની છે વાત. .. થંભી ગઈ અહીંથી. ઓલો જીવ હતો ત્યારે ચાલતી હતી અને જીવ ગયો એટલે નથી ચાલતી એમ છે? ના. ના. એના રજકણની અવસ્થા પહેલા પોતાને કારણે ચાલતી અને અત્યારે થીજી ગઈ એ એને કારણે. આત્માને કારણે નહિ. આહાહા..! જીવતો હોય તો ડોક આમ સરખી કરી લે. .. પડ્યો રહે અહીં. તો જીવથી રહેતો હશે ને આ હાથ ને ડોકું આમ? અહીં ના પાડે છે. જીવને લઈને આ શરીર આમ રહ્યું છે સરખું. આ કાર્યનો કર્તા જીવ છે. વ્યવહારથી, નિમિત્ત નૈમિત્તિક સંબંધથી, જૂઠી દૃષ્ટિથી કહેવામાં આવે છે. એને માની લે તો તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.**' એમાં ને એમાં એમ કહે છે. એટલે કે જે વસ્તુ છે તેની પર્યાય તે તેનું કાર્ય છે અને દ્રવ્ય તેનો કર્તા છે. બાકી પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! સમજાણું? આખો દિ' આ બધા કરે છે ને? માણસો કહે લ્યો. એક જણો કહે, આખો દિ' કરીએ અને તમે આ લાકડું ક્યાંથી કાઢ્યું નવું? અમે તો કરીએ છીએ. આ બધું કરીએ છીએ. આ સળીયો કાઢીને મારવો હોય તો મારીએ લોઢાનો, ફટ્ દઈને. બાપુ! રહેવા દે ભાઈ! એ સળીયો જડ છે. એની પર્યાયનું ક્ષેત્રાંતર-રૂપાંતર થવું એ એને કારણે છે. તારી ઈચ્છાને કારણે નહિ. તારા જ્ઞાનના કારણે નહિ. ભાઈ! તને ભ્રમ થઈ ગયો છે. તને તારી દૃષ્ટિ લંબાઈને પરના કાર્યમાં માનેલી છે. છે નહિ. આહાહા..! સમજાણું?

'**નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, તો કર્તા અને કર્મ...**' કર્તા તે પરિણમન કરનારો અને એનું કાર્ય એક જ દ્રવ્યમાં દ્રવ્યની સાથમાં હોય છે. પરની સાથે કર્તા-કર્મ હોતું નથી. એ પરનું કાર્ય કરે અને આત્મા કર્તા એવું આત્મામાં ત્રણ કાળમાં છે નહિ. ઓલી વાત લેતા લેતા હવે અહીં પાછા લાવ્યા છે. નિશ્ચય વ્યવહાર બે સમજાવવા. એની વિશેષ વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૭, શુક્રવાર તા. ૨૪-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૪૯ થી ૩૫૫, પ્રવચન-૪૦૬**

ગાથા ૩૪૯થી. સાત ગાથા છે એક સાથે. એનો શ્લોક કહેવાઈ ગયો છે. કળશ. ગાથા છે, જુઓ! આ કારીગર નાખીને સમજાવે છે. એમ .... કારીગરો છે એટલા બધાય એવી રીતે કેમ છે એમ નાખીને સમજાવે છે આમ. સર્વવિશુદ્ધ અધિકારમાં આ કેમ લીધું ફરીને? નહિતર તો કર્તાકર્મમાં આવ્યું છે. કારીગરોની જે ક્રિયાઓ છે એને સ્પષ્ટ કરીને જુદું જુદું સમજાવે છે.

**जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि।।३४९।।**
**जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि।।३५०।।**
**जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि।।३५१।।**
**जह सिप्पिओ दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि।।३५२।।**
**एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।**
**सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि।।३५३।।**

જુઓ! '**सुणु**' આવ્યું ભાઈ આમાં. આપણે સુણો એમ કહેવું છે.

**जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।**
**तह जीवो वि य कम्मं कुवदि हवदि य अणण्णो से।।३५४।।**
**जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।**
**तत्तो सिया अणण्णो तह चेट्ठंतो दुही जीवो।।३५५।।**

એનું હરિગીત.

**જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.**
**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.**
**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.**
**-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.**
**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.**
**ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,**
**ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુઃખી બને. ૩૫૫.**

૧૦૦મી ગાથામાં આવી ગયું છે ઘટપટનું. પણ આ બંધના અધિકારે કરણથી કરે એવું આવ્યું છે. આ તો કારીગરોનું નાખીને, કોઈપણ કારીગર. શિલ્પી એટલે બધા લેવા. એ કારીગરની ક્રિયાઓ સમજાવીને કર્તાકર્મ વધારે સ્પષ્ટ કરે છે એમ લાગે છે. સમજાણું કાંઈ?

ટીકા. ટીકા છે ને એની? ૫૧૩ નવા (પુસ્તકમાં). શું કહે છે? પહેલું દૃષ્ટાંત આપે છે કે '**જેવી રીતે-શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર...**' સોની, લુહાર, કાપડ બનાવનારા વગેરે.. વગેરે. આ લખનારા. આ લખનારા એ પણ કહેવાય ને? લેખક. એ બધા કારીગર છે. નામું લખે, આ સોનાનું કરે, લોઢાના કરે, કાપડના કરે. સમજ્યાને? આ કરે આ બધા. શું કહેવાય? તોરણો ભરે, આ નાળિયેર ભરે, ભરતકામ (કરે). એ બધા શિલ્પીઓ કહેવાય, કારીગરો કહેવાય.

'**શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્ય-પરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...**' અહીં ઓલાનો પ્રશ્ન ઓલામાંથી છે ભાઈ! આમાંથી નહિ. ..માંથી. રતનચંદજીનો. એ ..માંથી. એ વખતે જોઈશું. અહીં તો આપણે આનો પ્રશ્ન છે. એનું વિચારીએ. જેમ કારીગર છે એ પરદ્રવ્ય પરિણામ એટલે કે કુંડળ. સોનાનું જે કુંડળ થાય, કડા થાય, વીંટી થાય, લોઢામાંથી તાવેથા થાય. સમજ્યાને? છરી થાય, તાણાવાણામાંથી કાપડ થાય વગેરે વગેરે. એ કારીગર કુંડળ આદિ દ્રવ્ય. પરદ્રવ્ય છે એ તો. સોની પર છે, કુંડળ એ પર વસ્તુ છે. તો પરદ્રવ્યના પરિણામસ્વરૂપ એટલે કુંડળ આદિની પર્યાય, કર્મ તેને કરે છે. જુઓ! આ કર્મ કરે છે એમ કહેવું છે એ તો વ્યવહાર છે. તન્મય થતો નથી માટે તેના રૂપે થતો નથી. એટલે નિમિત્ત નૈમિત્તિકથી કરે છે એમ કહેવામાં આવે છે. એ છેલ્લો શબ્દ આવશે. સમજાણું કાંઈ? કરે છે ને ત્યાં મુંઝાય. વ્યવહારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો કરે છે કે નહિ?

મુમુક્ષુ :- ચોખ્ખું લખે છે.

ઉત્તર :- ના. એમ કહેતા નથી ચોખ્ખું. એ છેલ્લે કહેશે. નિમિત્ત નૈમિત્તિકથી એ કહેવામાં આવે છે એમ કહેશે. સમજાણું કાંઈ? જુઓ! '**માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.**' છેલ્લો. અહીંથી અર્થ કરીને અટકે કે કરે છે. કરે છે નહિ. કરી શકતો નથી. કહો, જેઠાલાલભાઈ! આ લેખક છે, એ આમ કહે છે, લખી શકતો નથી. સમજાણું? આ સોનાના દાખલે બધું (સમજી લેવું). સોનામાંથી કુંડળ આદિ થાય એ સોની તે ક્રિયાને-કાર્યને કરતો નથી. કરી શકતો નથી. કેમ કે એ પરદ્રવ્યસ્વરૂપ છે. એ પરદ્રવ્યની પર્યાય તે કાળે પોતાથી થાય છે. એ નૈમિત્તિક છે. અને સોની તેને નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્તથી કરે છે અહીં લેવું. સમજાણું? જુઓ!

'**(-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ...**' કર્મ એટલે પરનું કર્મ. અહીં આ કરે છે કોણ? કે નિમિત્ત. નૈમિત્તિક તે. આ નિમિત્ત કરે છે એમ અહીંયાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કુંભાર ઘડાને કરે છે એમ કહેવું એ કુંભારથી ઘડો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના પરિણામ છે તે નૈમિત્તિક છે, કુંભાર નિમિત્ત છે. એવા નિમિત્ત નૈમિત્તિકથી વ્યવહારથી આ બેનો સંબંધ થયો ને આટલો? એ સંબંધનો વ્યવહાર કહેવામાં આવે છે. પણ ખરેખર એનો કર્તા છે નહિ. કહો, સમજાણું આમાં? લ્યો. આ કારીગરનો કર્તા નથી આ તમારી ઓલી પન્નાનો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં તો કરે છે એમ આવ્યું.

ઉત્તર :- એ કરે છે પણ છેલ્લે શું આવ્યું? કે નિમિત્ત નૈમિત્તિકથી વ્યવહાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પણ નિમિત્તપણે તો કર્તા...

ઉત્તર :- પણ નિમિત્તપણે,.. કહેવાનો અર્થ શું? કે નિમિત્તપણે કહેવાય છે, પણ આ નિમિત્ત ત્યાં કરે છે એમ છે નહિ. એ તો નિમિત્ત છે, નૈમિત્તિક એની પર્યાય છે. ત્યાં ઘડાની થાય, પેલી થાય, તમારી પન્નાની થાય. ગોદિકાજીને નાખો એમાં. એ કારીગર છે ને. બહુ બુદ્ધિવાળો છે એમ કહે છે ત્યાં. લોકો એમ કહે છે એની નજર બહુ પહોંચે છે પન્નામાં. એમ વાતું કરતા. લોકો વાતું કરે. તમારી પાસે ક્યાં સાંભળ્યું હોય. બીજા કહે. એ કાંઈ કહે? લોકો કહે, એની નજર બહુ પહોંચે. કહો, સમજાણું આમાં? કહે છે કે એ પન્નાની પર્યાયનો કટકો થાય, કટકો થાય એ નૈમિત્તિક અને આ એક વિકલ્પ છે તે એનું નિમિત્ત. એટલે નિમિત્ત નૈમિત્તિકના સંબંધમાત્રથી વ્યવહારે તેને કર્તા કહેવામાં આવે છે. કારણ

કે પરદ્રવ્યના પરિણામ-પર્યાય જુદી અને આ સ્વદ્રવ્યના પરિણામ જુદા. એટલે એકમેક તન્મય તો થતા નથી. બે ભેગા થતા નથી. અને ભેગા થયા વિના કરે શું? કહો.

મુમુક્ષુ :- કરે છે એમ કહેવું.

ઉત્તર :- કરે છે એ નિમિત્ત નૈમિત્તિક વ્યવહારથી કરે છે. એમ એકલું કરે છે એમ ન લેવું. કરે છે એ શું લીધું? જુઓ! તન્મય થતો નથી માટે... છેલ્લો શબ્દ એનો સરવાળો છે. છેલ્લો. એ પેરેગ્રાફમાં છેલ્લો. '**તન્મય થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી...**' '**નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.**' આ એનો સરવાળો છે.

મુમુક્ષુ :- વ્યવહાર સત્ય છે..

ઉત્તર :- વ્યવહાર સત્ય એટલે? કહેવાણું તો બરાબર છે અને નિમિત્તપણું છે એ પણ બરાબર છે, એમ. પણ નિમિત્તથી થાય છે ત્યાં કાર્ય, એમ નથી. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! ત્યાં મોટી તકરારું. મફતના અટક્યા. અરે..! હજી અહીંયાં અટક્યા ભગવાન! તારો વિકલ્પનું કરવું એ સ્વરૂપમાં નથી. હવે ત્યાં જઈને (પહોંચવું નહિ અને) અહીં હજી (આમાં અટકે છે). કેટલું આચાર્ય સ્પષ્ટ કરે છે!

બાપુ! પરિણામ અને પરિણામી. જે વસ્તુ છે એના પરિણામ થાય અને પરિણામી એના વચ્ચે કર્તાકર્મ કહો તો એ નિશ્ચયથી છે. વ્યવહાર... સમજાય છે? સદ્ભુત વ્યવહારથી એને નિશ્ચય કહેવો ભલે. એમ છે કે આ પરિણામ જીવના અને જીવ એનો કર્તા. ઘટ-ના પરિણામ એનો માટી કર્તા. સમજાય છે? એ પરિણામ પરિણામીનું કહો તો હજી સદ્ભુત વ્યવહારે ઘટે. નિશ્ચયથી તો પરિણામ પરિણામી છે એ પરિણમે જ છે, એ છે એમ છે. અને પરના પરિણામનો કર્તા કહેવો એ વસ્તુની સ્થિતિ નથી. ફક્ત નૈમિત્તિકની પર્યાયના કાળે, કાર્ય કાળે એને અનુકૂળ નિમિત્તની ઉપસ્થિતિથી આ નિમિત્ત નૈમિત્તિકના સંબંધના વ્યવહારથી વ્યવહાર કર્તા કહેવામાં આવે છે. બરાબર છે? કહો, સમજાણું આમાં? છેલ્લી લીટી ઉપર વધારે વજન છે હોં! ઓલામાં છેલ્લીમાં આવશે નિશ્ચયમાં. આહાહા..! ભારે વાત ભાઈ!

એ પ્રેમચંદભાઈ કહેતા બિચારા હર વખતે. આવું આવે તો આ ભારે કઠણ. દાખલો ભારે કઠણ. સોની સોનાની પર્યાયને કરે નહિ કુંડળની, આ ઝીણું. પણ ભાઈ! એ પદાર્થ છે કે નહિ સોનું એ? ચીજ છે કે નહિ? ચીજ છે તો એમાં બદલવાનો કોઈ એનો સમય કે કાળ છે કે નહિ? અને બદલવાનો કાળ છે તો એના પરિણામને એ પરિણામીએ કર્યા છે. સોનાએ કુંડળની પર્યાયને કર્યું છે. સોનીએ કર્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પરના પરિણામનો કર્તા હજી સ્વીકારે છે ત્યાં તો એની દૃષ્ટિ બહિર્મુખ છે એમ કહે

છે. સમજાણું? વિકલ્પનો કર્તા સ્વીકારે તોપણ દૃષ્ટિ બહિર્મુખ છે. આહાહા..! એને ઠેકાણે પરના પરિણામમાં નિમિત્તપણાને કહેવા... એ નિમિત્ત નૈમિત્તિક માત્ર શબ્દ વાપર્યો છે. નિમિત્ત નૈમિત્તિકભાવ માત્ર. એનો મોટો વાંધો ઉઠ્યો છે અહીં.

મુમુક્ષુ :- .. કબુલ કરે છે.

ઉત્તર :- પણ આ નિમિત્ત નૈમિત્તિક..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાન! શું થાય? એને એ સ્થિતિ જ એવી. આહા..! એ ભગવાન છે ત્રણ લોકનો નાથ છે આનંદસ્વરૂપ. પણ હવે એને પત્તો ન લાગે ત્યાં સુધી એને શું થાય? આહાહા..! એકલી આનંદની જ ખાણ છે ભગવાન. અતીન્દ્રિય આનંદની જ મૂર્તિ છે. એમાં તો અતીન્દ્રિય આનંદ જ એકલો પડ્યો છે. એના પરિણામ કરે અને આત્મદ્રવ્ય કર્તા એ પણ સદ્ભુત વ્યવહાર છે. અહીં તો બધું સિદ્ધ કરવું છે, વિકાર આદિ બધું. સમજાય છે કાંઈ? જીવ.. એ કહેશે.

અહીં તો અત્યારે બહારનો દાખલો આપે છે કે કારીગર, સોની, કુંભાર, શું કહેવાય કાપડનો? વણકર. વણકર વણકર. આ બધાય કારીગરો. આ તમારા મોટરના ઓલા બધા કારીગરો કહેવાય ને? નોકરો ને બધા. મોટો કારીગર રાખ્યો હોય. આ છાપવાના પણ કારીગર છે ને લ્યોને ભાઈ.

મુમુક્ષુ :- એ બોલવાના કારીગર.

ઉત્તર :- બોલવાના. આ વકીલો પણ કારીગર કહેવાય એક જાતના. બોલવાની ક્રિયા થાય એ એનો છે ને? એ બોલવાની ક્રિયાના પરિણામ અને ઓલો વિકલ્પ છે એ બેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધમાત્રથી કહેવામાં આવે છે કે આ વકીલે આ ભાષા કરી. કહો, એમ કહેતા કે રામજીભાઈ બહુ ભાષા સામી કરે. જજને.. સમજ્યાને? ધોળે દિ'એ દિવા બતાવે એવું કાંઈક કહેતા હતા. ધોળે દિ'એ તારા. એ ઉદાણી (સંવત) ૧૯૯૦ની સાલમાં કહેતા. ઉદાણી છે ને? ઓલા બિચારા. હાથ આવા થઈ ગયા.

મુમુક્ષુ :- બીજા..

ઉત્તર :- હા, ઈ કહેતા હતા. એ જ કહેતા હતા. .. એ તે દિ' .. કોણ કરે? કોણ ભાષા? બાપુ! એ ભાષાની પર્યાય છે એ પરમાણુની પર્યાય છે. એ પર્યાયને વિકલ્પ નિમિત્ત છે. એથી નિમિત્ત નૈમિત્તિક સંબંધમાત્રથી વાણી કરી એમ કહેવામાં આવે છે. ખરેખર એ વાણીનો કર્તા આત્મા છે નહિ. કહો, સમજાણું આમાં? અરે.. ભગવાન!

ભાઈ! અનંત દ્રવ્ય છે કે નહિ? તો અનંત અનંતપણે રહીને કાર્ય કરે એમાં બીજો એને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે તો ઓલા કર્યા વિનાનું રહ્યું છે? આચાર્ય અહીં કેમ લાવ્યા? સર્વવિશુદ્ધિમાં વળી આ કેમ લાવ્યા? કે કારીગરોનું બહુ... જેટલા કારીગરો છે ને ક્રિયાવાન? એને લઈને ભિન્ન-ભિન્ન દેખાય છે ને? હુશિયાર કારીગર હોય તો સારું દેખાય, સાધારણ હોય તો ઓલું દેખાય.

મુમુક્ષુ :- દરજીનો દાખલો આપે છે ને.

ઉત્તર :- હા. દરજીનું કાપડ કરવું વગેરે વગેરે. સમજ્યાને? કુંભાર લીધો છે. સારો ઘડો બનાવવો હોય તો સારા કુંભારને લાવવો પડે. સારા ઘડા થાય છે ને ઓલા દિવાળીના? ગરબા. માથે આમ રંગે આમ કરે, તેમ કરે, આમ લાલ ને ફલાણું. તો સારો કુંભાર જોઈએ કે નહિ? એ જગતની ક્રિયાના કરનારાના પરિણામ છે એ જાણે ઓલી કારીગરીની ક્રિયા કરે છે એવો જગતને ભ્રમ છે એને ઉડાડવા માટે આ વાત કરી છે. કારીગરી એટલે એકદમ હુશિયાર માણસ છે ને. કારીગર એટલે લ્યો. આ હુશિયારની વાત કરી છે અત્યારે. હુશિયાર છે કે નહિ? તો હુશિયારીના પરિણામ જે છે એ જીવમાં રહ્યા. એ જ્યારે ઓલી ક્રિયા થાય છે બરાબર સોનીની. કેવું કરે આમ મોતીના ઓલા કરે. રવા નાખે છે ને રવા? ઠોળિયા. ઠોળિયામાં રવા ઝીણા... ઝીણા... ઝીણા આમ એવા ગોઠવે. છોડીયું કરે આમ મોર ચિતરામણ. લ્યો, એ પણ કારીગર છે ને. મોરના ચીતરામણ, મોરના મોતી ગોઠવે સરખા. ઓલા નાળિયેર ઉપર મોતી ગોઠવે અને એમાં પાછા આ પુરુષ ચીતરે, વળી આમ હાથમાં પંખો આપે, વળી આમ આમ પંખો જાણે થતો હોય એમ બતાવે. એ બધી ક્રિયા થાય છે એની હુશિયારીનું કાંઈ કામ છે કે નહિ? એ બતાવવા માગે છે અહીં લ્યો.

મુમુક્ષુ :- હુશિયારીનું કાંઈ કામ નથી એમ બતાવવા માગે છે?

ઉત્તર :- એમ (બતાવવા) માગે છે.

કહો, આ હિંમતભાઈ બહુ હુશિયાર છે માટે આ બધી ક્રિયા ટીકાની થઈ શબ્દની. એમ છે? આ બધો ભ્રમ છે એ જગતને કાઢવા માટે (કહેવાય છે). લખવા તો બોલવાની તો એમ.. કીધું ને આ એમ કરે છે એમ બોલાય છે. નિમિત્તથી બોલાય છે. કીધું, આ આમાં કેમ નાખ્યું? બધી હુશિયારીના હુશિયારપણા તારામાં રહ્યા.

મુમુક્ષુ :- હુશિયારના ફાંકા તારા.

ઉત્તર :- ફાંકા. હા, એ હુશિયારીને લઈને પરમાં કાંઈ કાર્ય કરે એમ છે નહિ. જેટલા હુશિયાર કહેવાતા હોય વકીલથી માંડીને બધા લ્યોને. કુંભાર, વકીલ સમજ્યાને? વણકર.

મુમુક્ષુ :- ભાષણ કરનારા હોય.

ઉત્તર :- ભાષણ કરનારા. હા હા ભાષણ કરનાર પણ એ જાતના કારીગર કહેવાયને હુશિયાર? બરાબર લોકોને રંજન કરી દે. આમ થયું તેમ થયું. જ્યાં જે કહેવું હોય તો આમ

લોકોને ઉપાડે આમ. એવી વાતું (કરે). ઊભા એટલે આમ .. ઓહોહો..! કહે છે કે એ સામાના પરિણામને આ પરિણામે કર્યા એ નિમિત્ત નૈમિત્તિકનું કથન છે. આણે કર્યા નથી. કહો, આમાં તમારા પન્ના પણ આવી ગયા. શેઠ! ગોદિકાજી!

મુમુક્ષુ :- આખી દુનિયાનું આવે તો એનું પણ આવે જ ને.

ઉત્તર :- આ આનું આવ્યું વકીલાતનું. એ વકીલાત કરે કે ન કરે પણ એનો ધંધો છે ને ત્યાં? આસામ. શું કહેવાય એ? આસામ. એ ધંધાની ક્રિયા છે, ઈ કહે છે કે એ ક્રિયાના પરિણામ છે એ બીજા જીવે ત્યાં કર્યા એ નિમિત્ત છે અને ઓલું નૈમિત્તિક છે. એટલા નિમિત્ત નૈમિત્તિક માત્રથી કહેવામાં આવે છે. એનું નામ વ્યવહાર છે. પણ એ વ્યવહાર કહેવો છે એ જૂઠો છે.

મુમુક્ષુ :- વ્યવહાર કહેવા અને વળી પાછો એને જૂઠો કહેવો.

ઉત્તર :- વ્યવહારનો અર્થ જ અભૂતાર્થ-જૂઠો છે. આહાહા..! મોટર-બોટરમાં હુશિયાર હશે કે નહિ બધું આ? તમારો કરે છે. બાવીસ માળના મકાન કરે છે. બતાવતો હતો ત્યાં. મકાન ગયા હતા ને ત્યાં મકાનમાં? મકાન ખાલી. ત્યાં મકાન શું? બાવીસ માળનું મકાન જુઓ આવું છે. એમ કરીને બતાવ્યું. નક્શો બાવીસ માળનો રાખે દુકાનમાં. પુનમચંદ. ઓલાની હુશિયારી હશે કે નહિ એટલી? આવડત છે કે નહિ?

મુમુક્ષુ :- .. આ કેમ નથી કરતા?

ઉત્તર :- આ ચંદુભાઈએ કેમ ન કર્યું એ કીધું. ચંદુભાઈએ કેમ ન કર્યું કાંઈ? હુશિયાર... અમે આ બધું કરીએ છીએ. આ અમે પૈસા મેળવીએ. એણે બ્રહ્મચર્ય પાળ્યું. એમ કહે છે. એય..! એ વાત થઈ હતી એક ફેરી. એવી થઈ હતી કે નહિ એક ફેરી? આ તો જાણવા માટે. એમ કે ચંદુભાઈ આમાં વળગ્યા અને આમાં ઉતર્યા છીએ. એમ. ધૂળમાંય ઉતર્યા નથી. કહો, સમજાણું આમાં? આ વકીલાત એ ક્રિયા છે. વકીલાતની બુદ્ધિ એલ.એલ.બી. થયા માટે અમે ભાષણ આપી શકીએ ને આમ બરાબર વાણીને (બોલીને) એવો કાયદો બતાવી દઈએ કે જજને કે પકડે કાન. એને બીજો કાંઈ મોખ ન આવે.

મુમુક્ષુ :- સાચું હોય તો કાન પકડવા જ પડે ને.

ઉત્તર :- સાચાની વાત ક્યાં છે? ઓલી ભાષાની પર્યાય જ એની નથી એમ કહે છે અહીં. હુશિયારીની પર્યાય એના પોતામાં રહી અને ભાષાની પર્યાય ભાષામાં થઈ. એમાં આણે શું કર્યું? નિમિત્ત-નૈમિત્તિકમાત્રનો વ્યવહાર કહેવામાં આવ્યો કે ભાઈ આ આમ બોલ્યો, આણે આ લખ્યું, આણે આ કર્યું. સમજાણું કાંઈ? લ્યો, આખા કારીગરોને નાખ્યા છે આમાં. શિલ્પી શબ્દ નાખીને. કહો, ચંદુભાઈ! તમારા રંગનું આવતું હશે કે નહિ આમાં? આ રંગના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સારા બરાબર ભેગા કરે અને નાખે. લ્યો. ઓલો અમારે હતો ને હેમચંદ? તે રંગમાં બહુ હુશિયાર હતો. રંગ આમ મેળવે ને આમ કરે. અભિમાન હતું. આમ કરીએ અમે. અમને આવડે માટે આ પેદા કરીએ છીએ. એમ. સમજ્યાને? આવો રંગ ને આવો રંગ. શું કહેવાય? .. ને. સાત ભાત પડે છે ને એમાં? ડીઝાઈન. ભિન્ન ભિન્ન જાતની ડીઝાઈન બતાવીએ તો લોકો-બાયું ખુશી થઈ જાય. બાયુંને આમ આહાહા..! આવી કારીગરીમાં આ કોરે આ ને આ. એ કારીગરી, જે કારીગરીના પરિણામ થયા એનો આ કારીગરીનો પરિણામ એનો કર્તા છે કે નહિ? કે એ નિમિત્તિક પર્યાય તેને કારણે ત્યાં થવાની હતી. ત્યારે સામાના પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. ખરેખર તેનો તે કર્તા નથી. આહાહા..! એ હશે આ? ડિઝાઈનનો કર્તા નહિ? સારા લાકડાના બીબાં કરે છે નહિ સુતાર? એ આવ્યો હતો લેવા એકવાર. .. નહિ? બીબાં ઘસાઈ જાય ને પછી ઘણાં લાખોના ખર્ચ છે મોટા. આવ્યો હતો એક ફેરી, ભુપેન્દ્ર કહેતો હતો. લાખો રૂપિયાના બીબાં. પેદાશ મોટી. લાખોના બીબાં. બીબા લેવા આવ્યો હશે. દવા કરવા આવ્યો. એમાં કારીગર એવા હોય ત્યારે પડેને છાપ સરખી? આને નાખે તો બોળીને નાખે તો શું આમ પડે? લોચો પડે. પણ આમ કારીગરી કરી હોય સરખી ત્યારે આવું થાય છે ને! જુઓ!

મુમુક્ષુ :- એમાં પાછી નિમિત્તની હુશિયારી કીધી.

ઉત્તર :- એ જ કહે કે નિમિત્તની હુશિયારી નથી, અહીં કહે છે. એ કારીગર માત્રનો જેટલો વિકલ્પ છે એ પરના વખતની તે ક્રિયાના કાળમાં તેને નિમિત્ત કહેવામાં આવે છે. પણ તે પર્યાય કારીગરે કરી છે કર્તા થઈને, તો તો તન્મય થઈ જાય, બેય એક થઈ જાય. તન્મય થતો નથી. તન્મય સમજાય છે? એક થતો નથી. એક થતો નથી એટલે પૃથક્ રહે છે એમ કહે છે. જુઓને! સમજાણું? એક થતો નથી. પૃથક્ રહે છે. પૃથક્ રહે એટલે પૃથક્ પૃથક્નું કાર્ય કરતો નથી. ત્યારે નિમિત્ત-નૈમિત્તિકથી કહેવામાં આવે છે.

સર્વવિશુદ્ધ અધિકારમાં કુંદકુંદાચાર્ય મહારાજને આ નાખવું પડ્યું. કેટલો કર્તાકર્મ અધિકાર શરૂ થઈ ગયો, કેટલું નાખ્યું. મોટો કર્તાકર્મનું... બધા એમાં હુશિયારી હતા. કહો, ભીખાભાઈ! એ વળી બંગડીયુંમાં હુશિયાર. આવી બંગડી ગોઠવી, ફલાણું કર્યું એમ નહિ? અહીં એમ કહ્યું છે ને? શિલ્પીઓ. પછી એમાંથી બધું આદિ કાઢ્યું. પાઠમાં શિલ્પી છે એટલે કારીગર. બસ એટલું કુંદકુંદાચાર્યને કહેવું છે. કારીગરો. જેટલા કારીગરો કહેવાય એના જે પરિણામ જે પોતાના છે કારીગરના એના પરિણામ એનામાં રહ્યા. અને એ વખતે કુંડળની અવસ્થા સોની પાસે, ઘડાની અવસ્થા કુંભાર પાસે, આ રોટલીની અવસ્થા એ પણ કારીગર છે ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાઈ પણ? સમજાય છે? વાંઢો કરવા જાય રોટલી તો સરખી ન થાય આમ. આમ વેલણ સરખું ન ફરે તો એક આમ અણી નીકળે, એક આમ અણી નીકળે. વાંઢાની રોટલી જોઈ છે? અહીં તો અમારે બધી જોઈ હોય ને. હુશિયાર હોય એ જુદી વાત છે. અમે તો બધું જોયું છે. વડોદ-વડોદ. એ વડોદ ગયા હતા. યાદ છે ચંદુભાઈ? ઉમરાળેથી નહિ? ત્રણ ગાઉ. આ વડોદ. ઉમરાળાથી. વાંઢાની રોટલી. એક ખૂણો આમ અને એક ખૂણો. એ બિચારો અજાણ્યો માણસ એને આવડે નહિ અને કોઈ નહોતું. રોટલી રોટલી. અને આ બાયું તો બરાબર આમ વેલણ સરખું રાખીને માથે જરી લોટ નાખે. બરાબર ગોળ ચક્કર થાય. કહો, એ ક્રિયાના પરિણામ અને એનો પરિણામ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ એ રોટલીના પરિણામ જે થયા તેનો એ પરિણામ કર્તા નથી. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- સહકારી છે.

ઉત્તર :- સહકારીનો અર્થ કે છે બીજું. કર્તા નથી. રોટલીની કારીગરી આમ ગોળ ચક્કર થઈ એનો કર્તા નથી. સ્ત્રીના પરિણામ તેનો કર્તા નથી. પરિણામ અને પરિણામી બે ભિન્ન છે માટે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વ્યવહારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે પણ ખોટું છે એમ જ કહે છે. એ માટે તો આ નાખ્યું ને. મેં વિચાર કર્યો કે સર્વવિશુદ્ધ અધિકારમાં આ કેમ નાખ્યું? આટલું આટલું આવી ગયું છે. પછી છેલ્લું આવશે. કારીગરના જેટલા હુશિયાર છે ને, એ બધાના પાણી ઉતારી નાખ્યા છે. કારણ કે એ બનતું નથી. કારીગરના પરિણામ એની પાસે રહ્યા અને પરવસ્તુના પરિણામ ત્યાં થયા. એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કરે છે એમ કહેવામાં આવે છે. પણ ખરેખર કરતા નથી.

મુમુક્ષુ :- અભિમાન કરે.

ઉત્તર :- અભિમાન.. પણ કરી શકે છે ક્યાં? માટે કહે છે. જ્ઞાન કર. એ ત્યાં થાય છે. રાગ છે અને જ્ઞાન છે. જ્ઞાન કર. બીજું કાંઈ તારાથી થાય છે એમ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? આ હીરા-માણેકવાળા આ બધા હશે કે નહિ? એવા હશે કે નહિ? એય.. શાંતિભાઈ! શું છે તમારે? હીરાનો ધંધો છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન કરીએ? ત્યારે હીરા-માણેક ફેરવો છો ને બધું કરો છો ને? લુંટાઈ જાય તો વયા જાય જુઓ, તમારું ધાર્યું ન હોય તોપણ. ઉપાડી ગયો હતો ને હમણાં? એના પણ ઉપાડી ગયો હતો અને ભાઈના ઉપાડી ગયો હતો. નહિ? વજુભાઈના. એના ઉપાડી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયો ૯૦ હજાર. એ તો એ પર્યાયનું કાર્ય.. પેલો ચોર પણ એક કારીગર છે. લ્યો! ચોરના પરિણામ બરાબર આંખ... લોકો કહે ને શું કહેવાય? સો નજર છે. શાહુકારની એક. સો નજર એટલે ખ્યાલ હોય કે ક્યાં છે, કેમ નહિ, કેવી રીતે બધી કારીગરીથી કામ લે આમ સરખી રીતે. છતાં એ પૈસા ઉપાડવાની પર્યાયમાં આનો વિકલ્પ નિમિત્ત હતો માટે ત્યાં ઉપડ્યો છે એમ નથી. એ પૈસાના પરિણામ ત્યાંથી ખસીને ત્યાં બીજે જવાના હતા એ એને કારણે છે. ચોરના વિકલ્પને લઈને નહિ. ચોરના પરિણામ તેનો કર્તા નથી. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ચોરે ચોરી તો કરીને?

ઉત્તર :- ચોરી પરની તો કરી નથી. એના ભાવમાં ચોરીના પરિણામ છે. આહાહા..!

મુમુક્ષુ :- પરનું શું કરે?

ઉત્તર :- શું કરે?

કીધું નહોતું? એક ફેરી દાખલો નહોતો આપ્યો? એક ઝવેરી હતો. એક આવ્યો હતો. એવો હુશિયાર. દસ હજાર રૂપિયા લઈને હોં! દસ હજાર રૂપિયા. જોવા માંડ્યા. મોટો સારો હીરો હતો ચાલીસ હજારનો. બે-ચાર-પાંચ દસ આમ કરવા માંડ્યા. એનું ટેબલ હતું ઝવેરીનું મોટું આમ. ત્યાં મીણ લાવ્યો (હતો) પોતે, થોડુંક સાથે લાવ્યો હતો મીણ. એટલે આમ કરતા કરતા મીણ ચોડી દીધું ઓલામાં લાકડા હેઠે. ત્યાં હીરો ચોડી દીધો. ટેબલની હેઠે. એની ને એની ઝવેરીની દુકાનમાં, હોં! આમ ગણતો હતો. પણ હીરો ગયો ક્યાં? દેખાતો નથી જુઓ. નથી પણ ગયો ક્યાં? ચાલીસ હજારનો એક. બોલાવો પોલીસને. પોલીસ આવી. ઘણાં ચોર એવા થાય. કાણું પાડે ને એમાં ભરાવી દે હીરો નાનો. એવી ઘણી જાતના ચોર. એટલે ઓલાએ બધું જોયું. કાંઈ ન મળે ભાઈ! ભાઈ આમાં જ ગયો છે મારો આ. પચ્ચીસ હીરા કાઢ્યા હતા એમાંથી ગયો છે. ગમે તે હોય ચોર. જોઈ લ્યો. સમજાય છે? કાંઈ નથી. વયો ગયો. પાછો આવ્યો દસ હજાર રૂપિયા લઈને. તમારો તે દિ' ગયો એનો મને ખેદ વર્તે છે. કારણ કે ઓલો ચોડ્યો છે ને, એ હવે એને લઈ લેવો છે. પાટ હતી ને ન્યાં હેઠે મીણ ઉપર પેલો હીરો ચોડેલો. ખેદ છે મને, પણ મારે દસ હજાર રૂપિયાનો બીજો હીરો લેવો છે. આ દસ હજાર રૂપિયા. આપો સારો લ્યો. ત્યાં ઓલો બીજી હીરો લેવા ગયો તો ઓલો ત્યાં ચોડ્યો હતો એ લઈ લીધો. ચાલીસ હજારનો લઈને વયો ગયો. કારીગર ખરો કે નહિ એ? કહો, આવડત કેટલી? એ આવડતે કામ કર્યું છે ને કે નહિ ઓલો હીરો લઈ જવાનું? ના. ના.

એ અહીં કહે છે લ્યો. આ બધી વાતુંમાં આખા દુનિયાની કારીગરીની હુશિયારીના પરિણામ

તારા પાસે રહ્યા. પરના પરિણામનો કર્તા છે નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કર્મ છે ને? કર્મ એટલે કાર્ય, હોં! શિલ્પી આદિ કારીગર. અને પાઠમાં શું છે? શિલ્પી સુવર્ણકાર આદિ છે. જુઓ! ટીકામાં છે. મૂળ પાઠમાં શિલ્પી છે. આદિ બરાબર છે. શિલ્પી, મૂળ પાઠમાં શિલ્પી છે. કુંદકુંદાચાર્યનો અર્થ. કારીગર કહેવો છે. એટલે પછી અહીં સુવર્ણ આદિ નાખ્યું, એમ. શિલ્પી સુવર્ણકાર આદિ. એમ. શિલ્પીમાંથી આવું કાઢ્યું. વિસ્તાર કરવો છે એટલે. જે એમાં કહેવું છે ને એ આ કાઢ્યું.

જેમ '**સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્ય-પરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ...**' નામ કાર્ય '**તેને કરે છે,...**' એમ કહેવું એ વ્યવહારનું કથન છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધની પ્રસિદ્ધિ માટે છે. એ કરી શકતો નથી. ઓહોહો..! આખી દુનિયામાં આ ગાંડા કહેવાય આ તો. ઓલામાં લખ્યું છે, એમ હોય? આ બધું આમ થાય છે... આમ થાય છે.. નિમિત્તથી થાય છે. અરે..! ભગવાન! નથી થાતું ભાઈ! ત્યારે એને એમ થઈ ગયું કે જો આ નિમિત્તથી થતું ન હોય તો પહેલા કેમ થતું નહોતું? એ વખતે કેમ થયું? પણ એ વખતે એના એ પરિણામ હતા માટે થયું. આહાહા..! એમાં પછી લેશે ને એ. આમાં નહિ ઓલામાં. .. પરિણામ નહિ? એ પહેલામાં આવશે આપણે. આ કર્તાકર્મની બાકી છે ને? પરિણામ પરિણામી વિનાનો હોય નહિ. પરિણામની એક સ્થિતિ હોય નહિ. એ એના પછી આવશે. ઓલામાં. ઘણું સ્પષ્ટ કર્યું છે આચાર્યે. કર્તાકર્મનો મોટો ગોટો છે ને કે આ બધું અમે કરીએ છીએ... અમે કરીએ છીએ. આ પૈસા અમે રળીએ છીએ બુદ્ધિથી હુશિયાર માટે. પૈસા ભેગા કરી દઈએ લ્યો હુશિયારી છે. રાખતા અમને આવડે છે. વ્યાજ ઊપજાવતા આવડે. ઘરાકને સમજાવતા આવડે. કળા હોય, એ કળા જોઈએ.

મુમુક્ષુ :- ઘરાકને સમજાવતા આવડે એને જ મોટી કંપનીમાં રાખે.

ઉત્તર :- ધૂળમાંય મોટો કંપનો (નથી). માટે રાખ્યા છે આ ભાઈને એમ કહે છે. સુમનભાઈને. ઓફીસર છે. એ તેલમાં રાખ્યા છે અત્યારે. લ્યો! એ કો'ક (પાસે) સાંભળ્યું છે, આપણે ક્યાં જોવા ગયા. કો'ક કહે તેલ સાફ કરે છે ને ત્યાં? મુંબઈમાં. એના માટે રાખ્યા છે સુમનભાઈને એમના દીકરાને લ્યો. આઠ હજારનો પગાર હશે એમ કહે છે.

મુમુક્ષુ :- પણ એટલા બધા રૂપિયા કંપનીએ ખર્ચીને હુશિયાર બનાવ્યા તો ન રાખે?

ઉત્તર :- ધૂળેય હુશિયાર કરે એમ નથી. કોને હુશિયાર કરે? કહે છે કે તેલને સાફ કરવાના પરિણામ જે જડમાં થાય છે એનો એ સુમનભાઈ એના પરિણામનો કર્તા નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- તો કંપની પગાર શેનો આપે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પગાર શેનો કોણ આપે છે? એ પગારના પૈસા પણ એના પરિણામમાં એ બદલવાના છે ત્યાં જશે. એ દેનારનો વિકલ્પ છે માટે પૈસા આમ ગયા છે એમ નથી. એમ કહે છે. એય..! આ અમારે ગોદિકાજી બેઠા લ્યોને. કહે છે કે નહિ? એ તો મોટા કારીગર છે. હુશિયાર બહુ કહે છે. એની એવી કારીગરી ને શું કીધું? નીલમ. પન્ના-પન્ના. આપણે ઓલું લીલું લીલું યાદ આવી જાય છે તમારું. લીલો હતો ને. પન્ના-પન્નામાં એવી કારીગરી એવું મગજ છે કે લાખો રૂપિયા પેદા કરી આવે. ત્યાં જાય અમેરિકામાં. ૨૦-૨૦, ૨૫ લાખનો માલ લઈ આવે ત્યાં તરત ખપી જાય ફટ-ફટ. સાચી વાત હશે ઈ? ના. ના કહે છે કે એ માલનું ખપવું અને જવું એના પરિણામ ખસવા ક્ષેત્રાંતર, તેના પરિણામ આ વિકલ્પ છે તેનો એ કર્તા નથી. આહાહા..! એય.. ન્યાલભાઈ! શું કરવું? આ તમારા છોકરાઓ આ બધું કરે છે. મોટા ... પાંચ પાંચ લાખ મળે છે ભત્રીજાને એને. ભત્રીજાના દીકરા. બાપાજી! બાપાજી! કરીને લ્યો એ લખે છે. કહો, સમજાણું આમાં? શું હશે આ ભ્રમ બધો?

મુમુક્ષુ :- .. ગયા છે.

ઉત્તર :- ગયા છે, ભાઈ કહેતા હતા. કહો, સમજાણું કાંઈ? છોકરાઓને આમ પાંચ લાખની .. ની પેદાશ. એક ફેરી અમે ત્યાં હતા તો સવા લાખનું એડનથી ઉતાર્યું. આપણને બહુ ખબર ન પડે હોં. ત્યાંથી ઉતાર્યું હતું. મેવો ઉતાર્યો. અરબસ્તાનથી. સવા લાખનો. અમે ત્યાં ઉતર્યા હતા ને ત્યાં દરિયાને કાંઠે. કહે, આ સવા લાખનું છે. આ આવ્યું એટલું દિલ્હી મોકલી દઈએ. એ મેવાને ત્યાંથી લાવવા અને ક્યાં લાવવા અને ક્યાં ગોઠવવા એ પણ આવડત છે કે નહિ?

મુમુક્ષુ :- ક્યાં મોકલવા એ આવડત જોઈએ.

ઉત્તર :- એ આવ્યા પછી ત્યાં મોકલી દીધા. સીધા દિલ્હી. સવા લાખના હતા તે. એ હુશિયારી ખરી કે નહિ? એય.. ન્યાલભાઈ! એ એમના છોકરા છે ઈ લ્યો. એ હુશિયારી કહે છે માટે ત્યાં માલ આવ્યો છે અને ત્યાંથી ગયો છે એમ નથી એમ કહે છે. આહાહા..! કહો. આને ઈ કારીગરી છે ઓલાની. આવ્યો હતો ને જોડા. ચંપલ. પ્લાસ્ટિકની ચંપલની પર્યાય થાય ત્યાં ઓલો કર્તા જે સંચાવાળો છે એ સંચાના પરિણામ એ પરદ્રવ્ય છે, અને ઓલા પરિણામ પરદ્રવ્ય છે. સંચાના પરિણામે આ કર્યું એમ કહેવું નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ સંચાના પરિણામે તે કર્યું એ વાત સાચી નથી. સંચાના પરિણામ હોં હવે. ઓલો એક કોર રહી ગયો કારીગર. અહીં તો કારીગર... આહાહા..! ભારે વાતું ભાઈ!

ત્રણ કાળના જેટલા કારીગરો હુશિયાર કહેવાય એ હુશિયારી એનામાં રહી કહે છે. કુંભાર

બહુ હુશિયાર માટે ઘડો બન્યો?

મુમુક્ષુ :- સારો બન્યો.

ઉત્તર :- સારો બન્યો પણ સારાની વ્યાખ્યા શું? તે વખતે તે જ પરમાણુની તે જ આકૃતિ ને તે અવસ્થાંતર થવાનો પર્યાય તેની માટીથી થયો છે. સમજાણું કાંઈ?

'**હથોડા આદિ જે પરદ્રવ્ય-પરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...**' જુઓ, હવે કહે છે. સોનીએ હથોડી ઉપાડી હથોડી? આમ ઘડવા. કહે છે કે એ હથોડી વડે કરે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ હથોડીના પરિણામ તે પ્રકારે ઊંચા થવાના હતા ત્યારે તેનો વિકલ્પ નિમિત્ત કહેવામાં આવે છે. એ હથોડીના ચાલવાના પરિણામ આત્માએ કર્યા કરણ-સાધન દ્વારા, એ વાત સાચી નથી.

કહો, અમે ગયા હતા ને ત્યાં. મોલવી કેવી? મોજડી. તમે હતા? મોલવી ગયા હતા નહિ? પછી ઓલો ખોજો આવ્યો એક. જોડે રહે છે. .. ખોજો કહે કે એક મહારાજ આવ્યા છે જૈનના સાધુ. જૈનના સાધુ અહીં ઘણા આવે છે. આ મહારાજ તો કહે છે, હથોડી ઉપાડી શકાય નહિ. એવા મહારાજ આવ્યા છે. હતો ગામડાનો. પણ ત્યાં વાત ગયેલી હોય ને બધી? વાત તો અહીંની ગઈ છે ને બધે. ગામડામાં ગઈ છે. લુહાર છે હુશિયાર ગામડાનો હોં! આવ્યો. વ્યાખ્યાન પૂરું થયું ને આવ્યો. અમે, મહારાજ! આવું સાંભળીને આવ્યા છીએ કે હથોડી ઉપડી શકે નહિ. મેં કીધું, હા. હથોડી આમ ઉપડે, નીચેથી ઊંચે થાય એ પોતાના પરિણામ અને પર્યાયને કારણે થાય. તમારી હુશિયારીને લઈને હથોડી આમ ચાલે છે, હરામ વાત છે. મૂઢ અજ્ઞાનીઓએ માનેલો મિથ્યા ભાવ છે. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ! કેટલા આપણે કારીગરો.. નાખ્યું. આચાર્યે તો બધા કારીગરો જેટલા છે એ બધા (લીધા છે).

'**હથોડા આદિ...**' છે ને? હથોડો આમ ટીપે, આમ લે, આમ થાય ને સાધન બનવાના? સોનાના દાગીનો બનવાના. કહે છે કે હથોડા વડે, કરણો વડે તેને કરે છે, એને ગ્રહે છે એમ કહેવું અને કરે છે એમ કહેવું અને '**હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે...**' આહાહા..! હથોડા આદિ વડે પરદ્રવ્ય પરિણામ કરણો તેના વડે સોની કરે છે. એ વ્યવહાર. તે હથોડો પરવસ્તુ છે, સોનાની પર્યાય ભિન્ન વસ્તુ છે. સોનાના પરિણામ હથોડા વડે કરાવાતી નથી. ફક્ત નિમિત્ત પરિણામ જે વખતે ત્યાં થવાના સોનાના દાગીનાના ત્યારે હથોડાની પર્યાય નિમિત્ત છે. એથી એને કરણ નિમિત્તથી કહ્યું, પણ કરે છે એમ કહેવું એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે.

અને હથોડાને ગ્રહણ કરે છે. હવે એ લીધું. હથોડા આદિ સાધન વડે કરે છે એમ કહેવું એ પણ નિમિત્તનું કથન છે. અને હથોડાને ઉપાડે છે એ પણ વ્યવહારનું કથન છે. કહો,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? હથોડો આદિ છે ને? વણકરમાં એની પીંછી આદિ આમ આમ કરે ને જરી? તાણા-વાણા છૂટા કરવા ને સરખા કરવા. એ સાધન વડે કરે છે અને સાધનને ગ્રહે છે એમ કહેવું એ સાધનના પરિણામમાં, પરિણામમાં જીવના પરિણામ નિમિત્ત છે એટલો સંબંધ દેખીને કહેવામાં આવે છે. બાકી હથોડાને ગ્રહે છે આત્મા એ વાત ત્રણ કાળમાં સાચી નથી. સાધન હોય ને ઓલું તમારું? સોનાનું કાઢી નાખવાનું હોય ને ઝીણું ઝીણું. એ કહે છે કે આમ કરે છે હથોડા વડે એ પણ ખોટું છે. કારણ કે એના પરિણામ એનાથી થયા. આ તો નિમિત્ત છે. અને આને ગ્રહે છે. આને ગ્રહીને આમ હાથમાં પકડ્યું છે, પકડ્યું છે એણે. ગ્રહ્યું છે એમ પણ નથી. આ આંગળીની પર્યાય અને એ હથોડીની પર્યાય અવસ્થા શસ્ત્ર ઝીણું હોય એનું. જુઓને! આ બધું હમણાં હીરાનું નહોતું થાતું? દુકાનમાં બધા બહુ હીરાનું થાતું ને બંધ થઈ ગયું હમણા. ક્યાંકથી આવતા હતા ને હીરા લઈને. ... બહુ પૈસા પેદા કરતા. સો રૂપિયાની પેદાશ કરતો નહોતો અને હજાર-હજાર પેદા કરતા હતા મહિનાના. હમણાં હીરા ચારે કોર આવ્યા છે ને. ચારે કોર. અહીં ઘંટીયું હતી પહેલા. ગામડામાં હતી. પછી ભાંગી ગયું. અહીંથી ગયા એ બરાબર સરખું ન થયું. જુઓ! એ કારીગરને ન આવડ્યું ત્યારે સરખું થયું નહિ. એમ કહે છે, ભાઈ, એમ નથી ભાઈ! શું થાય? અનંત દ્રવ્યના પૃથક્ પૃથક્તાનો સ્વીકાર નથી તને. અને પૃથક્-પૃથક્નો સ્વીકાર નથી એટલે કારીગરના પરિણામે તે કામ કર્યા એમ તેં માન્યું છે. એ મિથ્યાદૃષ્ટિની માન્યતા મૂઢની છે. આવી માન્યતા છે તેને ધર્મ થઈ શકતો નથી. પછી દયા પાળતો હોય ને વ્રત પાળતો હોય ને ભક્તિ કરતો હોય, પૂજા કરતો હોય તો એને મિથ્યાત્વ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો આખી દુનિયાની માન્યતા છે.

ઉત્તર :- આખી દુનિયાની માન્યતા માટે તો કહેવાય છે આ. પૂજામાં પણ બરાબર સ્વાહા... સ્વાહા...

મુમુક્ષુ :- એ બરાબર પદ્ધતિસર બોલાય.

ઉત્તર :- પદ્ધતિસર બોલાય. એક ગાયન બોલે ત્યારે બીજા બધા છોકરાઓ બોલે તો સરખું થાય. નહિતર કહેશે અમે રહી ગયા પાછળ. અને એમાં બોલનારા માણસ પાસે એક મોઢા આગળ બોલનારો હોય તો હું મોઢા આગળ છું એમ કહેવા માટે મોઢા આગળ બોલે. ઓલો વળી પાછળ રહી જાય. એય..! આહાહા..! કહો, વજુભાઈ! આહાહા..! ભાઈ! તારા પરિણામને તું કર. એ શુભભાવ થયા તને. એ શુભભાવ છે પુણ્ય. પણ એ પરિણામ વડે હાથ ઊંચો થયો અને એના વડે સ્વાહા એમ થયું અને ભાષા એમ થઈ, એ પરિણામનો કર્તા તું છો નહિ.

મુમુક્ષુ :- ..ભાઈ બહુ જોરથી બોલી શકે છે.

ઉત્તર :- હા. એનું અહીં સંભળાય છે. એનું અહીં સંભળાય લ્યો. .. છે. ન હોય ત્યારે અવાજ ન આવે. એક મોટું .. હશે ગમે તે પણ છોકરા મોટા અવાજ જબરો છે એનો. એનો અવાજ કહેવાય કે અવાજ જડનો કહેવાય?

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય દેવ (કહે છે), જગતના હુશિયારીના પરિણામ કોઈપણ જાતના પરના કાર્ય કરે એમ કહેવું તે તદ્દન મિથ્યાદષ્ટિની માન્યતા છે. અધર્મી જીવની એ માન્યતા છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! '**હથોડા આદિ જે પરદ્રવ્ય પરિણામાત્મક...**' એકલા સિદ્ધાંતો જ મૂક્યા છે. '**તેમને ગ્રહણ કરે છે...**' એક વાત. સમજાય છે? એ કરવાના ન્યાય ત્રણ આપ્યા. કોઈપણ કારીગરના પરિણામ-પર્યાય-અવસ્થા એ પરના પદાર્થની અવસ્થાને કરે, ઉપાડે, ગ્રહે એ બધા પરિણામમાં આના પરિણામ નિમિત્ત છે, પરિણામ તે થવાના તે કાળે તેનું નૈમિત્તિક છે. હથોડો ઉપડ્યો તે ઉપડવાના જ પરિણામ ત્યાં થવાના હતા. જીવને કારણે નહિ. એથી એના પરિણામને નૈમિત્તિક કીધા અને જીવના પરિણામને નિમિત્ત કીધા. નહિતર એને કારણે ઉપડે તો તો આ ત્યાં ગરી ગયો અને એનું ઉપાદાન થઈ ગયું. આહાહા..! આટલું સ્પષ્ટ છે, પણ છતાં જ્યાં હોય ત્યાં એને હું કરું.. હું કરું... મેં કર્યું... મેં કર્યું. અને ભાઈ હુશિયારીનો ફાંકો તો રહેને થોડો? સંસાર છે તારા હુશિયારીમાં. સાંભળને હવે. હુશિયારીના તારા પરિણામ પરને શું કરે? સમજાય છે? એ મોટો હુશિયાર છે. એ.. ઓલું કાપડ લાવજે કાપડ ઊંચું. ઓલે ઊંચે નથી? એ હોય હલકું.

મુમુક્ષુ :- .. આપ્યું.

ઉત્તર :- .. કાપડનું લેવું હોયને. આને માટે સારું કાપડ લાવજે ઊંચેથી હોં. એ સમજે કે ઊંચે એટલે સારું હશે. હોય ઊંચેથી હલકું. હુશિયારી વાપરી કે નહિ? ત્યારે ઓલો સમજ્યો કે નહિ એ પ્રમાણે? ત્યારે ઉપરથી લાવ્યો કે નહિ? ના. ભારે વાત, ભાઈ! માયા-કપટના પરિણામ કર્યા તેં અને એ તો ઓલાના પરિણામ એની દેહની ક્રિયા એ પ્રમાણે થવાની હતી આમ ઊંચો હાથ એ પ્રમાણે એના પરિણામ થયા. એ પરિણામનું તારા પરિણામ તો નિમિત્ત કહેવાય. એનાથી થયા નથી. એ પરિણામ હાથ આમ થયો માટે એ કપડું ત્યાંથી હેઠે ઉતર્યું એ વાતમાં માલ નથી. ભારે. વાડીભાઈ! તમારે શેનું છે? ઘડિયાળ. આહાહા..! એ કારીગર છે ને એક? ઘડિયાળના કારીગર. છે ને ઘડિયાળના કારીગરો આમ બરાબર સંચા ગોઠવે. શું એને કહેવાય?

મુમુક્ષુ :- પાર્ટ.

ઉત્તર :- એને પણ પાર્ટ કહેવાય? મોટરના પણ પાર્ટ કહેવાય. એય..! તમારે શું કહેવાય?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આને મોટો ધંધો છોકરાને છે ને. ૩૦ લાખનું હમણાં બનાવ્યું છે ને ત્યાં મુંબઈમાં. એના છોકરાએ. ત્યાં તો મોટો બે કરોડ છે. મોટો સંચો. સ્વીત્ઝરલેન્ડ. બધી ઘડિયાળું આમ.

મુમુક્ષુ :- ઘડીક વારમાં એના વખાણ કરો...

ઉત્તર :- વખાણ કર્યા કે છે એમ કહું છું? આ ઘડિયાળ ત્યાંથી આવી લ્યો. આ લ્યો. એ ત્યાંથી સ્વીત્ઝરલેન્ડથી આવી છે. એના છોકરાએ મોકલી. મોટો બે કરોડ, બે કરોડ રૂપિયા છે છોકરા પાસે. એ પહેલા જોઈતી હોત તો આમ નવી બનાવી છે એવી સરસ ને. એ કહે છે કે એ પરિણામ થયેલા તે પરિમાણુમાં તેનો ઓલો કારીગરનો પરિણામ કર્તા છે એમ કહેવું એ તદ્દ્ન મિથ્યા છે. આહાહા..! આ બધું સાંભળા જેવું હોં! ન્યાલચંદને. સમજાણું કાંઈ? એક વાત. કર્તાની વ્યાખ્યા લીધી.

જે જે કારીગરના પરિણામ ત્યાં થાય વિકલ્પ, ત્યાં ત્યાં પરિણામ તે કાળે ઉપડવાના, ઊંચા કરવાના, થવાના એ બધું થાય તેમાં નિમિત્ત છે. અને આણે કર્યું એમ નૈમિત્તિક દશાને ઓળખાવવા આ વાત છે. પણ આ નિમિત્તથી ત્યાં પરિણામ થયા એ માન્યતા તદ્દ્ન જૂઠી છે. એક વાત.

**'અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...'** હવે મોટા ગરાસિયાના કામ કરે મોટા. ગામ આપે સોનીને. બે લાખ, પાંચ લાખના દાગીના કરવા હોય. બે મહિના, પાંચ મહિના, છ-છ મહિનાથી સોની બેઠો હોય ત્યાં. મોટા કરોડનો તાલુકાદાર હોય તો દીકરી પરણતી હોય તો પાંચ લાખનો દાગીનો કરવો હોય. સમજાય છે? તો એક સોનીને બેસાડે દાગીનો કરવા. ઈનામમાં ગામ આપે. આ સોનપરા.. એ કહે છે કે ગામ આપ્યું એને ગામ ભોગવે છે ઓલો સોની. એ નિમિત્ત નૈમિત્તિકનું કથન છે. ગામને એ ભોગવી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? અમારા બાપ-દાદા આટલી પેઢીથી ગામ ખાય છે. દરબારે આપેલું ગામ. છે ને?

મુમુક્ષુ :- નાગર કહેતા હતા.

ઉત્તર :- હા નાગર છે ને. નાગરને છે. ઓલો ભાઈ નહોતો આપણો ઓલો? કવિ કેવો મોટો? કાગ કવિ. કાગ કવિ નહોતા આવ્યા અહીંયાં?

મુમુક્ષુ :- દુલા કાગ

ઉત્તર :- દુલો. એને દરબારે ગામ આપ્યું છે ત્યાં. દુલા કાગ. ગરાસ છે. કેવા કહેવાય? દુલા. આયરને શું કહેવાય એ? ચારણ. ચારણને ગામ આપ્યું છે. બહુ હુશિયારથી ગાય છે બહુ. જુઓ ભાઈ ગામ ખાઈએ છીએ. ગામ ખાતો હશે? ગામના પૈસા છે પૈસા ધૂળ એ ખાતો હશે? અને પૈસાથી લાડવા-દાળ થયા એ આત્મા ખાઈ શકે છે? એ અહીં કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ લાડવા-દાળ આપ્યા અને ગામ ખાય છે એમ કહેવું એ જડની પર્યાયનો અહીં રાગ ફક્ત નિમિત્ત છે. એથી નિમિત્ત-નૈમિત્તિકથી આ ભોક્તા એમ કહેવામાં આવે છે. પણ એને ભોગવે છે એમ માની લે (તો) મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. કહો, લાડવાને હું ખાઉં છું એમ માનનારા મૂઢ છે એમ કહે છે. કેમ કે લાડવો એ અનંત રજકણનો પિંડ છે. અને એનો પર્યાય તે કાળે તે જ રીતે થવાનો છે તે અહીં આવ્યો અને પલટે છે. અને આ અજ્ઞાની માને કે મારા પરિણામ થયા માટે એને હું ભોગવું છું. એને ભોગવું છું. એને ભોગવું એ વાત જ ત્રણ કાળમાં સાચી નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગામ મળ્યું તો ...

ઉત્તર :- કોણ ધૂળમાં ફળ નથી. હવે એ તો પુણ્ય હતું. પણ એમાં એને લઈને શું? પુણ્યનો રજકણ જુદો, એ પણ જુદા. ગામ ખાય છે એમ કહે છે. જુઓને!

‘**ગામ આદિ પરદ્રવ્ય પરિણામાત્મક...**’ એટલે આ બક્ષીસ આપી લ્યોને. હાર મોટા આપ્યા. સમજ્યાને? દાગીના આપ્યા. ફળ આપ્યા સારા. જાવ. મોસંબી આપો. આપણું કામ કર્યું છે. એ મોસંબી ખાઈ શકતો હશે આત્મા? મોસંબી તો જડ પર્યાય છે. મોસંબીની તો જડની પરમાણુની માટીની, ધૂળની અવસ્થા છે. એમ દાળ, ભાત, શાક એ ધૂળની અવસ્થા છે. એ કોઈએ આપી એમ કહેવું એ વ્યવહાર છે અને એ ખાય છે એમ કહેવું એ વ્યવહાર છે. ખાઈ શકતો નથી. આ વાત ભારે. દુનિયાથી એકે એક વાત ઊંધી. આખો દિ’ ખાય ફર્સ્ટ ક્લાસ આમ. માણસ કહે, લ્યો. કાઠિયાણી હોય ને? નવરી હોય, કાંઈ કામ ન હોય. તલ .. ચાવ્યા કરે. એ પેટમાં રસ પડે સરખો. કહે છે કે એ તલના પરિણામ જે ભૂકો થાવાના છે એના પરિણામનું અહીં દાંતે કર્યું અને એના પરિણામના જીવે વિકલ્પે આ કચર્યું એ નિમિત્તનું કથન છે. એ ખાઈ શકવાના પરિણામ જીવના છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ... ખાવાની વાત છે ને. શીખંડ ને પુરી... બે-પાંચ પચાસ માણસને બોલાવો. ખાવ ભાઈ લ્યો .. ખાવ. તમે આટલું ગાયું એમાં આપીએ છીએ. જાવ. કહે છે કે એ કળા ગાયનની થઈ એ કળાથી એને આ વસ્તુ મળી એ ખોટું છે. અને એ વસ્તુને ભોગવે છે એ ખોટું છે. કહો, સમજાણું કાંઈ? એય..! જાધવજીભાઈ! શું હશે? વીતરાગમાર્ગ આવો હશે? એવો છે. એણે સાંભળ્યો નથી. એય.. ભગવાનભાઈ!

ખુશી થઈને કન્યા આપી, લ્યો કો’કને. રાજાની કન્યા આપે. લ્યો. બહુ ખુશી થઈને. આવે છે ને. આ કથામાં બહુ આવે છે. કથામાં બહુ આવે છે. એક રાજકુમાર નીકળી ગયા એકલા. એકલા નીકળી ગયા પછી હાથી, હાથી ગાંડો હોય ને એણે ઓલો કર્યો... આ કોણ

છે? રાજકુમાર છે. આવો! આ શક્તિ તો રાજકુમારની હોવી જોઈએ. આ તો એકલા છે. કોણ છે? બોલાવો. ગાંડા હાથીને જતો હતો તળાવ ઉપર અને આ એકલા લાવ્યા. કોણ છે આ? જોતાં જોતાં નીકળે તો કહે, અમુક રાજકુમાર છે એકલા નીકળી ગયા છે. એના બાપથી ખાનગી. કન્યા પરણાવો. જાવ. આવી કળા તમે કરી. લ્યો એ કન્યાને ભોગવે છે એમ કહેવું એ નિમિત્ત-નૈમિત્તિક વ્યવહાર છે. એ શરીરની જડપર્યાય આત્મા ભોગવે? આ તો માટી છે. સમજાય છે કાંઈ? આ ભારે વાત, ભાઈ! આ તો માંસ છે, આ હાડકા છે, ચામડા છે, આ તો રૂપી છે. ભગવાન અરૂપી છે આત્મા. આને ભોગવે એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. એને ભોગવી શકતો નથી. એના પરિણામને ભોગવે છે. એ આવશે પછી. આ તો હજી બે બતાવવું છે. એના પરિણામ કરે છે ને રાગના, એને એ ભોગવે. એ દુઃખને ભોગવે છે. એ રાગ એ દુઃખ છે. સ્ત્રીના શરીરના ભોગનો રાગ (એ દુઃખ છે). એ શરીરને ભોગવતો નથી. કારણ કે એ તો જડની પર્યાય છે. એને તો અડતો પણ નથી આત્મા. ફક્ત ત્યાં રાગ કરે છે એ રાગને ભોગવે છે. માને મૂઢ કે આને ભોગવું છું. દૃષ્ટિ તારી વિપરીત છે. તને તત્ત્વની ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પાંચ મિનિટ ઓછી રહી છે. ભાઈ કહે છે ને કે એક કલાક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો હળવે હળવે લઈએ છીએ. દાખલા લઈને. અમારે પ્રેમચંદભાઈ ગયા. નહિતર પ્રેમચંદને બિચારાને.. કે દાખલા આવે. દાખલા આકરા બહુ પડે છે. એવું છે ભાઈ. ફોટો આવ્યો હતો ક્યાંક, હોં! કો'ક લાવ્યું હતું અમારી પાસે.

મુમુક્ષુ :- પ્રવિણભાઈ લાવ્યા હતા.

ઉત્તર :- હા, પ્રવિણભાઈ લાવ્યા હતા. મેનેજર. હું અહીં બેઠો હતો.

એ પરમાણુની પર્યાય છૂટવાની હતી તે કાળે છૂટી. એમાં કોઈ એને કર્તા-ફર્તા નથી. એના લોહીનું બહુ દબાણ થઈ ગયું માટે છૂટ્યું એમ પણ નથી, કહે છે લ્યો! સમજાણું? એ પરમાણુની પર્યાય તે કાળે છૂટીને ત્યાં રહેવાની હતી. આત્માને ત્યાંથી છૂટીને એક ક્ષેત્રે એક સમયમાં બીજે જવાનું હતું. એમાં કોઈ બીજાને લઈને આ ક્ષેત્ર છૂટ્યું છે એ વાતમાં કાંઈ માલ નથી. એમ છે. આહાહા..! એક સમયમાત્રમાં અહીં હોય, સમયમાત્રમાં બીજે. અહીં છૂટ્યો ભેગો ... કહે છે કે એ પરિણામમાં આને કાંઈક ઝેર આવ્યું કે ફલાણું ખાવામાં ફેર પડ્યો કે લોહી દબાણ થયું માટે અહીંથી છૂટવું પડ્યું એ જીવને એમ છે નહિ. જીવની યોગ્યતા જ તે પ્રકારે પરિણામની તેને છૂટવાની તે કાળે તે છૂટી છે. પરના પરિણામને કારણે અહીં પરિણામ આવા થયા છૂટવાના એમ નથી. સમજાય છે કાંઈ? અથવા અંદર જ્યાં

ઓલું થાય... શું થાય? લો-લો. લો કહે છે ને? માટે હાર્ટ બેસી ગયું. એ વાતમાં માલ નથી કહે છે. હાર્ટના પરમાણુ જુદા છે અને લોહી અંદર ઠંડુ થાય છે જુદું. એ આને લઈને આ થયું એ તો નિમિત્ત-નૈમિત્તિકથી કથન છે. એ પરિણામના રજકણો ત્યાં આગળ એકદમ બસ ઠપ થઈ જવાના હતા. પોતાને કારણે. પરને કારણે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! આવી વાતું શું કહે છે આ! શું કરવા મૂકી? આ તે. સર્વવિશુદ્ધ અધિકારમાં આટલો અધિકાર મૂકીને બીજાને... પરદ્રવ્યના પરિણામનો કર્તા (નથી). પણ આખા કારીગરના હુશિયારીના પરિણામ ઉપર મીંડા વાળે છે. કહો, સમજાય છે કે નહિ? કહો, જેઠાલાલભાઈ!

આ કલેક્ટરો હુશિયાર થાય માટે બીજાને તાબે રાખી શકે. એ વાતમાં માલ નથી એમ કહે છે. એમ કે આપણે કાંઈક સત્તા રાખીએ તો બરાબર તાબે રહે. મૂઢ છો? તારા પરિણામ તારી પાસે રહ્યા અને એના પરિણામ એને રહ્યા. તારા પરિણામને લઈને એના પરિણામ થાય છે? સમજાણું કાંઈ આમાં? ઘણાં એમ કહે કે છોકરાને આપણે એવી રીતે રાખવાને કે જેથી પાછા ફાટી ન જાય. તારા પરિણામને લઈને ત્યાં પરિણામ થાતા હશે? .. રાખવો. એમ કેટલીક વાતું કરે. બાયું એવી વાતું રાખે. વહુ પાસે અને છોકરીયું પાસે .. રાખવો. ફાટી ન જાય. માથે થોડુંક દબાણ રહેવું જોઈએ. નહિતર તો વકરી જાય, આપણને ગણશે નહિ. આવા ને આવા. કહો, અમુલખભાઈ! શું કરવું આમાં? કહે છે. બાપુ! પરના પરિણામ તું કરી શકતો નથી. મફતનો મરી જા છો અભિમાન કરીને. સમજાણું? એ અહીંયાં આચાર્ય મહારાજે બહુ મૂક્યું. આ શું મૂક્યું? આટલું આટલું ઝીણું આવ્યું છતાં? આખી દુનિયાની કળાના પરિણામ પરના કર્તા તરીકે સ્વીકારનાર તે મૂઢ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ગામ આદિ પરદ્રવ્ય પરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય થતો નથી;...**' જુઓ! શું કીધું? સોનીના પરિણામ પર્યાય એ કુંડળની પર્યાયમાં એક થતાં નથી. બે જુદા રહે છે એ તો. કુંડળની પર્યાય જુદી અને આના પરિણામ બે તન્મય થતાં નથી. છતાં કર્તા કહેવો એ નિમિત્તનું કથન છે. એમ દાળ-ભાત-શાકના પરિણામ ભોગવવા, એના પરિણામ ભિન્ન છે, આ પરિણામ કાંઈ એના ભોક્તાના વસ્તુના પરિણામમાં તન્મય થતો નથી. આત્માના ભાવ કાંઈ દાળ-ભાતમાં, સ્ત્રીના શરીરમાં એકમેક થતાં નથી. ફક્ત નિમિત્ત છે માટે તેને વ્યવહારથી ભોક્તા કહેવામાં આવે છે. છે ને?

'**અનેકદ્રવ્યપણાને...**' સિદ્ધ આ કરે છે, જોયું! અનંત દ્રવ્ય છે અનંત. અનંત દ્રવ્યમાં અનંત અનંતપણે રહીને પોતાના પરિણામને કરે. બીજો પરિણામ એનો કર્તા કહેવું એ નિમિત્તથી કથન છે. '**(કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી...**' શું કીધું? પરના કાર્ય અને પરના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરણથી આ જીવ તો અન્ય છે-કારીગર. તન્મય થતો નથી. પરના પરિણામમાં તે જીવ તન્મય થતો નથી. થતો નથી '**માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી...**' લ્યો જોયું! '**ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;...**' છે ને? એ તો કર્તાપણાનો અને ભોક્તાપણાનો નિમિત્તનો વ્યવહાર કહેવામાં આવે છે. છે નહિ. તો હવે કઈ રીતે છે? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૮, શનિવાર તા. ૨૫-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૪૯ થી ૩૫૫, પ્રવચન-૪૦૭**

૩૪૯ થી ૩૫૫. એની ટીકા. એક અધિકાર દૃષ્ટાંતનો ગયો. દૃષ્ટાંતમાં શું કહ્યું? કે આ જગતમાં જેટલા સોની આદિ કારીગરો છે-સોની, લુહાર, સુથાર, કુંભાર, રસોઈ કરનાર, ચીતરામણ કરનાર, ભરત ભરનાર વગેરે. એ બધા કારીગરો છે. આ મકાન ચણનારા, લ્યો એ પણ કારીગર કહેવાય. સમજાણું? આ ઈજનેર. મકાન કરનાર કડિયો, એ બધા કારીગરો છે. એ કારીગર સોની સોનાના દાગીના કરે છે એમ કહેવું એ દાગીના છે, થાય છે એ નૈમિત્તિક છે. એમાં ઓલું નિમિત્ત છે. એટલો સંબંધ દેખીને નિમિત્ત નૈમિત્તિકથી વ્યવહારે એમ કહેવામાં આવે છે કે સોનીએ દાગીનો ઘડ્યો. દરજી રહી ગયો. વળી દરજી રહી ગયો. મોહનભાઈ! દરજીએ કપડું સીવ્યું. એમ જે કહેવામાં આવે છે એ કપડાની અવસ્થા જે છે એ નૈમિત્તિક તે કાળે થવાની હતી ત્યારે દરજીનો એક વિકલ્પ છે તે નિમિત્ત થયો. થવાની તો હતી. એટલો નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહીને એમ કહેવામાં કે દરજીએ આ કપડું સીવ્યું. એ નિમિત્ત નૈમિત્તિકનો સંબંધ વ્યવહાર છે એ કહેવામાં આવે છે. ખરેખર તેણે સીવ્યું નથી અને એ કાર્ય એણે કર્યું નથી. સમજાય છે કાંઈ? કહો, નેમિદાસભાઈ! શું હશે આ? તમારે શું છે કારીગરમાં? પૈસાનું વ્યાજ ઊપજાવવાનું? એ પણ કળા છે ને એક? ક્યાં મૂકવા? કેમ કરવા?

મુમુક્ષુ :- અક્કલ જોઈએ. એમાં તો ઘણી અક્કલ જોઈએ.

ઉત્તર :- અક્કલ જોઈએ. કારણ કે અત્યારે દોઢ રૂપિયા ઊપજતો હોય ક્યાં, રૂપિયો ક્યાં ઊપજતો હોય, એ બધું કળા ધ્યાન રાખીને ઊપજાવવું. એય..! મનસુખભાઈ! એને ખજૂરનું (છે) મનસુખભાઈને લ્યોને. એ કળા છે ને? ખજૂર અહીંથી લાવવો, અહીંથી કરવો, ફલાણું કરવું. લાખ સવા લાખનો આવે બદામ-પિસ્તાનું ઓલું વહાણ. ત્યાંથી સીધું મોકલી દેવું ઉપાડીને, ખર્ચ વધારે થશે. દિલ્હી મોકલી દેવું ત્યાં ભાવ વધશે. એ બધી કળા છે, એ કહે છે કે એ કળાનો કરનારો, કળાના પરિણામ કરે છે અજ્ઞાનભાવે. અને તે વખતે જે કાર્ય થયું-સોનીએ દાગીનો, દરજીએ કપડું, કુંભારે ઘડો, સુથારે ગાડું કે જે હોય સમજ્યાને? ગરાજ મોટર, આ ઘડિયાળવાળાએ ઘડિયાળ.. વાડીભાઈ! અને આ ગોદિકાએ શું કહેવાય એ? પન્ના. એ પન્નાનું આમ કાપ્યું કે આમ કર્યું બરાબર નજર રાખીને, કહે છે કે એ નિમિત્ત છે અને એ અવસ્થા તો તે કાળે તે પરમાણુમાં તે જ રીતે પુદ્ગલમાં થવાની હતી. એનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામ નૈમિત્તિક છે અને સામાના પરિણામ એને નિમિત્ત કહેવાય છે. એટલે નિમિત્ત અને નૈમિત્તિક બે સંબંધને વ્યવહાર કહેવાય છે. વ્યવહારે એમ કહેવામાં આવે છે. ખરેખર પરના કાર્યનો કર્તા એ નથી.

એમ અહીં શું કરવા કહે છે? કે પરના કરવાપણાનો, નિમિત્તપણાનો જે ભાવ છે એ નિરર્થક છે. પરનું કરી શકતો નથી. એમ જો પોતાનો ભાવ પરને માટે નિરર્થક છે એમ જો નિર્ણય કરે તો એ પરિણામ કરવા એ લાભદાયક નથી, નિરર્થક છે. તો આત્માની દૃષ્ટિ કરે કે હું તો જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ છું. એમાં આ રાગનું થવું અને પરમાં નિમિત્ત થવું એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આજ વધારે સ્પષ્ટ થયું.

ઉત્તર :- આ વધારે થાય છે ને જુઓને. લ્યો કાંતિભાઈ આવ્યા છે? કાંતિભાઈ! એ વકીલાત છે એ. વકીલની કળા તો હોય છે કે નહિ બોલવાની બધી? કહે છે કે એ કળાને લઈને ભાષા બોલ્યો કે કળાને લઈને કુંભારે ઘડો કર્યો, એની કળાને લઈને આખી ઘડતરની ક્રિયા આમ દરજી બરાબર .. મૂકીને આમ બરાબર સરખું કરે આમ. બોબીન મૂકે ને આમ કરે છે ને? એ બરાબર કળાવાળો હુશિયાર થયો એ વાતમાં માલ એકેય નથી કહે છે.

એ વખતે રજકણોની પર્યાય તે કાળે તે રીતે થવાના કાર્યરૂપે થઈ. આ નિમિત્ત છે એટલે કહેવામાં આવે છે. એ નિમિત્ત કહીને હવે અહીં દૃષ્ટાંત તો આત્મામાં ઉતારવો છે. સમજાણું કાંઈ? અને એ દૃષ્ટાંત ઉતારીને ઉતારવું છે એ કે પરના કાર્યનો હું નિમિત્ત છું માટે થાય છે એ તો વાત ખોટી છે. એથી જે પરિણામ શુભાશુભ થાય તે તારા નિરર્થક છે. તને નુક્સાન કરનારા છે. એમ જો નિર્ણય કરે તો પરિણામ વિકારી સિવાયનું ચૈતન્ય દ્રવ્ય કોણ છે? એ ચિદાનંદ જ્ઞાનાનંદ સહજાનંદ આત્મધામ છે એની દૃષ્ટિ કરે તો એને નિર્મળ પરિણામ થાય, વિકાર પરિણામ થાય નહિ અને પરને નિમિત્તપણું જે સંબંધ છે એ પણ એને રહે નહિ. કહો, સમજાણું આમાં?

હવે જે દૃષ્ટાંત આપ્યો કે એનું પાછું દરજીને મળ્યું કાંઈક ગામ, સોનીને મળ્યું ગામ. પૈસા મળ્યા અને એણે ભોગવ્યા એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે એ લક્ષ્મીને કાંઈ ભોગવી શકતો નથી. દાળ, ભાત, શાક કે ગામને કાંઈક આપ્યું મોટા રાજની દીકરી પરણતી હોય અને દાગીના પાંચ લાખના કર્યા (તો) રાજા ખુશી થઈને ગામ આપે. આપે છે ને અત્યારે આપે મોટા. એ ગામ ખાય છે નથી કહેતા? બોલે છે એમ માણસો. બોલે છે કે નહિ? આટલા વર્ષથી ગામ ખાય છે. ગામ ખાય છે એટલે શું? ગામ ખાતો હશે ઈ? ગામમાં જે ઊપજ આવે તેના નિમિત્તના લક્ષમાં એ ખાય છે એવી જે ક્રિયા જડમાં થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એને આ નિમિત્ત છે એથી એમ કીધું કે એણે ભોગવ્યું. પણ એને ભોગવી શકતો નથી. પરવસ્તુને આત્મા ભોગવી શકતો જ નથી. સમજાણું કાંઈ?

એમ નક્કી કરે તો પરને ભોગવવાનો જે વિકલ્પ છે એ નુક્સાનકારક છે, નિરર્થક છે, અનર્થ છે. હું એક જ્ઞાનસ્વરૂપ આનંદ શુદ્ધ ચૈતન્ય છું એની અંતર દૃષ્ટિ કરતાં જે શુદ્ધ પરિણામ થાય તેનો તે કર્તા અને તેનો તે ભોક્તા (છે). આમ ધર્મ પ્રગટતા તેને ધર્મનું પરિણમન થઈ કર્તા-ભોક્તાપણું ધર્મના પરિણમનમાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો મેં કર્યું, આ પુસ્તક મેં બનાવ્યું, આ ફલાણું મેં બનાવ્યું, આ ફલાણું મેં કર્યું, જ્યાં-ત્યાં હું.. હું.. ખોટો હું પાછો. એમ. એ બની શકતું જ નથી એનાથી કાંઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખોટો હું.

ઉત્તર :- ખોટો. કળાકાર અજ્ઞાનનો મૂઢભાવે જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં ઊભો રહે. કારીગર એટલે કારીગરના પ્રકાર બધા. મેં કર્યું, આ કર્યું, મેં સારા અક્ષરે લખ્યું, મેં પુસ્તકને એ રીતે બાંધ્યું, પુસ્તકને આ રીતે સાચવ્યું, પુસ્તકને આ રીતે ઉઘાડીએ તો સચવાય. સમજ્યાને? ટોપી આદિ ને કપડા-બપડા હોય છે ને? એને એકદમ કઠણ ન કરવા, કઠણ ન બાંધવા. નહિતર તૂટી જાય. પોચા રાખવા. કસ કરીને ન કરવા. એ બધી સંભાળ રાખીને અમે લૂગડા આદિ પહેરીએ છીએ. એ કહે છે કે મૂઢ છો.

મુમુક્ષુ :- અત્યારે આ બહુ થઈ ગયું છે.

ઉત્તર :- આ ચાલે છે એની તો વાત ચાલે છે આ. આમ ફીટ માગે છે બરાબર. ચોંટી જાય આમ સરખા. પણ એ તો કપડા જડની અવસ્થા છે. એ જડની અવસ્થા જડથી થઈ છે. એ જડથી આમ થવું કે આમ થવું પહોળું એ કાંઈ તારાથી થતું નથી. પણ અજ્ઞાની મૂઢ પોતાના ભાવના સ્વભાવને ભૂલી અને આમાં હું નિમિત્ત છું તેથી થયું એમ માન્યું એ તો જાણે મૂઢ છે. પણ પરિણામ જે થયા એ પણ નિરર્થક અજ્ઞાનભાવના છે. ધર્મીને એવા પરિણામ હોતા નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ધર્મીને તો આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ છે એની દૃષ્ટિના જ્ઞાન અને આનંદના પરિણામ થાય તેનો એ વ્યવહારે કર્તા (છે) એમ ભેદ પાડીને કહેવાય. સમજાય છે? રાગ કાંઈ થાય એનો એ જાણનાર છે. આ જે આમ કર્તા હતો એને ઠેકાણે જાણનાર થઈ ગયો. સમજાય છે? કર્તા માનતો હતો કે હું આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું. આ જુઓને કાંઈક અમુક મોટા થોડા કામ બહાર થાય તો કહે, મેં આ કર્યું. મને એ પ્રમાણે માન આપો, અભિનંદન આપો, મોટપ આપો, જલસો કરો. કરે છે કે નહિ? કહો, મનસુખભાઈ! એને ખજૂરનો મોટો વેપાર છે. અને કોટા. કોટા શું કહેવાય? કોટા એટલે શું હશે? કાંઈ ખબર પડતી નથી. લાઈસન્સ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાઈસન્સના મોટા રૂપિયા આવે પાંચ-પાંચ લાખ રૂપિયા બાર મહિનાના. એવા કોટાના અને ઓલા શું કહેવાય? ખજૂર, બદામ.. એ કહે છે કે એ તારો પર્યાય જે છે ને રાગનો? એને એ આ માલ લાવ્યો અને વેચ્યો એ વાતમાં એકેય માલ છે નહિ. મનસુખભાઈ! એમ કહે છે અહીં. એય.. વાડીભાઈ! અહીં કહે છે લે. એમ કહે છે ને. પોરબંદરમાં શું છે કહે છે? એય..! નેમિદાસભાઈ! અહીં કહે છે એટલે આ ત્રિકાળ વાત આમ છે. એ ત્રણ કાળમાં ફરે એવી નથી.

જે જે પુદ્ગલની પર્યાય અને કળાનો પરિણામ તારા છે એ તારી પાસે રહ્યા, એના પરિણામ ત્યાં થયા. અને તું કહે કે નિમિત્ત થઈને કર્યું. એ તો મૂઢ છે. સમજાય છે? પણ પરિણામ જે થયા કે મારા પરિણામ છે આ, એ માન્યતા પણ મૂઢની છે. આહાહા..! એના કાર્ય વખતે હું છું માટે થયું મારાથી એ તો જાણે મૂઢ છે એ તો બનતું નથી. પણ એ પરિણામ થયા એ મારા છે એમ માને છે એ પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ આત્માને દુઃખી કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એથી આ વાત કારીગરની (કરીને) બધા જેટલા કારીગરો હોય એ બધાને ઉપાડ્યા છે. તારું ડહાપણ તારી પાસે રહ્યું. એથી કાંઈ પરમાં થાતા હશે કાર્ય તારે લઈને? અને પરનો તું ભોક્તા છો? વ્યવહારે કહ્યું એટલે ભોક્તા થઈ ગયો? મેં આના, જુઓ પૈસા મળ્યા, ખાધા, લીધા, જુઓ હીરાના આના આટલા પૈસા મળ્યા. એ વળી યાદ આવી ગયું ... કહો, સમજાણું?

હવે એ દૃષ્ટાંતને આત્મામાં ઉતારવા માગે છે. આ તો દૃષ્ટાંત છે કારીગરનો. **'તેવી રીતે-આત્મા પણ...'** હવે આત્મામાં ઉતારે છે. **'પુણ્યપાપ આદિ જે પુદ્ગલદ્રવ્ય-પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...'** એ પુણ્ય-પાપના રજકણોના પરિણામને જીવ કરે એમ કહેવું એ નિમિત્તના, વ્યવહારના કથન છે. કર્મ બંધાય છે. જુઓ! ઓલો કારીગર છે ને એવો આ એક કારીગર છે વિકારના પરિણામનો કરનારો. પણ પરિણામ કરે માટે કર્મની પર્યાય મેં કરી એમ જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન છે એ વ્યવહારનું છે. એ કર્મના પરિણામ એણે કર્યા નથી. સમજાણું કાંઈ? છે? મોહનભાઈને આપ્યું? મોહનભાઈને બતાવ્યું?

**'તેવી રીતે-આત્મા પણ...'** છે ને? પહેલું કારીગરનું આવી ગયું હતું કાલે આખું. **'પુણ્યપાપ આદિ...'** પુણ્ય-પાપ એટલે ઓલા શાતા કર્મ બંધાય ને? અશાતા કર્મ જડ કર્મ નથી? એ પુણ્ય-પાપ, શાતા-અશાતા, ઈષ્ટ-અનિષ્ટ આદિ વગેરે **'પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક...'** પુદ્ગલદ્રવ્ય એટલે પરમાણુનું પરિણામસ્વરૂપ જે કાર્ય. જડનું કર્મનું કાર્ય. તેને આત્મા કરે

છે એમ જે નિમિત્તથી કહેવું એ નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ વ્યવહાર જણાવવા માટે છે. પણ એ પરિણામ કર્મના આત્માએ કર્યા છે એમ નથી. જુઓ! ત્યાંથી અહીં ઉતાર્યું. સમજાણું કાંઈ?

ભજનમાં આવે છે ક્યાંક, નહિ? ચરખો. આ કોણે બનાવ્યો ચરખો? એ ઘડનારાને પરખો. આવે છે? મોહનભાઈ! આવે છે ને બધું, મેં સાંભળ્યું હતું. ઘણું હોય ને. આ કોણે કર્યું? એક ફેરી ગયા નહોતા ભાઈ આપણે ચંદુભાઈ? ઓલા ડોળિયા-ડોળિયા. ડોળિયામાં રાતે ગાતા હતા. રાતે એક ભજન ગાતા હતા. ઓલામાં શું કહેવાય એ? .. ગાતા હતા ઓલા. શું કહેવાય? ઠાકરદ્વાર. .. બાવો હતો તે ગાતો હતો. 'આ કોણે બનાવ્યો ચરખો, એના ઘડનારાને પરખો.' એ તો વળી ઘડનારો ભગવાન છે એમ કહેવા માગે છે. એમ નથી. આ શરીરની રચના જડથી પુદ્‌ગલથી થઈ છે. એનું નિમિત્ત પૂર્વના કર્મ છે. એ કર્મનું નિમિત્ત એના પરિણામ છે. એ પરંપરા કરીને એમ કહેવાય કે આણે આ ચરખો ઘડ્યો છે. સમજાય છે કાંઈ? પણ એ વાત નિમિત્તને જણાવવા માટેની વાત છે. એનાથી થયું છે એમ છે નહિ. એ ગાતા હતા. ભજન પણ સાંભળેલા છે ને. પાલેજમાં ઘણા ભજન સાંભળેલા. નિવૃત્તિ કરીને દુકાનેથી રાતે વયા જઈએ સાંભળવા, ભજન ગાતા હોય ત્યાં. નાની ઉંમરથી એ તો શોખ છે ને. ૧૪-૧૫ વર્ષની ઉંમરથી. ભજન ગાતા હોય કોઈ કબીર આવે, ઘણાં આવે. એ વળી બહુ ગાતો. ભજન. નિરંજન નિરાકાર આત્મા ને એનો અનુભવ. એનું ભાન ન મળે કાંઈ હોં! ગાય એટલું. વસ્તુ શું છે એની ખબર નહિ.

અહીં કહે છે કે આત્મા પણ એક કારીગર છે. ઓલા કારીગરની સાથે મેળવ્યું ને? તો કારીગર શું કરે? કે જે કર્મની અવસ્થા થવાના કાળમાં પોતાના પુણ્ય-પાપના ભાવને કરે. પુણ્ય-પાપના ભાવ જે કર્યા એનાથી કર્મ થયું એમ કહેવું એ નિમિત્ત નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે. ખરેખર કર્મની પર્યાય આણે પરિણામ કર્યા માટે થઈ છે એમ છે નહિ. આહાહા..! જુઓ! વિચિત્ર લીધા ને? વિચિત્રના પરિણામ છે. પુણ્ય-પાપના અસંખ્ય પ્રકારના ભાવ છે. પુણ્યના અસંખ્ય પ્રકાર, પાપના અસંખ્ય પ્રકાર એવા પરિણામમાં રસ અને સ્થિતિ પડે કર્મમાં એ પણ અસંખ્ય પ્રકારની છે સ્થુળપણે. સૂક્ષ્મપણે તો અનંત પ્રકારની છે એમાં રસની. એ દરેક પરમાણુ ને પુદ્‌ગલના જે પરિણામ, પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ એટલે અવસ્થા. એ રૂપી કર્મ નામ કાર્ય કરે છે એમ કહેવું એ નિમિત્તના કથનો છે.

**'કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્ય પરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...'** જુઓ! શું કહે છે? કે મન-વચન-કાયા દ્વારા એ કર્મ કરે છે. મન-વચન-કાયા દ્વારા કરે છે? એ તો ત્યાં એની મેળાએ થયું. મન-વચન-કાયા તો નિમિત્ત થયા. એમાં કાંઈ

એ વડે કાંઈ થયું નથી. છતાં નિમિત્તથી કથન કહેવામાં આવે છે. '**કાયા-વચન-મન એવા જે પુદ્‌ગલદ્રવ્ય પરિણામાત્મક કરણો...**' કરણો એટલે સાધન. એ સાધન વડે કર્મને કરે છે, સાધન વડે કર્મને કરે છે. એ પણ નિમિત્તના કથન છે.

'**કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે...**' એ પણ નિમિત્તના કથન છે. વાણી, કાયા તો જડ માટી ધૂળ છે. આ વાણી, દેહ અને મન. એને ગ્રહણ કરે છે આત્મા. એમ કહેવું એ પણ નિમિત્તનું કથન છે. આહાહા..! આ મન, વચન અને કાયાને હલાવી શકતો નથી એમ કહે છે. આ મનને, વચનને, કાયા વાણી નીકળે શરીરમાં આ પુદ્‌ગલ કર્મ શરીર ચાલે, મન ચાલે એનું તો એને કારણ પણ થાય. એ આત્મા એને ગ્રહણ કરે છે એમ કહેવું એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધનો વ્યવહાર જણાવવા માટે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઊડી જાય જેનું કરવું, આનું કરવું એ દૃષ્ટિ ઊડી જાય તો એને પરિણામની દૃષ્ટિ પણ ઊડી જાય તો ભગવાન આત્માની દૃષ્ટિ થાય. તો એને ધર્મ થાય, નહિતર ધર્મ થાતો નથી. અટકી ગયો ત્યાં ને ત્યાં. આહાહા..! દુનિયાના ડાહ્યા. સમજ્યા? સંસારમાં ઊંડા જાયા. ઊંડા જાયા એના દીકરા. સંસારમાં દીકરા ઉત્પન્ન થયા જ્યાં ત્યાં રખડવા. સમજાણું કાંઈ? એ મન-વચનને આત્મા ગ્રહે છે, એના વડે કરે છે અને એને ગ્રહે છે એમ કહેવું એ વ્યવહારનું નિમિત્ત કથન છે. કહો, સમજાણું?

'**અને પુણ્યપાપ આદિ કર્મનું...**' હવે કહે છે. એ કર્તાની વ્યાખ્યા કરી. ભાઈ! બાંધ્યા એવા અમે પુણ્ય બાંધ્યા તો એવાને ભોગવીએ છીએ. પૂર્વે પુણ્ય બાંધ્યા હતા શાતાના. આ એને લઈને જુઓ મકાન, પૈસા, સામ, દામ, ઠામ અમને મળ્યા. એ અમે ભોગવીએ છીએ. એ પુણ્ય અને પાપ. પૂર્વે પાપ કર્યા હતા એના ફળ ભોગવીએ છીએ દુઃખને. એમ જે કહેવું '**સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ...**' એ સંયોગની વાત છે હોં આ. શું કીધું? પુણ્ય-પાપ આદિ કર્મનું સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ '**તેને ભોગવે છે,...**' એટલે કે કર્મના ફળને જડની અનુભાગ પર્યાયને. કે આ સંયોગ મળ્યા, બાયડી-છોકરા એને ભોગવે છે એમ કહેવું એ નિમિત્તની વાત છે. પરને આત્મા ભોગવી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ! પરમેશ્વરે આપ્યું એટલે ભોગવે. માણસ નથી કહેતા? એમ વાતું કરે. મૂઢ છો. પરમેશ્વર આવું આપતો હશે? ધૂળ તને આપતો હશે? સમજાણું? ધૂળ મળી પૈસા, બાયડી, છોકરા, મકાન-બકાન લ્યો. એને જીવ ભોગવે છે એમ કહેવું એ તો એની જડની પર્યાય. ત્યાં તારાથી ભોગવાય? પણ તેમાં નિમિત્ત છે રાગનું એને નિમિત્ત છે. રાગને ભોગવે છે. એ કહેશે પછી. પણ એ નિમિત્તપણું ત્યાં આમાં જાય છે એટલે નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવીને એને ભોગવે છે એવો નિમિત્ત નૈમિત્તિકનો વ્યવહાર

પ્રસિદ્ધપણાને પામે છે. સમજાણું કાંઈ? આહાહા..! અભિમાન તે અભિમાન પણ ક્યાંય. માતું નથી એને. શ્રદ્ધા અંદરમાં જવી જોઈએ એને ઠેકાણે શ્રદ્ધા બહારમાં પ્રસરી ગઈ લાંબી થઈને. આહાહા..! ગજબ! અને પાછો માને કે અમે કાંઈક સારું કરીએ છીએ, અમે સારું કરીએ છીએ. આમ અભિમાન ન દેખાય. એ અભિમાન એટલે આ મેં કર્યું, આ મેં કર્યું, આ હું કર્યું, આને હું ભોગવું છું એ અભિમાન છે અહીં. અનંતાનુબંધીનું અભિમાન. આહાહા..! જેની ચંચળતા અને ચપળતામાં ભગવાન હાથ આવે એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા ચંચળ પરિણામ અને ચપળ પરિણામ ...

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે દાખલો જે કારીગરનો આપ્યો એ આત્મા ઉપર ઉતારે છે. આ કર્મ જે સમયે સમયે બંધાય છે એને આત્મા એને બાંધે છે, આત્મા એ કર્મની પર્યાય કરે છે એ વ્યવહારથી, નિમિત્તથી કથન છે. ખરેખર રજકણોની પર્યાય કર્મમાં બંધાય એનો આત્મા કર્તા નથી. એ કર્મની પર્યાય જેવા ભાવ કરે એવા બંધાય એનો પણ કર્તા નથી તો વળી બહારની કઈ ક્રિયાનો કર્તા હશે ઈ? આહાહા..!

મુમુક્ષુ :- ... ફળ તો ભોગવવાને.

ઉત્તર :- એ ખોટે ખોટા. શેના ફળ પણ? ફળ થવા એ તો બહાર સંયોગ આવ્યો. એ કહેશે, સંયોગમાં તને રાગ આવ્યો એ રાગને એણે અનુભવ્યો. પણ ચીજને અનુભવે છે? આ તો ધૂળ છે. આ લાડવા, દાળ-ભાત તો ધૂળ પુદ્‌ગલ છે. એને આત્મા ભોગવે? આત્મા તો અરૂપી છે. અરૂપી એને દેખીને રાગ કરે, આ મેં ભોગવ્યું, આ મેં ભોગવ્યું. રાગને ભોગવે. એ અજ્ઞાનભાવે. એ અજ્ઞાનભાવે, મિથ્યાત્વભાવે, ભ્રમભાવે, ભગવાન આત્માને ભૂલીને ભ્રમભાવે. આહાહા..! અરે..! ભગવાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે ..

જ્યાં સુધી આત્માના ભાવમાં એમ રહે છે કે એ કર્મના પરિણામ કર્મથી થાય છે એને હું કરું છું એવો નિમિત્તપણાનો પણ વ્યવહાર જો એ માનશે તો એ મૂઢ અને મિથ્યાદષ્ટિ છે. અને એ નિમિત્તપણાના, જે પરના પરિણામમાં નિમિત્ત થયો, એનાથી થયા નથી. સમજાય છે? શાતા-અશાતાના બંધનના પર્યાય આનાથી થયા નથી, નિમિત્તથી થયા નથી. છે એનાથી. છતાં નિમિત્તથી કહેવું એ તો એ પરિણામ વખતે પરની ક્રિયા કાર્ય થયું ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે. એનાથી થાય છે એમ છે નહિ. એ પરિણામ જે કર્મને નિમિત્ત થાય છે એ પરિણામ પણ પુણ્ય અને પાપ વિકારી છે. એ વિકારીનો પણ કર્તા જ્યાં સુધી માને છે ત્યાં સુધી મૂઢ છે. એને ધર્મનું ભાન નથી. કહો, સમજાણું આમાં? આવું છે આ ઝીણું.

મુમુક્ષુ :- બહુ વિચિત્ર લાગે.

ઉત્તર :- વિચિત્ર છે? લે. એ કાંઈ એને લાગતું નથી. હા, પણ છે એવું ને. આ તો બરાબર આવ્યું છે બધું એવું. સમજાણું?

ભાઈ! હજી તને કર્મના પરિણામ આઠ કર્મ રજકણ છે, એની અવસ્થાનું કર્મ તો જડથી કર્મથી થયું છે. એ કર્મનું કાર્ય તેં કર્યું એમ જે કહેવું એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા. છતાં એ કાર્ય મેં કર્યું એમ જે માને છે એ તો મહા વિપરીત અભિપ્રાયને સેવીને દુઃખને ઊભું કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સિવાય એ પુણ્ય અને પાપના વિકારી ભાવ છે એ દુઃખરૂપ છે.. દુઃખરૂપ છે. પરનું નિમિત્ત થાય છે એટલે બાંધવાનું નિમિત્ત થાય પણ કાંઈ બાંધી શકતો નથી. પણ એ પરને નિમિત્ત થાય એવા વિકારી પુણ્ય-પાપના ભાવ એ પણ મારું કર્તવ્ય છે (એમ માને છે) ત્યાં સુધી એની દૃષ્ટિ વિકાર ઉપર છે. એને આત્મા જ્ઞાનાનંદ ચિદાનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. તેથી ત્યાં સુધી એ અધર્મનો સેવનાર છે. આહાહા..! કહો, જાધવજીભાઈ! બહુ ઝીણું ભાઈ!

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ આમ કહે છે. સમજાય છે? એમ દિગંબર સંતો એ રીતે કહે છે. ભાઈ! જેમ કારીગરના પરિણામથી જે કાંઈ દાગીનો, કપડું, ઘડો થાય એ એનાથી થયું નથી. તેમ તારા પરિણામથી કર્મ થયા છે એમ નથી. આહાહા..! અરે..! તારે ક્યાં જાવું છે? ભાઈ! પરિણામ શુભાશુભ થાય તેમાં તું રોકાઈ ગયો અને તે પણ પાછું પરના કાર્ય વખતે હું હતો તો ત્યાં થયું (એમ માને છે). મિથ્યાદૃષ્ટિનો મિથ્યા અભિપ્રાય છે. આહાહા..!

કહો, આ મકાન બનાવ્યા મોટા. જુઓ! અહીં ઘણાં કહે છે કે ભાઈ આવી વ્યવસ્થા કોણે કરી? કે ભાઈ આણે કરી. વજુભાઈએ કરી એમ કહે છે, લ્યો. કળાથી કર્યું હશે કે નહિ? એક ગરાસિયો આવ્યો હતો. વજુભાઈ! આ નવ હજારનું મકાન થયું ને જે દિ'? નવ હજારનું મકાન થયું ૯૪માં. એક ગરાસિયો આવ્યો હતો. ક્યાંકનો હતો, નામ ખબર નહિ. ઓહોહો..! આ ભારે કર્યું છે! બારી-બારણા જોવો તો કહે આમ બંધ રહે તો ભીંત સાથે ચોંટી જાય. સમજાણું કે નહિ આમાં? આમ હોય ને ચોપડો. હવે તો આમ ચોંટે, ભીંત સાથે ચોંટી જાય, બારણુ ઉઘડે તો આમ ઉઘડે અને પાછું બંધ કરે તો બહાર ભીંત સાથે ચોંટી જાય. ક્યાંય જગ્યાને રોકે નહિ. આ તો કામ ભારે કર્યું ભાઈ! એય..! વજુભાઈ! અડવાળ. અડવાળ-અડવાળનો હતો. અડવાળનો ગરાસિયો હતો. .. બાપ. અહીં ..સિંહ હતા ને? મરી ગયા. એના બાપ. અહીં બહાર ઉભા હતા. બાપુ! અમારે તો ભાઈ... મહારાજ! અમારે તો આવું મકાન થાય તો ૫૦ હજાર જોઈએ. ગરાસિયાને કહે. તમારે કેમ થઈ ગયું હશે નવ હજારમાં? અમારે તો ગરાસિયાને દસ આવે ને બાર જાય. દરબાર કહેવાય ને દરબાર.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ કોણ કરે? આ એમ કહે છે. સમજાણું કાંઈ? આ મકાન છે ને જુઓને! આ બારણા જુઓને! ઓલા ચીપડા છે ને શું કહેવાય એ? એટલા વળે કે આમ વળે તો આમ વળે અને આમ વળે તો આમ વળી જાય. ભીંતની સાથે ચોંટી જાય. આમ આડી હોય તો જમીન રોકે, બારણામાં જમીન રોકે, ઓલામાં રોકે. ભારે કળા બાકી કરી છે. વાત સાચી હશે કે નહિ?

મુમુક્ષુ :- બીજા તો હા પાડે છે પણ આપ ના પાડો છો.

ઉત્તર :- ભાઈ એનો છોકરો પણ કરે છે ૨૨ માળના મકાન મુંબઈમાં. ૨૨ માળ. એ કહેતો હતો. બતાવ્યું અમને, જુઓ! અમે આમ કર્યું. કોણ કરે? મૂઢ છો? એ વસ્તુ જગતની જડ છે કે નહિ? અને એ પરમાણુના પરિણમનના કાળમાં એ કાર્ય થયું એમાં તેં ક્યાંથી કર્યું? ત્યાં ગરી ગયો છો અંદર? ગરી ગયો છો તો એનું તું કર? એમ અહીં કહે છે કે કર્મ બંધનના કાળમાં તારા પરિણામથી આઘો જઈને તેમાં ગરી ગયો તે કર્મને કર્યા? સમજાણું કાંઈ? તેં પરિણામ કર્યા પુણ્યના-પાપના ભાવના. એમાં કર્મ જે શાતા-અશાતાના આઠ કર્મપણે પરિણમે એ તો કર્મની પર્યાય છે. એ તારી મર્યાદા ઓળંગીને ત્યાં ગયો કે એ કામ તેં કર્યું? તારા ક્ષેત્રને અને તારા ભાવને છોડીને એને તું અડ્યો છો કે તેં કર્યું? સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

એમ પુદ્‌ગલના પરિણામ જેવા પુણ્ય-પાપ થયા, બાંધ્યા એવા પાછા ફળ આવ્યા. લ્યો! શેઠિયાપણું, આ રાજાપણું, આ શું કહેવાય? દેવપદ. જુઓ! બબ્બે લાખના મકાન અહીં, પાંચ-પાંચ, દસ-દસ લાખના મકાન. પ્રેમચંદભાઈ ગયા બિચારા. પ્રેમચંદભાઈ તો ગયા. કહો, સમજાણું? એ તો એના મામાની દીકરીના વર છે. આ તો પ્રેમચંદભાઈ છે. એ કહેતા હતા આહાહા..! સમજ્યાને? શું કહો છો કે આ વાત આવી! દૃષ્ટાંત દાખલા આપો ત્યાં આકરું પડે. કરે નહિ? દસ-દસ લાખના મકાન છે અમારા મામાના દીકરા.. સમજ્યાને? દસ-દસ લાખના મકાન. હજી નવું હમણાં એક પંદર લાખનું કર્યું. કર્યું કે નહિ? એય..! ભોગીભાઈ! ચાલીસ લાખનું હશે. ધૂળ આંકડા છે ને. કહો, પ્રેમચંદભાઈ છે ને? એના મામાના દીકરા અને આ છે મામાની દીકરીના વર છે. એમના સાળા થાય છે. આ આવ્યા હતા નહિ? એમના સાળા થાય. શાંતિલાલ ખુશાલ. ધૂળના ઢગલા મોટા. પંદર-પંદર, વીસ લાખ, ચાલીસ લાખના મકાન. કોણે કર્યા? પૈસાએ કર્યા? કારીગરે કર્યા? ના. એ તો એ પુદ્‌ગલની પર્યાય તે ટાણે પરિણામ કરતા કરતા કાર્ય થયું છે. પર્યાયે કર્યું નથી. આ ભારે વાત! તમારે પણ ત્રણ લાખનું ઓલું મકાન છે આરસપહાણનું. એ ત્યાં થાતું હતું અમે હતા ત્યારે. એક જણો ઘસતો હતો. ઓલો ઘસતો હતો નહિ હેઠે? કહો, સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરે..! જગતને ભ્રમ પડે છે. અહીં કહેશે ઈ, જુઓ! અનેક દ્રવ્ય છે એ તો. કર્મની પર્યાય બીજું દ્રવ્ય છે, તારું દ્રવ્ય બીજું છે. તો બીજા દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યના પરિણામને કરે એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! જગતને રખડવાના રસ્તા ઘણાં અને ટાળવાનો રસ્તો એક ધ્રુવનું અવલંબન લેવું તે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ આનંદકંદ છે એનો આશ્રય લેવો એ જન્મ-મરણ ટાળવાનો ઉપાય. બાકી જન્મ-મરણ કરવાના ઉપાય તો .. રહ્યો છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

કહે છે, એ '**કર્મનું જે સુખદુઃખ આદિ...**' સુખ એટલે સંયોગની વાત છે હોં! સંયોગ મળ્યા, પૈસા મળ્યા, મોટરું મળી, આ ધૂળ મળી, આ સમજ્યાને? બગીચા મળ્યા, ફૂલઝાડ મળ્યા, મકાન મળ્યા. એના પરિણામ '**ફળ તેને ભોગવે છે,...**' એમ કહેવું એ નિમિત્ત નૈમિત્તિકનો વ્યવહાર જણાવવામાં આવે છે. ખરેખર પરવસ્તુને આત્મા ભોગવી શકતો નથી. કહો, બરાબર હશે આમાં? રસિકભાઈ! બરાબર હશે? આ લાડવા કોણ ખાય છે? પૈસા પેદા કલકત્તામાં થાય છે એના લાડવા થાય, જમાડાય, બધું થાય. દાળ, ભાત, શાક. સાંભળને ભાઈ! એ જડની એંઠને તું ચાટ એવું કોઈ દિ' ત્રણ કાળમાં બને છે? એ તો જડની એંઠ છે, પરમાણુની માટીની ધૂળ છે. દાળ, ભાત, શાક, ગામ, મકાન, કપડા. કપડાને ભોગવી શકતો હશે આત્મા કે નહિ? હવે શિયાળામાં કેવા ઉનના પહેરે, ઉનાળામાં મલમલના પહેરે, ચોમાસામાં અમુક વળી ઢબના પહેરે સારા લાગે અને ગરમી થોડીક આપે આવે. કોણ ભોગવે? ભગવાન! તું તો જડથી ભિન્ન છો ને. તારું સ્વરૂપ તો પ્રભુ ચિદાનંદ મૂર્તિ ત્રિકાળ આનંદકંદ છે. એવા આનંદકંદમાંથી ખસીને ભોગવ તો વિકારના પરિણામને ભોગવ. પણ પરને તો ભોગવી શકતો નથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે, તેને ભોગવે. '**પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે...**' જુઓ! કર્મની પર્યાય બીજું દ્રવ્ય છે અને આત્માએ પરિણામ કર્યા અને આને કરે અને ભોગવે એમ કહેવું એ બીજું દ્રવ્ય છે. '**તેમનાથી અન્ય હોવાથી...**' ઓલા કર્મની પર્યાયથી આત્મા જુદો હોવાથી '**તન્મય થતો નથી;...**' કર્મની પર્યાય થવામાં આત્મા ત્યાં જતો નથી પોતાની મર્યાદા છોડીને અને ખાવા-પીવાની ક્રિયા વખતે આત્માનો રાગ છોડીને પરમાં જતો નથી. માટે પરને કરે અને ભોગવે એ કહેવું ફક્ત વ્યવહારમાત્રનું કથન છે.

'**માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો...**' વિકારી પરિણામ નિમિત્ત અને જડ કર્મનું થવું તે નૈમિત્તિક. વિકારી પરિણામ ભોગવવામાં થવા તે નિમિત્ત અને જડનો સંયોગ આવીને ભોગવાય એમ કહેવું તે નૈમિત્તિક. એવો '**કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો...**' ભોક્તા જીવ અને ભોગ્ય તે ચીજ. એમ. એનો વ્યવહાર કરવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવે છે. ઓહો..! ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ છોડી... કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મામાં તો અતીન્દ્રિય આનંદ છે. એનો અનુભવ છોડી અને આ પરમાં નિમિત્ત થાઉં છું અને પરમાં ભોગવવાનું નિમિત્ત થાઉં છું એવી જે ભ્રમણા, એ ભ્રમણાનો કરનાર દુઃખી છે. સમજાય છે કાંઈ? એ ભ્રમણાનો કરનાર પોતે દુઃખમાં સડે છે. આહાહા..! એને સુખી કહેવો.. ...ભાઈ! શું હશે આ બધા પૈસાવાળા ને બધા દુઃખી? નિર્ધન થઈ જાય તો દુઃખી અને પૈસાવાળા તો સુખી થઈ જાય. લ્યો એમ કહે દુનિયા. મૂર્ખ છો? નિર્ધન દુઃખી અને પૈસાવાળા સુખી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને છે તો મૂઢ તો એમ જ માનેને. સનેપાતિયા શું માને? કહો, સમજાણું આમાં? એ માટે તો આ વાત આચાર્ય મહારાજ કહે છે. બે હજાર વર્ષથી ચાલે છે અને હજી તો કેટલા હજારો વર્ષ રહેશે. એના એ શ્લોકો. કાંઈ સાર માટે મૂક્યા છે કે નહિ? ભાઈ! તને શું થયું આ? જડના પરિણામને તું કર કર્મના અને જડના પરિણામને તું ભોગવ. ભગવાન! નિમિત્તથી કહ્યું ત્યાં તું એમ માની લે કે ભોગવ. બાપુ! છોડી દે દૃષ્ટિ એની. એનો કર્તા ભોક્તા નથી. પણ એના તરફના તારા પરિણામ છે એ છોડી દે. એમ કહે છે. હેતુ તો વીતરાગતા બતાવવી છે કે નહિ? ભાઈ! આ બતાવવું છે એટલું કરીને ત્યાં ઊભો રાખવો છે ને? ચંદુભાઈ!

ભગવાન! એ કર્મબંધનના પર્યાય કર્મથી થાય તેમાં તારા પરિણામ નિમિત્ત થાય એ પરિણામની પણ રુચિ છોડી દે. આહાહા..! ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે એનો અનુભવ દૃષ્ટિ કર. એ વીતરાગ ભાવ બતાવવા માટે આ બધી વાતું કરી છે. અજ્ઞાનમાં રોકાવા અને નિમિત્ત ... રાખવા તો કરી નથી. હવે નિશ્ચયની વાત લે છે. એ પણ છે તો અજ્ઞાનની હોં! આ નિશ્ચયની.

‘**વળી જેવી રીતે-તે જ શિલ્પી,...**’ શિલ્પી એટલે કારીગર. કુંભાર, સુતાર, દરજી, રૂપાના કામ કરનારા... સમજાય છે? કુંભાર, કડિયો વગેરે. ‘**કરવાનો ઇચ્છક વર્તતો થકો,...**’ આ ભાષા. કરવાનો ઈચ્છાવાળો. ઓલો કહે કે કપડું કરું, ઓલો કહે ઘડો કરું, ઓલો કહે મકાન કરું, ઓલો કહે દાગીનો કરું, ઓલો કહે કપડું સીવું. એવી ઈચ્છાવાળો. ‘**ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ) એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે...**’ ભાષા જુઓ! અહીં તો એ કહેવું છે ને. ઓલા પરપરિણામ નહિ એટલી વાત. જ્યારે નિશ્ચયના સ્વભાવની દૃષ્ટિ લે તો વિકાર પરિણામ પરના છે, સ્વના છે નહિ. અહીં તો પરથી જુદું પાડવાની અપેક્ષાએ વાત છે.

સમજાણું કાંઈ? હજી તો પરના પરિણામ વખતે તું કર્તા છો એમ માને છો પણ મૂઢ છો. તારા પરિણામનો તું કર્તા છો. કેવા? ઘડો કરું, દાગીનો કરું, પુસ્તક બનાવું, પુસ્તક રચું વગેરે ઈચ્છા. ઈચ્છા સ્વપરિણામસ્વરૂપ કર્મ. એના પરિણામ પોતાની પર્યાયરૂપ કાર્ય, તેને કરે છે અજ્ઞાની. સમજાણું કાંઈ? કર્મને કરતો નથી, શિલ્પી પરને કરતો નથી પણ શિલ્પી રાગને કરે છે. '**તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' એ દરજી, એ સુતાર, લુહાર, સોની, કારીગર આ કરું એવી ઈચ્છા એને કરે છે અને ઈચ્છાનું ફળ દુઃખ એને ભોગવે છે. એ તો દુઃખને ભોગવે છે. ડોક્ટર-બોક્ટર આવતા હશે કે નહિ આમાં? ઓલામાં આવે છે, નહિ?

મુમુક્ષુ :- નિષ્ણાંત છે ને.

ઉત્તર :- નિષ્ણાંત આવે. એય..! હરજીવનભાઈ! આ કળાબાજ એમાં પણ આવે છે કહે. એ ડોક્ટરની કળાથી આમ ઈંજેક્શન આપે. કરે છે ને? પકડીને સરખું મૂકે. નાડીમાં જાય અને ઝટ લોહી થઈ જાય. એ કળા એનાથી આ પરિણામ થયા નાડી ઊંચી-નીચી એમ જે માન્યું છે કહે છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન એને એમ માન્યું કે હું કરું છું. મૂઢ છો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાંચ-પાંચ હજાર લેતો. ઓલો હજાર લઈ ગયો નહિ એક કલાકમાં? રાજકોટ નહિ? પ્રભુભાઈ માટે આવ્યો. કોણ હતો? નામ ભૂલી ગયો. વાડિયા-વાડિયા. એક કલાકમાં લઈ ગયા હજાર રૂપિયા. કાંઈ સાલે ન નાખ્યું. ત્રીજે દિ' ઊડી ગયા. એ તો થવાની પર્યાય એને કાળે થઈ એમાં કરે કોણ કોને? ... આમ કર્યું... આમ કર્યું... આમ કર્યું. પછી શું કર? તું તો પરિણામ કર. એ પરિણામ કર્યા, એનો કર્તા અને એ પરિણામમાં દુઃખ થયું, એ દુઃખ છે, એ પરિણામ એ રાગ છે. એ દુઃખનો ભોક્તા. કારીગરે કાપડ કરવા વખતે કે કુંભારને ઘડો કરવા વખતે જે રાગ થયો એ રાગનો કર્તા અને રાગ છે દુઃખરૂપ તેનો ભોક્તા. આહાહા..! કહો, મોહનભાઈ! આ દુઃખ ભોક્તા કહે છે. માટે કહે છે કે એ દૃષ્ટિ છોડી દેવી અને આત્મા જ્ઞાનાનંદ છે તેની દૃષ્ટિ કરવી. એમ કરવું કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- કરે છે એ ન કરવું અને..

ઉત્તર :- પણ કરે છે ક્યાં? થાય છે એને કરે છે એમ માને છે. આહાહા..! જુઓ! આ કારીગરો બધા દુઃખી છે એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ કે એને ઈચ્છા છે કે આ કરું. આ ભોગવું. કરું આ અને એનું ફળ આવે એને ભોગવું. થોડાક પૈસા મળે બે-પાંચ-પચાસ લાખ કે દસ હજાર કે લાડવા-દાળ-ભાત ખાઈને નિરાંતે આપણે ભોગવવું. નિરાંતે

આપણે ખાઈશું. સમજ્યાને?

કહે છે કે એણે પરિણામ કર્યું અને એના દુઃખ સ્વરૂપ, એનું દુઃખ છે એ તો. રાગ થયો એ તો દુઃખ છે. કહો, ભગવાનજીભાઈ! ઈચ્છા એ પોતે દુઃખ છે. આ કારીગરપણે જે રાગ કર્યો કે આ કરું. કરી શકતો નથી. પણ એણે પરિણામ કર્યા તેનો કર્તા અને એ પરિણામનો ભોક્તા, દુઃખરૂપનો ભોક્તા છે એ. આનંદને ભૂલી, ભગવાન આત્માના જ્ઞાનને ભૂલી અને રાગનો કર્તા થઈને રાગને-દુઃખને ભોગવે છે. પણ પરનો કર્તા અને પરનો ભોક્તા તો અજ્ઞાની પણ છે નહિ. સમજાણું કાંઈ? કંદોઈ આમાં આવી જાય હોં! કારીગરમાં. ઓલા સરખા પાડે એમાં. એ કાલે આવી ગયું હતું કાલે. સરખા પેંડા કરે. .. નાખે વળી એમાં પેંડાની છાપ મારે. અમુક જાતની છાપ. આ નળિયાને પણ છાપ મારે, લ્યોને. નળિયા બનાવતા નથી નળિયા? નળિયા સમજો છો? આ એક નળિયામાં છાપ, વિલાયતીમાં છાપ.

મુમુક્ષુ :- ઈંટમાં પણ છાપ મારે.

ઉત્તર :- ઈટુંમાં છાપ (મારે). સાચી વાત છે. ઈંટુમાં છાપ. નામ બહાર પાડવું છે, જાણે અમે આ કરનાર. આ અમે ઈંટના કરનારા. મૂઢ છો? એ તો જડની અવસ્થા છે. તેં કરી છે કે દિ'? નિંભાડા તેં કર્યા છે? આહાહા..! પરમાણુ પુદ્‌ગલ માટી જડ છે. એ જડની અવસ્થા થઈને તે કાર્ય થાય છે. બીજો કોઈ કરનાર નથી, તેમ તેં કર્યું નથી. એ રજકણો છે એ પલટી પલટીને કાર્ય થાય છે. એને ઠેકાણે અમે નિમિત્ત થયા માટે કાર્ય થયું એ તો મૂઢ છે. ત્યારે થયું શું? કહે છે. કે એમાં નિમિત્ત થવા જાય છે એવી ઈચ્છા છે એનો કર્તા અને એ ઈચ્છાના દુઃખનો ભોક્તા છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ બધા કારીગરો પરના કામ થવા કાળે ઈચ્છા કરે તે દુઃખી જ હશે? આ બધા પાકા હોય. આ ઓલા શું કહેવાય? આ પ્લાસ્ટિક. પ્લાસ્ટિકનું કેટલુંય બને છે લ્યો. ઓલા કારીગરો હોય એ બનાવતા હશે કે નહિ? પ્લાસ્ટિકનું હોય છે ને. કેટલું બને છે? આ ચશ્મા નાખવાના, ઓલા નાખવાના આ કરવાના, .. બાંધવાના, આ બાંધવાના, જોડા પહેરવાના, ફલાણું, ઢીંકણું આમ ઊંચા કરવા, લાંબુ કરવું, .. કેટલી વાત બને છે. .. બને છે કેટલાય સમજ્યાને? પ્લાસ્ટિકનું ઓલું. પાણી પડે તો માથે કોટ રાખે. પ્લાસ્ટિકની .. આ બધી ક્રિયાઓ કાંઈ કરતો નથી આત્મા? કર્યા વિના થઈ હશે? કર્યા વિના થઈ છે, એને કારણે થઈ છે એમ કહે છે. એ રજકણો પોતે પલટીને તે કાર્યરૂપે થયા છે. એ વખતે તારી ઈચ્છા હતી કારીગરની એ ઈચ્છાનો કર્તા અને એ ઈચ્છા દુઃખરૂપ છે એનો ભોક્તા (છે). પરનો કર્તા અને ભોક્તા છે નહિ. કહો, સમજાણું કાંઈ?

આમ જો નક્કી કરે તો પરના પરિણામમાં નિમિત્ત થવું એ મારું સ્વરૂપ નથી, એનું

કાર્ય કરી શકતો નથી. નિમિત્ત થવું એ મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ જ્ઞાનાનંદ છે. જ્ઞાનાનંદ ચિદાનંદ સ્વરૂપ છે. એની દૃષ્ટિ કરે તો એને આનંદનું વેદન આવે. એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ કરાવવા આ વાત લીધી છે. ત્યાં રોકાવા વાત નથી લીધી. સમજાણું કાંઈ?

'**દુઃખરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' ચેષ્ટા છે ને રાગની? '**એકદ્રવ્યપણાને લીધે...**' જુઓ ભાષા! શું કહે છે? એ કારીગરે જે ઈચ્છા કરીને ઈચ્છા? સોનીએ સોનાના દાગીના કરવાની ઈચ્છા, દરજીએ કપડું કરવાની ઈચ્છા, કુંભારે ઘડો કરવાની ઈચ્છા. ઈચ્છા હોં! ઓલું કર્યું નથી. એ ઈચ્છા એકદ્રવ્યપણે. એ ઈચ્છાના પરિણામ આત્માના છે. એ બીજા દ્રવ્યના પરિણામ નથી. જુઓ ભાષા એની. '**એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી...**' કારણ કે એ રાગ કર્યો અને રાગને ભોગવ્યો-હરખને, એ આત્માના પરિણામ છે. એ સ્વદ્રવ્યના છે, એ પરદ્રવ્યના નથી. પરદ્રવ્યના નથી. સમજાણું? જુઓ! અનેક દ્રવ્ય હતું ને ઓલામાં?

'**એકદ્રવ્યપણાને લીધે...**' ભગવાન આત્મા પોતે પરિણામને કર્યું. ઈચ્છા, રાગ, દ્વેષ અને એનો અનુભવ કર્યો. રાગનો અને દ્વેષનો. સમજાણું? મેસુબ ખાવા ટાણે એણે મેસુબ ખાધો નથી. પુરણપોળી આમ ઘીમાં મૂકી તરબોળતી. એવી પોચી કરી હોય કે એમાં ઘી કરી ગયું પુરણપોળીમાં. કહો, સમજાણું કાંઈ? લોચો ખાતા દાંતનો અહીં ફટ ફટ કર્યું હોય ઉતરી જાય અંદર. કહે છે કે એ પર્યાયનો કર્તા તો નથી અને એ પર્યાયને તેં ભોગવી નથી. તે ટાણે તને ઈચ્છા થઈ છે તેનો તું કર્તા અને તે ઈચ્છાના દુઃખનો ભોક્તા. ઈચ્છા દુઃખ છે. આહાહા..!

એ લાડવા ટાણે લાડવાનું ખાવું તો કર્યું નથી અને લાડવો ભાંગ્યો અને તોડ્યો પણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે કર્યું શું તેં? કે આ કરું એવી ઈચ્છા તેં કરી. અને તે ઈચ્છાનું ફળ રાગ છે એટલે દુઃખ છે તેને દુઃખને ભોગવ્યું. લાડવા ખાવા ટાણે દુઃખને ભોગવે છે. લાડવો ભોગવતો નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

૨૦-૨૦ લાખના મકાન. લ્યો વળી આ ૪૦ લાખના. એક તો ૧૫ લાખ સાંભળ્યા હતા. ૪૦ લાખના, કરોડના હોય. ત્રણ કે સાડા ત્રણ કરોડનો નથી બંગલો? ત્યાં આપણે ગયા નહોતા એક ફેરી? મૈસુર મૈસુર ક્યાં? મૈસુર. ખાલી બંગલો પડ્યો હતો. ત્રણ કરોડ, સાડા ત્રણ કરોડનો એક બંગલો. ખાલીખમ. એક બંગલો સાડી ત્રણ કરોડનો. અને ઓલા તો હતા ને? મોટા મોટા એડવર્ડ હોય ને? મરી ગયો હતો. મોટા કરોડપતિના બંગલામાં. નહિ આ? મરી ગયો ને આની પાછળ જ્યોર્જ. રાતે મરી ગયો. સૂતો હતો તો સવારે ઉઠ્યા તો મડદું. હતો મોટો ત્રણ-ચાર કરોડનો બંગલો તે દિ', હોં! અત્યારે તો હવે ઘણી

કિંમત થઈ ગઈ. તે દિ' સાડા ત્રણ કરોડનો કહેતા હતા. ત્રણ કરોડનો બંગલો. એમાં જ્યોર્જ સૂતો હતો રાતે. સવારે જોવા ગયા ત્યાં.. એ તો ડોક્ટર તપાસ કરવા (ગયા હોય). પછી સૂતા હોય. ભાઈ, બરાબર છે તમારે. સૂવો. સુખનિંદ્રા કરો. આપણી ભાષા એવી છે અહીં. સુખનિંદ્રા કરો એટલે મરી ન જાઓ. એમ. જુઓ! અમારે શેઠ એમ બોલતા. દામોદર શેઠ. કલાક ચર્ચા થઈ રહે ને પછી ઊભા થાય. શુભરાત્રી હો. એ હુશિયાર હતા ને લૌકિકમાં બધી રીતે. શુભરાત્રી. ઓલો સુખરાત કરવા ગયા. ક્યારે વયો ગયો આત્મા..? ખબર ન મળે. સવારે ઉઠાડવા ગયા તો (ખલાસ). મોટો જ્યોર્જ. જ્યોર્જ કહેવાય ને? આ તો જ્યોર્જ કોને કહેવો અને એડવર્ડ કોને કહેવો એની ખબર નથી. રાજાના નામ આપ્યા.

મુમુક્ષુ :- એડવર્ડ એના બાપ.

ઉત્તર :- એના બાપ. આહાહા..! સાડા ત્રણ કરોડના બંગલમાં મરી ગયો! આવા આવા મોટા ડોક્ટર પાંચ-પાંચ હજારના દનિયાવાળા આમ ઊભા હતા બધા. એ તો પૂરી પર્યાય થઈ ગઈ. રાગનો ભોગવટો કરતો કરતો ત્યાં મરી ગયો અને પાછો રાગને ભોગવવા બીજે ભવે ચાલ્યો ગયો. રાગને ભોગવતો હતો. બંગલાને નહિ ને ધૂળને નહિ ને રાજને નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? એ દુઃખને ભોગવતો હતો એમ કહે છે.

'**એકદ્રવ્યપણાને લીધે...**' એટલે જે પરિણામ કર્યા છે કારીગરે... સમજાય છે ને? એ પોતાના પરિણામમાં, પોતાના અસ્તિત્વમાં છે. એ કાંઈ પરના અસ્તિત્વમાં નથી. જે રાગના કર્યા કે હું ઘડો કરું, આ કરું, કપડું કરું. એ પરિણામ કર્યા ભાવ એ આત્માના હોવામાં છે, એ પરના હોવાપણામાં નથી. '**તેમનાથી (કર્મ અને કર્મફળ) અનન્ય હોવાથી...**' તે એકદ્રવ્યપણાને લીધે એ પરિણામ આત્માના એકમેક છે. આત્માથી અનન્ય એટલે જુદા નથી. તન્મય છે. લ્યો! આત્મા સાથે એ રાગ કર્યો, ઈચ્છા કરી અને એનું ફળ ભોગવ્યું એ આત્મા સાથે એકમેક છે. અજ્ઞાનદશાને અહીં વર્ણવવું છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

કળાના પરિણામ કર્યા એ પરિણામ વિકાર છે અને એ વિકાર દુઃખ છે. અને એ દુઃખ અને વિકારના પરિણામ આત્માથી અનન્ય છે. અનન્ય એટલે અનેરા નથી. એની સાથે જોડાયેલા એના પરિણામ છે. અહીં તો પરથી ભિન્ન પાડવાની વ્યાખ્યા છે ને? જ્યારે સ્વરૂપ દૃષ્ટિની વાત કરે ત્યારે ચિદાનંદ ભગવાન આત્મા, એના સ્વભાવમાં વિકાર પરિણામ ભિન્ન રહે છે, એનો એ કર્તા નથી અને એના પરિણામમાં એક થતાં નથી. આહાહા..! વસ્તુદૃષ્ટિથી જુઓ તો નિર્મળ પરિણામ પણ દ્રવ્યમાં પેઠા નથી. વસ્તુદૃષ્ટિથી જુઓ તો વસ્તુ ધ્રુવ ચિદાનંદ ભગવાન આત્મા, એનો પર્યાય નિર્મળ થયો, આ પર્યાયવાન ધ્રુવ છે અને આ પર્યાય છે, બે એક થતાં નથી.

અહીં તો એ સિદ્ધ કરવું છે. જે ઠેકાણે જે ભાવ સિદ્ધ કરવો હોય એ વાત આવવી જોઈએ કે નહિ? સમજ્યાને? સમજાય છે કાંઈ? બધે ઠેકાણે એ કાંઈ વાત આવે? અહીં તો કહે છે કે પરના પરિણામનો કર્તા અને ભોક્તા તું નથી. તારા પરિણામનો તું રાગ-દ્વેષનો કર્તા અને એનો હરખનો ભોક્તા (છો) અજ્ઞાનભાવે. આત્માના સ્વભાવની દૃષ્ટિના અભાવે. સમજાણું કાંઈ?

'**માટે પરિણામપરિણામીભાવથી...**' શું કહે છે હવે અહીંયાં? આત્માએ જે પરિણામ કર્યા પુણ્ય-પાપના... અત્યાર સુધી આની વાત છે. પછી આવશે શિલ્પીની વાત. શિલ્પી એટલે કારીગરોએ-સોની, લુહાર, સુથાર, કંદોઈ, દરજી કોઈપણ કારીગર, આ બાયું ભરત ભરે, આ ચીતરામણ કરે એ બધા પરિણામના કાળે એના પરિણામનો કર્તા છે. એ ભરતની ક્રિયાના પરિણામનો એ આત્મા કર્તા નથી. કેમ? કે '**પરિણામપરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો...**' એ પરિણામ જીવે કર્યા અને પરિણામી આત્મા. સમજાય છે ને? એ પરિણામ કર્યા આત્મા કારીગરનો. '**અને ભોક્તા ભોગ્યપણાનો નિશ્ચય છે;...**' એ કારીગરે જે પરિણામ કર્યા અને પરિણામી આત્મા, પરિણામ એ. એ પરિણામનો તે કર્તા અને કારીગર તે પરિણામનો ભોક્તા. પર પરિણામનો કર્તા અને પર પરિણામનો ભોક્તા કારીગર છે નહિ. આહાહા..! આ નિશ્ચય છે. જુઓ! આ નિશ્ચય એટલે સ્વઆશ્રિત તે નિશ્ચય એટલી વાત અત્યારે છે. નહિતર સ્વઆશ્રયમાં તો સ્વ અભેદમાં જાય છે. પણ એ વળી જુદી અપેક્ષા છે. ઘણાં પ્રકાર પડે. જે જે પ્રકાર છે ત્યાં ત્યાં તેને સમજવું જોઈએ. ચાર અનુયોગની કથનની પદ્ધતિ જે પ્રકારે છે તેમ જાણવું જોઈએ કે નહિ એને? આહાહા..!

'**તેવી રીતે-..**' હવે દૃષ્ટાંત થઈ ગયો કારીગરોનો. કારીગરે પોતાના પરિણામ રાગ અને ઈચ્છાના કર્યા. અને એ ઈચ્છા દુઃખરૂપને તેણે ભોગવ્યું. કહો, મનસુખભાઈ! આ ઈચ્છા કરી રળવાની અને પૈસા મળ્યા એમાં એને હરખ થયો એને ભોગવ્યો. એ રાગને હરખને એટલે દુઃખને ભોગવે છે. એય.. ન્યાલભાઈ! લોકો તો એમ કહે છે કે સુખી છે.. સુખી છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ રાગ છે કે નહિ? શું છે? ધૂળ છે કે શું છે? એ હરખ આવ્યો કે નહિ? હરખ આવ્યો. એ હરખ શું છે? આકુળતા છે, અગ્નિ છે. હરખ તો અગ્નિ-કષાય અગ્નિ છે. કષાય છે કે નહિ? એ કષાય-અગ્નિ છે. આહાહા..! હિંડોળા ઊંચા. હિંડોળે બેઠો હોય અને એમાં સારો નોકર ચલાવતો હોય ધીમે ધીમે. એ પહેલા ઓલા મોટા કોર્ટમાં ઓલો હતો કપડાનો. કપડાનો ઝુલો હતો આમ. અમારે તે દિ' વાત છે. (સંવત) ૧૯૬૩ની સાલની

વાત છે. ૬૩માં મોટો ત્રણ હજારનો પગાર. ત્રણ હજારનો પગાર, માસિક ત્રણ હજારનો પગાર. તે દિ' ૬૩માં હોં મોટો ગોરો. ૬૩. ... છ મહિના સુધી. ... બહાર ન બેસે. લાકડામાં કાણું પાડ્યું હોય દોરીનું. અહીં માથે કાણુ પાડ્યું. એને દોરી બહાર કાઢે. બહાર આઘો બેઠો. વડોદરામાં. ૬૩ની સાલ વાત છે. તો સુખી હશે ઈ?

ભાઈ! કહે છે કે એણે શું કર્યું ત્યાં તને ખબર છે? એણે રાગ કર્યો અને રાગને ભોગવ્યો. રાગ તો દુઃખ છે. રાગ સુખ છે? રાગમાં સુખપણું છે? ભલે શુભરાગ હો. આ દયા, દાનના વ્રતમાં લ્યોને. એ શુભરાગ એ દુઃખ છે. સમજાણું કાંઈ? પાપરાગ તો દુઃખ છે પણ પુણ્યરાગ પણ દુઃખ છે. આહાહા..! ભગવાન ચિદાનંદ મૂર્તિ પ્રભુ, અરે..! જેનામાં પૂર્ણ આનંદ અને સિદ્ધપદ અનંતા ભર્યા છે. એવા ભગવાનની સામું જોયા વિના, એને દૃષ્ટિમાં લીધા વિના આવા વિકારના પરિણામ કરે અને ભોગવે. કહે છે કે એ તારા જ પરિણામ તારા દ્રવ્યના છે. એ કાંઈ પરના છે અને પરમાં થયા છે એમ નથી. પરમાં થયા છે એમ નથી. પરના છે એમ નથી. લ્યો ઠીક! કહો, ચંદુભાઈ! એક કોર જ્યાં આવે અંદરથી કર્તા કર્મનો સ્વભાવ નથી. નહિ. આત્મામાં રાગાદિનું થવું એ વ્યાપક હું વ્યાપ્ય અને કર્મ તે વ્યાપક. કર્મથી પ્રસરીને વિકારનું કાર્ય થાય છે. આત્માથી નહિ. કઈ અપેક્ષા? એ વસ્તુની દૃષ્ટિ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે એમ સમ્યગ્દર્શન થયું, જ્ઞાનાનંદ ધ્રુવ ચિદાનંદ આત્મા એવું જે સમ્યગ્દર્શન થયું ત્યારે એ દ્રવ્યના પરિણામ તો નિર્મળ વ્યાપ્ય (અને) આત્મા વ્યાપક. પણ વિકારી વ્યાપ્ય નામ અવસ્થા અને એનો વ્યાપક (આત્મા એમ) દ્રવ્યદૃષ્ટિમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દૃષ્ટિ લક્ષ્મીવંત થયો. કેવળજ્ઞાનની. એવા કેવળજ્ઞાનની લક્ષ્મીવાળો હું એમ જ્યાં દૃષ્ટિ અનુભવ થયો, કહે છે કે એના વિસ્તારમાં તો આનંદ અને શાંતિનો વિસ્તાર વ્યાપે, આવે છે. એ અવસ્થા આવે. ક્યાં અંદર ભરી હતી તે વિકાર અવસ્થા આવે? સમજાણું કાંઈ? કહો, નેમિદાસભાઈ! શું હશે? આ બધા તમને બહુ સુખી કહે છે. પોરબંદરમાં બધાય. બે જણા હુતો અને હુતી અને પૈસા કેટલા. બંગલા મોટા ત્રણ. બહુ સુખી.. બહુ સુખી.. એમ કહે. એય.. મનસુખભાઈ! એ ન બોલે બહુ. વડીલમાં કાંઈક કહેવાય છે બહુ કહે છે. છે તો ઘણું એમ કહે છે. બધા એમ કહે. કાકા-કાકી, કાકો-કાકી બધા અમારે ત્યાં પાલેજમાં હતા લ્યોને મુસલમાન. આખું ગામ કાકો અને કાકી કહેતા એને. એક વોરા હતા.

મુમુક્ષુ :- રાજના બંગલા.

ઉત્તર :- રાજના બંગલા. આહાહા..! ભાઈ! એ તો સુખી છે બાપુ! એણે તો કેટલા વર્ષ અને કેટલા પૈસા.. ધૂળેય સુખી નથી, સાંભળને હવે. દુઃખી થઈ રહ્યો છે, હેરાન થઈ રહ્યો છે. એય..! બંગલાનું દેખીને હોંશ કરે એ દુઃખી થઈ ગયો છે એમ કહે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- બંગલા .. ભાડુ તો ઊપજે.

ઉત્તર :- ભાડું કોણ ઊપજાવતું હતું? પરિણામ કરે. ભાડા ઊપજવાની ક્રિયા તો એને લઈને થાય. એય..! ભાડું ઊપજતું હતું ભાઈને દોઢ લાખનું, લ્યો. બધું સલવાઈ ગયું ત્યાં. પછી રહી ગઈ ત્યાં... લાવી શકાય છે અહીં કાંઈ? કોણ ઊપજાવે? ધૂળમાં. રાગ કરે. આહાહા..! અને રાગ કરીને દુઃખી થાય. બાકી એનું કર્તવ્ય બીજું છે નહિ.

આમ જો નક્કી કરે તો વિકાર દુઃખરૂપ છે, તેનું પરિણમન છે એ ખરેખર મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો આનંદ અને શુદ્ધ ચૈતન્ય છે. એવી દૃષ્ટિનો અવકાશ આ દુઃખરૂપ છે એમ જાણે તો અવકાશ થાય. પણ આ સુખરૂપ માને એને આત્માની દૃષ્ટિ કરવાનો અવસર રહેતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૦, રવિવાર તા. ૨૬-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૧૧, ગાથા-૩૪૯ થી ૩૫૫, પ્રવચન-૪૦૮**

સર્વવિશુદ્ધ અધિકાર. ૨૧૧ કળશની ઉપર પાંચ લીટી. જુઓ! '**તેવી રીતે-આત્મા પણ,...**' છે? શું કેવી રીતે આત્મા પણ? કોનો દૃષ્ટાંત આપ્યો? જેમ શિલ્પી નામ કારીગરો છે, કોઈપણ કારીગર. સોની, લુહાર, સુથાર, કડીયો, ઈજનેર, વકીલ એ બધા કારીગરો કહેવાય બધા કળાવાળા. કળાવાળા ડોક્ટર પણ ભેગા આવી ગયા. એ કારીગરો.. વેપારી પણ આવી જાય હોં! એમાં. એ પણ કળાનો કરનાર છે ને? જે કળાના પરિણામ, ઉઘાડના પરિણામ, જ્ઞાનના વિકાસના પરિણામ જેને છે કે હું આમ કરું આ દાગીનો. એ દાગીનાની કે કપડાની કે લાકડાની કે ઘડાની અવસ્થા તો તેને કાળે તેનાથી થાય, જડથી થાય છે. સમજાણું કાંઈ? પણ તે કાળે શિલ્પી વિકલ્પ કરે છે કે હું આને કરું, એ વિકલ્પ તેને નિમિત્ત છે. નિમિત્તથી કાર્ય ત્યાં થતું નથી. પણ નૈમિત્તિક ક્રિયાકાળમાં નિમિત્ત છે, તેથી એમ કહેવામાં આવે છે કે નિમિત્ત-નૈમિત્તિકનો વ્યવહાર કરવામાં આવે છે. સમજાય છે કાંઈ? પણ ખરેખર એ કળાનો કરનાર પોતાના પરિણામને કરે છે. પરને કરતો નથી. દયાની પર્યાય પોતે કરે પણ પરની દયા પાળવાની પર્યાય એને કરી શકતો નથી. સમજાણું કાંઈ?

કંદોઈ કળા કરે પોતાના પરિણામમાં. પણ એ કાંઈ લાડવાને સરખા અને પેંડાને આમ વાળવા સરખા કરે, એ કરી શકતો નથી. એ પર્યાય જડની, પરમાણુની તે કાળે તેના ક્રમમાં આવેલી પર્યાય તેને કારણે થાય છે. જડની પરમાણુની તે કાળે તેના ક્રમમાં આવેલી પર્યાય તેને કારણે થાય છે. ત્યારે તે કળાવાળો એને નિમિત્ત છે એથી નિમિત્ત નૈમિત્તિક સંબંધના કારણે વ્યવહારે કર્તા-કર્મનો એને સંબંધ ભોક્તા-ભોગ્યનો સંબંધ કહેવામાં આવે છે. એને જે પાછું ફળ મળે કાંઈક પૈસા આદિ, એ ફળ ભોગવે છે એમ કહેવું એ પણ નિમિત્ત છે. ફળને કાંઈ ભોગવી શકતો નથી. દાળ, ભાત, લાડવા કે આ મકાન એ કાંઈ ખાઈ શકતો નથી. એ તો જડની ક્રિયા છે. એમાં ઓલો નિમિત્ત છે એટલે ભોગ્ય ઈ અને ભોક્તા આ, એમ નિમિત્ત-નૈમિત્તિકના વ્યવહારથી કહેવામાં આવે છે.

હવે શિલ્પીનું આપ્યું કે શિલ્પી પોતે રાગ કરે છે. આ કરું... આ કરું. ઘડો કરું, દાગીનો કરું, પેંડા કરું, કપડા વણું, રોટલી કરું વગેરે. એ રાગ કરે છે એ રાગના પરિણામનો એ કર્તા છે. અને પરિણામી આત્મા અને રાગ એના પરિણામ તેનું કાર્ય છે. એ નિશ્ચય છે. અને તે રાગવાળો દુઃખને ભોગવે છે. કળાના કાર્યકાળમાં જે રાગ થાય છે એ રાગના દુઃખને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભોગવે છે. પરને ભોગવતો નથી.

મુમુક્ષુ :- દુઃખને જ ભોગવે છે.

ઉત્તર :- એ દુઃખ જ છે. એ અહીં હમણા કહેશે. આ હમણાં આવશે. પુણ્ય-પાપના ભાવ કરનારો દુઃખ ભોગવે છે એ બધું આમાં આવશે. શુભ કે અશુભ બેય દુઃખ છે. હવે આપણે.. ઓલી તો વાત થઈ ગઈ છે ને?

હવે અહીંયાં, '**આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો,...**' કાંઈક કરું, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કામ, ક્રોધ આદિના પરિણામ. એવા અજ્ઞાનીની વાત ચાલે છે. અજ્ઞાનીને કાંઈક કરવાનો ભાવ વર્તે છે કે કાંઈક કરું. શુભ કરું, અશુભ કરું, એવો કરવાનો ઇચ્છક વર્તતો '**ચેષ્ટારૂપ (રાગાદિ પરિણામ) એવું જે આત્મપરિણામાત્મક...**' એ આત્માના પર્યાય છે. એ પુણ્ય-પાપના ભાવ આત્માના પરિણામ છે. અહીં આત્માના પરિણામ નથી અને વળી એના પર્યાય પણ એમાં નથી, એ અહીં વાત નથી સિદ્ધ કરવી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! પુણ્ય-પાપના પરિણામ એ આત્મા નહિ, એ અત્યારે અહીં વાત નથી. અહીં તો તેના પરિણામનો કર્તા પરિણામી અને પરિણામ તેનું કર્મ એટલું જ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એથી કીધું, આત્મપરિણામસ્વરૂપ, આત્મપરિણામસ્વરૂપ એવું કર્મ નામ કાર્ય એટલે પુણ્ય-પાપના ભાવ, પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, ભક્તિ, પૂજાના પાપ, હિંસા, જૂઠ, ચોરી, વિષયના ભાવ એવું આત્મપરિણામસ્વરૂપ, કર્મ નામ રાગ-કાર્ય '**તેને કરે છે.**'

અજ્ઞાની પરનું કાંઈ કરતો નથી. કર્મ બંધાય તેને કરતો નથી. કર્મ બંધાય એને કરતો નથી. ફક્ત એ પરિણામ કરે તેને અજ્ઞાની કરે છે. અહીં અજ્ઞાનીની વાત છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ કરવાનો ઇચ્છક છે ને? ઇચ્છક કીધો છે ને? ઇચ્છક છે એટલે અજ્ઞાની છે એ. પુણ્ય-પાપ કરું, શુભ-અશુભ કરું એવા જ્યાં ભાવ છે તો કહે છે કે અજ્ઞાની એવા શુભ-અશુભભાવને કરવાનો ઇચ્છક (થતો) થકો પોતાના આત્મપરિણામ એ શુભ-અશુભભાવ આત્માના પરિણામ છે. એય.. નવરંગભાઈ! ચંદુભાઈ! ક્યાં સવારની વાત અને ક્યાં અત્યારની વાત! પરિણામ એના છે એમ સિદ્ધ કરવું છે. એટલું જેને હજી નક્કી નથી એને એ પરિણામ મારા સ્વભાવમાં નથી એ નક્કી કરવાની તાકાત હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ?

મારા પરિણામ વિકારી પરિણામ તે હું કરું છું. એ કાંઈ પરને હું કરી શકતો નથી. કર્મ બાંધી શકતો નથી, જડના કોઈપણ પર્યાયને હું કરી શકતો નથી. એમ જ્યાં સુધી એની બુદ્ધિમાં પોતાના પરિણામનો કર્તા (છું), પણ પરનો નહિ, એવો નિર્ણય ન આવે ત્યાં સુધી પરિણામ વિકારી છે, વસ્તુ ત્રિકાળી છે એની દૃષ્ટિ એને થશે નહિ. સમજાય છે કાંઈ? વળી વસ્તુ ત્રિકાળી છે એની દૃષ્ટિ કરવી એ પર્યાય છે. એ પર્યાયને પણ દ્રવ્ય અડતું નથી એવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નિર્ણય એને આવા પરિણામ કરવામાં બુદ્ધિ રોકાણી એ નહિ આવી શકે. કહો, નવરંગભાઈ! સમજાણું કાંઈ? એનું કારણ છે કે પરના પરિણામને કરું એ તો બહિર્બુદ્ધિ (છે). એ સિવાય વિકારના પરિણામને કરું એ પણ અંતરાત્માથી બહિર્બુદ્ધિ.

કહે છે કે જે પરિણામ કર્યા પુણ્ય-પાપના એ હું જ કરું છું, મારા જ પરિણામ છે. એમ તેને કરે છે. '**તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' જુઓ ભાષા! શું કહે છે? ચાહે તો શુભભાવ કરે, ચાહે તો અશુભ કરે. એ બેય દુઃખસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. જરીએ ફેર નથી.

આનંદ સ્વરૂપ ભગવાન આત્મા એને ભૂલીને જે શુભ-અશુભ ભાવ કરે છે એ બેય દુઃખરૂપ છે. એ પુણ્ય-પાપના ભાવ કરું એવો ભાવ એ કર્તાનો અને એ જ વખતે તેનું દુઃખનું ભોગવવું એ ભોક્તાનો. ભોક્તા આત્મા અને ભોગ્ય પુણ્ય-પાપના દુઃખરૂપ પરિણામ. સમજાય છે કાંઈ?

કારીગરનો દૃષ્ટાંત આપીને તો બધા કળાબાજો જેટલા હતા એનું અભિમાન ઉડાડી દીધું કે કળા તારી પાસે છે. તારે લઈને ત્યાં ઘડો સારો થાય, તારે લઈને સરખો સારો થાય, તારે લઈને આમ છોલે, લાકડું કરીને આમ થાય એ એને લઈને થાય એ તો હરામ છે કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? પણ તારા પરિણામ જે છે પરને કરવાના ઘડા આદિના, એ પરિણામનું કાર્ય તારું છે અને એ પરિણામનું દુઃખ પણ તારું તું ભોગવે છે.

એમ આત્મા પોતાના આનંદસ્વરૂપને ભૂલી, ચિદાનંદ સહજાનંદ સ્વરૂપ શુદ્ધ છે તેને ભૂલી અને વિકારના પરિણામ કરે છે તો એ પરિણામ વિકારી પરિણામ તેનું કાર્ય છે અને તેનો તે કર્તા છે. તે વિકારી પરિણામ તે પરિણામ કર્મ છે-પરિણામ, આત્મા પરિણામી છે. એ પરિણામીનું પરિણમન છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? ..ભાઈ! અને એ પરિણામ શુભ અને અશુભભાવ જે બંધમાં નિમિત્ત થાય, એની વાત છે ને અહીં? બંધમાં નિમિત્ત થાય. બંધને કરે નહિ ઈ. એવા જે પરિણામ, પછી શુભ હો કે અશુભ હો એ બેય વિકાર છે, એ પરિણામ છે, પરિણામી એનું કાર્ય છે, પરિણામ એનું કર્મ છે અને એ પરિણામ તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? રતિભાઈ! સમજાણું કે નહિ આમાં? શાંતિભાઈ! એ શુભ-અશુભભાવ બેય કરવાનો ઈચ્છક વર્તતો તે શુભ-અશુભ પરિણામનો એ કર્તા (છે). એ પરિણામ તેનું કાર્ય-કર્મ-કાર્ય અને તે દુઃખરૂપ. ફળ એનું દુઃખરૂપ. તે ક્ષણે. કહો, ચંદુભાઈ!

પૈસા પેદા કરે પાંચ લાખ. એક મહિનાના પાંચ લાખ. ઈ સાંભળે તો કહે છે કે મમતા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેં કરી, રળવાના મમતાના પરિણામ. પૈસા આવ્યા એનું કાર્ય તેં કર્યું નથી. મમતા કરી. એનો ઈચ્છક. અને તે વખતે તું તેનો ભોક્તા છો, તેનું દુઃખ. એ દુઃખનો ભોગ્ય અને તું તેનો ભોક્તા. પરવસ્તુ તું પૈસા ભોગવ એ તો ત્રણ કાળમાં આત્મામાં છે નહિ. અજ્ઞાની અજ્ઞાનપણે કરે તો પુણ્ય-પાપના ભાવ કરીને તેને દુઃખરૂપને અનુભવે છે. એ કર્તાકર્મનો વ્યવહાર આ જાતનો... અહીં નિશ્ચય કહેશે, પરની અપેક્ષાએ. સમજાય છે? એ નિશ્ચય કહેશે, જુઓ! એ નિશ્ચય છે એ. સ્વપરિણામ થયા ને? સ્વપરિણામ, એનો કર્તા આત્મા અને એ પરિણામ તેનું કાર્ય એ નિશ્ચય છે. નિશ્ચયના કેટલા ભેદ! સમજાણું કાંઈ? પાછું કાઢી નાખે જ્યારે કે પુણ્ય-પાપ એ હું નહિ. હું તો શુદ્ધ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું. એમ દૃષ્ટિ થતાં એ પુણ્ય-પાપના પરિણામ એનું કાર્ય નહિ. થાય તો એનું કાર્ય નહિ. કારણ કે જ્ઞાન ઉપર દૃષ્ટિ હોવાથી જ્ઞાતાના પરિણામ જે રાગ સંબંધીના થયા તે પરિણામ તેનું કાર્ય અને પરિણામી તેનો કર્તા. સમજાણું કાંઈ? આમાં કોણ નવરાશ છે માણસને? આવું કરવા અને આવું સમજવું. પૈસા પેદા કરે, ખાય-પીવે, લહેર કરે, બંગલા ચણાવે. એય..! આહાહા..! ભાઈ! એ બંગલા ચણાવવા કે બંગલા પડવા કે પાડવા એ તારા અધિકારની વાત નથી. એ તો સ્વતંત્ર છે. પુદ્ગલના પર્યાયે પ્રવાહે કરીને આવ્યા છે. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! શું આ ટેબલ ને બેબલ, ખુરશીઓ બધું કરતો નથી એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ઈ ક્યાં કરે છે? સુતાર કરે છે.

ઉત્તર :- સુતાર પણ કરતો નથી એમ કહે છે. કહો, ભિન્ન ભિન્ન જાતની સામગ્રી કરે ને? શું કહેવાય એ?

મુમુક્ષુ :- ફર્નિચર.

ઉત્તર :- ફર્નિચર-ફર્નિચરની. ફર્નિચર આમ લાકડા આમ બનાવવા... કો'ક આમ કરવા... કો'ક આમ કરવું. કહે છે કે એ પર્યાયનું કરવું તારાથી (નહિ). એ તો જડની પર્યાય છે. જડના પરિમાણુઓનું એ કાર્ય છે. તારું છે નહિ. સુતારનું નહિ, લુહારનું નહિ, વેપારીનું નહિ. અને એનો ભોક્તા પણ તું નહિ. એ તને ભોગવવા યોગ્ય અને તું ભોક્તા એવું વસ્તુમાં છે નહિ. ફક્ત તારા પરિણામ તું પુણ્ય અને પાપના, શુભ અને અશભના રાગાદિ અસંખ્ય પ્રકાર છે કળાના... ઘણાં કીધા કળાબાજ બધા? આ પણ કળાબાજ આત્મા અનેક પ્રકારના પરિણામ અસંખ્ય પ્રકારના શુભ અને અશુભ કરે એ એનો કર્તા અને એ એનું કાર્ય. અજ્ઞાનભાવે. સ્વભાવને ભૂલીને. અને તે વિકાર પરિણામનો ભોક્તા, વિકાર પરિણામ તેનું ભોગ્ય. વિકાર પરિણામ તેને ભોગવવા લાયક. પરવસ્તુ ભોગવવા લાયક નહિ. સમજાણું કાંઈ?

એ તો ઠીક. પણ ખુબી તો એ શબ્દ લીધો કે '**આત્મપરિણામાત્મક કર્મ...**' પુણ્ય-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પાપના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ, એ આત્મપર્યાયરૂપ પરિણામરૂપી કાર્ય તેને અજ્ઞાની કરે છે '**તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' એ વખતે તે દુઃખને જ ભોગવે છે.

મુમુક્ષુ :- કારખાના...

ઉત્તર :- કારખાનાને ચલાવતો નથી. કારખાનાના પરિણામ જે છે અશુભ એને ભોગવે છે. એ પણ કાઢી નાખો. પણ આ મંદિર કરાવવાના પરિણામ છે શુભ. એય..! પ્રેમચંદભાઈ ગયા. નહિતર પ્રશ્ન કરે હળવે દઈને. .. એમ કહે. મલૂકચંદભાઈને મંદિર કરવું છે ત્યાં સુધી રહેવા જાવું છે. થઈ રહ્યા પછી કહેજો. કોણ કરે અને કોણ મૂકે? ભાઈ! એ માટે તો આ દાખલો શિલ્પીનો ભગવાન આચાર્યે આપ્યો. આટલું આટલું કર્તાકર્મનો અધિકાર મૂકીને વળી પાછું આ લીધું? કે કળાબાજ જેટલા કહેતા હોય કે અમે હુશિયાર છીએ માટે આ કરીએ છીએ. હરામ વાત છે તારી. ગોદિકાનું આવતું હશે ને? બુદ્ધિ. બુદ્ધિ કળા છે અને પછી આ કામ કરે એ ન આવે. એ પન્નાનું .. ન શકે. થાતું નથી ત્યાં. એ તો ત્યાં કહેતા હતા. એક કારીગર બેઠો હોય એને કહીએ કે આટલું છોલજે. આમ કરજે. લાખના પચ્ચીસ થઈ જાય. એના લાખ ઊપજવાની પર્યાય હોય. વળી પાછું સરખું આવી જાય તો પચ્ચીસ હજારના લાખ થઈ જાય. ત્યાં કાંઈ વાણિયાની જેમ આઠ આના, રૂપિયો, બે રૂપિયા જેવું ન હોય ત્યાં. અહીં કહે છે કે પણ એ પન્નાને આમ કરવું એ ક્રિયા જ આત્માની નથી. એ વખતના રાગના પરિણામ એ આત્માના ખરા. અને એ રાગ છે તે દુઃખરૂપ છે. આ તો અશુભની વાત થઈ. પણ મંદિર આદિ બનાવવા હોય તો આમ કરો.. આમ કરો.. શુભભાવ છે ને એનો? આમ હોય.. આમ હોય.. પરલક્ષી ભાવ શુભ છે. સમજાય છે? દયા પાળવાનો ભાવ શુભ છે. બીજાને સુખનો ભાવ એ વિકલ્પ છે. એ વિકલ્પ શુભ છે, પણ કહે છે કે છે તો દુઃખરૂપ. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. નિત્યાનંદ સહજાનંદ આત્મા છે. એનું પરિણામ તો, એનું કર્મ અને ભોગ્ય તો આનંદ હોય. તેનું કાર્ય અને ભોગ્ય તો આનંદ હોય. આનંદના પરિણામ તે કાર્ય, આનંદના પરિણામ તે ભોગ્ય. આનંદના પરિણામનો કર્તા, આનંદના પરિણામનો ભોક્તા. વસ્તુ તો આવી છે. સમજાય છે? પણ એ ઈ રીતે ન રહી શકે અને બહાર સ્વભાવમાંથી ખસીને આગળ ગયો તો એ પુણ્ય-પાપને કરે. શાંતિભાઈ! સમજાય છે આમાં? કાંઈ કરી શકે નહિ ...નું. એમ કહે છે અહીં. માલ પણ આખો દિ' જાણે આમ કરી દઈએ... આમ કરી દઈએ.. આમ કરી દઈએ.

મુમુક્ષુ :- અહીં ન કરી શકે ને?

ઉત્તર :- ત્યાં દુકાને કરી શકે નહિ. દુકાન ક્યાં એના બાપની હતી? બાપની તો ક્યાં પણ એની ક્યાં હતી? આહાહા..! ભારે વાતું ભાઈ!

અહીં તો '**દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મ...**' ચેષ્ટા ઉત્પન્ન થઈને વિકલ્પની, પુણ્ય-પાપની ચેષ્ટા થઈ એ દુઃખસ્વરૂપ (છે). એ '**આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' દુઃખસ્વરૂપ. આહાહા..!

મુમુક્ષુ :- એકલું દુઃખ?

ઉત્તર :- એકલું દુઃખ. કહો, સમજાણું કાંઈ?

કહો! રંગમાં એ બધી કેવી ભાતું પાડે અને આ બધી કરે છે. એ ક્રિયા તો કરતો નથી. આ રંગ અહીં ભેળવીને કર તો આ રંગ થાય, આ ભેળવીને આમ થાય. એ તો ક્રિયા કરતો નથી. પણ ધર્મને બહાને ક્યાંક રંગ આપે પાંચ શેર, દસ શેર, અધ મણ, બે મણ. અહીં કરજો રંગ આમ કરજો. આમ કરો.. આમ કરો. એવો એનો શુભભાવ છે. એ કરવાનો ઇચ્છક છે, જાણવાનો ઇચ્છક નથી. સમજાય છે? એવા .. હોય છે. દિલ્હીમાં નથી? બહુ ઊંચા છે. એય.. પ્રેમચંદજી! દિલ્હીમાં નહિ? દરિયાગંજ? દરિયાગંજ. .. બાળકો છે. એ શેઠની વહુ છે છોકરાની. એને શોખ જ છે. આ તો એને કાંઈ દેખાય જ નહિ. ઓલા તો આમ ઉપજતા રંગ ને દેખાય એવા. એક ફેરી લઈ ગયા હતા. શું કહેવાય એ? શેઠનું નામ. રાયકૃષ્ણ અને એના દીકરાનું પ્રેમચંદજી. એ લઈ ગયા હતા. મારું જોવા તો આવો મહારાજ! દિલ્હી. એવા રંગ. ઉપડતા આમ જાણે આંખ સામે આવે.

મુમુક્ષુ :- ઊડીને આંખે વળગે.

ઉત્તર :- હા એવો દેખાવ દેખાવ. પૂછ્યું હતું. એમના દીકરાની વહુને એ રસ છે. શોખ છે. એ એનો શોખ છે. એમણે આ બધું કરેલું છે. કરી શકતા હશે ને ઈ? એને તો એ વખતે એમ કે આપણી મંદિરની શોભા થાય. એમ હોય છે ને? મંદિર શોભે, કો'ક એવા આવે, ભગવાનના દર્શન કરે એ ભાવ શુભ છે. પણ કહે છે કે એ કરવાનો ઇચ્છક છે. એ અંતર જ્ઞાતા છું એને જાણવાનો ઇચ્છક નથી. આહાહા..! ભારે વાત! એ કરવાના ઇચ્છકના શુભ પરિણામ તેને તે કરે છે અને શુભ પરિણામ તે કષાય અગ્નિ છે. કષાય છે. કષાય અગ્નિ છે ને? કંઈ શીતળ છે ઈ? ભગવાન આત્મા તો શીતળસ્વરૂપ છે. ચિદાનંદ શીતળ.. શીતળ... ચંદન.. ચંદન... શીતળસ્વરૂપ છે ભગવાન. શીતળનો એકલો ફુવારો છે. એને દાબે તો શીતળતા નીકળે. પાણીમાં દાબે ફુવારો તો પાણી નીકળે. અગ્નિ ઝરતી હશે?

ભગવાન આત્મા અનાકુળ આનંદ અને અકષાય સ્વરૂપ છે. એમાં તો જેટલું દબાણ કરે એકાગ્રતાનું, તો એમાં શાંતિ આવે. સમજાય છે કાંઈ? એ એકાગ્રતાને છોડી અને જે

કોઈ પુણ્ય-પાપના વિકલ્પમાં એકાગ્ર કરે છે તે તેનો કર્તા છે પરિણામનો અને તે તેના પરિણામ ભોગ્ય છે એને. દુઃખરૂપ પરિણામ ભોગ્ય છે અને એનો ભોક્તા જીવ છે. સમજાણું કાંઈ? કેમ?

**'એકદ્રવ્યપણાને લીધે...'** ભાષા જુઓ! આહાહા..! એ વિકારી પરિણામ હિંસાના, જૂઠાના, ચોરીના, વિષયના, દયા, દાનના શુભાશુભભાવ એ એકદ્રવ્ય પરિણામ છે. એક દ્રવ્યનું અસ્તિત્વ છે. એક દ્રવ્યનું અસ્તિત્વ છે. બીજા દ્રવ્યનું અસ્તિત્વ નથી. એ સ્વદ્રવ્યનું જ અસ્તિત્વ. **'એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી...'** ભગવાન આત્માથી વિકારી પરિણામ કરનારને અજ્ઞાનપણે જે પરિણામ થયા તે તેના આત્માથી તન્મય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! એક કોર વિકારી પરિણામ એકદ્રવ્યપણે (કહે). એક કોર એમ કહેવું કે ક્ષાયિક પર્યાય તે પરદ્રવ્ય. જે જે અપેક્ષાએ ત્યાં કહેવું હોય તે તે તેને સમજવું જોઈએ. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.'

અહીં ક્યાં કહ્યું? અહીં તો કહે છે કે અનાદિ અજ્ઞાની સ્વદ્રવ્યના આશ્રય વિના, ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ એના અવલંબન વિના, અનાશ્રય વિના, એને ધ્યેય કર્યા વિના પરદ્રવ્યના પરિણામને વિકારીને ધ્યેય બનાવીને પુણ્ય-પાપના પરિણામ કરે છે તે દુઃખને ભોગવે છે. સમજાણું કાંઈ? ત્યારે શું ત્યાં આનંદ છે? આનંદ તો ભગવાન આનંદમૂર્તિ છે. ત્યાં દૃષ્ટિ જાય તો આનંદ આવે. અહીં તો એની બહિર્દૃષ્ટિ પડી છે. સમજાય છે કાંઈ? દયાના પરિણામ, ભક્તિના પરિણામ, પૂજાના પરિણામ, શુભાશુભભાવ એકાંત પરલક્ષી ભાવ છે. એકાંત પરલક્ષી ઊભા છે એ તો એકાંત દુઃખ છે. સ્વલક્ષના પરિણામ થયા એમાં જે કાંઈ થાય તો તો તેનો તે જ્ઞાતા-દૃષ્ટા છે. અને તેના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ તે કર્તાનું કાર્ય છે. રાગ કાંઈ જ્ઞાનીનું કાર્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'એકદ્રવ્યપણાને લીધે તેમનાથી...'** ભગવાન આત્માથી, એણે જે પુણ્ય-પાપના ભાવ કર્યા, સંકલ્પ-વિકલ્પની જાળ ઊભી કરી શુભ-અશુભ બેય, એ આત્માથી તન્મય છે. એ પરિણામ આત્માથી તદ્રૂપ છે, એકરૂપ છે. ભિન્ન નથી. સમજાણું કાંઈ? આટલું પણ જેને પરિણામ અને પરિણામીની એક્તાનું સ્વતંત્ર જ્ઞાન નથી એને એ પરિણામ વિકારી અને મારો દ્રવ્ય સ્વભાવ અવિકારી (એવી) ભેદ પાડવાની શક્તિ એને હોઈ શકે નહિ. એને માટે આ બતાવે છે. સમજાણું કાંઈ? અને જ્યાં હોય ત્યાં મેં આ કર્યું... મેં આ કર્યું... મેં આ કર્યું... હું હોઉં તો આ થાય... હું હોઉં તો આ થાય. અથવા પોતાના પરિણામ જે શુભ-અશુભ આદિ છે એના દ્વારા પ્રસિદ્ધિ પામવા માગે છે. એ દ્વારા પ્રસિદ્ધિ (પામવા માગે છે કે) હું આમ છું. હું આમ કરું, આવો કરનાર, આવો કરનાર, આ કરનાર. એમ પોતાની પ્રસિદ્ધિની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આકાંક્ષા તે ભાવમાં છે, એ ભાવ અજ્ઞાનીનું કર્મ છે. અને તે ભાવ અજ્ઞાનીનું ભોગ્ય છે. કર્તા આત્મા અને કર્મ તેનું, ભોક્તા આત્મા અને ભોગ્ય વિકારીભાવ. કહો, દાસ!

ભગવાન આત્મા એક વસ્તુ તરીકે જુઓ, વસ્તુ તરીકે સ્વભાવ. તો તો આ જગતના જેટલા પરદ્રવ્ય છે એથી આત્માથી તદ્દન ભિન્ન. એટલે પરદ્રવ્ય થયા. હવે અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ સ્વભાવની દૃષ્ટિએ પણ એ પરદ્રવ્ય છે. અને સ્વભાવની અભેદતાની દૃષ્ટિએ એક સમયની પર્યાય પણ એક ન્યાયે પરદ્રવ્ય કહેવામાં આવે છે. એ સ્વદ્રવ્યથી એ પર્યાય તન્મય નથી. એ બીજી વાત છે, આ બીજી વાત છે. સમજાણું કાંઈ? એમ કહે છે. એનું એ ભાઈ લખાણ આવ્યું હતું, ઓલું નહોતું પહેલું નિમિત્ત-નૈમિત્તિકનું? એમ કે મહારાજ કહેતા હતા કે નિમિત્ત પછી હોય. પંચાસ્તિકાયનું. અને હિંમતભાઈ કહે છે કે પહેલું હોય. એ ઊર્ધ્વ. પછી અર્થ લખાઈ ગયો છે હવે શું કરે? હિંમતભાઈએ ગલતી કરી છે બધી. એ તો...

મુમુક્ષુ :- મહારાજના પ્રમાણે પાછો કરવો પડે ને.

ઉત્તર :- કરવો પડે. શું પણ મહારાજ માટે એમ ન કહે તો કહેવું છે શું અહીં? કહો, અરે.. ભગવાન! અને આ લોકોને અનુયાયીઓને ક્રમબદ્ધ બેઠું નથી એને. પણ શું કરે? પણ પ્રત્યક્ષ છે કે ક્રમ અને અક્રમ બેય થાય છે. ભાઈ! જેને પોતાના ક્રમપર્યાયનું જ્ઞાન નથી એને જ્ઞાન સાચું હોય શેનું? કહે છે. એમ કહે છે. પોતાની જ પર્યાયની ખબર નથી જેને કે આ ક્રમ-અક્રમ થાય છે. આહાર કરવાની પર્યાય છે એ આહાર કરું એ તો અક્રમે છે. કેવો કરવો અને કેમ અક્રમે છે. સંજ્ઞા ઊભી થઈ એ ક્રમે છે. પણ આહાર છોડવો એ અક્રમે છે. ક્યારે છોડે એ તો પોતે છોડે ત્યારે છે. અક્રમ છે. આત્મગ્રહણ, આત્મા છું એ ક્રમે છે. એ અક્રમની પર્યાય અને ક્રમની પર્યાયનું પોતાને જ્ઞાન નથી એને દ્રવ્યનું જ્ઞાન હોય શી રીતે? એમ કહે છે. વાત તો સાચી છે. ક્રમ-અક્રમ થાય છે કે નહિ? આહાહા..! ભારે જગતની! ગજબ તે કોઈ ગજબ છે ને! જૈનદર્શન અને સર્વજ્ઞની વાત જ ઉડાડી દીધી આખી. સર્વજ્ઞ હોય તો જાણે ત્રણ કાળ ત્રણ લોક. તો કહે, ના એમ નહિ. અભેદ છે બધું. ભગવાનનું જ્ઞાન અભેદ છે માટે ત્યાં અભેદ છે. આમ વળી ક્રમ અને ક્રમ એ ભેદ હોય નહિ. શ્રદ્ધા અભેદની કરવી. માટે ભગવાન પણ અભેદ તરીકે જાણે છે. ભગવાનનું જ્ઞાન અને શ્રદ્ધા અભેદ થઈ ગયા. વળી એમ નાખ્યું. કાંઈક નાખ્યું. ઉગમણો-આથમણો ફેર છે. આહાહા..! બહુ વધી ગયું. હવે વધી ગયું. જોર વધી ગયું. વિકૃત દૃષ્ટિનું ઘણું જોર વધી ગયું. સમજાણું કાંઈ? આ અનુયાયીઓ બધા મૂર્ખાઓ છે, વિચાર કરતા નથી. હા એ હા પાડે છે બધા. એય..! રતિભાઈ!

અરે..! ભગવાન! બાપુ! એમ નથી ભાઈ, તને ખબર નથી. આહાહા..! અરે.. ભાઈ! સમય સમયની પર્યાય જડ કે ચૈતન્યની તે ક્રમસર વ્યવસ્થિત જ થાય છે. પણ એ ક્રમસરનો માનનારો એની દૃષ્ટિ હોય છે અક્રમ ગુણનો ધરનાર દ્રવ્ય એના ઉપર હોય છે. અને એના ઉપર હોવાથી જે ક્રમે થાય તેનો તે જાણનાર-દેખનાર રહે છે. કર્તા થતો નથી અને એ ક્રમબદ્ધનું ફળ છે. અરેરે..! સમજાણું કાંઈ? ક્રમબદ્ધ સામું જોવું નથી એને. આહાહા..! ચાહે સો વિકાર હો કે અવિકાર હો, ઉદય હોય કે ઉદીરણા, એ ક્રમસર જ થાય છે. આડીઅવળી કોઈ પર્યાય ત્રણ કાળમાં વિકારી કે અવિકારી કોઈ હોઈ શકે નહિ ત્રણ કાળમાં. નવરંગભાઈ!

અહીં જુઓ કહે છે કે એના પરિણામ કાળે એણે કર્યા એ પરિણામનું કર્મ એનું અને કર્તા એ. કેવા પરિણામ કર્યા? એટલે જે પરિણામ થયા તે કર્યા. વળી આમ કરું તો આમ થાય એ પરિણામમાં ફેરફાર પણ ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તત્ત્વની દૃષ્ટિ બહુ દુર્લભ છે. ભાઈ! તત્ત્વ વસ્તુ એવી છે જ્ઞાયક ચૈતન્ય દુર્લભ વસ્તુ છે. કેમ કે એને અનંત કાળમાં પર્યાય, રાગ અને નિમિત્ત ઉપર જ એનું લક્ષ છે અનાદિથી. એક પર્યાયના અંશમાં દૃષ્ટિ છે, રાગમાં દૃષ્ટિ છે કાં નિમિત્ત ઉપર. આખું દ્રવ્ય આમ ભગવાન આખો પડ્યો રહ્યો છે એની એને ખબર નથી. એની દૃષ્ટિ થતાં જે સમયે ક્રમે થયા કરે છે તેનો તે જાણનાર-દેખનાર રહે છે. સમજાય છે કાંઈ? ત્યારે તેણે ક્રમબદ્ધને અકર્તાપણું થતાં ક્રમબદ્ધને માન્યું કહેવામાં આવે છે. કરું.. કરું... કરું... કરું... માને અને ક્રમબદ્ધ માને બેનો મેળ ક્યાં છે?

મુમુક્ષુ :- કરું કરું એ તો દુઃખી થાય એમ.

ઉત્તર :- ઈ જ કહે છે કરું કરવા .. આમ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ટાણા આવ્યા ત્યારે પણ ભૂલ્યો છે ને. આવો મનુષ્યદેહ માંડ ૫૦-૬૦ વર્ષ રહ્યો. થઈ રહ્યું. ફૂ થઈને ચાલ્યો જશે. કોઈ શરણ નથી, બાપુ! એક ભગવાન શરણ છે અંદર. જેને પડખે કોઈ દિ' ચડ્યો નથી. પડખા મૂકીને બહારના પડખે રાગ ને દ્વેષને પડખે ચડી ગયો છે. સમજાય છે કાંઈ? છતાં ત્યાં અભિમાનમાં એ મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... એમ કરીને દુઃખને ભોગવે છે. નિગોદથી માંડીને બધા. આ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક જનારો સાધક. એ પણ પંચ મહાવ્રતના પરિણામ કરું, અહિંસા પાળું, આમ કરું એવા વિકલ્પનો કર્તા થાય છે એ અજ્ઞાની છે. એને ચૈતન્યની દૃષ્ટિની ખબર નથી. એમ કહે છે અહીં. આહાહા..!

કહે છે, **'એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય છે; માટે...'** જુઓ! કેટલા શબ્દ લીધા છે! ઓલામાં અનેકદ્રવ્યપણું હતું. શિલ્પીના પરિણામ અથવા આત્માના પરિણામ અને કર્મના પરિણામ એ ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. અને આત્મા દ્રવ્યના પરિણામ

અને આત્મદ્રવ્ય એક દ્રવ્ય છે. એક દ્રવ્ય હોવાથી તન્મય છે. તન્મય હોવાથી તે પરિણામ પરિણામીભાવથી, દેખો! '**પરિણામ-પરિણામીભાવથી...**' પરિણામ એટલે પુણ્ય-પાપના ભાવ અને પરિણામ એટલે તે વખતના રાગ દુઃખના ભાવ. એ પરિણામ પરિણામીભાવથી, પરિણામ પુણ્ય-પાપના તે તેનું કાર્ય અને આત્મા કર્તા. અને પરિણામ દુઃખના પુણ્ય-પાપના ભાવના દુઃખના એ ભોગ્ય, આત્મા ભોક્તા. '**ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.**' કહો, સમજાણું આમાં? ભલે શબ્દ પરિણામ-પરિણામી લીધું છે. પરિણામ પહેલા લીધા છે. પરિણામ પરિણામીભાવથી. પછી કર્તા પરિણામી અને કર્મ પરિણામ એમ છે. શબ્દ ભલે આમ લીધો. પરિણામપરિણામી ભાવથી. પછી અર્થમાં આમ લેવું. કર્તા-કર્મપણાનો. પરિણામી આત્મા તે કર્તા અને પુણ્ય-પાપ તેનું કર્મ અને ભોક્તા ભોગ્ય. ત્યાં એમ કે પરિણામ છે તે ભોગ્ય છે અને પરિણામી તે ભોક્તા છે. દ્રવ્ય તે ભોક્તા છે. ખરેખર તો એની પર્યાય ભોક્તા છે પણ એ દ્રવ્ય ભોક્તા છે એમ અહીં લેવું છે. સમજાણું કાંઈ? એ તો જેમ જે વખતે... એક દ્રવ્ય અને એક જ દ્રવ્ય ભોક્તા. એનો એ ભોક્તા એમ કહે છે. પરદ્રવ્ય ભોક્તા નથી એમ સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ?

એક બાજુ ત્યાં અલિંગગ્રહણમાં લે કે વેદન અનુભવની પર્યાય તે દ્રવ્યને સ્પર્શતી નથી. અનુભવના આનંદની (પર્યાય), આત્મદ્રવ્યનો સ્પર્શ કરીને જે આનંદ આવ્યો, એ આનંદનું વેદન તે દ્રવ્યને અડતું નથી. આલિંગન કરતું નથી. ૨૦મો બોલ. અલિંગગ્રહણનો ૨૦મો બોલ. કઈ અપેક્ષા? કે વસ્તુ જે છે શાંત આનંદનો સાગર ભગવાન, એની દૃષ્ટિ થઈને જે આનંદ ઝર્યો, પર્યાયની શક્તિમાં હતો તે પ્રવાહ પર્યાયમાં આવ્યો આનંદનો, તો કહે છે કે એ આનંદનો પર્યાય એ આનંદી આત્મા એને સ્પર્શતો નથી. કેમ કે વેદન પર્યાયનું હોય છે, વેદન દ્રવ્યનું હોતું નથી. આહાહા..! ભારે વાત ભાઈ! તો તો ખરેખર તો ભોક્તા અને ભોગ્ય પરિણામ છે. ભાઈ!

મુમુક્ષુ :- તે જ સમયે.

ઉત્તર :- તે જ સમયે. પણ અહીંયાં આખી દૃષ્ટિ જ એની ત્યાં છે. દ્રવ્ય જ હું ભોક્તા છું આ પરિણામ જ મારું ભોગ્ય છે. સમજાણું કાંઈ?

અહીં તો પરનો કર્તા નથી, પર કાર્ય તારા નથી અને પરભોગ્ય તારું નથી. પરકાર્ય તારું નથી અને પર ભોગ્ય નામ ભોગવવા યોગ્ય તારી ચીજ, તને નથી. પણ તું તારા પરિણામ પુણ્ય-પાપનો એનો કર્તા કર્મ અને એનો તું ભોક્તા, બસ! એટલી વાત અહીં લેવી છે. એટલો જો એ નિર્ણય કરે તો બહારથી હળવો થઈ જાય. કહો, કાંતિભાઈ!

મુમુક્ષુ :- .. લાડવાનો સ્વાદ..

ઉત્તર :- લાડવાનો સ્વાદ હતો જ નહિ એને, પણ એ માનતો હતો.

મુમુક્ષુ :- અશાંતિ ઊભી કરે.

ઉત્તર :- શાંતિ નામ ધરાવે અને અશાંતિ ઊભી કરે પાછો. વિકલ્પ કરી, આમ કરી આ કરી... હોળી કરતા.. કરતા... કરતા જ્યાં હોય ત્યાં આમ આવડ્યું નહિ. આ વ્યવસ્થા ન આવડી. આ કાળે આ ટાણે છોકરાને બેસાડ્યો, બરાબર આમ થઈ ગયું, ઉઘરાણીનું નખાઈ ગયું. જેને જે હોય એ. એ વિકલ્પની જાળ ઊભી કરે મફતનો, કહે છે. એ કરવાનો ઈચ્છક વર્તતો થકો. જેને આત્મા દર્શનનું ભાન છે એ કરવાનો ઈચ્છક છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! હાથે કરીને કહે છે દુઃખી થયો છો. હાથે કરીને એટલે? ભગવાન આનંદ પ્રભુ છે ને. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ આત્મા છે. હવે એ આનંદને તારે અનુભવવો નથી. ત્યાં દૃષ્ટિ કરવી નથી. આ વિકારના પરિણામ થાય ત્યાં આ મેં કર્યા, આ મારું ભોગ્યસ્થાન એ ત્યાં રહે છો દુઃખી થઈને. દુઃખી થઈને દુઃખનો ભોક્તા, દુઃખી થઈને દુઃખ તારું ભોગ્ય. કાંતિભાઈ! કહો, આ બધા ઘડિયાળના પૈસા ને આ બધા ભોગવે કોણ? અહીં કહે છે.

મુમુક્ષુ :- ઘડિયાળ ભોગવતી હશે?

ઉત્તર :- હા. હા. ઘડિયાળની પર્યાય ઘડિયાળ ભોગવે. એમાં શું? વ્યય થઈ જાય એનો. પર્યાય આવીને વઈ ગઈ. એમાં શું? કહો, સમજાણું કાંઈ? એમાં પણ ભોક્તા ગુણ છે એક. જડમાં પણ. .. લીધો છે. એ ભોગવાય છે. એને કારણે પર્યાય એ જાય છે. ક્ષય થઈ જાય છે. આત્મા ક્યાં એને ભોગવે છે? ભગવાન આત્મા તો અરૂપી છે. એ રૂપીને ભોગવે શી રીતે? શરીરને, લક્ષ્મીને, આ બાયડીના શરીરને ભોગવે એ શી રીતે પણ કરે છે? એ જડને અડતો નથી, અડ્યો નથી કોઈ દિ' ત્રણ કાળમાં. અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે હું આ ભોગવું છે. એ ભુલાવે છે, ભુલી જા એ. તારા રાગના પરિણામને કર અને હરખના પરિણામને ભોગવ. બસ. આટલી તારી અજ્ઞાનમાં પણ તારી સીમા આટલી છે. અજ્ઞાનમાં પણ તારી મર્યાદા આટલી છે. સમજાણું કાંઈ?

'**માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો...**' કર્તા ત્યાં પરિણામી લેવો, કર્મ તેને પરિણામ લેવું. ભોક્તા-ભોગ્યપણું. ભોક્તા લેવો પરિણામી, ભોગ્ય લેવું પરિણામ. સમજાણું કાંઈ? પણ પરપરિણામનો કર્તા આત્મા શરીરના, વાણીના, કર્મના, લાડવાના, દાળ-ભાતના, મકાનના, ખુરશી ટેબલના એના પર્યાયનો કર્તા આત્મા એ તો ત્રણ કાળમાં છે નહિ. અને એનો ભોગવનારો આત્મા કે ભાઈ પૈસા મળ્યા અને નિરાંતે ખાઈએ અને ભોગવીએ. એ તો ત્રણ કાળમાં પરનો ભોક્તા નથી. આ વાત છે. કહો, સમજાય છે કાંઈ? હવે એનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ફળ શ્લોક કહે છે.

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**ननु परिणाम एव किल कर्म विनिश्चयतः**
**स भवति नापरस्य परिणामिन एव भवेत्।**
**न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया**
**स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः।।२११।।**

આ તો '**ખરેખર પરિણામ છે તે જ કર્મ છે.**' જુઓ હવે. આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ થયાં તે જ જીવનું કર્મ નામ કર્તવ્ય છે. અજ્ઞાનમાં. આ ઈજનેરીનું કાંઈ કર્યું નથી કહે છે આ બંગલા-ફંગલા ને બધું. .. જઈને.

મુમુક્ષુ :- અહીં મકાન બનાવ્યા ને, ત્યાં ન બનાવ્યા તો કાંઈ નહિ.

ઉત્તર :- એ બધા નામ લે કે જુઓ! આવું કર્યું આ ઓલા અંદરમાં છે ને પતરા? કોણે કર્યું? વજુભાઈએ એમ કર્યું છે, નજર પોગાડીને કર્યું લાગે છે. એમ જ કહેવાય ને? લ્યો! આ પતરા નથી ઓલી ઓરડીમાં? બહુ ગરમી ન થાય હેઠે. .. માણસ .. આમ આમ કરીને .. હેઠે વેળુ છે અને ઉપર પતરા નાખ્યા છે. આપણને ખબર નથી. એ વજુભાઈ કરે છે. થાતું હશે? આહાહા..! હવે ભાઈ આમ જુઓ! ત્રણ લાખનો બંગલો આમ .. સાફ.. સાફ... સાફ.. ચોખ્ખું આમ જાણે. ... પાછળ. સામે જુઓ તો કબાટમાં કાચ દેખાય, આમ જુઓ તો આરસપહાણ દેખાય, આમ જુઓ તો આકાશ દેખાય. એ દેખીને, કહે છે, ઈચ્છા ઉત્પન્ન કરે. એમ કહે છે. ઈચ્છા કરે એ પરિણામ એના. એનો કર્તા એ આત્મા. અને એ ઈચ્છા દુઃખરૂપ છે એનો ભોક્તા આત્મા અને ઈચ્છા પોતે ભોગ્ય છે. પરવસ્તુ મકાન-બકાનનો ભોક્તા આત્મા નથી. બરાબર હશે આ વાત?

મુમુક્ષુ :- કઈ આંખે જોવું?

ઉત્તર :- અંદરની આંખે, ન્યાયની આંખે જોવું. જુદા દ્રવ્યના જુદા પરિણામ જુદા અનેક છે તે અનેક રીતે રહીને પરિણામ કરે છે. કે અનેક છે તે એક થઈને પરિણામ કરે છે? આ ન્યાય. જેટલાં દ્રવ્યો અનંત છે એ અનંત રહીને વર્તમાન પર્યાયરૂપી કાર્ય કરે છે કે અનંતમાં કોઈ ભેગા થઈને કાર્ય કરે છે? થઈ રહ્યું, ખલાસ થઈ ગયું. અનંત પદાર્થ અનંતપણે રહીને પોતપોતાના પરિણામને કરે અને તે પરિણામી તેનો કર્તા.

આમ અનંતને માનવું એટલે? એક સમયની પર્યાય છ દ્રવ્યને કબુલે. છ દ્રવ્ય એટલે અનંત પરમાણુ, અનંત આત્માને કબુલે. એટલી તો એની એક પર્યાયની તાકાત છે. એ પર્યાયની તાકાત તો ક્યારે માની? હજી પર્યાયબુદ્ધિએ પર્યાયની તાકાત હોં! પર્યાયબુદ્ધિએ પર્યાયની

તાકાત એટલી ક્યારે માની કહેવાય? કે અનંતને અનંતપણે રાખીને અનંતના એક પરિણામનો બીજો પરિણામ કર્તા ન રાખે ત્યારે અનંતને અનંત તરીકે રાખીને પર્યાયને કબુલે છે. ત્યાં સુધી પણ પર્યાયબુદ્ધિ છે. પણ પર્યાયબુદ્ધિના હજી ઠેકાણા ન મળે. અનંતમાં આણે આ કર્યું અને એણે આ કર્યું. તો અનંત છે એને અનંત તરીકે જાણવાનો પર્યાય તો અનંત જાણ્યા નહિ એણે. લોજિકથી વાત ચાલે છે કે નહિ કાંઈ? બેરિસ્ટર. બેરિસ્ટર છે. બેરિસ્ટરપણું ક્યાં ચાલે છે હવે? ધંધો કરે છે. ભણ્યા છે. કહો, સમજાણું કાંઈ?

'**ખરેખર...**' જોયું! ખરેખર ભાષા. વળી બીજે કરે કે ખરેખર કહીએ તો કર્તાકર્મ અધિકાર લીધા. ખરેખર કહીએ તો કર્મ વ્યાપક છે અને વિકાર એ તેનું વ્યાપ્ય છે. એય..! એ પ્રશ્ન કર્યો હતો ને ભાઈ? સોમચંદભાઈએ કર્યો હતો. (સંવત) ૧૯૯૯માં કર્યો હતો. સોમચંદ હતાને ભાઈ! કેવા? ૯૯માં કર્યો હતો. ૯૯ની સાલમાં. આ ખરેખર ત્યારે છે શું? ખરેખર વિકાર જીવ કરે છે કે કર્મ કરે છે? આમાં તો ખરેખર લખ્યું છે. ૭૬ ગાથામાં આવે છે ને. ૭૫માં. ખરેખર. એ ખરેખરનો અર્થ વસ્તુનો સ્વભાવ આખો જ્યાં જોઈએ ત્યાં વસ્તુમાંથી વિકાર થાય એવી કોઈ શક્તિ નથી, ગુણ નથી અને દ્રવ્ય નથી. એથી ખરેખર જ્યાં દ્રવ્યદૃષ્ટિ થઈ ત્યારે વિકાર ખરેખર કર્મ વ્યાપક થઈને વ્યાપ્ય થાય તે જ્ઞાતાનું જ્ઞેય છે. પણ જ્યાં સુધી દ્રવ્યની દૃષ્ટિ કરી નથી ત્યાં સુધી ખરેખર વિકારી પરિણામનો કર્તા એ અને પરિણામનો ભોક્તા એ છે. સમજાણું કાંઈ?

'**ખરેખર પરિણામ છે...**' પરિણામ ક્યા? વિકારી હોં! જે બંધમાં નિમિત્ત થાય તે પરિણામની વાત છે અત્યારે. મોક્ષમાર્ગના પરિણામની વાત અત્યારે નથી. કરવાનો ઈચ્છક હોય એવા પરિણામ. જે બંધની પર્યાય થાય તેનો કર્તા નહિ એવા પરિણામ. પણ એ પરિણામ સામાને નિમિત્ત થાય છે. એવા પરિણામ. એમ. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ, દયા, દાન, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગની વાસના એ બધા પરિણામ જીવના વિકારી પરિણામ છે.

'**તે જ નિશ્ચયથી કર્મ છે,...**' કર્મ નામ કર્તવ્ય છે. બસ! અજ્ઞાની કરે તો આ કર્તવ્ય કરી શકે. એની મર્યાદા ઓળંગીને પરના કામ ત્રણ કાળમાં કોઈ કરી શકતો નથી. શાંતિભાઈ! સાચું હશે આ? પણ અંદર બેસે ત્યારે સાચું કહેવાય ને. ન બેસે તો ઉપરથી આ તો કોણ જાણે હા પાડવી પડે છે. શું કરીએ? શું કરે? દબાઈને હા પાડે તો એ કાંઈ હા કહેવાય? નહિતર ખોટા પડશું. નહિતર ઉત્તર બીજો આવશે. વળી એમ થાય તો? એ બરાબર ન કહેવાય. એના એ અમૃતચંદ્રાચાર્યના કળશો છે. એ ના એ અમૃતચંદ્રાચાર્યના કર્તાકર્મના કળશ નિશ્ચયના. જ્યાં જ્યાં જેની સ્થિતિ જે સમજાવવી હોય ઈ કહે ને. આ ઠેકાણે ઓલું કહે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે એ પરિણામ એને અડતા નથી, દ્રવ્યને અડ્યા નથી વિકારી. અને નિર્મળ પર્યાય થાય એ જીવને અડતી નથી, આલિંગતી નથી. અહીં કહે? અહીં તો દ્રવ્યની દૃષ્ટિની ખબર નથી, વસ્તુને જેણે આમ અખંડાનંદ પ્રભુ છે, એક સમયની પર્યાયના લક્ષમાં ઊભેલો દ્રવ્યને જોતો નથી, ચૈતન્ય ચમત્કાર એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનું ચોસલું પ્રભુ, એની સામું જોતો નથી એની વાતની પહેલી સિદ્ધિ કરે છે. પર સામું જોઈને કર તોપણ તારા પરિણામનું કર્મ તારું અને તે પરિણામનો કર્તા તું. કહો, આમાં કર્મને લઈને આ પરિણામ છે એમાં તો ન આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજે ઠેકાણે આવે કર્મ વિના ચાર ભાવ ન થાય. પંચાસ્તિકાયમાં આવે છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે. લ્યો! પણ સાંભળને હવે. કઈ અપેક્ષાએ કહે છે ત્યાં. એ તો પોતાનો સ્વભાવ શુદ્ધ પરિણમે છે, શુદ્ધના અભાવ વખતે નિમિત્ત છે, એકમાં હયાતી, એકમાં અભાવ એવું બતાવવા ત્યાં કર્મ વિના ચાર ભાવ ન હોય (એમ કહ્યું છે). પણ પરિણતિ તો એના પર્યાયની છે. અહીં તો ઉદયભાવના વિકાર પરિણામની વાત કરી છે. માટે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકના પરિણામની વાત તો એક બાજુ રહો, એ તો સ્વભાવ સ્વતઃ છે. સમજાણું કાંઈ? આ કર્મ નિમિત્ત હતું તો નૈમિત્તિક થયું એમ નથી અહીં કહેતા. નિમિત્ત-નૈમિત્તિક એને કહે છે કે નિમિત્ત કર્મ અને વિકારી પરિણામ નૈમિત્તિક, ત્યાં નિમિત્તની પ્રધાનતા છે એમ કેટલાક કહે છે. અને નોકર્મમાં ઉપાદાનની સ્વતંત્રતા છે. નોકર્મ તે નિમિત્ત છે. અહીં ઉપાદાન નિમિત્ત આમ લાગુ પાડવું. કર્મની સાથે આને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ લાગુ પાડવો. તદ્દન જૂઠું. નવરંગભાઈ! આહાહા..!

**'ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી...'** જુઓ! બે ભાષા લીધી છે ને. **'ननु परिणाम एव किल कर्म विनिश्चयतः' 'किल'** અને કર્મ નિમિત્ત પહેલું છે અને પછી આ થયું છે. એમાં વળી પરિણામ ઓલા સમ્યગ્દર્શનના વાંધા. ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય તો આખો આત્મા લેવો અને પર્યાય લેવી ભેગી. એ તકરાર. પણ પર્યાય એમાં આવે તો પછી વિષય કરનાર કોણ રહ્યું? સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા આમ ત્રિકાળ એકરૂપ છે. એમાં પર્યાયનું ભળવું જ નથી. એ પર્યાય એને લક્ષ કરે છે ખરી, પણ એ પર્યાય દ્રવ્યમાં એક થતી નથી. છતાં અભેદ કહેવામાં આવે છે શી રીતે? કે આમ રાગ થતો હોય અને જુદી પડી જતી પર્યાય અભેદ થાય છે દૃષ્ટિ કરીને અંદર. પણ અભેદનો અર્થ કે દ્રવ્યમાં એક થઈ જાય છે ભેગી ધ્રુવમાં એમ નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનનો વિષય તો એકલું દ્રવ્ય... એકલું દ્રવ્ય પરિપૂર્ણ અખંડાનંદ પ્રભુ. એની નિર્મળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાય પણ દર્શનનો વિષય નહિ. સમજાણું કાંઈ? અહીં તો હજી આત્મા એને અજ્ઞાનભાવે કેવો પરિણામ-પરિણામી એની વાત સિદ્ધ કરે છે. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તે એને સમજવું જોઈએ. ખેંચાતાણી થાય તો બાપુ! વસ્તુ એમ નહિ રહે. આખી વસ્તુનો નાશ થઈ જશે. સમજાણું કાંઈ?

અહીં તો નિશ્ચયથી પરિણામ અને ખરેખર પરિણામ. '**ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,...**' વિકારી પરિણામ પુણ્ય-પાપના થાય તે ખરેખર જીવનું જ કાર્ય છે. '**અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...**' મહાસિદ્ધાંત તો આમાં એકલા મૂક્યા છે. દરેક વસ્તુ, એના પરિણામ તે તેનું કર્મ છે. આ લાકડી છે એ આમ આમ થાય છે, જુઓ! ઈ એનું પરિણામ છે, એ આ પરિણામીનું છે. એ પરિણામીનું પરિણામ તે લાકડાનું કાર્ય છે. આંગળીનું નહિ. જીવનું તો નહિ. ભિન્ન છે કે નહિ? આ દ્રવ્ય ભિન્ન છે, આ દ્રવ્ય ભિન્ન છે. અનેક અનેકપણે રહીને કાર્ય કરે છે કે એક થઈને કરે છે? આંગળી જુદી છે અને લાકડી જુદી. જુઓ. એ લાકડી અહીંથી આમ ઊંચી થાય છે. એ લાકડીના પરિણામનો કર્તા એ પરમાણુઓ, એ લાકડીના પરમાણુ છે. એ પરિણામ અને પરિણામી બે અભેદ છે. ખરેખર અભેદ છે. કેટલી અપેક્ષાઓ આવે છે!

'**પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...**' જુઓ હવે. જે કાંઈ પરિણામ થાય, પર્યાય થાય તે પોતાના આશ્રયભૂત. દેખો! એ પરિણામનો આશ્રય દ્રવ્ય. એ વિકારના પરિણામનો આશ્રય દ્રવ્ય. વિકાર તે પરદ્રવ્યને આશ્રયે થાય? સાંભળને ભાઈ! એ દ્રવ્યને લક્ષ ક્યાં કર્યું છે એણે? પણ દ્રવ્ય પોતે છે એને આધારે આ વિકાર થાય છે. દૃષ્ટિ ત્યાં દ્રવ્ય ઉપર છે ક્યાં એની? સમજાણું કાંઈ? એ પરિણામ પોતાના આશ્રયભૂત. પરિણામ જે વિકારના છે એનો આશ્રયભૂત તો દ્રવ્ય પરિણામી છે. એનો આશ્રય-આધાર આ છે.

મુમુક્ષુ :- કર્મ નથી?

ઉત્તર :- કર્મ નથી. પરિણામ વિકારી થયા તેનો આધાર આશ્રય કર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

બીજો સિદ્ધાંત લીધો. બે કહ્યા. દરેક દ્રવ્યના પરિણામ તે તેનું કર્મ છે-એક સિદ્ધાંત. અને દરેક પરિણામ તે પોતાના પરિણામી જે છે એના આશ્રયભૂત પરિણામીનું છે. એના આશ્રયભૂત. પરિણામનો આશ્રય કોણ? પરિણામનો આશ્રય કોણ? પોતાનો આશ્રયભૂત એમ કીધું ને? '**પરિણામ પોતાના આશ્રયભૂત...**' પરિણામને પોતાના આશ્રયભૂત, પર્યાય રાગ-દ્વેષના પોતાના આશ્રયભૂત કોણ? પરિણામી આત્મદ્રવ્ય. સમજાણું કાંઈ? દ્રવ્ય જ પોતે વિકારરૂપે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણમ્યું છે એટલે વિકારનો આશ્રય દ્રવ્ય કહેવામાં આવે છે. દ્રવ્ય-ગુણમાં તો વિકાર થવાની શક્તિ-ગુણ નથી ને વળી આ ક્યાં આવ્યું? એય.. ચંદુભાઈ! ભાઈ! એ દ્રવ્યને એવું જ એણે માન્યું છે. વિકાર છે એ અહીંથી થાય છે. આધારથી. કારણ કે પરથી થાય છે એવું છે નહિ. એટલે એનાથી જ છે એવું અહીં નક્કી કરાવ્યું છે. દ્રવ્યને આશ્રયે વિકાર થાય છે, નહિ કે પરને આશ્રયે વિકાર થાય છે. નિમિત્તને આશ્રયે કર્મના નિમિત્તને કે નોકર્મના આશ્રયે વિકાર છે એમ છે નહિ. સારો સંસારનો આધાર તારો આત્મા છે એમ કહે છે. તારા ઉદયભાવ વિકારી પરિણામનો આધાર આત્મા છે. અને વિકારની ઉદીરણા કર એનો પણ આધાર આત્મા છે. કર્મને આશ્રયે ઉદીરણા થાય, ઉદય થાય અને કર્મનો આશ્રય ન હોય અને ઉદીરણા પુરુષાર્થથી થાય એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આ તો હવે દાંડી પીટીને બહાર આવ્યું છે. આ ક્યાં ન્યાં ગુપ્ત રાખ્યું છે? વજુભાઈ! ઢંઢેરો પીટીને તો બહાર આવ્યું છે. આમ છે. માનો, ન માનો એ તમારે આધારે વાત છે. માનવી તો એને આધારે છે કે કો'કને આધારે છે? માનવાના પરિણામનો આધાર એ દ્રવ્ય છે. એમ આવ્યું કે નહિ આમાં? કહો, સમજાણું કાંઈ?

પરિણામ એટલે વિકારી પુણ્ય-પાપના ભાવ અને જડના જડના પરિણામ. અહીં આત્માની વાત લેવી છે. પણ દરેક પુદ્ગલમાં લ્યો તો પણ એમ જ છે કે જેના જે પરિણામ તેનો પરિણામનો આશ્રય તેનું તે વર્તમાન પરિણામનો આશ્રય ત્રિકાળી દ્રવ્ય. ત્રિકાળ દ્રવ્ય અને પરિણામ. એ પરિણામીનું પરિણામ. '**અન્યનું નહિ...**' દેખો ભાષા! આ અસ્તિ-નાસ્તિ કરી. અનેકાંત કર્યું.

'**(કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય થતો હોતો);...**' આત્માના વિકારી પરિણામનો આધાર કર્મ નથી. કહો, સમજાણું કાંઈ? મોટા વાંધા વિકારના. મોટા પંડિતો પણ લખે એ રીતે. અરે..! સોનગઢના વિદ્વાનો ચાર ગતિનું પરિભ્રમણ કર્મને નિમિત્તમાત્ર કહે છે. પણ નિમિત્ત કારણથી રખડે છે એમ કહેતા નથી. અરે..! જીવ તો ભૂલે ત્યારે તો આખી ભીંત ભૂલે છે ને! આંખ બંધ કરીને ચાલવા માંડે. અહીં બારણે જાવું હોય તો અથડાય કબાટે. એમ આત્મા પોતાની ચીજ શું છે એને ભૂલ્યો છે ને. અને ભૂલમાં પણ ભૂલ કોને કારણે થાય એની એને ખબર ન મળે. ભૂલ અશુદ્ધતા તો પરથી થાય. દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? લ્યો, એ અહીં છ દિ' સુધી ચાલ્યું હતું. ક્ષુલ્લક હતા ને ચિદાનંદજી અહીં. ક્ષુલ્લક. છ દિ'. પણ આત્મા દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ. એ પર્યાયની અશુદ્ધતા આવી ક્યાંથી? એ કરીને આવી. પણ કરીને આવી નથી ને ક્યાંથી આવી? માટે કર્મ કર્મ છે. માટે કર્મ જન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એય..! નવરંગભાઈ! ત્યાગ લઈને બેસી જાય, ખોટા. મિથ્યાત્વના ત્યાગ વિના તારો ત્યાગ ક્યાં છે અવ્રતનો પણ હજી. આહાહા..! સમજાણું?

પરિણામ પોતાના દ્રવ્યના છે. '**અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો;...**' સમજાય છે? આ પરિણામને અન્યનો આશ્રય નથી, પરના પરિણામને આનો આશ્રય નથી. બેય ભિન્ન ભિન્ન પોતપોતાના પરિણામ પોતપોતાના આશ્રયે થાય છે. આમ નક્કી કરે તો સ્વતંત્ર મારા પરિણામનો કર્તા હું છું. તો એ પરિણામ વિકારી છે, ક્ષણિક છે અને હું તો ત્રિકાળી છું. તો શુદ્ધ આનંદમૂર્તિમાં વિકાર હોય નહિ. તો શુદ્ધ આનંદની દૃષ્ટિ કરતાં વિકારની રુચિ ટળતાં, વિકાર થાય તેનો જ્ઞાતા-દૃષ્ટા થાય. એના ફળ માટે વીતરાગતા માટે આ વાત કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૧, સોમવાર તા. ૨૭-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૧૧-૨૧૨, પ્રવચન-૪૦૯**

૨૧૧. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. જુઓ! શું કહે છે? અર્થ છે ને અર્થ નીચે? '**ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,...**' છે?

મુમુક્ષુ :- એમાં કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- હવે તો હજી અર્થ કરશું.

શું કહે છે? '**ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,...**' એટલે શું કહ્યું? કે આત્મા છે ને આત્મામાં જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થાય છે એ પરિણામ છે, પરિણામ એટલે પર્યાય છે. એ આત્માનું કર્મ-કાર્ય છે. અજ્ઞાનભાવમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય એટલે પરિણામ-ભાવ. ભાવ નથી સમજાતા? અવસ્થા. આત્મામાં રાગ-દ્વેષના ભાવ થાય છે કે નહિ?

મુમુક્ષુ :- વેપાર થાય છે.

ઉત્તર :- વેપાર કરવાનો ભાવ એ શું છે? રાગ છે. એ રાગ છે એ પરિણામ છે, પરિણામ છે એ અવસ્થા છે, અવસ્થા છે એ કાર્ય છે. કાર્ય છે કોનું? કે આત્માનું. ખરેખર પરિણામ છે તે નિશ્ચયથી એટલે ખરેખર કર્મ છે. કર્મ એટલે કાર્ય. એટલે શું કહે છે? કે આ આત્માનું કાર્ય અજ્ઞાનભાવે કરે તો એ પુણ્ય-પાપના ભાવ તે તેનું કાર્ય છે. પણ આ શરીરની ક્રિયા કરે, વાણીની ક્રિયા કરે એ એનું કર્મ-કાર્ય છે નહિ. કહો, ભગવાનજીભાઈ! સવારથી તો કાંઈક જરી ઠીક આવશે. કોઈ દિ' સાંભળ્યું ન હોય હવે આ તત્ત્વ શું છે? આ તો સાદી વાત છે અત્યારે તો. સવારે જરી ઝીણી હતી. શું કહ્યું?

જુઓ, આ શરીર છે ને? આ શરીર જુઓ! આ રજકણ છે કે નહિ? આ શું છે? રજકણ-માટી. હવે એ માટી આમ આમ થાય છે એ એના પરિણામ છે. પરિણામ એટલે પર્યાય, પર્યાય એટલે કાર્ય. એ કાર્ય પરિણામ ખરેખર છે તે નિશ્ચયથી આ આંગળીના રજકણનું કાર્ય છે. આત્માનું નહિ.

મુમુક્ષુ :- આંગળીનું કીધું, આત્માનું નહિ...

ઉત્તર :- પણ આ કહે છે કે ને કે આ રજકણ છે એ જગતનું અસ્તિત્વ છે કે નહિ? આ દેખાય છે કે નહિ? કાંઈક છે કે નહિ? તો છે એ શું છે? માંસ અને હાડકા છે. તો

એનો એક એક રજકણ છે તે અંદર ભિન્ન છે. તો કહે છે કે આ જે અવસ્થા આમ થાય તે તેનું પરિણામ કહેવાય. પરિણામ એટલે અવસ્થા, અવસ્થા એટલે વર્તમાન કાર્ય. એ કાર્ય પરિણામ ખરેખર પરિણામ એટલે આ રજકણનું છે. જુઓ. '**તે જ નિશ્ચયથી કર્મ છે,...**' એ રજકણનું આ પરિણામ થવું એ જ એનું કર્મ છે. કર્મ એટલે કાર્ય. આત્માને રાગ કરાવે કે આત્માને દ્વેષ કરાવે એ આનું કાર્ય નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કર્મ છે જડ, એના જે ઉદય આવે, એના જે ઉદય (આવે) એ પરિણામ છે. એ પરિણામ તે કર્મ છે. એ કર્મ કોનું છે નિશ્ચયથી? તે પરમાણુનું એ કર્મ છે. આહાહા..! જુદાં તત્ત્વ કોણ છે? ભગવાન શું કહે છે? એની કાંઈ ખબર ન મળે. ખીચડો કરીને માને મિથ્યાદષ્ટિ. હેરાન થઈને દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સુખી થઈ ગયા હોય એની વાત કરો છો ને?

ઉત્તર :- દુઃખી કોણ? આ બધા કોણ છે? આ શું છે? સુખી કોણ છે? આત્માના શરણ લીધા વિના કોઈ સુખી છે નહિ. કહો, ગોદિકાજી! .. એક સિલ્દ્ધાંત ઠીક! ચિદાનંદ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે, સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ કહેલો, એવો આત્મા આનંદ સ્વરૂપ છે એનો આશ્રય લીધા વિના કોઈપણ જગતમાં સુખી છે નહિ. સમજાણું કાંઈ?

એમ કહે છે કે એ પરિણામ જીવના છે. અહીં તો અત્યારે વિકારની વાત કરવી છે. તે ખરેખર કાર્ય છે. આ રજકણનું કાર્ય. આ ભાષા જુઓ. આ ભાષા ઉઠે છે ને અવાજ, અવાજ. એ અવાજ ઉઠે છે એ ધ્વનિ છે. અને એ અવાજની દશા તે તેનું કાર્ય છે. કોનું? ઓલા રજકણનું. ધ્વનિ ઉઠે છે ધ્વનિ એનું એ કાર્ય છે. આત્માનું નહિ. આત્મા બોલી શકે અને આત્માનું કાર્ય બોલવું એ છે નહિ ત્રણ કાળમાં. સમજાણું કાંઈ? પણ અજ્ઞાની પોતે ન માનીને... આ નીચે કહેશે. મૂળથી, સ્વભાવથી ચલિત થઈ આકુળ થયો થકો આ મારું કાર્ય છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? બીજા શ્લોકમાં આવશે. પોતાના સ્વભાવથી ચલિત થઈને. ભૂલી જઈ અને આ મેં કર્યું... આ મેં કર્યું.. દુકાનના ધંધા કાપડના કે મોટરના જે થાય એ બધા પરિણામ જડના છે. સમજાય છે કાંઈ? મોટરનો કોઈ ભાગ ચાલે આમ, કહે છે કે એ પરિણામ છે. એનું પરિણામ-અવસ્થા છે. એ કર્મ છે. ખરેખર એ કાર્ય છે. કોનું? કે એ રજકણનું. આત્માનું નહિ.

મુમુક્ષુ :- પેટ્રોલનું?

ઉત્તર :- પેટ્રોલનું નહિ. પેટ્રોલના પરિણામ થાય તે પરિણામ પેટ્રોલનું કાર્ય છે. આ ભારે વાત. ભાઈ!

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આવે છે ને, વસ્તુવિજ્ઞાનમાં નાખ્યું છે.

અહીં તો દરેક પદાર્થ. અહીં તો સિદ્ધાંત આપવો છે. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે અનંત આત્માઓ અને અનંત રજકણ જોયા છે. હવે અહીં એક મહાસિદ્ધાંત છે. ત્રણ ચાર સિદ્ધાંતો આ શ્લોકમાં મહાસિદ્ધાંત છે. દરેક વસ્તુમાં વર્તમાન અવસ્થા થાય, ભાવ થાય, પરિણામ થાય. ભાવનો અર્થ એમ ન લેવો કે જડમાં ભાવ ન હોય. જડ પણ આ અવસ્થા છે જુઓ આ. પહેલા આ પર્યાય હતી દાળ-ભાતની. આ. અત્યારે લોહીની થઈ છે. આ અવસ્થા રજકણો. દાળ-ભાત પહેલા ઘઉં હતા. લોટ હતો. પહેલા ઘઉં હતા. પહેલી ધૂળમાંથી થઈ. એ રજકણો પલટી પલટીને આ પરિણામ છે. આ પરિણામ તે પરમાણુનું પરિણામ કાર્ય છે. આત્માએ કર્યું નથી અને આત્માનું કાર્ય છે નહિ. પણ મૂઢ અનાદિનો આ કાર્ય થાય તે હું કરું છું એ માન્યતા તેને મિથ્યાત્વમાં દુઃખરૂપ ભાવને ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ? એક શબ્દ થયો.

પરિણામ ખરેખર એટલે સાચી રીતે, સાચી રીતે જોઈએ તો પરિણામ એટલે પ્રત્યેક પદાર્થની વર્તમાન અવસ્થા તે જ ખરેખર તેનું કાર્ય, કર્મ નામ કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! જગતને આટલું પણ હજી બેસે નહિ. એને પરિણામ આત્માના વિકારી એ મારા સ્વભાવમાં નથી અને હું તો શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ કરે ત્યારે એને શાંતિ અને સુખ થાય. હજી આટલા નિર્ણયના ઠેકાણા નહિ એને સુખ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? સુખ કહો કે ધર્મ કહો. ધર્મ કહો કે સુખ કહો. બેય એક વાત છે.

‘**પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...**’ બીજો સિદ્ધાંત. આ તો બધા સિદ્ધાંતો છે. જે પરિણામ પર્યાય છે-અવસ્થા છે-એ પોતાના જ આશ્રયભૂત દ્રવ્યને આશ્રયે પરિણામીનું છે એ પરિણામીનું કાર્ય. પહેલી સામાન્ય પરિણામની વાત કરી. હવે ‘**પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...**’ આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય એ આત્મા પરિણામી એને આશ્રયે થાય છે. પરને આશ્રયે નહિ. સમજાણું કાંઈ? એમ આ શરીરનો હાથ હાલે છે, આ ભાષા બોલાય જુઓ ભાષા. આ ભાષાનો જે અવાજ ઉઠે છે એ પરિણામ છે. કોના? પરમાણુને આશ્રયે પર્યાય થાય છે. એ પરમાણુ રજકણ છે એના આશ્રયે આ ધ્વનિ ઉઠે છે. હોઠને આશ્રયે નહિ, આત્માને આશ્રયે નહિ. સમજાણું કાંઈ?

‘**પરિણામ...**’ એટલે પર્યાય. આ પરિણામ એટલે આ છોકરાને પરિણામ આપે છે ઈ હશે આ? પરિણામ એક અવસ્થા એટલે પદાર્થની વર્તમાન દશા, એ દશા પોતાના આશ્રયભૂત, એનો આધારભૂત પરિણામીનું જ હોય છે. દરેક પદાર્થના વર્તમાન પરિણામ તે પદાર્થને આશ્રયે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોય છે, બીજાને આશ્રયે તે પરિણામ હોતા નથી. સમજાણું કાંઈ? જુઓ! આમાં તો શું કીધું? કે આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય તેનો આશ્રય આત્મા છે. એનો આશ્રય કર્મ નથી. કર્મને લઈને અહીં વિકાર પરિણામ થાય છે એમ નથી.

જે આત્મામાં દુઃખરૂપભાવ થાય છે, દુઃખરૂપ. રાગ અને દ્વેષ એ પરિણામ છે. દુઃખ. ઉંહું.. ઠીક નથી પડતું. અને ઠીક પડે છે પરમાં એવો રાગ એ પણ દુઃખ છે. એ દુઃખરૂપ પરિણામ પરિણામી જેવો આત્મા એને આશ્રયે થાય છે. સંયોગી ચીજને લઈને દુઃખના ભાવ થાય છે એમ નથી. આહાહા..! કલ્પના કરી. આ લક્ષ્મી, બાયડી, છોકરા પૈસા મળીને આમ સામે પડ્યા છે ને? કલ્પના કરે કે મને ઠીક છે. એવો ઠીક છે એવો જે રાગ, એવો જે રાગ એ રાગનો આધાર કોણ છે? કહે છે, એ દુઃખનો આધાર આત્મા છે. આત્માને આશ્રયે પરિણામ થયા છે. નહિ કે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લાડવા-દાળ-ભાત હતા એને આશ્રયે આ લાડવાનો રાગ થયો અંદર. એ રાગ આત્માને આશ્રયે થયેલો છે, લાડવાને આશ્રયે નહિ. કહો, સમજાય છે આમાં? ક્યાં ગયા પોપટભાઈ ગયા? સમજાણું? પોતાના જે ભાવ થાય છે... સમજાણું? એના સાળા કહેતા હશે ભાઈ! આ કાંઈક કહેતા હશે ને રળવું શું રળવું છે? આટલા પૈસા છે. તમને ખબર નથી. અમે તો નવ હજાર માણસને પોષવા માટે ધંધા (કરીએ છીએ). નવ નવ હજાર.

અહીં કહે છે, ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે કે જે કાંઈ જીવના પરિણામ થાય છે, એનો આધાર કારણ આત્મા છે. પરવસ્તુ નહિ. આ મીલના માલિકો ઘણાં કહેતા હોય ને. મીલ માલિક હોય ને? પાંચ-પાંચ લાખ પેદા કરતા હોય ને. બાપુ! નભે છે કેટલા અમારા આધારે. પાંચ-પાંચ હજાર માણસ નભે, દસ-દસ હજાર માણસ એનો નભાવવાનો એના માટે રળીએ છીએ. મૂઢ છો મૂર્ખ. સમજાણું કાંઈ? કહે છે કે મમતા તને છે મીલની. એ મમતાના પરિણામનું કારણ તારો આત્મા છે. એ મમતાના પરિણામનું કારણ પરવસ્તુ છે નહિ. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? કહો, સમજાય છે ને? ભાઈ! શું કહે છે? જુઓ!

પરિણામ થાય છે ને પરિણામ. પરિણામ સમજ્યા? પર્યાય-પર્યાય. પર્યાય નથી સમજતા? અવસ્થા, અવસ્થા. એ અવસ્થા એ કર્મ છે. કર્મ એટલે કાર્ય. કોનું? કે જેનું થાય તેનું. રજકણની અવસ્થાનું રજકણ અવસ્થાનું કાર્ય અને આત્માની અવસ્થાનું આત્માનું કાર્ય. કોઈની અવસ્થાનું કાર્ય કોઈથી થાય એમ ત્રણ કાળમાં છે નહિ. આ તો કહે, આખો દી જાણે અમે કરીએ, અમે કરીએ. ધંધા, પાણી. ગોદિકાજી! કોણ કરી શકે છે? કરે કોણ? ધૂળ? અનંત દ્રવ્ય છે એ તો. કરે કોણ? એ પરિણામ કરે છે. શુભ-અશુભના ભાવ કર્યા એણે.

આમ કરું... આમ કરું... એવા પાપના ભાવ કર્યા. પાપના ભાવનો આશ્રય કોણ? એ ચીજો આશ્રય છે નહિ. ના.

અહીં તો કહે છે કે '**પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામી...**' એટલે દ્રવ્ય. દ્રવ્યને આશ્રયે તે હોય છે. બરાબર છે? બધા છોકરાને માટે રળીએ છીએ એમ નથી, અહીં કહે છે. સુધીર માટે આ રળીએ છીએ એમ અહીં ના પાડે છે. ખરી વાત. કહે છે, ભગવાન! તારા ભાવ જે મમતાના થયા તે તારું કાર્ય છે અને તે કાર્યનું કારણ આ આત્મા એનું કારણ છે. નહિ કે પરવસ્તુ તેનો આશ્રય છે. પણ મફતનો ઉડાવી અંદરથી ભ્રમણા કરી, મારે અને લઈને કરવું પડે છે, આને લઈને કરવું પડે છે. મૂઢ છો. મહાપાપ સેવે છો કહે છે. અસત્યનું મિથ્યાદૃષ્ટિનું પાપ સેવે છે. સમજાણું કાંઈ? બે બોલ થયા.

'**પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...**' પોતાના સમજો છો? અપના. પોતાના એટલે અપને એમ હશે હિન્દીમાં. પરિણામ એટલે અવસ્થા. પોતાના એટલે અપના આશ્રયભૂત પરિણામી એટલે પદાર્થ એનું જ હોય છે. '**અન્યનું નહિ...**' જુઓ! સિદ્ધાંત કહ્યો. આત્મામાં જે રાગ-દ્વેષ થાય એ કર્મના નહિ. આત્માના પુણ્ય-પાપ ભાવ થાય એ શરીરના નહિ. આત્માના પુણ્ય-પાપ ભાવ થાય એ બાયડી-છોકરાના નહિ. આત્માના પુણ્ય-પાપ ભાવ થાય એ કર્મે કરાવ્યા નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વાતની ખબર ન મળે ને આત્મા આત્મા કરે. આત્મા આવો. શું આત્મા આત્મા પણ હજી આત્મા શું કરે છે અને શું પરિણામ છે અને આત્માનું શું કાર્ય, એની ખબર વિના શું આત્મા આત્મા? સમજાણું કાંઈ? બે બોલ થયા.

જુઓ! અહીં તો નકાર કર્યો પાછો. જોયું ને? '**અન્યનું નહિ.**' અન્યનું નહિ એટલે '**(કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે,...**' પરમાણુના પરિણામ પરમાણુને આશ્રયે, આત્માના પરિણામ રાગ-દ્વેષના આત્માને આશ્રયે (છે). '**અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો);...**' બીજાના કાર્યની પર્યાયનો બીજો આશ્રય હોતો નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આ દુકાનમાં કાપડ પડ્યું હોય ને કાપડ? પાંચ લાખનું, દસ લાખનું. કહે છે કે એ કાપડ રજકણ છે, માટી, ધૂળ છે. તો એ કાપડની જે અવસ્થા થાય છે આમ ગડને આમ વળીને થવી, એ અવસ્થાનું પરિણામ તે કાપડનું કાર્ય છે અને એ પરિણામ તે કાપડના રજકણને આશ્રયે થયેલા છે. વેપારીના રાગને લઈને એ કાપડના પરિણામ થયા નથી. કહો, સમજાણું? એટલે શું? કે ભાઈ! આ કાપડનો તાકો છે ને? આમ પહોળો કરીને આપે. જો ભાઈ આ પાંચ રૂપિયાનો વાર. પચ્ચીસ વાર. હવે એનું ગજ ચાલે ને ગજ આમ માપમાં. કહે છે કે ગજ.. આમ હાથ ચાલે ને કપડાને આમ? એ ગજના પરિણામ

છે એ અવસ્થા છે. એ પરિણામ તે ગજનું કાર્ય છે અને એ પરિણામ તે ગજને આધારે થયેલા છે. એ ઓલો માપનાર આંગળી છે અને જીવ છે એને કારણે થયેલા નથી. એમ છે. વસ્તુસ્થિતિ આવી છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- આ તો બળવો થાય છે.

ઉત્તર :- પણ અહીં નક્કી કરો. અનંત આત્મા અને અનંત અજીવ છે કે નહિ? કે તું એકલો છો? તો અનંત આત્માઓ અને અનંત રજકણો આમ માટી છે કે નહિ? તો છે તેની વર્તમાન અવસ્થા તેનામાં છે કે નહિ? અને તે અવસ્થા તેનું પરિણામ તે તેનું કાર્ય છે. અને એ કાર્યનો આશ્રય તે પરમાણુ છે. અને આત્માનો પરિણામનો આશ્રય આત્મા છે એ. આ તો સીધી વાત છે કે નહિ? ગોદિકાજી! ભાઈ! શું કરીએ? છોકરા ઉપર એવો રાગ છે ને. છોકરા માટે કરવું પડે. અમારે તો કાંઈ નથી. એ સાચી વાત હશે? એય..! દેવાનુપ્રિયા! બધા એમ કહે ને? શેઠિયાઓ.

મુમુક્ષુ :- અમે પણ કહીએ છીએ.

ઉત્તર :- તમે પણ કહો છો?

અહીં કહે કે જૂઠો! આવો જૂઠો થઈ ગયો તું? મૂઢ. તારા પરિણામ તારે કારણે થયા અને એ પરિણામ પરને કારણે થયા એમ તું માન, ભગવાન કહે છે કે કાંઈકનું કાંઈક ઊંધું માને છે, બાપા! ઊંધું એટલે અસત્ય. અસત્ય એટલે મિથ્યા, મિથ્યા એટલે જૂઠું, જૂઠું એટલે પાપ. કહો, સમજાણું કાંઈ? જાધવજીભાઈ! કહો, આ સમજાય છે કે નહિ? આ તો સમજાય એવી વાત છે. સવાર કરતા જાડી છે. આહાહા..! ભગવાનજીભાઈ કહે, આ બપોરનું કાંઈક સમજાય છે છોકરાઓને. કોઈ દિ' સાંભળ્યું ન હોય તો શું કરે? કહો, સમજાણું આમાં?

'**અન્યનું નહિ...**' છે ને? આહાહા..! આ વાત પણ જગતને ક્યાં કોઈ દિ' વિચારી નથી. આ લાકડું ઊંચું થાય. જુઓ! આ શીશપેન છે કે નહિ? જુઓ! આ શીશપેન. જુઓ! અહીંયાં અક્ષર પડે અક્ષર. અક્ષર. એ રજકણોના અક્ષર છે. એ અક્ષરો જે પડે છે એ પર્યાય છે. એ પર્યાય એ કર્મ છે. કોનું? કે એ રજકણોનું. એ રજકણોનું એ અક્ષર કાર્ય છે. આત્માનું નહિ, આત્મા એને કરતો નથી.

મુમુક્ષુ :- જીવતો જીવ કરે કે નહિ?

ઉત્તર :- જીવતો જીવ અંદર કરે એના ભાવને કે પરમાં કરતો હશે? કહો, સમજાણું કાંઈ? આ ભારે.

બે વાત કરી. ત્રીજી આમ નાસ્તિથી કરી. '**વળી કર્મ કર્તા વિના હોતું નથી,...**' ત્રીજો બોલ. કોઈપણ પદાર્થની જે અવસ્થા થાય તે કર્તા વિના ન થાય. કરનાર વિના પરિણામ

ન થાય, કરનાર વિના કાર્ય ન થાય, કરનાર વિના પરિણામની અવસ્થા કાર્ય ન થાય. કહો, બરાબર છે? કર્મ કર્તા વિના હોતું નથી. કર્મ એટલે પર્યાય. પર્યાય એટલે પરિણામ, પરિણામ એટલે અવસ્થા. એ અવસ્થા કર્તા વિના હોતી નથી. સમજાણું કાંઈ? કોણ કર્તા? તે તે પરિણામનો તે તે દ્રવ્ય કર્તા. જીવના પરિણામનો જીવ કર્તા, પરમાણુના પરિણામનો પરમાણુ કર્તા. એક એક રજકણની અવસ્થાનો એક એક રજકણ કર્તા.

જુઓને! આ બધું શિલ્પીનું નાખીને આ શ્લોક કર્યો છે એનો, લ્યો. જેટલા કારીગર હોય ને? કહે છે, કારીગરના પરિણામ, બધાના પરિણામ તે તારું કાર્ય છે. હું ઘડો કરું એવા કુંભારના પરિણામ એનું કાર્ય છે. ઘડો તારું કાર્ય છે? એમ કહે છે.

મુમુક્ષુ :- ફેક્ટરી ચલાવનારનું?

ઉત્તર :- ફેક્ટરી ચલાવવાનું ફેક્ટરીના પરિણામે. અહીં તો રાગ થયો એને. એ રાગ એનું કાર્ય છે. ફેક્ટરીનું કાર્ય છે એનું? કહો, ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વસ્તુ છે કે નહિ? પણ એ ચીજ છે કે નહિ? કે સસલાના શીંગડા છે? ચીજ છે કે નહિ? રજકણો છે કે નહિ? શું કહેવાય તમારા જોડા? ચંપલ. પ્લાસ્ટિક. એ પ્લાસ્ટિક છે એ વસ્તુ છે કે નહિ? એક વસ્તુ છે કે અવસ્તુ છે? ભાવ છે કે અભાવ છે? છે. હવે પ્લાસ્ટિકના એક એક રજકણ જે છે એની અવસ્થા આમ આમ થાય છે એ અવસ્થા તે પરમાણુનું કાર્ય છે. એ અવસ્થાનું કારણ આશ્રય તે પરમાણુ છે, એ પર્યાય તે પરિણામ કર્તા વિના થઈ નથી. એ કર્તા એનો પરમાણુ છે.

મુમુક્ષુ :- સંચાએ કાપ્યા છે ને?

ઉત્તર :- સંચાનો એક એક રજકણ પોતાના પરિણામને કરે છે. પરને કાપતો-ફાપતો નથી. સંચો જોડાને કરતો નથી ચંપલને. એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો કેમ બેસે?

ઉત્તર :- ન બેસે તો ઉતારવું પડશે એને, સત્ય જોઈતું હોય તો. ઊંધા બધા પકડ્યા છે તે. એ સંચો જોડાને કાપતો નથી. સંચો જોડાને સીવતો નથી, આમ કરતો નથી એમ કહે છે. સંચાનો એક એક રજકણ પોતાને કારણે જે અવસ્થા થઈ તેનું કારણ તે પરમાણુ છે. એમાં જોડામાં ચંપલના જે પરમાણુ ગોઠવાય છે એ પરિણામનું કારણ એના પરમાણુ છે. સંચો નહિ.

મુમુક્ષુ :- આત્મા પણ નહિ.

ઉત્તર :- આત્મા તો છે જ નહિ. એ તો મફતનો મૂઢ થઈને ધણી થાય છે. કો'કના

ઘરમાં ગળે પડે છે. ગળે પડે છે. કામ થાય છે એમાં અને કહે કે હું કરું છું. ગળે પડે છો મફતનો. આહાહા..! કહો, આ સર્વજ્ઞ ભગવાન ત્રણ કાળનું જેને જ્ઞાન છે એવા પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ આ તત્ત્વનું વર્ણન કરે છે. આ રીતે વર્ણન વસ્તુની વ્યવસ્થા છે. એમાં આઘું-પાછું કાંઈ માને તો એના ઘરમાં મિથ્યાત્વનો ગોદો-દુઃખ લાગે છે. કહો, સમજાણું કાંઈ?

'**કર્મ...**' કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે અવસ્થા. '**કર્તા વિના અવસ્થા હોતું નથી...**' બરાબર છે? '**તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી...**' લ્યો, આ શું કરવા કહ્યો ચોથો બોલ વળી? પણ આ બદલાય છે ઘડી ઘડીને. આમ લાડવો હોય, આંગળીથી ભુક્કો થાય. લાડવો લ્યો આમ. આંગળી અડે ત્યાં ભુક્કો થાય, દાબે ત્યાં ભુક્કો થાય અને અહીં આવે તો પાતળું પડે. આમ અવસ્થા બદલે છે ઈ કો'ક બદલાવે છે કે નહિ? ના. '**વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી...**' વસ્તુ એકરૂપે રહી શકે નહિ. અવસ્થા ભિન્ન-ભિન્ન થાય છે. માટે લાડવો બન્યો એ પણ એને કારણે, ભુક્કો થાય એને કારણે, દાંતને કારણે નહિ, આંગળીને કારણે નહિ. આ ભારે વાત, ભાઈ! કહો, એય..! પોપટભાઈ! શું હશે આમાં તમારે હવે ત્યાં? ઓલા કહે, અમે કરીએ છીએ... અમે કરીએ છીએ. અઢી અઢી કરોડના સંચાથી મોટા આમ મેંગેનીઝમાં લોઢું આમ ફેંકે, લોઢું આમ જાય. કોણ કરે? એનો કારીગર હુશિયાર હોય એ કરે કે નહિ? એ તો આવી ગયું માથે મીંડુ તારું. એ તો શિલ્પીમાં આવી ગયું છે. એ શિલ્પી એના પોતાના પરિણામને કરે રાગના. પણ એ મેંગેનીઝ કાઢવાનું લોઢું સંચો આમ આમ હલાવે એનું કાંઈ કરે? એક એક રજકણ પોતાના પરિણામને કરે અને તે પરિણામ કર્તા વિના થયું નથી અને વસ્તુની એક સ્થિતિ નથી તો ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે. આમ કેમ થયું? હાથ અડ્યો ત્યારે આમ કેમ ખસ્યું? લ્યો સમજાણું? આ જુઓ કર્યું. આમ કેમ ખસ્યું?

મુમુક્ષુ :- આપે ખસવ્યું.

ઉત્તર :- એ જ કહે છે કે એના પરમાણુની એકરૂપ સ્થિતિ હોય નહિ. ભિન્ન ભિન્ન સ્થિતિ હોય માટે ભિન્નની અવસ્થા એના રજકણથી થઈ છે, આંગળીથી નહિ. કહો, સમજાણું આમાં? ન્યાયથી તો વાત ચાલે છે આમાં. આહાહા..! ભગવાન! તને આટલો પણ પરિણામનો... પરના પરિણામનો તું કર્તા અને તારા પરિણામનો એ કર્તા માન ત્યાં સુધી તો બે પદાર્થની એક બુદ્ધિમાં હેરાન થઈ ગયો છો. હવે એથી ખસીને હજી તો એના માને, આ પ્રમાણે માનીને ખસીને રાગના પરિણામ થાય એ મારું કર્તવ્ય નથી, એ મારું કાર્ય નથી. એ કાર્ય તો અજ્ઞાનભાવે માનેલું છે. પરનું તો કાર્ય છે જ નહિ. એને માન્યું છે. હવે અહીં રાગ

છે ખરો, વિકલ્પ ઉઠે છે ખરો પાપનો રાગ, પુણ્યનો (રાગ). પણ એ ખરેખર વસ્તુનું કાર્ય નથી. વસ્તુ સ્વભાવનું કાર્ય નથી. સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે વિકારનું કાર્ય સ્વભાવમાં પરિણમનમાં આવતું નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વભાવ એની દૃષ્ટિ થતાં તેના પરિણમનમાં એ વિકાર ભેગા આવતા નથી. એ તો ભિન્ન રહી જાય છે. સમજાય છે કાંઈ? ધર્મીના ધર્મ પરિણામમાં એ ધર્મ પરિણામ ધર્મી દ્રવ્યને આશ્રયે થયા છે. એ પરિણમન આમ થતાં તેની સાથે રાગ ભેગો આવતો નથી. રાગનું પરિણમન ભિન્ન છે. સમજાણું કાંઈ? આવી વાતું ક્યાંથી કાઢી? એક જણો કહેતો હતો. કાઢી ક્યાં? આ બધી છે અનાદિની, ન્યાં નવી કે દિ' છે? ભગવાનના માર્ગમાં અનંત કાળથી ચાલી આવે છે. અનંત કાળથી તીર્થંકરો કહેતા આવે છે, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ ઇન્દ્રો સાંભળતા આવે છે. કહો, સમજાય છે કાંઈ?

પણ આ મકાન ૨૨ માળના કર્યા એ કોણે કર્યા?

મુમુક્ષુ :- મગનભાઈનો દીકરો કરે?

ઉત્તર :- હા. પુનમચંદ ન હોય તો કોણ કરે? કોણ કરે? મુંબઈમાં કોઈ દિ' થતા હતા આવા ૨૨ માળના મકાન? હવે પછી વધવા માંડ્યા હશે. ધૂળમાં અભિમાની છે મફતનો, અહીં તો કહે છે. એ તો પરમાણુના પિંડલા રજકણના ગારાના ધૂળના. એ ઊંચા થવાના પરિણામની ક્રિયા કરનારા એ પરમાણુ છે. આત્મા એનો કર્તા નથી. આહાહા..! પત્થર ઊંચો કરીને માથે ગોઠવે, મૂકે અને પાછો સરખો હોય તો કાપી નાખે આમ સરખું કરવા માટે. બહાર ફીટ કરવા આમ કરે. કહે છે કે એ આંગળાએ કર્યું નથી, આત્માએ કર્યું નથી.

મુમુક્ષુ :- કર્યા વિના થયું નથી.

ઉત્તર :- કર્યા વિના થયું નથી. પણ કોણે કર્યું છે? એ તો પહેલા કીધું. એ પરિણામનો આશ્રય એનો પરમાણુ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, અમુલખભાઈ! શું હશે આ મોટા લાકડાનું હવે? એની મેળાએ ઊંચું થાય? એની મેળે ઊંચું થાય છે લાકડું? સો મણનું લાકડું તમારે બે લાખના લાકડા હોય એમાં ઊંચા. કેટલા મજૂરોને ભેગા કરવા પડે? એ તો એક એક રજકણનું હોવાપણું પોતાની અવસ્થાના બદલવાને કારણે રહ્યું છે. વસ્તુ એક સ્થિતિએ ન હોય માટે ભિન્ન ભિન્ન અવસ્થા તને નિમિત્તના સંયોગે ભાસે, (એ) ભૂલ છે તારી, કહે છે. જેવું નિમિત્ત આવ્યું અહીં અવસ્થા પલટીને? ના. ના. વસ્તુની સ્થિતિ એક ન હોય. એના માટે છે. સાંભળને. સમજાણું કાંઈ? આવા અભિમાન મિથ્યાત્વના જ્યાં સુધી ન છોડે, ત્યાં સુધી સ્વભાવની દૃષ્ટિમાં આવી શકે નહિ. ધર્મની દૃષ્ટિ ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

'**તેમ જ વસ્તુ...**' એટલે આત્મા કે પરમાણુઓ '**એકરૂપે સ્થિતિ (અર્થાત્ કૂટસ્થ**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સ્થિતિ)...**' એટલે એકરૂપે રહી શકતા નથી. કોઈપણ આત્મા અને કોઈપણ પરમાણુ એક અવસ્થાપણે રહે એમ ન હોઈ શકે. કેમ કે પર્યાય છે તે બદલતી હોય છે. પણ અજ્ઞાનીને સંયોગ દેખીને અહીં બદલ્યું છે એવો ભ્રમ પડે છે. પણ એ પોતાને જ કારણે બદલી છે તે ક્ષણે. નિમિત્તને કારણે નહિ, સંયોગને કારણે નહિ. એ માટે આ શબ્દ મૂક્યો છે. પણ ભાઈ, આ દેખાય છે ને? દરજી તો આવ્યા નથી. આ કાપડ એની મેળાએ કોટ થાય? દરજી વિના? સંચામાં મૂક્યા વિના થાતો હશે કોટ? એવા મોટા પંડિતો પ્રશ્ન કરે છે સમજ્યા વિનાના.

મુમુક્ષુ :- પ્રશ્ન ક્યાં કરે છે? એ તો માને છે સાચું.

ઉત્તર :- માને, ધૂળેય કાંઈ ભાન નથી. કોટનો એક એક પરમાણુ છે. જે ક્ષણે પરમાણુમાં આકૃતિમાં આવવાનો હોય ત્યારે જ તે આવે છે. કેમકે વસ્તુ એક સ્થિતિએ રહેતી નથી. એને કારણે (થાય એને કહે કે) અમે કોટ આવો કર્યો, ઓલો કુંભાર કહે કે અમે ઘડો આવો કર્યો, ઓલી બાઈ કહે રોટલી અમે આમ કરી, પુડલા અમે સારા કર્યા. પુડલા સારી આવડત હોય એને આવડે, હોં! સાધારણને ન આવડે. ખરું કે નહિ? ભીખાભાઈ! આ બંગડીમાં પણ એમ હોય છે ખબર છે ને? એ નાખતા આવડવી જોઈએ. આમ ને આમ નાખવા જાય તો ન ચાલે. એ આવેને .. એવું કરે કે જેમાં બહુ જાડું ન થાય. એક ફેરી એ જોયેલું હોં બધું. મેં કીધું, ઠીક આ આમ ન નાખે પણ પાતળો ભાગ થાય ત્યાં (નાખે). આમ રાખે તો ન થાય. આમ કરી કરી કરીને ફટ ચડાવી દે. એ કહે છે, કળાનો કરનાર તું આ પર્યાયનો નહિ. બાયું આવેને? છોડીયું. .. લાગુ પડે છે કે નહિ. સરખું કરીને અંગુઠો આમ રખાવે. આમ કરીને આમ તેલ ચોપડે. તેલ ચોપડે તેલ. સમજ્યાને? કે જેથી ઓલું પાછું સુંવાળું થાય. આ જાડો ભાગ છે ને પાછું એક .. કાયમ રહે નીકળી ન જાય. એવી રીતે પહેરે કે નહિ? મોટું આવડું પહેરાવે તો નીકળી જાય. ભારે ભ્રમ ભાઈ! આહાહા..!

અરે..! તને તત્ત્વની, વસ્તુની ખબર નથી કે વસ્તુમાં કેમ કાર્ય થાય એની ખબર નથી અને બેખબરો થઈને તું માન. કહે છે કે એ મોહને લઈને, મૂઢતાને લઈને તું માને છે. એ દુઃખી થવાના રસ્તા તારા છે. કહો, દીપંચદભાઈ ક્યાં ગયા છે? કહો, સમજાણું આમાં? શું હશે આમાં? મહાસુખભાઈ! ત્યાં શું સૂર્યકાંત કરતો હશે કે નહિ મોટરના પાર્ટનું સરખું? ભાવ કરે? પણ પાર્ટ આમ ગોઠવવા પડે. બીજા દેખે એમ બરાબર સરખા આમ લાઈનસર પાટીયા નાખીને આમ કરીને બધું ગોઠવવું પડે કે નહિ?

મુમુક્ષુ :- આપ તો ના પાડો છો. અમે જેટલું કામ કરીએ એ બધાની ના. એકેયની હા નથી પાડતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- અમારી દુકાનમાં ત્યાં અમે ગોઠવતા માલ. ઘોડા મોટા. સાકરના નમુનો રાખે ત્યાં. .. દુકાન મોટી છે ને. તો નમુનો રાખે. શેર-બે શેર. માલ પડ્યો હોય કોઠારમાં. નમુનાનો ડબ્બો રાખે. એના ઉપર લખ્યું હોય કે જુઓ, આ નમુનો છે ને. કેટલી જોવે? તમારે અધમણ જોઈએ? વખારે જાવ. વખારે પડી હોય ત્યાં લઈ જાય માણસને. હવે જો એ ડબો એની મેળાએ ઉઘડે? અહીં કહે છે કે એની મેળે ઉઘડે એમ કહે છે અહીં. આ ભારે જગતને. આંધળું ખાતુ તે જગતનું.

મુમુક્ષુ :- .. કરે તો...

ઉત્તર :- કોણ કરે? એની અવસ્થા બદલી છે. પરમાણુ એકરૂપે રહે નહિ. અવસ્થા બદલાય એ પરમાણુનો સ્વભાવ છે. હવે તું ક્યાં એને બદલાવી દે આમ આમ કરીને બદલાવી દે? કહો, કેમ હશે આમાં? ભીખાભાઈ! હુશિયાર માણસ તમે તો બધા તલાટીપણું કર્યું હશે.

વીતરાગ કહે છે કે તને તત્ત્વની ખબર નથી. 'જડ અને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' જડ અને આત્મા બે જુદે જુદી ચીજ છે. અને જુદાની જુદા પરિણામનો એ જુદો કરનારો છે. એના પરિણામને તું કર અને તારા પરિણામને એ કરે એવું ત્રણ કાળમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? હજી એને જડ અને ચૈતન્યની શ્રદ્ધાની ખબર ન મળે. કહો, કેટલા નિયમ આવી ગયા જોયું એક શ્લોકમાં? ઓહોહો..! આચાર્યની કથન પદ્ધતિ તે!

**'વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (-એ નિશ્ચય સિદ્ધાંત છે).'** એ ખરો નિયમ છે. વીતરાગે કહેલું, જાણેલું અને જગતની અવસ્થા જેમ છે તે એનો ખરો નિયમ છે. કહો, બરાબર છે કે નહિ આમાં? જેઠાલાલભાઈ! ત્યાં શું કલેક્ટરપણું કર્યું હશે તો કાંઈ ભાષા-બાષા સમજાવી હશે કે નહિ? તમે કલેક્ટર શેના થયા?

મુમુક્ષુ :- બહુ હુશિયાર માણસ છે.

ઉત્તર :- હુશિયાર એટલે પોરબંદરમાં કલેક્ટર હતા લ્યો આ. આવું બધું આવતું હશે? ભારે ભાઈ ગપ ચાલે છે આ તો. ભાઈ! તું કોણ? અને આ શું? ખબર છે કાંઈ તને? તું તો આત્મા. અરૂપી જ્ઞાનઘન. એને ભૂલીને વિકાર કર એ પરિણામ તારું કાર્ય અને પરિણામની અવસ્થા એકરૂપ ન રહે, ભિન્ન-ભિન્ન થાય. એમ કે પહેલો રાગ તીવ્ર હતો, મંદ હતો ને આ તીવ્ર કેમ થયો? સ્ત્રી દેખીને થયો કાં કર્મની તીવ્રતા આવી માટે થયો. કહે ના. કોણે કહ્યું તને?

મુમુક્ષુ :- કર્મના અનુભાગ અનુસાર છે.

ઉત્તર :- અનુભાગ અનુસાર છે. કોણે કીધું આ?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- લખ્યું નથી એમાં. આ શું લખ્યું છે? એકરૂપ અવસ્થા ન હોય. મંદ અને તીવ્ર, મંદ અને તીવ્રની જે લાયકાત છે તે તે પ્રકાર તે પરિણામ કરે છે અને એ પરિણામનો આત્મા કર્તા છે. કહો, એને લાગુ પડતું હશે કે નહિ ઓલામાં? કે કર્મમાં બીજો સિદ્ધાંત હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણી ચોપડીઓ આવી હતી. અમે તો ત્યાં સાંભળી હતી ને ૮૩માં. દામોદર શેઠ લેતા આવે કે આ કર્મને લઈને બધું થાય... કર્મને લઈને બધું થાય. ધૂળેય ન થાય સાંભળને! સૌના પરિણામને લઈને (સૌનું) કાર્ય થાય. બીજાનું કાર્ય એને લઈને, તારું કાર્ય તારે લઈને. એની મિથ્યા ભ્રમણા. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડું ચાલવા માંડ્યું. ઓલો કૂતરો નીચે હોય ને? આમ અડતું હોય તો જાણે હું હાકું છું. મરી જાઈશ ગાડું પડશે તો. ગાડું શું હાકતો હતો? ગાડું તો એની મેળાએ ચાલે છે.

એમ આ જ્યાં બેઠો હોય ત્યાં મારે લઈને આ વેપાર, ધંધો (ચાલે છે). જોયું! થડે બેસીએ ત્યાં સરખું કામ ચાલે. સરેડે ચાલે. મૂઢ છો એમ કહે છે અહીં. મિથ્યા ભ્રમમાં પડ્યો છો. એ જગતના પરમાણુની પર્યાય તે કાળે થાય. તેનો કર્તા અને તેની સ્થિતિ એકરૂપ ન રહે માટે એનાથી થયેલ છે એ તો. સમજાણું? માલ અહીંથી ખસી ગયો ત્યારે કહે, તારે કારણે (ખસી)? ના. માલની અવસ્થા એકરૂપ રહે જ નહિ રજકણની. ભિન્ન ભિન્ન અવસ્થા થાય ત્યાં અહીંથી જવાનું હોય તો ગયા વિના રહે નહિ. તારે લઈને નહિ. ભગવાનજીભાઈ! ભગવાનભાઈ! શું હશે આ? લ્યો, આવું સમજ્યા વિના સામાયિક અને પોષા કરીને બેસે. શેના સામાયિક અને પોષા તારે ક્યાંથી આવ્યા? એય.. માનચંદભાઈ! શું હશે આ? આવું કામ તો ભાઈ અમે સાંભળ્યું નહોતું. અમે તો સામાયિક, પોષા, પડિક્કમણા કરીએ, ચોવિહાર કરીએ તો ધર્મ થાય એમ હતું. લ્યો! ધૂળમાંય ધર્મ નથી હજી ભાન વિના. રાગ શું છે? આત્મા શું છે? પર શું છે? જીવ-અજીવના પરિણામ શું? જીવ-અજીવનું દ્રવ્ય શું એની ખબર ન મળે ને ધર્મ ક્યાંથી થયો? લ્યો! એ શ્લોક પૂરો થયો. ૪૦ મિનિટ થઈ, લ્યો!

મુમુક્ષુ :- ૨૦ રહી. બધાય સિદ્ધાંત આવી ગયા ને.

ઉત્તર :- બધાય સિદ્ધાંત આવી ગયા. જુઓ! શું સિદ્ધાંત કીધા?

કોઈપણ પદાર્થની જે વર્તમાન અવસ્થા તે તે તેને કાર્યને કર્મ કહેવામાં આવે છે. તે તે પરિણામનો આશ્રય તે તે પરિણામી તે પદાર્થ છે. અન્યથી એ થયું નથી. કર્તા વિના તે પરિણામ થતાં નથી. કર્તા તે તે દ્રવ્ય તેના પરિણામનો છે. વસ્તુની એકરૂપે સ્થિતિ નથી.

માટે નિમિત્ત આવતા પલટ્યું એમ છે નહિ. કહો, સમજાણું આમાં? ભાઈ! અગ્નિ આવી ત્યારે રોટલી થઈ. ના. ના. પરમાણુની એકરૂપે સ્થિતિ ન હોય એમ કહે છે. આહાહા..! ભારે વાતું આ તો. કહો, સમજાણું? એ નિશ્ચય સિદ્ધાંત છે. ત્રણે કાળમાં ભગવાને સર્વજ્ઞે સિદ્ધ કરેલો તત્ત્વની વ્યવસ્થા આ રીતે છે. એમ જાણે તો એને પરનો મોહ ઊડી જાય. મેં કર્યું... મેં કર્યું.. આનું આમ કર્યું, એ મોહ ઊડી જાય અને પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાનો અવકાશ રહે. આ પરનું તો કાંઈ કરતો નથી ત્યારે હવે મારે શું? જ્યાં ઊભો ત્યાં પરનું તો કરતો નથી. એ તો કાર્ય એનાથી થાય. ત્યારે હવે તારે ક્યાં આવવું? તારી સીમા તારા પરિણામમાં રહી. તો એ પરિણામ શું છે? આ તો વિકારી છે. વિકારી છે માટે દુઃખરૂપ છે. હવે મારે સુખરૂપ થવું છે કે નહિ? તો એ વિકારી પરિણામથી રહિત ક્ષણિક છે. આ વસ્તુ ત્રિકાળી છે. એ ક્ષણિકની દૃષ્ટિ ઉઠાવીને ત્રિકાળીની દૃષ્ટિ કરવી. આ પરનો મોહ ઉઠે ત્યારે થાય એવું છે. સમજાણું કાંઈ?

**'હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :-'** ૨૧૨. કળશ છે ને માથે.

**बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं**
**तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।**
**स्वभावनियतं यतः सकलमेव वस्तित्वष्यते**
**स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते।।२१२।।**

આહાહા..! જુઓ! અરે.. પ્રાણી! જગતના પ્રત્યેક પદાર્થ અવસ્થા કરીને રહ્યા છે. આમ તને સમજવામાં આવતું નથી. તને આ ક્લેશ (થાય છે કે) અરે..! આમ કેમ કર્યું? અરે..! આમ કરું તો આમ થાય. આમ કરું તો આમ થાય. શું કરવા મફતનો ક્લેશ ભોગવે છે? સમજાણું કાંઈ? બહુ વિકલ્પ થાય. અમારે કાલે આવ્યા હતા ને? શાંતિભાઈ આવ્યા હતા. ભાવનગરથી નહોતા આવ્યા? ત્યાં જોયું. ઉમરાળે હતા ને? જોયું. પાડોશી હતા જોડે. પરમાનંદ ભીખા ને... .. વિકલ્પની જાળ બહુ ઘુંટાય છે. કોણ કરે છે? આ વેપારમાં ખોટ જાતી હશે માટે વિકલ્પ થાતા હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ કહે છે ખોટું છે. અને પાંચ લાખ મળ્યા માટે અહીં વિકલ્પ થાતો હશે એને લઈને? એ તો અહીં કહ્યું પહેલું. વિકલ્પ તેં કર્યો એ તારું કાર્ય છે. અને વિકલ્પનો કર્તા તું છો, એનો આધાર તું છો. વસ્તુ એક સ્થિતિએ રહે નહિ. ભિન્ન ભિન્ન અવસ્થા થઈ છે. નિર્ધનપણું ખોટ ગઈ માટે અવસ્થા છે એમ છે નહિ. ભારે વાતું ભાઈ! .. નારણભાઈ!

સમજાય છે કે નહિ આમાં? ઓલી ફિલ્મ ગઈ માટે વિકલ્પ થયા એમ નથી. ના પાડે છે. આહાહા..! આખા અનંતા પરમાણુ અને અનંતા જડ અને બીજા આત્માઓ. બીજાનું લઈને ઊભો થયો છે ને બધું? એનું બાયડીના આત્માનું કરી દઉં, છોકરાના આત્માનું કરી દઉં. સમજ્યાને? આખી નાતનું કરી દઉં, દેશનું કરી દઉં. કોનું કર? સાંભળને! કેટલો ભાર ઉપાડવો છે તારે? તારા પરિણામને તું કર, તેના ફળને તું ભોગવ. તારા કરેલા બીજા ભોગવે અને બીજાના કરેલા તું ભોગવ એવું હોતું નથી. સમજાણું કાંઈ? હવે કહે છે. ૨૧૨.

'**શ્લોકાર્થ :- જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે...**' શું કહે છે હવે? કે વસ્તુમાં અનંત શક્તિ છે. દરેક આત્મામાં અને પરમાણુઓમાં અનંત શક્તિ છે. પણ એવી કોઈ શક્તિ નથી કે પરનું કાર્ય કરી દે. એમ કહે છે. પાઠ તેથી લીધો, જુઓ! '**स्फुटदनन्तशक्तिः स्वयं**' એક એક આત્મામાં... ભગવાન કેવળીએ જોયો આત્મા, એમાં અનંત શક્તિઓ છે જ્ઞાન, દર્શન, આદિ. પણ એવી કોઈ શક્તિ નથી આત્મામાં કે પરમાણુનું કાર્ય કરે કે જડનું કાર્ય કરે કે બીજા આત્માનું કાર્ય કરે. બહાર લોટે ખરી. જગતના પદાર્થની બહાર ઊભી ઊભી એ વસ્તુ આમ ફરે ભલે. પણ ફરતા પરનું કાર્ય કરી દે એવી કોઈ શક્તિ છે નહિ. એ કળશમાં આવી ગયું છે પહેલું. બધી શક્તિ (છે એમાં) પણ એવી કોઈ એક શક્તિ હોય તો? એય..! આવી ગયું છે ને? કળશટીકામાં આવી ગયું. પહેલામાં. સમજાય છે?

આત્મામાં અનંત શક્તિ છે. તો અનંત શક્તિમાં એવી એક શક્તિ હોય કે જડને ચલાવે, જડના કામ કરે, દેશના કામ કરે, કુટુંબના કામ કરે. એવી પણ એક શક્તિ હોય તો? એક ગાયને.. સમજ્યાને? ચરાવવા જાય તો એક ગાયનો ગોવાળ તો પાંચ ગાયનો ગોવાળ. નથી માણસ કહેતા? ભાઈ! એક ગાયને તારે લઈ જવી છે ને? પાંચ ગાય મારી ભેગી લઈ જજે. એક ગાયનો ગોવાળ તો પાંચનો. એમ તારી શક્તિ અનંત છે ને? તારું કરે છે ને તું? તો ભેગું મારું પણ કરે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મટી જાય. આહાહા..!

એ કહે છે કે એક રજકણ હોં! આ તો મૂળ ચીજ નથી, એનો પોઈન્ટ ટૂકડો છેલ્લો ઝીણો. એ રજકણમાં અનંત શક્તિ છે. એ રજકણ બીજા રજકણની જોડે ભલે રહે, પણ એ બીજા રજકણની અવસ્થા એ રજકણ કરે એવી કોઈ શક્તિ નથી.

મુમુક્ષુ :- એનામાં પણ અનંત શક્તિ?

ઉત્તર :- અનંત શક્તિ દરેકમાં છે. કહો, સમજાણું આમાં?

આત્મામાં અનંત શક્તિ છે, પરમાણુમાં અનંત શક્તિ છે. એ દ્રવ્ય છે કે નહિ? અનંત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પદાર્થના મધ્યમાં પોતે પોતાથી જળવાઈને રહ્યો છે. પરને લઈને નહિ. જળવાઈ રહ્યો છે સમજાય છે? ટકી રહ્યો છે. વિદ્યમાનપણું. એના આ રજકણો છે એમાં એક રજકણ અંદર જુદો છે તે પોતાથી રહ્યો છે. આ રજકણને લઈને નહિ અને આત્માને લઈને નહિ.

મુમુક્ષુ :- અનાજને લઈને?

ઉત્તર :- અનાજને લઈને નહિ. અનાજના રજકણ જુદા, આના જુદા. આ ધૂળ જુદી, ઓલી ચીજ જુદી.

કહે છે... અહીં તો એ સિદ્ધ કરવું છે. '**बहिर्लुठति**' કહ્યું છે ને? '**જેને પોતાની અનંત શક્તિ પ્રકાશમાન છે...**' પરમાણુમાં પોતામાં અનંત શક્તિઓ છે. આ આત્મામાં અનંત શક્તિ છે. '**એવી વસ્તુ અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે...**' અન્ય પદાર્થની બહાર ઊભી હોય છે. જેમ આત્મા છે ત્યાં શરીર છે, શરીર છે ત્યાં આત્મા (છે). પણ બહાર છે. શરીરથી આત્મા બહાર છે અને આત્માથી શરીર બહાર છે. સમજાણું કાંઈ? માગવા નથી આવતા ઓલા શંકરના બાવા? શું કહેવાય એને? જંગમ. આમ લઈને નહિ? ટોકરો હોય વગાડે. ઓલી હોય લાકડી. થોડી વાર પૈસા ન આપે આમ આમ કરે. ઓલું લોલક હોય ને એ ધ્રુજે. માગવા આવે છે ને? અહીં રહેતા. એ આવે છે. શંકરના બાવા કહેવાય ને એ? જંગમ બાવા. એના હાથમાં ટોકરો મોટો હોય. એક લાકડી હોય. ઓલું લોઢામાં એવું હોય ને આમ આમ ખખડે. જુઓ! બહાર લોટે છે પણ બહાર ખખડ થાય છે કે નહિ?

મુમુક્ષુ :- બહાર લોટેનો દાખલો બરાબર આપ્યો.

ઉત્તર :- અમારે તો દુકાન પર બધા આવતા ને ઘણી જાતના બાવા માગવા. ઘણી જાતના આવે. પછી એક આવ્યો એ ભારે માગણ હતો. તોફાની. તોફાન કરે. ઘણી જાતના આવે, ઘણી જાતના. આ પણ આવતા શંકરના. કહો, એમાં ઓલું બહાર લાકડું ફરે છે અને લોલક હલે છે કે નહિ અંદર? ના. ના કહે છે. ભગવાન કહે છે, બાપુ! તને ખબર નથી ભાઈ! એ લોલકની અવસ્થા એકરૂપ રહેવાની નથી એટલે ભિન્ન આમ.. આમ.. આમ.. થયા કરે છે. ઓલી લાકડી ફરે છે માટે નહિ.

એ લોહચુંબકનો પથરો છે ને? લોહચુંબક આવે છે ને? દરિયામાં મોટા ડુંગરા હોય છે લોહચુંબકના. મોટા ડુંગરા. વહાણ ખેંચાઈ જાય વહાણ હોં! વહાણ ખેંચાઈ જાય. વહાણના ખીલા ખેંચાઈ જાય, ભાઈ! ઓલો હતો ત્યાં જામનગરનો નહિ? દાઉદભાઈ. જામનગરમાં એક દાઉદભાઈ વોરો હતો વૈદ્ય. પછી ગયો હતો વહાણમાં. આ તો ઘણાં વર્ષની વાત છે હોં. એ પોતે મરી ગયા બિચારા. એ કહે, અમે ગયા હતા એમાં અમારું વહાણ આખું

ખેંચાણું. કેમ? કે લોઢાના ખીલ્લા જે આમ ને આમ સીધા હતા. લોહચુંબકનો પથરો હતો તો ખેંચાઈ ગયા. આડા હતા આમ લાકડામાં એ રહી ગયા. પછી એ ખેંચાઈ ગયું, વહાણ ખેંચાઈ ગયું ત્યાં. પછી ત્રણ દિ' રહ્યા જંગલમાં. ખાવાનું? નાળિયેર. દ્વીપ હતો, કહે, દ્વીપ. લઈ ગયો, આમ ડુંગરો આવી ગયો ને. દ્વીપ આવી ગયો ને રહી ગયો ત્યાં. ત્યાં અડી ગયો. લઈ ગયો. પછી કાળા વાવટા કરીને આમ ચડાવ્યું. છેટેથી દેખો. કોઈ આવો મદદ માટે. એમ કહે. ત્રણ દિ' રહ્યા હતા. નાળિયેર પીવે. નાળિયેરનાં પાણી ન થઈ રહે તો પાણી નાખીએ હેઠે. ઊંચે ચડે. કહો, સમજાણું? એવું આવે છે ને? કૃષ્ણને કરવું હોય તે કરે. કૃષ્ણ એટલે આ પરમાણુને કરવું હોય તે કરે. એમ દરેક દ્રવ્યને. એ નાળિયેરી પાણી ચડે. ઉપર પાણી ન હોય અને અહીં પાણી નાખે ત્યાં પાણી નાળિયેરમાં અંદર આવી જાય. જેમ હાથી કોઠા ગળે. કેમ સાંભળ્યું નથી? આ તો બધું અમે જોયું છે હોં. અમારે ઉમરાળા હાથી આવતા ને. આખા કોઠા ગળે, આખે આખા નીકળે.

મુમુક્ષુ :- અંદરમાં હોય રાખ.

ઉત્તર :- રાખ હોય. કાંઈ રસ ન હોય કાંઈ. એવી જઠર .. પણ એ કહે છે કે પર્યાયનું એ જ પ્રમાણે તેનું પરિણમન હતું. એણે જઠરે પણ કાંઈ કર્યું નથી. આહાહા..! કોઠું આવડું હોય ને બે શેર, દોઢ શેર.. પણ એનો રસ ચુસાઈ જાય. અને આખું આમ રહે. એના લાટમાં નીકળે. પછી કહે છે ને એ લોકો કે ભાઈ, કૃષ્ણને કરવું હોય તે કરે. સિદ્ધ સુચના કરે. મફતનો સૂચના શું કરે? મેં આ કર્યું... આ કર્યું. આ તો મફતનો હેરાન થા છો.

અહીં કહે છે, ભગવાન કહે છે, કૃષ્ણ-બૃષ્ણ બીજો કોઈ નહિ. જે જે તત્ત્વ છે તે તત્ત્વ તે પરિણામને કરે. મફતનો સૂચના શું કરવા કરે છે મરીને. હેરાન થઈ ગયો કે આમ કરું તો આમ થાશે, આમ કરું તો આમ થાશે. કહો, સમજાણું કે નહિ?

'**જેને પોતાને...**' જોઈ ભાષા! '**स्फुटदनन्तशक्तिः स्वयं**' એમ છે ને? સ્વયં. '**પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે...**' આત્મામાં પણ અનંત શક્તિ છે, આ રજકણે રજકણમાં અનંતી શક્તિ છે. '**એવી વસ્તુ અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે...**' બીજી ચીજની બહાર રહે છે, પણ પરનું કાંઈ કરી શકતી નથી. ઓહોહો..! ભારે વાતું આવી, ભાઈ! બેસવી કઠણ જગતને હોં! કહે છે કે રોટલીના લોટની અવસ્થા જે રોટલી થઈ એ તાવડીને લઈને નહિ, અગ્નિને લઈને નહિ, એ રોટલીનો વળાંક .... શું કીધું? વેલણ-વેલણ. એ રજકણોમાં પોતાની યોગ્યતાથી તે પર્યાય તેનામાં થઈ છે. વેલણે કરી નથી, બાઈએ રચી નથી, બાઈએ રાંધી નથી એ રોટલીને. ભારે વાત! આમ કહે કે અમે અજીવ અને જીવ બે જુદા માનીએ છીએ. પણ માને ક્યાં તું માને છે? એ અજીવની ક્રિયા મેં કરી એમ માને છે તું. જુદા

ક્યાં માન્યા તેં? વળી બોલે કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ. એના પડિક્કમણામાં બોલે. બોલે છે કે નહિ? શાંતિભાઈ! અજીવને જીવ માને તો મિથ્યાત્વ. ભગવાન જાણે શું હશે અજીવ અને શું હશે જીવ? વળી ધર્મ અને અધર્મ. એ તો અધર્મને ધર્મ. પુણ્ય પરિણામ વળી અધર્મ છે એને માને ધર્મ એ મિથ્યાત્વ. આ અજીવના પરિણામ હું કરું એ મિથ્યાત્વ. મિથ્યા નામ મહાપાપ. મહાપાપ. આહાહા..! સમજાણું કાંઈ?

**'અન્ય વસ્તુની બહાર જોકે...'** જુઓ! દરેક વસ્તુની વાત છે, હોં! આત્મા છે અને બીજો આત્મા હોય જોડે. પણ એ બહાર લોટે છે. બહાર છે એના પોતામાં છે. બીજા આત્મામાં કાંઈ એક આત્મા ગરી જતો નથી. આ જ્ઞાન છે ને અહીં આત્માની પર્યાય? એ કાંઈ વાણીની પર્યાયમાં આવે છે. આ વાણીની પર્યાયમાં આવતું નથી જ્ઞાન. ત્યારે ઓલાને સમજાય છે શી રીતે જ્ઞાન? કહે છે કે આ પરમાણુની ભાષાની બહાર આત્માનું જ્ઞાન આમ લોટે બહાર. પણ એ પર્યાય પરમાણુની પર્યાયને કરી શકે નહિ. અને એ પરમાણુની પર્યાય સામા જ્ઞાનની બહાર લોટે, પણ સામાના જ્ઞાનને કરી શકે નહિ. એવી કોઈ શક્તિ છે નહિ. આહાહા..! આ કઈ જાતનું વ્યાખ્યાન ભાઈ આ? ભગવાન! તને ખબર નથી. પરમેશ્વર કેવળીનું આ તત્ત્વ છે. કેવળી પણ્ણંત્તો ધમ્મો શરણં. એમ આવે છે ને ચત્તારી મંગલંમાં? એ કેવળીએ કહેલો ધર્મ ક્યો? કે જગતના પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવથી ભરેલા તેના પરિણામનો કર્તા તે. હવે અહીંયાં આત્માના આનંદ સ્વભાવમાં ભરેલો ભગવાન, એનો પણંત્તો ધર્મ એટલે ભગવાન આત્માના શુદ્ધ આનંદને કહે છે. એની પર્યાયનું દ્રવ્યને આશ્રયે થવું તે કેવળી પણ્ણંતો ધમ્મો. સમજાણું કાંઈ? રાગનું નહિ. દ્રવ્યને આશ્રયે થાય. શુદ્ધ ચૈતન્યની અત્યારે વાત છે. આનંદ પ્રભુ, જ્ઞાનમૂર્તિ નિત્યાનંદ આત્મા, એને આશ્રયે જે પરિણામ થાય એ કેવળી પણ્ણંત્તો ધમ્મો. એ કેવળીએ કહેલું છે. એને ધર્મ કહેવામાં આવે છે અને એને સુખી કહેવામાં આવે છે. આહાહા..!

**'તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી,...'** લ્યો! આટલી આટલી વાત સ્પષ્ટ છે પણ ભણેલા પણ ભૂલે છે પાછા. આપણને તો ખબર ન હોય જાણે એમ કે શું હશે આ? હશે ભાઈ, આમાં કાંઈ અમને તો ખબર પડતી નથી. ઓલા તો ભણીને છ દ્રવ્ય છે, તેના ગુણ છે, તેની પર્યાય છે. પણ પર્યાયને કાળે ઓલું નિમિત્ત જેવું આવે એવી પર્યાય થાય. આ પણ કાઢ્યું ક્યાંથી તેં આ? કહો, સમજાણું કાંઈ? મોટા કાશીના ભણેલા. આહાહા..!

કહે છે, **'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** એમ. એવો પદાર્થ. વસ્તુ કીધી ને? વસ્તુ શબ્દ છે અંદર. જુઓ! **'તથાપ્યપરવસ્તુનો'** એમ છે ને જુઓ!

વસ્તુ પડી છે અંદર. બીજા પેરેગ્રાફમાં. પછી ત્રીજીમાં પણ છેલ્લું છે. '**वस्तित्वष्यते**' અહીં વસ્તુ કીધી ને? વસ્તુ કીધી ને? એટલે દરેક વસ્તુમાં અનંત શક્તિ વસી છે. એમ. આત્મામાં અનંત શક્તિ છે પણ પોતાની પોતામાં. એ શક્તિ કાંઈ પરનું કરી દે, શરીરનું કરી દે, શરીરની પર્યાયને હલાવે કે ભાષા કરે એવી શક્તિ નથી આત્મામાં. આત્મા બહાર ઊભો. દેહની અને ભાષાની પર્યાયથી આમ બહાર. પણ અંદરમાં પ્રવેશ કરતો નથી. પરમાણુમાં પ્રવેશ કર્યા વિના પરમાણુની પર્યાય કરે શી રીતે? કહો, સમજાણું કાંઈ? એ રોટલીની પર્યાય થાય ત્યાં તાવડીના રજકણ પેસતા નથી અંદર એમ કહે છે.

મુમુક્ષુ :- એ કરે કે ન કરે?

ઉત્તર :- એ કરે છે એની પર્યાયથી. તાવડીના રજકણથી નહિ. ભ્રમ છે જગતનો પણ ભારે. સમજાણું કાંઈ? કેમ કે એ પણ વસ્તુ છે. રોટલી પણ એક વસ્તુ અનંત રજકણનો પિંડ (છે). તો એકરૂપે અવસ્થા ન રહે. એના પર્યાય થાય છે નવા ઊના... .. એ તાવડી કાંઈ પેસતી નથી અંદર. અગ્નિ પેસતી નથી કે એનું કાર્ય કરી દે. સમજાણું કાંઈ?

એમ આત્માના રાગમાં કર્મ પેસતો નથી કે આત્માને રાગ કરાવે. એમ આત્માનો રાગ કર્મમાં પેસતો નથી કે કર્મના પરિણામને બાંધે. આહાહા..! કહો, ચંદુભાઈ! સીધી વાત છે, સાદી વાત છે, પણ મોંઘી કરીને માની છે. મોંઘી કરીને માની. મળ્યું નથી ને.

'**અંદર પ્રવેશતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે...**' લ્યો '**એમ માનવામાં આવે છે.**' એટલે એમ છે એમ. દરેક વસ્તુ આત્મા અને પરમાણુએ પરમાણુ પોતાના ગુણપર્યાયમાં રહેલા છે. બહારમાં જાતા નથી. તેથી બહારનું કરી શકતા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૨, મંગળવાર તા. ૨૮-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૧૨ થી ૨૧૪, પ્રવચન-૪૧૦**

૨૧૨ કળશ. ફરીને. અર્થ છે એનો અર્થ. **'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** એટલે શું કહે છે? દરેક આત્મા અને દરેક પરમાણુ અનંત દ્રવ્ય છે તેની દરેકને અનંત શક્તિ છે. એવી અનંત શક્તિ હોવાથી પણ પરનું કાંઈ કરી શકે એવી શક્તિ એનામાં નથી.

મુમુક્ષુઃ- અનંત કેમ કહેવાણી?

ઉત્તર :- અનંતનો અર્થ શું? ઘણી. અનંત સંખ્યાએ અનંત છે. અનંત (એટલે) પરનું કરે તો જ એ અનંત શક્તિ અનંત કહેવાય એવું કાંઈ છે? એક જણો કહેતો હતો કે અનંત શક્તિ છે, સર્વ શક્તિ નથી. એક જણો એમ કહે. સર્વશક્તિમાન હોય તો કર્મને ટાળી શકે, બીજાના કર્મને ટાળે. અહીં આવો અહીં બ્રહ્મચારીજી, અંદર આવી જાઓ ખૂણામાં. છે ને આમાં? જુઓ! વસ્તુ ઉપર વજન છે.

**'એવી વસ્તુ...'** કેવી? કે **'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે...'** દરેક આત્મા, દરેક પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ છ દ્રવ્યો જાતિએ, સંખ્યાએ અનંત. દરેક વસ્તુ પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે. એમાં પોતાનો સ્વભાવ શક્તિ, સત્ત્વ, તત્ત્વ સંખ્યાએ અનંત ગુણ પ્રકાશમાન છે. વસ્તુમાં પોતાથી અનંત ગુણ પ્રકાશમાન છે. કહો, સમજાણું? દેવરાજભાઈ! જુઓ! એકલી આત્માની વાત નથી. અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એવા છ દ્રવ્યની વાત છે. છ દ્રવ્ય જે હજી માનતો નથી એને આત્માની માન્યતા સાચી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે **'જેને પોતાને...'** એટલે આત્માને કે દ્રવ્યને. **'અનંત શક્તિ પ્રકાશમાન છે...'** પરમાણુઓમાં, એક એક રજકણમાં, એક એક આત્મામાં દરેકમાં અનંત શક્તિ છે. **'એવી વસ્તુ અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે...'** એક ચીજ બહાર ફરે છે. સમજાણું કાંઈ? જુઓ! આ આંગળી છે આ આંગળી આમ ભલે હોય કહે છે. આમ ફરે, ફરતી હોય. છતાં એ કાંઈ પર રજકણ અને પરનું કાંઈ કરી શકે એવું એનામાં છે નહિ. સમજાણું કાંઈ?

**'અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે...'** એટલે પરિણમે છે, બદલે છે, ફરે છે. **'તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી,...'** એ અંદરમાં પ્રવેશ કરતી

નથી. એક રજકણમાં બીજો રજકણ પ્રવેશ કરતો નથી. ભગવાન આત્મામાં બીજો આત્મા પ્રવેશ કરતો નથી, એક આત્મામાં એક રજકણ પ્રવેશ કરતો નથી. અનંત પદાર્થ પોતપોતાની અનંત શક્તિમાં બિરાજમાન, પ્રકાશમાન છે. '**અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે.**' એટલે કે એમ છે. એમ. સમજાણું કાંઈ? દરેક રજકણ અને દરેક આત્મા પોતપોતાના અનંત ગુણના સ્વભાવમાં નિશ્ચિત છે. પોતાના સ્વભાવમાં, પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે. એમ. '**એમ માનવામાં આવે છે.**' કહો સમજાણું? '**वस्तित्वष्यते**' '**वस्तित्वष्यते**' એને? '**वस्तित्वष्यते**' એટલે એ પ્રકારે નક્કી છે.

'**આમ હોવા છતાં, મોહિત જીવ, પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો,...**' અરે..! હું આનું કરી દઉં અને એ મારું કરી દે આવો મિથ્યા મોહ કેમ ઉત્પન્ન કરે છે? સમજાણું કાંઈ? '**પોતાના સ્વભાવથી ચલિત થઈને...**' જ્ઞાતાપણું છોડી દઈ એમ કહે છે. અને આકુળ થયો થકો. અરે..! આણે મારું બગાડ્યું, આનું હું બગાડું, આનું હું સુધારું, આનું આમ કરું તો આમ થાય, એ આમ કરશે તો આમ મારામાં થાય એવો મિથ્યામોહ અજ્ઞાની મોહ ઉત્પન્ન કરીને આકુળ થતો થકો '**શા માટે ક્લેશ પામે છે?**' કહો, સમજાય છે કાંઈ? કોઈ દ્રવ્યને-કોઈ વસ્તુને-કોઈ વસ્તુનું શરણ નથી.

મુમુક્ષુ :- બીજામાં શેમાં શરણ છે?

ઉત્તર :- અંદર પ્રવેશતી નથી એટલે એને કોઈનો આધાર મળતો નથી. એટલે કોઈ કોઈને શરણ છે નહિ. કહો, સમજાણું આમાં? શરણ નથી એટલે કોઈ કોઈને આશ્રયે નથી. કોઈ કોઈનો આશરો નથી. કોઈ ચીજ કોઈને આશ્રયે આપતું નથી. કોઈ ચીજ કોઈનો આશ્રય લે એવું એનામાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કહો, આમાં મા-બાપને આશ્રયે છોકરાઓ, છોકરાને આશ્રયે મા-બાપ એમ કાંઈ નથી? મા-બાપ વિના છોકરા ઉછરે? મોટા થાય? નાનાને મોટા કરે, પાળે. પછી ઓલો (મોટો) થાય તો આને પાળે.

મુમુક્ષુ :- ભીનામાં સૂવે.

ઉત્તર :- હા, એવું આવે છે કે નહિ? માતા ભીનામાંથી લઈને સૂકામાં સુવાડે છોકરાને અને પોતે ભીનામાં સૂવે, લ્યો. છોકરો હોય અને પેશાબ કર્યો હોય અને ગોદડું બગડ્યું હોય તો એમાંથી છોકરાને લઈ લે અને પોતે સૂવે ભીનામાં અને છોકરાને સુવાડે સૂકામાં. કહો, એ બરાબર હશે કે નહિ?

મુમુક્ષુ :- આખી દુનિયામાં એમ થાય છે.

ઉત્તર :- એ વાત જ ખોટી છે, કહે છે. એ તો રજકણે રજકણ અવસ્થાનું સ્વતંત્ર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતે પોતામાં પરિણમી રહ્યું છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

અરે..! દરકે પદાર્થ પોતાની અનંત શક્તિએ બિરાજમાન છે. અને તે વસ્તુ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે અને તે એક વસ્તુ બીજી વસ્તુમાં પ્રવેશ કરતી નથી. તો પછી આ પ્રવેશ કર્યા વિના હું આનું આ કરું, આણે મારું આમ કર્યું, આનું આમ કરી દઉં, અરે..! આવો મિથ્યા મોહ તે અજ્ઞાની કેમ ઊભો કરે છે? કહો, ગોદિકાજી! સમજાય છે કાંઈ? '**શા માટે ક્લેશ પામે છે?**' અરે..! પોતાની વસ્તુ છે. એ પોતાની વસ્તુમાં નજર કેમ કરતો નથી? સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- વસ્તુસ્વભાવ તો નિયમરૂપે એવો છે...**' વસ્તુસ્વભાવ નિયમ નામ નિશ્ચયરૂપે એવો છે '**કે કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ.**' કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ.

મુમુક્ષુ :- દૂધમાં સાકર ન મળે?

ઉત્તર :- મળી નથી. રજકણે રજકણ જુદો છે. મળે ક્યાં? કહો, દૂધમાં સાકર ભળે. માણસ વાતું નથી કરતા?

મુમુક્ષુ :- સગપણ કરે ત્યારે એમ કહે.

ઉત્તર :- હા, સગપણ કરે ત્યારે કહે કે ભાઈ, દૂધમાં સાકર ભળ્યું. આપણે પૂર્વના સગા તો હતા એમાં વળી નવા સગા વધારે થયા. એય..! એમ કહે છે કે નહિ? એમ વાતું કરે. ખોટેખોટી, કહે છે. કહો, સમજાણું કાંઈ? માંગણી કરે તો એમ થાય કે ભાઈ! આ પ્રમાણે અમે માગણી કરીએ છીએ તમારી. સમજ્યાને? અમારી કન્યા લ્યો, આપણા કુળ સરખા છે, બે સરખા છે, ઓલા આમ છે, તેમ છે એમ કરીને જોગ છે. આમ કહે છે માણસ. વાતું કરે છે કાગળમાં.

મુમુક્ષુ :- દૂધમાં સાકર ભળશે.

ઉત્તર :- ભળશે. એમ લખે. ગરજ હોય કન્યાને (એટલે) એમ લખે. છોકરાને ગરજ હોય એના બાપને (તો) કન્યાના બાપ લખે. તમે જુઓ છોકરો આવો છે, તમારે આમ છે, ફલાણું ઢીંકણું. દૂધમાં સાકર ભળે એવું છે. સમજાણું? સાચી વાત હશે એ?

મુમુક્ષુ :- રોજ સવારમાં દૂધમાં સાકર નાખે છે ને.

ઉત્તર :- ધૂળમાંય નાખતો નથી.

મુમુક્ષુ :- ... તોપણ નાખે.

ઉત્તર :- નાખ્યા. કોણ નાખે અને કોણ કાઢે? દરેક રજકણ પોતપોતામાં રહ્યો છે એમાં નાખે-કાઢે શેમાં? એ તો અહીં ના પાડી પહેલી. એક રજકણમાં બીજો રજકણ પ્રવેશ કરતો

નથી. આહાહા..! એટલું એને નજર નક્કી કરે તો પરદ્રવ્યથી મારામાં કાંઈ થાય અને હું પરનું કરી દઉં. આમ કરું તો આમ થાય, છોકરાનું, બાયડીનું, વેપારનું, ધંધાનું. કહે છે કે શું કરવા પણ આવી આકુળતાથી ક્લેશ પામી રહ્યો છે? કાંઈ તારાથી પરમાં થાય એવું નથી. પરમાં પ્રવેશ કર્યા વિના થાય નહિ અને પ્રવેશ કરી શકે નહિ.

**'કોઈ વસ્તુ મળે નહિ. આમ હોવા છતાં, આ મોહી પ્રાણી, પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે...'** અહીં તો જ્ઞેય જ્ઞાયક લેવું છે ને હવે? જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. ફક્ત જણાવાયોગ્ય અને જાણનાર એટલો સંબંધ છે. એને ઠેકાણે આનું આમ કરી દઉં અને આનું આમ કરી દઉં, એ મને આમ કરી દે એવો સંબંધ છે ક્યાં? સમજાય છે કાંઈ? **'પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે...'** ખરેખર અમે બધા એક છીએ. વિશ્વના તત્ત્વ બધા એક છે. ભેગા કામ કરીએ તો બહુ સારા થાય, લ્યો.

મુમુક્ષુ :- સહકારી મંડળીઓ કરે છે ને.

ઉત્તર :- સહકારી મંડળ કરે, બધા જીવ દયા મંડળ કરે, કંઈક કરે છે એવું. અહીં કહે છે કે કોઈ કોઈનું કોઈ કરી શકે એવું ત્રણ કાળમાં છે નહિ. પણ પોતે પદાર્થ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ આમ ટકીને નિશ્ચિત રહેલો છે. કોઈની પર્યાયને અડતો જ નથી પછી કરે શું કોઈનું? સમજાણું કાંઈ? આહાહા..! **'તે મોટું અજ્ઞાન છે.'** **'પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે એમ માનીને, ક્લેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે.'** લ્યો, એ ૨૧૨ થઈ.

૨૧૩.

**वस्तु चैकमिह नान्यवस्तुनो**
**येन तेन खलु वस्तु वस्तु तत्।**
**निश्चयोऽयमपरोऽपरस्य कः**
**किं करोति हि बहिर्लुठन्नपि।।२१३।।**

**'શ્લોકાર્થ :- આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી,...'** કર્મ તો આત્માના હશે કે નહિ? જેટલે અંશે કર્મનો ઉદય આવે એટલે અંશે અહીં કરવું પડે એટલો તો કર્મનો અહીં ભાગ ખરો કે નહિ? કોણ કરે? કે એના ઉદયની પર્યાય એમાં રહી અને આની પર્યાય અહીં રહી. સમજાણું કાંઈ? **'આ લોકમાં એક...'** જુઓ! લોક સિદ્ધ કર્યો. આ લોક. જગત છે, ચૌદ બ્રહ્માંડ છે, છ દ્રવ્ય છે, અનંત આત્માઓ અને અનંત રજકણો છે. આ એમ સિદ્ધ કર્યું. લોક છે. એકલો એક જ આત્મા છે એમ છે નહિ.

**'એક વસ્તુ અન્ય વસ્તુની નથી,...'** ભાષા જુઓ વિશેષ કરી. એક વસ્તુ બીજી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજની નથી. એ બાપનો આત્મા દીકરાનો નથી અને દીકરાનો આત્મા બાપનો નથી. પૈસા આત્માના નથી, આત્મા પૈસાનો નથી. શરીર આત્માનું નથી અને આત્મા શરીરનો નથી. એમ હશે? કહો, સમજાણું કાંઈ? '**એક વસ્તુ અન્ય વસ્તુની નથી,...**' મહા સિદ્ધાંતો. પોતે પોતાનું છે, પરની નથી.

'**તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે-**' તે ખરેખર દરેક વસ્તુઓ આત્મા અને રજકણો નિગોદના એક શરીરમાં અનંત જીવ પણ તે એક એક જીવ પોતે પોતાથી છે. પર કર્મને લઈને નહિ, બીજા આત્માને લઈને નહિ. એક વસ્તુ વસ્તુથી છે. વસ્તુનો દરિયો ગંભીર આખો દરિયો ભર્યો છે ચૌદ બ્રહ્માંડમાં. કહો, સમજાણું કાંઈ? કહો, દાખલો નહોતો આપ્યો એક ફેરી? ઓલો મરી ગયો છોકરો. ડોક્ટરનો છોકરો. પછી એની મા બાંધવા માંડી ઠાઠડી. ૨૦ વર્ષનો જુવાન. ઠાઠડી બાંધવા ન દે. એટલે એનો ધણી કહે છે કે જો આપણે એને રાખીએ અહીં. લાકડાની પેટી બનાવીને. (તો કહે), ના, એમ નહિ. પણ ત્યારે શું? ના એમ નહિ, તારે બાળવા દેવું નથી તો કરવું શું છે તારે?

મુમુક્ષુ :- એ તો ભૂત થાય.

ઉત્તર :- ના, એ તો વળી પછી ત્રીજો. એ તો ત્રીજી વાત પાછી. પહેલા બહુ રોવે, બહુ રોવે અને ઠાઠડી બાંધવા વખતે વચ્ચે પડે. શું કરવું છે પણ તારે કહે? કે આ જીવ તો ગયો છે. હવે આપણે એને બાળવા દેવી નથી ને? તો આપણે પેટી એક લાકડાની કરીને રાખીએ આમાં. કહે, ના એમ નહિ. પણ તારે હવે શું કરવું છે તારે? હવે ઈ જ છોકરો કાંઈક સારા પરિણામ થયેલા જુવાન અવસ્થામાં વ્યંતર થયેલો ભૂત. તરત આવ્યો. અહીં હજી રોવે છે અને ઠાઠડી બાંધી ત્યાં. અરે..! મા-બાપ હું તમારો દીકરો છું. લ્યો. સમજાય છે? તમારે શું કરવા રોવો છો? શરીરમાં હું આવું, તમે કહો એટલો કાળ રહું અહીં. ૨૫ વર્ષ, ૫૦ વર્ષ. કારણ કે હું તો દેવ છું એટલે તમે કહો એમ કરી શકું. ના, ભાઈ સાહેબ તમે નહિ. પણ હવે શરીરને રાખવું નથી, બાળવા દેવું નથી, આ હું આવ્યો તોપણ રાખવું નથી. તો શું કરવું છે તારે? એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- કજિયો કરે.

ઉત્તર :- શું કરે? મફતનો શું કરે છે પણ આ તું? હું કહું છું કે આ જો તમે મને છેલ્લે આમ રાખ્યા હતા અને હું નિરાધાર અંદર જ્યાં મારા પરિણામ એવા થયા. સ્વર્ગમાં આવ્યો, જુઓ! આ મંદિર આ પ્રમાણે ત્યાં છે. જુઓ! આ મારું કપડું છે, જુઓ! આ કોટ છે, જુઓ! ઓલામાં નાખ્યા છે મારા રૂપિયા કાલે. સમજ્યાને? આમાં મારી કલમ છે, ફલાણું જોઈ લ્યો. હા. વાત તો સાચી. પણ તો હું ૫૦ વર્ષ અહીં રહું શરીરમાં. તમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મરી ગયા પછી હું જાઉં તો? ભાઈસાહેબ! ઈ ડર લાગે. અમને ખબર નથી. એય..! ખેતશીભાઈ! હવે શું કરવું આમાં? કહે છે. વીરચંદભાઈ! આ તમારા બહેનને સમાધાન થાતું હશે કે નહિ? કહો, સમજાણું આમાં? એ સંસાર એવો છે, કહે છે અહીં તો. કોને માંડવી?

દરેક વસ્તુ સ્વતંત્ર છે. એને કાળે આવી અને એને કાળે જાય. એમાં કોની માંડવી આમાં? આહાહા..! સમજાય છે? દાખલો નહોતો આપ્યો એક ભરવાડનો? સાંભળ્યો હતો ને? એ ભરવાડને ઘણાં વર્ષ પહેલા સ્વાધ્યાયમાં... જૈન સ્વાધ્યાય... શું કહેવાય? સજ્ઝાય માળા. ચાર સજ્ઝાય માળા. આમ તો .. એક ભરવાડણ હતી, ભરવાડણ. તો આમ નીકળી ભરવાડણ. સમજાય છે? ભરવાડ નીકળી તો મોટું દોણું આવડું છાશનું માથે. એમાં ઠેબુ વાગ્યુ બજારમાં. .. પડ્યું. છાશ વેચવા નીકળેલી અધમણ, પોણું મણ દોણું ભરીને સરખાઈનું. દાંત કાઢ્યા. શેઠિયાઓ જોવે. બે બાજુ દુકાન હોય ને શેઠિયાની. અરે.. બહેન! પણ તું દાંત કેમ કાઢે છે? આ ફૂટી ગયો અધમણ છાશ, આઠ આના રૂપિયા મળે તારે છાશના. ત્યારે કહે, શું કહું? કોની માંડુ?

અમે હતા પતિ-પત્ની. એમાં પતિ-પત્ની સાંજે ફરવા નીકળ્યા. એમાં કાંઈક આઘું મંદિર હતું ત્યાં નદીને પાર હોં એકાંત. જેમ આ તમારે છે ભાવનગરમાં ખોડિયાર છે ત્યાં. ત્યાં ફરવા ગયા અને બેઠા હતા. અને બે-ત્રણ ઓરડા એમાં બેઠા ત્યાં એક આવ્યો રાજા. મારું શરીર રૂપાળું. બાઈ કહે, એ રાજાને પરણવાનું મન થયું. મેં કહ્યું અરર..! આ શું? મારો ધણી બિચારો. મેં એને મારી નાખ્યો રાજાને. હું આવી મારા ધણી પાસે બીજે ઓરડે. ત્યાં ને ત્યાં જંગલમાં હતું. હું મારા જ્યાં ઓરડા પાસે આવી ત્યાં સર્પ કરડેલો. ત્યાં આવ્યો ચોર. એણે મને ઉપાડી, જંગલ બહાર હતા નદીને કાંઠે બહાર કોઈ ન મળે. લઈ ગયા. વેશ્યાને ત્યાં વેંચી. એમાં બે-પાંચ વર્ષ થતાં મારો દીકરો હતો તે ત્યાં આવ્યો. એની સાથે રમણ થઈ. પછી ખબર પડી કે આ મારો દીકરો. હાય.. હાય.. અરર..ર..! આ! ચાલ બળવા જઈએ. નદીમાં ગઈ, લાકડા ભેગા કર્યા, સળગાવ્યું અને પડી અંદર. ત્યાં આવ્યું વરસાદનું પાણી માથેથી. એ તણાણી. તણાણી કરતા દસ ગાઉ છેટે નીકળી મડદા જેવી. એમાં એક ભરવાડ આવતો હતો દીકરો કે આ શું? બાઈ તો જીવતી લાગે છે. મરી નથી ગઈ કાંઈ. શ્વાસ છે અંદર. એ હળવે-હળવે એને ઊનું કરીને આમ ઘરે લઈ ગયા. ઘરે લઈ ગયા અને ત્યાં હું છાશ વહેંચું છું. હવે કોની માંડુ આમાં હું? 'નૃપ માર ચલી અપને પીયુ સે, પીયુ સર્પ ડસ્યો ગણિકા ઘર હું.' એ આવે છે, શ્લોક આવે છે. આમાં કોની માંડુ? કોને હું .. આ ગયો... આ ગયો... આ ગયો... હવે છેલ્લે આ ફૂટ્યું. ફૂટવા દેને હવે. કહો, સમજાણું આમાં?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ જગતના પદાર્થ એને કારણે પરિણમી રહ્યા (છે). હવે પરિણમવા દેને, તારે શું છે મફતનો. જ્યાં જુઓ ત્યાં ધણી થઈ પડે છે.

ઘરે છોકરો આવ્યો .. કે અમને વાંધો નહિ. જ્યાં છોકરો આવ્યો અને આવ્યો અને એમાં જો આઠ દિ' જ્યાં ઉપડ્યું સરખું થઈને.. હાય.. હાય.. મરી ગયો. પણ હવે નહોતો ત્યારે કાંઈ નહોતું. આ શું પણ થયું તને? કહે છે કે સૌ વસ્તુ એને કારણે બદલી અને નિશ્ચયથી પોતાના સ્વભાવમાં રહેલી છે. એ આગળ જાય, પાછળ જાય, જ્યાં જાય એ પોતે સ્વભાવમાં રહેલી છે. ક્યાંય વઈ જાય એવી નથી. શેનો માંડ્યો છે તેં આ ક્લેશ? લ્યો! પૈસા આવ્યા, આ ગયા. ફલાણું આવ્યું, ધૂળ થઈ. મકાન લીધું હતું ફાટ્યું. વીજળી પડી તરત. પણ શું છે હવે? એ પદાર્થનો જે પર્યાયનો ધર્મ તેની તેની પર્યાયમાં નિશ્ચિત છે. એનામાં એ રહેલો છે. કહો, સમજાણું?

**'એક વસ્તુ અન્ય વસ્તુની નથી, તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે-'** જુઓ! અસ્તિ-નાસ્તિ કરી. નથી કહ્યું પહેલું, પછી અસ્તિ કરી. એમ કહે છે. અસ્તિ-નાસ્તિ કરી. '**ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે...**' પરમાણુ તે પરમાણુ છે, આત્મા તે આત્મા છે, કર્મ તે કર્મ છે, શરીર તે શરીર છે. કહો, સમજાણું? '**એ નિશ્ચય છે.**' એ નિશ્ચય છે. એ એમ જ છે. '**આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં...**' આમ હોવાથી કોઈપણ વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટતા, પરિણમતા, ઊભી રહી છતાં '**તેને શું કરી શકે?**' કહો, સમજાય છે કાંઈ? કર્મ આત્માને શું કરી શકે? આત્મા કર્મને શું કરી શકે? આત્મા શરીરને કેમ સંભાળી શકે? શરીર આત્માને કેમ મદદ દઈ શકે? કહો, આ શરીર સારું હોય તો મદદ દઈ શકે એમ છે? એ તો બહાર લોટે છે. આત્માથી બહાર લોટે છે, ફરે છે. શરીર સરખું હોય, મન સરખું હોય તો ધ્યાન થાય લ્યો. સમજાણું? સમજાણું?

એવું આવે છે .. ઉદીરણાની વ્યાખ્યા એવી કરી. આમ ફલાણું આમ લઈએ, આહાર છોડીએ અને આહાર લઈએ એ બધું જાય છે બીજામાં. એ ક્રમબદ્ધમાં નહિ. એ અક્રમમાં થાય છે. અને આહારસંજ્ઞા એ ક્રમબદ્ધમાં જાય. કારણ કે આહારસંજ્ઞા નિરંતર હોય, પણ આહાર લેવો અને મૂકવો એ ક્રમ નહિ. એ અક્રમમાં જાય છે. ભારે વાત ભાઈ! અરે.. ભગવાન! પણ ક્યાંની ક્યાં માંડી છે ને. ક્યાં અક્રમ કોને સિદ્ધ કરે? જે વસ્તુ જે કાળે જે રીતે પરિણમી તે તે પોતાથી પરિણમી રહી છે. એમાં વળી બીજાને અડે છે અને બીજાથી ઘાત (થાય છે). આમાં આપણે નાખીએ તો આમ થાય, પુદ્ગલમાં નાખીએ તો આમ થાય, ખેંચીએ તો આમ થાય. કહો. દૂધમાં એની મેળાએ રહ્યું છે એ ક્રમ. પણ દૂધમાં સાકર નાખીએ

તો પછી ગળી થઈ જાય અક્રમ. અને પાણી નાખીએ તો મોળું થઈ જાય અક્રમ. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આખા અનંતા દ્રવ્યોને ભેળસેળ, ભેળસેળ કરી નાખે છે. થતાં નથી પણ માને છે. કોણ ભેળસેળ કરે? નાખે કોણ લે કોણ? બાપુ! તને ખબર નથી. આહાહા..! **'એક વસ્તુ અન્ય વસ્તુની નથી,..'** **'અન્ય વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં તેને શું કરી શકે?'** કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે.'** જુઓ ભાષા. પલટાવી ન શકે, બીજાને બદલાવી ન શકે. **'જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે.'** જો બીજો બીજાને પલટાવે તો વસ્તુ વસ્તુપણે ટકશે નહિ. વસ્તુ વસ્તુપણે રહેશે નહિ, વસ્તુ વસ્તુપણાનો નિશ્ચય થશે નહિ. **'આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું?'** શું કર્યું? જ્યારે પરને પરિણમાવી શકતી નથી. તો એણે આનું શું કર્યું? અને આણે એનું શું કર્યું? આમ હશે તો નિષ્ક્રિય થઈ જશે. વળી કોણે કીધું? હમણાં કોઈકે કીધું. સાંભળવાનું નિષ્ક્રિય થઈ જાય. કોણ કહેતું હતું નહિ? રસ્તામાં. કોઈક આવ્યું હતું નહિ? રસ્તામાં. કો'ક વાત કરતું હતું. .. ગયા હતા અને પછી સાંભળીને વયા ગયા. કોણે કીધું? રસ્તામાં કો'કે નહિ? ફલાણાં આવ્યા હતા અને પછી વયા ગયા. પછી કીધું ભાઈ ત્યાં આવે ને સાંભળો. તો કહે, ત્યાં જઈએ તો નિષ્ક્રિય થઈ જઈએ.

મુમુક્ષુ :- ભગવાનજીભાઈએ વાત કરી હતી.

ઉત્તર :- ભગવાનજીભાઈએ વાત કરી? હા. હા. મોટરમાં. સાચી વાત છે. ભગવાનજીભાઈ નથી? ક્યાં ગયા? ગયા હશે ભાવનગર. એ કહેતા હતા. કો'ક આવ્યું હશે એનું ઓળખીતું. વીરચંદ પાનાચંદ. કો'કે કીધું, આ વીરચંદ પાનાચંદ છે ને આ? આવ્યો હશે. ઓળખીતા હશે. કહો આવ્યા? થોડીક વાર બેઠા. પણ ફરીને આવો ને. ત્યાં જઈએ તો નિષ્ક્રિય થઈ જઈએ. કાંઈક કરવાનું રહે નહિ. તો શું કરવાનું છે તારે? પરનું કરી શકે છે? કહો, સમજાણું આમાં? ત્યાં જઈએ તો નિષ્ક્રિય થઈ જઈએ. પણ ત્યાં જઈએ ક્યાં? પરથી તો નિષ્ક્રિય જ છો. આહાહા..! એમ હશે? જાધવજીભાઈ! કાંઈ કરી શકે નહિ? શરીરનું, વાણીનું, દીકરાનું, દીકરીનું, કુટુંબનું, આબરૂનું, કાંઈ? લે. આબરૂ જતી હોય તો રાખી શકે કે નહિ? રાખેલી જતી હોય તો જવા દે નહિને? એમ થાય કે નહિ? ભારે વાત! શું હશે આમાં? એઈ..! ચીમનભાઈ! આમાં શું કરી દે કહે છે કો'કનું? કો'કનું કો'ક કરી દે કે નહિ, ઝવેરી હીરાનું? પાલનપુર. આ તો કાંઈ કોઈનું કરે નહિ એમ કહે છે. દરેક સ્વતંત્ર છે. પણ ભાઈનું કરે કે નહિ? દીકરાનું કરે કે નહિ? ગામનું, દેશનું, શરૂ કરવું ક્યાંથી કામ? પહેલું ઘરથી શરૂ કરવું,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી કુટુંબ, પછી નાતનું, પછી ગામનું, પછી દેશનું, પછી આખા હિન્દુસ્તાનનું. ભારે વાત આ તો. શરૂ કરવું કામ પરનું? સુધારવાનું ઘરથી. પણ સુધારી શકતો નથી, સાંભળને હવે. કોણ કરે તારું? સાંભળને! પરને કોણ કરે અને તારું કોણ કરે?

**'વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે. જો એમ ન હો તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે. આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું?'** તો એક વસ્તુએ એને શું કર્યું? પાણીને ગળ્યું બનાવ્યું સાકરે એમ ખરું? શાકને ખારું બનાવ્યું એમ ખરું?

મુમુક્ષુ :- .. તીખું તો બનાવે ને?

ઉત્તર :- કોણ બનાવે તીખું? તીખાના રજકણ તીખામાં રહે અને શાકના રજકણ શાકમાં રહે. આહાહા..! ભારે ગડબડ કરી છે.

**'આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું? કાંઈ ન કર્યું.'** લ્યો! કિંચિત્ ન કર્યું. સમજાણું? શરીર, વિષયો.. આવે છે ને ભાઈ, પ્રવચનસારમાં નહિ? તું તને શું કરે છે? તું સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમે છો. તને વિષયોએ શું કર્યું? આવે છે ને? આ પૈસા, આબરૂ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધા વિષયો એણે તને શું કર્યું? એ તો પરવસ્તુ છે, અકિંચિત્કર છે. તેં સુખ-દુઃખની કલ્પના કરી છે એમાં એણે શું કર્યું? દેહમાં રોગ આવ્યો માટે તને દુઃખ થયું એવું ક્યાંથી આવ્યું? એમ કહે છે. દેહમાં રોગ આવ્યો માટે દુઃખ થયું એવું ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખોટી વાત છે ઈ. કહો, રોગ આવ્યો શરીરની અવસ્થામાં. રોગ તો રોગ જ હતો એ તો તેની અવસ્થા તે કાળની. હવે એમાં અહીં શું આવ્યું? એણે કર્યું શું તને? કહો, જાડા થયા, પેશાબ થયો... ઓલો શું કહેવાય? મરડો થાય. આંકડી આવે આંકડી બહુ. વીંટ આવે અંદરથી. આહાહા..! તો એ વીંટ તો રજકણમાં આવી, એમાં તને શું કર્યું? આહાહા..! એય..! પોપટભાઈ! શું કરવું આમાં? તમારા સાળાને તો વાત બેસવી કઠણ પડે હોં બધી. આહાહા..! સાંભળવાનું મળે નહિ, આવું ભાગ્ય ક્યાંથી હોય? ભાગ્ય વિના કોઈ સાંભળવા મળે નહિ. સમજાણું? આહાહા..! એમાં પાછી વળી બેસે નહિ વાત. આ શું આવું! 'કરના ધરના કુછ નહી આનંદ બહોત આયા.' આગ્રા. આગ્રામાં એક (પંડિત કહે), 'કરના ધરના કુછ નહીં આનંદ બહોત આયા.' બહોત આયા. કરના ધરના કુછ નહીં. શું કરવું છે? ભગવાન! તારે શું કરવું? શું કરવું છે તારે? આ કોકનું લેવું-દેવું, મૂકવું, આ કરું, બીજાને કાંઈક દુઃખ હોય તો આંસુ લુછવા, પૈસા દેવા, દાન કરવા, કપડા પહેરાવવા, આહાર દેવા કાંઈક કરવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કે નહિ? (કે) આમ વાતું કરવી? સાંભળને ભાઈ! વાતું એ રજકણની પર્યાય, કોણ કરે? આત્મા કરે? આત્મા બહાર છે અને વાણીની પર્યાય બહાર છે. વાણીની પર્યાયને અડે છે આત્મા? બહાર લોટે છે. ત્યારે કહે, નહિ. વાણીની પર્યાય તો પુદ્ગલમાં ઉત્પાદ તે નિયતથી એનો ઘસારો થાય અને આત્માનું નિમિત્ત થાય તો થાય. એમ એની મેળાએ વાણી ન થાય. પ્રયોગસા અને વિસ્તા બે પ્રકાર છે. વિસ્તા છે તે નિમિત્ત વિના થાય અને પ્રયોગસા છે તે નિમિત્તના પ્રયોગથી ત્યાં થાય. અહીં કહે છે કે કોઈ કોઈને અડતું નથી. કોઈએ કાંઈ કર્યું એ વાત ત્રણ કાળમાં છે નહિ. ભારે! '**કાંઈ ન કર્યું.**' કાંઈ ન કર્યું આવ્યું ને? એ શરીરે તને શું કર્યું? પૈસાએ તને શું કર્યું? એમ કહે છે.

મુમુક્ષુ :- હેરાન કર્યા..

ઉત્તર :- ના, હેરાન નથી કર્યા. હેરાનની તો તેં પર્યાય પ્રગટ કરી દુઃખની. એમાં પૈસાએ શું કર્યું? સમજાણું કાંઈ? છોકરો આવ્યો, બાપુજી! હું તો તમારો છું. તમે મને માન આપો છો કે આ અમારો છોકરો આવો, અમારો છોકરો આવો. સમજ્યાને? પણ હું તો તમારો છું. ત્યાં ઓલાને એમ થાય, હાશ. તો એણે શું કર્યું તને? શું કરે? ભાઈ સાહેબ એ છોકરો એવું બોલ્યો ને. હરિચંદભાઈ હતા ને? હરિચંદભાઈ નહિ? આ છે ને? ખસવાળા. એ ઘણાંનું કાંઈ કાંઈ છોકરાઓને, કાકાના દીકરાને પરણાવ્યા ને ફલાણું-ઢીંકણું. એની મા કહે કે અરે..! મારા હરિલાલે આમ કર્યું.. હરિલાલે આમ કર્યું. હરિલાલને? હરિચંદ. સમજ્યાને? અમે વહોરવા ગયા હતા. હરિચંદે આમ કર્યું.. હરિચંદે આમ કર્યું.. ફલાણું કર્યું. પણ બા! તું કોને કહે છો? હું તારો છું. તેં કર્યું કે મેં કર્યું શું કહે છે આ? હું તારો છું. હરિચંદ કહેતો હતો. પણ કોણ તારો અને અમારો કોણ આમાં? કહે છે. આહાહા..! સમજાય છે? છોકરા તરીકે તો એમ બોલે ને? બા તું કહે છે કે અમારા હરિચંદે આમ કર્યું... હરિચંદે આમ કર્યું. પણ બા હું તો તારો છું ને. અને મેં આ કર્યું તો હું તો તારો દીકરો છું. એ પણ ખોટી વાત છે કહે છે અહીં તો. આહાહા..! ભારે વાતું આ.

બીજા પદાર્થો તને લાલચ ઊપજાવે છે? બીજા પદાર્થ તને સંતોષ આપે છે? બીજા પદાર્થ તને મમતા ઊપજાવી શકે છે? બાહ્ય પદાર્થ લોટે એમાં તને કરે શું? શેનો મફતનો મોહ કરે છે? એમ કહે છે. સમજાણું કાંઈ? નારણભાઈ હતા ને? મગજ અસ્થિર થઈ ગયું હતું ને? પછી સાધુ વ્હોરીને આવે ને? ચુરમુ સાકર ને. .. પડ્યું હોય તો મુઠો ભરી લે. પછી ખાય. પણ આ? ઉઘાડું કેમ મૂક્યું છે તમે આ? ઉઘાડું કેમ મૂક્યું છે? મન થઈ જાય લેવાનું. સુંદર વોરાના અપાસરે. સુંદર વોરાના અપાસરે. ત્યાં જઈ ચડ્યા બરાબર બહાર. એમ કે નારણભાઈ છે ને, એ બિચારા બહુ ઓલું ન કરે. ભલે મગજ અસ્થિર (હોય)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ અનાદર ન કરે. ત્યાં ઊભા થયા. ઓલા પાત્રા હોય ને? ચુરમુ ખાંડ લાવ્યા હોય અંદર તો ભરી લે મુઠો. નારણભાઈ. નાગરભાઈ! ઓલા કહે, પણ આમ ન લેવાય, નારણભાઈ! ઉઘાડું શું કરવા મૂક્યું? મન થઈ જાય અમારું. સમજાણું કાંઈ? એ પદાર્થે લેવાનું મન કરાવ્યું છે? આહાહા..! લાલચમાં પડે (પોતે) અને કહે કે આણે મને કરાવ્યું.

'**કાંઈ ન કર્યું. ચેતન-વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ...**' કરે છે? એક જગ્યાએ આત્મા અને એક જગ્યાએ રજકણ આ પડ્યા પરમાણુ. સમજાણું? એક જગ્યાએ પુદ્ગલો રહેલા '**તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ;...**' અનંતા રજકણો અહીં પડ્યા છે, જુઓ! એ જડ આત્માને જડ બનાવે છે? બનાવી શકે છે?

મુમુક્ષુ :- વિકાર કરાવે.

ઉત્તર :- વિકાર પણ કરાવતા નથી. જડ શું કરે? એકક્ષેત્રાવગાહ સંબંધ એ વિકાર કરાવે, એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવાય. નિમિત્તને અનુસારે થાય તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવાય. રાગ કરે તે પણ પુદ્ગલને નિમિત્ત સંબંધ કહેવાય. પરની સાથે ઉપાદાન નિમિત્ત સંબંધ કહેવાય. આ વળી નવું લાકડું ક્યાંથી કાઢ્યું? અરે..! ભગવાન શું કરે છે આ?

મુમુક્ષુ :- જૂનું લાકડું છે.

ઉત્તર :- જૂનું લાકડું છે ને. ઈ તો ઈનું ઈ છે. કોઈની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. સ્વતંત્ર બધા છે. આ નિમિત્ત હોય તો આમ થાય અને આવું ઉપાદાન હોય તો અહીંથી થાય એ વાતું હતી જ કે દી? સમજાણું કાંઈ? બધા આવ્યા હતા આ ... દરેક પદાર્થની સાથે નિમિત્ત સંબંધ છે. આ જ્ઞેયજ્ઞાયક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ? જ્ઞેય નિમિત્ત છે અને જ્ઞાયક નિમિત્ત-નૈમિત્તિક છે એટલે એનો અર્થ એમ નથી કે નિમિત્તને સંબંધે થયું માટે નૈમિત્તિક એનાથી થયું. એમ છે નહિ. આહાહા..!

જે વસ્તુ બહાર લોટે તે પરને શું કરે? એને માટે તો આટલા શ્લોકો સ્પષ્ટ કરીને કહે છે. સમજાણું કાંઈ? રજકણે રજકણ અહીં છે અને અનંતા રજકણમાં પડ્યો છો એક ચૈતન્ય. અનંતમાં પડ્યો એક. શું અનંતે એકને જડ કરી દીધું છે? અનંત રજકણના મધ્યમાં પડ્યો છે. દુશ્મનના મધ્યમાં પડ્યો હોય, તલવાર લઈને ઉભા હોય માથે. વચમાં પડે તો મારી જ નાખે, કાપી નાખે લ્યો. નીકળવા દે? આ કહે છે કે અનંતા રજકણો તારી જાતથી વિરૂદ્ધના જડ છે એમ કહે છે-દુશ્મન. એમાં પડ્યો છો છતાં તને જડ કરી શક્યા છે? તારી સ્થિતિમાં તું અને જડની સ્થિતિમાં જડ. બે ભિન્ને ભિન્ન છે, ભાઈ! એમ તને જો ભાન થાય તો તારી દૃષ્ટિ પરથી ઊઠી જાય અને સ્વદ્રવ્યમાં દૃષ્ટિ થાય તો સુખી થવાય. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? શું કહ્યું?

'**તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યા નહિ;...**' જડે ચૈતન્યને પોતારૂપે પરિણમાવ્યો નથી. જીવે વિકાર કર્યો એટલે જીવના ભાવથી થયો છે. જડે એને કરાવ્યો નથી. '**તો પછી પુદ્ગલે ચેતનને શું કર્યું?**' એ જડે આત્માને શું કર્યું? '**કાંઈ ન કર્યું.**'

'**આ ઉપરથી એમ સમજવું કે-વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતા નથી અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી.**' સમજાણું?

'**હવે, એ જ અર્થને દૃઢ કરતું ત્રીજું કાવ્ય કહે છે :-**'

**यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः**
**किञ्चनापि परिणामिनः स्वयम्।**
**व्यवहारिकदृशैव तन्मतं**
**नान्यदस्ति किमपीह निश्चयात्।।२१४।।**

જુઓ! આવ્યો શબ્દ. જુઓ! એમાં ખુલાસો ક્યાંક કર્યો છે. સમજ્યાને? એમ કે જ્ઞાનાવરણીય કર્મ જીવ બાંધે એવું આવે છે ને કહેવામાં? જ્ઞાનાવરણીય કર્મ બાંધે. જીવ આવા છ ભાવ કરે તો જ્ઞાન બાંધે, આવા ભાવ કરે તો દર્શનમોહનીય બાંધે. એ વાતમાં કાંઈ માલ નથી. એ વ્યવહારની વાતું છે. એનું એમ થતું નથી. એને જ નિશ્ચય માની બેસે. આવી ગયું છે ને પહેલા? '**व्यवहारिकदृशैव**' અહીં એ કીધું છે. '**व्यवहारिकदृशैव**' જુઓને! અહીં એ જ છે ને? ત્રીજું પદ. '**व्यवहारिकदृशैव**' એ તો વ્યવહારનો મત છે. એટલે વ્યવહારનો મત છે એટલે શું કહે છે કે વ્યવહાર તો સાચો છે ને. જૂઠો વ્યવહાર છે. આત્માએ કર્મ બાંધ્યું.. સમજ્યાને? મોડા આવ્યા. ત્રણ, સવા ત્રણ થવા આવ્યા. મોડી ગાડી હશે. સમજાણું આમાં? વ્યવહારે પરદ્રવ્યો અને આત્માને જ્ઞેય-જ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતા નથી. એ જ્ઞેયો છે તે આત્માને કાંઈ કરતા નથી. જાણવાલાયક વસ્તુ છે. તે પણ પોતાનો સ્વભાવ સ્વપરનો જાણવાનો છે માટે. એ કાંઈ એને લઈને અહીં જાણવાનો સંબંધ છે એમ પણ નથી.

'**શ્લોકાર્થ :- એક વસ્તુ સ્વયં પરિણમતી...**' કેટલી રીતે સિદ્ધ કરે છે! દરેક આત્મા અને દરેક રજકણ સ્વયં પરિણમતી, પોતાથી અવસ્થારૂપે થતી '**અન્ય વસ્તુને કાંઈ પણ કરી શકે છે-એમ જે માનવામાં આવે છે, તે વ્યવહારદૃષ્ટિથી જ માનવામાં આવે છે.**' એટલે જૂઠા કથનમાત્રથી કહેવામાં આવે છે. એમ કહેવું (છે) આમાં. સમજાણું? એમાં

છે ને ક્યાંક? ૨૧૩ શ્લોક છે ને? આ રહ્યું. એ નીકળ્યું. કર્તૃ-કર્મ ભિન્ન છે... '**बहिर्लुठन्नपि**' વ્યવહારિક દૃષ્ટિએ...

'**કોઈ આશંકા કરે છે કે જૈનસિદ્ધાંતમાં પણ...**' જુઓ આમાં આવ્યું. '**એમ કહ્યું છે કે જીવ જ્ઞાનાવરણાદિ પુદ્ગલ કર્મને કરે છે, અને ભોગવે છે. તેનું સમાધાન આમ છે કે-જૂઠા વ્યવહારથી કહેવા માટે છે,...**' લ્યો, આ તો મૂળમાં નાખ્યું એણે કે આત્મા જ્ઞાનાવરણીય કર્મ કરે છે અને એના ફળ આત્મા ભોગવે છે. કહે છે, આપણે શ્લોક ચાલે છે ૨૧૪. '**એમાં કોઈ આશંકા કરે છે કે જૈનસિદ્ધાંતમાં પણ એમ કહ્યું છે...**' શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે. તમે ન કરે.. ન કરે દીધે રાખો છો પણ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. '**જીવ જ્ઞાનાવરણાદિ પુદ્ગલ કર્મને કરે છે,...**' એ આત્મા જ્ઞાનાવરણીય કર્મને કરે છે. સમજાણું કાંઈ? એમ શાસ્ત્રમાં આવ્યું છે ને? અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, દર્શનમોહનીય, અંતરાય આત્મા બાંધે '**અને ભોગવે છે.**' એમ શાસ્ત્રમાં કહ્યું છે ને?

'**તેનું સમાધાન આમ છે કે-જૂઠા વ્યવહારથી કહેવા માટે છે,...**' આત્મા કર્મને બાંધે અને આત્મા કર્મનું ફળ ભોગવે એ જૂઠા વ્યવહારથી કહેવામાં આવે છે. અસદ્ભુત વ્યવહાર. એમ. જૂઠો એટલે ઈ. અસદ્ભુત વ્યવહાર. જૂઠા વ્યવહારને કારણે બોલવામાં આવે છે. સમજાણું કાંઈ? '**દ્રવ્યનું સ્વરૂપ વિચારતાં પરદ્રવ્યનો કર્તા જીવ નથી.**' કહો. સમજાણું? એ આમાં જ આવ્યું. જે કાંઈ એવો અભિપ્રાય છે વ્યવહારનો (એ) જૂઠી વ્યવહારથી દૃષ્ટિ છે, જૂઠી વ્યવહારદૃષ્ટિથી છે. કહો, સમજાણું? એવો વિચાર એવો અભિપ્રાય કાંઈ નથી, કાંઈ નથી. હવે આમ છે કે કાંઈ જ વાત નથી. મૂળથી જૂઠું છે. એવો સિદ્ધાંત સિદ્ધ થયો. મૂળથી જૂઠ છે. આત્મા બીજા રજકણને કરે. જુઓ, આવ્યું છે ને?

'**એક વસ્તુ સ્વયં પરિણમતી...**' આત્મા પોતાની પર્યાયે પરિણમે, પરમાણુ પરમાણુએ પરિણમે. એ અન્ય વસ્તુને કાંઈ પણ કરી શકે છે એમ માનવામાં આવે છે. જૂઠા વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, એક આત્મા બીજા આત્માનું કરે, આત્મા કર્મને બાંધે, કર્મ આત્માને વિકાર કરાવે, બીજો દ્રવ્ય આત્માને બગાડે, આ બીજાને સુધારે, એનાથી આ સુધર્યો એમ જે કહેવામાં આવે છે એ જૂઠા વ્યવહારથી છે. સમજાણું કાંઈ? '**તે વ્યવહારદૃષ્ટિથી જ માનવામાં આવે છે.**'

'**નિશ્ચયથી આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...**' ભાષા જુઓ! '**અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...**'જ. એમ છે જ નહિ આને લઈને એ પરવસ્તુ. આહાહા..! '**એક વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...**' કાંઈ પણ સંબંધ

નથી. દરેક રજકણ સ્વતંત્ર, દરેક આત્મા સ્વતંત્ર. કોઈ કોઈને કાંઈ લેવા દેવા નથી. શેઢે ને સીમાડે ક્યાંય કોઈને મેળ છે નહિ. કોઈ કોઈમાં દ્રવ્ય ભળતું નથી, મળતું નથી અને કોઈ કોઈનું કાંઈ કરતું નથી. કહો, સમજાણું આમાં? કહો, ચંદુભાઈ! શું છે?

મુમુક્ષુ :- ઘરમાં મેળ નહિ રહે.

ઉત્તર :- ઘરમાં મેળ નહિ રહે એમ કહે છે. તમે નહોતું કહ્યું એક ફેરી ઓલી બાઈ મરી ગઈ ત્યારે? મરી હતીને ઓલી પતિવ્રતા થવા? તમે શું કરો છો? અમે એમ ન મરીએ કાંઈ. એમ કહ્યું હતું. ખબર છે કે નહિ? ઘણા વર્ષની વાત છે. અહીં તો એકવાર વાત થઈ હોય તો ખ્યાલ હોય કે નહિ? ઓલી બાઈ નહિ? જેતપુરની. પતિ-પત્ની હતા ને બે. તો પતિએ મરતા વખતે પત્નીએ પાણી મૂક્યું આમ મોઢામાં. કે બીજાને ખબર ન પડી કે શું મૂક્યું. એણે પાણી આપ્યું કે હું આવું છું હવે તમારી પાસે, મરીને. પાણી મૂક્યું. જ્યાં અહીં જીવ ગયો ત્યાં માળે હતી ત્યાં પડવા ગઈ. પણ ત્યાં પકડી લીધી. સમજ્યાને? પકડી લીધી બાઈને. વૈષ્ણવ હતા વૈષ્ણવ. દશાશ્રીમાળી વાણિયા. રહી. રહી પણ પછી થોડા વખત રહી એમ ને એમ. પછી ઘાસલેટ છાંટીને બળી. અરે..! ઘણો કાળ થઈ ગયો. એકલા રહી શક્યા નથી. કહો, એકલો ક્યાં હશે? એ પડ્યો મરીને ક્યાં ગયો હશે? ઘણો વખત થઈ ગયો. એકલા રહી શક્યા નથી. કોઈ દિ' હું એકલી રહી નથી. એમ છાંટ્યું ત્યાં. બસ. ડોક્ટર આવ્યા. ડોક્ટર કાંઈ કરશો નહિ પાટાપીંડી. હું અહીં રહેવાની નથી. ગાંડા છે કે નહિ? પછી? પછી કસોટી લીધી. બૈરાને કહે આવું કર્યું. પણ તમે એમ કરશો? ના, અમે નહિ કરીએ તમે મરો તો કાંઈ. ચંદુભાઈ! આ તો કોઈનું કોઈ નથી એમ કહે છે. જુઓ. સમજાણું કાંઈ? અહીં તો વાત કો'ક દી ૫૦ વર્ષ પહેલાની વાત હોય તો ખ્યાલમાં તો હોય કે નહિ? અહીં આ હતું. વાત તો એમ જ છે. કોઈ કોઈનું છે નહિ. કોઈને કારણે કોઈ રહ્યું છે અને કોઈને કારણે કોઈ કરે છે એમ ત્રણ કાળમાં નથી. કહો, સમજાણું?

**'આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...'** એમ અહીં તો કહે છે. આ વસ્તુને બીજી વસ્તુ કાંઈ નથી. કાંઈ પણ નથી જ એમ કહે છે. એને માટે કાંઈ કામ આવે, આત્માને બીજા પદાર્થો કાંઈ કામ આવે એ કાંઈ નહિ. કે બીજા પદાર્થને તું કાંઈ કામ આવે એ કાંઈ નહિ. એમ કહે છે. એવી સ્થિતિ છે. તું કોઈને કામનો નથી, બીજા પદાર્થ તને કાંઈ કામના નથી. એમ કહે છે લ્યો! બરાબર હશે? મણિભાઈ! આહાહા..!

કહે છે, જુઓ! **'અન્ય વસ્તુ કાંઈ પણ નથી...'** એનો અર્થ આ છે. તારે માટે.. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરની આ વાણી છે. સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં એમ જોયું, એમ આવ્યું. ભગવાન એમ કહે છે કે આ જગતના કોઈ પદાર્થ એક પદાર્થ બીજાને કાંઈ કામનો નથી.

અને બીજો પદાર્થ તને કાંઈ કામનો નથી. આહાહા..! કેમ કે દરેક વસ્તુ પોતપોતાની પર્યાયમાં પરિણમી રહી છે. દ્રવ્ય-ગુણ તો કાયમ રહ્યા છે વસ્તુ. દ્રવ્ય એટલે શક્તિવાન અને ગુણ એટલે શક્તિ. પર્યાય પરિણમે એ પોતપોતામાં પરિણમે છે. એટલે કોઈને એ ચીજ કામની છે આત્મા કે આત્મા કોઈને કામનો છે કે એ ચીજ આત્માને કામની છે (એ) ત્રણ કાળમાં નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાને જેટલા દ્રવ્ય જોયા પરમેશ્વરે, એ પોતપોતાની સ્થિતિમાં બધા બદલી રહ્યા છે. બીજો પદાર્થ જોડે હોવા છતાં બીજો પદાર્થ બીજાને કાંઈ કરી શકે એવું હોઈ શકતું નથી. કરી શકે તો એ વસ્તુ રહી શકતી નથી. કહો, સમજાણું કાંઈ? બરાબર હશે આ? આહાહા..! ભારે વાત! એય.. ધનજીભાઈ! કહે છે કે છોકરા-બોકરા આત્માને કામના નથી એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- છોકરા છે જ નહિ પછી કામના ક્યાં?

ઉત્તર :- કારણ કે છોકરો જ ક્યાં છે પણ? છોકરાનો આત્મા જુદો અને એનું શરીર જુદું, તું જુદો, એ જુદા. હતા કે દિ' બે ભેગા ક્યાંય? ત્રણ કાળમાં ક્યાંય ભેગા છે નહિ.

એક ચીજ બીજી ચીજને કાંઈપણ કામમાં આવે એવું વસ્તુમાં નથી એમ કહે છે ભગવાન. એમાં બધો અર્થ આવી ગયો કે એક વસ્તુ બીજી વસ્તુને કાંઈ કામમાં આવે એવી નથી. તો એ વસ્તુ આને કાંઈ કામ આવે એવી નથી. એક આત્મા રજકણને કામનો નથી, રજકણ આત્માને કામના નથી. રજકણ એક બીજા રજકણને કામનો નથી. એ રજકણ આત્માને કામના નથી. આહાહા..! માણસ તો કહે છે કે મર્યું મડદું પણ કામ આવે. નથી લોકો વાતું કરતા? મર્યો સર્પ કામ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એ કારણ છે. સમડી નીકળીને. એક હાર હતો કો'ક રાણીનો. એ મોઢામાં મૂકીને લઈ ગયો હાર. એમાં એક સર્પ હતો મોઢામાં. સમજ્યાને? એ સર્પ ક્યાંકથી પેલી સમડી લઈને આવી હતી. હાર મૂકીને સર્પ લઈ ગઈ. સર્પનું મડદું હતું. પોતાને માથે નાખેલું. એમાં ઓલી રાણી ન્હાતી હતી. એમાં લાખ સવા લાખનો હાર સમડી મોઢામાં લઈ આવી. એમાં સર્પ દીઠો. હાર મૂકીને સર્પ લઈ ગઈ. ભાઈ! સંઘર્યો સાપ પણ કામમાં આવે એમ માણસ વાતું કરે. મૂઢ છો? સાંભળને હવે. ઈ તને શું કામનો હતો પણ ત્યાં? તારી પર્યાયમાં તેં રાગ-દ્વેષ કર્યા એ તારે કામના. પરવસ્તુ તને કામની છે એ ત્રણ કાળમાં છે નહિ. આહાહા..!

ભગવાન પરમેશ્વરે તો છ દ્રવ્ય જોયા છે. અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. છ દ્રવ્ય ભગવાન કેવળીએ જોયા

છે. એમાં કહે છે કે કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને કામ આવે એવું અમે તો જોયું નથી. આહાહા..! કહો, આ પૈસા-બૈસા કામ આવે કે નહિ? આ જુવાનીમાં રળ્યા હોય તો વૃદ્ધાવસ્થામાં કામ આવે એમ માણસ વાતું કરે છે, લ્યો.

મુમુક્ષુ :- કોઈ દી કામ..

ઉત્તર :- ભાઈ! શરીર-બરીર ઠીક હોય તો રળીએ પછી વૃદ્ધાવસ્થામાં (કામ આવે). લોકો એમ કહે. અરે..! આવા દુઃખ યુવાન અવસ્થામાં આવ્યા હોત તો સહન થાત. પણ વૃદ્ધાવસ્થામાં આવ્યા. પહેલા આવી ગયા હોત ને.. પણ વૃદ્ધ અને યુવાન અવસ્થા છે કે દી તારી? એ તો જડની છે. તું તો જુદો છો. અવસ્થા આને થાય એ તો માટી આ ધૂળની છે. સમજાય છે? એટલે યુવાન અવસ્થામાં આવ્યા (હોત) દુઃખ (તો સહન કરી શકત). પણ કહે છે કે દુઃખ એટલે શું? એની વ્યાખ્યા શું? પ્રતિકૂળ સંયોગ એ કાંઈ તને દુઃખ ઊપજાવે છે? કહો. એ તો જ્ઞેય છે. અહીં તો જ્ઞેય જ્ઞાયક સિદ્ધ કરવું છે. જે કાંઈ પ્રતિકૂળ સંયોગ તું કહે છે, એ તો આત્મા જ્ઞાયક છે અને એ જાણવા લાયક છે. બસ એટલું છે. એને ઠેકાણે દુઃખરૂપ જાણવા તેં કાઢ્યું ક્યાંથી? એમ કહે છે ભગવાન તો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યબિંબ આત્મા છે. એ જાણનાર-દેખનાર આત્મા છે. તો બીજી ચીજ તેને જણાય એટલી વાત છે. હવે એમાં બીજી ચીજ તને દુઃખદાયક છે એ આવ્યું ક્યાંથી? કહે છે. અને બીજી ચીજ તને સુખદાયક એ આવ્યું ક્યાંથી? એ તો જ્ઞેય છે. જણાવાયોગ્ય છે. તું જાણનાર છો બસ. આટલો સંબંધ છે. આહાહા..! પણ પાંચ-પાંચ, દસ-દસ લાખના હાર આમ ગળે પડ્યા હોય. આહાહા..! છાતી આમ ફૂટતી હશે કે નહિ અંદર? મૂઢ છો. એ તો પરવસ્તુ છે. એ તને લાલચ ઊપજાવે છે? પરવસ્તુ તને કામમાં આવી છે ત્યાં? રાગ કર્યો તેં તારી મેળાએ. તો રાગ તો તારી સત્તામાં તેં ઊંધો કર્યો છે. એ કંઈ કોઈએ કરાવ્યો નથી.

એમ દરેક વસ્તુ પોતપોતાના કામમાં પોતાને છે. કોઈ ચીજ કોઈને કામ આવે એવું ભગવાન કહે છે કે ત્રણ કાળમાં છે નહિ. કહો, બરાબર હશે આમાં? એવી દૃષ્ટિ કરે તો અનંત આત્માઓ પોતપોતાના કાર્યમાં પડ્યા છે. રજકણો પણ પોતપોતાની પર્યાયરૂપી કાર્યમાં પડ્યા છે. મારે પરની સાથે કાંઈ સંબંધ નથી. હું એક ચૈતન્યમૂર્તિ આત્મા છું. એવી અંતર દૃષ્ટિ કરવાનો એને અવકાશ રહે. પરની સાથે કાંઈ કામ નથી. પર મને કાંઈ કરતા નથી. એવો હું આત્મા જાણનાર ચૈતન્ય બ્રહ્મ જ્ઞાનાનંદ છું. એમ જ્ઞાનમાં જ્ઞાયકપણાનો નિર્ણય કરતા એને સમ્યગ્દર્શન થાય એ સુખનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? એ માટે આ બધી વાત લીધી છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'(**અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી**).' આ તો કહે, બાયડી છે ને છોકરા છે. અમારે નવ નવ ભવના સંબંધ ચાલ્યા આવે છે. નથી કહેતા? રાજુલ અને નેમિનાથ ભગવાનને કેટલા ભવના સંબંધ? એય..! સાંભળને! એ તો બહારની વાતું. સંબંધ કેવા કોઈની સાથે? કહો, સમજાણું? એક જણાએ સગપણ કર્યું એટલે પૂછયું મને કે મહારાજ! આ સગપણ થયું આની સાથે. અમારો આણંદજી હતો. સગપણ થયું ને અહીં? ચિત્તલ. મેં કીધું, પણ સંબંધ ક્યો? એ છોડી આવી હશે મરીને ક્યાંક થોરમાંથી. અને આ મરીને આવ્યો હશે ક્યાંક ઈયળમાંથી. હવે બેને ક્યાં સંબંધ હતો? ભાઈ! એક આત્મા ક્યાંકથી મરીને આવ્યો અને એક આત્મા ક્યાંકથી આવ્યો. એને સંબંધ કેવા? કોઈને કાંઈ લેવા દેવા છે નહિ. પણ એવો ઉઠાવગીર બળજોરીથી પરની સાથે મારે સંબંધ છે એમ ઉઠાવે છે. ભગવાન કહે છે કે પરને અને તારે કાંઈ સંબંધ નથી. એમ જો નક્કી કરે તો પરનું કરી દઉં એ અભિમાન મટી જાય. એમ નક્કી કરે કે પરથી મારામાં ભૂંડું સારું થાય એનું અભિમાન મટી જાય અને આત્મામાં ઠરવાનો પ્રસંગ આવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૩, બુધવાર તા. ૨૯-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૧૪, ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૧૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૧૪ ગાથાનો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? કળશનો ભાવાર્થ. છે ભાઈ? ભોગીલાલભાઈ! ભાવાર્થ. ભાઈને આવ્યું? કારણ કે એક તો વિષય ઝીણો છે ને એટલે જરી...

**'એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે અન્ય દ્રવ્યે આ કર્યું, તે વ્યવહારનયની દૃષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી.'** એટલા શબ્દ થયા. હવે એનો અર્થ. **'એક દ્રવ્યના પરિણમનમાં...'** એટલે કે આ આત્મા જે વસ્તુ છે આત્મા, એના વર્તમાનમાં અનંત ગુણો છે. એનું પરિણમન થાય, પરિણમન એટલે અવસ્થા થાય છે. જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની વગેરે અવસ્થા આત્મામાં થાય. તે એક દ્રવ્યના પરિણમનમાં અનંત દ્રવ્ય નિમિત્ત દેખી. બીજી ચીજ નિમિત્ત દેખીને એમ કહેવાય કે આ સાંભળ્યું માટે જ્ઞાન થયું. સમજાય છે? આ જ્ઞેય મળ્યું માટે જ્ઞાન થયું, એમ નિમિત્ત દેખીને વ્યવહારથી એમ કહેવાય કે આ દ્રવ્યે આ કર્યું. તે વ્યવહારનય નિમિત્તનું જ્ઞાન કરાવવા એ વાત છે. ખરેખર નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જાણવાની ક્રિયા પોતે પરિણમે એમાં બીજી ચીજ કાંઈ પણ કરી શકતી નથી.

મુમુક્ષુ :- હોય તો જણાય ને?

ઉત્તર :- એ વાત જ એ જ લેશે, અહીં વાત લેશે.

જ્ઞાનમાં આ જે જાણવાયોગ્ય વસ્તુ જ્ઞેય છે, એ જ્ઞેય. આ જાણનાર જ્ઞાન (અને) આ શરીર, વાણી, મન આ બધા પદાર્થો જાણવા યોગ્ય. એ જાણવા યોગ્ય પદાર્થથી અહીં જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહારનું વચન છે, એમ છે નહિ. કેમકે જ્ઞેય વસ્તુ પોતાના પર્યાયથી- અવસ્થાથી પરિણમી રહી છે, આ જ્ઞાન પોતાની અવસ્થાથી થઈ રહ્યું છે. એટલે આ પરિણમનમાં નિમિત્તે કાંઈ કર્યું એ વાત સાચી નથી. બરાબર છે? ગોદિકાજી! સમજાણું કાંઈ?

**'એક દ્રવ્યના...'** દ્રવ્ય એટલે વસ્તુ. ચાહે તો એક પરમાણુ પોઈન્ટ હો કે આત્મા. એના પરિણમનમાં, એના બદલવામાં, એની વર્તમાન અવસ્થા-અવસ્થા થવામાં અન્ય દ્રવ્યને નિમિત્ત દેખી એમ કહેવું કે અન્ય દ્રવ્યે આ કર્યું. આ સાંભળવાથી જ્ઞાન થયું, શ્રદ્ધવાથી થયું, વાંચવાથી થયું, જે જ્ઞેય છે તે હતું માટે જ્ઞાન થયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- કર્મના ઉપશમથી થયું.

ઉત્તર :- કર્મના ઉપશમથી તો અહીં વાતેય નથી.

અહીં તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળ ચૈતન્યસૂર્ય છે, એની વર્તમાન અવસ્થાનું થવું પોતાથી થાય છે, નિમિત્તને લઈને થાય એ કહેવું એક ઉપચારનું કથન છે. વાસ્તવિક પરને લઈને આત્મામાં કાંઈ થતું નથી. સમજાણું કાંઈ? અથવા આ શરીરની અવસ્થા થાય છે. જુઓ, આ શરીર છે ને? આ રજકણ છે માટી. રૂપી પરમાણુ છે આ માટી. આ એની જે આ અવસ્થા થાય છે એ પરિણમન છે એનું, એની અવસ્થા છે. એ પરિણમનમાં આત્માની ઈચ્છા કે જ્ઞાન, એને નિમિત્ત થયું. એથી એમ કહેવું કે આત્માની ઈચ્છા વડે હાથ ચાલ્યો એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. હાથ હાલ્યો એમાં આત્માએ કાંઈ કર્યું નથી. ભોગીદાસભાઈ!

મુમુક્ષુ :- આત્માના રાગે પણ કાંઈ કર્યું નથી?

ઉત્તર :- કાંઈ કર્યું નથી. શું કરે? ધૂળ. એ તો પોતે વસ્તુ છે કે નહિ રજકણ આ? માટી પરમાણુ છે કે નહિ? દ્રવ્ય છે કે નહિ? અને દ્રવ્ય છે તે પોતે વર્તમાનમાં અવસ્થારૂપે પરિણમે છે.

'**એક દ્રવ્યના પરિણમનમાં...**' પર્યાય આ થાય છે તે. જડ છે આ. આત્મા જુદી ચીજ છે અંદર. એમાં '**અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને...**' આત્માનું નિમિત્ત દેખીને એમ કહેવું કે આ આને અન્ય દ્રવ્યે આ કર્યું. આત્માએ હાથ હલાવ્યો, આત્મા બોલ્યો એમ જે કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. બોલવાની પરિણતિ અને હાથની અવસ્થા સ્વતંત્ર જડથી પોતાથી થઈ છે, આત્માએ એમાં કાંઈ કર્યું નથી. ભોગીદાસભાઈ! આ બધું આવું છે આ જૈનદર્શન. આ બધા મીલના કામ કરીએ છીએ અને આ કર્યા. એ ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- ઈ તો છોડી દેવા માગે છે, પણ માણસો છોડતા નથી.

ઉત્તર :- બિલકુલ ખોટી વાત છે. ખોટી વાત છે ઈ. પોતાને એ ભાવ છે એમાં બીજો એ ભાવ કરાવે છે એમ છે નહિ. એ તો સિદ્ધાંત ચાલે છે અહીં.

મુમુક્ષુ :- ... વાત કરતા હતા.

ઉત્તર :- એ વાતું કરે બધા મફતના. કહો, સમજાણું કાંઈ? કે ભાઈ! મારે તો ઘણોય ધર્મ કરવાનો ભાવ છે, પણ આ બધા બાયડી, છોકરા અને વેપારને માટે મારે અટકવું પડે છે. જૂઠો છો. એ વાતમાં માલ નથી. તારી વર્તમાન અવસ્થા થવામાં બીજો, ત્રીજો તને કાંઈ કરે તો થાય એમ છે નહિ, એમ ભગવાન કહે છે.

મુમુક્ષુ :- આ તો પરમસત્ય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- પરમસત્ય તો આ છે. કહો, જેઠાલાલભાઈ! આહાહા..! અમે ધંધાપાણી, રૂપિયા, આ બાહ્યની ચીજો જાય-આવે ને એમાં અમે નિમિત્ત તો છીએ ને? નિમિત્ત તો છીએ ને? એટલે એમ કરીને અમે કાંઈ કર્યું છે એમ કહે છે. એ તો વ્યવહારનું જ્ઞાન કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. બાકી શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, ધંધાની ક્રિયા, કાપડની ક્રિયા, મીલની ક્રિયા, સંચાની ક્રિયા એ બધી જડની વર્તમાન અવસ્થા પરિણમે તેને બીજો કાંઈ કરી શકતો નથી. આહાહા..! વલ્લભદાસભાઈ! છે?

મુમુક્ષુ :- આ વાત બેસવી પડે ને.

ઉત્તર :- બેસાડે છૂટકો છે, નહિતર હેરાન થાશે ચાર ગતિમાં. દુઃખી થાશે, દુઃખી. દુઃખી થઈ રહ્યો છે પણ એનું એને ભાન નથી. હું દુઃખી છું એનું ભાન નથી. આત્માના સ્વરૂપનો... આનંદ સ્વરૂપ આત્મા તો છે. આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત ત્રિકાળ આનંદસ્વરૂપ છે. એને ભૂલીને જે આ વિકલ્પો કરે છે કે આમ કરું, તે કરું, આ કરું એ બધા વિકલ્પો દુઃખરૂપ છે, દુઃખરૂપ છે, પણ છતાં એ દુઃખના પરિણમનને કોઈ બીજો કરાવે છે એમ નથી. અહીં સિદ્ધ એ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ! કર્મને કારણે આ દુઃખ થયા આત્મામાં. ના. કર્મ ભિન્ન ચીજ છે, તારા પરિણામ ભિન્ન ચીજ છે. તારા પરિણામને બીજો કરે એ ત્રણ કાળમાં બનતું નથી. કારણ કે દરેક વસ્તુ પોતાના વર્તમાન બદલવાના પર્યાયમાં પડી છે. એ બદલે છે એ પોતાથી. એને બીજો બદલાવે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાય છે કાંઈ?

‘**વસ્તુના પર્યાયસ્વભાવને લીધે...**’ સિદ્ધાંત મૂકે છે હવે. દરેક આત્મા અને દરેક રજકણનો પોતાનો પર્યાયસ્વભાવ. પર્યાય એટલે બદલવું. પર્યાય એટલે પલટવું, પર્યાય એટલે એકરૂપે ન રહેવું. દરેક આત્મા અને દરેક રજકણ એકરૂપે ન રહે. અવસ્થા બદલ્યા કરે. જેમ પાણીમાં તરંગ ઊઠ્યા કરે. એ તરંગનું ઊઠવું એ પાણીનો પર્યાયસ્વભાવ છે; એમ આત્મા અને પરમાણુમાં સમયે સમયે નવી નવી અવસ્થા થવી એ એનો પર્યાય-અવસ્થાનો સ્વભાવ છે. પરને લઈને કાંઈ આત્મામાં થાય અને આત્માને લઈને પરમાં કાંઈક થાય એ વાતમાં એકેય દોકડો સાચો નથી. કહો, સમજાણું આમાં? ... નથી કરતાં? ભોગીદાસભાઈ! આ તત્સુત્રીમાં આવે છે ને? તત્સુત્રીમાં આવે છે. કાયોત્સર્ગ કરે. ... એટલે મેં હાથ આમ કર્યો, મેં હાથ આમ કર્યો. ના. કોણે કર્યો? ખબર નથી? તને ભાન નથી? આ તો જડ છે, આ તો માટી છે, આ રજકણ છે. એની અવસ્થાનું પરિણમન એને લઈને, જડને લઈને છે. આત્માએ કર્યું એ તો નિમિત્તનું કથન વ્યવહારનું છે, એણે કાંઈ પણ કર્યું નથી. કહો, સમજાણું આમાં? ... કાયાને સ્થિર કરું છું, વાણીને મંદ કરું છું, મનને સંભાળી લઉં છું.

એમ છે નહિ. વાણી વાણીને કારણે થંભે, હાથ હાથને કારણે થંભે, હાથ હાથને કારણે હાલે. કારણ કે આ જગતની ચીજ છે. જડ તત્ત્વ છે આ. આ તત્ત્વ તે પણ તેની શક્તિવાળું છે અને તે પણ તેની વર્તમાન પર્યાય-અવસ્થા થવાના સ્વભાવવાળું છે. માટે તેનો વર્તમાન પર્યાયસ્વભાવ એનાથી થાય છે, આત્માએ એમાંથી કાંઈ કર્યું એ માન્યતા તદ્દન મૂઢ જીવોની છે. સમજાણું કાંઈ? મોટા-મોટા કામ કરે છે ને આ માણસ? જુઓ! ભોગીલાલભાઈ તો મોટા મીલમાં ઘણું કામ કરતાં. માણસો વાતું કરતાં. એય..! વલ્લભદાસભાઈ! વલ્લભદાસ પણ દુકાન ચલાવે છે નહિ? ભરૂચમાં.. ભરૂચમાં.

મુમુક્ષુ :- ભૂતકાળમાં.

ઉત્તર :- પણ ભૂતકાળમાં પણ કર્યું નહોતું. સમજાણું કાંઈ? કેમ વલ્લભદાસભાઈ! આહાહા..!

અરે..! ભગવાન! તું કોણ છો? ભાઈ! તું તો અરૂપી આત્મા છો અને અરૂપી આત્મા એ અનંત ગુણવાળું તત્ત્વ છે. એ અનંત ગુણનું એકરૂપ રહેવું તે ગુણ છે અને બદલવું તેની અવસ્થા છે. એટલે બદલવું એ તો પોતાનો પર્યાય-અવસ્થા સ્વભાવ છે. એમાં બીજાએ શું કર્યું? સમજાણું કાંઈ? કહો, ગોદિકાજી! આ શું કીધું તમારું? પન્ના. પન્નાનું કાંઈ કર્યું નથી ગોદીકાના જીવે, એમ કહે છે અહીં. પન્નાનો આમ કટકો કરવો, આમ ટૂકડો કરે. ના. એ તો વસ્તુના પર્યાયસ્વભાવને લીધે છે. એ તો પદાર્થ રજકણો છે અને રજકણ જગતનું અજીવ કાયમી ત્રિકાળી તત્ત્વ છે. અને ત્રિકાળી તત્ત્વનું વર્તમાન અવસ્થાનું થવું એ એનો સ્વભાવ છે. એમાં આત્મા એને શું કરે? રજકણને બદલાવે શી રીતે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હુશિયારીથી બદલાવે.

ઉત્તર :- ધૂળેય હુશિયારી નથી. એ તો બધું આવી ગયું છે પહેલું. હુશિયારી તારામાં રહી. એ હુશિયારી પરમાં શું કામ કરે? કારીગરની વાત તો આવી ગઈ. સોની છે. સોનીના પરિણામ પોતામાં છે કે હું દાગીનો કરું. પણ દાગીનાની અવસ્થા આના પરિણામથી થાય છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી. કેમકે દાગીનો રજકણ છે, માટી છે, પુદ્ગલ છે. એનો વર્તમાન અવસ્થાનો સ્વભાવ છે. એ પોતાની અવસ્થાને કારણે દાગીનો થાય છે. સોનીથી થાય છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહાર કથન છે. સોનીએ સોનાનો દાગીનો કર્યો નથી. ભારે ઊંધુ ભાઈ જગતથી. વલ્લભદાસભાઈ! એ તો બધા દાખલા આવી ગયા. સોની, સુથાર, લુહાર... સમજ્યાને? કુંભાર, આ બાઈ રસોઈ કરનાર. એ બધી જેટલી કારીગરી કળા કહેવાય ને? એ કળાબાજ એમ માને કે અમે પરવસ્તુમાં કાંઈ કોતરણી-ફોતરણી અને સરખી ક્રિયા કરીએ છીએ. કહે છે, (તું) મૂઢ છો, ભાઈ! એ તો જગતની ચીજ છે. એ

તો પોતાના પર્યાયસ્વભાવને લઈને, બદલવાના સ્વભાવને લઈને બદલીને રહી છે. બદલીને રહી છે. તારે કારણે ત્યાં બદલે છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં? અભિમાન પણ એવું ને જગતને.

'હું કરું... હું કરું... હું કરું.. હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર જેમ કૂતરો તાણે, એમ મોટા મોટા કામ જાણે અમે કરીએ છીએ, અમે કરીએ છીએ. અમારી દેખરેખમાં જ્યાં સુધી કામ ચાલતું ત્યાં સુધી વ્યવસ્થિત હતું. જ્યાં બીજાની દેખરેખ આવી ત્યાં કામ બીજી રીતે થઈ ગયું. વલ્લભદાસભાઈ! એને અહીં ભગવાન કહે છે કે તારી એ વાત સાચી નથી. કહો, મલૂકચંદભાઈ! આ ગળે શી રીતે ઉતારવું? ઓલો કહે છે કે આખો દિ' આમ થાય છે, નિમિત્તથી થાય છે-નિમિત્તથી થાય છે, એ માનતા નથી. અરે..! ભગવાન! તને ખબર નથી ભાઈ! એક એક રજકણ પરમાણુ પોઈન્ટ છે એ જગતનું તત્ત્વ છે અને એમાં અનંતી શક્તિઓ રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ છે અને તે તે રજકણ પોતાની કોઈપણ પર્યાયના સ્વભાવ વિનાનું હોય નહિ. બદલવાના સ્વભાવવાળું પોતાથી છે. એને આત્મા શું કરે? અને આત્માના બદલવાના સ્વભાવમાં પરવસ્તુ શું કરે? કહો, સમજાય છે કાંઈ?

**'વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે;...'** આત્મા પણ પોતાની પૂર્વ અવસ્થાથી નવી અવસ્થા થાય એ પણ પોતાથી. પરમાં પણ આ અવસ્થા છે અને આમ થાય એ પણ એના રજકણથી. બીજાથી બીજામાં અવસ્થા થાય એવું ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. કેમકે દરેક વસ્તુ રહીને (-ટકીને) પોતાના પર્યાયસ્વભાવથી બદલે છે. ઓહોહો..! આ તો મોટો જાણે હું દેશનું કરી દઉં, પંચશીલ કરું અને આ શું કહેવાય તમારે? સડકું કરી દઉં, કૂવા કરી દઉં, ધૂળ કરી દઉં. ધૂળેય કરતો નથી. મફતનો હેરાન હેરાન થાય છે. વલ્લભદાસભાઈ! સત્ય છે એમ બેસાડવું પડશે, જો સુખી થવું હોય તો. નહિતર દુઃખી છે. ઊલટી માન્યતા તે અસત્ય છે. અસત્ય તે દુઃખ છે એટલે દુઃખને તે વેદે છે. પરની અવસ્થા કરી શકતું નથી છતાં કરી શકું છું એવી જે માન્યતા તે અસત્ય છે. અસત્ય તે જૂઠું છે. જૂઠું તે વિકાર છે અને વિકાર છે તે દુઃખ છે. ભાન નથી એને એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? સમજાણું આમાં?

એક અવસ્થાથી બીજી અવસ્થાનું પરિણમન થાય છે **'તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.'** ભેળવી શકે છે? આ રજકણમાં અવસ્થા ભેળવે છે? લ્યો, મડદું છે આમ. કરી દે કાંઈ આત્મા એમાં? રોકી દે એની અવસ્થાને? અને અત્યારે આમ રહ્યું છે એ આત્માથી રહ્યું છે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- આત્માને..

ઉત્તર :- એ તો એને કારણે એ અવસ્થા થઈ છે. અત્યારે એને કારણે થઈ છે. આરે આરે..! ભારે ભ્રમ ભાઈ જગતને! જડ તો જાણે તત્ત્વ જ નથી.

અહીં તો કહે છે કે તારા જ્ઞાનમાં એ જ્ઞેય જણાય. પણ જ્ઞેય નથી આપતું જ્ઞાનને અને જ્ઞાન નથી જતું જ્ઞેયમાં. સમજાણું કાંઈ? ભારે વાત! ઓહોહો..! આ મહા અટળ સિદ્ધાંત જગતના છે પણ બેસે નહિ જગતને. અભિમાન (આડે) કોઈ દિ' જોયું નથી કે તત્ત્વ હું તે કોઈ જુદો છું. આ તો માટી ધૂળ છે. આ તો માટીના પુદ્‌ગલ છે. દાળ, ભાત, રોટલીથી બનેલા છે. આ ક્યાં આત્મા હતો? આ તો માટી-ધૂળ છે. એની અવસ્થાનું થવું એને કારણે છે. એને કારણે કે હું ધ્યાન રાખું તો આમ ન થાય, પથ્ય આ કરું તો આમ રહે, અપથ્ય કરું તો આમ રહે, એ તારી માન્યતા બધી ફોગટ છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ના પાડે છે અહીં. કુંભારની પર્યાય એનામાં રહી, ઘડામાં ક્યાં ગરી ગઈ છે? જુઓને અહીં (શું કહ્યું?) '**પોતાનું ભેળવી શકતી નથી.**' કહો. કુંભારનું ડહાપણ કુંભારના આત્માની અવસ્થામાં અસ્તિત્વ છે કે ઘડાના અસ્તિત્વમાં ગરી ગયું છે?

મુમુક્ષુ :- એ તો એના અસ્તિત્વમાં જ રહ્યું ને?

ઉત્તર :- થઈ રહ્યું ત્યારે. ઘડાના અસ્તિત્વમાં કર્યું શું એણે? ન્યાયથી, લોજીકથી એણે સમજવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? સારો હુશિયાર માણસ હોય કે આમ મોતીના દાણા જેવા અક્ષર લખતા આવડે એને. મોતીના દાણાના અક્ષર છે એ તો જડની પર્યાય છે. આત્માએ કર્યું શું એમાં? એની કળા જે છે એ તો એની પર્યાયમાં રહી ગઈ. જ્ઞાનનો ઉઘાડ છે જીવનો એ તો એની પર્યાયમાં રહી ગયો, અવસ્થામાં રહી ગયો. એ અહીં ક્યાં આવ્યો? અક્ષરમાં ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- એ મોતી જેવા કેમ છે? બીજાના નથી.

ઉત્તર :- એ તો રજકણની પર્યાય છે. એકરૂપ પરમાણુનું ન રહેવું, બીજારૂપે થવું એ અવસ્થાનો સ્વભાવ છે. એને કારણે અક્ષર પડ્યા છે. તારે કારણે નહિ.

મુમુક્ષુ :- અક્ષર એની મેળાએ ક્યાંથી થાય?

ઉત્તર :- એ અક્ષર એની મેળાએ (થયા) છે. આ બધું સમજવા જેવું છે. લાકડા ઊંધા ગરી ગયા જગતને. એ લખે કોણ? ધૂળ લખે? બહુ આકરી વાત છે, બાપા! એ રજકણ છે જગતના તત્ત્વો. પરમાણુ-પરમાણુ છે ઝીણા. એ પરમાણુની અવસ્થા એ અક્ષરપણે થાય છે. આત્મા એને કરી શકતો નથી. એ એમ કહે છે અહીં. એય..! ભોગીદાસભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બધી જુદી જાત છે આ. જગતમાં અત્યારે ચાલતી નથી. અત્યારે તો અંધારું અંધારું ચાલે છે બધે. ધર્મને નામે અંધારું. સમજાણું આમાં?

ભાઈએ પ્રશ્ન નાખ્યો કે અક્ષર એની મેળાએ લખાય? હા. એમ કહે છે અહીં. એ કલમથી અક્ષર લખાણા નથી. એમ છે, હજી તો ઝીણી વાત છે. આત્માથી તો નહિ પણ અક્ષર છે અનંત.. આમ 'અ' દેખાય છે ને? અ, ક. એ 'ક' અસ્તિ છે કે નહિ? એ કાંઈક દેખાય છે કે નહિ? એ શું છે? એ જડ તત્ત્વ છે. એ જડ તત્ત્વની અવસ્થા છે. એ અવસ્થા કલમે કરી નથી અને આત્માના જ્ઞાને અને ઈચ્છાએ કરી નથી. સમજાણું કાંઈ? આ બધા અભિમાન છે ને, લાકડા ગોળિયા ઉડાડવા પડશે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના જ્ઞાનમાં અનંત પદાર્થ સ્વતંત્રપણે ભાસ્યા છે. એ દરેક પદાર્થની અવસ્થા વિનાનો કોઈ પદાર્થ હોતો નથી. કોઈપણ અવસ્થાને બીજો કરે તેમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? કેમ હશે? જેઠાલાલભાઈ! ભારે આકરું.

મુમુક્ષુ :- એ તો અમલદાર હતા. ..

ઉત્તર :- ધૂળેય કર્યું નથી. તે દિ' રાગ કરતાં હતા, કલેક્ટર હતા ત્યારે. પોરબંદરમાં કલેક્ટર હતા, ભાઈ. ભોગીદાસભાઈ! જેઠાલાલભાઈ પોરબંદરમાં કલેક્ટર હતા. અત્યારે નવરા થઈ ગયા હવે. રાગ કરતાં હતા. ધૂળ કરતાં હતા ત્યાં?

મુમુક્ષુ :- હુશિયાર ગણાતા.

ઉત્તર :- હુશિયારી એની પર્યાયમાં રહી. હુશિયારી એ જગતના ડહાપણની. પાગલની હુશિયારી હતી. હુશિયારી તો એને કહીએ કે આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય છે તેને પહોંચી વળીને પ્રકાશ જ્ઞાનનો કરે તેને હુશિયારી કહીએ. વલ્લભદાસભાઈ! અહીં તો પાણી ઉતરે એવું છે બધાના. ખોટા ચડ્યા છે. ખોટા ચડ્યા છે ને ખોટા. સોનાના દાગીનામાં ખોટા નાખે ને? .. આ તો ઘસાઈ ગયું. ખોટો હતો પણ. ધંધા થાય ને મુંબઈમાં? ઘણા થાય છે ખોટા દાગીનાના. ૨૫-૨૫ હજારના લઈ જાય. માથે એવો ઓપ આપે સોનાનો. અને એકાદ દાગીનો સારો આપે બતાવવા એને ઘસીને ... આપે ૨૫ હજારમાં. એ બધું ચાલે છે અત્યારે. એ પકડાય તો પોલીસને પણ બધું મળે. પોલીસવાળો ઓલાને કહે કે જો ભાઈ, બહુ આવીશ નહિ આ શેરીમાં. જોખમમાં છો. ઓય માર્યા. પોલીસ પણ લાગે છે આનો પાર્ટનર. બધું છે. અમને ખબર છે ને બધી.

મુમુક્ષુ :- બને છે બધું.

ઉત્તર :- હા, હા, કલકત્તામાં એક ટૂકડી એવી છે. છોકરાને લઈ જઈને પછી કાપે અહીંથી. અહીંથી કાપી નાખે, અહીંથી કાપી નાખે. .. કરે ને માગી ખાય. દરરોજના ૫૦-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


૫૦, ૧૦૦-૧૦૦, ૨૦૦-૨૦૦ રૂપિયા આવે છે. એમ એવું દેખાયને આહાહા..! ઓલી રેકડી? રેકડીમાં નાખીને. ભાવનગરમાં હતું ઘણા વર્ષ પહેલાં મેં જોયું હતું. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. રેકડીમાં નાખીને.. બિચારાને દયા આવે બહુ. ધંધો ચાલે છે. ખબર છે ને અમને તો બધી. આખી દુનિયાની ક્યાં ચાલે છે. એને એ એવી રીતે કરે અને પાછું ખબર પડે કે મારો દીકરો આ શેરીમાં હતો, ગુમ થયેલો. પોલીસોને પણ બધાને હપ્તો હોય. પોલીસ કહે, જો ભાઈ આ શેરીમાં બહુ જોખમ છે, હોં! ઓય.. માર્યા. આ તો જેને અમે કહેવા આવીએ, એ કહે છે જોખમ છે. હવે શું મારે ક્યાં કરવું? લ્યો. બાપા! એ જગતના અજ્ઞાનના પરિણામ અને મૂઢતાના પરિણામ એ જીવ સ્વતંત્ર કરે છે. આહાહા..! અરે..! દુનિયા ક્યાં પડી છે એને કાંઈ ખબર નથી.

ભગવાને તો અનંત આત્મા જોયા છે, અનંત પરમાણુ જોયા છે. આ રજકણો અનંત છે. આના ટૂકડા-કટકા કરો તો છેલ્લામાં છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ કહે છે. પરમ-અણુ. ઝીણો અણુ. એ પણ જગતનું તત્ત્વ છે. એ ટકીને બદલ્યા કરે છે સદાય. જડ છે પણ બદલવાનો સ્વભાવ છે. કીધું ને માથે? તેને પર્યાયસ્વભાવને લીધે, રજકણમાં પણ પર્યાયસ્વભાવ-બદલવાનો સ્વભાવ છે, એને લઈને એ સ્થિતિ થાય છે, તારે લઈને જડમાં થતી નથી. આહાહા..! શું હશે? રતિભાઈ! આકરું કામ બધું જગતને. હોશિયાર માણસ નામા સારા લખે, લોકોને સમજાવી શકે. સમજાણું? ભાષા (બોલે). ભાષા ક્યાં તારી હતી? સાંભળને, ભાષા તો જડની છે. ભાષા તારી છે? આ તો રજકણો છે ધ્વનિ. ધ્વનિ આત્મામાં છે? આત્મા તો અરૂપી છે. કહો, સમજાણું આમાં? આ બહુ ભારે આકરું.

મુમુક્ષુ :- આમાં સમજાણું...

ઉત્તર :- આમાં સમજાણું? ઓલું ઊંધું સમજીને બેઠા એ નહિ. આહાહા..!

જુઓને, એક જ વાત કરી છે. '**એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન...**' દરેક રજકણ અને આત્મામાં '**થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.**' એની હોશિયારી, કુંભારની હોશિયારીએ ઘડામાં શું ભેળવ્યું? બાઈની ચતુરાઈએ પુડલામાં શું ભેળવ્યું? માણસ કહે ને, આનો હાથ બહુ હળવો છે, પુડલો બહુ સારો થાય. પુડલા હોય છે ને? ગોળના ને ચણાના લોટના થાય ને સરખા. કહે છે, સાંભળને તું એકવાર. એનો આત્મા એની વર્તમાન અવસ્થામાં જ્ઞાનના ઉઘાડવાળી છે. એ જ્ઞાનની અવસ્થાએ ત્યાં પુડલાના પરમાણુમાં શું ઘાલ્યું-શું નાખ્યું તે અવસ્થા એનાથી થઈ? ભોગીદાસભાઈ! આ તો અવલદોમ છે જગતથી. એ બધું આવી ગયું છે આમાં પહેલું, હોં! આ એનો સરવાળો. હવે બીજી વાત લેવી છે. જેટલા કારીગરો છે એ કળાના કરનાર કળાની વર્તમાન અવસ્થા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તેની પાસે છે. એ શું પરની ક્રિયાના અવસ્થામાં તે કળા પેસી ગઈ છે કે પરને બનાવે? કહો, સમજાણું આમાં? આ ભારે. સાંબેલા ઉતારવા જેવું લાગે માણસને, હોં! સાંબેલા જાણે ગળે ઉતારવા. શું કહે છે આ? એ એમ છે. એ સમજવું પડશે, જો સત્ય જોઈતું હોય તો. એ વસ્તુ બાપુ!

કેવળજ્ઞાનની અહીંયાં... સમજાય છે? કસરત છે. કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વર, જેને સર્વજ્ઞ પરમેશ્વર કહીએ, તીર્થંકરદેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા. એના જ્ઞાનમાં અનંત આત્માઓ, અનંત રજકણો ભિન્ન ભિન્ન ભાસ્યા. એ ભિન્ન ભિન્ન પદાર્થની અવસ્થા ક્ષણે ક્ષણે તે તે પદાર્થ કરે છે તેમ ભાસી. આ એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

આ વણકર કાપડને કરી શકતો નથી. વણકર એની પર્યાયમાં રહ્યો. કાપડની અવસ્થામાં પેઠો નથી. કહો, સમજાણું કાંઈ? સુતારની કળા એની પર્યાયમાં રહી. એ વાંસડાને ઉપાડીને આમ કરે એ પરની અવસ્થામાં પેસતો નથી. માટે, વાંસડાની ક્રિયા એ કરી શકતો નથી. કારણ કે વાંસડો પણ અનંત પરમાણુનું એક તત્ત્વ છે. એના પર્યાયસ્વભાવને લઈને એ બદલ્યા કરે છે. ચૈતન્યના સહારા વિના જડ પોતાથી બદલી રહ્યો છે. એનો પર્યાયસ્વભાવ છે માટે. આહાહા..! ભારે વાતું આકરી. આ ટોપી છે એ હેઠે મૂકી. કહે છે, ઉપાડી એ પર્યાયને આત્માએ કરી નથી. એમ કહે છે. આ ચશ્મા છે એ જો આમ થાય અને આમ થાય એ આત્મા કરતો નથી.

મુમુક્ષુ :- હાથે તો કર્યા ને?

ઉત્તર :- હાથ પણ કરતો નથી. હાથ જુદો અને આ ચીજ જુદી છે. હાથના રજકણોનું અસ્તિત્વ જુદું ભિન્ન છે. જુઓ! આનું અસ્તિત્વ હોવાપણે ભિન્ન છે. આના હોવાની આ અવસ્થાને આના હોવાપણે કાંઈ કર્યું નથી. કારણ કે આના હોવાની અવસ્થા આનામાં પેસતી નથી. પેસતી નથી તો કાંઈ કરતી નથી. આ તો કેવળજ્ઞાનીના નિયમો છે, વિજ્ઞાનનું વિજ્ઞાન છે. એ વિજ્ઞાન જગતને મળ્યું નથી તો હેરાન થઈ જાય છે. કહો, સમજાણું આમાં?

'**આ ઉપરથી એમ સમજવું કે-પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે...**' હવે ઓલો આગળનો અધિકાર લેવો છે ને. હવે એમ સમજવું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જાણનાર છે અને શરીર, વાણી, બીજા આત્માઓ, દેવ-ગુરુ-શાસ્ત્ર, પાના-પુઠાં-પર્વત એ બધા જ્ઞેય છે, જણાવાયોગ્ય વસ્તુ છે. આ જાણનાર છે. એ પદાર્થો તેમના ભાવે પરિણમે છે. કોણ? જ્ઞેય. જાણવા યોગ્ય શરીર, વાણી, પર વસ્તુ એ જ્ઞેય છે જ્ઞાનમાં. એ જ્ઞેયો પોતાને કારણે બદલી રહ્યા છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે;...**' જાણનારો ભગવાનઆત્મા જાણવારૂપે પરિણમે છે, જાણવારૂપે પરિણમે છે, જણાવાયોગ્ય રૂપે પરિણમતો નથી અને જણાવાયોગ્ય રૂપ પદાર્થ એ જાણવાયોગ્ય પદાર્થની પર્યાયમાં આવતો નથી. સમજાણું કાંઈ? આ એની મેળાએ સમજાય એવું નથી. આ કાંઈ ચોપડી નથી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી. ટાણે આવ્યું પછી તો કહે ને. એટલે એની યોગ્યતા થયા વિના સમજાય એવું નથી. એમ છે. આહાહા..!

અરે..! ભગવાન! ચૈતન્યપ્રભુ તું તો અરૂપી જ્ઞાનઘન છો ને. જ્ઞાનનું ગળવું, જ્ઞાનનું પરિણમવું, જ્ઞાનનું થવું એ તો અવસ્થા તારામાં થઈ. એમાં તારી અવસ્થા પરના જ્ઞેયમાં ક્યાં ગઈ? અને જ્ઞેય જાણવાયોગ્ય આ જડની અવસ્થા છે એ અવસ્થા અહીં ક્યાં આવી? અને એ જ્ઞેયને લઈને અહીં જ્ઞાન ક્યાં થયું? અને જ્ઞાન ક્યાં જ્ઞેયમાં પેસી ગયું? સમજાણું કાંઈ? અભિમાન અભિમાન અજ્ઞાનીઓનું. જ્યાં હોય ત્યાં હું કરું... હું કરું... હું કરું. છોડી દે, ભગવાન! તું જ્ઞાન છો, પ્રભુ! તું તો જાણવાની અવસ્થારૂપે પરિણમ. એ અવસ્થાનો સ્વભાવ તારો પરિણમવાનો છે. જ્ઞાનરૂપી અવસ્થા થવાનો તારો સ્વભાવ છે. પણ જ્ઞેયરૂપની અવસ્થા છે માટે જ્ઞાનરૂપ અવસ્થા થાય છે એમ નથી. તેમ જ્ઞાન અવસ્થા થાય છે એ જ્ઞેયમાં પેસીને જ્ઞેયને કાંઈ બદલાવે છે એમ પણ નથી. ભારે વાત. આ તો અધ્યાત્મ સિદ્ધાંત છે.

'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન' આવે છે ને? 'શ્રીમદ્'માં આવે છે. ભોગીદાસભાઈ! 'શ્રીમદ્ રાજચંદ્ર'માં. 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન'. કદી કોઈ એક થતાં નથી. પોતાની પોતાની એની એ અવસ્થારૂપે થાય છે. અંધારાના અંજવાળા અને અંજવાળાના અંધારા એ રજકણની અવસ્થાથી થાય છે, એમ કહે છે. એ તો જાણવા યોગ્ય પદાર્થ છે. તારા જ્ઞાને તે જ્ઞેયને કાંઈ કર્યું નથી અને એ જ્ઞેય આમ પલટ્યું માટે તારી જ્ઞાન અવસ્થા થઈ જ્ઞેયને લઈને, એમ છે નહિ.

'**પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે...**' જડમાં ભાવ હોતા હશે? વસ્તુ છે ને, બાપા! જુઓને! આ દેખાય છે. આ રજકણ છે એ પહેલાં હતા દાળ-ભાતના, દાળ-ભાત, રોટલીના. એ અહીં ખડકાણા. આ અવસ્થા થઈ. શેની અવસ્થા? આત્માની છે આ? આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે. આ અવસ્થા છે એ દેખાય છે ને અસ્તિત્વ આખું? એ રજકણો પહેલાં હતા દાળ-ભાતની અવસ્થારૂપે હતા. અહીં આવ્યા તો લોહીની અવસ્થાપણે થયા. એ અવસ્થા થવી એનો પર્યાયસ્વભાવ છે. આત્માએ પર્યાયસ્વભાવ કર્યો નથી. જડનો પર્યાયસ્વભાવ કર્યો નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? અને દેહ છૂટવાની પર્યાયને કાળે આત્મા તેને રાખી શકતો નથી. અને અત્યારે રહે છે તેને આત્મા રાખે છે એમ પણ છે નહિ. બહુ વાતું, ભાઈ! આ બધા મોટા મીલના માલિક હોય બહુ ઝાઝા ને, એ માણસો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ કહે, હોય મમતા પોતાની, અમે તો દુનિયાને પાંચ-પાંચ હજાર માણસને રોટલો આપીએ છીએ. શું તમે એમ માનો છો કે અમે રળીએ છીએ? અમે નવ હજાર માણસને નભાવવા માટે કરીએ છીએ. એય..! ભોગીભાઈ! કેમ પોપટભાઈ! એમ કહ્યું કે નહિ?

મુમુક્ષુ :- શેઠિયાઓ..

ઉત્તર :- ધૂળમાંય નથી શેઠિયા. શેઠિયા ક્યાંથી આવ્યા? પૈસા કો'કના. તારા ક્યાંથી આવી ગયા? અહીં તો પૈસા જડના છે, કહે છે. એય..! વલ્લભદાસભાઈ! જો તારા હોય તો તારી સાથે આવવા જોઈએ. તું બેઠા એ ચાલ્યા જાય અને કાં એ બેઠા ને તું ચાલ્યો જા છો. એ તો જુદી ચીજ છે. તારી ચીજ ક્યાં હતી? મફતનો વચ્ચે ગળે પડ્યો છો.

મુમુક્ષુ :- પૈસાને ગળે પડ્યો છે?

ઉત્તર :- પૈસાને ગળે પડ્યો છો. એમ બાયડી-છોકરા એની પાસે આવ્યા તો ગળે પડ્યો કે આ મારા. હતા કે દિ' તારા? મૂર્ખાઈ લઈને બેઠો છો. એય..! વલ્લભદાસભાઈ! ઊંધા ચશ્મા છે જગતને. શરીર તો એને કારણે આવ્યું છે. આ રજકણો છે. તારે કારણે આવ્યું છે? તારી ઇચ્છા પ્રમાણે રહે છે? ઇચ્છા પ્રમાણે રહે તો તો ધોળા વાળ થવા દે નહિ, મૃત્યુ થવા દે નહિ. એ તો એની જડ ચીજ એને કારણે રહે છે. એની સ્થિતિ પૂરી થશે તો ફટ છૂટી જશે, તારે કારણે નહિ રહે ત્યાં. લાખ દવા કર ને દાક્તર ઉતાર ઉપરથી. જે સમયે આની અવસ્થા બદલવાની તે સમયે બદલીને છૂટી જશે ફટ દઈને. એ અવસ્થાને બદલાવવા આત્મા સમર્થ છે નહિ. બેસે નહિ એને શું થાય? જડ અને ચૈતન્ય. એને માને જડનું કામ હું કરું. ચૈતન્યનું કામ જડ કરાવે. કાંઈ કરાવે. કેમ હશે, કાંતિભાઈ? આ હુશિયારી કાંઈક કામ કરે કે નહિ સંચામાં? કામ ન કરે? સંચા છે કે નહિ? તમારે નથી? પહેલાં હતા કે નહિ એક ફેરી? એ તો બેંગ્લોરમાં હતા ને? આ તો બીજી વાત છે, બાપા! આહાહા..!

અરે..! ભગવાન! તું કેવો છો, ક્યાં છો એની તને ખબર નથી. એ કેવા છે જડ અને ક્યાં છે એની તને ખબર નથી. હવે ખબર વિનાનો બેખબરો, એને તે ધર્મ ક્યાંથી થાતો હતો? પછી કહે, ઓલા દયા પાળી. કોનો પણ દયા? હવે સાંભળને. તારો ભાવ રાગ કર્યો એ તો તારામાં રહ્યો. એ રાગે સામાની દયાની અવસ્થા કરી છે? સામાની દયાની અવસ્થા જીવ્યો એની અવસ્થા તેં કરી છે? ભોગીભાઈ! આ તો બહુ બીજી જાતની વાત છે આ. આહાહા..! છે?

'**તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી.**' ભગવાનઆત્મા પોતે જ્ઞાનરૂપે જાણે, એમાં જ્ઞેયો કાંઈ કરી શકતા નથી. આ શબ્દો છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નથી, એમ કહે છે અહીં તો. આ વાણી છે એ જડ છે. અને વાણી ત્યાં પડે છે માટે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં જ્ઞાનની અવસ્થા થાય છે કે વાણી એને જ્ઞાનની અવસ્થાને કાંઈ કરી શકતી નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

ભાઈ! તારે સત્ય જોઈતું હોય તો આમ સમજવું પડશે, ભાઈ! આ બધા અભિમાન મૂકી દેવા પડશે. જૂઠા હું કરું.. હું કરું.. જે અજ્ઞાન છે એ મહા દુઃખની દૃષ્ટિ છે, દુઃખની દૃષ્ટિ છે, દુનિયામાં રખડવાની દૃષ્ટિ છે એ, ચોર્યાશીના ઘા વાગવાની દૃષ્ટિ છે. આ ભવ અત્યારે છે, પાછો આ ભવ સદાય નહિ રહે. પાછા ભાવ બદલી જશે ફડાક બીજો ભવ, ત્રીજો ભવ, કીડાનો, કાગડાનો, કૂતરાનો એવા ભવ અનંતા કર્યા છે. આ પરના કામ હું કરું અને પર મને કરે એમ એકત્વબુદ્ધિના મિથ્યાત્વ ભાવે અનંતા ભવ એણે કર્યા છે.

મુમુક્ષુ :- એનું આ ફળ છે?

ઉત્તર :- એનું આ ફળ છે. બીજું રખડવાનું શેનું ફળ છે? ધર્મનું ફળ હોય રખડવું? સમજાણું કાંઈ? કેમ હશે? જયંતિભાઈ! પણ બધા હુશિયાર માણસ હોય તો દુકાનનું સરખું હલવે કે નહિ? કો'કને કાંઈક સમજાવે, કો'કને કાંઈક સમજાવે અને બધાને તાબે રાખે. હુશિયાર માણસ હોય, લ્યો. ઓલાને કાંઈક કહે, ઓલાને કાંઈક કહે. એની પર્યાયથી ત્યાં સમજ્યો હશે ઓલો એમ ને? મફતનો મૂઢ અભિમાન કરે છે. એની દશા એને ઠીક લાગે એવી અવસ્થા એ કરે છે. તારે લઈને ત્યાં ક્યાં થઈ હતી? સમજાણું કાંઈ?

'**જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે.**' હવે તો અહીં લેવું છે. '**એમ વ્યવહારથી જ માનવામાં આવે છે;...**' ભગવાનઆત્મા શરીરને જાણે છે. હવે જાણે છે હોં! એ કરવાનું તો ક્યાંય ગયું હવે. આ દેહાદિની ક્રિયા-અવસ્થાને આત્મા કરે છે એ વાત તો ત્રણ કાળમાં નથી, પણ આ દેહને આત્મા જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે જાણનાર કાંઈ જ્ઞેયમાં પેસી જતો નથી અને જ્ઞાનની પર્યાય કાંઈ જ્ઞેયને લઈને થઈ નથી. જ્ઞેયનું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાનપર્યાય થઈ છે એમ છે નહિ. જ્ઞાનનું અસ્તિત્વ (છે) માટે જ્ઞાનપર્યાય થઈ છે. જ્ઞેયને કારણે જ્ઞાનપર્યાય થઈ નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.**' ભગવાન જાણનાર... જાણનાર... ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યસૂર્ય. ચૈતન્યનો પ્રકાશ છે એ તો. પોતાના પ્રકાશથી સ્વને, પરને જાણે છે. પરને અડ્યા વિના, પરને લઈને નહિ અને પરમાં પેઠા વિના પોતામાં રહીને પરને અને પોતાને જાણે છે. એ જાણવાની ક્રિયાનું પરિણમન તે આત્માનું છે. સમજાણું કાંઈ?

હવે દાખલો આપે છે. '**ખડી તો ખડી જ છે-**' હવે જુઓ, ખડીનો દાખલો આપે છે. ખડી છે ને ખડી? આપણે ખડી (કહીએ), છોકરાને બહુ સમજાય. ખડી નથી લખતા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પાટીયા ઉપર લખે, કોપીમાં લખે. ખડીથી લખે છે ને? .. કોપીમાં ન લખે નામ? એ સુંવાળી બહુ હોય, સુંવાળી. ચુનો તો જરી (કઠણ હોય) અને આ સુંવાળી હોય. પહેલાં લખતા. કોપીમાં લખતા. નહિ? પચાસ-સાંઈઠ વર્ષ પહેલાં. ખડી. એમાં શીશો મોટો આવો રાખે. મોટા અક્ષર પછી તડકે સૂકવે. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. કહો, સમજાણું કાંઈ?

'**ખડી તો ખડી જ છે-એ નિશ્ચય છે; ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે...**' શું કહે છે જુઓ હવે. '**ખડી-સ્વભાવે પરિણમતી ખડી...**' ખડી પોતાના સ્વભાવે ધોળાપણે પરિણમતી અવસ્થાપણે થતી ખડી. એ '**ભીંત-સ્વભાવે પરિણમતી...**' ભીંત જે છે એ પોતાના સ્વભાવે ભીંત પરિણમે છે. એ ભીંતને.. બે વાત. ખડી-સ્વભાવે પરિણમતી ખડી, એક વાત. ખડી છે. .. કરે છે ને પાણીમાં? એ સ્વભાવે પરિણમી. પોતાને કારણે પરિણમી છે એક વાત.

'**ભીંત-સ્વભાવે પરિણમતી...**' હવે ભીંત પોતે છે એ પોતાના સ્વભાવે પરિણમેલી છે ભીંત, ખડીને લઈને નહિ. એવી ભીંત સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે. એ ભીંતને સફેદ કરે છે '**એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.**' કારણ કે સફેદાઈની પર્યાય ભીંતમાં પેઠી નથી. સફેદાઈની પર્યાય સફેદાઈના અસ્તિત્વમાં રહેલી છે. સફેદાઈની અવસ્થા ભીંતમાં પેઠી હોય (તો) સફેદાઈ ધોવાય ત્યારે ભીંત પણ પડી જવી જોઈએ. સમજાણું કાંઈ? આ પોતું આપે છે ને? ભોગીદાસભાઈ! પોતું બહુ ઓલું હોય પછી બહાર .. બેસતું. ધોળું-ધોળું શું કહેવાય બીજી ભાષા તમારી? વ્હાઈટ વોશ. અંગ્રેજીમાં. સાફસૂફ.. જ્યાં ત્યાં ચુનો-બુનો નાખે.. બે-પાંચ વર્ષે કરે. મકાનને કરે ને. એય..! તમારે તો આરસપહાણનું મકાન છે. આરસપહાણમાં કરવું પડતું હશે? આરસપહાણમાં ચુનો ન લાગે, નહિ? આરસપહાણનું, મકાન ત્રણ લાખનું કર્યું છે. એય.. ધોળું ધોળું લાગે. એ જડની અવસ્થા છે.

અહીં તો કહે છે, ખડી.. ધ્યાન રાખજો, આત્મા અને જ્ઞેય ઉપર ઉતારશે. '**ખડી-સ્વભાવે પરિણમતી...**' પોતાના ધોળા સ્વભાવે પરિણમતી પોતાના અસ્તિત્વમાં રહીને પરિણમી છે. ભીંત ભીંતના સ્વભાવે પરિણમતી ભીંતના અસ્તિત્વમાં તેનું ભીંતનું પરિણમન છે. એમાં ભીંતને સફેદ કર્યું, ખડીએ ભીંતને સફેદ કરી (એ) નિમિત્ત કથન છે. સફેદ તો પોતામાં રહીને સફેદપણે પરિણમી છે. ભીંતને ધોળી કરી નથી અને ભીંત સફેદથી ધોળી થઈ નથી. સમજાણું કાંઈ? ભારે જગતને સાંભળવું કઠણ.

મુમુક્ષુ :- આ તો ચોખ્ખી વાત છે.

ઉત્તર :- ચોખ્ખી બે ને બે ચાર જેવી વાત છે.

ખડી વસ્તુ છે કે નહિ? એ ખડી જ્યારે ઓગળવા માંડે છે આમ, એ પોતાનો પર્યાય

છે કે એ ભીંતનો છે? એ પર્યાય સફેદાઈનું અસ્તિત્વપણું સફેદાઈમાં છે કે ભીંતના અસ્તિત્વમાં છે?-પોતાના અસ્તિત્વમાં છે; અને ભીંતનું જે અસ્તિત્વ છે ટકી રહેવું, એ ભીંતના અસ્તિત્વમાં છે કે ખડીના અસ્તિત્વમાં છે? એ ભીંતના અસ્તિત્વમાં એ ખડીએ આમ ધોળું કર્યું એ ધોળામાં ધોળું અસ્તિત્વ રહ્યું છે કે ભીંતના અસ્તિત્વમાં ગરી ગયું છે ધોળું? સમજાણું કાંઈ? આરે..! આવો દાખલો આપીને આત્મામાં ઉતારશે હોં એ.

'**તેવી રીતે જ્ઞાયક તો જ્ઞાયક જ છે**' ભગવાનઆત્મા તો જાણનાર છે. જાણનાર સફેદની પેઠે. જેમ ખડી તે સફેદપણે પરિણમે છે વર્તમાન, એમ આત્મા જાણનાર તે જાણવાપણે વર્તમાન થાય છે. જાણવાપણે, અવસ્થાપણે, જાણવાની અવસ્થાપણે થાય છે. '**જ્ઞાયક સ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે...**' શું કહે છે? '**તેવી રીતે જ્ઞાયક તો જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે; જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક...**' એક વાત. શું કીધું? આ જ્ઞાયક આત્મા છે ને જાણનાર છે ને ચૈતન્ય વસ્તુ? એ જ્ઞાયકપણે પરિણમતો, વર્તમાન જાણવાપણે પરિણમતો તે જ્ઞાયક છે. જાણવાપણે પરિણમતો જ્ઞાનના અસ્તિત્વમાં છે. જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક. એક (વાત).

'**પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવા પરદ્રવ્યો...**' આ શરીર, વાણી, કર્મ આ બીજા, ત્રીજા જેટલા દેવ-ગુરુ-શાસ્ત્ર, બાયડી, છોકરા, કુટુંબ એ બધા જ્ઞાનમાં જણાવાલાયક વ્યવહારે પરજ્ઞેય છે. એ પરદ્રવ્યો પોતાને કારણે બદલીને રહ્યા છે. જુઓ! '**પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં...**' છે? પહેલો બોલ જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક છે. જાણનાર ભગવાનઆત્મા જાણવાના સ્વભાવે પરિણમતો આત્મા જ્ઞાયક છે અને પરદ્રવ્યસ્વભાવે પરિણમતા એવા પરદ્રવ્ય. એટલી વાત હવે. શરીર, વાણી જે પરવસ્તુ, બીજા આત્માઓ પરદ્રવ્યો, પુદ્‌ગલો, એ પરદ્રવ્ય સ્વભાવે પરિણમતા તે પરદ્રવ્યરૂપ છે, એને જાણે છે એમ કહેવું... આહાહા..! કરે છે તો કાઢી નાખ્યું, (એને જાણે છે એ પણ કાઢી નાખ્યું!) સર્વવિશુદ્ધ અધિકાર છે ને હવે આગળ?

ભગવાનઆત્મા પોતાની અવસ્થાપણે થાય. એ પર અવસ્થાને શું કરે? પરવસ્તુ પર અવસ્થાપણે થાય એ આત્માને શું કરે? એ જુદું કાઢી નાખ્યું. કરે નહિ કાંઈ. હવે એમ રહ્યું કે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એ જાણવાપણે પરિણમે. જાણવાપણે... જાણવાપણે... આ આમ છે.. આ આમ છે. એ તો પોતામાં જાણવાપણે પરિણમે છે; અને જણાવાયોગ્ય વસ્તુ પોતામાં રહીને પોતાથી પરદ્રવ્ય એટલે આનાથી પરદ્રવ્યરૂપે, એને બદલવાની અવસ્થાપણે પરદ્રવ્ય ત્યાં છે. શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, ધૂળ. પૈસા હોય ને? આ બધું ધૂળ છે ને પૈસા એ શું છે? ધૂળ ધૂળપણે પરિણમીને રહી છે. પૈસા પૈસાપણે થઈને રહ્યા છે કે આત્માના જ્ઞાનપણે થઈને રહ્યા છે? કહો, ભોગીદાસભાઈ! આ તો બરાબર છે કે

નહિ? પૈસા પૈસાપણે થઈને રહ્યા છે કે પૈસા આત્માના જ્ઞાનપણે થઈને રહ્યા છે? અને આ જાણનાર જાણનારપણે રહ્યો છે કે જાણનાર પૈસાપણે થયો છે? પૈસાપણે થાય તો જડ થઈ જાય આત્મા. અરે..! આ કોણ પણ વિચાર કરવા નવરો કે દિ' હતો? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ પણ એક દિ'માં એટલા બધા સિદ્ધાંત કહો છો તો અમારે યાદ રાખવા કઠણ પડે છે.

ઉત્તર :- હવે આમાં ક્યાં સિદ્ધાંતો એટલા મોટા ઝાઝાં છે? એય..! આ સંસારમાં નથી કરતાં? હજાર-હજાર, બબ્બે હજાર વસ્તુ હોય તો ત્રિપટી વાતું કરે. કરિયાણાની વસ્તુ હોય છે ને. ઘરની પાંચ-પાંચ દસ-દસ લાખનો મોટો ધંધો હોય. એક એકની વસ્તુ. આ વસ્તુ આટલા ભાવે આવી હતી, આટલી ખપી છે, એનો ભાવ અત્યારે આ છે અને અત્યારે નવો લેવા જાય તો આ ભાવે મળે. આપણને પુરાણા ભાવમાં આ મળી છે. એ માયલી આટલા ભાવે ખપી છે અને આટલી વસ્તુ રહી છે. એવી ત્રણ-ત્રણ પટ્ટી એક એક વસ્તુમાં વિચાર કરીને હજાર કે ત્રણ હજાર યાદ રાખે. કહો, ભોગીદાસભાઈ! ત્યાં ધ્યાન રાખે. આ એલચીના કોથળા પહેલાં તે દિ' આપણે બે લાવ્યા છીએ. એમાંથી દોઢ ખપ્યો છે અને આટલી રહી છે દોઢમાં. ત્રણ-ત્રણ મણનો થોકડો. અધમણની છે અને અત્યારે આ ભાવ છે. હવે એ આપણે પાછી લાવવી છે. અધમણ રહી છે માટે લાવવી છે. આ ભાવની આવેલી આ છે અને આ ભાવની આવેલી આ છે અને આટલી ખપી. બધી ખબર છે કે નહિ એને? એય..! કાંતિભાઈ! ખબર હોય કે નહિ એને? કેટલું એને યાદ રાખવું પડે? રાખે છે કે નહિ પણ પાપનું બધું? પોપટભાઈ! કેમ હશે? કેટલું રાખતા હશે તમારા સાળા? કેટલા.. ચાલીસ કરોડ રૂપિયા-રાફડા. મોટો રાફડો જાણે. શું હશે? ધૂળ છે. ધૂળના ઢફ્ફા છે. આહાહા..! એક દિવસની ૮૦ હજારની પેદાશ. શું છે? તારે ઘરે ક્યાં આવી? એ તો જડમાં રહી. જડનું પરિણમન જડમાં રહ્યું, તારામાં ક્યાં આવ્યું? એય..! વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- ભાવમાં તો...

ઉત્તર :- ભાવમાં તો રાગ કર્યો એણે. રાગ કર્યો છે. ખરેખર તો રાગનો જાણનાર પણ પોતે જ્ઞાનની પર્યાયપણે પરિણમ્યો છે. પણ એને ઠેકાણે કહે, (આ મારો). રાગરૂપે થઈ ગયો? કે પરરૂપે થઈ ગયો? એમ માને છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાયક સ્વરૂપે રહ્યો છે અને આત્મા સિવાયના પરદ્રવ્યો પછી બીજા આત્મા હોય, હોં! બીજા દેવ-ગુરુ-શાસ્ત્રના, વસ્તુ જડ અને દેવ-ગુરુનો આત્મા, જાત્રા કે આ ભક્તિ, આ ડુંગરા, શેત્રુંજય, સમ્મેદશિખર. એ પરવસ્તુ છે. એ તો... છે ને? પરદ્રવ્યસ્વભાવે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણમ્યા છે. એ તો એના સ્વભાવે એની અવસ્થાએ રહેલાં છે. **'એવા પરદ્રવ્યોને...'** એવી ચીજોને આ **'જાણે છે એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.'** એને કરે તો નહિ પણ એને જાણે કહેવું વ્યવહાર છે. કારણ કે આ જાણનારો જાણનારની અવસ્થામાં રહ્યો છે. કાંઈ જ્ઞેયની અવસ્થારૂપે થયો નથી અને જ્ઞેયની અવસ્થા થઈ એ કાંઈ જ્ઞાનમાં આવી નથી. જ્ઞાન તો પોતાથી થયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એમ કહેવું એ વ્યવહારકથન છે. નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છે :-'**

**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।**
**तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु।।३५६।।**
**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।**
**तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु।।३५७।।**
**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।**
**तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु।।३५८।।**
**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।**
**तह दंसणं दु ण परस्स दंसणं दंसणं सो दु।।३५९।।**
**एवं तुं णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।**
**सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण।।३६०।।**
**जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।**
**तह परदव्वं जाणादि णादा वि सएण भावेण।।३६१।।**
**जह परदव्वंस सेडदि हु सेडिया अप्पणो सहावेण।**
**तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण।।३६२।।**
**जह रपदव्वं सेडदि दु सेडिया अप्पणो सहावेण।**
**तह परदव्वं विजहदि णादा वि सएण भावेण।।३६३।।**
**जह परदव्वं सेडदि हुसेडिया अप्पणो सहावेण।**
**तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण।।३६४।।**
**एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।**
**भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो।।३६५।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સુણો આવ્યું પાછું. સાંભળો! ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું. આ '**सेडिया**' એટલે સેટિકા. સેટિકા એટલે ખડી.

એનું હરીગીત. નીચે હરિગીત. સેટિકા એટલે શ્વેત શ્વેત એટલી ખડી.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.**

જ્ઞાયક એટલે આત્મા જાણનાર.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.**

દેખનાર પોતે.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.**

પરનો ત્યાગ કરનારો પોતે નથી, પરના અભાવસ્વરૂપે ત્યાગસ્વરૂપે છે, એમ કહે છે.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શન નથી ત્યમ પર તણો, દર્શન ખરે દર્શન તથા; ૩૫૯.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;**
**સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૪.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો; ૩૬૫.**

અહીં જ્ઞાન પહેલું લેવું છે. ઓહોહો..! કેટલી વાત કરે છે! જ્ઞાન-દર્શન-ચારિત્ર બધી વાત કરશે.

મુમુક્ષુ :- પછી કહે છે, બધા ગુણોને આ લાગુ પડે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- અનેક પર્યાયને, બધી પર્યાયને. પોતે પોતામાં કરે. એમાં પરને કરે શું? પરને જાણે છે એ કહેવું વ્યવહાર છે. શું પરમાં પ્રવેશ કરી જાય છે જ્ઞાન? જાણનાર ભગવાનઆત્મામાં શરીર પ્રવેશ કરે છે? (જ્ઞાન) શરીર-જડ અવસ્થામાં પ્રવેશ કરે? (તો) જડ થઈ જાય. પોતે પોતાની અવસ્થામાં રહીને શરીરને જાણે છે. શરીરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તે શરીરને જાણવાની પોતાની અવસ્થાને પોતે જાણે છે એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર કહે છે હજી તો. પોતે પોતાને જાણે એવા ભેદ પાડવા એ વ્યવહાર. ભગવાન જ્ઞાયક તે જ્ઞાયક ચૈતન્ય છે. એમ અંતર અભેદની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? આવી વાત દુનિયામાં અત્યારે તો હાહો ને હરિફાઈ ચાલે છે. કેટલા મોટા-મોટા, મજૂર સાથે મેળ ન ખાય, મીલવાળાને તો બધાને રોકાવું પડે ઘરમાં.

મુમુક્ષુ :- મીલવાળા તો તાળા મારે.

ઉત્તર :- તાળા મારે. આઠ-આઠ દિ' રોકાવું પડ્યું, કિશનગઢના. નેમિચંદ પાટની કહેતા. મીલ બંધ કરી દીધી. આઠ દિ' ઘરની અંદર. બહાર નીકળીએ તો મારે. એમ ને એમ શાક ને ભાજી આઠ દિ' હતું એ ખાધું કહે અંદર. બારણા બંધ કર્યા. આહાહા..! બાપુ! એ તો એની અવસ્થા થાય ત્યારે થાય. તું તો એનો જાણનાર છો. પરને રોકી શકે અને પરને બનાવી શકે (એમ છે નહિ). આ પરને જાણવું એ પણ વ્યવહાર છે. તો લોકોને કરવું છે જ ક્યાં. આહાહા..! ભારે વાત! પરને જાણવું એ શું? પર સંબંધી જ્ઞાન છે? એ તો પોતાનો જ્ઞાનસ્વભાવ પોતાનું પરિણમન છે. એ પોતાને સ્વપરને જાણે એ તો પોતામાં રહીને જાણે છે, પર થઈને જાણે છે? અને જાણતાં પર આનું થઈને રહે છે? કહો, સમજાણું કાંઈ? આ જ્ઞાનમાં શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા જણાય એ આત્માના થઈને રહ્યા છે? એના થઈને રહ્યા છે. એના થઈને રહ્યા એને જાણવું કહેવું એ વ્યવહાર છે, એમ કહે છે. જ્ઞાન તો આનું છે. ક્યાં એનું હતું? આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો જ્ઞાનનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે.

ઉત્તર :- એ હજી આગળ કહેશે. અત્યારે તો આટલું સિદ્ધ કરે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું. એની ટીકા છે જુઓ, ટીકા છે ને?

ખડી જે છે. '**આ જગતમાં.**' પાછું આ જગત. વિદ્યમાન હોય.. ... આહાહા..! જ્ઞાન છે તે પોતે જ્ઞાનગુણથી ભરેલો ભગવાન છે. એ જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ તે વ્યવહારે જ્ઞેય નામ જાણવાલાયક છે. ખરેખર તો પરને નિશ્ચયથી જાણતો નથી. પરને જાણતો ત્યાં વળી કાઢ્યું પાછું. કંઈક કંઈક વાંધો કાઢે છે. પરને જાણતો નથી, માટે સર્વજ્ઞ છે એ વ્યવહારનયે છે. વળી ઈ કાઢ્યું. સમજાણું કાંઈ? અરે..! વાંધા તે વાંધા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન! અહીં તો એમ કહે છે કે તું જાણનાર જ્ઞાન ચૈતન્ય છે એની વર્તમાન અવસ્થા તો જાણવાની થાય. અને જાણવાની થાય, એ પોતે પરવસ્તુને જાણે, જાણતા કાંઈ પરરૂપે થાય છે? અને પર છે એ આના રૂપે આવે છે? બસ! ત્યારે તેં શું કર્યું? જાણ્યું પરને એમ કહેવું તો વ્યવહાર છે, એ તો ઉપચાર છે. ખરેખર તો તારા જ્ઞાનની અવસ્થા તેં જાણી છે. ભારે આવ્યું આ તો.

પુણ્ય-પાપના પરિણામ કરે ત્યારે કહે, જ્ઞાનના પરિણામ થાય છે એમાં પણ એ તારા છે. પરના એ પરિણામ નથી અને પરને લઈને થયા નથી. પરને જાણવું કહેવું એ પણ તારા અસ્તિત્વમાં રહીને પરને જાણવું એટલે પરરૂપ થઈ ગયું જ્ઞાન? અને જ્ઞેય છે એ અહીં આવી ગયા છે? એને લઈને અહીં જ્ઞાન થયું છે? જેમાં ભરેલું જ્ઞાન છે એમાંથી થાય છે. વિશષ વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૪, ગુરુવાર તા. ૩૦-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૧૨**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર.

'**ટીકા :- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.**' દૃષ્ટાંત આપે છે. જેમ ખડીનો ગાંગડો છે ખડી, એ શ્વેતગુણથી-શક્તિથી-સ્વભાવથી સત્ત્વ એનું છે. સત્ છે એનું સત્ત્વ છે એમાં. શ્વેત ગુણ એનો સ્વભાવ છે. એનાથી ભરેલો એ પદાર્થ છે. '**ભીંત આદિ પરદ્રવ્ય...**' ભીંત આદિ. ભીંત હોય, કોઈ .. હોય આ બધું કરે છે ને? ધોળું ઘણું કરે છે. પાટ હોય. જોડા કરે છે ધોળા. ઘણા ઘણા કરે છે. પાટ, પાટલા ધોળા કરે. '**ભીંત આદિ પરદ્રવ્ય...**' એ ખડીનું ભીંત આદિ પરદ્રવ્ય '**વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે....**' એટલે શ્વૈત્ય. એટલે શ્વેત કરાવા યોગ્ય. શ્વેત કરાવા યોગ્ય. સામી ભીંત આદિ પદાર્થ છે એ શ્વેત-ધોળું કરવા યોગ્ય છે. '**હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?**' શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવા યોગ્ય ભીંત આદિ એ પરદ્રવ્ય છે એની ખડી છે કે નથી? '**એમ તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે :-**' તે ખડીનો અને ભીંતનો તાત્ત્વિક પરમાર્થ સંબંધ વિચારવામાં આવે છે.

'**જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય...**' જો ખડી છે એ ભીંતની હોય '**તો શું થાય તે પ્રથમ વિચારીએ : જેનું જે હોય તે તે જ હોય,...**' ખડી ભીંતની હોય તો ભીંતરૂપ થઈ જાય. ભીંતની હોય, ખડી ભીંતની હોય. ખડી ભીંતની હોય તો ભીંતરૂપે થાય. ભીંતની ખડી રહે. ખડી ખડીની રહે નહિ. '**જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે...**' દાખલો પણ એ જ આપ્યો પાછો. સિદ્ધાંતમાં એ વર્ણન કરવું છે. શું કરે પણ?

'**જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે...**' જો આ આત્મા અને જાણનાર જ્ઞાન. બે આત્મા જ છે. જ્ઞાન અને આત્મા બે એક છે. જેનું જે હોય તે તે જ છે. જ્ઞાન આત્માનું છે તો તે જ્ઞાન આત્મા છે. જ્ઞાન આત્માનું છે તો તે જ્ઞાન આત્મા છે. '**(જુદું દ્રવ્ય નથી);...**' આત્મા ને જ્ઞાન જુદું નથી. '**આવો તાત્ત્વિક સંબંધ જીવંત...**' હયાતીવાળો '**(અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત આદિ જ હોય...**' જોયું! એની હોય. ખડી ભીંત આદિની હોય તો ખડી ભીંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આદિ સ્વરૂપ હોવી જોઈએ. તો ભીંત સ્વરૂપે ખડી હોવી જોઈએ. ખડીસ્વરૂપે ખડી ન રહે. જો ખડી ભીંતની હોય તો ભીંત સ્વરૂપે ખડી થઈ જાય. '**ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ;...**' ભીંતથી ખડી જુદો પદાર્થ હોવો ન જોઈએ. જુઓ! આમાં સિદ્ધાંત કર્તાકર્મનો કાઢી નાખ્યો પણ હવે જ્ઞાયક જ્ઞેય સંબંધ પણ વ્યવહાર છે એમ બતાવે છે. ઓહોહો..! પરદ્રવ્ય સાથે.. કહે છે. આ તો હજી ખડીના દૃષ્ટાંતથી એને સહેલું પડે ને. ઓલો સિદ્ધાંત સમજવામાં.

એટલે ખડી છે એ શ્વેતગુણથી ભરેલી છે. ભીંત આદિ શ્વેત કરવાયોગ્ય છે. એ ખડી ભીંતની હોય તો ભીંતરૂપે થઈ જાય, જુદું દ્રવ્ય રહે નહિ. કોની પેઠે? કે આત્મા જ્ઞાન છે તો જ્ઞાન તે આત્મા છે. એ કાંઈ જુદું દ્રવ્ય નથી. એમ ખડી અને ભીંત એક થઈ જાય તો ખડી ભીંતરૂપે થાય, ભીંતથી ખડી જુદી રહી શકે નહિ.

'**ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...**' કોઈ દ્રવ્ય છે એનો નાશ કોઈ દિ' થાય નહિ. '**કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.**' ૧૦૩ ગાથામાં. કર્તાકર્મની ૧૦૩ ગાથામાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે સંક્રમે નહિ, પલટી પ્રવેશ કરે નહિ, પરમાં જાય નહિ. સમજાણું કાંઈ? છે ને ૧૦૩ ગાથા? ૧૦૩નો દાખલો આપ્યો છે.

**जो जम्महि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।**

કર્તાકર્મની ૧૦૩ ગાથા.

'**जो जम्महि गुणे दव्वे**' જે કોઈ દ્રવ્ય જે ગુણમાં છે તે '**सो अण्णम्हि दु ण संकमदि दव्वे**' તે દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યમાં જતી નથી. જે દ્રવ્યની પર્યાય છે તે પર્યાય તેમાં રહે છે, તે પર્યાય અન્યમાં જતી નથી. અને અન્યમાં '**अण्णमसंकंतो**' તે પર્યાય બીજામાં ગયા વિના '**कह तं परिणामए**' તે બીજા દ્રવ્યને કેમ પરિણમાવી શકે? કહો, સમજાણું કાંઈ? એ અહીં કહ્યું છે.

'**એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે ખડી ભીંત-આદિની નથી. જો ખડી ભીંત આદિની નથી, તો ખડી કોની છે? ખડીની જ ખડી છે.**' લ્યો એમાંથી પાછું કાઢ્યું. ખડીની જ ખડી છે. ખડી ભીંતની નથી. ખડી ખડીની જ છે. '**(આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની ખડી છે?**' એમ થયું ને? ખડી ખડીની છે એમ કીધું ને? ત્યારે ખડી ખડીની છે તો કઈ ખડીની કઈ ખડી છે? એમ કહે છે. આત્મા ઉપર ઉતારવું છે એટલે માટે દાખલો સહેલો

કરીને (કહે છે). '**ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે...**' ભાષા એમ કીધી ને? '**ખડીની જ ખડી છે.**' એમ કીધું ને? ભીંત આદિની ખડી નથી. જેને ધોળું કરવામાં આવે એની એ ખડી નથી. ત્યારે ખડી કોની છે? ખડી ખડીની છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે ખડી ખડીની છે. તો બે થયા. ખડી ખડીની છે. તો કઈ ખડી કઈ ખડીની છે? સમજાણું કાંઈ? '**કઈ ખડી છે કે જેની ખડી છે? (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે?**'

'**ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી,...**' ઉત્તર. ખડીથી કોઈ જુદી ખડી નથી. જુદા જુદા '**બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.**' ખડી ખડીની છે, ખડી ખડીની છે. ની છે-એનો એ સ્વામી થયો. ખડી સ્વ થયો એનો. ખડી સ્વ અને ખડીની. એ તો સ્વસ્વામી સંબંધરૂપે કથન છે. સમજાણું કાંઈ? દાખલો સમજાય છે સહેલો? પછી સિદ્ધાંત. ખડી ખડીની એટલે સ્વામી થઈ ગઈ ખડી. ખડીની ખડી. એટલે એનો સ્વ આ. સ્વામી ખડી. એ તો ખડીની ખડી એ તો સ્વસ્વામી, સ્વ અને એનો સ્વામી એવા ભેદ પાડવાનું કથન છે. કાંઈ જુદી ચીજ નથી.

'**સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?**' હવે ખડી ખડીની કહીને શું કામ છે? બે ભેદ પાડીને શું કામ છે? ખડી ખડીની. ખડીની એટલે ખડી સ્વામી અને ખડી એનો સ્વ. ખડી એનું સ્વ. અને સ્વામી ખડી. આ બે તો જુદી. ખડી ખડીની છે. ખડી ખડી જ છે. એમાં વળી ખડી ખડીની છે (એવા) બે ભાગ પાડવાનું શું કામ છે? '**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. (એ પ્રામણે દૃષ્ટાંત કહ્યું.)**'

'**જેમ આ દૃષ્ટાંત છે, તેમ...**' હવે સિદ્ધાંત છે. '**આ જગતમાં ચેતયિતા...**' હવે સમજાવું છે તો આ. આ '**ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા)...**' ચેતયિતા. ચેતનારો... ચેતનારો એ આત્મા છે. આત્મા છે. ખડી છે એમ કીધું હતું ને? એમ આત્મા છે. '**તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.**' ખડી છે તે સફેદ ગુણથી ભરેલો પદાર્થ છે. એમ આત્મા છે એ જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. જુઓ અહીં પરદ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી, મફતનો ચોંટે છે એમ કહેશે. ખેતશીભાઈ! એય..! પરદ્રવ્યની ક્રિયાનો કર્તા તો છે નહિ પણ પરદ્રવ્યને જાણવું એવો સંબંધ પણ વ્યવહારે. ખરેખર એ જ્ઞેયથી કાંઈ જાણતો નથી. જ્ઞાનથી જાણે છે જ્ઞેયને. એમાં જ્ઞેય ક્યાં પેઠું અને જ્ઞેયને લઈને જ્ઞાન થયું એવું ક્યાં આવ્યું આમાં? સમજાણું કાંઈ?

કહો, પરદ્રવ્યની પર્યાય છે, ક્ષણે ક્ષણે થાય અને આ આત્મદ્રવ્યની પર્યાય કાંઈ કરે

તો નહિ. કારણ કે સ્વતંત્ર છે. એની પર્યાયને આ કરે અને આની પર્યાયને એ કરે એ તો બનતું નથી. પણ હવે તો આ બંને વચ્ચે જ્ઞેય-જ્ઞાયક સંબંધમાં જ્ઞેય છે તો જ્ઞાન છે કે જ્ઞાન છે તો જ્ઞાન છે? આહાહા..! કહો, સમજાણું આમાં?

'**જગતમાં ચેતયિતા છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.**' એ તો જ્ઞાનગુણથી ભરેલો સ્વભાવ છે એમાં. ભરેલો એટલે કોઈ દૂધમાં સાકર નાખે એમ નહિ. દૂધની ધોળાશ જેમ ભરેલી છે ખડીમાં શ્વેત ભરેલું છે એમ આત્મામાં જ્ઞાનગુણ રહેલો છે. ભરેલું તત્ત્વ જે છે. આત્મા એટલે જ્ઞાનગુણ સ્વભાવવાળો. આત્મા એટલે ચૈતન્યપ્રકાશ સ્વભાવવાળો. એ સ્વભાવવાળું દ્રવ્ય છે. જુઓ! એમાં રાગ-દ્વેષ ભરેલો નથી. એના પુણ્ય-પાપ ભરેલું દ્રવ્ય નથી. જુઓ! અહીં સિદ્ધ કરવું છે હવે જ્ઞાનગુણથી ભરેલું (દ્રવ્ય). અને એની પણ સમયે સમયે જે પર્યાય થાય છે એ પોતાથી પોતામાં પોતાને કારણે થાય છે. એ સામે જ્ઞેય છે માટે જ્ઞાન થાય છે, બે એક છે માટે થાય છે એમ છે નહિ. એમ નથી. સમજાણું કાંઈ? આ જ્ઞાનની પર્યાયમાં શબ્દ સંભળાય છે માટે શબ્દથી ત્યાં જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાન...

ઉત્તર :- હા. એનામાં પોતામાં છે. એ કાંઈ ત્યાં ગયું છે? અને ત્યાંથી અહીં આવ્યું છે? કહો, સમજાણું આમાં? આમાં પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો બહુ સરસ દાખલો આવશે વ્યવહારનો.

'**જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું જ્ઞેય છે.**' સાંભળો હવે. ભગવાન આત્મા જ્ઞાનગુણથી ભરેલો સ્વભાવ છે. હવે એક. જેમ ઓલો સફેદથી ભરેલી ખડી. હવે ખડીની સામે ભીંત શ્વૈત્ય. અભેદ કરવા લાયક. એમ અહીં '**પુદ્ગલાદિ પરદ્રવ્ય...**' પુદ્ગલ, આત્માઓ આદિ છ દ્રવ્યો, પોતા સિવાય. બીજા આત્મા પણ લેવા એમાં. સમજાય છે કાંઈ? દેવનો, ગુરુનો આત્મા, શાસ્ત્રના પરમાણુઓ, સ્ત્રી, કુટુંબનો આત્મા, બાયડી-છોકરાનો આત્મા અને શરીરાદિ બધું. એમાં છએ દ્રવ્ય આવી જાય છે. પોતાના આત્માના જ્ઞાનથી ભરેલો ભગવાન અને બીજા બધા પદાર્થો જણાવા લાયક. ભીંત છે એ સફેદ થવા લાયક, બીજા જણાવા લાયક, જાણનાર આ. જ્ઞાનથી ભરેલો ભગવાન જાણવાના સ્વભાવવાળું (તત્ત્વ), બીજા (તેમાં) જણાવા લાયક.

'**પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે...**' જોયું! વ્યવહારે. '**તે ચેતયિતાનું જ્ઞેય છે.**' નિશ્ચયથી પરજ્ઞેય નથી. નિશ્ચયથી સ્વજ્ઞેય પોતે છે. આહાહા..! ખરેખર તો જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન દ્રવ્યને જાણે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ નિશ્ચય સ્વપર્યાયનું, પ્રમાણનું જ્ઞેય સ્વદ્રવ્ય

ગુણપર્યાય. જ્ઞાનની અવસ્થા સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ સ્વજ્ઞેય. અને એ જ્ઞાનની અવસ્થા પરને જાણે એ પરજ્ઞેય છે એ તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય...**' તેનો છે. એ પુદ્‌ગલાદિ છે પરદ્રવ્ય વ્યવહારે તે આત્માનું જ્ઞેય છે. વ્યવહારે પરવસ્તુ આત્માને જણાવા લાયક છે. આ આત્માને પરવસ્તુ વ્યવહારે જણાવા લાયક (છે). વ્યવહારે કરવા લાયક છે એ તો છે નહિ હવે ભાઈ! આહાહા..! વ્યવહારે કરે એ તો છે નહિ. નિશ્ચયે કરે એ તો નથી પણ વ્યવહારે કરે એ પણ નથી. એમ કહે છે. એ વ્યવહાર આવી ગયો. વ્યવહારે કહેતા હતા બોલે, માટે એમ છે. એમ છે નહિ. આત્મા જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એ બીજા દ્રવ્યો આ જ્ઞાનમાં જણાવા લાયક છે. એ વ્યવહારે. આત્મા ચૈતન્યમૂર્તિ છે એ જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. સમજાય છે કાંઈ? ખડી જેમ સફેદ ગુણથી ભરેલો પદાર્થ છે. ખડી જે છે એ સફેદ ગુણથી ભરેલી છે અને એ ખડી ભીંત આદિને સફેદ કરવા લાયક એમ કહેવામાં આવે છે. એમ આત્મા જ્ઞાનગુણથી ભરેલો ચૈતન્ય પ્રભુ આત્મા જે વસ્તુ છે એ જ્ઞાનથી, ચૈતન્ય પ્રકાશ, એમાં જ્ઞાનથી ભરેલો આત્મા છે. એનામાં પરવસ્તુ નથી, એનામાં રાગ-દ્વેષ અને કર્મ આદિ છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આ ચૈતન્ય પ્રકાશનું પૂર નૂર. દેહમાં બિરાજતું તત્ત્વ. એ ચૈતન્યના પ્રકાશ અને જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા છે. એનામાં શરીર, વાણી, મન, કર્મ, ફર્મ એ વ્યવહારે એનામાં તો નથી પણ વ્યવહારે જણાવા લાયક છે એ આમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું જ્ઞેય છે.**' વ્યવહારે. '**હવે જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?**' હવે આ વિચારે છે. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્ય સ્વરૂપથી ભરેલો. એ પરને આમ જાણે, આ શરીરને, કર્મને, આ ભીંતને, બાયડી, છોકરા, કુટુંબ, ડુંગરા, દેવ, ગુરુ અને શાસ્ત્ર. આ એને જાણે. જ્ઞાન જાણે. જ્ઞાન છે ને? '**જ્ઞાયક ચેતયિતા, જ્ઞેય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?**' જે જાણે છે જ્ઞાયક પરને, તે જણાવાયોગ્ય પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નહિ? આ આત્મા જાણનાર છે અને જણાય તે પરવસ્તુ શરીરાદિ. એ જાણનારો પરદ્રવ્યનો છે કે નહિ? આ જાણનાર શરીરનો છે કે નહિ? આ જાણનાર કર્મનો અને વાણીનો છે કે નહિ? આ જાણનાર પરવસ્તુ જણાય એનો છે કે નહિ? આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ખડી શ્વેતપણાથી ભરેલી એ ભીંતરૂપે છે કે નહિ? કહે, ના. એમ જ્ઞાનથી ભરેલો ભગવાન એ પરને વ્યવહારે જાણે તેનો તે છે કે નહિ? તેનો નથી. જ્ઞાન સ્વરૂપ જ્ઞાનમાં છે. પરવસ્તુ

તો વ્યવહારે જણાવાયોગ્ય ચીજ છે. વ્યવહારે જણાવાયોગ્ય ચીજ છે એનો છે કે નહિ? સમજાણું કાંઈ? **'પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી? એમ તે બન્નેનો તાત્ત્વિક...'** જ્ઞાયક-જ્ઞાન અને જ્ઞેયનો તાત્ત્વિક સંબંધ-પરમાર્થ સંબંધ વિચારવામાં આવે છે.

**'જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય...'** જો આ આત્મા જાણનાર ચૈતન્ય ભગવાન છે એ જણાવાયોગ્ય પદાર્થનો થઈ જાય તો શું થાય? જેમ ખડી ભીંતને ધોળી કરતાં ભીંતરૂપ થાય તો ખડીનું શું થાય? કે ખડીનો અભાવ થઈને ભીંતરૂપ થઈ જાય. એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પરને જાણતો પરરૂપ થાય તો આત્મા જ્ઞાયકનો અભાવ થઈ જાય. પરને જાણતા પરરૂપ થતો નથી અને પોતાપણું-જ્ઞાનપણું-છોડતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! અહીં કહે છે કે જ્ઞાનમાં બાયડી, છોકરા એ જાણવાયોગ્ય છે. મારા-તારા એ જ્ઞાનમાં છે જ નહિ. ભારે વાત ભાઈ! એ તો જગતની ચીજ પર છે. લાલજીભાઈ! ગળે ગળે પડ્યો છે જ્યાં હોય ત્યાં. કો'કની ચીજ ક્યાંક દેખાય ત્યાં ગળે પડ્યો કે મારી. એ તો નથી. પણ અહીં તો કહે છે કે તું જાણનારો જે ચૈતન્ય છો એમાં એ જણાય વ્યવહારે એ જ્ઞેયનું જ્ઞાન છે કે જ્ઞાનનું જ્ઞાન છે? અને જો જ્ઞેયનું જ્ઞાન થઈ જાય તો શું થઈ જાય? જ્ઞાનનો અભાવ થઈ જાય. આહાહા..! એને ખબર જ નથી શું કરું છું અને શું થાય છે. આંધળો એમ ને એમ ચાલ્યો જાય છે.

ભગવાન આત્મા આમ ચૈતન્ય પ્રકાશમય છે. આ તો માટી, હાડકા, જડ છે ધૂળ. વાણી જડ છે. અંદર ચૈતન્ય છે એ ચૈતન્યના જ્ઞાન સ્વભાવના નૂરનું પૂરથી ભરેલું તત્ત્વ છે. એવો ભગવાન જ્ઞાયક આત્મા વ્યવહારે પરદ્રવ્ય જણાવાલાયક છે એને. તો કહે છે કે જાણનારો આત્મા પરદ્રવ્યને જાણતા પરદ્રવ્યનો થઈ જાય છે? એનો આપણે વિચાર કરીએ. સમજાય છે? એ પુદ્ગલાદિ ન હોય તો શું થાય? શું કીધું? આત્મા-જ્ઞાનમાં આ શરીર જણાય છે. આ સ્ત્રી, કુટુંબ છે એ જ્ઞાનમાં જણાય છે. હવે જણાય છે એ વ્યવહારે. હવે એ જણાવાયોગ્ય વસ્તુ છે એનો આ થઈ જાય છે? જો એનો થઈ જાય તો શું થાય? તો તે રૂપે થાય. પોતાનું જ્ઞાન રહી શકે નહિ જુદું. બરાબર હશે? છોકરાનું જ્ઞાન નહિ? છોકરો કે દિ' હતો અહીં? કહો, સમજાણું આમાં?

આ ચૈતન્ય પ્રકાશનું પૂર છે ને ભગવાન અંદર. આત્મા ચૈતન્ય એટલે જાણનાર-દેખનાર. એ દેખનાર પુદ્ગલાદિનો હોય, આ શરીરનો હોય, શરીર વ્યવહારે જણાવાયોગ્ય છે. આત્મા જ્ઞાન છે અને આ જણાવાયોગ્ય છે. એ જણાવાયોગ્યનો જો થઈ જાય તો આત્મા જડ થઈ જાય. આત્મા ભિન્ન રહે નહિ. પણ જણાવા યોગ્યરૂપે આત્મા થતો નથી. બરાબર છે? એમ દેવ અને ગુરુ જણાવા લાયક છે આત્માના જ્ઞાનમાં. એ જણાવા લાયક છે અને આ

જાણનાર છે. એ જણાવા લાયકનું જ્ઞાન થઈ જાય? જ્ઞાન એનો થઈ જાય? એનો થઈ જાય તો આત્મા જ્ઞાનથી ભિન્ન રહે નહિ. જાધવજીભાઈ! આ તો તાત્ત્વિક વાત છે. સર્વજ્ઞના વિજ્ઞાનઘનની વાત છે. આહાહા..!

આત્મા તાત્ત્વિક ચૈતન્યમૂર્તિ પ્રકાશનું પૂર છે આત્મા. ચૈતન્ય પ્રકાશ. જેમ સૂર્ય છે. સૂર્યનો પ્રકાશ જડ છે. આ ચૈતન્ય પ્રકાશ અરૂપી છે. એ અરૂપી ચૈતન્ય પ્રકાશ શરીરને જાણતા શરીરનો થઈ જાય? દેવ-ગુરુને જાણતા દેવ-ગુરુનો થઈ જાય? આ વાણીને જાણતા વાણીનો થઈ જાય? કેમ હશે આમાં? એઈ..!

મુમુક્ષુ :- ન્યાયમાં તો બરાબર છે.

ઉત્તર :- ન્યાયમાં બરાબર છે, બીજી રીતે હોય ભલે.

અહીં તો કહે છે, ભાઈ! તારા હોવાપણાનો પરજ્ઞેય તને વ્યવહારે જણાવા લાયક છે એટલી વાત છે. એથી તું પરનો થઈ ગયો? અને કાં એ જ્ઞેય તારું થઈ ગયું? સમજાણું કાંઈ? આ આત્મા છે એ તો ચૈતન્ય પ્રકાશની મૂર્તિ છે. એમાં ચૈતન્યનો પ્રકાશ ભર્યો છે. (શરીર, વાણી), મન, કર્મ કાંઈ એનામાં ભર્યા નથી. એનામાં છે નહિ. એ તો નથી, પણ એમાંથી પરિણતિ ઝરે તો જ્ઞાનની પર્યાય થાય. કાંઈ જ્ઞાનસ્વભાવમાં એવો રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ભર્યો નથી કે અંદરથી ઝરે. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનગુણથી ભરેલું તત્ત્વ એની પરિણતિ થાય એ જ્ઞાન પરને વ્યવહારે જાણે છતાં તે પરનો થઈને જાણે એમ નથી. એ સ્વમાં રહીને પરને જાણે એટલો વ્યવહાર સંબંધ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય...**' ચેતયિતા પુદ્ગલાદિ સ્વરૂપ હોવો જોઈએ. આ શરીર જાણવા યોગ્ય છે. આત્મા જાણનાર છે. હવે જાણનાર આત્મા આનો થઈ જાય તો જડ રૂપે થઈ જાય. આનો થઈ જાય. પોતાનો રહે નહિ. એમ કોઈ દિ' બનતું નથી. શરીર, માટી છે એનો જાણનાર આત્મા છે. એ જાણનાર આ જણાવા યોગ્યરૂપે કોઈ દિ' થતો નથી. ભારે વાત ભાઈ! જણાવા યોગ્ય (રૂપે) થઈ જાય તો અહીંથી નીકળતા ભેગું સાથે આવવું જોઈએ બધું સાથે. લોચો સાથે આવવો જોઈએ. આ તો ભિન્ન છે. આ તો માટી છે. ચૈતન્ય તો અરૂપી જ્ઞાનપ્રકાશનું નૂર પૂર છે. એને આત્માની ખબર નથી કે હું કોણ છું અને કેવડો છું.

અહીં કહે છે કે તારામાં ભરેલો સ્વભાવ એકલું જ્ઞાન ભર્યું છે. એની સાથે આનંદ આદિ (છે). અહીં તો જ્ઞાનની વાત લેવી છે ને? એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... સ્વભાવ... સ્વભાવ... બેહદ અનંત અપરિમિત એવો સ્વભાવ ભરેલો છે. એ પોતે પરદ્રવ્યને વ્યવહારે જાણે છે એટલી વાત છે. પણ વ્યવહારે જાણતા એ શું પરદ્રવ્યને જાણતા, પરદ્રવ્યનો

થઈને જાણે છે? કે પોતાનો રહીને, પોતાનો થઈને પરને જાણે છે? આહાહા..! કહો, સમજાણું આમાં? આ જ્ઞાનસ્વરૂપ છે આત્મા. અહીં ભગવાન ન્યાયથી વાત કરે છે કુંદકુંદાચાર્ય. આ ચૈતન્ય ભગવાન ચૈતન્ય પ્રકાશ રૂપ વસ્તુ છે. આખા શરીરમાં વ્યાપક ચૈતન્ય છે. એનું ચૈતન્યનું જ્ઞાન ભરેલો પદાર્થ. એ આ શરીરને, વાણીને, આ વસ્તુને આ ખાંડ, સાકર, દહીંને જાણતા. એ જણાવા યોગ્ય છે. પણ એ ખાંડ-સાકરનો થઈને જાણે છે? કે જ્ઞાનનો થઈને જ્ઞાનમાં રહીને એને જાણે છે? ખડી ભરેલી..

ખડી છે. આ ખડી નથી છોકરાઓ બહુ લખે ને? ખડીનો ગાંગડો. પાટીયા ઉપર લખે છે ને છોકરાઓ? પાટીયા નહિ પાટિયા? કહે છે કે ખડીની અવસ્થા લાકડાને ધોળા કરવા માટે છે. તો એ ખડી છે એ ધોળું કરવા લાયક જે લાકડું છે એ રૂપે થઈ છે? ધોળાપણાની પર્યાય લાકડારૂપ થઈ છે? જો થાય તો ખડી ત્યાં ધોવાઈ જાય તો લાકડું પણ ભેગું નાશ થવું જોઈએ. પણ એમ તો છે નહિ. લાકડું લાકડાપણે રહ્યું છે અને ખડીની અવસ્થા ખડીમાં રહેલી છે. આહાહા..! પણ એને માનતો નથી.

એમ ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા જણાવાયોગ્ય શરીર, વાણી, કર્મ, આ ખાંડ, સાકર, મીઠાઈ, મરચા, સ્ત્રી, કુટુંબ, હજીરા. હજીરા એટલે મકાન. કહો, આ શરીરને જાણતો આત્મા શરીરરૂપ થઈને જાણે છે? જ્ઞેયનો થઈને જાણે છે? જો એનો થઈને જાણે તો પોતાના જ્ઞાનનો નાશ થઈ જાય. પોતામાં રહીને આ વ્યવહારે જાણે છે, વ્યવહારે જાણે એટલો સંબંધ છે. સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! આ ભારે પણ ગળે પડ્યો જ્યાં હોય ત્યાં. જોડે ચીજ આવી ને ક્યાંક? તો કહે, એ મારી. પણ હવે ગળે શું કરવા પડે (છે)? એ તો જગતની ચીજ છે. ત્યાં આવીને ઊભી છે. આ શરીર માટીનું ઊભું છે એ તો જડ છે, માટી છે. તારું ક્યાં થઈ ગયું એમાં? એ તો નહિ પણ જ્ઞાન એને જાણતા જ્ઞાન એનું થતું નથી. અને જ્ઞેય જ્ઞાનનું થતું નથી.

જાણનાર ભગવાન જ્ઞાન આ જ્ઞેયને જાણતા જ્ઞેયનું થતું નથી અને આ જ્ઞેય જાણવાયોગ્ય તે જ્ઞાનનું થતું નથી. કહો ખેતશીભાઈ! શું હશે આ? બરાબર હશે? એય..! વીરચંદભાઈ! આ શેની આ તો માંડી છે બધી ત્યારે આ? આહાહા..! ભગવાન! તું તો તારામાં રહીને પરને જાણવાના સ્વભાવવાળો છો. એમ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે. અને એમ છે. છે તેમ કહે છે અને કહે છે તેમ છે અને છે તેમ થાય છે. ખબર ન મળે. બેખબરો.

કહે છે, '**જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો...**' ચેતયિતા તે પુદ્ગલાદિનો હોય. શરીરનો હોય તો શરીરરૂપે થઈ જાય, બીજી બાયડીનો હોય તો બાયડીરૂપે થઈ જાય, ખાંડનો

આત્મા હોય.. ખાંડને જાણે પણ એનો હોય તો ખાંડરૂપે થઈ જાય. આત્મા જ્ઞાનરૂપે રહે નહિ. કહો, મરચાં જાણે છે. મરચાં જાણે ને? તીખા છે. એ જ્ઞેય છે. આત્મા જાણનાર છે. હવે જાણનાર એને આ તીખું છે એ વ્યવહારે જાણે છે, હોં! સમજાય છે? હવે જેને વ્યવહારે જાણે છે એનું એ જ્ઞાન થઈ ગયું? તીખાનું જ્ઞાન થઈ ગયું? તીખાનું જ્ઞાન થઈ જાય તો તીખારૂપે થઈ જાય અને પોતાના જ્ઞાનરૂપે રહે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! તારું તત્ત્વ જુદું. પરવસ્તુને જાણે ત્યારે એ વસ્તુ નિમિત્ત ભલે હો. ઈ કહેશે વ્યવહારમાં. સમજાય છે? અને તું પણ એને નિમિત્ત હો. પણ તારું ત્યાં જાતું નથી અને એનું અહીં આવતું નથી. આહાહા..! ભારે પણ વળગાડ છે ને. ભૂતનો વળગાડ વળગ્યો છે. મોહરૂપી ભૂતડું ધોંસરે જોડી દીધું. જ્યાં હોય ત્યાં કાંઈ ન મળે... કાંઈ ન મળે.. પણ નહિ.

મુમુક્ષુ :- પોતે વળગ્યો છે.

ઉત્તર :- તું વળગ્યો છે. બીજો કોણ છે? કોણ વળગાડે? ભૂતડું વળગ્યું છે.

અહીં તો કહે છે, કર્તા કર્મ તો કાઢી નાખ્યું. આત્મા શરીરનું કાંઈ કરી શકે એ તો ત્રણ કાળમાં નથી. કેમ કે કર્તા-કર્મ સંબંધ એક દ્રવ્યમાં હોય છે. પરદ્રવ્ય સાથે કર્તાકર્મ સંબંધ હોય નહિ. હવે આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા કરે છે ભાઈ! આહાહા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં પણ જ્ઞાન નિમિત્તનું થતું નથી અને નિમિત્ત આનું થાતું નથી. એમ સિદ્ધ કરે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ બે વસ્તુ છે એટલી વાત છે. કર્તાકર્મ તો નથી. આત્મા કાંઈ કરે, પરનું કાંઈ કરે કર્તા થઈને એવું તો નથી. એ તો સવારમાં આવી ગયું પરિણમે તો કર્તા. બહુ તો પરિણમે તો કર્તા. રાગપણે તું થા છો માટે કર્તા. પણ એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ તો અજ્ઞાનભાવે માનેલી વાત છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! માણસને નવરાશ ન મળે. આવું વિચારવાની નવરાશ ન મળે. હિંમતભાઈ! ઘણાં કામ હોય, બાયડી-છોકરા નભાવવા. શું કરવું આમાં? એય..! ..ભાઈ! પૈસા હોય એને રાખવા, એનું વ્યાજ ઊપજાવવું, નાક પ્રમાણે ભાઈ ઊભા રહેવું પડે કે નહિ બધે? લ્યો! જેટલું નાક લાંબુ કર્યું હોય એટલા પ્રમાણમાં વ્યવસ્થા .. નહિતર લાજ જાય. વાડીભાઈ! અહીં તો કહે છે કે કોની જાય લાજ અને કોની આવે લાજ? એ જગતની વ્યવસ્થા જગતને કારણે થયા કરે. તારે કારણે નહિ. તું ચિંતા કર કે આમ થાય માટે થાય એ વાત છે નહિ.

અહીં તો કહે કે તું જેને જાણે છો એનાથી તું અહીં જાણે છો એમ નહિ. એ વડે તું જાણે છો એમ નહિ. એ રૂપ થઈને જાણે છો એમ નહિ. તું તારા વડે તારામાં આ જ્ઞેય છે એમ તારામાં જાણે છો. આહાહા..! સમજાણું કાંઈ? પુદ્‌ગલાદિ સ્વરૂપ હોવો જોઈએ. શું કીધું? '**ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...**' ખરેખર તો પુણ્ય-પાપના રાગ છે ને વિકાર?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વિકારને જાણતો એ જ્ઞેય છે. ભાઈ! વિકાર પણ જ્ઞેય છે, પરજ્ઞેય છે. સાંભળો! એને જાણતા શું રાગનું જ્ઞાન થઈ ગયું છે? આત્મા રાગનું જ્ઞાન થઈ ગયું છે? જ્ઞાન એટલે આત્મા રાગનો થઈ ગયો છે? અને એ રાગ શું જ્ઞાનનું થઈ ગયું છે? જો રાગનું જ્ઞાન થઈ જાય તો આત્મા જ્ઞાન ફીટીને રાગરૂપ થઈ જાય. પોતાનો અભાવ થઈ જાય. તો સત્ જ્ઞાનથી ભરેલો પદાર્થ તેનો અભાવ કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એ શરીર, રાગને જાણતો, પુદ્‌ગલાદિને જાણતો કે પર આત્માને જાણતો, એ સિદ્ધને અરિહંતને પણ જાણતો એ જણાવાયોગ્ય વસ્તુ છે વ્યવહારે. જાણનાર તું છો. અને વ્યવહારે જણાવાયોગ્ય વસ્તુનો થઈને જાણે છો? અને એ છે તો જ્ઞેયથી અહીં જ્ઞાન થયું છે? સમજાણું? જ્ઞાનથી ભરેલો તો આ છે. જ્ઞેયમાં છે જ્ઞાન? આ જ્ઞાન જ્ઞેયમાં છે કે ત્યાંથી આવે? આ જ્ઞાન જ્ઞેયમાં છે કે ત્યાંથી આવે? આ કેવળજ્ઞાનીને જાણે આત્મા (કે) આ કેવળજ્ઞાની છે. એમ. છતાં એ જાણવાનો પર્યાય અહીંથી પોતામાં આવ્યો છે. કેવળજ્ઞાનની પર્યાયથી અહીં આવ્યો નથી. સમજાણું કાંઈ? બહુ જ ટૂંકામાં સિદ્ધાંતો એટલા ગોઠવ્યા છે ને. છ દ્રવ્યમાંથી એકલો ચૈતન્ય ભગવાન જાણનાર-દેખનાર. એ જાણનાર-દેખનાર જણાવાયોગ્ય ચીજનો જો થઈ જાય, જણાવાયોગ્ય ચીજનો થઈ જાય તો શું થાય? ઈ કહે છે, જુઓ!

**'તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય...'** તે રૂપે જ હોય. પુદ્‌ગલાદિસ્વરૂપ જ થઈ જાય. આત્મા રાગને જાણતો રાગરૂપ થઈ જાય તો રાગરૂપે જ આત્મા થઈ જાય. જ્ઞાનરૂપ રહે નહિ. તો એમાં કાંઈ રાગ ભર્યો નથી. એમાં તો જ્ઞાન ભર્યું છે. સમજાણું કાંઈ? કેટલા ન્યાયથી દૃષ્ટાંત સરળ આપીને વાત કરી છે. ભાઈ! તારું કોઈ નથી. તારું હોય તો તે જ્ઞાનસ્વરૂપ તે તારું છે. સમજાણું? ત્યારે કહે, તો તમને જણાય છે ને આ. જણાય છે તો શું છે? જણાય છે તો જણાવાયોગ્ય તું થઈ ગયો? જણાય છે તે ચીજ તારારૂપ થઈ ગઈ? જણાય છે તે રૂપે તું થઈ ગયો? જણાય છે તે તારા રૂપે થઈ ગઈ? ભિન્ન ભિન્ન ચીજ છે. અમુલખભાઈ! શું હશે આવું? જ્યાં હોય ત્યાં ઊભો હોય ને. જણાવાયોગ્ય હોય ત્યાં કહે, હા જુઓ એને લઈને મેં જાણ્યું, એ હતું તો મેં જાણ્યું. પણ તું હતો તો તેને જાણ્યું એમ કહે ને. કારણ કે તારામાં તો જ્ઞાન ભરેલું છે. ત્યાં કાંઈ જ્ઞાન ભર્યું (છે)? આ જ્ઞાન ત્યાં નથી. સમજાણું કાંઈ?

કહે છે કે જો એમ થાય તો ચેતયિતા નામ આત્મા પુદ્‌ગલાદિ સ્વરૂપ. પુદ્‌ગલાદિ સ્વરૂપ. રાગાદિ સ્વરૂપ, પર આત્માસ્વરૂપ, રજકણ સ્વરૂપ, કર્મ સ્વરૂપ, શરીર સ્વરૂપ **'હોવું જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ; એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**થાય.**' એમ થતાં ભગવાન ચૈતન્ય સત્રૂપ છે તેનો નાશ થાય. જેને જાણતા તે રૂપે થાય તો પોતાનો અભાવ થઈ જાય. અભાવ થાય તે કોઈ દિ' બની શકતું નથી. '**પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...**' વસ્તુ સત્ જ્ઞાનથી ભરેલો પદાર્થ સત્. સત્નો નાશ કોઈ દિ' થાય? સત્નો નાશ થાય? છે એનો અભાવ થાય?

'**દ્રવ્યનો ઉચ્છેદ થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.**' જ્ઞાનની પર્યાય જણાવાયોગ્યમાં ગઈ છે? જ્ઞાનની પર્યાય રાગમાં ગઈ છે? જ્ઞાનની પર્યાય શરીરમાં ગઈ છે? શી રીતે જાય? એ તો જ્ઞેય છે. જ્ઞેયમાં જ્ઞાનપર્યાય ગઈ છે? શરીર, વાણી, કર્મ આ દેખાય તેમાં જણાવાયોગ્ય એ જ્ઞાનની પર્યાય ગઈ છે? ગઈ નથી. જો જાય તો સ્વનો ઉચ્છેદ થઈ જાય. સ્વનો ઉચ્છેદ સત્નો તો કોઈ દિ' (થતો નથી). સત્નો નાશ અને અભાવ કોઈ દિ' ત્રણ કાળમાં થતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**નિષેધ કર્યો છે. માટે ચેતયિતા પુદ્ગલાદિનો નથી.**' માટે આત્મા પુદ્ગલનો નથી, રાગનો નથી, શરીરનો નથી, પરના આત્માનો નથી, પરના શરીરનો નથી. કહો, આ છોકરાના આત્માનો તો આ આત્મા ખરો કે નહિ? જાધવજીભાઈ! પણ એના પોતાથી ઊપજેલો છે ને? એમ કહે છે ને માણસ? જનક-જનક નથી કહેતા? જન્ય જનક. જનક તે પિતા અને જન્ય-ઉત્પન્ન થવા લાયક પુત્ર. કહો, એવું સાંભળ્યું છે કે નહિ? જન્ય જનક. એમ નિમિત્ત જનક છે. વિકાર તે જન્ય છે. આવ્યું હતું ને કાલ? અરે..! સાંભળને, એમ નથી. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આ તું કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. જનક પોતે ઊપજાવે છે એને? બાપ દીકરાને ઊપજાવતો હશે, શરીરને નવું બનાવતો હશે? આત્માને નિપજાવતો હશે એ? શેનો ત્યારે બાપ કહેવાય? એય.. વજુભાઈ! શું આ છે? ભારે વાત ભાઈ! પણ લક્ષ્મી એની પાસે આવી તો એની પાસે એના ઘરમાં પડી ત્યારે તો એની કહેવાય કે નહિ? બહારમાં પડી હોય તો ઠીક પણ એના પટારામાં પડી હોય, લ્યો. કરોડો રૂપિયાના સોનાના લાટા. હીરા અને માણેક એના પટારામાં પડ્યા હોય. એને તાળું દઈ અને કૂંચી રાખી પોતા પાસે. લ્યો, એની પાસે પડી છે કે નહિ?

મુમુક્ષુ :- ... રાગ પણ નથી.

ઉત્તર :- પણ એના ઘરમાં આવી છે કે નહિ? પણ ઘર જ તારું નથી એ કહે છે. સાંભળને! તું જ્ઞાનમાં (છો). ઘર તો જ્ઞેય છે. એ જણાવાલાયક છે. તું ઘરનો થઈ ગયો? અને ઘર છે તો અહીં જ્ઞાન થયું? જ્ઞાન ભર્યું છે એમાંથી જ્ઞાન થયું. ત્યાં જ્ઞેયમાં ક્યાં આ જ્ઞાન ભર્યું છે? આહાહા..! કેવળીને જાણતા કહે છે કે કેવળી એ વ્યવહારે જ્ઞેય છે એમ

કહે છે. એય..! સર્વજ્ઞ પરમેશ્વર આ જ્ઞાનમાં વ્યવહારે જ્ઞેય છે. વ્યવહારે જ્ઞેય. આ જ્ઞાનનું એ જ્ઞેય થયું નથી. મારા દેવ, મારા ગુરુ, મારા શાસ્ત્ર લ્યો! એય..! ન્યાલભાઈ! એમ તો કહે ને, અમારા દેવ અરિહંત છે. અમારા ગુરુ નિર્ગ્રંથ છે. અમારા શાસ્ત્ર અનેકાંતિક તત્ત્વથી ભરેલા છે. .. સાંભળને. દેવ-ગુરુ-શાસ્ત્ર તો જ્ઞાનમાં જ્ઞેય છે. જણાવાલાયક છે. જણાવા લાયકનું આ જ્ઞાન થઈ ગયું? અને જણાવા લાયક છે માટે અહીં જ્ઞાન થયું છે? કારણ કે જણાવા લાયકનું જ્ઞાન તો જ્ઞાનમાં ભરેલું તત્ત્વ (છે) માટે જ્ઞાન થયું છે. આ જ્ઞાન ત્યાં ભર્યું છે? કેવળજ્ઞાનને જાણતા આ જ્ઞાન ત્યાં ભર્યું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તો પાકુ આવે છે અંદર.

અહીં તો કહે છે, **'ચેતયિતા પુદ્ગલાદિનો નથી. જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે?'** ભગવાન આત્મા જાણનારો... જાણનારો... જાણનારો. એ જાણવાના સ્વભાવથી ભરેલા ભગવાન છે. જણાવાયોગ્યનો ન હોય. જણાવાયોગ્યનો હોય તો જાણનારનું અસ્તિત્વ રહે નહિ. જાણનારનું સત્ છે એ રહે નહિ. સત્ છે એ રહે નહિ એમ કોઈ દિ' બને નહિ. સત્‌નો ઉચ્છેદ થાય નહિ. સત્ હોય તે જાય નહિ અને ન હોય તે આવે નહિ. આહાહા..! અહીં સુધી વાત સ્પષ્ટ કરે છે, લ્યો. રાગ મારું કાર્ય છે અને હું એનો કર્તા એ તો નથી, કહે છે, વસ્તુમાં. આ તો રાગ જ્ઞાનમાં.. કારણ કે ભરેલો તો જ્ઞાનથી આત્મા છે. કાંઈ રાગ અને પુણ્યના વિકલ્પો ભર્યા નથી એમાં.

કહે છે, રાગને જાણતાં જ્ઞાન રાગનું થઈ ગયું? જ્ઞાન તો સત્ ભરેલું તત્ત્વ જ્ઞાનથી ભરેલું સત્ છે. સત્‌નો કોઈ દિ' ઉચ્છેદ થાય? જો થાય તો સત્‌નો નાશ થાય. તો એમ બને નહિ. માટે રાગનું જ્ઞાન કોઈ દિ' થતું નથી અને રાગથી જ્ઞાન થાતું નથી. સમજાણું કાંઈ?

**'જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.'** લ્યો! જણાવાયોગ્યનો નહિ. આત્મા જાણનાર ભગવાન જણાવાયોગ્યનો નહિ. રાગ, પુણ્ય-પાપના વિકલ્પો, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આદિ તે પરજ્ઞેય. એનો નહિ. ઠીક! એક કોર જ્ઞાન અને એક કોર અજ્ઞાન. એટલે આ જ્ઞાન જેમાં નથી એ બધું જ્ઞેય. ચૈતન્ય સ્વભાવ જ્ઞાનથી ભરેલો પ્રભુ, કહે છે કે ચેતયિતા જ્યારે પરનો નથી, જે જણાવા યોગ્ય છે એનો એ થતો નથી. એનો એ થતો નથી તો છે કોણ? ચેતયિતા ચેતયિતાનો છે. **'ચેતયિતાનો જ ચેતયિતા છે.'** જાણનારનો જાણક છે. જાણનારનો જાણક છે. જ્ઞાયક જ્ઞાયકનો છે.

**'ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે...'** વળી ચેતયિતા ચેતયિતાનો, ચેતયિતાનો ચેતયિતા. ચેતયિતાનો જાણે એ સ્વામી થઈ ગયો અને ચેતયિતા એનો સ્વઅંશ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ ગયો જાણે. સમજાણું? આનો ઘોડો એમ નથી કહેતા? આના પૈસા. તો પૈસા સ્વ થઈ ગયો અને ઓલો સ્વામી થઈ ગયો. ચેતયિતાનો, ચેતયિતાનો ચેતયિતા. તો ચેતયિતાનો એ સ્વામી થઈ ગયો, ચેતયિતા એનું સ્વ થઈ ગયો. સ્વસ્વામી વળી આ બે ભાગ શું છે અંદર? '**જુદો એવો બીજો કયો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?**' જુદો એવો કોણ જાણનાર છે? કે જેને આ ચેતયિતા જાણનાર આનો કહીએ. '**ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...**' જાણનાર તે જાણનારનો, બીજો કોઈ છે નહિ. એનો એ જાણનાર જાણનારરૂપે છે. ભેદ એટલો કાઢી નાખ્યો. આહાહા..! પરને જાણવા યોગ્ય વ્યવહાર કાઢી નાખ્યો પણ આમાં ચેતન અને આ ચેતયિતાનો એવો વ્યવહાર કાઢી નાખે છે અહીં તો. અહીં તો ઓલા હજી તો વ્યવહાર રાગની મંદતા હોય અને એનાથી ધર્મ થાય ત્યાં સુધી વ્યવહાર લઈ જાય.

અહીં તો કહે છે કે જે વ્યવહાર છે તેનું જ્ઞાન નથી, જ્ઞાન જ્ઞાનનું છે. વ્યવહારથી થયું નથી. એ વ્યવહાર રાગ છે તેનું થયું નથી અને રાગનું આ જ્ઞાન થયું નથી. જ્ઞાન જ્ઞાનનું જ છે એમ કહેતા પણ બે ભાગ પડી જાય છે. રાગનું તો નહિ, શરીરનું નહિ. આત્મા, આત્માનો આત્મા છે, આત્માનો આત્મા છે. હવે આત્માનો આત્મા, આત્માનો આત્મા. આત્માનો. તો કોઈ આત્મા હશે એ સિવાય બીજો કોઈ? એનો આત્મા હશે, એમ છે? જોયું! આત્માનો આત્મા. એટલે કે મહાઆત્મા છે ભગવાન. એનો આત્મા. રાગનો નહિ. કર્મનો નહિ, શરીરનો નહિ. મહાત્મા .. પરમાત્મા એનો આત્મા. એમ છે? એમ નથી સાંભળને! જુઓને, કેવી રીતે સિદ્ધ કર્યું છે!

'**(એ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...**' એ જાણનારથી બીજો જાણનારો બીજો જુદો નથી. કોઈ ભગવાન એક હોય અને એનો આત્મા છે, એનો અંશ છે આ. આ સ્વ છે એનો એ સ્વામી છે એવું નથી. ... ભગવાનને ઉડાડે છે અહીં. આમાં આનો ભગવાન એ નથી. એનો એ છે. કહો, સમજાણું આમાં? એવો કોઈ મહા વ્યાપક એક ભગવાન હોય ને એનો આત્મા. એનો હશે કે નહિ? એનો છે કે નહિ? બધું એક છે નહિ? જુઓ! આ બધા અદ્વૈત માનનારાને ઉડાડે છે અહીં. ઓલામાં લખ્યું છે. એમાં લખ્યું છે. ટીકામાં નહિ? વાત એ જ છે અહીં. ચેતયિતાનો ચેતયિતા કહીને એ કહે છે. કોઈ વળી બીજો ભગવાન હશે? ભલે જ્ઞેયનો ન થાય પણ ભગવાનનો આત્મા તો રહે કે નહિ? એ મહાવ્યાપક ભગવાન સર્વવ્યાપક છે પ્રભુ એનો તો આ જ્ઞાન આત્મા ખરો કે નહિ? તમે કીધું ને ચેતયિતાનો ચેતયિતા... ચેતયિતાનો ચેતયિતા. અરે.. સાંભળને! એ તો એમાં ને એમાં ભેદથી વાત કરી છે. વળી જુદો બીજો જાણનારો છે અને એનો આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એમ છે નહિ. આહાહા..!

કેવી રીતે સિદ્ધ કર્યું, જોયું! ઓલો કહે, કાંઈ વિચારવું નહિ. આપણે તો સર્વવ્યાપક એક ચૈતન્ય મહાબ્રહ્મ. બસ! વિકલ્પ છોડો. શૂન્ય થાવ. શૂન્ય થઈ જાય શૂન્ય. જડ થઈ જઈશ, સાંભળને. આ તો ભગવાન જ્ઞાનથી ભરેલો આત્મા છે એની અહીં વાત છે. એ ભગવાન આત્મા જ્ઞાનથી ભરેલો ભગવાન એનો છે એમ કહીએ તો એકમાં બે ભાગ પાડવા છે. ભાગ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ઘણાં અત્યારે હલવે છે ને? બીજું કાંઈ વિચારવું નહિ. બસ! એક પરમબ્રહ્મ આત્મા. એક આત્મા.. એક આત્મા. એક ગરાસ દરબાર આવતો ને ગરાસ દરબાર? ગરાસિયો નહિ ..?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ગમે તે વ્યાખ્યાન સાંભળે પછી છેવટ કહે એક.. એક.. એક... શું એક? સાંભળને હવે એક. બધું થઈને એક. આ જૈનમાં અત્યારે લાકડા ઘણાં ગરી ગયા છે. અને અહીંનું સાંભળીને કો'કને એમ પણ થઈ જાય કે આહાહા..! ઓલા બધા વાત કરે છે ને ઓલા રજનીશ ને નહિ બધી? એવી વાતું (કરે છે). આપણા જેવી જ અહીંયાં વાત છે. ઉગમણી-આથમણી ફેર છે. તદ્દન વિપરીત છે. આપણા ભણેલા સાંભળનારા પણ મુંઝાઈ જાય છે ત્યાં. કારણ કે ત્યાં આત્માની વાત તો એ કરે છે હોં! અરે.. ભગવાન! આત્માની કરતો નથી, એ તો જડ થવાની વાત કરે છે, સાંભળને.

જ્યાં એક જ આત્મા પોતાના સ્વભાવથી ભરેલો સ્વતઃસિદ્ધ જે પદાર્થ છે એ વસ્તુ જ્ઞેયને જાણતા જ્ઞેયનો થતો નથી અને પોતાના ભેદ પાડતા પણ કાંઈ ભેદ પડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! સાંભળ્યું છે કે નહિ? હમણાં કાલે એક આવ્યા હતા બે છોકરા જુવાન. મુંબઈથી આવ્યા હતા. પછી વાત કરતા હતા એ જાણે.. અમે તો પર્યુષણમાં શું કહેવાય? વ્યાખ્યાનમાળા. વ્યાખ્યાનમાળામાં રજનીશનું ગોઠવ્યું હતું. બહુ આત્માની વાત કરે છે. જુવાન હતા જૈન. ભરમાય છે કંઈક જૈન. બિચારાને ભાન પણ ન મળે. જૈનમાં જન્મ્યા એને ભાન ન મળે કે એક એક આત્મા સ્વતંત્ર, અનંત આત્મા જુદા, રજકણે રજકણ જુદા એની ખબરું ન મળે. મોટા જુવાન હતા. કીધું, વિરૂદ્ધ છે બધું. વ્યાખ્યાનમાળામાં ગોઠવીએ છીએ, કહે.

મુમુક્ષુ :- સાધુ પાસે તો એને બેસવું રુચતું નથી ને.

ઉત્તર :- બસ વાત એ. સાધુ પાસે કંટાળ્યા. ત્યાં બધી વાતું કરે આમ કરો ને તેમ કરો. કાંઈક ગપ્પા મારે અને એમાં કાંઈ સંતોષ થાય નહિ. આ અધ્યાત્મની વાત (કરે). વિકલ્પ નહિ. શ્રદ્ધા-શ્રદ્ધવા યોગ્ય એમ નહિ. મહારાજ કહેતા હતા, ચેતયિતાનો ચેતયિતા.

એવું આવ્યું લાગે છે. અરે..! સાંભળને. ઊંધુ માર્યું છે બધું ત્યાં.

મુમુક્ષુ :- ઘણા કહે છે.

ઉત્તર :- ઘણાય કહે છે. અમને ખબર છે ને. બધા જૈનને પણ કાંઈ ખબર ન મળે. જૈન વસ્તુ તો વસ્તુનું સ્વરૂપ છે. પણ સૂક્ષ્મ તત્ત્વ છે એટલે લોકોને ગ્રાહ્ય થતું નથી. વાડામાં પડ્યા એને પણ ગ્રાહ્ય થતું નથી. અને અહીંના સાંભળનારાને હજી ગ્રાહ્ય થાતું નથી કેટલાકને. સમજાણું? એને એવું લાગી જાય કે આપણે મહારાજ કહે છે ને.. એ જુઓ, એ શું કહે છે? કે હું આ છું એમ રહેવા દો. એમ પણ નહિ. મહારાજ કહે છે, ચેતયિતાનો ચેતયિતા નહિ. એય.. ન્યાલભાઈ!

અહીં તો એક આત્મા ભિન્ન અખંડાનંદ પ્રભુ એવા અનંત આત્માઓ છે એની વાત ચાલે છે. આત્માનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં છે એ આત્મા. એ અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનથી ભરેલો એ આત્મા. અને તે ભરેલો તેની પર્યાય થાય છે એની અહીં વાત ચાલે છે. પર્યાય થાય છે. ક્યાં એવી વાત બીજે ક્યાંય છે? દ્રવ્ય એક, એના ગુણથી ભરેલું તત્ત્વ અને એની વર્તમાન અવસ્થા. એ જ્ઞેય જુદી રાખીને વાત કરે છે અહીં તો. જ્ઞેય અનંત બતાવ્યા સામે. અંનત જ્ઞેય છે એમ સિદ્ધ કર્યું. આત્માના એક જ્ઞાન સિવાય બીજા અનંતો છે એની તો સાથે વાત કરે છે. અનંતાને જ્ઞેયરૂપે વ્યવહારે જાણતા તેનો થાય છે? એમ કરીને જ્ઞેય અને જ્ઞાન બે જુદા રાખ્યાં. ક્યાં બે જુદાની વાત છે ત્યાં? સમજાણું? એય..! જેઠાલાલભાઈ! એ બધા ભણેલા પણ ત્યાં એમ માને કે આ આત્માની વાત કરે છે. એય..! શાંતિભાઈ! અરે.. ભગવાન! બધું ઊંધુ મારે છે વીતરાગ માર્ગથી. સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગથી તદ્દન ઊંધુ છે.

એક આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે એવું જ્યાં સુધી કબુલે નહિ જુદું પાડીને. એક આત્મા સર્વજ્ઞ થઈ શકે છે, જેટલા જ્ઞેયો છે તેને જાણવાની પર્યાયનો સ્વભાવ જીવનો એક સમયમાં છે. ભિન્ન રહીને. ભિન્ન પોતે રહીને, ભિન્ન બીજાને રાખીને. પોતામાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવી એક સમયની પર્યાય છે. એવી અનંતી પર્યાયનો ભરેલો ગુણ છે એમ કીધું અહીં તો, જુઓને! એવી અનંતી પર્યાયથી ભરેલો ગુણ છે. એ ગુણનો પ્રવાહ વહે છે પર્યાયમાં ત્યારે પોતામાં પોતાને લઈને પર્યાય થઈ છે. જ્ઞેયને લઈને નહિ. જ્ઞેય રાખ્યું છે. અનંતા જ્ઞેય રાખ્યા, અનંતા જ્ઞેય રાખ્યા, અનંતા જ્ઞેય જ્ઞેયપણે રહી અને જ્ઞાન એનું જ્ઞાન કરે છે એ એના થઈને જ્ઞાન કરતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું સ્પષ્ટ છે!

ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે ને, ભાઈ! એ પરિણમે તો ચૈતન્યની પર્યાયપણે પરિણમે છે. જુઓ! એ અવસ્થા કીધી. જાણતો કીધું ને સામાને? જાણતો તો પર્યાય થઈ. પર્યાય

એ તો ગુણ થયો. દ્રવ્ય ત્રિકાળ રહ્યું. ગુણ ભરેલો ગુણ થયો. હવે આને જ્ઞેયને જાણે વ્યવહારે જાણે. એ પરજ્ઞેયને સિદ્ધ કર્યું. એ જાણવાની પર્યાય પરિણમી એને સિદ્ધ કર્યું. એ પરિણમી પર્યાય એની થઈને પરિણમી છે? અને જ્ઞેયની પર્યાય અહીં આવી છે? અને જ્ઞેય છે માટે અહીં જ્ઞાન થયું છે? એમ તો વાત ભિન્ન પાડીને વાત કરે છે. સમજાણું કાંઈ?

અનંતા દ્રવ્યને સ્થાપ્યા છે અહીંયાં. પુદ્ગલાદિનું કીધું ને? પુદ્ગલ એક નહિ. પુદ્ગલ અનંત, અનંત આત્માઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. એમ સર્વજ્ઞના જ્ઞાનમાં છ દ્રવ્યો આમ જણાયા છે. એ જ્ઞેય છે માટે જ્ઞાન જાણ્યું છે? લોકાલોક છે માટે જ્ઞાન સર્વજ્ઞનું થયું છે? એમ કહે છે. ના. અને લોકાલોકનું આ સર્વજ્ઞ જ્ઞાન એનું થઈ ગયું છે? એનાથી આ જ્ઞાન થયું છે? ના. જ્ઞાન તો જ્ઞાનથી થયું છે. એ સર્વજ્ઞનું જ્ઞાન એનું થયું છે? એનું થઈ જાય તો જડનું થઈ જાય. તો લોકાલોકનું થઈ જાય. જુદો રહે નહિ. સમજાય છે કાંઈ?

વીતરાગ સર્વજ્ઞનો માર્ગ અપૂર્વ છે, અલૌકિક છે. લોકોને એ ગ્રાહ્ય થાતું નથી. નિશ્ચયમાં જ્યારે વાત કરે ત્યારે વેદાંત સાથે મેળવી દે. વ્યવહારની વાત કરે ત્યારે તો ઓલો વ્યવહાર છે એ ખોટો વ્યવહાર, એ ધર્મ નથી. ત્યારે કહે, હા. હવે ખરું. પાછું વ્યવહાર વચ્ચે આવે એમ જ્યારે કહે. હાશ! એને સખ આવે. એક વિઘ્ન કરતું આવે, નુક્સાન કરતું કે હા, આ તે ક્યાં... સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં જાણવાના ગુણથી ભરેલો એમ કહેતાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સર્વજ્ઞ એમ કીધું ભાઈ! ભરેલો કહેતા સર્વજ્ઞ જ્ઞ... જ્ઞ સ્વભાવ પૂર્ણ છે એમ કહ્યું. આહાહા..! ભરેલો કહેતા જ એમ થયું આ. ભગવાન આત્મા જ્ઞાનથી ભરેલો ભગવાન એમાં .. નાખ્યું છે આમાં. સર્વજ્ઞની વ્યાખ્યા બરાબર નાખી છે. આણે નાખી છે આમાં. ભરેલો છે એટલે આત્મા જ્ઞાનથી ભરેલો એટલે પોતે જ્ઞાનસ્વરૂપ છે. પૂર્ણ કહો, આખું કહો સર્વજ્ઞસ્વરૂપ જ છે ઈ. કોણ? આ એક એક આત્મા. સમજાણું કાંઈ?

વસ્તુ સ્વભાવ શું? જ્ઞાન એ તો. જ્ઞાન પૂરું, ભરેલું આખું. સર્વજ્ઞ સ્વભાવ. સર્વજ્ઞ સ્વભાવ વર્તમાનમાં અનંત જ્ઞેયોને જાણતા શું જ્ઞેયરૂપ થઈને જાણે છે? જ્ઞેયને પૃથક્ રહીને જાણે છે? કે જ્ઞેયો છે માટે જાણે છે? કે જ્ઞેયનો થઈને જાણે છે? જ્ઞેયનો થઈને જાણતો નથી, જ્ઞેયને લઈને જાણતો નથી. જ્ઞાનને લઈને જાણે છે. કહો, વાડીભાઈ! આહાહા..! જુઓને! આચાર્યે કેવી શૈલી સાદીથી મૂળ વાતને પ્રસિદ્ધ કરી દીધી છે. અસ્તિ સત્ છે એવું પ્રસિદ્ધ કર્યું છે. ભગવાન! તું તો જ્ઞાનથી ભરેલો પદાર્થ છો. જ્યારે જ્યારે કોઈ ચીજ જાણવામાં આવે ત્યારે તો તારી પર્યાયથી થઈ છે. એવી પર્યાયનું પરિણમન તારાથી થયું છે. જ્ઞેયથી નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞેયથી થાય તો જ્ઞેયનો થઈ જાય તું. જ્ઞેય તો પર છે. તો પરરૂપ થઈ જાય તો તારું તો સત્ રહે નહિ. સમજાય છે? માટે ચેતયિતા-ચેતયિતાના બે ભાગ પાડ્યા, એ પણ અહીં શું કામ છે હવે?

**'સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** જોયું! ઓલો રાગથી થાય લાભ એ તો ક્યાંય રહી ગયું, જ્ઞેયથી જ્ઞાન થાય એ તો ક્યાંય રહી ગયું. પણ હવે સ્વમાં ભેદ પાડવો કે જ્ઞાયક આત્મા જ્ઞાયકનો છે. પોતામાં હોં! કો'કનો બીજાનો નહિ. આત્મા આત્માનો એવા બે ભાગ પાડીને વ્યવહારથી તને શું સાધ્ય છે? અભેદથી સાધ્ય સિદ્ધ થશે. ભેદથી સાધ્ય સિદ્ધ થશે નહિ. એની વાત વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૫, શુક્રવાર તા. ૧-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૧૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર.

અહીં સુધી આવ્યું જુઓ નીચે. '**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી.**' છે ત્યાં છેલ્લી લીટી? મફાભાઈ! છે ત્યાં હેઠે? ૫૨૨ પાને છે. નવી (આવૃત્તિ) હોં! જૂનું છે? આ હોય તો... નીચે છે તદ્દન લીટી. છે ને? '**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.**' એટલે શું કહે છે હવે? એ તો શબ્દો થયા. જુઓ! આમાં મહાસિદ્ધાંત છે આખો. આ આત્મા છે. કહે છે કે આત્મા પરને જાણે છે એમ કહેવું. તમે એમ કહો પણ છતાં જે જણાવાયોગ્ય વસ્તુ છે એ રૂપે થઈને જાણે છે? કે પોતામાં રહીને જાણે છે? અને જ્ઞેય છે એ જ્ઞાનમાં આવે છે? કે જ્ઞેય જ્ઞેયરૂપે રહે છે. આ બે સિદ્ધાંત. સમજાય છે?

આત્મા જાણનાર જ્ઞાયકસ્વરૂપ. અહીં ચેતયિતા શબ્દ કરીને વાત કરી છે. ચેતનારો, જાણનારો ચેતયિતા. એ ચેતયિતા પોતાના ચૈતન્ય ગુણથી ભરેલો પદાર્થ છે. પછી ખડીનો દૃષ્ટાંત આવશે. એ આત્મા પોતાના જ્ઞાનથી ભરેલો સર્વજ્ઞ સ્વભાવ, પૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ આત્મા પરવસ્તુ આ શરીરાદિ જે જ્ઞેય છે એને જાણતા શું જ્ઞેયરૂપ થઈને જાણે છે? કે જ્ઞાનરૂપ રહીને જાણે છે? કે જ્ઞાનરૂપ રહીને જાણે છે. જો જ્ઞેયરૂપ થઈને જાણે તો આત્માનું સત્ છે તેનો ઉચ્છેદ થઈ જાય. સત્ છે તેનો નાશ થઈ જાય. અને સત્‌નો નાશ કોઈ દિ' થતો નથી. સમજાણું કાંઈ? કહો, ખેતશીભાઈ! આ પૂછો તો આવડે કે નહિ હમણાં તરત? આ તો હવે સાદી ભાષામાં આવ્યું તદ્દન.

આ આત્મા ચૈતન્ય પ્રકાશ છે. ચૈતન્ય પ્રકાશથી ભરેલો પદાર્થ છે. જ્ઞાનપ્રકાશ કહો, ચૈતન્ય પ્રકાશ કહો. સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો એ આત્મા છે. એનામાં રાગ-દ્વેષ કરું આદિ એનામાં છે જ નહિ. હવે એવો ચૈતન્ય પદાર્થ રાગાદિ કે શરીરાદિ કે પરવસ્તુને જાણતા પરનો થઈને જાણતો નથી. સ્વનો રહીને જાણે છે અને પર કાંઈ સ્વના થઈને અહીં જણાતા નથી. પર તો પરરૂપ રહીને અહીં જણાય છે. કહો, મફાભાઈ! બરાબર છે આ વાત? આ શરીર-બરીર હોં! આ બધું ઢોકળું. કહે છે, આ જ્ઞાન એને જાણે, પણ એ જ્ઞાન જ્ઞેયરૂપ થઈને ન જાણે, શરીરરૂપ થઈને ન જાણે. શરીરરૂપ થઈને જાણે તો આત્મા શરીર થઈ જાય એટલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ જાય.

મુમુક્ષુ :- આત્માનું શું થાય?

ઉત્તર :- આત્મા નાશ થઈ જાય.

આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. એ ચૈતન્ય સ્વરૂપ પોતામાં રહીને પરને જાણે. એમ કહો. અહીં તો નિશ્ચય સિદ્ધ કરવું છે ને. વ્યવહાર... જાણે પણ એ પરનો થઈને જાણતો નથી. પોતામાં રહીને પરને પરરૂપ થયા વિના અને પર આ જ્ઞાનમાં આવ્યા વિના સ્વ-પરને જાણે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? જો આત્મા પરનો થઈને જાણે તો સ્વનો નાશ થઈ જાય. અને સ્વનો નાશ થતાં પુદ્‌ગલાદિરૂપ થઈ જાય. પુદ્‌ગલાદિરૂપ કોઈ દિ' (થતો નથી). સત્ છે જ્ઞાયક એ સત્ છે. વસ્તુ છે, વસ્તુ છે વસ્તુ સત્ શાશ્વત છે. એનો કદી નાશ થાય નહિ. માટે પરરૂપ થઈને આત્મા જાણતો નથી. તેમ પર આત્માના થઈને આત્મામાં જણાતા નથી. આ તો સીધી વાત છે કે નહિ? જાધવજીભાઈ! આમાં કાંઈ બહુ પલાખા શીખવા પડે એવું નથી. આ તો ધર્મની વાત કરે છે કે ધર્મ કેમ થાય? આ પરને જાણતા પરરૂપ નથી તું, તારા રૂપમાં તું પરને અને સ્વને જાણે છો. સમજાણું કાંઈ?

ત્યારે એમ કહ્યું કે પરરૂપ થઈને ન જાણે. તો એ છે કોનો? જ્ઞેયનો તો નથી તમે કહ્યું. જણાવાયોગ્ય વસ્તુનો એ તો નથી. છે કોનો? કે ભાઈ, છે આત્મા આત્માનો. ચેતયિતા ચેતયિતાનો, ચેતયિતા ચેતયિતાનો. ચેતયિતા ચેતયિતાનો તો એ આત્માનો આત્મા (થયો). તો એ ક્યો આત્મા છે એ કે જેનો એ આત્મા છે? ત્યારે આનો તો નથી. જણાવાયોગ્ય પદાર્થનો નથી. ત્યારે હવે છે કોનો? સમજાય છે કાંઈ? પરપદાર્થ જણાવા કાળે પરપદાર્થનો એ નથી. ત્યારે એ છે કોનો? કે છે આત્મા આત્માનો. ચેતયિતા ચેતયિતાનો. આ ચેતયિતા ચેતયિતાનો. ત્યારે ચેતયિતાનો એ સ્વામી થયો અને ચેતયિતા એનું સ્વ થયું. ત્યારે એમાં સ્વસ્વામી આવ્યો ને? બે ભેદ પડ્યા ને? ત્યારે કોણ છે? પ્રશ્ન થયો? ક્યા ચેતયિતાનો એ ચેતયિતા છે? કે ભાઈ! એ તો બે સ્વસ્વામી અંશના ભેદ પાડ્યા છે. એ કાંઈ બીજો પદાર્થ છે અને બીજાનો એ છે, બીજો કોઈ છે અને બીજાનો છે, અને બીજાનો છે અને બીજો એનો કોઈ સ્વામી છે એમ છે નહિ. એ જ્ઞાયકનો સ્વામી કોઈ ઈશ્વર નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એનો અર્થ શું?

ઉત્તર :- આ ચૈતન્ય સ્વરૂપ છે એનો કોઈ ઈશ્વર સ્વામી નથી. એનો એ સ્વામી છે. પણ એનો એ સ્વામી છે અને જ્ઞાયક સ્વ છે અને સ્વામી છે એમ ભેદ પાડવા એમાં તને સાધ્યની સિદ્ધિ શું છે? ભેદ પાડવાથી તો વિકલ્પ ઉઠશે. જુઓ તો ખરા વ્યવહારનો ક્યાં સુધી નિષેધ કર્યો? ઓહોહો..! સમજાણું કાંઈ? પરને તો કરી શકતો નથી, પરમાંથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં કરવું આમાં કાંઈ આવતું નથી. હવે પરને જાણતા એ જાણવું પરનું નથી પણ પોતાનું છે. અને જાણનાર જે જાણે છે એ જ્ઞાન જ્ઞાનરૂપ રહીને જાણે છે અને એ જાણનાર જાણરૂપ થઈને જાણે ત્યારે પરરૂપ થઈને જાણતો નથી. પરરૂપ થઈને જાણે તો પોતાની ચીજનો અભાવ થઈ જાય. અભાવ તો કોઈ દિ' થાય નહિ. ત્યારે હવે છે કોનો જ્યારે અભાવ ન થાય ત્યારે? કે ચેતયિતા ચેતયિતાનો છે. જ્ઞાયક તે જ્ઞાયકનો છે. આત્માનો આત્મા છે. આત્માનો. કોઈ ઈશ્વર આત્મા છે આમ સર્વવ્યાપક? એનો એ આત્મા છે? ના. ના. ભાઈ! એકની એક ચીજમાં બે ભેદ પાડ્યા સમજાવવા. આનો નથી એટલે આનો છે એમ ભેદ પાડ્યા. જ્ઞેયનો નથી. લોકાલોક જગતના પદાર્થ છે તેનો એ નથી. એટલે તારે ત્યાં નજર કરવા જેવી નથી. તું અહીં છો ત્યારે અહીં છો એનો છો એમ કીધું ત્યારે એ તો સ્વસ્વામીના અંશના બે અંશોના ભેદ પાડ્યા. પોતે ભગવાન આત્મા તે સ્વામી અને એનું ચૈતન્યપણું એ આખું જ્ઞાયકપણું તે સ્વ. એ તો એક ભેદ પાડીને સમજાવ્યા છે. પણ ભેદ પાડતા જ્ઞાયક જ્ઞાયકનો છે, ભેદ પાડતા આત્માની સિદ્ધિ થતી નથી. કહો, સમજાણું કાંઈ? તો પછી દયા, દાન અને પુણ્ય-પાપ જે જ્ઞેયરૂપે જણાવાયોગ્ય છે એનાથી જાણનારની સિદ્ધિ થાય એ તો હોતું નથી. જોયું! કહો, સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્ય પ્રભુ ચૈતન્યનું નૂર વસ્તુ છે. એ જ્યારે રાગને જાણતા રાગરૂપ થઈને જાણતો નથી તેમ રાગ જ્ઞાનરૂપ થઈને રહેતું નથી. રાગ રાગરૂપ છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે. એટલું તો અહીં સિદ્ધ કર્યું હવે. વ્યવહારથી ભિન્ન પાડ્યો. હવે એમાં ને એમાં વ્યવહાર કર્યો કે ભાઈ જાણનાર જાણનારનો છે. જાણનાર જાણનારનો છે. એનો નથી. જાણનાર જાણનારનો છે. પણ એ જાણનાર જાણનારનો છે તો બે ભાગ છે એમાં કોઈ ચીજ? કોઈ બીજો એનો ધણી છે કે એનામાં બે ભાગ છે કોઈ પ્રદેશમાં? કે આ અસંખ્ય પ્રદેશ એનો સ્વામી અને આ અસંખ્ય પ્રદેશ એનું સ્વ. ના, ભાઈ! એ તો સમજાવવા (માટે ભેદ પાડીને કહ્યું). જ્યારે એનો નથી, લોકાલોકનો નથી, રાગનો નથી, જ્ઞેયનો નથી ત્યારે એનો એ છે. એનો એ છે. એમ કરીને એને સમજાવ્યું છે. પણ એનો એ છે એવા ભેદથી પણ સ્વરૂપની અનુભવ દૃષ્ટિ થતી નથી.

એ તો '**જ્ઞાયક જ્ઞાયક જ છે-**' લ્યો! એ સાધ્ય નથી. શું સાધ્ય છે? જુઓ તો ખરા! જ્ઞાયક જ્ઞાયકનો છે એમ કરતા પણ તારા આત્માની સિદ્ધિ, સાધ્યની પ્રાપ્તિ ત્યાં ક્યાં થાય છે? આહાહા..! સમજાણું કાંઈ? સાધ્ય તો આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન એની પ્રાપ્તિ કરવી છે. તો આ કહે છે કે આત્મા આત્માનો છે એમાં સાધ્યની સિદ્ધિ, સાધ્યની પ્રાપ્તિ ક્યાં થશે તને? સમજાણું કાંઈ? રતિભાઈ! આવું ઝીણું તત્ત્વ છે. આ વીતરાગનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવો માર્ગ છે. વીતરાગનો એટલે વસ્તુનો. વસ્તુ તો વીતરાગ છે, વસ્તુ વીતરાગ. એ કાંઈ જૈન સંપ્રદાય કોઈ વાડો નથી. એ તો વસ્તુ જ એવી છે. જ્ઞાયક વીતરાગસ્વરૂપે એ વીતરાગસ્વરૂપ તે વીતરાગ સ્વરૂપનો છે. વીતરાગસ્વરૂપ તે વીતરાગ સ્વરૂપનો છે. ભાઈ! એવા ભેદ પાડીને શું કામ છે? વળી એક અંશ અને એક અંશી. એક આખો અને એક ભાગ એમ પાડીને શું કામ છે તારે? એમાં આત્મા અખંડ અભેદ છે એની પ્રતીતિનો અનુભવ એવા સાધ્યથી શું થશે તને? છોડી દે. એ વ્યવહાર એવો જ્ઞાયક જ્ઞાયકનો એ છોડી દે. '**જ્ઞાયક જ્ઞાયક જ છે.**' ક્યાં સુધી લઈ જાય છે જુઓ! સમજાણું કાંઈ?

'**તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.**' જ્ઞાયક ભગવાન ચૈતન્ય પ્રભુ એનો છે. એટલે ભેદ નહિ. એની અવસ્થા અભેદમાં જતાં એનો જ છે એ. એ પર્યાયનો પર્યાયવાન ઉપર જતા એ જે છે ઈ છે. એમાં ભેદ છે નહિ. આવું છે ગોદિકાજી! ધંધા-બંધામાં આવી મહેનત નહિ પડી હોય લ્યો. પુણ્યને લઈને આવી જાય. આમાં તો પ્રયત્ન કરવો પડે છે એમ કહે છે. એય..! મફાભાઈ!

કહે છે કે પરના ઉપરથી તો દૃષ્ટિ ઉઠાવ. આ રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવ. પણ જ્ઞાયક જ્ઞાયકનો છે એવા ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી દે એમ કહે છે. આહાહા..! અસ્તિ છે. જ્ઞાયક જ્ઞાયક છે. એમ ને એમ નહિ. વિકલ્પ નાશ કરો.. વિકલ્પ નાશ કરો એમ નહિ. અભેદ વસ્તુ જ્ઞાયકમૂર્તિ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક છે. એ જ્ઞાયક જ્ઞાયકનો છે એ પણ રાગમિશ્રિત વિકાર ઉત્પન્ન થશે. પુણ્યનો વિકલ્પ થશે. તેમાં ધર્મ દૃષ્ટિ ઉત્પન્ન થશે નહિ. કહો, સમજાણું આમાં?

જ્ઞાયક ચૈતન્ય ચૈતન્યનો છે એ પણ ભેદ કાઢી નાખ. કારણ કે ભેદ પાડતા અભેદની સાધ્ય સિદ્ધિ ભેદમાં નથી. જ્ઞાયક જ્ઞાયકનો છે, ચૈતન્ય ચૈતન્યનો છે એટલે ચૈતન્ય ચૈતન્ય જ છે. ચૈતન્ય ચૈતન્યનો છે એટલે ચૈતન્ય ચૈતન્ય જ છે. ચૈતન્યનો છે એમ પણ નહિ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આવી અંતર દૃષ્ટિ જ્ઞાયકની કરવી એને આત્મા છે એમ પ્રાપ્તિ થઈ અને સમ્યગ્દર્શન થયું અને આત્માનો ભેટો થયો અને આત્માનો સાક્ષાત્કાર થયો એમ કહેવામાં આવે છે. સર્વવિશુદ્ધ અધિકાર છે આ. આહાહા..! સમજાણું કાંઈ? એક વાત.

હવે '**(આ રીતે અહીં એમ બતાવ્યું કે : આત્મા પરદ્રવ્યને જાણે છે-એ વ્યવહારકથન છે; આત્મા પોતાને જાણે છે-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...**' આત્મા આત્માને જાણે, આત્મા આત્માને જાણે એ ભેદ પડી ગયો છે. આહાહા..! '**જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.**)' ચૈતન્ય ભગવાન અખંડ જ્ઞાનથી ભરેલો પદાર્થ, વસ્તુ એ ભરેલો પદાર્થ કીધો છે એ તો એક સમજાવવા હોં. ભરેલો અને એમાં રહ્યો એમ બે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભેદ નથી એમ કહે છે. એ પહેલું કહ્યું હતું ખરા કે જ્ઞાનથી ભરેલો એ પદાર્થ છે. જ્ઞાનથી ભરેલો. તો જ્ઞાનથી ભરેલો એ છે કે ભરેલો આનો છે, એમ છે? ના. ના. એ તો વાત સમજાવવા કરી હતી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ સ્વભાવ એ સર્વજ્ઞ સ્વભાવ ઉપર ... છે. એવો ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એ પ્રમાણે જોયો છે અને એ પ્રમાણે સાધ્યો છે. સમજાય છે કાંઈ? કહે છે કે એ આત્મા આત્માને જાણે એવા ભેદથી તને સમ્યગ્દર્શનની સાધ્ય સિદ્ધિ નહિ થાય. સાધ્ય સિદ્ધિ જે આત્મા છે તેની પ્રાપ્તિ નહિ થાય. ન્યાલભાઈ! બહુ આઘે લઈ ગયા. પુણ્યથી, વ્યવહારથી, વિકલ્પથી કષાય મંદથી થાય એ તો ક્યાંય ગયું. કારણ કે એ તો જ્ઞેયમાં નાખી દીધું. આહાહા..! ભાઈ! એ તો એનો જાણનાર આત્મા છે. ભાઈ! એ તો દ્વિરૂપતાને ધારણ કરનાર છે. પોતાને જાણે છે અને રાગ મંદ થયો એને એ જાણે છે. એવો એનો સ્વભાવ છે. એ પોતાના અસ્તિત્વનું સત્ જ એ જાતનું છે. પણ એ એને જાણે છે એમ ભેદ પાડવા એ ભેદ પાડતા આમ વિકલ્પથી રહિત નહિ થઈ શકે. વસ્તુ નિર્વિકલ્પ છે. ભેદ પાડતા ભેદ વસ્તુમાં છે નહિ. એટલે વિકલ્પ ઉઠશે તને, રાગ ઉઠશે, પુણ્ય બંધાશે. એ તો અબંધ સ્વરૂપને બંધ થશે. સમજાય છે કાંઈ? '**જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.**'

હવે બીજો દાખલો. '**વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંત...**' દૃષ્ટાંત અને એનો સિદ્ધાંત. દૃષ્ટાંત .. સિદ્ધાંત બીજો. '**એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે :-**' જુઓ! આચાર્યે તો દરેકની ટીકા લાંબી કરી છે હોં! એટલે આપણે ટૂંકી કેમ મૂકી દેવી? એણે પણ લાંબી કરી છે. એને કંટાળો નથી આવ્યો. એટલે ઊંડી વાત આવે તો કંટાળો ન લાવવો એમ કહેવા માટે આ વાત ચાલે છે. આચાર્ય પોતે સંસ્કૃત મૂક્યું છે કે નહિ? કે આમ સમજીને મૂકી દીધું છે? એય..!

મુમુક્ષુ :- ...સમજી લેવું એમ નથી મૂક્યું.

ઉત્તર :- એમ નથી મૂક્યું. હાં.

'**એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે :- આ જગતમાં...**' હવે જુઓ ફરીને લે છે દર્શક ઉપર. '**આ જગતમાં...**' આ જગત સિદ્ધ કર્યું. જગત છે. એકલો આત્મા જ છે અને જગત નથી, અનંત આત્માઓ (નથી) એમ નહિ. આ જગત આખું ભરેલું છે. એમાં એક ખડી છે એક વસ્તુ. '**તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.**' છે? શોભાલાલભાઈ! છે ને એમાં? '**તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું...**' જોયું! સ્વભાવવાળું. ઓલો સ્વભાવ અને આ સ્વભાવવાળું '**દ્રવ્ય છે.**' ભેદ પાડ્યો હતો ને? છતાં ત્યાં ભેદ કાઢી નાખશે. જ્ઞાયકમાં એમ નાખશે.

**'શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.'** એ એમ કહે છે, શ્વેતગુણમાં એમાં ભરેલો છે પૂરો. પૂરો. એનું પરિણમન થતાં ભલે બીજી ભીંત ઉપર જાય પણ એનું પરિણમન તો એનામાં જ છે. એ કાંઈ પરમાં છે નહિ. એ શ્વેતગુણ જ પોતે પરિણમીને ભીંતની અવસ્થામાં પોતાપણે રહીને ધોળી થઈ છે. ભીંતરૂપે થઈને ધોળી થઈ નથી. કારણ કે ધોળો તો એનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ?

**'ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે...'** ભીંત આદિ બધી વસ્તુઓ. જોડા કરે છે, હડફા બધા સમજ્યાને? કેટલાક .. કરે છે. કો'ક ઠેકાણે ચૂનો ચોપડે છે એમ પણ કરે છે. પણ આપણે અહીં ખડી. ચૂનો પણ ચોડે જરી, બહુ ઓલું હોય ને તો. **'(અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, શ્વેત કરનારી ખડી,...'** શ્વેત કરનારી, ધોળું કરનારી ખડી, શ્વેત કરાવા યોગ્ય જે ભીંત, ધોળું કરાવા યોગ્ય જે ભીંત. લ્યો, આમાં તો કરાવવા યોગ્ય આવ્યું. યોગ્યતા અહીં આવી. જડમાં પણ આવી કહે છે.

**'ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'** એ ખડી જે ધોળું કરે છે એવી જે ભીંત. એ ભીંતની ખડી છે કે નહિ? ભીંતની ખડી છે કે નહિ? **'એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ...'** ખરો સંબંધ, પરમાર્થ સંબંધ **'અહીં વિચારવામાં આવે છે :- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય...'** જો એ ખડી ભીંતની કે લાકડાની કે હડફાની હોય જે ધોળું કરે એની. **'તો શું થાય તે પ્રથમ વિચારીએ :'** લ્યો! આચાર્ય પણ કેવું મૂકે છે! એને હજી વિચારવાનું હશે? સાથે લઈને. સાથે લઈને. ભાઈ! આપણે એનો નિર્ણય કરીએ, વિચાર કરીએ એમ કહે છે. વિચારવું નવું હશે? સમજાવવું શી રીતે?

**'અહીં વિચારવામાં આવે છે :- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ - જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય તે તે જ હોય. જો ભીંતની ખડી હોય તો ભીંતરૂપ જ હોય. બરાબર છે? **'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...'** બહુ ન્યાયથી વાતને સિદ્ધ કરી છે. ઘણી સાદી રીતે સિદ્ધ કરી છે. ભગવાન આત્મા જાણનાર છે ને. જુઓ! દૃષ્ટાંત પણ એ આપ્યો. આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, જે આત્મા છે એનું જાણવું એ હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન તે આત્માનું છે. આત્મા જ છે. એ જ્ઞાન કોઈ બીજાનું નથી.

**'આવો તાત્ત્વિક સંબંધ...'** તાત્ત્વિક નામ જીવતો સંબંધ, પરમાર્થ સંબંધ, સત્ય સંબંધ **'જીવંત હોવાથી,...'** આવો તાત્ત્વિક સંબંધ જીવતો વિદ્યમાન હોવાથી. જીવંત સ્વામી આવ્યું હતું. એ અહીંયાં વળી યાદ આવ્યા. આહાહા..! સીમંધર ભગવાન. આ ગયા હતા ને? બયાના,

બયાના. ... જીવંત સ્વામી. આહા..! વિદ્યમાન ભગવાન બિરાજે છે. સમજાણું? .. .. ભગવાન મહાવીર ને ... એમાં લખ્યું છે ને? વાંચ્યું છે કે નહિ તમે? આ શું છે આ? .. જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આપો એને. એ કાગળ આવ્યો હતો. મોઢા આગળ. બચાવ કર્યો. આ તો ઓલા એક .. છે. ..ને લઈ જાય કેટલાક હોં! અમથું પગમાં લઈ જાય. દોરો બાંધે. 'પંખીડા જાજે મહાવિદેહના દેશમાં.' એ આવે છે ને ભજનમાં? એ આણે કીધું હોં અમને. તમે જોયું નહિ હોય. કહો સમજાણું કાંઈ? જાજે. એ જીવંત ભગવાન બિરાજે છે. એ જીવતા વિદ્યમાન છે. એમ આ પરને અને આત્માને વિદ્યમાન શું છે? જીવતું જીવતું તત્ત્વ શું છે એ બતાવે છે.

**'તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ);....'** કહો, સમજાણું કાંઈ? આ આત્મા જો શરીરનો... ખડીની વાત છે અત્યારે તો. ખડી જો ભીંતની હોય તો ખડી ભીંતરૂપ થઈ જાય. એ ભીંતરૂપ થાય કોઈ દી? **'એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** તો તો ખડીનો સ્વદ્રવ્ય સત્ છે સત્ છે, શ્વેત ગુણથી ભરેલું સત્ છે, શ્વેત ગુણથી ભરેલો પદાર્થ છે તેનો નાશ થઈ જાય. **'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા. કર્તાકર્મમાં નિષેધ કર્યો છે. **'दव्व असंकमदि'** દ્રવ્ય જ્યારે સંક્રમતું નથી, પલટતું નથી, પરમાં જાતું નથી તો પરને શું કરે? એક વસ્તુ પરમાં ગયા વિના પરનું શું કરે? સમજાણું કાંઈ? અને પોતે પરમાં તો જાતી નથી. પોતે પોતામાં રહે છે. આચાર્યે કેટલી સરળથી સીધી વાતથી વસ્તુનું વર્ણન કર્યું છે.

કહે છે.. શું કહ્યું? થવાનો નિષેધ કર્યો છે. **'માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.'** એ ખડી ભીંતની નથી. **'(આગળ વિચારીએઃ) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે?'** આની નથી તો છે કોની? કો'કની તો હોવી જોઈએ કે નહિ? **'ખડીની જ ખડી છે.'** ખડીની ખડી છે. ખડીની જ ખડી છે. જુઓ! ખડીની જ સ્વામી ખડી છે. **'(આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે...'** વળી ખડીથી બીજો કોઈ ગાંગડો મોટો બીજો છે કે એની આ ખડી છે? **'ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી,...'** એ તો જુદા જુદા બે સ્વસ્વામી અંશો છે. જુદા જુદા બે સ્વસ્વામી અંશોનું કથન સમજાવવા (ભેદ પાડીને કહ્યું છે). આનો નથી તો આનો છે એમ કહેવામાં આવે છે. એમ કહે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી.'** તેથી ખડી સાબિત થતી નથી એમ કહે છે. **'તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-'** એમ આ દૃષ્ટાંત. હવે આત્મા ઉપર. **'તેમ આ (નીચે પ્રમાણે) દૃષ્ટાંત છે :- આ જગતમાં ચેતયિતા છે...'** એ આ ચેતયિતા છે. અસ્તિત્વ છે, સત્ છે, ચેતયિતા છે. એક વાત. **'તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.'** જુઓ! હવે ભેદ પાડીને કહ્યું. ચેતયિતા છે એ દર્શનગુણથી ભરેલો એટલે જાણે ચેતયિતા આધાર અને જાણે દર્શનગુણ આધેય. દર્શનગુણથી ભરેલું એટલે દર્શનગુણરૂપ છે એમ આગળ સિદ્ધ કરશે. સમજાણું? જુઓ! સર્વદર્શીગુણથી ભરેલો પદાર્થ છે એમ કહે છે. ઓલામાં સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો. આ સર્વદર્શી સ્વભાવ. ભગવાન આત્માનો સર્વદર્શી સ્વભાવ છે. સ્વદર્શી સ્વભાવથી ભરેલો. ભરેલો એટલે સ્વદર્શીસ્વરૂપ જ આત્મા છે. સર્વદર્શી સ્વભાવ જ આત્મા છે. સમજાણું કાંઈ?

જોયું! **'ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું...'** લ્યો! દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય. સમજાણું? જેમ કોથળીમાં રૂપિયા રહે ને? એમ હશે આ? કોથળીમાં રૂપિયા રહે નહિ? થેલીમાં રહે અથવા મકાન ... લ્યો! એમ હશે આ? આ તો સમજાવે છે કે એનો સ્વભાવ દર્શનગુણથી ભરેલો એટલે દર્શનગુણસ્વરૂપ જ છે. એ દર્શનગુણસ્વરૂપ જ છે. એ ભરેલો એમ કે એ પરિણમે છે ને? પરિણમ્યું છે ને? પરને દેખવારૂપે પરિણમ્યું છે ને? એથી ભરેલો સ્વભાવ ત્યાંથી પરિણમે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આત્મા દર્શનગુણથી સતરૂપે, અસ્તિરૂપે, આત્માર્થીને દર્શનગુણ અસ્તિ પૂર્ણ દર્શનસ્વભાવરૂપ એ આત્મા છે. એનાથી ભરેલો આત્મા છે. જુઓ! એમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ભરેલા નથી. સંસાર ભરેલો નથી, આત્મામાં સંસાર છે નહિ.

મુમુક્ષુ :- .. ખૂણામાં નહિ હોય?

ઉત્તર :- ખૂણામાં પણ નથી. ખૂણે ખાંચરે આત્મામાં સંસાર નથી. આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય, જેને સંસાર કિનારો નિકટ છે. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય ... જેને સંસાર કિનારાનો અંત છે. એવા કોઈ મહા ભેદવિજ્ઞાની જીવ ભગવાન ... એ હવે આ ફરમાવે છે ... એમ કહે છે. સમજાણું કાંઈ? દેવ આવ્યા અને ગુરુ આવી ગયા. એમ અહીંયાં કહ્યું શાસ્ત્રમાં. સમજાય છે કાંઈ? સીમંધર ભગવાન દેવ, ગુરુ કુંદકુંદાચાર્ય, આ કહેલું શાસ્ત્ર. એમાં એમ કહે છે કે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે, આ તો દ્રવ્ય છે. દ્રવ્ય એટલે સ્વભાવવાન અને આ સ્વભાવ. દર્શન સ્વભાવ જ છે એનો સ્વભાવ છે આખો. દેખવું એક આખો એનો સ્વભાવ છે. સમજાણું?

**'પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે.'** દેખનાર આત્માનો શરીર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને રાગ અને પર વ્યવહારે દેખવાયોગ્ય છે. વ્યવહારે દેખવાયોગ્ય છે. કારણ કે પરવસ્તુ થઈ ને? પર છે એટલે વ્યવહાર થઈ ગયો. શરીર, કર્મ, રાગાદિ પરવસ્તુ છે એને આત્મા (દેખનાર છે). એ પરનો વ્યવહારે દેખવાનો સ્વભાવ છે. કારણ એમાં તન્મય થતો નથી. તન્મય નથી માટે વ્યવહાર થયો. તન્મય થઈને રહે છે તે નિશ્ચય છે. એ વ્યવહારે ભગવાન આત્માનું આ શરીર, કર્મ, રાગ એ ચેતયિતાનું દૃશ્ય. દૃશ્ય એટલે દેખવા લાયક, દેખવા લાયક.

'**હવે દર્શન (દેખનારો અથવા શ્રદ્ધનારો)...**' બે વાત લેવી છે આમાં ભેગી. જુઓ! દેખનારો અથવા શ્રદ્ધનારો. એની ભેગું એમ લઈએ કે આત્મા શ્રદ્ધા સ્વભાવથી સંપૂર્ણ શક્તિથી શ્રદ્ધા સ્વભાવથી ભરેલો પદાર્થ છે. દર્શનગુણથી ભરેલો સ્વભાવવાન છે. એ શ્રદ્ધા સ્વભાવથી ભરેલો સ્વભાવવાન છે. શ્રદ્ધા સ્વભાવ એ સ્વભાવ છે અને આ દ્રવ્ય છે એ સ્વભાવવાન છે. આટલું કરીને સમજાવવું છે. સમજાણું કાંઈ? એટલે એ શ્રદ્ધા સ્વભાવવાળો ભગવાન, શ્રદ્ધારૂપે પરિણમે છે એ ભરેલો છે એમાંથી આવે છે એમ કહે છે. પરની શ્રદ્ધા કરે છે માટે શ્રદ્ધાની પર્યાય આવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**(દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય)...**' જુઓ! શ્રદ્ધાવાયોગ્ય લીધા પદાર્થો. અહીં એકબીજાને જ્ઞાનપ્રધાનથી કથન છે. સમજાણું કાંઈ? નહિ તો શ્રદ્ધવાનો વિષય તો એકલો અભેદ છે. પણ શ્રદ્ધાને જ્ઞાનપ્રધાનથી કથન કરવામાં આવે છે. આત્મા દેખાવાના સ્વભાવથી ભરેલો છે, એની સાથે શ્રદ્ધાગુણથી ભરેલો (છે). એમ બે વાત એકસાથે લે છે. શ્રદ્ધાગુણથી ભરેલો ભગવાન, શ્રદ્ધા સ્વભાવથી ભરેલો છે. આખો શ્રદ્ધાસ્વરૂપ પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ શ્રદ્ધા સ્વભાવથી ભરેલો, પૂર્ણ દર્શન સ્વભાવથી ભરેલો.

હવે '**(દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય...**' જુઓ! અહીં શ્રદ્ધાવા યોગ્ય પુદ્‌ગલાદિ પરદ્રવ્ય લીધા છે. ભાઈ! એ જ્ઞાનપ્રધાનથી કથન છે. એ વસ્તુ આમાં નથી અને હું પૂર્ણ છું એવી દૃષ્ટિ થતાં એ આમાં નથી એવું જ્ઞાન સાથે થઈ જાય છે. સમજાણું કાંઈ? આત્મા એને દેખાવાયોગ્ય ચીજ છે રાગાદિ કે શ્રદ્ધવાયોગ્ય ચીજ છે પર, એ દેખવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેના છે કે નથી? એ આત્મા શ્રદ્ધાગુણથી ભરેલો, દર્શનગુણથી ભરેલું સત્ એ શરીર અને રાગાદિ પુદ્‌ગલનો છે કે નથી? એના દેખનાર દૃશ્યનો એ છે કે નથી? શ્રદ્ધાવાયોગ્ય પદાર્થ છે તેનો એ છે કે નથી? સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :-**' તાત્ત્વિક સંબંધ. '**જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...**' જો ચેતયિતા આત્મા દેખનારો અને શ્રદ્ધનારો પરવસ્તુનો હોય, રાગનો હોય, શરીરનો હોય, પરનો

હોય, શ્રદ્ધાવાયોગ્ય વસ્તુનો હોય, દેખાવાયોગ્ય વસ્તુનો જો હોય તો શું થાય? '**જેનું જે હોય તે તે જ હોય,...**' જેનું જે હોય તે તે જ હોય. '**જેનું જે હોય...**' જેનું જે હોય '**તે તે જ હોય,...**' એટલે જો એનો હોય તો તે જ હોય. દેખાવાયોગ્ય વસ્તુનો આત્મા હોય તો તે રૂપે હોય, તે સ્વરૂપે થઈ જાય. શ્રદ્ધાવાયોગ્ય વસ્તુ તે રૂપે થઈ જાય, તે રૂપે થઈ જાય. એમ તો બનતું નથી.

'**જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...**' લ્યો! આવો તાત્ત્વિક સંબંધ જીવતો છે. સમજાય છે? '**ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય...**' પરસ્વરૂપે થઈ જાય. પુદ્ગલાદિ સ્વરૂપ હોય. એ દેખનારો દશ્યરૂપે થાય તો રાગરૂપે થઈ જાય, શરીરરૂપે થઈ જાય, શ્રદ્ધવાયોગ્ય વસ્તુરૂપે હોય તો રાગરૂપે થઈ જાય, શરીરરૂપે થઈ જાય. પણ એમ વસ્તુનું પોતાનું સત્ છે તે પરરૂપે થતું નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! આચાર્યોએ જંગલમાં રહીને કેટલા દૃષ્ટાંતથી, કેટલી તાત્ત્વિક વાતથી સાદી વાતથી જગતને કહે છે. ભાઈ! આત્મા તો આવો છે ને. સમજાય છે? ભગવાન આત્મા તો અંદર શ્રદ્ધાગુણ, સમ્યક્ત્વ થયું તો એ ભરેલો છે એમાંથી થયું છે કે પરથી થયું છે? દેખાવાયોગ્ય વસ્તુથી દેખવાની પર્યાય થઈ છે કે દેખાવાયોગ્ય વસ્તુ આત્મા છે એમાં ભરેલો છે માટે થઈ છે? સમજાણું કાંઈ?

'**એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.**' એ ભગવાન આત્મા દેખાવાયોગ્યનો થઈ જાય, શ્રદ્ધાવાયોગ્યનો થઈ જાય તો પરરૂપે થઈ જાય. પોતાનો નાશ થઈ જાય. સત્નો નાશ કોઈ દિ' થતો નથી. સમજાણું કાંઈ? '**પૂર્વે જ નિષેધ કર્યો છે. કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપ સંક્રમણ થવાનો...**' સંક્રમવું એટલે પલટવું. બીજા રૂપે થવું. એનો '**તો પૂર્વે નિષેધ કર્યો છે.**' ૧૦૩ ગાથામાં નિષેધ કર્યો છે. '**માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી.**' ચેતયિતા દર્શનથી ભરેલો અને શ્રદ્ધાથી ભરેલો એ રાગનો, શરીરનો, દેવનો, ગુરુનો અને શાસ્ત્રનો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો શ્રદ્ધાવાયોગ્ય ચીજ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પરપદાર્થ શ્રદ્ધાવાયોગ્ય અને દર્શાવાયોગ્ય છે. એનો થઈ જાય તો તે રૂપે થઈ જાય. જુદો રહે નહિ. સમજાણું કાંઈ? દેવ-ગુરુની શ્રદ્ધા કરે છે તે દેવરૂપ, ગુરુરૂપ થઈને કરે છે કે પોતારૂપ રહીને કરે છે? ગોદિકાજી! આહાહા..! દેવ-ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધા કરે છે એ દેવ-ગુરુ-શાસ્ત્રરૂપ થઈને શ્રદ્ધા કરે છે કે પોતામાં રહીને પોતાની શ્રદ્ધામાં રહીને શ્રદ્ધા કરે છે? આહાહા..! કારણ કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો દશ્ય છે, શ્રદ્ધાવાયોગ્ય છે. સમજાય છે કાંઈ?

મોટા સમ્મેદશિખર લ્યો. એવા અનંતા સંતો મુનિઓ મોક્ષ પધાર્યા. કહે છે કે એને દેખતા

આત્મા એ સમવસરણરૂપ થઈને દેખે છે? સમવસરણરૂપ થઈને શ્રદ્ધે છે કે પોતામાં રહીને શ્રદ્ધે છે ને દેખે છે? જો પરરૂપે થઈને જાણે-દેખે તો પોતાનો નાશ થઈને પરરૂપ થઈ જાય. સમજાણું કાંઈ?

એ '**ચેતયિતા પુદ્ગલાદિનો નથી.**' એ આત્મા છે તે જે દેખાવાયોગ્ય છે અને શ્રદ્ધવાયોગ્ય છે એનો નથી. એનો કોઈ દિ' ત્રણ કાળમાં નથી. ત્યારે દીકરાનો, બાયડીનો, છોકરાનો ખરો કે નહિ? એ દેખાવાયોગ્ય ચીજ છે કે નહિ? ઘરમાં છે તે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ? પહેલા દેવ-ગુરુ-શાસ્ત્ર નાખ્યા. પછી આ નાખ્યું. ઘરમાં ચીજ છે ને? આ શરીર, પૈસા, સ્ત્રી, કુટુંબ એ દશ્ય છે. આત્મા દેખવાલાયક દેખનારો છે. એ શ્રદ્ધાવા લાયક છે અને આ શ્રદ્ધા (કરનાર છે). હવે એના રૂપે થઈને રહે છે કે પોતા રૂપે થઈને એમાં રહે છે? ઘરમાં બાયડી-છોકરામાં રહેતો આત્મા પર રૂપે થઈને રહે છે કે સ્વ રૂપે થઈને રહે છે? ખેતશીભાઈ! શું થયું આમાં? પોતા રૂપે? લ્યો, દાંત કાઢે છે તમારા સાળા. આ કબુલ કરવું પડશે. આ બધું કાઢી નાખવું પડશે. નહિ? ..ભાઈ!

ઘરમાં જે આત્મા બીજો હતો એનો રહ્યો. એ આત્મા આના મા-બાપનો થઈને અને ઘરનો થઈને રહ્યો હતો? કે પોતાનો થઈને રહ્યો હતો? કહો, મલૂકચંદભાઈ! આહાહા..! એનો પણ આત્મા છે ને? એ આત્મા પરને દશ્ય છે. એના મા-બાપ-કુટુંબ એનું દશ્ય છે અથવા શ્રદ્ધાવાલાયક છે. હવે આત્મા પોતે શ્રદ્ધા અને દર્શનગુણથી ભરેલું તત્ત્વ છે. હવે એ દશ્ય અને શ્રદ્ધાવાયોગ્ય પદાર્થ છે તે રૂપ થઈને દેખે છે? તે રૂપ થઈને શ્રદ્ધે છે? કે તે રૂપ થયા વિના શ્રદ્ધે છે? અને તે છે એ આના થયા વિના રહ્યો છે? એ બધા પદાર્થો તો એના થઈને રહ્યા છે. તારા થઈને ક્યાંય રહ્યા નથી. એમ બધાનું હશે? આ પુનમચંદનું અને ન્યાલનું બધાનું એમ હશે? .. ફરે આમ.. આહાહા..! દસ-દસ લાખની પુંજી. એ તો પરજ્ઞેય છે.

મુમુક્ષુ :- રાગમાં કાઢી નાખ્યો.

ઉત્તર :- રાગ પણ કાઢી નાખ્યો. રાગ પણ જ્ઞેય છે. શું રાગરૂપ થઈને રહ્યો છે? રાગરૂપ થઈને રહે તો જ્ઞાયકનો નાશ થઈ જાય. જ્ઞાયક સતૂરૂપ સાત્વિક તત્ત્વ છે. સત્ સાત્વિક એટલે સતૂરૂપ સત્ત્વ છે. સતૂરૂપ સત્ત્વ છે એનો કાંઈ અભાવ થાય? આહાહા..! કહો, જેઠાલાલભાઈ! લોજિકથી તો વાત ન્યાયથી તો કરે છે. એ ઘરમાં રહેલા સ્ત્રી અને દીકરાના આત્માઓ એના આત્માના થઈને રહ્યા છે કે તારા થઈને રહ્યા છે? જો તારા થઈને રહ્યા (હોય) તો એનો પોતાનો અભાવ થઈ જાય. એમ તું ત્યાં રહ્યો છો એ તારો થઈને રહ્યો છો કે એનો થઈને રહ્યો છો? ખેતશીભાઈ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! જુઓ તો ખરા ભેદજ્ઞાન! આ ભેદજ્ઞાન છે. ભાઈ! તારી પાસે નજીકની ચીજ હો, કર્મ, શરીર, રાગ કે આ ચીજ એના ફળ બહાર (દેખાય) એ તો બધા દશ્ય છે. દેખાવાલાયક ચીજ છે, એ દેખનાર છે. દેખનાર અને દશ્ય બે તદ્દન ભિન્ન, (બે વચ્ચે) અત્યંત અભાવ છે. ભિન્ન છે. હવે એ દશ્યને દેખવામાં દેખનારો દશ્યરૂપે થઈને રહ્યો છે કે દેખનારરૂપે દેખનાર થઈને રહ્યો છે? બાયડી-છોકરાનો નહિ જરીએ? તો શેના મારા મારા છોકરા, મારા બાપ કહે છે આ?

આ મંદિર, લ્યોને, ભગવાનનું સમવસરણ સાક્ષાત્ એ મંદિર. મંદિર સમવસરણનું રૂપ છે મંદિર. કહે છે કે મંદિરમાં એક આત્મા કોઈ હોય એ આત્મા મંદિરરૂપ થઈને મંદિરને દેખે છે કે આત્મામાં રહીને દેખે છે? મંદિરરૂપ થઈને દેખે તો એ મંદિરરૂપ થઈ જાય, આત્માનો નાશ થઈ જાય. કહો, સમજાણું કાંઈ? ભગવાનની મૂર્તિ છે અને આમ પરમાત્મા સાક્ષાત્ છે લ્યો, સમવસરણમાં પરમાત્મા ત્રિલોકનાથ બિરાજે છે. દેખનારો, એના દર્શન-ગુણથી ભરેલો આત્મા છે, શ્રદ્ધાગુણથી ભરેલો આત્મા છે. એ સામાને દેખે છે અને શ્રદ્ધે છે એમ કહેવું એ વ્યવહાર છે. એ વ્યવહાર કહી ગયા ને પહેલા? હવે એ સામાને શ્રદ્ધે છે અને દેખે છે એ દેખાય છે તેનો થઈને દેખે છે કે દેખનારનો રહીને દેખે છે? એનો થઈને શ્રદ્ધે છે કે શ્રદ્ધાવાળો રહીને શ્રદ્ધે છે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ આમાં આવે છે કે નહિ? આમાં છે જુઓને! આમાં છે કે નહિ આમાં? જોયું! કહેવાની શૈલી એવી છે. એય..! વેપારી માણસ છે ને. એ તો વ્યવહારે તો એમ રાખે, પણ એ વસ્તુની નથી થઈ એમ કહે છે. આહાહા..!

જેમાં ભરેલો શ્રદ્ધાગુણ અને દર્શનગુણ ભરેલો પ્રભુ છે ભગવાન. એ પરને દેખતા અને શ્રદ્ધતા પર આના થઈને રહ્યા નથી, આ પર થઈને દેખતો અને શ્રદ્ધતો નથી. આહાહા..! કહો, બરાબર હશે પોપટભાઈ! શું હશે આ? શરીર ... અરે..! તમારો અમારે આધાર છે, અરે..! અમે નિરાધારા થઈ ગયા. અમારે કોઈ શરણ રહ્યું નહિ. માથે છત્ર રહ્યું નહિ. આપ છત્ર હતા ત્યાં સુધી શોભતા અમે. એમ વાતું કરે કે નહિ? એઈ! જાદવજીભાઈ! અમારા શિરછત્ર હતા, મુગટ હતા. ત્યાં સુધી અમારી શોભા, તમારે લઈને પણ અમારી શોભા હતી. તમે જતાં અમારી શોભા, તમારી ગઈ અને અમારી ગઈ. સાચી વાત હશે આ? કહો, ગોદિકાજી! આહાહા..! કહે છે. એનું થાતું નથી. એનું થાય તો એ સ્વરૂપે હોય. એનું થાય તો એ સ્વરૂપે હોય. સ્વરૂપ તો પોતાનું છે. આહાહા..!

ભગવાન આત્મા આમ જાણનાર-દેખનાર, દેખનાર અને શ્રદ્ધનાર એ પોતાના ગુણથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો ભરેલો છે. ભરેલો અહીં જાણવા-દેખવાના ...ની પર્યાયની વાત ચાલે છે હોં! સમજાય છે? દ્રવ્ય વસ્તુ શ્રદ્ધાગુણથી ભરેલો પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ સ્વરૂપ. એ જ્યારે પરને દેખે છે કે શ્રદ્ધે છે તો એની પોતાની પર્યાયમાં રહીને દેખે અને જાણે છે. એની પર્યાય પરરૂપે થઈને નહિ અને પર છે તેની પર્યાય અહીં આવીને એ ટક્યા છે એમ નહિ. કેમ હશે આમાં? કાંતિભાઈ! કાંઈક હાથ હશે કે નહિ કોઈ દેવ-ગુરુનો થોડો અંદર? પરમાત્મા ત્રિલોકનાથ કેવળી બિરાજ્યા એનો તો હાથ ખરો કે નહિ આત્મામાં?

અહીં તો કહે છે, કેવળજ્ઞાની પરમાત્મા આ જ્ઞાનનું જ્ઞેય છે. અને એ જ્ઞેયને જાણનારું જ્ઞાન અને દર્શનારું દેખનાર અને શ્રદ્ધનાર, એ જાણનાર-દેખનાર શ્રદ્ધારૂપે રહીને પરને દેખે-શ્રદ્ધે છે કે પરરૂપે થઈને જાણે, દેખે અને શ્રદ્ધે છે? પરરૂપે જાણીને દેખે-શ્રદ્ધે તો પોતાનો અભાવ થઈ જાય. સત્‌નો કોઈ દિ' નાશ થાય નહિ. અસ્તિત્વ હોય તેનો અભાવ ન થાય. હોય તેનો નાશ નહિ, ન હોય તે થાય નહિ. આહાહા..! પૈંથીએ પૈંથીએ પાડ્યું છે આ તો. વાળે વાળે. એક એક સમયની પર્યાય, કહે છે કે પરને દેખે-શ્રદ્ધે એ પરરૂપ થઈને નહિ, પોતારૂપ રહીને દેખે અને શ્રદ્ધે છે. સમજાણું કાંઈ? હવે આમાં પરનું કરવું ને.. આહાહા..! ભગવાન! પણ ભારે. પરનું ન કરે એમ માને એ દિગંબર જૈન નહિ. લ્યો, આટલી બધી વાત. બહુ બાપુ ચલવ્યું છે. સત્‌માં એમ નહિ ચાલે. સત્ છે એમાં નહિ ચાલે આ. સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન આત્મા દેખવાના સ્વભાવથી ભરેલો, શ્રદ્ધવાના સ્વભાવથી ભરેલો. જેને દેખે અને શ્રદ્ધે છે એ રૂપ થઈને શ્રદ્ધતો-દેખતો નથી, પોતારૂપ રહીને દેખે અને શ્રદ્ધે છે અને તે પણ તેના રૂપે થઈને દેખવાયોગ્ય અને શ્રદ્ધવાયોગ્ય રહ્યા છે. સામા પદાર્થ પણ તેના રૂપે થઈને દેખવા અને શ્રદ્ધવારૂપે વ્યવહારે રહ્યા છે. વ્યવહારે રહ્યા છે. ભિન્ન છે ને એટલે. આને લઈને વ્યવહાર છે. એને લઈને નિશ્ચય છે. સમજાણું કાંઈ? હવે આવો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો કહેલો આ માર્ગ છે. હવે આ માર્ગ સાંભળવા મળે નહિ અને ભગવાનની શ્રદ્ધા છે અને અમે ભગવાનને માનીએ છીએ. ઠીક. કોણ ના પાડે કાંઈ? કોથળીમાં કરિયાતા ભર્યા હોય અને માથે લખે સાકર. કોથળી ના પાડે? સમજાણું કાંઈ? એમ ધર્મ શું છે એની ખબર ન મળે અને અમે ધર્મ છીએ... અમે ધર્મ છીએ... અમે ધર્મ કરીએ. ધર્મના તો રાફડા ફાટ્યા જાણે.

ભાઈ! ધર્મ તો અલૌકિક ચીજ છે. એક સમયનો દેખનારો અને શ્રદ્ધનારો એવો શ્રદ્ધતા અને દેખતા જેને જન્મ-મરણ રહે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જન્મ-મરણ ક્યાં? જન્મ-મરણ કાર્ય અને રાગાદિ એ બધાનો જાણનાર-દેખનાર છે. સમજાણું કાંઈ? જન્મ-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મરણ તો રાગાદિનું ફળ છે. રાગરૂપે ચૈતન્ય થયો નથી. દૃષ્ટા દૃશ્યરૂપે રહ્યો છે કે રાગરૂપે થયો નથી. દૃષ્ટારૂપે રહ્યો છે, શ્રદ્ધવારૂપે રહ્યો છે. એની શ્રદ્ધા કરી છે એ રૂપે થયો નથી. નવ તત્ત્વના ભેદો તેની શ્રદ્ધા કરી તે રૂપે થયો નથી. એ નવ તત્ત્વ તો નવ તત્ત્વ રૂપે રહ્યા. આત્મા પોતે શ્રદ્ધારૂપે પોતામાં રહ્યો છે. સમજાણું કાંઈ? નજરને પરથી વાળીને સ્વમાં લાવ એ વાત છે અહીં. પરથી આ પરિણમન થતું નથી. જેમાં જે ભર્યું હોય એમાંથી (તે આવે). કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ કહે છે કે નહિ માણસ? કૂવો અને અવેડો કહે છે ને? એમ જ્યાં ભરેલો છે ત્યાંથી આવશે. આ ભાવ ત્યાં ક્યાં ભર્યો છે? સમજાણું કાંઈ? ઓહોહો..! ભાવ અને ભાવવાન. સ્વભાવવાન અને સ્વભાવ. ભગવાન સ્વભાવવાન એ દર્શન, શ્રદ્ધા, જ્ઞાન, એનો સ્વભાવ. એ સ્વભાવ તે ગુણ. દ્રવ્ય એ તો અભેદ છે. હવે એનું પરિણમન થયું. શ્રદ્ધવાયોગ્ય, દર્શનયોગ્ય. એ પરિણમન કોનામાં રહીને થયું? કોને આશ્રયે થયું? પરને આશ્રયે થયું? એમ કહે છે. નિમિત્તને આશ્રયે થયું? નિમિત્તનું થઈને થયું? નિમિત્તનો થઈ ગયો અને થયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક જ વાત સાંભળવા જેવી છે એમ કહે છે. એ ઈજનેર છે, હોં! એ સમજી જાય એવા છે. કેમ બોલે છે ભાઈ એ. આહાહા..! વાત તો એમ જ આવે. ભાષા તો એવી જ (આવે).

અહો! ભગવાન પણ કહે છે સાંભળો.. સાંભળો હું કહું છું. વોચ્છામી. કહું છું. આહાહા..! વ્યવહારની ભાષા પણ એવી. સાંભળો. બાપુ! વ્યવહાર એમ જ આવે. વળી એક બાજુ કહે કે સાંભળો, તને સાંભળવાથી જ્ઞાન થાય છે એમ નથી. એ તો જેમાં ભરેલો ગુણ છે એનામાંથી એ પર્યાય આવે છે. પરમાંથી આવે જ્યાં સુધી જાણવું એ પણ ખરું જ્ઞાન અને શ્રદ્ધા નથી. આહાહા..! એમ કહે છે. જેમાં ભરેલો છે એની દૃષ્ટિએ તે શ્રદ્ધા અને જ્ઞાન અને દર્શન પરિણમે છે. સમજાય છે? ઓહોહો..!

કેટલું દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ કરે છે, સામી વસ્તુ અનંતી છે સિદ્ધ કરે છે અને અનંતીપણે થયા વિના અનંતનું જ્ઞાન પોતાથી થાય છે, શ્રદ્ધે છે, દેખે છે. આમાં અનંત આવી ગયો કે નહિ? આમાં અનંત પદાર્થ છે કે નહિ? આહાહા..! ભગવાન આત્મા જેમાં દર્શન શ્રદ્ધાગુણથી ભરેલો ભગવાન છે. એનું દ્રવતું, પરિણમતું એના દૃષ્ટિ, એના લક્ષે પરિણમતી શ્રદ્ધાનો પર્યાય વ્યવહારે પરની શ્રદ્ધા કરવા લાયક જે ચીજ કીધી એનો થઈને શ્રદ્ધતો નથી. એનો થઈને થાય તો તે સ્વરૂપે થઈ જાય. તે સ્વરૂપે કોઈ દિ' થાય નહિ. પોતાનું સ્વરૂપ છૂટીને પર સ્વરૂપે કોઈ દિ' થાય નહિ. વાડીભાઈ! આહાહા..! અરે.. ભગવાન! તું ક્યાં છો? અને કેવડો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છો એ બતાવે છે અહીં. નજર નાખી નહિ નજર. આમ ને આમ ભટક્યો પરમાં. કો'ક આપી દેશે, ક્યાંકથી મળી જશે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ભગવાનની મૂર્તિ દેખતા એ દશ્ય છે. આત્મા દષ્ટા છે. એ દષ્ટાનું દર્શન પરિણમન કહે છે કે તારામાં થઈને થયું છે કે એ મૂર્તિને દેખીને એટલે મૂર્તિ છે માટે થયું છે? સમજાણું કાંઈ? એનું છે માટે એ છે માટે અહીં થયું છે કે તું અહીં ભરેલો છો માટે થયું છે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હો. વ્યવહાર હો. હોય છે. હોય છે પણ એ વ્યવહાર છે એને લઈને જ્ઞાન રહ્યું છે? શ્રદ્ધા રહી છે કે વ્યવહારરૂપે થઈને રહ્યું છે? વ્યવહારરૂપે થઈ જાય તો રાગ પરરૂપે થઈ જાય આત્મા. પરસ્વરૂપે થઈ જાય. સમજાણું કાંઈ?

**'અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે..'** અન્ય સ્વરૂપે થતું નથી. પરને શ્રદ્ધવાયોગ્ય વસ્તુરૂપે થઈને શ્રદ્ધતો નથી. દેખવાયોગ્ય વસ્તુને રૂપે થઈને દેખતો નથી. પોતાના સ્વરૂપે રહીને દેખે અને શ્રદ્ધે છે. આહાહા..! કેટલું ભેદજ્ઞાન અને કેટલો વિસ્તારનો પહોળી વાત! આખા દુનિયાના લોકને ચીરી નાખ્યા છે. એક કોર ભગવાન રામ અને એક કોર ગામ. અનંતા પુદ્‌ગલો, અનંત આત્માઓ, ભગવાન, એમાં દેવ-ગુરુ બધું મળી જાય. એને શ્રદ્ધનારો ભગવાન શ્રદ્ધાથી ભરેલો ભગવાન છે. અને તે ભરેલો (છે) એમાંથી આવે છે અને આ કાંઈ ત્યાં ભર્યું નથી. ત્યાં નથી ભર્યું કે ત્યાંથી અહીં આવે. આ વાણીમાંથી જ્ઞાન આવે છે? કહે છે કે શું કહે છે? વાણી તો જ્ઞેય છે. આહાહા..! દિવ્યધ્વનિ ભગવાનની પણ નિમિત્ત છે અને અહીં જ્ઞાન થવું એ તો એના જ્ઞાનની પર્યાય ભરેલો એમાંથી જ્ઞાન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારમાં નાખશે. અહીં તો વ્યવહાર છે છતાં ભિન્ન પાડે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવશે આખી દુનિયા સાથે.

મુમુક્ષુ :- એ વ્યવહાર?

ઉત્તર :- વ્યવહારનું બતાવવું છે ને. ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય ને. સંબંધ તો વ્યવહારમાં હોય ને. અહીં સંબંધ ક્યાં છે? સમજાણું કાંઈ? અહીં તો વ્યવહારે જાણે છે એનો થયો નથી અને જુદો છે એટલું બતાવવું છે. સમજાણું કાંઈ? કેટલું આમાં સિદ્ધ કરે છે! એક એક વાત આખી દુનિયા સાથે...

ગૌતમ આવ્યા તો વાણી નીકળી. વાણી નીકળી એટલે ઓલાને જ્ઞાન થયું. એ બધી વાત વ્યવહારના કથનો છે. બાપુ! એ જાણવાની ચીજ છે. વસ્તુ તો જેને જ્ઞાન થયું છે એ તો જ્ઞાનથી ભરેલો છે એમાંથી આવ્યું છે. શ્રદ્ધા થઈ છે એ ભરેલો (છે) એમાંથી આવે છે. દર્શન ભરેલો છે એમાંથી દષ્ટાપણું આવે છે. આ ભાવ ત્યાં ભર્યા છે? તો ઓલા કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, વાણીમાં ભર્યા છે એમ કહે છે લ્યો. આ વાણી છે ને? એમાં ભગવાનના ભાવ ભરેલા છે. મૂર્તિમાં નહિ. ભગવાનના ભાવ તો એની પર્યાયમાં રહ્યા. વાણીમાં આવતા હશે? વાણીના ભાવ વાણીમાં રહ્યા. વાણીના ભાવ જડ ભાવ. ભગવાનના ભાવ ચૈતન્યભાવ. એ ચૈતન્યનાભાવ વાણીમાં આવે છે? તો વાણીમાં આવ્યા વિના સમજાય શી રીતે? કહે છે. લ્યો, આ વાણી આવે ત્યારે અમને સમજાય છે એમ કહે છે. એ એમ નથી. ભાઈ! તું ભર્યો છો ભગવાન. ત્યાંથી દ્રવે છે. જ્યાં ભરેલું છે ત્યાંથી સ્રવે છે. એના લક્ષે સ્ત્રવે છે. ભરેલો આત્મા એને લક્ષે સ્રવે છે. આ લક્ષે નહિ. એમ કહે છે. આહાહા..! કહો, જેઠાલાલભાઈ!

ત્યારે હવે પરનો નથી તો છે કોનો? એટલું તો કહો હવે. '**જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે?**' એ ચેતયિતા દેવનો નહિ, ગુરુનો નહિ અને શાસ્ત્રનો નહિ, સમ્મેદશિખરનો નહિ, સમવસરણનો નહિ. છે કોનો? '**ચેતયિતાનો જ ચેતયિતા છે.**' ભાઈ! જેનો છે એનો છે. જેનો છે એનો છે. પણ ત્યારે જેનો છે એનો છે. જેનો કોણ? અને છે કોનો એ? બે કોના છે? ભાઈ, જેનો છે તેનો છે એ. ત્યારે જેનો છે અને તેનો છે એ વળી કોણ છે જેનો છે એ? અને તેનો ઈ કોણ છે? ભાઈ બીજો નથી એ કોઈ હોં! એ ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી. જુદા જુદા બે સ્વ-સ્વામીરૂપ અંશોથી વાત, ભેદથી વાત કરી છે. વસ્તુ એમ છે નહિ. વસ્તુ તો '**સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?**' એવા ભેદથી તને શું સાધ્ય સિદ્ધિ છે? '**કાંઈ સાધ્ય નથી.**' જુઓ! આમ. '**કાંઈ સાધ્ય નથી.**' એમ નકાર કરી નાખ્યો. કાંઈ નથી ભેદ. રાગથી થતું નથી, નિમિત્તથી થતું નથી અને તારા ભેદથી પણ તારા આત્માની સિદ્ધિ થતી નથી. કાંઈ નથી એમ સિદ્ધ કર્યું છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**માગશર સુદ ૧, શનિવાર તા. ૨-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૫૯ થી ૩૬૫, પ્રવચન-૪૧૪**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કૌંસ છે કૌંસ, જુઓ! શું કહ્યું આમાં? એ કહે છે. આ આત્મા પરદ્રવ્યને દેખે છે કે શ્રદ્ધે છે એ પણ વ્યવહાર છે. વ્યવહાર એટલે કે વાસ્તવિક પરને દેખતો અને શ્રદ્ધતો નથી. એમ. સમજાણું કાંઈ? કારણ કે જેનામાં દર્શન અને શ્રદ્ધાગુણથી ભરેલો પદાર્થ છે એનો પ્રવાહ એ દર્શક કે શ્રદ્ધા કરનાર વસ્તુ (છે). એ વસ્તુની પ્રતીત થતાં પર્યાયમાં દેખવું-શ્રદ્ધવું જે થાય એ પોતાની પર્યાયમાં પોતાને શ્રદ્ધે અને દેખે છે. પરને દેખે-જાણે એ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

આત્મા પોતાને દેખે અને શ્રદ્ધે એમ કહેવામાં પણ સ્વસ્વામી અંશ વ્યવહાર છે. એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા અનંત ગુણનો પિંડ વસ્તુ છે જ્ઞાયક, દર્શક, શ્રદ્ધા સંપન્ન, શ્રદ્ધા કરનાર. એ પોતે પોતાની શ્રદ્ધા કરે છે, પોતે પોતાને દેખે છે, એમ કહેવું એ પણ હજી બે ભાગલા વ્યવહાર થઈ ગયો. એમાં પણ આત્માની પ્રતીતિ થતી નથી. સમજાણું કાંઈ?

આત્મા પરદ્રવ્યને કરતો નથી, ભોગવતો નથી એ તો વાત ક્યાંય રહી. હવે અહીં તો આત્મા જ્ઞાન, દર્શન, સ્વભાવ અને શ્રદ્ધા સ્વભાવથી ભરેલો પદાર્થ છે. ભરેલો એટલે કે વસ્તુ સ્વરૂપમાં સ્વભાવ પરિપૂર્ણ છે. એ દ્રવ્ય લીધું અને પરિપૂર્ણ સ્વભાવ ભરેલો એ ગુણ લીધો. હવે એ દેખવા ટાણે, શ્રદ્ધવા ટાણે પોતાની પર્યાય થાય છે. પર્યાય. એ પર્યાયમાં પૂરા દ્રવ્યને અને પૂરા જ્ઞાયકને અને સારા દર્શકને દેખે છે, જાણે છે, શ્રદ્ધે છે એ પણ વ્યવહાર છે, કહે છે. શું કીધું?

પર્યાય આ દ્રવ્ય, આ પર્યાય આ દ્રવ્યને દેખે, આ જ્ઞાનને દેખે, આ જ્ઞાયકને દેખે એમ પણ ભેદ પડ્યો. સમજાણું કાંઈ? દેખે છે, શ્રદ્ધે છે એમ કહેવામાં પોતે પોતાને દેખનાર છે, દેખનારો દેખનારને દેખે, શ્રદ્ધનારો શ્રદ્ધનારને શ્રદ્ધે એમ કહેવામાં પણ શ્રદ્ધનારો શ્રદ્ધનારને. વળી બીજી બે ચીજ ક્યાં છે? વસ્તુ તો એકની એક છે. એમ કરીને અભેદ જ્ઞાયક, અભેદ દર્શક, અભેદ એકરૂપ શ્રદ્ધા કરનાર એવું તત્ત્વ તે જ આશ્રય કરવા લાયક અને દૃષ્ટિ કરવા લાયક છે. સમજાણું કાંઈ? આમ કહીને શું કહ્યું પણ? જ્ઞાયક જ્ઞાયક જ છે. જ્ઞાયકનો આશ્રય કરવો એ ક્યાં આવ્યું? રાતે પ્રશ્ન થયો હતો ને? તમે ક્યાં રાતે આવતા નથી ને. કહો, સમજાણું આમાં?

**'દર્શક દર્શક જ છે-'** એમાં દર્શક જ્ઞાયક અને દર્શક સ્વભાવ એકરૂપ છે એમાં આશ્રય કરવાનું ક્યાં આવ્યું? એનો અર્થ જ એ થયો કે આ દેખનાર અને શ્રદ્ધનાર એ પરની અપેક્ષાએ જાણવું વ્યવહાર. મિથ્યા દૃષ્ટિ છૂટી ગઈ. હવે પોતે પોતાને શ્રદ્ધે છે, જાણે છે એમ કહેવું એ પણ ભેદ છે, એ પણ એક વિકલ્પ ઉઠે છે. એમાં જ્ઞાયક, દર્શક એકરૂપ સ્વભાવ તેનો આશ્રય થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો સર્વવિશુદ્ધ અધિકાર છે. જ્ઞાન અને દર્શન સ્વભાવ અને શ્રદ્ધા સ્વભાવથી ભરેલી પરિપૂર્ણ વસ્તુ છે. ભરેલો એ પોતે તેના લક્ષે, તેની પ્રતીતિના દક્ષે કે લક્ષે એ પર્યાયમાં પરિણમન થાય છે. પરને લક્ષે કે પરને દેખવા-જાણવાથી નહિ, પર્યાયને લક્ષે પર્યાયને જાણવા-દેખવાથી નહિ. સમજાણું કાંઈ? કેમ કે પર્યાયબુદ્ધિ તો અનાદિની અંશ બુદ્ધિ ઉપર છે. એથી પર્યાયબુદ્ધિમાં રહીને દ્રવ્ય શ્રદ્ધી શકે નહિ. ભેદ પાડીને (શ્રદ્ધી શકે) એમ છે નહિ. ગોદિકાજી! બહુ આકરું આ છે, લ્યો!

વસ્તુ એકરૂપ છે, ચૈતન્યરૂપ છે, જ્ઞાનરૂપ છે, આનંદરૂપ છે, શ્રદ્ધારૂપ છે. બધી પર્યાયો લેશે પછી. એ બધી પર્યાયો સહિત છે અથવા ભરેલો પદાર્થ છે. એને અંતર્મુખ આ ધ્રુવ છે, જ્ઞાયક છે, એમ પણ કહે છે કે આ હું જ્ઞાયક છું, આ ધ્રુવ છું એવો પણ ભેદ પાડીને શું કામ છે? એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં જ્ઞાયક તે જ્ઞાયક છે એવી જે પ્રતીતિ અનુભવ થાય એમાં તો અભેદનો ભાવ છે. હું એક શ્રદ્ધા કરનાર પર્યાય અને આ શ્રદ્ધવા યોગ્ય એવા બે ભેદ એમાં હોતા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? હવે એક જાણનાર પર્યાયમાં અને જણાવાયોગ્ય દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ. કે દ્રવ્ય જણાવાયોગ્ય. એવો પણ ભેદ એ સમ્યગ્દર્શનનો વિષય નથી. કાંતિભાઈ! ભારે વાત ભાઈ! આહાહા..! ધ્રુવ વસ્તુ જ્ઞાયક, દર્શક, શ્રદ્ધા વસ્તુ. એ પછી શ્રદ્ધા કરનાર એમ પણ નહિ. એ વસ્તુ આખી એની દૃષ્ટિ થતાં આ દૃષ્ટિ કરું છું આની, એમ પણ નહિ. એમ કહે છે અહીં. આ તો છે એ છે ના ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ તો જ્ઞાયક તે જ્ઞાયક જ છે એમ દૃષ્ટિમાં આવ્યો. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે.

મુમુક્ષુ :- આશ્રય એટલે અનુભવ?

ઉત્તર :- આશ્રય એટલે એ અંદરમાં ધ્રુવને અવલંબવું. અવલંબનાર પર્યાય અને આ અવલંબે એવો ભેદ નહિ એમ કહે છે અહીં તો. શું કરે ભાષા દ્વારા. ધ્રુવ ચૈતન્ય એકલું જ્ઞાયક દર્શક ત્યાં દૃષ્ટિ જતાં એકરૂપ થઈ ગયો. એવી અંતર દૃષ્ટિ થવી, એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નિર્મળ સ્વનું થયું એને જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા! ઝીણી.

વળી ત્યાં કીધું '**ववहारोऽभूदत्थो**' જ્ઞાયક તે જ્ઞાયક છે. લ્યો, અહીં હવે શું કાઢવું આમાં?

સમજાણું? જ્ઞાયક '**एवं भणंति सुद्धं**'-એને સેવતા એ શુદ્ધ જણાય છે. શુદ્ધ પ્રતીતમાં આવે છે. એમ આ જ્ઞાયક એકરૂપ વસ્તુ અંતરમાં દૃષ્ટિ કરતા એ વસ્તુ ધ્રુવ જ્ઞાયક એક જ રૂપ છે, એવી અંતરમાં નિર્વિકલ્પ વિકલ્પ વિનાની પ્રતીત અને અનુભવ થવો તેમાં જ્ઞાયક છે તે દોરે છે. કહો, વજુભાઈ! આહાહા..!

'**એમ કહેવામાં પણ...**' કહેવું અર્થાત્ અંદર ભેદ પાડવામાં પણ. એમ. કહેવું એટલે કથનથી અહીં વાત નથી. આ.. આ.. શ્રદ્ધવાયોગ્ય છે, જ્ઞાયક જાણવાયોગ્ય છે. એમ અંદર ભેદ પાડવામાં પણ. ભાષા તો એમ જ કહેવાયને કહેવામાં. '**સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...**' શ્રદ્ધનારો શ્રદ્ધનારનો છે એ પણ એક ભેદરૂપ વ્યવહાર છે. આમાં વ્યવહારમાં રોકાય ત્યાં સુધી તેને પુણ્યબંધ મિથ્યાત્વ સહિત થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું નહિ? મિથ્યાત્વ સહિત. મિથ્યાત્વ સહિત એટલે મહા મિથ્યાત્વના પાપ સહિત પુણ્યનો થાય છે એમ કીધું. સમજાણું કાંઈ? કારણ કે ત્યાં વિકલ્પ છે એ શુભ છે એ અપેક્ષાએ. મિથ્યાત્વ છે તે અશુભ છે. વિકલ્પ છે કે હું આ છું... આ છું... એ તો શુભ છે. પણ ભેદની પ્રતીતમાં રોકાવું એકાંત થઈને તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આ તો હજી સંસારના વિષય કષાયના પરિણામ એ નથી આ. રળવાના, ભોગના ઈ આ પરિણામ નથી. આવી છે વસ્તુ, આવી છે વસ્તુ. એવા ભેદ પાડીને વિકલ્પ છે એનું પરિણમન છે ત્યાં અભેદ દૃષ્ટિમાં નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પકડાય એવું નથી? એય..! વજુભાઈ! ભાષા ક્યાં પકડવી છે અહીં?

આત્મા વસ્તુ અખંડ અભેદ એકરૂપ (છે). એમાં આ આવો છું.. આવો છું... એવા ભેદ પણ નથી. આ હું જ્ઞાયક છું એવો હું જ્ઞાયક છું.. હું જ્ઞાયક છું... એવો વિકલ્પ ભેદ નથી. વસ્તુ તો જ્ઞાયક નિર્વિકલ્પ વસ્તુ છે. એટલે અભેદ છે. કહો, સમજાણું આમાં? એ અભેદની દૃષ્ટિ થતાં જે દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. અત્યાર સુધી આ અધિકાર ચાલે છે. હવે ત્યાગનો, ચારિત્રનો પછી લેશે. આવું જેને ભાન નથી એને તો ચારિત્ર હોય નહિ. સમજાણું કાંઈ?

'**દર્શક દર્શક જ છે-**' એ તો દર્શનનો શબ્દ છે ને એટલે. શ્રદ્ધવાનો શબ્દ નથી. ગાથામાં છે. ટીકામાં એક દર્શકને મૂક્યું છે. '**દર્શક દર્શક જ છે-**' દર્શક દર્શક જ છે એ પણ આમ ભેદથી કથન કરે છે હોં એ. દર્શક દર્શક જ છે એમ. દેખનાર-દેખનાર એકરૂપ અભેદ છે. એનો આશ્રય કરવો અથવા દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન

કહેવામાં આવે છે. છે એ પર્યાય, પણ પર્યાયનો વિષય છે એ પર્યાયબુદ્ધિ નાહિ. એક આવે છે. ધર્મીની પર્યાયબુદ્ધિ હોય નહિ. ભારે વસ્તુ. જેની ખાણમાં અનંતુ પડ્યું છે. અનંતો આનંદ રસ આદિ, જ્ઞાન દર્શન આદિ. એ તો જ્ઞાનસ્વરૂપ જ એકલો જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનવાળો છે એમ પણ નહિ. સમજાય છે? જ્ઞાનવાળો એ ભેદ પડી ગયો. જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાનસ્વરૂપ જ છે. એમ જ્યાં નિર્ણય આવ્યો ત્યારે એને ક્રમબદ્ધનો નિર્ણય આવી ગયો પછી ક્રમે ક્રમે જે પર્યાય થાય તેનો જાણનાર-દેખનાર રહે છે. સમજાણું?

એમ જ્યાં નિર્ણય (થયો), જ્ઞાયક જ્ઞાયક છે એમ નિર્ણય આવ્યો અંતર, એ નિર્ણય એટલે વિકલ્પ સહિત નહિ, આમ સ્વભાવને આશ્રયે નિર્ણય. એટલે પછી એને આ રાગ પહેલો વ્યવહાર અને નિશ્ચય પછી એ પણ એમાં રહેતું નથી. અને રાગ નિમિત્ત છે અને આ ઉપાદાનની પર્યાય આનાથી થઈ છે, નિમિત્ત રાગ છે અને નૈમિત્તિક આ થયું એમ નથી. ભગવાન આત્મા જ્ઞાયક અખંડ છે એના ભાનથી, પ્રતીતથી જે પર્યાય થઈ એનો આશ્રય કારણ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ સ્વભાવ ભગવાનને પ્રગટ્યો. ભગવાન તો જાણે છે, કોઈનું કરતા નથી. પોતાની (પર્યાય) ફેરવતા નથી. એવો જ આ સર્વજ્ઞ ભરેલો સ્વભાવ છે ભગવાન. એમ સર્વજ્ઞ સ્વભાવ એકલો જ્ઞાયકભાવ એમ દૃષ્ટિ દેતાં જે વ્યવસ્થિત પર્યાય ક્રમસર ચાલે છે તેનો એ જાણનાર-દેખનાર છે. ફેરવવું કાંઈ નથી. દૃષ્ટિ આમ ફરી એટલે જેમ છે એમ છે. સમજાણું કાંઈ? નિમિત્ત અને ઉપાદાન એ વાત ઊડી જાય છે. શુદ્ધ ઉપાદાન એકલું તત્ત્વ, એકલું જ્ઞાયક તેની દૃષ્ટિ થતાં પર્યાય પ્રગટ થાય છે. એ થવામાં નિમિત્ત હતું તેથી થયું એ પણ છે નહિ. વ્યવહાર હતો તો નિશ્ચય થયો એ પણ વસ્તુના સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ? પછી જાણનાર રહે છે એ નિમિત્તને અને વ્યવહારને એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

રાતે તો થોડો એવો પ્રશ્ન હતો. નહિ? ભાઈનો-.. જરી ઝીણી વાત છે હોં થોડી. પર્યાયમાં આટલું યાદ રાખવું કે બીજે સમયે એ પર્યાય રહે છે. એમ વસ્તુમાં નથી. કારણ કે બીજી પર્યાય થશે એ સ્વતંત્ર થશે. આ પર્યાયમાં હું આટલું યાદ રાખું ને તો મને યાદ રહે તો વધારે બીજી પર્યાયમાં રહી શકે. યાદ રાખવાનું તો ધ્યેય છે ત્યાં છે દૃષ્ટિ. એટલે પછી પર્યાયમાં આટલું યાદ રાખું ને તો મને જવાબ દેતા આવડે, બીજાને જવાબ દેતા આવડે. મને આવડે કાંઈક વધારે. બીજે ક્ષણમાં, પહેલી ક્ષણમાં. એ વસ્તુસ્થિતિ ક્યાં છે? એ પર્યાય તો બદલી જાય છે. અને બીજી પર્યાય તો સ્વતંત્ર જે થાય છે એ થાય છે. આ કારણે એ પર્યાય થાય છે એમ છે નહિ. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો વાત છે. હવે જેમ છે એમ છે. જરી ઝીણું પડે તો ખ્યાલમાં લેવું. કાઢી નાખવા જેવું નથી.

જે વસ્તુ છે જ્ઞાયક અખંડાનંદ પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ અને જ્ઞેય કરીને જ્ઞાન થયું, બસ! એની પર્યાય જે સમયે થવાની તે બીજે સમયે પણ તે થવાની તે જ થવાની. આ પહેલી પર્યાયને કારણે એ પર્યાય થાય એમ પણ છે નહિ એમાં. સમજાણું કાંઈ? કેમકે દૃષ્ટિ તો દ્રવ્યના ધ્રુવ ઉપર છે. ચાહે સો વિકલ્પ ઉઠ્યા હોય અને ચાહે સો એ પણ બધું દ્રવ્ય ત્યાં છે એનું પરિણમન દૃષ્ટિમાં નિર્વિકલ્પ જ છે. વિકલ્પ આવો તો પણ પરિણમન નિર્વિકલ્પ જ છે. એ વિકલ્પને જાણતો એમ કહેવું એ પણ વ્યવહાર છે એમ કહે છે અહીં. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

આ તો માણસ મહેનત કરે છે ને. પોતે વધારે સમજે તો બીજાને સમજાવી શકું. કારણ કે બીજાને.. એ બધી મહેનત છે છતાં એ ખોટી છે. એય..! પંડિતજી! એય..! ન્યાલભાઈ! આ અજર-અમરની વાતું ચાલે છે આ. વાત તો એમ છે. એમ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેના ભંડારમાં બધું ભર્યું છે એની દૃષ્ટિમાંથી પર્યાય આવે તેને આ પર્યાય (થઈ) માટે આ પર્યાય આવશે અને આ રાખું તો અહીં થાશે એવું એમાં છે ક્યાં? એય..! દેવાનુપ્રિયા! વિકલ્પ વિનાની ચીજ જ એવી છે. સમજાણું કાંઈ? ખેતશીભાઈ! આ સમજાય તો બધું મટી જાય અંદર આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના વિકલ્પો. કેમ વીરચંદભાઈ? આહાહા..!

મુમુક્ષુ :- અનુભવ થાય ત્યારે સમજાય કે સમજાય તો અનુભવ થાય?

ઉત્તર :- એ બધું એક જ છે. અનુભવ થાય ત્યારે સમજાય. એ વાત જ એવી શબ્દાતીત વસ્તુ છે. સમજાણું કાંઈ? એને શબ્દમાં ભેદ પાડીને કથન કરવા એ બધું સમજવા જેવી વાત છે.

આ તો કેટલી વાત કરે છે! આ તો રાત્રે મૂકી હતી વાત થોડી થોડી એ ઢબે આખી નથી આવી, જે વખતે આવી હતી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, અહીં તો કહે છે જ્ઞાયક તે જ્ઞાયક જ છે. ઓહોહો..! એને બે ભેદ પાડવા આ પર્યાય અને આ દ્રવ્ય. આ પર્યાય દ્વારા જણાય... આ પર્યાય દ્વારા જણાય.. એ ભેદ ક્યાં છે? એય..! ભેદ પડી ગયો. આ દ્વારા આ જણાય.. આ દ્વારા આ જણાય એ ભેદ થઈ ગયો. આ ભેદને ઈ કહે છે. સ્વસ્વામી અંશમાં ઈ કહેવા માગે છે. પહેલું તત્ત્વ જે રીતે છે એમ હોવું જોઈએ ને? કે ઘરની કલ્પનાથી કોઈ કરે એટલે કાંઈ વસ્તુ બદલી જતી હશે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, કહે છે કે જ્ઞાયક એ તો મોટો કેવળજ્ઞાનનો પિંડ જ છે ને, જેમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેવળજ્ઞાન તો અનંતા પડ્યા છે ને. એવો ભગવાન આત્મા જ્ઞાયક તે જ્ઞાયક છે, દર્શક તો દર્શક છે, શ્રદ્ધા તે શ્રદ્ધાસ્વરૂપ જ છે. શ્રદ્ધા કરનાર અને શ્રદ્ધા કરવાયોગ્ય હું એવું બે પણ જેમાં નથી. સમજાણું કાંઈ? આ તો સર્વવિશુદ્ધ અધિકાર છે. આખરનો ઊંચો. આ સમજે તો એને ક્રમબદ્ધ, નિમિત્ત-નૈમિત્તિક, વ્યવહાર-નિશ્ચય બધાનો ફેંસલો થઈ જાય. કારણ કે ભગવાન સર્વજ્ઞ છે એ જાણે-દેખે છે. શું કરે છે ઈ? કારણ કે આત્માનો સ્વભાવ શું? જ્ઞ. જ્ઞ. એને વિશેષણ લાગ્યું પૂરું જ્ઞાન. એમ. એવો સ્વભાવ છે. સર્વજ્ઞ પ્રગટ પર્યાયે જાણે-દેખે છે. આ પ્રગટ પર્યાય થોડી છે. આ સર્વજ્ઞ સ્વભાવ છે એવી અનુભવદૃષ્ટિ થઈ ત્યારે સર્વજ્ઞ હું ત્રિકાળ સર્વજ્ઞ જ છું. સર્વજ્ઞપણું જ શ્રદ્ધા જ્ઞાનમાં આવી ગયું. પ્રગટવા માટે બાકી થોડું રહ્યું. સમજાણું કાંઈ? એટલે સર્વજ્ઞ જેમ જગતના પદાર્થોને જાણે-દેખે એમાં કાંઈ આ હોય તો આ દેખે અને આ હોય તો આ દેખે એમ કાંઈ છે નહિ. એ કહેશે આગળ. કે લોકાલોક કેવળજ્ઞાનને નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. એ વ્યવહાર છે. લોકાલોક કેવજ્ઞાનને નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે એ વ્યવહાર છે. હવે એને કારણે નૈમિત્તિક કેવળ પ્રગટ્યું છે અને કેવળજ્ઞાન પ્રગટ્યું છે માટે ત્યાં લોકાલોકની હયાતી છે એમ છે નહિ. સમજાણું?

જુઓ! ભગવાન જ્ઞાયકસ્વરૂપ જ્યાં સર્વજ્ઞસ્વભાવી વસ્તુ. આ .. વાંધા કરે છે. સર્વજ્ઞ પરને જાણે એ વ્યવહાર અને નિશ્ચય... હવે મૂકને પડતું. એ પોતે જાણે છે આખાને એમાં બધું આવી જાય છે. લોકાલોક એમાં આવી જાય એની પર્યાયમાં. અને એવી પર્યાય તો અંદર સર્વજ્ઞ સ્વભાવને લક્ષે જ પ્રગટે છે. સમજાણું કાંઈ? એ કાંઈ ભણ્યા-ગણ્યા ને ગોખે કાંઈ પ્રગટે? .... ગોખે પ્રગટતું નથી. પડ્યું છે એને પ્રગટવું એમાં ગોખે ત્યારે પ્રગટે એમ ક્યાં છે, કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? એ તો બધું આવું સ્પષ્ટીકરણ અહીં ચાલે હોં. બહારમાં તો જરી ઝીણું પડે. બહારમાં બીજું થોડું થોડું લેવું પડે. કહો, સમજાણું? આ તત્ત્વ તો આવું છે ભાઈ! વસ્તુસ્થિતિ તો આવી છે.

કહે છે, ભગવાન તો પૂર્ણ ભરેલું વસ્તુ છે, બસ. એવી અંતર દૃષ્ટિ કરવી ત્યારે એને જ્ઞાયક પ્રતીતમાં જાણવામાં આવ્યો. ત્યારે તેને ક્રમબદ્ધનું જ્ઞાન થઈ ગયું. નિમિત્તનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર થઈ ગયો. એ નિષેધ થઈ ગયો. સમજાણું? અને આ વ્યવહાર છે વિકલ્પ એનું અહીં જ્ઞાન થયું એમ કહેવું એ પણ વ્યવહાર થઈ ગયો. જ્ઞાનનું જ્ઞાન કરવું એ પણ વ્યવહાર થઈ ગયો. ઓહોહો..! ભારે લોકોને આમ તકરાર, વ્યવહાર ને નિમિત્તની મોટી તકરાર. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન.. એ કહેશે. કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. કેવળજ્ઞાન નૈમિત્તિક છે લ્યો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લોકાલોક નિમિત્ત અને એને કારણે પ્રગટ્યું નૈમિત્તિક? સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિકની એવી વ્યાખ્યા કરે કે નિમિત્તને આધીન નૈમિત્તિકને થવું જ જોઈએ. અરે.. ભગવાન! આ વસ્તુ ક્યાંથી કાઢી આ જૈનદર્શનથી વિરૂદ્ધ? તત્ત્વથી વિરુદ્ધ તદ્દન. સમજાય છે કાંઈ? એ વ્યવહારનો.. કહેશે. લોકાલોક છે નિમિત્ત. ભગવાન.. પ્રવચનસારમાં આવે છે ને? અવલંબન શબ્દથી આવે છે. કેવળજ્ઞાનમાં લોકાલોક અવલંબન છે અને એનું આ નિમિત્ત છે. બેયનું અરસપરસ નિમિત્ત (છે). છતાં કોઈથી થયું છે એમ નથી. એ લોકાલોક કાંઈ નૈમિત્તિક જ્ઞાન થયું માટે થયું છે? અને લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું છે એમ છે નહિ. ફક્ત નિમિત્ત-નૈમિત્તિકનું જ્ઞાન કરાવવા વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? બધા દ્રવ્યમાં લેશે અહીં. આધાકર્મી આહારમાં.. બધા દ્રવ્ય. સમસ્ત દ્રવ્યને છોડતો (એટલે કે) લક્ષ. એ સંબંધીના રાગને છોડે છે. એવો બધા દ્રવ્ય સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. સમજાય છે? એ પણ અહીં તો કાઢી નાખ્યો આ નિશ્ચયમાં. વ્યવહારમાં કહેશે પછી.

ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ એનું અંતર પણ, એને આ એટલી વસ્તુ નિર્લેપ, પૂર્ણ શુદ્ધ એના ઉપર આશ્રય કરવો, લક્ષ કરવું એટલે એનું માહાત્મ્ય આવે, એ માહાત્મ્ય એટલે એ વસ્તુના અંતરમાં જવું એ વાત એને અંદરમાં દેખાતી નથી. બહારના પર્યાયબુદ્ધિમાં રહ્યો. બહારમાં પલટન... પલટન... બહાર... બહાર... બહાર.. આમ જોયા જ કરે છે. અને પર્યાયમાં રહીને આ દ્રવ્ય.. આ દ્રવ્ય એમ કરે તો એ પર્યાયબુદ્ધિ છે હજી. ઝીણી વાત છે, બાપુ!

અહીં તો કહે છે, '**દર્શક દર્શક જ છે**' એકરૂપ વસ્તુ છે. બસ! આ એનો આશ્રય કરતા એકરૂપ જ વસ્તુ દેખાય છે, એમ શ્રદ્ધાય (છે). એક છે એમ પણ નથી હોં પાછું. આ તો કથનમાં શું આવે? આ એક છે.. આ એક છે એ પણ વિકલ્પ છે. પણ એકરૂપ લક્ષ દૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? લ્યો, એ બે બોલ કહ્યા અથવા ત્રણ કહ્યા. જ્ઞાનના, દર્શનના અને શ્રદ્ધાના. હવે ચારિત્રના. હવે ચારિત્ર કોને કહેવું? આહાહા..!

મુમુક્ષુ :- આખી વ્યાખ્યા જ જુદી.

ઉત્તર :- આખી વ્યાખ્યા જુદી. પરનો ત્યાગ કરનાર કહેવો એ પણ વ્યવહાર છે. રાગનો ત્યાગ (કર્તા) કહેવો એ વ્યવહાર છે. એ પહેલી વાત આવી ગઈ છે ૩૪ ગાથામાં. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા તો ચારિત્રસ્વરૂપ જ છે. શાંત અવિકારી સ્વભાવ જ છે. એને રાગ છોડું તો ચારિત્ર થાય એવું સ્વરૂપમાં નથી. પરવસ્તુ ત્યાગું તો ચારિત્ર થાય એ તો કાંઈ સંબંધ છે નહિ. જાધવજીભાઈ! બહુ ઝીણું ભાઈ! ભગવાનનું બહુ ઝીણું હોં ભાઈ! અરે..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ ભગવાન થવાનો માર્ગ તો એવો જ હોય ને. આહાહા..! જેના ફળ કેવળજ્ઞાન, જેના ફળ અમૃતની વેલડીમાંથી અમૃત ફાટે પૂર્ણ! એ માર્ગ તો કોઈ અલૌકિક જ હોય ને. એ વીતરાગ સિવાય આ માર્ગ બીજે ક્યાંય હોઈ શકે નહિ. બધા વાતું ગમે તે કરે. સમજાણું કાંઈ? એક જ સિદ્ધાંતે સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ વીર્યવાળું તત્ત્વ જ આખું પૂર્ણ છે. એવું જેણે દ્રવ્યમાં માન્યું નથી એની પર્યાયમાં એવું પ્રગટે નહિ. પર્યાયમાં પ્રગટ્યા વિના જગતની ચીજું કઈ રીતે છે એના જ્ઞાનમાં આવે નહિ અને એ જ્ઞાનમાં આવ્યા વિના વાતું કરે એ બધી કલ્પનાની વાતું છે. સમજાણું કાંઈ?

'**વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક...**' ત્યાગ કરનાર. ત્યાજક. અપોહક કહો. અપો-ત્યાગ-ત્યાજક. અપોહક-ત્યાજક. ત્યાગ કરનાર. સમજાણું? ભાષા ... આગળ કહેશે એ ચારિત્ર કહેશે. ભાષા લે છે ચારિત્ર લે છે. સમજાણું? એમ શબ્દ છે. એ શબ્દ છે ખરો. એ ચારિત્ર જ છે. આમાં હશે. વ્યવહારમાં હશે. ક્યાંક છે ખરું. આમાં છે વ્યવહારમાં. જેવી રીતે જ્ઞાન-દર્શનગુણને વ્યવહાર કહ્યો એવી જ રીતે ચારિત્રગુણને વ્યવહાર કહેવામાં આવે છે. ભાઈ છે. પાનું છે ૫૨૮. છે ને? અહીં ચારિત્રગુણની વાત કરી. અપોહક શબ્દે વાત કરે છે. છે ને? ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહારમાં કહેશે. નીચલી લીટી ચોથી છે.

કહે છે કે એવી રીતે '**(ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે :**' ત્યાગ કરવામાં ચારિત્ર સંપન્ન, ચારિત્રવંત કહેવામાં આવે છે. ચારિત્રવાળાએ આ રાગ ત્યાગ કર્યો એ શું છે? અને રાગ ત્યાગ કરી શકે છે એવું એનામાં છે? સમજાણું? એ પ્રશ્ન મોટો ચાલ્યો ત્યાં દસ દિવસ. (સંવત) ૨૦૧૩ની સાલ. રાગનો ત્યાગ થઈ શકે? પ્રશ્ન ઉઠ્યો હતો. એ ૧૧ વર્ષ થયા. ફાગણ સુદ ૮.

મુમુક્ષુ :- પંડિતજી હતા.

ઉત્તર :- કેમ પંડિતજી તમે હતા? ઈસરીમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બેની અંદર. બે તો પછી નિમિત્ત આવ્યું હતું. બે તો નિમિત્ત આવ્યું હતું પછી. અરે.. ભગવાન! ભાઈ! ભગવાન! શું કરે છે પ્રભુ? તું તો સર્વજ્ઞ પ્રભુ છો ને. સમજાણું? તેને આ રાગનો ત્યાગ, રાગનો ત્યાગ.. ત્યારે કહે, પ્રતિબદ્ધ કારણ ટળે તો રાગનો ત્યાગ થાય. આ ઉત્તર હતો. એ હતો ને?

અહીં તો પ્રતિબદ્ધ કારણ શું? આ રાગનો ત્યાગ કરું છું એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! જગતને તત્ત્વનું તળ લેવું (કઠણ થઈ પડ્યું). તત્ત્વનું તળિયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મહા ભગવાન ચૈતન્ય તો ચારિત્ર સંપન્ન જ છે. સમજાય છે? શાંતરસથી ભરેલો જ પદાર્થ છે એ. એને ત્યાગ કરવો રાગનો એ પણ એના વસ્તુના સ્વરૂપમાં નથી. એ વિશેષ કહે છે, જુઓ!

'**આ જગતમાં...**' એ ત્યાગની વ્યાખ્યા કરે છે. '**ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.**' ખડી છે તે ધોળા ગુણથી ભરેલા સ્વભાવવાળું છે. ભરચક લબોલબ ભરેલું છે-સફેદાઈ. '**ભીંત-આદિ પરદ્રવ્ય...**' ધોળામાં નાખ્યું. '**વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે. (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી? - એમ તે બન્નેનો તાત્ત્વિક (પરમાર્થ) સંબંધ અહીં વિચારવામાં આવે છે :- જો ખડી ભીંત આદિ પરદ્રવ્યની હોય તો શું થાય...**' ખડી ભીંતને ધોળી કરે છે. એમ કહેવું એ વ્યવહાર છે. હવે ખડી છે એ જેને ધોળી કરે છે એની છે? જેને ધોળી કરે છે એની થઈને ધોળી કરે છે? ધોળી એની થઈને ધોળી કરે છે? ધોળી કરે છે એ તો વ્યવહાર થયો. સમજાણું કાંઈ? દાખલો કેવો સીધો-સાદો આપ્યો છે. લોકોને ખ્યાલ આવે એવો.

'**ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ :- જેનું જે હોય...**' જેનું જે. '**તે તે જ હોય,...**' જો ભીંતની ખડી હોય તો ભીંતરૂપે થઈ જાય. ભીંતના સ્વરૂપે ખડી થઈ જાય. પણ ભીંતના સ્વરૂપે ખડી થતી નથી. ખડી તો ખડીના સ્વરૂપે રહે છે, ભીંત ભીંતના સ્વરૂપે રહે છે. ધોળી કરતા કાંઈ ભીંતરૂપે ધોળી થઈ જતી નથી. ભીંતરૂપ ધોળી પર્યાય થતી નથી. ધોળી પર્યાય તો પોતામાં થાય. ભીંતરૂપે થતી નથી, ભીંત આ સ્વરૂપે આવતી નથી. સમજાણું કાંઈ?

'**આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...**' લ્યો! આત્માનું જ્ઞાન. જ્ઞાન-જ્ઞાન. આ જ્ઞાન છે ને? આત્માનું જ્ઞાન. તો જ્ઞાન છે તે આત્મા છે. જે એનું હોય એ એ રૂપે હોય. એનું હોય એ એ રૂપે હોય. એમ સફેદ ખડી ભીંતને ધોળી કરે. ભીંતની હોય તો ભીંતરૂપે હોય. એમ તો હોતું નથી. '**ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ);...**' તો એના સ્વરૂપે થઈ જાય ખડી. '**એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.**' એમ હોતાં ખડીના સ્વદ્રવ્યનો જ નાશ થઈ જાય છે. જુઓ! પર્યાય પરિણમી છે છતાં કહે છે કે એ રૂપે થઈને નહિ. એ તો સ્વદ્રવ્ય રૂપે રહીને પર્યાય પરિણમી છે. ભીંતના દ્રવ્ય થઈને પરિણમી નથી.

'**એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.**'

૧૦૩ ગાથામાં. '**માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે.**' ખડી ખડીની જ છે. તો ની છે તો કોની વળી ખડી છે? કો'ક છે બીજો કોઈ? '**ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી.**' જુદા જુદા '**બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.**' '**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે.**' લ્યો! ખડી-ખડી આ છોકરા નથી લખતા? લાકડાના પાટિયે. પાટિયારૂપ થતી હશે ખડી? ધોળી કેમ થાય? પાટિયું આમ ધોળું થાય છે ને?

મુમુક્ષુ :- પાટિયું તો કાળું ને કાળું જ રહે છે.

ઉત્તર :- કાળું તો કાળું જ રહે છે. એ ક્યાં ધોળું થયું છે? ધોળી તો ખડી છે. કાળું તો કાળું છે. એ કાંઈ ધોળું થયું નથી. ધોળી તો ખડી થઈ છે. સમજાણું કાંઈ? કારણ કે જો પાટીયું ધોળું થઈ ગયું હોય તો ધોળું ધોવે તો પાટિયું ભેગું નાશ થઈ જાય. દેખાય પણ એવું હોં! આંધળી આંખે. આ થયું છે ને લ્યો. આ થયું છે ને.

'**જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાષ્ટાંત છે :-**' દાષ્ટાંત એટલે સિદ્ધાંત. '**આ જગતમાં જે ચેતયિતા...**' ભગવાન આત્મા '**છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,...**' કેવો છે આત્મા? કે જ્ઞાનદર્શનગુણથી ભરેલો છે અને '**પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે...**' એ રાગના અભાવસ્વરૂપ સ્વભાવ જ એનો છે. એ ત્રણેનો અર્થ એ ભરેલો છે એમ કીધું. શું કીધું? આ આત્મા જ્ઞાનદર્શનથી ભરેલો છે એમ રાગના અભાવસ્વભાવ સ્વરૂપ જ ચારિત્રસ્વરૂપ ભરેલો જ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ...**' એટલે પરના અભાવસ્વરૂપ એટલે કે ચારિત્ર સ્વભાવ જ છે એ તો. એનો સ્વભાવ જ ચારિત્ર સ્વભાવ જ છે. એ આત્મા ચારિત્ર એટલે વીતરાગ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. સમજાણું કાંઈ? ચારિત્ર કહો, અપોહક કહો, વીતરાગતા કહો. એ વસ્તુ પોતે વીતરાગભાવથી ભરેલી છે. જેમ જ્ઞાન-દર્શનથી ભરેલી છે. એમ અકષાય વીતરાગભાવથી તો ભરેલી જ છે ચીજ. સમજાણું કાંઈ?

'**પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે.**' એવો આત્મા છે. એવો આત્મા છે. ભગવાન આત્મા જ્ઞાન-દર્શનથી ભરેલો અને રાગના અભાવસ્વભાવરૂપ અભાવસ્વભાવરૂપ ભાવરૂપ. રાગના અભાવસ્વભાવરૂપ ચારિત્રભાવરૂપ એવું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ચારિત્ર ક્યાંકથી લાવવું છે. રાગ ત્યાગ કરે તો ચારિત્ર થાય, બધું બહાર છોડે તો ચારિત્ર થાય. નથી એમાંથી થાશે? સમજાણું? કે અસ્તિ હશે એમાંથી થાશે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન-દર્શનથી જેવો ભરેલો છે વસ્તુ, એમ ચારિત્ર સંપન્ન, ચારિત્ર વીતરાગભાવથી સ્થિર બિંબ જ છે એ. રાગના અભાવસ્વભાવરૂપ અને ચારિત્રના સ્વભાવરૂપ. અપોહન કીધું ને? **'અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે...'** એના અભાવસ્વભાવરૂપ એનું સ્વરૂપ જ છે. રાગના વિકલ્પના વ્યવહાર વ્રત આદિના વિકલ્પ છે એ ચારિત્ર નથી. ધર્મીને મહાવ્રતના જે પરિણામ થાય છે એ ચારિત્ર નથી. કારણ કે એ મહાવ્રતના વિકલ્પના અભાવસ્વભાવરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? આવી દીવા જેવી વાત છે. ચોખ્ખી પડી છે. સંસ્કૃતમાં શબ્દો હિન્દીમાં આવ્યા, હવે ગુજરાતીમાં આવ્યા. એ જાણવું જોઈએ ને ભાઈ! એને વસ્તુનું સત્ સ્વરૂપ શું છે? એવો એણે વિચાર કરી નક્કી કર્યા વિના સત્નો પત્તો નહિ લાગે. સત્તાના પત્તા વિના એને ધર્મ થશે નહિ. સમજાણું કાંઈ?

**'એવું દ્રવ્ય છે.'** એમ કીધું. જોયું! એવો આત્મા છે. એટલે ભગવાન આત્મા જ્ઞાનદર્શન સ્વરૂપ ભરેલું છે એમ વીતરાગ સ્વભાવથી ભરેલો જ પદાર્થ છે. સમજાણું કાંઈ? જો વીતરાગ સ્વભાવ ભરેલો ન હોય તો વીતરાગતાની પર્યાય આવશે ક્યાંથી? રાગમાંથી આવે છે? રાગના અભાવમાંથી આવે છે? લૂગડા છોડ્યા, નગ્ન થયો એમાંથી આવે છે? એમ કહે છે. છોડે કોણ? લૂગડા છોડે કોણ? એ તો કર્તાકર્મ બુદ્ધિ એ મિથ્યાત્વ છે. લૂગડા છૂટવાનું કાર્ય એ આત્મા કરે તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો રાગ કાર્ય મારું થાય તો મિથ્યાદૃષ્ટિ (છે), હવે પરનો ત્યાગ પરના લૂગડા છોડવા ક્યાં રહ્યું? ભારે આકરું. સમજાણું કાંઈ? એવું દ્રવ્ય છે.

**'પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.'** શું કહે છે? શરીર, વાણી કે પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાનના વિકલ્પો રાગ એ બધા પુદ્ગલ છે. ખરેખર એ અચેતન પરવસ્તુ છે. **'પુદ્ગલાદિ પરદ્રવ્ય...'** એટલે રાગાદિ. પંચ મહાવ્રતના રાગ, કષાયની મંદતાનો રાગ આદિ પરદ્રવ્ય એ ખરું બધું પરદ્રવ્ય છે. **'વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.'** વ્યવહારે એમ કહેવામાં આવે છે કે રાગનો ત્યાગ આત્માએ કર્યો. એ વ્યવહાર છે, પરમાર્થ છે નહિ. કેમ કે રાગના ત્યાગ સ્વભાવરૂપ તો પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? રસિકભાઈ! ભારે ઝીણું પણ. આવું તે કાંઈ પાંચમા આરા માટે? કાંઈ બીજો ધર્મ નહિ હોય પાંચમા આરા માટે? ધર્મ તો 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' કાંઈ બીજો હોય નહિ. એને સાંભળવા ન મળે માટે કંઈ બીજો થઈ જાય? સમજાય છે કાંઈ? અહીં તો પરમાત્મા પોતે પરિપૂર્ણ શાંતિરસના વીતરાગભાવથી ભરેલો છે. એને ત્યાગવા યોગ્ય જે વ્યવહાર પુદ્ગલાદિ પરદ્રવ્ય, શરીર, વાણી, મન, બાયડી, છોકરા અને પુણ્ય પરિણામ તે વ્યવહારે તે આત્માનું ત્યાજ્ય છે.

**'હવે અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'** હવે રાગ વ્યવહારે છૂટે છે એ રાગનો આત્મા છે કે નહિ? અજીવ શરીરાદિનો અને રાગ, આસ્રવનો આત્મા છે કે નહિ એનો? ભારે ઝીણું! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યબિંબ શાંતરસ વીતરાગ સ્વભાવરૂપ જ દ્રવ્ય છે. વીતરાગ ચારિત્ર સંપન્ન જ દ્રવ્ય છે. હવે એ દ્રવ્યને વ્યવહારે છોડવાયોગ્ય વસ્તુ છે તે **'અપોહક ચેતયિતા, અપોહ્ય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'** જે વ્યવહારે કીધો કે આ રાગને છોડે છે, રાગને છોડે છે. એ રાગનો છે આત્મા? રાગનો હોય તો આત્મા રાગરૂપ થઈ જાય. પોતાનો ચૈતન્ય સ્વરૂપ રહી શકે નહિ. પોતાનો વીતરાગભાવ ભિન્ન રહી શકે નહિ. સમજાણું કાંઈ? દયા, દાન, ભક્તિ, પૂજા અને પાંચ મહાવ્રતના પરિણામ એ બધો પુદ્‌ગલ છે, ખરેખર અચેતન છે. હવે એ અચેતનનો ત્યાગ એમ જે વ્યવહારે કહેવું એ અચેતનનો થઈને એનો ત્યાગ કરે છે? કે ચેતનનો ત્યાગ સ્વભાવ જ છે એનો? સમજાણું કાંઈ?

**'અપોહ્ય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'** એ રાગ ને વિકલ્પ જે છે પુણ્યનો આત્મા છે કે નથી? અજીવનો આત્મા છે કે નથી? બે વાત. પુણ્યનો અને અજીવનો. પાપ તો ભેગા અંદર આવી ગયા. આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ. એ પરનો ત્યાગ કરનાર એ પર સ્વરૂપે છે કે એ પોતા સ્વરૂપે છે? સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? એનો અર્થ થાય છે કે ઘરનો? પેલા કહે છે, .. જ્યાં આવે ત્યાં ગળે વળગે છે. વ્યવહાર ન આવે તો.. ઉંહું... પણ વસ્તુ સ્વરૂપ જ એવું છે. સાંભળને! વ્યવહાર એટલે વિકલ્પ અને વિકલ્પ એટલે અચેતન અને અચેતન એટલે રાગ જડ. એક કોર ભગવાન જ્ઞાન અને એક કોર અજ્ઞાન બધું છે એ. આ જ્ઞાન ત્યાં નથી, રાગમાં નથી, આમાં નથી. માટે એક કોર અજ્ઞાન અને એક કોર જ્ઞાન.

હવે એ જ્ઞાનસ્વભાવ ભગવાન પરના ત્યાગના અભાવસ્વરૂપ જ છે. ત્યાગના અભાવસ્વરૂપ જ છે. સ્વભાવસ્વરૂપ છે. એવો ભગવાન પરનો ત્યાગ કરે છે એમ કહેવું વ્યવહારે તો એનો છે કે નથી? **'ચેતયિતા, અપોહ્ય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :- જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...'** જો આત્મા રાગાદિનો હોય **'તો શું થાય તે પ્રથમ વિચારીએ :- જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે; આવો તાત્ત્વિક સંબંધ જીવંત...'** છે. જીવતો વિદ્યમાન તાત્ત્વિક સંબંધ છે.

**'ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય...'** જો ભગવાન આત્મા રાગનો હોય, એ વિકલ્પ છે દયા, દાન શુભભાવ એનો જો હોય **'તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય...'** તો

આત્મા રાગનો જ થઈ જાય. કહો, સમજાણું આમાં? '**(અર્થાત્ ચેતયિતા પુદ્દ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ);...**' તો આત્મા રાગસ્વરૂપ હોવો જોઈએ. એમ કહે છે. તો રાગસ્વરૂપ આત્મા નથી. એ તો પરના અભાવસ્વભાવરૂપ વસ્તુ છે. રાગના અભાવસ્વભાવરૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા..! કુંદકુંદાચાર્યની કથન પદ્ધતિ ટૂંકામાં તત્ત્વને સ્પષ્ટતા, સાર આવી જાય. ૪૧૫ શ્લોકમાં તો આખો દરિયો ઉછળી જાય. સમજાણું કાંઈ? એવે કોઈ મંગળિકને કાળે સમયસાર બની ગયું. જોયું હશે નક્ષત્ર તે દિ' કે આ બનાવવું છું? ભાઈ! આ તો સારે દિ'એ ભણાવે તો નક્ષત્ર જોવે. જ્ઞાન વૃદ્ધિકરા... ...માં આવે છે એ. માટે શિષ્યને પહેલું નક્ષત્ર જે જ્ઞાનવૃદ્ધિનું કારણ છે ને એ નક્ષત્રમાં પહેલો પાઠ આપવો. .. છે.

અહીં તો કહે છે, ચેતયિતા જો રાગાદિનો હોય. પુદ્દ્ગલાદિ શબ્દે રાગાદિ. રાગ, પુણ્ય, પાપ, દેહ, વાણી, મન, શરીર, બાયડી, છોકરા એનો જો હોય. કહો, આ બાયડી છોડી એનો એ છે? તો એ બાયડી સ્વરૂપ હોય એ આત્મા. કહો, સમજાણું આમાં? કહો, સમજાણું આમાં? સ્ત્રીના ત્યાગી છીએ અમે. ફલાણાના ત્યાગી છીએ. જેનો ત્યાગ કર્યો છે એ રૂપ થઈને તેં એનો ત્યાગ કર્યો? એ રૂપ થાય તો તો તું તે રૂપે થઈ જાય, જુદો રહી શકે નહિ. સમજાણું કાંઈ?

'**ચેતયિતા જો પુદ્દ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્દ્ગલાદિ જ હોય...**' એના સ્વરૂપે થઈ જાય. '**એમ હોતાં, ચેતયિતા સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.**' ભગવાન આત્મા મહાસત્તા ચૈતન્યપ્રભુ રાગનો થઈ જાય તો સ્વભાવ જ્ઞાયક રાગ વિનાનો સ્વભાવ છે તેનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? ૩૪ ગાથામાં આવ્યું હતું. એ રાગનો ત્યાગ કર્તા પણ આત્મા પરમાર્થે નથી. રાગ હોં! વિકલ્પનો ત્યાગ કર્તા પરમાર્થે નથી. એ તો નામમાત્ર કથનથી છે. એ પછી આ બધા વિસ્તાર કર્યા છે. બીજડા થોડા નાખ્યા છે. કહો, સમજાણું? કહો, પૈસાનો ત્યાગ કરી શકે કે નહિ? કહો, ગોદિકાજી! પૈસાનો ત્યાગ પૈસાના રૂપે કરીને કર્યો? તો પૈસારૂપ થઈ જાત આત્મા. એય..! ન્યાલભાઈ! આહાહા..! ભારે માર્ગ બાપુ! એનો માર્ગ અલૌકિક નિર્વિકલ્પ માર્ગ છે. વીતરાગમાર્ગ છે આ તો. વીતરાગતા આનાથી શરૂ થાય છે. સમજાય છે? એકલો વીતરાગથી ભરેલો પદાર્થ જ છે. ચારિત્રથી સંપન્ન જ આત્મા છે. જેનો ત્યાગ કરે તે રૂપે થાય છે? તો તે રૂપે થાય તો તે સ્વરૂપ એનું થઈ જાય. પોતાનું સ્વરૂપ જુદું રહે નહિ. પોતાનું જુદું ન રહે તો એનો અર્થ કે સ્વનો નાશ થઈ જાય.

'**એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...**' સત્ છે તે ક્યાં જાય? સત્.. સત્.. અહેતુક છે તેનો નાશ કેમ હોય? સમજાણું? '**કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ**

**કર્યો છે.**' ૧૦૩ ગાથામાં જ કર્યું છે કે એક દ્રવ્ય બીજાની પર્યાયમાં સંક્રમી જાય, પલટાવા ત્યાં જાય એવું હોતું નથી. તેથી પરને તો પલટાવી શકતો નથી. આ રાગને પલટાવી શકતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ. રાગ ઘટે ક્યારે? પ્રતિબદ્ધ કારણ ઘટે તે રાગ ઘટે. ઘણી સ્થુળ દૃષ્ટિ. અહીં તો કહે છે, રાગ ઘટે તો રાગરૂપ થઈને તેં એને ઘટાડ્યો? કે રાગરૂપ રહ્યા વિનાનો ઘટ્યો? રાગરૂપ થઈને ઘટે તો તારું સ્વરૂપ જ રાગ વિનાનું રહે નહિ. રાગરૂપ સ્વરૂપે થઈ જાય. કહો, સમજાણું આમાં? એ વસ્તુ તો જે હશે ઈ આવશે. માર્ગ ઝીણો લાગે, ઓલો લાગે. એ કીધું હતું, પદ્મનંદી આચાર્યમાંથી કે ભાઈ, વાત તો આ છે. તમને ઠીક ન લાગે તો માફ કરજો. તમને રુચિ બીજી હોય અને એ રુચિ પ્રમાણે આ ગોઠવામાં ન આવે તમને (તો માફ કરજો). પદ્મનંદિ (આચાર્યે) કહ્યું. બ્રહ્મચર્યનો અધિકાર જ્યાં વર્ણવ્યો. પદ્મનંદિ પંચવિંશતિ. સ્પષ્ટ કરે છે. હે યુવકો! તમને આ વાત ન રુચે તો હું તો મુનિ છું. મને જે વાત છે એ વાત હું કહીશ. તમને ન ગોઠે તો ક્ષમા કરજો મુનિ જાણીને. પ્રવચનસારમાં કહ્યું ને? જોરદારથી વાત છે તે કીધી છે. આવે છે ને છેલ્લે? જોરદાર એટલે? જે કાંઈ કહેવું છે તે કહેવાઈ ગયું છે. એમ. જોશથી કહે છે એમ નહિ. જે કાંઈ તત્ત્વ છે તે કહેવાયું. તમને રુચે તો રુચો. ન રુચે તો માફ કરો. આવું આવું કીધા કરે છે આખો દિ'? વ્યવહાર કરવો અને ફલાણું કરવું એ તો આવતું જ નથી આમાં. આ તો એકાંત છે. એય..! વાડીભાઈ! આ મુનિની ભક્તિ કરવી, મુનિ આવે એને આહાર-પાણી દેવા. એવું તો હોય કે નહિ એમાં? આ તો સાચા મુનિને આહાર-પાણી દેવા એ તારામાં નથી એમ કહે છે. એટલો વિકલ્પ ઉઠ્યો અને અશુભ છોડ્યો એ તારામાં નથી. અને વિકલ્પ ઉઠ્યો એ તારામાં નથી. આહાહા..! ભારે! સમજાણું કાંઈ? મુનિને માનતા નથી. ભગવાન! મુનિને ન માને એ હોય?

મુનિ તો પરમેશ્વર છે. મુનિ તો પરમેશ્વર છે. જેની પર્યાય મુનિપણાની પરિણમી છે એ તો પરમેશ્વર છે. એને ન માને તો આત્માને જ માનતો નથી. પણ ન હોય એને માને તો માન્યું કહેવાય? અહીં કહે છે કે રાગરૂપ થયો નથી ને એમ કહેવું કે આત્માએ રાગનો ત્યાગ કર્યો, એમ છે? કહો, રતિભાઈ! સમજાય છે? આવું તત્ત્વ વીતરાગનું છે. એ અભ્યાસ કર્યા વિના ઝટ બેસે એવું નથી. અભ્યાસ કરવો પડશે. અત્યારે ફેરફાર બહુ થઈ ગયો છે ને ઘણો ફેરફાર. એટલે જરી પહેલું તો .. નિર્વિકલ્પ... નિર્વિકલ્પ... પણ નિર્વિકલ્પ તો .. પણ નિર્વિકલ્પ વસ્તુ કેવી છે એ એના જ્ઞાનમાં યથાર્થ ન આવે ત્યાં સુધી એને પ્રતીતમાં-ધ્યેયમાં લીધી શી રીતે? સર્વજ્ઞે કહેલી હોં તે. બીજાઓ કલ્પનાથી આત્માને કહે એ વાત નહિ. અને તે કુંદકુંદાચાર્યથી આવેલી. પહેલા નંબરે ત્યાં અને બીજે નંબરે અહીંથી. ત્રીજે

નંબરે અંદર પરિણમન કરે તેને. સમજાણું કાંઈ?

કહે છે કે '**જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે?**' રાગનો આત્મા નથી? તો કોનો છે? ભાઈ, એ આનંદનો આનંદ છે. ચારિત્રનો સ્વભાવ છે. '**ચેતયિતા જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...**' જુદા જુદા બે સ્વસ્વામી અંશો જ કહેવામાં આવે સમજાવવામાં.

'**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?**' સ્વામી ધ્યેય અને પર્યાય સ્વ અથવા સ્વ પોતે ત્રિકાળ એનો સ્વામી હું, એવા ભેદ પાડીને શું કામ છે? સમજાણું કાંઈ? '**તો પછી અપોહક કોઈનો નથી,...**' ચારિત્ર સંપન્ન સ્વભાવ જેનું દ્રવ્ય છે તે કોઈનો નથી. રાગનો ત્યાગ કરે અને એણે રાગ છોડ્યો ને એવું એનામાં છે નહિ. એમ કહે છે. '**અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે.**' એ તો ચારિત્રસ્વરૂપ છે તે વીતરાગસ્વરૂપ તે વીતરાગસ્વરૂપ જ છે. એને રાગનો ત્યાગ કહેવો એ પણ વ્યવહારનું કથન છે. વસ્તુમાં એ છે નહિ. એનું નામ પારમાર્થિક તત્ત્વ વીતરાગ તત્ત્વ છે, એનું નામ ચારિત્ર વીતરાગી દશા કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માગશર સુદ ૨, રવિવાર તા. ૩-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૫૯ થી ૩૬૫, પ્રવચન-૪૧૫**

સર્વવિશુદ્ધ અધિકાર. કૌંસ છે. આમાં ૫૨૭ પાનું છે. કૌંસમાં છે. '**(આ રીતે અહીં એમ બતાવ્યું કે : આત્મા પરદ્રવ્યને અપોહે છે...**' શું કહે છે? જ્ઞાનદર્શનનો અધિકાર તો ચાલી ગયો. હવે ચારિત્રની વ્યાખ્યા કરે છે. આત્મા એ જ્ઞાનદર્શનથી ભરેલો પદાર્થ છે. એ ઉપરાંત રાગના અભાવસ્વભાવરૂપ વસ્તુ છે. રાગના અભાવરૂપ અને ચારિત્રના સ્વભાવરૂપ. વીતરાગ સ્વભાવરૂપ જ આત્મા છે. જ્ઞાન, દર્શન અને વીતરાગ એવા સ્વભાવ સ્વરૂપ જ આત્મા છે. એને એમ કહેવું કે આ પરદ્રવ્યને છોડે છે, રાગને છોડે છે, પરવસ્તુ છોડે છે એમ જે કહેવું એ વ્યવહાર કથન છે. વાસ્તવિક નથી. એ સત્ય નથી. સમજાય છે કાંઈ? વ્યવહારમાં આવશે. પાછો વ્યવહાર જેવો હોય એવો જ હોય એને હોં! છતાં એ વ્યવહાર તે અહીંયાં નિમિત્ત એ જ્ઞાન એને નિમિત્ત છે. અહીં તો અત્યારે ચારિત્રની વ્યાખ્યા છે. એકલો ભગવાન આત્મા સ્વરૂપે ચારિત્ર સંપન્ન દર્શન, આનંદ અને જ્ઞાન સંપન્ન જ છે. એવા આત્માને આ રાગ છોડે છે એમ કહેવું, રાગ છોડે છે એમ હોં! પરદ્રવ્ય છોડે છે, સ્ત્રી-કુટુંબ છોડે છે એ તો એક વ્યવહાર કથન છે.

'**આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે...**' હવે તો કહે છે, પરને ત્યાગે છે એ તો વ્યવહાર નામ વર્તમાન સંબંધનું જ્ઞાન કરાવવા માટે. પણ આત્મા પોતાને ગ્રહે છે, પોતામાં સ્થિર થાય છે. આમ પોતે જ્ઞાનદર્શનમય છે એને ગ્રહે છે. એવો જે ભેદ એ પણ વ્યવહાર છે. '**એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે;...**' વાસ્તવિક એ સ્વરૂપ છે નહિ. '**અપોહક અપોહક જ છે-**' રાગના અભાવ-સ્વભાવસ્વરૂપ તે ભગવાન સ્વરૂપ ચારિત્ર સંપન્ન જ છે. એવી અંતર દૃષ્ટિ અને જ્ઞાનની રમણતા થતાં અભેદ સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? હું જ્ઞાનદર્શનને પકડું છું, ગ્રહું છું એવો ભેદ પણ જેનામાં નથી. કહો, સમજાણું કાંઈ?

જેમ જ્ઞાનદર્શનમાં કહ્યું હતું ને ભાઈ? શ્રદ્ધામાં. કે ભાઈ પરદ્રવ્યને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. શું પરદ્રવ્યને જાણતા પરદ્રવ્યરૂપ થઈને જાણે છે? અને પરદ્રવ્યને જાણતાં જણાય છે તે ચીજ સ્વદ્રવ્યરૂપ થઈને જણાય છે? એમ છે નહિ કાંઈ. પોતે પરને જાણતાં પોતામાં રહીને પરને જાણે એમ કહેવું વ્યવહાર છે. અને પોતે પોતાને જાણે એમ કહેવું એ સ્વસ્વામી અંશ ભેદનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? એમ દર્શન-શ્રદ્ધા અને ચારિત્ર ત્રણેમાં

એ રીતે લીધું છે. એ નિશ્ચયના કથનો થયા. નિશ્ચયનું સ્વરૂપ થયું. હવે વ્યવહાર સ્વરૂપ બતાવે છે.

**'હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે :-'**

**'જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી,...'** ખડી. ખડી છે ને? ધોળા સ્વભાવથી ભરેલી ખડી. **'પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...'** ભીંત આદિ પદાર્થપણે સફેદ ખડી પરરૂપે નહિ પરિણમતી થકી. પરરૂપે નહિ થઈ થકી. ભીંતરૂપે નહિ થઈ થકી. **'અને ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી,...'** બેય અરસપરસ છે. વ્યવહાર છે ને. હવે બતાવશે. જુઓ! વ્યવહારે પણ કેવો બતાવશે! અલૌકિક રીત છે.

ખડીની વાત છે અત્યારે. ખડી, ભીંત આદિ શ્વેત (કરાવાલાયક). પોતે શ્વેત સ્વભાવે છે અને શ્વેત કરાવા લાયક ભીંત. એ શ્વેત કરાવા લાયક ભીંત એ ભીંતપણે નહિ પરિણમતી અને ભીંતને પોતાપણે નહિ પરિણમાવતી. છે? પોતાના સ્વભાવે. ધોળા સ્વભાવે ભીંતને નહિ કરતી. ધોળા સ્વભાવે ભીંતને નહિ કરતી. અને ધોળો સ્વભાવ ભીંતપણાને નહિ કરતી. ભીંતપણાને ધોળી કરતી નથી. એમ ભીંતપણાને પોતાના સ્વભાવપણામાં લાવતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરણમાવતી...'** ભીંતને ધોળા સ્વભાવે નહિ પરિણમાવતી. અને ધોળો સ્વભાવ ભીંતપણે નહિ પરિણમતો. બરાબર છે? **'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** જુઓ! આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. બધા દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરે છે. ત્રણની વાત કરશે પછી બધા દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અત્યારે કેટલીક એવી વાત ચાલે છે ને? કે કર્મ અને શરીર નિમિત્ત અને આત્મા નૈમિત્તિક. જે કર્મને નિમિત્ત છે શરીર, એથી અહીં નૈમિત્તિક એવું થવું જોઈએ. કહો, સમજાણું કાંઈ? શરીર લપટ્યું લ્યો કેળે. કેળાની છાલ આવી લપટ્યું. પણ લપટે ત્યારે શરીર અને આત્મા એક છે કે જુદા છે જુદા છે કરે. તો શરીર જવા દ્યો અને આત્માને રાખો એક કોર. અમે બે જુદા છીએ. બે જુદા છીએ. પણ ત્યારે રાખો આત્માને જુદો, શરીરને પડવા દ્યો. એ જુદો જ છે, સાંભળને! શરીરનું થવું એને થયું માટે આત્માને તેમ આમ ખસવું પડ્યું એમ છે નહિ. આહાહા..! ભારે ગપ. કર્તાકર્મ સંબંધમાં નાખ્યું. સમજાય છે કાંઈ? જુઓને! પગ લપટે છે કે નહિ? હરગોવિંદભાઈ લપટ્યા હતા નહિ? બીજા તમારે હતું કે નહિ? એય..! ક્યાં ગયા, નથી? મગનભાઈ લપટ્યા હતા કે નહિ? એને એ હતું? કેળાની છાલ? હરગોવિદભાઈને પણ એ થયું હતું. કેળાની છાલ હોય આમ ખુલેલી અને સડક મજબુત હોય અને પગ

આવે તો આમ લપટી જાય. તો શરીર પડે અને આત્મા ભેગો જાય કે આત્મા જુદો રહેતો હશે?

મુમુક્ષુ :- કેળાએ પાડ્યા એમ સિદ્ધ થઈ ગયું.

ઉત્તર :- ધૂળેય કેળાએ પાડ્યા નથી. કેળું અડ્યું જ નથી પગને. આહાહા..! વાત એવી છે કોઈ. અને શરીરનો પરમાણુ તે પ્રમાણે ક્ષેત્રાંતર થયો માટે આત્માને આમ ક્ષેત્રાંતર થવું પડ્યું એ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? એ આ બધા દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અહીં સિદ્ધ કરશે. એક જ કર્મ અને શરીર સાથે નહિ પણ બધા જગતના અનંત આત્માઓ અને અનંત પરમાણુ સાથે જે સંબંધ છે (એ બધાની વાત કરશે). જુઓ!

'**ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી,...**' શું કહે છે? ખડી જે છે, જુઓ! આ દૃષ્ટાંત છે. પછી એનો સિદ્ધાંત ઉતારશે. '**ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' કોને? સફેદ પર્યાયને. શ્વેતગુણથી ભરેલી ખડી એનું પરિણમન સફેદ થાય છે. એ પરિણમનને ભીંત નિમિત્ત છે. પરદ્રવ્ય જેને નિમિત્ત. જેને એટલે સફેદાઈના પરિણમનને. '**એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે...**' પોતાના શ્વેતગુણથી. દ્રવ્ય શ્વેત ભરેલો છે, શ્વેતગુણ છે, હવે એ ગુણનું પરિણમન છે. એમ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ લીધા છે. ખડી દ્રવ્ય છે, શ્વેતગુણ ગુણ છે. હવે ગુણનું પરિણમન સફેદપણે થાય તે પર્યાય છે.

'**શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે...**' પર્યાય કહો, પરિણામ કહો, અવસ્થા કહો. તે '**વડે ઊપજતી થકી,...**' સમજાય છે? કોણ? ખડી. ખડીને સફેદપણે પરિણમતી ખડી જેને ભીંત આદિ નિમિત્ત છે. '**ખડી જેને નિમિત્ત છે...**' હવે કહે છે. જુઓ અરસપરસ. હવે ખડી ભીંતને નિમિત્ત છે. ભીંત ખડીની પર્યાયને નિમિત્ત હતી અને ખડીની પર્યાયને ભીંત નિમિત્ત છે. અને ભીંતનું નિમિત્તપણું ખડીની પર્યાયને છે. અરસપરસ બેય નિમિત્ત છે. બેય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત સંબંધ કહેતાં એને કારણે અહીં થાય અને આને કારણે આ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? ફરીને.

'**ભીંત-આદિ પરદ્રવ્ય જેને...**' જેને કોને? એ ધોળી પરિણમતી ખડીને. ભીંત આદિ નિમિત્ત છે. '**એવા પોતાના શ્વેતગુણથી...**' પોતે ખડી પોતાના ધોળા ગુણથી પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી. એટલી વાત એક. કહો, સમજાય છે કાંઈ? જુઓ! આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મોટો ગોટો અત્યારે છે. '**ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતાં...**' ખડી જેને નિમિત્ત છે (એટલે) ભીંતને. એવા ભીંત આદિ સ્વભાવના પરિણામ વડે ઊપજતો. ભીંત પોતાના

પરિણામ વડે ભીંત ઊપજે છે. એ પરદ્રવ્યને પોતાના સ્વભાવથી શ્વેત કરે છે એમ વ્યવહાર કરવામાં આવે છે. કહો, આ સમજાણું કે નહિ? કેટલી ચોખવટ છે, જુઓ! પર્યાય પર્યાયની હોં! પર્યાય પર્યાયની. દ્રવ્ય-ગુણ તો આખા ત્રિકાળ છે. પણ સફેદગુણે ભરેલી ખડી એ સફેદપણે પરિણમે છે એને ભીંત અહીં નિમિત્ત છે. અને આ સફેદ તે ભીંતને નિમિત્ત છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. છતાં કોઈ કોઈના કાર્યના કરનારા છે નહિ.

મુમુક્ષુ :- છતાં કાર્ય કર્યું એમ કહેવામાં આવે છે.

ઉત્તર :- કહેવામાં આવે એ જુદી વાત છે. આણે સફેદ કર્યું એ તો બોલવામાં આવે. વસ્તુ એમ છે નહિ. સમજાણું કાંઈ? કીધું ને?

ભીંત પોતાના સ્વભાવે પરિણમતી ખડીના પરિણમનને નિમિત્ત કહેવામાં આવે છે અને ખડીની પર્યાય પરિણમન ભીંતને નિમિત્ત કહેવામાં આવે છે. અરસપરસ બેને નિમિત્ત. ભીંત જ્યારે નિમિત્ત તો ખડીની પર્યાય નૈમિત્તિક. ખડીની પર્યાય નિમિત્ત તો ભીંત નૈમિત્તિક. આવો વ્યવહાર કહેવામાં આવે છે. '**એમ વ્યવહાર કરવામાં આવે છે;...**' કહો, સમજાય છે કાંઈ? હવે આત્મામાં ઉતરે છે. આ તો દૃષ્ટાંત સહેલો પડે માટે. દૃષ્ટાંત જ આકરો લાગે માણસને. સમયે સમયે પરિણમતી અને ભીંત સમયે સમયે પરિણમતી. બેય હોં! ખડી પણ સમયે સમયે પરિણમતી, દ્રવ્ય-ગુણ તો કાયમ છે. પરિણમતી અને ભીંતના પરમાણુ કાયમ છે પણ એને તે ક્ષણે પરિણમતી પર્યાય, ભાઈ! એમ લેવી છે. ભીંત આદિની તે સમયની પર્યાય આ સફેદને નિમિત્ત થાય. અને સફેદના પર્યાય તે ભીંતની તે પર્યાયને આ નિમિત્ત થાય. આગળ-પાછળની વાત નહિ. સમજાણું કાંઈ? એ કહે છે.

'**જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા...**' બે સિદ્ધ કર્યું. હવે ભગવાન આત્મા વસ્તુ છે એ જ્ઞાનગુણથી ભરેલો પદાર્થ છે. જ્ઞાનગુણથી ભરેલો પદાર્થ છે. દ્રવ્ય અને ગુણ બે થયા. એ '**ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...**' એ જ્ઞાનથી ભરેલો ભગવાન '**પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે...**' શરીરના સ્વભાવે, રાગના સ્વભાવે, ભાષાના સ્વભાવે '**નહિ પરિણમતો થકો...**' જ્ઞાનથી ભરેલો આત્મા રાગ અને શરીરપણે નહિ પરિણમતો થકો. પરના સ્વરૂપે નહિ થયો થકો. '**પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...**' અને પરને પણ રાગાદિ, શરીરને પણ પોતાપણે નહિ પરિણમાવતો. પોતે પરપણે નહિ પરિણમતો અને પરને પોતાપણે નહિ પરિણમાવતો. બસ! આ સ્થિતિ.

મુમુક્ષુ :- એ વિના નિમિત્ત કહેવાય જ નહિ.

ઉત્તર :- એ વિના નિમિત્ત શેનું કહે? એ પરિણમે છે અને અહીં પરિણમે છે આ.

હવે પરિણમે છે એનું ઓલું નિમિત્ત. એ પરિણમે છે અને આ નિમિત્ત. બસ! સમજાણું કાંઈ? સફેદ પરિણમ્યું એને ભીંત નિમિત્ત કીધી. અને ભીંતની પર્યાય આને નિમિત્ત કીધી. એટલે ભીંતની પર્યાય છે માટે આ પરિણમે છે એમ નથી. કાળ ભલે એક છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાળે થયું નહિ.

આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન, એના પરિણમન કાળે, સ્વકાળે જ્ઞાનરૂપે પરિણમતો તે જ્ઞાનની પર્યાય રાગને નિમિત્ત હોવા છતાં જ્ઞાનપર્યાય રાગરૂપે નહિ થઈ થકી અને રાગને જ્ઞાનરૂપે નહિ પરિણમાવતો થકો એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ જુદો ભાસવો જોઈએ એમ કહે છે. બેનો ખીચડો કરીને ભાસે એને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ?

આત્માનું જ્ઞાન પરિણમે છે, પરિણમે છે સ્વકાળે. એ પરિણમવાની પર્યાય રાગને, શરીરને, વાણીના પરિણમનની પર્યાયને, પરિણમનની પર્યાયને, પર્યાય તો એનું પરિણમન છે. રાગ, શરીર અને વાણીની પર્યાયના પરિણમનને આ જ્ઞાનપર્યાય નિમિત્ત છે. અને જ્ઞાનની પર્યાયને રાગ ને શરીરની પર્યાય અહીં નિમિત્ત છે. આમ એકબીજાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છતાં જ્ઞાનરૂપે પરિણમતો ભગવાન, રાગને જ્ઞાન નિમિત્ત છે અને રાગ જ્ઞાનને નિમિત્ત છે. છતાં જ્ઞાનનો પર્યાય રાગને કરતો નથી. જુઓ! પરિણમાવતો ના પાડી છે ને અહીં? રાગને પરિણમાવતો નથી એટલે કરતો નથી. અને રાગ પોતે તે રૂપે પરિણમતો નથી એટલે એને કરતો નથી અને રાગને અહીં પરિણમાવતો નથી એટલે રાગરૂપ પોતે થતો નથી. સમજાણું કાંઈ?

જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ભગવાન ચેતયિતા પણ. પણ કેમ કીધું? ઓલો દાખલો આપ્યો માટે. પોતે પુદ્ગલાદિ પરદ્રવ્ય. બધું લઈ લેવું રાગથી માંડીને બધું હોં! પુણ્યના વિકલ્પથી માંડી શરીર, વાણી, કર્મ એની અવસ્થા તે કાળે તેનામાં થાય. તે પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો, જ્ઞાનની પર્યાય રાગરૂપે અને શરીરની પર્યાયરૂપે નહિ થયો થકો, જ્ઞાનની પર્યાય તે સ્વરૂપે નહિ થઈ થકી **'અને પુદ્ગલાદિ પરદ્રવ્યને...'** રાગાદિ અને શરીરને પોતાના જ્ઞાનપર્યાયમાં સ્વભાવે નહિ પરિણમાવતો થકો. રાગને અને શરીરને પોતાના પર્યાયમાં નહિ લાવતો થકો, નહિ પરિણમાવતો થકો, નહિ કરતો થકો. કેટલું આચાર્યે જંગલમાં રહીને... ગોદિકાજી! રાતે કહેતા હતાને?

**'પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** શું કહે છે? એ રાગ, વાણી, શરીરની પર્યાય થાય છે તે કાળની અને આ કાળે અહીં જ્ઞાન પરિણમ્યું છે. એ કાળે ત્યાં રાગ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને શરીર પરિણમે છે એ રાગાદિ શરીરની પર્યાય '**પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' કોને? જ્ઞાનની વર્તમાન પર્યાયને. જ્ઞાને પરિણમતા પર્યાયને રાગ, શરીરની પર્યાય નિમિત્ત છે. સમજાણું? '**પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના...**' એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના '**પરિણામ વડે ઊપજતો થકો,...**' આત્મા તો પોતાના જ્ઞાનના પરિણામપણે પર્યાયપણે ઊપજતો થકો. સમજાણું? રાગ અને શરીરના પર્યાય, આત્મા જ્ઞાનરૂપે પરિણમે તેમાં નિમિત્ત હોવા છતાં પોતે પોતાના સ્વભાવ પરિણામ વડે ઊપજતો થકું જ્ઞાન. જ્ઞાનના સ્વભાવપણે ઊપજ્યું છે. એ કાંઈ નિમિત્તના સ્વભાવપણે ઊપજ્યું નથી. અને નિમિત્તના કારણપણે ઊપજ્યું નથી અને નિમિત્તપણે ઊપજ્યું નથી. નિમિત્તને આમ ઊપજાવ્યું નથી. સમજાણું કાંઈ?

'**પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' નિમિત્તની વ્યાખ્યાનો અર્થ, એક વસ્તુ છે. એને અહીં જ્ઞાનની પર્યાય પરિણમે છે, પરિણમે છે એને આ નિમિત્ત છે માટે પરિણમે છે એમ નથી. તો તો નિમિત્ત પરિણમે તો બે એક થઈ જાય. રાગનો વિકલ્પ ઉઠ્યો છે અને શરીરની પર્યાય થાય છે, આમ થઈ. આમ ચાલવાની, ભાષાની થાય. એ સમયની એ પર્યાય જ્ઞાનનું પોતે પોતાના સ્વભાવે પરિણમતા જ્ઞાનને નિમિત્ત કહેવામાં આવે છે. પણ નિમિત્ત છે માટે પરિણમે છે (એમ નથી). તેથી તો અહીં સ્વભાવે પરિણમતો ઊપજતો થકો એમ કહ્યું ને? '**ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...**' નિમિત્ત વડે ઊપજતો થકો એમ નહિ. તેથી તો વડે લખ્યું છે. શું કીધું? પુણ્યના પરિણામ અને શરીરની અવસ્થા હોવા છતાં આત્માના વર્તમાન જ્ઞાન સ્વભાવે ભરેલો પર્યાય પરિણમતા છતાં પોતાના સ્વભાવ વડે ઊપજતો થકો. એ રાગ અને પર્યાય નિમિત્ત ભલે હો. પણ નિમિત્ત વડે ઊપજતો નહિ, પોતાના સ્વભાવ વડે ઊપજતો થકો. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ચેતયિતા જેને નિમિત્ત છે...**' હવે સામાને લીધું. ભગવાન! આ તો ચેતયિતા શબ્દે આખો લીધો પણ એ ચેતયિતાની પર્યાય લેવી. સમજાણું કાંઈ? આત્મા પોતાના જ્ઞાનથી ભરેલો અને જ્ઞાનરૂપે પરિણમ્યો સ્વકાળે. એ રાગને નિમિત્ત છે. શરીરની પર્યાય થાય છે એને નિમિત્ત છે. શરીરની પર્યાયને પરિણમાવતો નથી અને શરીરની પર્યાયપણે પરિણમતો નથી. છતાં જ્ઞાનનો પર્યાય રાગ અને શરીરની પર્યાયને નિમિત્ત છે. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટ વાત છે! તોપણ ગોટા વાળે છે અત્યારે હવે. ઓહોહો..! ભગવાન! શું કરે છે તું? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પરાધીનતા નથી બતાવતું. સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પૃથક્તામાં ક્યો ક્યો નિમિત્ત હોય છે? એમ એની અનુકૂળતાનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? વાત જગતને સૂક્ષ્મ પડે. અંદરમાં વિચારમાં, મંથનમાં આવે નહિ, બહારથી એમ ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ માની લે એને તત્ત્વ હાથ આવે નહિ.

આવું સ્વતંત્ર છે એમ જ્યાં સુધી એના લક્ષમાં ન આવે ત્યાં સુધી એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય નહિ. મારું પરિણમન નિમિત્તને લઈને, નિમિત્તનું પરિણમન મારા નિમિત્તને લઈને. એટલે બહિર્બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું છે! ગોદિકાજી! ગોદિકાજી કાલે કહેતા કે ઓહો..! આચાર્યોએ જંગલમાં રહીને કેવું કર્યું છે!

મુમુક્ષુ :- ચારે બાજુથી.

ઉત્તર :- ચારે બાજુથી. આહાહા..!

એક કોર ભગવાન આત્મા. એક કોર ગામ અને એક કોર રામ. ભગવાન આત્મરામ પોતાના જ્ઞાનગુણથી તો ભરેલું તત્ત્વ છે. સર્વજ્ઞ સ્વભાવે ભરેલો છે. એ જ્ઞાન વર્તમાન પરિણમે છે. વર્તમાન પરિણમે છે. સમજાય છે? કેવળજ્ઞાન લ્યો. કેવળજ્ઞાન પોતાના ગુણથી ભરેલો છે માટે પરિણમે છે. એ કેવળજ્ઞાન પરિણામને લોકાલોક એને નિમિત્ત છે. પણ લોકાલોકને પરિણમાવતું નથી કેવળજ્ઞાન. તેમ લોકાલોકપણે પોતે પરિણમતો નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પોતે પરિણમતો નથી ને?

ઉત્તર :- પરિણમાવતો નથી. પરિણમતો નથી એ રૂપે, તેને અહીં પરિણમાવતો નથી. પોતે પોતાથી પરિણમે, એ એનાથી પરિણમે.

ભગવાન કેવળજ્ઞાન... જુઓ! અહીં કેવળજ્ઞાન લીધું ને આમાં? મતિ-શ્રુતથી માંડીને બધા પાંચેય જ્ઞાન. એ જ્ઞાનનું પરિણમન પોતે પોતાપણે કેવળજ્ઞાનપણે પરિણમતો, શ્રુતજ્ઞાનપણે પરિણમતો એના જ્ઞાનમાં, કેવળજ્ઞાનમાં, આને નીચા જ્ઞાનમાં જે પ્રકારનું સામે ભીંત આદિ નિમિત્ત છે, પુદ્‌ગલાદિ નિમિત્ત છે અહીં. હો. એના પરિણમતાના કાળમાં એ ત્યાં છે. આના પરિણમતા કાળમાં આ છે. આ જ્ઞાન પર્યાયને તે પરિણમતી કાળ એને નિમિત્ત કહેવાય છે અને આ જ્ઞાનની પર્યાય એને નિમિત્ત કહેવાય છે. એથી કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે અને લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** જોયું! ચૈતન્ય પોતે ઊપજતો થકો. જ્ઞાનના પર્યાયમાં ચેતયિતા ઊપજતો થકો. જ્ઞાનના પર્યાયમાં કાંઈ રાગ ઊપજાવે છે આ જ્ઞાનના પરિણામને અને પોતે ઊપજતો થકો એને લોકાલોક આને ઊપજાવે છે એમ છે નહિ. આ સંહનન છે ને? સંહનન. અંદર વજ્રનારાચ સંઘયણ. એ કેવળજ્ઞાનની પર્યાયે પરિણમતો આત્મા, એ વજ્રનારાચ એ આદિ બધા લોકાલોક નિમિત્ત છે અને એ લોકાલોક અને સંહનનનું પર્યાય

આદિ તેને આ કેવળજ્ઞાન નિમિત્ત છે. એથી કરીને સંહનન જ્ઞાન પરિણમાવ્યું છે અને પોતે પરિણમે છે પોતે સંઘયણનો આધાર લઈને પરિણમે છે કે સંહનનને પોતે પરિણમાવે છે, એ સંઘયણરૂપે પોતે પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? તેથી તો અનંત દ્રવ્યો સિદ્ધ કર્યા. એક કોર જાણનારો સિદ્ધ કરે તે પોતાના પર્યાયપણે પરિણમે છે.

**'ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** કોણ? શરીર, વાણી, મન, રાગાદિ. રાગાદિ શરીરાદિ પોતાના સ્વભાવના પરિણામ વડે, પોતાના ગુણની પર્યાય વડે. શરીર, વાણી આદિ ઊપજતાં **'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને,...'** ચેતયિતા નિમિત્ત છે. એટલે જ્ઞાનનો પર્યાય પરને નિમિત્ત છે. **'પોતાના (-ચેતયિતા-) સ્વભાવથી જાણે છે-'** એ આમ હોવા છતાં પોતાના સ્વભાવથી જાણે છે. એને પોતાના સ્વભાવથી જાણે છે. **'એમ વ્યવહાર કરવામાં આવે છે.'** ઓલામાં નિશ્ચય હતો. પોતે પોતાને જાણે છે ભાઈ! અહીં તો પોતે પોતાના પરિણમન દ્વારા પોતે પોતાને જાણે છે, એને આ પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. સ્વભાવથી જાણે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણ...'** આત્મામાં દર્શનગુણથી ભરેલો આત્મા અને શ્રદ્ધાગુણથી ભરેલો આત્મા છે. એટલે ગુણી ગુણવાળો છે. એટલે ગુણી ગુણસ્વરૂપે છે. ભગવાન આત્મા શ્રદ્ધાગુણ અને દર્શનગુણથી ભરેલો છે. **'એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :- જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી...'** પરરૂપે નહિ થતી અને **'ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી,..'** ધોળી ખડી પરને પોતાપણે નહિ પરિણમાવતી **'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નમિત્ત છે...'** કોને? સફેદાઈ પર્યાયને. ભીંત આદિ પરદ્રવ્ય જેને એટલે સફેદ પર્યાયને. **'એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી,...'** એ ખડી પોતે શ્વેતપણાની પર્યાયપણે ઊપજતી થકી **'ખડી જેને નિમિત્ત છે....'** લ્યો હવે. સફેદ પર્યાય જેને નિમિત્ત છે સામે. **'એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** સામે પોતાના સ્વભાવ પરિણામ વડે ઊપજતાં. આનું નિમિત્ત છે છતાં નિમિત્તપણે ઊપજતા, નિમિત્ત વડે ઊપજતા એમ નહિ. નિમિત્ત વડે ઊપજતા નહિ. આત્મા, શરીર હાલે છે એમાં નિમિત્ત છે. માટે નિમિત્ત વડે ઊપજતો એમાં આ ઊપજે છે એમ નહિ. આ પરિણમવું જે છે આમ આમ થાવું એ. એ તો પોતાના સ્વભાવ વડે ઊપજે છે આમ. સમજાણું કાંઈ? નિમિત્ત તો છે ને? નિમિત્ત વિના થાય?

મડદા કેમ ચાલતા નથી? સમજાણું કાંઈ? એનો એક એક સમયનો એ તો પર્યાય શરીરનો આમ થાય, એને જ્ઞાનનો પર્યાય નિમિત્ત અને આમ આમ થાય તેને આ થાય તે જ્ઞાનના પર્યાયને નિમિત્ત. સફેદની વાત પહેલી લીધી. ખડીની પર્યાય ભીંતપણે નહિ થઈ થકી અને ભીંતની પર્યાય ખડીપણે નહિ થઈ થકી. એકબીજાને એમ કહેવું કે આ શ્વેત કરે છે એ વ્યવહાર છે.

**'ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-'** જોયું! પોતાના સ્વભાવથી ખડીના ગુણથી, પર્યાયથી પરને ધોળી કરે છે એમ વ્યવહાર કરવામાં આવે છે. ખરી રીતે પરને ધોળી કરતી નથી. દુનિયામાં ભાષા તો એમ છે ને. આને જાણ્યું.

**'તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો...'** લ્યો ઠીક! પુદ્‌ગલાદિ, રાગાદિ શરીરાદિના પર્યાયપણે, એના સ્વભાવપણે આ દર્શનગુણથી ભરેલો આત્મા નહિ પરિણમતો. **'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** શ્રદ્ધાગુણની પર્યાયમાં અને દર્શનગુણની પર્યાયમાં પુદ્‌ગલાદિ પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ અને વિકલ્પાદિ નિમિત્ત છે. **'એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** એ તો પોતાની શ્રદ્ધાપણે ઊપજે છે. પોતાના દર્શનગુણપણે ઊપજે, પર્યાયપણે ઊપજે છે.

**'પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** લ્યો, સમજાણું? પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે. કોને? દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતા થકાને. **'ચેતયિતા જેને નિમિત્ત છે...'** હવે રાગને અને શરીરની પર્યાયને, આ દર્શનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય નિમિત્ત છે. **'એવા પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** સામે. શરીરને, વાણીને રાગ પોતાના ભાવપણે થયા થકા પરિણમતા થકા **'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે-'** શ્રદ્ધે છે એ તો ઉપર નાખ્યું. આમાં નથી-ટીકામાં નથી. કહો, સમજાણું કાંઈ?

શ્રદ્ધાગુણથી ભરેલો છે એ તો. હવે એ શ્રદ્ધાગુણનું પરિણમન થયું તે પર્યાય રાગ ને શરીરની પર્યાયને નિમિત્ત છે. અને રાગાદિ શરીરની પર્યાય શ્રદ્ધાપરિણામને નિમિત્ત છે. પણ શ્રદ્ધાપણે પરિણમતો અને પર રાગાદિ પોતાપણે પરિણમતો એ પરવસ્તુ. એ પણે શ્રદ્ધા પર્યાય ન પરિણમતી અને પરને પોતાપણે નહિ પરિણમાવતો એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક હોવા છતાં આને શ્રદ્ધે છે અને દેખે છે એમ કહેવું વ્યવહાર છે. કહો, દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધે

છે, ષટ્ દ્રવ્યને શ્રદ્ધે છે એમ વ્યવહાર છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો એના પરિણામે પરિણમતા છે. આ શ્રદ્ધાગુણ શ્રદ્ધાગુણની પર્યાયે પરિણમતા છે. દેવ-ગુરુ-શાસ્ત્રને આ શ્રદ્ધા પર્યાય નિમિત્ત છે. એને આ શ્રદ્ધાપર્યાય નિમિત્ત છે. વળી પાછી શ્રદ્ધાપર્યાયને એ નિમિત્ત છે માટે .. ઠીક, નિમિત્ત તો છે ને એ. એના પર્યાયને આ શ્રદ્ધા પર્યાય નિમિત્ત છે. આ શ્રદ્ધાની પર્યાયે ત્યાં રહ્યો છે ઈ? શ્રદ્ધાની પર્યાયથી દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાય ત્યાં રહી છે? અને દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાયને લઈને શ્રદ્ધાની પર્યાય થઈ છે? શ્રદ્ધાની પર્યાયે પરિણમતો આત્મા પરદ્રવ્ય તેના પરિણામે પરિણમતા એકબીજાને નિમિત્ત કહેવામાં આવે છે. અને પરને શ્રદ્ધે અને દેખે તેવો વ્યવહાર કરવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? જુઓ ઓલામાં .. હવે અહીં ચારિત્ર શબ્દ આવ્યો. વ્યવહાર છે ને, ચોખ્ખો શબ્દ નાખ્યો છે.

**'વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :-'** હવે ચારિત્ર. આમાં બહુ સમજવા જેવી વાત છે. મોટો ગોટો ઉઠે છે આમાં. એ આમાં લખ્યું છે. પંદર ભેદે સિદ્ધ પહેલું લખ્યું છે એ. .. ગપેગપ માર્યા છે. ઓહોહો..! પહેલો પંદર ભેદે સિદ્ધ છે. જાવ. આહાહા..! અહીં તો કહે છે, ભાઈ! એ અહીં નાખશે આમાં દેખો. કહે છે, જુઓ હવે.

**'એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :- જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** પરદ્રવ્ય ભીંત આદિ સફેદાઈને નિમિત્ત છે. **'એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે...'** સામાને. **'એવા પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે...'** જુઓ હવે આમાં સિદ્ધાંત.

**'જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,...'** ભગવાન આત્મા અને **'પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે...'** પોતે પરના સ્વભાવ-પરના ભાવથી અભાવસ્વરૂપ જ છે. અપોહન શબ્દ. અહીં ચારિત્ર મૂક્યું હતું. ભગવાન આત્મા જ્ઞાનદર્શનથી ભરેલો છે અને તે વીતરાગ સ્વભાવ સ્વરૂપ જ છે. રાગના, વિકલ્પના, શરીરના અભાવસ્વભાવે ભરેલો જ છે. અભાવસ્વભાવે. એના ભાવે નહિ. **'અપોહનસ્વરૂપ સ્વભાવ છે...'** એટલે કે રાગના ત્યાગ સ્વભાવસ્વરૂપ જ છે આત્મા. શરીરના, બાયડી-છોકરાના ત્યાગ સ્વભાવે, એના ત્યાગ સ્વભાવે જ આત્મા છે. એના સહિત ભાવવાળો નથી. સમજાણું કાંઈ?

**'એવો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** શું કહે છે હવે? નગ્ન અવસ્થા મુનિની હોય. સમજાય છે? અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ જેને હોય. સમજાય છે? એવું જે પુદ્ગલાદિ પરિણમન. **'પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** આત્મા પોતાના જ્ઞાનદર્શનથી ભરેલો અને રાગ ને પર પર્યાય શરીરથી અભાવસ્વરૂપ છે. હવે પુદ્ગલના પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો. પુદ્ગલ શબ્દે તે વખતની નગ્ન અવસ્થા, તે વખતના અઠ્યાવીશ મૂળગુણો, તે વખતના હાલવા-ચાલવાની પર્યાય એ **'પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** તે પર રૂપે ચારિત્રવંત પરિણમતો નથી. સમજાય છે કાંઈ?

**'અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** અને નગ્ન અવસ્થાને કે રાગને પોતાપણે પરિણમાવતો નથી. સમજાણું કાંઈ? જુઓ! જે નિમિત્ત હોય તે જ નિમિત્ત હોય એમ સિદ્ધ કરે છે ભાઈ! પેલા કહે કે ચારિત્રમાં પછી વસ્ત્ર-પાત્ર હોય તોપણ મુનિપણું હોય. તને એનું ભાન જ નથી. એને નિમિત્ત કેવું હોય એની ખબર નથી. સમજાણું કાંઈ? જેને ત્રણ કષાયના અભાવસ્વભાવરૂપ પરિણમન થયું છે, એવો જે ચારિત્રગુણવાળો પોતે ચારિત્રની પર્યાયથી વીતરાગભાવ છે, ..ભાવરૂપે પરિણમે છે. એવા પરિણમે છે એ રાગ ને શરીર પર્યાયને પોતાપણે પરિણમાવતો નથી અને રાગને શરીરપણે પોતે પરિણમતો નથી. પણ છે તો એવા નિમિત્ત એવા જ હોય ને. એને બીજા નિમિત્ત ન હોય એમ સિદ્ધ કરે છે અહીં.

મુમુક્ષુ :- નિમિત્ત તો છે એમ કહે છે.

ઉત્તર :- એ છે પણ નિમિત્ત કેવા? કે જે હોય તે તેવા. આમાં લખ્યું છે ભાઈ! જુઓ! આ વેશના આગ્રહની ના પાડી છે ૪૧૨ ગાથામાં. આ સમયસારમાં. ગૃહસ્થનો વેશ છોડવો. વેશ નથી. સમયસાર પણ વેશનો આગ્રહ છોડાવે છે.

મુમુક્ષુ :- આગ્રહ ને.

ઉત્તર :- એ વેશ જ છોડાવે. વેશ આવો નહિ, એમ ગમે તે હોય. અરે..! સાંભળને! એ તો વેશથી મુક્તિ ન થાય એમ. આ રાગ અને નગ્નપણું એ મુક્તિનું કારણ નથી. એ તો પરની પર્યાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે પણ ગડબડ. એવા ગડબડ ગડબડ કરે છે ને. મહાવિદેહમાં કેવળજ્ઞાનપણે બિરાજે છે. ... કોઈ કહે કે દેવલોકમાં ગયા એ ખોટી વાત છે. ભારે. કેમ કે ત્યારે મનુષ્યપણું એ તો એમને ૪૭માં સમકિત થયું, ૪૮માં ક્ષયોપશમ સમકિત હતું ત્યારે ખસી ગયા હતા. એ વખતે મનુષ્ય આયુ બંધાઈ ગયું. પછી ક્ષાયિક સમકિત થયું.

મુમુક્ષુ :- ભારે કરી.

ઉત્તર :- ભારે કરી શું બધું ઘણી ભારે કરી. એય..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ થોડી વાર કહેશે. ૪૮ સાગર. ૪૮ સાગર. પછી ક્ષાયિક સમકિત.

મુમુક્ષુ :- .. ક્ષાયિક થયું.

ઉત્તર :- પછી થયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે ને શાસ્ત્રમાં. ક્ષાયિક બંધાઈ તો જાય મનુષ્યપણામાં. પણ આમાં ન જાય. પણ અહીં ક્ષાયિક થાય જ નહિ પહેલી વાત જ. એણે કીધું. કોઈ ના પાડે છે ખોટી વાત છે. પ્રત્યક્ષ સિદ્ધ થઈ ગયેલી વાત છે ખોટી છે. ઠીક! પછી એવું વાંચેલું. બેયની મેળવીને નાખે ગપેગપ. લાવ્યા હતા ને, ભાઈ ચંદુભાઈ લાવ્યા હતા. કહો, સમજાણું?

જુઓ! અહીં આચાર્ય મહારાજ એ સિદ્ધ કરવા માગે છે કે જ્યાં આત્માને ચારિત્રગુણથી ભરેલો ભગવાન આમ પરિણમ્યો છે ચારિત્રપણે, ત્યારે તેને જે રાગ છે અઠ્યાવીસ મૂળગુણનો અને નગ્ન શરીર છે પુદ્ગલાદિ તે, તે પણે ચારિત્ર પરિણમનારો તે પણે નહિ પરિણમતો અને રાગ ને શરીરને પોતાપણે નહિ પરિણમાવતો પણ પોતાની ચારિત્ર પર્યાયમાં એ રાગ જે વિકલ્પ છે, નગ્નપણું એ નિમિત્ત હોય છે. નિમિત્ત હોવા છતાં નિમિત્તપણે પરિણમતો નથી, નિમિત્તને પરિણમાવતો નથી. કહો. નગ્ન દશાને પરિણમાવતો નથી એમ કહે છે. પેલા કહે, જુઓ એ છોડે, કપડા છોડે, આમ થાય, તેમ થાય, કપડા છોડે, ચારિત્રપણાને મુનિ કહેવાય. એનો અધિકાર છે. એક વળી એમ કહેતા હતા. ઉદયપુરના ચાંદમલજી. અરે.. ભગવાન!

અહીં તો શું કહે છે? જુઓ! આ તો એ સિદ્ધ કરે છે અહીંયાં કે '**પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' કોને? ચારિત્રવંતને. ચારિત્ર જે અંતર વીતરાગપણે પરિણમેલી દશા છે તેને જે પ્રકારનો રાગ અને નગ્ન આદિ શરીરની પર્યાય તે તો નિમિત્ત કહેવાય છે. '**એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર-અપોહનાત્મક...**' લ્યો! સમજાણું? '**પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' એટલે '**પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર-અપોહનાત્મક (-પરના ત્યાગસ્વરૂપ) સ્વભાવના પરિણામ વડે...**' પોતાના વીતરાગ પરિણામ વડે આત્મા ઊપજતો થકો. વીતરાગ પરિણામ વડે ઊપજતો થકો. ઓલા રાગ અઠ્યાવીશ મૂળગુણ છે અને નગ્ન દશા છે એ વડે ઊપજતો થકો નહિ. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

ચારિત્રની પર્યાયપણે પરિણમતો. કેમ કે રાગના અભાવસ્વભાવરૂપ છે તો પરિણમતો પોતે, એ ચારિત્રપર્યાયપણે પરિણમતો. તેને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો કે શરીરની જે પર્યાય નગ્ન તે આને નિમિત્ત છે. પણ તે નિમિત્તપણે નહિ પરિણમતો અને નિમિત્તને અહીં નહિ પરિણમાવતો પોતાની નિર્મળ વીતરાગ પર્યાયમાં રાગને અને પરને નહિ પરિણમાવતો. સમજાણું કાંઈ? એ અહીં સિદ્ધ કરે છે. ગમે તેવું નિમિત્ત હોય એમ ન હોય. કેવળજ્ઞાનનું લોકાલોક જ નિમિત્ત હોય. ગતિમાં ધર્માસ્તિકાય જ નિમિત્ત હોય. એમ ચારિત્રની પર્યાયમાં એ નગ્ન દશા અને વિકલ્પ જ નિમિત્ત હોય, બીજો નિમિત્ત હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરે છે. છતાં નિમિત્ત છે માટે અહીં પરિણમન છે એમ નથી. અને અહીં પરિણમન છે માટે નિમિત્ત એ રીતે આવીને પરિણમ્યું છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માફક છે. ગોદિકાને રસ છે ને. દર્પણની માફક છે, આ બધું ચોખ્ખું બતાવે છે. સમજે તો ને. કહો, સમજાણું આમાં? એ પંદર ભેદે સિદ્ધ એ વાત ખોટી છે. ભગવાનના માર્ગમાં એ નથી.

જે જાતનું નિમિત્ત હોય તે જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત હોય નહિ. ગતિ કરવામાં ધર્માસ્તિનું નિમિત્ત (હોય). છતાં તે નિમિત્ત અહીં ગતિ કરનારને પરિણમાવતું નથી, ગતિ કરનાર નિમિત્તને પરિણમાવતું નથી. છતાં અરસપરસ નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! આ તો વીતરાગનો અનાદિઅનંત સળંગ સીધો માર્ગ છે. એમાં ક્યાંય આડુઅવળું નાખે.. એક ન્યાય ફરે તો આખું ... ફરી જાય. રાજમાર્ગ છે. સમજાણું? બેય સંપ્રદાય એમ કે વેશને માનતા નથી. બેય સંપ્રદાયથી વાત નીકળે છે. નીકળ્યા. આહાહા..! ખોટે ખોટી વાત તદ્દન. કુંદકુંદાચાર્ય જે કહે છે તેનાથી તદ્દન વિરુદ્ધ. વળી કહે કે કુંદકુંદાચાર્યને માનવા, કુંદકુંદાચાર્ય આવા હતા આવા હતા.

કહે છે, '**પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' કોને? '**એવા પોતાના...**' ચારિત્ર સ્વભાવના પરિણામ વડે ઊપજતો ચેતયિતા તેને. એવું જ નિમિત્ત હોય. છતાં તે નિમિત્તને કારણે અહીં પરિણમન છે એમ નથી અને આ પરિણમન નિમિત્તને પરિણમાવે છે, લાવે છે, નગ્નપણું કરે છે આ ચૈતન્યના ચારિત્ર પરિણામ એમ નથી. સમજાણું કાંઈ? ગૃહસ્થવેશમાં પણ કેવળજ્ઞાન થાય, મુનિપણું હોય એ જૂઠું ઠરાવે છે અહીં. એમ હોઈ શકે નહિ. એમ કે કેવળજ્ઞાન થયા પછી પણ જ્યારે વંદન... પ્રશ્ન મૂક્યો છે. કેવળજ્ઞાન થાય તો વંદન નથી કરતા, ભેખ આપે ત્યારે વંદન કરે છે દેવ. એ વાત લીધી. .. નું નાખ્યું. .. પુત્રને કેવળ થયું. માતા-પિતાના ઘરમાં માતા-પિતાની આજ્ઞાથી ઘરમાં રહ્યા. બે મુનિઓ આવ્યા. એણે

ઉપદેશ આપ્યો .. બેને કેવળજ્ઞાન થઈ ગયું. .. જામનગરવાળાએ. હવે એક મિનિટ અત્યારે વખત નથી, કીધું. પછી કહેજો, તમતમારે નિરાંતે કહેજો. ... સમજાણું કાંઈ? અરે..! ભગવાન શું કરે છે? આહાહા..! કહે છે.. અપ્રમત્તયોગી હતા. ચારિત્ર.. યોગપ્રધાન પુરુષ હતા. પછી નિયમસારનું નાખ્યું છે. ઓલામાં પણ આવ્યું છે હોં વલ્લભદાસમાં. નિયમસારનું વાંચ્યું ને. એમ કે આપણે જડ છીએ કે વીતરાગ અને યોગીઓમાં ફેર માનીએ છીએ. પણ એ તો મુનિપણાની અને વીતરાગની વાત છે. ગૃહસ્થાશ્રમનું સમકિત અને ઓલાની વાત એની સાથે સંબંધ ક્યા છે? ક્યાંકનું ક્યાક મારે. એણે લગાવ્યું.. એણે લગાવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હશે. એ તો આમાં છે. એમાં નાખ્યું છે. નહિ? ... નાખ્યું છે. આહાહા..! ભગવાન! શું કરે છો? બાપુ! માર્ગ તો ત્રણ કાળનો જે છે એ છે. એમાં ક્યાંય ફેરફાર તું કરવા માગ તો થાય એવો નથી. આહાહા..! વસ્તુસ્થિતિ એવી છે.

ભગવાન આત્મા,.. કહે છે કે જ્યારે ચારિત્રપણાના પરિણામે પરિણમે, વીતરાગપર્યાયે આત્મા પરિણમે એ ચારિત્ર. ત્યારે એ ચારિત્રની પર્યાય રાગને પરિણમાવતી નથી એમ કહે છે અહીં. નગ્ન દશાને કરતી નથી એ. સમજાય છે કાંઈ? ભાષા બોલાય એને એ નગ્ન દશા કરતી નથી. પણ એ ચારિત્રપર્યાય એ શરીરની પર્યાય, રાગની પર્યાયને નિમિત્ત કહેવામાં આવે છે. એને. અને આ ચારિત્રપર્યાયે પરિણમતો ઓલો એની પણે પરિણમતાને આ નિમિત્ત કહેવાય છે, આને આ પરિણમતાને આ નિમિત્ત કહેવાય છે. છતાં એકબીજાને કારણે છે કે એકબીજાને કારણે થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એય..! જગજીવનભાઈ! આમાં કાંઈ રહેતું નથી વાડાનું. એમ કહે છે. એય..! કાંતિભાઈ! એ ખોટું છે.

અહીં તો કહે છે કે જ્યાં ચારિત્રપર્યાય હોય ત્યાં ત્યાં નવ કોટીનો ત્યાગ છે એટલે તેને તે પ્રકારના કાયાથી કરણ, કરાવવાનો વિકલ્પ ત્યાગ છે એટલે એને કાયાથી વસ્ત્ર રાખવાનો વિકલ્પ હોઈ શકે નહિ. એ વસ્તુ એમ છે. પુદ્ગલ દ્રવ્યની પર્યાય જ એવી ત્યાં હોય છે. નગ્ન દશા થઈ જાય સહજ. ભારે! એને વિકલ્પ આવ્યો કે આ વસ્ત્ર છોડું, એ વિકલ્પ છે એનો એ કર્તા નથી. જ્ઞાની વિકલ્પપણે પરિણમ્યો જ નથી. આહાહા..! તો પછી વસ્ત્રને આમ છોડે અને આ કરે એ રૂપે તો આત્મામાં છે નહિ. આહાહા..! બહુ વાત ભાઈ!

કહે છે, જુઓ હવે આ કોની સાથે સંબંધ કીધો? પુદ્ગલ .. નિમિત્ત આવ્યું, નૈમિત્તિક આવ્યું. ઓલા કર્મ ને શરીર નિમિત્ત છે અને આત્માનો વિકાર નૈમિત્તિક છે. બીજા બધામાં નિમિત્ત નૈમિત્તિક નથી. તો અહીં શું કહે છે આ બધું? આખી દુનિયા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઠરાવે છે. .. બધું આવ્યું. સર્વ દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કોઈ કોઈને

કારણે કોઈ પરિણમન નથી અને કોઈ કોઈને કારણે કોઈ ટક્યું નથી, થયું નથી. સમજાણું કાંઈ? ત્યારે નિમિત્ત કહેવાય. કોઈ કારણે કોઈ થાય તો એ નિમિત્ત ક્યાં થયું? એ તો ઉપાદાન થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ આ છે. આડુઅવળું કરવા જાશે તો પીલાશે ઊંધી માન્યતામાં.

મુમુક્ષુ :- ગડબડ કાંઈ ચાલે એવું નથી.

ઉત્તર :- ચાલે એવું નથી. માર્ગ પરમાત્માનો નહિ પણ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. પરમાત્માએ તો જાણ્યું એ કહ્યું છે. એણે ક્યાં પરમાત્માએ કર્યું છે.

આત્મા રાગના અને શરીરના... એવો જ આત્મા ચારિત્ર સંપન્ન વીતરાગ સ્વભાવે છે. હવે એ વીતરાગ શક્તિરૂપે છે એ પરિણમન વીતરાગ પર્યાય થઈ એ ચારિત્ર. સમજાય છે? એ દ્રવ્યને લક્ષે. એકાગ્ર થવાથી વીતરાગ પર્યાય થઈ. એ ચેતયિતા પરિણમ્યો ચારિત્રપણે. ત્યારે તે ચારિત્ર પર્યાય શરીરની પર્યાયને પરિણમાવતી નથી, નગ્નપણું કરતી નથી, રાગના વિકલ્પને કરતી નથી અને એ રાગને, શરીરને પોતાની ચારિત્રપર્યાયપણે પરિણમાવતી નથી. અને ચારિત્રપર્યાય એ રાગ અને શરીરની પર્યાયને નિમિત્ત છે. એને નિમિત્ત છે. એ રાગ અને શરીરની પર્યાય ચારિત્રને નિમિત્ત છે. જુઓ! છે ને એમાં? સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! શું છે આમાં? આમાં ઓલા પંદર ભેદ નથી રહેતા. ગમે તેવું લિંગ હોય તો કેવળ થાય એમ વીતરાગ માર્ગમાં નથી. આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય પોકારે છે, અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છે અને એનો અર્થ આ સ્પષ્ટ થાય છે. સમજાણું કાંઈ? એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે જ્યાં ચારિત્રનું પરિણમન હોય ત્યાં નગ્ન દશા અને વિકલ્પ અઠ્યાવીશ મૂળગુણના એવા જ હોય. અને તે વિકલ્પ અને શરીરની પર્યાયના ચારિત્રની પર્યાય આમ નિમિત્ત કહેવામાં આવે. આમ તો નિમિત્ત ઠીક. એ તો હજી લોકો ઠીક માને છે ભાઈ. આમ નિમિત્ત છે. ચારિત્રની પર્યાય શરીરની પર્યાયને નિમિત્ત છે. છતાં ચારિત્રની પર્યાય શરીરને નગ્નપણું કરતી નથી અને નગ્નપણાની પર્યાય ચારિત્રમાં લાવતી નથી. ચારિત્રની પર્યાય ભિન્ન રહીને પોતે પરને નિમિત્ત થાય છે અને પર આને નિમિત્ત થાય છે. એવો વ્યવહાર કરવામાં આવે છે. નિશ્ચયમાં તે કાઢી નાખ્યો છે. આહાહા..! કહો, સમજાય છે? વ્યવહાર પહેલો નિશ્ચય પછીની વસ્તુ ક્યાં હતી? એકેક વાત જ ખોટી બધી. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અહીં તો કીધું કે વ્યવહારનો વિકલ્પ છે એ ચારિત્રની પર્યાયને નિમિત્ત છે અને એને આ નિમિત્ત છે. એમાં પહેલા-પછી આવ્યું ક્યાં? ત્યારે કહે, પહેલા પંચ મહાવ્રતના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પ આવે, નગ્નપણું પહેલું આવે પછી ભાવલિંગ આવે. પણ એ પહેલું જ નથી. ભાવલિંગ થયું ત્યારના શરીરની નગ્ન (દશા) અને વિકલ્પને નિમિત્ત કહેવામાં આવે છે. એ વિના ક્યાંથી કહેવામાં આવે? આહાહા..! એય..! જેઠાલાલભાઈ! પક્ષની વાત નથી હોં! સ્વરૂપ જ એવું છે. એમ કહે છે કે એ તો દિંગબર પક્ષમાં આવું હોય. બીજા પક્ષમાં તો વસ્ત્ર સહિત કેવળ પામે. ..પુત્ર ઘરમાં રહ્યા કેવળ પામ્યા. કહ્યું છે લ્યો આમાં. એય..! એવું ક્યાંક છે. લ્યો કહો. પછી આવ્યું છે એ તો કહે. વ્રતમાં.. તત્કાલિન ..પુત્ર કેવળી કે જેઓ કેવળજ્ઞાની થતાં માતા-પિતાના અનુગ્રહ અર્થે ઘરમાં રહ્યા હતા.

મુમુક્ષુ :- એના અનુગ્રહથી.

ઉત્તર :- અનુગ્રહથી. કાળા કેર છે ને. તેમની સમીપ આવ્યા ત્યારે મુનિઓ બે આવ્યા. ત્યારે તેમને જોઈને કેવળી ભગવંતે પ્રથમ દેશના કરી. ..પુત્રને ઉપદેશ આપ્યો. માતા-પિતા અંદર ઘરમાં રહ્યા. બીજા મુનિ આવ્યા.

મુમુક્ષુ :- ઘરમાં બેઠા બેઠા ઉપદેશ આપ્યો?

ઉત્તર :- હા. મહાવિદેહના ઈશ્વર નામના તીર્થંકરદેવના પ્રત્યુત્તરથી .. બે ચારણલબ્ધિધારી મુનિઓ આકાશગમન વડે ભરતમાના તત્કાલીન ..પુત્ર કેવળી જેઓ કેવળજ્ઞાની થતાં માતા-પિતાના અનુગ્રહ વડે ઘરમાં રહ્યા હતા. તેમની સમીપ આવ્યા ત્યારે તેમને જેમ કેવળી ભગવંતે પ્રથમ દેશના પ્રકાશી. કેવળ થયું હતું પણ દેશના થઈ નહોતી. માતા-પિતાએ કહ્યું હજી ઘરમાં હતા. આહાહા..! સાંભળતા સાંભળતા તે બંને મુનિઓ કેવળજ્ઞાન પામ્યા. જેમ તેમ તેમના નિમિત્તે જ્ઞાનીની દૃષ્ટિએ તરવું નિયત હોય તેમના જ આશ્રયે તરે. એવો સિદ્ધાંત ઠરે છે. ..પુત્રને કેવળ થયું ઘરમાં, માતા-પિતાએ કર્યું. ભારે વાત પણ. આ તે ગજબ વાત છે ને. આમાં તો ઓલું નથી નાખ્યું. નહિતર વાર્તામાં તો એવું આવે છે કે જરી શાક કરતા હતા શાક. છરો હાથ નહોતો આવતો. છરી. કેવળીએ કહ્યું પાછળથી. શું કહેવાય ઓલી? કોઠીની પાછળથી. કેવળીને કોઠીની પાછળ એવી વાણી હશે, કેવળી ઘરમાં રહેતા હશે. અરે.. ભગવાન! શું કરે છે આ? આખા તત્ત્વને કચરડી, મચરડીને ભૂક્કો કરે છે એના આત્માને. ભાઈ! એવો માર્ગ નથી. વસ્તુ એમ નથી. બેને એકપણું મનાવવા જતાં આખું તત્ત્વ ઊડી જાય છે. સમજાણું કાંઈ? ગમે તે વેશે અને ગમે તે કારણે કેવળજ્ઞાન થઈ જાય (એમ ન હોય). નાચતા-નાચતા થયું, ખાતા-પિતા થયું, ફલાણું થયું, ફલાણું થયું. કહો.

અરે..! ભગવાન! અહીં તો કહે છે કે ભાઈ! જ્યારે આત્મા ચારિત્રની પર્યાયે પરિણમે ત્યારે શરીરની નગ્ન અવસ્થાને નહિ કરતું થકું-ચારિત્ર અને નગ્ન અવસ્થાપણે પોતે નહિ થયું થકું. અને નગ્ન અવસ્થાને ચારિત્ર પર્યાય નિમિત્ત હોવા છતાં અને નગ્ન દશા તે આને નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોવા છતાં એકબીજાને આને ત્યાગે છે એમ કહેવું એ વ્યવહાર છે ભાષાનો. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞોએ અનંત કેવળીના પ્રવાહે આવેલો આ માર્ગ છે. ગૃહસ્થાશ્રમમાં રહીને કેવળ પામે અને ગૃહસ્થાશ્રમમાં અપ્રમત્તપણું સાતમું ગુણસ્થાન આવે એ વાત ત્રણ કાળમાં બને નહિ. એમ કહેવા માગે છે આ. સમજાણું કાંઈ? બાવાનો ભેખ હોય ને કેવળ થઈ જાય. એમ કે પંદર ભેદે સિદ્ધ ગમે તે રીતે થાય. આપણે તો સંપ્રદાય ચૂક્યા છીએ. 'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે.' લ્યો એક જણે એવો અર્થ કર્યો હતો. કે દર્શનમોહ કોઈપણ દર્શનનો મોહ છૂટી જવો જોઈએ. આ સાચા-ખોટા (એમ નહિ), બધા દર્શન. 'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ.' (સંવત) ૧૯૭૭ની સાલમાં. ૭૭ની વાત છે. ૭૭. કેટલા વર્ષ થયા? ૪૬. અરે..! ભગવાન! એ શ્રીમદ્‌ના માનનારાઓને એટલા ગોટા. આ ..ભાઈ કહેતા હતા લ્યો ભાઈ! 'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ.' શું અર્થ? કીધું. કે કોઈપણ દર્શનનો આગ્રહ રહેવો ન જોઈએ. અહીં એ વાત નથી. આહાહા..! આ તો મિથ્યાશ્રદ્ધાને વ્યતીત કરીને જેને આત્મજ્ઞાન, દર્શન થયું છે એની વાત છે. એને બેસે નહિ. એ લોકો એવા પક્કડમાં આવી ગયા હોય છે ને કે તત્ત્વ શું છે, વીતરાગનો માર્ગ શું છે એ કાંઈ વિચારવાને અવકાશ જ નથી. સમજાણું?

**'પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** પહેલું એ લીધું છે હોં! એટલે નગ્નપણું, અઠ્યાવીશ મૂળગણ ચારિત્રપર્યાયને નિમિત્ત છે, પણ ચારિત્ર પર્યાય રાગપણે અને શરીરપણે પરિણમતી નથી. એના પણે પરિણમતી નથી તો એને અહીં પરિણમાવતી નથી. પરિણમે છે સૌ સૌને કારણે. અને **'પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર-અપોહનાત્મક સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** નગ્નપણું અને રાગપણું એના ભાવે ઊપજતા થકા. એને ચેતયિતા ચારિત્ર પરિણામ નિમિત્ત છે. **'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.'** વ્યવહાર કહેવામાં આવે છે. છૂટેલું જ પડ્યું છે એમ કહે છે. પણ એકબીજાને નિમિત્ત છે એટલે છોડે છે એમ કહેવામાં આવે છે. વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. પોતપોતાના (કારણે) પરિણમે છે. એ એને કારણે પરિણમે છે. એવું વસ્તુનું સ્વરૂપ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માગશર સુદ ૩, સોમવાર તા. ૪-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૧૬**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ત્યાં સુધી આવી ગયું. જુઓ! '**સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એમ વ્યવહાર કહેવામાં આવે છે.**' છે ને? શું કહ્યું? કે આ આત્મા જે છે.. અહીં ચારિત્રનો છેલ્લો અધિકાર અને એનું સાથે આવ્યું. આત્મા છે એ શુદ્ધ દર્શનજ્ઞાન સહિત છે અને રાગાદિ સ્વભાવ રહિત છે. એટલે એનો અર્થ થયો કે શુદ્ધ સ્વભાવ સહિત છે. સમજાણું કાંઈ? આ આત્મા જે વસ્તુ છે એનો જ્ઞાનદર્શન સ્વભાવ છે પૂર્ણ. ભરેલો એટલે પૂર્ણ. તેમ પુણ્ય-પાપના રાગના અભાવસ્વભાવસ્વરૂપ છે. રાગના ત્યાગ. તેનો અભાવ. રાગનું છોડવું એનામાં નથી. કારણ કે રાગના અભાવસ્વભાવસ્વરૂપ જ એ વસ્તુ છે. સમજાણું? એવો આત્મા રાગને છોડે છે અથવા રાગ તેને નિમિત્ત છે અને છોડે છે એમ કહેવું એ બધું વ્યવહાર છે એમ કહે છે. કઈ રીતે? કે આત્મા પોતાના ચારિત્ર પર્યાયપણે પરિણમે છે ત્યારે તેને અંદર રાગ, પંચ મહાવ્રતાદિનો કે એવો જે વિકલ્પ છે તે નિમિત્ત છે. સમજાણું? અને એ નિમિત્તને આ ચારિત્ર પર્યાય નિમિત્ત છે.

મુમુક્ષુ :- આને આ નિમિત્ત અને આને આ નિમિત્ત.

ઉત્તર :- આને આ નિમિત્ત છે અને આને આ નિમિત્ત છે.

મુમુક્ષુ :- પરસ્પર?

ઉત્તર :- પરસ્પર. એમ નહિ કે આ નિમિત્ત છે રાગાદિ પંચ મહાવ્રત પરિણામ અને દેહની નગ્ન દશા તે નિમિત્ત અહીં છે એટલું નથી. આ સ્વતંત્ર શરીરની અવસ્થા નગ્ન આદિ થાય અને રાગાદિ થાય એ આત્માના સ્વભાવની અંતર સન્મુખની દૃષ્ટિના પરિણમનમાં, ચારિત્ર પરિણમનની પર્યાયમાં એ રાગાદિને નિમિત્ત કહેવાય છે. એને આ ચારિત્ર પર્યાય નિમિત્ત કહેવાય છે. છતાં, નિમિત્ત-નૈમિત્તિક હોવા છતાં ચારિત્રની પર્યાય તે રાગને પરિણમાવતી નથી, શરીરની પર્યાયને પરિણમાવતી નથી અને ચારિત્ર પર્યાય તે રાગને પોતા રૂપે લાવતી અને પરિણમાવતી નથી. સમજાણું કાંઈ?

અને આત્મા જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદસ્વરૂપ (છે) એવી આનંદ ચારિત્રની પરિણતિ થતાં તે નિશ્ચય છે. નિશ્ચય વ્યવહાર છે ને આ? ત્યારે તેને અંદર અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો અને નગ્ન દશા તે વ્યવહાર છે, નિમિત્ત છે. એમ કહેતા નિશ્ચય અને વ્યવહાર બે સાથે છે એમ કહ્યું. વ્યવહાર છે માટે નિશ્ચય છે એમ નથી. તેમ નિશ્ચય છે માટે વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમ પણ નથી. સમજાણું કાંઈ? બે છે એમાં પછી આને લઈને આ છે અને આને લઈને આ છે એમ છે નહિ. ભારે વાત!

આ કહે છે ને કે પહેલો વ્યવહાર આવે. જો મુનિને સમ્યગ્દર્શન પહેલું હોય આત્મભાન. જ્યારે મુનિપણું લેવા જાય ગુરુ પાસે ત્યારે પંચ મહાવ્રત અંગીકાર કરે. ત્યારે પંચમ ગુણસ્થાનમાં કે ચોથામાં હોય છે. જુઓ! ત્યારે પહેલા નગ્ન દશા થાય. પણ એ થઈ છે એ નિમિત્ત આને ન કહેવાય. એ તો એ વખતે પંચમ ગુણસ્થાનની દશામાં એ જાતની અવસ્થા થઈ. એને વિકલ્પનું છૂટવું અને આનું થવું એ નિમિત્ત ખરેખર તો ચારિત્રદશામાં થાય. પહેલા શું? પહેલા એવો વ્યવહાર હોય પણ એ ખરેખર છઠ્ઠા ગુણસ્થાનનો ચારિત્રનો એ વ્યવહાર નથી. સમજાણું કાંઈ?

અહીં તો વ્યવહાર સાથે હોય એને વ્યવહાર કહે છે. આત્મા પોતાના આનંદ સ્વરૂપમાં આરૂઢ (થાય છે). અહીં ચારિત્ર છે. આનંદનું પછી લેશે. એમાં આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનદર્શનથી ભરેલો એને પકડીને સ્થિર થાય એવી આત્માની પવિત્ર આનંદ દશા જે મોક્ષનું કારણ. આનંદ પૂર્ણમાં આનંદનું કારણ એવી આત્માની પર્યાય તે નિશ્ચય છે. તે કાળે તેને અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ આદિ સાધુની નગ્ન દશા નિમિત્ત હોય. પણ એ નિમિત્ત છે માટે આ દશા છે એમ નથી. આ દશા છે માટે અહીં નિમિત્તને આવું થવું પડ્યું છે, થવું પડ્યું છે એમ નથી. છે ખરું. સમજાણું કાંઈ? વજુભાઈ!

મુમુક્ષુ :- નગ્ન થાવું પડ્યું એમ નહિ?

ઉત્તર :- નગ્ન થવું પડ્યું શરીરને, આવું છે માટે, એમ પણ નહિ. એમ અહીં તો છે વાત. આહાહા..! આમાં તો ઘણું સ્પષ્ટ કરી નાખ્યું છે. સમજાણું કાંઈ?

જ્ઞાનદર્શનથી વાત ઉપાડી છે કે નહિ? જ્ઞાનસ્વરૂપ છે આત્મા એ પોતાને જાણે છે. જાણે છે. ત્યારે પર જણાય છે એમ જે કહેવું, રાગાદિ અને પર જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. અને તે પણ પરને જાણતા, પરરૂપ થઈને જાણતો નથી. પરને પોતામાં લાવીને જાણતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે પોતારૂપે એને પરિણમાવતો નથી. એમ. પોતે એને પરિણમાવતો નથી અને (એ) અહીં પરિણમાવતો નથી. ભારે ઝીણું ભાઈ આ. સમજાય છે કાંઈ? કેમ કે જ્ઞાનગુણથી ભરેલું તો તત્ત્વ છે આ. ચૈતન્યનો આખો... સમજાય છે? ખાણ છે. એનું આમ પરિણમન થયું અંતર સ્વના લક્ષે, ત્યારે જ્ઞાનની જે અવસ્થા થઈ એ અવસ્થા નિશ્ચય છે. તે કાળે એને જાણવાયોગ્ય વ્યવહારે રાગ, શરીરાદિ અવસ્થા તે જાણવા યોગ્ય જ્ઞેય છે. છે એ જ્ઞેય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ જ્ઞેય છે માટે અહીં જ્ઞાનની પર્યાય છે એમ નહિ. જ્ઞાનની પર્યાય છે માટે ત્યાં જ્ઞેય છે એમ નથી. આહાહા..! ભારે ભાઈ, આ માર્ગ એનો એવો ઝીણો છે ને. એનો એટલે ભગવાનનો. ભગવાનનો એટલે આત્માનો. એમ. સમજાણું?

એમ જ્યારે આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે ત્યારે તેને રાગાદિ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ તેને નિમિત્ત હોય છે. પણ નિમિત્ત આ છે માટે ત્યાં નિમિત્ત છે એમ નથી. અને એ નિમિત્ત છે માટે અહીં શ્રદ્ધાની પર્યાય, દેખવાની પર્યાય છે એમ પણ નથી. તેમ આગળ-પાછળ છે એમ પણ નથી. તેમ એક સમય સાથે છે માટે આને લઈને આ અને આને લઈને આ એમ પણ નથી. આહાહા..! એટલો તો ખુલાસો કર્યો છે. પરને પરિણમાવતો નથી અને પરરૂપે પોતે પરિણમતો નથી. સમજાણું કાંઈ? કોણ આમાં પડે? એય.. ભીખાભાઈ! આહાહા..!

ચારિત્ર હોય છે.. હવે ચારિત્ર. આત્મામાં ચારિત્રની પર્યાય વીતરાગી પર્યાય હોય છે. વસ્તુના આશ્રયે પરિણમતા ચારિત્ર પર્યાય હોય છે અને નિમિત્તરૂપે પંચ મહાવ્રતના વિકલ્પો, શરીરની નગ્ન દશા, વાણીની અવસ્થા જે થવા રૂપ એવા એને હોય ભલે, પણ એ અહીં ચારિત્રદશા માટે આમ છે અને એ નિમિત્ત છે માટે ચારિત્ર દશા છે એમ નથી કે નિમિત્તને લઈને અહીં પરિણમન કર્યું છે એમ નથી. કે નૈમિત્તિકને લઈને નિમિત્તને પરિણમવું પડ્યું છે એમ નથી. ભારે માર્ગ ભાઈ! સમજાણું? એનું નામ નગ્ન દશા હો.

આજ તો વળી એક લેખ આવ્યો છે અમર ભારતીમાં. હવે તો બધો ખીચડો નાખે છે. ઓલા .. કેવળ થયું ને? આવે છે. માથામાં મારે છે. કેવળજ્ઞાન થઈ ગયું. સાંભળ્યું છે તમે જેઠાલાલભાઈ? ગુરુએ. ઓલી ગુરુના તો પગ દાબતી હતી. એને કેવળ થયું. આપણે કથા વાંચેલી નહિ. આ જરી કથા આમાં આવી છે વધારે. સાધુ એક હતા સાધુ. જુઓ એ કથા! સાધુ હતા શાંત બેઠેલા બિચારા. એમાં જુવાનિયા નીકળી પડેલા. એક લગન કરેલો છોકરો જુવાન છોકરો. અને બીજા બધા નીકળ્યા જુવાન. આ બધી વાત આપણે સાંભળેલી. ઓલું ડંડો માર્યું એવું સાંભળેલું. પણ આ તો અમર ભારતીમાં વિગત આવી છે. સાધુ બેઠા હતા એમાં આવ્યા જુવાન છોકરા આવ્યા. એમાં એક તો પરણેલો તાજો. આવીને બધા મશ્કરીએ ચડી ગયા મજાક સાધુની. આ સંસારમાં કાંઈ નથી, હોં! એ કરતા અમારે ભીખ માંગીને ખાવું એમાં સારું. આ તો દુઃખ છે બહુ. મજાક કરવા (કહ્યું). માટે અમને દીક્ષા આપો. એય..! ન્યાલભાઈ!

પેલા કહે, ભાઈ! હું તો દીક્ષા નથી આપતો. ઓલા બીજા ગુરુ બેઠા જુઓ ઓલી કોર ત્યાં. એ ક્રોધી બહુ હતા. બીજા ગુરુ ક્રોધી હતા. આ મજાક કરે છે. ગુરુ ક્રોધી બેઠા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતા ત્યાં એની પાસે જાવ. ત્યાં ગયા. મહારાજ! આ સંસારમાં કાંઈ નથી. બહુ મહેનતનું કામ આ મહેનત. એ કરતા માગી ખાવું અને સાધુ થાવું એ સારું. મજાક કરી. માટે અમને દીક્ષા આપો. અચ્છા ભૈયા. એને ક્રોધ તો થઈ ગયો પણ... રાખ લઈ આવ્યો. ભૂત કરવા હોય ને? રાખ-રાખ. ઓલો છોકરો રાખ લેવા જાય. મજાક ક્યાં ત્યાં કરવા જાય છે. લાવ્યા અને ઓલો જે તાજો પરણેલો હતો ને તરતનો એને બે ગોઠણ વચ્ચે બેસાડી માથું રાખીને વાળ ખેંચ્યા. લોંચ કર્યો લોંચ. હાય.. હાય.. હવે ઓલો લઠ જેવો સાધુ હતો તો પેલા કાંઈ કરી શકે નહિ. મૂકી શકે નહિ. એ કહે, કરવા દ્યો. આપણે વયા જશું. લોંચ કર્યો. હવે? હવે પણ આમાં જાવું શી રીતે મારે આમાં? લોચ કરેલો, માથા મુંડીયો, ઘરે બાયડી આવેલી હજી છે. માથે મુંડો. હવે વૃત્તિ વાળી લ્યો. આપણે સાચા સાધુ થયા છીએ ભાઈ! હવે અમારે કાંઈ નહિ. જાવ. અમે અંતરમાં સાધુ થયા છીએ. ઓલા બધા વયા ગયા. રહ્યા બે. અંધારું થઈ ગયું. એટલે કહે, મહારાજ! ઓલો શિષ્ય કહે છે. ખબર પડશે મારા મા-બાપને અન હમણા મારશે હોં. તમને અને મને બેયને હેરાન કરશે. ત્યારે શું કરવું? આ બધી વાત આવે. હોં! ખબર નથી પડી. ત્યારે શું કરવું? આપણે ભાગો અત્યારે અહીંથી અંધારે. હવે અંધારે રસ્તો મેં દેખ્યો નથી. આંખ મારી કાચી છે. ગુરુ કહે. એ બધું (કહ્યું) હું જોઈ આવું પહેલા રસ્તો. મને આંખ સારી છે ને જોઈ આવું. કહે, તું જોઈ આવ્યો? કહે હા ચાલો. ચાલતા... ચાલતા.. જરીક પગ ગુરુનો .. પડી પણ જાય ઓલો થઈ જાય. અરે..! જોતો નથી? હજી ખાડા નથી. હજી તો ઓલું ચાલે છે. બેય ચાલે છે. પણ આવો માર્ગ જોઈ આવ્યો? મહારાજ! મેં જોયો તો ખરો. પણ તમને સૂઝે નહિ એટલે પડી જાય છે. આ રીતે તો રાત મારે નહિ જાય શી રીતે? ચડો મારે માથે. આવો. માથે ચડાવ્યા અને ખાડા ખબડીયા આવે લથડિયા આવે તો ઓલાને હાથમાં ડંડો મારે. ટાંકણે લોંચ કરેલા એટલે લોહી લોહી નીકળે. ઓલો કહે આહાહા..! ભૂલ તો મારી છે. મહારાજ તો બિચારા બેઠા હતા એક કોર બેઠા હતા. મેં આને .. ચડાવી. ભૂલ તો મારી છે. મહારાજ! ક્ષમા કરો. મારી ભૂલ છે. હું ધીમે ધીમે જોઈને ચાલીશ. જરીક પગ લથડી જાય અંધારે દેખાય નહિ. કરતા કરતા ઉતરી ગયા અંદર. કેવળ થઈ ગયું. કેવળજ્ઞાન થઈ ગયું. તોય ચાલે માથે ગુરુને લઈને. કેવળજ્ઞાન થઈને ગુરુને લઈને ચાલે. એય..! ગોદિકાજી! એ અહીં ના પાડે છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય નહિ. ગપ્પ માર્યા છે ને પણ.

પછી? કેવળજ્ઞાન થયું અને આમ ચાલવા માંડ્યા. સરખું દેખાય ને? કેવળજ્ઞાન તો સરખું દેખે. ધીમે ધીમે પગ સરખા (મૂકીને ચાલે). અરે.. કેમ થયું? એ તો દંડે જ ગુરુ છે. ગુરુ કહે છે, દંડે સરખો થઈ ગયો. હા, મહારાજ આપે કહ્યું. શું થયું તને? સવાર જ્યાં પડી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ત્યાં આમ જુએ તો લોહી લોહી સૂકાઈ ગયેલું. આહાહા..! શું થયું તમને? આ સોજવા પડ્યું છે? મહારાજ! આપની કૃપાથી કેવળજ્ઞાન થયું. લે હજી છદ્મસ્થ ગુરુ માથે, હવે એને કેવળજ્ઞાન. પછી ઓલો શાંત પડે છે અને એને કેવળજ્ઞાન થઈ જાય. લ્યો, આવું કેવળજ્ઞાન છે.

મુમુક્ષુ :- ગુરુને થઈ ગયું ને?

ઉત્તર :- ગુરુને થઈ ગયું કેવળજ્ઞાન. કેવળજ્ઞાન આવા હોય? હજી સાધુપણું... સમ્યગ્દર્શનમાં એમ કહેવું કે અભેદ દૃષ્ટિ. પાછી એ વાત કરે છે હોં એ. અભેદ વળી બીજી વાત કરી. જ્ઞાનદર્શન ઉપયોગ છે એની. આ અંતર અભેદ દૃષ્ટિ અખંડ થાય ત્યારે થાય. હવે સમ્યગ્દર્શનમાં અભેદ થાય ત્યારે થાય તો ચારિત્રમાં વિશેષ અભેદ ઉપર દૃષ્ટિ થાય અને કેવળજ્ઞાનમાં એકાકાર થાય. હવે એ કેવળજ્ઞાન આમ થતાં ચાલતા-ચાલતા થતા હશે? એવું નિમિત્તપણું હોય? એ અહીં ના પાડે છે. એ વાત જ ખોટી છે. સમજાણું કાંઈ? અને ચારિત્રવંત હોય એ રાત્રે ચાલે એવું નિમિત્ત હોય નહિ. સમજાય છે? ચારિત્રવંત હોય એને નિમિત્ત નગ્નપણું ન હોય અને વસ્ત્ર સહિત હોય એવું હોય નહિ. ચારિત્રવંત હોય અને અવ્રતના પરિણામ અને ભોગના અને ઘરમાં રહેવાના પરિણામ એવા હોય નહિ.

મુમુક્ષુ :- હાથમાં લાકડી હોય કે નહિ?

ઉત્તર :- લાકડી પણ ન હોય અને વસ્ત્ર પણ ન હોય. લાકડા કેવા? આ લાકડી રાખે છે ને મોટી? અરે..! એને ન હોય.

અહીં જ્યાં આત્માના આનંદની જ્યાં લહેર ઉઠી અંદરથી, એવું ચરવું, આત્મામાં ચરણ પરિણતિ ચારિત્ર થઈ.. ઓહો..! પરમેશ્વર થયો. કહે છે કે એને યોગ્ય નિમિત્ત (ન) હોય તો એ કેવળી થયો નથી. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય, વ્યવહાર સાથે હોય. સાથે હોય. પહેલો આ હતો અને આ થયું એમ છે નહિ. આ હોય તો આ હોય. સમજાણું? એ વખતે એને એ નિમિત્ત છે એમ કહેવામાં આવે. અને આત્માનું ચારિત્ર નૈમિત્તિક છે. નૈમિત્તિક સમજાય છે? નિમિત્તના સંબંધને કાળે થયેલી માટે નૈમિત્તિક. નિમિત્તને લઈને થયેલી નૈમિત્તિક એમ નહિ. આહાહા..! એય..! ઈ શું કીધું? આ દાખલા ખડી ખડીના આપીને તો આ કીધું બધું. એને પરિણમે એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ કીધું ને આગળ. અહીં આવશે ને આમાં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જુઓ! હવે જ આવશે આગળ. '**પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે.**' જુઓ! એના પછીની લીટી તરત જ. આ એની તો વાત કરી. છે એમાં? જુઓ. એ પાનાની છેલ્લી લીટી. '**પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિક ભાવ છે.**' નિમિત્ત-નૈમિત્તિક ભાવનો અર્થ આવો છે. છે એમાં? ભીખાભાઈ! જુઓ! હજી હાથ નથી આવતું. પ્રત બીજી હશે. નવી છે કે જૂની? જૂની છે. આ વાંચીએ

છીએ એના પછી થોડાક છે.

એનો અહીં અર્થ વધારે સ્પષ્ટ થાય છે કે ત્યાં તો નિમિત્ત-નૈમિત્તિક કહ્યું હતું. નિમિત્ત નૈમિત્તિક ક્યાં કીધું હતું? સમજાણું કાંઈ? પણ એ નિમિત્ત-નૈમિત્તિક જ છે આ બધું. આ પણ શું કીધું? આ નિમિત્ત પછી આ.. આ નિમિત્ત પછી એનો અર્થ શું થયો? સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનના પરિણામે સમ્યક્‌પણે જ્યાં પરિણમ્યો ત્યારે તેને એવા વિકલ્પાદિ જે હોય તેને નિમિત્ત કહેવું અને પરિણમન છે તેને નૈમિત્તિક કહેવું. અને આ જ્ઞાનના પરિણમનને જ્યારે નિમિત્ત કહીએ તો સામે વિકલ્પ અને શરીરની અવસ્થા હતી તેને નૈમિત્તિક કહીએ. સમજાણું કાંઈ? અને તે છતાં બે સાથે હોય છે. સમયભેદ નહિ, એકબીજાને લઈને નહિ, કાળભેદ નહિ. સમજાય છે કાંઈ? તેથી તો એમ કહ્યું, પરને પરિણમાવતો નથી, પરથી પરિણમતો નથી. એટલી તો વાત કરી. ભાઈ! વસ્તુની સ્વતંત્રતા છે એને લૂંટવા જાય તો દૃષ્ટિ લૂંટાશે તારી. સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે, જુઓને! અહીં શું કીધું? છેલ્લે જુઓ. '**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' એ ચારિત્રનું ફરીને જુઓ! પુદ્‌ગલાદિ.. છે ને પાંચમી લીટી? '**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...**' કોને? '**એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર-અપોહનાત્મક (પરના ત્યાગસ્વરૂપ) સ્વભાવના પરિણામ વડે ઊપજતો...**' પોતે ચારિત્રના વીતરાગપણાપણે ઊપજતો. સ્વભાવના પરિણામ વડે એમ તો ભાષા લીધી છે. એટલે ઓલા નિમિત્ત વડે ઊપજતો એમ તો છે નહિ. આટલી તો ભાષા પહેલેથી ચાલી આવે છે.

ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં આરૂઢ થઈને ચારિત્રના સ્વભાવપણે ચેતયિતા ઊપજતો થકો '**ચેતયિતા જેને નિમિત્ત છે...**' એ ચેતયિતા એટલે એના પરિણામ. દ્રવ્યથી વાત કરે છે એ તો. પણ એ ચારિત્રના પરિણામ એ દેહની નગ્ન દશા અને રાગને નિમિત્ત છે. રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને નગ્ન દશા આને નિમિત્ત છે. આ આને નિમિત્ત છે. છતાં નિમિત્તને લાવતો નથી, નિમિત્તને પરિણમાવતો નથી. નિમિત્ત નિમિત્તમાં જાતો નથી, નિમિત્તને લાવીને ઊભું રાખ્યું નથી. નિમિત્તને લાવીને ઊભું રાખ્યું હોય તો પરિણમાવ્યું કહેવાય એને. કહો, સમજાણું? નિમિત્તને મેળવવું એમ કહે છે ને? એટલે શું પણ? એનો અર્થ નિમિત્તને મેળવવું એટલે પરને પરિણમાવવું છે? અહીં નજીકમાં લાવવું છે? ઘણી ગૂઢ ભાષામાં ઘણું સમાડી દીધું છે. સમજાય છે? મૂળ પાઠમાં સંયમ છે ને. મૂળ પાઠમાં સંયમ છે. વિજહદિ.. જુઓ! ... છે ને ઓલામાં. વ્યવહારમાં વિજહદિ છે. સમજાણું? ઓલામાં '**संजदो**' શબ્દ છે. નિશ્ચયમાં '**संजदो**' શબ્દ છે. ૩૫૮ ગાથા. '**तह संजदो दु ण परस्स**

**संजदो संजदो सो दु' 'संजदो'** શબ્દ છે? હવે જ્યારે વ્યવહાર કીધો ત્યારે... ૩૬૩. **'तह परदव्वं विजहदि णादा' 'विजहदि'** આમ છોડું. વ્યવહાર કહેવો છે ને આમ? છોડવું એમ કહેવું છે ને એટલે વિજયહદિ શબ્દ છે. સમજાણું કાંઈ? ભિન્ન ભિન્ન રીતે વાત (કરે છે).

વાત એ છે કે ભગવાન! તું તારે શરણે જા. અંદરના સ્વરૂપની દૃષ્ટિ-સ્થિરતા કર, ત્યારે એને યોગ્ય જે નિમિત્ત હોય છે તે હોય છે. તેથી નિમિત્ત હોય છે માટે આ પરિણમન થયું છે એમ નથી. અને પરિણમન થયું માટે નિમિત્તને હાજર તમે કહો છો ને કે હાજર-હાજર, એને હાજર થવું પડે એમ કોણે કીધું? હાજર એટલે છે. વળી હાજરની નિંદા, વિરોધ કરે છે. સોનગઢ કહે છે કે નિમિત્ત હાજર હોય છે. જો તૃષા લાગે તો સરોવર કેમ નજીક નથી આવતું? હાજરની વ્યાખ્યા એમ નહિ. છોકરા ફલાણું નામ નથી? નિશાળમાં શું કહે છે? ફલાણા? હાજર. હાજર એટલે? છું. એમ. હું છું. એમ થાય કે નહિ? તમારે શું થાતું હશે? લ્યો હું આવું. એમ થાતું હશે? હાજર એટલે લ્યો હું આવું. એમ? હું છું. બસ. એમ આત્મા પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણમનના કાળમાં એક બીજી ચીજ છે. હાજર એટલે છે. હાજર એટલે છે. આવવી પડે છે, લાવવી પડે છે એ પ્રશ્ન જ હોઈ શકે નહિ આમાં. સમજાણું કાંઈ?

**'સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** ચેતયિતાની પર્યાય હોં! ચેતયિતા દ્રવ્ય નામ આવે છે. **'જેને નિમિત્ત છે...'** કોને? એવા પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતા. જુઓ! એ નિમિત્ત પોતાના પરિણામ વડે ઊપજતું. આને લાવવું પડ્યું છે કે આ લાવ્યો છે કે એ પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ? **'સ્વભાવના પરિણામ વડે...'** પોતાની તે વસ્તુની પર્યાય વડે ઊપજતું તે ક્ષણે **'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે-'** એમ વ્યવહાર કરવામાં આવે છે કે આ વસ્ત્ર છોડે છે, નગ્ન દશા કરે છે. એ બધો વ્યવહાર કરવામાં આવે છે. સમજાણું?

મુમુક્ષુ :- ઘર છોડે, બાર છોડે ને બધું...

ઉત્તર :- કોણ ઘર છોડે ને બાર છોડે? છોડેલું પડ્યું છે. ત્યાં ક્યાં ગરી ગયું હતું અંદર? જ્યારે તે કાળે તેને રાગ છૂટ્યો ત્યારે એમ કહ્યું આણે. પરિણમ્યો છે આ. તો રાગને છોડ્યો, આ છોડ્યું એમ વ્યવહાર કહેવામાં આવે છે.

**'એ રીતે આ, આત્માના...'** હવે સરવાળો લ્યે છે. **'જ્ઞાન-દર્શન-ચારિત્ર...'** જુઓ! અહીંયાં હવે ચારિત્ર શબ્દ લીધો. પાઠમાં સંયમ હતો, છોડવામાં વિજહદિ હતું વ્યવહારમાં, ઓલામાં અસ્તિમાં સંયમ, નાસ્તિમાં ... વ્યવહાર. અહીં ચારિત્ર શબ્દ લીધો. **'આ રીતે**

**આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો...**' પર્યાયની વાત છે અહીં અત્યારે. એવી જે પર્યાય આત્મામાં થઈ સ્વને લઈને થઈ, સ્વને લઈને થઈ. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર જ્ઞાયકપણું સ્વને લઈને થયું. જ્ઞાયક. તો અભેદની દૃષ્ટિએ જ્ઞાન થયું, અભેદની દૃષ્ટિએ શ્રદ્ધા થઈ, અભેદમાં સ્થિર થવાથી ચારિત્ર થયું. ... એવા '**જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે.**' જોયું! એવો પર્યાયોનો નિશ્ચય અને વ્યવહાર પ્રકાર છે.

મુમુક્ષુ :- એકી સાથે હોય ને.

ઉત્તર :- કીધું ને, નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. બે પ્રકાર છે. અહીં હોય ત્યારે આ હોય છે. બસ. કહો, કાંતિભાઈ! સમજાણું કે નહિ આમાં? આ બધા વાંચનારની જવાબદારી છે અંદર. સમજ્યા વિના વાંચે તો બીજું કાંઈનું કાંઈ થઈ જાય. એય..! ખેતશીભાઈ! શું એમાં કીધું? ચેતયિતાનો અર્થ શું કર્યો એ તમને ખ્યાલ પણ નથી, લ્યો! કો'કમાં છે ઓલામાં. બરાબર ધ્યાનમાં નથી. સમજ્યાને? એ મગજમાં નથી, ધ્યાનમાં બહુ નથી. કહો, સમજાણું કાંઈ? જે પાઠનો ક્યો અર્થ થાય છે એ ધ્યાનમાં નથી. લક્ષ બીજે ફરે છે. હવે મૂકોને પડતી. થાવું હશે એ થાશે. થઈ ગયું. હવે શું થવાનું છે?

જુઓ! આમાં બીજું કીધું. ચેતયિતા જેને નિમિત્ત છે એમ કીધું. છતાં એ ચેતયિતાનો અર્થ દ્રવ્ય નથી. પર્યાય છે. સમજાણું કાંઈ? ચેતયિતા જેને નિમિત્ત છે એમ છે ને ત્રીજી લીટીમાં? દ્રવ્ય જેને નિમિત્ત છે. લ્યો! એ પર્યાય સહિતનો... પર્યાયને જ આત્મા કીધો છે. સમજાણું કાંઈ? અહીં તો શુદ્ધતાની વાત છે હોં. ઓલી અશુદ્ધતાની વાત નથી આમાં. જોયું!

મુમુક્ષુ :- જ્ઞાન-દર્શન-ચારિત્ર નિશ્ચયથી.

ઉત્તર :- નિશ્ચય છે અહીં. શબ્દ જ બધા નિમિત્તના શુદ્ધ પરિણમનના છે.

'**આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-**' એટલે પોતાની પર્યાય પોતાથી છે અહીંયાં અને વ્યવહાર એટલે એની પર્યાય રાગની, શરીરની એને લઈને ત્યાં છે. બે પ્રકાર કહ્યો. '**એ જ પ્રમાણે બીજા પણ...**' જોયું! '**સમસ્ત પર્યાયોનો...**' હવે આમાં કઈ બાકી રહી છે હવે? આનંદની પર્યાય, વીર્યની પર્યાય, અસ્તિની પર્યાય, વસ્તુત્વની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, પ્રભુતાની પર્યાય, કર્તા, કર્મ ષટ્ ગુણની પર્યાય. જ્યારે અહીં આત્મામાં સ્વતંત્ર શુદ્ધનો આશ્રય લઈને પર્યાય પરિણમે ત્યારે તેનું નામ નિશ્ચય કહેવાય. અને એને યોગ્ય સામે નિમિત્ત હોય એને નિમિત્ત એને કારણે હોય એને નિમિત્ત કહેવાય, આને નૈમિત્તિક કહેવાય. આને જ્યારે નિમિત્ત કહીએ તો એને નૈમિત્તિક કહેવાય. છતાં કોઈને લઈને કોઈ વડે નિમિત્ત હોય માટે નિમિત્તથી એને કહેવું કે નિમિત્તથી અહીં થાય તો નિમિત્ત

કહેવાય એમ નથી. સમજાણું કાંઈ? અને કર્મ અને શરીરને નિમિત્ત કહેવાય કે જેને લઈને આત્માને નૈમિત્તિક થવું જ પડે એમ નથી. અને આ નોકર્મ જે જ્ઞેય છે એ ઉપાદાન નિમિત્ત છે. નિમિત્ત નૈમિત્તિક નથી એમ નથી. નોકર્મ પણ નિમિત્ત છે અને આત્મા નૈમિત્તિક છે. સમજાણું કાંઈ? અહીં તો સમસ્ત પર્યાયોનો (એમ છે). જેટલી આત્માની નિર્મળ અવસ્થા પોતાના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની પર્યાયે ચડતો જે પરિણામ થાય જે જે ગુણના, તેને તે તે પ્રકારનું નિમિત્ત ત્યાં હો તેને કારણે એ નિમિત્તને પરિણમાવતો નથી અને નિમિત્તરૂપે પોતે પરિણમતો નથી.

મુમુક્ષુ :- નિમિત્ત...

ઉત્તર :- એને કારણે એ પરિણમે અને આને કારણે આ પરિણમે. છતાં આને લઈને આ અને આને લઈને આ એમ નથી. છતાં આગળપાછળ હોય એમ પણ નથી. કહો, કાંતિભાઈ! કેટલાક કહે છે કે અહીંયાં સોનગઢના માણસોને ઓલું ક્રમબદ્ધ છે ને એ બેઠું નથી અંદર. એ તો શું કરે પછી અહીં માથે કીધું એટલે. એય..! આ મોટો આરોપ નાખે છે તમારા બધા ઉપર. નાખ્યું .. કહે ક્રમબદ્ધ છે. પછી ન પણ હોય. ક્રમબદ્ધ તો બેસતું તો નથી એને સૌને. ઠીક! અરે..! ભાઈ!

ભાઈ! ક્રમબદ્ધનો અર્થ કે જે સમયે જેના પરિણામ ચૈતન્યના થયા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના એ પરિણામ ક્રમે આવ્યા છે. ક્રમના પરિણામને જોવા નથી. દૃષ્ટિ અહીં દ્રવ્યને જોતા તે પરિણામ ક્રમે આવ્યા. તે પરિણામને કાળે સામે જેવી રીતે વિકલ્પ હોય એ પણ ક્રમે આવેલું છે. આહાહા..! ભારે વાતું આકરી! સમજાણું?

એમ આનંદની પર્યાયમાં એમ લેવું. આત્મા આનંદગુણથી ભરેલો ભગવાન, આનંદગુણથી ભરેલો આત્મા છે હોં. આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. એ તો આનંદ ગોતવા બહાર જાય છે. બાયડીમાં, છોકરામાં, પૈસામાં, મકાનમાં, હજીરામાં, ધૂળમાં, માનમાં, સન્માનમાં, મરી ગયો મિથ્યા ભ્રમમાં. કહો, સમજાણું કાંઈ? જાધવજીભાઈ! ક્યાં આનંદ છે? એમ કહે છે. છોકરા-બોકરા સારા હોય ને.. હૃદયમાં આમ હૈયું હરખાઈમાં હૈયું હરખાઈ જાય લ્યો. ધૂળમાંય નથી સાંભળને! આત્મા આનંદથી ભરેલો છે. તને ભાન નથી. તું આનંદરૂપ છો તને ખબર નથી. આહાહા..! એ આનંદનું ભગવાન આત્માનું જે લક્ષ કરતાં જે આનંદનું પરિણમન થાય, આનંદથી તો ભરેલો છે. આત્મા ચેતયિતા આનંદથી ભરેલો છે. એટલે એનો ગુણ થયો, એ દ્રવ્ય થયું. હવે એ આનંદનું પરિણમન આમ પ્રવાહ પરિણમ્યો એના લક્ષે પરિણમન (થયું) ત્યારે આનંદની પર્યાય તે નિશ્ચય છે. એને કાળે સામે નિમિત્ત અનુકૂળ રાગાદિ, શરીરાદિ એ તો નિમિત્ત છે. એને લઈને આનંદ પરિણમ્યો નથી, આનંદની પર્યાયે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને પરિણમાવી નથી અને એને પોતામાં લાવીને એને પરિણમાવતો નથી. સમજાણું કાંઈ?

વિષયો શું કરે? આવે છે ને? ત્યાં તો અશુદ્ધ ને બેય લીધું છે. પ્રવચનસારમાં. પાંચ ઈન્દ્રિયના વિષયો છે. શરીર, ઈન્દ્રિયો આદિ પરમાણુ પરિણમે છે આમ. હવે અહીં આત્મા એમ માને છે મને આમાં સુખ થાય છે. એ કલ્પના એમ કરે છે. છે કલ્પના દુઃખ. પણ મને સુખ છે. એને ઓલું નિમિત્ત શું કરે? કહે છે. એણે શું મનાવ્યું તને? આ સુખ છે એમ મનાવ્યું છે? શરીર, ઈન્દ્રિયો, વિષયો, લાડવા ખાવા આદિ જે છે એણે તને મનાવ્યું છે કે સુખ માન? તું સુખ માને છે એવો મિથ્યાત્વભાવ અને રાગ છે ત્યારે ઓલી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. આ અશુદ્ધતામાં લેવું તો આમ લેવું. સમજાય છે કાંઈ?

આચાર્યે લીધું છે ને ઈ. મોદકાદિ ભોક્તૃં. લ્યો! મેં લાડવો ખાધો. એટલે શું? ખાધું એટલે શું? ખાવાની ક્રિયા થઈ અને અહીં આ રાગ થયો, એ રાગને અને એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ ક્રિયા આત્મા ખાવાની ક્રિયા કરતો નથી. ખાવાની ક્રિયાએ રાગ કરાવ્યો નથી. રાગ પરને પરિણમાવતો નથી, પરને રાગમાં લાવતો નથી. કહો, દેવશીભાઈ! બરાબર છે? આ ભ્રમ પણ મોટો કેવો? બાયડી, છોકરા સરખા હોય તો સરખા રહે. લ્યો! એ કહે છે, મૂઢ છો. એણે કાંઈ કર્યું નથી. મફતનો શેનો .. છે અહીં? એ હરખનું પરિણામ એ દુઃખ છે. એ દુઃખનું પરિણમન તેં કર્યું છે. એ દુઃખના પરિણમનને કાળે તે ચીજો નિમિત્ત કહેવામાં આવે છે. પણ તે નિમિત્તે તને આ પરિણામ કરાવ્યું નથી. એ વિષયો શું કરે? અકિંચિત્કર કહી દીધું ત્યાં. શું કરેનો અર્થ શું? તું માન કે મને આ મજા પડે છે આમાં. આહાહા..! પાંચ લાખ-દસ લાખનો બંગલો, હિંડોળો, સોનાના કડા, સોનાના ઓલા શું કહેવાય એના? સળિયા. સોનાના સરિયા ન હોય એને તો જાળીવાળા હોય. સોનાની સાંકળ હોય. સોનાનો સરિયો તો એક રસો હોય. આ તો સાંકળ સોનાના આવડા મોટા મોટા કડા. કેમ તમારે એટલું બધું નથી આવ્યું. સોનાના કડા, ચૈત્ર મહિનો હોય, ઉનાળો હોય, બાર વાગ્યા હોય, ખાઈને બેઠો હોય, પવન આવતો હોય, હવા ઠંડી હોય. દસ લાખનો બંગલો હોય. આહા..! મૂઢ છો? સાંભળને. એ તો જડની પરની પર્યાય છે.

મુમુક્ષુ :- હિંચકો તો ખાવા દ્યો એને.

ઉત્તર :- આ રહ્યા ગોદિકાજી. લ્યો એને ત્રણ લાખનો બંગલો છે. ત્રણ લાખનો આરસપહાણનો છે જયપુરમાં. ત્રણ લાખનો.

મુમુક્ષુ :- આરસપહાણનો છે ને? એનો તો નથી ને?

ઉત્તર :- આરસપહાણનો છે એમ કીધું ને. એમાં જે ઓરડી માથે હતી એ બધી આરસપહાણની હતી. ઓરડીમાં મારો ઉતારો હતો માથે. એક જ હતું, એકાંત. હોં. હેઠે એ

લોકો રહેતા હતા. પંદર દિ' રહ્યા ત્યાં, પંદર દિ'. પહેલા ગયા ત્યારે. પથરા છે કીધું ચારે કોર આ.

પણ અહીં આચાર્ય કહે છે, ભગવાન કહે છે, ભાઈ! એ ચીજોનું હોવાપણું તને સુખબુદ્ધિ કરાવે છે? એ ચીજનું હોવાપણું તને સુખબુદ્ધિ કરાવે છે? અને સુખબુદ્ધિ તું કર (એટલે) એ સુખબુદ્ધિ બીજાને લાવી શકે છે? મેળવી શકે છે? તારી સુખબુદ્ધિ બીજાને પરિણમાવી શકે છે? તારી સુખબુદ્ધિ તે મકાનને રચી શકે છે? લાડવો બનાવી શકે છે? એમ કહે છે. ગોદિકાજી! આહાહા..! એ શું કરે છે તને? મફતનો તું મૂઢ થઈને, હું સુખી છું એ મિથ્યાત્વભાવને સેવે છે. ત્યારે એ ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. અને એ ચીજને ત્યારે તું નિમિત્ત થા છો. લે. મકાન અને લાડવાની ક્રિયા થતી હોય એને તું નિમિત્ત થા છો. પણ તું નિમિત્ત થા માટે તારાથી એ બન્યું છે એમ નથી. અને એ બન્યું છે માટે તને રાગ થાય છે એમ નથી. અહીં વાત છે આવી. આહાહા..!

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તત્ત્વે તત્ત્વનું ભિન્ન સ્વરૂપ છે એમ કહે છે. હવે આ તત્ત્વએ તને સુખબુદ્ધિ ઊપજાવી એમ નથી. સુખબુદ્ધિ તને થઈ મિથ્યા ભ્રાંતિમાં તે ચીજમાં જઈને થઈ નથી. એ ચીજ અહીં આવી માટે થઈ નથી. એ ચીજને તું લાવી શક્યો નથી. આહાહા..! કહો, અમુલખભાઈ! બરાબર હશે આ?

મુમુક્ષુ :- .. થાય ત્યારે બહારના નિમિત્ત તો કહેવાય ને?

ઉત્તર :- પણ નિમિત્તની વ્યાખ્યા શું થઈ? નિમિત્તની વ્યાખ્યા શું થઈ? કે એને કારણે હોય છે એમ. અને અહીં સુખબુદ્ધિ કરે છે એને કારણે નહિ, પોતાને કારણે કલ્પના કરે છે. એ મિથ્યાદૃષ્ટિની ભ્રાંતિ છે. જ્ઞાનીને એ ચીજ પોતે જ્ઞાનસ્વરૂપમાં વળતાં એનું જ્ઞાન સ્વથી થાય છે. એમાં એ નિમિત્ત છે જ્ઞાનમાં. જ્ઞાનમાં નિમિત્ત છે એટલે કે એ ચીજથી જ્ઞાન થયું નથી. જ્ઞાન એ ચીજને લાવીને પરિણમાવતી નથી.

ધર્મીને આત્મામાંથી જ્ઞાન થયું છે. આત્મા જ્ઞાનસ્વરૂપ એમાંથી જ્ઞાન થયું. તે જ્ઞાનમાં તે ચીજને નિમિત્ત કહેવામાં આવી. નિમિત્ત એટલે કે એનાથી અહીં જ્ઞાન થયું એમ નહિ. અને અહીં જ્ઞાન થયું માટે એ ચીજોને ત્યાં આવવું પડ્યું એમ નહિ. સમજાણું કાંઈ? આવો માર્ગ ભગવાનનો વીતરાગનો. આહાહા..! એને ખબરેય ન મળે, હું શું કરું છું અને કેમ થાય છે? આંધળે આંધળા એમ ને એમ ચાલ્યો જાય છે. મગનભાઈ!

મુમુક્ષુ :- બહાર અંધારુ છે.

ઉત્તર :- અંધારું છે. ફરી આવ્યા ને બધે. અંધારે અંધારા છે બધે.

ભાઈ! અહીં તો કહે છે પ્રભુ! તારામાં આનંદ પડ્યો છે પ્રભુ! તું આનંદ સ્વરૂપ છો.

તારો સ્વભાવ છે એ આનંદ સ્વરૂપ છે. એ આનંદના લક્ષે થઈને જે આનંદનું પરિણમન થાય એનું નામ સુખ. એ સુખ નિમિત્તમાંથી આવ્યું નથી. સમજાય છે કાંઈ? એ સુખમાં જે નિમિત્ત દેખાય એમાંથી આવ્યું નથી. અને એ આનંદ નિમિત્તને લાવ્યો નથી. એ આનંદ આવ્યું છે આત્મામાંથી. નિમિત્તથી આવ્યું નથી, નિમિત્તને લાવતું નથી અને એ આનંદ પોતામાં પરિણમવામાં પોતાને લક્ષે પરિણમે છે. ત્યારે તેને ધર્મીને આનંદનો કરનારો કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે ભગવાનની મૂર્તિ. આત્મા ત્યાં ઊભો છે, રહ્યો છે. એને ભગવાનની મૂર્તિને દેખીને પરિણામ શુભ થયા એમ કહ્યું. કહે છે કે શુભ પરિણામ નિમિત્તે કરાવ્યા નથી. શુભ પરિણામે નિમિત્તને કર્યું નથી. શુભ પરિણામ પુણ્યના છે, એ પુણ્યના છે એણે મંદિર કર્યું નથી. અને મંદિર અને મૂર્તિએ શુભ પરિણામ કર્યું નથી. એના શુભ પરિણામને પર શું કરે? અકિંચિત્કર છે. જેઠાલાલભાઈ! આહાહા..! અરે..! એને છે એમ બેસે નહિ ત્યાં સુધી દુઃખ મટે નહિ. આહાહા..!

સાક્ષાત્ ત્રણ લોકના નાથ પરમાત્મા બિરાજતા હોય સમવસરણમાં. કેવળજ્ઞાની ત્રિલોકનાથ. જેની હાજરીમાં સમવસરણમાં ગયો, આમ પોતાને જરી શુભભાવ થયો. તો કહે છે... અને તે જાતનો જ્ઞાનનો ક્ષયોપશમ પણ તે ક્ષણે હોય, પરલક્ષી. તો કહે છે કે તે ક્ષયોપશમના જ્ઞાનમાં અને શુભરાગમાં તે ભગવાનનું સમવસરણ અને ભગવાન નિમિત્ત થયા. એ નિમિત્ત થયા માટે અહીં શુભ પરિણામ અને ક્ષયોપશમનું જ્ઞાન થયું છે એમ નહિ. અને ક્ષયોપશમ જ્ઞાન અને શુભ થયા છે માટે એને આવવું પડ્યું છે સામું એમ છે નહિ. છે?

મુમુક્ષુ :- બેયને પરસ્પર નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે?

ઉત્તર :- બસ! એને અરસપરસ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. અહીં હોય તો ત્યાં છે અને એને લઈને અહીં કહેવાય છે. બાકી કાંઈ કોઈને લઈને કાંઈ થાય છે (એમ નથી). ભારે વાત ભાઈ! વીતરાગનો માર્ગ સર્વજ્ઞ કહેલું તત્ત્વ તે છે તેવું સત્ય ત્રિકાળ હોય છે. સમજાય છે કાંઈ?

એમ વીર્ય. આત્મામાં બળ છે ને? વીર્ય શક્તિ. આત્મા વીર્યથી ભરેલો આત્મા છે. બળ-બળ વીર્ય. આ રેત નહિ. બળ. ભગવાન આત્મામાં બળ નામનો સ્વભાવ-પુરુષાર્થ નામનો ગુણ છે. એ ગુણ વીર્ય.. કોઈ કહે ને કે ભાઈ! શરીરમાં કાંઈ લાડવા ખાઈએ, ફલાણું ખાઈએ તો આત્માનું વીર્ય સ્ફુરે. ત્રણે કાળમાં ન થાય. તારું વીર્ય તો તારામાં ભરેલું છે. બળથી તો ભરેલો છે ભગવાન. સમજાય છે? કેવું કહેવાય ઓલા..? એઈ..! તપસી. બળ નામનું ઝાડ થાય? એક ઝાડનું નામ બળ કહેવાય. ઊગે છે. પ્રવચન મંડપમાં ફરવા જઈએ ત્યારે

વાતું કરે કો'ક. આપણે ઓળખીએ નહિ. તપસી કહે, એ બળ કહેવાય. શું થાતું હશે? કે એ બધા ખાય તો બળ વધે. શેમાં? શરીરમાં. એ પણ ખોટું છે, અહીં તો કહે છે.

શરીરની પર્યાયનું પરિણમવું પોતાથી છે. એમાં એ બળ નામના ઝાડના પરમાણુ નિમિત્ત કહેવાય. પણ નિમિત્ત છે માટે અહીં શરીરમાં પર્યાય વધી છે એમ નથી અને શરીરની પર્યાયને, આ પર્યાય એને નિમિત્ત છે. માટે આ પર્યાય છે માટે બળની પર્યાય રજકણોને આવવું પડ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા.. ઓલું આવે ને નોકર્મમાં આવે ને? ભાઈ! લ્યો નોકર્મ આવે છે એય..! એ વળી યાદ આવ્યું. કર્મકાંડમાં, વીર્યમાં. ભાઈ! આવું ખાય, લૂખો .. ખાય તો વીર્ય ઘટે. બદામ, પીસ્તા, ચારોળી અને બરાબર દૂધમાં કેસરિયા નાખે રગડા કરીને તો મતિજ્ઞાન વધે. મતિજ્ઞાનનું એ નોકર્મ છે.

મુમુક્ષુ :- લખ્યું છે?

ઉત્તર :- વધેલું છે લખ્યું. નોકર્મ છે એમ કીધું. એય..! વજુભાઈ! એટલે કે ત્યાં અને તારો પર્યાય અંદરમાં સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો ત્યારે તે ચીજને નિમિત્ત કહેવામાં આવી છે. એને લઈને મતિજ્ઞાન થયું છે એમ નથી. મતિજ્ઞાન થયું છે માટે એ ચીજને આવવું પડ્યું છે એમ નથી. એકબીજાને પરસ્પર નિમિત્ત સંબંધ વ્યવહારે આ રીતે કહેવામાં આવે છે. એટલે પછી કેટલાક ખાઈ-પીને જ્યારે ઓલું નોકર્મ બદામ-પિસ્તા ખાવાથી થયું છે એમ કહે. એય..! નહિતર ઓલી આવે છે ને? બ્રાહ્મી નહિ? શું કહેવાય? બ્રાહ્મી. બ્રાહ્મીનું તેલ. મગજ-બગજ (પર) ચોપડે તો મગજ આમ તર રહે. ધૂળેય રહેતું નથી. એય..! આ તો માથું માટી છે આ જડ છે. આ માટી છે આ ધૂળ. એને ઓલી ધૂળ અડે છે? એ તો પોતાની પર્યાયપણે જ્યારે આ પરિણમે છે ત્યારે ઓલા પરમાણુ એને નિમિત્ત કહેવામાં આવે છે. અને એ પરમાણુને આની પર્યાય નિમિત્ત કહેવામાં આવે. પણ કોઈને લઈને પરિણમે છે એમ છે નહિ.

મુમુક્ષુ :- .. વાપરશે કોણ?

ઉત્તર :- કોણ વાપરતો હતો? એ અમારે શિવલાલજી હતો ને. એની બહુ બુદ્ધિ થોડી. ૮૧માં ગઢડે ચોમાસું હતું ને? આપણને ખબર નહિ બ્રાહ્મી-બ્રાહ્મીનું. એ પછી બ્રાહ્મી તેલની શીશી આવી એના નામની. કહે, આ શું આ? ઠીક. બુદ્ધિ થોડી છે તો વધવા માટે. બુદ્ધિ ઓછી ને? બ્રાહ્મી તેલથી બુદ્ધિ વધતી હશે? આહાહા..! મૂર્ખાઈ તે પણ પાર છે કાંઈ?

મુમુક્ષુ :- વૈદક શાસ્ત્રમાં એમ આવે છે.

ઉત્તર :- વૈદક તો એમ જ બોલેને. પોતાને પૈસા લેવા હોય એટલે.

અહીં તો કહે છે કે ભાઈ! જ્ઞાનગુણથી ભરેલો તું છો ને. તારું સ્વરૂપ જ જ્ઞાનમય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ને. એના જ્ઞાનના લક્ષે જ્ઞાનની પર્યાય જે પરિણમે એ મતિજ્ઞાન છે. એ કાંઈ તારી બ્રાહ્મીથી અને ફલાણાથી લાડવા ખાવાથી મગજ તર થાય અને મગજ ખીલે છે એ વાત તદ્દન અજ્ઞાનીઓની માનેલી છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આકરી વાત. આ ૧૦૪-૫ ડિગ્રી તાવ આવે તો નથી મૂકતા પોતા? મીઠાના પોતા મૂકે કે નહિ? ગોદિકાજી! શેના? નમક. એ તો વળી મૂકે. સાધારણ મીઠાના. બહુ હોય તપી ગયું હોય ને. એ વાત ખોટી છે કહે છે. અહીંના પરમાણુ આ રજકણ છે માટી એની પર્યાય જ્યારે તે પ્રકારે પરિણમવાનો ઠંડાનો કાળ હોય ત્યારે તે પરમાણુને નિમિત્ત કહેવામાં આવે છે. અને એને આ નિમિત્ત કહેવામાં આવે છે. બાકી આ એને લઈને પરિણમ્યું નથી. આને પરિણમવું (થયું) માટે એને આવવું પડ્યું છે એમ પણ નથી.

મુમુક્ષુ :- ડોક્ટર સલાહ આપી શકે છે.

ઉત્તર :- સલાહ ડોક્ટર... તમે સલાહ નહોતી આપી? એક ફેરી સલાહ આપી હતી તો કેદમાં જાવું પડ્યું હતું. સલાહ કેમ આપી? મારે ઘરે આવે તો સલાહ લેવા તો (આપવી પડે). રાજકોટમાં, નહિ? તમે સલાહ શું કરવા આપી આ જુવાનીયાઓને? તમે મારા ઘરે આવો. કહે ચાલો. જેલમાં જઈ આવ્યા બે વાર મહિનો-મહિનો. કહો, સમજાણું કાંઈ? એય..! જેઠાલાલભાઈ! સલાહ તો ભાષા જડની છે. આહાહા..! ભારે કામ ભાઈ! ભગવાનજીભાઈ! ત્યાં ભાષા બોલી શકતો હશે? એમ કહે છે.

મુમુક્ષુ :- સલાહ..

ઉત્તર :- બહારમાં તો એમ જ થાય ને.

અહીં તો કહે છે, ભગવાન! સાંભળ તો ખરો. એ ભાષાની પર્યાય છે એ કાળે પરિણમવાની છે. ત્યારે ઓલા વિકલ્પને નિમિત્ત કહેવામાં આવે છે. પણ વિકલ્પ થયો માટે ભાષાની પર્યાય પરિણમી છે. અને ભાષાની પર્યાય પરિણમવાની છે માટે આને વિકલ્પ આવો આવે છે એમ છે નહિ. ભારે વાતું ભાઈ! વીરચંદભાઈ! તમે તો ગામમાં કુંડલામાં કહેવાઓ ને હુશિયાર. ડાહ્યા માણસ કહેવાય. અહીં તો પરમેશ્વર કહે છે, ભાઈ! એ એક તત્ત્વની પર્યાયને બીજું તત્ત્વ પર્યાય નિમિત્ત હોવા છતાં તે નિમિત્તે આને પરિણમાવ્યું નથી. આ પરિણમન તે નિમિત્તને લાવતું નથી. બસ! આખો સિદ્ધાંત ત્રણે કાળના બધા નિમિત્ત નૈમિત્તિક લઈ લેવા એમ કહે છે અહીં.

'**એ જ પ્રમાણે બીજા પણ...**' એમ કીધું ને? '**સમસ્ત પર્યાયો...**' જેટલી પર્યાયો આત્માની છે. બધી પર્યાયોને ભિન્ન ભિન્ન લક્ષમાં લઈને જો વિચાર કરવો હોય તો તે તે પર્યાય નૈમિત્તિક અને સામી ચીજ નિમિત્ત. એ ચીજને નૈમિત્તિક (કહો) તો આને નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

(કહેવાય). બાકી એકબીજાથી કાંઈ થાય છે એવું ત્રણ કાળમાં કોઈ છે નહિ. છે એમ કીધું ને પહેલું? ભરેલું છે એમ કીધું છે ને? વસ્તુ પોતે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનદર્શનથી તો ભરેલો પદાર્થ છે. વસ્તુ છે કે નહિ આત્મા? કાંઈ વસ્તુ તે વસેલી હશે કે ખાલી હશે? ભગવાન જાણે કેવો આત્મા હશે. અંદર પ્રભુ આત્મા એ વસ્તુ છે. તો વસ્તુમાં કાંઈ વસેલી શક્તિઓ છે કે નહિ? કે શક્તિવાન છે અને શક્તિ નથી? કહે છે કે આત્મા શક્તિવાન વસ્તુ, ત્યારે જ્ઞાન, દર્શન, આનંદ આદિ એની અનંત શક્તિઓ છે. એ શક્તિઓનું પરિણમન તેના દ્રવ્યમાંથી આવે છે. દ્રવે છે એટલે આવે છે. એની પર્યાય નિમિત્તમાંથી થાય છે એમ નથી. અને એ પર્યાય નિમિત્તને લાવે છે, પરિણમાવે છે. લાવે છે કહો કે પરિણમાવે છે કહો. લાવે છે, લાવે છે કહે છે ને? નિમિત્તને મેળવવું જોઈએ. નિમિત્તને મેળવવું (જોઈએ). શું મેળવે? સાંભળને! નિમિત્તને મેળવવું જોઈએ, નિમિત્તની સમીપે જવું જોઈએ. કહો.

મુમુક્ષુ :- .. નક્કી થાય એની પર્યાય.

ઉત્તર :- પણ હજી નૈમિત્તિક પર્યાય નથી ત્યાં નિમિત્ત કહેવું કોને? તૃષા લાગી લ્યો, સરોવર અહીં આવે છે? એની પાસે જાવું પડશે. પણ હજી નિમિત્ત કોને કહેવું સરોવરને? એ વખતે જ્યારે પર્યાયનો વિકલ્પ થયો તૃષાનો ત્યારે ઓલી પર્યાયને નિમિત્ત કહેવાય છે. અને તે પર્યાયમાં વિકલ્પ નિમિત્ત કહેવાય. આગળ-પાછળ નિમિત્ત હતું ક્યાં? કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે કે જેટલા આત્માના ગુણો છે અનંતા, આત્મા વસ્તુ એક છે, ગુણો અનંત છે. એ અનંત ગુણની અનંતી પર્યાયો સમયે સમયે થાય છે. અનંતી પર્યાય સ્વતંત્ર પોતાના દ્રવ્યથી દ્રવીને થાય છે. એના પોતાથી પરિણમનથી થાય છે. એને પરને લઈને પરિણમે છે એમ નથી અને એ પર્યાય પરને પરિણમાવે છે, લાવે છે, બદલાવે છે એમ છે નહિ. આવું તો સ્પષ્ટ છે. ગોદિકાજી! કહો, પન્ના-બન્ના એમાં આવી જાય બધાય, હોં! મોટર બંધાવે પછી આમ કરે ને આમ હલાવવા માટે. તો આત્માની પર્યાયે એને કરી? આત્માનું વીર્ય ત્યાં અડ્યું માટે થઈ? ના. આત્માનો પર્યાય આત્મામાં રહ્યો. જ્ઞાની-સમકિતી કોઈ પણ હોય ગાડીમાં બેઠો હોય. ઘોડા હાથમાં સમજાય છે? હાથમાં લગામ હોય છે આમ.

મુમુક્ષુ :- મોટર ચલાવતા હોય.

ઉત્તર :- મોટર તો અત્યારે મોટરું થઈ હમણાં. ઓલા તો મોટા ઘોડાગાડી હોય, હાથી ઉપર બેઠા હોય મોટા. સમકિતી ત્રણ જ્ઞાનનો ધણી હોય. એના જ્ઞાનની પર્યાય જે શ્રદ્ધાની પર્યાય તો અહીં છે. એ પર્યાય આ ચીજને લાવે છે? સમજાય છે? ઘોડાના લગામને ઝાલે છે, એ પર્યાય અહીં આવી છે, આને રાગ થયો માટે આવી છે અને રાગ એ કરાવે છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ નથી. આરે..! ભારે વાત! જુઓ! આ ભેદજ્ઞાન આવું છે વીતરાગના ઘરનું. આહાહા..! બીજી ચીજો છે છતાં બીજી ચીજને આત્મા પરિણમાવતો નથી અને બીજી વડે પણ પરિણમતો નથી. અને બીજીનો અભાવ પણ થતો નથી. આહાહા..! સમજાણું આમાં?

એ આ પુસ્તક છે જુઓ સામે. આ પુસ્તક છે એ જડની પર્યાય છે પરમાણુની. અસ્તિ છે કે નહિ કાંઈક? દેખાય છે તો પર્યાય છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. પર્યાય છે. હો. અહીં બહિર્લક્ષી જ્ઞાનની પર્યાય પરિણમે છે પોતાથી. સમજાય છે? એમાં એને નિમિત્ત કહેવાય છે. પણ અહીં પરિણમે છે માટે આનાથી પરિણમે છે એમ નથી. તેમ અહીં પરિણમ્યું માટે આને આ પાનાને અહીં લાવ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? આ ત્રણ દાખલા આપીને તો અનંતી પર્યાયો સમાડી (દીધી છે). આ રીતે બધાને સમજી લેવું. ચાર પૈસે શેર તો મણના અઢી. એમ બધે દાખલો સમાડી દેવો. એમ કીધું. કેટલાક દાખલા અમે આપીએ?

મુમુક્ષુ :- એમ કહે છે, સમયસાર તમે કેમ રાખો છો?

ઉત્તર :- કોણે રાખ્યું છે સમયસાર? એ આવ્યું છે ને? પદ્મપુરાણ કેમ રાખતા નથી નિમિત્તમાં વિશેષતા ન હોય તો? એય..! વાડીભાઈ! એવો પ્રશ્ન આવે છે એ બાજુથી. પદ્મપુરાણ કેમ રાખતા નથી? સામે સમયસાર (રાખો છો). માટે નિમિત્તની વિશેષતાથી કાંઈક વિશેષ થાય છે એ માટે સમયસાર સામું રાખો છો. એય..! ગોદિકાજી! એ તમારા ઉત્તર તરફથી એવા પ્રશ્નો આવે છે. ઉત્તરમાં ગણાય કે નહિ જયપુર પણ? ઉત્તર. ઉત્તર પ્રદેશ કહેવાયને એ બધો?

મુમુક્ષુ :- મધ્ય. મધ્ય.

ઉત્તર :- મધ્ય. કહો, સમજાણું?

પદ્મપુરાણની કથા જે છે એ કથાના પુસ્તકને સામે કેમ નથી રાખતા? જો તમે સમયસારની પર્યાયવાળું પુસ્તક સાથે રાખો છો તો એનો અર્થ છે કે નિમિત્તમાં કાંઈક વિશેષતા છે. વિશેષતા ન હોય તો આ પુસ્તક કેમ રાખો છો? એય..! વજુભાઈ! કોણ રાખે? સાંભળને! એ તો એને કારણે આવ્યું છે. ભારે વાત ભાઈ! આહાહા..!

અરે..! એક આંગળી ઊંચી થાય એ શું આત્માથી થાય છે? તને ખબર નથી ને. આહાહા..! આને લાવે કોણ અહીં? અહીં આવ્યું છે એને કારણે અને લક્ષ આ જાય છે નિમિત્તમાં ત્યારે પરિણમન તો પોતાથી છે. ત્યારે આનાથી થાય છે, નિમિત્તની વિશેષતા થઈ માટે આવું જ્ઞાન થાય છે, એ વસ્તુમાં એકેય દોકડો સાચો નથી. કહો, સમજાણું કાંઈ? પણ એમ ન હોય તો સોનગઢ આવો છો શું કરવા? એમ કહે છે લ્યો. એ પણ પ્રશ્ન છે ને. બધા પ્રશ્ન થઈ ગયા છે. ત્યાં જાવ છો શું કરવા? જો નિમિત્તની વિશેષતા ન હોય તો ત્યાં સાંભળવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું કરવા જાવ છો? અમારી પાસે બેસો ને. બધા પ્રશ્ન તો મૂકવા જોઈએ કે નહિ? કહો, વીરચંદભાઈ! લ્યો ત્યાંથી મૂકીને નાઈરોબીથી મૂકીને અહીં આવ્યા શું કરવા? કાંઈક નિમિત્તની વિશેષતા (હશે ત્યારે ને?)

મુમુક્ષુ :- આપને સાંભળવા અને લાભ લેવા.

ઉત્તર :- એ તો એમ કહે. પણ નિમિત્ત ક્યારે કહેવાય પણ? એ જ્યારે અહીં સાંભળવાની પર્યાયપણે પરિણમે છે ત્યારે આને નિમિત્ત કહેવાય છે. તેથી નિમિત્તથી ત્યાં પરિણમે છે એમ ક્યાં આવ્યું? શું થાય? પહેલા નિમિત્ત ક્યાંથી આવ્યું? પણ નિમિત્ત પાસે હજી ક્યાં જાવું એનો પ્રશ્ન જ ક્યાં છે? જે પર્યાય એ જાતની નૈમિત્તિકની નિમિત્તના સંબંધમાં સામે કાળે નથી ત્યાં સુધી નિમિત્તને સામે જાઉં છું એ આવ્યું ક્યાંથી પણ? સમજાણું કાંઈ? એવા પ્રશ્નો બધા ઉઠે નવા નવા. આહાહા..! ઘરેથી ... કેટલા .. બાપુ! એ વિશેષતા માનો તો છો અંદર. પણ પાછું કબુલ કરવું તમારે મુશ્કેલ પડે છે. એય..! એક જણો એમ કહે. ઘણી જાતના પ્રશ્નો જગતમાં ઊંધા ઉઠે છે જગતને.

ભાઈ! સ્વતંત્ર જ્યારે તે ગુણની તે સમયની પર્યાયનો કાળ હોય છે ત્યારે તે પરિણમે છે. તે કાળે સામે જે નિમિત્ત હોય છે તેવું તે કાળે એને નિમિત્ત કહેવામાં આવે. આઘે-પાછે એને નિમિત્ત કેમ કહેવું અને આઘે-પાછેની પર્યાયને નૈમિત્તિક પણ કેમ કહેવી? કહો, સમજાણું આમાં? બહુ વાત ટૂંકી સંકેલી નાખી છે, હોં!

**'એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.'** પહેલો નિશ્ચય કીધો હતો અને પછી વ્યવહાર જાણવો. એ બેય રીતે જાણવું આ રીતે. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય મોક્ષમાર્ગ વ્યવહાર મોક્ષમાર્ગ.

ઉત્તર :- બધું. વ્યવહાર મોક્ષમાર્ગ એ. નિશ્ચય મોક્ષમાર્ગ હોય ત્યારે વ્યવહાર મોક્ષમાર્ગ હોય એ વિકલ્પ નિમિત્ત છે.

ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાનની, રમણતાનો નિશ્ચય મોક્ષમાર્ગ હોય ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ નિમિત્ત હોય. પણ નિમિત્ત સાથે હોય, પણ નિમિત્તને લઈને નિશ્ચય મોક્ષમાર્ગ થયો છે એમ નથી. નિશ્ચય મોક્ષમાર્ગ થયો માટે વ્યવહારનો વિકલ્પ એને કારણે આવ્યો છે એમ નથી. બધું નિશ્ચય દર્શન, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર બધું આમાં આવી ગયું. દર્શન, જ્ઞાન, ચારિત્ર ને સંયમ બધું આવી ગયું. ચાર લીધા. જ્ઞાન, દર્શન, શ્રદ્ધા અને ચારિત્ર. મૂળ મુદ્દાની રકમ લઈ લીધી ચાર. સમજાણું કાંઈ?

એક એક બોલને ઉતારીને ત્રણેમાં લઈ લીધા કે આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપની અને પૂર્ણ પરમાત્મ સ્વરૂપ પોતે છે એવી અંદરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન થયું,

બસ! એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ. એને નિશ્ચયના .. વ્યવહારને સંબંધ છે નહિ. પણ એ જ્યારે વ્યવહાર સંબંધ બતાવ્યો ત્યારે એ કાળે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. શાસ્ત્રનો વિકલ્પ હોય છે, પંચ મહાવ્રતનો (વિકલ્પ હોય છે). એ વિકલ્પને નિમિત્ત કહેવામાં આવે. પણ એ નિમિત્ત છે માટે અહીં શુદ્ધ પરિણમન છે નિશ્ચય એમ નહિ. શુદ્ધ પરિણમન છે માટે તેને વિકલ્પને અને એ દશાને ઉત્પન્ન થવું પડ્યું છે એમ નહિ. એમ છે. ઓહો..! આ કોણ માથાકૂટ કરવા જાય. માથાકૂટ મટવાનો માર્ગ છે આ. અનાદિથી માથાકૂટ ખોટા દંભમાં ચાલ્યો જ જાય છે. સમજાય છે? ભાન વિનાના દશામાં, આ મારી દશા અહીં થઈ, એને મારે લઈને અહીં આવવું પડ્યું. પરપદાર્થને એટલા પરાધીન માનીને પોતે પરાધીન દષ્ટિને સેવે છે. સેવે છે તો દુઃખી થાય છે. કહો, સમજાણું આમાં?

કહે છે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તારા સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કર ત્યારે સામે નિમિત્ત હોય છે. પણ નિમિત્તે તને શ્રદ્ધા-જ્ઞાન કરાવ્યા એમ છે નહિ. કહો, બરાબર છે? લ્યો ઓલા કહે, જુઓ ભાઈ, નિમિત્તથી ન થાય તો ભગવાનને લઈને ન થયું એમ તમે (કહો છો). પણ અંદર દર્શનમોહ કર્મ નડે છે. એ નિમિત્ત છે માટે સમ્યગ્દર્શન ન થયું. ખોટી વાત છે. સાંભળને! મિથ્યાત્વપણે જીવ પરિણમે છે. મિથ્યાત્વ ભ્રાંતિ ત્યારે દર્શનમોહને, ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્તને... અહીં મિથ્યાત્વ પરિણામ તેને નિમિત્ત કહેવામાં આવે છે. એમ કીધું અહીં તો. આહાહા..!

તેમ મિથ્યાત્વપણે પરિણમેલો જીવ દર્શનમોહને ઉદયપણે લાવે છે એમ નથી. અને ઉદયપણે પર્યાય છે એને મિથ્યાદર્શન પરિણામને કરે છે એમ નથી. છતાં એકબીજાને નિમિત્ત નૈમિત્તિક સંબંધથી વ્યવહાર કહેવામાં આવે છે. નિમિત્ત આવું હતું. પણ એમ સમ્યગ્દર્શન થતાં-પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીત થતાં દર્શનમોહનો અભાવ આણે કર્યો એમ નથી અને થયો એ અહીં સમ્યક્ થયું માટે નથી. એને કારણે પરિણમન થઈ ગયું દર્શનમોહનો અભાવ. એને આ પર્યાયને નિમિત્ત કહેવામાં આવે છે. અને અભાવ થયો એ અહીં સમ્યગ્દર્શનનું નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? વિશેષ વાત બધી ઘણી કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માગશર સુદ ૪, મંગળવાર તા. ૫-૧૨-૧૯૬૭**
**ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૧૭**

અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર-શ્રદ્ધા એ સંબંધી આત્માની પર્યાય પ્રગટ થાય તે કાળે નિમિત્ત કોણ હોય એનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહારથી. નિશ્ચયથી તો નિમિત્તનો સંબંધ અહીં કાંઈ છે નહિ. આત્મા જ્ઞાયક છે, ચૈતન્ય છે જ્ઞાયક. એ જ્ઞાયકને પર વસ્તુ જ્ઞેય તરીકે જે વ્યવહાર કરવામાં આવે છે એ તો લોક વ્યવહારજનની અપેક્ષાએ કહેવામાં આવે છે. લોકોક્તિ કહેવાય છે ને? વ્યવહાર. વસ્તુ સ્વરૂપે જ્ઞાયક પોતે પોતાને જાણે છે એવો અનુભવ કરવો એનું નામ યથાર્થ અને વાસ્તવિકતા છે. સમજાણું કાંઈ?

પરનો કર્તા શરીરનો કે રાગનો કે પરનો કર્તા તો છે નહિ. પણ પરનો જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે એમ કહે છે અહીં તો. એ વ્યવહારનો પણ સંબંધ નિશ્ચયમાં છે નહિ. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર છે તે છે. જાણનાર છે તે છે એવો ભાવભાવક (ભેદ) પાડવો તે પણ છે નહિ. કહો, સમજાણું? એમ શ્રદ્ધામાં અને ચારિત્રમાં એમ લેવું. પોતાની શ્રદ્ધા ચારિત્રપણે પરિણમતો આત્મા પોતે જ આત્મા છે. એને કંઈ નિમિત્તના સહારાની જરૂર નથી, પણ નિમિત્તથી છે એવું પણ એમાં નથી. પણ નિમિત્ત છે ત્યાં એટલે એમ કહેવામાં આવે કે આ પર્યાયમાં આ વખતે આવું નિમિત્ત હતું. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પ્રસિદ્ધ કરવો હોય તો વ્યવહારથી લોકો કહે એ અપેક્ષાએ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ઘણા બોલો બીજા કીધા. હવે ષટ્કારકના. તે દિ' ઉતાર્યા હશે તે દિ' પહેલાં.

મુમુક્ષુ :- આમાં લખ્યા છે.

ઉત્તર :- લખ્યા હશે. ઉતારતા આવ્યું હશે તો આવ્યું હશે એ વખતે. શી ખબર.

વાત તો એ છે કે આત્મા અનંત ગુણનો પિંડ ચૈતન્ય છે. એમાં અનંતા ગુણો છે. એ અનંતા ગુણોનું સ્વલક્ષે જે પરિણમન થાય તેનું નામ શુદ્ધ પરિણતિ અને શુદ્ધ દશા શ્રદ્ધા-જ્ઞાન આદિ કહેવામાં આવે છે. એ ધર્મ. હવે અનંતા ગુણની પર્યાયને ભિન્ન ભિન્ન નિમિત્ત હોય છે. જ્ઞાનને જ્ઞેય તરીકે કહેવાય, દૃષ્ટાને દર્શક તરીકે કહેવાય, શ્રદ્ધાને શ્રદ્ધાવાન તરીકે (કહેવાય). નિમિત્ત. એવો વ્યવહાર પણ જણાવ્યો છે પણ એ વ્યવહાર છે તો આ છે એમ પણ નથી. એમાં નિશ્ચય છે તો વ્યવહાર એને કારણે ઉત્પન્ન થયો છે એમ પણ નથી. છતાં એકબીજાના સંબંધની નિમિત્ત-નૈમિત્તિકની વ્યાખ્યા સમજાવી છે. સમજાણું? લોકો ગોટો ન વાળે બીજી રીતે (એટલે). કહ્યું હતું ને કાલે? માથામાં દંડ માર્યો ને કેવળજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થયું લ્યો. તે પાછું સવારમાં કિરણ નીકળ્યા ને. ગુરુ તો બેઠા હતા માથે શિષ્યને. મારે દંડ લોચ.. દંડ માર્યા. આખી રાત સાધુ ચાલ્યા. રાતે સાધુ ચાલે નહિ. એ પણ સિદ્ધ કર્યું પાછું.

મુમુક્ષુ :- અપવાદ હોય ને.

ઉત્તર :- અપવાદ-ફપવાદ (કેવો). સાધુ રાતે ચાલે નહિ. ચાલ્યા અને એમાં આખી રાત માથે રહ્યા. કિરણ દેખાણું ત્યારે લોહી સૂકાણુ. હવે કેવળજ્ઞાન થાય ત્યારે પરમઔદારિક શરીર (થાય) તો એને લોહી હોય જ નહિ. એમ થાય કે લોહી સૂકાણું દીઠું ગુરુએ. ઓહો..! હવે કેવળીને. આમ ન હોય એમ કહે છે. એ તદ્દન નિશ્ચયને પણ જાણતા નથી અને વ્યવહારને પણ જાણતા નથી. એ માટે આ સિદ્ધ કર્યું છે.

કેવળજ્ઞાનની પર્યાય જ્યારે હોય ત્યારે શરીરના રજકણો પરમ ઔદારિકરૂપે પરિણમી જાય. એને લોહી ને એવી ધાતુ રહે નહિ. એવી દશા છે. એ સંપ્રદાયની દૃષ્ટિનો વિષય નથી કે આ સંપ્રદાયમાં આમ છે અને બીજામાં આમ (છે). એ વસ્તુનું સ્વરૂપ એવું છે. એ માટે આ નિમિત્ત-નૈમત્તિક પર્યાયનો સંબંધ બતાવે છે.

જ્યારે આત્માને સમ્યક્ શ્રદ્ધા આત્માની થાય ત્યારે નિમિત્તપણાના વિકલ્પો એને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર, સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો, સર્વજ્ઞ કહેલો ધર્મ, સર્વજ્ઞે કહેલા ગુરુ અને દેવ, એની શ્રદ્ધાનો એને વિકલ્પ હોય છે. એટલો શ્રદ્ધા અને વિકલ્પને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જ્ઞાનમાં પણ તે જાતનું જ્ઞાન ત્યાં સર્વજ્ઞે કહેલા શાસ્ત્રના જ્ઞાનમાં જે વિકલ્પ ઉઠે છે, આત્માને આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થયું એ યથાર્થ નિશ્ચય અને સર્વજ્ઞે કહેલા શાસ્ત્રનું જે જ્ઞાન વર્તે છે એવો જે વિકલ્પ એ પણ પરને નિમિત્ત છે. અજ્ઞાનીના કહેલા શાસ્ત્રોનો વિકલ્પ ત્યાં નિમિત્ત હોય એમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

અને જ્યાં ચારિત્ર પર્યાય પ્રગટ થાય, વસ્તુ સ્વરૂપ ભગવાન આત્મા અંતર શાંતિના રસમાં તરબોળ થઈને જ્યાં સ્થિરતા પ્રગટ કરે એ નિશ્ચય છે. એને નિમિત્તનો સંબંધ નિશ્ચયમાં હોય નહિ. પણ વ્યવહારથી જ્યારે કહેવું હોય ત્યારે એને નગ્ન શરીર હોય, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય. સમજાય છે? દેવ-ગુરુ આદિનો વિનય કરવાનો મનનો ભાવ આવે એને અહીંયાં નિમિત્ત અને આ પર્યાય ચારિત્ર પર્યાયને નૈમિત્તિક એમ કહેવામાં આવે. પણ તેથી એ વિકલ્પ છે માટે નૈમિત્તિક પર્યાય પ્રગટી એમ નથી. નૈમિત્તિક પર્યાય પ્રગટી માટે નિમિત્તને ત્યાં હાજર થવું પડ્યું એમ નથી. હોય છે. એનું નામ હાજર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આંધળો શું કરે પણ? વસ્તુ સ્થિતિ જ આવી છે એમાં કરે કોને? સમજાય છે? એ જાતનું. તેથી તો અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાહેર કર્યો વ્યવહારમાં. છે ને?

‘**જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે.**’ જુઓ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાહેર કર્યો. કેટલાક કહે છે ને કે નિમિત્ત તો ફક્ત.. નિમિત્ત-નૈમિત્તિક ક્યાં હોય? કે શરીર અને કર્મ નિમિત્ત કહેવાય અને એને આધીન થાય જીવ નૈમિત્તિકપણે પરિણમવું પડે એને નિમિત્ત-નૈમિત્તક કહે. એમ નથી. એના સિવાય બીજા દ્રવ્ય સાથે ઉપાદાન નિમિત્ત સંબંધ હોય. એમ નથી. અહીં તો બધા દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પ્રસિદ્ધ કર્યો છે. સમજાણું કાંઈ?

જુઓ! ‘**નિશ્ચય વ્યવહાર પ્રકાર છે. એ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયો...**’ એટલે અનંત ગુણની પર્યાય. હવે આ તો આપણે ઓલા ષટ્કારકમાં ઉતારીએ છીએ. આત્મામાં એક કર્તા નામનો ગુણ છે. કર્તા નામનો ગુણ. તેને કર્તા પરિણમે છે શુદ્ધ પર્યાય. શુદ્ધ પર્યાયપણે આત્મા પરિણમે, કર્તા ગુણમાં. હજી ગુણથી પરિણમે એ પણ ભેદ (થયો). પણ પહેલો કર્તા પરિણમે છે એવી જે પર્યાય છે એને નિમિત્ત... પોતે પરિણમે છે એ નિશ્ચય, બસ. પોતાના કર્તાગુણ દ્વારા પોતે પરિણમે છે. નિમિત્ત દ્વારા પરિણમતો નથી. કોનું કર્તાપણું? શુદ્ધ પરિણમનનું કર્તાપણું. પરિણમવું તે કર્તાપણું. શુદ્ધ જ્ઞાન-દર્શન-આનંદ-શાંતિ તેના કર્તાપણે પરિણમન કરે છે. એવો એક આત્મામાં ગુણ છે. એ ગુણી ઉપર દૃષ્ટિ આપતા ગુણનું શુદ્ધ પરિણમન થાય એમાં કર્તા એ નિમિત્ત છે બીજા ગુણમાં અને પોતે પણ કર્તાગુણ છે એ પરિણમન કરે છે. એ સ્વતંત્ર છે એમાં કોઈ વિકલ્પ અને રાગ છે તો આ કર્તાગુણ પરિણમે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-શાસ્ત્રની મદદ મળી કે શાસ્ત્રના જ્ઞાનની મદદ મળી તો આ જ્ઞાન આત્માપણે, કર્તાપણે પરિણમ્યું એમ નથી અંદર, એમ કહે છે. કહો, ગોદિકાજી! સમજાણું કાંઈ? એવો આત્મા ભગવાન ચૈતન્યમૂર્તિમાં અનંત ગુણો કર્તાપણે પરિણમે ત્યારે તે સમયની પર્યાય સ્વતંત્ર થાય છે. એને જ્યારે નિમિત્ત તરીકે કહીએ તો એ પ્રકારનું નિમિત્તપણું હોય એને. વ્યવહારના વિકલ્પો દેવ-ગુરુ-શાસ્ત્ર આદિના. એ વિકલ્પ એને નિમિત્ત કહેવામાં આવે છે. એવો કર્તાગુણની પર્યાયને અને નિમિત્તને નૈમિત્તિક સંબંધ છે. છતાં એ નિમિત્તથી કર્તાની પર્યાય થઈ છે એમ નથી અને કર્તાની પર્યાય થઈ છે માટે નિમિત્તને ઊપજાવે છે, રાગને ઊપજાવે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? ઝીણું ભારે એટલે જગતને... તત્ત્વની વસ્તુ જે હોય એવી હોઈ શકે ને, કાંઈ બીજી આડીઅવળી હોઈ શકે ત્યાં? સમજાણું?

ઓલામાં તો એમ પણ આવે છે. એક આર્જિકા હતા. રાતે પગ દાબતા હતા ગુરુના.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પગ. પછી દાબતા દાબતા ગોરાણીનો હાથ આમ હતો. ત્યાં સર્પ નીકળ્યો અહીંથી. પગ દાબતા હતા કેવળજ્ઞાન થઈ ગયું. કહો. કેવળજ્ઞાન થયું. હાથ આમ હતો ત્યાં સૂતા હતા. એટલે સર્પ હતો ત્યાં હાથ વયો ગયો. અંધારે કેમ દેખાણો? ગોરાણી કહે કે આ તમને દેખાણો ક્યાંથી? કહે, આત્માના પ્રકાશમાં. શું આત્માના પ્રકાશમાં? કહે, જ્ઞાન થયું. ક્યું જ્ઞાન? અપ્રતિહત? અપ્રતિહત. સ્ત્રીને કેવળજ્ઞાન ઠરાવ્યું, અંધારે ઠરાવ્યું, પગ દાબતા ઠરાવ્યું. એવું નિમિત્ત હોય નહિ એમ કહે છે. એને નિમિત્ત કેવું હોય અને તે વખતે નૈમિત્તિક કેવી દશા (હોય) એની ખબર નથી. આહાહા..! અરે.. કેવળજ્ઞાન તે કોને કહે છે?

આ તો નટ ઉપર નાચતો ઓલો ક્યો? એલચીકુમાર. સમજાય છે? નાચતા-નાચતા કેવળ. ઓલો એક બીજો સાધુ કો'ક આવે છે ખાતા ખાતા ઓલા થૂક્યા ગુરુ. બીજા સાધુ કહે, આ સવંત્સરીનો અપવાસ નહિ? રહી શક્યો નહિ તો આહાર લઈ આવ્યો પાછો. પાત્રા ઠરાવ્યા, આહાર ઠરાવ્યા અને પાછા એમાં થૂક્યો એટલે ઓલાને ખાતા ખાતા કેવળજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ :- એ તો આત્માનું બળ છે.

ઉત્તર :- પણ આત્માનું બળ તે એની વિધિ કે રીત હોય કે નહિ? જેને ચારિત્ર પર્યાય થઈ છે એને એ જાતનો એટલો વૈરાગ્ય અને વીતરાગતા હોય. સમજાય છે? ..થૂંક નાખે ને એવું હોઈ શકે નહિ. સાધુ મહા સમતાધારી વીતરાગ મૂર્તિ છે અને આ સાધુ થાય અને એવી અપવાસની ક્રિયાનો ત્યારે પ્રસંગ ન હોય એમ બને? સંવત્સરી જેવા દિવસમાં? સમજાય છે? બધી ગડબડ-ગડબડ-ગડબડ વાતું ખોટી.

અહીં તો કહે છે કે જેને એ કેવળજ્ઞાન કર્તાગુણપણે જ્યાં પરિણમ્યો, એ કર્તાગુણથી પરિણમે છે ને? તે ઠેકાણે તેને નિમિત્ત હોય તો આખું લોકાલોક નિમિત્ત છે. એ સિવાય બીજો અંદર આવો રાગભાગ હોય અને વિનય કરવાનો ભાગ હોય એ એને હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

એમ કર્મગુણ છે આત્મામાં. કર્મ એટલે કાર્ય થવું, કાર્ય થવું. આત્મામાં કાર્ય થવું એ પોતાને કારણે કાર્ય થાય છે. કોઈ રાગને કારણે, નિમિત્તને કારણે, દેવ-ગુરુને કારણે નહિ. એવો એક આત્મામાં અનાદિઅનંત ગુણ છે. કાર્ય થવું શુદ્ધ ચૈતન્યનું કાર્યરૂપે પરિણમવું એ આત્માનો એક ગુણ છે. એ ગુણના પરિણમનમાં પોતે સ્વતંત્ર છે. શુદ્ધ ચૈતન્યની પરિણતિ દર્શન-જ્ઞાન-ચારિત્રની કરે છે એ સ્વતંત્ર છે. એ નિશ્ચયથી એમ છે. વ્યવહારથી કહો તો તે વખતે કાર્યમાં વિકલ્પ આદિ હોય છે, વ્યવહાર રાગાદિ વિકલ્પનો એને નિમિત્ત કહેવામાં આવે છે. પણ કાર્યને કોઈ નિમિત્ત ઊપજાવે છે અને કાર્ય નિમિત્તને ઊપજાવે છે તો નિમિત્ત-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નૈમિત્તિક સંબંધ રહેતો નથી. સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રનું કાર્ય જ્યાં થયું ત્યારે એવો વિકલ્પ ભલે ત્યાં હો, દેવ-ગુરુ-શાસ્ત્રની પરિણતિનો વિકલ્પ. પણ એ વિકલ્પ અહીં નિશ્ચય દૃષ્ટિ સ્થિરતાએ ઊપજાવ્યો છે એમ નથી અને એ ઊપજ્યો છે માટે અહીં સ્થિરતા ઊપજી છે એમ નથી. એવો નિર્મળ પર્યાયને વિકલ્પને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. લ્યો, એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

એ કહેશે આગળ જુઓ! '**પરદ્રવ્ય અને આત્માને...**' નીચે છે ને? ભાવાર્થમાં પછી બીજો પેરેગ્રાફ. '**નિમિત્તનૈમિત્તિકભાવ છે.**' અને તે પણ '**જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે,...**' એમ કહ્યું એય..! ભાષા એમ છે. લખ્યું છે ને? વ્યવહારીજનો એટલે વ્યવહારની અપેક્ષાએ કથન કરવામાં આવે છે કે આ આને જાણે છે અને આવું નિમિત્ત હતું અને આ આમ છે. એ બધો વ્યવહાર છે. વસ્તુ વસ્તુ પોતે પોતાને જાણે, પોતે પોતાને દેખે, પોતાને અનુભવે, પોતામાં સ્થિર થાય, એમ વસ્તુ નિશ્ચયથી એમ છે. અને તે પણ પોતે પોતાને જાણે અને દેખે એવો ભેદ પાડવો એ પણ વ્યવહાર છે કહે. આહાહા..! ભારે વાતું! સમજાણું?

એમ કર્તા-કર્મ. કરણ કરણ ગુણ છે આત્મામાં-સાધન. માણસ કહે છે ને કે વ્યવહાર સાધન જોઈએ. કહો, વ્યવહાર સાધન જોઈએ, આ સાધ્ય થાય. અહીં ના પાડે છે કે એમ નથી. જ્યારે કહ્યું હતું એ તો વ્યવહારનયથી નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું હતું. પંચાસ્તિકાય આદિમાં કહ્યું હતું. એય..! તમે લખ્યું છે કે નહિ ચોથું ત્યાં સાધન-સાધ્ય લખ્યું છે કે નહિ? સાધન સાધક સમજ્યાને? શું ભાષા નહિ ટીકામાં? સિદ્ધ થાય છે. એ તો સિદ્ધ થાય પણ ઓલું અત્યંત ઘટે છે. એમ. ભિન્ન સાધ્યસાધન અત્યંત ઘટે છે. એ અહીં ઘટે છે એ સિદ્ધ કર્યું છે અહીં.

આત્મા પોતાના શુદ્ધ કાર્યના પરિણમનરૂપે પરિણમે છે, અંતરના લક્ષથી ધર્મની પર્યાયપણે કાર્યપણે પરિણમે છે કાર્યગુણ અત્યારે. એ પોતાનો ... સાધનગુણ. સાધનગુણથી જ્યારે પોતે પરિણમે છે, સાધન નામનો કરણ નામનો આત્મામાં ગુણ છે, એ ગુણનો ધરનાર ગુણી આત્મા છે. એ ગુણીને લક્ષે (જ્યારે પરિણમે છે), એકલો ગુણભેદ પાડીને નથી, ગુણીને લક્ષે જ્યારે પરિણમે છે ત્યારે સાધન નામનો ગુણ પોતે પોતાના દરેક ગુણને સાધન થઈને કાર્યપણે પરિણમે છે. (એ) એકલું સ્વતંત્ર (પરિણમે છે). એને પર વ્યવહારના સાધનની પણ જરૂર નથી. નિશ્ચયની અપેક્ષામાં એ છે નહિ. પણ એ નિશ્ચયની પર્યાય પોતાના સ્વભાવના સાધન વડે પ્રગટ થઈ શ્રદ્ધા, જ્ઞાન આનંદ આદિ, ત્યારે તે પ્રકારનો વિકલ્પ હોય છે વ્યવહારનો એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. એ નિમિત્તનૈમિત્તિક પર્યાયનો સંબંધ છે. સમજાણું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? બહુ ઝઘડા જગતને. શું છે આ? અંદર અનુભૂતિ છે, થઈ શકે છે. સ્વતંત્ર કરને એમાં. આમાં ક્યાં પરની જરૂર છે? એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અખંડાનંદ કરણ-સાધનથી તો પડ્યો છે. એવા ગુણ સાધન નામના ગુણથી તો ભરેલો જ છે. એનું તું લક્ષ કર એટલે સાધનરૂપે પરિણમન થશે એવો જ એનો સ્વભાવ છે. એ કોઈને પૂછવા જાવું પડશે નહિ. સમજાય છે કાંઈ? લ્યો, આ સાધન સાધન કરે છે ને? બીજો કોઈ રસ્તો? એમ ત્યાં પૂછે છે આ લોકો વળી શ્રીમદ્ના માણસો. ઘણાં ત્યાં પણ પૂછતા હતા. અહીં પણ પૂછતા હતા. ત્યાં ગયા ત્યારે પૂછતા હતા રાતે. તમે આ કહો છો આ નિશ્ચય પણ બીજો કોઈ રસ્તો ખરો? બીજો રસ્તો વિકલ્પ ત્યાં હોય છે એથી આ રસ્તો થાય છે એમ નથી. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! એવી વાતું ભારે આકરી. જગતને એકાંત લાગે. આ એક જ રસ્તો કે બીજો કોઈ રસ્તો ખરો? સાધનમાં કોઈ.. ઓલામાં નથી આવતું ત્યાં? 'જ્ઞાનદશા પામ્યો નહિ, સાધનદશા ન કાંઈ.' આવે છે કે નહિ? 'પામે તેનો સંગ જે તે બૂડે જળમાંહી.' ભવમાંહી. એ ભવજળમાંહી. ત્યાં બધે એમ કહ્યું 'સૌ સાધન બંધન થયા રહ્યો ન કોઈ ઉપાય, સત્ સાધન સમજ્યા વિના ત્યાં બંધન શું જાય?' સત્ સાધનની આ વાત ચાલે છે, જુઓ હવે આ. ઠીક એ ..ભાઈ કહે છે. આ છે ને જૂના.

સત્ સાધન. સાધન સત્ તો સ્વરૂપ અંતર આનંદકંદ પ્રભુ છે એનામાં સાધન નામનો ગુણ પડ્યો છે. એ સત્ સાધન છે. સમજાણું કાંઈ? અંતરના સ્વરૂપમાં અનંતા ગુણોમાં કરણ નામનો ગુણ છે-સાધન નામનો, એના અંતર ગુણીને લક્ષે પોતાનું કાર્ય થાય છે. એ સાધન ખરેખર એ સાધન છે. સત્ સાધન એ છે. બાકી વિકલ્પનું વચ્ચે આવે પંચાસ્તિકાયના નિયમે... સમજાય છે? એવા રાગને સાધન કહે. એ તો નિમિત્તથી કથન છે. વ્યવહારનું જ્ઞાન કરાવવા એ વખતે આવું નિમિત્ત હોય છે સાધકને. સમકિત દૃષ્ટિ સાધકને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ આદિ સાધન વ્યવહારે સાધન કહેવાય છે. એ વ્યવહારે છે એમ કહેવાય છે. ખરેખર તો સાધન છે નહિ.

મુમુક્ષુ :- તો વ્યવહારે ખોટો થયો ને?

ઉત્તર :- ખોટો જ છે.

મુમુક્ષુ :- પણ હોય ખરો.

ઉત્તર :- હોય ખરો. અંદર હોય નહિ તો કેવળજ્ઞાન થઈ જાય.

અહીં તો બે છે એટલું સિદ્ધ કરવું છે ને? શું કહે છે? '**જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**વ્યવહાર પ્રકાર સમજવો.**' આ આત્મા પોતાના કાર્યને સિદ્ધ કરે, અખંડાનંદ પ્રભુ એવા ચૈતન્યને અવલંબીને જે પરિણમન સાધન થાય, બસ! સત્ સાધન એ છે. એ વખતે વિકલ્પાદિને, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, વિનય આદિનો વિકલ્પ એને નિમિત્ત તરીકે સાધન કહેવાય. એટલે કે નિમિત્ત છે માટે આ થયું છે એમ નથી અને થયું માટે એ નિમિત્તને એણે ઊપજાવ્યું છે એમ નથી. નિમિત્ત અને આ બે વસ્તુ છે એવો નિમિત્ત નૈમિત્તિક વ્યવહારે સંબંધ કરવામાં આવે છે. લ્યો! કહો, વજુભાઈ! બહુ ગોટો, ઘણો ગોટો ઉઠે છે ઘણો. ઓહોહો..! કો'ક કાંઈક... કોઈ કાંઈક.. કોઈ કાંઈક લઈ ગયા. ઓલા કહે, પંદર ભેદે સિદ્ધ ગણવું નહિતર અનંત સંસારી થશે. લ્યો વળી એમ લખ્યું. આપી છે ને તમને ચોપડી? આપી છે અમારે બે આપી છે વાંચવા. પછી ઓલી એક પાછી લાવજો હોં! કાલે આપી હતી એ. ચોપડી નથી. એ તો તમને વાંચવા (આપી).

મુમુક્ષુ :- .. થઈ ગયું.

ઉત્તર :- થઈ ગયું હા. એમ લખ્યું છે. નાચતા-ખાતા, ફરતા, રમતા. એ શું હશે? કાંઈક હશે પોતાનું .. હશે કાંઈક. આપણે સાંભળ્યું નથી. આમાં લખ્યું છે. ..માં એમ કે આમ .. દેવું એવું કાંઈક હશે. આપણે કાંઈ વાંચ્યું નથી. એમાંથી વળી અંદર ઉતરી ગયો હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી આઘું લઈ જાય છે. .. કેવળજ્ઞાન કહેતા હતા ને. પણ આમાં લખ્યું છે. .. છે ને? ... લખ્યું છે ને? અરે..! કેટલા ગપ્પા માર્યા છે. આ શ્રીમદ્ના ભગત! આહાહા..!

ભગવાન! કુંદકુંદાચાર્ય જે શ્રીમદ્ના ગુરુ. એ કુંદકુંદાચાર્ય એમ કહે કે એક વસ્ત્રનો તાણો રાખવાનો ભાવ હોય અને મુનિ માને તો એ નિગોદમાં જાશે. અને અહીં શ્રીમદ્ના ગુરુ એ અને આ શ્રીમદ્નો શિષ્ય આ. શ્રીમદ્નો શિષ્ય આમ કહે કે જો પંદર ભેદે સિદ્ધ ન માને તો અનંત સંસારી થાશે. ક્યાંય આમાં મેળ? એઈ..! બાપુ! એમ ન હોય. આ તો માર્ગ છે. આ ધોરી માર્ગ અનાદિનો છે. એમાં કોઈ કાંઈ છાંડીછીંડી હોઈ શકે નહિ. માર્ગ તો ભગવાન આત્મા શુદ્ધ ચારિત્રને અંદર પ્રગટ કરે ત્યારે તો તેની દશા વસ્ત્ર-પાત્ર વિનાની નગ્ન દશા જ હોય. વસ્ત્ર-પાત્ર દશા હોય અને છઠ્ઠું ગુણસ્થાન પ્રગટે (નહિ). ત્રણ કાળમાં વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? માટે નિમિત્તનૈમિત્તિક સંબંધ અહીં સિદ્ધ કરે છે. આડું અવળું બીજું નિમિત્ત (ન હોય). વળી ઓલો એક કહેતો હતો. નહિ? એય.. ક્યાં ગયા? ચેતનજી! નિમિત્ત ગમે તેવું હોય. લાકડી આમ આમ કરીને નહોતી કેશવલાલજીએ?

એ વાત અહીં થઈ ને પછી ગયા હતા ને તમે ત્યાં? ઈ કહે, નિમિત્તની વાત છે, ગમે તેવું નિમિત્ત હોય. એમ ન હોય. સમજાણું કાંઈ? મુનિપણું પ્રગટે માટે ગમે તેવું નિમિત્ત હોય. વસ્ત્ર-પાત્રમાં પડ્યો હોય, સ્ત્રીના લિંગમાં હોય, અન્યના ભેખમાં પડ્યો હોય, બાવાના ભેખમાં પડ્યો હોય અને કેવળજ્ઞાન થઈ જાય અને સાધુપદ આવી જાય એમ બને નહિ. સમજાણું કાંઈ?

એ માટે તો આખો લેખ છે આ. પર્યાયને અને નિમિત્તનો એવો જ સંબંધ બરાબર હોય કે એવું જ નિમિત્ત હોય બીજું હોઈ શકે નહિ. અને હોવા છતાં આ એનાથી આ થાતું નથી. એવી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? એમ કે પ્રવચનસારમાં અપવાદિક માર્ગ કહ્યો છે. એ અપવાદિક માર્ગ આ. એ કહ્યું હતું ને? ખબર છે ને? અરે..! અપવાદિક તો ઓલો જે આહાર-પાણી લેવાનો વિકલ્પ ઉઠે છે એ અપવાદ માર્ગ છે. રાગ ઉત્પન્ન થયો. આહાર લેવો, પાણી લેવું, બોલવું, પ્રરૂપણા કરવી એ વિકલ્પ એ અપવાદ છે. આ અપવાદ છે? એને માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ વાત પ્રવચનસારમાંથી કાઢે અને વળી એવા અર્થ કરે? ઊંધી દૃષ્ટિ છે તદ્દન મિથ્યાત્વની તીવ્ર.

હવે કુંદકુંદાચાર્યે ઉત્સર્ગ અને અપવાદ માર્ગ કહ્યો ને તો અપવાદ આવો લગાડી દીધો. એમ નથી. ઉત્સર્ગમાં તો નિર્વિકલ્પમાં પડેલો છે શુદ્ધઉપયોગમાં. પણ જ્યારે રહી શકતો નથી ત્યારે એને ખાવા-પીવાનો વિકલ્પ, વિનયનો વિકલ્પ, શાસ્ત્ર વાંચનનો વિકલ્પ આદિ હોય છે. એ વિકલ્પને અપવાદિક માર્ગ કહે છે. છે તો એ બંધનો માર્ગ. છતાં એમાં રહી શકતો નથી, સ્થિરતા (થતી નથી) એટલે આવો વિકલ્પ આવે. એવો નૈમિત્તક-નિમિત્ત સંબંધ નિર્મળ પર્યાયને અને આવા વિકલ્પને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આથી બીજો સંબંધ જો ગોતવા જાશે તો મિથ્યાત્વમાં જાશે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- કેટલી ચોખ્ખી વાત કરે છે!

ઉત્તર :- આ જુઓને કેટલી વાત કરે છે.

આ કહે છે, '**સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.**' છે ને ટીકામાં? '**एवमेवान्येषां सर्वेषामपि**' છે ને? '**सर्वेषामपि पर्यायाणां द्रष्टव्यः**' એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે. દરેક પર્યાયમાં-અનંતા ગુણની પર્યાયમાં નૈમિત્તિકપણું, સામે વિકલ્પ એવી જાતના, એવી જાતના હોય તેને નિમિત્તપણું. કેવળીને વળી કેવળજ્ઞાન અને લોકાલોક નિમિત્તપણું. એ રીતે જાણવું. સમજાણું કાંઈ? લોકાલોક તે પણ પાછા જેવા છે એવા લોકાલોક. એમ પણ મોટો ક્ષેત્રમાં ફેર, દ્રવ્યમાં ફેર, કાળમાં ફેર એ બધું નિમિત્ત પણ ખોટું છે. એમ થયું ત્યાં તો. એય..! કાળ આદિ.. આકાશના પ્રદેશમાં ફેર, ૩૪૩ રાજૂમાં ફેર, તેવું નિમિત્તપણું

જે છે જેવું નિમિત્ત જોઈએ એ ત્યાં રહ્યું નહિ.

અહીં તો કહે છે, એકલો કેવળજ્ઞાનઘન આત્મા પોતાની નિર્મળ પર્યાયના સાધનરૂપે પરિણમ્યો. કેવળજ્ઞાન હોય તો લોકાલોક નિમિત્ત કહેવાય છે. પણ લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું છે અને કેવળજ્ઞાન થયું છે માટે લોકાલોકની ઉપસ્થિતિએ અસ્તિપણું છે એમ છે નહિ. એની અસ્તિ એને લઈને અને આની અસ્તિ આને લઈને. આવું વસ્તુનું સ્વરૂપ અને સ્વતઃ સિદ્ધ સ્વભાવ છે. સમજાણું? એમ કરણ નામનો સાધનગુણ (છે). જુઓ! શાસ્ત્રમાં આવે લ્યો. કુંદકુંદાચાર્ય (કહે), સાધન-સાધ્ય અત્યંત ઘટે છે. એ આ રીતે. નિમિત્તપણું એવું જ અને નૈમિત્તિકપણું ચારિત્રનું એવું જ ઘટે છે. એમ. મુનિદશા હોય ત્યારે નિમિત્ત કેવું હોય? કે પંચ મહાવ્રતના પરિણામનો વિકલ્પ, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આદિ એવું નિમિત્તપણું હોય તે સાધન વ્યવહાર તરીકે અને સાધ્ય નિર્મળ પર્યાય, એવું નિમિત્ત-નૈમિત્તિકપણું સાધન-સાધ્યપણું ઘટે છે. એટલે એ રીતે હોય છે. સમજાય છે? ભારે તકરાર. સંપ્રદાયની દૃષ્ટિએ તકરાર. વાડાની તકરાર. અરે..! ભગવાન! એને માર્ગ જોતો હોય તો બાપુ! જે અનંત સંતોએ મોક્ષમાર્ગ અનાદિનો કહ્યો છે તે માર્ગે આવીશ તો કલ્યાણ છે. એ વિના બીજે કોઈ રસ્તે નથી.

કહો, કરણ (ગુણ થયો). કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન. લ્યો. દાન પણ પોતે પોતાને નિર્મળની પર્યાય આપે એ સંપ્રદાન. સમજાણું કાંઈ? એવો સંપ્રદાન આત્મામાં ગુણ છે કે જે નિર્મળ પર્યાય પ્રગટ કરીને પોતે રાખે. વીતરાગતા, આનંદતા, શાંતિ આદિ પ્રગટ કરીને પોતે રાખે. એવો આત્માના લક્ષે જે થાય તેને સાચો સંપ્રદાન, નિર્મળ પર્યાયને કહે છે. ત્યારે નિમિત્તરૂપે આહારદાન દેવા આદિનો જે વિકલ્પ હોય છે. દેવું છે ને આ મુનિને આહાર આપે વગેરે વગેરે. એવો જે વિકલ્પ હોય છે એને નિમિત્ત કહેવામાં આવે છે. એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ?

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન. એ તો ઉપાદાન ઉત્પાદ-વ્યય નાશ થવા છતાં ધ્રુવપણું કાયમ રહે છે. એવી પર્યાયનું પરિણમન છે એ વખતે એવું જ નિમિત્તપણું વિકલ્પાદિ હોય છે. આધાર. પોતાના ગુણનો આધાર પોતે પરિણમન છે. એને નિમિત્તનો આધાર નથી. શરીરનો આધાર નથી, મનનો આધાર નથી. એ આધાર નામનો આત્મામાં ગુણ છે એને લઈને ગુણીની દૃષ્ટિએ ભગવાન આત્મા શુદ્ધપણે પરિણમે તે આધારગુણથી પરિણમે છે. કોઈનો આધાર નથી. અથવા આમ અદ્ધર રહ્યો આત્મા. જુઓ! અત્યારે શરીરથી ભિન્ન છે ને? અહીં અદ્ધર રહ્યો છે. એ અદ્ધર રહ્યો છે એ પોતાના આધારગુણને કારણે ત્યાં અદ્ધર રહ્યો છે. શરીરને અડ્યો પણ નથી અને શરીરને કારણે રહ્યો પણ નથી. અદ્ધર છે.

મુમુક્ષુ :- આટલો બધો વીંટળાયેલો છે ને.

ઉત્તર :- ક્યાં વીટળાયેલો છે? ધૂળેય નથી. બેય જુદી જુદી (ચીજ) છે. કહો, વજુભાઈ! જ્ઞાનઘન ગોળો... કહો.. સમજાણું? ભિન્ન છે. નાળિયેરમાં છૂટો ગોળો જે છે એ કાચલીને આધારે છે એમ પણ નથી.

મુમુક્ષુ :- કાચું હોય ત્યાં સુધી તો આધાર છે.

ઉત્તર :- કાચાને આધારે પણ નથી અને પાકાને આધારે પણ નથી. સમજાણું કાંઈ? હોય છે ને ખડખડીયું નાળિયેર? કહે છે કે એ ગડગડીયાનો ગોટો પોતાને આધારે ત્યાં રહેલો છે. ઓલાને આધારે નહિ. એમ આ શરીરનો આખો ગોટો અંદર ગર. કેમ કાચલી અને છાલા અંદર ગર પડ્યો છે. બહારમાં ક્યાં છે એ ચીજ? એમ આ કાચલી અને વિકલ્પ આદિ. સમજ્યાને? એની અંદર જે ચૈતન્ય ગોળો આનંદ શુદ્ધ ભિન્ન (છે). એ વિકલ્પને આધારે રહ્યો નથી અને શરીરને આધારે અને કર્મને આધારે અહીં છે નહિ. કહો, જાધવજીભાઈ! આ ભારે.

ગોળો જેમ છૂટો જ પોતાને કારણે (રહ્યો છે). એમાં પરમાણુમાં પણ એક આધાર નામનો ગુણ છે. એક એક પરમાણુમાં. તે જે ક્ષેત્રે જ્યાં રહ્યો એ પોતાના આધારે ત્યાં પર્યાય પરિણમી રહી છે. પરને આધારે રહ્યો નથી અને પરને આધારે પરિણમતો નથી. એનું નિમિત્ત કહેવું કે આ કાચલી છે કે આ શરીર છે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાહેર કરે છે. પણ તે આને આધારમાં આ આધારે થઈ રહ્યો છે અને આને કારણે આ છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! જાધવજીભાઈ! જાધવજીભાઈને પણ હવે રસ આવ્યો હળવે-હળવે. છોડીને બેઠા. આ જ કરવા જેવું છે, સમજવા જેવું છે આ. એ બધા ધૂળધાણી છે પૈસા ને ફૈસા. હેરાન.

મુમુક્ષુ :- ધૂળધાણી ક્યાં?

ઉત્તર :- ધૂળધાણી નહિ તો કોલસા કહો. આહાહા..! અરે..! ક્યાં ભગવાન! એનો આનંદ, એનું જ્ઞાન એ તો એનામાં પડ્યું. એ બહારથી ક્યાંથી આવશે? સમજાય છે? આહાહા..! જ્યાં છે ત્યાં ગોતતો નથી અને જ્યાં નથી ત્યાં ફાફાં મારે છે. એ તો ઝાંવા છે તારા, ભાઈ! સમજાય છે?

અહીં તો ગોતીને આનંદ પ્રગટ થયો એ અદ્ધર રહેલો છે. આહાહા..! એવું આત્માનું અવલંબન. આવે છે ને સમવસરણ (સ્તુતિમાં)? એવું ભગવાનનો નિરાલંબન આત્મા, આવે છે ને? અહીં તો કહે છે કે દરેકનો આત્મા અને દરેકનું રજકણ પોતાના આધારગુણે નિરાલંબન જ્યાં છે ત્યાં રહ્યો છે. આ શરીરને આધારે અહીં નથી હોં અત્યારે. આ વિકલ્પ થાય છે

એને આધારે નથી અત્યારે. આ રાગ કર્મને આધારે નથી. એ ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ ચૈતન્ય શુદ્ધ, એનું જે આધારપણું ગુણ છે એના પરિણમનમાં પોતાને જે ક્ષેત્રે (છે) એ પોતાને આધારે રહેલો છે. એને એમ બતાવવું કે અત્યારે આ શરીર છે અને ફલાણું છે નિમિત્તપણું, એ નિમિત્તનો વ્યવહાર કરવામાં આવે છે. પણ નિમિત્તને અહીં ઊપજાવ્યું નથી. નિમિત્તને કારણે અહીં રહ્યો નથી. અહીં રહ્યો માટે આવું નિમિત્ત મળ્યું છે એમ પણ નથી. એને કારણે નિમિત્ત એને આધારે અને આને કારણે આ આધારે. ત્યારે એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક કહેવો તે વ્યવહાર કહેવામાં આવે છે. કહો, આ તો બધા ગુણમાં લે છે. કોઈ ફલાણો ગુણ છે એમ કાંઈ નથી. અરે..! ભગવાન શું કરે છે આ? આખી તત્ત્વની વ્યવહાર દૃષ્ટિ પણ ખોટી જેની છે હવે એને અંતરદૃષ્ટિ થાય ક્યાંથી? સમજાણું કાંઈ?

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. લ્યો, છએ થઈ ગયા. ઓલા તો થોડા ગુણ વર્ણવ્યા હતા ને ડોળિયામાં. પછી કાલે વળી કાગળ નીકળ્યો તો થોડી એમાંથી ૨૧ શક્તિ-ગુણ .... એણે લખ્યું છે ને? કેટલાક ગુણ વિકારપણે પરિણમે છે. એમાં આવ્યું છે ને ઓલામાં. એમાં તો ઘણા કાઢ્યા છે. એ નહિ ડોળિયામાં? પણ આજ વળી જોતાં પાછું એક પાનું નીકળ્યું એમાં. અહીં લખ્યું હશે. આ બોલ પણ લખ્યા છે. પણ આ મેં પાછા લખ્યા છે અહીં થોડાં. એ ક્રિયા નાખી છે. ક્રિયા નાખ્યું છે ને? કારકની ક્રિયા. ષટ્કારકની ક્રિયા છે ને? ક્રિયાના કારકો છે ને? ક્રિયા નામનો તેથી ગુણ લીધો છે ને ૪૭માં. એ ક્રિયાગુણના કારકો છે. કારકો ક્રિયાના છે ને? તો ક્રિયા નામનો પણ એક ગુણ લીધો છે ૪૭ શક્તિમાં. એ ક્રિયા નામના ગુણથી ત્યાં પરિણમન એના ષટ્કારકો છે. એ પણ સ્વતંત્ર ક્રિયા નામનો ગુણ છે એને લઈને આત્મા પરિણમન આમ ક્રિયા કરે છે. સમજાણું કાંઈ? એમાં જરી અશુદ્ધ સ્થાપી. એ ક્રિયાગુણ છે આમ તો શુદ્ધપણે પરિણમે છે. પણ પર્યાયમાં તો અશુદ્ધપણે પરિણમે છે કે નહિ? ત્યાં તો શુદ્ધપણાની વ્યાખ્યા છે. પણ પર્યાયમાં અશુદ્ધનું પરિણમન છે. એમ ષટ્કારકનું પર્યાયમાં સ્વભાવ દૃષ્ટિ નથી ત્યાં અશુદ્ધપણાનું પરિણમન છે. અશુદ્ધપણાના પરિણમનમાં કર્મનુ નિમિત્ત છે અને આનું પરિણમન નૈમિત્તિક છે. નિમિત્ત છે માટે અશુદ્ધ થયું છે અને અશુદ્ધ છે માટે નિમિત્ત છે એમ છે નહિ. ઝીણું છે. ત્યાં તો ઘણા બોલ ઉતાર્યા હતા. ક્રિયા પાંચ કારક... કર્તામાં આવી ગઈ છે ને શક્તિ પાંચ કારક? સ્વઆચરણ ગુણ. એક સ્વઆચરણ ગુણ લીધો છે. જીવત્વ. પહેલી શક્તિ, સાતમી, આઠમી એ બધી પરિણમે છે અશુદ્ધપણે એમ લીધું છે. નવ, દસ, અગ્યાર, બાર, તેર, ચૌદ, પંદર, સોળ, અઢાર. સત્તર કાઢી નાખી છે. ઓગણીસ, વીસ, એકવીસ, બાવીસ, ત્રેવીસ, ચોવીસ, ચોત્રીસ, સાડત્રીસ, ઓગણચાલીસ. એવું લખ્યું હતું એક ફેરી આ ૪૭માંથી. જરીક અંદર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશુદ્ધપણે પરિણમે. વસ્તુ તો શક્તિ ગુણ છે એટલે ગુણનો.. એને આધારે શુદ્ધ જ પરિણમે. પણ જ્યાં સુધી દૃષ્ટિ મિથ્યાત્વ છે ત્યાં સુધી આ શક્તિઓ બધી અશુદ્ધપણે પરિણમે છે. માટે અશુદ્ધપણે પરિણમે અમુક જ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો એકલું એક ફેરી કાઢ્યું હતું. આજ હાથમાં આવ્યું હતું.

મુમુક્ષુ :- .. ગુણના નામ લખ્યા હતા.

ઉત્તર :- હા. કહો, સમજાણું કાંઈ?

હવે એ તો અનંત ગુણનો ભંડાર છે. એમાંથી કેટલીક શક્તિઓ આંકડા કર્યા હતા. એક ફેરી (સંવત) ૧૯૯૯માં વિચાર આવ્યો હતો, ડોળિયામાં. પછી અહીં વળી થોડુંક વધારે નાખ્યું. એ પર્યાયમાં એ ગુણો અશુદ્ધપણે પરિણમે છે. અહીં પણ એ અધિકાર નથી. અહીં તો શુદ્ધપણાની વાત છે. જયસેનાચાર્યે તો અશુદ્ધપણું પણ લાગુ પાડ્યું છે. એ તો વિસ્તાર કરવા માટે નાખે. એમાં કાંઈ નહિ. કહો, સમજાણું કાંઈ?

જેટલી શક્તિઓ છે એમાંથી કેટલીક અશુદ્ધપણે પરિણમી છે. જેમ અસ્તિત્વગુણ છે, વસ્તુત્વગુણ છે એ કાંઈ અશુદ્ધપણે નથી થતાં. પણ પ્રદેશત્વગુણ છે આદિ એવા અનંત શક્તિઓ એમાંથી કેટલીક ઘણી શક્તિઓ એમાં લખી છે એ અશુદ્ધપણે પરિણમન છે. પોતાને કારણે મલિન છે. એ ગુણીની દૃષ્ટિ નહિ હોવાથી એ ગુણ છે એનું પરિણમન તો નિર્મળ હોવું જોઈએ. પણ ગુણીની દૃષ્ટિ નહિ હોવાથી એ ગુણનું પરિણમન પર્યાયદૃષ્ટિ હોવાથી રાગ અને વિકલ્પની દૃષ્ટિ હોવાથી તે અશુદ્ધ પરિણમનમાં કેટલીક શક્તિઓ પરિણમે છે. એને પણ નિમિત્ત હોય છે. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પ્રસિદ્ધ કરે છે.

અહીં શુદ્ધપણાના પરિણમનમાં અનંતી જે શક્તિઓ કેટલીક એણે લીધી અથવા અકર્તા-અભોક્તા આદિ શક્તિ છે આત્મામાં, લ્યો! રાગનું ન કરવું અને હરખનું ન ભોગવવું એવો આત્મામાં ગુણ છે એક. સમજાણું કાંઈ? રાગનું ભોગવવું અને પરનું ભોગવવું એવો કોઈ ગુણ નથી આત્મામાં. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ વાતું વીતરાગની પણ. ઓહોહો..!

વીતરાગ સ્વરૂપ આત્મામાં એક અકર્તા નામનો ગુણ છે કે જે કર્મના નિમિત્તે થતો વિકલ્પ એનાથી નિવૃત્તસ્વરૂપ આત્મા અકર્તા છે. સમજાય છે કાંઈ? એ અકર્તાગુણે આત્મા પરિણમે છે એ સ્વતંત્ર પરિણમે છે. એને કોઈની સહાય નથી. એ વખતે વળી કાંઈક રાગાદિનું નિમિત્ત કહેવું હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ અભોક્તા. આત્મા પોતે રાગનો, હરખનો, સંસારનો ભોક્તા (થાય) એવો કોઈ ગુણ નથી એનામાં. સમજાણું કાંઈ? આહાહા..! સંસારને વેદે, આ નિગોદ દશાને, વિકારને વેદવું, અનુભવવું એવો ગુણ નથી આત્મામાં. એ તો પર્યાયમાં ઊભું કર્યું છે એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..! સમજાણું કાંઈ? એનામાં ગુણ નથી રાગનો, હરખનો, શોકનો, વિષયની વાસનાને વેદવું એવો કોઈ ગુણ નથી. એ તો પર્યાયદૃષ્ટિએ ઉત્પન્ન કરેલી વાત છે. કર્મથી નહિ, નિમિત્તથી નહિ પણ ઉત્પન્ન કરેલી વાત છે. મિથ્યાદૃષ્ટિમાં રાગનું કરવું અને હરખનું ભોગવવું એ ઉત્પન્ન કરેલો કૃત્રિમ વેપાર છે. આહાહા..! ભગવાન આત્માને જોતા તો રાગ અને હરખનો અભોક્તા છે. જેઠાલાલભાઈ!

ગહન વિષય છે ભાઈ! વીતરાગ માર્ગ તો ઘણો ગહન ગૂઢ છે. કહો, સમજાણું આમાં? અને તે અંદર જ્ઞાનમાં ભાસ થાય એવું છે આ. એમ નથી કે ન ભાસ થાય એવું છે. સમજાણું કાંઈ? કહો, હીરાલાલજી! કહે છે કે આ પૈસા-બૈસાને ભોક્તો નથી, રાગને ભોગતો નથી એવો એનો ગુણ છે. ભગવાન એમ કહે છે પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરદેવ. ઈન્દ્રો ઉપસ્થિત હતા અને ઈન્દ્રને ઈન્દ્રાણીને ભોગવવાનો જે રાગ હતો તે ભગવાન કહે છે કે રાગનો ભોક્તા આત્મા છે નહિ એવો એનામાં ગુણ છે. એમ ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં આવતું. આહાહા..! સમજાણું કાંઈ? લોકસહા.. આવે છે ને? પંચાસ્તિકાયમાં. લોકના સ્વભાવને સાંભળનારા સમવસરણમાં રહેલા એમને ભગવાને આમ કહ્યું હતું. આહાહા..!

કહે છે કે ભાઈ! એ રાગ વિકલ્પ છે, વિષય-વાસના છે કે શુભ હરખ છે કે શુભરાગ છે, એનું ભોગવવું એનો કોઈ ગુણ નથી. પણ એનું ન ભોગવવું એવો ગુણ છે. અને આનંદ અને શાંતિનું ભોગવવું એવો ગુણ છે. સમજાણું કાંઈ? એવા અકર્તા-અભોક્તા ગુણનું પણ જ્યારે આત્માની દૃષ્ટિ થતાં જે નિર્મળ પરિણમન થાય ત્યારે તે પર્યાયને નિમિત્તરૂપે ભલે વિકલ્પાદિ હો, રાગનો અને હરખનો, પણ તે હરખનો અને રાગનો નિમિત્ત હોવા છતાં તે અકર્તા અભોક્તાએ ઊપજાવ્યો નથી અને એ વિકલ્પ છે માટે અકર્તા અભોક્તાનું પરિણમન છે એમ નથી. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કહો, સમજાણું?

‘**એ રીતે આ, આત્માના...**’ આ વળી થોડું રહી ગયું હતું ને. રામજીભાઈ કહે કે એ લખેલું આમાં. કાંઈક લખ્યું. તે દિ’ શું આવ્યું કોણે વિચાર્યું હતું પહેલું? કાંઈ લઈને બેઠા નહિ? એ વખતે ચાલતા ચાલતા આવ્યું હોય એ આવ્યું. સમજાણું? ઓલો દાખલો આપ્યો હતો ત્યાં, મોઢામાં પાવડર. આ પાવડર ચોપડે છે ને છોડ્યું નહિ? આદમી પણ ચોપડે છે, છોકરાઓ પણ ચોપડે છે. સવારમાં આવે છે.

મુમુક્ષુ :- પાવડરને મોઢાનો, અક્ષરને કાગળનો...

ઉત્તર :- અક્ષરને કાગળનો એ બધા એ છે ને માથે.

મુમુક્ષુ :- .. સાપનો અને અંજનને આંખનો. આટલા દાખલા..

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- તે દિ' એવું કહ્યું હશે. કહો, સમજાણું કાંઈ? શું કીધું? આ પાવડર ચોપડે છે ને તો એ પાવડરની પર્યાયને અને આ શરીરની પર્યાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ પાવડરની પર્યાય ભિન્ન રહે છે અને શરીરની પર્યાય ભિન્ન રહે છે. પાવડરની પર્યાય શરીરરૂપ થઈને ગઈ નથી અને શરીરની પર્યાય પાવડરરૂપ થઈ નથી.

મુમુક્ષુ :- પાવડર લુછી નાખે તો...

ઉત્તર :- એ તો કીધું, ધોળું ધોઈ નાખે તો ભીંત વઈ જાય છે? એમ આ પાવડર. એમ આંખમાં આંજણ. જુઓ આંજણ. આંજણ આંજે છે ને? એ આંજણની પર્યાય આંખને અડી જ નથી. આહાહા..! કારણ કે આંખના પરમાણુની પર્યાય અને આંજણની પર્યાય એ બે ભિન્ન છે. એ આંજણની પર્યાય આંખરૂપ થઈને રહી નથી. આંજણની પર્યાય આંજણરૂપ થઈને રહી છે. અને આંખની પર્યાય આંજણરૂપ થઈ નથી. એ આંખની પર્યાય આંખરૂપ થઈને રહી છે. ત્યારે આંખરૂપ થઈને રહેલી અને આંજણની પર્યાય નિમિત્ત-નૈમિત્તિક પર્યાય કહેવામાં આવે છે. વ્યવહાર કહે તો. નિશ્ચયમાં તો એ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- અક્ષર ને કાગળ.

ઉત્તર :- અક્ષર ને કાગળ એ છે ને. અક્ષર શું આ? આ છે એને અક્ષર પડ્યો. અક્ષર એને અડ્યો જ નથી. અક્ષર થયો તે કાગળરૂપ થઈને રહ્યો નથી. અને કાગળ અક્ષરરૂપ થઈને રહ્યો નથી. ભારે વાત! કહો, સમજાણું કાંઈ? કહો, ખેતશીભાઈ! આ નામું-બામું લખે ને હુશિયાર હશે ને વીરચંદભાઈને બધા. નામા લખે. કહે છે કે એ અક્ષર જે આમ થાય છે એ અનંત પરમાણુનો પર્યાય છે એક. એ પર્યાય કાગળરૂપ થઈને નથી રહ્યો ત્યાં અને કાગળની પર્યાય અક્ષરરૂપ થઈને નથી રહી. એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક કહેવામાં આવે છે. એ વ્યવહારથી કહે તો. નિશ્ચયમાં તો કાંઈ છે નહિ. એ અક્ષરની પર્યાય અક્ષરરૂપે રહી છે. કાગળની પર્યાય કાગળરૂપ રહી છે. કાગળની પર્યાયરૂપ થઈને અક્ષર રહ્યો નથી અને કાગળ અક્ષરરૂપ થઈને નથી રહ્યો. અક્ષરરૂપની પર્યાય અક્ષર થઈ છે, કાગળની પર્યાય કાગળ (રૂપ થઈ છે). આવો વસ્તુનો સ્વભાવ છે. કહો, ન્યાલભાઈ! સમજાણું કાંઈ? આ દવા ચોપડે છે ને લ્યોને ગુમડાને. ખરું કે નહિ? લગાડેને લેપ? લાલ-બાલ નથી આવતી દવા? એવી આવે છે. લાલ આવે, આ આવે. કહે છે કે દવાની પર્યાય ગુમડારૂપે થઈને નથી આવી કે રહી. ગુમડાની પર્યાય દવારૂપ થઈને નથી રહી ત્યાં.

મુમુક્ષુ :- ગુમડાને અસર કરે.

ઉત્તર :- અસર-ફસર કાંઈ કરતું નથી. ભારે વાત!

મુમુક્ષુ :- નહિતર ચોપડે શું કરવા કોઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- ચોપડે છે કોણ? આવે છે ને હોય છે. આવે છે ને હોય છે. અહીં તો હોય છે એમ સિદ્ધ કર્યું છે. જગતથી ઊંધું છે, ભાઈ! અનંતા દ્રવ્યો છે. અનંતા દ્રવ્યો બીજારૂપે થઈને પરિણમે? એમ કહે છે. દવાની પર્યાય દવારૂપે રહી છે. અને આ શરીરની પર્યાય શરીરરૂપે રહી છે. દવાની પર્યાય શરીરરૂપે થઈને રહી છે? અને શરીરની પર્યાય દવારૂપે થઈને ત્યાં રહી છે?

મુમુક્ષુ :- શરીર ને પીઠી.

ઉત્તર :- હા, પીઠી. આ લગન કરે છે ને. આ લગન નથી કરતા? ચોપડે છે ને ઓલું મેથી. મેથી ને હળદર નાખીને આ પીઠી (બનાવે). રૂપાળું દેખાય. ઓલું કાળુ-બાળું હોય ને તો પીળું બીળું થાય એટલે સારું દેખાય. બે-ત્રણ દિ' તો સારું દેખાય. પણ કહે છે કે એ મેથીની.. તે દિ' કહ્યું હશે એટલું બધું. એ પીઠી છે ને? એ પીઠીની પર્યાય પીઠીપણે થઈને રહી છે. શરીરને અડી જ નથી. શરીરપણાની પર્યાયપણે થયા વિના રહી છે. શરીરની પર્યાય શરીરપણે થઈને રહી છે. શરીરની પર્યાય પીઠીની પર્યાય થઈને રહી નથી.

મુમુક્ષુ :- હળદર અને શાક.

ઉત્તર :- મીઠું ને શાક, હળદર અને શાક. જે નાખોને બધું કહો એ. એ મીઠા દ્રવ્યની પર્યાય ત્યાં પરદ્રવ્યરૂપે થઈને રહી નથી. સ્વદ્રવ્યરૂપે થઈને રહી છે. સામું તે તે દ્રવ્યની પર્યાય ત્યાં લેવી. નિશ્ચયથી તો એમ. વ્યવહારથી કહેવું કે આને આ નિમિત્ત હતું. આને આ નૈમિત્તિક હતું. બસ, એટલી વાત છે. પણ એકબીજાથી થયું છે અને એકબીજાને લઈને રહી છે, થઈ છે અને રહી છે એમ વસ્તુમાં નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? કહો, ચંદુભાઈ! હવે આવી વાતું છે જૈનદર્શનમાં. હવે ઓલા બધા કહે કે વિકલ્પ તોડો... વિકલ્પ તોડો. શેનું પણ? વસ્તુ સમજ્યા વિના? અસ્તિત્વ શું છે? એનામાં ગુણ શું છે? એની પર્યાય કેમ થાય છે? એના ભાન વિના વિકલ્પ તૂટે ક્યાંથી? બસ, નાસ્તિક થઈ ગયો એકલો. સમજાણું?

એનું અસ્તિત્વ જે તોડવાનું અસ્તિત્વ કેટલામાં કેટલામાં હોય તો તેને તોડવાનું લાગુ પડે. પણ આખું અસ્તિત્વ બધાને વિકલ્પ અહીં તોડે તો મેળ ક્યાં ખાય અંદર? સમજાણું કાંઈ? એટલે એમાં પહેલું સિદ્ધ થવું જોઈએ. કે જે અનંતા ગુણોનો અંદર વિકલ્પ જે પરિણમન અશુદ્ધ થયું છે એ જેટલા ક્ષેત્રમાં થયું તેટલા ક્ષેત્રમાં એ આત્મા છે. તેથી તેને અંદરમાં એકાગ્ર થતાં તેટલા ક્ષેત્રમાં એકાગ્ર થવું પડે છે. એને આમ થવું પડતું નથી. સમજાણું કાંઈ? વગેરે વગેરે લેવા. લ્યો. અનંત ગુણની પર્યાયની વાત છે. જેટલા બહારના દાખલા આપવા હોય અપાય. સમજાણું?

જુઓ! આ લોલક ચાલે છે કે નહિ? આ ઘડિયાળ ચાલે છે, કાંટો ચાલે છે. એ કાંટાના ચાલવાની પર્યાય લોલકના ચાલવાની પર્યાયને લઈને થતી નથી. એક જણો એમ કહેતો હતો. એ વળી મળ્યો હતો ત્યાં ભાવનગર. છે કે નહિ? ગુજરી ગયા નહિ? શાંતિભાઈના સાળા. ગુજરી ગયા. શાંતિલાલ. એક વખત ત્યાં હતા. ઘણું કરીને (સંવત) ૧૯૭૭ની સાલ હશે. ૭૭માં પહેલા ભાવનગર ગયાને જ્યારે? ત્યારે કહે, જુઓ! આ મહારાજ ઘડિયાળમાં જીવ છે. અમારો આ મિલનો સંચો છે એમાં જીવ છે. ચાલે છે ને. અરે..! ભાઈ! શું કહે છે તું આ? ગતિ કરે એ જીવ. એમ કહ્યું હોય કે નહિ? ગતિ કરે એ જીવ, સ્થિર હોય એ જડ. ઠીક! આવું શીખ્યા. જીવ સ્થિર પણ હોય અને ગતિ પણ કરે. પરમાણુ સ્થિર હોય અને ગતિ પણ કરે. ગતિ કરે એમાં જીવ હોય તો જડ પણ જીવ થઈ જાય. ગતિ કરે છે, પરમાણુ ગતિ કરે છે એક સમયમાં. ગતિ એની પોતાની પર્યાય છે. અહીં તો કહે છે કે જે આંકડો આમ ફરે છે ને સમયે સમયે એ લોલકના ફરવાને અને આ પર્યાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આંકડો ફરે છે એ પોતાની પર્યાયથી આમ ફરે છે. એને લોલકની પર્યાય અડતી નથી અને આંકડાની પર્યાય લોલકને અડતી નથી.

મુમુક્ષુ :- ચાવી દે ને.

ઉત્તર :- ચાવી કોણ દે? ચાવીની પર્યાય ભિન્ન અને ઓલી પર્યાય ભિન્ન. એવી વાતું છે અહીં તો.

ભગવાને અનંતા દ્રવ્ય જોયા છે અનંતા સ્વતંત્ર જોયા છે. કોઈ કોઈને આધીન છે નહિ. અને આધીન હોય તો સત્ હોઈ શકે નહિ. કહો, ચીમનભાઈ! આ બધો અભ્યાસ કરવો પડે એને. નહિતર ડોક્ટર તમારે ઓલામાં ડોક્ટર કેટલા હુશિયાર એમ નહિ પાલવે આમાં. ત્યાં કહેવાય ઓલા ત્યાં ..માં ભણ્યા હોય તો ડોક્ટર કહેવાય લ્યો. એમ કહેવાય ને? શું કહેવાય? બધામાં ઓલું .. હોય તો ડૉક્ટર કહેવાય. ઘણો અભ્યાસ હોય ને. આ ડોક્ટરપણું જુદી જાતનું છે અહીં તો. જેવો જડ-ચૈતન્યનો ગુણ અને પર્યાય છે તે કળાને તેમ જાણે તેને કળાબાજ કહેવાય છે. નહિતર પરાધીનપણે માને તો એ દૃષ્ટિ સાચી નથી. લ્યો! ઠીક બધું આવ્યું ઘણું. દાખલા જેટલા આપે એટલા. ભાવાર્થ. લ્યો! આજ તો એમાં ગયું બધું હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે આમાં નાખે એટલું નીકળે. ચાર પૈસે શેર તો મણના અઢી. પછી દાખલા દેવા હોય એટલા દેવાય. સમજાણું?

જુઓ! આ આંગળી અને આ લાકડી છે જુઓ. ઠીક! અહીં તો આત્માની વાત છે

પણ આ આંગળીની પર્યાય આ લાકડીને અડી નથી. લાકડીની પર્યાય પોતાથી ત્યાં પરિણમી છે અને એને આધારે રહી છે. આંગળીને આધારે રહી નથી. ત્યારે આ આંગળીની પર્યાયને નિમિત્ત કહેવાય અને આની પર્યાય નૈમિત્તિક કહેવાય. પણ નૈમિત્તિક એ નિમિત્ત લાવ્યો નથી અને નિમિત્તે નૈમિત્તિક ઊપજાવ્યું નથી. સમજાણું કાંઈ? એમ કર્મનો ઉદય નિમિત્ત અને વિકાર નૈમિત્તિક. પણ નિમિત્તે નૈમિત્તિક વિકારને ઊપજાવ્યો છે એમ નથી. તેમ વિકાર થયો માટે નિમિત્તની ઉદિરણા કરી જીવે, કર્મના પરમાણુની ઉદિરણા આણે કરી છે એમ નથી. સમજાણું કાંઈ? કર્મની પર્યાય જે થવાને લાયક તે કર્મથી થઈ છે. રાગ રાગને લાયક થયો છે. ત્યારે રાગને નૈમિત્તિક કહેવાય આને નિમિત્ત કહેવાય. આને જ્યારે નિમિત્ત કહીએ તો ઓલાને નૈમિત્તિક કહેવાય તે સમયે. આહાહા..! આવું સ્વરૂપ છે. સેટીકાનો દાખલો આપીને તો આખી દુનિયાના બધા ગુણની પર્યાય અને બધા સામે નિમિત્ત કેવા હોય એનું જ્ઞાન કરાવ્યું છે.

'**ભાવાર્થ :- શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે.**' લ્યો! આ ભગવાન આત્મા શુદ્ધનયથી જુઓ, સાચી દૃષ્ટિથી જુઓ, સત્ સ્વરૂપ છે તે દૃષ્ટિથી જુઓ તો એક ચેતનામાત્ર સ્વભાવ છે. જાણવું-દેખવું તે સ્વભાવ છે. એનો પુણ્ય-પાપનો વિકાર અને પરનું કરવું અને પરનું ભોગવવું એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? કહો, આ રળવું, પાછું ખાવું, દુકાન હલવવી, એ કહે છે, આત્મામાં નથી.

મુમુક્ષુ :- એ ક્યાં કરે છે?

ઉત્તર :- જાય છે. દુકાન ચાલતી હોય ત્યાં બેસે છે. થોડીવાર જઈને બેસે. એવું સાંભળ્યું છે ભાઈ, કો'ક કહેતા હતા. કહો, સમજાણું?

'**શુદ્ધનયથી આત્માનો...**' શુદ્ધ નામ સાચી દૃષ્ટિના જ્ઞાનથી અંતર આત્માનું જેવું સ્વરૂપ છે તેવું જોતાં '**એક ચેતનામાત્ર સ્વભાવ છે.**' ચેતનામાત્ર સ્વભાવ. '**તેના પરિણામ...**' દેખો! એની પર્યાય. '**જાણવું,...**' છે. આત્મા જાણવાની પર્યાયપણે પરિણમે છે. બસ, એ એનું સ્વરૂપ છે. '**દેખવું,...**' છે. દેખવાપણે થાય છે. આ તો આમ પરિણમેલી છે. આત્મા દ્રવ્ય થયું, ચેતનામાત્ર એનો ગુણ થયો, આ એની પર્યાય થઈ. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ થઈ. એક ચેતનામાત્ર એનો ગુણ થયો સ્વભાવ. એના અનંત ગુણમાંથી આ એક એક પરિણામ થયા. '**તેના પરિણામ જાણવું, દેખવું,...**' લ્યો, આ એના આત્માના પરિણામ છે. રાગનું, પુણ્ય-પાપનું થવું એ આત્માના પરિણામ નથી. પરભાવ છે. એનો જાણનાર આત્મા છે. સમજાય છે?

'**શ્રદ્ધવું,...**' ચેતનામાંથી. '**નિવૃત્ત થવું...**' ચારિત્ર. ઓલામાં ચારિત્ર લીધું હતું, ઓલામાં અપોહક લીધું હતું. અહીં નિવૃત્ત. '**નિવૃત્ત થવું ઈત્યાદિ છે.**' નિવૃત્તસ્વરૂપ છે ને? પુરુષાર્થ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સિદ્ધિ ઉપાયમાં. પરિગ્રહના અધિકારમાં. '**ત્યાં નિશ્ચયનયથી...**' ઈત્યાદિ હોં! પછી અનંત ગુણો લેવા. '**ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે...**' એટલે સાચું સ્વઆશ્રય વિચારવામાં આવે, '**તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો,...**' આત્માને પરદ્રવ્યનો જાણનાર કહી શકાતું નથી. કારણ કે જાણનાર તો જાણનારનો છે. પરદ્રવ્યનો થઈને જાણતો નથી. માટે પરદ્રવ્યને જાણે એમ કહી શકાતું નથી. આહાહા..! પરદ્રવ્યનો કર્તા તો નથી પણ પરદ્રવ્યનો જાણક કહી શકાતો નથી. અહીં રાડ નાખે માણસ. ઓલો કહે કે પરદ્રવ્યનો કર્તા ન માને તો એ દિગંબર જૈન નહિ. અરે..! શાસ્ત્રના જાણનારા માન ધરાવીને... ભાઈ! બાપુ! કઠણ પડશે. એ અત્યારે ચાલશે પોલંપોલા જગતમાં. બાપુ! સત્ય નહિ પોકાર કરે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્માને ચેતના સ્વભાવનું જાણવા-દેખવારૂપ પરિણમન કરે છે. પણ એ રાગરૂપે પરિણમે કે પરનું કરે એવું તો એનામાં નથી. એવા આત્માને અંદરમાં શ્રદ્ધવો અને જાણવો, ઓળખવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યનો જાણનાર નથી કહી શકાતો. જોયું! એમ દેખનારો નથી કહી શકાતો. એમ પરને શ્રદ્ધા કરનારો પણ નિશ્ચયથી કહી શકાતો નથી. પરની અપેક્ષા શું કામ ત્યાં? પોતે પોતાથી શ્રદ્ધે, જાણે, દેખે છે. બસ. કોઈની અપેક્ષા નથી. એવું સત્યનું સ્વરૂપ છે.

'**ત્યાગ કરનારો નથી કહી શકાતો;...**' લ્યો! આ રાગનો ત્યાગ કર્યો એ પણ કહી શકાતો નથી. '**કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી.**' ભગવાન સ્વતંત્ર આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને અને પરદ્રવ્યને કાંઈપણ સંબંધ નથી. લ્યો! કાંઈ પણ સંબંધ નથી. એ આવ્યું હતું. ૨૦૦ કળશ. સમજાણું કાંઈ? ૨૦૦ અને ૨૦૧ બે કળશમાં આવ્યું હતું. કાંઈપણ સંબંધ નથી. સંબંધ શેનો પણ? સંબંધ શેનો પણ? સ્વતંત્ર વસ્તુ છે એમાં. રજકણે રજકણ સ્વતંત્ર, આત્માએ આત્મા સ્વતંત્ર પોતાથી ત્યાં સતરૂપે રહેલ છે. પરદ્રવ્યને અને આત્માને કે કર્મને અને આત્માને પરને જાણવા-દેખવાના અને આત્માને કાંઈપણ સંબંધ નથી. સમજાણું કાંઈ?

'**જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઈત્યાદિ ભાવો છે,...**' હવે કહે છે. પરની સાથે તો સંબંધ નથી, પણ જે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, કર્તા, કર્મ વગેરે ઈત્યાદિ જે ભાવો છે '**તે પોતે જ છે;...**' એ ભાવ પોતે જ છે. એમાં એ ભાવવાળો છે અને ભાવ કરનારો છે એમ ભેદ પણ શું કરવા પાડવા છે? એમ. જાણનાર આત્મા પોતે છે પોતાને. દેખનાર પોતે પોતાને. એમ ભેદ શું કરવા પાડવો? કારણ કે ભાવ અને ભાવક કોઈ જુદા નથી. પોતે જ છે એ તો પોતે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે.**' લ્યો! ઠીક! ભારે ભાઈ આ. હજી તો ઓલાને સામાને કરવો એ અસદ્‌ભુત વ્યવહારને સાચો સ્થાપે છે. કલ્પનામાત્ર નથી. નિમિત્ત-નૈમિત્તિક કલ્પનામાત્ર નથી. યથાર્થ છે. આવ્યું છે પુસ્તકમાં. ખાણિયા. કલ્પના નથી. અહીં કહે છે કે ભાવ ભાવકનો ભેદ કહેવો એ પણ વ્યવહાર કલ્પના છે. વસ્તુમાં ક્યાં ભેદ છે? આહાહા..! કહો, સમજાણું આમાં?

'**નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.**' ભગવાન ભાવ અને ભાવસ્વરૂપ, ભાવ અને ભાવવાળો એવો ભેદ નથી. એ તો જે ભાવ જ્ઞાન, દર્શન, આનંદ ભાવ છે. બસ! એવા જ્ઞાયકભાવની અંતર દૃષ્ટિ કરવી, અભેદ ઉપર દૃષ્ટિ કરવી, અભેદનું જ્ઞાન કરવું, અભેદમાં ઠરવું એનું નામ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. એનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માગશર સુદ ૫, બુધવાર તા. ૬-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૧૫, ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૧૮**

૫૨૯ પાને છે, નિશ્ચય અને વ્યવહાર. આ ગાથાઓ.. સેટિકાનો વ્યવહાર. નીચે છે. નિશ્ચયની વાત થઈ ગઈ ભાવાર્થની.

‘**હવે વ્યવહારનય વિષે.**’ નિશ્ચયની વાત થઈ ગઈ કે આત્મા જ્ઞાન તે જ્ઞાન જ છે, દર્શન તે દર્શન છે, આનંદ તે આનંદ છે, ચારિત્ર તે ચારિત્ર છે. એના ભેદ પાડવા કે આનંદ છે અને જ્ઞાન છે, એ પણ ભેદની ત્યાં જરૂર નથી. જ્ઞાયક તે જ્ઞાયક છે એવો નિશ્ચય તે વસ્તુનું સ્વરૂપ છે. ‘**હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા,...**’ કહેવાય છે, વ્યવહારથી પરદ્રવ્યને આત્મા જાણનારો કહેવાય છે, એને દેખનારો કહેવાય છે અથવા પરદ્રવ્યનું શ્રદ્ધાન કરનાર કહેવાય છે અથવા ‘**ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે.**’ લ્યો. જુઓ, આવ્યું ને? પરદ્રવ્યને આ શ્રદ્ધા કરનારો છે, આનો જાણનારો છે એમ કહેવું વ્યવહાર છે. કારણ કે નિમિત્ત છે અને આ પર્યાય નૈમિત્તિક છે. આ નિમિત્ત છે તો એ નૈમિત્તિક છે. અરસપરસ નિમિત્ત નૈમિત્તિકભાવની અપેક્ષાએ આ વ્યવહાર ગણવામાં આવે છે. છે?

‘**પરદ્રવ્યને અને આત્માને...**’ જુઓ! આ બધા પરદ્રવ્ય લીધા છે. આત્માની દરેક પર્યાય લીધી છે. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, આનંદની, વીર્યની અને સામે દ્રવ્યો જેટલા છે એટલા બધા. એ એને શ્રદ્ધવા યોગ્ય, ત્યાગવા યોગ્ય, જાણવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય, વીર્યમાં પોતાના પુરુષાર્થથી નિમિત્ત થવાને અંદર યોગ્ય પોતાના પુરુષાર્થમાં, એ બધાને અને આત્માની પર્યાયને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત નૈમિત્તિક એટલે? પોતે જો નૈમિત્તિક કહીએ તો તેને-સામાને નિમિત્ત કહીએ, એને નૈમિત્તિક કહીએ તો આને નિમિત્ત કહીએ. શું કીધું?

આત્મા પરને જાણનારો છે એમ કહેવું એ જ્ઞેયને જો નિમિત્ત કહીએ તો જાણનાર પર્યાયને નૈમિત્તિક કહીએ અને જાણનાર પર્યાયને નિમિત્ત જ્ઞેયનું કહીએ, જાણનાર પર્યાયને નિમિત્ત જ્ઞેયનું, જ્ઞેયનું નિમિત્ત કહીએ તો જ્ઞેય નૈમિત્તિક છે, જ્ઞાનપર્યાય નિમિત્ત છે. સમજાણું કાંઈ? કોઈ કોઈનો કર્તાહર્તાનો સંબંધ આમાં છે જ નહિ, વ્યવહારનયે પણ. આ સંબંધ કીધો એ પણ કહે છે કે.. એ કહેશે જુઓ! વ્યવહારીજનો કહે છે. એ પણ વ્યવહારીજનો આમ કહે છે. વ્યવહારીજનની કથનની પદ્ધતિ આવી છે. એવો સ્વતંત્ર ભગવાનઆત્મા, પોતાના જ્ઞાનથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરને જાણે એમ કહેવું એ તો જ્ઞેયનું નિમિત્તપણું અને જ્ઞાનનું નૈમિત્તિકપણું અથવા જ્ઞેયનું નૈમિત્તિકપણું અને જ્ઞાનનું નિમિત્તપણું, એટલો વ્યવહારનો સંબંધ ગણીને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

જેમ કે અહીંયાં દેવ-ગુરુનો આત્મા અને સ્ત્રી-પુત્રનો આત્મા, જાણવામાં એ જ્ઞેય છે. એનો નથી. એ જ્ઞેયનો આત્મા નથી, આત્માનું એ જ્ઞેય નથી. એ દીકરાનો આત્મા આ આત્માનો નથી અને આ આત્માનો પર્યાય દીકરાના આત્માનો નથી. બરાબર હશે? કેમ ભાઈ! કેમ હશે આ મલૂકચંદભાઈ? કોઈ સાથે આવે બે ભાઈ લ્યોને, તોય પણ કહે છે કે એ આત્મા, આ આત્મા જાણે એને એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે પરવસ્તુ થઈ અને એ આમાં જણાય એમ કહેવું એ એને માટે વ્યવહાર થયો. સમજાણું કાંઈ? આવો, આવો હિંમતભાઈ. ભાઈને આવવા દો.

શું કહ્યું આ? કે આ આત્મા છે એ જાણક સ્વભાવવાળું તત્ત્વ છે-જાણનાર. હવે એ જાણનારનો આત્મા, એ આત્મા સિવાય પરવસ્તુનો કર્તા, હર્તા કે ભોક્તા પણ પરનો નથી. કારણ કે પરવસ્તુ સ્વતંત્ર છે. આ વસ્તુ પણ સ્વતંત્ર છે. કહો, સમજાણું આમાં? પણ આત્માને.. અહીં તો દીકરા અને બાપ વચ્ચે વાત ચાલતી હતી. આ આત્મા જે છે, સમકિતીનો આત્મા છે એ એનો બાપ અને ઓલો સમકિતીનો આત્મા એટલે બીજો એનો દીકરો લ્યો. છતાં આ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં એ આત્મા જણાવા લાયક છે કે આ એક આત્મા છે એમ. મારો દીકરો છે કે આ મારો બાપ છે એમ જાણવાલાયક વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાતા-દૃષ્ટા.

ઉત્તર :- એ પણ વ્યવહારે, એ વ્યવહાર છે, એ વ્યવહાર છે જુઓ, એ કહેશે.

આત્મા ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ આનંદસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ કે પરવસ્તુ આમાં નથી, આ એમાં નથી, માટે વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર તો આત્મા પોતાને જાણે છે એમાં એ જણાઈ જાય છે, તો એ જણાઈ જાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે, કહે છે. વ્યવહાર એટલે ખરેખર એ વાત નથી. આત્મા ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાનનો ભરેલો ભગવાન. એમાં આવ્યું છે ને?

જેમ ખડી ધોળા-સફેદથી ભરેલી ખડી છે, એમ આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ જ્ઞાનનું પરિણમન પર્યાયમાં વર્તમાન દશા થતાં બીજી ચીજો તે જ્ઞાનમાં જણાય તે ચીજ તેને જણાવાયોગ્યને જ્ઞેય કહીએ, જાણનારને જ્ઞાન કહીએ, તો જાણનારને જ્ઞેય-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જણાવાયોગ્ય કહેવું તે નિમિત્ત છે અને એ જ્ઞેય આને નિમિત્ત છે. જાણનારની પર્યાયમાં જણાવાયોગ્ય પર્યાય તે નિમિત્ત છે અને જણાવાયોગ્ય પર્યાયમાં આ જ્ઞાન નિમિત્ત છે. અરસપરસ નિમિત્ત છે. સમજાણું કાંઈ? નિમિત્તનો અર્થ એવો નથી કે જ્ઞેય છે માટે અહીં જાણે છે અને જાણનાર છે માટે તે જ્ઞેય છે એમ નથી. વસ્તુ-વસ્તુ ભિન્ન છે. ઝીણું છે આ બધું. હિંમતભાઈ!

ભગવાનઆત્મા શ્રદ્ધા કરનાર છે એમ કહો કે દેવ-ગુરુની શ્રદ્ધા કરનાર છે, તોપણ કહે છે કે દેવ-ગુરુનો આત્મા તો ભિન્ન છે અને શ્રદ્ધા કરનારો આ ભિન્ન છે. શ્રદ્ધા કરવાયોગ્ય પર્યાય એમાં શ્રદ્ધા કરવાયોગ્ય આ ચીજ છે એમ કહેવું એ શ્રદ્ધાપર્યાયને નિમિત્ત છે અને એ શ્રદ્ધા કરવાયોગ્ય વસ્તુ છે એને આ શ્રદ્ધાની પર્યાય નિમિત્ત છે. સમજાણું કાંઈ? બાકી સૌનું સ્વતંત્ર છે. કોઈ કોઈને કાંઈ લેવા દેવા નથી. આહા..હા..!

દરેક આત્મા પોતાની વર્તમાન પર્યાયને શ્રદ્ધે, જાણે, માને, પોતાને જાણે, માને એટલો ભેદ પાડવો, કહે છે વ્યવહાર છે, પણ ઓલાની અપેક્ષાએ. પરને જાણે, શ્રદ્ધે, રાગને છોડે, આ સ્ત્રી-કુટુંબને છોડે એમ જે કહેવું એ પણ વ્યવહારનું કથન છે. કેમકે તે વખતે છૂટવા યોગ્યની પર્યાય છે એને અહીંયાં છૂટવા યોગ્ય જે ચારિત્રદશા થઈ તેમાં તેને નિમિત્ત કહેવામાં આવ્યું અને છૂટવા યોગ્ય પર્યાયને આ ચારિત્રની પર્યાય એને નિમિત્ત કહેવામાં આવી. આ રીતે વસ્તુનો વ્યવહાર કહેવામાં આવે છે. બાકી એકબીજાના કોઈ છે (એમ) ત્રણ કાળમાં છે નહિ. કહો.

પૈસો શું હશે ત્યારે? હવે એ આપણે જ્ઞાનમાં. આત્મા જાણનાર છે, ચૈતન્યપ્રભુ આમ જાણવાના ભાવથી ભરેલો, એ જાણવાની પર્યાયે પરિણમેલો. જાણવાના સ્વભાવથી ભરેલો એટલે બે વાત થઈ ગઈ. દ્રવ્યથી ભરેલો અને સ્વભાવ જ્ઞાન અને એ જ્ઞાનસ્વભાવે જાણે છે એ પરિણમન થયું-પર્યાય થઈ. તો એ જાણવાની પર્યાયમાં પૈસો જે છે એ જ્ઞેય છે, જાણવાયોગ્ય છે. મારો છે એમ એમાં નથી. પૈસો મારો છે એ જ્ઞેયમાં નથી અને જ્ઞાનમાં મારો છે એવી અહીં યોગ્યતા નથી જ્ઞાનમાં. આ જ્ઞેય મારું છે એવું જ્ઞાનમાં છે નહિ. જ્ઞાન તો જાણે એટલું જ્ઞાનમાં છે. પણ જ્ઞાનમાં એવું નથી કે પૈસો મારો, એ એનામાં છે જ નહિ, અને જ્ઞેયમાં એવું નથી કે મારો છે અને એમ એ મનાવે. ભગવાનજીભાઈ!

ભ્રમણાથી અજ્ઞાની આ પૈસો મારો અને એ છે તો મને મમતા થાય છે, એ અજ્ઞાની ભ્રમણાથી આ ભાવ ઊભો કરે છે. સમજાણું કાંઈ? તો કેમ હશે આમાં? એય!

આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય બ્રહ્મ છે આત્મા. હવે એ જાણે કે આ એક પૈસો છે. એની પૈસાની વર્તમાન પર્યાય આ જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. જણાવાયોગ્ય એટલે? આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર આ રીતે છે એમ જણાવાયોગ્ય છે, પણ પર એ મારા છે એમ થવા યોગ્ય એ નથી અને આ જ્ઞાનમાં એ પર મારા છે એમ થવા યોગ્ય જ્ઞાનમાં પણ નથી. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! સારા દીકરા તો સારા કહેવાય કે નહિ મારા? ધૂળેય નથી. મૂઢ મફતનો વચમાં ગળે વળગે છે, અહીં તો એમ કહે છે. ગળે વળગે છે મારા. એના કારણે તે આત્માઓ અને એને કારણે એ પરમાણુઓ પલટતાં-પલટતાં ટકતા પલટીને ત્યાં ત્યાં રહ્યા છે. એમાં એની ઉપસ્થિતિમાં આત્મા અહીં નજરમાં આવ્યો અહીંયાં 'આ આ મારા છે' એમ ગળે પડે છે કહે છે. ચીમનભાઈ!

કો'કના રૂપિયા હોય ને કહે, આ દાગીનો મારા જેવો લાગે છે. પણ તારા જેવો હોય તો દાગીનો તારી પાસે જ હોય, બીજા પાસે ન હોય એવો? ઘણા વખતની વાત છે. ટોપી ખોવાઈ ગઈ હતી ભાઈની. ૫૭ની સાલની વાત હશે, ૫૭ની. ઓલી ટોપીયું હોય ને ટોપીયું સારી. નાની ઉંમર તે દિ' ૧૧ વર્ષની. બહાર પડી હતી. એમાં બહાર નીકળ્યો તો લઈને.. અમે પાછા ઉતર્યા હતા તાકડે .. માં અને એ બરાબર પહેરીને નીકળ્યો છોકરો. મેં કીધું, ટોપી આ અમારી છે. ત્યારે એ બોલ્યો કે પણ એવી ટોપી બીજાની ન હોય? મેં કીધું, વાત સાચી. એ હોય ખરી પણ આ તો અમારી છે, કીધું. જુઓ! અહીં મળતી નથી, ક્યાંય લાવતા નથી અને આ ચીજ તો અમારી રસ્તામાં પડી ગઈ હતી એ. પછી આપી દીધી. પણ જવાબ તો એમ આપે ને કે આવી શું બીજા પાસે ન હોય? તમારી જ આવી હોય? કહો, વજુભાઈ! આપી દીધી. એના છોકરાને પહેરાવીને નીકળી બાઈ. આમ કર્યું. અમે બરાબર ત્યાં ઢેબરા ખાવા રોકાણા હતા રસ્તામાં. ત્યાં ગામમાં હોં! ત્યાં ગામમાં પહેરીને નીકળી. બરાબર, લીલા રંગની આ ટોપી અમારી છે. રસ્તામાં .. તો પડી ગઈ હતી. ૧૧ વર્ષની વાત છે. ઉંમરની ૧૧ વર્ષની. ૬૫. કેટલા વર્ષ થયા? ૬૭. ૬૭ વર્ષની વાત છે. પણ બાઈ પાછી બોલી, હોં! .. એવી હોય બીજાને ખરી. એમ બચાવ તો પહેલો એમ કરે ને. હોય પણ ખરી, પણ અહીં તો એટલામાં ન હોય. બેન, આ તો અમારી છે. રસ્તામાં પડી હતી. જુઓ! અહીંથી ઓઢીને અમે તરત લાવ્યા હતા. સમજી ગઈ. કહો, સમજાણું?

એમ આ જગતની ચીજો પલટતાં-પલટતાં એના સ્થાનમાં આવી છે. ત્યાં વચ્ચે ગળે વગડે છે કે મારી. પણ ઓલો કહે, મારી ન હોય? મારી ન હોય તો મારી પાસે શું કરવા આવી છે? મારી ન હોય તો મારી પાસે શું કરવા આવી છે? એમ વળગે છે. કહો. ખેતશીભાઈ! ગળે પડ્યો છે. સમજાણું કે નહિ?

ઓલી પડીક્કમણાની વાત નથી આવતી? એક દેવશીભાઈ હતા. પડીકમણું કરાવતા ભાઈ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ દેવશીભાઈ છે ને. દેવશીભાઈ! આ દેવશીભાઈ અને ખેતશીભાઈ અને રાયશીભાઈ-ત્રણ હતા. એક દેવશીભાઈ પડીકમણું કરાવતા એ સાંજનું કરાવે. દેવશીભાઈ હતા એક એ સાંજનું પડીકમણું કરાવે. એટલે દેવશી પડીકમણું બોલે. અને સવારમાં રાયશીભાઈ હતા એ રાયશી પડીકમણું કરાવે. હવે એમાં ખેતશીભાઈ આવી ગયા વચમાં. એ પડીકમણું કરાવવા માંડ્યું કે ખેતશીનું પડીકમણું. આપણે ખેતશી પડીકમણું કોઈ દિ' સાંભળ્યું નથી, હોં! પણ મારો શું વાંક? રાયશીનું પડીકમણું અને દેવશીનું. મારો શું વાંક? હું સાધારણ માણસ છું માટે મારું આમ? સાંજે પડીકમણું દેવશીભાઈ કરાવે છે, સવારે રાયશીભાઈ કરાવે છે. ત્યારે મારો વારો આવ્યો તો હું ખેતશીભાઈ. ખેતશી પડીકમણું. પણ ખેતશી પડીકમણું ન હોય. દિવસના પાપ લાગ્યા હોય એ સાંજે કહેવામાં આવે એનું નામ દેવશીપડીકમણું. રાતનું પાપ લાગ્યું એ સવારમાં વિચારવામાં આવે એને રાયશીપડીકમણું. પણ ખેતશી પડીકમણું કે દિ'? ખેતરનું પડીકમણું છે ક્યાંય? કહો, વીરચંદભાઈ! આ ગળે પડ્યો ઓલો ખેતશી વચમાં. કારણ કે ઓલા બે જણા બોલે ખરાને. પણ તને ખબર નથી. એ તો નામ વચમાં એના હતા. એનો અર્થ એવો હતો નહિ. એમ આ ગળે પડ્યો છે કે જો મારી પાસે આવ્યું છે કે નહિ? લક્ષ્મી મારી પાસે આવી છે કે નહિ? આ બાયડી મારી થઈને આવી છે કે નહિ? ઠીક!

અરે..! ભગવાન તું તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો અને આ તો એક જાણવાયોગ્ય ચીજ છે. જાણવાયોગ્ય ચીજ એમ તને કહેતી નથી કે તું મને માન અને જ્ઞાન એમ માનતું નથી. ખરેખર તો એ ત્યાં જાતું નથી. હવે એ જ આવશે વાત. એજ આવશે ને. જ્ઞાન ત્યાં જાતું નથી, એ જ્ઞેય તને કહેતું નથી કે તું મને માન. મફતનો વચમાં ગળે પડીને મારા છે એમ માને છે. એ મિથ્યાત્વ ભ્રમણા સેવીને ચાર ગતિમાં રખડે છે. કહો, હિંમતભાઈ!

આ પાણી આવે ને નદીને કાંઠે ભરેલું લ્યો ને. બે કાંઠે, બે કાંઠે ભરેલું પાણી આવે. ચાલો આપણે પાણી આવ્યું. આપણે નદી આવી, નદી આવી. થોડી એક મિનિટ ઊભા રહે ત્યાં નદીનું જે સ્થળ છે એના ખેતરની બહાર નદીનું. બે ખેતરવા હોય ને? એ તો આમ ચાલ્યું જાતું હોય. એ જે તેં કલ્પ્યું છે આટલું તો ચાલ્યું જાય છે. કોને તું મારું મારું કરીશ આમાં?

મુમુક્ષુ :- એ તો ચાલ્યો જાય છે. આ તો રૂપિયા રહે છે.

ઉત્તર :- આ પણ ચાલ્યા જાય છે પરિણમન કરીને. એ તો એને ભાન નથી. એ પરમાણુઓ, એ આત્માઓ પલટતાં.. પલટતાં... પલટતાં... એની પર્યાયે પરિણમીને ત્યાં રહ્યા છે. અત્યારે એ જાતની પર્યાયએ પરિણમીને ત્યાં પ્રવાહમાં આવ્યા છે. તું કહે છે કે મારા અને ઈ પાછો મનાવે કે હા હું તારો. બેય મૂઢ છે અહીં તો કહે છે. તને તત્ત્વની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર નથી. આહાહા..!

વ્યવહારે જાણવા યોગ્ય છે અને વ્યવહારે શ્રદ્ધવાયોગ્ય છે એમ કહેવું એ પણ નિમિત્તનૈમિત્તિકપણાનો વ્યવહાર છે. આહાહા..! ક્યાં તું? ક્યાં એ? ભાઈ! ક્યાં તારી પર્યાયમાં આવે છે ચીજ? કર્મના રજકણો શું આત્માની પર્યાયમાં પેસી ગયા? ખરેખર તો કર્મ પણ જ્ઞેય છે. સમજાણું કાંઈ? કહો, આવ્યું છે ને કર્તાકર્મમાં? નહિ? જ્ઞાનાવરણીય કર્મ બાંધે. જેમ દૂધનો તટસ્થ પુરુષ... આવી ગયો છે ને? દૂધ છે એનું આમ દહીં થાય છે. ઓલો નજરે જોવે છે. એમાં દૂધના દહીંનો કરનારો ક્યાં છે એ? આ દૂધના દોણા કરેને પહેલાં? દહીં કરવું હોય ને દહીં? બહુ પાછુ ઊનું કરેલું (હોય તો) છાશ નાખી જરી વાર બૈરા બેસે. બહુ ઊનું (હોય એટલે) પછી જરી ઠર્યા પછી એને નાખે તો દહીં થઈ જાય, પણ એ દૂધ પલટીને દહીં થયું છે કે બાઈએ જોતાં-જોતાં દહીં કરાવ્યું છે દૂધનું? એ તો જોનાર છે આમ કે અહીં થાય છે. કે હું ત્યાં કરાવું છે એમ છે? એ તો દૂધની પર્યાય દૂધરૂપની દહીંરૂપે પરિણમે છે એમ તું જોનાર છો. એમ જગતના પદાર્થ પલટતાં-પલટતાં તારી પર્યાય પાસે આવે એ તો એને પલટવાના કારણે આવ્યા છે. તેં એને પલટાવ્યા છે? તારે માટે આવ્યા છે? તારા છે એ? કહો, વીરચંદભાઈ!

મુમુક્ષુ :- બહુ સારી વાત.

ઉત્તર :- બહુ સારી વાત? આહાહા..!

એમ આ શરીરના રજકણે રજકણ માટીના ધૂળ છે આ. ખરેખર આત્મા જાણનાર અને આ જાણવા યોગ્ય છે. કેમકે એ જ્ઞેય છે એ એમ નથી કહેતું કે મારા માટે જાણવા રોકા. તેમ આત્મા એને માટે એની પાસે જઈને પરમાણુ પાસે જઈને જાણવા જતો નથી. એ તો જાણવાની પર્યાયથી જાણે છે, જણાવાયોગ્ય એની પર્યાયથી જણાય છે. આટલો વ્યવહાર કહેવામાં આવે છે નિમિત્તનિમિત્ત સંબંધને લઈને. બાકી કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! ઓહોહો..! ક્યાં તારી શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય તારામાં અને એ લોકોની એની પર્યાય એનામાં. એ ક્યાં તારા, એ ક્યાં તારા અને તું ક્યાં તેનો? મિથ્યાદષ્ટિ આ પ્રમાણે ભ્રમણા કરી, રખડી રહ્યો અને પરિભ્રમણ કરી રહ્યો છે. જૂઠું સેવી અને સત્યનો અનાદર કરી, અસત્યને સેવીને રખડે છે.

'**જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી...**' જુઓ! આ રીતે લીધું. અંદરમાં તો નિમિત્તનૈમિત્તિક બેય છે, પણ અહીં જરીક વિશેષ અહીંથી લીધું. આત્મા જાણે છે એને જ્ઞેય નિમિત્ત થાય છે. આત્મા શ્રદ્ધે છે એને વસ્તુ શ્રદ્ધવાયોગ્ય નિમિત્ત હોય છે. '**જ્ઞાનાદિ ભાવોને...**' પર્યાયને હોં! પહેલો નિમિત્તનૈમિત્તિક ભાવ કર્યો આખો, બેયને. પરદ્રવ્યને અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્માને નિમિત્તનૈમિત્તિક ભાવ છે. આ તો મહાસિદ્ધાંતો છે, ભાઈ! કહો, હિંમતભાઈ! બહુ ઝીણી વાત છે આ. નવરાશ હોય ત્યારે ને પણ આમાં વાંચવા અને વિચારવાની. જગતના પાપના આડે નવરાશ ન મળે. મલૂકચંદભાઈ! આહાહા..!

જુઓને, પ્રેમચંદભાઈ એક સેકન્ડમાં ઉડી ગયા, લ્યો. એક સેકન્ડ, હોં! કાંઈ નહિ. ઈ આજ બપોરે વાત થાતી હતી. શું થયું? એક સેકન્ડ. પાણી પીને આમ જોવે તો ફૂ. શું થયું? કાંઈ નહિ. કાંઈ ન મળે? પણ એ તો એક સમયની પર્યાય હતી. બેય એક ક્ષેત્રે દેખાતી હતી. એક ક્ષેત્રે દેખાતી, હતી ભિન્ને-ભિન્ન. એ આત્મા જુદો, શરીર જુદું. એના અંદર કર્મના રજકણ જુદા, આત્મા જુદો. કોઈને કાંઈ સંબંધ ન મળે. આહાહા..! આ ક્ષેત્રાવગાહ એક જગ્યાએ રહ્યું ને, ત્યાં તો કહે કે મારું છે, પણ આ તો જાણવાયોગ્ય છે, તું જાણનારો છો. એટલો સંબંધ પણ વ્યવહારે કહેવામાં આવે છે. એમાં થઈ ગયું ક્યાં શરીર તારું? તું થઈ ગયો કાંઈ એનો? કહો, સમજાણું? એક સમયમાં પર્યાય છૂટી. લ્યો, હવે અમારે ..ભાઈ પણ દેવલોકમાં ગયા હતા ને, શું કીધું? સમાધાન થઈ ગયું છે એને. ભાઈ! પંડિતજીએ કહ્યું હતું સવારમાં. વાત સાચી. એના પરિણામ એવા હતા અને એનું મોઢું જોતા એવી સ્થિતિ હતી એક સેકન્ડમાં આમ ફૂ. જાવ. સ્વર્ગમાં ગયા. પણ એથી શું? એ સ્વર્ગમાં ગયા એટલે ઓલા એમ ન થઈ જાય કે હાય.. હાય.. મરીને ક્યાં ગયા હશે? સમજાણું કે નહિ? એથી શું?

ન્યાલચંદભાઈને એમ કહ્યું ને? આપણા ન્યાલચંદભાઈ વૈમાનિકમાં ગયા. ખરેખર તો આત્મા આત્મામાં છે. ત્યાં પણ આત્મામાં છે અને અહીં પણ આત્મામાં હતા. સમજાણું કાંઈ? સ્વર્ગમાં પણ નથી અને મનુષ્યમાં પણ નહોતા. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે એમાં હતા. દેહ છૂટ્યો તો ત્યાં એમાં જ છે એ. આહાહા..! પણ લોકોને ગતિ કઈ છે એમ બતાવવા માટે એ વાત આવે. સમજાણું કાંઈ? પ્રભુ આત્મા જ્ઞાનમૂર્તિ છે, રાગથી ભિન્ન છે, પુણ્યના વિકલ્પથી ભિન્ન છે, શરીરથી ભિન્ન છે.

અહીં તો કહે છે કે ખરેખર તો એ રાગ છે ને રાગ, એ ખરેખર તો જ્ઞાનમાં જણાવા યોગ્ય વસ્તુ છે. એ જ્ઞેય જણાવાયોગ્ય છે અને જ્ઞાન તેને જાણે છે. બાકી જ્ઞેય અને જ્ઞાનને વ્યવહારે સંબંધ કહેવો એ તો ખરેખર નથી. ભિન્ને-ભિન્ન છે. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે, એને પરને જાણવું (કહેવું) એ તો (વ્યવહાર છે). એનામાં નથી એને જાણવું કહેવું એ વ્યવહાર છે. એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવું સ્વરૂપ અંતરમાં દૃષ્ટિમાં લીધા વિના એનું કલ્યાણ કોઈ દિ' થશે નહિ. ચોર્યાશીના આંટા ચાર ગતિના ઘોદા... આહાહા..! નરક-નરક અને તિર્યંચ. ઓહોહો..! કહો, સમજાણું?

'**જ્ઞાનાદિ ભાવોને...**' અરસપરસ છે પણ આ ઉપરથી વધારે કર્યું. ભગવાનઆત્માની જ્ઞાનની પર્યાયને એ પરવસ્તુ નિમિત્ત હોવાથી '**નિમિત્ત થતું હોવાથી...**' એમ લીધું. '**વ્યવહારી જનો કહે છે કે આત્મા પરદ્રવ્યને જાણે છે,...**' વ્યવહારીજનો-બેના સંબંધને જાણનારાઓ પકડનારાઓ એમ કહે છે કે '**આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.**' એવા વ્યવહારીજનોના કથન છે. બાકી તો પરદ્રવ્યને ત્યાગે-શ્રદ્ધે એ વસ્તુમાં છે નહિ. આહાહા..! પોતે પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં રહે છે, પોતે પોતાની શાંતિ અને સ્થિરતામાં છે, પોતે પોતાના વર્તમાન પરિણતિમાં પરિણમી રહ્યો છે, એનું નામ આત્મા છે. સમજાણું?

'**આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ (જેમ કહ્યું છે તેમ) શ્રદ્ધાન કરવું. હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૨૧૫ કળશ.

**शुद्धद्रव्यनिरूपणार्पिमतेस्तत्त्वं समुत्पश्यतो**
**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः**
**किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।।२१५।।**

આહાહા..! '**જેણે શુદ્ધ દ્રવ્યના નિરુપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે...**' જે શુદ્ધ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર છે એવો જેણે અંતરમાં શુદ્ધમાં અંતર ભાવ કર્યો છે. નિરૂપણ તો શબ્દ-કથન છે. આત્મા શુદ્ધ પવિત્ર આનંદનું ધામ છે આત્મા. એ આત્મા એટલે શરીરવાળો તો નહિ, કર્મવાળો તો નહિ, પણ પુણ્ય-પાપના રાગવાળો પણ નહિ, એને આત્મા કહીએ. કારણ કે પુણ્ય-પાપના ભાવ તો આસ્રવતત્ત્વ, મલિન તત્ત્વ છે, શરીર આદિ તો અજીવતત્ત્વ છે. એ આત્મા એને કહીએ કે જે અજીવ અને આસ્રવથી રહિત શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકસૂર્ય આત્મા, એમાં જેણે બુદ્ધિને સ્થાપી છે. દ્રવ્યના નિરૂપણ શબ્દે કથન છે અહીં, પણ શુદ્ધ દ્રવ્યના ભાવમાં બુદ્ધિને સ્થાપી છે. શું કીધું?

બુદ્ધિ નામ જ્ઞાનની પર્યાયને-મતિને, શ્રુતને. હું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું, જ્ઞાયક છું એમાં બુદ્ધિને સ્થાપી છે. શુદ્ધ અભેદ જ્ઞાયક છું, એમાં બુદ્ધિને જેણે સ્થાપી છે. જુઓ! આ ધર્મદૃષ્ટિ. હું રાગ, પુણ્ય-પાપના વિકલ્પ તો નથી, તો અજીવ અને શરીરાદિ તો શેનો હોઉં? એવું વાસ્તવિક તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે પ્રસિદ્ધ કર્યું છે અને તેવું છે આ. એવો આત્મા શુદ્ધ અનંત જ્ઞાન દર્શન આનંદનો કંદ પ્રભુ, એવી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ જેને થઈ છે. શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જેણે મૂકી છે. શુદ્ધ દ્રવ્યમાં બુદ્ધિને સ્થાપીનો અર્થ

કે શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ જેને થઈ છે. એમ.

**'લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે,...'** બે વાત કરે છે. લગાડી છે અને એમાં એને અનુભવે છે. હું તો આનંદ અને જ્ઞાન છું. મારી ચીજ કોઈ બીજી છે નહિ. જાણનાર આનંદ તે આત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ તે આત્મા. સત્ શાશ્વત રહેનાર જ્ઞાન અને આનંદ એ હું. એવો આત્મા છે એમાં એણે દૃષ્ટિને લગાડી છે. સમજાણું કાંઈ? અહીં તો દ્રવ્યદૃષ્ટિની જ વાત કરે છે પહેલી. વસ્તુ છે ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ, એમાં જેણે બુદ્ધિને, દૃષ્ટિને સ્થાપી છે, દૃષ્ટિને લગાડી છે, વર્તમાન રાગ, નિમિત્ત ને પર્યાયબુદ્ધિથી ખસ્યો છે. સમજાય છે? ધર્મી એને કહીએ કે જેને સંયોગ અને રાગ ને અંશબુદ્ધિ ટળી છે અને ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યબિંબ આખો છે એવી દૃષ્ટિ જ્યાં થઈ છે.

**'અને જે તત્ત્વને અનુભવે છે.'** દૃષ્ટિપૂર્વક એને અનુભવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાન અને શુદ્ધ પરમાત્મસ્વરૂપ છે, એવી દૃષ્ટિ કરી છે અને તેને અનુભવે છે એટલે તેના શાંતિને આનંદને વેદે છે. દૃષ્ટિસહિત સ્થિરતા કરી છે એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? લ્યો, આ શુદ્ધ દ્રવ્યમાં દૃષ્ટિ લગાડવી તે સમ્યગ્દર્શન અને તેમાં સ્થિર થવું તે અનુભવનો આનંદ. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત દ્રવ્ય છે તો એના જ્ઞાન અને આનંદ પણ શાશ્વત વસ્તુ છે. એમાં જેણે દૃષ્ટિ લગાવી છે, અંતરમાં દૃષ્ટિ જોડી છે અને તે તત્ત્વનો અનુભવ કરે છે. '**समुत्पश्यतो**' છે ને? '**समुत्**' સમ્યક્ પ્રકારે '**उत्पश्यतो**' એમ છે ને? '**समुत्पश्यतो**' સમ્યક્ પ્રકારે **उत्** નામ વિશેષે. '**पश्यतो**' એટલે આત્માને અનુભવે છે, એમ. આત્માના આનંદને વેદે છે એમ કહે છે અહીં. આહાહા..!

વસ્તુ શુદ્ધ ભગવાન આનંદ, જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ કીધું ને? સત્-શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન. આનંદ એટલે અતીન્દ્રિય રસ આત્મા છે. એવા આનંદ અને જ્ઞાનમાં જેણે દૃષ્ટિ સ્થાપી છે અને તે સમ્યક્ પ્રકારે વિશેષપણે આનંદનું જ વેદન અને જ્ઞાનનું જ વેદન કરે છે, એવા ધર્મી પુરુષને **'એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.'** કહો, સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યબિંબ સૂર્ય ચૈતન્ય છે. ચૈતન્યસૂર્ય અને અનાકુળ આનંદ અને શાંતિ રસથી ભરેલો છે. આનંદ અને શાંતિ એ તો ચારિત્ર છે ભેગું. એવો જે આત્મસ્વભાવ, એની દૃષ્ટિ કરી છે અને તેની દૃષ્ટિ સહિત જેનું વેદન છે, અનુભવ કરે છે. આ આત્મા શાંત અને અનાકુળ છે એવી દૃષ્ટિ સહિત અનુભવે છે. '**समुत्पश्यतो**' વેદે છે. આમ તો '**समुत्पश्यतो**' દેખે છે. દેખે છે એનો અર્થ કે સમ્યક્ પ્રકારે વેદે છે એને દેખ્યું કહેવામાં આવે છે.

આ રાગ ને દ્વેષને વેદે છે અનાદિથી. પરને તો વેદતો નથી. શરીર-જડ-માટી એને તો આત્મા અનુભવતો નથી. પૈસા, દાળ, ભાત, શાક, મોટર એને તો આત્મા અનુભવતો નથી. ફક્ત રાગ અને દ્વેષ (કરે છે). આ ઠીક, આ અઠીક, ઠીક-અઠીક. એવા રાગ ને દ્વેષ ને આકુળતા ને દુઃખને અનાદિથી વેદે છે. તેથી તેને મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે. કેમ મિથ્યાદષ્ટિ? કે સત્ સ્વરૂપ જે આનંદ છે એનો ઊલટો ભાવ કરીને, સમ્યક્ આનંદના ઉપરનું વેદન જોઈએ એને ઠેકાણે ઊલટું પુણ્ય-પાપના વિકલ્પને વેદે તે મિથ્યાદષ્ટિ દુઃખ વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, બે-પાંચ કરોડની પુંજી હોય તોપણ કહે છે (દુઃખને વેદે છે). આમ બંગલામાં બેઠો હોય, અપ્સરા જેવી સ્ત્રી હોય, દીકરાની વહુ પણ અપ્સરા જેવી અને સાડલા પણ મખમલના આમ ઉડતા હોય પવનમાં એની મેળાએ આમ જરી આમ નાખે તો ઉડે. ફડ.. ફડ.. ફડ.. ફડ.. ઓહોહો..! જાણે અપ્સરાઓ આવી. કહે છે કે એને દેખતા એને રાગ અને દ્વેષ થાય છે તો રાગ-દ્વેષને વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ મારા છે, એમ માનીને એ રાગ ને દ્વેષ ને મિથ્યાત્વને વેદે છે, દુઃખને વેદે છે.

ધર્મીને દુઃખના વિકલ્પોની રુચિ ગઈ છે, પરની રુચિ ગઈ છે. હું તો સચ્ચિદાનંદસ્વરૂપ, શુદ્ધ આનંદ સ્વરૂપ છું. એવી દષ્ટિને લઈને એ દુઃખને ન વેદતાં, દુઃખ ઉપર દષ્ટિ ન હોવાથી, ત્રિકાળ દ્રવ્ય ઉપર દષ્ટિ હોવાથી આનંદને વેદે છે. વાહ! આ ધર્મ અને અધર્મની વ્યાખ્યા. પછી પૈસાવાળા હો કે નિર્ધન હોય, વાંઢા હો કે વાંઝિયા હોય, મકાન, હામ-દામ ને ઠામવાળા હોય કે હામ-દામ વિનાના હોય, પણ જેને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવો મહા અસ્તિત્વ પદાર્થ એનો અનુભવ-દષ્ટિ નથી એને તે પુણ્ય-પાપના વિકલ્પની દષ્ટિ પર્યાય ઉપર અને એનું વેદન (છે). દુઃખને વેદે છે એમ કહે છે. ગોદિકાજી! બરાબર હશે?

કેમ? કે એની દષ્ટિમાં આનંદસ્વરૂપ છે એ તો આવ્યું નથી. દષ્ટિમાં-શ્રદ્ધામાં તો એને પુણ્ય-પાપના વિકલ્પો વર્તે છે, દષ્ટિ ત્યાં છે. અસ્તિત્વનું હોવાપણું તો પુણ્ય-પાપના રાગમાં એણે માન્યું છે. એના રહિત મારું ત્રિકાળ સ્વરૂપ છે એમ માન્યું નથી. સમજાણું કાંઈ? આ વ્યાખ્યા કેમ લાગુ કરવી? કરોડોપતિને લાગુ પડતી હશે? શું હશે? આ તમારા દીકરા માટે લાગુ પડતું હશે? કીધું ને, દીકરો ક્યાં અને બાયડી, પૈસો ક્યાં પણ? કોને કહેવો પૈસો આનો? કોને કહેવો દીકરો આનો? એના એ, એને આનો કહેવો એ તો મૂઢ થઈને માને છે મફતનો. એ બધા એના થઈને (રહ્યા છે). અહીં આવી ગયું ને આપણે?

જે જ્ઞેય છે એ પોતાના થઈને પરિણમી રહ્યા છે. જે આત્મામાં જ્ઞાનમાં જણાવા યોગ્ય ચીજ છે એ એના થઈને, ટકીને, પરિણમીને એના થઈને રહ્યા છે. આના થઈને ત્યાં રહ્યા નથી અને આ એનો થઈને રહ્યો નથી. બરાબર છે? એના થઈને રહ્યા અને આ આનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈને રહ્યો, એને ઠેકાણે એ માને કે હું એનો છું અને એ મારા છે. ભ્રમણા ઊભી કરી છે વચમાંથી. એ જ મિથ્યાત્વનું દુઃખ છે અને એ જ સંસારનું બીજડું છે. સમજાણું કાંઈ?

બે વાત લીધી છે. '**शुद्धद्रव्यनिरूपणार्पिमतेस्तत्त्वं**' એક પદમાં બે. એક ગાથામાં બે. આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવ એ હીરાના સિંહાસનમાં બેઠો દેખાય અને ઈન્દ્રના ઈન્દ્રાસનમાં બેઠો દેખાય, પણ એની દૃષ્ટિમાં તો ચૈતન્ય દ્રવ્ય પડ્યું છે. એનામાં આ છે એવું દૃષ્ટિમાં છે નહિ. સમજાણું કાંઈ? અને એક ત્યાગી થઈને બેઠો હોય બાયડી, છોકરા છોડીને સાધુ નગ્ન થઈને, પણ એની દૃષ્ટિમાં ઓલું પુણ્ય-પાપ, દયા-દાન આ છોડ્યું છે ને મૂક્યું છે, છોડ્યું છે ને મૂક્યું છે, આ છોડ્યું છે ને ત્યાગી થયો છું, અશુભનો ત્યાગ છે, શુભનું ગ્રહણ છે અને અશુભનો ત્યાગ છે-એવા વિકલ્પમાં પડ્યો છે એ પણ દુઃખને જ વેદે છે. સમજાણું કાંઈ?

જુઓને, કેવી રીતે વાત કરી છે! શુદ્ધ દ્રવ્ય નિરૂપણ. એ તો પછી શૈલી કરવી હોય તો શું કરે? નિરૂપણ એટલે કથન કરવું હશે? સમજાવવા શું કરે? બંધકથા, બંધકથા છે વ્યભિચારિણી? ભાવ. પ્રભુ! આત્મામાં જે અશુદ્ધતા છે ને મલિનતા? એ મલિનતાનો વિકલ્પ મેલ, પુણ્ય-પાપનો અને પર વસ્તુ, એમાં જેની દૃષ્ટિ છે કે આ હું છું અને આ મને ઠીક છે એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિમાં ફાટેલો અંદર ભાવ એને એ અનુભવે અને વેદે છે-વિકારને. ચાહે તો બહારથી ત્યાગી હોય, પંચમહાવ્રતના પરિણામવાળો હોય, પણ જેની દૃષ્ટિ જ્યાં પરિણામ વિકાર ઉપર પડી છે, ત્રિકાળી નિરાકુળ આનંદકંદ પ્રભુ ઉપર પડી નથી એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દષ્ટિનો વિષય તો આત્મા ઉપર છે. મિથ્યાદૃષ્ટિનો વિષય તો રાગ અને એ હું છું એ છે. એથી ત્યાં દૃષ્ટિ સ્થાપી છે અને દુઃખને વેદે છે. ધર્મીએ શુદ્ધ દ્રવ્યમાં દૃષ્ટિ સ્થાપી છે અને આનંદને વેદે છે. આહાહા..!

એક બાપ હોય અને એક દીકરો હોય, લ્યો. દીકરો હોય સમકિતી અને બાપ હોય મિથ્યાદૃષ્ટિ. એક ભાણામાં ખાતા હોય. સમજાણું? મેળ નહિ ખાય. એકની દૃષ્ટિ છે ચિદાનંદ સ્વરૂપ ભગવાનઆત્માને ભૂલી અને પુણ્ય-પાપના વિકલ્પના મીણામાં રાગમાં ચડી ગયો છે એ અને એક ત્યાં ખાવાની ક્રિયામાં સાથે દેખાતો (હોવા) છતાં જેની દૃષ્ટિમાં વિકાર અને નિમિત્તની રુચિ છૂટી શુદ્ધ દ્રવ્યમાં નિરૂપણ-શુદ્ધ દ્રવ્યમાં જેની દૃષ્ટિ પડી છે. કહે છે કે તે જ કાળે એક જીવ શુદ્ધ દ્રવ્યમાં દૃષ્ટિવાળો, શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર કરીને આનંદને વેદે છે અને તે જ કાળે ઓલો લાડવો ખાતા વખતે પણ રાગ ઉપર દૃષ્ટિ હોવાથી મિથ્યાદૃષ્ટિને લઈને દુઃખને વેદે છે, લાડવાને તો કોઈ વેદતો નથી. સમજાણું કાંઈ?

જેણે શુદ્ધ દ્રવ્યમાં બુદ્ધિને લગાડી છે. સ્થાપી છે એમ છે ને? '**निरूपणार्पिम**' એની મેળાએ સ્થાપી નથી એમ કહે છે પાછું ઈ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનંત અનંત જ્ઞાન અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શાંતિના સ્વભાવનો સાગર, એવી જ્યાં દૃષ્ટિ અંતરમાં પડી છે, સ્થાપી છે, અર્પિત કરી છે, એ જીવ તત્ત્વને અનુભવે છે. કારણ કે શુદ્ધ દ્રવ્ય છે ત્યાં દૃષ્ટિ છે માટે શુદ્ધ તત્ત્વને અનુભવે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અનાકુળ શાંત આનંદસ્વરૂપ જ્ઞાયક, એ જ્યાં દૃષ્ટિમાં છે, એથી એ તત્ત્વ જે જ્ઞાયક શુદ્ધ છે એને અનુભવે છે. અજ્ઞાની, ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે (તેને) ભૂલી જઈને પુણ્ય અને પાપના રાગમાં રંગાયેલો, પુણ્ય-પાપના રંગે ચડી ગયેલો, ત્યાં દૃષ્ટિને સ્થાપી છે તો દુઃખને વેદે છે. પ્રવિણભાઈ! આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જેણે ઘરની પુંજી સંભાળી છે અને તેને વેદે છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? બહુ ટૂંકામાં કરી નાખ્યું.

'**તે પુરુષને એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.**' એટલે શું? ભગવાનઆત્મા જ્ઞાનાનંદ ભગવાનઆત્મા છે એમ જ્યાં અંતર દૃષ્ટિ વસ્તુના સ્વભાવનું જેવું સ્વરૂપ છે એવી દૃષ્ટિ સ્થિર થઈ છે, એને અન્ય રાગ અને રજકણ, એક રાગ અને રજકણ આત્માનો ભાસતો નથી. ભલે છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય, ઈન્દ્રાણીના વૃંદમાં ઈન્દ્ર દેખાય, પણ જેની અંતરદૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે, વસ્તુ ઉપર પડીને આત્માનું-તત્ત્વનું જ વેદન છે, એને અન્ય દ્રવ્ય કિંચિત્ એક રજકણ-રજકણ અને રાગનો કણ મારો છે તેમ ધર્મીને ભાસતું નથી. આ તો સમજાય એવી વાત છે કે નહિ સીધી? ગોદિકાને ઓળખો છો ને? ગોદિકા, જયપુર. મુંબઈ રહે છે. મળ્યા નહિ હોય. પણ કોઈ દિ' જતા ન હોય ને. કહો, સમજાણું આ? આ જયપુર નહોતા ગયા હમણાં? આ સોળ લાખ ખર્ચ્યા ઈ આ. અગિયાર દિ'ના સોળ લાખ ખર્ચ્યા ને એણે. આ નહિ મોટો પાંચ લાખનો હોલ કર્યો? સાયનમાં રહે છે? ભાઈ રહેતા ઈ. આપણા સુમનભાઈ. એ? સાયન. સમજાય નહિ. ત્યાં તો બે દિ' રહ્યા હતા ને, બે વખત. સુમનભાઈના મકાનમાં. અમે વ્યાખ્યાન પણ વાંચ્યું હતું એક ફેરી નહિ? સામે બાંધીને. ખાલી હતું ને બાંધ્યું હતું. ત્યાં મકાન થયું ત્યાં છે તમારું? .. આપણે આહાર કર્યો હતો એ? આપણને બહુ ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન! આ તારો આત્મા અંદર જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છો. તારો આનંદ ક્યાંય બહાર છે નહિ. જે બહાર માને છે તે મૂઢ છે અને જે અંતરમાં માનીને વેદે છે તે જ્ઞાની છે, એમ કહે છે. આહાહા..! જેને આ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ભગવાનમાં પર જણાતા ઉત્સાહ આવી જાય છે કે આ મને ઠીક છે. આહાહા..! શરીરની ચેષ્ટા, શરીરની આકૃતિઓ, શરીરની પુષ્ટાઈ, શરીરની સુંદરતા, શરીરની વિવિધતા, શરીરની વિચિત્રતા, લક્ષ્મી, બંગલાની વિવિધતા, રચના એને (જોઈને) આમ આવી જાય કે આહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે એ પોતાના સ્વરૂપને ભૂલી અને આહા..! કરનારો મૂઢ રાગને અને મિથ્યાત્વને વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનના આનંદથી ભરેલો, જ્ઞાનનો આનંદ એમ. ઓલો પરનો માનેલો. એવો પ્રભુ, એને અંતરમાં દૃષ્ટિ મૂકી અને જે તત્ત્વને અનુભવે, એને સ્વમાં રાગ અને રજકણ, આ સ્ત્રી ને પુત્ર ને માતા ને પિતા મારા છે એવું ભાસતું નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ્ઞેયને જાણે છે...**' શું કહે છે? કે જ્ઞાનમાં તે વસ્તુ જણાય ખરી, ભલે. સ્ત્રીનો આત્મા, પૈસાનું જડપણું, રાગનું રાગપણું એવું જ્ઞાનમાં જણાય તો ખરું '**તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.**' સમજાણું? આહાહા..! એ ત્રીજી લીટીનો અર્થ કર્યો છે.

**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः।।**

કહે છે કે આ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એમાં આ છે જ્ઞેય જણાય, એ તો જ્ઞાનના સ્વભાવનું ઉદયપણું છે, જ્ઞાનની વિવિધતાના સ્વભાવનું પ્રગટપણું છે. એ કાંઈ પરને લઈને જાણે છે એમ છે નહિ. આહાહા..! કો'કની વસ્તુને ગળે પડે લેવા જાય તો ચોર જ કહેવાય કે નહિ? અને ચોરને પછી શું થાય? પોલીસ પકડે અને નાખે જેલમાં. એમ ભગવાનઆત્મા આ ચોર્યાશીના ચૌટામાં ફરતો અહીં આવ્યો. ત્યાં જે ચીજો એને કારણે આવી અને રાગને કાળે રાગ થયો ખરેખર તો. એમાં એને પકડીને બેઠો કે આ મારું, એ ચોર છે, ગુનેગાર છે, અપરાધી છે, ચોર્યાશીના જેલમાં જવાને લાયક છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ્ઞેયને જાણે છે...**' પહેલાં ના પાડી હતી કે જ્ઞાનીને અન્ય દ્રવ્ય આમાં ભાસતું નથી. ત્યારે કહે, આ જણાય છે ને? એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જણાય છે ને બીજું છે એ? જણાય છે એ તો જ્ઞાનનો પ્રગટ સ્વભાવ છે. એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વને-પરને જાણે. એ તો સ્વભાવ છે. એ કાંઈ પર જણાય છે માટે પર આમાં આવી ગયું છે, પર જણાય માટે પરનો થઈ ગયો છે, પર જણાય માટે અહીં મેલ થઈ ગયો છે, પર જણાય માટે દુઃખ આવ્યું છે, પર જણાય માટે જ્ઞાન અશુદ્ધ થઈ ગયું છે, એમ છે નહિ. એમ કહે છે અહીં. સમજાણું? કે પર જણાય માટે જ્ઞેય જ્ઞાનનું થઈ ગયું છે એમ છે નહિ. આહાહા..! ત્યારે કહે, કેમ જણાય? પણ આ પર જણાય શું કરવા? કીધું ને, એ જ્ઞાનના સ્વભાવનો ઉદય છે. આહાહા..! શુદ્ધસ્વભાવ ઉદય. એ તો નિર્મળ જ્ઞાનનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે કે આ છે એમ જાણે છે. એમાં જાણે છે એથી અશુદ્ધતા શું થઈ ગઈ? અને જાણે છે તેથી પરવસ્તુ તારી શું થઈ ગઈ? અને પર જણાય માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તું તેનો ક્યાંથી થઈ ગયો? કહો, ન્યાલચંદભાઈ! આહાહા..!

ભારે ટૂંકી વાતમાં એમ કહે છે કે જેણે શુદ્ધ દ્રવ્યમાં બુદ્ધિને સ્થાપી છે તે જ તત્ત્વને અનુભવે છે. કારણ કે તે દ્રવ્ય એવું છે તે દ્રવ્યને અનુભવે છે, એમ. તે પુરુષને એ વસ્તુની અંદર કોઈપણ રજકણ, રાગ કે પરમાણુ કે શરીર, આત્મા કે દેવ-ગુરુ કે કોઈ સમ્મેદશિખર અંદરમાં ભાસતું નથી. મારું છે એવું ભાસતું નથી. એમાં છે નહિ એટલે ભાસે ક્યાંથી? એમ. એમાં છે નહિ એટલે ભાસતું નથી, એમ. ભાસતું નથી, તો પછી ભાસે છે ને? એમ કહે છે. દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. અંદરમાં રહેલું ભાસતું નથી, પણ ભાસે છે ને આ? શું કીધું? આત્મામાં શુદ્ધ ચૈતન્યપ્રભુ પરમાનંદ સ્વરૂપ એવું જે ભાન થયું, એમાં અન્ય દ્રવ્ય આત્મામાં ભાસતું નથી. તો આત્મામાં ભાસતું નથી તો આ ભાસે છે ને જ્ઞેય? ઈ કહે છે હવે. આત્મામાં ભાસતું નથી પણ આ ભાસે છે ને આ?

'**જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.**' એ કાંઈ અંદરમાં ભાસ્યું નથી. એ તો જ્ઞાનમાં જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વ-પરને જાણવું તેથી ભાસ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને, પહેલું ભાસતું નથી (એમ કહ્યું) અને પછી એ લીધું. સમજાણું? પહેલું કીધું ને? '**द्रव्यगतं चकास्ति न**' ન ને? ન કીધો. '**न चकास्ति**' ત્યારે જ્ઞાન.. તો જ્ઞાન જ્ઞેયને જાણે છે ને? જાણે છે કે નહિ? જ્ઞાન જાણે છે કે આ છે એટલું. જાણે છે તેથી શું થયું? જાણે છે તો જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું? અને જણાય છે માટે જ્ઞેય અહીંનું થઈ ગયું? એ તો જ્ઞાનનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે માટે જણાય છે. આહાહા..!

પર એનામાં નથી ભાસતું ત્યારે પર જણાય છે એનું શું? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા, શુદ્ધ ચૈતન્ય વસ્તુ એવી દૃષ્ટિ થતાં, એનું ભાન થતાં, એ તત્ત્વ છે તેનું વેદન છે-એવો અનુભવ છે. હવે એમાં રજકણ કે રાગ કે શરીર કે કર્મ કે પરવસ્તુ અંદરમાં નથી. અંદરમાં ભાસતી નથી. અંદરમાં ભાસતી નથી તો ભાસે છે ને આ? એ તો જ્ઞેય જણાવાનો આત્મામાં સ્વભાવ છે, માટે ભાસે છે. એ મારું થઈને ભાસે છે, આમાં છે એમ ભાસે છે એમ ક્યાં આવ્યું એમાં? સમજાણું કાંઈ?

'**અન્યદ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી.**' '**जातु**' નો અર્થ શું કર્યો? બિલકુલ. કહો, સમજાય છે આમાં? તો '**જ્ઞાન જ્ઞેયને જાણે છે...**' ત્યાં ભાસ્યું પાછું. વસ્તુ સ્વરૂપ છે, એમાં એ ચીજ ભાસતી નથી, પણ ત્યારે ભાસે છે ને આ? આ રાગ છે, આ શરીર છે, આ સ્ત્રી છે, આ ફલાણું છે, આ ઢીકણું છે. ભાસે છે તે તો જ્ઞાનમાં શુદ્ધ સ્વભાવનું પ્રગટપણું છે. એ તો શુદ્ધ જ્ઞાન પ્રગટ થાય છે એમાં જણાય છે કે આ છે અને હું છું એમ જણાય છે. એમાં કાંઈ એ મારું છે અને મારામાં છે એમ ક્યાં આવ્યું ત્યાં? સમજાણું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? અરે..! આમ છે તો પછી? હવે કહે છે આચાર્ય, હોં!

'**किमपि द्रव्यान्तरं जातुचित्।**' અરે..! '**આમ છે તો પછી લોકો જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની...**' શું કહે છે? આમ જણાય છે માટે હું અડી ગયો એને અને મારામાં અશુદ્ધતા થઈ ગઈ, અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ થયો જાણે. હું જાણે અડી ગયો એને. એમાં જાણે વળગી ગયો. જણાય એને વળગી ગયો. જ્ઞાનમાં આ ચીજ જણાય એટલે જણાણી ને એટલે હું વળગી ગયો ત્યાં. એમ તને શું થઈ ગયું પણ આ? કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જણાણું સામે લ્યો કે આ છે. હાય.. હાય..! આ તો ત્યાં ગયો હું. ક્યાં ગયો છો તું? તું તારામાં છો. સમજાણું કાંઈ?

જ્ઞાન જ્ઞાન તરીકે જણાણું એ જ્ઞાનનું વેદન થયું. એમાં પર ભાસતું નથી. ભાસે છે ને? એ તો જ્ઞાનનો સ્વભાવ છે તે પ્રગટ થાય છે. જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવ છે તે પ્રગટ થાય છે. છતાં, આમ હોવા છતાં અરે..! જ્ઞાન પરને જાણતાં એને એમ કેમ થઈ જાય છે કે હું આને સ્પર્શું છું? હું આમાં ગયો છું? આ મારા થઈ ગયા છે માટે જણાય. આ થયું છે શું તને આ? સમજાણું કાંઈ?

'**આમ છે તો પછી લોકો જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ...**' '**चुम्बन**' છે ને? '**चुम्बन**'. '**હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા...**' આને હું અડ્યો, આને હું સ્પર્શ્યો. ક્યાં પણ સ્પર્શ્યો? તું તો એને તારામાં રહીને જાણે છો. અને એ એનામાં રહીને જણાય છે. એ તારામાં આવીને જણાય છે અને તું એનો થઈને જાણે છો એમ છે નહિ. ન્યાય તો સમજાય છે કે નહિ આમાં? લોજિકથી તો વાત ચાલે છે આમાં. કોઈ દિ' વિચાર કર્યો નથી. કોઈ દિ' એકડાય ભણ્યો નથી. ધૂળી નિશાળે ગયો નથી કોઈ દિ'. પાટી ઉપર ધૂળ નાખી એમ કહે છે લોકો. ઓહોહો..! શું પણ એ શ્લોક કેવો છે! જુઓને, એક સાર. પણ એક જ કોઈ પદ્ધતિ કોઈ આચાર્યની ગજબની!

ભેદજ્ઞાનમાં અનેકપણું જણાય એમ રાખ્યું. એકપણાની દૃષ્ટિના વેદનમાં તત્ત્વ જણાય, વેદાય છતાં જાણવું તો બીજાનું પણ થાય, એમ. વેદાય આ. સમજાય છે? છતાં જાણવું તો બીજાનું પણ થાય. તો બીજાનું જાણવું એ બીજાને લઈને છે? બીજાને અડીને છે? ના, એ તો જ્ઞાનસ્વભાવની પ્રગટતા છે. એ તો જ્ઞાનની વિશેષતા છે કે પરને જાણે. આમ છતાં તને પરમાં ગરી ગયો એમ તને શું થઈ ગયું આમાં? આહાહા..! જ્ઞેય જણાણું એમાં જ્ઞેય મારા એમ ક્યાંથી થઈ ગયું તને? મને જણાય એ મારા, એ ક્યાંથી થઈ ગયું પણ તને? જ્ઞાનમાં તો જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે પર જણાય. એમ પર જણાય એમાં જ્ઞેયનો તું ક્યાં થઈ ગયો? અને જ્ઞેય ક્યાં તારું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થઈ ગયું? શું થઈ છે તને આ આકુળતા? આહાહા..! કહો, સમજાણું આમાં?

સરખા બંગલા હોય અને પોતે જાતે ચણાવ્યા હોય સરખા, લ્યો. બે બાજુ હવા આવે, આમ સૂર્યનો તડકો આવે, ઉગમણો આમ આવે, આથમણો આમ આવે, જેથી કરીને બધે પહોંચી વળે. સમજ્યાને. આમ તડકો પડે તો હવા પણ સારી સ્વચ્છ થાય. હવે એમાં મારા પણું એ જ્ઞાનમાં જણાય કે નહિ? તો જ્ઞાનમાં જણાય તો કહે છે પણ એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે જણાય છે. સમજાય છે? કે આ બધું સગવડતાવાળું થયું, ઢીકણું થયું અને ફીકણું થયું. થયું હોં! એમ કીધું છે. પણ એમાં તને સગવડતા થઈ આવ્યું ક્યાંથી? કહે છે. એ તો જ્ઞાનમાં જણાય છે. એમાં મને સગવડતા થઈ એ આવ્યું ક્યાંથી? એમ કહે છે અહીં. ખેતશીભાઈ! મફતનો માને છે.

'**તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે?**' પોતાના જ્ઞાયકભાવમાંથી ખસીને, આ જાણે મારા થઈ ગયા મને જણાય છે માટે. આમ તને થઈ ગયું શું છે? તત્ત્વથી ચ્યુત થઈને ક્યાં ભ્રષ્ટ થા છો? એ મૂકી દે ભ્રષ્ટ થવું હવે. તત્ત્વની અંદર દૃષ્ટિ કર અને અંદર સ્થાપ. તો તને શાંતિ વળે એવું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માગશર સુદ ૬, ગુરુવાર તા. ૭-૧૨-૧૯૬૭**
**શ્લોક-૨૧૫, પ્રવચન-૪૧૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૧૫ કળશનો ભાવાર્થ છે. '**શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.**' આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિથી જોતાં તેમાં રાગ અને કર્મનો પ્રવેશ નથી. '**શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં...**' એટલે કે આત્મા ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ છે એવી દૃષ્ટિથી જોતાં '**અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.**' એટલે કે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યમાં રાગ અને સંસારનો ભાવ વિકલ્પ કે શરીર કે કર્મ અંદર છે નહિ. અંદર દેખાતા નથી.

મુમુક્ષુ :- દેખાતા નથી કે છે નહિ?

ઉત્તર :- છે નહિ તો ક્યાંથી દેખાય? હોય તો દેખાય ને?

આત્મા... સર્વવિશુદ્ધ અધિકાર છે ને? સર્વવિશુદ્ધજ્ઞાન. આત્મા જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે એમ અંતર જોતાં એ જ્ઞાન સ્વરૂપમાં રાગ ને વિકાર ને પુણ્ય ને પાપ ને શરીર, કર્મ હોતા નથી. હોતાં નથી તે દેખાતા નથી. દેખાતા નથી તે એમાં પ્રવેશ થઈ ગયા નથી. કહો, સમજાય છે કાંઈ? '**અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.**' અંતર જ્ઞાનસ્વભાવમાં વિકાર અને પરવસ્તુનો પ્રવેશ દેખાતો નથી.

'**જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે...**' ત્યારે કહે, આ દેખાય છે ને? ના પાડી કે દેખાતો નથી અને દેખાય છે ને? દેખાય છે શું? એ તો જ્ઞાન સ્વરૂપપ્રકાશક શુદ્ધ સ્વભાવ છે એમાં રાગ આ છે, શરીર આ છે એમ જ્ઞાનમાં જણાય છે. એ તો જ્ઞાનની નિર્મળતાનો પ્રગટ પ્રકાશ છે. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનપ્રકાશ છે, ચૈતન્ય સ્વરૂપ છે એના પ્રકાશમાં અન્ય પ્રતિભાસતું નથી, અન્ય હોતું નથી. ત્યારે કહે, જ્ઞાનને ભાસે છે ને કે આ રાગ છે, આ છે, આ છે? '**તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે;...**' જ્ઞાનનો નિર્મળતાનો એ સ્વભાવ છે કે આ રાગ છે, શરીર છે એને જાણે છે પણ એ મારામાં છે એમ જ્ઞાન માનતું નથી. કહો, સમજાય છે કાંઈ?

અંતર ધર્મ દૃષ્ટિ જોતાં, આત્માનો સ્વભાવ જોતાં, ધર્મ એટલે સ્વભાવ, આત્માનો ચૈતન્ય પ્રકાશ સર્વવિશુદ્ધ જ્ઞાન જોતાં તે વસ્તુમાં રાગાદિ કે શરીરાદિ દેખાતા નથી. ત્યારે કહે, દેખાય છે ને? જણાય છે ને? એ તો જ્ઞાનનો સ્વભાવ એવો છે કે સ્વચ્છતાને લઈને આ રાગ છે, શરીર છે એમ પૃથક્‌પણે જ્ઞેય તરીકે જ્ઞાનમાં લાવ્યા વિના અને જ્ઞાનમાં જ્ઞેય આવ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિના જ્ઞાન તેને સ્વપરપણે જાણે છે. હું જ્ઞાન છું, આ રાગ છે. કહો, સમજાય છે કાંઈ? એનું નામ સમ્યગ્જ્ઞાન છે. જે ચૈતન્યપ્રકાશ સ્વરૂપ (છે) એ પોતે રાગાદિને જાણવાના કાળમાં પોતાના અસ્તિત્વમાં રહીને તે જાણવાનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે એથી તે આ રાગાદિ એમ જાણે છે. પણ રાગાદિ મારામાં છે એમ જ્ઞાન જાણતું નથી. કેમ કે એમ ક્યાં જાણે? એમાં છે નહિ ને કેમ જાણે? કહો, સમજાય છે કાંઈ? આખા સેટિકાનો સરવાળો આપ્યો છે આમાં.

ચૈતન્ય અરિસો પ્રભુ આત્મા એ તો જ્ઞાનનું બિંબ છે. તો એ જ્ઞાનબિંબમાં રાગ વિકાર અને પર છે નહિ. તો જ્ઞાનમાં પર છે એમ ભાસે ક્યાંથી? જ્ઞાનદૃષ્ટિ થતાં સ્વભાવ દૃષ્ટિ થતાં, ધર્મ દૃષ્ટિ થતાં તો જ્ઞાન સ્વરૂપમાં રાગ છે એ ભાસતું નથી. કેમ કે એમાં છે નહિ. અને ભાસે છે એ તો જ્ઞાનના શુદ્ધતાના સ્વપરપ્રકાશક સ્વભાવથી આ રાગ છે એ એમ જાણે છે. એ તો સ્વભાવની દ્વિરૂપતા, પ્રકાશની પ્રકાશતાનો સ્વભાવ છે. એથી કરીને રાગ એનો છે એમ નહિ. કહો, સમજાય છે કાંઈ? જુઓ! તો ખરા એની લીલા!

જ્ઞાનમાં એવું ક્યાં છે કે રાગને માને એવું જ્ઞાનમાં છે? અને રાગ પુણ્યનો વિકલ્પ અને શરીર એમાં એવું છે? એ તો જણાવાલાયક છે એટલું એનું સ્વરૂપ છે. એમાં એવું છે કે આને મનાવી દે કે (આ) મારા એવું એનામાં છે? આમ ન જાણતાં પોતે જ્ઞાનમાં એ રાગાદિ જણાય ત્યારે એને એમ થઈ જાય છે કે હું રાગરૂપ થઈ ગયો. એ એની ભ્રમણા છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં... ચૈતન્ય અરિસો છે આત્મા. એમાં એ રાગ-પુણ્ય-પાપના વિકલ્પ, શરીરાદિ જણાય. જણાય છે. જણાય એ તો પોતાના સ્વભાવને લઈને જણાય છે. એને લઈને જણાતા નથી. અને જણાતા અજ્ઞાનમાં 'આ હું છું રાગ' એટલે કે રાગ અને પર જાણે મારામાં આવી ગયા. ઓલા જણાણાને એટલે મારામાં આવી ગયા એમ બહિર્દૃષ્ટિ છે ત્યાં સુધી એમ માને છે. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિનું મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે રાગના, દયા-દાનના વિકલ્પને પણ અડતું નથી. એવો એનો સ્વભાવ છે. તો પછી બહારના પૈસા, બંગલા, મકાન અને ધૂળને અડે એવું તો છે ક્યાં? એમ કહે છે. શેનો ગળે વળગ્યો પણ? કહે છે. એ તો ખરેખર તો રાગને સ્પર્શ્યો નથી. રાગ જે નજીકમાં છે, એક પર્યાયમાં છે, એક ક્ષેત્રે છે, એક કાળે છે છતાં ભાવ ભિન્ન છે. સમજાય છે કાંઈ? '**કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...**' ભગવાન ચૈતન્ય સ્વરૂપ એ રાગને અડતો નથી. રાગને જાણવાના સ્વભાવથી સ્વમાં રહીને પરરૂપે જાણે એ તો એનો સ્વભાવ છે. '**તેમને સ્પર્શતું નથી...**' વિકલ્પ છે એને સ્પર્શતું નથી જ્ઞાન. તો વળી આ સ્ત્રી શરીરનું, માંસ, હાડકા, દાળ, ભાત, શાક ને ઊના-

ટાઢા મરચા તીખા અને ટાઢા ઊનાને સ્પર્શે શી રીતે આત્મા? કહો, સમજાણું કાંઈ? એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વને જાણતા તે પ્રકારના પરને જાણવાનો પ્રકાશ વિકાસ થતાં, પ્રકાશનો વિકાસ થતાં તેમાં જાણે છે કે આ છે. પણ એ છે હું છું અને હું એ રૂપે થઈ ગયો છું એવું તો વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

'**તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી.**' જ્ઞાન કાંઈ તેમને સ્પર્શતું નથી. બે (વાત). આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એમ જ્યાં વાસ્તવિક તત્ત્વ છે એમ અંતર જોતા કે એ જ્ઞાનમાં એ ચીજ છે નહિ રાગાદિ અને રાગરૂપે જ્ઞાન થયું નથી. જ્ઞાન ત્યાં એ રૂપે થયું નથી. અને તે જ્ઞાનને સ્પર્શતાં નથી. રાગ છે એ જ્ઞાનને અડતા નથી. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન.

ચૈતન્ય પ્રભુ જ્ઞાનસ્વભાવ પ્રકાશસ્વભાવ એ પ્રકાશને ચૈતન્ય પોતે પોતાના ભાવથી જાણતો, તેમાં રાગાદિ હોય તે પૃથક્‌પણે મારામાં નથી, એમ સ્વપરપ્રકાશની સ્વચ્છતામાં જાણે છે. પણ જાણતાં કાંઈ રાગરૂપે જ્ઞાન થયું જાણતાં? કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એટલે કાંઈ કેવળજ્ઞાન લોકાલોકરૂપ થઈ ગયું છે? અને લોકાલોક કાંઈ કેવળજ્ઞાનની પર્યાયરૂપ થઈ ગયા છે? એમ જ્યાં જે પ્રકારે એની યોગ્યતા સ્વપરપ્રકાશની જાણવાની, સ્વને જોતાં જાણવાની પર્યાય પ્રગટી, સ્વને જોતાં જાણવાની પર્યાય પ્રગટી એ પ્રગટીમાં તો રાગાદિને પર તરીકે જાણે છે. એ તો પર તરીકે જાણવું એ તો જ્ઞાનનો સહજ સ્વભાવ છે. એમાં જ્ઞાનના સ્વભાવમાં જાણતાં જ્ઞાન રાગરૂપ ક્યાં થઈ ગયું છે?

આ નિર્મળ છે, રાગ મેલ છે. સમજાણું કાંઈ? જ્ઞાન છે એ નિર્મળ છે અને પુણ્ય-પાપનો વિકલ્પ છે એ તો મેલ છે. તો જ્ઞાન મેલને જાણતાં મેલરૂપ થયું છે? ત્યારે કહે છે કે મેલરૂપ થયું નથી અને મેલ જ્ઞાનરૂપ થયો નથી. સમજાણું કાંઈ? એટલે કે આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ છે અને આત્મતત્ત્વ છે. આ ત્રણ. આત્મતત્ત્વ છે એ જ્ઞાનમૂર્તિ છે એમ અંતર જોતાં શુદ્ધનયથી જોતાં એ જ્ઞાનસ્વરૂપ છે એમ જોતાં આત્મતત્ત્વ છે. હવે એ આત્મતત્ત્વને આસ્રવ અને અજીવ એ જાણવાલાયક એમાં છે. એ જ્ઞાન જાણે છે. જાણતાં કાંઈ જ્ઞાનસ્વરૂપ આત્મા એ આસ્રવ અને અજીવરૂપે થયો છે? અને આસ્રવ અને અજીવ એ જ્ઞાનરૂપ થયું છે? આત્મરૂપ થયું છે? કહો, સમજાય છે કાંઈ? ભારે! છતાં કહે છે કે આ અજ્ઞાનીને શું થાય છે આ?

'**આમ હોવા છતાં,...**' વસ્તુની મર્યાદાની સીમા તો આવી છે અને આટલી છે. સમજાણું કાંઈ? વસ્તુની સીમા-જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની મર્યાદા તો સ્વને અને પરને જાણવાની સીમા છે. એવું અંતર દૃષ્ટિથી જોતાં એ તો સ્વપરપ્રકાશપણે જ પરિણમવું એ એનું સ્વરૂપ

છે. અને તેમાં રાગાદિ અને કર્મ આદિ અજીવ આદિ એટલે આ રાગાદિ એટલે આસ્રવ અને શરીર, કર્મ આદિ અજીવ. એ જ્ઞેય છે એ જ્ઞાનમાં જણાવા લાયક છે. એ જ્ઞાન એને પર તરીકે જાણે છે. કેમ કે એ પર તરીકે જાણવું એ તો સ્વપરપ્રકાશના પ્રકાશનો જ વિકાસ છે. એ તો પોતાનો વિકાસ છે. એ કાંઈ પરને કારણે છે અને પર અહીંયાં આવી ગયું છે માટે વિકાસ છે એમ છે નહિ.

ભગવાન ચૈતન્યસ્વરૂપ એને જોતાં જ્યારે જ્ઞાન રાગને જાણતાં, શરીરને જાણતાં આ બાહ્ય પદાર્થ છે એને જાણતાં શું જ્ઞાન છે એ જાણતા તે જ્ઞેયનું થઈ ગયું છે? એ રૂપે પરિણમ્યું છે? શરીર રૂપે પરિણમ્યું નથી (તો) એ રૂપે થયું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આનું નામ ભેદજ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાને જ્ઞાનરૂપે જોતો, જાણતો, પરિણમતો એનામાં રાગ અને શરીરાદિ જણાણા. એ રાગ અને શરીર કાંઈ જ્ઞાનરૂપ થઈને આવ્યા છે? રાગ અને શરીર ને બાહ્ય આ પૈસો આદિ ધૂળ એ જ્ઞાનરૂપ થઈને અહીં આવ્યા છે? એ તો એના રૂપ થઈને તે રહ્યા છે. આના રૂપ થઈને એ રહ્યો છે. એ તો જાણનાર જાણે છે કે આ છે. જ્ઞાનસ્વરૂપ તે રાગ ને લક્ષ્મી રૂપે થયા નથી, રાગ અને લક્ષ્મી અજીવ તે અહીં જ્ઞાન સત્ત્વરૂપે થયા નથી. કહો, બરાબર છે આમાં? રસીકભાઈ! ભારે પણ આ તો. આ શું છે પણ? એ કહે છે જુઓ. શું થયું પણ આ? કહો, ન્યાલભાઈ!

'**આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...**' જુઓ! આમ હોવા છતાં ચૈતન્ય પ્રકાશના નુરમાં, પુરમાં બીજી ચીજ જણાય છે. રાગ, શરીર, કર્મ, પૈસા જણાય છે. આમ અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને '**આ લોકો જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે એવું માનતા થકા...**' હું જેને જાણું છું એની સાથે મારે ખરો સંબંધ છે. જ્ઞેયજ્ઞાયક સંબંધ છોડી દઈને, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા રાગાદિ, અજીવ આદિ જ્ઞેય. બસ! આ જ્ઞેયજ્ઞાયક છે. આટલો સંબંધ છોડી દઈને આ તે પરમાર્થ સંબંધ માને છે. શું થઈ ગયું આ? જ્ઞાનને સ્પર્શતો સમજ્યાને? '**આ લોકો જ્ઞાનને પરજ્ઞેયો સાથે...**' આ આત્માને... જ્ઞાન એટલે આત્માનું સ્વરૂપ ચૈતન્ય. એને પુણ્ય-પાપનો રાગ અને લક્ષ્મી, શરીરાદિ એની સાથે પરમાર્થ ખરેખર સંબંધ છે એવું માનતા થકા આ ભ્રમણાથી દુઃખી કેમ થાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે, ભ્રમણા થઈ ગઈ.

'**માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે,...**' આહાહા..! કેવી શૈલીથી વાત લીધી છે! ચૈતન્ય ભગવાન ચૈતન્ય પ્રકાશની મૂર્તિ એ તો છે આત્મા પવિત્ર. શુદ્ધનયથી એટલે

અંતર સ્વભાવથી જોતાં એ તો જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે, સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું સ્વરૂપ છે. એ રાગને, પુણ્ય-પાપના ભાવને, શરીરને જ્ઞેય તરીકે જણાવા યોગ્યને જાણનાર પોતામાં રહીને પોતાની સ્વચ્છતાથી જાણે એવો એનો સ્વભાવ છે. એ સ્વચ્છતાથી જાણનારું જ્ઞાન કાંઈ જ્ઞેયરૂપે થઈ જતું નથી. જેને જાણે એ રૂપે થતું નથી અને જેને જાણે તે જ્ઞાનરૂપ થઈને અહીં જણાતું નથી. એના રૂપ થઈને જણાય છે. એના રૂપમાં રહીને જણાય છે. સમજાણું કાંઈ? પર્યાય .. ભેદજ્ઞાન કહે છે અહીં તો. ખેતશીભાઈ! કહે છે, પણ આ શું થયું આ? નથી આવતું આમાં, આ નથી જાતું ત્યાં અને આમાં આવ્યું છે તો એ સંબંધીનું પોતાનું જ્ઞાન આવ્યું છે. આ જ્ઞાનમાં એ જણાણા એથી પોતે જ્ઞાન એ રૂપે થઈ ક્યાં ગયું પણ? તો આ થઈ ગયું એમ કેમ માને છે આ? શું છે આ? હું એનો થઈ ગયો અને આ મારા થયા આવી ભ્રમણા ઊભી કેમ કરી આણે? કહો, સમજાણું આમાં? કહો, ભગવાનભાઈ! આવું ઝીણું છે. આહાહા..! એ બધા જૂના માણસ છે. સામાયિક ને પોષા ને પડિક્કમણા ખૂબ કરતા. આહાહા..!

કહે છે, ભગવાન તારી સીમામાં, તારી મર્યાદાના ક્ષેત્રમાં.. સૌની સીમા હોય છે ને? ખેતરમાં નથી (હોતી) સીમા? કે આ ખેતરની અમારી સીમા, આ ખેતરની હદ હોય છે ને સૌને? વચ્ચે થોડું ઓલું હોય ખડ જામી ગયું હોય. શેઢો. કહે છે, ભગવાન! તારી સીમાનો શેઢો એટલો કે તું સ્વને જાણ અને રાગાદિ પરને જાણ એ તારો સીમાનો શેઢો. પણ એ સીમાને ઓળંગીને તે પુણ્ય-પાપના રાગને જાણતો રાગ મારા છે એવું ક્યાંથી આવ્યું આ? કો'કનું ખેતર તારામાં ક્યાં ખતવી નાખ્યું? એમ કહે છે. કહો, ખેતશીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધરાહાર ધણી થઈ જાય. આહાહા..!

ભાઈ! તું તો ચૈતન્ય શુદ્ધનયથી જો તો એ તો શુદ્ધ ચૈતન્ય છે. એ કાંઈ રાગ છે, શરીર છે, કર્મ છે એ આત્મા નથી. આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ સ્વભાવ સ્વરૂપ છે. એમ અંતર જોતાં તો એ ભગવાન જ્ઞાન સ્વરૂપમાં રાગાદિ પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ, લક્ષ્મી આદિ, બાયડી-છોકરા આદિ કે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાવાલાયક છે અને તું તને જણાવા લાયકનો ભાવ તારું પરિણમન છે. એમાં એ જાણવાલાયક આત્માનું જ્ઞાન જ્ઞેયને જાણતાં જ્ઞેયનું ક્યાં થઈ ગયું કે આ મારા છે એમ તું માને છો? આહાહા..! અને જ્ઞેય રાગાદિ ક્યાં તારા થઈ ગયા કે તું એમ માને છો કે હું એ રૂપે પરિણમી ગયો? સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધ અધિકાર છે. એટલે જ્ઞાનની સમય સમયની પર્યાય સ્વના આશ્રયે સ્વના લક્ષે

જે સ્વપરપ્રકાશનું પરિણમન થાય તે સમ્યગ્જ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાનમાં તો વિકારનો વ્યવહાર જેટલો વ્યવહારનયનો વિષય કહેવાય-દયા, દાન, ભક્તિ આદિ એ અને શરીર, કર્મ અને અવસ્થાઓ થાય તે પ્રકારો, બધું જ્ઞેય બોધ્યકામ યતિ બોધ્યં એમ કહે છે ને ઓલામાં? બોધ્ય છે એ બોધ્ય. બોધ્ય બોધ્ય રૂપે ન થાય, જ્ઞાન જ્ઞાનરૂપે ન થાય ત્યાં સુધી રખડવાનું છે કહે છે. સમજાણું કાંઈ?

તારી પુંજીમાં, તારી મૂડીમાં, તારા હોવાપણામાં, તારા હોવાપણામાં તો આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે તેમ તારું જાણવું એવું તારું હોવાપણું છે. એવા જાણવામાં, રાગને જાણતા, પુણ્ય-પાપને જાણતા, શરીરની ક્રિયા આમ થાય, ભગવાનની પૂજા આદિમાં આમ થાય, શરીર આમ આમ થાય. એ તો બધા ભગવાન સર્વજ્ઞનો આત્મા અને સર્વજ્ઞની પ્રતિમા એ બધા, તે કાળે જણાવા યોગ્ય છે અને તે પણ તેના થઈને રહ્યા છે. જણાવતા તારા થઈને જણાવા યોગ્ય છે એમ નથી. એના થઈને જણાવા યોગ્ય તને છે અને તું પણ તારો થઈને જાણવા લાયક તું છો. એનો ને પરનો. આહાહા..! કહે છે કે આમ છે છતાં આ ભગવાન મારા, આ બાયડી મારી, આ પૈસો મારો અને રાગ મારો, આ થઈ શું ગયું? એમ કહે છે. એય..! કહો, ભીખાભાઈ! આ એમ કહે છે. એય..! ન્યાલભાઈ! ન્યાલ થવાનો આ માર્ગ છે. આહાહા..!

ભગવાન! તારી પુંજીમાં તો જ્ઞાનસ્વરૂપ પડ્યું છે. ચૈતન્યનો પ્રકાશનો નૂર છે આખું. એ ચૈતન્યમાં વળી આ પુણ્ય-પાપનો વિકાર ને શરીર ને આ બાયડી, છોકરા, દેવ-ગુરુ-શાસ્ત્ર અહીં ક્યાં આવી ગયા છે? એ તો ત્યાં છે. એના અસ્તિત્વમાં છે. એના અસ્તિત્વમાં છે. એનું અસ્તિત્વ તારા અસ્તિત્વમાં જણાય એ તો જ્ઞાન જાણ્યું છે. એ કાંઈ એને આ છે એમ જાણ્યું નથી. હું આ છું એમ જાણ્યું છે? એ તો આ છે અને હું આ છું એમ જાણ્યું છે. એવો જાણવાનો સર્વવિશુદ્ધ ચૈતન્યમૂર્તિ પરિણમન હોવા છતાં આ તને કેમ થઈ ગયું? શું થયું? આ રાગ જણાણો તો હું એનો થઈ ગયો? અને રાગને મેં જાણ્યો માટે રાગ મારામાં આવી ગયો? આ શું થયું છે? આશ્ચર્ય કહે છે આચાર્ય. આ તો આશ્ચર્ય થાય. સ્વભાવમાં નથી અને આ શું મેળવણી તેં કરી? આવી મેળવણી કાઢી ક્યાંથી તેં? એમ કહે છે. એય..! શું થયું હવે ઓલા બંગલાનું? એણે બંગલામાં બેઠા .. આમ જાળીયું નીચે-ઉપર. ઉપર આમ પાછું. નીચે વળી કોઈ આવી જાય. કૂતરા આવે તો દાદરે ચડતા ખબર પડી જાય. ... આહાહા..! દાદરા સુંવાળા પાછા આમ ભાત પાડતા. આમ .. કહે છે કે પણ આ મારા અને મેં કર્યા એવું ક્યાંથી તને થયું? એમ કહે છે. એ તો જ્ઞેય છે. એ મકાન, એ દાદરા, એ દાગીના, એ ઝેવર, એ કપડા, એ બાયડી-છોકરા આદિના આત્મા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને એના શરીર એ બધા તારા જ્ઞાનમાં પર તરીકે, જ્ઞેય તરીકે રહીને, જ્ઞાન જ્ઞાન તરીકે રહીને તેને જાણે એવો તારો સ્વભાવ છે. આ લોજિકથી વાત છે કે નહિ? ચીમનભાઈ! પણ કોઈ દિ' દરકાર કરી જ નથી. તત્ત્વને સમજવું નથી અને કરવો છે ધર્મ એને. કહો, સમજાય છે કાંઈ? એ જણાય છે એ તો જણાવાયોગ્ય એનો સ્વભાવ છે અને જાણનાર જાણવાનો સ્વભાવથી જાણવામાં જાણે છે. જાણનાર જ્ઞેયનો થઈને-જ્ઞેયરૂપ થઈને જાણે છે એમ છે નહિ. અને જ્ઞેય જ્ઞાનમાં આવ્યું છે માટે જ્ઞેય જ્ઞાનરૂપ પરિણમન થઈ ગયું છે એમ છે નહિ. એ તો જ્ઞાનનું પરિણમન છે સ્વપરપ્રકાશ તો. કહો, સમજાણું આમાં? આહાહા..!

અરે..! એ પોતે પર મારામાં ભાસતા '**અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...**' ફક્ત ભાસે છે. ભાસે છે તો એનું જ્ઞાન, જ્ઞેય સંબંધીનું જ્ઞાન. પણ આનું જ્ઞાન એવું જ જ્ઞાન અહીં ભાસીને આ '**જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે...**' મારે ને રાગને ને પરને પરમાર્થે ખરેખર સંબંધ છે. જ્ઞેયજ્ઞાયક સંબંધને છોડી દઈને, બેપણાના એકપણાનો સંબંધ છે '**એવું માનતા થકા...**' સમજાણું કાંઈ? બેપણામાં એકપણાનો સંબંધ છે એમ માનતા થકા. જ્ઞેયજ્ઞાયક તો બે બે ભિન્ન ભિન્નપણાનો સંબંધ છે એ તો. સમજાણું કાંઈ? બહુ બાપુ તત્ત્વ એવું છે કે એને અંતરમાં જોતા આવડે તો એની એને ખબર પડે. આ તો એવી વાત છે. આ કાંઈ કોઈથી ઉધારી લે તો લઈ શકાય એવી નથી.

વસ્તુ ચૈતન્ય પ્રભુ જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા એને શુદ્ધનયથી જોતાં એમ કહ્યું ને? એને સ્વભાવની દૃષ્ટિથી જોતાં. એમ. જેવો સ્વભાવ છે તેની દૃષ્ટિથી અસ્તિપણે જોતાં તો એ જાણનાર છે. એ તો જાણવાનો સ્વભાવ છે, જ્ઞેયો જણાય એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞેય જણાય એ જણાવાયોગ્ય એનો સ્વભાવ છે. એનો જણાવાયોગ્ય સ્વભાવ જાણવાયોગ્યમાં પેસતો નથી, જાણવાનો જાણનાર સ્વભાવ જ્ઞેયરૂપે થઈને જ્ઞેયને જાણતો નથી. છતાં આ પરમાર્થે સંબંધ માની બેઠા છે, કહે છે. અરે..! મારા જ્ઞાનમાં જણાણાને? માટે મને એક થઈ ગયા. મારા જ્ઞાનમાં એ કેમ ચીજ જણાણી અત્યારે? આ જ્ઞાનમાં આ જ કેમ જણાણું? આ જ કેમ જણાણું? મારા જ્ઞાનમાં એ જણાણું કે આ શરીર છે, આ સ્ત્રી છે, આ રાગ છે, એવું જ્ઞાનમાં કેમ જણાયું? માટે જ્ઞાન જ્ઞેયરૂપ છે એમ માનીને લોકો કેમ આ દુઃખી થઈ રહ્યા છે આકુળતાથી?

મુમુક્ષુ :- આકુળતા ઉત્પન્ન કરે છે.

ઉત્તર :- એ આકુળતા ઉત્પન્ન કરે છે. કહો, જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- આકુળતા થાય...

ઉત્તર :- બીજું શું છે પણ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે જાણનાર-દેખનારને જાણનાર-દેખનારપણે રાખીને, જણાવાયોગ્યને જણાવાપણે રાખીને જાણે-દેખે તો તો અનાકુળતાનું જ્ઞાન શાંતિનું જ્ઞાન છે. એ તો શાંતિ સાથેનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ ધર્મ અને અધર્મની આટલી વાતમાં ફેર છે. કહો. ભગવાન આત્માનો સ્વભાવ ચૈતન્યબિંબ પ્રકાશ છે એ એનો જાણવાનો ધર્મ છે. એ જાણવાના ધર્મને જાણવા તરીકે રાખે અને જ્ઞેયને જ્ઞેય તરીકે રાખે તો તો એને શાંતિ અને સુખ અને સમ્યક્ શ્રદ્ધા જ્ઞાન પ્રગટે. એ ધર્મ. જેનો જે ધર્મ તેને તે રીતે માનીને જાણીને પરિણમે તો તે ધર્મ. પણ એ જ્ઞાનરૂપ ભગવાન એને એમ ન જાણતા એ રાગાદિ જણાય, આ મને ઈ જ કેમ જણાય છે? પણ એ જણાવાનો સ્વભાવ તારો તે કાળે તે જણાય તે છે. આ કેમ જણાણા? એમ કહે. કહે છે ને આ લાકડા કેમ જણાણા? વચ્ચે લાકડું અને આ બે છે. અત્યારે જ્ઞાનમાં આમ નજર કરી ત્રણ ને બે. ત્રણ બે થઈ ગયું. પણ જ્ઞાનમાં ત્રણ અને બે આવ્યું એ તો એ જે ચીજ છે એ અહીં આવ્યા વિના બે એક વિના જણાય કેમ? સમજાણું કાંઈ? માટે આ જ્ઞાન અને બે (જ્ઞેય) ચીજ એક છે. એમ માનનારા અજ્ઞાન છે કહે છે. વસ્તુ જુદી છે એ. સમજાણું કાંઈ? એ વખતે જ્ઞાનના પર્યાયનો તે પ્રકારના જ્ઞેયને જાણવાનો સ્વભાવ સ્વને જાણતા છે. તો તે પ્રકાર કેમ જણાણો? તે પ્રકાર કેમ જણાણો? તે પ્રકારે જ્ઞાન યથાર્થ છે કે અયથાર્થ? જેનું જે હોય તે પ્રકારે યથાર્થ જ્ઞાન થાય. જ્યારે રાગ થયો તો રાગનું જ જ્ઞાન થયું. તો એમ કેમ થયું? મને એ વખતે દ્વેષનું કેમ ન થયું? માટે નક્કી હું રાગરૂપ થયો છું. એમ અજ્ઞાનીને ભ્રમ પડે છે. સમજાણું કાંઈ?

દાખલો નહોતો આપ્યો એક ફેરી? શ્રીમદ્દ્ લખ્યો છે એ. આમ ૫૦ ઘર છે શેરીમાં. ૫૦ ઘર. ખરેખર તો જ્ઞાન જાણે છે પોતાને અને પરને કે આ છે... આ છે.. આ છે... બસ, એમ જાણે છે. હવે એ ઉપરાંત આ ઘર જ્યાં એનું માનેલું આવ્યું ને આ મારું. એ ક્યાંથી આવ્યું? કહે છે.

મુમુક્ષુ :- એના પૈસા નથી આપ્યા?

ઉત્તર :- પૈસા ક્યાં એના હતા?

જ્ઞાન એનો સ્વભાવ છે કે જેવું તે કાળે જે રીતે જેમ છે તેને જાણે. એ કાળે એમ જાણે. યથાર્થ જ્ઞાન છે કે નહિ? ત્યારે આમ જાણતા એને આમ થયું. આ ઘર... આ ઘર... આ ઘર... બધું જાણ્યું. આ મારું. આ થયું ક્યાંથી? તારે ને એને સંબંધ શું છે? એ તો જ્ઞેય જણાવાયોગ્ય અને જાણવાયોગ્ય એટલો સંબંધ છે. એને ઠેકાણે મારું એવું લાવ્યો ક્યાંથી? એમ કહે છે. કહો, બરાબર છે? ૫૦ છોકરા ઊભા હોય. એમાં હીરાલાલ ઊભા હોય. અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો નેમિદાસભાઈનો છોકરો નથી પણ એનું કાંઈક હશે તો ખરું ને. પણ ૫૦ છોકરા ઊભા હોય લ્યો. પણ એના .. હવે હમણાં. ૫૦ છોકરા હોય લ્યો. આમ જોવે. એનો જણાવાયોગ્ય સ્વભાવ, તારો જાણવાયોગ્ય સ્વભાવ. એ સિવાય ત્રીજો ક્યાંથી આવ્યો આમાં? આ મારો. મારો પણ આ મારો અને આ મારો નહિ, એ આવ્યું ક્યાંથી? એ તો બધું જણાવાયોગ્યની લાયકાતવાળી ચીજ છે અને તું તેનો જાણનાર છો. આટલો સંબંધ છે. એ સિવાય ત્રીજો લાવ્યો ક્યાંથી? એમ કહે છે. કહો, સમજાણું આમાં?

એ કહે છે કે તારા જ્ઞાનને તું દુઃખી જ કરે છે. એમ કહે છે ભાઈ! આ આકુળતા કરે છે એનો અર્થ કે તું દૂષિત કરે છો. એ જણાવાયોગ્ય પદાર્થ જણાવાયોગ્ય જ લાયક છે. એમાં કાંઈ ટ્રેડ માર્ક નથી માર્યો કે આ તારો છે. ચીમનભાઈ! બરાબર છે? છે એમાં? નંબર માર્યો છે કે આ ભીખાભાઈનો છોકરો છે એમાં? આ મલૂકચંદભાઈનો પુનમ છે એમાં? એય..! વજુભાઈ! શું હશે આ? આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય એટલી ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી. આહાહા..! ભાઈ! તું ચૈતન્ય પ્રકાશના નૂરનું અસ્તિત્વ છો? કે તે તારા પ્રકાશમાં બીજું જણાય એ રૂપે તારું અસ્તિત્વ છે? અને તે અસ્તિત્વ છે એ તારા રૂપ થઈને તને જણાય છે? કે એનું અસ્તિત્વ એના રૂપે થઈને તું તારા અસ્તિત્વમાં રહીને તેને જાણે છો? આ તો વસ્તુનો સ્વભાવ છે. એ ઉપરાંત આ મારું અને હું એનો આ ક્યાંથી આવ્યું? કહે છે. આવો પરમાર્થ સંબંધ છે એવું લાવ્યો ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? એ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે કે જે દુઃખદાયક છે. સમજાણું કાંઈ? બધેથી દુકાન ઉઠાવ કહે છે. છે તો એવો જ પણ માન્યતામાં ફેર છે એમ કહે છે અહીં તો. કલ્પનામાં એણે ઊભું કર્યું છે કહે છે. એ માને તો કાંઈ એ રાગ એના થઈ જાય અને રાગનો આત્મા થઈ જાય (એવું) કોઈ દિ' બનતું નથી. અને માને તો એ દીકરાનો એનો આત્મા થઈ જાય અને દીકરો એના આત્માનો થઈ જાય, એમ કોઈ દિ' બનતું નથી. બન્યું નથી, બનતું નથી, બનશે નહિ ત્રણ કાળમાં. ભ્રમ થઈ ગયો ને. એય.. ખેતશીભાઈ! આહાહા..! લ્યો આ ... ભગવાન, પણ આ ભગવાન જાય છે એમ કહે છે, અંદર. એય..! આ ભગવાન આત્મા આ મારો ગયો. આ મારો ગયો. પણ મારો હતો કે દિ'? શું થયું પણ તને આ? સમજાણું? નહોતું કહ્યું?

મુમુક્ષુ :- ભ્રમણા થઈ.

ઉત્તર :- ભ્રમણા થઈ તને કે આ થયું શું પણ આ? નહોતું કહ્યું એક ફેરી ઓલા જેતપુરનું? જેતપુરનું કહ્યું હતું નહિ? પહેલા દીક્ષા લઈને ગયેલાને. એ બસ આ માગશર, પોષ સુદ પોષ સુદ હશે. પોષ સુદ. ૭૦ની. ૫૪-૫૪ વર્ષ થયા. દીક્ષા માગશર સુદ નોમની

થઈ હતી ને? આ માગશર નોમને રવિવાર. એ માગશર નોમને રવિવાર હતો તે દિ'. એ ૭૦ના માગશર સુદ નોમને રવિ. આ માગશર સુદ નોમને રવિ આવે છે આ. ૫૪ પૂરા થાશે. ૫૫. તે દિ' દીક્ષા થઈને ત્યાં ગયેલા. એમાં બિચારા એક પગે લાગવા આવતો-ભગુ. કંદોઈનો દીકરો સ્થાનકવાસી. સ્થાનકવાસી હતો કે કોઈ કહે દેરાવાસી હતા. ઓલા જેતપુરનો અપાસરો છે ને? છત્રી નથી છત્રી? છત્રીવાળો અપાસરો. એ છત્રીવાળો. એ સામે .. કામદારનો. ત્યાં પગે લાગવા આવે. મહારાજ! હું પશુ છું હોં! ભગુ પશુ છે. એમ બોલ્યો. એનું નામ ભગવાનજી. પણ ઘરમાં પશુ-પશુ જેવું કહે ને. બૈરા-બૈરા અને એના મા-બાપ કહે. જો ભાઈ! આ ભગુ પશુ જેવો છે. એની સામું ન જોવું. તોફાન ન કરે. બુદ્ધિ ઓછી. બુદ્ધિ ઓછી. ભગુ પશુ જેવો છે, હોં! એના ખાવા-પીવામાં ધ્યાન રાખવું એમ મા-બાપ કહે ને? એ અહીં આવીને કહે. મહારાજ! ભગુ પશુ છે હોં. હીરાજી મહારાજ અને અમે ચાર જણા હતા ને. ૭૦ની વાત. મહારાજ! ભગુ પશુ છે. એટલે અમને એમ થાય કે આ ભગુ પશુ શું કહે છે આ? એટલે ઓલાને પૂછીએ. એ કંદોઈનો દીકરો છે એનું નામ ભગવાન. કીધું, ભગવાન થઈ ગયો પશુ?

એમ આત્મા ભગવાન જ્ઞાનમૂર્તિ મહિમાવંત છે. પણ એ આત્મા રાગને પોતાના માને, પરને પોતાના માને એ પશુ જેવી વૃત્તિ છે. આહાહા..! પશુ કીધું છે ને ચૌદ બોલમાં? એકાંત માને છે. જ્ઞેય જ્ઞાનનું થઈ જાય. જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું. આ માનનારા પશુ જેવા છે. પશુ છે. કેમ કે મિથ્યાત્વને સેવે છે અને મિથ્યાત્વને સેવતા એના ફળ રૂપે તો નિગોદ દશા આવશે. નિગોદ દશા. અને એક બટાટામાં અનંતા જીવ ત્યાં જઈને વસશે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે જેને તત્ત્વનું આરાધન નથી અને તત્ત્વનું વિરાધન છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એ બધા આખી દુનિયા તે જણાવાયોગ્ય તે કાળે તે તે પ્રકારે જ્ઞાન થયું તો તે જણાવા લાયક છે. એટલી મર્યાદા છોડી દઈને સીમાની એટલી હદ છે. એ સિવાય બીજી સીમા કરવા જાય છે કે આ મને જણાણા માટે એનો હું થઈ ગયો અને એ જણાણા માટે હું એ રૂપ થઈ ગયો. આવો પરમાર્થ સંબંધ તેં ક્યાંથી કાઢ્યો? એને કાંઈ સંબંધ નથી.

**'એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે,...'** ભગવાન આનંદ અને જ્ઞાનથી ભ્રષ્ટ થાય છે. આહાહા..! એ પોતાના શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એ પરને જણાવા લાયકને મારા માને છે. મને જણાણા કેમ એ કાળે? પણ એ તો તારો જ્ઞાનનો સ્વભાવ એ જ જણાય એવો સ્વભાવ છે. કહો, સમજાય છે? મોઢામાં મરચું આવ્યું મરચું. તો જ્ઞાનમાં જણાય એવું જ કે આ તીખું છે. એમ જ જણાય. કે બીજું જણાય? ખારું છે એમ જણાય? ખારું છે એમ જણાય? જ્ઞાન તો યથાર્થ છે. જ્ઞાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વને જાણતા તીખું છે એમ જ્ઞાન જાણે. પણ જ્ઞાન જાણતા તીખારૂપ થઈને જ્ઞાને જાણ્યું છે? તીખારૂપ થાય તો તીખું જડ છે અને જ્ઞાન તો ચૈતન્ય છે. સમજાણું? અને તીખું જ્ઞાનમાં આવી ગયું છે? જડ જ્ઞાનમાં આવી ગયું છે? તો જ્ઞાન તીખું જડ થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન...

ઉત્તર :- જ્ઞાન તીખું થઈ જતું હશે જડ, એમ ને?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- તો આ શું કીધું? આ શું કહેવાય છે? તીખાના જ્ઞાનરૂપે પરિણમ્યું છે. જ્ઞાન તીખા સંબંધીના જ્ઞાનરૂપે પરિણમ્યું છે. કે તીખારૂપે પરિણમ્યું છે? તીખા સંબંધીનું પોતાનું જ્ઞાન છે કે આ તીખું છે, એમ પરિણમ્યું છે. તીખાપણે પરિણમ્યું છે? તો તો જડ થઈ ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ તીખાનો અનુભવ જ નથી. લ્યો! હજી વાતમાં મોટો ફેર છે. જડનો અનુભવ હોય જીવને?

મુમુક્ષુ :- જ્ઞાનની પાસે જે તીખાશ...

ઉત્તર :- એ તીખાએ કાંઈ કર્યું નથી. એ જ અહીં કહે છે. તેં કર્યું નથી અને ભ્રમણા થઈ ગઈ છે તને. એ તો જ્ઞેય તરીકે જણાય છે. જ્ઞાનમાં તીખું છે એમ ભિન્ન તરીકે જણાય છે. એમ ન કરતાં અને તીખું જ્ઞાનરૂપ થઈને જણાય છે એમ પણ નથી. અને જ્ઞાન તીખારૂપ થઈને એને જાણે છે એમ પણ નથી. એ માટે તો માંડી છે આ. ત્યારે થઈ શું ગયું? એને જણાતા એમ થઈ જાય કે હું તીખો થઈ ગયો અને તીખું મારામાં આવી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન તો ભિન્ન પડી ગયું. ભિન્ન થઈ ગયું. એમાં તીખું ક્યાં આવ્યું? એમ નથી આ. એ તો ચાલે છે આ. પોણા કલાકથી તો ચાલે છે આ. કહો. આહાહા..! કહો, આમાં સમજાય છે? આ તો સાદી ભાષામાં (કહેવાય છે). એમાં કાંઈ બહુ એવું વ્યાકરણ ને સંસ્કૃત ને મોટું ભણવું જોઈએ એવું નથી.

ભગવાન આત્મા આમ ચૈતન્ય... અરિસો લ્યો એક અરિસો. અરિસો છે (અને) સામે મરચા છે. તો અરિસાની અવસ્થા લાલરૂપ અહીં દેખાય છે. એ મરચાની અવસ્થા છે? મરચાની છે? એ તો અરિસાની છે. અરિસો મરચારૂપે થયો છે? અગ્નિ છે અહીં. આમ ઝળહળ અગ્નિ. એમાં દેખાય છે આ. એ અરિસાની અવસ્થા આમ આમ દેખાય છે એ અગ્નિરૂપ છે? અગ્નિરૂપ થઈ છે? અગ્નિરૂપ થાય તો હાથ અડાડો તો ઊનું ક્યાં છે ત્યાં? એ તો અરિસાની અવસ્થા સ્વચ્છની છે. અરિસો અગ્નિરૂપે થઈને પરિણમ્યો નથી અને અગ્નિ

અરિસારૂપે થઈને પરિણમી નથી. કહો, બરાબર છે? આ તો સાધારણ છોકરાઓને સમજાય એવું છે. આ અગ્નિ અને અરિસો બે. હવે અરિસો છે આમ દેખાય છે આમ અગ્નિપણે. આમ દેખાય ને આમ આમ થાય. એ અગ્નિપણે પરિણમ્યો છે? એ તો અરિસાની સ્વચ્છતાનું પરિણમન છે અને અગ્નિ અગ્નિપણે છે. એ અગ્નિ અરિસાપણે થઈને રહી છે? અરિસો અહીં પરિણમ્યો છે તો અગ્નિપણે થઈને પરિણમ્યો છે? એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તીખો..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રતિબિંબ પણ નથી. એ તો પોતાનું પરિણમન છે. સાંભળો-સાંભળો. તમને બધો ફેર પડશે તમારે. બધો ફેર પડશે તમારે. બુદ્ધિમાં ફેર છે ને ઘણો. સમજાય છે કાંઈ? આટલું સ્પષ્ટ થાય છે તોપણ હજી પકડાતું નથી?

આત્મા જ્ઞાનરૂપે રહીને રાગને જાણે છે. આત્મા જ્ઞાનરૂપે રહીને તીખાશને જાણે છે કે આત્મા તીખાશ થઈને તીખાને જાણે છે? તીખાશ રૂપ થઈને જાણે તો તીખું તો જડ છે. અને તીખું જ્ઞાનરૂપ થઈને અહીં જણાય છે? કે તીખું તીખાપણે રહીને જણાય છે? તીખું તીખાપણે રહીને જ્ઞાનમાં જણાય છે. ફક્ત માને છે કે એ મને તીખું લાગ્યું, એ હું તીખો થઈ ગયો, એ મને તીખાનો સ્વાદ આવ્યો. સ્વાદ કે દી તીખાનો હતો? એ તો રાગનો સ્વાદ છે. તીખાને જાણતા સારું છે, ખરાબ છે એવો રાગનો સ્વાદ છે. તીખાનો જડનો સ્વાદ અહીં આવતો હશે? સમજાણું કાંઈ? કહો.

એ કહે છે, જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે એ એમનું અજ્ઞાન છે લ્યો! કહો, હજી તો ભાવાર્થ પૂરો થાતો નથી. ભાવાર્થ જ સમજતો નથી એમ કહે છે. ભાવ અર્થ શું છે એને સમજતો નથી. આહાહા..! ભગવાન અરૂપી જ્ઞાનઘન અને સામી ભલે રૂપી હો કે અરૂપી વસ્તુ હોય લ્યોને. ચાહે તો રૂપી હોય અને ચાહે તો અરૂપી. પણ અરૂપી અને રૂપી, સામે રૂપી અરૂપી (વસ્તુ હોય) એનામાં અસ્તિત્વપણું રહ્યું છે કે આત્માના જ્ઞાનમાં એનું અસ્તિત્વ આવી ગયું છે? અને આનું અસ્તિત્વ એના રૂપે થઈને રહ્યું છે? કે જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનરૂપે થઈને રહ્યું છે? બસ! જ્ઞાન તે અરૂપી આ છે એમ જાણતા અરૂપી જે ચીજ તે ખ્યાલમાં આવી બીજો આત્મા, કે કેવળજ્ઞાની આત્મા કે અરિહંત, દેવ-ગુરુ આત્મા કે આ આત્મા છે એમ ખ્યાલમાં આવ્યો. એ ખ્યાલમાં આવ્યો એનું જ્ઞાન આવ્યું અહીંયાં એ તો પોતા સંબંધીનું જ્ઞાન છે. એ જ્ઞાનમાં અરિહંતનો પર્યાય અહીં આવ્યો છે? અને આ જ્ઞાન અરિહંતની પર્યાય થઈને જાણે છે? સમજાણું કાંઈ? આહાહા..! કોઈ દિ' એણે વિચાર જ કર્યો નથી. એમ ને એમ આંધળે દોડે મુઠ્ઠું વાળીને ચાલ્યો છે. કાંઈ તત્ત્વની ખબર ન મળે અને કહે કે અમને ધર્મ થાય. શું ધૂળમાં ધર્મ થાતો હશે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા જ્ઞાનપુંજ પ્રભુ છે એને જાણતા બીજી જણાય ચીજ તે બીજાપણે રહીને જ્ઞાન તેને જાણે છે. બીજાપણે થઈને એ જ્ઞાન જાણે છે એમ છે નહિ અને બીજું આ પણે થઈને જણાય છે એમ છે નહિ. બસ! જ્ઞાન જ્ઞાન થઈને જાણે, બીજું એમાં એનું રહીને જણાય. આટલો મેળ સંબંધ છે. એ સિવાય બીજો સંબંધ ક્યાંથી કાઢ્યો તેં? કહે છે. એય..! નેમિચંદભાઈ! નેમિદાસભાઈ! શું કાઢ્યું આ? આ કંચન અને કંચન બે મારા એ કાઢ્યું ક્યાંથી? એમ કહે છે. બે કંચન. ભારે આ. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ગોળ ખાય ત્યારે ગળ્યો તો લાગે છે.

ઉત્તર :- પણ ગોળ હોવો જોઈએને. ગોળને ઠેકાણે છાણું હોય તો? છાણું આમ નરમ ફર્સ્ટ ક્લાસ. ગોર કહેવાય છે ને ગોર નથી કહેતા? ભુક્કો કરે ત્યારે. આહાહા..!

અહીં તો સ્વતત્ત્વ તે જ્ઞાનરૂપ છે. એની પ્રધાનથી આખું કથન સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે. એમાં અનંતા ગુણો ભેગા આવી ગયા. પણ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એથી બીજી ચીજને જાણે છે એ વાત સિદ્ધ કરવા આ વાત લીધી છે જ્ઞાનથી. સમજાય છે? આનંદ ને શાંતિ ને એ કાંઈ બીજાને જાણતા નથી. એટલે એ દ્વારા બીજાને સમજાવી શકાય નહિ. એટલે જ્ઞાન દ્વારા પર અને સ્વની જુદાઈને જણાવી શકાય છે માટે જ્ઞાનપ્રધાન કથનથી આ વાત બધી ચાલે છે. એટલે આત્મા જ જ્ઞાન છે એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાન છે. એ જ્ઞાન પરવસ્તુને જાણતા પરવસ્તુનો થઈને જાણતો નથી. પરવસ્તુ આમાં જણાય તે આત્માની થઈને તે વસ્તુ જણાતી નથી. આવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ જાગતી જીવંત જ્યોતિ છે. આ ઉપરાંત કહે છે કે આ મારા અને હું એનો, આ તીખારૂપ જે થઈ ગયો, પૈસા મારારૂપ થઈ ગયા, મકાન મારારૂપ થયા અને હું એનો થયો. આ બે ક્યાંથી આવ્યું? કહો, ભીખાભાઈ! શું કરવું આમાં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કાઢી નાખે કીધું?

અહીં તો ત્રણ લોકના નાથ પરમેશ્વર સમવસરણમાં બિરાજે છે અને આત્મા તેને જાણે. તો એ કહે છે કે જાણતા એ જ્ઞેય તારા જ્ઞાનમાં આવી ગયું છે અને તું એને જાણે છો? અને તારું જ્ઞાન તે ભગવાનરૂપે થઈને જાણે છે? કે તારા રૂપે થઈને તેને જાણે છે? આહાહા..! છતાં આ ભગવાન અમારા અને હું એનો, આ બે ક્યાંથી આવ્યું? એમ કહે છે. એય..! અહીં તો એ વાત છે. આ તો સાધારણ વાત છે એના બધા દૃષ્ટાંતો જુઓ તો બધા એકથી એક બધા ઊભા થાય એવું છે. આહાહા..! કહો, અમુલખભાઈ! બરાબર છે?

આમ લાકડા ઊંચા હોય કેટલાક .. તમારે ત્યાં જ્ઞાનમાં લાકડા જ આવે છે. ત્યાં સોનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે? ત્યાં કાંઈ સોનાના પાટા ઊભા છે એમ જાણે? ત્યારે નક્કી કાંઈક લાકડા અને જ્ઞાનને સંબંધ છે કે નહિ? એમ કહે છે. એ જ્ઞાનનો પર્યાય, બાપુ! તારો સ્વભાવ છે કે તને જાણતા તે પર્યાયમાં તે જણાય એવો તારો સ્વભાવ છે. એ અહીં આવીને જણાણું છે અને આ ત્યાં જઈને જણાવાયોગ્ય થયો છે. એ તો કોઈ દિ' ત્રણ કાળમાં થયું નથી. કહો, ભગવાનજીભાઈ! આહાહા..!

કહે છે કે આ રીતે જો જાણે કે જ્ઞેય જ્ઞેયરૂપે છે, જ્ઞાન જ્ઞાનરૂપ (છે). તો તો જ્ઞાનનો સ્વાદ એને આવે. તો તો જ્ઞાનનો, શાંતિનો, આનંદનો સ્વાદ આવે. પણ આ રાગ જણાતા હું એ રૂપે થયો માટે જણાણું ને? એ રૂપે થયો માટે જણાણું ને? તીખારૂપ થયો માટે જણાણું ને? ગળ્યા રૂપે થયો તો મને જણાણું ને? આ ભ્રમણા તો તને દુઃખરૂપની ઉત્પત્તિ કરે છે. જેઠાલાલભાઈ! આહાહા..!

'**જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થતાં...**' એટલે જાણવા-દેખવાના સ્વભાવથી ભ્રષ્ટ થતાં પરના સંબંધમાં આ મને સંબંધ છે પર સાથે, આવું મિથ્યાત્વભાવનું જે અજ્ઞાન છે એ દુઃખરૂપ છે, એ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભ્રમણા છે ભ્રમણા. કીધું નહોતું એક ફેરી ઓલા છોકરાનું? એક છોકરો મરી ગયો નહિ? એની મા કહે બાળવા ન દઉં, બાંધવા ન દઉં ઠાઠડી. બહુ નાની ઉંમરનો જુવાન ૨૨ વર્ષનો જુવાન. એની મા રોવે... રોવે... રોવે... બાપ જરી ડાહ્યો .. કહે, જો તારે આપણે નથી બાળવોને એને? આપણે પેટી કરીને રાખીએ. લાકાડાની પેટી કરાવીને રાખીએ. તોય ના. પણ તારે શું કરવું છે? બાળવા દેવો નથી, પેટી કરીને રાખીએ તો રાખવા દેવો નથી. ઘરમાં રાખવો નથી. ત્યારે શું કરવું છે પણ ત્યારે? હવે એનો કોઈ નિવેડો છે કાંઈ? એનો ધણી પૂછે છે. એમાં ઓલો છોકરો મરી ગયો હતો ને જુવાન પચ્ચીસ વર્ષનો. અને પરિણામ વૈરાગ્ય થઈ ગયા. આહાહા..! કોઈ ન મળે આમાં મારું. આહાહા..! હું જુદો. એવા કોઈ શુભભાવ થઈ ગયા જરી. પુણ્ય બાંધેલું. વ્યંતર થયેલો વ્યંતર. ભૂતડું (થઈને) આવ્યો. કહે અરે.. મા-બાપ! શું કરવા તમે રોવો છો? કહે, મારો દીકરો મરી ગયો. આ હું ઈ છું. મારા પરિણામ જરી થયા તો હું વ્યંતર ભૂત થયો છું. કહો તો તમારી હયાતીમાં તમને ૪૦-૫૦ વર્ષ થયા છે. અને કહો તો ૮૦ વર્ષ, તમે કહો ત્યાં સુધી હું તમારી સાથે રહું. આમાં આવું. ના, ભાઈસાહેબ એમ નહિ. નથી બાળવા દેવું, નથી રાખવું. ઓલો આત્મા આવ્યો તોપણ રાખવો નથી હવે. ભાઈસાહેબ એ તો વહેમ પડે અમને આખો દિ'. એય..! ચીમનભાઈ! આહાહા..! જાધવજીભાઈ! પણ આ હું છું. તમે કહો એ દાખલા આપું. જુઓ! હમણાં ગયો છું અને અડધા કલાકમાં આવ્યો. જો આ પેટીમાં મારા જુઓ ખાનગી આ દાગીનો છે, જુઓ, લાકડા આ લઈ આવ્યો હતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મહુવાથી, ફલાણું છે જુઓ આ. આ એ હું છું. આ રોવો નહિ. હવે રોવું બંધ કરો અને હું અહીં ૨૫ વર્ષ મડદામાં રહું. કામકાજ કરું તમે કહો એટલું. કહો હવે? ભાઈસાહેબ પણ એ .. અમે બીએ. લે! મફતનો સંબંધ માન્યો છે. બસ! આટલી વાત છે. એ સંબંધ માન્યો એ જ્યાં બહાર ગયો તો કહે હવે મારે આ સંબંધ રહ્યો નહિ મારે ને તમારે. લે.

એમ અજ્ઞાની પર જણાય છે ત્યાં વળગી પડે છે એને. આ મારો. બાપુ! તો મારો થઈને અમે રહીએ? ના ભાઈ, અમારા થઈને રહેવાય નહિ તમારે. ભૂતડા-બુતડા જ્ઞાનમાં જણાય. તારા થઈને રહે? કે ના ભૂતડા જુદા રહ્યા. ગાંડો માણસ જણાય જ્ઞાનમાં. ગાંડો કહે, અમે તમારા થઈને રહીએ તો? ના ભાઈ સાહેબ. એનું તારું ગાંડાનું જ્ઞાન કરીએ. પણ ગાંડો અમારો થઈને આવ એ એમને પાલવે નહિ. પણ શું છે તને આ ભ્રમણા?

'**તેમના પર કરુણા કરીને આચાર્યદેવ...**' છે ને? અરેરે..! આ શું થયું ભગવાન તને? પરની સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ સિવાય ત્રીજો સંબંધ-મારે ખરેખર આને મેળ છે એવો સંબંધ તેં ક્યાંથી ઊભો કર્યો? જેમાં નથી ને તેં ઊભું કર્યું. '**આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે?**' અરેરે..! ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, એનાથી ભ્રષ્ટ થઈને આ મારા એવો મિથ્યાત્વભાવ કેમ ઊભો કરે છે? કહો, સમજાણું આમાં? જુઓ! કરુણા કરીને, હોં! વિકલ્પ છે ને? છદ્મસ્થ છે ને? મુનિ છે. ક્યાં કેવળી છે એ. વિકલ્પ છે કરુણા (આવે છે), અરે.. આ જીવ શું કરે છે? અરે..! આત્માને દુઃખી કેમ આમ કરે છે? જ્યાં સુધી રાગનો ભાગ છે ત્યાં સુધી કરુણા આવવી સંભવે છે. છતાં તે કરુણાને પણ જ્ઞાતાના જ્ઞેય તરીકે જાણે છે. એ કરુણાને જાણનાર જ્ઞાની છે. કરુણારૂપે થતાં નથી અને કરુણાની પર્યાય જ્ઞાનરૂપે થતી નથી. એમ છે.

આ એમાં એ છે, હોં! આ છે ને એમાં છે. કીધું ને છેલ્લું શું કીધું? '**किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।**' અરે.. શું કરે છે આ? આ શું કરે છે આ? સમજાણું? તારા સ્વભાવમાં તારો સ્વભાવ તો તું અને પર જેવા છે એવો તારામાં રહીને જાણવાનો સ્વભાવ છે. છતાં તારા જ્ઞાનમાં જે જણાય એનું જાણપણું આવતા તને એ રૂપે થઈ ગયો હું કે એ મારામાં આવી ગયા. આ શું થયું તને આ? સમજાણું કાંઈ? કરુણા કરીને દુઃખીને કહે છે કે ભાઈ! તેં આ શું કર્યું? તારા તત્ત્વના સ્વભાવથી ચ્યુત થઈને આ દુઃખને ક્યાં વહોર્યું તેં? કહો, સમજાણું આમાં? કહો, ખેતશીભાઈ! આ સમજવા જેવું છે કે નહિ કાંઈ? એય..! વીરચંદભાઈ! બરાબર બેય જણા.. આહાહા..!

'**ફરીને આ જ અર્થને દૃઢ કરે છે :-**' બીજો કળશ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com